# શ્રી જયાનંદ કેવલી

## ચરિત્ર ભાષાંતર




સંપાદક: પ.પૂ. મુનિ શ્રી ભુવનવિજયજી મહારાજ (ડહેલાવાળા)

શ્રી જૈનધર્મોપકરણ ગ્રંથમાળા પુષ્પ-૬ ઠું

શ્રી મુનિસુંદરસૂરિ મહારાજશ્રી કૃત

# શ્રી જયાનંદ કેવળી ચરિત્ર

# ભાષાંતર

સંપાદક

પ. પૂ. મુનિ શ્રી ભુવનવિજયજી મહારાજ (ડહેલાવાળા)

★

પ્રકાશક

પરમ પૂજ્ય શ્રી ભુવનવિજયજી મહારાજશ્રીના સદુપદેશથી

## શ્રી જૈન ધર્મોપકરણ સંસ્થા

વ્યવસ્થાપક : શ્રી [illegible]

[illegible]

પાટણ [illegible]

卐

[illegible] [illegible]

## પ્રાપ્તિસ્થાન

[illegible]

પાટણ [illegible]

[illegible] અમદાવાદ

[illegible] અમદાવાદ

[illegible]

પાલીતાણા [illegible]

આવૃત્તિ પહેલી [illegible]

મૂલ્ય રૂ. [illegible]


મુદ્રક

મણિલાલ છગનલાલ શાહ

[illegible] અમદાવાદ


## ચિત્ર પરિચય

[illegible] શ્રી [illegible] અને [illegible] અને [illegible] અવનો [illegible] ધર્મ [illegible] આરાધના [illegible] [illegible] અને [illegible] સુવર્ણ અને [illegible] દેવલ- જ્ઞાનને [illegible] છે.

શ્રી પાર્શ્વનાથાય નમઃ

# પ્રસ્તાવના

જગત્ સામે દ્રષ્ટિ નાખીશું તો સારું જગત્ ચેતન અને જડ બે પદાર્થોથી ભરેલું છે. આ જગતને સમન્વય દ્રષ્ટિએ નિહાળશું તો જગતના બધા પદાર્થો જડ અને ચેતન સત્‌માં સમાઈ જશે. અને પૃથક્કરણ–વિભાગ દ્રષ્ટિથી જોવા માંડશું તો તેના પાર વિનાના ભેદ સર્જાશે. ચેતનમાં એકેન્દ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય અને તેના પેટા ભેદ પૃથ્વી–અપ્–તેઉ–વાઉ વિગેરે અનેક સર્જાશે, અને પ્રત્યેક વ્યક્તિમાં અને તેના અણુ અણુમાં પણ કાંઈને કાંઈ પૃથગ્‌ભાવ ઉભો થઈ અનંતાનંત ભેદો ઉભા થશે. આમ દ્રષ્ટિ સમન્વય સાધે છે, તેમ પૃથગ્‌ભાવ પણ સાધે છે.

જેમ દ્રષ્ટિ ચેતન અને જડ પદાર્થોને નિહાળવામાં ભેદ અને સમન્વય સર્જે છે, તેમ દ્રષ્ટિ લાગણી અધ્યવસાય અને ભાવનામાં પણ સમન્વય અને ભેદ સર્જે છે. સુખ–દુઃખ, ઉચ્ચ–નીચ, સારું–ખોટું એ બધામાં આ દ્રષ્ટિ કામ કરે છે.

ઇતર દર્શનકારોમાં કોઈ સામાન્યને મુખ્ય ગણી આગળ ચાલ્યા તો કોઈ વિશેષ ભેદને મુખ્ય ગણી આગળ ચાલ્યા, જ્યારે જૈન શાસને બન્ને દ્રષ્ટિનો તે તે સ્થાનમાં ઉપયોગ કર્યો છે.

ચેતન–જીવની વ્યાખ્યા કરતાં જગતભરના નિગોદથી માંડી સંજ્ઞિ પંચેન્દ્રિય સુધીના તમામ જીવો જીવના લક્ષણમાં સમાવ્યા છે, અને પૃથક્‌ભાવની દ્રષ્ટિએ વિચાર કરતાં પ્રદેશ અને પરમાણુ સુધી પૃથક્‌ભાવ બતાવ્યો છે.

સંજ્ઞિ પંચેન્દ્રિયથી નિગોદ સુધીના અનંતાનંત જીવો જીવના લક્ષણથી સમાન હોવા છતાં કર્માવરણને લઈ જીવનવિકાસની પ્રગતિ અને રોધના કારણે તેમના અનેક પગથાર ગતિ–જાતિની દ્રષ્ટિએ અને વિકાસની દ્રષ્ટિએ પડે છે. અલ્પવિકસિત તે નિગોદ, વધુ વિકસિત તે સંજ્ઞિ પંચેન્દ્રિય અને સર્વ આવારક કર્મ વિમુક્ત જીવ મુક્તિને પામે છે. આમ સતત કાળપ્રવાહ ચાલતો આવ્યો હોવા છતાં અને અનેક અનંત જીવો આવારક કર્મવિમુક્ત થયા હોવા છતાં સંસારમાં અનંતાનંત જીવોનું અસ્તિત્વ કદાપિ મિટવાનું નથી.

આમ જીવો સંસારમાં અધ્યવસાયના બળે પ્રગતિ અને રોધ પામે છે અને તેના બળે ઉંચી–નીચી ગતિ–જાતિમાં ભ્રમણ કરે છે. આમ જીવો અનાદિના છે અને તેમનો સંસાર પણ દુઃખમય અનાદિનો છે. આથી પંચ સૂત્રકારે કહ્યું છે કે 'સંસાર અનાદિનો છે' તે સાચું પણ તે સંસાર સૌ કોઈ જીવો માટે અનંત નથી. માટી અને સોનું પરસ્પર અનાદિ કાળનાં મળેલાં હોય છે, પણ પ્રયત્નથી માટી સોનું પૃથક્ થઈ શુદ્ધ સોનારૂપે પ્રકાશિત થાય છે, તેમ આ જીવો અને તેનો સંસાર અનાદિનો હોવા છતાં વિકાસના બળે કેટલાક જીવો પ્રગતિશીલ બને છે. પૂર્ણ વિકાસ સાધે છે અને અનાદિ સંસારને દૂર કરે છે.

જીવનમાં પૂર્ણ વિકાસ એ સર્વોચ્ચ ધ્યેય છે. આની પ્રાપ્તિ માટેના જે કોઈ માર્ગ તે આરાધના. એના રોધક જે કોઈ માર્ગ તે વિરાધના. આરાધના ઉત્તરોત્તર પ્રગતિને માર્ગે લઈ જાય છે. વિરાધના

ઉત્તરોત્તર નીચે લઈ જાય છે. આ આરાધના વિરાધનાના બળે જીવ અરહો પરહો થાય છે. ઉત્તરોત્તર આરાધનાનું બળ જેને સાંપડે તે સર્વોચ્ચ વિકાસને પામે છે.

જીવની શુદ્ધ દ્રષ્ટિ સન્મુખ પામનાર વિકાસના પરિબળોમાં જીવના અનેક ગતિ જાતિમાં માનવભવજ એક એવું પ્રબળ પરિબળ છે, કે ત્યાં તને સર્વોચ્ચ વિકાસ સાધવાના સાધન મળી રહે છે. વિકસિત સંજ્ઞાવાળા સંજ્ઞિ પંચેન્દ્રિય જીવોમાં દેવગતિ વિશિષ્ટ સુખવાળું સ્થાન છે; છતાં ત્યાં પૂર્વની કમાણીનો વિશેષે કરીને વ્યય છે. નરક ગતિ દુઃખસંતપ્ત ભૂમિ છે. ત્યાં દુઃખમાંથી છૂટકારો પામી કલ્યાણ ભાવના ભાગ્યે જ મેળવી શકાય છે. તિર્યંચ ગતિ વિવેકશૂન્ય જીવનવાળી છે. માત્ર માનવભવજ એવો ઉત્તમ છે, કે ત્યાં પ્રયત્નપૂર્વક વિકાસ તરફ પગથાર માંડવા માંડે તો તે ત્યાં સર્વોચ્ચ પગથાર તરફ વળી શકે તેમ છે.

આ માનવભવ પ્રગતિ સાધના માટે વિશિષ્ટ સાધન હોવા છતાં અને તેને સંખ્યાતીત જીવો પામ્યા હોવા છતાં ભાગ્યે થોડા જ જીવોમાં પ્રગતિસાધનાની ભૂખ જાગે છે. આ ભવમાં પણ કઈ જીવો મહા ભયંકર કૃત્યો કરે છે. આજે આપણે જાણીએ છીએ કે જગતમાં સંખ્યાતીત માણસોનો સંહાર કરવામાં અને સંખ્યાતીત જીવોનો સમૂળકાશ નાશ કરવાની રાહથી ગર્વિષ્ઠતા લેખનારાઓનો ટોટો નથી પણ જેના વાતાવરણમાં પ્રગતિની સાધના ધર્મના સંસ્કાર હોય તેવી ભૂમિની પ્રાપ્તિ પણ મહાભાગ્યનું કારણ છે.

આવી ભૂમિ તે આર્ય ભૂમિ છે, કે જેના વાતાવરણમાં કાંઈ ને કાંઈ કરી છુટવાની તમન્ના હોય. સંપત્તિ શક્તિ અને સાધના જીવન કલ્યાણમાં ઉપયોગી તેજ સફળ તેવી મનોકામના જ્યાં ગાજતી હોય. આપણું ભારત તે આર્યક્ષેત્ર–ભૂમિ છે. તેનું નાનામાં નાનું ગામડું, જંગલ કે રણ ગમે તે લો ત્યાં વસનાર પ્રત્યેક માનવી પરભવ કલ્યાણની બુદ્ધિથી કાંઈ ને કાંઈ કરતો હોય છે. તેના પ્રત્યેક ગામડે ઘંટારવથી પવિત્ર થતું દેવ મંદિર છે. જંગલમાં કે નિર્જન સ્થાનમાં જ્યાં દેવ મંદિર શક્ય નહિ હોય તો પત્થર ઉપર સિંદૂર કે તેલ નાખીને દેવની કલ્પના કરી પરભવ કલ્યાણ બુદ્ધિથી કાંઈ ને કાંઈ ધર્મ કરતો હોય છે. આ ધર્મ સંસ્કાર તેના વાતાવરણમાં છે. કોઈ ને કોઈ ધર્મક્રિયા કરનાર જીવ શુકલપાક્ષિક છે.

આર્યક્ષેત્રમાં પણ વિશિષ્ટ કુળ, આરોગ્યમય શરીર, ધર્મના સ્થાનોનો અને ધર્મિપુરુષોનો સંસર્ગ વિશિષ્ટ પુણ્યપ્રાપ્તિથી મળે છે. આર્યક્ષેત્ર મળ્યું તેટલા માત્રથી પૂર્ણાહૂતિ નથી. આર્યક્ષેત્રોમાં પણ કુરુક્ષેત્રોનાં યુદ્ધો ખેડાયાં છે; આથી સારું કુળ ધર્મ ગુરુની પ્રાપ્તિ આ બધાં સાધનો ધર્મપ્રાપ્તિ માટેના અમોઘ સાધનો છે; છતાં તેમાં કાળ પણ કામ કરે છે.

આ કાળ વિષમ છે. માત્ર જડની આસક્તિમાં દુનિયા રાચી માચી રહી છે. રોજેરોજ હિંસા અને પાપના સ્થાનો વધતા જાય છે. આજે કોઈ પણ તારક હોય તો જિનઆગમ અને જિનપ્રતિમા.

જિનપ્રતિમાનું આલંબન પણ જિનઆગમ વિના સંભવતું નથી. આ જિનઆગમ દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ અને કથાનુયોગમય છે. પૂર્વધર પૂ. આર્યરક્ષિતસૂરિજી મહારાજે પૃથક્ અનુયોગની વ્યવસ્થા કરી, અને તેથી આજે આપણે પૂર્વપુરુષોની પરંપરાદ્વારા જૈન આગમોનો શુદ્ધ વારસો મેળવી શક્યા છીએ.

આ ચાર અનુયોગોમાં ચરણકરણાનુયોગ સાધ્ય છે. બીજા સાધન છે. આમ છતાં બાળજીવો માટે ધર્મકથાનુયોગ જ ઉપયોગી નીવડે છે. આ ધર્મકથાના આક્ષેપિણી વિગેરે ભેદો વર્ણવ્યા છે, પણ બધાની પાછળ આત્માને આત્મોન્નતિ સન્મુખ કરવાની વૃત્તિ છે.

આપણા જૈન શાસનમાં ચતુર્વિધ સંઘની વ્યવસ્થા છે. તેમાં શાસનનું મુખ્ય અંગ તો શ્રમણ ભગવંતો છે. આ ખુલ્લા પગે અને ખુલ્લા માથે વિચરનારા મુનિ ભગવંતો ભગવાન મહાવીરના શાસનના

સ્તંભ છે. તેમણે જ્યારે જ્યારે દુનિયામાં જે કોઈ પ્રવાહ ઉત્પન્ન થયો તે પ્રવાહની સામે ઉભા રહી શાસનની રક્ષા કરી છે, અને શાસનના રાગી જીવોની શ્રદ્ધાને અવિચલિત રાખી છે. વાદ અને તર્કના કાળમાં પૂ. સિદ્ધસેનદિવાકરસૂરિ અને પૂ. હરિભદ્રસૂરિએ દરેક વાદો અને તર્કનું નિરસન કરી જૈન શાસનનો ધ્વજ ફરકાવ્યો છે.

જ્યારે વ્યાકરણ સાહિત્ય અને બીજા બીજા શાસ્ત્રોના પ્રાદુર્ભાવમાં મહત્તા મનાવા લાગી ત્યારે કલિકાલ સર્વજ્ઞ પૂ. હેમચંદ્રસૂરિ મહારાજ જેવા વિદ્વાન શાસન પ્રભાવક આચાર્ય દેવોએ તે તે પ્રકારના તમામ શાસ્ત્રો સર્જી શાસનને ઉન્નત રાખ્યું છે. અર્થાત્ જ્યારે જ્યારે દુનિયામાં કોઈ પણ વિશિષ્ટ પ્રવૃત્તિનો ઉછાળો આવ્યો ત્યારે ભોળી જનતા ધર્મચ્યુત બની અવળા માર્ગે ન જાય તેનો પણ મુનિપુંગવોએ વિચાર કર્યો છે અને જૈન સંસ્કૃતિને ટકાવી રાખી છે.

જે કાળે જુદા જુદા વ્યાખ્યાનો અને કથા વાર્તામાં પ્રજા રાચતી થઈ ત્યારે ધર્મને અનુરૂપ કથા સાહિત્ય પણ પૂર્વાચાર્યોએ ઘણું સર્જ્યું છે. પૂર્વાચાર્યોની ખુબી એ છે કે એમનું સર્જેલું તમામ સાહિત્ય મોક્ષ માર્ગના સાધનરૂપ જ્ઞાન, દર્શન અને ચારિત્રને પોષક જ રહ્યું છે.

જૈનશાસનમાંનું કથા સાહિત્ય અપાર અને ખુબ જ રસિક છે. સમરાદિત્ય, પૃથ્વીચંદ્ર, ગુણસાગર, વાસુપૂજ્ય ચરિત્ર, અમમ ચરિત્ર વિગેરેની માફક જયાનંદ ચરિત્ર પણ એવા જ ઉત્તમ પ્રકારનો ચરિત્ર ગ્રંથ છે.

તેમાં સાધુ આચાર, સમકિત, વ્રત, દાન, શીલ, તપ, ભાવ, આત્મિક વિકાસ વિગેરે અનેક ગુણોને પોષક ચરિત્રો અને ઉપદેશ છે.

આ ચરિત્રના કર્ત્તા મુનિસુંદરસૂરિ છે, અને તેમનો વૃત્તાંત આ પ્રમાણે છે.

આ ગ્રંથના કર્તા ખ્યાતનામ પૂ. શ્રી મુનિસુંદરસૂરિ મહારાજ જૈન શાસનમાં પ્રસિદ્ધ પુરુષ છે.

ગ્રંથની શરૂઆતમાં પરમાત્મા શ્રી ઋષભદેવ ભગવાન, શ્રી શાંતિનાથ ભગવાન, શ્રી નેમનાથ ભગવાન, શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્રી મહાવીરસ્વામિ ભગવાન આ પાંચ તીર્થંકરો ઉપરાંત સર્વ અરિહંત ભગવાનની સ્તુતિ શ્રી સરસ્વતી–બ્રાહ્મીની સ્તુતિ કર્યા બાદ પોતાના દાદા ગુરૂ **દેવસુંદરસૂરિ** મહારાજ, વડીલ ગુરૂ **જ્ઞાનસાગરસૂરિ** મહારાજ અને પોતાના ગુરૂ **સોમસુંદરસૂરિ** મહારાજની સ્તુતિ કરીને ગ્રંથની શરૂઆત કરી છે.

इति स्तुत्य–गणं स्तुत्वा मुनिसुंदरसूरिणा
जैनधर्मोपदेशेन, क्रियते वाक् फलेग्रहिः

આચાર્ય દેવસુંદરસૂરિ તપાગચ્છની ઓગણપચાસમી પાટે થયા છે. સોમસુંદરસૂરિ મહારાજ પચાસમી પાટે અને એકાવનમી પાટે આ૦ મુનિસુંદરસૂરિ (આ ગ્રંથના કર્તા) થયા છે.

एगुणवण्णो सिरिदेवसुंदरो, सोमसुंदरो पण्णो
मुनिसुंदर एगवण्णो (ઉ૦ ધર્મસાગરકૃત પટ્ટાવલી)

ઠેર ઠેર જિનમંદિરોની સ્થાપના, તાડપત્રો ઉપરથી કાગળ ઉપર પુસ્તકો લખાવવાની શરૂઆત, વિદ્વાન સાધુઓ તૈયાર કરવાની જોસભેર પ્રવૃત્તિ, જિનધર્મની પ્રભાવના કરનારાં સામૈયાં, મહોત્સવો, અનેકવિધ સાહિત્યપ્રવૃત્તિ, આમ જૈન શાસનનો સર્વતો મુખી વિકાસ અને પ્રભાવનાનો કાળ એ ગ્રંથકાર પૂ. મુનિસુંદરસૂરિ અને તેમના ગુરૂદેવના શાસનાધિપત્યના સમયમાં હતો.

વિક્રમની ૧૫ મી શતાબ્દિમાં જે જિનમંદિરનિર્માણ, સાહિત્યલેખન અને બીજા ઐતિહાસિક કાર્યો થયાં છે. તેનો સંગ્રહ અને વિદ્યમાનતા આજે આપણને વારસામાં કિંમતીમાં કિંમતી મળેલી સામગ્રીમાં

મોટો હિસ્સો ધરાવે છે, અને આ ઉત્તમ વારસાના દ્યોતક વિશ્વસનીય ગ્રંથોમાં પણ ગ્રંથકાર મુનિસુંદરસૂરિકૃત ગુર્વાવલી, સોમસૌભાગ્ય મહાકાવ્ય, ગુરૂગુણરત્નાકર વિગેરે ગ્રંથો છે.

રાણકપુર જેવા મહાભવ્ય ચમત્કારિ મંદિર અને તારંગા જેવા ઉત્તુંગ જિનમંદિરનો નવેસરથી જિર્ણોદ્ધાર આ કાળમાં થયો છે.

તાડપત્રો ઉપર લખાતી પ્રતો સારા કાગળ ઉપર લખવાની શરૂઆત આ સદીમાં થઈ છે, અને આપણા ભંડારોમાં કાગળ ઉપર લખાયેલી પ્રાચીન પ્રતિઓમાં આ કાળમાં લખાયેલી પ્રતિઓનો મોટો સંગ્રહ છે.

આચાર્ય સોમસુંદરસૂરિ મહારાજનો પોતાનો પરિવાર અઢારસો સાધુઓનો હતો. આ કાળમાં જૈન શાસનમાં વિશિષ્ટ પ્રભાવના કરનારા પૂ. જ્ઞાનસાગરસૂરિ, પૂ. કુલમંડનસૂરિ, પૂ. જયચંદ્રસૂરિ, પૂ. ગુણરત્નસૂરિ, પૂ. સોમસુંદરસૂરિ, પૂ. રત્નશેખરસૂરિ, પૂ. શીલગણિ, જયાનંદસૂરિ, જિનભદ્રસૂરિ, જિનવર્ધનસૂરિ, જિનમંડન, જિનકીર્તિ, સોમદેવ, સોમજ્ય, વિશાલરાજ, ઉદયનંદી, શુભશીલગણિ વિગેરે અનેક થયા છે.

આ કાળમાં આવશ્યક સૂત્ર, ઓઘનિર્યુક્તિ, ઉત્તરાધ્યયન અવચુરિ, વિચારામૃતસંગ્રહ, પ્રજ્ઞાપનાસૂત્ર અવચુરિ, ક્રિયારત્નસમુચ્ચય, ષડ્દર્શન સમુચ્ચયવૃત્તિ, અધ્યાત્મકલ્પદ્રુમ, ઉપદેશરત્નાકર, આચારપ્રદીપ, કથામહોદય વિગેરે અનેક ગ્રંથો રચાયા છે.

ચિતોડ, પાટણ, અમદાવાદ ( કર્ણાવતી ), ઇડર, વડનગર, શિરોહી, મહુવા વિગેરે ઠેકાણે આચાર્યોનાં ભવ્ય સામૈયાં, પ્રતિષ્ઠા અને જિનમંદિરોનું નિર્માણ વિગેરે અનેક શાસન પ્રભાવનાનાં કાર્યો થયાં છે.

મંગલાચરણમાં દેવસુંદરસૂરિ, જ્ઞાનસાગરસૂરિ અને સોમસુંદરસૂરિનું સ્મરણ કર્યું છે. તેમાં દેવસુંદરસૂરિ મહારાજ તપાગચ્છની ૪૯ મી પાટે થયા છે. વિ૦ સં૦ ૧૩૯૬ માં તેમનો જન્મ, આઠ વર્ષની વયે વિ૦ સં૦ ૧૪૦૪માં મહેશ્વર ગામમાં દીક્ષા, ૨૪ વર્ષની વયે વિ૦ સં૦ ૧૪૨૦ માં આચાર્ય પદવી થઈ.

શ્રી દેવસુંદરસૂરિને જ્ઞાનસાગરસૂરિ, કુલમંડનસૂરિ, ગુણરત્નસૂરિ, શ્રીસોમસુંદરસૂરિ અને સાધુરત્નસૂરિ થયા.

જ્ઞાનસાગરસૂરિનો જન્મ વિ૦ સં૦ ૧૪૦૫માં, દીક્ષા વિ૦ સં૦ ૧૪૧૭માં બાર વર્ષની વયે, અને ૩૬ વર્ષની વયે વિ૦ સં૦ ૧૪૪૧ માં આચાર્ય પદ પ્રદાન થયું અને વિ૦ સં૦ ૧૪૬૦ માં સ્વર્ગગમન પામ્યા.

આ જ્ઞાનસાગરસૂરિના શિષ્ય સોમસુંદરસૂરિજી થયા, જે તપાગચ્છની ૫૦ મી પાટે આવ્યા.

આ આચાર્ય સોમસુંદરસૂરિનો જન્મ પાલનપુરમાં સજ્જન શ્રેષ્ઠિ પિતા અને માતા માલ્હણદેવીને ત્યાં વિ૦ સં૦ ૧૪૩૦ માં થયો હતો. સાત વર્ષની વયે વિ૦ સં૦ ૧૪૩૭માં દીક્ષા વિ૦ સં૦ ૧૪૫૦માં ઉપાધ્યાય પદ પામ્યા અને વિ૦ સં૦ ૧૪૫૭માં તેમની ૨૭ વર્ષની વયે પાટણમાં નરસિંહશેઠે કરેલા મહોત્સવપૂર્વક દેવસુંદરસૂરિએ તેમને આચાર્ય પદભૂષિત કર્યા અને વિ૦ સં૦ ૧૪૯૯ માં સ્વર્ગગમન પામ્યા.

આચાર્ય સોમસુંદરસૂરિને મુનિસુંદરસૂરિ, જયસુંદરસૂરિ, ભુવનસુંદરસૂરિ અને જિનસુંદરસૂરિ વિગેરે શિષ્યો સહિત ૧૮૦૦ સાધુઓનો પરિવાર હતો. ૧૮૦૦ સાધુઓમાં મુખ્ય મુનિસુંદરસૂરિ હતા.

તેમનો જન્મ વિ૦ સં૦ ૧૪૩૬ માં, સાત વર્ષની વયે વિ૦ સં૦ ૧૪૪૩માં દીક્ષા. વિ૦ સં૦ ૧૪૬૬ માં ઉપાધ્યાય પદ, અને વિ૦ સં૦ ૧૪૭૮ માં વડનગરમાં દેવરાજે કરેલ મહોત્સવપૂર્વક આચાર્ય પદ, અને પદવી બાદ દેવરાજ સંઘવીએ શત્રુંજય-ગીરનારનો મોટો સંઘ કાઢી મુનિસુંદરસૂરિ સાથે યાત્રા કરી.

આમ ૪૯ મી પાટે થયેલ દેવસુંદરસૂરિએ આઠ વર્ષની વયે દીક્ષા લીધી. ૫૦ અને ૫૧ મી પાટે થયેલ સોમસુંદરસૂરિ અને મુનિસુંદરસૂરિએ સાત વર્ષની વયે દીક્ષા લીધી છે.

## આ૦ મુનિસુંદરસૂરિનો કાળ

વિ૦ સં૦ ૧૪૫૦ થી વિ૦ સં૦ ૧૫૦૦ સુધીના ૫૦ વર્ષનો કાળ. આ કાળમાં સાહિત્યક્ષેત્રે, ધર્મપ્રભાવનાના ક્ષેત્રે, મંદિરોના નિર્માણક્ષેત્રે દિપ્તિમાન સમય હતો. ઉગ્ર તપશ્ચર્યાદ્વારા પદ્માવતી દેવી આદિઓને પ્રત્યક્ષ કરનાર, સંતિકરં સ્તવન રચી દેલવાડામાં મહામારીના ઉપદ્રવને નિવારનાર, શિરોહીમાં તીડનો ઉપદ્રવ રોકી અમારિ પ્રવર્તાવનાર, નાની ઉંમરમાં ૧૨-૧૪ વર્ષની વયે ત્રૈવેદ્યગોષ્ટી જેવા ન્યાય વ્યાકરણ અને કાવ્યશાસ્ત્રનો પરિચય આપનાર ગ્રંથ રચી સિદ્ધસારસ્વત કવિ, ગુર્વાવલી જેવા અતિશ્રધ્ધેય ગ્રંથો બનાવી શાસનનો અવિચ્છિન્ન ઈતિહાસ રજુ કરનાર, અધ્યાત્મ કલ્પદ્રુમ જેવા મહાકાય વૈરાગ્યવાહી ગ્રંથ રચનાર વૈરાગ્યમૂર્તિ, ઉપદેશરત્નાકર જેવા સ્વોપજ્ઞવૃત્તિ સહિત ગ્રંથ રચના કરી પરોપકાર કરનાર, શાસનના અપૂર્વ પ્રભાવક સહસ્રાવધાની મુનિસુંદરસૂરિ મહારાજ હતા.

તેમના શાસનકાળ દરમિયાન રાણકપુરના ત્રૈલોક્યદીપક-ધરણમહાપ્રાસાદની ૧૪૪૪ થાંભલાના મહા જિનમંદિરની પ્રતિષ્ઠા વિ૦ સં૦ ૧૪૯૬ માં તેમના ગુરૂ સાથે થઈ હતી. આ વખતે ગુરૂ મહારાજની ઉંમર ૬૬ વર્ષની અને તેમની ઉંમર ૬૦ વર્ષની હતી.

> तैः परिकरितो राणपुरे श्री धरण चतुर्मुख विहारे ऋषभाद्यनेक
> शतबिंब प्रतिष्ठा कृत् ( તપાગચ્છ પટ્ટાવલી )

મુનિસુંદરસૂરિ મહારાજ કુલ આયુષ્ય ૬૭ વર્ષ પાળી વિ૦ સં૦ ૧૫૦૩ માં સ્વર્ગગમન પામ્યા.

તેમણે તેમના ૬૦ વર્ષના સંયમજીવન દરમિયાન અનેક મંદિરો, અનેક ગ્રંથો અને અનેક શિષ્યો દ્વારા શાસનની અનેકવિધ પ્રભાવના કરી.

આ મુનિસુંદરસૂરિએ અધ્યાત્મ કલ્પદ્રુમ, ઉપદેશ રત્નાકર, જયાનંદ ચરિત્ર, પટ્ટાવલી, ત્રૈવેદ્યગોષ્ઠી, મિત્રચતુષ્ક કથા, જિનસ્તોત્રરત્નકોષ વિગેરે અનેક ગ્રંથોની રચના કરી છે.

વિક્રમચરિત્ર, પ્રભાવક કથા, ભરતેશ્વરવૃત્તિ ઉણાદિનામમાલા આદિના રચયિતા શુભશીલગણિ મુનિસુંદરસૂરિ મહારાજના શિષ્ય છે. તેમણે ગુરૂભ્રાતાઓમાં વિશાલરાજ, રત્નશેખરસૂરિ, ઉદયનંદિ, ચારિત્રરત્ન, લક્ષ્મીસાગર અને સોમદેવ વિગેરેને ગણાવ્યા છે.

આમ મુનિસુંદરસૂરિ ગચ્છના નાયક ઉપરાંત ગ્રંથકાર, કવિ, તપસ્વી, પ્રભાવક, મંત્રવિદ્યાશીલ, ઈતિહાસકાર, શાસ્ત્રોના ઉંડા અભ્યાસી મહા તેજસ્વી પુરૂષ હતા.

આ ગ્રંથ તેમણે વિ૦ સં૦ ૧૪૭૦ લગભગમાં રચ્યો છે.

પ્રાચીન કાળના દરેક ગ્રંથોમાં મંગળ, અભિધેય, પ્રયોજન અને સંબંધરૂપ અનુબંધ ચતુષ્ટય એજ ખરી રીતે તે તે ગ્રંથની પ્રસ્તાવના છે. કેમકે ગ્રંથમાં શું કહેવાનું છે અને કયા સંબંધથી ગ્રંથ કરવામાં આવ્યો છે તે કહેવામાં આવે છે.

આ પ્રકાશિત થયેલ જયાનંદ કેવલિ ચરિત્રમાં પણ ગ્રંથકાર સ્તુત્યગણની સ્તુતિ કર્યા બાદ ધર્મના ઉપદેશથી કર્તા અને શ્રોતા બન્નેને અનુક્રમે મોક્ષ પ્રાપ્ત થાય છે. આમ ધર્મોપદેશ એ આ ગ્રંથનું પ્રયોજન છે. આમ ધર્મોપદેશ સાથે જીવોની વ્યાખ્યા, ધર્મની વ્યાખ્યા, ધર્મના પ્રકાર વિગેરેનું વર્ણન કર્યા બાદ ધર્મનો ઉપદેશ હંમેશાં દ્રષ્ટાંત દ્વારા જ શ્રોતાઓમાં સ્થિર થાય. માટે જયાનંદ કેવલિ ચરિત્ર આપ્યું છે વિગેરે પ્રસ્તાવના જ છે.

મુનિસુંદરસૂરિ મહારાજ અનુબંધ ચતુષ્ટય જણાવ્યા બાદ કથાની શરૂઆત ઉત્તમ મુનિના આચાર અને દાનરૂચિ જીવના પ્રારંભદ્વારા કરે છે.

## કથા પ્રારંભ

ભદ્રિક પરિણામી મતિસાગર મંત્રીને ત્યાં તપસ્વી મુનિ પધારે છે. મંત્રી તથા તેની બે સ્ત્રીઓ પ્રીતિસુંદરી અને ગુણસુંદરી સાથે મુનિને વહોરાવે છે. ત્યાં મુનિને વહોરાવવાની ક્રિયાની અનભિજ્ઞતાથી સ્ત્રીના હાથે પરમાન્ન–દૂધપાકના છાંટા જમીન ઉપર પડતાં મુનિ પરમાન્ન લેતા નથી. ત્યાર પછી અગ્નિ ઉપર રહેલા ભાત અને દાળ વહોરાવવા આવે છે તે પણ મુનિ લેતા નથી. આ પછી મોદક આપે છે તે પણ મુનિ શુદ્ધ આહાર નથી એમ કહી ના પાડે છે. મંત્રીને અને તેની સ્ત્રીઓને ક્રોધ ચડે છે. મારો દિવસ અમંગલિક બનાવ્યો તેનો અસંતોષ મંત્રીને થાય છે.

આ પછી મંત્રીને ત્યાં તેનો મિત્ર ધર્મરૂચિ શ્રાવક આવે છે. ધર્મરૂચિ પાસેથી મંત્રી, પધારેલ મુનિ મહાત્માની બધી વિગત સાંભળે છે. છેવટે ધર્મરૂચિ શ્રાવક સાથે મંત્રી મુનિ પાસે જાય છે. સાધુની ગોચરીના દોષોની સમજ મેળવે છે. અને મુનિએ આહાર કેમ ન લીધો તેની તેને જાણ થાય છે સાથે મોદક વિષ મિશ્રિત હતા તે પણ જાણે છે. મુનિના તપ ત્યાગ સાથે પોતાના જીવન રક્ષક માને છે અને અહીં મતિસાગરને સમકિત થાય છે તેમજ પોતાનો પૂર્વભવ માલિનો જે હતો તે મુનિના ઉપદેશથી જાતિ-સ્મરણ જ્ઞાન દ્વારા પ્રત્યક્ષ જુએ છે, તેમાંજ પૂર્વભવમાં સેવકની ઉપર આક્રોશ કરેલ તે સેવકે પુરોહિત બની આ ભવે બદલો લીધો તે બધું સમજે છે. આ પછી મંત્રીનો જીવ મરી દેવલોકમાં જાય છે, અને ત્યાંથી ચ્યવી યુવરાજનો પુત્ર જયાનંદ થાય છે. પુરોહિતનો જીવ ત્યાંથી મરી ધૂમકેતુ જ્યોતિષિ થઈ ચ્યવી જયરાજાનો પુત્ર સિંહસાર થાય છે.

જયાનંદ અને સિંહસાર કાકાના પુત્ર થાય છે. એક જ સંસ્કારમાં ઉછર્યા છતાં પૂર્વભવના સારા ખોટા સંસ્કાર ઉદયમાં આવે છે. જયાનંદ ક્રમે ક્રમે સાત્વિકતામાં આગળ વધી મુક્તિ સુધી પહોંચે છે. જ્યારે સિંહસારનો જીવ ઉત્તરોત્તર અધઃપતન પામે છે. આ ચરિત્રને ગ્રંથકારે પ્રસંગે પ્રસંગે અનેક પ્રકારનો ઉપદેશ અને પ્રાસંગિક દૃષ્ટાંતો આપી ખુબજ રોચક બનાવ્યું છે.

આ પદ્યબદ્ધ જયાનંદ ચરિત્ર ૭૫૦૦ શ્લોક પ્રમાણ છે.

આ ગ્રંથનું પ્રકાશન આજથી ૨૯ વર્ષ પહેલાં વિ. સં. ૧૯૯૩ માં મેં કર્યું હતું. આ ગ્રંથનું પ્રકાશન કરવામાં તે વખતે મુદ્રિત હીરાલાલ હંસરાજની પ્રત સાથે વીરવિજય ઉપાશ્રયની અને પૂ. સિદ્ધિસૂરિ મહારાજસાહેબના ભંડારની પ્રતો સાથે મેળવી ટિપ્પણો અને નોંધોથી પરિસ્કૃત કર્યું હતું તે વખતે ૨૮ વર્ષની વયે મારો વ્યવસાય પઠનપાઠન શાસ્ત્ર અધ્યયન હતો. આજે હું ખુબ પરિવર્તિત થઈ ગયો છું. ધંધાકીય વ્યવસાયમાં ફસાયેલ મને ફરી શાસ્ત્ર સન્મુખ કરવામાં વાંચવા વિચારવામાં અને પૂર્વના સુકૃતની અનુમોદના કરવામાં પૂ. મુનિરાજશ્રી ભુવનવિજયજી મહારાજે જે પ્રસ્તાવનાનું કામ સોંપી દીધું તે બદલ તેમનો આભાર માનું છું.

પૂ. મુનિશ્રી ભુવનવિજયજી મહારાજે જીવનમાં લાંબા વિહાર કર્યા છે. તેઓ દૂર દૂરની ભૂમિમાં વિચર્યા છે, અને લોકોમાં કેવા ગ્રંથો સારા ઉપકારક નિવડી શકે તેવા છે તેનો તેમને પુરો ખ્યાલ છે, આથી તેને અનુલક્ષી આ ગ્રંથનું ભાષાંતર તેમણે છપાવ્યું છે.

આપણે ઇચ્છીએ કે તેનું વાંચન કરી જયાનંદ ચરિત્ર જે ઉદ્દેશથી રચાયું છે, તે ઉદ્દેશ–ધર્મોપદેશ પોતાના જીવનમાં પરિણમાવી સૌ કોઈ કલ્યાણ સાધે.

પાલડી, અમદાવાદ સિદ્ધાર્થ સોસાયટી
બંગલા નં. ૪. કાર્તિક એકાદશી
વિ. સં. ૨૦૨૨

મફતલાલ ઝવેરચંદ ગાંધી

# પ્રાસંગિક

**શ્રીવીતરાગ દેવ** કથિત સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપને આવા દુષમ-કાલમાં પણ ભવ્યાત્માઓ પોતાનું સર્વસ્વ માની પાંચે ઇન્દ્રિયોના વિષયસુખના ભોગવટા ઉપર કાબુ મુકીને આત્મસાધનામાં રક્ત રહે છે, તે શ્રીતીર્થંકર ભગવંતો અને તેમના શાસનને દીપાવનાર આજ સુધીના મહર્ષિઓને જ આભારી છે. જો એ તારક મહર્ષિઓએ શ્રીજિનપ્રતિમા અને શ્રીજૈનાગમ રૂપ આરિસો ન આપ્યો હોત તો મારા જેવા પામરઆત્માને સમ્યગ્દર્શન સમ્યક્ચારિત્ર આદિની પ્રાપ્તિ ક્યાંથી થાત ?

તેથી એ તારક શ્રીતીર્થંકર ભગવંતોનો અને પ્રભુમાર્ગનો આરાધક બનાવનાર મારા અનન્ય ઉપકારી પરમતારક પૂજ્ય ગુરૂદેવ શ્રીમદ્ ભુવનવિજયજી મહારાજ સાહેબનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો જ છે.

આ ચરિત્રના નાયક શ્રીજયાનંદકેવલીનો જીવ પ્રથમ નંદન નામના માળીના ભવમાં રત્નસંચય નામના નગરના ઉદ્યાનમાં આવેલા જિનાલયમાં શ્રીઋષભદેવ સ્વામીની ભવ્ય પ્રતિમાની શેઠ શાહુકાર અને રાજા મહારાજાઓ આદિને ઉંચીકોટીના દ્રવ્યોથી ભક્તિ કરતા જોઈને માળીના દિલમાં પણ પ્રભુ-ભક્તિ કરવા ભાવના પ્રગટ થઈ, અને તરત જ બગીચામાંથી એક સારામાં સારૂં બીજોરૂં લઈ આવી હર્ષપૂર્વક પ્રભુજીની આગળ સ્થાપન કર્યું અને ભાવપૂર્વક પ્રતિમાજીને નમસ્કાર કર્યો. તે દિવસથી જ આ માળીની ઉત્તરોત્તર ચડતી થવા લાગી એટલું જ નહી પણ નિયમિતપણે પોતાની સ્ત્રીઓ સાથે ઉલટભાવથી અધિકાધિક પ્રભુભક્તિ કરતો સંસારનાં સુખોને ભોગવતો નંદન નામના આ માળીનો જીવ ત્યાંથી મરીને રતિવર્ધનનગરમાં શ્રીનરવીર રાજાના મતિસાગર મંત્રી તરીકે ઉત્પન્ન થયો. અહિં મંત્રીના ભવમાં સદ્ગુરૂનો સમાગમ થવાથી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી હાર્દિકભાવથી વિવિધપ્રકારે ધર્મારાધન કરતો. અંતસમયે અનશન સ્વીકારી શ્રી પંચપરમેષ્ઠિનું ધ્યાન કરતો મનુષ્યભવ સંબંધી દેહ ત્યજીને શક્ર સામાનિક દેવ પણે ઉત્પન્ન થયો. દેવભવમાં દિવ્યસુખોને ભોગવી ત્યાંથી ચ્યવી વિજયપુરનગરમાં શ્રીજયાનંદકુમાર તરીકે ઉત્પન્ન થયો. તદ્ભવ મોક્ષગામી આત્મા શ્રીજયાનંદકુમારે સામાન્ય મનુષ્યોથી માંડીને શેઠ-શાહુકારો, રાજા-મહારાજાઓ, તાપસો, વિદ્યાધરો અને દેવદેવીઓ આદિ અનેક આત્માઓને ખુલ્લાદિલે અને છુટા હાથે સમ્યક્ત્વની અજોડ લહાણ કરી પ્રભુમાર્ગના રસિયા બનાવ્યા, ઇત્યાદિ, સમ્યક્ત્વની ખાણરૂપ વિવિધપ્રકારના રસથી ભરપુર શ્રીજયાનંદકેવલી ચરિત્રની રચના પંદરમી સદીના ઉત્તરાર્ધમાં સહસ્રાવધાની કાલીસરસ્વતી આચાર્યપુંગવ પૂજ્ય શ્રીમુનિસુંદરસૂરીશ્વરજી મહારાજશ્રીએ ભવ્ય આત્માઓના કલ્યાણ માટે કરેલ છે.

વર્તમાનમાં ચાતુર્માસ રહેલા ઘણા મહર્ષિઓ આ ગ્રંથને વ્યાખ્યાનમાં વાંચે છે, તેમાં પણ મારા પરમઉપકારી પૂજ્ય ગુરૂદેવશ્રીને આ ગ્રંથ વાંચવા વિશેષ ભાવના પ્રગટતી હોવાથી તેઓશ્રી મોટેભાગે

વ્યાખ્યાનમાં આ ગ્રંથ વાંચે છે. સાડાસાતહજાર શ્લોક પ્રમાણનો આ ગ્રંથ હોવાથી ચાતુર્માસમાં પુરો થઈ શકતો નથી, તેથી તેના બે, ત્રણ કે ચાર જેટલા સર્ગ શ્રોતાજનોને સાંભળવા બાકી રહી જાય છે.

સંવત ૨૦૨૦ની સાલમાં અમદાવાદ લુહારની પોળના ઉપાશ્રયના શ્રીસંઘની પોતાને ત્યાં ચાતુર્માસ કરાવવા માટે પૂજ્ય મહારાજશ્રીને ઘણી જ આગ્રહભરી વિનંતિ કરવામાં આવેલ, તેનો સ્વીકાર કરી પૂજ્ય મહારાજશ્રી પોતાના પરિવાર સહ શ્રીસંઘના ભવ્ય સ્વાગતપૂર્વક જેઠ સુદમાં લુહારની પોળે ચાતુર્માસાર્થે પધાર્યા, શ્રીસંઘની ભાવનાથી બીજા વ્યાખ્યાનમાં શ્રી જયાનંદકેવલી ચરિત્ર વાંચવું શરૂ કરેલ, તેમાં આવતા રત્નત્રયીની આરાધનાના વિષયોની સુંદર સમજાવટથી શ્રોતાજનોને વધુ રસ પડયો, અને ચાતુર્માસમાં વિવિધ પ્રકારની તપશ્ચર્યાઓ, અઠ્ઠાઈઓ, છપ્પનદિક્કુમારિકા મહોત્સવ, પૂજાઓ, પ્રભાવનાઓ, સ્વામિ વાત્સલ્યો આદિ શાસનપ્રભાવનાનાં ઘણાં સારાં કાર્યો થયાં.

પ. પૂ. સ્વ. આચાર્ય ભગવંત શ્રી ઉદયસૂરીશ્વરજી મહારાજશ્રીનો લુહારની પોળના ઉપાશ્રયે શ્રીસંઘ તરફથી અઠ્ઠાઈમહોત્સવ અને ધનપીંપળીની ખડકીવાલા ધર્મનિષ્ઠ સ્વ. શેઠશ્રી નેમચંદભાઈનો તેમના કુટુંબીજનો તરફથી પોતાને ત્યાં ધનપીંપળીની ખડકીમાં મહાઆડંબર પૂર્વક શ્રીશાન્તિસ્નાત્ર સહ પૂજ્ય મહારાજશ્રીની શુભનિશ્રામાં અઠ્ઠાઈ મહોત્સવ ઉજવવામાં આવ્યા.

સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિ માટે જેઓ સારી રીતે અભ્યાસ કરી શકે તેવા સાધ્વીજીઓને માટે સંસ્કૃત પાઠશાળાની જરૂર જણાતાં શ્રીસંઘના અગ્રગણ્ય સુશ્રાવક શ્રીવિમલભાઈ શેઠ, શ્રી ફકીરચંદભાઈ શેઠ અને સેક્રેટરી શ્રી કસ્તુરભાઈ શેઠ આદિને ઉપદેશ આપી સંવત ૨૦૨૧ના કારતક સુદ ૫ ના રોજ લવારની પોળ ઉપાશ્રયના નીચેના ભાગમાં પાઠશાલા સ્થાપન કરાવી, જેને આજે એક વર્ષ ઉપરાંત ટાઈમ થઈ ગયો. તેમાં સુપ્રસિદ્ધ વિદ્વાન્ પંડિતજી શ્રી ઉમિયાશંકરભાઈ પાસે જુદા જુદા સમુદાયના સાધ્વીજીઓ સારી રીતે અભ્યાસ કરી રહેલ છે,

ચાતુર્માસમાં શ્રીજયાનંદકેવલી ચરિત્ર પુરું ન થઈ શકવાથી, પૂજ્ય મહારાજશ્રીની ભાવના અને શ્રોતાજનોની માગણીથી શ્રી જયાનંદકેવલી ચરિત્રનું ભાષાંતર પ્રગટ કરાવવા ભાવના થઈ, તેનો ભાવિક ગૃહસ્થો સાથે નિર્ણય કરીને ગ્રંથ છપાવવાનું કામ શરૂ કરાવ્યું.

શ્રીસુરદાસ શેઠની પોળના શ્રીસંઘ તરફથી પૂજ્ય મહારાજશ્રીને ચાતુર્માસ બદલાવવા માટે ઘણો જ આગ્રહ થવાથી તેમની વિનંતિને માન આપી શ્રીસંઘના ઘણા જ ઉલ્લાસ અને સત્કાર પૂર્વક સુરદાસ શેઠની પોળે ચાતુર્માસ બદલવામાં આવ્યું અને વયોવૃદ્ધ સાધ્વીશ્રી જીનશ્રીજીના સ્વર્ગવાસ નિમિત્તે પૂજ્ય મહારાજશ્રીની શુભનિશ્રામાં શ્રીશાન્તિસ્નાત્ર સહ ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવ ઉજવવામાં આવ્યો. ત્યારબાદ લુહારની પોળે મૌન અગ્યારશ કરી પછી પૂ. મ.શ્રીને પાટણતરફ વિહાર કરવા ભાવના હતી, પરંતુ ધનપીપળીની ખડકીવાળા ધર્મનિષ્ઠ સુશ્રાવક શેઠશ્રી ચીમનલાલ સકરચંદ ચોકસીને નવછોડનું ઉજમણું કરવાનું હોવાથી તેમની આગ્રહભરી વિનંતિને માન આપી ઉજમણા સુધી લુહારની પોળે સ્થિરતા કરી.

પૂજ્ય મહારાજશ્રીના ઉપદેશથી માગશર વદ ૯-૧૦-૧૧ ત્રણ દિવસ ૩૭૮ની સંખ્યાવાળા શ્રાવક શ્રાવિકાના વિશાલ સમુદાયે ત્રણ દિવસના ભવ્ય મહોત્સવપૂર્વક શ્રી પોષ દશમ પર્વની આરાધના કરી. આ પ્રમાણે લુહારની પોળના ઉપાશ્રયે આઠ મહીનાની સ્થિરતામાં પૂ. મહારાજશ્રીની નિશ્રામાં જ્ઞાન-

દર્શન-ચારિત્ર અને તપની વિવિધ પ્રકારે આરાધનાઓ થવા પામી તે શ્રીસંઘના સેક્રેટરી ધર્મનિષ્ઠ આત્મા સુશ્રાવક શ્રી કસ્તુરભાઈ આદિની હાર્દિક ધર્મ ભાવનાના સહકારને જ આભારી છે.

પોષ સુદ ૧૩થી ચોકસી શ્રી ચીમનલાલભાઈને ત્યાં નવ છોડના ભવ્ય ઉજમણાના અઠ્ઠાઈ મહોત્સવનું મંડાણ થયું. પૂજાઓ, અષ્ટોત્તરી સ્નાત્ર, પ્રભાવનાઓ, વર્તમાન સમયને અનુકૂલ સાધર્મિક વાત્સલ્ય આદિ શાસન પ્રભાવનાનાં કાર્યોનો ચોકસી શ્રી ચીમનલાલભાઈ, તેમનાં સુશીલ ધર્મપત્ની શ્રી જાસુદબેન અને તેમના વિશાલ પરિવારે હાર્દિકભાવથી સાતક્ષેત્રની સુંદર રીતે ભક્તિ કરી. તેમ જ ધનાપીપળાની ખડકીવાલા સુશ્રાવક શ્રીશાંતિલાલભાઈ આદિ ભાઈઓએ ખડે પગે ઉભા રહી મહોત્સવને લગતા સર્વ કાર્યોમાં ભાગ લઈ મહોત્સવને ઘણો જ સુંદર રીતે દીપાવ્યો હતો.

ત્યાર બાદ મહા સુદમાં પૂ. મ. શ્રીએ લુહારની પોળેથી વિહાર કરી શેઠશ્રી લાલભાઈ ચીમનલાલ ચોકસીની વિનંતિથી તેમના બંગલે ઓપેરા સોસાયટીમાં પધાર્યા. ત્યાં દેરાસર નહી હોવાથી પૂ. મ. શ્રીએ શ્રીસંઘને ઉપદેશ કરી શ્રી લાલભાઈ ચોકસી અને તેમના ધર્મપત્ની શ્રી શાંતાબહેનની ઉત્કૃષ્ટ ભાવનાથી તેમના બંગલામાં ધામધૂમપૂર્વક ઘર દેરાસરની સ્થાપના કરાવી, ત્યાંથી વિહાર કરતા પાટણ પધાર્યા. પાટણમાં દોઢ માસ જેટલી સ્થિરતા થઈ. અમદાવાદ શામળાની પોળ શ્રીસંઘના અગ્રગણ્ય શેઠશ્રી કચરાભાઈ હઠીસીંગ તરફથી ચાર પાંચ વર્ષથી ચાતુર્માસ કરાવવા વિનંતિ ચાલુ હતી, તેમાં સંવત ૨૦૨૧ની સાલનું ચાતુર્માસ કરાવવા માટે શ્રીસંઘના આગેવાનો શેઠશ્રી કચરાભાઈ હઠીસીંગ, શેઠશ્રી લલ્લુભાઈ ડાહ્યાભાઈ, શેઠશ્રી કાંતિલાલ માંકલચંદ ભગત, શેઠશ્રી નરેશભાઈ મોહનલાલ આદિ ગૃહસ્થો પાટણ આવી પોતાને ત્યાં ચાતુર્માસ કરાવવા આગ્રહભરી વિનંતી કરી. પૂ. મહારાજશ્રીની તબીયત બરાબર નહિ હોવાથી ચાતુર્માસ પાટણમાં જ કરવા ભાવના હતી પરંતુ આવનાર ભાવિક ગૃહસ્થોના આગ્રહને વશ થઈ અનિચ્છાએ પણ તેમની વિનંતિનો સ્વીકાર કર્યો.

ચાણસ્માના ધર્મનિષ્ઠ સુશ્રાવક પંડિત શ્રીજેસીંગભાઈ ચુનીલાલની સુપુત્રી બાલકુમારી શ્રીલલીતાબહેનને મહોત્સવપૂર્વક શ્રીભાગવતી દીક્ષા આપવાની હોવાથી તેમની વિનંતિનો સ્વીકાર કર્યો. આ પ્રસંગે શાસનપ્રભાવક પરમ શાંત આચાર્ય ભગવંત શ્રીદક્ષસૂરીશ્વરજી મ. શ્રી પોતાના પરિવાર સહ પાટણમાં પધારેલા હોવાથી સોનામાં સુગંધ જેવો મેળ મળી ગયો અને પાટણથી પૂ. આચાર્ય મ. શ્રી અને પૂ. મહારાજશ્રી બન્નેએ પોતપોતાના પરિવાર સહ વિહાર કર્યો અને ચાણસ્મા શ્રીસંઘના ઘણા જ ઉલ્લાસ અને સત્કારપૂર્વક પ્રવેશ કર્યો. આથી શ્રીસંઘને કોઈ અનેરો ઉલ્લાસ પ્રગટ થયો. પૂજ્ય આચાર્ય ભગવંત તથા પૂજ્ય મહારાજશ્રી આદિ મુનિ મંડલની શુભનિશ્રામાં પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ. શ્રીના સમુદાયના સુસાધ્વી શ્રી સુમંગલાશ્રીજીના સમુદાયમાં મહોત્સવપૂર્વક વૈશાખ સુદ ૬ના રોજ શ્રી લલિતાબહેનની દીક્ષા થઈ, અને તેમને પરમ શાંત તપસ્વી સુસાધ્વી શ્રી વિશ્વપ્રજ્ઞાશ્રીના શિષ્યા શ્રી લક્ષિતજ્ઞાશ્રી તરીકે જાહેર કરવામાં આવ્યા. ત્યાર બાદ પૂ. મહારાજશ્રીએ અમદાવાદ તરફ વિહાર લંબાવ્યો અને શામળાની પોળ શ્રીસંઘના ઘણા જ સત્કારપૂર્વક જેઠ વદી પંચમીના રોજ ચાતુર્માસાર્થે પ્રવેશ કર્યો.

ચાતુર્માસમાં વિવિધ પ્રકારની તપશ્ચર્યાઓ, પૂજાઓ, પ્રભાવનાઓ આદિ શ્રી જૈન શાસનપ્રભાવનાનાં ઘણાં સારાં કાર્યો થયાં, અને ચાતુર્માસ સંપૂર્ણ થતાં શામળાની પોળમાં વસતા ન્યુ રૂપરેખા કંગન સ્ટોર્સ વાળા શ્રી ગીરધરભાઈ તથા તેમના ધર્મપત્ની તપસ્વી શ્રી કંચનબહેનની પોતાને ત્યાં ચાતુર્માસ બદલાવવાની આગ્રહભરી વિનંતિ થવાથી પૂજ્ય મહારાજશ્રીએ તેનો સ્વીકાર કરી કારતીક સુદ ૧૫ના રોજ પ્રભાતમાં

ભવ્ય આડંબરપૂર્વક તેમને ત્યાં ચાતુર્માસ બદલવામાં આવ્યું. આ શુભ પ્રસંગે શ્રી ગીરધરભાઈ તથા તપસ્વી શ્રીકંચનબહેને પ્રભુ પૂજા, પ્રભાવના, ગુરૂભક્તિ, સંઘભક્તિ વિગેરે પ્રસંગોને લગતો ઘણો સારો લાભ લીધો. આ પ્રમાણે ધર્મ આરાધનામાં ચાતુર્માસ પૂર્ણ થયું અને શ્રી જયાનંદ કેવલી ચરિત્ર ભાષાંતર છપાવવું શરૂ કરેલ તે ગ્રંથ પણ સાંગોપાંગ પૂર્ણ થયો.

અસંખ્ય ભવ્યાત્માઓને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર આદિ પ્રાપ્ત કરાવનાર વૈરાગ્યની ખાણરૂપ આ મહાગ્રંથને વાંચકો વાંચી વિચારી સ્વપરનું આત્મકલ્યાણ સાધે સધાવે એવી શુભ અભિલાષા.

આ ગ્રંથને પ્રગટ કરવામાં સર્વ પ્રકારે પૂર્ણ કાલજી રાખવામાં આવેલ છે છતાં, પ્રૂફો તપાસવામાં તેમ જ મતિમંદતાના કારણે અન્ય કોઈ દોષ રહેવા પામ્યો હોય તો વાંચક વર્ગ ક્ષમા કરે અને રહેલ દોષોનું અમને સૂચન કરવા ભલામણ.

પરમ પૂજ્ય શાંતમૂર્તિ વયોવૃદ્ધ ઉગ્રવિહારી દીર્ઘાનુભવી પૂજ્યપાદ શ્રીમદ્ ભુવનવિજયજી મહારાજ-શ્રીનો અંતેવાસી ચરણોપાસક.

**મુનિ મહાનંદવિજય**
સંવત ૨૦૨૨ મૌનએકાદશી શનિવાર
તા. ૪-૧૨-૧૯૬૫

સ્થલ–
**તપગચ્છ જૈન ઉપાશ્રય**
શામળાની પોળ–**અમદાવાદ**

## સંવત ૧૯૯૮ થી સંવત ૨૦૨૧ સુધીમાં પૂજ્ય મહારાજશ્રીનાં થયેલાં ચાતુર્માસની યાદી

| અનુ. નં. | સંવત | ગામનું નામ |
|---|---|---|
| ૧ | ૧૯૮૮ | સાણંદ જેઠા વના જૈન ઉપાશ્રય. |
| ૨ | ૧૯૮૯ | ખંભાત જૈનશાળા |
| ૩ | ૧૯૯૦ | પાટણ નગીનદાસ કરમચંદના મંડપમાં |
| ૪ | ૧૯૯૧ | પાલીતાણા કંકુબાઈ ધર્મશાળા |
| ૫ | ૧૯૯૨ | જાવાલ ( મારવાડ ) |
| ૬ | ૧૯૯૩ | હેસાણા |
| ૭ | ૧૯૯૪ | જોટાણા |
| ૮ | ૧૯૯૫ | જામનગર દેવબાગ |
| ૯ | ૧૯૯૬ | પાટણ કનાશાના પાડે |
| ૧૦ | ૧૯૯૭ | લોદરા. |
| ૧૧ | ૧૯૯૮ | પાટણ ખેતરવસી |
| ૧૨ | ૧૯૯૯ | પાટણ ખેતરવસી |
| ૧૩ | ૨૦૦૦ | અમદાવાદ શામળાની પોળ તપગચ્છ જૈન ઉપાશ્રય |
| ૧૪ | ૨૦૦૧ | નાડોલ ( મારવાડ ) |
| ૧૫ | ૨૦૦૨ | બીકાનેર ( મોટીમારવાડ ) કોચરની ગવાડમાં |
| ૧૬ | ૨૦૦૩ | પાટણ કનાશાનો પાડો |
| ૧૭ | ૨૦૦૪ | બોટાદ ( સૌરાષ્ટ્ર ) |
| ૧૮ | ૨૦૦૫ | કપડવંજ મીઠાભાઈ ગુલાબચંદ ઉપાશ્રય |
| ૧૯ | ૨૦૦૬ | અમદાવાદ મરચન્ટ સોસાયટી |
| ૨૦ | ૨૦૦૭ | મુંબઈ સેન્ડહર્સ્ટરોડ પ્રાર્થના સમાજ જૈનઉપાશ્રય |
| ૨૧ | ૨૦૦૮ | પૂનાસીટી–વેતાલપેંઠ નાજુભાઈ ઉપાશ્રય |
| ૨૨ | ૨૦૦૯ | રાણીબેન્નુર ( ધારવાડ જિલ્લો ) |
| ૨૩ | ૨૦૧૦ | મૈસુર. ( કર્ણાટક ) |
| ૨૪ | ૨૦૧૧ | મદ્રાસ. ૪૧૦ શાહુકારપેંઠ જૈનઉપાશ્રય |
| ૨૫ | ૨૦૧૨ | બનારસ. અંગ્રેજી કોઠી ઠઠેરીબજાર |
| ૨૬ | ૨૦૧૩ | કલકત્તા ૯૬, કેનીંગ સ્ટ્રીટ ગુજરાતી જૈન ઉપાશ્રય. |
| ૨૭ | ૨૦૧૪ | કલકત્તા ૯૬, કેનીંગસ્ટ્રીટ ગુજરાતી જૈન ઉપાશ્રય. |
| ૨૮ | ૨૦૧૫ | નાગપુર, તપગચ્છ જૈનઉપાશ્રય ઈતવારી. |
| ૨૯ | ૨૦૧૬ | મુંબઈ, સેન્ડહર્સ્ટરોડ પ્રાર્થનાસમાજ જૈનઉપાશ્રય |
| ૩૦ | ૨૦૧૭ | મંડાર ( આબુ પાસે ) |
| ૩૧ | ૨૦૧૮ | શીવગંજ પેચકાવાલી ધર્મશાલા મારવાડ |
| ૩૨ | ૨૦૧૯ | સાબરમતી રામનગર |
| ૩૩ | ૨૦૨૦ | અમદાવાદ લુહારની પોળ |
| ૩૪ | ૨૦૨૧ | અમદાવાદ શામળાની પોળ |

# બે બોલ

શ્રીજૈનધર્મોપકરણ સંસ્થા સ્થાપન થયે લગભગ ૧૯ વર્ષ થયાં તે સંસ્થા જ્ઞાન-દર્શન અને ચારિત્ર આદિ ઉપકરણો મેળવવા માટે સગવડતાનું સ્થાન છે.

ધાર્મિક સર્વપ્રકારના ઉપકરણો રાખવા અમારી સંપૂર્ણ ભાવના છતાં વર્તમાનમાં ઘણી જ મોંઘવારી આદિ વિવિધ પ્રકારનાં કારણોને લઈ સર્વજાતનાં ઉપકરણો મેળવી શકાતાં નથી છતાં તે મેળવવા અમારો પ્રયાસ ચાલુ છે તે સફળ થશે જ.

પરમોપકારી પૂજ્યપાદ્ શ્રીભુવનવિજયજી મહારાજશ્રીના ઉપદેશથી આ સંસ્થાની સ્થાપના ૨૦૦૪ના અષાડ સુદ ૫ ના રોજ થઈ ત્યારથી આજ સુધીમાં પાટણશહેરમાં બિરાજમાન પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજશ્રીની દરેક ઉપાશ્રયે કોઈપણ પ્રકારના ભેદભાવ વિના ચાતુર્માસમાં તેમ જ શેષકાલમાં યથાશક્તિ ભક્તિનો લાભ લેવામાં આવે છે. તેમજ સાધર્મિક ભાઈ-બહેનોની પણ યથાશક્તિ ભક્તિ કરવામાં આવે છે, વલી સંસ્થા તરફથી થયેલાં સાહિત્ય પ્રકાશનો.

## શ્રીતપોરત્ન મહોદધિ

શ્રીતપોરત્ન મહોદધિ નામનો સચિત્ર ગ્રંથ જે ચતુર્વિધ સંઘને ચાલુ તપશ્ચર્યાઓમાં ક્રિયાઓ માટે અતિ ઉપયોગી ગ્રંથ છે. તેની આજસુધીમાં ત્રણ આવૃત્તિ થઈ તે જ તેની મહત્તા બતાવે છે. આરાધક આત્માઓને વધુ સાનુકૂલતા રહે તે માટે ત્રીજી આવૃત્તિમાં દેવવંદનની સળંગ વિધિ. પચ્ચક્ખાણો, પચ્ચક્ખાણ પારવાની વિધિ, અણાહારી ઔષધિઓનાં નામો તેમ જ તપના પ્રસંગોને લગતા સુંદર ફોટાઓ આદિથી આરાધક આત્માઓને આણંદ આપનાર આ ગ્રંથ અતિ સુંદર બનેલ છે. આ ગ્રંથની પ્રથમાવૃત્તિમાં ૧૨૫૦ બીજીમાં ૧૦૦૦ અને ત્રીજી આવૃત્તિમાં ૧૦૦૦ આ પ્રમાણે કુલ ૩૨૫૦ કોપીઓ બહાર પડી તેની આરાધક આત્માઓ તરફથી આદરપૂર્વક માગણી ચાલુ જ છે.

## શ્રીભુવનવિહારદર્પણ અને શ્રીવિહારદર્શન

પૂજ્ય મહારાજશ્રીએ સંવત ૨૦૦૭માં મુંબઈ ચાતુર્માસ કર્યા પછી પુના, સાંગલી, કોલ્હાપુર, બેલગામ, હુબલી, રાણીબેન્નુર, દાવણગેરી, ચિતલદુર્ગ, બેંગલોર, મહીસૂર, નીલગિરીપહાડ, કોઈમ્બતુર, મદ્રાસ, નેલ્લુર ગંતુર, બેજવાડા, કુલપાકજી, ભાંડુકજી, હિંગનઘાટ, નાગપુર, જબલપુર, કટની, શોરની, બનારસ, પટણા, જરીઆ, કલકત્તા, અજીમગંજ, જીયાગંજ, ક્ષત્રિયકુંડ, સમેતશીખરજી, ચંદ્રપુરી, સિંહપુરી, અમરાવતી, આકોલા, નાસિક આદિ હજારો માઈલોના વિહારના વર્ણનવાલો **શ્રી ભુવનવિહારદર્પણ** અને **શ્રી વિહારદર્શન** નામના બે ગ્રંથ પ્રગટ થયા. શ્રીભુવનવિહારદર્પણમાં વિહારને લગતું સચિત્ર સંક્ષિપ્ત વર્ણન હોવાથી પૂ. સાધુ-સાધ્વીજી મહારાજશ્રીઓને તે તે પ્રદેશના વિહારોમાં માર્ગદર્શન કરાવવા બહુ જ ઉપયોગી થશે; એમ અમે માનીએ છીએ.

## શ્રીજયાનંદ કેવલીચરિત્ર ભાષાન્તર

સમ્યક્ત્વની પુષ્ટિ અંગે ભવ્યાત્માઓને અતિ આદરણીય ઉચ્ચકોટીનો આ ગ્રંથ છે. સંવત્ ૧૯૮૬ ની સાલમાં આ ગ્રંથનું ભાષાંતર ભાવનગર પ્રસારક સભા તરફથી બહાર પડેલ, તે ભાષાંતર ઘણા સમયથી અલભ્ય હોવાથી સાહિત્યપ્રચાર અને સમ્યગ્જ્ઞાનની સેવાનિમિત્તે પરમપૂજ્ય શ્રીમદ્ ભુવનવિજયજી મહારાજશ્રીની આ ગ્રંથ પ્રગટ કરાવવા પાંચ વરસથી ભાવના હતી. તે સંવત ૨૦૨૦ ની સાલમાં અમદાવાદ લુહારની પોળના ચાતુર્માસમાં શ્રી ગુસાપારેખની પોળ અને લુહારની પોળના ઉપાશ્રયના શ્રાવકો શેઠશ્રી ફકીરચંદ ભગુભાઈ સુતરીયા, શેઠશ્રી અંબાલાલ લાલભાઈ ઝવેરી, શેઠશ્રી વિમળભાઈ મોહનલાલ, લુહારની પોળ ઉપાશ્રય શ્રીસંઘના સેક્રેટરી શેઠશ્રી કસ્તુરભાઈ ચુનીલાલ, શેઠશ્રી રતિલાલ પાનાચંદ, શેઠશ્રી હીરાલાલ ભોગીલાલ આદિ ગૃહસ્થોના સહકારથી ફલવતી બની, અને શ્રી ધર્મોપકરણ સંસ્થા તરફથી ભાઈશ્રી જશવંતલાલ ગીરધરલાલ હસ્તક નવપ્રભાત પ્રેસમાં ગ્રંથ છપાવવાનું કામ શરૂ કર્યું.

પૂજ્યશ્રી ભુવનવિજયજી મહારાજશ્રીના વિનયવંત વિદ્વાન શિષ્યરત્ન પૂજ્યશ્રી મહાનંદવિજયજી મહારાજશ્રીએ સભા તરફથી પ્રગટ થયેલ ભાષાંતરને સાંગોપાંગ તપાસી જ્યાં જ્યાં સુધારા વધારા કરવા જરૂર લાગી ત્યાં ત્યાં સુધારા વધારા કરી અનેક ઠેકાણે વાક્ય રચનાઓમાં પ્રશસ્તભાવ લાવવો, છેલ્લાં પ્રુફો ખંતપૂર્વક તપાસી તેની શુદ્ધિ કરવી આદિ કાર્યોમાં પોતાના અમુલ્ય ટાઈમનો ભોગ આપી આ ગ્રંથને નવીન ઢબથી વ્યવસ્થિત કરી અતિ સમૃદ્ધ બનાવેલ છે. તેથી શ્રી ધર્મોપકરણ સંસ્થા તરફથી પૂજ્યશ્રી મહાનંદવિજયજી મહારાજશ્રીનો અમે હાર્દિક ભાવથી આભાર માનીએ છીએ.

તે સિવાય ગુસાપારેખની પોળ, લુહારની પોળ ઉપાશ્રય, શામળાની પોળ તપગચ્છ જૈનઉપાશ્રય, આ ત્રણે શ્રીસંઘના કાર્યવાહકોએ અમારી સંસ્થાને શ્રીજ્ઞાનખાતાની સારી રકમ ઉદારભાવે આપી, તેમજ અમદાવાદ અલંકાર થીએટરના માલિક શ્રેષ્ઠિવર્ય શ્રી અંબાલાલ લાલભાઈ ઝવેરીના ધર્મપત્ની અખંડ સૌભાગ્યવતી શ્રીમતી વિદ્યુતલતાબહેન તથા શેઠશ્રી વરધિચંદ સંપ્રતીલાલ તથા શેઠશ્રી ચંદૂભાઈ નિહાલચંદ આદિ બીજા પણ અન્ય ગૃહસ્થોએ આ ગ્રંથ પ્રગટ કરાવવામાં જેણે જેણે તન મન અને ધનથી સહકાર આપ્યો છે. તેમનો તથા આ પ્રસંગે ધર્મનિષ્ઠ પંડિતવર્ય શ્રી મફતલાલભાઈ ઝવેરચંદને કેમ જ ભૂલી શકાય કારણકે પોતાને શિર વિવિધ પ્રકારની જવાબદારીઓ હોવા છતાં પોતે અમૂલ્ય ટાઈમ કાઢીને રોચકશૈલીથી આ ગ્રંથની પ્રસ્તાવના લખી છે તો તેઓશ્રીનો અમે આભાર માનીએ છીએ. વળી આ ગ્રંથનું કાર્ય કરનાર માર્ગદર્શક સુશ્રાવક ભાઈશ્રી જશવંતલાલ ગીરધરલાલ તેમજ ગ્રંથમાં પેરેગ્રાફના વિભાગો આદિને વ્યવસ્થિત કરી આપનાર ભાઈ શ્રી સોમચંદભાઈ ડી. શાહ, તથા સુંદર ટાઈપોમાં આ ગ્રંથને સુંદર રીતે છાપી સુશોભિત બનાવનાર નવપ્રભાત પ્રેસના માલિક શ્રીમણીભાઈનો પણ આ તકે અમે આભાર માનીએ છીએ.

સંસ્થાના સંચાલક<br>**હરિભાઈ જેસિંગલાલ ઝવેરી**<br>સુખડીવટ બજાર–પાટણ–ઉ. ગુ.

સંવત ૨૦૨૨, માગશર સુદ ૧૧<br>શનિવાર, તા. ૪-૧૨-૧૯૬૫

## શ્રી જૈનધર્મોપકરણ સંસ્થા સાહિત્ય પ્રકાશન ખાતે સાહિત્યરસિક મહાનુભાવો તરફથી સંસ્થાને મળેલ ભેટ રકમની નામાવલિ

| | | | |
|---|---|---|---|
| ૩૦૦૦ | શ્રી ગુસાપારેખની પોળ શ્રી જૈનસંઘના | જ્ઞાનખાતા તરફથી | અમદાવાદ |
| ૧૦૦૦ | શ્રી લુહારની પોળ ઉપાશ્રય શ્રી જૈનસંઘના | ,, | ,, |
| ૧૦૦૦ | શ્રી શામલાની પોળ તપગચ્છ ઉ. ,, | ,, | ,, |
| ૧૦૦૦ | શ્રી અંબાલાલ લાલભાઈ ઝવેરી | શાહીબાગ | ,, |
| ૫૦૧ | શ્રી જૈન સંઘ | | ગોદન (મારવાડ) |
| ૫૦૦ | શ્રી ચંદુભાઈ નીહાલચંદ | ઘાંચીનીપોળ | અમદાવાદ |
| ૫૦૦ | શ્રી વરધીચંદભાઈ સંપ્રતિલાલ | દોસીવાડાની પોળ | ,, |
| ૨૫૧ | શ્રી લાલભાઈ ચીમનલાલ ચોકસી હસ્તે શ્રીશાન્તાબહેન | ઓપેરાસોસાઈટી | ,, |
| ૨૫૧ | શ્રી ચંદુલાલ મોહનલાલ દલાલ હસ્તે શ્રી શાન્તિભાઈ | નીશાપોળ | ,, |
| ૧૫૧ | શ્રી પનાલાલ અંબાલાલ ઝવેરી (પાટણ) | | કલકત્તા |
| ૧૫૧ | શ્રી ભીખાભાઈ સારાભાઈ | ઓપેરાસોસાઈટી | અમદાવાદ |
| ૧૦૧ | શ્રીમતી વસુમતિબહેન રમણલાલ | જૈન મરચન્ટ સોસાયટી સામે | ,, |
| ૧૦૧ | શ્રી નેમચંદભાઇ નાલચંદ | ધનપીપલીની ખડકી | ,, |
| ૧૦૧ | શ્રી કુંદનમલજી રમેશકુમાર | પાંચકુવા લલ્લુભાઈ હોલ | ,, |
| ૧૦૧ | શ્રી શાહ ખાતે હસ્તે શ્રી કુંદનમલજી | | શ્રીવર્ધન |
| ૧૦૧ | શ્રી હરિભાઈ હસ્તે નેમીચંદજી | | શિવગંજ (મારવાડ) |
| ૭૫ | શ્રી શાહ ખાતે હ. પનાલાલ | | કલકત્તા |
| ૫૧ | શ્રી શાન્તિલાલ પોપટલાલ | ઘાંચીની પોળ | અમદાવાદ |
| ૫૧ | શ્રી જૈનસંઘ હ. શ્રી બાબુલાલ | મારવાડ | [illegible] ગઢ |

# સર્ગવાર અનુક્રમણિકા

**સર્ગ ૧ લો :** શ્રી દેવ-ગુરૂ ધર્મ આદિનું નમસ્કારરૂપ મંગલ, ભવ્ય-દૂરભવ્ય અને અભવ્ય જીવોનું સ્વરૂપ, શ્રી જયાનંદકુમારના પૂર્વભવની શરૂઆત, જંબૂદ્વીપ આદિનું વર્ણન, ભરતક્ષેત્રના રતિવર્ધન નગરમાં નરવીર રાજા કીર્તિસુંદરી આદિ રાણીઓ, તે રાજાનો મતિસાગર નામનો મુખ્ય મંત્રી તેને પ્રીતિસુંદરી અને ગુણસુંદરી નામની બે સ્ત્રીઓ, અને નાસ્તિક વસુસાર નામનો પુરોહિત, મંત્રીને ત્યાં માસક્ષમણના પારણે આહારના માટે ત્રણ જ્ઞાનને ધારણ કરનાર અતિબલ રાજર્ષિનું આવવું, અશુદ્ધ આહાર ન લેવાથી સ્ત્રીઓ સહિત મંત્રીએ અજ્ઞાનતાથી મહામુનિનો કરેલો તિરસ્કાર તેથી એ ત્રણે એ મહાકર્મનું બાંધવું. ધર્મરૂચિ શ્રાવકનું મંત્રીને ત્યાં આવવું, ધર્મરૂચિ શ્રાવક પાસેથી રાજર્ષિનું આશ્ચર્યકારક જીવન સાંભળી મંત્રીનું ભયભીત થવું. મિત્રના સમજાવવાથી મંત્રીનું પોતાની સ્ત્રીઓ સહિત ઉદ્યાનમાં રાજર્ષિ પાસે આવવું, મંત્રી અને તેની સ્ત્રીઓએ પોતાની આત્મનિંદાપૂર્વક મુનિરાજને ખમાવવું. લાડુ ન લેવાનું કારણ પુછતાં તે ઝેરવાલા હતા તેમ મહર્ષિ પાસેથી જાણવું. ઉપકારી મહર્ષિ પાસે ધર્મ સાંભલી મંત્રી અને તેની બે સ્ત્રીઓએ સમકિત સહિત બારવ્રતનું ગ્રહણ કરવું મંત્રીએ શ્રી જૈનશાસનની મહાપ્રભાવના કરવી, તપસ્વિમહર્ષિનું માસક્ષમણને પારણે મંત્રીને ઘેર આહાર માટે આવવું, બહુ ભાવપૂર્વક ત્રણેએ દાન આપવું, પાંચદિવ્ય પ્રગટ થવાં, મહાદાનના પ્રભાવથી મહાભોગફલનું ઉપાર્જન કરવું. રાજર્ષિને તપ અને ધ્યાનના પ્રભાવથી કેવલજ્ઞાન પ્રગટ થવું ઈત્યાદિ વર્ણનવાલો પહેલો સર્ગ.

**સર્ગ ૨ જો :** અતિબલ નામના રાજર્ષિના કેવલજ્ઞાનનો મહોત્સવ કરવા ઈંદ્રાદિક દેવોનું આવવું. સુવર્ણકમલની રચના, શ્રીનરવીર રાજાનું મતિસાગર મંત્રી આદિ નગરજનોની સાથે આડંબર પૂર્વક કેવલી ભગવંતના દર્શન કરવા જવું, ધર્મદેશના સાંભલી શ્રીનરવીર રાજા આદિએ શ્રાવકધર્મને અંગીકાર કરવો. નરવીર રાજાએ રાજસભામાં સાધુધર્મની પ્રશંસા કરવી. ધર્મપ્રશંસા સાંભળી દુઃખી થયેલા નાસ્તિક પુરોહિતે કરેલ સાધુધર્મની નિંદા અને નાસ્તિક મતનું સ્થાપન, મતિસાગર મંત્રીએ ધર્મવિરોધી પુરોહિતના મતનું ખંડન કરી તેનો કરેલો તિરસ્કાર, નરવીર રાજા આદિથી અપમાન પામેલા વસુસારનું રાજસભા છોડીને ચાલ્યા જવું, નરવીર રાજાને મસ્તકમાં થયેલી પીડા અને પુરોહિતથી થયેલી શાંતિ, ફરીથી પુરોહિતનું રાજસભામાં આવવું ચાલુ થવું, માયાવી પુરોહિતે રાજાને વશ કરી મંત્રીનો વિરોધ કરાવવો, કામવાસનાને વશ થયેલા રાજાએ મંત્રીને કારાગારમાં નાખી તેની બે સ્ત્રીઓને અંતઃપુરમાં લાવવી, સતીઓના શિયલવ્રતનું રક્ષણ કરવા અને મંત્રીની આપત્તિ દૂર કરવા શાસનદેવીનું પ્રગટ થવું. પુરોહિતે કરેલો પ્રપંચ ખુલ્લો પડવો, રાજાની શાન-બુદ્ધ ઠેકાણે આવવી, મંત્રી સહિત સ્ત્રીઓનું રાજા દ્વારા બહુમાન અને પુરોહિતને દેશ પાર કરવો. રાજા મંત્રી અને તેમના પરિવારમાં ઉત્કૃષ્ટ ધર્મ આરાધના. રતિવર્ધન નગરમાં શ્રીઅતિબલ કેવલી ભગવંતનું આવવું. રાજા અને મંત્રીનું નગરવાસીજનોની સાથે દર્શનાર્થે જવું, કેવલી ભગવંતની દેશના અને મંત્રી પુરોહિતનો પૂર્વભવ. મંત્રીના પૂર્વભવ માલીના જીવને શ્રીજિનેશ્વરદેવના દર્શનથી થયેલો લાભ. શ્રી નરવીર રાજા, મતિસાગરમંત્રી અને મંત્રીની સ્ત્રીઓનું પંચપરમેષ્ઠિનું ધ્યાન કરતાં આયુષ્યનો ક્ષય કરી શુક્ર નામના દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થવું. વસુસાર પુરોહિતનું વિવિધ પ્રકારનાં પાપકર્મો કરી પહેલી નારકીમાં જવું ઈત્યાદિ વર્ણનવાલો બીજો સર્ગ.

**સર્ગ ૩ જો :** વૈતાઢ્ય પર્વત ઉપર આવેલા ગગનવલ્લભનગરનું વર્ણન, સહસ્રાયુધ નામના વિદ્યાધરની પત્ની માલિનીની કુક્ષીમાં શુક્ર નામના દેવલોકથી ચ્યવી નરવીરરાજાના જીવનું ઉત્પન્ન થવું. અને તેનું ચક્રાયુધ નામ સ્થાપન થવું. યુવાવસ્થામાં હજારો વિદ્યાઓને પ્રાપ્ત કરવી, સહસ્રાયુધની દીક્ષા, ચક્રાયુધની અયોધ્યા ઉપર ચઢાઈ. અયોધ્યાપતિ શ્રીચંદ્રરાજા તથા તેના પાંચસો મંત્રીઓ અને પાંચસો રાણીઓની દીક્ષા. ચક્રાયુધની લંકાનગરી ઉપર ચડાઈ, શતકંઠરાજાની દીક્ષા. વૈતાઢ્ય પર્વતની દક્ષિણશ્રેણીના સરોવર ઉપર વિદ્યાધરોની એકહજાર કન્યાઓ સાથે ચક્રાયુધના ખાનગીમાં લગ્ન, કન્યાઓના પિતાઓ અને વહ્નિવેગ સાથે યુદ્ધ, વહ્નિવેગ વિદ્યાધરપતિની દીક્ષા અને ચારિત્રવર્ણન આદિ વર્ણનવાલો ત્રીજો સર્ગ.

**સર્ગ ૪ થો :** વિજયપુર નગરમાં જયરાજા અને વિજય યુવરાજ. જયરાજાની વિમલા અને વિજયની કમલા નામની રાણી. વસુસાર પુરોહિતના જીવનું વિમલારાણીની કુક્ષિમાં આવવું અને સિંહસાર નામ સ્થાપન થવું અને મતિસાગરમંત્રીના જીવનું કમલારાણીની કુક્ષીમાં આવવું અને શ્રીજયાનંદ કુમાર તરીકે નામ સ્થાપન થવું, યુવાવસ્થામાં બન્ને રાજકુમારોનું કોઈ પર્વત ઉપર જવું. ત્યાં કેવલજ્ઞાની ભગવંત પાસે શ્રીજયાનંદકુમારે સમ્યક્ત્વને ગ્રહણ કરવું. જીવદયા પાલન કરવા ન કરવા ઉપર કેવલી ભગવંતે આપેલ ભીમ અને સોમનું દ્રષ્ટાંત, શ્રીજયાનંદકુમારે સ્થૂલહિંસા, ચોરી અને પરસ્ત્રી આદિ પાપસ્થાનકના કરેલા નિયમો ઇત્યાદિ વર્ણનવાળો ચોથો સર્ગ.

**સર્ગ ૫ મો :** શ્રીજયરાજાએ સિંહસાર અને શ્રીજયાનંદકુમારનાં જોષી પાસે લક્ષણોનું જોવરાવવું. સિંહસારની અધમપ્રવૃત્તિથી નગરમાં અને રાજમહેલમાં ત્રાસ પામેલા રાજા અને નગરજનો, સિંહસારે કપટકલાથી શ્રીજયાનંદકુમારને પરદેશ લઈ જવું. ધર્મ–અધર્મના વિવાદમાં નેત્રો કાઢી આપવાની થયેલી શરત, અધર્મથી જય માનનાર ગામડીઆઓએ પુરેલી સાક્ષી, તે ઉપર હંસ અને કાગડાનું દ્રષ્ટાંત, ધર્મથી જય ઉપર આણંદરાજાનું દ્રષ્ટાંત. શ્રીજયાનંદકુમાર અને સિંહસારનું વિશાલપુર નગરના ઉદ્યાનમાં શાસ્ત્રાભ્યાસ કરાવતા વિદ્યાવિલાસ કલાચાર્ય પાસે આવવું, કલાચાર્યે ધર્મથી જય અને પાપથી ક્ષય આ પ્રમાણે કહેવું. કલાચાર્ય પાસે શ્રીજયાનંદકુમારે ધનુર્વેદાદિ વિદ્યાઓનું શીખવું, રાજાની પરીક્ષામાં પાંચસો રાજકુમાર વિદ્યાર્થીઓમાં શ્રીજયાનંદકુમારનું પ્રથમ નંબરે પાસ થવું, શ્રીવિશાલજયરાજાએ પ્રસન્ન થઈ શ્રીજયાનંદકુમારને પોતાની મણિમંજરી નામની કુંવરીને પરણાવવી, અને એક દેશનું રાજ્ય આદિ આપવું. શ્રીજયાનંદકુમારે સૂરનામના રાજા ઉપર જય પ્રાપ્ત કરવો, સૂરરાજાનું વૈરાગ્યથી દીક્ષા લઈ મોક્ષ જવું. ઇત્યાદિ વર્ણનવાલો પાંચમો સર્ગ.

**સર્ગ ૬ ઠો :** શ્રીજયાનંદકુમારની સંપત્તિ જોઈ દુઃખી થએલા સિંહસારે પ્રપંચ કરી શ્રીજયાનંદ કુમારને પરદેશમાં લઈ જવું. રસ્તામાં ચંડસેન પલ્લીપતિએ સિંહસારને પકડવો. શ્રીજયાનંદકુમારે તેની સાથે યુદ્ધ કરીને સિંહસારને છોડાવવો. પલ્લીપતિના આગ્રહથી પલ્લીમાં જવું પલ્લીપતિના મરણથી પલ્લીનું રાજ્ય સિંહસારને પ્રાપ્ત થવું, દુષ્ટ સિંહસારે ગીરિમાલિનીદેવીના મંદિરમાં સુતેલા શ્રીજયાનંદકુમારનાં નેત્રોને કાઢી લઈ સિંહસારે પલ્લીમાં ચાલ્યા જવું, શ્રીજયાનંદકુમારે કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેવું. ધ્યાનથી ખેંચાઈને દેવીનું આવવું. દેવીએ પશુપૂજા બલિ અને છેવટ પ્રણામનું માગવું. શ્રીજયાનંદકુમારનું મિથ્યાદષ્ટિદેવીને પ્રણામ પણ ન કરવાથી દેવીદ્વારા મહાન ઉપસર્ગનું થવું, સમ્યક્ત્વમાં દૃઢ એવા કુમાર ઉપર પ્રસન્ન થયેલી દેવીએ આપેલી દિવ્ય ઔષધિના રસથી દિવ્યનેત્રવાલા થવું. દેવીના પૂછવાથી ધર્મનું સ્વરૂપ કહેવું, દેવીએ સમ્યક્ત્વને ગ્રહણ કરી. ગુરૂભક્તિ નિમિત્તે કુમારને આપેલી વિઘ્ન દૂર કરનાર દિવ્યઔષધિ, સર્વાંગીણ અલંકાર અને દિવ્ય વસ્ત્રો, દેવીએ કુમારને શ્રીહેમપુર નગરના ઉદ્યાનમાં મુકવું દિવ્ય વેશમાં શ્રીજયાનંદ કુમારનું હેમપુર નગરમાં આવી રાજકુમારો સાથે જુગાર રમી દસ લાખ જીતવા અને તે દસે લાખનું યાચકોને દાન કરી દેવું.

શ્રીહેમપ્રભરાજાના આમંત્રણથી કુમારે તેની પાસે આવવું, અને સૌભાગ્યમંજરી નામની કુંવરી સાથે લગ્ન થવાં, કુલદેવીને એક પશુ મારીને પૂજા કરાવવા રાજાનો આગ્રહ. પશુ મારીને પૂજા નહિ કરવાનો કુમારનો દૃઢ આગ્રહ. દેવી તરફથી કુમારને થયેલો મહાઉપદ્રવ. આખરે કુમારે દેવીને કરેલો પ્રતિબોધ. દેવીને સમ્યક્ત્વની પ્રાપ્તિ, દેવીએ આપેલ દિવ્ય ઔષધિ, દિવ્ય વસ્ત્રો અને સોનૈયા તથા રત્નોની કરેલ વૃષ્ટિ. શ્રીહેમપ્રભરાજાને સમ્યક્ત્વની પ્રાપ્તિ. આદિ વર્ણનવાલો છઠ્ઠો સર્ગ.

**સર્ગ ૭ મો :** હેમપુર નગરના ઉદ્યાનમાં ભુંડ સાથે કુમારે કરેલું મહાયુદ્ધ. ભુંડનું જંગલમાં નાશી જવું. હાથી વડ આદિનાં સ્વરૂપ કરી કુમારને ભયંકર અટવીમાં લઈ જવું. કુમારે તાપસના આશ્રમમાં આવવું. ત્યાં પાંચસો તાપસ શિષ્યોના વાઘ બનેલા ગુરુનો હરિવીર તાપસે યુદ્ધ આદિનો કુમારને કહેલો વૃત્તાંત, અંતર્ગત હરિવીરના સુભગા સાથે લગ્ન, સુભગાએ હરિવીરને વાંદરો બનાવવો, નરવીરરાજાએ વાંદરાને મનુષ્યપણામાં લાવવો. વૈરાગ્ય પામી નરવીર રાજા અને હરિવીર સેનાપતિનું તાપસ બનવું, આશ્રમમાં તાપસ સુંદરીનો જન્મ, ગુરૂ સ્વર્ણજટ તાપસને પ્રાપ્ત થયેલ ગગનગામી પલ્યંક, દેવના શ્રાપથી વાઘ બનેલા તાપસગુરૂને શ્રીજયાનંદકુમારે વાઘમાંથી મનુષ્યપણામાં લાવવું. શ્રીજયાનંદ કુમારની સાથે તાપસસુંદરીનાં લગ્ન થવાં, તાપસોએ કુમારને આપેલ આકાશગામી પલંગ, ગીરિચૂડ દેવને સમ્યક્ત્વની પ્રાપ્તિ થવી. ગીરિચૂડ દેવે બનાવેલા સાતમજલાવાલા રત્નના મહેલમાં તાપસસુંદરી સાથે દિવ્યભોગ ભોગવતો કુમાર. કુમારે પાંચસો એક તાપસને શ્રી જૈન ધર્મમાં સ્થાપન કરી તેમને ક્રિયા અનુષ્ઠાનો શીખવી ચારિત્ર લેવાની ભાવનાવાલા બનાવવા આદિ વર્ણનવાલો સાતમો સર્ગ.

**સર્ગ ૮ મો :** જંગદત્ત પરિવ્રાજકની મલયકૂટપર્વત ઉપર ઔષધિકલ્પ સાધવા માટે ઉત્તર સાધક બનવા શ્રીજયાનંદકુમાર પાસે માગણી. કુમારનું મલયકૂટ પર્વત ઉપર જઈ ઉત્તર સાધક બનવું, મલયમાલ ક્ષેત્રપાલ સાથે થયેલ મહાન યુદ્ધોમાં કુમારે તેના ઉપર જય પ્રાપ્ત કરી તે ક્ષેત્રપાલને સમ્યક્ત્વ પ્રાપ્ત કરાવવું, ધર્મ આપનાર ગુરૂ એવા કુમારની પાંચ દિવ્ય ઔષધિએ આપી ક્ષેત્રપાલે કરેલી ભક્તિ, પરિવ્રાજક સાધકની પણ થયેલી કાર્ય સિદ્ધિ, ગગનગામી પલંગથી કુમારનું રત્નપુર નગરમાં જવું. તે નગરના રત્નરથ રાજાએ રતિમાલા નામની વેશ્યાને પોતાના અંતઃપુરમાં રાખવી. રતિમાલાથી. જૈનધર્મમાં રક્ત રતિસુંદરી નામની પુત્રીનો જન્મ થવો, રતિમાલા અને રતિસુંદરીને નગરના ઉદ્યાનના મહેલમાં રાખવું, ત્યાં રાજાની કુલદેવી ચંદ્રેશ્વરીના મંદિરમાં ચાર મહિનાના ઉપવાસવાલા મુનિનું વસવું, મુનિના સ્વાધ્યાયથી દેવીને નંદિનીનામના પૂર્વભવનું સ્મરણ થવું, સમ્યક્ત્વની વિરાધનાથી દેવીપણે ઉત્પન્ન થવું, દેવીનું મુનિ પાસે સમ્યક્ત્વનું ગ્રહણ કરવું, પતિ મેલવવા માટે રત્નસુંદરીએ દેવીનું પૂજવું, 'અર્ધચક્રી સમો પૂર્વ ભવનો પતિ તને પ્રાપ્ત થશે' તેમ દેવીનું સ્વપ્નમાં રતિસુંદરીને કહેવું, રતિસુંદરીએ નૃત્ય કરનારી નટી ઉપર નાચમાં જય પ્રાપ્ત કરવો, સ્ત્રીરૂપે શ્રી જયાનંદકુમારનું નૃત્યમાં જવું. પુતલીઓએ ચામર વિંજવા, સ્ત્રીરૂપજયાનંદનું અદૃસ્ય થઈ જવું, સ્ત્રીરૂપ જયાનંદકુમારનું રતિસુંદરીના મહેલે આવવું. અને રતિસુંદરી સાથે રહેવું, ત્યાં પોતાનું મૂલ સ્વરૂપ પ્રગટ કરવું. રતિસુંદરી સાથે કુમારનાં લગ્ન થવાં, દિવ્ય ઔષધિથી દરરોજ પાંચસો રત્ન પ્રાપ્ત કરવાં અને દાન આપવું, રતિસુંદરીની માતા રત્નમાલાએ દિવ્ય ઔષધિ ચોરી જવી. કુમારે રત્નમાલા સાસુને ભૂંડણ બનાવી શિક્ષા કરી ફરીથી મૂલ સ્વરૂપમાં લાવી. ઔષધિ પાછી મેળવવી, ચોર એવી સાસુને ઉપદેશ આપતાં કહેલી લક્ષ્મીપુંજની રોચક કથા, શ્રી જયાનંદકુમારનું મહા દુઃખો ભીલ સ્વરૂપમાં લાકડાનો ભારો લઈ પદ્મપુર નગરમાં જવું. રાજસેવકોએ ભિલ્લને પદ્મરથરાજા પાસે રાજસભામાં લઈ જવો. પદ્મરથ રાજાએ કર્મપ્રધાન માનતી પોતાની પુત્રી વિજયસુંદરી ભીલ્લને આપવી. અને ઔષધિ મિશ્રિત પાન વડે વિજયસુંદરીને આંધલી બનાવવી, ભીલ્લે તેને દેખતી કરવી, વિજયસુંદરીની પરીક્ષા કરી ભીલ્લે તેનો કરેલો સ્વીકાર અને પોતાના મૂળ સ્વરૂપને પ્રગટ કરવું. શ્રી વિજયસુંદરીની વિનંતિથી જયાનંદકુમારે કમલપુર જવાનો કરેલ નિર્ણય, ઈત્યાદિ વર્ણનવાલો આઠમો સર્ગ.

**સર્ગ ૯ મો :** શ્રીજયાનંદકુમાર અને શ્રીવિજયસુંદરી ભીલભીલડીના સ્વરૂપમાં કમલપુરનગરમાં વણિકને ઘેર વસવું. એક વખત શબર વૈદ્ય અને બીજી વખત બ્રહ્મવૈશ્રવણ તરીકે પ્રસિદ્ધ થવું. ભોગવતી રાણીની કુબડી દાસીને સરળ બનાવવી. કમલપ્રભ રાજાના આમંત્રણથી રાજમહેલમાં જઈ રાજાકુમારને સારો કરવો, રાજાના સ્નેહથી બ્રહ્મવૈશ્રવણ અને તેની સ્ત્રીનું રાજમહેલમાં આવી વસવું. બ્રહ્મવૈશ્રવણને કમલસુંદરી પ્રતિજ્ઞા પ્રમાણે આપવી કે કેમ તેની રાજા રાણી અને મંત્રીની ગુપ્ત વિચારણા. પદ્મરથ રાજાએ વિજયસુંદરી ભીલ્લને આપી દેવાથી અત્યંત દુઃખમાં દિવસો પસાર કરતી કમલારાણી. શોકની પુત્રી જયસુંદરીના લગ્નપ્રસંગે કમલારાણીનું પીયરમાં ચાલ્યું જવું. દુઃખમાં આવેલી બહેનને કમલપ્રભરાજાએ આશ્વાસન આપવું અને રાજકુમારને સારો કરનાર બ્રહ્મવૈશ્રવણ અને તેની સ્ત્રીની બહેનને કરાવેલી ઓળખાણ. બ્રહ્મવૈશ્રવણની સ્ત્રીને જોઈ કમલારાણીને સ્નેહ થવો. બ્રહ્મવૈશ્રવણે કુબડા ભીલ્લ અને વિજયસુંદરીનુ કરેલું નાટક.

બ્રહ્મવૈશ્રવણને કમલસુંદરીને પરણવા માટે રાજાએ કરેલી પ્રાર્થના, અને બ્રહ્મવૈશ્રવણે સામાન્ય માણસ એકથી વધારે સ્ત્રી પરણે તો દુઃખી થાય છે એમ કહી મદનશેઠ અને ધનદેવનો કહેલો વૃત્તાંત. છેવટે બ્રહ્મવૈશ્રવણે કમલસુંદરીને ગ્રહણ કરવા માટે રાજાને આપેલ આશ્વાસન. પદ્મરથ રાજાના દૂતનું કમલપ્રભ રાજાની સભામાં આવવું અને પદ્મદત્તકુમાર માટે કમલસુંદરીનું માગવું, કમલસુંદરી બ્રહ્મવૈશ્રવણને આપી છે આ પ્રમાણે કમલપ્રભ રાજાનું કહેવું અને અપમાન પૂર્વક દૂતનું પાછું જવું. અને પોતાના રાજાને સર્વ જણાવવું. ક્રોધથી ધમધમેલા પદ્મરથરાજાએ કમલપ્રભરાજા ઉપર કરેલી ચઢાઈ. અને મહાયુદ્ધનું થવું. બ્રહ્મવૈશ્રવણે યુદ્ધમાં પદ્મરથરાજાનો પરાજય કરી પાંજરામાં પુરી વાંદરો બનાવવો. જૈનધર્મ પાલન કરવા કબુલ કરાવી રાજાને મુળસ્વરૂપમાં લાવવો.. બ્રહ્મવૈશ્રવણ તથા કમલપ્રભરાજા આદિએ સર્વ પ્રકારે પદ્મરથરાજાનું કરેલું બહુમાન. પદ્મરથરાજાનું કમલારાણી સહિત પોતાના નગરમાં જવું અને ગુરૂ પાસેથી પ્રાપ્ત કરેલ શ્રાવક ધર્મનું સારી રીતે પાલન કરવું આદિ વર્ણનવાલો નવમો સર્ગ.'

**સર્ગ ૧૦ મો :** શ્રી જયાનંદકુમારે વામનના સ્વરૂપમાં શ્રી લક્ષ્મીપુર નગરમાં જવું. શ્રીપતિરાજાની ત્રણ કુંવરીઓ નાટ્યસુંદરી, ગીતસુંદરી અને નાદસુંદરીના નાટ્ય, ગીત અને નાદ કલાઓમાં જય પ્રાપ્ત કરવા આવેલ રાજકુમારો સામે વામનપણામાં પ્રથમ સર્વ કલાઓમાં બતાવેલી મૂર્ખાઈ, અને પરીક્ષા સમયે રાજસભામાં સર્વ કલાઓ સુંદર રીતે પ્રગટ કરી. ત્રણે રાજકુમારની વરમાલાને ગ્રહણ કરવી. ત્રણે કુંવરીનો વામન પતિ થવાથી રાજાના દિલમાં થયેલું અત્યંત દુઃખ, અનેક રાજકુમારોનો વિરોધ અને વામન સાથે ખેલાયેલું યુદ્ધ. યુદ્ધમાં વામનનો જય. શ્રીપતિરાજાએ ક્રોધથી વામનને મારી નાખવા કરેલી તૈયારી, પ્રધાનોની શ્રેષ્ઠ સલાહથી રાજાના દિલમાં શાંતિ. રાજા આદિની વિનંતિથી વામને પ્રગટ કરેલું પોતાનું મૂલ સ્વરૂપ. નાટ્યસુંદરી આદિ ત્રણે બહેનોનું કુમાર સાથે થયેલું લગ્ન અને લક્ષ્મીપુર નગરમાં સુખપૂર્વક રહેવું ઈત્યાદિ વર્ણનવાલો દશમો સર્ગ.

**સર્ગ ૧૧ મો :** રાજ્ય ગુનેગાર કોઈ ચોરને દુઃખી હાલતમાં ફાંસીના માંચડે લઈ જવાતો જોઈ રાજસેવકો પાસેથી શ્રીજયાનંદકુમારે છોડાવી તેને પોતાના મહેલે લઈ જવો. વાતચીતથી મારો ભાઈ સિંહસાર છે તેમ જાણી સ્નેહથી પોતાના મહેલમાં રાખી પોતાના ભાઈ તરીકે જાહેર કરવો. કુમારની સંપત્તિ જોઈ દુઃખી થતો સિંહસાર, શ્રીપતિરાજા પાસે સિંહસારે એકલા જવું. અને તમારો જમાઈ જયાનંદ ચંડાલનો છોકરો છે આ પ્રમાણે રાજાના કાનમાં વિષ રેડવું, દુષ્ટનાં વચન સાંભળી રાજાએ કુમારને મારી નંખાવવા નિર્ણય કરી મધ્ય રાત્રીએ કુમારને બોલાવવો, સ્ત્રીઓના કહેવાથી પોતે ન જતાં સિંહસારને મોકલવો. સિંહસારનું મધ્યરાત્રીએ રાજા પાસે જવું અને મારાઓ દ્વારા મરણતોલ થઈ જવું. કુમારે તેને સાજો કરવો, કુમારને મારવા રાજાએ મોકલેલ સૈન્યનું નાસીપાસ થવું. સૈન્યસાથે રાજાનું કુમારની સાથે યુદ્ધ કરવા નિકળવું. પ્રધાનોની વિનંતિ અને સાચી સલાહથી રાજાના મનમાં થયેલો ભય, નાટ્યસુંદરી આદિ ત્રણે બહેનોનું રાજા પાસે આવવું, કુમાર *ઉચ્ચકુલનો છે. આદિ રાજસભા સમક્ષ લાકડાની પુતલીનું બોલવું. મંત્રીપુત્ર ચંદ્રબુદ્ધિને વિજયપુર મોકલી શ્રીજયાનંદકુમાર રાજકુમાર છે*

તેમ પાકી ખાત્રી કરી લેવી, વિજયપુરથી શ્રીજયરાજાએ કુમારને બોલાવવા મોકલેલ પ્રધાન પુરુષોનું લક્ષ્મીપુરનગરમાં આવવું. શ્રીપતિરાજાને દુઃખ થવાથી કુમાર પોતે ન જતાં સિંહસારને મોકલવો વિજયપુરનગરમાં પિતાની ગાદી ઉપર સિંહસારનો રાજ્યાભિષેક, અને શ્રીજયરાજાનું તાપસ બનવું. લક્ષ્મીપુરના ઉદ્યાનમાં ધર્મપ્રભસૂરિનું પધારવું. શ્રીપતિરાજા આદિનું આડંબરથી ગુરૂવંદન માટે જવું, ધર્મદેશના સાંભળી પોતાના રાજ્ય ઉપર શ્રીજયાનંદકુમારનો રાજ્યાભિષેક કરી શ્રીપતિરાજાએ દીક્ષા ગ્રહણ કરી કેવલજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષે જવું.

સિંહસારરાજાના ત્રાસથી વિજયપુરનગરમાંથી છુપી રીતે નીકલી શ્રીજયાનંદકુમારના માતા પિતાનું લક્ષ્મીપુરનગરના ઉદ્યાનમાં આવવું. માતા પિતાને સિંહસાર તરફથી થયેલ મહાદુઃખો સાંભલી, સિંહસાર ઉપર પોતાનો દૂત મોકલી તેણે લુંટી લીધેલ પોતાની સર્વવસ્તુઓ મંગાવી લેવી, માતા પિતાએ પુત્ર શ્રીજયાનંદકુમારનું જીવન સાંભલી ખુશ થવું. કુમારરાજે પોતાની ગાદી ઉપર આગ્રહથી પિતાને સ્થાપન કરીને કેટલાક રાજાઓને પોતાની આજ્ઞા મનાવવી, જે જે રાજકુમારીઓ સાથે લગ્ન કરેલ તે સ્ત્રીઓના પિતાઓએ પોતાની પુત્રીઓ લક્ષ્મીપુરમાં લાવી કુમારને સોંપવી, પ્રસંગોપાત પદ્મરથરાજાની કુંવરી જયસુંદરીનો દુઃખદ અધિકાર. વસંતઋતુમાં કુમારનું નગરવાસીઓની સાથે ઉદ્યાનમાં ક્રીડા કરવા જવું. સરોવરની પાળ ઉપર ઉભેલા કુમારરાજ પાસે પવનવેગ વિદ્યાધરનું ભીલના સ્વરૂપમાં આવી યોગિનીઓ પાસેથી પોતાના પુત્ર વજ્રવેગને છોડાવવા કરેલી વિનંતી. પવનવેગ વિદ્યાધર સાથે વૈતાઢ્ય પર્વત ઉપર જઈ કુમારરાજનું જ્વાલામાલિની વિદ્યા સાધવા ધ્યાનમાં બેસવું, સાતમે દિવસે વિદ્યા સિદ્ધકરી યોગિનીઓને વશ કરી, વજ્રવેગને છોડાવી પવનવેગ વિદ્યાધરને સોંપવો, કામાક્ષા આદિ યોગિનીઓએ વિવિધપ્રકારના દિવ્ય આભૂષણો આદિ આપીને કરેલી કુમારની ભક્તિ ઇત્યાદિ વર્ણનવાલો અગ્યારમો સર્ગ.

**સર્ગ ૧૨ મો :** વિદ્યાધરરાજા ચંદ્રગતિની સ્ત્રી ચંદ્રમાલાનું દેવવડે કરાયેલું હરણ. ચંદ્રમાલાને વજ્રમુખ નામનો દેવ લઈ ગયો છે તે કોશલ દેશલના ભવથી પૂર્વભવ અને પત્નીને છોડાવનારનું નામ આદિ ચારણમુનિ પાસેથી ચંદ્રગતિએ સાંભળેલો અધિકાર. ચંદ્રગતિ વિદ્યાધરે કુમારરાજપાસે પોતાની સ્ત્રીને છોડાવવા કરેલી વિનંતી, કુમારરાજનું વજ્રકૂટપર્વત ઉપર જઈ તે પહાડને ચુરી, વજ્રમુખ દેવ સાથે ભયંકર યુદ્ધકરી તેની પાસેથી ચંદ્રમાલાને લઈ ચંદ્રગતિને સોંપવી. વજ્રમુખદેવે કુમારપાસે સમ્યક્ત્વ ગ્રહણ કરવું અને કુમારને ચિંતામણિ રત્ન પોતાનું અને પરનું સ્વરૂપ બદલવાની શક્તિવાલી કામિતકરી વિદ્યાનું આપવું. ચંદ્રગતિ વિદ્યાધરની પુત્રી ચંદ્રસુંદરી અને પવનવેગ વિદ્યાધરની પુત્રી વજ્રસુંદરી સાથે શ્રીજયાનંદકુમારના લગ્ન થવા આદિ વર્ણનવાલો બારમો સર્ગ.

**સર્ગ ૧૩ મો :** શ્રીજયાનંદકુમાર પાસે વૈતાઢ્યપર્વતની દક્ષિણ શ્રેણિના જુદા જુદા નગરમાં વસતા ચંદ્રબાહુ, મહાબાહુ આદિ આઠ વિદ્યાધરોએ આવી પોતાની બત્રીસ કન્યાઓને ચક્રાયુધના ભયથી ગુપ્તપણે પરણવા કરેલી વિનંતિ. ચક્રાયુધરાજાએ પોતાના પુત્રોને માટે આ બત્રીસ કન્યાઓની કરેલી માગણી, આઠે વિદ્યાધરો પોતાની કન્યાઓ ચક્રાયુધના પુત્રોને આપશે કે કેમ એ જોષીને પુછવું, ચક્રાયુધનું રાજ્ય થોડા દિવસમાં જ શત્રુરાજા ગ્રહણ કરશે એમ જોષીનું કહેવું. બત્રીસ કન્યાઓ સાથે લગ્ન કરવા કુમારરાજે વિદ્યાધરોને આપેલુ આશ્વાસન, પવનવેગ વિદ્યાધરની સભામાં ચક્રાયુધ ચક્રવર્તીના દૂતનું આવવું, અને તમારી પુત્રી વજ્રસુંદરીને સ્વયંવરા ચક્રાયુધને ત્યાં મોકલવા દૂતનું કહેવું.

મેં મારી વજ્રસુંદરી શ્રીજયાનંદકુમારને આપેલી છે. તેથી હું ચક્રાયુધને ત્યાં મોકલી શકતો નથી પવનવેગે આપ્રમાણે દૂતને જણાવવું. અને દૂતનું પાછું જવું. ફેર વજ્રસુંદરી માટે ચક્રાયુદ્ધના પ્રધાનોનું આવવું. શ્રીજયાનંદકુમારે વજ્રસુંદરીના સ્વરૂપમાં પાંચસો મહાબળવાન યોદ્ધાઓને પણ સ્ત્રીઓ બનાવી, પાંચસો સખીઓ સહીત ચક્રસુંદરીને નૃત્યશીખવવા પ્રધાનપુરૂષોની સાથે ચક્રાયુધને ત્યાં જવું. વજ્રસુંદરી પાસે ચક્રસુંદરીએ આવી નૃત્યકલા શીખવી. પાંચસો સખીઓ પાસે યોગિનીઓએ કરેલું ગીત સાંભલીને

ચક્રસુંદરીનો શ્રીજયાનંદકુમાર ઉપર રાગ થવો, વજ્રસુંદરીવડે ચક્રસુંદરીનું હરણ અને હું જયાનંદકુમારમાટે ચક્રસુંદરીને લઈ જાઉં છું. એમ વિમાનમાંથી ઘોષણા કરી ચક્રાયુધને જણાવવું. ચક્રસુંદરીને પાછી લાવવા માટે કરોડો સૈનિકોથી સજ્જ થઈ ચક્રાયુધનું જવું અને સાતદિવસ લગી દિવ્યશસ્ત્રાદિથી મહાયુધ થવું અંતે કપટસ્ત્રી શ્રીજયાનંદકુમારનો વિજય, વજ્રના પાંજરામાં પુરેલા ચક્રાયુધને છુટા કરવા ચક્રાયુધનું આત્મહત્યા કરવા તૈયાર થવું. પવનવેગ ચક્રાયુધ આદિની વિનંતીથી શ્રીજયાનંદકુમારે પ્રગટ કરેલ પોતાનું મુલસ્વરૂપ, શ્રીજયાનંદકુમાર, તથા પવનવેગાદિના મધુર વચનોથી ચક્રાયુધના દિલને થયેલી શાંતિ, શ્રીચક્રાયુધે ભવ્ય મહોત્સવપૂર્વક શ્રીજયાનંદકુમારને પોતાના નગરમાં પ્રવેશ કરાવવો અને ચક્રસુંદરી અને ભોગરાજ આદિ રાજાઓની બત્રીશકન્યાઓ અને વિદ્યાધરોની બીજી હજારો કન્યાઓ સાથે કુમારનું પાણીગ્રહણ થવું. વિદ્યાધરોએ કુમારને વિવિધપ્રકારની કરેલી પહેરામણીઓ આદિ વર્ણનવાલો તેરમો સર્ગ.

**સર્ગ ૧૪ મો :** શ્રીગગનવલ્લભ નગરના ઉદ્યાનને વિષે શ્રીચક્રબલનામના રાજર્ષિનું પધારવું, શ્રીચક્રાયુધરાજા અને શ્રીજયાનંદરાજા આદિનું મહોત્સવપૂર્વક વંદન કરવા જવું, પૂજ્ય ગુરૂમહારાજશ્રીએ વૈરાગ્યમય આપેલી દેશના, અનેક આત્માઓનું પ્રતિબોધ પામવું, શ્રીજયાનંદરાજાએ ગ્રહણ કરેલા વિવિધ પ્રકારના નિયમો, ગુરૂમુખે ધર્મદેશના સાંભળી વૈરાગ્યવાન શ્રીચક્રાયુધરાજાએ અત્યાગ્રહથી પોતાની રાજ્ય ગાદી ઉપર કરેલો શ્રીજયાનંદરાજાનો રાજ્યાભિષેક, મહોત્સવ સાથે શ્રીજૈનશાસનની મહાપ્રભાવના કરતા શ્રીચક્રાયુધરાજાએ ગુરૂમહારાજપાસે ચારિત્રનું અંગીકાર કરવું.

સંખ્યાબંધ વિદ્યાધરેશોથી સેવાઈ રહેલા શ્રીજયાનંદરાજાનું આકાશમાર્ગે ચારિત્ર લેવાની ઉત્કૃષ્ટ ભાવનાવાલા પાંચસો તાપસોના આશ્રમમાં આવવું, શ્રી હેમપ્રભ ગુરૂ પાસે પાંચસો તાપસોની દીક્ષા, ત્યાંથી તાપસસુંદરીને લઈ શ્રીજયાનંદરાજાનું લક્ષ્મીપુર નગરમાં આવી માતાપિતાને મલવું, હિમાલય સુધીના કૈલાશ વિગેરે રાજાઓને જીતી ત્રણ ખંડના અધિપતિ બનવું, રતિમાલા વેશ્યાની પુત્રી રતિસુંદરીને પરીક્ષા કરી બોલાવવા સુરદત્ત નામના પોતાના વિશ્વાસુ માણસને મોકલવો, રતિસુંદરીનું અત્યંત રૂપ જોઈ ભાનભૂલા બની ગયેલા સુરદત્તને વિવિધ પ્રકારની શીક્ષા કરી પરપુરૂષ સાથે હું આવીશ નહિ. મારા સ્વામી મને આવીને લઈ જાય એમ કહી રતિસુંદરીએ તેને પાછો મોકલવો, સુરદત્તના મુખથી પતિવ્રતા રતિસુંદરીનું આશ્ચર્યકારી વૃત્તાંત સાંભળી શ્રીજયાનંદભૂપતિનું રત્નપુર જઈ રતિસુંદરીને મલી તેના માતાપિતા આદિની રજા લઈ રતિસુંદરીને લક્ષ્મીપુરમાં આવવું. શ્રીવિજયપુર નગરમાં ત્રાસ વરતાવતા સિંહસાર રાજાથી ત્રાસી ગયેલા નગરજનોનો વિનંતીપત્ર લઈ નગરના મુખ્ય માણસોએ શ્રીજયાનંદ રાજા પાસે આવવું.

શ્રીજયાનંદ રાજાએ સૈન્ય સહ વિજયપુર જઈ સિંહ સાથે યુદ્ધ કરી તેને પકડી બેડીઓ પેરાવી કારાગારમાં પુરવો, વિજયપુરરાજ્યના ઉપર પોતાના પિતા વિજયરાજાને રાજ્ય ઉપર બેસાડી જૈનધર્મમાં દૃઢ કરી માતાપિતા-નગરજનો આદિની રજા લઈ શ્રીજયાનંદરાજાએ લક્ષ્મીપુરનગરમાં આવવું. શ્રીવિજયરાજાએ લાંબા કાલ સુધી રાજ્યનું પાલન કરી નાનાપુત્ર શતાનંદકુમારને રાજ્ય ઉપર સ્થાપન કરી આગમસાગર નામના ગુરૂ પાસે ચારિત્ર અંગીકાર કરવું. શ્રીજયાનંદરાજાએ કાકા શ્રીજયતાપસને પ્રતિબોધ કરી તેમના પરિવાર સાથે શ્રીઆગમસાગર ગુરૂ પાસે જૈની દીક્ષા અપાવવી. એક સમય શ્રીચક્રાયુધરાજર્ષિ પધાર્યાની ઉદ્યાનપાલે શ્રીજયાનંદરાજાને કરેલી વિનંતી, જયાનંદરાજાએ મહાઆડંબરપૂર્વક શ્રીચક્રાયુધમહર્ષિને વંદન કરવા જવું, શ્રીચક્રાયુધરાજર્ષિએ શ્રીજયાનંદરાજા રતિસુંદરી વિજયસુંદરી પોતાના અને સિંહના પૂર્વભવોનું કરેલું વર્ણન. તે સાંભળી શ્રીજયાનંદરાજાને જાતિસ્મરણ જ્ઞાન થવું. અને વૈરાગ્યરસથી રંગાયેલા શ્રીજયાનંદરાજાએ તત્કાલ રાજ્યની વ્યવસ્થા પુત્રને સોંપી શ્રીચક્રાયુધ રાજર્ષિપાસે અનેકરાજાઓ અને લાખો મનુષ્યની સાથે ચારિત્ર અંગીકાર કરવું. શ્રીચક્રાયુધમહર્ષિ અને જયાનંદમહર્ષિ આ બંને મહર્ષિઓ લાંબા કાલસુધી પૃથ્વીતલ ઉપર વિચરી ભવ્ય જીવોને ધર્મનો પ્રતિબોધ કરી નિરતિચાર વિશુદ્ધ ચારિત્રનું પાલન કરતા કેવલજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષમાં પધારવું ઈત્યાદિ વર્ણનવાલો ચૌદમો સર્ગ સમાપ્ત.

શ્રી મુનિસુંદરસૂરિ મહારાજશ્રી કૃત

# શ્રી જયાનંદ કેવળી ચરિત્ર

# ભાષાંતર

## પ્રભુ ભક્તિનો અપૂર્વ મહિમા

सारमेतन्मया लब्धं, श्रुताब्धेरवगाहनात् ।
भक्ति र्भागवती बीजं, परमानन्दसम्पदाम् ॥

મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ

શ્રીશ્રુતસાગરનું મંથન કરીને મેં નવનીતની માફક સાર એ પ્રાપ્ત કર્યો છે કે પરમતારક શ્રીજિનેશ્વરદેવની વિવિધ પ્રકારની ભક્તિ એજ પરમાનંદ-મોક્ષસંપત્તિનું મૂલકારણ છે.

શ્રી જિનેશ્વર દેવની પૂજા આદિ ભક્તિનો એવો અજબ મહિમા છે કે જેમ પારસમણિ લોખંડને સુવર્ણ બનાવે છે તેમ શ્રીજિનેશ્વર દેવની ભક્તિ રંકને રાય અને પતિતને પાવન બનાવે છે. તેના પ્રત્યક્ષ ઉદાહરણ તરીકે આ શ્રીજયાનંદ કેવલી ચરિત્ર છે. તો આત્મ કલ્યાણના અર્થીઓ શ્રદ્ધાપૂર્વક આ ચરિત્રને વાંચી વિચારી તેમાં રહેલી સુવાસને ગ્રહણ કરી પોતાના આત્માને સુવાસિત બનાવી મુક્તિના સાચા સુખને પ્રાપ્ત કરો.

—મુનિ મહાનંદવિજય

श्री मुनिसुंदरसूरि विरचित

# શ્રી જયાનંદ કેવળી ચરિત્ર.

## [ પદ્યબંધનું ગુજરાતી ભાષાંતર. ]

ॐ ह्रीँ नमः

जयश्रीर्द्विविधारीणां, यदाज्ञानुष्ठिते भवेत् ।
सर्वज्ञाय नमस्तस्मै, सर्वतत्त्वोपदेशिने ॥ १ ॥

येनैवाष्टादशा म्भोधि, कोटिकोटीस्तिरोहितः ।
धर्मं प्रादुरकारि श्री–ऋषभोऽर्हन्मुदेस्तु सः ॥ २ ॥

तं श्री शान्ति जिनं वंदे, यन्नामोच्चारितं सतां ।
आवेदयति शब्दार्थ–तादात्म्यं शान्तिदानतः ॥ ३ ॥

स श्रीनेमिजिनो जीया–द्योऽजैषीत्तं मनोभवं ।
सर्वेऽपि सेवका यस्य, सुरासुरनरेश्वराः ॥ ४ ॥

श्रीपार्श्वः श्रेयसे सोऽस्तु, नागेन्द्रो यं निषेवते ।
सप्तभीतिच्छिदे सप्त–मुर्तिः सप्तस्फटाछलात् ॥ ५ ॥

अजिह्मगश्रियं धर्मं, भजन् यस्य जयत्यरीन् ।
द्विविधानपि धीरस्तं, श्री वीरस्वामिनं भजे ॥ ६ ॥

येषां कल्याणकाहेषु, प्राप्तैर्देवाप्सरोगणैः ।
भिद्यते स्वर्भुवोर्भेदः, सर्वेऽर्हन्तो जयंतु ते ॥ ७ ॥

मातेव पदविन्यासं, कवीन् बालानिवाश्रितान् ।
*या शास्त्राध्वगतौ शास्ति, सा ब्राह्मी रातु मेऽर्थितम् ॥ ८ ॥*

अहो यत्सार्ववैद्याब्धिं, गाहमानाः सतां धियः ।
अजडाः स्युः स्तुवे तान् श्री–देवसुन्दरसद्गुरून् ॥ ९ ॥

यैर्वाङ्मयरसासारा–स्सुधां मौदैरिवोन्नतैः ।
चक्रेऽस्माभोऽपि गर्जद्भि–र्मयि विद्यालतोद्भवः ॥ १० ॥

जगत्तापहरान् स्फुर्ज–द्विद्युतः सुघनागमान् ।
श्रीज्ञानसागराह्वांस्तान्, स्तुवे सूरीन् जगद्गुरून् ॥ ११ ॥ युग्मम्

ज्ञानार्काणां पुरो येषा–मुल्मूकंति मयादिनः ।
विश्वार्च्यांस्ते जयंतु श्री–सोमसुंदरसूरयः ॥ १२ ॥

इति स्तुत्यगणं स्तुत्वा, मुनिसुन्दर सूरिणा ।
जैनधर्मोपदेशेन, क्रियते वाक् फलेग्रहिः ॥ १३ ॥

**મંગળ.** જેની આજ્ઞા પાળવાથી બે પ્રકારના[1] શત્રુની [2]**જયશ્રી** (જયલક્ષ્મી) પ્રાપ્ત થાય છે, તે સર્વ તત્ત્વનો ઉપદેશ કરનાર સર્વજ્ઞને નમસ્કાર થાઓ. જેણે અઢાર કોડાકોડી સાગરોપમ[3] સુધી નષ્ટ થયેલો ધર્મ પ્રગટ કર્યો, તે શ્રી ઋષભદેવ અરિહંત સર્વના હર્ષને માટે થાઓ. ઉચ્ચાર કરેલું જે (શાંતિનાથ) નું નામજ ઉપદ્રવાદિકની શાંતિ આપવાથી–કરવાથી સત્પુરૂષોને શબ્દ અને અર્થનું [4]તાદાત્મ્યપણું–અભેદપણું જણાવે છે, તે શ્રી શાંતિનાથ જિનેશ્વરને હું વંદન કરૂં છું. સર્વ સુર, અસુર અને મનુષ્યોના સ્વામીઓ પણ જેના સેવકો છે, તેવા કામદેવને જેણે જીત્યો છે તે શ્રી નેમિનાથ જિનેશ્વર જય પામો. ધરણેંદ્ર સાત ભયનો નાશ કરવા માટે સાત ફણના મિષથી સાત રૂપવાળો થઈ જેને સેવે છે, તે શ્રી પાર્શ્વનાથ સ્વામી તમારા કલ્યાણને માટે હો. જે (ધર્મ) ની લક્ષ્મી કુટિલ માણસને પ્રાપ્ત થતી નથી એવા જે (ભગવાન) ના ધર્મને ભજનાર ધીર પુરૂષ બે પ્રકારના[5] શત્રુઓને જીતે છે, તે શ્રીમહાવીરસ્વામીને હું ભજું છું. જેમના કલ્યાણક દિવસોમાં પ્રાપ્ત થયેલા દેવો

---

૧ બાહ્ય અને અભ્યંતર.

૨ **જયશ્રી** આ કર્તાના કરેલા સર્વ ગ્રંથનું પ્રથમ ચિન્હ છે.

૩ ઉત્સર્પિણીના ૪–૫–૬ ને અવસર્પિણીના ૧–૨–૩ આરામાં યુગલિયાઓજ હોય છે. તેમાં ધર્મ હોતો નથી. તેનું પ્રમાણ એટલું થાય છે.

૪ શાંતિ એ શબ્દ એટલે નામ અને તેનો અર્થ, રોગાદિકની શાંતિ એ બન્ને એકજ છે એમ જણાવે છે.

૫ બાહ્ય અને અભ્યંતર શત્રુ (કર્મરૂપી)

અને અપ્સરાઓના સમૂહો સ્વર્ગ અને પૃથ્વીનો ભેદ દૂર કરે[1] છે, તે સર્વ તીર્થંકરો જયવંત વર્તો. જેમ માતા પોતાના આશ્રિત બાળકોને પગલાં ભરતાં શીખવે છે, તેમ જે દેવી પોતાના આશ્રિત કવિઓને શાસ્ત્રમાર્ગમાં ગતિ કરવા માટે પદવિન્યાસ–શબ્દરચના કરતાં શીખવે છે, તે સરસ્વતી દેવી મનોવાંછિત આપો. અહો ! જેના આગમજ્ઞાનરૂપી સમુદ્રમાં પ્રવેશ કરતી સત્પુરૂષોની બુદ્ધિ [2]જડતા રહિત થાય છે, તે **શ્રીદેવસુંદર** નામના સદ્ગુરૂની હું સ્તુતિ કરૂં છું. જાણે અમૃતના મેઘ હોય તેવા ઉન્નત અને ગર્જના કરતા એવા જે ગુરૂએ શાસ્ત્રરસની વૃષ્ટિ કરી પત્થર જેવા મારા વિષે પણ વિદ્યાલતાના અંકુરો ઉત્પન્ન કર્યા, તે જગતનાં તાપને હરણ કરનાર અને સ્ફુરાયમાન વિદ્યુતવાળા[3] સુઘનાગમ[4] રૂપ **શ્રીજ્ઞાનસાગર** નામના જગદ્ગુરૂ સૂરીશ્વરની હું સ્તુતિ કરૂં છું. જ્ઞાનરૂપી સૂર્ય સમાન જેમની પાસે અન્ય વાદીઓ [5]ઉલ્મૂક જેવા દેખાય છે, એવા વિશ્વના પૂજ્ય **શ્રીસોમસુંદરસૂરિ** મહારાજ જય પામો. આ પ્રમાણે પૂજ્યના સમૂહની સ્તુતિ કરીને [6]**મુનિસુંદરસૂરિ** જૈનધર્મના ઉપદેશવડે પોતાની વાણી સફલ કરે છે. કહ્યું છે કે—

**પ્રયોજન.** સંસારના દુઃખથી ઉદ્વેગ પામેલા પ્રાણીઓને મોક્ષના ઉપાયનો ઉપદેશ આપી જે તેમનો અનુગ્રહ કરે છે, તેના જેવો આ દુનિયામાં કોઈપણ ઉપકારી નથી.'' પરઉપકાર જેવો બીજો કોઈ શ્રેષ્ઠ ધર્મ નથી, અને ધર્મના ઉપદેશ જેવો બીજો કોઈ ઉત્તમ ઉપકાર નથી. વળી ધર્મોપદેશથી તેના કર્તા અને શ્રોતા બન્નેને અનુક્રમે મોક્ષ પ્રાપ્ત થાય છે.

**જીવોના પ્રકાર.** (હવે ગ્રંથકાર ઉપદેશને લાયક પ્રાણીઓ બતાવવા માટે તેમના ભેદો વિગેરે કહે છે.) જીવો ત્રણ પ્રકારના છે—ભવ્ય, દુર્ભવ્ય અને અભવ્ય. તેમાં ભવ્ય જીવો જો પોતે જાણતા હોય એટલે જ્ઞાનવાળા હોય તો દુઃખથી ઉદ્વેગ પામીને મોક્ષની ઇચ્છા રાખે છે. વળી તે ભવ્યો ગુરૂના ઉપદેશથી મોક્ષના ઉપાયરૂપ જ્ઞાનાદિકને વિષે પ્રવર્તે છે, અને કર્મના ક્ષયોપશમને લીધે તત્ત્વો ઉપર શ્રદ્ધા પણ કરે છે, પરંતુ જેઓ દુર્ભવ્ય હોય છે તેઓ મોક્ષ મેળવવા

---

૧ દેવો અને દેવાંગનાઓ પૃથ્વીપર આવી મનુષ્યોની સાથે એકત્ર થઈ ઉત્સવો કરે છે, તેથી સ્વર્ગ અને પૃથ્વીમાં તફાવત રહેતો નથી.

૨ સમુદ્રમાં પ્રવેશ કરનાર મનુષ્ય જળ સહિત થવો જોઈએ અથવા જડ એટલે ટાઢવાળો થવો જોઈએ, તેને બદલે તેવો ન થવાથી આ આશ્ચર્ય છે.

૩ વિશેષ કાંતિવાળા ગુરૂ, વીજળીવાળા મેઘ. ૪ સારા અને ઘણા આગમને જાણનાર ગુરૂ, અન્ય પક્ષે સારા મેઘનું આગમન. ૫ થોડું સળગેલું લાકડું–ઉંબાડિયું. ૬ કર્તાએ પોતાનું નામ બતાવ્યું છે.

માટે ક્રિયાદિકમાં ઉત્સાહ કરતા નથી, મિથ્યાત્વ ને આરંભમાં મગ્ન રહે છે અને સમ્યક્ તત્ત્વને વિષે આદર કરતા નથી. હવે જેઓ જિનધર્મના દ્વેષી અને મિથ્યા ક્રિયાવડે પોતાના અને બીજાના શત્રુરૂપ છે, તે અભવ્ય જીવો સંસારમાર્ગમાં રહ્યા સતા અનંતાનંત કાળ સુધી ભ્રમણ કર્યા કરે છે.

**અભવ્ય જીવો.** આ પ્રમાણે સ્થૂળ ભેદે કરીને સર્વ ભવસ્થ પ્રાણીઓ ત્રણ પ્રકારના હોય છે. તેમાં જેઓ અભવ્ય છે, તેઓ મોક્ષ વિગેરે અદૃષ્ટ પદાર્થ ઉપર શ્રદ્ધા કરતા જ નથી. તેઓ પ્રાયે ક્રૂર સ્વભાવવાળા, સર્વ ધર્મના દ્વેષી અને ગુણરહિત જ હોય છે, તેમને સમકિત અને મોક્ષની પ્રાપ્તિ કદાપિ થતી નથી. તેઓમાંના કેટલાએક જીવો મનુષ્ય અને દેવાદિકનું સુખ જોઈ તે મેળવવાનો ઉપાય કોઈક રીતે જાણી માત્ર સમ્યક્ ક્રિયા કરવામાં જ પ્રવર્તે છે, અને તે ક્રિયાના બળથી તેઓ નવ ગ્રૈવેયક સુધીની ગતિને પામી શકે છે, તથા ચક્રવર્તી આદિકની લબ્ધિઓ સિવાય બીજી કેટલીક આમૌષધિ આદિક લબ્ધિઓને પણ પામે છે, પરંતુ તેઓ સર્વે ( અભવ્ય હોવાથી ) ગોચરને વિષે ગાયોની જેમ આ અનાદિ અનંત સંસારને વિષે ચિરકાળ સુધી ભમ્યા છે, ભમશે અને ભમે છે; અને તેઓ અનંત પુદ્ગલપરાવર્ત સુધી પોતે કરેલા દુષ્કૃત્યોએ કરીને મનુષ્ય, તિર્યંચ અને નારકીને વિષે નિરંતર દુઃખો સહન કરે છે અને કરશે.

**દુર્ભવ્ય.** વળી જે અજ્ઞાની ધર્મની બુદ્ધિથી ખોટી ક્રિયાને પણ કરે છે, તે ભવ્યો ( દુર્ભવ્યો ) એક પુદ્ગલ પરાવર્તની અંદર ( માર્ગપતિત હોવાથી ) મોક્ષ પામનારા કહ્યા છે. તે વિષે કહ્યું છે કે—" જે મનુષ્ય અક્રિયાવાદી છે, તે ભવ્ય પણ હોય છે અને અભવ્ય પણ હોય છે, પરંતુ તે અવશ્ય કૃષ્ણ-પાક્ષિક હોય છે, અને જે મનુષ્ય ક્રિયાવાદી છે, તે અવશ્ય ભવ્ય જ હોય છે તથા શુક્લપાક્ષિક હોય છે. તે એક પુદ્ગલપરાવર્તની અંદર સિદ્ધિપદને પામે છે, તે સમકિતદૃષ્ટિ પણ હોય છે અથવા મિથ્યાદૃષ્ટિ પણ હોય છે." આ પ્રમાણે શ્રીદશાશ્રુતસ્કંધની ચૂર્ણિમાં શ્રાવકની પ્રતિમાના અધિકારને વિષે કહેલું છે.

હવે જે ( ભવ્યો ) એક મુહૂર્ત્ત પણ સમકિતનો સ્પર્શ કરે છે, સમકિત પામે છે તેઓ અર્ધ પુદ્ગલપરાવર્તની અંદર સિદ્ધિપદને પામે છે. આ સર્વે ( દુર્ભવ્યો અને ભવ્યો ) દૃષ્ટ અને અદૃષ્ટ સુખને વિષે પણ સ્પૃહાવાળા અને તે ( સુખ મેળવવા ) નો ઉપાય કરવાના અર્થીઓ હોય છે, તેથી તેઓ વિધિ પ્રમાણે ધર્મોપદેશને લાયક છે.

કેટલાક ભવ્ય જીવો પણ સામગ્રી નહીં પામવાથી સિદ્ધિપદને પામતા જ નથી. જેઓ સિદ્ધિપદને પામે છે, તેઓ પણ આ સર્વ સામગ્રીને મેળવીને

**ભવ્યો.** જ મોક્ષ પામે છે. તે સામગ્રી મનુષ્ય ભવ, આર્યક્ષેત્ર, ધર્મશ્રવણ અને તે પર શ્રદ્ધા વિગેરે લક્ષણવાળી ( દશ પ્રકારની ) છે. તેમાં પણ ધર્મશ્રદ્ધા અતિ દુર્લભ છે. પ્રાયે કરીને કોઇ પણ પ્રાણી ગુરૂના ઉપદેશ વિના ધર્મને જાણી શકતો નથી, અને ધર્મ જાણ્યા વિના તેને વિષે શ્રદ્ધા પણ થઈ શકતી નથી. જેમ નાળિકેર નામના દ્વીપના રહીશ લોકો નાળિયેરનેજ ખાનારા હોય છે, તેમને અન્નનું જ્ઞાન નહીં હોવાથી તેમને તે ખાવાની શ્રદ્ધા કે ઇચ્છા થઈ શકતી નથી. શાસ્ત્રમાં શ્રદ્ધાને જ સમકિતના નિર્દોષ બીજરૂપ કહેલી છે; કારણ કે ધર્મના ચાર મુખ્ય અંગોને[1] વિષે આ શ્રદ્ધાને જ ઉત્તમ કહી છે. તેથી કરીને શ્રદ્ધાથી કરેલું ધર્મનું અનુષ્ઠાન જ સિદ્ધિને માટે થાય છે; કેમકે કારણનું કોઇપણ અંગ ન્યૂન હોય તો કાર્યની ઉત્પત્તિ થઈ શકતી નથી.

દુનિયામાં ધર્મ ઘણા પ્રકારે પ્રસિદ્ધ છે, તેમાં પણ જે ધર્મનું મૂળ સર્વજ્ઞ ન હોય અર્થાત્ જે ધર્મ સર્વજ્ઞકથિત ન હોય તે ધર્મ હિંસાદિકથી

**ધર્મ.** દૂષિત હોય છે, તેથી તે દુ:ખદાયક થાય છે. આત્માનું હિત ઇચ્છનારા સત્પુરૂષોએ જે ધર્મ સમ્યક્ત્વને અનુસરતો ન હોય તે તજવા યોગ્ય છે, અને સુવર્ણની જેમ જે ધર્મ ચાર પ્રકારની પરીક્ષાવડે શુદ્ધ હોય તે ગ્રહણ કરવા યોગ્ય છે. કહ્યું છે કે—" જેમ કસોટી પર ઘસવું, છીણીવડે છેદવું, અગ્નિમાં તપાવવું અને હથોડાથી ટીપવું એ ચાર પ્રકારવડે સુવર્ણની પરીક્ષા કરાય છે, તેમ શ્રુત, શીલ, તપ અને દયાગુણવડે વિદ્વાનો ધર્મની પણ પરીક્ષા કરે છે." તેથી પરીક્ષાવડે શુદ્ધ જોઈએ તો હિંસાદિક દોષ રહિત એવો અરિહંતભાષિત જિનધર્મ જ છે, અને તે જ મુક્તિને માટે તેના અર્થીઓએ સેવવા યોગ્ય છે.

આ જૈનધર્મ દાન, શીલ, તપ અને ભાવ એમ ચાર પ્રકારનો છે, અથવા ગૃહસ્થધર્મ અને સાધુધર્મ એવા બે ભેદોવડે બે પ્રકારનો છે એમ

**ધર્મના પ્રકાર.** જિનેંદ્રોએ કહ્યું છે. તેમાં પહેલો ગૃહસ્થધર્મ સમકિત સહિત બાર વ્રતવાળો છે, તે બારમા દેવલોક સુધીનું સુખ આપે છે ( શ્રાવક ઉત્કૃષ્ટ બારમે દેવલોક જાય છે ) અને અનુક્રમે મોક્ષસુખ પણ આપે છે. બીજો સાધુધર્મ ક્ષાંતિ વિગેરે ભેદોવડે દશ પ્રકારનો[2] છે, તે પાંચ મહાવ્રતોવડે શુદ્ધ (અતિચાર રહિત) પાલન કર્યો હોય તો તે ભવને વિષે પણ મોક્ષ આપે છે.

---

૧ મનુષ્યત્વ, ધર્મશ્રવણ, શ્રદ્ધા અને ધર્મ કરવો તે.

૨ ક્ષમા, મૃદુતા, સરલતા, નિર્લોભતા, તપ, સંયમ ( અહિંસા ત્યાગ, ) સત્ય, શૌચ, અચૌર્ય, અકિંચન અને બ્રહ્મચર્ય એ દશ પ્રકાર સમજવા.

**કથાનો ઉપક્ષેપ.** આ સમગ્ર એટલે બન્ને પ્રકારનો જૈનધર્મ તેનું ફળ જાણવાથી આત્મામાં શ્રદ્ધા ઉત્પન્ન કરે છે, અને તે ફળ પ્રાયે દૃષ્ટાંતથી હૃદયમાં સ્ફુટ રીતે ભાસે છે. તેથી કેવળજ્ઞાની થયેલા એવા **શ્રી જયાનંદ** રાજર્ષિનું કાંઇક-સંક્ષિપ્ત ચરિત્ર ભવ્યપ્રાણીઓના બોધને માટે અહીં કહેવાય છે. તે શ્રી જયાનંદ કેવળીએ પૂર્વ ભવમાં પોતાની પ્રિયા સહિત જેવી રીતે સમકિત અને દાન શીલાદિક સહિત શ્રાવકધર્મનું પાલન કર્યું હતું, તથા ત્યાંથી સ્વર્ગ લક્ષ્મી પામીને પછી મોટું રાજ્ય, દેવાદિકની સહાય તથા વિપત્તિ રહિત એકલી સંપત્તિને જે રીતે પામ્યા હતા તે સર્વ અહીં કહેવામાં આવશે.

# કથા પ્રારંભ

**જંબૂદ્વીપ.** લાખ યોજનના વિસ્તારવાળો અને પ્રશસ્ત લક્ષ્મીવાળો તથા સત્પુણ્યનાં સ્થાનરૂપ જંબૂદ્વીપ નામે દ્વીપ છે. તે શ્રાવકની જેમ [1]સુવૃત્ત છે અને લક્ષ્મી વડે[2] સાત ક્ષેત્રોનું પોષણ કરે છે. આ દ્વીપ સર્વ દ્વીપોને વિષે મુખ્ય છે (મધ્યમાં છે) તેથી વિધાતાએ તેની ઉપર તારારૂપી મોતીથી શોભતું મેરૂપર્વતરૂપી દંડવાળું આકાશરૂપ છત્ર ધારણ કર્યું છે. આ જંબૂદ્વીપે પોતાની લક્ષ્મીવડે બાકીના [3]છએ દ્વીપોને જીતી લીધા છે, તેથી વિશ્વની રચના કરનાર વિધાતાએ તે દ્વીપમાં છ વર્ષધર [4]પર્વતમય છ રેખાઓ કરી હોય તેમ જણાય છે. પ્રશસ્ત પુણ્ય લક્ષ્મીવાળા આ દ્વીપની રક્ષાને માટે વિધાતાએ જગતરૂપી કિલ્લો કરી તેની ફરતી લવણસમુદ્રરૂપી ખાઈ કરેલી છે. ખરેખર આ દ્વીપ જ નથી પરંતુ લવણસમુદ્રમાં પ્રતિબિંબિત થયેલું સ્વર્ગ જ છે, અન્યથા આવી લક્ષ્મી ક્યાંથી હોય?

---

૧ જંબૂદ્વીપ થાળી જેવો ગોળ છે, શ્રાવક સદાચારવાળો હોય છે.

૨ જંબૂદ્વીપમાં ભરત, ઐરવત, હૈમવંત, હૈરણ્યવંત, હરિવર્ષ, રમ્યક ને મહાવિદેહ-એ સાત ક્ષેત્રો છે. શ્રાવકને પોષણ કરવા લાયક ચૈત્ય, પ્રતિમા, જ્ઞાન અને ચતુર્વિધ સંઘ એ સાત ક્ષેત્રો છે.

૩ લૌકિક શાસ્ત્રમાં સાત દ્વીપ અને સાત સમુદ્ર જ કહેવામાં આવે છે, તે અપેક્ષાએ આ વર્ણન જાણવું.

૪ ચુલ હિમવંત, મહાહિમવંત, નિષધ, રૂપી, શિખરી ને નીલવંત-એ છ પર્વતો છે.

તે જંબૂદ્વીપમાં પુણ્યની સંપત્તિએ કરીને પવિત્ર એવું ભરત નામે ક્ષેત્ર રહેલું છે.

**ભરતક્ષેત્ર.**

તે ભરતક્ષેત્રે આપત્તિઓને દૂર કરવા માટે વૈતાઢ્ય પર્વતરૂપી દંડને ધારણ કર્યો છે. તેમાં રહેલા સર્વ ખંડોની લક્ષ્મી એક બીજા સાથે મિશ્રિત થવાથી તેમને પરસ્પર કલહ ઉત્પન્ન ન થાઓ એવા હેતુથી વિધાતાએ તેમની વચ્ચે ગંગા, સિંધુ અને વૈતાઢ્યરૂપી ભીંતો[1] કરેલી છે. તે ભરતના દક્ષિણ બાજુના મધ્ય ખંડમાં જ અરિહંતો વિગેરે ઉત્તમ પુરૂષોના જન્મ થાય છે, તેથી વિધાતાએ ચૈત્યની શ્રેણિરૂપી પુષ્પમાળાઓવડે તેની જ પૂજા કરી છે. તે ભરતક્ષેત્રને મહાવિદેહ અને ઐરવતની સાથે પ્રીતિ હોવાથી તે પુણ્યલક્ષ્મીનો વિભાગ કરવા માટે સૂર્ય અને ચંદ્રરૂપી દૂતો પાસે તે મહાવિદેહ અને ઐરવતને વિષે ગમન-આગમન કરાવે છે. તે ભરતક્ષેત્રના મધ્ય ખંડને જિનેંદ્ર વિગેરે ત્રેસઠ શલાકા પુરૂષો પોતાના જન્માદિકે કરીને પવિત્ર કરે છે.

**નગર.**

તે મધ્ય ખંડને વિષે **રતિવર્ધન** નામનું મનોહર નગર છે. તે ધર્મ, અર્થ અને કામની લક્ષ્મીએ કરીને પોતાનું સાર્થક નામ ધારણ કરે છે. તે નગરમાં રહેલા ચૈત્યોના શિખરો ઉપર સ્ફાટિક રત્નોના કળશો રહેલા છે, તેની કાંતિ ચંદ્રની કાંતિ કરતાં અધિક છે, તેથી તે નગરમાં ચંદ્રજ્યોત્સ્ના અને અંધકારનો એટલે શુકલ અને કૃષ્ણપક્ષનો કાંઇપિણ ભેદ જણાતો નથી. તે નગરમાં [2]કેદારની ઇચ્ચિોના મહેલોના શિખરો ઉપર રહેલી [3]શસ્યલક્ષ્મીને કહેનારી [4]સુવર્ણકલશાલિઓ શોભે છે. "ક્ષેત્રમાં વાવેલું બીજ સોગણું થાય છે અને અગ્નિમાં હોમેલું બીજ ભસ્મસાત્ થાય છે." આવા લોકના પ્રવાદપર કોણ શ્રદ્ધા કરે? કારણ કે કામદેવે પોતાનું શરીર મહાદેવના ત્રીજા નેત્રરૂપી અગ્નિના કુંડમાં હોમ્યું, તે આ નગરમાં ક્રીડા કરતા યુવાનોના શરીરના મિષથી કોટિગણું થયું જણાય છે.

**રાજા.**

તે રતિવર્ધન નામના નગરમાં **નરવીર** નામે રાજા રાજ્ય કરતો હતો. તે ઐશ્વર્ય, સૌંદર્ય, ધૈર્ય અને વીર્યાદિકગુણોએ કરીને ઇંદ્ર જેવો હતો. તે રાજાની દિગ્યાત્રામાં સૈન્યની ઉડેલી રેણુવડે સૂર્ય ઢંકાઈ જતો ત્યારે સૂર્યથી પણ ચઢિયાતો તેનો પ્રતાપ જ ઉદ્યોત કરતો હતો. વનમાં

---

૧ ભરતક્ષેત્રમાં પૂર્વ પશ્ચિમ લાંબો વૈતાઢ્ય પર્વત રહેલો છે, તેનાથી તેના ઉત્તર અને દક્ષિણ એવા બે વિભાગ થાય છે, તે બન્ને વિભાગમાં ઉત્તર દક્ષિણ લાંબી ગંગા અને સિંધુ એ બે નદીઓ વહે છે, તેથી બન્નેના ત્રણ ત્રણ વિભાગ થવાથી ભરતક્ષેત્રના છ ખંડ છે.

૨ ચોતરફ સેતુબંધવાળું ક્ષેત્ર. ૩ શસ્ય-ધાન્યની લક્ષ્મી, પક્ષે શસ્ય-વખાણવા લાયક લક્ષ્મી. ૪ સુવર્ણ-સારા વર્ણવાળી-ઉજ્વળ, કલ-મનોહર શાલી-ડાંગર, પક્ષે સુવર્ણના કળશની શ્રેણિ.



રહેલા તાપસો તેના શત્રુરાજાઓનું [1]આતિથ્ય કરી પુણ્ય પ્રાપ્ત થવાથી પ્રસન્ન થઈને તે રાજાને નિરંતર આશીષ આપતા [2]હતા. **કપિલ** મુનિએ [3]ત્રિગુણાત્મક જ [4]પ્રકૃતિ અંગીકાર કરી છે, પરંતુ આ રાજાએ તો [5]અસંખ્ય ગુણના આશ્રયવાળી ઘણી [6]પ્રકૃતિઓ અંગીકાર કરી છે. આ રાજાની કીર્તિ અને પ્રતાપવડે આખું જગત પ્રકાશિત થયેલ છતાં આકાશમાં જે ચંદ્ર અને સૂર્ય ઉદય પામે છે તે તો માત્ર જ્યોતિષશાસ્ત્રના જ્ઞાનને માટે જ જણાય છે.

**રાણી.** તે રાજાને સૌભાગ્યવડે શોભતી, ઉત્તમ ગુણસંપત્તિવાળી અને મનને પ્રીતિ કરનારી **કીર્તિસુંદરી** આદિક ઘણી પ્રિયાઓ હતી.

**મંત્રી.** તે રાજાને **મતિસાગર** નામે મંત્રી હતો. તે રાજ્યતંત્ર જાણનારાઓમાં અગ્રેસર, શ્રેષ્ઠ ચતુરાઈનું મંદિર અને સર્વ શાસ્ત્રમાં નિપુણ હતો. તેના અંગનું સૌંદર્ય જોઈને પોતાનું અંગ ધારણ કરી રાખવા નહીં ઇચ્છતો કામદેવ મહાદેવના નેત્રના અગ્નિમાં તેનો હોમ કરવાના મિષથી શરીરનો ત્યાગ કરી અનંગ થયો હોય એમ જણાય છે. તેણે વિદ્યાની સુંદરતાથી–નિપુણતાથી બૃહસ્પતિને જીતીને લઘુ કર્યો હતો. તેથી તે જીવ માત્ર જ (માત્ર જીવરૂપેજ) રહ્યો છે, અને તેથી કરીને જ તેનું **જીવ** એવું નામ કહેવાય છે.[7] તે મંત્રી ક્ષમાવાન, દાતાર, ગુણગ્રાહી, શક્તિમાન, રાજા ઉપર ભક્તિમાન, વ્યવહારનો જ્ઞાતા, સામાદિક[8] ઉપાયને જાણનાર, વિનયવાન અને ન્યાયવાન હતો. રાજા પોતાના રાજ્યવ્યાપારનો સર્વ ભાર તે મંત્રી ઉપર નાંખી પોતે નિર્ભય અને નિશ્ચિંત થઈ નિરંતર ભોગ ભોગવવામાં આસક્ત રહેતો હતો. કામદેવને રતિ અને પ્રીતિની જેમ તે મંત્રીને બે પ્રિયાઓ હતી. તેમાં પહેલી **પ્રીતિસુંદરી** નામની અને બીજી **ગુણસુંદરી** નામની હતી. દેવાંગનાઓના રૂપનું સર્વસ્વ–તેજ ખુંચવી લઈને વિધાતાએ આ બે સ્ત્રીઓને રચી હતી, તે દુઃખથી દેવોની નિદ્રા ઉડી ગઈ, તેથી તેઓ 'અસ્વપ્ન' એવે નામે ઓળખાવા લાગ્યા. પરંતુ વિધાતાએ તો પોતાની વૃદ્ધાવસ્થાને લીધે પ્રાપ્ત થતા વિકળતાના પ્રવાદને (દોષને) દૂર

૧ અતિથિસત્કાર. ૨ આ રાજાના ભયથી તેના શત્રુરાજાઓ નિરંતર વનમાં રહેતા હતા, તેમનું વનવાસી તાપસો આગત સ્વાગત અને ખાનપાન વિગેરેથી આતિથ્ય કરતા હતા, તેથી તાપસોને દાનપુણ્ય ઉપાર્જન થતું હતું. ૩ સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ સ્વરૂપવાળી. ૪ સંસારનું કારણ માયા કહેવાય છે તે. ૫ શૌર્ય, ઔદાર્ય વિગેરે. ૬ સ્વભાવ.

૭ બૃહસ્પતિનું બીજું નામ 'જીવ' છે. ૮ સામ, દામ, ભેદ ને દંડ–એ ચાર નીતિ.



કરવાની ઇચ્છાથી આ બે સ્ત્રીઓને રચી પોતાના વિજ્ઞાનની શક્તિ જ દેખાડી હતી. તે બે સ્ત્રીઓ પોતાના સૌભાગ્યથી કેવળ પતિના જ ચિત્તને હરણ કરતી હતી એટલું જ નહીં, પરંતુ દેવાંગનાઓના અંગની સુંદરતાના ગર્વને પણ હરણ કરતી હતી. જેમ દેદીપ્યમાન માણિક્ય રત્નો સુવર્ણના અલંકારને શ્લાઘ્ય કરે છે (શોભાવે છે) તેમ તે બન્નેના દાન-શીલાદિક ગુણો તેમના રૂપને શોભાવતા હતા.

**પુરોહિત.**

તે રાજાને કૃપાના સ્થાનરૂપ **વસુસાર** નામનો પુરોહિત હતો. તે નિમિત્તાદિકના બળથી કાંઇક ભૂત-ભવિષ્યાદિકની હકીકત જાણતો હતો. રાજા, મંત્રી વિગેરે સર્વે સદ્‌ગુણોને લીધે ધર્મને લાયક હતા, તોપણ પ્રથમ બોધિ (સમકિત)ની સામગ્રી નહીં મળવાથી તેઓ મિથ્યાદૃષ્ટિ હતા. પરંતુ તે પુરોહિત તો ગુણરહિત હતો, તેથી કૌલમતને[1] અનુસરનારો હતો. આ રીતે રાજા, મંત્રી અને પુરોહિતનો કેટલોક કાળ ભોગ ભોગવતાં સુખમય વ્યતિત થયો.

**મુનિનું આગમન.**

એકદા તે મંત્રીને ઘેર ત્રણ જ્ઞાનવડે શોભતા, ગોચરીની ચર્યામાં ભ્રમણ કરતા, સૌભાગ્યવાળા, નવ યૌવનવાળા, તપવડે દેદીપ્યમાન અને જાણે કે શરીરધારી પુણ્યનો રાશિ હોય એવા કોઈ રાજર્ષિ માસક્ષપણને પારણે ભિક્ષા માટે પધાર્યા. સુરૂપ અને શુભ લક્ષણવાળા તે મુનિને જોઈ સમયે અતિથિની પ્રાપ્તિ ભાગ્યથી થાય છે એમ જાણી મંત્રી આનંદ પામ્યો. તે વિષે લોકોમાં કહેવાય છે કે—"વિદ્વાન કે મૂર્ખ, મિત્ર કે શત્રુ કોઇપણ મધ્યાન્હ સમયે પ્રાપ્ત થાય તો તે વૈશ્વદેવ[2] સમાન કહેવાય છે." પછી મંત્રીએ મુનિને દાન આપવા માટે પોતાની પહેલી પ્રિયાને આજ્ઞા કરી; કારણકે તે મંત્રીને દાન દેવું અતિપ્રિય હતું, તેમાં પણ અતિથિને દાન દેવામાં તો તે ખુશી હતો. તે મંત્રીની પ્રિયા પણ દાન દેવામાં પ્રીતિવાળી હોવાથી હર્ષ પામી અને તે મહર્ષિને નિમંત્રણ કરવાપૂર્વક મોટા વાસણમાંથી પરમાન્ન (ક્ષીર) કાઢી તેમને આપવા આવી. તે વખતે ક્રીડાએ કરીને ચાલતી તે સ્ત્રીના હાથમાં રહેલ પરમાન્નના કાંઇક કાંઇક છાંટા નીચે પડતા જોઈ મુનિએ તેણીને કહ્યું કે—"હે બહેન! આ પરમાન્ન મુનિને લેવું શુદ્ધ નથી-લેવા યોગ્ય નથી." ત્યારે તે પાત્ર નીચે મૂકી ભાત આપવા માટે અગ્નિ પર રહેલા ભાતના પાત્રને લઈ જેટલામાં તે મુનિ પાસે આવી

૧ નાસ્તિક મત-હિંસક મત.

૨ બ્રાહ્મણોને મધ્યાહ્ન સમયે વૈશ્વદેવ નામની ધર્મક્રિયા પ્રાપ્ત થાય છે, તેમાં કાક, શ્વાન વિગેરેને બળિદાન અપાય છે, તથા અતિથિને ભોજન અપાય છે, ત્યારપછી પોતાનાથી ભોજન કરાય છે.



તેટલામાં મુનિએ કહ્યું કે—" આ પણ શુદ્ધ નથી," ત્યારે તે અચિત્તથી ઢાંકેલી દાળ આપવા લાગી, ત્યારે મુનિએ " તે પણ શુદ્ધ નથી." એમ કહી તેનો નિષેધ કર્યો.

ત્યારપછી તે અનુક્રમે ધાન્યના પાત્રપર રહેલું ઘી, ધાન્યના કણ મિશ્રિત સાકર અને પછી બે દિવસ ઉપરાંતનું દહીં આપવા લાગી, તે સર્વનો પણ મુનિએ તેવી જ વાણીવડે નિષેધ કર્યો. ત્યાપછી ગયે દિવસે કરેલા મોદકને તે લાવીને આપવા લાગી, ત્યારે 'આ પણ શુદ્ધ નથી.' એમ હેતુ સહિત સાધુએ કહ્યું[1] (૮૯) ત્યારે મંત્રીએ અને તેની બન્ને ભાર્યાઓએ ત્રણેએ મળીને તે મુનિનો આશય નહીં જાણવાથી ભક્તિવડે ઘણો આગ્રહ કર્યો, તો પણ મુનિએ કાંઈ પણ લીધું નહીં, તે જોઈ ખેદ પામેલા મંત્રીએ આ અમંગળ થયું ધારી રોષથી તે મહામુનિને કહ્યું કે—" જો આ અમૃત જેવા આહાર પણ તમારે શુદ્ધ નથી, તો શું તમારે વિષ શુદ્ધ છે? કે શું તમારાં નેત્રો જ ગયાં છે?" પછી પહેલી સ્ત્રી પણ ક્રોધથી બોલી કે—" આ જૈન મુનિઓ દાક્ષિણ્યતા રહિત જ હોય છે. દાક્ષિણ્ય તો શુદ્ધ વંશને વિષે જ હોય છે, તેવો શુદ્ધ વંશ તો આ સાધુઓનો જણાતો જ નથી." બીજી સ્ત્રી પણ બોલી કે—" પ્રગટ પ્રકાશ છતાં પણ 'શુદ્ધ નથી' એમ બોલતા આ સાધુ અંધ જણાય છે, તો એને (મુનિને) ભિલ્લને જ સોંપી ઘો. આ નગરમાં બીજા ઘણા સુપાત્રો છે, તેમને આપણે દાન દઈશું અને મંગળ કરશું. (૯૫) કારણ કે ગમે તેને દાન આપવાથી તે નિષ્ફળ થતું નથી. દાન આપવાથી મંગળ જ થાય છે, અને પાત્રને આપવાથી પુષ્કળ પુણ્ય થાય છે." આવાં દુર્વચનોવડે તે ત્રણેએ દૃઢ દુષ્કર્મ બાંધ્યું, અને મુનિ તો તોષ કે રોષ પામ્યા સિવાય તેના ઘરમાંથી મૌનપણે જ નીકળી ગયા.

**શ્રાવકનો સમાગમ.**

ત્યારપછી તે મંત્રીને ઘેર તેનો મિત્ર **ધર્મરૂચિ** નામનો શ્રાવક કાંઈ ખાસ કાર્યને માટે આવ્યો, તેને જોઈ તે મંત્રી હર્ષ પામ્યો. તે મિત્રને આસનપર બેસાડી યોગ્ય વાતચિત્તવડે પ્રસન્ન કરી મંત્રીને કહ્યું કે—" હે ભાઈ! આજ–હમણાં મારે ઘેર કોઈ ભિક્ષુ (મુનિ) ભિક્ષા માટે આવ્યા હતા. તે **જૈનમુનિ**–અતિથિને મારી પ્રિયા, પ્રિય વચનવડે નિમંત્રણ કરી દાન દેવા લાગી. તે વખતે પરમાન્ન વિગેરે ઘણી જાતનાં ભોજન આગ્રહ સહિત આપવા માંડ્યા છતાં તેણે કાંઈ પણ ગ્રહણ કર્યું નહીં. હે મિત્ર! આજે મારે ઘેર સૌથી પ્રથમ દાનપાત્ર રૂપ તેજ આવ્યા હતા, તે તમારા ગુરુ મને અમંગળ કરી હમણાં

૧ બીજા બધાની અશુદ્ધતાનું કારણ તો સમજાય છે. આનું કારણ આગળ ૨૫૪ થશે.

જ અહીંથી ચાલ્યા ગયા. તો દાક્ષિણ્યતા રહિત તે સાધુ કોણ હતા? તેને હે મિત્ર તમે ઓળખો છો?" ત્યારે શ્રાવકે કહ્યું કે—"હે મંત્રી! તે સાધુ મને હમણાં જ અહીં સામા મળ્યા, તેને મેં ભક્તિથી પ્રણામ કર્યા, તેને હું સારી રીતે જાણું છું. હે બુદ્ધિમાન મંત્રી! તે મુનિનું આશ્ચર્યકારક ચરિત્ર છે, તે તમે સાંભળો—

**મુનિનું ચરિત્ર.**

સિંધુદેશમાં **સૌવીર** નામનું નગર છે. તેમાં મોટી સમૃદ્ધિવડે ઇંદ્ર જેવો **અતિબળ** નામે મોટો રાજા હતો. આ રાજાની જેવો બીજો કોઈપણ રાજા તેની સરખો (મિત્ર) કે પ્રતિપક્ષી (શત્રુ) નહોતો. કેમકે સૂર્યની જેવો બીજો કોઈ પણ ગ્રહ-મહાગ્રહ તરીકે કે તેથી અન્ય એટલે પ્રતિપક્ષી તરીકે હોતો જ નથી.

એકદા પોતાની સભામાં બેઠેલો તે અતિબળ રાજા પરદેશથી આવેલા નટોએ કરાતું નાટક જોવા લાગ્યો. તેમાં **સગર** ચક્રીનો વેષ ભજવતાં તે ચક્રીનું તેવા પ્રકારનું પુત્ર-વિયોગનું દુઃખ જોઈ 'સંસાર જ દુઃખમય છે' એમ વિચારી [1]આસન્નસિદ્ધિક તે રાજા પ્રતિબોધ પામ્યો. તેથી સાહસિક પુરૂષોમાં અગ્રેસર અને અદ્ભૂત કાર્ય કરનારા તે રાજાએ પોતાના બાળપુત્રને રાજ્યપર સ્થાપન કરી **ધર્માકર** ગુરુની પાસે દીક્ષા અંગીકાર કરી. તે રાજર્ષિ ગ્રહણા અને આસેવના એ બે પ્રકારની શિક્ષાનો અભ્યાસ કરતા, ઘણું શ્રુત ભણતા અને જગતને આશ્ચર્ય ઉત્પન્ન થાય તેવો વૈરાગ્ય ધારણ કરતા સતા બાહ્ય અને અભ્યંતર એવા બે પ્રકારનો તપ કરવા લાગ્યા. અનુક્રમે મહાતપના પ્રભાવથી પ્રમાદ રહિતપણે તેણે વિવિધ પ્રકારની લબ્ધિઓ પ્રાપ્ત કરી. "તેવા તપસ્વીઓને શું દુર્લભ હોય?"

એકદા ગુરૂ મહારાજ તેનું તેવા પ્રકારનું ધ્યાન અને શ્રુત વિગેરે જોઈ તેની યોગ્યતા જાણી દુઃખે કરીને સાધી શકાય તેવા એકાકિપણાના વિહાર માટે આજ્ઞા આપી. એકદા પરીષહ અને ઉપસર્ગાદિક મૃગલાઓથી નિર્ભય તે વીર રાજર્ષિ સિંહની જેમ વિચરતા **ગજપુર** નામના નગરમાં ગયા. ત્યાં બહારના ઉદ્યાનમાં દેવોથી પૂજિત અને વિવિધ પ્રકારના અતિશયોવડે સર્વ પ્રાણીઓને સુખ આપનાર તે રાજર્ષિ તપ અને ધ્યાનમાં તત્પર થઈને રહ્યા. તે નગરમાં **ભીમ** નામે રાજા છે. તે શત્રુને વિષે યમરાજ જેવો ભીમ-ભયંકર, રાજાના સર્વ ગુણોનો આધાર અને સર્વ ધર્મોને વિષે સમદૃષ્ટિવાળો છે. તેને **મતિસાર** નામનો મંત્રી છે. તે પવિત્ર બુદ્ધિનો નિધાન, રાજ્યનો ભાર વહન કરવામાં ધુર્ય અને જાણે રાજાની બીજી મૂર્તિ જ હોય તેમ રાજાનો વિશ્વાસપાત્ર છે. તે

૧ જેની સિધ્ધિ નજીક છે એવો.

નગરમાં પહેલાં કોઈ અલ્પઅપરાધી ચોરને રાજાએ મરાવી નાંખ્યો હતો, તે અકામ-નિર્જરાના સંબંધથી વ્યંતરપણું પામ્યો હતો. તે વિભંગજ્ઞાનથી પોતાનો પૂર્વભવ જાણી રાજા ઉપર કોપ પામ્યો. પરંતુ તેનાપર તેની શક્તિ નહીં ચાલવાથી તે વ્યંતરે હાથીઓમાં મરકી ઉત્પન્ન કરી. તે જાણી ખેદ પામેલા રાજાએ તેની શાંતિને માટે હસ્તીના વૈદ્યો પાસે ઘણા ઉપાયો કરાવ્યા, પરંતુ શાંતિ થઈ નહીં. ત્યારે રાજાએ તેનો ઉપાય જાણવા માટે ચતુરાઈમાં નિપુણ એવા મંત્રીને આદેશ કર્યો. એટલે તે મંત્રી પણ તે વિષે ચિંતાતુર થયો.

એકદા તે મંત્રી નગરબહાર ઉદ્યાનમાં ગયો. ત્યાં ગીત અને વાજીંત્રનો ધ્વનિ સાંભળી વિસ્મય પામી મુનિની પાસે ગયો. ત્યાં તેણે દેવીઓનું નૃત્ય થતું જોયું. આથી તે મુનિને મહાપ્રભાવવાળા જાણી તેને વંદન કરી અવસરે તેના પાદસ્પર્શથી પવિત્ર થયેલી ધૂળ લઈ મંત્રી પોતાને ઘેર ગયો. પછી તે ધૂળવડે સર્વે હાથીઓના મસ્તકપર (કપાળમાં) તેણે તિલક કર્યા. તેથી તત્કાળ તે સર્વે રોગ રહિત થઈ ગયા, અને વિશેષે કરીને સજ્જ થયા. તે વૃત્તાંત મંત્રીએ શીઘ્રપણે રાજાને કહ્યો. તે સાંભળી હર્ષ અને વિસ્મય એ બન્નેને ધારણ કરતા રાજાએ તે મુનિની સ્તવના કરી. પછી રાજા અને મંત્રીએ નગરમાં મહોત્સવ કરાવી પરિવાર સહિત ઉદ્યાનમાં જઈ મુનિને નમસ્કાર કર્યા. તે વખતે તે મુનિએ ધ્યાન પારી ધર્મલાભરૂપ આશિષવડે તેમને પ્રસન્ન કર્યા, પછી તે સર્વે હર્ષથી યથાયોગ્ય સ્થાને બેઠા. ત્યારપછી તેઓનો અનુગ્રહ કરવાની ઇચ્છાથી મુનિએ તેમની પાસે સાધુઓનો અને શ્રાવકનો એમ બંને પ્રકારનો ધર્મ વિસ્તારથી કહ્યો. તે સાંભળી મુનિનો પ્રભાવ જોવાથી જ જેમને ધર્મને વિષે પ્રતીતિ ઉત્પન્ન થઈ હતી એવા તે રાજા અને મંત્રીએ પ્રતિબોધ પામી શ્રાવકધર્મ અંગીકાર કર્યો. પછી રાજા, મંત્રી અને બીજા સર્વજનો પોતપોતાની શક્તિ અને રૂચિ પ્રમાણે ધર્મ અંગીકાર કરી તે મુનિને નમસ્કાર કરી તેમની સ્તુતિ કરતા પોતપોતાને સ્થાનકે ગયા.

એકદા સર્વત્ર પ્રતિબંધ રહિત એવા તે મુનિ વિહારના ક્રમથી **વીરપુર** નામના નગરમાં ગયા. તે વખતે ત્યાં મનુષ્યોમાં મરકી ચાલતી હતી. તે મરકીથી પીડા પામતી પ્રજાને જોઈ ત્યાંના **બળસાર** નામના રાજાએ અનેક વિદ્વાનોએ કહેલા તેની શાંતિના અનેક ઉપાયો કર્યા, તો પણ તે મરકી ગઈ નહીં. તેવામાં એકાદ ભીમ રાજાનો દૂત તે જ નગરમાં આવ્યો, તેણે ઉદ્યાનમાં રહેલા તે મુનિને જોઈ તેમને ઓળખી હર્ષથી પ્રણામ કર્યા. પછી તે દૂત રાજસભામાં જઈ રાજાને નમસ્કાર કરી ભૂમિપર બેઠો, અને



રાજાના પૂછવાથી તેણે તેને પોતાના સ્વામીએ કહેલું કાર્ય નિવેદન કર્યું. વાતના પ્રસંગમાં તે દૂતે પોતાના નગરમાં થયેલી હાથીની મરકીની શાંતિ, મુનિનો તેવો પ્રભાવ અને આ નગરમાં તે જ મુનિનું આગમન વિગેરે વૃત્તાંત રાજા પાસે કહ્યું. તે સાંભળી વિસ્મય અને આનંદથી પુષ્ટ થયેલા રાજાએ તે દૂતને યોગ્ય જવાબ આપી તથા તેનો સત્કાર કરી વિદાય કર્યો. પછી રાજાએ તે મુનિનું સર્વ માહાત્મ્ય પ્રસિદ્ધ કરી તેના પાદસ્પર્શની રજ વડે સર્વ લોકો પાસે પોતપોતાના મસ્તકપર તિલક કરાવ્યાં. સર્વ જનોએ તે પ્રમાણે કર્યું, કે તરત જ સમગ્ર મરકી શાંત થઈ ગઈ. **"વિશુદ્ધ તપનો મહિમા કોઈ અચિંત્ય જ છે."** મુનિઓ ક્રોધ પામે તો તપના પ્રભાવથી ચક્રવર્તીના સૈન્યને પણ ભસ્મસાત્ કરી શકે છે, અને તેના જેટલી સમૃદ્ધિ પણ દેખાડી શકે છે. ત્યારપછી તે રાજા વિગેરે સર્વ લોકોએ ઉદ્યાનમાં જઈ મુનિને નમી તેમની સ્તુતિ કરી અને તેણે કહેલા શ્રાવકધર્મને શક્તિ પ્રમાણે અંગીકાર કર્યો.

એકદા જેનો આત્મા પ્રતિબંધ રહિત છે એવા તે મહામુનિ **ક્ષેમાપુરી** નગરીએ ગયા. ત્યાં માસક્ષપણના પારણા માટે તેમણે નગરીમાં પ્રવેશ કર્યો. ગોચરીને માટે ફરતા ફરતા તે મુનિ પુરોહિતના ઘર પાસેથી નીકળ્યા, તે વખતે ગોખમાં બેઠેલા પુરોહિતના પુત્રે તે મુનિને જોયા. તે મિથ્યાદષ્ટિઓનો અગ્રેસર અને જૈનધર્મનો દ્વેષી હતો, તેથી ધન અને યુવાવસ્થાથી મત્ત થયેલા તેણે ક્રોધથી મુનિના મસ્તકપર જોડાનો ઘા કર્યો, તોપણ મેરૂપર્વતની જેવી ધીરતાવાળા તે મહાત્મા જરા પણ ક્રોધ પામ્યા નહીં, તેનાપર પણ કૃપાને જ ધારણ કરતા તે મૌનપણે જ આગળ ચાલ્યા ગયા. પરંતુ તેના તપ પ્રભાવથી આકર્ષિત થયેલી શાસનદેવીએ ક્રોધથી તત્કાળ જ અદૃશ્ય રહીને પણ તે પુરોહિતપુત્રના બન્ને હાથ કાપી નાંખ્યા. તેથી તેની તીવ્ર વ્યથાથી આક્રંદ કરતા તેણે દિશાઓને પણ આક્રંદવાળી કરી દીધી, તે સાંભળી ભયભ્રાંત થયેલા તેના માતાપિતાદિક તત્કાળતેની પાસે આવ્યા. તેણે પશ્ચાત્તાપ સહિત પોતાનો સર્વ વૃત્તાંત જેવો હતો તેવો કહ્યો. તે સાંભળીને તેઓ પણ ખેદ પામી ક્રોધથી પોતાના પુત્રને બહુ પ્રકારે ધિક્કારવા લાગ્યા. છેવટ આ અનર્થની શાંતિ માટે કોઈપણ ઉપાય ન મળવાથી શીઘ્રપણે તે મુનિની પાસે આવી તેને નમસ્કાર કરી તેઓ હાથ જોડી બોલ્યા કે—

"હે જગત્પૂજ્ય ભગવાન મુનીશ્વર ! આપ મહા પ્રભાવવાળા છો, અને તેજોમય છો, છતાં પણ સૂર્યને ઘુવડની જેમ આપને અજ્ઞાની જનો ઓળખી શકતા નથી. તેથી બાળક, મૂઢ અને અજ્ઞાનવડે અંધ ચિત્તવાળા અમારા પુત્રે પૂજ્ય એવા આપનો પણ અપરાધ કર્યો છે, તેને હે કૃપાનિધિ ! આપ ક્ષમા કરો. મહાપુરૂષોનો ક્રોધ ચિરકાળ

સુધી રહેતો નથી, અને તેમાં પણ નમસ્કાર કરનાર ઉપર તો અવશ્ય ચિરકાળ સુધી રહેતો નથી, તેથી કરીને અમે આપને જ શરણે આવ્યા છીએ, માટે અમારા પર અનુકંપા કરો, અને કોઈપણ ઉપાયથી આ બાળકના હાથ સાજા કરો. કારણ કે આ બાબતમાં આપ જ સમર્થ છો. એવો પ્રભાવ બીજા કોઈનો નથી." આ પ્રમાણે સાંભળી મુનિ બોલ્યા કે—

"હે ભદ્રો ! મને ક્રોધ થયો નથી, થતો નથી અને થવાનો પણ નથી. પરંતુ આ બાળકને આવી શિક્ષા શાસનદેવીએ કરી છે." આ પ્રમાણે મુનિ કહેતા હતા તે જ વખતે શાસનદેવી આકાશમાં પ્રગટ થઈને બોલી કે—"જગત્પૂજ્યની હીલના કરનાર આ પાપી બાળકને હું સાજો નહીં કરૂં." આવું દેવીનું વચન સાંભળી તેઓએ તે દેવીને પૂજા અને સ્તુતિ વિગેરે વડે સંતુષ્ટ કરી, ત્યારે તે બોલી કે-"જો આ બાળક આ મુનિની પાસે દીક્ષા ગ્રહણ કરે તો હું તેને સજ્જ કરૂં." તે સાંભળી તેઓએ બીજો કોઈ પણ ઉપાય નહીં મળવાથી તે પણ અંગીકાર કર્યું. ત્યારે તે અચિંત્ય શક્તિવાળી દેવીએ તેના હાથ સાજા કર્યા. તે વખતે સર્વે જનો હર્ષ પામ્યા, મુનિના મસ્તક પર પુષ્પવૃષ્ટિ થઈ અને અત્યંત પશ્ચાત્તાપ કરતો તે બાળક પણ તે મુનિને ખમાવવા લાગ્યો.

પછી મુનિએ તે બાળકને પ્રતિબોધ કર્યો, ત્યારે તેણે પિત્રાદિકની અનુમતિથી મુનિ પાસે તત્કાળ દીક્ષા ગ્રહણ કરી. પછી મુનિએ ગ્રહણા અને આસેવના એ બે પ્રકારની શિક્ષા શીખવવા માટે તેને બીજા સ્થવિર મુનિઓને સોંપ્યો. તે મહામુનિને તથા નવા મુનિને નમસ્કાર કરી તેમની પ્રશંસા કરતા સર્વે જનો પોતપોતાને ઘેર ગયા, અને રાજાદિક ઘણા લોકોએ આશ્ચર્ય પામી જૈનધર્મ અંગીકાર કર્યો. પછી મુનિએ પણ પારણું કર્યું.

એકદા તે મહામુનિ પૃથ્વીપર વિહાર કરતા અનુક્રમે આ રતિવર્ધન નગરમાં આવ્યા, અને અહીં ઉદ્યાનમાં પ્રતિમા ધારણ કરી નિશ્ચય બુદ્ધિવાળા તે સ્થિર રહ્યા, તેવામાં ધ્યાન અને તપના યોગથી તેમને હાલ અવધિજ્ઞાન પ્રાપ્ત થયું છે. હે મંત્રીશ્વર ! તે જ આ મહામુનિ એક માસના ઉપવાસ કરી શુદ્ધ આહારની ગવેષણા કરતા તમારા મોટા ભાગ્યે તમારે ઘેર આવ્યા હતા. આ મુનિ સાક્ષાત્ કલ્પવૃક્ષરૂપ છે અને મોટા મહિમાના સમુદ્ર છે, કારણ કે તેના ગુણથી પ્રસન્ન થયેલા દેવતાઓ તેમનું સાંનિધ્ય કરે છે. તે મુનિ સર્વત્ર સમદષ્ટિવાળા હોવાથી કોઈના ઉપર રોષ કે તોષ કરતાજ નથી, તોપણ તેમની પૂજા અને નિંદા જ મનુષ્યોને આ ભવમાં અને પરભવમાં શુભાશુભ ફળ આપે છે."

આ પ્રમાણે શ્રાવક મિત્રના મુખથી તે મુનિનું ચરિત્ર સાંભળીને મંત્રી પશ્ચાત્તાપ અને ભયથી વિહ્વળ થયો, તેની પ્રિયાઓને પણ તેવી જ વિહ્વળ જોઇ વિસ્મય પામેલો તે મંત્રી બોલ્યો કે—" હા ! હા ! હે મિત્ર ! અજ્ઞાનવડે અંધ ચિત્તવાળા મેં અને મારી પ્રિયાઓએ ક્રોધથી આક્રોશનાં વચનવડે તે મુનીશ્વરની વિરાધના કરી છે. અમે અભ્યાસ નહીં હોવાને લીધે જૈન સાધુઓના આચારાદિકને જાણતા નથી, તેમાં પણ આવા મહાત્મા મુનિના આચારને તો વિશેષે કરીને જાણતા નથી. તેથી હમણાં તેમના શાપનો અમને ભય લાગે છે. તે સાંભળી ધર્મરૂચિ શ્રાવકે કહ્યું કે—

" તે કૃપાળુ મુનિ કોઈને પણ શાપ આપતા જ નથી, અને તેમની સેવા કરનારા દેવોએ પણ તમે ભાગ્યવાન હોવાથી તમને શાપ આપ્યો નથી. પરંતુ તે મુનિની હીલના આ લોક અને પરલોકમાં દુઃખદાયક થાય છે, તેથી પાપ અને અમંગળની શાંતિ કરવા માટે તેમની પાસે જઈને તેમને ખમાવો તો સારૂં." તે સાંભળી મંત્રીએ કહ્યું કે— " હે મિત્ર ! તમારૂં કહેલું સર્વ અમે કરશું. અમે ખીર વગેરે વસ્તુ આપતા છતાં તે મુનિએ કેમ કાંઈ પણ ગ્રહણ ન કર્યું ? " શ્રાવકે કહ્યું—" તમે તે તે વસ્તુ કેવી રીતે આપતા હતા; તે મને હમણાં બરાબર બતાવો." તે સાંભળી તેમણે પ્રથમની હકીકત બધી કહી બતાવી. ત્યારે ખીરના છાંટા પૃથ્વીપર પડ્યા હતા, તેની ઉપર ઘણી કીડીઓ આવી હતી તે સર્વ જતા આવતા માણસોના પગથી મર્દન થતી જોઇ તે શ્રાવકે તેમને દેખાડીને કહ્યું કે—" હિંસાદિક અનર્થને કરનારા છાંટા જ તે ખીર નહીં લેવામાં કારણભૂત છે, અને ભાત વિગેરે ન લીધું તેમાં સચિત્ત ઉપરથી કે સચિત્તની નીચેથી લેવાથી તેની વિરાધનાનું કારણ છે. પછી દહીં ન લેવાનું કારણ સમજાવવા માટે અદતાનું પોતું ઢાંકીને દહીંનું પાત્ર તડકામાં મૂક્યું, એટલે દહીંમાંથી તેના પર આવેલા દહીંની જેવા જ વર્ણવાળા શ્વેત કુંથુવા બતાવ્યા કે જે તે દહીં ન લેવાના કારણરૂપ હતા, છેવટે તેઓએ મોદક દેખાડ્યા, તે બેંતાલીશ દોષથી રહિત હતા, તે જોઈ શ્રાવકે કહ્યું કે— " આને નહીં ગ્રહણ કરવાનું કારણ હું જાણતો નથી, તેથી મુનિને જ પૂછશું."

આ પ્રમાણે સર્વ જોઈ તથા સાંભળીને વિસ્મય પામેલા મંત્રીએ વિચાર્યું કે— " અહો ! અરિહંતના ધર્મની સૂક્ષ્મતા ઘણી જ આશ્ચર્યકારક છે, અને મુનિની નિસ્પૃહતા પણ અતિ આશ્ચર્યકારક છે. મેં વિચિત્ર પ્રકારના-જૂદા જૂદા પાત્રોને અનેક પ્રકારે દાનો આપ્યાં છે અને અનેક શાસ્ત્રોનો અભ્યાસ પણ કર્યો છે; છતાં આવું કોઈ ઠેકાણે જોયું નથી."

પછી શ્રાવકે કહ્યું કે—" ચાલો આપણે તે મુનિને નમવા જઇએ અને કૃતાર્થપણું ધારણ કરીએ." મંત્રીએ કહ્યું—" અમે તેનો અપરાધ કર્યો છે, તેથી તેને શી રીતે

મોઢું દેખાડી શકીએ ?" શ્રાવકે કહ્યું—"તે મુનિ કોઇના દોષને જોનારા જ નથી, તેથી તેમની પાસે આવવામાં લજ્જા શા માટે રાખો છો ?"

પછી તે સર્વેએ ઉદ્યાનમાં જઈ તે મુનિને ભક્તિથી વંદના કરી. મુનિએ તેમને ધર્મલાભ રૂપ આશીષ આપી. પછી મંત્રીએ બે હાથ જોડી નમ્રતાથી કહ્યું કે—"હે પૂજ્ય ! અમે અજ્ઞાનને લીધે આપનો જે અપરાધ કર્યો છે, તે આપ ક્ષમા કરો. મુનિઓ ક્રોધ પામ્યા હોય તો તે પોતાના તેજવડે કરોડો મનુષ્યોને બાળી શકે છે, પરંતુ અમે તો મૂઢ અને દીન છીએ, તેથી હે કૃપાનિધિ ! અમારા પર કૃપા કરો."

પછી તે મંત્રીની બન્ને પ્રિયાઓ પણ અત્યંત પશ્ચાત્તાપ અને ભયથી આકુળવ્યાકુળ થઇ પોતાના આત્માની નિંદા કરતી તે મુનિને ભક્તિથી વંદના કરી ખમાવવા લાગી. મુનિ બોલ્યા કે "મારા મનમાં કાંઇ પણ કોપ નથી તેથી, તમને મારાથી જરા પણ ભય નથી, પરંતુ તમે દૃષ્ટિનું અને શુદ્ધિનું તાત્ત્વિક-સત્ય સ્વરૂપ જાણતા નથી, (તેનાથી તમારે ભય રાખવાનો છે.)" મંત્રીએ કહ્યું—"તે સ્વરૂપ આપ અમને કૃપા કરીને સમજાવો." ત્યારે મુનિ બોલ્યા કે—

"બાહ્ય અને આભ્યંતર એમ દૃષ્ટિ બે પ્રકારની છે. તેમાં સ્થૂળ અને સમિપે રહેલા પદાર્થોને પ્રકાશ કરનારા આ ચર્મમય બે નેત્રો છે તે બાહ્ય દૃષ્ટિ છે તથા જ્ઞાન અને દર્શન એ બે આભ્યંતર દૃષ્ટિ છે, તે સર્વ-સૂક્ષ્મ અને દૂર રહેલા પદાર્થોને પણ જોનારી છે. એ જ રીતે શુદ્ધિ પણ બે પ્રકારની છે. બાહ્ય અને આભ્યંતર. તેમાં બહારથી પદાર્થોની જે ચોખ્ખાઈ તે બાહ્યશુદ્ધિ કહેવાય છે, અને દાન દેવા યોગ્ય પદાર્થોનું બેંતાળીશ દોષોથી રહિતપણું તે આભ્યંતર શુદ્ધિ છે. તેથી અમો બન્ને પ્રકારની દૃષ્ટિ વડે બન્ને પ્રકારની શુદ્ધિ જોઈએ છીએ. તે બેંતાળીસ દોષો આ પ્રમાણે છે.—

**आहाकम्मु १ देसिअ २, पूइकम्मे ३ अ मीसजाए अ ४। ठवणा ५ पाहुडिआए ६, दाओअर ७ कीय ८ पामिच्चे ९ ॥ १८६ ॥ परिअट्टिए १० अभिहड्ड ११-ब्भिन्ने १२ मालोहडे १३ अ अच्छिज्जे १४। अणिसिट्ठि १५ ज्झोयरए १६, सोलस पिंडुग्गमे दोसा ॥ १८७ ॥**

"આધાકર્મ દોષ—સાધુને નિમિત્તે તૈયાર કરે ૧, ઔદ્દેશિક દોષ—પ્રથમ તૈયાર કરેલા ભાત, લાડુ વિગેરે મુનિને ઉદ્દેશીને દહીં ગોળ વિગેરેથી મિશ્ર કરે તે ૨, પૂતિકર્મ દોષ—શુદ્ધ આહાર આધાકર્મી આહારમાં નાંખી મિશ્ર કરવો અથવા આધાકર્મી આહારથી



ખરડાયેલી કડછી વિગેરે વડે શુદ્ધ આહાર વહોરાવવો તે ૩, મિશ્રજાતિ દોષ—પોતાને માટે અને સાધુઓને માટે પ્રથમથી જ ઉદ્દેશીને આહારાદિક તૈયાર કરવો તે ૪, સ્થાપના દોષ—સાધુને માટે ખીર વગેરે જુદાં કરી પોતાના વાસણમાં રાખી મૂકવાં તે ૫, પ્રાભૃતિકા દોષ—વિવાહાદિક આવવાનો વિલંબ હોય છતાં સાધુને ગામમાં રહેલા જાણી તે લાભ લેવા માટે વહેલા કરવા અથવા વિવાહનો સમય નજીક આવતાં સાધુની રાહ જોવા માટે વિલંબે કરવા તે ૬, પાદુષ્કરણ દોષ—અંધકારમાં રહેલી વસ્તુ દીવા વિગેરે વડે અથવા ભીંત દૂર કરવા વડે પ્રકાશિત કરીને આપવી તે ૭, ક્રીતદોષ–સાધુને માટે વેચાતી લાવીને કોઇ વસ્તુ તેમને આપવી તે ૮, પ્રામિત્ય દોષ–સાધુને માટે ઉધારે લાવીને કોઇ વસ્તુ આપવી તે ૯, પરાવર્તિત દોષ–સાધુને માટે પોતાની વસ્તુ બીજાની વસ્તુ સાથે બદલાવી તે વસ્તુ સાધુને આપવી તે ૧૦, અભ્યાહૃત દોષ–મુનિ જ્યાં હોય ત્યાં–તે મકાને આહારાદિક સન્મુખ લાવી સાધુને આપે તે ૧૧, ઉદ્‌ભિન્ન દોષ–કુડલા વિગેરેમાંથી ઘી વિગેરે કાઢવા માટે તેના મુખ ઉપરથી માટી વિગેરે દૂર કરી અથવા કપાટ, તાળું વિગેરે ઉઘાડી તેમાંથી વસ્તુ કાઢીને આપવી તે ૧૨, માલાપહૃત દોષ–મેડી ભોંયરા કે શીંકા ઉપરથી ઉતારી સાધુને વહોરાવવું તે ૧૩, આચ્છિદ્ય દોષ–પોતે બળવાન હોઇ બીજાની વસ્તુ ઝુંટવીને સાધુને આપવી તે ૧૪, અનિસૃષ્ટ દોષ–જેના એકથી વધારે સ્વામી હોય તેવા આહારને તે સર્વમાંથી કોઇ એક જણ (પોતે) બીજાઓની રજા વિના સાધુને વહોરાવે તે ૧૫, તથા અધ્યવપૂર્વક દોષ–સાધુનું આગમન સાંભળી પોતાને માટે રંધાતા અન્નમાં બીજું વધારે નાંખી તે રસોઇમાં વધારો કરવો તે ૧૬, આ સોળ પિંડોદ્‌ગમના દોષો છે. તે દોષો દાતારથી ઉત્પન્ન થાય છે.”

હવે સાધુથી ઉત્પાદનાના સોળ દોષો કહે છે.—

**धाई १ दूई २ निमित्ते ३, आजीव ४ वणीम(व) गे ५ तिगिच्छा ६ य। कोहे ७ माणे ८ माया, ९ लोभे १० अ हवंति दश एए ॥ १८८ ॥ पुव्विंपच्छासंथव ११, विज्जा १२ मंते १३ अ चूण्ण १४ जोगे १५ अ। उप्पायणाई दोसा, सोलसमे मूलकम्मे १६ अ ॥ १८९ ॥**

“ બાળકને ધવરાવનાર, સ્નાન કરાવનાર, અલંકાર પહેરાવનાર, રમાડનાર અને ખોળામાં બેસાડનાર આ પાંચ ધાત્રી માતા કહેવાય છે, તે પાંચમાંથી કોઇ પણ કાર્ય સાધુ ભિક્ષાને માટે કરે તો તે ધાત્રીપિંડ નામનો દોષ કહેવાય છે ૧, દૂતીની જેમ સંદેશો લાવી અને લઇ જઇ ભિક્ષા ગ્રહણ કરે તે દૂતીપિંડ દોષ છે ૨, ભિક્ષાને માટે ભૂત,

ભવિષ્ય અને વર્તમાનકાળ સંબંધી લાભાલાભરૂપ નિમિત્ત કહીને ભિક્ષા ગ્રહણ કરવાથી નિમિત્તપિંડ દોષ લાગે છે ૩, ભિક્ષાને માટે જાતિ, કુળ, ગચ્છ, કર્મ, શિલ્પ વિગેરેની પ્રશંસા કરી ભિક્ષા લેવાથી સાધુને આજીવપિંડ દોષ લાગે છે ૪, કોઇપણ બ્રાહ્મણ શ્રમણ વિગેરેના ભક્તો પાસેથી આહાર લેવાની ઇચ્છાથી 'હું પણ તેનો ભક્ત છું' એમ કહી આહાર ગ્રહણ કરે તો તેથી વનીપકપિંડ દોષ લાગે છે ૫, વૈદ્યની જેમ ઔષધ આપી કે બતાવી આહાર ગ્રહણ કરવાથી ચિકિત્સાપિંડ દોષ લાગે છે ૬, વિદ્યા અને તપ વિગેરેનો પ્રભાવ બતાવી અથવા રાજાનું માન્યપણું બતાવી કે ક્રોધનું ફળ દેખાડી ભિક્ષા ગ્રહણ કરવાથી ક્રોધપિંડ દોષ લાગે છે ૭, પોતાની લબ્ધિની પ્રશંસાથી કે બીજાએ ઉત્સાહ આપવાથી કે કોઇએ અપમાન કરવાથી 'હું સારો આહાર લાવી આપું.' એમ અહંકાર કરી આહાર લાવે તે માનપિંડ દોષ કહેવાય છે ૮, વિવિધ પ્રકારના વેષ અને ભાષા વિગેરે બદલી આહાર લાવે તો માયાપિંડ દોષ છે ૯, અતિલોભથી આહાર માટે ફર્યા કરે તે લોભપિંડ દોષ છે ૧૦,

આ રીતે દશ દોષ લાગે છે. તથા પૂર્વ એટલે દાતારના માબાપનો અથવા પશ્ચા એટલે દાતારના સાસુસસરાનો સંસ્તવ એટલે પરિચય જણાવી એટલે ઓળખાણ કાઢી ભિક્ષા ગ્રહણ કરવાથી પૂર્વપશ્ચાત્સંસ્તવપિંડ નામનો દોષ લાગે છે ૧૧, વિદ્યાનો ઉપયોગ કરી ભિક્ષા લેવાથી વિદ્યાપિંડ દોષ લાગે છે ૧૨, મંત્રનો પ્રયોગ કરી ભિક્ષા લેવાથી મંત્રપિંડ દોષ લાગે છે ૧૩, નેત્રાંજન આદિ ચૂર્ણનો ઉપયોગ કરી ભિક્ષા લેવાથી ચૂર્ણપિંડ દોષ લાગે છે ૧૪, પાદલેપ આદિ યોગનો ઉપયોગ કરી ભિક્ષા ગ્રહણ કરવાથી યોગપિંડ દોષ લાગે ૧૫, તથા ગર્ભનું સ્તંભન, ધારણ, પાત, રક્ષાબંધન વિગેરે કર્મ કરી ભિક્ષા લેવાથી મૂળકર્મપિંડ દોષ લાગે છે ૧૬. આ સોળ ઉત્પાદનાના દોષો છે. આ દોષો સાધુથી ઉત્પન્ન થાય છે.

હવે ગૃહસ્થી અને સાધુ એ બન્નેથી ઉત્પન્ન થતા એષણાના દશ દોષો આ પ્રમાણે છે.—

**संकिअ १ मक्खिअ २ निक्खित्त ३, पिहिअ ४ साहरिअ ५ दायगु ६ मिस्से ७ । अपरिणय ८ लित्त ९ छड्डिअ १०, एसणदोसा दश हवंति ॥ १९० ॥**

" દાતાર અથવા સાધુને આહાર દેતાં અથવા લેતાં આધાકર્માદિક કોઇ પણ દોષની શંકા થાય તો તેને સંકિત દોષ લાગે છે ૧, પૃથ્વી આદિ સચિત્ત અથવા મધ આદિ

નિંદ્ય કે પોતે નિષેધ કરેલા અચિત્ત પદાર્થથી મિશ્રિત થયેલો પિંડ દેતાં અથવા ગ્રહણ કરતાં ગ્રક્ષિત દોષ લાગે છે ૨, પૃથ્વીકાય આદિ છકાય ઉપર સ્થાપન કરેલો અચિત્ત પિંડ પણ દેતાં અથવા લેતાં નિક્ષિપ્ત દોષ લાગે છે ૩, ફળ આદિ સચિત્ત વસ્તુથી ઢંકાયેલી વસ્તુ દેતાં અથવા લેતાં પિહિત દોષ લાગે છે ૪, દેવાના પાત્રમાં રહેલી કાંઇક બીજી વસ્તુને સચિત્ત પૃથ્વી આદિ ઉપર મૂકી તે પાત્રા વડે દેતાં અથવા લેતાં સંહૃત દોષ લાગે છે ૫, બાળ, વૃદ્ધ, નપુંસક, ધ્રુજતો, અંધ, મદોન્મત્ત, હાથપગ વિનાનો, બેડીમાં નાંખેલો, પાદુકા ઉપર ચડેલો, ખાંસીવાળો, ખાંડનાર, પીસનાર, ભુંજનાર, કાપનાર, પીંજનાર, દળનાર, ફાડનાર, તોડનાર વિગેરે વિરાધક મનુષ્યો પાસેથી તેમજ ગર્ભિણી, તેડેલા છોકરાવાળી તથા ધાવતા બાળકવાળી સ્ત્રી પાસેથી આહાર લેતાં દાયક દોષ લાગે છે ૬, સચિત્ત ધાન્યના કણથી મિશ્રિત સાકર વિગેરે વસ્તુ દેતાં અથવા લેતાં ઉન્મિશ્ર દોષ લાગે છે ૭, પૂર્ણ અચિત્તપણું પામ્યા વિનાની વસ્તુ દેતાં અથવા લેતાં અપરિણત દોષ લાગે છે ૮, અકલ્પ્ય વસ્તુથી લેપાયેલા પાત્ર કે હસ્તવડે દેતાં કે લેતાં લિપ્ત દોષ લાગે છે ૯, તથા પૃથ્વી ઉપર ઘી આદિનાં ટીપાં પડતાં હોય એવી રીતે દેતાં અથવા લેતાં છર્દિત દોષ લાગે છે કારણકે તેવી રીતે કરતાં ત્યાં રહેલા અને બીજા આગંતુક જીવોની પણ મધુબિંદુના ઉદાહરણની જેમ વિરાધના થાય છે ૧૦. આ દશ એષણાના દોષો છે. (૧૬૦) આ પ્રમાણે કુલ બેંતાળીશ દોષ જાણવા.

### હવે ગ્રાસૈષણાના પાંચ દોષ કહે છે :—

**संजोअणा १, पमाणे २, इंगाले ३, धूम ४, कारणे ५, पढमा । वसहिवहिरंतरे वा, रसहेऊ दव्वसंजोगा ॥ १ ॥**

"સંયોજના નામનો પહેલો દોષ, તે સારો સ્વાદ કરવાના હેતુથી વસતિ ( ઉપાશ્રય ) ની બહાર અથવા અંદર આવીને માંડા વિગેરે દ્રવ્યની સાથે ઘી વિગેરે દ્રવ્યનો સંયોગ કરવાથી લાગે છે ૧, જેટલો આહાર કરવાથી ધીરજ, બળ, સંયમ તથા મન, વચન અને કાયાના યોગને બાધા ન આવે તેટલો આહાર કરવો જોઈએ તેથી વધારે આહાર કરે તો પ્રમાણાતિરિક્તતા નામનો બીજો દોષ લાગે છે ૨, સ્વાદિષ્ટ અન્નના અથવા તેના દાતારના વખાણ કરતો આહાર કરે તો તે સાધુ રાગરૂપી અગ્નિથી ચારિત્રરૂપી કાષ્ઠોને અંગારારૂપ કરે છે તેથી તે અંગાર દોષ કહેવાય છે ૩, આહારની કે તેના દાતારની નિંદા કરતો ભોજન કરે તો તે ચારિત્રરૂપ કાષ્ઠને બાળી ધૂમાડારૂપ કરે છે તેથી તે ધૂમ દોષ કહેવાય છે ૪, કારણ વિના ભોજન કરે તો કારણાભાવ નામનો પાંચમો દોષ લાગે છે. ૫.

અહીં ભોજન કરવાનાં છ કારણો કહ્યાં છે તે આ પ્રમાણે—ક્ષુધા વેદના સહન ન થઈ શકે તો આહાર કરવો ૧, આચાર્ય, બાળ, વૃદ્ધ અને ગ્લાન આદિકની વૈયાવચ્ચ કરવાના હેતુથી આહાર કરવો ૨, ઈર્યાસમિતિની શુદ્ધિ માટે આહાર કરવો ૩, સંયમનું પાલન કરવા માટે આહાર કરવો ૪, જીવિતવ્યની રક્ષા કરવા માટે આહાર કરવો ૫, તથા ધર્મધ્યાનને સ્થિર કરવા માટે આહાર કરવો ૬, આ છ કારણે આહાર કરવાની જરૂર છે, તે સિવાય આહાર કરે તો કારણાભાવ એટલે અકારણ દોષ લાગે છે. આ પાંચ આહાર કરતી વખતના દોષો છે. સર્વ મળીને ૪૭ દોષ છે. ”

હે મંત્રી! તમોએ આ સર્વ સ્વરૂપ નહીં જાણવાથી (મારાપર) ફોગટ ક્રોધ કર્યો અને આક્રોશ કર્યા, પરંતુ સર્વત્ર સમાન દૃષ્ટિવાળા મેં તે સર્વ સહન કર્યું છે. ”

આ પ્રમાણે મુનિના મુખથી સાંભળીને તે શ્રાવક અને મંત્રીએ કહ્યું કે—“ હે મુનિરાજ! આ સર્વ તો અમે જાણ્યું, પરંતુ તમે મોદક ગ્રહણ ન કર્યા, તેનું કારણ અમારા જાણવામાં આવ્યું નથી તે કહો. ત્યારે મુનિ બોલ્યા કે—“ રાત્રિને સમયે દાસીઓ ઉત્તમ પદાર્થો વડે તે મોદકો બનાવતી હતી, તે વખતે ચૂલાપર રહેલા ઘીના તાવડામાં ઉપર ઉલ્લોચાદિક બાંધેલો નહીં હોવાથી ધૂમવડે વ્યાકુળ થયેલા ઉંચે રહેલા સર્પના મુખમાંથી તીવ્ર વિષ તેમાં પડયું છે, તેથી તે મોદકો વિષમય થયા છે, તેની કોઇને ખબર પડી નથી, અને મેં તો મારા આત્માના તથા સંયમના ઘાતક હોવાથી તે લીધા નથી. ”

આ પ્રમાણે મુનિના મુખથી સાંભળી મંત્રીએ તત્કાળ તે મોદકો દાસી પાસે ત્યાં જ મંગાવ્યા, અને તપાસ કરતાં એક મોદક પર બેઠેલી માખી મરવાની તૈયારીવાળી જોઈ તેણે વિચાર્યું કે—“ અહો! આ મુનિનું જ્ઞાન અદ્ભુત છે! આ વિષમોદક ખાવાથી સમગ્ર કુટુંબ સહિત મારૂં મરણ થાત, તેનાથી આ મુનિએ મને બચાવ્યો છે. તો સેંકડો ઉપકાર કરીને પણ હું આ મુનિનો અનૃણી શી રીતે થઇ શકું? અથવા તો આ મુનિ પોતે જ આખા વિશ્વના ઉપકારી છે, તેમનો ઉપકાર શો કરવો?

પછી મિત્ર શ્રાવકના કહેવાથી જેમ જીવનો ઘાત ન થાય તેમ તે વિષમોદકોને તે મંત્રીએ યતનાથી દાસીઓ પાસે પરઠાવ્યા પછી મંત્રીએ ભક્તિથી નમસ્કાર કરી મુનિને કહ્યું કે—“ હે પૂજ્ય! તમે અમારા પ્રાણદાતા છો તેથી તમે જ અમારૂં શરણ છો, તથા સર્વ પ્રાણીઓનું પણ શરણ તમે જ છો. આપે અમારા પર આ એક મોટો ઉપકાર કર્યો છે, તો હવે સમ્યગ્ ધર્મ બતાવીને અમારા મોહરૂપી અંધકારને દૂર કરો. ”

મુનિ બોલ્યા કે—" હે મંત્રી! સર્વ ધર્મને વિષે શ્રુત, શીલ અને દયાના ગુણવડે શ્રેષ્ઠ એક જૈનધર્મ જ ઇષ્ટ વસ્તુને આપનાર છે. તે ધર્મનું મૂળ તત્ત્વને વિષે શ્રદ્ધા કરવી તે લક્ષણવાળું સમકિત જ છે અને તત્ત્વ દેવ, ગુરૂ અને ધર્મસ્વરૂપવાળું ત્રણ પ્રકારનું કહેલ છે. સમકિત પ્રાપ્ત થયા પછી સારા ભાગ્યથી જ વિરતિ પ્રાપ્ત થાય છે, તે વિરતિ બે પ્રકારની છે. સર્વથી અને દેશથી. તેમાં પહેલી જે સર્વવિરતિ તે ક્ષાંતિ આદિક દશ પ્રકારની માનેલી છે. અને બીજી જે દેશવિરતિ તે જિનેશ્વરોએ સ્થૂળ અહિંસા આદિક બાર પ્રકારની કહી છે. તેમાં પહેલી સર્વવિરતિ સાધુને યોગ્ય છે, અને બીજી દેશવિરતિ ગ્રહસ્થીઓને યોગ્ય છે."

આ રીતે મુનિએ સ્વરૂપ, ફળ અને સાધનવડે વિસ્તારથી ધર્મ કહ્યો, તે સાંભળી પ્રતિબોધ પામેલા મંત્રીએ કહ્યું કે-" હે પૂજ્ય! ધીર પુરૂષે સાધી શકાય તેવો પહેલો મુનિધર્મ ધારણ કરવા હું શક્તિમાન નથી, તેથી મોક્ષના સાધનરૂપ ગ્રહસ્થધર્મ મને આપો." ત્યારે મુનિએ તેને સમકિત સહિત બાર વ્રતો આપ્યાં, તથા તેને છ આવશ્યક અને દાનાદિક ગુણો પણ શીખવ્યા. તે મંત્રી કલ્પવૃક્ષતુલ્ય સર્વ અંગ સહિત ધર્મને પામી હર્ષિત થયો અને પોતાના આત્માને કૃતાર્થ માની મુનિને નમસ્કાર કરી પોતાને ઘેર ગયો. તેજ પ્રમાણે પ્રતિબોધ પામેલી તે મંત્રીની બંને પ્રિયાઓ પણ સંવેગથી ગ્રહસ્થધર્મ અંગીકાર કરી તે ઋષિને નમસ્કાર કરી પોતાને ઘેર ગઈ.

મુનિની અવજ્ઞા કરવાથી ઉપાર્જન કરેલું પાપ તે ત્રણે જણાએ નિંદા, ગર્હા અને આલોચનાવડે ઘણું ખપાવ્યું, તો પણ કાંઇક અવશેષ રહ્યું. ધર્મરૂચિ શ્રાવક અને બીજા લોકો પણ શક્તિ પ્રમાણે ધર્મ અંગીકાર કરી મુનિને નમી હર્ષ પામી પોતપોતાને ઘેર ગયા. ત્યાં મહિનાના ઉપવાસ કરી માસકલ્પ રહેલા તે મુનિની સેવા કરવાથી અને શ્રાવક મિત્રના સંગથી બંને પ્રિયા સહિત તે મંત્રી સર્વ શ્રાવકોમાં અગ્રેસર થયો. પ્રથમથી જ અન્ય શાસ્ત્રોને જાણનારો તે મંત્રી અનુક્રમે જૈનશાસ્ત્રનો અભ્યાસ કરી જીવાદિક તત્ત્વોનો જાણનાર થયો, અને બંને ભાર્યા સહિત તે જૈનધર્મને અનુસરતી સર્વ ક્રિયાઓમાં કુશળ થયો. તે શ્રેષ્ઠ મંત્રીની બુદ્ધિ સૂક્ષ્મ પદાર્થોને વિષે પણ સ્ખલના પામતી નહોતી, તેને અંગીકાર કરેલા ધર્મથી દેવતાઓ પણ તેને ચળાયમાન કરી શકતા નહોતા, અને અન્ય મતના વાદીઓ સાથે વાદ કરી તેમની જયલક્ષ્મીવડે તે અરિહંતના શાસનને અત્યંત દીપાવતો હતો.

પછી એક માસ સુધી મુનિની સેવા કરવાવડે છેવટે પારણાનો દિવસ જાણી મંત્રીએ

જાતે પારણાને દિવસે તેમની પાસે જઈ પોતાને ઘેર પધારવા તેમને નિમંત્રણ કર્યું ત્યારે મુનીશ્વર પણ તેનાપર કૃપા કરીને વિધિપૂર્વક તેને ઘેર ગયા, ત્યાં તે મંત્રીએ તથા તેની બંને પ્રિયાઓએ શુદ્ધ ભાવથી ઉભરાતા હર્ષવડે મોટી ભક્તિથી સર્વ દોષ રહિત પરમાન્નાદિક વહોરાવ્યું, તે તેમણે ગ્રહણ કર્યું. તે વખતે ત્યાં પાંચ દિવ્ય પ્રગટ થયાં. દેવતાઓએ સુગંધી જળની, પુષ્પોની અને સુવર્ણની વૃષ્ટિ કરી, આકાશમાં દુંદુભિ વગાડયા અને હર્ષથી 'અહો દાન ! અહો દાન' એવી આઘોષણા કરી. આ દાનના પ્રભાવથી તે ત્રણેએ મહાભોગના ફળવાળું કર્મ ઉપાર્જન કર્યું. આથી બીજો કયો ધર્મ શ્રેષ્ઠ છે? પછી સમગ્ર વિશ્વપર સમદષ્ટિવાળા તે મુનીશ્વર ઉદ્યાનમાં જઈ પારણું કરી તે જ પ્રમાણે મહાધ્યાન અને (પદ્માસનાદિક) આસનવડે તપસ્યામાં લીન થઈને રહ્યા.

અહીં તે મંત્રીના ઘરઉપર દુંદુભિનો નાદ સાંભળી 'આ શું?' એમ સંભ્રાંત થયેલા રાજાએ પોતાના સેવકોને પૂછયું. તે વખતે તેઓએ મુનિદાનાદિકનો વૃત્તાંત જાણી રાજાને નિવેદન કર્યો, ત્યારે રાજાએ વિચાર કર્યો કે–"અહો ! મને ધિક્કાર છે કે જેથી મેં આવા ગુણી મુનિને અહિં આવ્યા પણ જાણ્યા નહીં, તો હવે પ્રાતઃકાળે પરિવાર સહિત હું જઈને તે મુનિને નમસ્કાર કરીશ."

આવા વિચારથી પવિત્ર આત્માવાળા રાજાએ તે દિવસ નિર્ગમન કર્યો. અહીં ઉદ્યાનમાં રાત્રીએ સર્વ પ્રાણીઓના અત્યંત હિતનું જ ધ્યાન કરતા મુનિને શુકલધ્યાનના પ્રભાવથી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. પ્રથમથી જ અદ્ભુત લબ્ધિઓની સંપત્તિને ધારણ કરતા તે મુનિ સારી રીતે સેવેલા શુદ્ધ ચારિત્રથી ઘાતીકર્મરૂપી શત્રુઓની જયલક્ષ્મીવડે સર્વજ્ઞ અને સર્વદર્શી થયા. આવા ચારિત્રધર્મને પરિમિત–અલ્પ સમૃદ્ધિને આપનારા કલ્પવૃક્ષાદિકની ઉપમા કેમ ઘટી શકે ? કારણ કે આ ચારિત્રધર્મ તો એક દિવસ પણ યથાર્થ રીતે સેવ્યો હોય તો તે કર્મશત્રુની જયલક્ષ્મીવડે મોક્ષ આપનાર થઇ શકે છે.

આ પ્રમાણે શ્રીતપગચ્છાધિરાજ પૂજ્ય શ્રી દેવસુંદરસૂરિ અને જ્ઞાનસાગરસૂરિના શિષ્ય શ્રીસોમસુંદરસૂરિની પાટને ધારણ કરનાર ગચ્છાધિરાજ શ્રી મુનિસુંદરસૂરિએ રચેલા એવા 'જયશ્રી' શબ્દના ચિન્હવાળા શ્રીજયાનંદ રાજર્ષિ કેવળીના આ ચરિત્રને વિષે તે જયાનંદનો જીવ કે જે પૂર્વભવમાં મંત્રી હતો તેના બોધિબીજ (સમકિત)ના લાભનું અને અતિબલ નામના રાજર્ષિ કેવળીના દૃષ્ટાંતમાં સૂચવેલા યતિધર્મના ફળનું વર્ણન કરવારૂપ આ પ્રથમ સર્ગ સમાપ્ત થયો. ૧.



# દ્વિતીય સર્ગ.

देयाज्जयश्रियं मे श्री-पार्श्वः प्रह्लादपूजितः ।
दत्ते मूर्त्या महिम्ना च, प्रह्लादं यो जगन्नृणाम् ॥ १ ॥
जायमाने प्रभातेऽथ, नेदुर्दुन्दुभयो दिवि ।
तत्राऽऽजग्मुश्च सुत्रामा-दयो देवाश्चतुर्विधाः ॥ २ ॥
नृत्यगर्जितगीतादि-पुष्पवृष्टीश्च ते व्यधुः ।
कृते स्वर्णमये तैश्च, पद्म मुनिरुपाविशत् ॥ ३ ॥

જે પોતાની [1]મૂર્ત્તિવડે અને મહિમાવડે જગતના મનુષ્યોને પ્રહ્લાદ-આનંદ આપે છે, તે પ્રહ્લાદપુર (પાલનપુર) માં બીરાજતા **શ્રી પાર્શ્વનાથ** મને જયશ્રી આપો.

હવે જ્યારે પ્રાતઃકાળ થયો ત્યારે આકાશમાં દુંદુભિઓનો નાદ થવા લાગ્યો અને ત્યાં (ઉદ્યાનમાં) ચતુર્નિકાયના ઇંદ્રાદિક દેવો આવ્યા. તેઓએ નૃત્ય, ગર્જના, ગીતાદિક અને પુષ્પવૃષ્ટિ કરી. પછી તેઓએ રચેલા સુવર્ણકમળ ઉપર તે મુનીશ્વર બેઠા. દુંદુભિનો નાદ વિગેરે સાંભળી તથા દેવોનો ઉદ્યોત-પ્રકાશ જોઇ સંભ્રાંત થયેલા રાજાએ જેટલામાં 'આ શું ?' એમ પૂછયું. તેટલામાં મનુષ્યોદ્વારા તે વૃત્તાંત જાણી હર્ષથી વ્યાકુળ થયેલા મંત્રીએ શીઘ્રપણે આવી રાજાને પ્રણામ કરી વિજ્ઞપ્તિ કરી કે-

"હે સ્વામિન્ ! તે મુનીશ્વરને સર્વજ્ઞપણાના સ્થાનરૂપ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે, તેથી આપણે ત્યાં જઇ તેમને વાંદીએ અને કૃતાર્થ થઇએ." તે સાંભળી તત્કાળ રાજાએ પ્રાતઃકાળનું કૃત્ય કર્યું, અને જિનધર્મને નહીં જાણવા છતાં પણ ભક્તિ અને આશ્ચર્યાદિકથી પ્રેરણા કરાયો સતો હસ્તીપર આરૂઢ થઈ શ્વેત છત્ર અને ચામર વિગેરેથી શોભતો, સામંત રાજાઓ, મંત્રીઓ અને સેનાપતિ આદિક સમગ્ર પરિવારથી પરવરેલો, બંદીજનોએ કહેલા જય શબ્દને સાંભળતો અને વાજીંત્રોના નાદથી આકાશને ગર્જનાવાળું કરતો તે રાજા ઉદ્યાનમાં જઇ તે મુનીશ્વરને વિધિપૂર્વક નમન કરી તેમની પાસે યોગ્ય સ્થાને બેઠો. મુનિએ તેમને ધર્મલાભની આશિષ આપી. પછી સર્વ સુર, અસુર અને મનુષ્યો યોગ્ય સ્થાને બેઠા, ત્યારે મુનિએ આ પ્રમાણે ધર્મદેશના આપી—

૧. મૂર્ત્તિના દર્શનવડે

"હે ભવ્ય પ્રાણીઓ ! નિરંતર દુ:ખથી ભરેલા આ સંસારસમુદ્રમાં દુ:ખના નાશપૂર્વક સુખની પ્રાપ્તિને માટે જો કોઈપણ ઉપાય હોય તો તે એક ધર્મજ છે. [1]સમકિતમૂળ તે ધર્મ ગૃહસ્થીને યોગ્ય અને સાધુને યોગ્ય એવા ભેદથી બે પ્રકારનો છે. તેમાં ચિંતામણિરત્નની જેમ ઇષ્ટ વસ્તુને આપનાર સમકિત અતિદુર્લભ છે. કહ્યું છે કે—તે સમકિત દ્વિષટ્ એટલે બાર પ્રકારના શ્રાવકધર્મનું મૂળ ૧, દ્વાર ૨, પ્રતિષ્ઠાન ૩, આધાર ૪, ભાજન ૫ અને નિધિ ૬ રૂપ છે. આનો કાંઇક ભાવાર્થ આ પ્રમાણે છે.—સુદેવ, સુગુરૂ અને સદ્ધર્મનું જ્ઞાન થવું તથા તેમના પર શ્રદ્ધા થવી એ જ તે સમકિતનું લક્ષણ છે.

તેમાં અઢાર દોષો રહિત એવા દેવ તે સુદેવ છે, કારણકે તેનું આરાધન જ મુક્તિને માટે થાય છે. તેમાં હાસ્યદિક [2]છ, [3]ચાર કષાય, [4]પાંચ આશ્રવ, પ્રેમ, મદ અને ક્રીડા આ અઢાર દોષને જે ત્યાગ કરે છે–તેથી રહિત છે, તથા ભવ્ય પ્રાણીઓ પાસે તે દોષોનો ત્યાગ કરાવે છે, તે દેવ મોક્ષને માટે પંડિતોએ સેવવા લાયક છે. આવા પ્રકારના દેવ તો સંસારના દુ:ખરૂપી વ્યાધિનો નાશ કરવામાં વૈદ્ય સમાન એક અરિહંત જ છે.

જ્ઞાન, દર્શન અને ચારિત્રવડે જેનો આત્મા પવિત્ર થયેલો છે તે ગુરુ કહેવાય છે. અથવા જે મુનિ અકલ્પ્ય (અશુદ્ધ) શય્યા (ઉપાશ્રય) વસ્ત્ર, પાત્ર, આહાર વિગેરેને ગ્રહણ ન કરે–નિર્દોષને જ ગ્રહણ કરે, પંચ મહાવ્રતને ધારણ કરનાર હોય, તપ શ્રુત અને મનવડે શુદ્ધ હોય, સત્ય ધર્મનો ઉપદેશ કરતા હોય, પોતે સંસારસાગરને તરતા હોય, બીજા ભવ્યોને તારનાર હોય તથા જે તત્ત્વને જાણતા હોય તે ગુરુ કહેવાય છે.

ધર્મ બે પ્રકારનો છે–યતિધર્મ અને ગૃહસ્થધર્મ. તેમાં સર્વથા હિંસા, અસત્ય, ચૌર્ય, મૈથુન અને પરિગ્રહની મૂર્છાને વર્જવાથી પાંચ મહાવ્રતમય યતિનો ધર્મ કહેવાય છે. બાર પ્રકારનો ગૃહસ્થ ધર્મ આ પ્રમાણે છે–સ્થૂલ હિંસા, સ્થૂલ અસત્ય, સ્થૂલ ચૌર્ય પરસ્ત્રીનો ત્યાગ તથા ધનાદિકનું પરિમાણ એ પાંચ અણુવ્રત છે.

સર્વ દિશાઓમાં ગમન કરવાનું પરિમાણ કરવું, ભોગ અને ઉપભોગનું પરિમાણ કરવું અને અનર્થદંડનો ત્યાગ કરવો, આ ત્રણ ગુણવ્રત કહેવાય છે. હમેશાં બની શકે તે પ્રમાણે સામાયિક કરવા, દેશાવકાશિક એટલે સર્વ વ્રતોનો સંક્ષેપ કરવો, અષ્ટમી, ચતુર્દશી વિગેરે પર્વને દિવસે પૌષધ કરવો તથા અતિથિને ઉત્તમ દાન આપવું એટલે અતિથિ સંવિભાગ કરવો, આ ચાર શિક્ષાવ્રત કહેવાય છે.

૧. જેનું મૂળ કારણ સમકિત છે એવો. ૨. હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા. ૩. ક્રોધ, માન, માયા અને લોભ, ૪. પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ.

આ રીતે સર્વ મળીને બાર વ્રત થાય છે. આ બાર વ્રતો, છ પ્રકારનું આવશ્યક, તથા દાન, શીલ, તપ અને ભાવ આ સર્વ ગૃહસ્થને માટે ઉત્તમ ધર્મ છે. આ ગૃહસ્થ ધર્મ આરાધના કરવાથી આ ભવને વિષે પણ ઇચ્છિત સુખ અને લક્ષ્મી આપે છે, તથા પરભવમાં અનુક્રમે રાજા, ચક્રવર્તી, સ્વર્ગ અને મોક્ષનું સુખ આપે છે.

સાધુધર્મની આરાધનાથી મોક્ષપર્યંત ઉત્કૃષ્ટ ગતિ થાય છે, અને શ્રાવકધર્મની આરાધનાથી બારમા દેવલોક સુધી ઉત્કૃષ્ટ ગતિ થાય છે. તથા બન્ને ધર્મવાળાની જઘન્ય ગતિ પહેલા દેવલોકમાં થાય છે. તેથી કરીને શક્તિ પ્રમાણે આ બેમાંથી કોઈ એક ધર્મની આરાધના પ્રયત્નપૂર્વક કરવી. આ ધર્મને સાધનારી મનુષ્યત્વાદિક સામગ્રી પ્રાપ્ત થવી તે પણ અત્યંત દુર્લભ છે."

આ પ્રમાણે તે મહર્ષિએ વિસ્તારથી ધર્મનું તત્ત્વ કહ્યું, ત્યારે રાજાએ તત્ત્વદૃષ્ટિથી શ્રાવકધર્મ ગ્રહણ કર્યો. બીજા ઉચ્ચ કુળના ઘણા મનુષ્યોએ સંસારથી ઉદ્વેગ પામી દીક્ષા ગ્રહણ કરી, કેટલાકે શ્રાવકધર્મ અંગીકાર કર્યો અને કેટલાકે સમકિત પ્રાપ્ત કર્યું. ત્યારપછી જેમણે પ્રથમથીજ શ્રાવકધર્મ અંગીકાર કર્યો હતો એવા મંત્રી વિગેરે સહિત રાજા અને બીજા મનુષ્યો તે મુનીશ્વરને નમી હર્ષ પામતા પોતપોતાને સ્થાનકે ગયા. એટલે જેને ઘણો પરિવાર થયો છે એવા તે જ્ઞાની મુનિએ અન્યત્ર વિહાર કર્યો. કારણ કે વિશ્વનો ઉપકાર કરવાની ઇચ્છાવાળા મહાત્મા સૂર્યની જેમ એક ઠેકાણે રહેતાજ નથી.

આ વખતે **વસુસાર** નામનો રાજાનો પુરોહિત રાજાની આજ્ઞાથી અહીં આ જ્ઞાની મુનિ પાસે આવ્યો હતો, છતાં તેણે નાસ્તિકપણાનો ત્યાગ કર્યો નહીં. કારણ કે 'અસાધ્ય વ્યાધિમાં વૈદ્ય શું કરે ?' રાજા તો મંત્રીના સંગથી જૈનશાસ્ત્રોનો અભ્યાસ કરી સ્વદર્શન અને અન્ય દર્શનના તત્ત્વને જાણનાર થઈ અનુક્રમે ધર્મને વિષે દૃઢ અને સ્થિર થયો.

એકદા મંત્રીઓ, સામંતો, શ્રેષ્ઠીઓ અને સેનાપતિ સહિત દેદીપ્યમાન અલંકારને ધારણ કરતો, ઇંદ્ર સમાન કાંતિવાળો અને ઉજ્વળ છત્ર તથા વીંઝાતા ચામરોવડે શોભતો રાજા લક્ષ્મીવડે સુધર્મા સભાને જીતનારી પોતાની સભામાં મણિના સિંહાસન ઉપર બેઠો હતો. તે વખતે ત્યાં વિચિત્ર પ્રકારની કથા વાર્તા પ્રસરવા લાગી. તે સમયે રાજાએ સાધુ અને શ્રાવકના ગુણોની આ પ્રમાણે પ્રશંસા કરી.

"અહો ! મુનિમહારાજા વિગેરેને ધન્ય છે કે જેઓ પોતાના દેહને વિષે પણ મમતા રહિત થઇ પરલોકના હિતને માટેજ બાર પ્રકારનો તપ કરે છે." આવા પ્રકારની

રાજાની વાણીથી જાણે વીંછીથી ડસાયો હોય તેમ પીડા પામેલો વસુસાર પુરોહિત અવસર જાણીને બોલ્યો કે—"હે સ્વામી ! આ ધૂર્ત શ્વેતાંબરો પોતેજ કુશાસ્ત્રવડે ઠગાયા છે, તેથી તેઓ ઇન્દ્રજાળ વિગેરેની કળાવડે આ મુગ્ધજનને ઠગે છે. માત્ર ખોટા અભિમાનથી લોકોમાં પૂજાવા-મનાવાની ઇચ્છાવડે જ પ્રાપ્ત થયેલા ભોગોનો ત્યાગ કરાવે છે અને વિવિધ પ્રકારના તપ કરાવે છે. કારણ કે જ્યાં જીવજ નથી, ત્યાં પુણ્ય-પાપ તો કયાંથી જ હોય ? વળી પરલોકનો અભાવ હોવાથી તે પુણ્ય-પાપનું શુભાશુભ ફળ કયાં મળે ? તેથી કરીને પાપથી ઉત્પન્ન થતા પરલોકના દુઃખના ભયથી આ લોક ફોગટજ ભય પામે છે અને પુણ્યથી થતા પરલોકના સુખને મેળવવા માટે ફોગટ કલેશ પામે છે.

આ જગત જેટલું ઈન્દ્રિયને પ્રત્યક્ષ છે તેટલું જ છે. હે મનોહર નેત્રવાળી ! તું ખા અને પી. હે શ્રેષ્ઠ શરીરવાળી ! જે ગયું તે તારૂં નથી. હે બીકણ ! ગયેલું પાછું આવતું નથી. આ કલેવરશરીર માત્ર પંચ મહાભૂતના સમુદાય રૂપ જ છે. તેથી પરલોકના સુખની આશાવડે આ ભવમાં પ્રાપ્ત થયેલા સુખનો ત્યાગ કરી તપ કરનાર મનુષ્ય શિયાળની જેમ બન્નેથી ભ્રષ્ટ થાય છે. કહ્યું છે કે—જેમ શિયાળ પ્રાપ્ત થયેલા માંસને કાંઠે મૂકી માછલાને મેળવવા શીઘ્રપણે દોડયો, તેમાં માછલાએ તત્કાળ જળમાં પ્રવેશ કર્યો અને માંસને ગીધ પક્ષી લઈ ગયો. તે જ પ્રમાણે આ ભવમાં પ્રાપ્ત થયેલા વિષય-સુખનો ત્યાગ કરી જેઓ પરલોકના સુખના લાભ માટે દોડે છે, તે મનુષ્યો બન્ને લોકના સુખથી ભ્રષ્ટ થઈ તીવ્ર તપ અને વ્રતાદિકવડે કષ્ટ ભોગવી પોતાના આત્માને જ છેતરે છે એ આશ્ચર્ય છે.

આ પ્રમાણે કર્ણને વિષે સોયના જેવું પુરોહિતનું વચન સાંભળી ગંભીરતાથી ક્રોધને દબાવી રાજાએ મંત્રીના મુખ તરફ દૃષ્ટિ નાંખી. ત્યારે સર્વ વિદ્વાનોમાં અગ્રેસર એવા મંત્રીએ તે પુરોહિતને કહ્યું કે—

હે મૂઢ ! પોતાના અનુભવથી સિદ્ધ થઈ શકે તેવા જીવને તું કેમ ઓળવે છે ? જેમકે શરીર દુઃખી હોય તે વખતે પુત્રના જન્માદિકનું સુખ ભોગવાય છે તે કોણ ભોગવે છે ? અને શરીર સુખી હોય તે વખતે પુત્રાદિકના મરણાદિકનું દુઃખ આવે તે પણ કોણ ભોગવે છે ? મારૂં શરીર સ્થૂળ છે અથવા કૃશ છે ઇત્યાદિક [1]સ્વસ્વામીભાવ સંબંધની જે બુદ્ધિ થાય તેજ રાજા અને તેની પૃથ્વીની જેમ જીવ અને તેના શરીરનો ભેદ સ્પષ્ટ રીતે જ બતાવે છે. આ રીતે શાશ્વત જીવ સિદ્ધ થવાથી પરલોક સિદ્ધ થાય છે,

૧ સ્વ એટલે શરીર વિગેરે વસ્તુ અને સ્વામી એટલે તેનો સ્વામી જીવ.

અને સુખદુઃખરૂપ ફળ પ્રત્યક્ષ જોવામાં આવે છે તેથી તેના કારણરૂપ પુણ્ય પાપ પણ સિદ્ધ થાય છે; તેથી કરીને **તપ** સ્વર્ગ અને મોક્ષાદિક આપનાર હોવાથી સફળ છે અને હિંસાદિક તથા કામભોગાદિક નરકાદિકને આપનાર હોવાથી અફળ થાય છે.”

આ રીતે હેતુ ગર્ભિત શાસ્ત્રના વચનવડેજ મંત્રીએ વસુસારની બુદ્ધિનો પરાભવ કર્યો, તેથી તે કાંઈ પણ ઉત્તર આપી શકયો નહીં. સભાસદોએ ધિક્કારાયેલો અને રાજાએ પણ અપમાન કરેલો તે પુરોહિત લજ્જા પામી ત્યાંથી નીકળી ગયો, અને તે દિવસથી તે રાજસભામાં આવતોજ બંધ થઇ ગયો. પછી રાજાએ સત્કાર કરેલો અને સભાસદોએ પ્રશંસા કરેલો મંત્રી આનંદ પામતો પોતાને ઘેર ગયો, તથા બીજા સર્વ જનો પણ પોતાને ઘેર ગયા. આ પ્રમાણે રાજાએ સભાનું વિસર્જન કરી કાળનું નિવેદન કરનારે સમય જણાવવાથી સ્નાન, પૂજન અને ભોજન વિગેરે કર્યું.

ત્યાર પછી મંત્રી ગુરૂ વિગેરે પાસેથી જાણીને યોગ્ય અવસરે રાજાને હમેશાં ધર્મને અનુસરતા ઘણા વિચારો કહેતો હતો.

આ પ્રમાણે તેમનો સુખસમય અને ધર્મમય કેટલોક કાળવ્યતિત થયા પછી એકદા રાજાના મસ્તકમાં ગાઢ વેદના થઇ. વૈદ્ય વિગેરેએ તત્કાળ ઔષધાદિક ઘણા ઉપાયો કર્યા. છતાં પણ તે વેદના શાંત ન થઈ, ત્યારે રાજાએ પુરોહિતને સંભાર્યો. કારણ કે તે પુરોહિત એવો મંત્ર જાણતો હતો કે જે મંત્રથી તે વેદના તત્કાળ શાંત થઇ જતી હતી. આ વાત રાજા પ્રથમથી જાણતો હતો, તેથી આ વખતે રાજાએ સેવકો પાસે તેને બોલાવ્યો; એટલે વસુસારે આવીને તત્કાળ મંત્રવડે તે વેદના દૂર કરી. કારણ કે મણિ, મંત્ર અને ઔષધિઓના મહિમાની લક્ષ્મી અચિંત્ય (ચિંતવી ન શકાય તેવી) હોય છે.

આથી રાજાએ વિવિધ પ્રકારના આભૂષણાદિકવડે તેનો સત્કાર કર્યો; કારણ કે મોટા પુરૂષો કૃતજ્ઞ–કદરદાન હોય છે અને ઉપકાર કરનારને વિષે સફળ–ફળદાયક હોય છે. ત્યારથી પુરોહિત ફરીને હમેશાં હર્ષથી રાજસભામાં આવવા લાગ્યો, અને લોકોને વિષે પણ પ્રતિષ્ઠા પામ્યો, કારણકે લોકો પ્રાયે કરીને રાજાને જ અનુસરનારા હોય છે. ત્યારપછી પુરોહિત રાજાને વિશ્વાસ ઉત્પન્ન કરવા માટે ધર્મનાં વચનમિશ્રિત નીતિશાસ્ત્ર, કામશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને નાટકાદિક શાસ્ત્રોવડે રાજાના ચિત્તને વિનોદ આપવા લાગ્યો.

આ પ્રમાણે રાજાની પાસે માન પામેલા તે પુરોહિતને જોઈ એકદા મંત્રીએ રાજાને કહ્યું કે—“સ્વામી ! આ ચંડાળ જેવા ચાર્વાકનો સંગ કરવો યોગ્ય નથી.” આવી મંત્રીની વાણી સાંભળી રાજા મૌન રહ્યો. ત્યારે દુષ્ટ બુદ્ધિવાળાઓમાં અગ્રેસર તે પુરોહિતે અત્યંત ક્રોધથી વિચાર કર્યો કે—

"અહો ! શુદ્ધ બ્રાહ્મણના કુળમાં હું ઉત્પન્ન થયો છું, તોપણ રાજાના માનથી ગર્વિષ્ઠ થયેલા આ મંત્રીએ મને ચંડાળ બનાવ્યો. પહેલાં આ મંત્રીએ રાજાદિકની સમક્ષ રંકની જેમ મારો પરાભવ કર્યો હતો, તે જ પૂર્વે કરેલો મારો મોટો પરાભવ આજે તેણે જીવતો કર્યો–તાજો કર્યો. તે પરાભવને આ પ્રમાણે (મુંગે મોઢે) સહન કરવાથી હું અધમ પુરૂષપણાને પામ્યો છું. પરંતુ માની પુરૂષો પ્રાણોનો ત્યાગ કરે છે, પણ પરાભવને સહન કરતા નથી. કેમકે—

**वरं प्राणपरित्यागो, न मानपरिखण्डनम् । प्राणनाशात् क्षणं दुःखं, मानभङ्गाद्दिने दिने ॥१॥**

"પ્રાણનો ત્યાગ કરવો સારો છે, પણ માનનું ખંડન થાય તે સારૂં નથી; કેમકે પ્રાણના નાશથી એક ક્ષણવારજ દુઃખ થાય છે, અને માનના ભંગથી તો હમેશાં દુઃખ થાય છે."

શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

**पादाहतं यदुत्थाय, मूर्धानमधिरोहति । समानादपमानेऽपि, देहिनस्तद्वरं रजः ॥१॥**

"જે રજ (ધૂળ) મનુષ્યના પગવડે હણાવાથી ઉડીને મસ્તકપર ચડી જાય છે, તે રજ અપમાન પામ્યા છતાં પણ સમતાને ધારણ કરનાર પ્રાણીથી વધારે શ્રેષ્ઠ છે." અર્થાત્ અપમાન સહન કરનાર મનુષ્ય રજથી પણ હલકો છે.

**अवन्ध्यकोपस्य निहन्तुरापदां, भवन्ति वश्याः स्वयमेव देहिनः ।**
**अमर्षशून्येन जनस्य जन्तुना, न जातहार्देन च विद्विषा दरः ॥ १ ॥**

"જેનો કોપ સફળ હોય છે અને જે આપત્તિને હણે છે, તેવા પુરૂષને પ્રાણીઓ પોતાની મેળે જ વશ થાય છે; અને જે પ્રાણી ક્રોધ રહિત હોય છે તે કદાચ મિત્ર થયો હોય તો લોક તેનો આદર કરતા નથી, અને જો તે શત્રુ થયો હોય તો લોક તેનાથી ભય પણ પામતા નથી."

તેથી મારે મારૂં તેજ બતાવવું યોગ્ય છે, પણ પરાભવ સહન કરવો તે યોગ્ય નથી; કારણ કે કાદવનું સૌ કોઈ પગવડે મર્દન કરે છે, પણ તેજસ્વી અગ્નિનું કોઈપણ મર્દન કરતું નથી. તેજસ્વી અપરાધી હોય તો પણ સર્વજનો તેના જ મુખ સામું જુએ છે, કારણ કે ઘરનો દાહ કર્યા છતાં પણ અગ્નિ કોને ગ્રહણ કરવા લાયક નથી? (તેને કોણ ગ્રહણ કરતું નથી?) તેથી કદાચ મારી લક્ષ્મી અને પ્રાણ પણ જાય તો સુખે કરીને જાઓ; પરંતુ કોઈ પણ ઉપાયથી હું આ મંત્રીને અનર્થ તો ઉત્પન્ન કરીશ; કારણ કે ઉપાયથી સમુદ્ર તરી જવાય છે, ઉપાયથી સિંહ અને હાથી બંધાય

છે અને ઉપાયથી પર્વત પણ ઓળંગાય છે. ઉપાયથી શું સિદ્ધ થતું નથી ?" આ પ્રમાણે વિચાર કરતો તે પુરોહિત રાજાની રજા લઈ પોતાને ઘેર ગયો; પરંતુ તે દિવસથી આરંભીને હંમેશાં મંત્રીનાં છિદ્ર જોવા લાગ્યો.

હવે તે પુરોહિત વિચાર કરવા લાગ્યો કે—"મારે નાસ્તિકપણામાં રહીને રાજાની સેવા કરવી તે દુર્લભ છે, અને તેની સેવા વિના આ મંત્રીને અનર્થ કરવા હું સમર્થ થઉં તેમ નથી." આ પ્રમાણે વિચારી તે પુરોહિત કોઈક ગુરૂની પાસે જૈનધર્મની ક્રિયા શીખ્યો. પછી કપટથી શ્રાવક થઈને તે નિઃશંકપણે રાજાની સેવા કરવા લાગ્યો. કપટથી મંત્રીની જેમ પોતાના શ્રાવકના આચાર દેખાડી તેણે રાજાને પ્રસન્ન કર્યો. "ધર્મના દંભથી કોણ ન છેતરાય ?" મંત્રી પોતાની બુદ્ધિથી તેને માયાવી જાણતો હતો; તોપણ તેણે તેની ઉપેક્ષા કરી. કારણ કે જે રાજાનો માનીતો હોય તેને ઉપાય વિના દૂર કરી શકાતો નથી.

પુરોહિત તો ધર્મશાસ્ત્રનો ઉપદેશ આપતાં વચ્ચે વચ્ચે કામશાસ્ત્રના ઉપદેશવડે રાજાના ચિત્તને આનંદ આપવા લાગ્યો. મનુષ્યને વિષે ધર્મનો રાગ સ્થાપન કરવો મુશ્કેલ છે, પરંતુ પાપનો રાગ સ્થાપન કરવો મુશ્કેલ નથી. વસ્ત્રને વિષે જેવો નીલી (ગળી)નો રંગ સહેલાઈથી ચઢે છે તેવો મજીઠનો રંગ ચઢતો નથી. તેજ રીતે પુરોહિતે રાજાના ચિત્તમાં અનુક્રમે (ધીમે ધીમે) કામરાગને એવી રીતે સ્થાપન કર્યો, કે જેથી તેનો ધર્મરાગ ધીમે ધીમે હાનિ પામ્યો. જેમ કાજળના સંગથી મજીઠનો રંગ નાશ પામે છે, અને લસણ વિગેરેના દુર્ગંધથી અગરૂથી ઉત્પન્ન થયેલો સુગંધ નાશ પામે છે, તેમ આ પુરોહિતના ધર્મમિશ્રિત પાપના ઉપદેશને પણ રાજા સહન કરવા લાગ્યો; કારણ કે તાંબુલાદિકથી મિશ્રિત કરેલું વિષ પણ કોને ન જરે ?

એકદા પુરોહિત કાંઈ કામને માટે મંત્રીને ઘેર ગયો. મંત્રીએ તેને આસન, વાતચિત અને દાન વિગેરેવડે બહુ માન આપ્યું. કારણ કે મિથ્યાત્વી પણ ઘેર આવ્યો હોય તો તેની સાથે પણ શ્રાવક ઉચિતપણું આચરે છે, તો આ તો રાજાનો પૂજ્ય અને લોકમાં શ્રાવકપણે પ્રસિદ્ધ છે, તેને વિષે ઉચિતપણું આચરે તેમાં શું આશ્ચર્ય ? કહ્યું છે કે—

**गेहागयाण उचिअं, वसणपडिआण तह समुद्धरणं ।**
**दुहिआण दया एसो, सव्वेसिं सम्मओ धम्मो ॥ १ ॥**

"ઘેર આવેલાનું ઉચિત કરવું, કષ્ટમાં પડેલાનો ઉદ્ધાર કરવો, અને દુઃખી ઉપર દયા કરવી—આ ધર્મ સર્વને સંમત છે."

તે પુરોહિતે આમતેમ જોતાં રતિ અને પ્રીતિથી અધિક રૂપવાળી અને ગુણે કરીને સ્ત્રીઓને વિષે ચૂડામણિ સમાન મંત્રીની બે પ્રિયાઓ જોઇ. તેણે વિચાર કર્યો કે—"અહો! આનું રૂપ જગતમાં ઉત્તમ છે, અને રૂપના અનુમાનથી આ બન્નેમાં ગુણો પણ સંભવે છે જ. તેથી અહો! આ મંત્રીને ધન્ય છે કે જેને આવા ભોગનો સંગમ થયો છે; અથવા મારા ઇચ્છિત કાર્યની સિદ્ધિનો મને ઉપાય મળ્યો." એમ વિચારી તે જે કાર્યને માટે આવ્યો હતો તે નિવેદન કરી મંત્રીએ તેનો ઉત્તર આપ્યો. એટલે તે પુરોહિત પોતાનું કાર્ય સિદ્ધ થયું જાણી પોતાને ઘેર ગયો. પછી તે પુરોહિત લગ્નાદિકના બળથી કાંઇક ભાવી બનાવને કહી હમેશાં રાજાના મનનું રંજન કરવા લાગ્યો. "શુદ્ધ વિદ્યા કામધેનુ સમાન છે."

એકદા રાજાએ એકાંતમાં રહેલા તેને વિશ્વાસથી પૂછયું કે—"હે ઉત્તમ વિદ્વાન! કહે, મારા રાજ્યમાં કાંઈ પણ ન્યૂનતા છે?" તે સાંભળી પુરોહિત મંત્રીપરના દ્વેષને લીધે પોતાની ઇષ્ટ સિદ્ધિને માટે બોલ્યો કે—"હે સ્વામી! બીજા રાજાઓ કરતાં અધિક હસ્તી, અશ્વ વિગેરે સર્વ તમારે છે; પરંતુ ચારે પુરૂષાર્થમાં કામરૂપી પુરૂષાર્થ જ સારભૂત અને આત્માને સુખકર્તા છે. કારણ કે ધર્મ અને અર્થને વિષે જે યત્ન કર્યો હોય તેનું અનંતર (તાત્કાલિક) ફળ કામ જ છે; અને કામનાં સર્વ સાધનોમાં મુખ્ય સાધન સ્ત્રી જ છે, તે તમારે જોઈએ તેવી નથી, તેથી રાજ્યાદિક સર્વ તમારૂં નિષ્ફળ છે." તે સાંભળી આશ્ચર્ય પામેલો રાજા બોલ્યો કે—

"હે વિપ્ર! તમે અસત્ય કેમ બોલો છો? મારે ઉત્તમ રૂપવાળી અને ગુણે કરીને મનોહર ઘણી ભાર્યાઓ છે." તે સાંભળી વિપ્ર બોલ્યો કે—"હા, ઘણી ભાર્યાઓ છે. તે સાચું, પરંતુ તે સર્વને વિષે તમારા રૂપને લાયક એક પણ નથી; તેથી માત્ર સ્ત્રીના હોવાથી જ શું ફળ છે? કોદરા વિગેરે કુત્સિત ધાન્યથી પણ ભોજન થઈ શકે છે. કાચ વિગેરેના પણ અલંકાર થઈ શકે છે, ખારા જળ વિગેરેથી પણ તૃષાનો નાશ થઈ શકે છે, વૃક્ષની છાલ વિગેરેવડે પર શરીર ઢાંકી શકાય છે; પરંતુ ઘેબર, સુવર્ણ, દ્રાક્ષનું જળ અને દિવ્ય વસ્ત્રો જે કામ કરે છે, તે કાંઈ તેમનાથી થઈ શકતાં નથી. તે જ પ્રમાણે તમારી સ્ત્રીઓ તથાપ્રકારનું સ્ત્રીકાર્ય કરી શકતી નથી." તે સાંભળી રાજા બોલ્યો કે—

"મારી પ્રિયાઓ કરતાં પણ રૂપ, સૌભાગ્ય અને ગુણે કરીને અધિક કોઈ સ્ત્રી



કોઈ પણ ઠેકાણે તેં જોઈ કે સાંભળી છે?" વિપ્રે જવાબ આપ્યો કે—"હે સ્વામી! મેં સાક્ષાત્ બે સ્ત્રીઓને જોઈ છે. તેમનું રૂપ વિચારતાં હું માનું છું કે તમારી પ્રિયાઓ તેમની પાસે તૃણ સમાન પણ નથી. યુવાવસ્થાને પામેલી તે બન્ને સ્ત્રીઓએ રૂપવડે કરીને **લક્ષ્મીને** જીતી લીધી છે, તેથી **કૃષ્ણ** તેને બહુમાન આપતા નથી, અને તેથી કરીને જ તે લક્ષ્મી અરતિને લીધે અસ્થિર-ચપળ થઇ ગઇ છે. વળી અત્યંત રૂપવાળી અને મનોહર નેત્રવાળી તે બે સ્ત્રીઓને જોઈને પોતાની સ્ત્રીઓ પોતાને અયોગ્ય છે એમ જાણી ઉચિતપણાને જાણનાર બુદ્ધિમાન **મહાદેવે કાલિકા** ઉપર પ્રીતિ કરી છે."

આ પ્રમાણે પુરોહિતનાં વચન સાંભળી રાજાએ પૂછયું કે—"હે દ્વિજ! તે સ્ત્રીઓ કયાં છે? કોને આધીન છે? તે પરણેલી છે કે કુમારિકા છે? તે સર્વ કહે." ત્યારે તે દુષ્ટાત્મા બોલ્યો કે—"આ પ્રશ્ન કરવાનું તમારે શું કામ છે? શકિત રહિત અને ઉદ્યમ રહિત એવા તમારાથી આ વાત અજાણી જ સારી છે. જે મનુષ્ય માત્ર હલકું અનાજ (કુત્સિત ધાન્ય) જ ખાય છે, અને તેને જ મેળવવા સમર્થ છે, તે મનુષ્યને મોદકાદિકના ગુણનું જ્ઞાન હૃદયમાં શલ્યરૂપ થાય છે." તે સાંભળી રાજાએ કહ્યું કે—

"હે વિપ્ર! તું એમ કેમ બોલે છે? શું કોઈ પણ ઠેકાણે મારી અશકિત અથવા ઇચ્છિત પદાર્થને વિષે મારૂં ઉદ્યમ રહિતપણું તેં જોયું છે?" ત્યારે તે બ્રાહ્મણ હર્ષથી બોલ્યો કે—"જો એમ વાત પૂછતા હો તો સાંભળો. તે સ્ત્રીઓ તમારેજ આધીન છે, કારણ કે તે તમારા પ્રધાનની જ વહાલી પ્રિયાઓ છે. હે સ્વામી! તે મંત્રી તમારોજ કિંકર છે, તેથી તેના ઉપર તમારે પરાક્રમ કરવાનું શેનું હોય? માત્ર ઉદ્યમ કરીને તમારા અંતઃપુરમાં તેડાવો એટલે થયું. સ્ત્રીઓના સમૂહમાં ઉપમા રહિત એવી તે સ્ત્રીઓ પુરૂષોના સમૂહમાં ઉપમા રહિત એવા તમારે જ યોગ્ય છે, પરંતુ વૃદ્ધ થયેલા વિધાતાએ તેમના પતિનો યોગ કરવામાં ભૂલ કરી છે. કહ્યું છે કે—

**स्त्रीरत्नं भाति नास्थाने, स्थाने भाति च योजितम् ।**
**ऐलकण्ठे मणिघण्टा, भ्राजते न तु गार्दभे ॥ १ ॥**

"અયોગ્ય સ્થાને જોડેલું સ્ત્રીરત્ન શોભતું નથી, પણ યોગ્ય સ્થાને જ શોભે છે. હાથીના કંઠમાં મણિની ઘંટા શોભે છે, પણ ગધેડાના કંઠમાં શોભતી નથી."

તમારૂં આ ઉત્તમ રૂપ, ઐશ્વર્ય, પરાક્રમ અને રાજ્ય વિગેરે સર્વ જો તે સ્ત્રીઓ

તમારી પ્રિયા ન થાય તો નિષ્ફળ છે. શૂરવીર પુરૂષ પૃથ્વીપર પણ લક્ષ્મીએ કરીને કોઈનાં અધિકપણાને સહન કરી શકતો નથી; તો તમારા કિંકરને વિષે પ્રિયાનું આવું અધિકપણું સહન કરતાં તમને કેમ લજ્જા આવતી નથી? સેવકો સ્વામી કરતાં અધિક મહિમાવાળી સ્ત્રીના ભોગને લાયક જ નથી. તેથી કરીને જ તેઓ પોતાનો વેશ, મકાન વિગેરે સર્વ સ્વામીથી ન્યૂન જ રાખે છે.

જો આ રીતિને સ્વામીની ભક્તિ અને નીતિથી રહિત એવો તે મંત્રી ન જાણતો હોય તો તેની પ્રિયાઓને ખુંચવી લઈ તેને શિક્ષા આપવાને તમે યોગ્ય છો. આ પ્રમાણે તે પુરોહિતની વાણી સાંભળીને રાજાને કામ ઉદ્દિપ્ત થયો, તો પણ "મારે પરસ્ત્રીના ત્યાગ નામનું વ્રત છે, તેનો હું લોપ નહીં કરૂં, પરંતુ તે સ્ત્રીઓને કોઈ પણ ઉપાયથી હું જોઈશ." એમ મનમાં વિચારી પુરોહિતને કહ્યું કે—"હું સર્વ ઠીક કરીશ." એમ કહી તેને રજા આપી.

હવે એક વખત રાજાની અનુમતિથી મંત્રીએ એક નવું ચૈત્ય કરાવ્યું, અને તેમાં મોટા ઉત્સાહપૂર્વક જિનેશ્વરનાં બિંબો સ્થાપન કર્યાં. તે મહોત્સવમાં મંત્રી સાધર્મિકવાત્સલ્ય કરતો હતો, તેથી તેણે પોતાને ઘેર રાજાને જમવા આવવા આમંત્રણ કર્યું. તે વખતે પ્રથમથીજ તેની સ્ત્રીઓને જોવાની ઉત્કંઠાવાળો રાજા 'ભાવતું હતું ને વૈદે કહ્યું' એમ માની તેને ઘેર ગયો. ત્યાં પરિવાર સહિત તે રાજાનો બન્ને પ્રિયાઓ સહિત મંત્રીએ આચમનથી[1] આરંભીને સર્વ પ્રકારનો સત્કાર કર્યો. અનુક્રમે સ્નાનાદિક માંગળિક કાર્ય કરી રાજા સુવર્ણના આસન ઉપર જમવા બેઠો. પછી રત્નના કચોળા સહિત ઉત્તમ મણિના થાળમાં વિશ્વાસને લીધે મંત્રીની પહેલી સ્ત્રી અને વચ્ચે વચ્ચે બીજી સ્ત્રી પણ અનુક્રમે અમૃત જેવા સ્વાદિષ્ટ વિવિધ પ્રકારના ખાદ્યાદિક[2] ભોજનો શાક, ઘી વિગેરે પદાર્થોને પ્રીતિપૂર્વક પીરસવા લાગી. તે વખતે અનુપમ રૂપવાળી તે બન્ને સ્ત્રીઓને જોઈ પુરોહિતની વાણી ઉપર શ્રદ્ધાવાળો થઈ રાજા કામદેવને વશ થઈ ગયો.

પરંતુ આકારને ગોપવી રાખી તેણીને વિષે જ એકચિત્ત થઈ રાજાએ સ્વાદને જાણ્યા વિના ભોજન કર્યું. ત્યારપછી સુગંધી અને સ્વાદિષ્ટ તાંબુળનો આસ્વાદ કરી, ચંદન, અગરૂ અને કર્પૂર વિગેરેના અંગરાગથી શોભતો તથા દિવ્ય વસ્ત્ર અને આભૂષણોવડે મંત્રીએ સત્કાર કરેલો રાજા તે બન્ને સ્ત્રીઓને વિષે આસક્ત થઇને પોતાને ઘેર આવ્યો.

૧ પગ ધોઈ પૂજા કરવી વિગેરે. ૨ ખાવા લાયક ખાજાં વિગેરે.

એકદા અવસરે એકાંતમાં આવેલા પુરોહિતને રાજાએ કહ્યું કે—“ હે બંધુ ! મંત્રીની બન્ને પ્રિયાઓનું રૂપ જેવું તેં કહ્યું હતું, તેવું જ મેં ખરેખર જોયું. ”

પુરોહિત બોલ્યો—“ ભક્તિવાળા નોકરો શું કદાપિ પણ ખોટું બોલીને પોતાના સ્વામીને છેતરે ? હવે તે બન્ને સ્ત્રીઓને તમારા અંતઃપુરમાં લાવી તમે તમારા આત્માને, અને તે સ્ત્રીઓને કૃતાર્થ કરો. ”

તે સાંભળી રાજા બોલ્યો કે—“ આવું કાર્ય હું કેમ કરૂં ? કારણ કે મારે પરસ્ત્રીના ત્યાગ નામનું વ્રત છે, તેનો ભંગ કરવાથી દુર્ગતિ જ પ્રાપ્ત થાય, વળી અત્યંત અપયશ મળે, મારા કુળની મલિનતા થાય, અને પ્રગટપણે તેમનું ગ્રહણ કરવાથી લોકોનો અપવાદ પણ વૃદ્ધિ પામે. ગુપ્ત રીતે તેમને ગ્રહણ કરવાનો કાંઈ પણ ઉપાય સુજતો નથી. વળી મંત્રી પણ સ્વામીભક્ત એટલે મારા પર ભક્તિવાળો છે, મારો મિત્ર છે, ઉત્તમ મહા શ્રાવક છે, ધર્મને વિષે સહાય આપવાથી મારો ઉપકારી છે. તથા વિનયવાળો, નીતિવાળો, પરાક્રમવાળો અને બુદ્ધિવડે સર્વ કાર્યમાં સમર્થ છે. આવા નિર્દોષને કષ્ટ આપવું તે પણ કેમ ઘટે ? તે વિશ્વાસુનો વિશ્વાસઘાત કરીને પાપ કોણ કરે ? તેથી કરીને મારે પાપના મૂળરૂપ પરસ્ત્રીના ગ્રહણવડે સર્યું ! કોણ શુદ્ધ બુદ્ધિવાળો આ ભવ અને પરભવમાં વિરૂદ્ધ એવું અકાર્ય કરે ? ”

આ પ્રમાણે રાજાનું વચન સાંભળી દુષ્ટબુદ્ધિનાં સ્થાનરૂપ, અંતઃકરણમાં દુષ્ટ અને બહારથી શિષ્ટ ( સારા આચરણવાળો ) પુરોહિત મનમાં ખેદ પામી બોલ્યો કે—“ હે સ્વામી ! તમે યુક્તિયુક્ત વચન બોલ્યા છો, પરંતુ પોતાના સેવક ઉપર એકાંત વાત્સલ્ય હોવાથી તમારી વિચારદષ્ટિ ગુમ થઈ ગઇ છે, તેથી તમે નીતિશાસ્ત્ર તરફ દષ્ટિ નાંખી શકતા નથી.

હે નિપુણ સ્વામી ! નીતિશાસ્ત્રને અનુસરનારૂં આ મારૂં વચન સાંભળો; કારણ કે જે ભક્તિવંત હોય છે તેજ હિતને કહે છે અને જે બુદ્ધિમાન હોય છે તેજ હિતવચન શ્રવણ કરે છે. હે પ્રભુ ! તમારી પૃથ્વીમાં કોઈ પણ ઠેકાણે જે જે રત્નો ઉત્પન્ન થાય છે, તે સર્વનાં વૃક્ષ અને ધાન્ય વિગેરેની જેમ તમે જ સ્વામી છો. નીતિશાસ્ત્રમાં રહેલો આ આચાર સર્વ રાજાઓને માન્ય છે, તેથી તમારી પૃથ્વીમાં ઉત્પન્ન થયેલાં સર્વ સ્ત્રીરત્નોના તમે જ સ્વામી છો. આ રીતે સર્વ સ્ત્રીઓ તમારી જ છે. તમારે કોઈ પણ પરસ્ત્રી નથી; તેથી મંત્રીની સ્ત્રીઓ ગ્રહણ કરવામાં વ્રતનો ભંગ શી રીતે થાય ? વળી ‘ મંત્રી સ્વામીભક્ત છે, મારો મિત્ર છે. ’ વિગેરે

જે તમે કહ્યું, તેનાપર હું વિશ્વાસ રાખતો નથી; કારણ કે જો તે સ્વામીભક્ત હોય તો તે તમને પોતાની પ્રિયાઓ કેમ અર્પણ ન કરે ? વળી મેં કોઈક ઠેકાણેથી જાણ્યું છે કે—આ મંત્રી શત્રુના પક્ષનો છે, તે તમે પણ સમય આવે જાણશો. તેથી તેને તમે સ્વામીભક્ત કહો છો, તે શી રીતે સિદ્ધ થાય ? સરળ સ્વભાવવાળા તમારે તે માયાવીની સાથે મૈત્રી રાખવી યોગ્યજ નથી. તે તો તમારા ઉપર વિશ્વાસવાળો નથી, પરંતુ તમે જ તેનાપર વિશ્વાસવાળા છો. ”

આ પ્રમાણે પુરોહિતનું વચન સાંભળી વિસ્મય, આનંદ અને ખેદને ધારણ કરતા રાજાએ વિચાર કર્યો કે—“ શું આ સર્વ સત્ય હશે ? અથવા સમય આવે સર્વ જણાશે. ”

આ પ્રમાણે વિચાર કરી રાજાએ પુરોહિતને કહ્યું કે—“ સમયે યથાયોગ્ય જાણીને તમારા કહેવા પ્રમાણે હું કરીશ. ” એમ કહી પ્રસન્ન થયેલા તેને રાજાએ રજા આપી.

ત્યારથી આરંભીને રાજાએ ‘ આ મંત્રી ભક્ત છે કે અભક્ત છે ? ’ એવા સંશયથી અને તેની પ્રિયાઓની ઇચ્છાથી બાહ્યવૃત્તિએ કરીને જ તેની સાથે મિત્રાઈ રાખવા માંડી. કહ્યું છે કે—યુદ્ધમાં જેમનું હૃદય શત્રુ સુભટોનાં શસ્ત્રોવડે ભેદાતું નથી, તેવા શૂરવીરોનું પણ હૃદય ખળ પુરૂષનાં વચનવડે તત્કાળ ભેદાય છે. સત્પુરૂષોના હૃદયમાં પેઠેલો ખળ પુરૂષ મૈત્રીનો નાશ કરે જ છે. શું હંસની ચાંચ દૂધ અને પાણીનો ભેદ કરતી નથી ? સર્વ દુષ્ટ માણસો સત્પુરૂષોને કષ્ટ આપવાને માટે જ થાય છે, તો પછી રાજાના માનથી ઉન્મત્ત થયેલા દુષ્ટનું તો શું કહેવું ? એકલો પણ અગ્નિ બાળે છે, તો વાયુની સંગતવાળો તે શું ન કરે ? દુર્જન સત્પુરૂષના પણ મનને તત્કાળ વિનાશ પમાડે છે. શું નોળીયાના સંચારથી દૂધ વિનાશ નથી પામતું ? પામે છે.

હવે **ગિરિસંગમ** નામના નગરમાં પ્રચંડ ભુજાદંડવડે ઉદ્ધત શત્રુઓનો પણ વિનાશ કરનાર **સમરવીર** નામનો રાજા છે. તેની સાથે એકદા આ નરવીર રાજાને દેશના સીમાડા સંબંધી અને અમુક ગામની માલેકી સંબંધી વિરોધ ઉત્પન્ન થયો. તેથી તે વખતે રાજાના હુકમથી ગામના દરવાજા વિગેરે સ્થળોમાં રહેલા રાજાના મનુષ્યો જતા આવતા લેખહારકોની[૧] શોધ કરતા હતા–જડતી લેતા હતા. તે સમયે મંત્રીનો અપકાર કરવા ઇચ્છતા અને શાકિનીની જેમ છિદ્રને શોધતા પુરોહિતે અવસર જાણીને એક ખોટો લેખ લખ્યો. પછી કોઇ નિર્ધન બ્રાહ્મણને ઘણા દ્રવ્યવડે લોભ પમાડી માયા કપટ શીખવી તેને તે લેખ આપ્યો. પ્રપંચને જાણનાર પુરોહિતે તેને ચાર પળ સુવર્ણ

૧ કાસીદું કરનારા, કાગળ વિગેરે લઈ જનારા.

આપ્યું. તે સુવર્ણ અને લેખને લઈ તે નિર્ધન બ્રાહ્મણ બીજે ગામ ગયો. ત્યાં કેટલાક દિવસ રહી દૂર દેશાંતરથી આવનાર પથિકના વેષને ધારણ કરનાર અને ધૂળે કરીને ધુસર થયેલો તે પાછો તે નગરમાં આવ્યો. નગરના દરવાજામાં પેસતાં જ નીમાયેલા રાજપુરૂષોએ તેની શોધ કરતાં-જડતી લેતાં તેની પાસે સુવર્ણ સહિત તે લેખ દીઠો. તે સેવકોએ તેને તે લેખનું સ્વરૂપ પૂછયું ત્યારે કાંઈ પણ બોલ્યો નહીં, તેથી તેઓ લેખ અને સુવર્ણ સહિત તે બ્રાહ્મણને રાજા પાસે લઇ ગયા.

રાજાએ તેને પૂછયું કે—"તું કોણ છે?" તે બોલ્યો—"હું નિર્ધન બ્રાહ્મણ છું. દ્રવ્ય ઉપાર્જન કરવાના ઉપાયવડે કલેશ પામતો આજ નગરમાં વસુ છું. એક દિવસ મેં લોકથી સાંભળ્યું કે ગિરિસંગમ નામના નગરમાં સમરવીર નામનો રાજા છે તે દાતાર અને બ્રાહ્મણને વિષે ભક્તિમાન છે. તે રાજા પ્રાતઃકાળમાં પહેલ વહેલા આવેલ બ્રાહ્મણને ચાર પળ સુવર્ણ આપે છે. તે સાંભળી લોભથી હું કેટલાક દિવસ પહેલાં ત્યાં ગયો હતો. ત્યાં જઈ મેં રાજાને આશીર્વાદ આપ્યો. તેણે મને પૂછયું કે 'તું કયાંથી આવે છે?'

મેં કહ્યું કે 'રતિવર્ધન નામના નગરથી હું આવું છું.' ત્યારે તે રાજાએ મને સુવર્ણ દઇને આ લેખ આપ્યો, અને મને કહ્યું કે 'હે બંધુ! તે નગરમાં મતિસાગર નામના મંત્રીને આ લેખ તારે આપવો. બીજા કોઇને દેખાડવો નહી.' ત્યારપછી તે લેખ લઇ સુવર્ણ સહિત હું અહીં આવ્યો છું. લેખને વિષે શું લખ્યું છે તે કાંઈ હું જાણતો નથી." આ પ્રમાણે તે બ્રાહ્મણે કહ્યું ત્યારે તેને રજા આપી રાજાએ તે લેખ ઉઘાડીને વાંચ્યો. તેમાં આ પ્રમાણે લખ્યું હતું—

"સ્વસ્તિશ્રી ગિરિસંગમ નામના નગરથી રાજાધિરાજ શ્રી સમરવીર. શ્રીમાન રતિવર્ધન નગરમાં અમારા અભ્યંતર મિત્ર મહામંત્રી શ્રીમાન મતિસાગરને સ્નેહ સહિત આલિંગન કરી પ્રીતિરસના વિસ્તારપૂર્વક આદેશ આપે છે કે-અમે સદા કુશળલક્ષ્મીના આલિંગનથી સુખવાળા થઈ વિજયવંત છીએ. કલ્યાણવાળા તમારે પણ નિરંતર પોતાની કુશળતાનો વૃત્તાંત નિવેદન કરી અમને હર્ષ પમાડવો. હવે કાર્ય એ છે કે તમે જણાવ્યું છે કે 'હું વિશ્વાસુ રાજાને અવસર મેળવી બાંધી તેનું રાજ્ય તમને અપાવીશ. તે વખતે તમારે સર્વ સૈન્યનાં પરિવાર વડે આવી પહોંચવું. હાલ હું રાજાના પરિવારને ભેદું છું-ફોડું છું.' ઇત્યાદિ તમે લખ્યું છે તે બાબત જણાવવાનું કે—

'તમારે તે કાર્યના વિષયમાં હમેશાં સાવધાન રહેવું, અને તે દિવસ મને જણાવવો



કે જેથી તે દિવસ ઉપર હું સર્વ સૈન્ય સહિત આવું અને કૃતાર્થ થાઉં.' બીજું તમને મેં અર્ધ રાજ્ય આપવાનું જે સ્વીકાર્યું છે, તે અવશ્ય તમને આપીશ, માટે તે બાબતમાં તમારે સંદેહ કરવાનો નથી. અહીં સર્વદા સમાધાનજ છે. તમારે ત્યાંનું સમાધાન અને વિશેષ કાર્યાદિક મુખ્ય હકીકત હમેશાં જણાવવી. ઇતિ મંગલં."

આ પ્રમાણે લેખનો અર્થ જાણી રાજા ક્રોધ અને વિસ્મયવડે વ્યાપ્ત થયો. તેણે વિચાર્યું કે—"અરે! આ અસંભવિત શું? કે જે કદાપિ જોયું કે સાંભળ્યું પણ નથી. આવા શ્રાદ્ધધર્મી મંત્રીને વિષે પણ શું આવું સંભવે? શું આ તે કારણ વિનાના કોઈ શત્રુનું ગુપ્ત કપટ છે કે શું? પણ મંત્રીની પ્રિયાઓને ગ્રહણ કરવા ઇચ્છતા મારે આ બાબતમાં વિચાર શા માટે કરવો જોઈએ?

જેમ ભૂખ્યાને ભોજન મળે તેમ મને આ દ્વાર મળ્યું છે. તેથી આ તેના અપરાધને લોકમાં પ્રગટ કરી તેની પ્રિયાઓને ગ્રહણ કરૂં. એમ કરવાથી મને ઇષ્ટની પ્રાપ્તિ થશે અને સદ્ભાગ્યે કરીને અપવાદ આવશે નહીં." આ પ્રમાણે ઘણા કાળ સુધી વિચાર કરી રાજાએ તે લેખ મંત્રીને બતાવ્યો, મંત્રીએ પણ પોતાની બુદ્ધિથી પુરોહિતનો પ્રપંચ જાણ્યો. કપટબુદ્ધિવાળા ખળ પુરૂષોની કોઇ ઠેકાણે સ્ખલના થતી નથી. કારણકે તેઓ બરાબર સંભવે તેવું કપટનું તાંડવ ભજવે છે. કહ્યું છે કે—

> अति मलिने कर्त्तव्ये, भवति खलानामतीव निपुणा धीः ।
> तिमिरे हि कौशिकानां, रूपं प्रतिपद्यते दृष्टिः ॥ १७७ ॥

"અતિ મલિન કાર્ય કરવામાં ખળ પુરૂષોની બુદ્ધિ અત્યંત નિપુણ હોય છે. (દૃષ્ટાંત) ઘુવડની દૃષ્ટિ અંધકારમાંજ રૂપને જુએ છે."

પછી મંત્રીએ રાજાને કહ્યું કે—"હે નાથ! આ કોઇ દુષ્ટની ચેષ્ટા છે, એમ તમે જાણો." તે સાંભળી રાજા પણ ક્રોધાંધ થઈ અત્યંત કઠોર વચન બોલ્યો કે—"અહો! તારો અપરાધ સ્પષ્ટ જોવામાં આવ્યો તોપણ તું આવો ધૃષ્ટ થાય છે? અરે! તું જ દુષ્ટ કેમ નહીં? કે જે વિશ્વાસુ અને સ્વામી એવા મારા ઉપર પણ લુબ્ધ થઇને આવી ચેષ્ટા કરે છે? અરે! પોતાના દોષને બીજા ઉપર ઢાળી શું તું મને છેતરવા ધારે છે?"

આ પ્રમાણે કહી રાજાએ તે અસભ્ય લેખ સભાજનોને બતાવ્યો. ક્રોધ રહિત એવા તેઓ મંત્રીને વિષે આ વાત અસંભવિત માનતા છતાં કાંઈ પણ માર્ગ નહીં દેખાવાથી શ્યામ મુખવાળા થઇ મૌન ધારીને રહ્યા. ત્યારપછી કામ અને ક્રોધથી વ્યાકુળ થયેલા રાજાએ પોતાના સેવકો પાસે મંત્રીને બંધાવીને કેદખાનામાં નંખાવ્યો અને તેના

મનને પ્રિય થયેલી તેની બન્ને પ્રિયાઓને મંગાવીને પોતાના અંતઃપુરમાં રાખી. મંત્રીનો બીજો પરિવાર નાસી ગયો એટલે રાજાએ તેને ઘેર સીલ મરાવ્યાં. ત્યારપછી પોતાને કૃતાર્થ માનતો રાજા સભાનું વિસર્જન કરી તે મંત્રીની સ્ત્રીઓમાંજ તલ્લીન થઈ બીજા કાર્યોમાં પ્રવર્ત્યો.

અહીં કેદખાનામાં મંત્રી ખેદ પામ્યો સતો વિચારવા લાગ્યો કે—"આ અધમ રાજાને ધિક્કાર છે, કે જે હજારો ઉપકાર કર્યા છતાં પણ ગ્રહણ થઇ શકતા નથી (મારે વશ રહી શકતા નથી) પરંતુ કહ્યું છે કે—

सर्पः खलो नृपो वह्नि–रर्थी नारी यमो विधिः ।
शस्त्रापथ्याम्भोविषाश्च, कस्यापि स्वा भवन्ति न ॥ १८६ ॥

"સર્પ, ખળ, રાજા, અગ્નિ, અર્થી–યાચક, નારી, યમરાજ, વિધાતા, શસ્ત્ર, અપથ્ય, જળ અને વિષ–એટલા પદાર્થો કોઇને પોતાના થતા જ નથી."

આ સર્વ રાજાનો પ્રપંચ મારી પ્રિયાઓને હરવા માટે જ જણાય છે. આ વાત ભોજનને અવસરે પણ તેની દષ્ટિની ચેષ્ટાથી મેં જાણી હતી. અહો ! ખેદની વાત છે કે આ રાજા નીતિને જાણનાર, કુલીન અને જૈનધર્મી છતાં પણ તેણે નિર્દોષ અને સ્નેહવાળા મારા ઉપર પણ કામને લીધે આવી દુષ્ટ ચેષ્ટા કરી. કહ્યું છે કે—

विकलयति कलाकुशलं, हसति शुचिं पण्डितं विडम्बयति ।
अधरयति धीरपुरुषं, क्षणेन मकरध्वजो देवः ॥ १८६ ॥

"કામદેવ એક ક્ષણમાં કળામાં કુશળ એવા પુરૂષને વિકળ (ગાંડો) કરી નાંખે છે, પવિત્રને હસે છે, પંડિતની વિડંબના કરે છે અને ધીર પુરૂષનો તિરસ્કાર કરે છે."

तावद्देवो वसति हृदये धर्मकर्मापि ताव त्तावन्माता गुरुरपि कुलं बन्धुवर्गोऽपि तावत् ।
यावन्नान्तः प्रतनितनयाः कामभाजामजस्रं,
दुर्वारास्ते भुवनजयिनः कामबाणाः पतन्ति ॥ १९० ॥

"જ્યાં સુધી કામને ભજનારા પુરૂષોના હૃદય ઉપર નીતિનો નાશ કરનારા, દુઃખે કરીને વારી શકાય તેવા અને ત્રણ જગતનો વિજય કરનારા કામદેવના તે પ્રસિદ્ધ બાણો નિરંતર પડતા નથી, ત્યાં સુધી જ ધર્મ કર્મ કરી શકાય છે અને ત્યાં સુધી જ માતાને, ત્યાં સુધી જ ગુરૂને, ત્યાં સુધીજ કુળને અને ત્યાં સુધીજ બંધુવર્ગને માનવામાં આવે છે."



अहल्यायां जारः सुरपतिरभूदात्मतनयां,
प्रजानाथोऽध्यासीदभजत गुरोरिन्दुरबलाम् ।
इति प्रायः को वा न पदमपदेऽकारि न मया ।
श्रमो मद्बाणानां क इव भुवनोन्माद (थ) विधिषु ॥ १६१ ॥

"કામદેવ કહે છે કે–ઇંદ્ર અહલ્યા નામની તાપસીનો જાર થયો, બ્રહ્માએ પોતાની પુત્રીની ઇચ્છા કરી અને ચંદ્રે બૃહસ્પતિની સ્ત્રીનું સેવન કર્યું. આ રીતે પ્રાયે કરીને મેં કોને અસ્થાને (અયોગ્ય સ્થાને) પગલું નથી ભરાવ્યું ? ત્રણ ભુવનનું મથન કરવાની વિધિમાં મારા બાણને કયો શ્રમ લાગે તેવું છે ? કાંઈ જ શ્રમ નથી." (આ પ્રમાણે પ્રબોધ ચંદ્રોદય નામના નાટકમાં કામદેવનું વચન છે.)

અથવા તો સર્વ દોષ નાસ્તિકમતિ પુરોહિતનો જ છે, કે જેણે આ મુગ્ધ (ભોળા) રાજાને વિવિધ પ્રકારના દુષ્ટ પ્રપંચોવડે ભમાવ્યો છે. કહ્યું છે કે–દુષ્ટ માણસ સત્પુરૂષના હૃદયમાં પ્રવેશ કરે છે તે જ વખતે તેના હૃદયને ફાડી નાખે છે, કારણ કે દૂધની અંદર કાંજી પડવાથી તે દૂધ હજાર પ્રકારે ફાટી જાય છે. પરંતુ ધર્મને જાણનારા મારે બીજાને દોષ કે બીજાપર રોષ કરવો યોગ્ય નથી. કારણ કે સર્વ કોઈને પોતાનું કરેલું કર્મ જ સુખ દુઃખને આપનાર છે. કહ્યું છે કે—

किं कषायकलुषं कुरुषे स्वं, केषुचिन्ननु मनोऽरिधियाऽऽत्मन् ।
कर्मतोऽधिकममी न ददन्ते, तच्च मूढ विहितं भवतैव ॥१९५॥

"હે આત્મા ! કેટલાક પ્રાણીઓ ઉપર શત્રુની બુદ્ધિ રાખીને તું તારા મનને કષાયવડે કલુષિત શામાટે કરે છે ? કારણ કે તેઓ તારા કર્મથી અધિક દુઃખ આપી શકતા નથી, અને તે કર્મ તો હે મૂઢ ! તેં પોતે જ કરેલાં છે."

હમણાં રાજા વિપરીત થવાથી મારૂં રક્ષણ કરનાર કોઈ નથી અને બન્ને પ્રિયાઓના શીળની રક્ષાનો ઉપાય પણ કાંઈ સૂજતો નથી. તેથી અત્યારે તો ચિરકાળથી આરાધેલો જૈનધર્મ જ અમારૂં શરણ હો. કારણ કે તે ધર્મનું શરણ અંગીકાર કરનારને દેવતાઓ વાંછિત અર્થ આપનારા થાય છે. ધર્મ અંગીકાર કર્યાના દિવસથી આરંભીને આજ સુધી કોઇ પણ વખત મેં મનવડે પણ શીળ અને સમકિતની કાંઈ પણ વિરાધના ન કરી હોય તો મારી વિપત્તિ શીઘ્ર નાશ પામો."

આ પ્રમાણે વિચાર કરી સત્ત્વવડે યુક્ત એવો તે મંત્રી કાયોત્સર્ગે રહ્યો. તત્કાળ

તેના પ્રભાવથી આકર્ષણ કરાયેલી શાસનદેવી પ્રત્યક્ષ થઇ. દેવીએ કહ્યું કે-"હે મંત્રી ! કાયોત્સર્ગ પારી લે. તારી વિપત્તિઓ દૂર થઇ ગઇ છે. પ્રાતઃકાળે રાજા પોતેજ તારો સત્કાર કરશે, ત્યારે તું જાણીશ-તને ખાત્રી થશે." એમ કહી શાસનદેવી અદશ્ય થઇ, મંત્રીએ ધર્મના માહાત્મ્યનું ચિંતવન કરી વિસ્મય અને આનંદથી વ્યાપ્ત થઈ કાયોત્સર્ગ પાર્યો.

અહીં અંતઃપુરમાં રહેલી મંત્રીની બન્ને પત્નીઓ શીળભંગની શંકાએ અત્યંત ખેદ પામી. તેમને મનાવવા માટે રાજાએ તેમની પાસે દાસીઓ મોકલી. તેઓએ તે બન્નેની પાસે આવીને મીઠે વચને ઘણી ખુશામત કરી, પરંતુ તે બન્નેએ કોપનો આટોપ કરીને તેમનો તિરસ્કાર કર્યો. તે બન્ને સ્ત્રીઓ સ્વર્ગના વિમાન જેવા મહેલમાં ચિત્રશાળાને વિષે રહી હતી, તોપણ દુઃખને લીધે જાણે પોતે કેદખાનામાં રહેલી હોય તેમ માનતી હતી. તે બન્ને વિચારવા લાગી કે—

"જેવું અમને શીળભંગના ભયનું દુઃખ લાગે છે, તેવું પતિપરની આપત્તિનું અને સ્વજનાદિકના વિયોગનું દુઃખ લાગતું નથી. જો રાજા અમારા શીળની મલિનતા કરશે તો અમે કોઈ પણ ઉપાયથી અવશ્ય પ્રાણત્યાગ કરશું. પ્રાણનો ત્યાગ કરવો સારો છે, પણ શીળનું ખંડન કરવું સારૂં નથી. કેમકે પ્રાણનો ત્યાગ કરવામાં ક્ષણિક દુઃખ છે અને શીળના ખંડનથી તો નરક ગમન જ થાય છે. અનર્થવડે પરાભવ પામેલા સર્વ પ્રાણીઓને રાજા જ શરણરૂપ છે, તે જ જો મર્યાદાનો ત્યાગ કરે, તો પછી અમારૂં રક્ષણ કોનાથી થાય ? અથવા તો અમારૂં અને સર્વ જગતનું પણ રક્ષણ કરનાર ધર્મ જ છે, તેથી કરીને આ વિકટ સંકટની પ્રાપ્તિ સમયે તે ધર્મ જ અમારૂં રક્ષણ કરો."

આ પ્રમાણે વિચાર કરી પ્રતિજ્ઞા કરીને તે બન્ને સ્ત્રીઓ કાયોત્સર્ગે રહી. તે વખતે આકર્ષિત થયેલી પૂર્વોક્ત શાસનદેવીજ તેમની પાસે પણ પ્રત્યક્ષ થઈ. અને "જે પ્રકારે તમારા શીળનો ભંગ ન થાય, તે પ્રમાણે હું કરીશ. તમે કાયોત્સર્ગ પારો." એમ કહી તે દેવી અદશ્ય થઈ.

અહીં કામદેવથી પીડાતો રાજા અતિ કષ્ટથી દિવસ નિર્ગમન કરી તે બન્ને મંત્રી-પત્નીના સંગમનું સુખ મેળવવાની ઇચ્છાથી રાત્રે અંતઃપુરમાં આવ્યો. શય્યામાં રહી રાજાએ તે બન્નેને બોલાવવાની દાસીઓને આજ્ઞા આપી. એટલે તે દાસીઓ પાર્યો છે કાયોત્સર્ગ જેણે એવી તે બન્નેને રાજા પાસે લઈ આવી. રાજાએ ઉત્કંઠાપૂર્વક તેમની સન્મુખ જોયું, તો તેમાંથી પહેલી સ્ત્રીને દેવીના પ્રભાવથી પગ અને મુખ સિવાય આખે શરીરે કોઢથી વ્યાપ્ત થયેલી જોઈ. તેથી રાજાએ તેણીને પૂછયું કે—

"હે ભદ્રે ! તને આ કોઢ કયારે અને શી રીતે થયો ?" તે બોલી કે—"મારા



કર્મને લઇને આ કોઢ મને ઘણા કાળથી થયો છે. વૈદ્યથી પણ તે સાધ્ય નથી.” ત્યાર પછી રાજા બીજી સ્ત્રીનું આલિંગન કરવા માટે તેને પોતાની સમીપે લાવ્યો. એટલે તેણીના શરીરના ઉત્કટ દુર્ગંધથી રાજા વ્યાકુળ થઈ ગયો. રાજાએ તેણીને પૂછયું કે—“હે ભદ્રે ! તારા શરીરમાં આવો દુર્ગંધ કયાંથી ?” તેણીએ કહ્યું કે—“મારા કર્મના દોષથી વૈદ્યવડે પણ સાધી ન શકાય તેવો આ દુર્ગંધ ચિરકાળથી ઉત્પન્ન થયેલો છે.” તે સાંભળી વિરક્ત થયેલો રાજા તે બન્નેને ચિત્રશાળામાં મોકલી વિચાર કરવા લાગ્યો કે—

“દૈવને ધિક્કાર છે કે જેણે આવાં બે સ્ત્રીરત્નને દૂષિત કર્યાં. તે દિવસે ભોજન સમયે ઉત્તમ વસ્ત્રવડે શરીર ઢાંકેલું હોવાથી તથા દૂર રહેલી હોવાથી આ બન્નેના આ દોષો મારા જાણવામાં આવ્યા નહોતા. પુરોહિતે પણ આ બન્નેના આ દોષ જાણ્યા નહીં હોય, તેથી જ મને ફોગટ આ પાપમાં નાખ્યો. પરીક્ષા કર્યા વિના વાત કહેનાર તે પુરોહિતને ધિક્કાર છે. આ સ્ત્રીઓને માટે જ મેં સર્વ ગુણવાળા મંત્રીને મોટા કષ્ટમાં નાંખ્યો. તેમ જ મારા ધર્મ, કીર્તિ, કુળ અને યશને પણ મલિન કર્યાં. મંત્રીને વિષે શત્રુના પક્ષમાં રહેવાના દોષને કોઇ પણ માનતું નથી.

પરંતુ સર્વ ડાહ્યા લોકો પુરોહિતનું જ કપટ માને છે. તે અધર્મી અને દંભીને પહેલાં મંત્રીએ જ ધિક્કાર્યો હતો, છતાં સર્વત્ર પાપકર્મને વિષે આવા દુષ્ટ પુરૂષો સ્ખલના પામતા નથી. હવે પ્રાતઃકાળે બુદ્ધિથી ઉત્પન્ન થયેલા ઉપાયવડે સર્વ વાતનો નિશ્ચય કરતાં મંત્રી નિર્દોષ ઠરશે તો તેને પ્રથમના (મંત્રીના) સ્થાને સ્થાપન કરીશ, તેની પ્રિયાઓ પણ તેને સોંપીશ, અને દુર્જનને શિક્ષા કરીશ.” આ પ્રમાણે વિચાર કરી રાજાએ ખેદ અને આશ્ચર્યમાં આખી રાત્રિ નિર્ગમન કરી.

હવે પ્રાતઃકાળે રાજા રાજવર્ગથી શોભિત થઇને સભામાં બેઠો. તે વખતે પોતાના સેવકો પાસે પેલા લેખ લાવનાર પુરૂષને બોલાવીને રાજાએ પૂછયું કે—“રે બ્રાહ્મણ ! સત્ય બોલ. આ લેખ કોણે અને શી રીતે તને આપ્યો હતો ?”

તે સાંભળી ભયથી નહીં બોલતા તેને રાજાએ પોતાના સેવકો પાસે માર મરાવ્યો. માર ખાતો સતો તે બ્રાહ્મણ બોલ્યો કે—“મને ગરીબને શા માટે ફોગટ મારો છો ? પુરોહિતે જ મને ઘણા સુવર્ણવડે લોભ પમાડી મારી પાસે આ કાર્ય કરાવ્યું છે.” તે સાંભળી આ લેખમાં પુરોહિતને મળતા અક્ષરો જોઇ તીક્ષ્ણ બુદ્ધિવાળા રાજાએ આ બ્રાહ્મણ કહે છે તે સર્વ યથાર્થ છે એમ નિશ્ચય કર્યો. ત્યારપછી સેવકોદ્વારા બેડી ભંગાવી મંત્રીને પોતાની પાસે બોલાવીને રાજાએ તેની ક્ષમા માગી અને ભૂષણાદિકવડે તેનો સત્કાર કર્યો.

પછી રાજાએ બન્ને પ્રિયાઓ સહિત તે મંત્રીને હસ્તીપર આરૂઢ કરી સામંત રાજાઓની શ્રેણી સહિત વાજીંત્રના મોટા આડંબર પૂર્વક તેને ઘેર મોકલ્યો. મંત્રીએ તથા તેની બન્ને પ્રિયાઓએ દેવીએ આવીને જે વચન કહ્યું હતું તે વિગેરે વૃત્તાંત એક બીજાને પૂછી તથા જાણી ધર્મના પ્રભાવની સ્તુતિ કરી. પછી રાજાએ ક્રોધથી તે લેખ લાવનાર બ્રાહ્મણ સહિત પુરોહિતને ધિક્કાર કરી, તેમનો મોટો દંડ કરી (સર્વસ્વ લુંટી લઈ) પોતાના દેશમાંથી કાઢી મૂક્યા. આ રીતે રાજા કુસંગનો ત્યાગ કરી પ્રથમની જેમ મંત્રી સાથે પ્રીતિથી વર્તવા લાગ્યો. મંત્રીએ પણ પોતાની બુદ્ધિથી બે રાજ્યનો વિરોધ ભાંગી નાંખ્યો અને સંપ કરાવ્યો.

એકદા સભામાં બેઠેલા રાજાએ પ્રીતિથી મંત્રીને કહ્યું કે—"હે મંત્રી! તારી બન્ને પ્રિયાઓ દોષવાળી છે તેથી તું બીજી કેમ પરણતો નથી?"

મંત્રીએ કહ્યું—"બીજા કોઈને છેતરવામાં પણ મહા પાપ છે, તો સ્વામીને છેતરવામાં શું કહેવું? તેથી હે રાજા! હું આપને સત્ય હકીકત કહું છું કે–તે મારી બન્ને પ્રિયાઓ દોષવાળી નથી, પણ સર્વ અંગે મનોહર જ છે. પરંતુ તે વખતે તેના શીળની રક્ષાને માટે દેવીએ તમને તેવા પ્રકારની (દોષવાળી) દેખાડી હતી."

રાજાએ પૂછ્યું કે એમ શી રીતે બન્યું? ત્યારે મંત્રીશ્વરે કાયોત્સર્ગાદિક સર્વ પ્રથમનો વૃત્તાંત કહી બતાવ્યો. તે સાંભળી રાજાએ વિચાર્યું કે—"અહો! મારા ભાગ્યને લીધે દેવીએ મારાપર અનુકંપા કરી કે જેથી મને આ રીતે બોધ પમાડ્યો, પણ મને દુષ્ટને ભસ્મરૂપ કર્યો નહીં." ત્યારપછી રાજાએ મંત્રીની સમક્ષ તે ત્રણેના અદ્ભુત ધર્મના પ્રભાવની પ્રશંસા કરી અને અકૃત્ય કરનારા પોતાના આત્માની નિંદા કરી.

આ પ્રમાણે સમકિત અને શીળ વિગેરેનું માહાત્મ્ય જાણી તે નગરના લગભગ સર્વ મનુષ્યોએ પોતાની સર્વ શક્તિવડે **જૈન** ધર્મ અંગીકાર કર્યો.

એકદા રાજાએ ગુરૂ પાસે પરસ્ત્રીની ઇચ્છા કરવાથી ઉત્પન્ન થયેલા પાપની આલોચના કરી પ્રાયશ્ચિત્તાદિક વડે ઘણું પાપ ખપાવ્યું. ધર્મને વિષે ઉત્પન્ન થઇ છે દ્રઢતા જેને એવા તે રાજાએ નગરે નગર અને ગામે ગામ પ્રત્યે અંગધારી જાણે પુણ્યના સમૂહ હોય તેવા અનેક ચૈત્યો કરાવ્યાં. મુનિજનો અને ગુરૂજનોને ભક્તિથી પૂજવા લાગ્યો. સાધર્મીઓનું દાણ મુક્ત કરી વાંછિત આપવાવડે તેમને સુખી કર્યા. તીર્થયાત્રા વિગેરે પુણ્યનાં અનેક કાર્ય કર્યાં. દીનજનોને પુષ્કળ દાન આપ્યું અને તે દયાળુ રાજાએ પોતાના સમગ્ર દેશમાં અમારીનો (જીવદયાનો) પડહ વગડાવ્યો–અમારી પ્રવર્ત્તાવી.

આ પ્રમાણે નિરંતર ઉચિત રીતે કરેલા સમગ્ર પુણ્યકાર્યવડે સમયને નિર્ગમન કરતા રાજાએ યશવડે આખું જગત પૂરી દીધું. એજ રીતે બન્ને પ્રિયા સહિત ઉત્કટ શુભ ભાવવાળા મંત્રીએ પણ પોતાની સર્વ શક્તિથી વિશેષે કરીને અનેક પુણ્યનાં કાર્યો કર્યાં.

રાજા અને મંત્રી બન્ને સાથે જ હમેશાં ત્રણ કાળ જિનેશ્વરની પૂજા કરતા, બે વાર પ્રતિક્રમણ કરતા, હમેશાં શક્તિ પ્રમાણે પચ્ચખ્ખાણ અને કાયોત્સર્ગ કરતા, પર્વતિથિને વિષે પૌષધ કરતા અને અતિથિને દાન દેતા (અતિથિ સંવિભાગ કરતા) હતા. તેમ જ બીજાં પણ એવા પ્રકારના ઘણાં પુણ્ય કાર્યો કરતા હતા. મંત્રીની બન્ને સ્ત્રીઓ પણ એ જ પ્રમાણે ભાવથી પુણ્યકાર્યોને કરતી હતી. આ રીતે તે સર્વના ધર્મની પ્રવૃત્તિમય કેટલાક કોટિવર્ષો વ્યતિત થયા.

એકદા તે જ અતિબલ નામના ગુરૂ મહારાજ ઘણા મુનિઓના પરિવાર સહિત ફરીથી તે નગરના ઉદ્યાનમાં સમવસર્યા. તે વખતે ઉદ્યાનપાળોએ તત્કાળ રાજાને વધામણી આપી. તેથી હર્ષ પામેલા રાજાએ તેમને ઘણું પારિતોષિક દાન આપ્યું. ત્યારપછી મંત્રી સામંત અને સેનાપતિથી પરિવરેલો રાજા નગરના લોકો સહિત સર્વ સમૃદ્ધિવડે તે કેવળી ભગવાનને વાંદવા ગયો. ત્યાં તે ગુરૂને ત્રણ પ્રદક્ષિણા કરીને નમસ્કાર પૂર્વક સ્તુતિ કરી રાજા પરિવારાદિક સહિત યોગ્ય સ્થાને બેઠો. ત્યારે ધર્મલાભની આશીષ આપીને તેમનાપર અનુગ્રહ કરનારા ગુરૂએ ભવસાગરને તરવા માટે નાવ સમાન ધર્મદેશના દેવાનો આરંભ કર્યો. તેમણે આ પ્રમાણે દેશના આપી:—

"હે ભવ્ય જીવો! સર્વ પ્રાણીઓ સુખને વિષે જ સુખની જ સ્પૃહા કરનારા હોય છે, અને તે સુખને એક અરિહંતનો ધર્મ જ આપે છે. તેથી હે બુદ્ધિમાન મનુષ્યો! તે ધર્મનું જ તમે સેવન કરો, કે જેથી શાશ્વત (મોક્ષ સંબંધી) સુખ લક્ષ્મીને પણ તમે પામી શકો. ઇંદ્રિયો સંબંધી ભોગો અનિત્ય છે, શરીર પણ અનિત્ય છે, અને રાજ્યલક્ષ્મી પણ [1]ગત્વર પદાર્થની પંક્તિમાં મુખ્ય છે, તેથી કરીને શાશ્વત આનંદપદ (મોક્ષ)ને માટે તમે એક શાશ્વત ધર્મને જ સારી રીતે ભજો."

આ પ્રમાણે ધર્મદેશના સાંભળીને રાજાદિક સર્વે વિશેષે કરીને હૃદયમાં સંવેગ પામ્યા. તે વખતે મંત્રીએ પૂછ્યું કે—"હે મુનીશ્વર! પૂર્વભવમાં હું કોણ હતો?" તેના ઉત્તરમાં સભાને બોધ કરવા માટે તથા જિનપૂજાનું માહાત્મ્ય પ્રગટ કરવાને માટે કેવળી ભગવાને મંત્રીનો પૂર્વ ભવ આ પ્રમાણે કહ્યો:—

૧. જવાના સ્વભાવવાળા–નાશવંત.

"આ જ ભરતક્ષેત્રમાં **રત્નસંચય** નામના નગરમાં શત્રુઓના સમૂહને ત્રાસ પમાડનાર **નરદત્ત** નામનો પ્રસિદ્ધ રાજા હતો. તે રાજાને માનવા યોગ્ય **નંદન** નામનો એક માળી હતો. તેને **સુદામા** અને **સુભગા** નામની બે પ્રિયાઓ હતી. તે માળીને રાજાએ માલતી, યૂથિકા (જુઇ), કુંદ (મચકુંદ) અને ચંપક વિગેરે વૃક્ષોવાળો એક મોટો બગીચો સોંપ્યો હતો. તેને તે માળીએ વૃદ્ધિ પમાડ્યો હતો. તેમાંથી તે હમેશાં પુષ્પોને ચૂંટી ગૂંથેલા અને નહીં ગૂંથેલા (છૂટા) પુષ્પો રાજાને દેવપૂજા માટે અને અંગ ભોગને માટે પૂરા પાડતો હતો પુષ્પના મુગટ વિગેરે અલંકારો, પુષ્પનાં ઘરો અને પુષ્પની શય્યા વિગેરે કરીને તે માળી રાજાના મનનું રંજન કરતો હતો.

હવે તે ઉદ્યાનમાં આકાશ સુધી પહોંચેલું એક મોટું ચૈત્ય હતું. તેમાં રહેલી યુગાદીશની પ્રતિમાને પૌરજનો મોટી સમૃદ્ધિ વડે નિરંતર પૂજતા હતા. તે જોઈને માળીએ વિચાર્યું કે—

"અહો ! આ કોઈ મોટા દેવ છે, કે જે આ પ્રમાણે નિરંતર પૂજાય છે, તેથી આ દેવની પૂજા ફળવાળી (મોટા ફળને આપનારી) હશે." એમ વિચારી તેણે તે અરિહંત દેવની પાસે બીજા લોકોએ મૂકાતા બીજોરાં જોઈને ઉત્તમ ભાવથી પોતે પણ એક બીજોરૂં મૂક્યું. તે દિવસે પુષ્પના અલંકારથી ખુશી થયેલા રાજાએ તેના પર અધિક પ્રસાદ કર્યો (અધિક દાન આપ્યું). તેણે તે પૂજાનું ફળ માન્યું. ત્યારથી તે માળી તે દેવના ગુણાદિકને જાણતો નહોતો છતાં પણ પુષ્પ, પત્ર અને ફળે કરીને હમેશાં તે અરિહંત દેવની વિશેષ પ્રકારે પૂજા કરવા લાગ્યો. તેથી રાજાનું માન તથા દાન વિગેરે અધિક થતું જોઈ તેની બન્ને પ્રિયાઓ પણ જિનેશ્વરની પૂજા કરવા લાગી.

"પ્રત્યક્ષ ફળ જોયેલા કાર્યમાં કોણ આળસુ થાય ?" તે માળીને કઠોર હૃદયવાળો **મુકુંદ** નામનો એક ચાકર હતો, તે હમેશાં ઉદ્યાનમાંથી નગરમાં લઈ જવા માટે પુષ્પનો ભાર વહન કરતો હતો. એકદા તે ચાકર પુષ્પો મસ્તકપર ઉપાડી દરરોજ કરતાં મોડો નગર તરફ જતો હતો. તેને માર્ગમાં માળી તેની સામે આવતો હતો તે મળ્યો, માળીએ ક્રોધથી તે વક્ર ચાકરને કહ્યું કે—

"હે મૂઢ ! તું જલદી કેમ નથી આવતો ? શું તું બંધીખાનામાં બંધાયો હતો ? રાજાને દેવપૂજાનો અવસર વીતી જાય છે તેની ખબર પડતી નથી ?" આવું તેનું વચન સાંભળી તે ચાકર પણ ક્રોધ પામી, પુષ્પનો ભાર પૃથ્વીપર પડતો મૂકી દેશાંતરમાં ચાલ્યો ગયો. અને ત્યાં તેવા પ્રકારનો સંગ મળવાથી તે તાપસ થઈ ગયો. હવે તે

માળી પણ અતિ ક્રોધી હોવાથી તે દુષ્ટ પ્રકૃતિવાળા ચાકરની ઉપેક્ષા કરી પુષ્પનો ભાર પોતે ઉપાડી નગરમાં ગયો અને તેણે તે પુષ્પો રાજાને આપ્યાં. અનુક્રમે જિનપૂજાના પ્રભાવથી તે માળીની લક્ષ્મી વૃદ્ધિ પામવા લાગી.

કારણ કે ભાવથી કરેલી જિનપૂજા આ ભવમાં પણ કલ્પલતા સમાન છે. લક્ષ્મી વિગેરેની વૃદ્ધિ થવાથી તે ત્રણેને વિશેષ ભાવના ઉત્પન્ન થઇ. તેથી તેઓ હમેશાં જિનેશ્વરની અધિક અધિક પૂજા કરવા લાગ્યા. હે મંત્રી ! અનુક્રમે તે માળી આયુષ્ય પૂર્ણ કરી મરણ પામીને તું થયો છે. અને તારી પૂર્વભવની જે બે પત્નીઓ હતી તે આ ભવમાં પણ તારી પત્નીઓ થઇ છે. તાપસ પણ અજ્ઞાનતપ કરી આયુષ્યનો ક્ષય થતાં પુરોહિત થયો છે, અને પૂર્વ ભવના સંસ્કારથી તે તારો દ્વેષી થયો છે.

પૂર્વભવમાં "શું તું બંધીખાને બંધાયો હતો ?" એવું વચન કહી તેં તેનો તિરસ્કાર કર્યો હતો, તેથી તેણે આ ભવમાં તને ખોટો પ્રપંચ કરી રાજા પાસે કેદ કરાવ્યો હતો. હે બુદ્ધિમાન ભવ્યો ! વચન માત્રે કરીને પણ જે કર્મ ઉપાર્જન કરાય છે તે સાક્ષાત્ ભોગવવું પડે છે, એમ જાણીને વચનયોગનો પણ સંવર કરો."

આ પ્રમાણે સાંભળી મંત્રીએ કહ્યું-"હે મુનીશ્વર ! આપે જે કહ્યું, તે સર્વ જાતિસ્મરણ થવાથી હું તેજ પ્રમાણે જોઉં છું. અહો ! અવ્યક્ત જિનપૂજાનું પણ આ પ્રમાણે મનુષ્ય ભવના ભોગાદિકરૂપ ફળ પ્રાપ્ત થાય છે, તો વ્યક્ત પૂજાનું તો કેવું ફળ થાય ?"

આ પ્રમાણે મંત્રીનો પૂર્વભવ સાંભળીને વિચાર કરતાં રાજા વિગેરે સર્વે ભવભીરૂ થઈ અધિક વૈરાગ્ય પામ્યા. ત્યારપછી રાજા અને મંત્રી વિગેરે સર્વે શક્તિ પ્રમાણે સુખને કરનાર ધર્મ અંગીકાર કરી કેવળીને નમસ્કાર કરી પોતપોતાને સ્થાનકે ગયા. ગુરૂની વાણીવડે થયું છે જાતિસ્મરણ જેને એવી મંત્રીની બન્ને પ્રિયાઓ પણ અત્યંત સંવેગને પામી ગુરૂને નમી પોતાને સ્થાનકે ગઇ.

અનુક્રમે રાજાને તથા મંત્રીને ઘણા પુત્રો થયા. તેઓ અનુક્રમે કળા, યૌવન અને રૂપને પામી અનેક કન્યાઓને પરણ્યા. એકદા સંસારપર વૈરાગ્ય થવાથી રાજાએ તથા મંત્રીએ રાજ્ય તથા મંત્રીના વ્યાપારનો ભાર પોતપોતાના મોટા પુત્ર ઉપર સ્થાપન કર્યો. પછી રાજા અને મંત્રી બ્રહ્મચર્ય અંગીકાર કરી સચિત્તનો ત્યાગ કરી પ્રાયે આરંભથી પણ વિરતિ પામ્યા. નિરંતર દેવ ગુરૂની સેવામાં સાવધાન મનવાળા અને તેવાજ ઉત્તમ પરિવારવાળા તે બન્ને સ્વાધ્યાય ધ્યાનમાં તત્પર થઈ સમય નિર્ગમન કરવા લાગ્યા.



અન્યદા રાજા અને મંત્રી બન્ને પરિવાર સહિત પૌષધશાળામાં પૌષધ અંગીકાર કરી રાત્રે કાયોત્સર્ગે રહ્યા હતા, તેવામાં ત્યાં અગ્નિ ઉત્પન્ન થયો, પ્રચંડ પવનથી પ્રેરાયેલો તે અગ્નિ ચોતરફથી ઘરોને બાળવા લાગ્યો અને નગરના લોકો હાહારવ કરવા લાગ્યા. સુભટોએ ધૂળ અને જળ વિગેરે વડે ઘણી રીતે બુઝાવવા માંડયો તો પણ વૃદ્ધિ પામતો તે અગ્નિ પૌષધશાળા સુધી આવતો સર્વ લોકોએ જોયો. તે વખતે રાજાનો પરિવાર કેટલોક પૌષધમાં રહેલો હતો અને કેટલોક પૌષધમાં નહોતો તે સર્વ ભયભ્રાંત મનવાળા અને પ્રાણના સંશયવાળા થઈ કહેવા લાગ્યા કે–

"હે સ્વામી ! આ અગ્નિ પૌષધશાળાની ચોતરફ ફરી વળ્યો છે, માટે અહીંથી એકદમ મંત્રી સહિત આપ નીકળી જાઓ." આવાં વચન સાંભળીને તથા અગ્નિને જોઈને પણ રાજા અને મંત્રી વિચારવા લાગ્યા કે–"અમે અત્યારે કાયોત્સર્ગ અંગીકાર કર્યો છે, તેનો ભંગ કેમ કરાય ? મૃત્યુ થાઓ અથવા જીવિત રહો પરંતુ અત્યારે રાત્રિએ ચાલી નીકળવાથી પૌષધનું ખંડન થાય તે કરવું યોગ્ય નથી. કારણ કે જીવિત કરતાં ધર્મ અધિક છે. સર્વ કાળે પ્રાણ મળવા સુલભ છે, પરંતુ શુદ્ધ ધર્મ મળવો એ મહા દુર્લભ છે. તેથી જે ધર્મ મોક્ષનું સુખ આપનારો છે, તે પ્રાણનો નાશ થાય તો પણ રક્ષણ કરવા લાયક છે." આવા વિચારથી લોકોએ ઘણું કહ્યા છતાં પણ રાજા અને મંત્રી ત્યાંથી નીકળ્યા નહીં, ત્યારે પૌષધવાળા અને પૌષધ વિનાના બીજા સર્વે ત્યાંથી શીઘ્રપણે નીકળી ગયા.

ત્યારપછી મનુષ્યોના ભયયુક્ત શબ્દ સહિત ચોતરફ પ્રસરેલા અગ્નિને જોઈ મરણનો નિશ્ચય કરી રાજા તથા મંત્રી જેટલામાં અનશન કરવા તૈયાર થયા તેટલામાં તો ત્યાં કોઇ પણ ઠેકાણે તેઓએ અગ્નિને જોયો નહીં, માણસોથી ઉત્પન્ન થયેલો કોલાહલ સાંભળવામાં આવ્યો નહીં અને પરિવારાદિક સર્વ જનો સ્વસ્થપણે રહેલા જોવામાં આવ્યા. આમ જોવાથી "આપણને ક્ષોભ પમાડવા માટે કોઇ પણ દેવે આ સર્વ દેખાડયું જણાય છે." એમ ધારી આશ્ચર્ય પામેલા તે બન્ને ક્ષણવાર વિચાર કરતા હતા તેટલામાં કોઇક દેવે તેમના પર પુષ્પની વૃષ્ટિ કરી, ચોતરફ દિશાઓને પ્રકાશિત કરી, તથા તે બન્નેને પ્રણામ કરી કહ્યું કે—

"આજે સૌધર્મ દેવલોકના ઇંદ્રે પોતાની મોટી સભામાં પોતાનાજ મુખથી નિશ્ચળ વ્રતવાળા તમારી પૌષધ વ્રતની દઢતા સંબંધી પ્રશંસા કરી. તે પર વિશ્વાસ નહીં આવવાથી મેં અહીં આવી તમારી પરીક્ષા કરી છે. તે પરીક્ષામાં તમે દઢપણે પસાર થયા છો. તેથી તમને બન્નેને નમસ્કાર હો."

આ પ્રમાણે કહી તે દેવ દુંદુભિનો શબ્દ કરી અને રત્ન તથા સુવર્ણાદિકની વૃષ્ટિવડે વિશ્વના જનોને આશ્ચર્ય પમાડી, તે બન્નેને પ્રણામ કરી પોતાને સ્થાને ગયો. ત્યારપછી પ્રાતઃકાળે યોગ્ય અવસરે કાયોત્સર્ગ અને પૌષધને પારી લોકસમૂહના મુખથી ધર્મના માહાત્મ્યની પ્રશંસા સાંભળતા તે બન્ને રાજા અને મંત્રીએ મુનિને દાન આપી પાપનું નિવારણ કરનાર પારણું કર્યું. ત્યારપછી કેટલેક વખતે તેમણે શ્રાવકની અગ્યાર પ્રતિમાઓ વહન કરી. તે પ્રતિમાઓ આ પ્રમાણે છે :—

**" दंसण १ वय २ सामाइय ३ पोसह ४ पडिमा ५ अबंभ ६ सच्चित्ते ७ ।**
**आरंभ ८ पेस ९ उद्दिट्ठवज्जए १० समणभू अ ॥ ११ ॥ "**

" દર્શન પ્રતિમા ૧, વ્રત પ્રતિમા ૨, સામાયિક પ્રતિમા ૩, પૌષધ પ્રતિમા ૪, પ્રતિમા (કાયોત્સર્ગ) પ્રતિમા ૫, અબ્રહ્મના ત્યાગરૂપ પ્રતિમા ૬, સચિત્તના ત્યાગરૂપ પ્રતિમા ૭, આરંભના ત્યાગરૂપ પ્રતિમા ૮, પ્રેષ્ય (ચાકરને કામ બતાવવા) ના ત્યાગરૂપ પ્રતિમા ૯, ઉદ્દિષ્ટ (પોતાને ઉદ્દેશીને બનાવેલા) ના ત્યાગરૂપ પ્રતિમા ૧૦, અને શ્રમણભૂત એટલે સાધુ જેવા થવું તે રૂપ પ્રતિમા. ૧૧. "

આ પ્રમાણે પ્રતિમા વહી, ઘણો તપ કરી, સમયે પોતાના આયુષ્યનો અંત જાણી, શુદ્ધ આરાધના અને અનશન ગ્રહણ કરી સાવધાન ચિત્તવાળા અને પરમેષ્ઠી મંત્રને વિષે નિશ્ચળ ધ્યાનવાળા તે રાજા અને મંત્રી બન્ને આ મનુષ્ય શરીરનો ત્યાગ કરી મહાશુક્ર નામના સાતમા દેવલોકમાં ઇંદ્રના સામાનિક દેવપણે ઉત્પન્ન થયા. તેજ પ્રમાણે મંત્રીની બન્ને પ્રિયાઓ પણ સારી રીતે સેવન કરેલા ધર્મના પ્રભાવથી તેજ દેવલોકમાં તેજ મંત્રીદેવના મિત્રદેવપણે ઉત્પન્ન થઇ. તે વખતે જય જય એવા શબ્દવડે વાચાળ એવા સેવકદેવોએ તથા અપ્સરાઓએ જેમના ગુણની સ્તુતિ કરી છે એવા તે ચારે દેવો પ્રથમ નવા જન્મના કૃત્ય વિધિ પ્રમાણે કરી જે સુખ ભોગવવા લાગ્યા તે સુખ વાણીમાં ન આવી શકે અર્થાત્ વાણીદ્વારા કહી ન શકાય તેવાં હતાં.

શુદ્ધ સમકિતને ધારણ કરનાર તે ચારે દેવો નંદીશ્વરાદિક તીર્થોને વિષે પવિત્ર યાત્રાઓ કરવા લાગ્યા અને તીર્થંકર પાસે જઈ ધર્મનું શ્રવણ કરવા લાગ્યા. અમિત સુખમાં લીન થયેલા તેમના અસંખ્ય કોટિ વર્ષો ક્ષણાદિકની જેમ વ્યતીત થતા હતા, તેને તેઓ જાણતા પણ નહોતા. પૂર્વ ભવમાં મુનિદાનાદિક પુણ્યકાર્યને વિષે હૃદયની શ્રદ્ધા વિશેષ હોવાથી તે મંત્રીનો જીવ કાંઇક અધિક દેવસુખ ભોગવતો હતો.

અહીં વસુસાર નામના પુરોહિતને રાજાએ કાઢી મૂકયો, ત્યારે તે ઘણા દેશોમાં

ભમ્યો. પરંતુ કોઈ પણ ઠેકાણે તે સ્થાનને પામ્યો નહીં. દુષ્ટ ચેષ્ટાવાળો તે બ્રાહ્મણ દુષ્ટ વાસનાવડે મુગ્ધજનોને વાસિત કરી આર્ત અને રૌદ્ર ધ્યાનવડે મૃત્યુ પામી પહેલી નરકે ગયો. ત્યાં તેણે પૂર્વના કર્મને લીધે વિવિધ પ્રકારનાં ક્ષેત્રથી ઉત્પન્ન થયેલાં, પરમાધાર્મિકે કરેલાં અને પરસ્પરનાં કરેલાં દુઃખો સહન કર્યાં. પછી તે નરકમાંથી નીકળી તિર્યંચને વિષે અસંખ્ય ભવો ભમી, કોઈ ઠેકાણે નિર્ધન, દુઃખી અને દુર્ભાગી બ્રાહ્મણ થયો. નિર્ધનપણાદિકના દુઃખથી નિર્વેદ પામેલા તેણે તેવા પ્રકારના ગુરૂનો સંગ થવાથી તાપસી દીક્ષા ગ્રહણ કરી. દુષ્કર તપ કર્યો. ત્યાંથી મરણ પામીને તે **ધૂમકેતુ** નામનો જ્યોતિષી દેવ થયો. ત્યાં મોટી ઋદ્ધિવાળા તે મિથ્યાત્વીએ ઘણા પ્રકારનું સુખ ભોગવ્યું.

અહીં રાજા અને મંત્રી વિગેરેને પ્રતિબોધ કરનાર અતિબળ નામના કેવળી રાજર્ષિ ચિરકાળ સુધી પૃથ્વીપર વિચરવા લાગ્યા. "હે ભવ્ય પ્રાણીઓ! દાનાદિક ધર્મનું અને ચારિત્ર ધર્મનું આ પ્રમાણે ફળ સાંભળીને તમે તે બન્ને પ્રકારના ધર્મને વિષે આદર કરો, કે જેથી કર્મરૂપી શત્રુની જયલક્ષ્મી તમને પ્રાપ્ત થાય."

આ પ્રમાણે શ્રી તપગચ્છના નાયક શ્રી મુનિસુંદરસૂરિએ રચેલા 'જયશ્રી' શબ્દના ચિન્હવાળા આ રાજાધિરાજ શ્રી જયાનંદ રાજર્ષિના ચરિત્રને વિષે તે રાજર્ષિના પૂર્વના ત્રણ ભવ, નરવીર રાજાના બે ભવ, વસુધાર પુરોહિતનું સ્વરૂપ, અતિબળ રાજર્ષિનું દૃષ્ટાંત અને ચારિત્ર ધર્મનો પ્રભાવ એ વિગેરે વર્ણનવાળો આ બીજો સર્ગ સમાપ્ત થયો.

# तृतीयः सर्गः ३.

जयश्रीदोऽस्तु मे स श्री नेमिर्नव्यांबुद प्रभः ।
श्रेयोवल्ली प्ररोहाय, यः स्मृतोऽपि सदा भवेत् ॥ १ ॥

નવીન મેઘની સરખી કાંતિવાળા શ્રી નેમિનાથ મને જયલક્ષ્મી આપનાર થાઓ, કે જે માત્ર સ્મરણ કરવાથી જ કલ્યાણરૂપી લતાના અંકુરાને માટે થાય છે.

આ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રની મધ્યે રહેલો, અત્યંત શોભાવાળો અને પૂર્વ પશ્ચિમ લાંબો **વૈતાઢય** નામનો પર્વત છે. વિવિધ પ્રકારના ધાન્યરૂપી ફળે કરીને સહિત આ ભરતક્ષેત્રરૂપી ક્ષેત્રમાં વિધાતાએ વિપત્તિરૂપી પશુનો નિષેધ કરવા માટે હમેશાં તે વૈતાઢય રૂપી દંડ ધારણ કર્યો છે; તે પર્વત મૂળમાં પચાસ યોજન પહોળો છે, ઉપર દશ યોજન પહોળો છે અને પચીશ યોજન ઉંચો છે. તથા પૂર્વ પશ્ચિમ સમુદ્રને સ્પર્શીને રહેલો છે. તે પર્વત ઉપર અરિહંતના ગુણને ગાનારા ક્રીડા કરતા કિન્નરના યુગલોના ગીતના પ્રતિધ્વનિવડે જાણે ગુહાઓ પણ ગાતી હોય એવો ભાસ થાય છે. તે પર્વત [1]ઉપર પહેલી બે શ્રેણિઓમાં વિદ્યાધરોના સુવર્ણના અને રત્નના ઘરોએ કરીને [2]પચાસ તથા [3]સાઠ નગરો શોભે છે. [4]બીજી બે શ્રેણિમાં સૌધર્મેન્દ્રના લોકપાળ અને આભિયોગિક (તિર્યંગ્ જૃંભક) દેવોના વિવિધ મણિમય આલયો (આવાસો) છે. તથા સિદ્ધાયતન સહિત સિદ્ધકૂટ વિગેરે નવ કૂટોને ધારણ કરતું તે પવર્તનું શિખર[5] ક્રીડા કરતા દેવો અને દેવીઓના સમૂહવડે શોભે છે.

હવે આ પર્વત ઉપર પ્રથમની બે શ્રેણિ પૈકી ઉત્તર શ્રેણિને વિષે મણિ અને સુવર્ણમય મહેલોવડે નિરંતર પ્રકાશવાળું અને મનોહર **ગગનવલ્લભ** નામનું મુખ્ય નગર છે. તે નગરમાં સૂર્ય કરતાં પણ અધિક પ્રકાશવાળા મણિમય મહેલોવડે નિરંતર પ્રકાશ હોવાથી માત્ર કોકપક્ષીઓજ દિવસ અને રાત્રિના વિભાગને જાણે છે, પરંતુ ત્યાંના

---

૧ દશ યોજન ઉંચે જઈએ ત્યારે. ૨ દક્ષિણ શ્રેણિમાં. ૩ ઉત્તર શ્રેણિમાં ૪ બીજા દશ યોજન ઉંચે જઈએ ત્યારે. ૫ પાંચ યોજન ઉપર ગયા પછી.

લોકો જાણતા નથી. તે નગરમાં ધર્મથી ઉલ્લાસ પામતી અર્થ અને કામની સંપદાને જોઈને માણસો તેનું કારણ અને [1]કાર્યપણું સાક્ષાત્ અનુભવે છે.

તે નગરનો સ્વામી સર્વ વિદ્યાધરોમાં અગ્રેસર **સહસ્રાયુધ** નામે રાજા હતો. તે પોતાની પ્રજાને નિરંતર આનંદમાં રાખતો હતો. વિશ્વને વિષે પ્રકાશિત કાંતિવાળા તેના પ્રતાપનો અને સૂર્યનો માત્ર એટલોજ ભેદ હતો કે પહેલો નિરંતર ઉદય પામેલો હતો અને બીજો અન્યથા પ્રકારનો હતો એટલે કે અસ્ત પામવાવાળા સ્વભાવવાળો હતો. તે રાજાને શીલાદિક ગુણોના સમૂહવાળી **માલિની** નામની પ્રિયા હતી. તેણીનું અંતઃકરણ પતિ ઉપર પ્રીતિવાળું હતું અને તે દયાએ કરીને સહિત હતી. એક દિવસ તેણીએ સ્વપ્નમાં ચક્રવર્તીને જોયો, અને તે વાત તેણીએ રાજાને કહી. ત્યારે રાજાએ તેણીને કહ્યું કે– "તને ચક્રવર્તી જેવો પુત્ર થશે." તે સાંભળીને તે હર્ષ પામી.

હવે નરવીર રાજાનો જીવ કે જે દેવ થયેલો છે તે દેવનું આયુષ્ય પૂર્ણ થયું ત્યારે મહાશુક્ર દેવલોકથી ચવીને તે માલિનીની કુક્ષિમાં અવતર્યો. ત્યારપછી સારે દિવસે અને શુભ મુહૂર્તે તેણીને સર્વ લક્ષણોવડે મનોહર એવા શરીરના તેજવડે દિશાઓને પ્રકાશિત કરતો પુત્ર જન્મ્યો. તે વખતે તેના પિતાએ વધામણી સહિત, વાજિંત્રના નાદમય અને દાનાદિકવડે જનસમૂહને આનંદ આપનાર તેનો જન્મ મહોત્સવ કર્યો. ત્યારપછી પિતાએ મનોહર આકૃતિવાળા અને નેત્રને આનંદ આપનારા તે પુત્રનું માતાના સ્વપ્ન અનુસારે **ચક્રાયુધ** નામ પાડયું.

ધાવ માતાઓ વડે લાલન–પાલન કરાતો અને મનોહર કાંતિવાળો આ બાળક પ્રજાના મનોરથની સાથે કલ્પવૃક્ષના અંકુરાની જેમ વૃદ્ધિ પામવા લાગ્યો. શ્રેષ્ઠ અને તીક્ષ્ણ બુદ્ધિવાળો તે કુમાર યોગ્ય સમયે કળાચાર્ય પાસેથી શાસ્ત્ર અને શસ્ત્રને અનુસરતી સમગ્ર કળાઓ પ્રયાસ વિના જ શીખી ગયો. પછી સમય આવ્યો ત્યારે સૌભાગ્યના નિધાનરૂપ અને વિનયવાળા તે કુમારને તેના પિતાએ પ્રજ્ઞપ્તિ વિગેરે હજારો વિદ્યાઓ આપી; કુમારે પણ તે સમગ્ર વિદ્યાઓ લઈને વિધિપ્રમાણે ક્રીડામાત્રથી જ સાધી લીધી, તેથી તેના ભાગ્ય અને સત્ત્વવડે તત્કાળ તે સર્વ વિદ્યાઓ સિદ્ધ થઈ.

કારણ કે "તે વિદ્યાની સિદ્ધિ ભાગ્ય અને સત્ત્વને આધીન છે." તે કુમારને માત્ર સ્મરણ કરવાથી જ અનેક દિવ્ય શસ્ત્રો પણ સિદ્ધ થયાં. "તેવા પુરૂષોને પૂર્વ પુણ્યના પ્રભાવથી શું અસાધ્ય છે ?" અનુક્રમે પિતાએ તેની સાથે રૂપવડે અપ્સરાઓને જીત-

૧ ધર્મનું કારણપણું તથા અર્થ અને કામનું કાર્યપણું.

નારી વિદ્યાધરોની સેંકડો [1]સ્વયંવરા કન્યાઓ પરણાવી. અપ્સરાઓની સાથે [2]**જયંત**ની જેમ સ્નેહથી આર્દ્ર ચિત્તવાળી તે સ્ત્રીઓ સાથે તેણે સર્વ પ્રકારના અનુપમ ભોગસુખનો ચિરકાળ અનુભવ કર્યો.

એક દિવસ તે નગરના ઉદ્યાનમાં **ભુવનાનંદ** નામના જ્ઞાની ગુરૂ ચારણમુનિ પરિવાર સહિત પધાર્યા. તે વખતે વિદ્યાધરના સમૂહ સહિત અને પુત્રાદિક પરિવાર સહિત સહસ્રાયુધ રાજાએ સર્વ સમૃદ્ધિવડે આવી તે ગુરૂને નમી ધર્મદેશના સાંભળી. લઘુકર્મી હોવાથી પ્રતિબોધ પામેલા રાજાએ ચક્રાયુધ કુમારને રાજ્યપર સ્થાપન કરી તે જ ગુરૂની પાસે વિધિપ્રમાણે દીક્ષા ગ્રહણ કરી. ચક્રાયુધ રાજા પણ સમ્યક્ત્વાદિકને અંગીકાર કરી ગુરૂને તથા પિતા વગેરે મહર્ષિઓને નમી પોતાને સ્થાનકે આવ્યો, બીજા પણ અનેક મનુષ્યો પોતપોતાની શક્તિ પ્રમાણે ઘણે પ્રકારે ધર્મ અંગીકાર કરી પોતપોતાને સ્થાનકે ગયા, ગુરૂએ પણ અન્યત્ર વિહાર કર્યો. ગુરૂની સાથે વિચરતા સહસ્રાયુધ રાજર્ષિ ગ્રહણ અને આસેવના એ બે પ્રકારની શિક્ષાનો અભ્યાસ કરી, સંવેગરસના સમુદ્રરૂપ થઈ, બાર અંગ અને ચૌદ પૂર્વનો અભ્યાસ કરી, વિવિધ તપમાં રક્ત થઈ અનુક્રમે ગુરૂનું સ્થાન પામ્યા. "આવા ગુણીને તેવું સ્થાન પામવું તેમાં શું આશ્ચર્ય?"

હવે મહા ભુજદંડના પરાક્રમવાળો ચક્રાયુધ રાજા વિદ્યાદેવીથી પ્રાપ્ત થયેલા ચક્રવડે સાર્થક નામવાળો થયો. તે રાજાએ વિદ્યાવડે બીજાં પણ કૃત્રિમ રત્નો બનાવી સર્વ રાજાઓને જીતી પોતાનું વિદ્યાધરના ચક્રવર્તીપણું પ્રસિદ્ધ કર્યું.

એક સમયે તે રાજાએ પોતાની પ્રિયાઓ સહિત નંદીશ્વર દ્વીપ ઉપર જઈ ત્યાં રહેલા જિનબિંબોની પૂજા કરી, અને પછી ભક્તિથી અરિહંતની પાસે સારી રીતે અત્યંત મનોહર નૃત્ય કર્યું. તે વખતે તેની પ્રિયાઓ વિચિત્ર પ્રકારના વાજિંત્રોને સમ્યક્પ્રકારે વગાડવા લાગી તથા જિનેશ્વરનાં ગીત ગાવા લાગી, તેથી તે નૃત્યની શોભા વૃદ્ધિ પામી. આવી નૃત્યવિધિને જોઈ ત્યાં આવેલો કોઈ દેવ તેનાપર પ્રસન્ન થયો, તેથી અરિહંતની ભક્તિના વશથી તેણે તેને ઇચ્છિત વસ્તુ આપનાર એવી કામિતકરી નામની વિદ્યા આપી. ચક્રી સાધન અને વિધિ સહિત તે વિદ્યાને વિનયથી ગ્રહણ કરી જિનેશ્વરોને તથા તે દેવને નમી પ્રિયાઓ સહિત પોતાના નગરમાં આવ્યો.

એક અવસરે તે ચક્રાયુધ રાજાએ લીલા ઘાસના વનવાળા કોઈ પર્વત ઉપર તપ અને

૧ પોતાની જાતે વરને પસંદ કરનારી. ૨ ઇંદ્રના પુત્રનું નામ કહેવાય છે.

ધ્યાનવડે તે દેવે આપેલી વિદ્યા સાધવાનો આરંભ કર્યો. તે સમયે **લંકા** નગરીનો **શતકંઠ** રાજા પોતાની પ્રિયાઓ સહિત મેરૂપર્વતપર રહેલા જિનેશ્વરોને વાંદી પાછો વળી લંકા તરફ જતો હતો, તે આકાશમાર્ગે ત્યાંથી નીકળ્યો, તે વખતે વિદ્યા સાધતા ચક્રાયુધ રાજાનો તે સાતમો દિવસ હતો. તેના મસ્તકપર થઈને જતાં તે શતકંઠ વિદ્યાધર રાજાનું વિમાન સ્ખલના પામ્યું. એટલે તરત જ નીચે જોઈ ચક્રાયુધને ધ્યાનમાં રહેલ જાણી ક્રોધથી અંધ થયેલો તે શતકંઠ રાજા વિદ્યાવડે સર્પોને વિકુર્વી તે સર્પોવડે તેને વૃક્ષની સાથે બાંધી પોતાની નગરીએ ચાલ્યો ગયો. આ રીતે બાંધ્યા છતાં પણ ધ્યાનમાં નિશ્ચળ રહેલા તે વિદ્યાધરપતિને તે જ વખતે સર્પોને નાશ પમાડી દેદીપ્યમાન કાંતિવાળી તે વિદ્યા સિદ્ધ થઈ અને બોલી કે—

"હે વત્સ! તારા સત્ત્વવડે હું પ્રસન્ન થઇ છું, મારા પ્રસાદથી તું જગતનો જય મેળવ, અને જ્યારે કાંઈ કાર્ય પડે ત્યારે તું મારૂં સ્મરણ કરજે." એમ કહી તે વિદ્યા અદૃશ્ય થઇ. તે વિદ્યાધરના રાજા ચક્રાયુધે પ્રજ્ઞપ્તિ વિદ્યાવડે લંકેશ્વરનું તે ચેષ્ટિત જાણી લીધું. પછી વિદ્યા સિદ્ધ થવાથી ખુશી થયેલા અને વૃદ્ધ સ્ત્રીઓએ જેનું માંગલિક કર્યું છે એવા તે રાજાએ પોતાના નગરમાં પ્રવેશ કર્યો.

એક વખત તે ચક્રાયુધ રાજાને તેના બે વિદ્યાધર સેવકોએ કહ્યું કે—"હે સ્વામી અયોધ્યાના રાજાને આઠ કન્યાઓ છે. તેના જેવી બીજી કોઇ પણ કન્યા મનોહર નથી, સાતે દ્વીપમાં ઉત્પન્ન થયેલી સ્ત્રીઓના અને સર્વ અપ્સરાઓના રૂપનો સાર લઈને જગતકર્તાએ આ કન્યાઓ બનાવી હોય એમ જણાય છે. સર્વ સ્ત્રીઓને વિષે ઉત્તમ એવી તે કન્યાઓને સર્વ પુરૂષોમાં ઉત્તમ એવા તમે જ લાયક છો, તેથી તેમનું પાણિગ્રહણ તમે કરો. કારણ કે સો પાંખડીવાળા કમળો જિનેશ્વરદેવને જ યોગ્ય હોય છે."

આ પ્રમાણે તેમનાં વચન સાંભળી પ્રથમથી જ દિગ્યાત્રા કરવા માટે અત્યંત ઉત્સુક થયેલો તે ચક્રી મોટી સેના સહિત અયોધ્યા પુરી તરફ ચાલ્યો. અનુક્રમે અયોધ્યાના ઉદ્યાનમાં તે આવ્યો, ત્યાં ત્રાસથી વ્યાપ્ત થયેલી નગરીને જોઈ તેણે અયોધ્યાના પતિ **શ્રીચંદ્રને** દૂતદ્વારા આ પ્રમાણે કહેવરાવ્યું કે—"આઠ કન્યાઓ સહિત દંડ આપો, અથવા યુદ્ધ કરવા શીઘ્ર આવો. કારણ કે ન્યાયમાર્ગમાં રહેલા રાજાઓ છળથી પ્રહાર કરતા નથી."

તે સાંભળી જેણે પરાક્રમવડે દિશાના સમૂહને વશ કર્યો છે એવો તે અભિમાની રાજા કન્યાદાન તો દૂર રહો, પરંતુ દંડ આપવાને પણ ઇચ્છતો ન હોવાથી મોટું



સૈન્ય લઈને યુદ્ધ કરવા નીકળ્યો. બન્ને સૈન્ય વચ્ચે યમરાજના ઉત્સવ સમાન ભયંકર સંગ્રામ થયો. વીર પુરૂષોમાં રત્ન સમાન શ્રીચંદ્ર રાજાએ વિદ્યાધર રાજાનું સૈન્ય ભાંગી નાખ્યું. ત્યારે તે જોઈને અત્યંત ક્રોધ પામેલો ચક્રી તેની સાથે યુદ્ધ કરવા લાગ્યો. તેમાં ચક્રીએ શ્રીચંદ્ર રાજાનું ધનુષ, બખ્તર અને માથાનો ટોપ વિગેરે ભાંગી નાંખી તેને અત્યંત વ્યાકુળ કરી નાખ્યો. ત્યારે તેણે પૂર્વે આરાધેલા દેવનું સ્મરણ કર્યું. તરત જ તે દેવ આવ્યો, તેને શ્રીચંદ્રે કહ્યું કે—

"વિદ્યાધરેંદ્રને બાંધીને મને આપ." દેવે કહ્યું—"તે ચક્રી અધિક ભાગ્યવાન છે તેથી તેનો પરાભવ હું કરી શકું તેમ નથી. માટે બીજું કાંઈ કામ હોય તો કહો." રાજાએ કહ્યું—"તો મને ગુરૂની પાસે મૂક. હું દીક્ષા ગ્રહણ કરૂં, કે જેથી આ ભવ અને પરભવમાં પણ હું બીજાથી થયેલા પરાભવને જોઉં નહીં." (જોવાનો વખત આવે નહીં) ત્યારે તે દેવે પોતાની શક્તિથી ચક્રીનાં શસ્ત્રોનું સ્થંભન કરી શ્રીચંદ્ર રાજાને ઉપાડી તે નગરના ઉદ્યાનમાં રહેલા ગુરૂ પાસે મૂક્યો. પ્રથમથી જ સંવેગ પામેલો રાજા ગુરૂની વાણીથી વિશેષ સંવેગ પામ્યો, તેથી તે જ ભવમાં સિદ્ધ થનારા તે ધીર રાજાએ સર્વ સંગનો ત્યાગ કરી તે જ વખતે દીક્ષા ગ્રહણ કરી.

અહીં ચક્રીએ પોતાના શસ્ત્ર સ્ખલના પામવાથી તથા તે શ્રીચંદ્ર રાજાને પોતાની સન્મુખ રહેલો નહીં જોવાથી વિસ્મય પામી તેનું સ્વરૂપ જાણવાની ઇચ્છાથી વિદ્યાધર સેવકોને મોકલ્યા. તેઓએ જઈ આવીને તેનું સત્ય સ્વરૂપ કહ્યું, એટલે વિસ્મય પામી સૈન્ય સહિત ચક્રીએ ઉદ્યાનમાં જઈ ગુરૂને અને તે રાજર્ષિને વંદના કરી. તે વખતે તે રાજાનું આવું સત્ત્વ જોઈ તેના મંત્રી વગેરે પાંચસો જનોએ ગુરૂના વચનથી પ્રતિબોધ પામી ભોગની સ્પૃહા રહિત થઈ હર્ષથી દીક્ષા ગ્રહણ કરી. આ વૃત્તાંત સાંભળી તે રાજાની અંતઃપુરની પાંચસો રાણીઓ ત્યાં આવી, અને ગુરૂના વચનથી પ્રતિબોધ પામી તે સર્વેએ પણ પ્રવ્રજ્યા ગ્રહણ કરી. ત્યારપછી તે રાજર્ષિને ખમાવી ચક્રીએ તેના પુત્રને રાજ્યપર સ્થાપન કર્યો, અને તેની જ વાણીથી તે આઠે કન્યાઓને પરણી ચક્રી પોતાની નગરીએ ગયો.

એક દિવસ ચક્રીએ વિચાર્યું કે—"ભૂચર રાજાઓમાં આ એક શ્રીચંદ્ર જ મહા બળવાન હતો. તેને જીતવાથી બીજા સર્વ રાજાઓ જીતાયા જ છે. તો હવે ફોગટ કીડાને કુટવાથી (મારવાથી) શું ફળ છે? હવે તો મહા બલિષ્ઠ વિદ્યાધરેંદ્રોને જ જીતવાની જરૂર છે." એમ વિચારી શતકંઠ રાજાના અપરાધનું સ્મરણ કરી તે ચક્રી ક્રોધથી લંકા

નગરી તરફ ચાલ્યો. ચર પુરૂષોથી તેને આવતો જાણી લંકાપતિએ પોતાની નગરીની ચોતરફ વિદ્યાએ કરીને સાઠ યોજન પ્રમાણ અગ્નિનો કીલ્લો કર્યો. અજાણ્યા માણસ ન જોઈ શકે એવા તે કીલ્લાને વિષે અથડાઈને બળતા એવા અગ્રસૈનિકોએ પાછા વળી તે વૃત્તાંત ચક્રીને નિવેદન કર્યો. ત્યારે તે ખેચરેંદ્રે જવાલિની વિદ્યાવડે અગ્નિને બુઝાવી તે કીલ્લાને વજ્રના મુદ્ગરવડે માટીના વાસણની જેમ ભાંગી નાંખ્યો.

કીલ્લો ભાંગીને નગરમાં આવતા ચક્રાયુધ રાજાને જાણી અત્યંત ગર્વિષ્ઠ શતકંઠ રાજા મોટા સૈન્ય સહિત તેની સામે નગર બહાર નીકળ્યો, પછી બાહુબળવડે અત્યંત ઉન્મત્ત થયેલા સુભટોનો જાણે ઉત્સવ હોય તેવો તે બન્ને સૈન્યનો જગતને ભય કારક એવો ઘોર સંગ્રામ થયો. તે વખતે એક ક્ષણવારમાં સુભટોનાં શસ્ત્રસમૂહથી પાડી નાંખેલા હાથી, અશ્વ અને પેદલ સૈનિકોએ કરીને તે રણભૂમિ યમરાજની ક્રીડાભૂમિ જેવી થઈ ગઈ. આ પ્રમાણે ઘોર યુદ્ધ થતાં લંકાપતિનું સૈન્ય ભાંગ્યું, ત્યારે શતકંઠ રાજા પોતે જ પોતાના સૈન્યને ધીરજ આપી લડવા ઉભો થયો. જ્યારે મેઘની જેવા ઉન્નત વીર શતકંઠ રાજાએ બાણની વૃષ્ટિ કરી ત્યારે જાંબુના ફળની જેમ સુભટોના મનના ગર્વ ગળી ગયા. મોટો હાથી જેમ કેળના વનને ભાંગી નાખે તેમ તે શતકંઠ રાજાએ શત્રુનું સૈન્ય ભાંગી નાખ્યું, ત્યારે ચક્રાયુધ પોતે ક્રોધથી યુદ્ધ કરવા ઊભો થયો અને બોલ્યો કે—

"હે વીર! પહેલાં ધ્યાનમાં રહેલા મેં તારૂં બળ અનુભવ્યું છે, તે બળને અત્યારે ફરીથી દ્વંદ્વયુદ્ધમાં તું પ્રગટ કર." ઇત્યાદિ મર્મસ્થાનને ભેદનારાં વચનો બોલતા તે ચક્રીને શતકંઠરાજાની સાથે ઘોર યુદ્ધ થયું. તે બન્નેના સૈન્યો તેમના યુદ્ધનું આશ્ચર્ય જોવાથી યુદ્ધ કરવું ભૂલી ગયા અને તેમના કરેલા બાણમંડપવડે સૂર્યનો તાપ ઢંકાઈ જવાથી સુખે કરીને રહ્યા. હવે ચક્રાયુધે બાણવડે લંકાપતિનું ધનુષ છેદી નાંખ્યું, ત્યારે તે નવું ધનુષ લઈ યુદ્ધ કરવા લાગ્યો. તેને પણ ચક્રીએ છેદી નાંખ્યું. એ પ્રમાણે ચક્રધરે શતકંઠ રાજાના સાત ધનુષ છેદી નાંખ્યાં. ત્યારે બાણ સાંધવા વિગેરેની ક્રિયા કરવામાં અશકત થયેલો તે શતકંઠ રાજા અત્યંત વિહ્વળ થયો. પછી શતકંઠ રાજાએ ચક્રાયુધ ઉપર વિદ્યાવડે વિકુર્વેલા હજારો સર્પ મૂકયા. તે ભયંકર સર્પોને તત્કાળ તેણે ગરૂડવિદ્યાવડે ત્રાસ પમાડયો.

ત્યારપછી શતકંઠ રાજાએ ક્રોધથી [1]આગ્નેય વિગેરે વિદ્યાશસ્ત્રો મૂકયાં. તે સર્વને ચક્રીએ [2]પ્રતિશસ્ત્રવડે શીઘ્રપણે નિરસ્ત કર્યાં. ત્યારપછી બળવાન લંકાપતિ રાજાએ ક્રોધથી લોહનો હજાર ભારનો મુદ્ગર ચક્રાયુધના માથામાં માર્યો. તે મુદ્ગર પણ ચક્રીનો તથાપ્રકારનો

૧ અગ્નિ છોડે તેવા. ૨ સામા શસ્ત્રવડે જેમ અગ્નિશસ્ત્રની સામે વરૂણ અસ્ત્ર વિગેરે.



પરાભવ કરી શક્યો નહીં, પરંતુ તે મુદ્ગરે કરેલી મૂર્છાને ક્ષણવાર અનુભવી અપ્રિય સ્ત્રીની જેમ ચક્રીએ તેનો ત્યાગ કર્યો.

પછી ચક્રીએ પોતાના વજ્રના મુદ્ગરવડે લંકાપતિ શતકંઠ રાજા ઉપર પ્રહાર કર્યો. તેના ઘાતનીવ્યથાથી રૂધિરનું વમન કરતો તે મૂર્છિત થઈ ગયો. તેવી અવસ્થાવાળા તેને ઇંદ્ર જેવા પરાક્રમવાળા ચક્રીએ [૧]વિદ્યા નિગડે કરીને વડવૃક્ષની સાથે દીન પશુની જેમ બાંધ્યો. પછી રાત્રિ થઈ એટલે ત્યાં પોતાના આરક્ષકોને રાખી લંકાપતિ શતકંઠ રાજાના સૈન્યને આશ્વાસન આપી પોતાની સેનામાં આવી નિઃશંક થયેલા ચક્રીએ નિદ્રાનું સુખ લીધું. તે વખતે શતકંઠ રાજા પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે—

" અહો ! સર્વ જીવો પોતે જ કરેલા કર્મવડે આલોક અને પરલોકમાં આવાં દુઃખો સહન કરે છે. તે વખતે ધ્યાનમાં રહેલા આ રાજવીનો મેં મૂઢે પરાભવ ન કર્યો હોત તો આ દુઃખ મને પ્રાપ્ત થાત નહીં. તેથી તેમાં મારો જ દોષ છે. જેમ આ કરેલું દુષ્ટ કર્મ તત્કાળ ફળદાયી થયું, તે જ રીતે આરંભાદિક વડે બાંધેલાં કર્મો પણ જરૂર ફળદાયક થશે, તેથી આ મહા આરંભવાળા રાજ્યનો ત્યાગ કરી હું દીક્ષા ગ્રહણ કરૂં. "

એ પ્રમાણે વિચારી ધીર બુદ્ધિવાળા તેણે તત્કાળ પોતાના મસ્તકનો પંચમુષ્ટિ લોચ કર્યો. તત્કાળ તે ભાવમુનિને શાસનદેવતાએ તેના બંધનો છેદીને મુનિવેષ આપ્યો. એટલે તે દ્રવ્ય અને ભાવ એમ બન્ને પ્રકારે સાધુ થયા. પછી સર્વને વિષે સમદષ્ટિવાળા તે રાજર્ષિ તે જ ઠેકાણે કાયોત્સર્ગે રહ્યા. " તેજ ભવમાં સિદ્ધિ પામનારા ધીર પુરૂષોને વિષે આ શતકંઠમુનિ મહા પરાક્રમી હતા. "

પ્રાતઃકાળે આ વૃત્તાંત રક્ષકો પાસેથી જાણી વિસ્મય પામેલા ચક્રીએ બન્ને સૈન્ય સહિત ત્યાં આવી તે મુનિને નમસ્કાર કર્યા. તે મુનિની સ્તુતિ કરી તથા તેને ખમાવી ચક્રીએ લંકામાં પ્રવેશ કર્યો. ત્યાં શતકંઠ રાજાના પુત્ર **શ્રીકંઠે** ચક્રીની આજ્ઞા અંગીકાર કરી, એટલે ચક્રીએ તેને લંકાના રાજ્યપર સ્થાપન કર્યો. શ્રીકંઠે તેને સર્વ ગુણવાળી સો કન્યાઓ આપી. તેની સાથે તે હર્ષથી પરણ્યો. પછી તેણે તે દ્વીપના બીજા સર્વ રાજાઓને લીલામાત્રથીજ જીતી લીધા.

ત્યારપછી સર્વ સ્ત્રીઓને લઈ તે ચક્રી વૈતાઢ્ય પર્વતપર ગયો, ત્યાં દક્ષિણ શ્રેણિમાં એક મોટા સરોવર ઉપર રહ્યો. તે સરોવરમાં વિદ્યાધર રાજાઓની ઉત્તમ રૂપવાળી

૧ વિદ્યાથી વિકુર્વેલી બેડી વડે અથવા વિદ્યારૂપી બેડી વડે.



હજાર કન્યાઓ ક્રીડા કરવા આવી હતી. તે સર્વે ચક્રી ઉપર રાગવાળી થઈ, તે જાણી ચક્રીએ તેમનું હરણ કર્યું, તે વૃત્તાંત પ્રતિહારીઓએ તેમના પિતાઓને જણાવ્યો, ત્યારે તે સર્વે વિદ્યાધર રાજાઓ ત્યાં આવી ચક્રીની સાથે યુદ્ધ કરવા લાગ્યા. તેમને ચક્રીએ કાગડાની જેમ નસાડી મુકયા.

આ અવસરે દક્ષિણ શ્રેણિમાં આવેલા **રથનૂપુર** નામના મુખ્ય નગરમાં સમગ્ર વિદ્યાધરોથી સેવાતો **વહ્નિવેગ** નામનો રાજા હતો. તેની પાસે તે સર્વ વિદ્યાધરોએ જઈ પોતાની કન્યાના હરણ સંબંધી વૃત્તાંત જણાવ્યો, કારણ કે તે તેમનો સ્વામી હતો. તેની વાત સાંભળી તે ખેચરેંદ્રે ક્રોધ પામી પોતાના દૂતદ્વારા ચક્રીને કહેવરાવ્યું કે—

"બળાત્કારથી હરણ કરેલી કન્યાઓને તજી દ્યો, અથવા યુદ્ધને માટે તૈયાર થાઓ." આ તેનું કહેવું ચક્રીએ ભૂખ્યાને નિમંત્રણ કરવા જેવું માન્યું. તેથી તે ચક્રી સૈન્ય સહિત રથનૂપુર નગર પાસે આવ્યો. તેના સામે બળથી ઉદ્ધત એવો વહ્નિવેગ પણ તત્કાળ યુદ્ધ કરવા નીકળ્યો. એટલે તે બન્નેના સૈન્યનું ભારે યુદ્ધ થયું. તેમાં વહ્નિવેગે પત્તિ અને હાથીઓ ઘણા મરણ પામેલા જોયા, એટલે દયા આવવાથી તેણે ચક્રીને કહ્યું કે—

"આપણે પરમ શ્રાવક થઈને શા માટે ફોગટ પત્તિ અને હાથીઓ વિગેરેને મરવા દેવા જોઈએ? સૈન્યના યુદ્ધથી સર્યું, વીરોમાં શ્રેષ્ઠ એવા આપણે બે જ દ્વંદ્વયુદ્ધ કરીએ, કારણ કે જીતવાની ઇચ્છાવાળા વીર પુરૂષો બીજા કોઇને વિજયનો સંવિભાગ આપવા ઇચ્છતા જ નથી."

આ પ્રમાણેનું તેનું કહેવું ચક્રીએ અંગીકાર કર્યું, તેથી તે બન્નેએ ચિર કાળ સુધી શર, ખડ્ગ, દંડ અને ગદાવડે યુદ્ધ કર્યું. પરંતુ સમાન પરાક્રમી હોવાથી કોઇએ કોઈને જીત્યો નહીં. બે સિંહનું યુદ્ધ થાય, તેમાં જલદીથી કોણ કોનાવડે જીતાય? ત્યારપછી ચક્રીએ ખેદ પામી ચક્રનું સ્મરણ કર્યું, એટલે તરતજ જાજ્વલ્યમાન ચક્ર તેની પાસે આવી હાજર થયું. ચક્રીએ સર્વ બળથી તે ચક્રવડે વહ્નિવેગને હૃદયમાં પ્રહાર કર્યો. તેથી પવનવડે ઉખેડાયેલા જીર્ણ વૃક્ષની જેમ તે વહ્નિવેગ મૂર્છા ખાઈ પૃથ્વીપર પડયો. તેને સાધર્મિક બુદ્ધિથી ચક્રી પોતાના વસ્ત્રના છેડાવડે પવન નાખવા લાગ્યો. થોડા વખતમાં બળવાન વહ્નિવેગ સંજ્ઞા પામી ઉભો થયો.

"વજ્રની કાયાવાળા વીરો શુદ્ધ શ્રાવકની જેમ ચિરકાળ સુધી મૂર્છાને ભજતા

૧ જેમ શ્રાવક ચિરકાળ સુધી મુર્છા એટલે પરિગ્રહને ભજતા નથી, તેમ વીરો મુર્છા એટલે અસંજ્ઞીપણાને ભજતા નથી.

નથી.” એ વખતે ચક્રીને પવન વીંઝતા જોઈ તેણે વિચાર કર્યો કે—“ જો મેં મારા પિતાની સાથે દીક્ષા લીધી હોત તો યુદ્ધમાં થયેલો આ પરાભવ મારે જોવાનો વખત આવત નહીં અને ચક્રવડે હણાઈને જો હું મરણ પામ્યો હોત તો અવશ્ય દુર્ગતિમાં જાત. કારણ કે પુણ્ય રહિત પ્રાણીઓની સદ્‌ગતિ કયાંથી થાય ? વળી આવી ચેષ્ટાથી આ ચક્રી અવશ્ય દયાળુ અને જૈનધર્મી ઉપર પ્રીતિવાળો જણાય છે. તેથી આને પ્રણામાદિકવડે સંતોષ પમાડી અવસરને ઉચિત કરૂં. ”

આ પ્રમાણે વિચાર કરી તેણે ચક્રીને કહ્યું કે—“ હે રાજા ! તમારી દયા અદ્‌ભુત છે, કે જે દયા પ્રગટ અપરાધ કરનાર એવા મારે વિષે પણ ઓછી થઈ નથી. હું સાધર્મીક બંધુની સાથે યુદ્ધ કરવા ઈચ્છતો નથી, મારૂં રાજ્ય તમે સુખેથી ગ્રહણ કરો, હું હવે ચારિત્ર અંગીકાર કરીશ. તમને મહા બળવાનને હું નમસ્કાર કરૂં છું.”

આ પ્રમાણેના તેનાં વચન સાંભળી ચક્રીએ કહ્યું કે—“ હે રાજેંદ્ર ! મારે તમારા રાજ્યનું કાંઈ પણ કામ નથી. તેને તમે સુખેથી ભોગવો. હું તો માત્ર પ્રણામને જ ઇચ્છું છું અને તે પ્રણામ તમે મને કર્યો છે.” આ પ્રમાણે વાતચીત થયા પછી વહ્નિવેગ ચક્રીને નમસ્કાર કરી પ્રાર્થના વડે તેને પોતાના નગરમાં લઈ ગયો. અને તેને પોતાની તથા અન્ય વિદ્યાધરોના કુળમાં ઉત્પન્ન થયેલી પાંચસો કન્યાઓ પરણાવી. પ્રથમ બળાત્કારે હરણ કરેલી તે કન્યાઓને પણ તેમના પિતાઓએ હર્ષથી તેમને જ આપી, અને દક્ષિણ શ્રેણિમાં રહેલા સર્વ વિદ્યાધરોએ તેમને પ્રણામ કર્યા. આજ્ઞાને વશ થયેલા બીજા વિદ્યાધરોએ પણ હસ્તી અશ્વાદિકના મોટા ભેટણાંપૂર્વક રૂપ અને યૌવનથી શોભતી હજારો કન્યાઓ આપી. પછી ચક્રીએ આઠ મુખ્ય નગરો વન્હિવેગને આપ્યાં, અને બીજાં નગરો બીજા વિદ્યાધરોને આપ્યાં. “ રાજરીતિ આવી જ હોય છે. ”

ત્યારપછી ચક્રીએ ઉત્તર શ્રેણિમાં જઈ ત્યાંના તમામ વિદ્યાધરોને લીલામાત્રથી જ જીતી લીધા અને તેઓએ ભેટણા સહિત આપેલી હજાર કન્યાઓને તે પરણ્યો. આ પ્રમાણે ચક્રીને યૌવન અને રૂપ વિગેરે ગુણોએ કરીને શ્રેષ્ઠ અને સ્વયંવરથી પ્રાપ્ત થયેલી કુલ સોળ હજાર પત્નીઓ થઇ. પ્રથમ આ ચક્રીએ જે કામિતકરી વિદ્યા આરાધી હતી, તેના બળથી તેણે વિષમ વૈરીઓને પણ જીતી લીધા. એ પ્રમાણે સર્વ રાજાઓને જીતી મહોત્સવવડે પોતાના નગરમાં જઈ ચક્રાયુધ રાજા ચક્રવર્તીની જેમ સંપૂર્ણ રાજ્યલક્ષ્મીને ભોગવવા લાગ્યો.

અહીં બુદ્ધિમાન વન્હિવેગ રાજા પોતે પરાભવ પામ્યો, ત્યારથી જ વૈરાગ્ય પામેલો

અને સંસારથી વિરતિ પામેલો હોવાથી દીક્ષા લેવાની ઇચ્છાવાળો થઈ ગુરૂના આગમનની અત્યંત રાહ જોવા લાગ્યો. તેવામાં એક દિવસ પોતાના જ પિતા ચાર જ્ઞાનને ધારણ કરનાર **મહાવેગ** નામના ગુરૂને પોતાના નગરના ઉદ્યાનમાં આવેલા સાંભળી તે રાજા હર્ષ પામ્યો. તરતજ ત્યાં જઈ તે ગુરૂને વાંદી બુદ્ધિના નિધાનરૂપ તે વન્હિવેગે સાતસો સ્ત્રીપુરૂષો સહિત તે ગુરૂની પાસે દીક્ષા ગ્રહણ કરી.

શ્રીચંદ્ર, વન્હિવેગ અને સહસ્રાયુધ આ ત્રણે રાજર્ષિઓ ચારિત્રના પ્રભાવથી તે જ ભવમાં મોક્ષે ગયા. લંકાનો સ્વામી શતકંઠ રાજા પણ સંયમ લેવાથી પાંચમે ભવે મોક્ષ પામ્યો. આ પ્રમાણે હે પંડિતો ! ચારિત્ર ધર્મનો પ્રભાવ તમે જાણો અને આદરો.

નિષ્કલંક ગૃહસ્થધર્મ પાળવાથી વિદ્યાધર રાજા ચક્રાયુધે આ ભવમાં ઉપમા રહિત મોટી રાજ્યલક્ષ્મી ભોગવી. 'શુદ્ધ ધર્મનો મહિમા પ્રમાણ રહિત છે.' સમુદ્રાદિકના જળ વિગેરે પ્રમાણવાળા હોય છે, કલ્પવૃક્ષ વિગેરે પરિમિત પ્રભાવવાળા હોય છે અને વૃક્ષો પણ પરિમિત ફળોને જ આપનાર હોય છે; તેથી આ ત્રણે પ્રકારે પણ ધર્મની જયલક્ષ્મીનું પ્રમાણ થઈ શકતું નથી.

આ પ્રમાણે તપગચ્છના નાયક શ્રીમુનિસુંદર સૂરિએ રચેલા જયશ્રીના ચિન્હવાળા શ્રીજયાનંદ રાજર્ષિના ચરિત્રને વિષે સહસ્રાયુધ વિગેરે ચાર રાજર્ષિના ચરિત્રવડે ચારિત્રધર્મના મહિમાના વર્ણનવાળો તથા શ્રાવકધર્મને પાળનાર શ્રીચક્રાયુધ રાજાના ચરિત્રના વર્ણનવાળો આ ત્રીજો સર્ગ સમાપ્ત થયો. ૩.

# चतुर्थः सर्गः

**देवकुलपाटकमणिः, श्रीऋषभः श्रेयसां ततिस्तन्यात् ।**
**मूर्त्तेरपि यस्यादेः, महिमाद्यैर्वेत्ति नो कश्चित् ॥ १ ॥**

---

આ જ ભરતક્ષેત્રને વિષે **વિજયપુર** નામનું નગર છે. તે પોતાની લક્ષ્મીની શોભાવડે સર્વ નગરોનો વિજય કરવાથી સાર્થક નામવાળું છે. સ્વર્ગના અર્થીઓને દાનાદિક પુણ્યકાર્યમાં આદરની વૃદ્ધિ થાય તેટલા માટે જ જાણે પૃથ્વીપર વિધાતાએ સ્વર્ગની વાનકી બતાવી હોય એમ તે નગર શોભે છે.

તે નગરનાં ચૈત્ય, દુકાનો, કોટ, ક્રીડાવાપી અને વનની લક્ષ્મીને જોઈ દેવો પોતાના નેત્રની અનિમેષતાની પ્રશંસા કરવા લાગ્યા. તે નગરમાં ધર્મ અને અધર્મનાં ફળ પ્રત્યક્ષપણે જોઈ તત્ત્વને વિષે શ્રદ્ધા થવાથી કોઈ પણ મનુષ્ય નાસ્તિકમતવાળો નહોતો. તે નગરમાં જયલક્ષ્મીવડે શોભતો **જય** નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને શત્રુને જીતનાર **વિજય** નામનો યુવરાજ ભાઈ હતો. તે બન્ને સૂર્ય અને ચંદ્રની જેમ સત્ય ન્યાયરૂપી કાંતિવડે પૃથ્વીને પ્રકાશિત કરતા હતા, તેથી કોઈ પણ ઠેકાણે અનીતિરૂપી અંધકાર પ્રસરતો નહોતો.

લોકને વિષે શ્રેષ્ઠ એવા તે બન્ને ભાઈઓ મિત્ર ઉપર ખુશી થયા છતાં અને શત્રુપર ક્રોધાયમાન થયા છતાં પણ તે બન્ને [1]ક્ષિતિ આપતા હતા, છતાં પણ તેઓ વિવેકી ગણાતા હતા. વિધાતાની આજ્ઞાથી બે અશ્વિનીકુમાર વૈદ્યો સંધિવિગ્રહાદિક છ ગુણના પ્રયોગરૂપી ઔષધવડે સર્વ પ્રકારના ભયરૂપી વ્યાધિઓનો વિનાશ કરવા માટે જ જાણે પૃથ્વીપર ઉતર્યા હોય નહીં તેમ તે બન્ને ભાઈઓ શોભતા હતા.

તે બન્ને ભાઈઓને અનુક્રમે **વિમળા** અને **કમળા** નામની પ્રિયાઓ હતી. તે જાણે કે બન્ને ભર્તારના સર્વ કાર્યને જોનારી રાજ્યલક્ષ્મીની બે દૃષ્ટિઓ હોય તેવી શોભતી હતી. મહાદેવે બાળી નાંખેલા કામદેવનો ત્યાગ કરી તેની બે સ્ત્રીઓ રતિ અને

---

૧ મિત્ર અને શત્રુ એ બન્નેને ક્ષિતિ એટલે પૃથ્વી આપવાથી તેઓ વિવેકી ગણાવા ન જોઈએ તેથી આ વિરોધાભાસ અલંકાર થયો. તેનો પરિહાર કરવા માટે આવો અર્થ કરવો.–મિત્રને ક્ષિતિ એટલે પૃથ્વી અને શત્રુને ક્ષિતિ એટલે ક્ષય–વિનાશ આપતા હતા.

પ્રીતિ [1]નિઃસપત્ન સુખ મેળવવા માટે આ વિમળા અને કમળાના મિષથી જૂદા જૂદા ભર્તારને પામી હોય એમ લાગતું હતું અને રતિ પ્રીતિની જેવી તે સૌંદર્યવાળી હતી.

એક સમયે રાત્રે સુખે સુતેલી વિમળાએ આ પ્રમાણે સ્વપ્ન જોયું કે—' સિંહ સહિત ભુંડ પોતાની પાસે આવ્યો. તેમાં ભૂંડ પોતાના ખોળામાં બેઠો અને સિંહ કોઈ અન્ય સ્થળે ચાલ્યો ગયો. ' આવું સ્વપ્ન જોઈ જાગી ગયેલી વિમળાએ તે સ્વપ્ન યથાર્થ રીતે ભર્તારને કહી બતાવ્યું. તે સાંભળી જય રાજાએ તેણીને કહ્યું કે—" ગુણે કરીને ભૂંડના જેવો તારે પુત્ર થશે અને ગુણે કરીને સિંહના જેવો પુત્ર કોઈ બીજી સ્ત્રીને થશે. પરંતુ તે બન્ને પુત્રોને પરસ્પર પ્રીતિથી સાથે રહેવાનું થશે. " આ પ્રમાણે સ્વપ્નનું ફળ સાંભળી વિમળા હર્ષ અને ખેદ યુક્ત થઇ.

અહીં વસુસાર. પુરોહિતનો જીવ કે જે ધૂમકેતુ સુર થયો હતો તે પોતાનું જ્યોતિષ્કનું આયુષ્ય પૂર્ણ કરી તે જ રાત્રિને વિષે વિમળાની કુક્ષિમાં ઉત્પન્ન થયો. તે ગર્ભના પ્રભાવથી તેની માતા વિમળાને હિંસા અને દ્વેષ વિગેરે કરવાના દોહદો ઉત્પન્ન થયા, તથા ક્રૂરતા, અન્યાય અને કઠોરતા વિગેરે દોષો ઉત્પન્ન થયા. અનુક્રમે ગર્ભસમય પૂર્ણ થયે વિમળા રાણીએ પુત્ર પ્રસવ્યો. દાસીએ રાજાને તેની વધામણી આપી ત્યારે રાજાએ તેણીને મોટું દાન (ઈનામ) આપી પુત્રનો જન્મ મહોત્સવ કર્યો. તેની માતાએ સ્વપ્નમાં માત્ર સિંહને જ જોયો ન હતો, તો પણ પુત્રને સિંહના ગુણો પ્રાપ્ત થાય તેવી આશાથી રાજાએ તેનું **સિંહસાર** નામ પાડયું.

એક દિવસ કમળા પણ રાત્રિએ સુખ સહિત સૂતી હતી, તે વખતે તેણીએ આ પ્રમાણે સ્વપ્ન જોયું કે—" સિંહ અને ભૂંડ બન્ને પોતાની પાસે આવ્યા. તેમાંથી ભૂંડ કોઈ અન્ય સ્થળે ચાલ્યો ગયો, અને સૌમ્ય દૃષ્ટિવાળો તથા બળવાન એવો સિંહ તેના ખોળામાં બેઠો." આ પ્રમાણે સ્વપ્ન જોઈ કમળા જાગી ઊઠી, તેણીનું શરીર હર્ષથી ઉચ્છ્વાસ પામ્યું, પછી તેણીએ તે સ્વપ્નનું વૃત્તાંત પોતાના પતિને કહ્યું. તે સાંભળી યુવરાજે તેણીને કહ્યું કે—" તારે સિંહ જેવો પુત્ર થશે, અને ભૂંડના જેવો પુત્ર કોઈ બીજી સ્ત્રીને થશે. " આ પ્રમાણે સ્વપ્નનું ફળ સાંભળી કમળા અત્યંત હર્ષ પામી.

તેજ સમયે મતિસાગર મંત્રીનો જીવ કે જે મહાશુક્ર દેવલોકમાં દેવ થયો હતો, તે મોટા સુખવડે પોતાનું દશ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી ત્યાંથી ચવી તે જ

---

૧ શોકય રહિત એવી સ્ત્રીને જે સુખ છે તે સુખ.

રાત્રિએ કમળાની કુક્ષિને વિષે ઉત્પન્ન થયો. ગર્ભ વૃદ્ધિ પામતાં તેણીને ધર્મ અને શૂરતાને અનુસરતા જે જે શુભ દોહદો ઉત્પન્ન થયા, તે સર્વે યુવરાજે પૂર્ણ કર્યા. અનુક્રમે ગર્ભસમય પૂર્ણ થતાં નંદનવનની ભૂમિ જેમ કલ્પવૃક્ષને અને પૂર્વ દિશા જેમ સૂર્યને જન્મ આપે તેમ કમળારાણીએ શુભ લગ્ને કાન્તિ વડે દેદીપ્યમાન એવા પુત્રરત્નને જન્મ આપ્યો.

હવે **શંખપુર** નામના નગરનો અધિપતિ **માનવીર** નામનો રાજા હતો. તે જય રાજાનો શત્રુ હતો, તેને જીતવા માટે જય રાજા જવાને તૈયાર થયો. તેને વિનયથી નિવારી યુવરાજ સૈન્ય સહિત શીઘ્રપણે જઈ યુદ્ધ વડે તેને બાંધી જય રાજા પાસે લઈ આવ્યો. આ સમયે દાસીએ આવી રાજા અને યુવરાજને વધામણી આપી કે—

"હે સ્વામિન્ કમળારાણીએ હમણાં તેજસ્વી પુત્રને જન્મ આપ્યો છે." તેવામાં બીજી દાસી આવી. તેણીએ બન્ને રાજાને વધામણી આપી કે—"જન્મ પામેલા પુત્રનું નાભિનાળ દાટવા માટે પૃથ્વી ખોદતાં રત્નથી પરિપૂર્ણ એક કુંભ પ્રગટ થયો છે." તે સાંભળી તે બન્ને ભાઈઓએ હર્ષ પામી તે નિધાનનો કુંભ સેવકો પાસે મહેલમાં મંગાવ્યો. રત્નથી ભરેલા તે કુંભને પોતાના પિતાના નામના ચિન્હવાળો જોઈ બંને જણ બોલ્યા કે,

"અહો ! આ નિધિ નષ્ટ થયો હતો તે પુત્રના પુણ્યથી પાછો પ્રગટ થયો છે." ત્યારપછી શત્રુનો જય, પુત્રની પ્રાપ્તિ તથા લક્ષ્મીની પ્રાપ્તિ એ ત્રણ કારણથી ઉત્પન્ન થયેલા હર્ષવડે તે બન્ને ભાઈઓએ બન્ને દાસીઓને ઇચ્છા પ્રમાણે દાન આપ્યું. ત્યારપછી તે બન્નેએ હર્ષથી પુત્રજન્મના ઉત્સવોની પરંપરા કરી. તે ઉત્સવની પરંપરા ચોતરફથી અપરિમિત વધામણાં આવવાથી મનોહર દેખાતી હતી. બંદીજનો જય જય શબ્દ કરી રહ્યા હતા, ગીત અને નાટ્યવડે મનોહર લાગતી હતી, તેમાં એકીવખતે વગાડેલા અનેક વાજિંત્રોના શબ્દવડે દિશાઓ પણ મધુર શબ્દ કરતી હતી, વળી મોટાં દાનો દેવાતાં હોવાથી સમગ્ર પ્રજા પણ આનંદ પામતી હતી, તથા તે ઉત્સવની શ્રેણિમાં ઇચ્છાનુસાર ધનની પ્રાપ્તિથી પ્રસન્ન થયેલા યાચકો શુભાશીષ દેતા હતા. તે વખતે માનવીર રાજાએ તે બન્ને રાજાને દંડ આપી તેમની આજ્ઞા અને સેવા અંગીકાર કરી. તેથી તેમણે તેને છોડી મૂક્યો, તથા બીજા પણ બંદીખાને રહેલા સર્વ કેદીઓને છોડી મૂક્યા.

આ પુત્રનો જન્મ શત્રુનો વિજય કરનાર હોવાથી તથા દાન અને સન્માનાદિકવડે સર્વ જનોને આનંદદાયક હોવાથી તે બન્ને રાજાઓએ પ્રસન્ન થયેલા સર્વ સ્વજનોની

સંમતિથી સર્વ શુભ લક્ષણોવડે શોભતા અને ભાગ્ય તથા સૌભાગ્યના સમૂહવાળા તે પુત્રનું **શ્રીજયાનંદ** એવું નામ પાડયું.

ત્યારપછી ધાવમાતાઓવડે લાલનપાલન કરાતા તે રાજા અને યુવરાજના બન્ને પુત્રો માતાપિતાના મનોરથોની સાથે વૃદ્ધિ પામવા લાગ્યા. અનુક્રમે વિચિત્ર પ્રકારનાં રમકડાંઓવડે ક્રીડા કરતા તથા પ્રાયે કરીને સાથે જ રહેતા તે બન્ને કુમારો કળા ગ્રહણ કરવાને યોગ્ય થયા, એટલે તે બન્નેને રાજાએ બુદ્ધિમાન કળાચાર્યને સોંપ્યા. કળાચાર્યે પણ અનુક્રમે શાસ્ત્ર અને શસ્ત્રને અનુસરતી સર્વ કળાઓ તેમને શીખવી. તેમાં આચાર્યના જ્ઞાન પ્રમાણે અને પોતાના ભાગ્ય પ્રમાણે તે બન્ને કુમારો કળામાં નિપુણ થયા. રાજાએ ધનાદિકવડે આચાર્યનો સારી રીતે સત્કાર કર્યો.

હવે યુવાવસ્થાને પામેલા તે બન્ને કુમારો સાથે જ ઋતુને અનુસરી ઉચિતતા પ્રમાણે ક્રીડા કરવાના સરોવર, વાવ અને વનાદિકને વિષે મિત્રો સહિત ક્રીડા કરવા લાગ્યા. કુળાદિક સામગ્રી સરખી છતાં પણ તે બન્ને કુમારની પ્રકૃતિમાં મોટો તફાવત હતો. કારણ કે મનુષ્યનો સ્વભાવ કર્મના ભેદને લઈને ભિન્ન ભિન્ન પ્રકારનો હોય છે.

સિંહસાર કુમાર ક્રૂરતામાં આસક્ત, અન્યાયાદિકવડે લોકોને ઉદ્વેગ પમાડનાર, ધર્મરહિત, દુર્ભાગી, કાંઈક અવિનયવાળો અને અપ્રિયંવદ એટલે કઠોર વચન બોલનારો હતો. અને યુવરાજનો પુત્ર જયાનંદ તો રૂપવડે કામદેવનો તિરસ્કાર કરનાર, લીલાવડે મનોહર લાવણ્યે કરીને સારા ભાગ્યવાળો, ધર્મને વિષે શુદ્ધ બુદ્ધિવાળો, વિનયવાળો, સત્ય વાણી બોલનારો, શૂરવીર, પરોપકારી, પ્રિય વચન બોલનારો, સ્વભાવે ઉદાર, સર્વજ્ઞના ધર્મનો રાગી, કૃતજ્ઞ અને લોકપ્રિય હતો.

લોકોના મુખથી શ્રીજયાનંદ કુમારના ગુણોને સાંભળી સિંહસાર કુમાર પોતાના મનમાં ખેદ પામી શ્રી જયાનંદ કુમાર ઉપર કૃત્રિમ પ્રીતિ રાખવા લાગ્યો. પરંતુ શ્રી જયાનંદ કુમાર તો સ્વભાવથી જ સરળ બુદ્ધિવાળો અને ગુણને વિષે જ એક દષ્ટિવાળો હોવાથી તે સિંહસાર કુમાર ઉપર પણ અકૃત્રિમ પ્રીતિને ધારણ કરતો હતો. કહ્યું છે કે—

"सर्वो हि स्वानुमानेन, गुणान् दोषांश्च पश्यति ।
ईक्षते गुणिनं गुण्यः, सर्वं पापश्च पापकम् ॥"

"સર્વ કોઈ મનુષ્ય પોતાના અનુમાને કરીને ગુણ અને દોષ જુએ છે. ગુણી માણસ સર્વને ગુણી જુએ છે અને પાપી માણસ સર્વને પાપી જુએ છે."

એક દિવસ તે બન્ને કુમારો વસંત ઋતુમાં ક્રીડા માટે ઉદ્યાનમાં રાત્રી રહ્યા હતા.



ત્યાં રાત્રીને સમયે તેમણે કોઈ ઠેકાણે દિવ્ય ગીત અને વાજિંત્રનો ધ્વનિ સાંભળ્યો. એટલે તરત જ સાહસિક એવા તે કુમારો કૌતુકથી તે શબ્દને અનુસારે ચાલતાં દૂર રહેલા ક્રીડાપર્વતના શિખરપર પહોંચ્યા. ત્યાં કાયોત્સર્ગ કરી ધ્યાનમાં લીન થયેલા કોઈ મુનિની પાસે કાંતિવડે સૂર્યનો તિરસ્કાર કરનાર એક દેવ, દેવીઓ સહિત તેમના જોવામાં આવ્યો. તે દેવ પડહ વગાડતો હતો, એક દેવી નૃત્ય કરતી હતી, તથા બીજી ત્રણ દેવીઓ અનુક્રમે તાલ, વીણા અને વાંસળી વગાડતી હતી. તે સર્વે ઘણી ભક્તિથી સાધુના ગુણ ગાતા હતા.

આ પ્રમાણે ત્યાં તે બન્ને કુમારોએ વિશ્વને મોહ પમાડનારૂં નાટક જોયું. તેવામાં સમતાભાવે રહેલા તે મુનિને શુક્લધ્યાનના પ્રભાવથી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તે વખતે ચારે નિકાયના દેવતાઓ ત્યાં આવ્યા. તેઓ વાજિંત્રના નાદ સહિત કેવળજ્ઞાનનો ઉત્સવ કરી, કેવળીને નમસ્કાર કરી તેમણે વિકુર્વેલા સુવર્ણ કમળપર બેઠેલા તે કેવળજ્ઞાનીની સન્મુખ બેઠા.

તે કેવળજ્ઞાની ભગવંતે સર્વ દેવોને તથા બન્ને કુમારને ધર્મલાભનો આશીર્વાદ આપી તેમને સમક્તિ અને અણુવ્રતથી આરંભી વિસ્તારથી ધર્મ કહ્યો. તે વખતે શ્રી જયાનંદ કુમારે સમક્તિ ગ્રહણ કર્યું, પછી ગુરૂને પૂછ્યું કે—"હે સ્વામી! જે દેવ આપની પાસે નાટક કરતો હતો તે કોણ છે?" ત્યારે કેવળજ્ઞાની ભગવંતે કહ્યું કે—તેનો વૃત્તાંત કહું તે સાંભળો.

## જીવદયા ઉપર ભીમ અને સોમની કથા

હું વૈતાઢ્ય પર્વત ઉપર વિદ્યાધરોને વિષે અગ્રેસર **જયંત** નામનો રાજા હતો. એક દિવસ સૂર્યને ગ્રહણ થયેલ જોઈ તત્કાળ પ્રતિબોધ પામી મેં દીક્ષા ગ્રહણ કરી. અનુક્રમે હું શ્રુતનો પારગામી થયો. એક દિવસ ગુરૂની આજ્ઞાથી એકલવિહારી થઈ ચોમાસામાં વિંધ્યાચળ પર્વતની ગુફામાં ચાર માસના ઉપવાસ કરી ચોમાસું રહ્યો.

આ ગુફાથી બે યોજન દૂર ગિરિદુર્ગ નામનું નગર છે, ત્યાં **સુનંદ** નામનો રાજા રાજ્ય કરે છે. તે રાજાને **ભીમ** અને **સોમ** નામના બે સુભટ સેવકો છે. ગુફાથી એક ગાઉ દૂર તે રાજાનું ગોકુળ રહેલું છે. તે ગોકુળનું રક્ષણ કરવા માટે રાજાની આજ્ઞાથી તે બન્ને સેવકો ઘણે ભાગે ત્યાં જ રહે છે.

એક દિવસ તે બન્ને શિકાર કરવા માટે ગુફાની પાસે આવ્યા. ત્યાં મૃગના ટોળાંને

જોઈ તેમણે તેના પર ઘણાં બાણો મૂકયાં, પરંતુ નજીક છતાં પણ એકે બાણ કોઈ પણ મૃગને લાગ્યું નહીં. તે પ્રમાણે જોઈ તે બન્ને રાજસેવકો વિસ્મય પામ્યા. પછી તે મૃગનું ટોળું મારી પાસે આવ્યું અને હર્ષથી ધર્મદેશના સાંભળવા લાગ્યું. તેની પાછળ ચાલતા તે સેવકો પણ ત્યાં આવ્યા, અને મને જોઈ તેઓએ વિચાર્યું કે—

"ખરેખર આ મુનિના મહિમાથીજ મૃગલાઓને આપણાં બાણો લાગ્યાં નહીં. કારણ કે તપસ્વીઓ સમગ્ર જગતના પ્રાણીઓને નિગ્રહ અને અનુગ્રહ કરવાને સમર્થ હોય છે." આ પ્રમાણે વિચારી હૃદયમાં વિસ્મય તથા ભયને પામેલા તે બન્નેએ મને પ્રણામ કર્યા. અને કહ્યું કે—

"હે તપસ્વી! અમારા અપરાધને ક્ષમા કરશો, અમને ભસ્મસાત્ કરશો નહીં, અમે તમારા મૃગોને મારશું નહીં." તે સાંભળી મેં કૃપાથી ધર્મલાભની આશિષવડે તેમને આનંદ પમાડી કહ્યું કે—"તમને અભય હો. પરંતુ તમે ધર્મનું રહસ્ય સાંભળો. જીવોને હંમેશાં સુખજ પ્રિય હોય છે. અને સર્વે જીવો જીવિતને જ ઇચ્છે છે. તેથી તે જીવોના જીવિતનું હરણ કરવાથી તમે નરકના અતિથિ થશો. પ્રાણીઓનું માંસ ખાવાથી, પરસ્ત્રી પ્રત્યે ગમન કરવાથી અને પંચેંદ્રિય પ્રાણીનો વધ કરવાથી જીવની અવશ્ય નરક ગતિજ થાય છે; અને હિંસા નહીં કરવાથી પ્રાણીઓને ઉત્કૃષ્ટ આરોગ્ય, આયુષ્ય બળ, યશ, રૂપ, નિત્યસુખ અને કલ્યાણ પ્રાપ્ત થાય છે."

આ પ્રમાણે ધર્મ સાંભળી તે બન્ને બુદ્ધિમાન રાજસેવકો પ્રતિબોધ પામી સમકિત સહિત પહેલું અણુવ્રત અને માંસના આહારનો નિષેધ અંગીકાર કરી અમને હર્ષથી અને ભક્તિથી વાંદી પોતાને સ્થાને ગયા અને અંગીકાર કરેલા તે ધર્મને નિરંતર પાળવા લાગ્યા.

એક દિવસ મિથ્યાદૃષ્ટિ અને હિંસક એવા તેમના રાજાએ કોઈની પાસેથી તેમનો આ વૃત્તાંત સાંભળી ક્રોધથી તેમને આજ્ઞા આપી કે—"હે સેવકો! મને આજે મૃગનું માંસ ખાવાની ઈચ્છા થઈ છે, તેથી તમે બન્ને વનમાં જઈ જલદીથી જૂદો જૂદો શિકાર કરી મૃગોને મારી લાવો."

આ પ્રમાણે રાજાની આજ્ઞા સાંભળી "આજે તો મૃગો મળ્યા જ નહીં એવો ઉત્તર આપશું" એમ વિચારતા તે બન્ને સેવકો વનમાં ગયા. ત્યાં દૈવયોગે મૃગોને જોઈ ભીમે વિચાર કર્યો કે "જો આ મૃગોને હું હણું તો મારા વ્રતનો ભંગ થાય છે અને જો નથી હણતો તો સ્વામીના કોપનું પરિણામ ભયંકર આવવા સંભવ છે. અથવા તો હું પરતંત્ર છું, તેથી મને વ્રતભંગનો દોષ કાંઈપણ લાગશે નહીં. વળી વ્રતનું ફળ તો પરલોકમાં મળશે, પણ સ્વામીનો કોપ તો આજે જ ફળશે."



"આ પ્રમાણે વિચારી સોમે તેનો ઘણી રીતે નિષેધ કર્યો તોપણ તે ભીમે બાણો વડે મૃગોને હણી તેને લઈ જઈ રાજાને આપ્યા. હવે સોમે વિચાર કર્યો કે "મારા પ્રાણના રક્ષણને માટે મારે અન્યના પ્રાણ શા માટે હરવા જોઈએ? જેમ મારા પ્રાણ મને પ્રિય છે, તેમ અન્ય પ્રાણીઓને પણ પોતાના પ્રાણ પ્રિયજ હોય છે. રાજા કોપ કરો કે ન કરો, અથવા મારા પ્રાણ હરો કે ન હરો. પરંતુ હું તો મૃગને મારી મારૂં વ્રત ભાંગીશ નહીં. કહ્યું છે કે—

" निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु, लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा, न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः ॥ "

"નીતિમાં નિપુણ પુરૂષો નિંદા કરો અથવા સ્તુતિ કરો, લક્ષ્મી પ્રાપ્ત થાઓ અથવા તેની ઇચ્છા પ્રમાણે ચાલી જાઓ, આજે જ મરણ થાઓ અથવા બીજા યુગમાં મરણ થાઓ, તોપણ ધીર પુરૂષો ન્યાયના માર્ગથી કદાપિ ચલાયમાન થતા નથી."

" निमित्तमासाद्य जवेन किञ्चन, स्वधर्ममार्गं विसृजन्ति बालिशाः ।
तपश्रुतज्ञानधनास्तु साधवो, न यान्ति कृच्छ्रे परमेऽपि विक्रियाम् ॥ "

"અજ્ઞાની મનુષ્યો કાંઇક નિમિત્તને પામીને તત્કાળ પોતાના ધર્મમાર્ગને છોડી દે છે, પરંતુ તપ, શ્રુત અને જ્ઞાનરૂપી ધનવાળા સત્પુરૂષો મોટું કષ્ટ આવ્યા છતાં પણ વિક્રિયા પામતા નથી."

આ પ્રમાણે વિચાર કરી તે સત્ત્વવાળો સોમ મૃગોને લીધા વિના નગરમાં આવી 'આજે મૃગનો લાભ થયો નહીં' એમ રાજાને ઉત્તર આપી પોતાને ઘેર ગયો. રાજાએ ભીમનું લાવેલું મૃગનું માંસ કંઠપર્યંત ખાધું. અને તેનાપર તુષ્ટમાન થઈ તેને પોતાની આજ્ઞા પાળવામાં તત્પર છે એમ જાણ્યો. પછી રાજાએ તેને પૂછ્યું કે—"સોમ મૃગોને કેમ ન લાવ્યો?" ત્યારે ઈર્ષાથી સત્ય હકીકત કહી. તે સાંભળી રાજાએ ગુસ્સે થઈને કહ્યું કે—

"હે ભીમ! તું મારા સુભટો લઈને જા અને મારી આજ્ઞાનો લોપ કરનાર તે સોમને જલદીથી હણી નાખ, હું તને એક શ્રેષ્ઠ ગામ આપીશ."

આ પ્રમાણે સાંભળી ગામના લોભથી ભીમ રાજાએ હુકમ કરેલા સુભટોની સાથે આયુધ ઉંચાં કરી સોમને હણવા તેને ઘેર ગયો. તેટલામાં પ્રથમથીજ શંકાવાળો સોમ કોઈ મનુષ્ય પાસેથી તેને આવતો જાણી પર્વતપર નાસી જવા માટે નગરની બહાર નીકળી ગયો. સુભટોથી પરિવરેલો ભીમ પણ તેની પાછળ દોડયો. અને નજીકમાંજ ભયથી વિહ્વળ થયેલા સોમને નાસતો જોયો. એટલે "અરે દુષ્ટ! ઉભો રહે. યમરાજ

જેવો રાજા ક્રોધાયમાન થયેલો છે, તેથી તું કેટલી ભૂમિ આગળ જઈ શકીશ? તું હણાયો જ છે એમ સમજ. અમે હમણાં જ તારી ભેળા થઈ જઈશું."

"ઇત્યાદિક ભીમ વગેરે સુભટોના સમૂહની કર્ણકટુક વાણી સાંભળી ભયથી મનમાં વ્યાકુળ થયેલો સોમ વિશેષે કરીને જલદીથી નાસવા લાગ્યો. તેટલામાં અકસ્માત્ માર્ગમાં ચારે બાજુ ચાલતી અને સ્થિર ધીચોધીચ રહેલી અત્યંત સૂક્ષ્મ એવી લાખો દેડકીઓ તેના જોવામાં આવી. તે જોઈ દયાળુ સોમે વિચાર કર્યો કે—

"જો હું જલદીથી પર્વત ઉપર જઈશ, તો આ સુભટો મને ગ્રહણ કરી શકશે નહીં. કારણ કે આ પર્વતનો વિષમ અને ઉંચો પ્રદેશ અહીં નજીકમાં જ છે. પરંતુ જલદી ચાલવાથી મારા પગવડે આ દેડકીઓ મરી જશે, માટે અંગીકાર કરેલા વ્રતને તો પ્રાણનો ત્યાગ થાય તો પણ હું તજીશ નહીં."

ઇત્યાદિક વિચારીને સાગારી અનશન ગ્રહણ કરી તે સાત્વિક સોમ કાયોત્સર્ગવડે ત્યાંજ સ્થિત થઈ પરમેષ્ઠિના ધ્યાનમાં રહ્યો. તેટલામાં ભીમ વિગેરે ક્રૂર સુભટો તેની પાસે આવી પહોંચ્યા, અને તેને હણવાની ઇચ્છાથી તેના પર તેઓએ વિવિધ પ્રકારના શસ્ત્રોના પ્રહારો કર્યા. પરંતુ તેના શરીર ઉપર એક પણ શસ્ત્રનો પ્રહાર લાગ્યો નહીં. ઉલટી આકાશમાંથી તેના પર પુષ્પની વૃષ્ટિ થઈ અને આકાશમાં દુંદુભિનો શબ્દ થયો.

આવી હકીકત જોઈ તેઓ હૃદયમાં વિસ્મય પામ્યા, તેટલામાં તેમના મસ્તકપર ચોતરફથી પથ્થરો પડવા લાગ્યા. તે પથ્થરોથી હણાતા તેઓ આક્રંદ કરતા અને ભયથી વિહ્વળ થયા છતા એકદમ પાછા વળીને ગામ ભેગા થઈ ગયા અને તે વૃત્તાંત યથાર્થપણે રાજાને કહ્યો. ત્યારપછી દેદીપ્યમાન શરીરવાળી કોઈ દેવી સોમની પાસે આવી, અને તેના ધર્મથી તુષ્ટમાન થયેલી તે સર્વ દેડકીઓને હરી લઈ બોલી કે—

"હે ધીર! કાયોત્સર્ગને પારી લે, મેં આ દેડકીઓ દેખાડીને તારા અંગીકાર કરેલા વ્રતની–સ્થિરતાની પરીક્ષા કરી છે. પ્રાતઃકાળે તને રાજ્ય મળશે. હમણાં તું અહીં નજીકમાં મુનિ છે તેની પાસે જા, રાત્રિએ ત્યાં જ રહેજે." આ પ્રમાણે કહીને દેવી અદૃશ્ય થઈ.

ત્યારપછી આ સઘળો વૃત્તાંત જાણી હર્ષથી વ્યાપ્ત થયેલો સોમ કાયોત્સર્ગ પારીને અહીં આવી મને નમ્યો. પછી જ્યારે રાત્રી થઈ ત્યારે વિસ્મય પામેલા તે સોમે મને પૂછયું કે—"હે ભગવાન! મને જીવિત આપનારી તે દેવી કોણ હતી?" મેં ઉત્તર આપ્યો કે—

"તે આ ગુફાની અધિષ્ઠાયિકા દેવી છે. મારા ઉપદેશથી તે ધર્મ પામી છે, તેથી તે મારાપર ઘણી ભક્તિ રાખે છે. તમે બંનેએ ધર્મ અંગીકાર કર્યો તે વાત જાણીને

તેણીએ મને પૂછયું હતું કે—"હે ભગવાન ! શું આ બન્ને પુરૂષો અંગીકાર કરેલા ધર્મને બરાબર પાળશે ?"

મેં કહ્યું કે—"પહેલો (ભીમ) ધર્મની વિરાધના કરશે અને બીજો વ્રતનો આરાધક થશે." ત્યારપછી આજે અવસર મળવાથી તે દેવીએ તારી પરીક્ષા કરી અને તે તારાપર પ્રસન્ન થઈ." આ પ્રમાણે સાંભળી સોમ હર્ષિત થયો. પછી મેં કહેલા વિવિધ પ્રકારના જીવાદિકના વિચારોને સાંભળી હૃદયમાં ધારણ કરી તેણે રાત્રી નિર્ગમન કરી.

અહીં દેવતાએ કરેલી સોમની રક્ષા વિગેરેનો વિચાર કરી ભય પામેલા રાજાને માંસ ખાવાના અજીર્ણથી રાત્રીએ ગૂઢ વિસૂચિકાનો વ્યાધિ ઉત્પન્ન થયો, અને તે રાત્રીમાં જ મરણ પામી બીજી નરકે ગયો. 'અતિ ઉગ્ર પુણ્યની જેમ અતિ ઉગ્ર પાપ પણ તત્કાળ જ ફળે છે.' ભીમ પણ જાણે સ્વામી (રાજા) ની ભક્તિથી જ હોય તેમ તે જ પ્રમાણે તે જ રાત્રીમાં મરણ પામ્યો, અને વ્રતભંગાદિકના ઘોર પાપે કરીને ત્યાંજ (બીજી નરકમાં) ઉત્પન્ન થયો.

પ્રાતઃકાળે રાજાનાં મરણનાં કાર્યો કરીને તે રાજા પુત્ર રહિત હોવાથી મંત્રી વિગેરે અધિકારી વર્ગ રાજ્યને યોગ્ય પુરૂષની શોધ કરવા લાગ્યા. પરંતુ કોઈ ધ્યાનમાં નહીં આવવાથી તેઓએ પંચ દિવ્ય અધિવાસિત કર્યાં. તે દિવ્યો નગરમાં ભમી બહાર નીકળી પર્વત તરફ ચાલ્યાં, તે વખતે પોતાના કુટુંબની સારસંભાળ કરવા માટે નગર તરફ આવતા સોમને જોઈ હાથીએ તેને કળશના જળથી અભિષેક કર્યો. અને તેને ઉપાડીને પોતાની પીઠપર બેસાડયો; વીંઝાતા ચામરોથી તે શોભિત થયો, તેના મસ્તકપર છત્ર ધારણ થયું, અને અશ્વે હેષારવ કર્યો. તે વખતે આકાશમાં રહેલી તેજ દેવી બોલી કે—

"હે લોકો ! તમે સર્વે સાંભળો. આ સર્વ ગુણોએ કરીને સહિત સોમને મેં તમને રાજા તરીકે આપ્યો છે. તેની આજ્ઞાનું જે મનુષ્ય ખંડન કરશે, તેને હું યમ-રાજનો અતિથિ કરીશ." આ પ્રમાણે કહી દેવી અદશ્ય થઈ, અને સર્વ લોકો હર્ષ પામી તે સોમ રાજાને નમ્યા. પછી જેને વિષે બંદીજનોએ જય જય શબ્દની ઉદ્ઘોષણા કરી છે અને વાજીંત્રોના શબ્દવડે આકાશ પણ ગાજી રહ્યું છે એવા નગરમાં મોટી ઋદ્ધિ સહિત સોમરાજાએ પ્રવેશ કર્યો અને રાજમહેલમાં પહોંચ્યો. ત્યાં રાજસભામાં સચિવાદિકે સિંહાસનપર બેસાડીને તેને રાજ્યાભિષેક કર્યો.

ત્યારપછી તે રાજા ન્યાય અને ધર્મવડે પ્રજાને સુખી કરતો રાજ્ય કરવા લાગ્યો. આ પ્રમાણે દયા ધર્મની દઢતાને લીધે સોમ આ ભવમાં પણ રાજા થયો અને ભીમ તથા રાજા હિંસાના પાપથી નરકના અતિથિ થયા. સોમ રાજા હમેશાં ગુફામાં રહેલા

એવા મને વાંદીને પછી જ ભોજન કરતો હતો, દેવીના પ્રભાવથી યુદ્ધ કર્યા વિના જ સર્વ શત્રુઓને તેણે વશ કર્યા હતા, તેણે દયાનું ફળ સાક્ષાત્ જોયેલું હતું તેથી પોતાના સમગ્ર દેશમાં અમારી (જીવદયા) પ્રવર્તાવી છે અને શ્રાવક ધર્મનું પાલન કરતો તે સદ્ગુરૂનો યોગ જ્યારે મળે ત્યારે તેની સેવા કરતો હતો.

આ પ્રમાણે ચિરકાળ સુધી ધર્મમય રાજ્ય ભોગવી આયુષ્યનો ક્ષય થયે મરણ પામી તે સોમ રાજા પહેલા સૌધર્મ દેવલોકમાં લક્ષ્મીએ કરીને ઇંદ્રનો સામાનિક દેવ થયો છે. ચિરકાળ સુધી જૂદા જૂદા દેશોમાં વિહાર કરતો હું ફરીથી અહીં આવ્યો. તે હકીકત અવધિજ્ઞાનવડે જાણીને તે દેવે અહીં આવી મને હર્ષથી વંદના કરી. પછી પૂર્વનો ઉપકાર સંભારી તે દેવે ભક્તિથી મારી પાસે નૃત્યાદિક કર્યું.

હે બુદ્ધિમાન ભવ્યજનો ! આ પ્રમાણે ગુરૂસેવાનું અને દયાનું ફળ જાણી હમેશાં ધર્મના મૂળરૂપ અને વાંછિત સુખ આપનાર ગુરૂસેવા અને જીવદયા એ બન્ને ઉપર આદર કરો."

આ પ્રમાણે ગુરૂનું વચન સાંભળી અધિક ધર્મની બુદ્ધિવાળો શ્રીજયાનંદ કુમાર બોલ્યો કે—"હે પ્રભુ! યુદ્ધાદિકના કારણ વિના સ્થૂળ એવી હિંસા, અસત્ય, ચૌર્ય અને પરસ્ત્રીના ત્યાગાદિકવડે હું સમકિતને શોભાવીશ."

જ્ઞાનીએ કહ્યું—"આ ધર્મરૂપી કલ્પવૃક્ષનું સારી રીતે પાલન કરજે. કેમકે તેનાથી જ તને આ લોકમાં તથા પરલોકમાં ઇષ્ટ સુખલક્ષ્મી પ્રાપ્ત થશે." તે સાંભળી જયાનંદ 'तहत्ति' કહી, મુનિની વાણી અંગીકાર કરી, પોતાના આત્માને કૃતાર્થ માની, પ્રાતઃકાળ થયો ત્યારે મુનિને નમી, પોતાને સ્થાનકે ગયો.

સિંહસાર કુમાર તો ભારે કર્મી હોવાથી મુનિના વચનપર શ્રદ્ધા નહીં કરતો છતાં તેમને પ્રણામ કરી ભાઈની સાથે ઘેર ગયો. દેવો વિગેરે પણ સમકિત વિગેરે ગુણો પામી મુનિને નમી આકાશમાર્ગે પોતપોતાને સ્થાનકે ગયા. મુનિએ પણ અન્યત્ર વિહાર કર્યો. પછી અંગીકાર કરેલા ધર્મનું પાલન કરતો, બીજા ગુણોને ઉપાર્જન કરતો, શ્રીગુરૂ અને દેવની ભક્તિને ધારણ કરતો તથા જયલક્ષ્મીને મેળવવાના પરાક્રમવાળો યુવરાજનો પુત્ર શ્રીજયાનંદ કુમાર જગતના સર્વ જનોને ઇષ્ટ થયો.

આ પ્રમાણે શ્રીતપગચ્છના નાયક શ્રીમુનિસુંદર સૂરિએ રચેલા શ્રી જયાનંદ કેવળીના ચરિત્રને વિષે પહેલા વ્રતનું પાલન અને અપાલનના માહાત્મ્યને જણાવનાર ભીમ અને સોમનું દૃષ્ટાંત તથા શ્રી જયાનંદને થયેલ પ્રતિબોધ વિગેરેના વર્ણનરૂપ આ ચોથો સર્ગ સમાપ્ત થયો.



# पञ्चम सर्ग

त्रिभुवनविभवस्तीर्थ–प्रभवो वः सन्तु शाश्वत–श्रीदाः ।
यैर्धर्मतीर्थपोतैः, सुतरश्चक्रे भवाम्भोधिः ॥ १ ॥

ધર્મતીર્થરૂપ વહાણવડે જેમણે સંસાર સમુદ્રને સુખેથી તરી શકાય તેવો બનાવ્યો છે. તેવા ત્રણ ભુવનના સ્વામી અને સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘસ્વરૂપ તીર્થના સ્વામીઓ (શ્રી તીર્થંકર દેવો) તમને શાશ્વતશ્રી (મોક્ષ લક્ષ્મી) ને આપવાવાળા થાઓ.

એક દિવસ જયરાજાએ 'રાજ્યને યોગ્ય કયો કુમાર છે?' એમ જાણવાની ઇચ્છાથી એક જોષિને બોલાવી બન્ને કુમારોના લક્ષણો પૂછયાં, ત્યારે તેણે બન્ને કુમારોનાં સર્વ અંગો જોઈ એકાંતમાં રાજાને કહ્યું કે—"હે રાજન્! બન્ને કુમારોનાં લક્ષણોનો મેં નિર્ણય કર્યો છે. તેમાં સિંહસાર કુમારના અંગ ઉપર એવાં લક્ષણો છે કે જેથી તે લોકોને દ્વેષ કરવા લાયક થાય તથા સ્વજનોને પણ અનર્થનું કારણ થાય. વળી તે કૃતઘ્ની, ક્રૂર બુદ્ધિવાળો તથા પગલે પગલે આપત્તિનું સ્થાન થશે, અને ધર્મપર દ્વેષ કરવાના પાપથી મરીને દુર્ગતિ પામશે;

અને શ્રીજયાનંદ કુમારના સર્વ અંગે ઉત્તમ લક્ષણો છે, તેથી તે સર્વ લોકને સુખ કરનાર અને ત્રણ ખંડનો રાજા થશે. વળી તે સર્વ રાજાઓને સેવ્ય, ઘણાઓનો ઉપકાર કરનાર તથા ન્યાય, ધર્મ, પ્રતાપ, લક્ષ્મી અને યશના સમુદ્રરૂપ થશે; અને છેવટે મોક્ષને પામશે."

આ પ્રમાણે જોષિનાં વચનો સાંભળી હૃદયમાં તેને ગુપ્ત રાખી રાજાએ સત્કારપૂર્વક તેને વિદાય કર્યો. એક દિવસ એકાંતમાં તે રાજાએ પોતાના નાના ભાઈ વિજયને તે નિમિત્તિયાનું કહેલું સર્વ વૃત્તાંત ગુપ્ત રાખવા યોગ્ય હતું તોપણ પ્રેમને લીધે કહી બતાવ્યું. તે વૃત્તાંત તાંબૂલ આપનારી દાસી કે જેને વિશ્વાસને લીધે રાજાએ પોતાની પાસે બેસાડી હતી તેણે સાંભળ્યું. ત્યારપછી રાજાએ યોગ્ય અવસરે વિવિધ પ્રકારની પરીક્ષારૂપ ઉપાયોવડે નિશ્ચય કરી તે નૈમિત્તિકનું વચન સત્ય માન્યું.

હવે મદોન્મત્ત સિંહસાર કુમાર નિઃશંકપણે નગરમાં ક્રીડા કરતાં પોતાની ઇચ્છા પ્રમાણે દુકાનો વિગેરેમાંથી પુરૂષ અને સ્ત્રીઓનાં આભૂષણાદિકને પડાવી લેતો હતો, માર્ગમાં અશ્વને ખેલાવતાં પાણી ભરનારી સ્ત્રીઓના ઘડા ફોડતો હતો, સુંદર રૂપવાળી સ્ત્રીઓનું હરણ કરતો હતો અને માલ ભરેલાં ગાડાંઓને પણ લૂંટતો હતો.

તેના આવા પ્રકારના અન્યાયથી ક્રોધ પામેલા નગરજનોએ શ્રીજયરાજાને વિનંતી કરી, ત્યારે રાજાએ તેમને આશ્વાસન આપી સત્કાર કરી રજા આપી, અને કુમારને ધિક્કાર્યો. એ પ્રમાણે બે ત્રણ વાર થયા પછી એક દિવસ રાજાને તાંબૂલ આપવા જતી દાસીને તે કુમારે બળાત્કારથી લૂંટી તેની પાસેથી તાંબૂલ લઈ લીધું. તે કોપ પામીને બોલી કે—"રે દુષ્ટ! નૈમિત્તિકનું વચન સત્ય જ છે." તે સાંભળી કુમારે તે દાસીને ધનવડે લોભ પમાડી પૂછયું, ત્યારે તે દાસીએ સર્વ હકીકત કહી બતાવી. કહ્યું છે કે—

"न तरुस्तटिनीतटे चिरं, न खले प्रीतिरघात्मनीन्दिरा।
न च धर्मरसोऽतिलोभके, न च गूढं हृदि तिष्ठति स्त्रियाः॥"

"નદીને કાંઠે રહેલું વૃક્ષ ચિરકાળ ટકી શકતું નથી, તેમ જ ખળ પુરૂષને વિષે પ્રીતિ, પાપીને વિષે લક્ષ્મી, અતિ લોભીને વિષે ધર્મનો રસ અને સ્ત્રીના હૃદયમાં ગુપ્ત વાત–એટલા વાનાં લાંબો કાળ ટકી શકતાં નથી."

દાસીનું વચન મનમાં રાખી મનમાં દુભાયેલો કુમાર ત્યાંથી ચાલ્યો ગયો, દાસીએ પણ તત્કાળ તે કુમારનો અન્યાય રાજાને કહ્યો. તરત જ રાજાએ તેને બોલાવી અત્યંત ક્રોધથી કહ્યું કે—

"અરે પાપી! અન્યાયવડે હમેશાં તું નગરના લોકોને ઉદ્વેગ પમાડે છે. અરે દુષ્ટ! જે નિર્મળ કુળમાં તું ઉત્પન્ન થયો છે, તેને જ તું કલંકિત કરે છે, ઘરમાં પણ દુષ્ટ ચેષ્ટા કરે છે, નિષેધ કર્યા છતાં પણ રહેતો નથી, માટે અહીંથી દૂર જા. જો આજ પછી તું મારા દેશમાં કોઈપણ ઠેકાણે રહીશ, તો તારા કાન અને નાક કાપી નાખીશ. પુત્રના અન્યાયને પણ હું સહન કરનાર નથી."

આ પ્રમાણે શ્રી જયરાજાના વચન સાંભળી સિંહસારે વિચાર કર્યો કે–"મારા પીતા વિગેરેને મારા પ્રત્યે દ્વેષ થયો છે, તેથી જો હું એકલો જ દેશાંતરમાં જઈશ, તો રાજા અને લોકોની પ્રીતિને લીધે શ્રી જયાનંદ જ રાજા થશે; તેથી જો હું તેને સાથે લઈને જાઉં તો રાજ્ય આપવાને વખતે દેશાંતરમાં પણ રહેલા મને રાજા પાછો બોલાવે. વળી



રાજાને અમારા બે સિવાય બીજો કોઈ રાજ્ય ગાદીને યોગ્ય નથી. તેમજ પૂર્વજોના આચાર પ્રમાણે આ રાજા યૌવન વયનું ઉલ્લંઘન થશે ત્યારે જરૂર તપસ્યા ગ્રહણ કરશે."

આ પ્રમાણે વિચાર કરી શ્રી જયાનંદકુમારને તેણે માયાકપટથી કહ્યું કે-"હે ભાઈ ! આપણે જ્ઞાન સંપાદન કરવા માટે દેશાંતરમાં જઈએ; કારણ કે જ્યાં અનેક પ્રકારના આશ્ચર્યો જોવાય છે, અનુપમ કળાઓ શીખાય છે, ભાગ્યની પરીક્ષા કરાય છે, સજ્જન અને દુર્જનનો ભેદ સમજાય છે, વિવિધ પ્રકારનાં તીર્થોની વંદના થાય છે, કલેશ સહી શકે તેવું શરીર થાય છે, તથા ધૂર્તાદિકનાં વૃત્તાંતો જાણી અદ્ભુત નિપુણતા પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે દેશાંતરમાં ફરવાથી ઘણા ગુણો પ્રાપ્ત થાય છે. એક ઠેકાણે રહેવાથી તેવા લાભ પ્રાપ્ત થતા નથી; પરંતુ હે ભાઈ તારા વિયોગને નહીં સહન કરવાથી હું એકલો જવાને ઇચ્છતો નથી. તેથી હે ભાઈ ! ચાલ, આપણે માતાપિતાને પૂછયા વિના સાથે જ કોઈ દેશાંતરમાં જઈએ. કારણ કે તેમને પૂછવાથી તો તેઓ આપણને જતાં અટકાવે-જવા દે નહીં."

આ પ્રમાણેનાં તેનાં વચન સાંભળી પોતાને વિષે તેનો પ્રેમ અકૃત્રિમ છે એમ જાણનારા સરળ સ્વભાવવાળા અને બુદ્ધિમાન જનોમાં શ્રેષ્ઠ એવા જયાનંદકુમાર તેનું વચન અંગીકાર કરીને બીજે જ દિવસે રાત્રીને સમયે તે બન્ને કોઈ ન જાણે તેમ ખડ્ગ સહિત પોતાના નગરમાંથી નીકળી ગયા.

કેટલોક માર્ગ ઉલ્લંઘન કર્યા પછી વાર્તા કરવાનો પ્રસંગ ચાલ્યો. તેમાં ધર્મ અને અધર્મનો વિચાર ચાલતાં યુવરાજના પુત્ર શ્રી જયાનંદ કુમારે કહ્યું કે—"મનુષ્યોના ઘરમાં ચોતરફ જે ઇચ્છિત લક્ષ્મીઓ વિલાસ કરે છે, મુખને વિષે શ્લાઘા કરવા લાયક વાણી સ્ફુરે છે, હૃદયમાં બુદ્ધિ સ્ફુરે છે, શરીરને વિષે સૌભાગ્યલક્ષ્મી સ્ફુરે છે, બાહુને વિષે બળ સ્ફુરે છે, અને દિશાઓને વિષે કીર્તિ ફેલાય છે, તે સર્વ સત્પુરૂષોને અરિહંત પરમાત્માના ધર્મથી જ પ્રાપ્ત થાય છે.

જે ધર્મ સુખને આપે છે, વિપત્તિના સમૂહને હરે છે, કલ્યાણને વિસ્તારે છે, અકલ્યાણનો નાશ કરે છે અને આધિ સહિત વ્યાધિના સમૂહને હણે છે, તે આર્હત ધર્મને જ વિદ્વાનો સેવે છે. પુણ્યશાળી પ્રાણીઓના ભોગવટા માટે જ પૃથ્વી ધનને ધારણ કરે છે, ખાણો મણિઓને, વૃક્ષો ફળોને, તામ્રપર્ણી નદી મોતીને, લતા પુષ્પોને અને વિંધ્યાચળની પૃથ્વી હાથીઓને ધારણ કરે છે."

તે સાંભળી સિંહસાર કુમાર બોલ્યો કે–"હે ભાઈ તારૂં કહેવું સત્ય છે; પરંતુ હાલમાં તો અધર્મથી જ સંપત્તિઓ દેખાય છે. કારણ કે જેઓ અન્યાયનું પોષણ કરનાર અને ક્રૂર કર્મ કરનાર હોય છે, તેમની પાસે લક્ષ્મી જોવામાં આવે છે, અને જેઓ ધર્મનું સેવન કરનારા છે, તેમને વિપત્તિવાળા જોવામાં આવે છે." ત્યારે યુવરાજનો પુત્ર શ્રી જયાનંદકુમાર બોલ્યો કે–

"[1]પાપાનુબંધી પુણ્ય અને પુણ્યાનુબંધી પાપ હોઈ શકે છે, તેથી પૂર્વજન્મમાં કરેલા તે બન્નેનું અનુક્રમે તે ફળ જાણવું; પરંતુ આ ભવમાં જે પુણ્ય કે પાપ કર્યું હોય તેનું ફળ બીજા ભવમાં ભોગવવું પડશે. આમ્ર અને વ્રીહિ વિગેરેની જેમ તેનું ફળ તેજ ભવમાં મળતું નથી." તે સાંભળી દુષ્ટ હૃદયવાળો રાજપુત્ર સ્નેહ દર્શાવતો બોલ્યો કે–"આપણે બન્ને ભાઈઓએ પરસ્પર વિવાદ શા માટે કરવો જોઈએ? કારણકે પરસ્પરનો વિવાદ પ્રેમનો નાશ કરે છે; તેથી આપણે કોઈ બુદ્ધિમાન પુરૂષને પૂછીએ અને તે કહે તે સાચું માનીએ તે સાંભળી શ્રી જયાનંદકુમારે પણ બહુ સારૂં આ પ્રમાણે કહ્યું, ત્યાર પછી આ શ્રી જયાનંદકુમાર ઉપર રાજા અને પ્રજાના અત્યંત પ્રેમને જાણતો સિંહસાર મનમાં વિચારે છે કે મારા શત્રુ આ જયાનંદ સાથે કોઈ એવા પ્રકારની શરત કરીને અને તે શરતમાં તેને ફસાવી તેને આંધળો બનાવું. પછી એ આંધળો રાજ્ય ગાદીને યોગ્ય ન જ રહે અને મારા પીતા જયરાજાની ગાદીનો હું માલીક બનું, આ પ્રમાણે આ પાપી સિંહસારે મહા દુષ્ટ વિચાર કરી શ્રી જયાનંદકુમારને કહ્યું કે હે ભાઈ આપણે કોઈ એવા પ્રકારની શરત કરીએ અને થયેલ શરતમાં આપણા બેમાંથી જે કોઈ હારે તેને પોતાની બન્ને આંખો જીતેલાને કાઢી આપવી, આ પ્રમાણે આ દૃષ્ટના દૃષ્ટ આશયને નહી જાણતાં સરળ સ્વભાવિ શ્રી જયાનંદકુમારે પાપી એવા સિંહસારની શરત કબુલ કરી.

ત્યારપછી તે બન્ને ભાઈઓ કોઈ ગામડામાં જઈ તે ગામમાં ગામડીઆ લોકો સહિત ચોરામાં બેઠેલા ગામના ઠાકોરને જોઈ સિંહસાર કુમારે તેને નમસ્કાર કર્યા અને પૂછયું કે–"હે બુદ્ધિરૂપી ધનવાળા સત્પુરૂષો! હું કહું છું કે પાપથી શુભ થાય અને આ કહે છે કે ધર્મથી શુભ થાય છે. તો અમારા બેમાં સત્ય વચન કોનું છે તે તમે કહો."

તે સાંભળી ઉત્તમ રૂપ અને વેશવાળા તે સિંહસારની માયા અને નમસ્કાર વિગેરેથી

---

૧. પૂર્વ જન્મમાં જેણે પાપાનુબંધી પુણ્ય કર્યું હોય તે આ જન્મમાં લક્ષ્મી વિગેરે પુણ્યનું ફળ પામે છે અને પાપકર્મ ઉપાર્જન કરે છે, તેનું ફળ હવે પછીના જન્મમાં મળશે, તથા જેણે પૂર્વભવમાં પુણ્યાનુબંધી પાપ કર્યું હોય તે આ જન્મમાં દારિદ્યાદિક પાપનું ફળ પામે છે, અને પુણ્યકર્મ ઉપાર્જન કરે છે. તેને પુણ્યનું ફળ આવતા ભવમાં મળે છે.

રંજિત થયેલા ઠાકોરે ગામડીઆની સંમતિથી કહ્યું કે—"તારૂં વચન સત્ય છે." ત્યારપછી હર્ષ પામેલો સિંહસાર તેને નમી ભાઈની સાથે આગળ ચાલ્યો. કેટલેક દૂર જઈ તે દુષ્ટ બુદ્ધિવાળાએ શ્રીજયાનંદ પાસે તેની બે આંખો માગી ત્યારે તેણે કહ્યું કે—

"જડબુદ્ધિવાળા અને અધર્મી ગામડીઆઓ શું સમજે? તેઓની બુદ્ધિ કે વાણી કોઈ પણ ઠેકાણે અસત્ય સાક્ષી આપવામાં સ્ખલના પામતી નથી. તેથી હે ભાઈ! હંસ અને કાગડાના દૃષ્ટાંતથી તું ગામડીઆ ઉપર ભરૂસો ન રાખ." સિંહે પૂછયું કે—"હંસ અને કાગડો કેવા હતા?" ત્યારે શ્રીજયાનંદકુમારે કહ્યું કે, સાંભળ—

"**ધન્યપુર** નામના ગામમાં નિરંતર અગાધ જળનો ભરેલો એક દ્રહ હતો. તેમાં એક દિવસ કોઈ કાગડો તેની અંદર ફરતા મત્સ્યને જોઈ તેને પકડવા અંદર પડયો. તેટલામાં મત્સ્ય તત્કાળ જળમાં ઉંડો પેસી ગયો, પણ તે કાગડાની પાંખો ભીંજાઈ ગઈ, તેથી તે તરવામાં કે ઉડવામાં અશક્ત બન્યો, એટલે તે જળમાં ડુબી જવા લાગ્યો, તે જોઈને હંસીના કહેવાથી હંસે દયાવડે તે કાગડાની નીચે જળમાં આવી તેને પોતાની પીઠપર બેસાડી તેને બહાર કાઢયો. ત્યારપછી કાગડો સ્વસ્થ થયો ત્યારે તે હર્ષ પામી હંસી સહિત હંસને આગ્રહપૂર્વક પોતાના નિવાસવાળા વટવૃક્ષ ઉપર લઈ ગયો, અને એક ક્ષણવાર પ્રીતિ બતાવીને તેને વશ કર્યો. પછી કાંઈક ઉપકાર કરવાને ઇચ્છતા તે કાગડાએ આમ્રવૃક્ષપરથી પોતાની ચાંચ વડે કેરીઓ લાવી હંસી સહિત હંસને જમાડયો. "પ્રીતિનું ફળ પરસ્પરનો સત્કાર કરવો તેજ છે."

ત્યારપછી હંસી સહિત હંસ ઉડીને પોતાના સ્થાને જવા લાગ્યો, તે વખતે કાગડાએ હંસીને કહ્યું કે—"હે પ્રિયા! તું કયાં જાય છે?" એમ તેને જતી અટકાવી. તે વખતે હંસે કાગડાને કહ્યું કે—"આ તો મારી પ્રિયા છે, તારી નથી, કેમકે તે તારાથી વિલક્ષણ છે." ત્યારે કાગડો બોલ્યો—"સમાન રૂપવાળી તો બહેન હોય છે, અને અન્ય કુળમાં ઉત્પન્ન થયેલી પ્રિયા બને છે, આ વાત જો તને સત્ય ન લાગતી હોય તો અમારા બન્નેના લગ્ન જે ગામમાં થયા છે તે લગ્નને જોનાર ગામના લોકોને પુછ. તે લોકો જ આપણા ઝઘડાને પતાવી આપશે. અહો! ઉપગારી પ્રત્યે અપકાર કરનારને ધિક્કાર છે.

"હંસે તેનું વચન કબુલ કર્યું, ત્યારે કાગડો તેને માતપિતાના સોગન આપી અટકાવી ત્યાંજ રાખી પોતે ગામની અંદર ગયો. ત્યાં ગ્રામ્યજનોને મનુષ્યની વાણીવડે પોતાનો વિવાદ જણાવી તે કાગડાએ કહ્યું કે, હે ગામના લોકો આ બાબતમાં તમારે મારી હડહડતી ખોટી સાક્ષી પૂરીને પણ તમારે મને જ સાચો કરવો પડશે, આ પ્રમાણે

કહેવા છતાં પણ તમે મારી ખોટી સાક્ષી નહીં જ પૂરો તો હું તમારી સ્ત્રીઓનાં મસ્તક પર રહેલા જળના ઘડાઓને અપવિત્ર કરી નાખીશ, તમારા પશુઓને ચાંદા પાડવા વિગેરે વડે તેમને અત્યંત પીડા કરીશ, પુરૂષો અને સ્ત્રીઓનાં મસ્તકપર બેસી શીઘ્રપણે ઉડી જઈશ, તડકે સૂકવેલા ધાન્યાદિકને ખાઈ જઈશ, બાળકાદિક પાસેથી ચાંચ મારીને ભોજનાદિકને ઉપાડી જઈશ, તથા એવી જાતના બીજા પણ અત્યાચારોવડે ગામના લોકોને દુઃખી કરીશ.

"આ પ્રમાણે તેની મનુષ્ય વાણીથી વિસ્મય પામેલા અને તેની કહેલી હકીકતથી ભય પામેલા ગ્રામ્યજનોએ ધર્મ અધર્માદિકને ગણ્યા વિના ખોટી સાક્ષી પૂરવાનું કબુલ કર્યું. પછી કાગડો હંસ પાસે ગયો અને તે બન્નેએ સાથે આવી તે ગ્રામ્યલોકો પાસે ન્યાય પૂછ્યો, ત્યારે તેઓએ કહ્યું કે—

"આ કાગડાનું આ હંસી સાથે ધામધૂમપૂર્વક લગ્ન થયું છે, તે અમે અમારી નજરે જોયું છે." આવું તેમનું વચન સાંભળી હંસ અત્યંત દુઃખી થયો. તેને કાગડાએ કહ્યું કે—"હે મિત્ર! તારી પ્રિયાને તું જ ગ્રહણ કર. હું તને પ્રાણદાતારને છેતરીશ નહીં. આ તો મેં આ રીતે ગામડીઆ લોકોની પરીક્ષા કરી છે."

આ પ્રમાણે હંસને કહી તેણે ગામડીઆઓને પણ કહ્યું કે—"હે લોકો! મારા બતાવેલા અલ્પ ભયના કારણથી પણ તમે ખોટી સાક્ષી પૂરી, તેથી તમને આ ભવમાં અને પરભવમાં પણ અત્યંત દુઃખ પ્રાપ્ત થશે. આ જગમાં ખોટી સાક્ષી જેવું બીજું કોઈ પણ મહાપાપ નથી; કારણકે ખોટી સાક્ષીથી જ હિંસાદિક સર્વ પાપોની ઉત્પત્તિ થાય છે."

એમ કહી હંસ સહિત કાગડાએ ક્રોધ પામી કોઇક ઠેકાણેથી ચાંચવડે અંગારાના સમૂહને લાવી તેની વૃષ્ટિ કરી અને તે ગ્રામ્યજનોનાં ઘરો બાળી નાંખ્યાં. તે ગ્રામ્યજનો પણ ખોટી સાક્ષીના પાપથી મરીને દુર્ગતિમાં ગયાં. માટે હે ભાઈ! આ ગ્રામ્યજનોની કથા સાંભળી તું તેમને વિષે વિશ્વાસ કરીશ નહીં."

આ પ્રમાણે સાંભળીને સિંહકુમાર બોલ્યો કે—"મને ખોટી કથા કહીને કેમ છેતરે છે? કેમકે તિર્યંચો મનુષ્યની જેવી ચેષ્ટા કરી શકતા જ નથી." શ્રીજયાનંદકુમારે ઉત્તર આપ્યો કે—"તારૂં કહેવું સત્ય છે, પરંતુ જે કારણે હંસ અને કાગડાએ તેવી ચેષ્ટા કરી તે કારણ તું સાંભળ—,

"આ ગામમાં એક દેવાલયને વિષે **શ્રીમુખ** નામના યક્ષની મૂર્તિ છે, તેની સર્વ જનો પૂજા કરે છે. તે યક્ષનો મિત્ર **નંદીયક્ષ નંદિપુરમાં** વસે છે. એક દિવસ તે

નંદીયક્ષને ઘેર પ્રીતિને લીધે શ્રીમુખ યક્ષ ગયો, તેણે તેને કહ્યું કે—"હે મિત્ર! તું મારે સ્થાને કેમ આવતો નથી?" ત્યારે તે નંદીયક્ષ બોલ્યો કે—"ગ્રામ્યજનોના મુખ અને દષ્ટિના ભયથી હું તારે ત્યાં આવતો નથી, કારણ કે તેઓ ધર્મ, વિવેક, જ્ઞાન અને બુદ્ધિરહિત હોય છે, તેથી તેઓના મુખ જોવા લાયક જ નથી." ત્યારે શ્રીમુખે કહ્યું કે—

"પરીક્ષા વિના આ વાત હું સત્ય માનીશ નહિ." ત્યારપછી તે બન્ને યક્ષોએ તેની પરીક્ષા કરવા માટે કોઈ ગામમાં જઈ વૃક્ષપર રહેલા પેલા હંસ અને કાગડાના શરીરમાં પ્રવેશ કર્યો, અને તેમણે આ સમગ્ર ચેષ્ટા કરી. માટે હે ભાઈ! આ હંસ અને કાગડાની કથાને તું સત્ય માનજે." ઉત્તમ જનો **આનંદ** રાજાની જેમ પ્રાણાંતે પણ અસત્ય બોલતા જ નથી." તે સાંભળી સિંહકુમારે પૂછ્યું કે—"તે આનંદ રાજા કોણ હતો?" ત્યારે શ્રીજયાનંદ કુમાર બોલ્યો કે—

## સત્યવાદીપણા ઉપર આનંદ રાજાની કથા

**નંદિપુર** નામના નગરમાં **આનંદ** નામનો સત્યવાદી રાજા હતો. તે સ્વભાવે પણ ઉત્તમ હતો, વિશેષે કરીને **જૈન**ધર્મનું પાલન કરતો હતો, પાપથી ભય પામતો હતો અને બળ, ભાગ્ય તથા પરાક્રમવડે પ્રૌઢ હતો, બત્રીશ લક્ષણવાળો હતો, ઘણા રાજાઓથી તે સેવાતો હતો, તેની સર્વ પ્રજા સુખી હતી, તથા તે મોટી ઋદ્ધિવાળો હોવાથી કોટિ મૂલ્યના અલંકારને નિરંતર શરીરપર ધારણ કરી રાખતો હતો.

એક દિવસ અલંકાર સહિત તે રાજા ક્રીડા કરવા માટે સૈન્યને લઈ બહાર ગયો. ત્યાં તે રાજા અશ્વોને વિવિધ પ્રકારની ગતિ કરાવતો હતો, તેટલામાં તેનો અશ્વ આકાશમાં ઉડીને તે રાજાને મોટા જંગલમાં લઈ ગયો. તે અશ્વને આવો દોષવાળો જાણીને રાજા તેના પરથી કુદકો મારી તેનો ત્યાગ કરી પૃથ્વીપર ઉતરી પડ્યો, એટલે તે અશ્વ અદૃશ્ય થઈ ગયો. પછી રાજા વિસ્મય પામીને ત્યાં ફરવા લાગ્યો. તેટલામાં ઉંચા શસ્ત્રને ધારણ કરી ચાર ચોરો તેની પાસે આવ્યા; પણ રાજા ધૈર્યવાન હોવાથી ક્ષોભ પામ્યો નહીં. તે ચોરોએ તેને કહ્યું કે—

"અહો! અમારા ભાગ્યથી અલંકાર સહિત તું અમને મળ્યો છે, પણ પ્રથમ અમારૂં ચરિત્ર તું સાંભળ. અમે ચારે ક્ષત્રિયો **સૂરપુર** નગરના રાજાના સેવકો છીએ. રાજાએ કોઈ પણ અપરાધને લીધે અમને કાઢી મૂક્યા છે, તેથી અમે અહીં પર્વતપર

આવીને રહ્યા છીએ. ગુરૂમહારાજ પાસેથી ધર્મને સાંભળ્યા છતાં પણ બીજી રીતે આજીવિકા નહિ ચાલવાથી અને સર્વથા પ્રકારે ચોરીનો ત્યાગ કરવાની શક્તિ ન હોવાથી અમે આ પ્રમાણેના બે નિયમો ગ્રહણ કર્યા છે. તેમાં એક તો એ કે,

રાજા સિવાય બીજાનું ધન ચોરીને લેવું નહીં. કારણ કે બીજાનું ધન લેવાથી તેઓ અલ્પ ઋદ્ધિવાળા હોવાથી ઘણા દુઃખી થાય, પણ ઘણી ઋદ્ધિવાળો હોવાથી રાજા દુઃખી થતો નથી. અને બીજો નિયમ એ છે કે—"થોડી થોડી ચોરી કરવાથી બરાબર આજીવિકા ચાલે નહીં, તેથી દુર્ધ્યાન થાય, અને લાંબો કાળ સારી રીતે આજીવિકા ચાલી શકે તે માટે એક લાખથી ઓછી ચોરી કરવી નહીં. તો આવા સારા લક્ષણવાળો તું કોણ છે? અને તારા આ અલંકારનું મૂલ્ય કેટલું છે? તે સત્ય કહેજે, મહાપુરૂષો કદાપિ અસત્ય વાણી બોલતા જ નથી."

આ પ્રમાણે તેમનું વચન સાંભળી રાજાએ વિચાર્યું કે—"આ ચોરો પોતાની આજીવિકા માટે મારા અલંકારો ભલે ગ્રહણ કરે, પરંતુ માત્ર કોટિ ધનને માટે હું પાપના મૂળ કારણભૂત એવા અસત્યને તો નહીં બોલું. આ ધન તો અનિત્ય હોવાથી પરિણામે નાશવંત છે, અને સત્ય ધર્મ નાશ પામનાર નથી, વળી ધનથી અલ્પ સુખ પ્રાપ્ત થાય છે અને સત્યધર્મથી તો અનંત સુખ પ્રાપ્ત થાય છે." આ પ્રમાણે વિચાર કરી રાજા બોલ્યો કે—"હું રાજા છું, અને અશ્વના આકર્ષણથી અહીં જંગલમાં આવી ચડયો છું, અને મારા આ અલંકાર કોટી મૂલ્યના છે."

આ પ્રમાણે કહીને અલંકારોને પડાવી લેવાને ઇચ્છતા તે ચોરોને રાજાએ પોતે જ અલંકારો કાઢી આપ્યા. તે લઈને હર્ષ પામતા તેઓ પોતાના સ્થાનમાં ચાલ્યા ગયા અને રાજા એકલો વનમાં ભ્રમણ કરવા લાગ્યો. ભમતાં ભમતાં કોઈ તાપસના આશ્રમને પામીને રાજાએ કુળપતિને નમસ્કાર કર્યા. કુળપતિએ તેને પૂછયું કે—

"તું કોણ છે અને અહીં કેમ આવ્યો છે?" ત્યારે રાજાએ પોતાનો વૃત્તાંત કહ્યો. તે સાંભળી કુળપતિએ કહ્યું કે—"આ વનમાં એક રાક્ષસ છે. તે તાપસ વિના બીજા સર્વ મનુષ્યને ખાઈ જાય છે, તેથી તું તાપસનો વેષ ગ્રહણ કરી લે." ત્યારે રાજાએ તેણે આપેલો વેષ ગ્રહણ કર્યો. ત્યારપછી રાજા ફળનો આહાર કરી સરોવર ઉપર ગયો. ત્યાં રાજા સ્નાન કરવા તૈયાર થયો, તેટલામાં તે રાક્ષસ ત્યાં આવ્યો. તેણે કહ્યું કે—

"હે તાપસ! તું કયાંથી આવ્યો છે? તું કોઈ નવો તાપસ જણાય છે, માટે



મારી કથાને તું સાંભળ–હું હમેશાં એક માણસને ખાઉં છું, તેટલાથી મને એક દિવસની તૃપ્તિ થાય છે, અને બત્રીશ લક્ષણવાળા પુરૂષને જો ખાઉં તો એક વર્ષની તૃપ્તિ થાય છે. એવાં લક્ષણવાળો નંદીપુરનો રાજા સાંભળ્યો છે, તેથી હું તેને ખાવા ઇચ્છું છું; પરંતુ તે પરિવાર સહિત પોતાના નગરમાં જ રહે છે. તેથી હું તેને ખાવાને સમર્થ થઈ શકતો નથી.

મેં હમણાં કોઈકની પાસેથી સાંભળ્યું છે કે કોઈ અશ્વ તે રાજાને હરીને આ વનમાં લાવ્યો છે, પણ તે રાજા મને દેખાતો નથી, તેથી જો તું તેને જાણતો હોય તો કહે, અને મને બતાવ, કારણ કે તાપસો સાચું બોલવાવાળા જ હોય છે.

આ પ્રમાણેની હકીકત સાંભળીને રાજાએ વિચાર કર્યો કે—"જો હું સત્ય કહીશ તો આ રાક્ષસ મને ખાઈ જશે, અને જો સત્ય ન કહું તો અસત્ય વચનથી ઉત્પન્ન થતું પાપ મને લાગશે; પરંતુ માત્ર મારા પ્રાણ બચાવવા માટે હું અસત્ય વચન તો બોલીશ નહિ જ, કારણ કે સ્વર્ગાદિકને આપનાર ધર્મ પ્રાણથી પણ મને વધારે વાલો છે. વળી આ રાક્ષસ પોતાને ઇચ્છિત એવા મને ભક્ષણ કરીને એક વર્ષ સુધી બીજાનું ભક્ષણ નહિ કરે, તેથી ૩૬૦ મનુષ્ય ઉપરની દયાથી ઉત્પન્ન થયેલું બીજું પુણ્ય પણ મને પ્રાપ્ત થશે,"

આ પ્રમાણે નિશ્ચય કરીને ધર્મવીર પુરૂષોમાં શિરોમણિ એવા તે રાજાએ કહ્યું કે—"હે રાક્ષસ! હું જ તે રાજા છું, અને બત્રીશ લક્ષણો છું, તેથી તારી ઇચ્છા પ્રમાણે કર." તે સાંભળી રાક્ષસ બોલ્યો કે—"હે સત્ત્વના નિધાન! હું તાપસનું ભક્ષણ કરતો નથી; તેથી હે બુદ્ધિમાન! તું કહે કે આ તારૂં તાપસપણું કૃત્રિમ છે કે અકૃત્રિમ છે?"

રાજાએ કહ્યું—"હું સાચો તાપસ નથી. તારા ભયથી જ તાપસના કહેવાથી હમણાં જ મેં આ વલ્કલ વિગેરે ધારણ કર્યાં છે." તે સાંભળી રાક્ષસ બોલ્યો કે—"હું ક્ષુધાને લીધે હમણાં જ તારૂં ભક્ષણ કરીશ, માટે તું તારા ઇષ્ટદેવનું સ્મરણ કર." ત્યારે રાજા પોતાના શરીરને વોસરાવી પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરવા લાગ્યો. તે વખતે તે ભયંકર રાક્ષસ ઘોર અટ્ટહાસ્યાદિકવડે આકાશને ફોડતો અને મોટા દાંતને પ્રગટ કરતો ખાવાની ઇચ્છાથી તેની સન્મુખ દોડ્યો; તોપણ રાજા કંઈ પણ ક્ષોભ પામ્યો નહીં. તેટલામાં તો રાજાએ પોતાને પ્રથમની જ જેમ પોતાના નગરની બહાર સૈન્ય, અને આભૂષણ સહિત અશ્વ સાથે ક્રીડા કરતો જોયો, અને રાક્ષસ કે વન કાંઈ

પણ જોયું નહીં; પણ આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ જોઈ. તે જોઈને આશ્ચર્ય સહિત તે રાજા "આ ઇંદ્રજાળ જેવું શું થયું?" એમ વિચારવા લાગ્યો. તેટલામાં તેણે આકાશમાં રહેલા અત્યંત કાંતિવાળા બે દેવોને જોયા. તેમાંથી એક દેવ બોલ્યો કે— "હે રાજન્! અમારી કથા સાંભળ.

આ નગરના જ ઉદ્યાનમાં રહેલા ચૈત્યને વિષે માણસોથી પૂજાતો હું નંદી નામનો યક્ષ છું. મને મારા મિત્ર શ્રીમુખ યક્ષે બોલાવ્યો હતો, તેથી હું તેના ગામમાં ગયો હતો. તે ગામના લોકો ખોટી સાક્ષી પૂરનારા છે, તેની યથાયોગ્ય પરીક્ષા કરી, ત્યારપછી તેણે મને પૂછયું કે—"હે મિત્ર! તારા નગરના માણસો કેવા છે?' ત્યારે મેં કહ્યું કે—"ત્યાં તો રાજા વિગેરે ઉત્તમ પુરૂષો સત્યવાદી જ છે." ત્યારે તેણે ફરી પૂછયું કે— "ચિંતાના સમૂહથી વ્યાકુળ એવા રાજાને વિષે સત્યતા શી રીતે સંભવે?"

આ રીતે વાત કર્યા પછી હે રાજન્! તારી પરીક્ષા કરવા માટે હું મારા મિત્ર સહિત અહીં આવ્યો, અને અમે તને અશ્વવડે ક્રીડા કરતાં જોયો. પછી હે સાત્વિક! અશ્વને ઉપાડી અરણ્ય, ચોર, તાપસ અને રાક્ષસ એ સર્વ દેખાડીને અમે તારા સત્યવાદીપણાની પરીક્ષા કરી. તેથી હે રાજન્! તું જ ધન્ય છે કે પ્રાણાંતે પણ સત્યવાદી રહ્યો. તેથી આ ભવ અને પરભવમાં તને ઇષ્ટ સંપત્તિ પ્રાપ્ત થશે." આ પ્રમાણે કહી હર્ષવડે રાજાને સર્વ શત્રુનો પરાજય કરનાર ખડ્ગ અને સમગ્ર વ્યાધિને હરનાર મણિ આપી તે બન્ને યક્ષો પોતપોતાને સ્થાને ગયા.

આ વૃત્તાંત જોઈ સર્વ પ્રજાજનોએ આનંદ પામી રાજાની સ્તુતિ કરી, અને રાજા પુણ્યના પ્રભાવથી ઉત્તમ રાજ્ય ભોગવવા લાગ્યો. યક્ષે આપેલા ખડ્ગના પ્રભાવથી વશ થયેલા અનેક રાજાઓથી સેવાતો, મણિવડે પ્રજાઓના વ્યાધિને દૂર કરતો, અન્યના ઉપકાર કરવામાં પ્રવીણ, સમકિતપૂર્વક શ્રાવકના અણુવ્રતમાં આસક્ત અને સાત ક્ષેત્રમાં ધનનો વ્યય કરતો તે રાજા લાંબા કાળ સુધી ધર્મ કર્મમય આયુષ્યને ભોગવી પ્રાંતે સ્વર્ગે ગયો.

આ પ્રમાણે કથા કહી શ્રી જયાનંદ કુમારે ફરીથી કહ્યું કે—"ઘણા સત્પુરૂષો સત્યવાદી હોય છે, તેથી કોઈ નગરમાં જઈ ઉત્તમ પુરૂષને આપણે પૂછીએ. તે આપણો વિવાદ ભાંગશે, એટલે તેની વાણી પ્રમાણ કરીને આપણી શરતને આપણે સત્ય કરશું." તે સાંભળી સિંહે પણ 'બહુ સારૂં' એમ કહ્યું. પછી તે બન્ને ચાલતાં ચાલતાં અનુક્રમે **શ્રીવિશાળપુર** નામના નગરમાં ગયા. ત્યાં ઉદ્યાનમાં મોટા આશયવાળા

કળાચાર્યને તેમણે જોયા. ત્યાં તે **વિદ્યાવિલાસ** નામના આચાર્ય રાજપુત્રાદિક પાંચસો વિદ્યાર્થીઓને ધનુર્વિદ્યાદિક કળાઓ શીખવતા હતા. તેને સર્વ શાસ્ત્રમાં નિપુણ જાણી શ્રીજયાનંદ કુમાર સિંહકુમાર સહિત પ્રણામ કરી પોતાના વિવાદવિષયનો ન્યાય પૂછ્યો. ત્યારે કળાચાર્યે ઉત્તર આપ્યો કે—

"સર્વ શાસ્ત્ર અને સર્વ લોકોને એ સંમત જ છે કે આ લોક અને પરલોકમાં ધર્મથી જ શુભ અને અધર્મથી જ અશુભ થાય છે." તે સાંભળી શ્રી જયાનંદ કુમાર હર્ષ પામ્યો, અને સિંહકુમાર ગ્લાનિ પામ્યો. પછી તે બન્ને ભાઈઓ તે જ કળાચાર્યની પાસે કળાનો અભ્યાસ કરવા લાગ્યા. થોડા દિવસમાં જ વિનયાદિક ગુણવડે કળાચાર્યને તથા વિદ્યાર્થીઓને વશ કરી શ્રી જયાનંદ કુમાર સર્વ કળાઓ શીખી ગયો. પછી કળાચાર્યની આજ્ઞાથી શ્રી જયાનંદ કુમાર બીજા વિદ્યાર્થીઓને ભણાવવા લાગ્યો. એમ થવાથી ભાગ્યશાળી જનોમાં અગ્રેસર એવો તે શ્રી જયાનંદ કુમાર સર્વને પ્રિય થઈ પડ્યો. સિંહ-કુમાર તેની સાથે સ્પર્ધા કરતો હતો; પરંતુ નિરંતર કળાનો અભ્યાસ કરતાં છતાં તે ઘણી થોડી કળા શીખ્યો, કારણ કે વિદ્યા તો ગુણ અને ભાગ્યને અનુસારે જ પ્રાપ્ત થાય છે.

તે વખતે તે વિશાળપુર નગરમાં શત્રુઓને ત્રાસ પમાડનાર વિશાળ **જય** નામનો રાજા હતો. તે છ છ માસે વિદ્યાર્થીઓની પરીક્ષા લેતો હતો; તેથી એક દિવસ પરીક્ષાનો અવસર પ્રાપ્ત થયો ત્યારે તે રાજા સ્નેહથી પુત્રાદિક વિદ્યાર્થીઓની પરીક્ષા કરવાની ઇચ્છાથી તે ઉદ્યાનમાં આવ્યો. ત્યારે કળાચાર્યે પણ રાજાની પાસે વિદ્યાર્થીઓની યોગ્યતા પ્રમાણે ઉભા રાખી એક તાલ વૃક્ષની ટોચ ઉપર મોરનું પીંછ મૂકી સર્વ વિદ્યાર્થીઓને કહ્યું કે—

"હે વિદ્યાર્થીઓ ! તમે શું શું જુઓ છો ?" ત્યારે તેઓ બોલ્યા કે—"તાલ, પીંછ અને વૃક્ષના સમૂહને અમે જોઈએ છીએ." તે સાંભળી આચાર્યને કંઇક ખેદ થયો. પછી આચાર્યની આજ્ઞાથી તેઓએ તે મયૂરપીંછને વીંધ્યું; પરંતુ તે પીંછના જે તંતુને વીંધવાનું કહ્યું હતું, તે તંતુને કોઈ પણ ધનુર્ધર વીંધી શકયો નહિં ત્યારપછી આચાર્યે શ્રી જયાનંદકુમારને કહ્યું કે—"હે વત્સ ! તું શું શું જુએ છે ?" ત્યારે તે બોલ્યો કે—"હું તો એક પીંછને જ જોઉં છું."

તે સાંભળી ગુરૂ હર્ષ પામ્યા. પછી ગુરૂએ તે પીંછનો જેટલામાં તંતુ વીંધવાની આજ્ઞા આપી, તેટલામાં જ તંતુને શ્રી જયાનંદકુમારે બાણવડે શીઘ્રપણે વીંધી નાંખ્યો. પછી નહિ મૂકેલા, હાથથી મૂકેલા અને યંત્રથી મૂકેલા એવા વિવિધ શસ્ત્રોવડે કમળનાં પત્રો છેદવા વિગેરે સંબંધી રાજાએ સર્વ વિદ્યાર્થીઓની પરીક્ષા લીધી. તેમાં કમળના

સો પત્રોમાંથી જે પત્ર છેદવાનું ગુરૂએ કહ્યું તે જ પત્ર શ્રી જયાનંદકુમારે ખડ્ગવડે છેદ્યું, તે સિવાય બીજું છેદ્યું નહીં, પછી શ્રી જયાનંદકુમારે હાથથી મૂકેલા ચક્રવડે સાત તાલવૃક્ષો છેદ્યા, અને શક્તિ નામનું શસ્ત્ર મૂકી દૂર પર્વતના શિખરપર રહેલી શીલાને ચૂર્ણ કરી નાંખી.

ત્યારપછી અશ્વયુદ્ધવડે યુદ્ધ કરતા તે મહા પરાક્રમીએ વિવિધ શસ્ત્રોથી એકી વખતે હજારો યોદ્ધાઓનો પરાજય કર્યો. પછી વાયુવેગવાળા અશ્વને ધારાગતિએ ચલાવતા તેણે વટવૃક્ષની શાખાસાથે વળગી રહી બે પગવડે અશ્વને ઉંચો ઉપાડ્યો. પછી હસ્તીયુદ્ધવડે માવત વિગેરે વીરોને પાડી નાંખી ક્રીડામાત્રથી જ શ્રી જયાનંદકુમારે સામા હસ્તીઓને પોતાના બે પગવડે ઉંચા ઉછાળ્યા. તે જોઈ એક સિંહકુમાર વિના બીજા રાજા વગેરે સર્વ જનોએ વિસ્મય અને હર્ષ પામી મસ્તક ધૂમાવી શ્રી જયાનંદકુમારની વિવિધ પ્રકારે સ્તુતિ કરી. તેના અસાધારણ વીર્ય, કળા અને ગુણો જોઈ આશ્ચર્યથી રાજાએ 'આ કોણ છે ?' એમ ઉપાધ્યાયને પૂછ્યું. ત્યારે તેણે કહ્યું કે—

"આ કોઈ પરદેશી શ્રેષ્ઠ ક્ષત્રીય છે, તે તેના ભાઈ સહિત અહીં મારી પાસે અભ્યાસ કરે છે. આથી વધારે હું કાંઈ પણ જાણતો નથી." તે સાંભળી રાજાએ તેને સર્વ વિદ્યાર્થીઓમાં કળા અને ગુણવડે અસાધારણ જાણ્યો, તેમજ તેના લક્ષણોથી તેને કોઈ રાજ્યને લાયક રાજપુત્ર જણાય છે એમ નિશ્ચય કર્યો. પછી વિદ્યાર્થીઓનો સત્કાર કરી, તેમને વિવિધ કળાઓ ભણવાની આજ્ઞા કરી તથા કળાચાર્યની પૂજા કરી રાજા પોતાને સ્થાનકે ગયો.

હવે શ્રી જયાનંદ કુમાર તેજ ગુરૂની પાસે અનુક્રમે વિશ્વમાં ઉત્તમ એવી ગીત નાટ્યાદિકની બહોંતેર કળાઓને પણ શીખ્યો. નિપુણતાથી વિદ્યાર્થીઓને ભણાવતો, ગુરૂના પ્રયાસને દૂર કરતો અને પ્રસન્ન આત્માવાળો તે શ્રી જયાનંદકુમાર સમગ્ર નગરજનોને પણ પ્રસન્ન કરવા લાગ્યો. તેની બુદ્ધિની પરીક્ષા કરવા માટે એક દિવસ રાજાએ નગરમાં ઉદ્ઘોષણા કરાવી કે—

"જે મારા હસ્તીને તોળી આપશે તેને તેની ઇચ્છા પ્રમાણે હું એક દેશ આપીશ." આ વાત સાંભળી શ્રી જયાનંદકુમારે રાજાને કહ્યું કે—"હું હસ્તી તોળી આપીશ." એમ કહી તેણે એક વહાણમાં હાથીને ચઢાવી તે વહાણ સરોવરના જળમાં તરતું મૂક્યું. પછી તે વહાણ જેટલું પાણીમાં ડુબ્યું, તે ઠેકાણે ચિહ્ન કરી પછી તે વહાણ બહાર કાઢી



તેમાંથી હાથીને ઉતારી ફરીથી તે વહાણને તારૂઓ પાસે જળમાં મૂકાવ્યું અને કરેલા ચિહ્ન સુધી તે વહાણ જળમાં ડુબે તેટલા પથ્થરો તેમાં ભરાવ્યા.

પછી તે પથ્થરો બહાર કાઢી ડાહ્યા પુરૂષો પાસે તેનો તોલ કરાવ્યો; અને તે પથ્થરોનો જેટલો તોલ થયો તેટલો હાથીનો પણ તોલ તેણે રાજાને કહ્યો. તેની આવી બુદ્ધિથી વિસ્મય પામેલો રાજા તેને બહુમાનપૂર્વક પોતાના મહેલને વિષે લઈ ગયો. ત્યાં સ્નાન વિગેરે કરાવી તે ઉદાર આશયવાળા કુમારને રાજાએ મોટા ગૌરવથી પોતાના મહેલમાં રાખ્યો. તેને સર્વ કુમારોમાં અધિક ગુણવાન જાણી તથા સર્વ કળાઓમાં અતિ નિપુણ છે, એમ સાક્ષાત જોઈ રાજાએ તેની ઇચ્છા વિના પણ રૂપવડે લક્ષ્મીનું ઉલ્લંઘન કરનારી અને કળા તથા ગુણે કરીને તેને તુલ્ય પોતાની **મણિમંજરી** નામની પુત્રી પરણાવી.

તે વખતે રાજાએ તે કુમારને પત્તિ, અશ્વ, હસ્તી અને રથના સમૂહવડે યુક્ત એક ઉત્તમ દેશ તથા સર્વ પ્રકારની ભોગની સામગ્રીએ સહિત એક મહેલ રહેવા માટે આપ્યો. તે મહેલમાં નવી પરણેલી પત્ની સાથે વિલાસ કરતો અને સર્વ પ્રકારનાં ભોગોને ભોગવતો તે કુમાર રાજાની સેવા કરવા લાગ્યો. અનુક્રમે રાજાની આજ્ઞાથી અનેક દેશો જીતી, ઘણા રાજાઓને વશ કરી તે શ્રી જયાનંદકુમારે રાજાની તથા પોતાની પ્રતિષ્ઠામાં ઘણો વધારો કર્યો.

એક દિવસ રાજા **સૂર** નામના શત્રુ રાજાને જીતવા જતો હતો, તેને વિનયથી જતાં અટકાવી શ્રી જયાનંદકુમાર પોતે સૈન્ય સહિત ચાલ્યો. તેને આવતો જાણી સૂર રાજા અભિમાનથી તેની સામે આવ્યો, અને તે બન્નેના સૈન્ય વચ્ચે જગતને ક્ષોભ ઉત્પન્ન કરે તેવો રણસંગ્રામ થયો. અનુક્રમે પોતાનું સૈન્ય ભાંગવાથી કુમાર ક્રોધવડે પોતે યુદ્ધ કરવા ઉભો થયો.

પછી તેણે એવું યુદ્ધ કર્યું કે જેથી શત્રુની સેના ચોતરફ નાસી ગઈ; ત્યારે સૂર રાજા પોતે યુદ્ધ કરવા ઉભો થયો, અને તે બન્ને વચ્ચે મોટો સંગ્રામ થયો. તે વખતે પૃથ્વી, આકાશ અને સર્વ દિશાઓ બાણમય થઈ ગઈ. તેમાં કુમારે અનુક્રમે બાણોવડે શત્રુના સાત ધનુષ છેદી નાંખ્યા; તથા તેના રથ, બખ્તર અને મસ્તકના ટોપને પણ છેદી નાંખ્યો. ત્યારપછી તે સૂર રાજા ખડ્ગ ઉંચું કરી કુમારને મારવા દોડ્યો. કુમારે પોતાના ખડ્ગવડે તેના ખડ્ગના કકડે કકડા કરી નાખ્યા. એજ રીતે કુમારે શત્રુના મુદ્ગરને મુદ્ગરવડે અને ગદાને ગદાવડે ચૂર્ણ કરી તે શત્રુને શસ્ત્ર રહિત કરી આકૂળવ્યાકૂળ કરી મૂકયો.

પછી "આ નિર્બળ શસ્ત્રોથી શું ? મારી ભુજાજ સબળ છે." એમ બોલતો તે સૂર રાજા અભિમાનથી મલ્લયુદ્ધવડે યુદ્ધ કરવા આવ્યો નીતિને જાણનાર કુમારે પણ તેની



સાથે તેજ પ્રમાણે ચિરકાળ સુધી મલ્લયુદ્ધ કર્યું. છેવટે તેને મુષ્ટિવડે હૃદયમાં પ્રહાર કરી મૂર્છિત કરીને પૃથ્વીપર પાડી દીધો. પછી તેને બેડીના બંધનવડે બાંધી જળ છાંટવાવડે સજ્જ કરી તેના સૈન્યને અભયદાન આપી પાછા વળી પોતાના નગરમાં આવી રાજાને તે શત્રુ સોંપ્યો. પછી કુમારના વચનથી રાજાએ તેની પાસેથી દંડ લઈ તેને મુક્ત કર્યો. "પ્રણામ કરનાર ઉપર દયાળુ અને હિતેચ્છુ પુરૂષોની એવી જ રીત હોય છે." પછી 'હું એક બાળકથી જીતાયો' એમ ધારી વૈરાગ્ય પામી તે સૂર રાજા પોતાના પુત્રને રાજ્યપર સ્થાપન કરી સદ્ગુરૂ પાસે દીક્ષા ગ્રહણ કરી પ્રાંતે મોક્ષસુખ પામ્યો.

શ્રીજયાનંદકુમારે ભ્રાતૃસ્નેહના વશથી સિંહકુમારને ઘણી લક્ષ્મી આપવા માંડી, તોપણ ઈર્ષ્યા અને અભિમાનને લીધે કાંઈ પણ લીધા વિના તે તેને સેવવા લાગ્યો. આ પ્રમાણે મનુષ્યો પુણ્યના વશથી અતર્કિત ભોગના સ્થાનરૂપ થાય છે, અને શત્રુની જયલક્ષ્મી સહિત કળા અને ગુણવડે શ્રેષ્ઠ ભાગ્યસંપદાને પામે છે.

આ પ્રમાણે શ્રીતપગચ્છના નાયક શ્રીમુનિસુંદર સૂરિએ રચેલા જયશ્રીના ચિહ્નવાળા શ્રીજયાનંદરાજર્ષિકેવળીના ચરિત્રને વિષે હંસ અને કાગડાના દષ્ટાંતવડે અને શ્રીમાન આનંદ રાજાના દષ્ટાંતવડે બીજું વ્રત પાળવાનું અને નહિ પાળવાનું ફળ દેખાડવાપૂર્વક શ્રીજયાનંદકુમારનો કળાભ્યાસ તથા મણિમંજરી નામની પ્રથમ પત્નીના પાણિગ્રહણના વર્ણનવાળો આ પાંચમો સર્ગ સમાપ્ત.



# છઠ્ઠો સર્ગ

श्रेयः श्रीवृषभस्तनोतु भगवान् गां प्राप्य यः केवला—
वस्थायां समजीजनद् गुरुतरं तं कश्चनैकं वृषम् ॥
विश्वाधारकरः शिवाध्वपथिकान् संसारघोराऽटवी—
पारं प्रापयतिस्म यश्चिरमहो भव्यानसंख्यानपि ॥ १ ॥

જે પ્રભુએ કેવળીપણાની અવસ્થામાં [1]ગોને પામીને એક મોટા એવા [2]વૃષને ઉત્પન્ન કર્યો, કે જે વૃષ વિશ્વનો આધારભૂત થઈ મોક્ષમાર્ગના મુસાફર એવા અસંખ્ય ભવ્યોને ચિરકાળ સુધી સંસારરૂપી ઘોર અરણ્યનો પાર પમાડે છે, તે શ્રીવૃષભપ્રભુ તમારા કલ્યાણને વિસ્તારો.

હવે મોટા ભાગ્યવડે અને શત્રુનો વિજય કરનારા ગુણોવડે રાજ્યની વૃદ્ધિ કરનાર શ્રીજયાનંદકુમાર રાજાને તથા નગરજનોને હર્ષ પમાડતો હતો. એ રીતે તેનો તો સુખમય ઘણો કાળ વ્યતિત થયો; પરંતુ સૂર્યના કિરણોવડે જેમ ઘૂવડ ખેદ પામે તેમ શ્રીજયાનંદકુમારની સમૃદ્ધિ જોઈને સિંહકુમાર નિરંતર ખેદ પામતો હતો. કહ્યું છે કે—

"ખળ પુરૂષનો સત્કાર કર્યા છતાં પણ તે બીજાની સમૃદ્ધિ જોઈને અત્યંત ખેદ પામે જ છે. જળથી સિંચન કરેલો પણ જવાસો બીજા ધાન્યોની સમૃદ્ધિ જોઈ સૂકાઈ જાય છે." શ્રીજયાનંદકુમારને દેશાંતરમાં લઈ જઈને અહીં પ્રાપ્ત થયેલી લક્ષ્મીનો વિયોગ કરાવવાને ઇચ્છતા તે માયાવી સિંહસારે એક દિવસ એકાંતમાં શ્રી જયાનંદકુમારને આ પ્રમાણે કહ્યું કે—

"હે ભાઈ! આપણા નગરમાંથી આપણે અનેક દેશોના આશ્ચર્ય જોવા માટે નીકળ્યા છીએ, તેથી હવે આપણે અહીં વધારે ન રહેતાં દેશાંતર જઈએ. કારણકે મને વિચિત્ર આશ્ચર્ય જોવાનું કૌતુક છે, તે કૌતુક દેશાંતરમાં ભ્રમણ કર્યા વિના એક ઠેકાણે રહેવાથી પૂર્ણ થાય તેમ નથી. તેવા કૌતુક જોવાની આશાથી આપણે અહીં આવ્યા પરંતુ અહીં

---

૧ વાણી અથવા ગાય. ૨ ધર્મ અથવા બળદ.

રહેલા આપણને જો માતપિતા જાણશે; તો પાછા તેડાવી લેશે અને તેમ થવાથી આપણી કૌતુક જોવાની ઇચ્છા પૂર્ણ થશે નહિ. કદાચ સુખની વૃદ્ધિમાં નિમગ્ન થવાથી તું નહિ આવે, તો પછી હું એકલો જ જઈશ, પરંતુ તારા વિયોગથી મને અસહ્ય દુઃખ થશે.”

આ પ્રમાણેનાં તેનાં વચન સાંભળી શ્રીજયાનંદકુમારે વિચાર્યું કે—“મારી આશાથી જ આવેલા આને હું એકલો કેમ જવા દઉં ?” એમ વિચારી તેણે કહ્યું કે—“હે ભાઈ! આપણે સાથે જ જઈશું.” ત્યારપછી શ્રીજયાનંદકુમારે ગુપ્ત રીતે પ્રયાણની સામગ્રી તૈયાર કરી, અને પોતાના વાસગૃહના દ્વારની શાખા ઉપર આ પ્રમાણે શ્લોક લખ્યો.

“रंत्वा जलाशयेष्वष्टौ, मासांश्चित्रेषु कौतुकात् ॥”
वर्षासु कुरुते हंसः, स्वपदे मानसे रतिम् ।’

“હંસ કૌતુકથી વિચિત્ર જળાશયોમાં આઠ માસ સુધી ક્રીડા કરીને પછી વર્ષાઋતુમાં પોતાના સ્થાન માનસસરોવરને વિષે પ્રીતિ કરે છે.”

આ પ્રમાણે લખી પરિવારને તથા પત્નીને ખબર પડવા દીધા સિવાય રાત્રિને સમયે શ્રીજયાનંદકુમાર સિંહસારકુમારની સાથે શસ્ત્ર સહિત નગર બહાર નીકળી ગયો. અનુક્રમે પુર–ગ્રામ અને આકર વિગેરે સ્થાનોમાં ઇચ્છા પ્રમાણે ફરતા મહાપરાક્રમી તે બન્ને ભાઈઓ અનેક આશ્ચર્યો જોવા લાગ્યા.

અહીં પ્રાતઃકાળ થયો ત્યારે મણિમંજરીએ પોતાના પતિને જોયા નહિ, તેથી હૃદયમાં દુઃખી થઈને બુદ્ધિમાન એવી તેણીએ પોતાના પરિવારને પૂછ્યું, ત્યારે તેણે પણ કુમારની શોધ નહિ લાગવાથી તે વાત રાજાને નિવેદન કરી. રાજાએ પણ પોતાના માણસો પાસે પુર–ગ્રામ અને વનાદિકમાં તેની શોધ કરાવી. તોપણ તેની પ્રાપ્તિ ન થવાથી મણિમંજરી શોકાતુર થઈ. તેટલામાં પેલો શ્લોક જોઈ તેનો અર્થ જાણી તે બુદ્ધિશાળીએ રાજાદિકને કહ્યું કે—

“મારા પતિ કૌતુક જોવા માટે દેશાંતરમાં ભ્રમણ કરી વર્ષાઋતુમાં પાછા અહીં આવશે.” આ પ્રમાણે સાંભળી સર્વે ધીરજ રાખી પોતપોતાની સ્થિતિ પ્રમાણેના કાર્યમાં પ્રવર્ત્યા.

અહીં અનુક્રમે ચાલતા સિંહકુમાર અને શ્રીજયાનંદકુમાર એક દિવસ કોઇ અરણ્યમાં આવી ચડ્યા. ત્યાં સિંહકુમાર બોલ્યો કે—“હે ભાઈ! હું અધર્મે કરીને વનમાં આ દુઃખ સહન કરૂં છું, પરંતુ તું તો ધર્મમાં તત્પર છે, તો તું શા કારણથી આવા દુઃખને



સહન કરે છે ?" તે સાંભળી શ્રીજયાનંદકુમાર બોલ્યો કે—"અધર્મીના સંગથી ધર્મીને પણ કષ્ટ સહન કરવું પડે છે."

જુઓ ! લોઢાના સંગથી અગ્નિને પણ ઘણનું તાડન સહન કરવું પડે છે. કુસંગથી મોટાનો મહિમા હાનિ પામે જ છે, કારણકે લસણનો સંગ થવાથી કપુરનો સુગંધ ક્યાં સુધી ટકી શકે ?" તે સાંભળી પાપને વિષે પ્રીતિવાળા તે સિંહના ઓષ્ઠપુટ ક્રોધથી ફરકવા લાગ્યા અને તે પ્રગટ રીતે બોલ્યો કે—

"હજુ સુધી આપણો વિવાદ આ પ્રમાણે વાતો કરવાથી વધતો જ જાય છે. હું પાપથી શુભ કહું છું અને તું ધર્મથી શુભ કહે છે. આ બાબતમાં નિર્ણય કરનારા પંચનું પણ પ્રમાણ થતું નથી. કેમકે તેમની વાણી અનેક પ્રકારની થાય છે–ભિન્ન ભિન્ન જોવામાં આવે છે. એક ધર્મથી શુભ કહે છે ત્યારે બીજો અધર્મથી કહે છે, પરંતુ હવે આપણા બન્નેમાંથી આજે દ્રવ્ય આપ્યા વિના જે ભોજન લાવે તેનો પક્ષ સાચો ગણવો. અને તે પ્રથમ કરેલી શરત જાણવી."

આ પ્રમાણે તેનું વચન શ્રી જયાનંદકુમારે અંગીકાર કર્યું. ત્યારે સિંહ હર્ષ પામીને બોલ્યો કે—"આજ પ્રથમ હું જ આગળ આવતા ગામમાં મારી શક્તિની પરીક્ષા કરવા જાઉં છું. અને હે ભાઈ ! તું કંઈક વિલંબ કરીને જમવા માટે ત્યાં આવજે. જો કદાચ મારાથી ભોજન સિદ્ધ ન થાય તો પછી તું સિદ્ધ કરજે; અને જો મારાથી આજે ભોજન સિદ્ધ થાય તો તું કાલે તારી શક્તિ બતાવજે." એમ કહી શ્રીજયાનંદકુમારને પાછળ મૂકી સિંહકુમાર ઉતાવળો આગળ ચાલ્યો.

આ રીતે સિંહકુમાર આગળ ચાલતાં ભ્રાંતિથી પાપી જીવ નરકમાં પડે તેમ તે એક મોટા અરણ્યમાં પડ્યો, અને ત્યાં પરમાધામી જેવા ભિલ્લોએ અલંકારના લોભથી તેને બાંધી લીધો. અહીં **શતકૂટ** નામના પર્વતનો સ્વામી **ચંડસેન** નામનો પલ્લીપતિ રહેતો હતો. તે લુટ કરવા માટે **નંદિશાલ** નગર તરફ જવા નીકળ્યો હતો. ભિલ્લોએ સિંહકુમારને તે પલ્લીપતિને સોંપ્યો. કારણ કે તેઓ તેના જ સૈન્યના અગ્રેસરો હતા.

આ વૃત્તાંત વનમાં થતા કોલાહલથી અનુમાનવડે શ્રીજયાનંદકુમારે જાણી લીધો. પછી સિંહ ઉપરના સ્નેહને લીધે તેમજ દયાળુપણાને લીધે તે વીર જલદીથી દોડ્યો, અને તે ભિલ્લોને મળીને બોલ્યો કે—"રે ભિલ્લો ! મારા ભાઈને લઈને તમે ક્યાં જાઓ છો ?"

તે સાંભળી તેના પણ અલંકાર લેવાના લોભથી તે ભિલ્લો પાછા વળ્યા, અને તે પરાક્રમી સુભટો તેની સાથે જલદીથી યુદ્ધ કરવા લાગ્યા. તેમાં તે કુમારે તેમને બાણના



વરસાદ વડે હતપ્રહત[1] કરી નાખ્યા. તે જોઈ ચંડસેન પોતે ક્રોધથી યુદ્ધ કરવા આવ્યો અને તેણે ભિલ્લોને ધીરજ આપી. એટલે રણશીંગડાના નાદ વડે ગુફાઓને નાદવાળી કરતા અને અધિક ક્રોધ પામેલા તે સર્વ ભિલ્લો યુદ્ધને માટે એકઠા થઈ ગયા.

તે વખતે કોઈથી નિવારી ન શકાય એવા, ભયંકર અને ચોતરફ પ્રસરતા એકી વખતે મૂકેલા બાણોએ કરીને ભિલ્લોને હણુતા શ્રીજયાનંદકુમારને તેઓએ યમરાજ જેવો જોયો. પોતાના સુભટોથી જીતી ન શકાય તેવા અદ્ભૂત બળવાળા તે મનુષ્યને જાણી તત્કાળ ભય પામેલા ચંડસેને તેને કહ્યું કે—" તું કોણ છે ! અને મારા સુભટોને કેમ હણે છે ? " કુમારે જવાબ આપ્યો કે—

" તમે જેને બાંધ્યો છે, તેનો હું નાનો ભાઈ છું. તેને મુક્ત કરીને તમે નિર્ભય થઈ ખુશીથી ચાલ્યા જાઓ. તમે કાંઈ મારા શત્રુ નથી, તેથી તમને હણવાનું મારે શું પ્રયોજન છે ? " ત્યારે ચંડસેન બોલ્યો કે—" તારા ભાઈને તું ગ્રહણ કર. યુદ્ધના સંરંભને મૂકી દે, અને આપણા બન્નેની ચિરકાળ પ્રીતિ થાઓ. " તે સાંભળી 'બહુ સારૂં' કહી મહાપરાક્રમી શ્રીજયાનંદકુમારે રણસંગ્રામ તજી દીધો, એટલે તેના ગુણથી ચિત્તમાં આશ્ચર્ય પામેલા પલ્લીપતિએ પણ સિંહને મુક્ત કર્યો.

ત્યારપછી પલ્લીપતિ પોતાના કાર્યને માટે તે બન્ને ભાઈઓને વિનયથી ઘણી પ્રાર્થના કરીને ગામના આકારને ધારણ કરતી પોતાની પલ્લીમાં લઈ ગયો. ત્યાં પલ્લીપતિના આગ્રહથી તે બન્ને ભાઈઓ સુખેથી રહ્યા, અને તે પલ્લીપતિ શ્રીજયાનંદકુમાર પાસે ધનુર્વિદ્યા શીખવા લાગ્યો. સિંહકુમાર તે ભિલ્લપતિની સાથે શિકાર, ચોરી અને ધાડ વિગેરે કાર્યમાં જવા લાગ્યો અને નીચ કર્મ કરવા લાગ્યો. શ્રીજયાનંદકુમાર એક વખત પણ તેની સાથે ગયો નહિ.

આ સમયે **સહસ્રકૂટ** પર્વતપર **મહાસેન** નામનો પલ્લીપતિ હતો. તેની સાથે આ ચંડસેનને અત્યંત વૈર હતું. તેથી એક દિવસ તે ચંડસેન સિંહકુમાર સહિત તેની સાથે યુદ્ધ કરવા ચાલ્યો. તે વખતે તેણે શ્રીજયાનંદકુમારને કહ્યું કે—

" હે વીર ! તું પણ ચાલ અને મને યુદ્ધમાં સહાયભૂત થા. હે ઉત્તમ પુરૂષ ! મારા કાર્યની સિદ્ધિને માટે મેં તને આ પલ્લીમાં રાખેલો છે. " તે સાંભળી પ્રાર્થનાનો ભંગ કરવામાં ભીરૂ એવા શ્રીજયાનંદકુમારે તેનું વચન અંગીકાર કર્યું. ત્યારપછી ચંડસેન સર્વ સૈન્ય સહિત સહસ્રકૂટ નામના પર્વતને રણશીંગડાના નાદ વડે પૂર્ણ કરતો યુદ્ધ

૧ હત એટલે હણેલા અને પ્રહત એટલે અત્યંત હણેલા.

કરવા ચાલ્યો. ચંડસેનને યુદ્ધ કરવા આવેલો જાણી પોતાના આત્માને સુભટ માનનાર અને અત્યંત ક્રોધ સહિત બુદ્ધિવાળો મહાસેન તત્કાળ ભિલ્લની સેના સહિત પલ્લીમાંથી બહાર નીકળ્યો.

ચિત્તા, વાઘ, હાથી અને મૃગ વિગેરે પશુના ચર્મને પહેરનારા, વિવિધ પ્રકારની લતા અને મોરપીંછને મસ્તકપર ધારણ કરનારા, કાહલાના નાદવડે એકઠા થયેલા, ક્રોધે કરીને સહિત અને બખ્તરને ધારણ કરનારા એવા ભિલ્લો વિવિધ પ્રકારના આયુધો ગ્રહણ કરી યુદ્ધ કરવા આવ્યા. તેમના અહંકારપૂર્વક ગર્જારવવડે, ભુજાના આસ્ફોટવડે, કટુ વચનવડે, વાજિંત્રોના નાદવડે અને ધનુષના શબ્દવડે ચોતરફથી પર્વતો પણ ગર્જારવ કરી રહ્યા. સ્વામીપર ભક્તિવાળા, મદોન્મત્ત અને વાંદરાઓની જેમ કુદતા યોદ્ધાઓ ક્રોધથી શત્રુઓને બોલાવી બોલાવીને યુદ્ધ કરવા લાગ્યા. ચોતરફથી કુદી કુદીને કેટલાક કુંત (ભાલા) વડે, કેટલાક બાણોવડે અને કેટલાક ખડ્ગાદિક શસ્ત્રોવડે શત્રુઓપર પ્રહાર કરવા લાગ્યા.

આ પ્રમાણે મહાભયંકર રણસંગ્રામ થતાં મહાસેનના સુભટોએ ચંડસેનનું સૈન્ય ભાંગી મોટો કોલાહલ કરી મૂક્યો. પોતાની સેના ભાંગેલી જોઈ સિંહકુમાર યુદ્ધ કરવા ઊભો થયો, અને તેણે ધૈર્યથી ભિલ્લોને ઉત્સાહ આપી બાણોનો વરસાદ વરસાવ્યો.

ભિલ્લોના સમૂહ સહિત ધીર એવા સિંહકુમારે બાણની વૃષ્ટિવડે ઉપદ્રવ કરેલા શત્રુઓ મેઘજળની વૃષ્ટિવડે ઉપદ્રવ કરેલી રજની જેમ નાસી ગયા. ભગ્ન થયેલું પોતાનું સૈન્ય જોઈ પ્રચંડ અને મોટા ભુજદંડવડે સમગ્ર શત્રુઓનો નાશ કરનાર અને સુભટોમાં ઉત્કટ એવો મહાસેન જાણે તૃષાને લીધે શત્રુઓના રૂધિરનું પાન કરતો હોય તેવા બાણોની વૃષ્ટિ કરતો સિંહકુમારને હણવા માટે અષ્ટાપદની જેમ યુદ્ધ કરવા ઊભો થયો. તેણે સિંહના બાણોને છેદી નાખ્યાં, બાણોવડે ભિલ્લોને કાંણા કર્યા, અનેક શૂરવીરોના પ્રાણ હરણ કર્યા અને શરણરહિત શત્રુઓને ત્રાસ પમાડ્યો.

પછી તેણે જલદીથી સિંહના ધનુષને છેદી, કવચને ભેદી, બાણોવડે વ્યાકુળ કરી તેને બાંધી લઈને પોતાના સૈન્યમાં પહોંચાડી દીધો. તે જોઈ ક્રોધથી ઉદ્ધત થયેલા ચંડસેને તત્કાળ યુદ્ધ કરવા તૈયાર થઈ સુભટોમાં અગ્રેસર એવા તે મહાસેનને બોલાવ્યો. મદવડે ઉન્મત્તપણાને ધારણ કરતા હાથીની જેવા દુર્ધર તે બન્ને વીરો સ્પર્ધાથી યુદ્ધ કરવા લાગ્યા. ગર્જના કરતા અને ગર્વથી પર્વતની ગુફાઓને પણ ગજાવતા તથા ક્રોધથી મેઘની જેમ બાણોની શ્રેણિને તિરછી વરસાવતા તે બંને વીરોએ લાંબાકાળ સુધી ભયંકર

યુદ્ધ કર્યું. તે સાથે બન્ને પક્ષમાં રહેલા બીજા વીરોએ પણ ઘોર યુદ્ધ કર્યું. પછી મહાબળવાન મહાસેને ચંડસેનને તેના ધનુષનો છેદ કરી તથા બખ્તરને ભેદી બાણોવડે વ્યાકુળ કર્યો. મહાસેનના સૈનિકોએ બાણ, કુંત, ખડ્ગ વિગેરે શસ્ત્રોના સમૂહવડે ભયંકર સંગ્રામ કરી તેની સેનાને ભાગી નાખી.

પછી ચંડસેને ધૈર્યથી બીજું ધનુષ લઈ સાધુ જેમ પાપને છેદે તેમ બાણોવડે મહાસેનનું ધનુષ છેદી નાખ્યું. ત્યારે મહાસેને એક મોટી શિલા ઉપાડી તેના મસ્તકપર મારી, તેના ઘાતની વ્યથાથી ચંડસેન મૂર્છા ખાઈ પૃથ્વીપર પડ્યો. એટલે હર્ષથી ગર્વિષ્ઠ થયેલો મહાસેન તેને બાંધવા માટે આવ્યો. તે જોઈ તત્કાળ શ્રીજયાનંદકુમારે ત્યાં આવી તેને યુદ્ધ કરવા બોલાવ્યો. ત્યારે તેજથી શોભતો મહાસેન પણ ઈર્ષ્યાથી ધનુષનો ટંકાર કરી તેની સાથે યુદ્ધ કરવા ક્રોધથી દોડ્યો. તે વખતે શ્રીજયાનંદકુમારે તેને કહ્યું કે—

"હું નિરપરાધીને મારતો નથી, તેને મારવાથી મારા ક્ષત્રિયકુળને કલંક લાગે છે. તેં મારા ભાઈને બાંધવાથી અપરાધ કર્યો છે, તોપણ મેં કેટલાક વખત સુધી તારી ઉપેક્ષા કરી છે, હજુપણ જો તું મારૂં કહેવું કરીશ તો હું તને હણીશ નહિ. તે વચન એ છે કે આ ચંડસેન સાથે તું સંધિ કર, મારા મોટાભાઈને છોડી મૂક, અને નિઃશંક મનવાળો થઈને ચિરકાળ સુધી તારી પલ્લીનું રાજ્ય ભોગવ." તે સાંભળી માની મહાસેન બોલ્યો કે—

"ક્ષત્રિયપણું તો યુદ્ધમાં જણાશે. મૃગની સાથે સિંહને સંધિ શી? અને સિંહ પાસેથી મૃગને કોણ છોડાવનાર છે? આવા વચનવડે હું યુદ્ધથી ઉદ્વેગ પામું તેમ નથી. તેથી હે વીર! યુદ્ધ કર. વાણીથી શું કામ છે? સત્પુરૂષો ફળવડેજ પોતાના ગુણો બતાવે છે, વાણીવડે બતાવતા નથી." પલ્લીપતિના આવા વચનો સાંભળી પાદના આક્રમણવડે સર્પની જેમ, ફુંકવાથી અગ્નિની જેમ અને હલકે નામે બોલાવવાથી સિંહની જેમ શ્રીજયાનંદકુમાર ક્રોધથી અત્યંત દેદીપ્યમાન થયો. ત્યારપછી મોટા ઉત્સાહવાળા, મહા બળવાન, મોટા માનવાળા અને મોટા શસ્ત્રવાળા તે બન્ને સુભટો સ્પર્ધાવડે ઉત્કટ યુદ્ધ કરવા લાગ્યા. સુભટોને વિષે અગ્રેસર એવા તે બન્નેએ બાણો વડે એવું યુદ્ધ કર્યું કે તે વખતે સર્વ વીરો તથા જોનારા દેવો પણ ભય પામ્યા.

તે અવસરે બન્ને સ્વામીએ ઉત્સાહ પમાડેલા બન્ને સૈન્યના સર્વે ક્રૂર વીરો પણ તૈયાર થઈ યુદ્ધ કરવા લાગ્યા. શ્રીજયાનંદકુમારે સર્વ દિશાઓમાં પ્રસરતા બાણના સમૂહવડે જેમ ઇંદ્ર વજ્રવડે અનેક પર્વતોને તોડી પાડે તેમ ચોતરફથી અનેક વીરોને પાડી દીધા.

તેના બાણોને રોકવા કે સહન કરવા કોઈ પણ વીર શક્તિમાન થયો નહિ. તેથી કેટલાક વીરો યુદ્ધનો અને શસ્ત્રનો ત્યાગ કરી દૂર જઈ નિર્ભયપણે ઉભા રહ્યા. મહાસેનના સૈન્યમાં કોઈ પણ યુદ્ધ કરનાર સુભટ શ્રીજયાનંદકુમારના બાણથી અંકિત ન થયો હોય તેવો રહ્યો નહિ. માત્ર દયાથી જ કુમારે તેને હણ્યા નહિ. ત્યારપછી પોતાનું સર્વ સૈન્ય ભાંગેલું જોઇ અત્યંત ક્રોધથી મહાસેને સર્વ શક્તિવડે અંતર પડવા દીધા વિના બાણો મૂક્યાં, તેને શ્રીજયાનંદકુમારે અર્ધમાર્ગમાં જ લીલાએ કરીને પોતાના બાણોવડે છેદી નાખ્યા, અને તે મહાસેનના ધનુષ્ય તથા બખ્તર વિગેરે છેદી તેને વ્યાકુળ કર્યો. પછી ધૈર્યથી ખડ્ગને ઉંચું કરી તે વીર તેની સન્મુખ દોડ્યો, એટલે શ્રીજયાનંદકુમારે પોતાના ખડ્ગવડે તેના ખડ્ગના કકડે કકડા કરી નાખ્યા. તેને આયુધ રહિત થયેલો જોઈ શ્રી જયાનંદકુમારે ખડ્ગનો ત્યાગ કરી મુષ્ટિવડે તેને હૃદયમાં પ્રહાર કર્યો, તેથી તેનાં નેત્ર ભમવા લાગ્યાં અને તે મૂર્છા ખાઈ પૃથ્વીપર પડ્યો. એટલે તરત જ તેને પોતાના ભિલ્લો પાસે બંધાવી, જળપાનવડે સ્વસ્થ કરી અત્યંત માનવા લાયક એવા ચંડસેનને સોંપ્યો.

તે વખતે મહાસેનના સૈનિકો નાશી જતા હતા, તેમને શ્રીજયાનંદકુમારે ધીરજ આપી, અને તેમની પાસે સિંહકુમારને મંગાવી તેના બંધન છોડી તેને સ્વસ્થ કર્યો. ત્યારપછી ચંડસેન બોલ્યો કે—"અહો! અમારા ભાગ્ય જાગતા છે, અને અહો! અમારા પર દેવતાઓ તુષ્ટમાન છે કે જેથી અમોએ તમને નાથ તરીકે મેળવ્યા, અન્યથા આજે અમારા પ્રાણ જ ક્યાંથી રહ્યા હોત ?" ઇત્યાદિક વચનોવડે શ્રીજયાનંદકુમારની સ્તુતિ કરીને મહાસેનને ગ્રહણ કરી, તેની પલ્લી પોતાને કબજે કરી, તેમાં કોઈ પોતાના માણસને રાખી શ્રીજયાનંદકુમારને સેવતો ચંડસેન હર્ષ અને મહોત્સવ પૂર્વક પોતાની સેના સહિત પોતાની પલ્લીમાં આવ્યો. પછી મહાસેને ચંડસેનની સેવા અંગીકાર કરી તેને દંડ આપ્યો, એટલે નમસ્કાર કરનાર ઉપર વાત્સલ્યતાવાળા શ્રી જયાનંદકુમારે તેને મુક્ત કરાવ્યો.

ત્યારથી આરંભીને શ્રીજયાનંદકુમારને રાજ્ય તથા જીવિત દાયક માનતો ચંડસેન કૃતજ્ઞ હોવાથી પોતાના સ્વામી તરિકે માનવા લાગ્યો. પરંતુ સિંહકુમાર તો એવો વિચાર કરવા લાગ્યો કે—

"મને ધિક્કાર છે કે શ્રીજયાનંદકુમારે મને બે વાર બંધનથી મુક્ત કર્યો, કેમકે શત્રુએ કરેલો મોક્ષ અતિ દુઃખદાયક છે." તેનો ખેદ દૂર કરવા માટે શ્રી જયા-

નંદકુમારે તેને કહ્યું કે—"હે બંધુ ! તું ખેદ કરીશ નહિ, હું તો હંમેશાં તારો સહાયકારી જ છું." આવા શ્રીજયાનંદકુમારના વચને તેની ઈર્ષ્યામાં ઉલટી વૃદ્ધિ કરી. કારણ કે અસાધ્ય વ્યાધિમાં ઔષધ આપવાથી તે ઘણું કરીને ઉલટું દોષને માટે થાય છે. આ રીતે અદ્ભૂત કાર્ય કરનાર છતાં શ્રીજયાનંદકુમાર શાંતજ રહ્યો. કારણ કે અસાધ્ય કાર્ય કર્યા છતાં સત્પુરૂષોને ગર્વ કે વિસ્મય હોતાજ નથી. અથવા તો મોટું કાર્ય કર્યા છતાં પણ મહાપુરૂષ નમ્રજ રહે છે.

અગસ્ત્યે સમુદ્રનું પાન કર્યું છે તો પણ તે આકાશમાં મહાપ્રયત્નથી જ જોઈ શકાય છે. ખળ પુરૂષ પ્રાણદાનવડે ઉપકાર કરનાર ઉપર પણ દ્વેષ જ કરે છે, તેથી સિંહ તેના ઉપર દ્રોહ કરતો હતો. કેમકે અગ્નિની જેમ ખળ પુરૂષ કદાપિ પોતાનો થતો જ નથી. મ્લેચ્છોને વિષે આસક્તિ નહિ હોવા છતાં અને સારા દેશમાં જવાની ઈચ્છા હોવા છતાં શ્રીજયાનંદકુમાર ચંડસેનની દાક્ષિણતાથી કેટલોક વખત ત્યાં રહ્યો.

હવે કેટલોક કાળ ગયા પછી એક દિવસ અકસ્માત્ શૂળનો વ્યાધિ થવાથી ચંડસેન પલ્લીપતિ મૃત્યુ પામ્યો. 'સંસારની આવી જ સ્થિતિ છે.' ચંડસેન પુત્ર રહિત હોવાથી પરાક્રમાદિકવડે શ્રીજયાનંદકુમારને રાજ્ય લાયક માનીને સર્વ ભિલ્લોએ પલ્લીનું રાજ્ય અંગીકાર કરવા માટે તેની પ્રાર્થના કરી, પરંતુ તે કુરાજ્યને શ્રીજયાનંદકુમાર ઈચ્છતા ન હોતા. તેથી બીજો કોઈ લાયક નહિ જોવાથી તથા સિંહસારને તેની ઈચ્છા હોવાથી તે ભિલ્લના રાજ્યઉપર શ્રીજયાનંદકુમારે સિંહસારનેજ સ્થાપન કર્યો. ત્યારપછી મનમાં ગર્વ અને હર્ષને પ્રગટપણે ધારણ કરતો તે સિંહ મહાક્રૂરકર્મ કરતો નિઃશંકપણે પલ્લીનું પાલન કરવા લાગ્યો.

હવે શ્રીજયાનંદકુમારે વિચાર કર્યો કે—"રાજ્યના આધારરૂપ આ સિંહને અહીં મૂકી જવાથી મને કંઈ પણ દુઃખ નથી." એમ વિચારી તેણે એક દિવસ સિંહસારની પાસે પોતાની દેશાંતર જવાની ઈચ્છા જણાવી. તે સાંભળી સિંહસારે વિચાર્યું કે—"દેશાંતરમાં કોઈ ઠેકાણે રહેલા આને જો પિતાદિક જાણશે તો અવસરે તેને પોતાના રાજ્યપર સ્થાપન કરશે, માટે મારે જયાનંદકુમારને જવા ન દેવો."

એમ વિચારી સિંહસાર માયા કપટથી પ્રેમ દેખાડી બોલ્યો કે—"હે ભાઈ ! તારાપરના સ્નેહને લીધે જ મેં પિતાદિકનો ત્યાગ કર્યો છે, તેથી તારો વિયોગ હું શી રીતે સહન કરૂં ?" તે સાંભળી સરળ સ્વભાવવાળો શ્રીજયાનંદકુમાર સ્નેહ સહિત કેટલાક દિવસ ત્યાં રહ્યો. ત્યારપછી એક દિવસ સિંહે ગર્વથી શ્રીજયાનંદકુમારને કહ્યું કે—

"હું અધર્મથી પણ રાજ્યને પામ્યો છું." ત્યારે શ્રીજયાનંદકુમાર હસીને બોલ્યો કે—"અહો ! આટલાથી જ તને ગર્વ આવી ગયો! અથવા એક ખોળનો કકડો મળવાથી પણ રંક માણસ ખુશી થાય જ છે." તે સાંભળી સિંહને અત્યંત કોપ થયો, તો પણ તેણે આકાર ગોપવી રાખ્યો. શું ઉંદરને હણવા ઇચ્છતો બિલાડો આકારને નથી ગોપવતો ? ગોપવે જ છે. પછી સિંહે ઉપરથી હાસ્ય કરી પ્રેમ દેખાડી તેને રંજીત કર્યો.

કેટલાક દિવસો ગયા પછી એક દિવસ સિંહે શ્રીજયાનંદકુમારને કહ્યું કે—"હે ભાઈ ! આ પર્વતના શિખર ઉપર અહીંથી એક ગાઉ દૂર પલ્લીપતિઓએ પૂજવા લાયક મોટા પ્રભાવવાળી **ગિરિમાલિની** નામની દેવી છે. આજે કૃષ્ણ ચતુર્દશી હોવાથી તે દેવીની પાસે હું એક મંત્ર સાધવાને ઇચ્છું છું, તેથી તું મારો ઊત્તર સાધક થા." તે સાંભળી "બહુ સારૂં" એમ શ્રીજયાનંદકુમારે કહ્યું,

ત્યારે સાયંકાળ થતાં પૂજાની સામગ્રી લઈ સિંહ ખડ્ગ ધારણ કરેલા શ્રીજયાનંદકુમાર સહિત દેવીના મંદિરમાં ગયો. ત્યાં રાત્રીએ દેવીની પૂજા કરી તેની પાસે દંભથી મંત્રનો જાપ કરવા લાગ્યો અને શ્રીજયાનંદકુમાર ખડ્ગને ઉંચું રાખી ઉત્તરસાધક પણે ઉભો રહ્યો. તે સાત્વિક નિઃશંકપણે દેવાલયમાં ચોતરફ ફરતો હતો, ભૂતપ્રેતાદિકને ત્રાસ પમાડતો હતો અને ઉપસર્ગોને નિવારતો હતો. આ રીતે મધ્યરાત્રિ વ્યતીત થઈ ત્યારે ધ્યાનનો ત્યાગ કરી સિંહે તેને કહ્યું કે—

"હે ભાઈ! તારા પ્રભાવથી મારો મંત્ર બે પહોરમાં જ સિદ્ધ થયો. પણ તું થાકેલો છે તો હવે નિઃશંકપણે સુઈ જા. હું તારૂં રક્ષણ કરીશ. મારે મંત્ર સંબંધી જાગરણ કરવાનું છે. કારણ કે આ મંત્રમાં એવો વિધિ છે." તે સાંભળી તેના આશયને નહિ જાણતો શ્રીજયાનંદકુમાર સરળતાથી પોતાની જેવો જ તેનો પ્રેમ ધારી સુઈ ગયો અને તત્કાળ નિદ્રાવશ થયો. પછી 'આ અવસર ઠીક મળ્યો છે' એમ માનતા ક્રૂર સિંહે છળ કરીને શીઘ્રપણે શસ્ત્રવડે તેનાં નેત્રો ઉખેડી નાખ્યાં અને બોલ્યો કે—"હે દુષ્ટ ! મારા પક્ષની અને રાજ્યની તું નિંદા કરે છે, તથા ગર્વવડે ઉદ્ધત થયેલો તું હારી ગયા છતાં નેત્રો આપતો નથી, તેથી મેં તે બળાત્કારે ગ્રહણ કર્યાં છે. હે અન્ધ ! હવે તું ધર્મનું ફળ ભોગવ. અથવા ધર્મથી જ મૃત્યુ પામ." એમ કહીને જાણે દુર્ગતિના પ્રયાણનું પ્રસ્થાન કરતો હોય તેમ તે સિંહ પલ્લીમાં ચાલ્યો ગયો.

શ્રીજયાનંદકુમારે પુર્વે મંત્રીના ભવમાં "શું તારાં નેત્રો નષ્ટ થયાં છે?" એમ



ક્રોધથી કહીને સાધુ ઉપર આક્રોશ કરી અજ્ઞાનતાને લીધે જે પાપકર્મ ઉપાર્જન કર્યું હતું, તે કર્મ તેજ વખતે નિંદા, ગર્હા અને આલોચનાદિકવડે ઘણું ખરૂં તો તેણે ખપાવ્યું હતું, તો પણ તેનો જે કંઇક લેશ બાકી રહ્યો હતો, તેણે ઉદયમાં આવીને આ વખતે તેનું ફળ આપ્યું. નેત્રસંબંધી તીવ્ર વ્યથાથી વ્યાકુળ થયેલા શ્રીજયાનંદકુમારે વિચાર્યું કે—"મને ધિક્કાર છે કે નીતિશાસ્ત્ર જાણવ છતાં મેં આ ખળનો વિશ્વાસ કર્યો. કહ્યું છે કે—

"जीर्णे भोजनमात्रेयः, कपिलः प्राणिनां दया ।
बृहस्पतिरविश्वासः, पंचालः स्त्रीषु मार्दवम् ॥"

"વૈદ્યક શાસ્ત્રને રચનાર આત્રેય કહે છે કે ખાધેલું અન્ન જીર્ણ થયા પછી (પચી ગયા પછી) ભોજન કરવું, ધર્મશાસ્ત્રનો રચનાર કપિલ કહે છે કે પ્રાણિ ઉપર દયા કરવી, નીતિશાસ્ત્રનો રચનાર બૃહસ્પતિ કહે છે કે કોઈનો વિશ્વાસ ન કરવો અને કામશાસ્ત્રનો રચનાર પંચાલ કહે છે કે સ્ત્રીઓ ઉપર કોમળતા રાખવી. (આ ચારે શાસ્ત્રનો સાર આ શ્લોકમાં બતાવ્યો છે.)

ભોજન માત્ર દેવાથી પણ કુતરાઓ પોતાના સ્વામી ઉપર સ્નેહ રાખે છે, પરંતુ આ સિંહને જીવિતદાન આપ્યા છતાં તેણે મારાપર આવી વર્તણુક ચલાવી. અથવા તો મારા પોતાના જ પૂર્વે કરેલા કર્મનો દોષ છે. કેમકે નહિ કરેલું કર્મ કોઈ ભોગવતું નથી, કરેલું જ કર્મ ભોગવાય છે. પ્રાણીઓએ કરેલું શુભાશુભ કર્મજ પોતાનું ફળ આપવા માટે પ્રાણીઓને તેવા પ્રકારની ક્ષેત્ર, કાળ અને સહાય વિગેરે મેળવી આપે છે. હે જીવ! ક્ષેત્ર કાળાદિક સામગ્રીવડે પક્વ થયેલા શુભાશુભ કર્મને જાણી તું એક ક્ષણ માત્ર પણ ક્રોધ કરીશ નહિ. કહ્યું છે કે:—

"पुनरपि सहनीयो दुःखपाकस्तवायं,
न खलु भवति नाशः कर्मणां संचितानाम् ।
इति सह गणयित्वा यद्यदायाति सम्यक्,
सदसदिति विवेकोऽन्यत्र भूयः कुतस्ते ॥"

"હે આત્મા તારે આ દુઃખનો વિપાક ફરી પણ સહન કરવાનો છે, કેમકે સંચય કરેલા કર્મોનો વિનાશ થતો નથી. એમ ધારીને જે જે સુખ દુઃખ પ્રાપ્ત થાય તેને તું સમ્યક્ પ્રકારે સહન કર. ફરીથી બીજા ભવમાં સત્ અસત્નો વિવેક તને ક્યાંથી પ્રાપ્ત થશે. ?"

તેથી કરીને આપત્તિને વિષે પણ મારે ધીરજ ધારણ કરવી યોગ્ય છે. તેજ સત્પુરૂષનું ચિન્હ છે. વાયુવડે વૃક્ષો કંપે છે પરંતુ પર્વત જરા પણ કંપતો નથી. હવે અગ્નિવડે તૃણના સમૂહની જેમ ધર્મવડે કર્મ ક્ષય કરવા લાયક છે, અને તે ધર્મ સદ્ધ્યાનવડે જ સાધી શકાય છે, તેથી તે સદ્ધ્યાનને જ હું હૃદયમાં ધારણ કરૂં. મારી પાસે મનવાંછિત આપનારૂં નિશ્ચળસમકિત છે, તે જ આપત્તિરૂપી જ્વરનો નાશ કરવામાં રસાયન સમાન છે અને તેજ હમણાં મારૂં રક્ષણ કરનાર છે. તેથી કર્મરૂપી શત્રુનો જય કરવામાં સેના જેવી આ વ્યથા મારે સમ્યગ્ ભાવે સહન કરવાની જ છે."

આમ વિચારીને તેણે સત્ત્વથી કાયોત્સર્ગ ગ્રહણ કર્યો. એકાગ્ર મનવાળા તેણે પંચપરમેષ્ઠિ મહામંત્રનું ધ્યાન કરતાં શત્રુ અને મિત્રને વિષે સમતા ધારણ કરી. કેમકે પંડિતો સમયને જાણનારાજ હોય છે. તેના સમકિત અને સદ્ધ્યાનના પ્રભાવથી ગિરિમાલિની દેવીનું આસન કંપ્યું, તેથી તત્કાળ ત્યાં આવીને તે બોલી કે—

"હે ભદ્ર! તું સત્પુરૂષ હોવાથી તારી આ દુરવસ્થા હરવા માટે હું તારી પાસે આવી છું; પરંતુ મારી પૂજા તારે કરવી જોઈએ એમ ઈચ્છું છું. માત્ર એક કુતરાનો ભોગ આપવા વડે જ તું મારી પૂજા અંગીકાર કર, કે જેથી તારાં નેત્રો હું સજ્જ કરૂં." ત્યારે કાયોત્સર્ગ પૂર્ણ કરી શ્રીજયાનંદકુમાર બોલ્યો કે—મારાં નેત્રોની જેમ પ્રાણો પણ ભલે જાઓ, પરંતુ હું કદાપિ પ્રાણીની હિંસા કરીશ નહિ." ત્યારે દેવીએ અનુક્રમે બળિદાન, ભોજન અને છેવટ પ્રણામ માત્રની જ માગણી કરી, ત્યારે તેણે કહ્યું કે—

"તું મિથ્યાદૃષ્ટિ છે તેથી સમકિતની મલિનતાથી ભય પામતો હું તને તેમાંનું કાંઈ પણ કરીશ નહિ." આ પ્રમાણે શ્રીજયાનંદકુમારે કહ્યું, ત્યારે તે ક્રોધાવિષ્ટ થઈને બોલી કે—"હે અતિ દુર્બુદ્ધિવાળા! જો તું મને પ્રણામ માત્ર પણ નથી કરતો, તો હે દુષ્ટ આશયવાળા! મારી અવજ્ઞા કરવાનું ફળ તું જો." એમ કહી તે દેવીએ અત્યંત સૂસવાટી કરતો વાયુ વિકુર્વ્યો કે જેનાથી પડતી પર્વતની શિલાઓના ઘોર શબ્દવડે દેવતાઓ પણ ભય પામવા લાગ્યા. તે વાયુએ તેને ઉપાડી આકાશમાં ભમાડ્યો, તેથી તે મહા વ્યથા પામ્યો, તો પણ તેનું હૃદય ક્ષોભ પામ્યું નહિ. ત્યારે તેને પડતાને દેવીએ હસ્તસંપુટમાં ઝીલી લીધો. પછી તેણીએ કહ્યું કે—

"હે મહા ભાગ્યવાન! તારા સત્ત્વથી હું તુષ્ટમાન થઈ છું, તું આ ઔષધિ ગ્રહણ કર અને તેના રસથી તારા નેત્ર સજ્જ કર," ત્યારે મનમાં હર્ષ પામેલા શ્રીજયાનંદકુમારે

તત્કાળ તેની આપેલી ઔષધિ લઇ પાણીમાં ઘસી પોતાના બન્ને નેત્રોમાં નાખી એટલે તરતજ તે દિવ્ય નેત્રવાળો થયો અને તેણે પોતાની પાસે કાંતિવડે દેદીપ્યમાન દેવીને જોઈ. 'મણિ, મંત્ર અને ઔષધિનો મહિમા વચનથી કહી શકાય તેવો હોતો નથી.'

ત્યારપછી દેવીએ શ્રીજયાનંદકુમારને પૂછ્યું કે—"જેનું રક્ષણ કરવા માટે તું નિરંતર આ પ્રમાણે ક્લેશ પામે છે, તે સમકિતનું સ્વરૂપ શું છે? તે કહે." ત્યારે શ્રીજયાનંદકુમાર હર્ષથી બોલ્યો કે—

"સમકિતનું સ્વરૂપ ત્રણ તત્ત્વની શ્રદ્ધા કરવી તે છે. અને તે તત્ત્વ દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણ છે." પછી તે ત્રણ તત્ત્વનું સ્વરૂપ કહેવાપૂર્વક શ્રાવક ધર્મ તેણે વિસ્તાર સહિત કહ્યો. તે શ્રાવક ધર્મ સાંભળી શુભ સંસ્કાર જાગૃત થવાથી અવધિજ્ઞાનવડે પૂર્વભવનું સ્વરૂપ જાણી તે દેવી બોલી કે—

"પૂર્વભવમાં હું સમકિતવ્રતધારી શ્રાવિકા હતી. તે ભવમાં મારો પુત્ર માંદો થયો, ત્યારે એક વખત મેં એક પરિવ્રાજકને તેનો ઉપાય પૂછયો, તે પરિવ્રાજકે તેને ભૂતાદિકનો દોષ કહ્યો, તે દોષ દૂર કરવા માટે મેં તેની પ્રાર્થના કરી. ત્યારે તેણે મંત્ર અને ચૂર્ણાદિકના ઉપાયથી તેને સાજો કર્યો. ત્યારપછી પ્રસન્ન થઈને હું તે પરિવ્રાજકને હંમેશાં ઈચ્છિત ભિક્ષા આપવા લાગી. તે પણ જ્યારે મારે ઘેર આવે ત્યારે તેનો ધર્મ કહેવા લાગ્યો. એટલે તેનો શૌચમય ધર્મ અને જૈનનો મલિન ધર્મ તેમાં કયો ધર્મ સત્ય હશે?" એમ કોઈ વખત અભાગ્યને યોગે મેં સંદેહ કર્યો.

આ પ્રમાણે શંકા વિગેરે અતિચારોવડે ચિરકાળ સુધી મેં સમકિતની વિરાધના કરી અને ગુરૂ પાસે તેની આલોચના કર્યા વિના મરણ પામીને હું આ પર્વતની સ્વામિની, મોટી ઋદ્ધિવાળી, ઘણી દેવીઓના પરિવારવાળી, મિથ્યાદષ્ટિઓમાં અગ્રેસર અને ક્રૂર કર્મ કરનારી ગિરિમાલિની નામની દેવી થઇ. હમણાં તારા વચનથી મને તત્કાળ પૂર્વોક્ત અજ્ઞાનની નિવૃત્તિ થવાથી મતિ, શ્રુત અને અવધિજ્ઞાનની સ્મૃતિ પ્રાપ્ત થઈ છે. તેથી સમ્યક્ પ્રકારે મારા પૂર્વભવનું વૃત્તાંત જાણી તેને નિવેદન કરી તારી શિક્ષાથી કૃતાર્થ થયેલા મારા આત્માને હું તારે આધીન કરૂં છું. ગુરૂરૂપ તારી પાસે તારી સાક્ષીએ હું આજે સમકિત પામી છું. અર્થાત્ પ્રતિબોધ પામીને સમકિત અંગીકાર કરૂં છું. આજ પછી હું કદાપિ હિંસાદિક કરીશ નહિ; પરંતુ પ્રથમ કરેલી હિંસાદિકથી ઉત્પન્ન થયેલા પાપનો હું શી રીતે ક્ષય કરૂં? તે કહે." ત્યારે કુમારે કહ્યું કે—

"હે દેવી! તું પોતાની શુદ્ધિને માટે આ પ્રમાણે કર. અરિહંતનાં ચૈત્યોમાં

વિવિધ પ્રકારની પૂજાદિક પ્રભાવના કરવી, અને સંઘને વિષે દુરંત પાપને નાશ કરનારી સહાયતા કરવી." તે સાંભળી દેવીએ તેનું વચન અંગીકાર કરી કહ્યું કે—હવે તને હું ક્યાં મૂકું ?"

કુમારે કહ્યું—" હે દેવી ! તું પ્રતિબોધ પામી તેથી તને ધન્ય છે. મને તું **હેમપુર** નામના નગરમાં મૂક." પછી તે ધર્મગુરૂને તેણીએ વિઘ્નને નાશ કરનારી બીજી ઔષધિ આપી, તથા સર્વ અંગના અલંકાર અને મનોહર વસ્ત્ર પણ આપ્યાં. પછી પ્રાતઃકાળ થયો ત્યારે બન્ને ઔષધિ સહિત તે કુમારને ત્યાંથી ઉપાડી હેમપુરના ઉદ્યાનમાં મૂકી તેને પ્રણામ કરીને દેવી અદૃશ્ય થઈ.

પછી દિવ્ય નેપથ્ય અને અલંકારથી શોભતા તે શ્રીજયાનંદકુમારે નગરમાં પ્રવેશ કર્યો. તેની શોભા જોઈ સર્વજનો મોહ પામ્યા. માર્ગમાં તેણે જુગારનો અખાડો જોયો. ત્યાં તે કૌતુકથી બેઠો અને આભૂષણનું પણ ( શરત ) કરી રાજપુત્રાદિક સાથે રમવા લાગ્યો. તેણે દશ દાવવડે તે સર્વને જીતી લીધા, તેઓ દશ લાખ ધનને હારી ગયા પછી સર્વસ્વ હારી જવાની બીકથી વધારે રમ્યા નહિ. પછી તે કુમારે આગળ ચાલતાં જિનમંદિરમાં ગંધર્વોને જિનેશ્વરદેવ અને ગુરૂનાં ગીતો ગાતા સાંભળી મળેલું દશ લાખનું દાન લીલા માત્રમાંજ આપી દીધું.

આવા ઉદાર ચરિત્રવાળા તેને સાંભળી **હેમપ્રભ** નામના રાજાએ તેને પોતાની પાસે બોલાવ્યો, એટલે તે સાહસિક ત્યાં આવ્યો. અદ્ભુત આકાર અને લાવણ્યવાળા તેમજ દિવ્ય અલંકાર અને નેપથ્યવાળા તે શ્રેષ્ઠ યુવાનને જોઈ સર્વ સભાસદો વિચારવા લાગ્યા કે—" જો આ અશ્વિનીકુમાર હોય તો એકલો કેમ છે ? જો કામદેવ હોય તો તેને મત્સ્યનું ચિન્હ કેમ નથી ? જો ચંદ્ર હોય તો લાંછન રહિત કેમ છે ? જો સૂર્ય હોય તો તાપ કેમ કરતો નથી ? જો આ મનુષ્ય હોય તો આ પૃથ્વી જ અત્યંત ગૌરવવાળી જણાય છે, જો દેવ હોય તો અમે સ્વર્ગને નમીએ છીએ, અને જો આ જન્મવડે નાગલોકને પવિત્ર કરતો હોય તો તે નાગલોક પાતાળમાંથી ઉંચે આવેલું જણાય છે. "

સભાસદો આમ વિચારે છે તેવામાં કુમારે રાજાને નમસ્કાર કર્યો, એટલે રાજાએ પણ વિસ્મય સહિત તેને આલિંગન કરી : હર્ષથી પોતાના અર્ધઆસનપર બેસવા આગ્રહ કર્યો, પરંતુ કુમાર વિનયથી રાજાની પાસેના નીચા આસનપર બેઠો. રાજાએ તેને પૂછ્યું કે—" હે ભદ્ર ! તું કુશળ છે ? " તે બોલ્યો કે—" હે મહારાજ ! તમે આજ મારા નેત્રને ગોચર થયા, તેથી મારો જન્મ આજે સફળ થયો, અને મારા નેત્રો પણ સફળ થયાં. કહ્યું છે કે—

"નીતિથી પવિત્ર થયેલો રાજા સર્વ તીર્થોમાં પ્રથમ તીર્થ છે કે જેને પ્રણામ કરવાથી તે તત્કાળ અદ્ભુત અને ઇચ્છિત લક્ષ્મી આપે છે." તે સાંભળી રાજા બોલ્યો.— "હે મહા ભાગ્યવાન ! તારી આકૃતિ કોઈક દિવ્ય છે અને વિનયાદિક ગુણો પણ ઉત્કૃષ્ટ છે. તે બન્ને પરસ્પર એકબીજાને શોભાવે છે. આકાર વિના ગુણો પણ ગ્રહણ થઈ શકતા નથી. વિષમ સ્થાનમાં રહેલું પવિત્ર જળ પણ પીવા લાયક હોતું નથી. તારી આ અલૌકિક મૂર્તિ વિધાતાએ લાવણ્યરૂપી અમૃતની નવી તળાવડીરૂપ બનાવી છે કે જેમાં જગતના નેત્રો ડુબી રહે છે, કોઈપણ વખત વિરામ લેવા ઇચ્છતા નથી."

આ પ્રમાણે પોતાની પ્રશંસા સાંભળી કુમાર બોલ્યો કે—"હે પ્રભુ ! તમારી સૌમ્ય (સુંદર) દૃષ્ટિથી હું ભાગ્યવાન્ બન્યો છું. શું ચંદ્ર પોતાની ચંદ્રિકાવડે પોયણાને લક્ષ્મી નથી પમાડતો—વિકસ્વર નથી કરતો ? કરેજ છે."

આ પ્રમાણે પ્રીતિ સહિત વાર્તાલાપવડે કેટલોક સમય વ્યતીત થયો, ત્યારે અવસરને જણાવનાર મંગલપાઠક બોલ્યો કે—"હે રાજા ! જેના પાદ (કિરણ) ક્ષમાધરના (પર્વતના) વિરામ મસ્તકપર વિલાસ[1] કરે છે અને જે દિશાઓને પોતાના તેજ વડે દેદીપ્યમાન કરે છે એવો અંધકારરૂપી શત્રુનો નાશ કરનાર મધ્યાહ્નનો સૂર્ય તમારી જ જેમ પ્રતાપને ધારણ કરે છે."

આ પ્રમાણેનાં તેનાં વચન સાંભળી મધ્યાહ્નનું કાર્ય કરવા માટે રાજાએ સભા વિસર્જન કરી અને કુમાર સહિત રાજમહેલમાં જઈ વિધિ પ્રમાણે સ્નાનાદિક ક્રીડા કરી અને ભોજન કર્યું. ભોજન કર્યા પછી શય્યાપર રહેલા રાજાએ આસનપર બેઠેલા કુમારને કહ્યું કે—

"હે વત્સ ! જે કારણે તને અહીં બોલાવવામાં આવ્યો છે તે તું સાંભળ. મારે સૌભાગ્યવડે શોભતી **લલિતા, વિમળા, લીલાવતી** અને **કેલિકલા** વગેરે પાંચસો રાણીઓ છે. તેમનાથી ઉત્પન્ન થયેલા **ભાનુ, ભાનુધર, ભાનુવીર, સુભાનુ, વરદત્ત, સુદત્તક, સુષેણ, રવિતેજા, સુભીમ અને સુમુખ** વગેરે એક સો પુત્રો છે. તેમની ઉપર એક જ **સૌભાગ્યમંજરી** નામની પુત્રી છે. તે લલિતા પટરાણીથી ઉત્પન્ન થયેલી છે, મનોહર રૂપવાળી છે, બુદ્ધિનું નિધાન છે, ચોસઠકળામાં નિપુણ છે, સર્વ પ્રકારના ગુણે કરીને ઉત્તમ છે, લાવણ્યની ખાણ છે, વિશ્વજનોના હૃદયને આનંદ આપનારી છે, પ્રિય વચન બોલનારી છે, તથા મારા હૃદયનું વિશ્રામસ્થાન છે. તે પુત્રી દાનવીર અને

૧ રાજાના પક્ષમાં જેના એટલે તારા પાદ–પગ. ક્ષમાધરના એટલે રાજાઓના મસ્તક પર વિલાસ કરે છે.

યુદ્ધવીર એવા વરને ઇચ્છે છે. તેથી તેવો વર મેળવી આપવા માટે કલ્યાણકારી મારી **રેલણી** નામની કુલદેવીની મેં આરાધના કરી. ત્રણ ઉપવાસ, બ્રહ્મચર્ય, ધ્યાન, મૌન અને જપાદિકથી સંતુષ્ટ થઈ તે દેવીએ ત્રીજી રાત્રે સ્વપ્નમાં મને કહ્યું કે—

“ યુવરાજના ગૃહદ્વારની પાસે જુગારના અખાડામાં દિવ્ય અલંકાર અને નેપથ્યવાળો, ખડ્ગને ધારણ કરનારો અને મનોહર આકૃતિવાળો જે પુરૂષ આવે અને જલદિથી દશ લાખ ધન જીતી લીલા વડે જ તે સર્વ ધન અર્થીઓને આપી દે, તે જગતમાં ઉત્તમ પુરૂષ સૌભાગ્યમંજરીનો પતિ થવાને યોગ્ય છે.” આ પ્રમાણે દેવીનું વચન સાંભળી પ્રાતઃકાળે દેવીની પૂજા કરી મેં પારણું કર્યું. ત્યારપછી જુગારના અખાડામાં પાસાવડે કુમારોને જુગાર રમવાનું મેં શરૂ કરાવ્યું. અને “ આવો પુરૂષ જ્યારે તમારી પાસે આવે ત્યારે મને તરત જ જણાવવું.”

એમ કહી મેં હમેશાં ત્યાં સેવકોને હાજર રાખ્યા. તેઓએ આજે મને તે વૃત્તાંત જણાવ્યો એટલે હર્ષ પામી મેં તરત જ તને બોલાવ્યો. તો હવે તારા રૂપ અને ગુણને યોગ્ય એવી તે આ મારી પુત્રીનું તું પાણીગ્રહણ કર.”

આ પ્રમાણે રાજાનું વચન સાંભળી શ્રીજયાનંદકુમાર બોલ્યો કે—“ હે રાજન્ ! મારા ગુણ કે વંશ જાણ્યા વિના તમે મને તમારી પુત્રી કેમ આપો છો ?” શાસ્ત્રમાં તો કહ્યું છે કે—

“ कुलं शीलं वपुर्विद्या, वयो वित्तं सनाथता ।
वरे सप्त गुणा मृग्या–स्ततो भाग्यवशा कनी ॥”

“ કુળ, શીલ, શરીર, વિદ્યા, ઉમ્મર, ધન અને નાથ સહિતપણું–આ સાત ગુણ વરને વિષે જોવા અર્થાત્ તે ગુણો જોઇને કન્યા આપવી, પછી કન્યા ભાગ્યને વશ છે– કન્યાનું જેવું ભાગ્ય હોય તેવું થાય છે.”

તે સાંભળી રાજાએ કહ્યું કે—“ તારા આ કાર્યથી અને વિવેકાદિકથી તેમ જ દેવીની વાણી ઉપરથી તારા કુળાદિક જાણ્યા છે, માટે મારી પ્રાર્થના વૃથા ન કર.” તે સાંભળી કુમાર મૌન રહ્યો એટલે રાજાએ જ્યોતિષીના આપેલા શુભ લગ્નને વિષે શ્રી– જયાનંદકુમારની સાથે પોતાની પુત્રીનો લગ્નમહોત્સવ કર્યો તેમાં રાજાએ હર્ષથી તેને નગર, ગામ, પત્તિ, અશ્વ, રથ, હાથી, દાસ, દાસી વિગેરે સર્વ પ્રકારના ભોગની સામગ્રી આપી. પછી રાજાએ આપેલા મહેલમાં નવી પરણેલી પત્નીની સાથે ઇચ્છા પ્રમાણે વિલાસ



કરતો કુમાર રહેવા લાગ્યો. ત્યારથી આરંભીને આ રાજાની સર્વ પ્રકારની લક્ષ્મી વૃદ્ધિ પામવા લાગી, તેથી રાજાએ તે કુમારનું **શ્રીવર્ધન** એવું નામ પાડયું.

એક દિવસ રાજાએ શ્રીવર્ધનકુમારને કહ્યું કે—"હે વત્સ! અમારા કુળમાં એવો આચાર છે કે લગ્ન થયા પછી એક માસની અંદર વહુ સહિત વરે મોટા ઉત્સવપૂર્વક એક પશુવડે કુળદેવતાની પૂજા કરવી. તેથી તમારે બન્નેએ આવતી કાલે ચતુર્દશી છે, તેની રાત્રિએ હર્ષથી તે પૂજા કરવી પડશે." તે સાંભળી કુમારે રાજાને કહ્યું—

"હું કદાપિ નિરપરાધી પ્રાણીની હિંસા કરતો નથી, કરાવતો નથી અને કોઈ હિંસા કરે તેને અનુમોદન પણ આપતો નથી. હિંસા નરકાદિક દુર્ગતિને આપનાર હોવાથી તેના જેવું કોઈ પણ મોટું પાપ નથી, અને સ્વર્ગ તથા મોક્ષ આપનાર હોવાથી અહિંસા જેવું કોઈ પણ મોટું પુણ્ય નથી. કહ્યું છે કે—

"अमृतं नोरगाद्वक्त्रा–न्नैवापथ्याद्गदक्षयः ।
साधुवादो विवादान्न, न शान्तिः प्राणिनां वधात् ॥"

"સર્પના મુખથી અમૃતની ઉત્પત્તિ હોય નહિ, અપથ્ય સેવવાથી વ્યાધિનો ક્ષય થાય નહિ, વિવાદથી સારો વાદ નીકળે નહિ, અને પ્રાણીના વધથી શાંતિ હોય જ નહિ."

તે સાંભળી રાજાએ કહ્યું કે—"તો તમે વિવિધ પ્રકારના ભોજ્ય અને ખાદ્ય વિગેરે પદાર્થો વડે તેની પૂજા કરો. કારણ કે તેને નહિ પૂજવાથી તે અનર્થ કરે છે." તે સાંભળી તત્ત્વજ્ઞાની કુમાર બોલ્યો કે—"જે હું મિથ્યાદૃષ્ટિ દેવતાને નમસ્કાર માત્ર પણ ન કરૂં, તે હું તેની પૂજા શી રીતે કરૂં? અરિહંત દેવ, તત્ત્વજ્ઞાની ગુરૂ અને અરિહંતનો કહેલો સદ્ધર્મ તે જેનું રક્ષણ કરનાર છે, તેને અનર્થ કરવા ઇંદ્રિ પણ સમર્થ નથી, તો આ બિચારી દેવી તે કઈ ગણતરીમાં છે? કહ્યું છે કે—

"ग्रहाः प्रसन्ना वशवर्तिनः सुरा, न दुष्टभूपाः प्रभवन्ति नो खलाः ।
नश्यन्ति विघ्ना विलसन्ति संपदो, हृदि स्थिते यत्र जिनः स पूज्यते ॥"

"જો જિનેશ્વર હૃદયમાં રહેલા હોય તો સર્વ ગ્રહો પ્રસન્ન થાય છે, દેવતાઓ આધીન થાય છે, દુષ્ટ રાજાઓ અને ખળ પુરૂષો ઉપદ્રવ કરવા સમર્થ થતા નથી, વિઘ્નો નાશ પામી જાય તથા સંપદાઓ આવીને વિલાસ કરે છે. એવા જિનેશ્વર પૂજવા યોગ્ય છે."

તે સાંભળી રાજા જમાઇને વધારે કહેવા સમર્થ નહિ હોવાથી તેને ઘેર મોકલી પોતે દેવીના ચૈત્યમાં જઈ તેણીને કહ્યું કે—"હે દેવી! તમે જ જે જમાઈ આપ્યો છે,



તે જ જમાઈ તમારી પૂજા કરતો નથી, તેથી તમે અને તે જાણો, હું તમારો ભક્ત છતાં શું કરું ?"

એ પ્રમાણે કહી તેને નમી રાજા પોતાના મહેલમાં ગયો અને ઉચિત કાર્યમાં પ્રવર્ત્યો. રાત્રિએ કુમારે દેવીને પ્રભાવવાળી જાણી કાંઈક મનમાં શંકા પામી પટ્ટમાં ચિત્રેલી શ્રી જિનેશ્વરની પ્રતિમાની શ્રેષ્ઠ પુષ્પાદિક વડે પૂજા કરી, તેની પાસે સુગંધિ ધૂપ કરી, સ્થિર ચિત્તે જિનેશ્વરના ધ્યાનમાં જ લીન થઈને બેઠો. એ રીતે રાત્રિનો પહેલો પ્રહર વ્યતીત થયો, ત્યારપછી બીજે પ્રહરે ચારે દિશામાં વ્યાપી જતો ધૂમાડો જોવામાં આવ્યો. તે ધૂમ્ર વડે વ્યાકુળ થયેલો સર્વ પરિવાર કોલાહલ કરતો નાસી ગયો. બુદ્ધિમાન કુમારે આ દેવીનો કરેલો ઉપદ્રવ છે, એમ ધાર્યું તેથી તેણે વિચાર્યું કે—

"સમકિતવડે સ્થિર ચિત્તવાળા અને અરિહંતનું ધ્યાન કરનારા એવા મારે કાંઈ પણ ભય નથી." એમ વિચારી પંચ નમસ્કાર મહામંત્રનું ધ્યાન કરતો તે કુમાર કાયોત્સર્ગમાં સ્થિત થયો. ધીમે ધીમે ધૂમાડો દૂર થયો અને ચોતરફ અગ્નિની જ્વાળા પ્રસરવા લાગી અને તેમાં અનુક્રમે ભયંકર સ્ત્રીનું રૂપ ધારણ કરીને દેવી પ્રગટ થઈ. તેનું મસ્તક મૂઢાના આકાર જેવું હતું, તાલ વૃક્ષ જેવા લાંબા પગ હતા, ગુફા જેવું ઉદર હતું, ખીલા જેવા દાંત વડે તે ભયંકર દેખાતી હતી, તેના નેત્રો અગ્નિની સગડી જેવા દેદીપ્યમાન લાગતા હતા, ચક્ર, ત્રિશૂળ, ખડ્ગ અને દેદીપ્યમાન ડમરૂને ધારણ કરનાર ચાર ઉદ્ધત ભુજદંડવડે તે અત્યંત ભયંકર દેખાતી હતી, તથા દેદીપ્યમાન્ ડમરૂ અને ધનુષના સ્ફુરાયમાન થતા ડમડમ શબ્દ વડે તથા અવ્યક્ત અટ્ટહાસવડે તે આકાશને પણ ફોડી નાખતી હતી. પછી તે કટુશબ્દે બોલી કે—

"અરે ! દુષ્ટ ! મેં જ તને આવી ઉત્કૃષ્ટ લક્ષ્મી આપી છે છતાં તું જ મારી નિંદા કરે છે ને પૂજા કરતો નથી ? હજુ પણ મારી પૂજા કર અને મને પ્રણામ કર, નહિ તો તું મરણ પામીશ. મારા ક્રોધ પાસે ઇંદ્ર પણ તારું રક્ષણ કરી શકશે નહિ." આવાં તેણીના વચનોથી પણ નહિ ક્ષોભ પામેલો કુમાર મૌન જ રહ્યો, ત્યારે તેણીએ અત્યંત ક્રોધથી તેના મસ્તકપર જ્વાળાવડે ભયંકર અગ્નિની વૃષ્ટિ કરી. પરંતુ તે અગ્નિ જિનેશ્વર દેવના ધ્યાનની પરંપરારૂપ મેઘથી હણાઈને શાંત થઈ ગયો. ત્યારે તેણીએ કુમાર ઉપર એક સિંહ મૂક્યો. એટલે ઘોર ગર્જના કરતો અને પુંછડા પછાડવાથી પૃથ્વીને કંપાવતો તે સિંહ નખરૂપી આયુધવડે હણીને તેનું ભક્ષણ કરવા તૈયાર થયો, પરંતુ જિનધ્યાનના પ્રભાવથી તેની દાઢાઓ ખરી પડી અને તીક્ષ્ણ નખો ભાંગી ગયા. તેથી તે તત્કાળ



પાછો હઠયો. ત્યારે દેવીએ ગર્વથી ફુંફાડાવડે આકાશને ભરી દેતા, વર્ષાઋતુના નવા મેઘની જેવા શ્યામ શરીરને ધારણ કરતા, મસ્તકપરના મણિઓવડે દેદીપ્યમાન અને યમરાજના ભુજદંડ જેવા ભયંકર સેંકડો સર્પો મૂકયા.

તેઓએ અત્યંત ફણાનો આટોપ કરી કોપથી તત્કાળ તે કુમારને વીંટી લીધો. પછી તીક્ષ્ણ દાંતવડે તેઓએ તેને ડંખ માર્યા, પોતાના શરીરવડે તેના શરીરને વીંટી વીંટીને પીડા કરવા લાગ્યા અને ગદાની જેવી મોટી ફણાઓવડે તેને પ્રહાર કરવા લાગ્યા. પરંતુ તેમ કરતાં તેમના દાંત પડી ગયા, ફણાઓપરથી મણિઓ ખરી પડયા અને શરીરનાં સર્વ હાડકાંઓ ભાગી ગયાં એટલે તેઓ તેમને કાંઇ પણ પરાભવ કરી શકયા નહિ આ રીતે સર્પો નષ્ટ થયા ત્યારે દેવી વિસ્મય પામીને વિચારવા લાગી કે—

આના ધ્યાનના પ્રભાવથીજ હું તેને કાંઇ પણ હાની કરવા સમર્થ થઇ શકતી નથી. તેથી હવે અનુકૂળ ઉપસર્ગ કરીને તેના ધ્યાનનોજ ભંગ કરૂં, એમ કરવાથી જ હું તેની હાની કરવા સમર્થ થઈશ." આમ વિચારી તેણીએ દિવ્ય રૂપ ધારણ કર્યું, શરીર પર રહેલા અલંકારોના તેજ વડે અંધકારનું હરણ કરનારી, કમળ સરખા નેત્ર-વાળી, કામદેવને ક્રીડા કરવાના વન જેવી, ચંદ્ર સમાન મુખવાળી, સર્વ અંગે સુંદર લીલાયુક્ત ગતિવાળી અને મનોહર ઝાંઝરના શબ્દવાળી તે દેવી કુમાર પાસે આવીને મધુર સ્વરે બોલી કે—

હે સ્વામી ! મારો સર્વ અપરાધ ક્ષમા કરો. સૌભાગ્યવાળા અને સાત્વિક એવા તમને પતિ કરવાને ઇચ્છતી અને કામથી વિહ્વળ થયેલી એવી મેં તમારૂં સૌભાગ્ય જોઈ તમારા સત્ત્વની આ રીતે પરીક્ષા કરી છે. તેથી તમારાપર સ્નેહવાળી, મુગ્ધ અને તમને જ અનુસરનારી એવી મને પ્રિયારૂપે અંગીકાર કરી મનુષ્ય ભવને વિષે પણ અત્યંત દુર્લભ એવા દેવતાઈ ભોગોને હર્ષથી ભોગવો. તમારૂં મન પ્રસન્ન થાય તેટલા માટે તમારૂં દાસપણું હું કરીશ, તમારી પાસે હમેશાં દિવ્ય નૃત્ય કરીશ અને સંગીત ગાઇશ."

આ પ્રમાણે વિવિધ પ્રકારના કામને જાગૃત કરનારા વચનના સમૂહ વડે તેણીએ કુમારને ચલાયમાન કરવા માંડયો, પરંતુ તેને ધ્યાનથી ચલાયમાન કરી શકી નહિ. ત્યારે તે વિસ્મય પામી પોતાના આકારને સંવરીને બોલી કે—"હું તારા સત્ત્વથી અત્યંત પ્રસન્ન થઈ છું, હવે તને ઉપસર્ગ નહિ કરૂં, પરંતુ તું મને કહે કે તું કયા મંત્રાદિકનું ધ્યાન કરે છે કે જેથી હું તને ઉપદ્રવ કરવા સમર્થ થઈ શકતી નથી ? અને એવો કયો તારો ધર્મ છે કે જેથી તું મને ઉપકારીને પણ પૂજતો નથી ?"

આ પ્રમાણે દેવીનું વચન સાંભળી કાયોત્સર્ગને પારી કુમાર બોલ્યો કે—" હું જગત્પૂજ્ય પંચ પરમેષ્ઠીનું ધ્યાન કરૂં છું. તેમના ધ્યાનથી અવશ્ય તત્કાળ [1]આધ્યાત્મિક, [2]આધિદૈહિક અને [3]આધિદૈવિક એ ત્રણે પ્રકારનું દુઃખ નાશ પામે છે. તથા જગતનું હિત કરનાર અરિહંતે કહેલો દયામૂળ મારો ધર્મ છે. તે ધર્મમાં રહેલા સમકિતધારી મનુષ્યો મિથ્યાદષ્ટિની પૂજાદિક કરતા નથી. હે ભદ્રે ! જો તું તારા આત્માનું હિત ઇચ્છતી હોય તો તું હિંસાનું કર્મ ન કરાવ. કારણ કે હિંસાથી દેવતાઓ પણ અનુક્રમે નરકને પામે છે. "

પછી તેણીના પૂછવાથી કુમારે તેણીને દયા અને હિંસાના ફળનું સ્પષ્ટ વિવેચન કરી શ્રીઅરિહંતનો શુદ્ધ ધર્મ કહી બતાવ્યો. તે સાંભળી દેવીએ પ્રતિબોધ પામીને સમકિત અંગીકાર કર્યું, હિંસાથી વિરામ પામી અને કુમારના કહેવાથી પ્રથમ કરેલી હિંસાથી ઉત્પન્ન થયેલા પાપને દૂર કરવા માટે અરિહંતની પૂજાદિક અને સંઘને વિષે ધર્મની સાહાયતા વિગેરે કરવાનું અંગીકાર કરી શુભ ભાવવડે જૈનધર્મમાં જ એક બુદ્ધિવાળી થઈ. પછી દેવીએ ગુરૂભક્તિથી તેને એક દિવ્ય ઔષધિ આપી. કે જે ઔષધિ પોતાના કે બીજાના મસ્તકપર રાખવાથી તેનું ઇચ્છિત રૂપ થઈ જાય છે. તદુપરાંત દેવીએ તેને અલંકારો અને વસ્ત્રો આપી પુષ્પ, સોનામહોર અને મણિની વૃષ્ટિ કરી, દેવ દુંદુભિનો નાદ કર્યો અને તેને પ્રણામ કરીને અદૃશ્ય થઈ.

પછી ત્યાંથી રાજા પાસે જઈ દેવીએ કહ્યું કે—" હે રાજા ! તું સુતો છે કે જાગે છે ? " તેણે જવાબ આપ્યો કે—" જમાઈના મહેલમાં ધુમાડાના ગોટેગોટ વિગેરે મહા ઉપદ્રવ જોવાથી હું શી રીતે સુઈ શકું ? " દેવી બોલી—" મેં તેને પ્રતિકૂળ અને અનુકૂળ ઘણા ઉપસર્ગો કર્યા તો પણ તે ઉત્તમ અને સાત્ત્વિક મનુષ્ય જરા પણ ક્ષોભ પામ્યો નહિ. ઉલટો તેણે મને ધર્મ પમાડયો. હે રાજા ! તેની પાસેથી તું પણ જીવદયાના મૂળરૂપ શ્રીઅરિહંતનો ધર્મ અંગીકાર કરજે. " એમ કહી દેવી અદૃશ્ય થઈ.

પછી પ્રાતઃકાળ થતાં રાત્રિનું વૃત્તાંત જાણવાને આતુર થયેલા રાજા વિગેરે સર્વે હર્ષ પામી દુંદુભિના નાદ સહિત કુમારના મહેલે આવ્યા. ત્યાં દિવ્ય અલંકાર તથા વસ્ત્રવાળા કુમારને તથા રત્નાદિકના સમૂહને જોઈ તે સર્વે અત્યંત આશ્ચર્ય અને આનંદ પામ્યા. કુમારે પણ ઉભા થઈ યોગ્ય વિનય કરી રાજાના પૂછવાથી રાત્રિએ બનેલો સર્વ વૃત્તાંત યથાર્થપણે કહી બતાવ્યો. તે સાંભળી હૃદયમાં અત્યંત આશ્ચર્ય પામેલા રાજા

૧ આત્માની અસમાધિ. ૨ જ્વરાદિક શરીરના વ્યાધિ. ૩ દેવાદિકના કરેલા ઉપસર્ગો.

વિગેરે સર્વે કુમારના સત્ત્વની અને જિનધર્મના પ્રભાવની પ્રશંસા કરવા લાગ્યા. પછી તે રાજાદિક કુમારના વચનથી જૈનધર્મ અંગીકાર કરવાને આતુર થયા, તેટલામાં ઉદ્યાન-પાલકે આવી રાજાને વિનંતિ કરી કે—

“હે દેવ ! તમારા ઉદ્યાનમાં જાણે મૂર્તિમાન ધર્મ જ હોય એવા **ધર્મયશા** નામના જ્ઞાની ગુરૂ ઘણા પરિવાર સહિત પધાર્યા છે.” તે સાંભળી કુમારના કહેવાથી રાજાદિક સર્વેએ હર્ષથી ત્યાં જઈ ગુરૂને વાંદી તેમના મુખથી ધર્મ સાંભળ્યો. પછી સવિસ્તાર ધર્મને જાણી તેના પ્રભાવને વિચારી તે સર્વે સમકિત તથા દેશવિરતિ વિગેરે ધર્મને અંગીકાર કરી પોતપોતાને સ્થાનકે ગયા. આ પ્રમાણે કુમારનું વૃત્તાંત જાણીને તેમજ જોઈને રાજા, રાજપુત્રો, ક્ષત્રિયો અને પુરજનો સર્વે મિથ્યાત્વનો ત્યાગ કરી જિનધર્મમાં તત્પર થયા.

આ રીતે હેમપુર નગરમાં રહી ધર્મકર્મમાંજ કાળને નિર્ગમન કરતો, જયલક્ષ્મી વડે દેદીપ્યમાન અને સર્વ લોકોએ પૂજાતો તે શ્રેષ્ઠ કુમાર **શ્રીવર્ધન** નામથી પ્રસિદ્ધ થયો.

આ પ્રમાણે શ્રીતપગચ્છના નાયક શ્રીમુનિસુંદરસૂરિએ રચેલા જયશ્રીના ચિન્હવાળા શ્રીજયાનંદ રાજર્ષિ કેવળીના ચરિત્રને વિષે શ્રીજયાનંદ કુમારે મહાસેન નામના પલ્લીપતિનો વિજય કર્યો. ગિરિમાલિની નામની દેવીને પ્રતિબોધ કર્યો, તેની આપેલી બે ઔષધિની પ્રાપ્તિ થઇ, હેમપુર નગરમાં ગમન થયું. ત્યાં સૌભાગ્યમંજરી નામની બીજી પત્ની સાથે લગ્ન થયાં, રેલણી નામની દેવીને પ્રતિબોધ કર્યો, તેણીએ આપેલી કામિત રૂપ કરનારી મહૌ-ષધિની પ્રાપ્તિ થઈ તથા હેમપ્રભ રાજા વિગેરેને સમક્તિ પ્રાપ્ત થયું. એ વિગેરેના વર્ણનવાળો આ છઠ્ઠો સર્ગ સમાપ્ત થયો. ૬.

# सप्तमः सर्गः

मा त्याक्षीर्जिन नस्त्वदेकशरणान् गीर्वाणसञ्चारित-
स्वर्णाम्भोजमिषान्नवापि निधयो विज्ञप्तिमित्यादृताः ॥
मन्ये यस्य सुभक्तितश्चरणयोः सेवां वितन्वन्ति य-
स्ते सेवाप्रवणाय वांछितरमादत्तः स शान्तिः श्रिये ॥१॥

"હે જિનેશ્વર! તમારા જ શરણે રહેલા અમારો તમે ત્યાગ ન કરો." એમ નવે નિધિઓ દેવતાએ સંચાર કરેલા નવ સુવર્ણકમળના મિષથી જાણે આદરપૂર્વક વિનંતિ કરતા હોય તેમ ઉત્તમ ભક્તિથી જે પ્રભુના ચરણની સેવા કરે છે, તે સેવકની વાંછિતલક્ષ્મીને આપનાર શ્રીશાંતિનાથ પ્રભુ તમારી લક્ષ્મીને માટે થાઓ.

હવે અહીં હેમપુર નગરમાં શ્રીવર્ધનકુમાર નિરંતર શત્રુનો વિજય આદિક કાર્યો કરી રાજાને પ્રસન્ન કરતો હતો અને પોતાના ગુણોવડે સમગ્ર પ્રજાને પણ પ્રસન્ન કરતો હતો. એવામાં એકદિવસ પોતાના સો પુત્રો અને શ્રીવર્ધનકુમાર સહિત રાજા સુધર્મા જેવી શોભતી પોતાની સભામાં બેઠો હતો. તેટલામાં વ્યાકુળ થયેલા ઉદ્યાનપાળે આવી રાજાને વિનંતિ કરી કે—

"હે દેવ! આજે ઉદ્યાનમાં એક ભુંડ આવ્યો છે તે તમારા ક્રીડાવનને ભાંગી નાખે છે, ભયંકર એવા ઘુરઘુર શબ્દવડે દેવોને પણ ત્રાસ પમાડતો જાણે બીજા રૂપે યમરાજ જ આવ્યો હોય તેમ તે આપના સુભટોને પણ ભય પમાડે છે." તે સાંભળી ક્રોધ પામેલો રાજા તેને હણવા માટે પોતે જવાની ઇચ્છા કરે છે, તે જાણી તેના સો પુત્રોએ વિનય અને યુક્તિવડે તેમને જવાનો નિષેધ કર્યો, અને પોતે બખ્તર પહેરી હાથી, ઘોડા વિગેરે સૈન્ય સહિત તે ભુંડની સાથે યુદ્ધ કરવા ચાલ્યા. શ્રીજયાનંદકુમાર પોતે બળવાન છતાં તે પશુ હોવાથી તેની ઉપેક્ષા કરી. પરંતુ યુદ્ધ કરવાની ઇચ્છા રહિત છતાં પણ કૌતુકથી તેમની પાછળ ગયો. રાજકુમારોએ વનમાં તે દુર્ધર ભુંડને જોઇ તેને યુદ્ધ કરવા બોલાવ્યો. એટલે કોપવડે ભયંકર નેત્રવાળો તે ભુંડ તેમની સન્મુખ આવ્યો. તેના ઉપર રાજકુમારોએ એકી વખતે બાણની શ્રેણિનો વરસાદ કર્યો. તે બાણોના ઉંચા ચડતા ઉડતા અને નીચે પડતા તે ભુંડે પોતાની દાઢાવડે કકડે કકડા કરી નાખ્યા, અને તે કુમારોના દેખતાં જ તેમના હાથી અને ઘોડાઓને પાડી નાખ્યા. ગદા, મુદ્ગર

અને ખડ્ગાદિકના પ્રહારોને પણ નહિ ગણતા તે ભુંડે પોતાના નખોવડે વીરોના હૃદયો પણ વિદારી નાખ્યા. યોદ્ધાઓએ તે ભુંડને ક્ષણમાં પૃથ્વીપર, ક્ષણમાં આકાશને વિષે, ક્ષણમાં આગળ, ક્ષણમાં મધ્યે અને ક્ષણમાં છેડે યુદ્ધ કરતો જોયો.

આ પ્રમાણે તે ભુંડે વ્યાકુળ કરેલા અને ભયથી વિહ્વળ થયેલા તે રાજકુમારોનું રક્ષણ કરવા માટે વીરોમાં મુગટ સમાન શ્રીજયાનંદકુમાર તે ભુંડની સન્મુખ દોડયો. પરંતુ તે ભુંડને શસ્ત્ર રહિત અને પૃથ્વીપર રહેલો જોઈ યુદ્ધનીતિને જાણનાર કુમારે અશ્વનો ત્યાગ કરી ખડ્ગને કેડ ઉપર બાંધી લઈ તે ભુંડને બોલાવ્યો. એટલે તે ફાળ મારી કુમારના ઉપર પડયો, તે વખતે કુમારે એક મુઠી મારીને તેની ડાઢાઓ ભાંગી નાખી. તોપણ તે મહા બળવાન ભુંડ વારંવાર કુમારની ઉપર ધસવા લાગ્યો, ત્યારે તેના પગ પકડી તેને ચક્રની જેમ ભમાડયો, અને પછી તે જોરાવર ભુંડને બલિષ્ઠ કુમારે એવો ઉછાળીને દૂર ફેંકયો કે જેથી તે ભયંકર બૂમ પાડતો સાત તાલવૃક્ષ જેટલી દૂર પૃથ્વીપર જઈને પડયો. તેનાં હાડકાં અને નખ ભાગી ગયા અને તે મંદ થઈ ગયો. તેથી તે નાશીને વનમાં પેસી ગયો. તેને અત્યંત ત્રાસ પમાડી દૂરથી કાઢી મુકવા માટે કુમાર પણ તેની પાછળ દોડયો, અને તે વનમાં પેઠો. પણ ત્યાં કોઈ પણ ઠેકાણે તે ભુંડને જોયો નહીં. પરંતુ ચારદાંતવાળા એક શ્વેત હાથીને સામે આવતો જોયો. કૈલાસ પર્વત જેવા ધોળા અને મોટા તે હાથીને જોઈ કુમાર હર્ષ પામ્યો. અને તેને ચોતરફ ભમાડી મુષ્ટિપ્રહારાદિકવડે વશ કરી તેના પર ચડી બેઠો. પછી તેને મુષ્ટિપ્રહારવડે હેમપુર નગર તરફ ચલાવવા લાગ્યો પરંતુ તે હસ્તીરાજ બળાત્કારથી દૂર વન તરફ દોડયો. કેટલીક ભૂમિ ઓળંગ્યા પછી વાયુને પણ જીતનાર વેગવડે ઉડીને જાણે પાંખવાળો પર્વત હોય તેમ તે આકાશ માર્ગે ચાલ્યો. તેની પીઠ પર બેઠેલા કુમારને પર્વતો નાના દેખાવા લાગ્યા, સરોવરો ગાયની ખરી જેવડા દેખાવા લાગ્યા, નગર ગામ અને આકર વિગેરે બાળકના ક્રીડાનગર જેવા દેખાવા લાગ્યા, અને મોટા બગીચાઓ ઘરોના વાડા જેવા દેખાવા લાગ્યા, એ રીતે પૃથ્વીનો વિચિત્ર દેખાવ જોતો કુમાર કેટલેક દૂર ગયો, ત્યારે તેને વિચાર થયો કે—

"આ કોઈ શત્રુ મારૂં હરણ કરીને સમુદ્રાદિકમાં મને નાખી દેશે." એમ વિચારી તેણે વજ્ર જેવી મુષ્ટિવડે તે હાથીના કુંભસ્થળ ઉપર ગાઢ પ્રહાર કર્યો. તેના પ્રહારથી વ્યાકુળ થયેલો હાથી તેનું બળ સહન કરવા અશક્તિમાન થવાથી તેને આકાશમાં જ નિરાધાર છોડી દઈને અદ્રશ્ય થઈ ગયો. કુમારે ભૂમિપર પડતાં પડતાં વિઘ્નનિવારક

ઔષધિનું સ્મરણ કર્યું. તેથી તે કોઈ સરોવરમાં પડ્યો એટલે તેને તરીને તે કાંઠે આવ્યો. ત્યાં માર્ગ અને ગામ વિગેરે જોવા માટે તે કુમાર એક મોટા વટવૃક્ષપર ચડ્યો. તેટલામાં પાસે જ એક ગામ તથા તેનો માર્ગ પણ તેના જોવામાં આવ્યો. તેથી તે ગામમાં જવાની ઇચ્છાથી તે કુમાર વટવૃક્ષથી નીચે ઉતરવા લાગ્યો, તેટલામાં તે વટવૃક્ષ જ કુમાર સહિત આકાશમાં ઉડ્યો, તે બહુજલદિથી એક મોટા અરણ્યમાં એક પર્વતના શિખરપર સ્થિર થયો. એટલે તેના ઉપરથી નીચે ઉતરી કુમાર તે વનમાં ભ્રમણ કરવા લાગ્યો. ત્યાં કોઈ કોઈ ઠેકાણે વૃક્ષોના ક્યારામાં જળસિંચન કરેલું હતું એ વિગેરે ચિન્હોથી 'અહીં કોઈ આશ્રમ હોવો જોઈએ.' એમ જાણી કુમાર નજીકમાં આવેલા પાંચસો તાપસોના આશ્રમ પાસે આવ્યો. ત્યાં એક મોટી શય્યાપર બેઠેલા અને તાપસોવડે સેવાતા એક વાઘને જોઈ કુમાર વિસ્મય પામ્યો. તેને જોઈ તાપસો બોલ્યા કે—

"હે નેત્રને અમૃતની વૃષ્ટિ સમાન ઉત્તમ પુરૂષ ! આવ આવ. તું અહીં આવ્યો તે ઘણું સારૂં થયું." એમ સંભ્રમથી બોલી તાપસોએ ઉભા થઇ આલિંગન કરી પ્રસન્ન ચિત્તથી તેને ઉચિત આસનપર બેસાડ્યો. પછી "આ વાઘ કોણ છે? અને તેની સેવા કેમ કરો છો?" વિગેરે કુમારે તેમને પૂછ્યું, ત્યારે તેઓ બોલ્યા કે—"આ કથા ઘણી મોટી છે, તેથી તે તમને પછી કહેશું, પ્રથમ તો તમે ભોજન કરો." એમ કહી પ્રસન્ન થયેલા તેઓએ ગૌરવથી તેને સ્નાન કરાવ્યું. અને સ્વાદિષ્ટ ફળો તથા વનના ચોખા ને અરણ્યની ભેંશના દુધવડે બનાવેલી ખીરનું તેને ભોજન કરાવ્યું. જમી રહ્યા પછી શ્રેષ્ઠ આસનપર કુમારને બેસારી **હરિવીર** નામના એક યુવાન તાપસે વાઘ વિગેરેનું સવિસ્તર ચરિત્ર આ પ્રમાણે કહ્યું:—

"વૈભવવડે સ્વર્ગનો તિરસ્કાર કરનાર **મહાપુર** નામના નગરમાં રૂપ અને ઐશ્વર્યાદિકવડે ઇંદ્રનો પણ પરાજય કરનાર **નરસુંદર** નામે રાજા હતો. તેને પુત્રાદિકથી પણ અત્યંત સ્નેહના પાત્રરૂપ **હરિવીર** નામે ઉત્તમ ક્ષત્રિય બાળમિત્ર અને સેનાપતિ હતો. આ અવસરે **ભોગપુર** નામના નગરમાં **ભોગરાજ** નામે રાજા હતો. તે નરસુંદર રાજાનો મામો થતો હતો. તે અત્યંત પ્રીતિનું પાત્ર અને સ્વજનોમાં અગ્રેસર હતો.

એક દિવસ **સૂરપુર** નામના નગરના બળવાન **શૂરપાળ** રાજાએ સૈન્ય સહિત ભોગપુરમાં જઈ તે અહંકારી ભોગરાજને યુદ્ધ કરવા બોલાવ્યો, ત્યારે તે ભોગરાજે સૈન્ય સહિત બહાર નીકળી ચિરકાળ સુધી યુદ્ધ કર્યું, પરંતુ છેવટે અલ્પ સૈન્યને લીધે તે

હાર્યો, તેથી તે સૈન્ય સહિત પોતાના નગરમાં પેસી ગયો, અને પોતાના રક્ષણ માટે અત્યંત બળવાન એવા પોતાના ભાણેજ નરસુંદર રાજાને તેણે પ્રધાનોદ્વારા ગુપ્ત રીતે બોલાવ્યો. ત્યારે ધીર અને વીર પુરૂષોમાં અગ્રેસર એવા નરસુંદર રાજાએ પોતાના આત્માને ધન્ય માની વિચાર કર્યો કે–

"આજે ભાગ્યવડે જ સ્વજન ઉપર ઉપકાર કરવાનો સમય આવ્યો છે. જેનાથી બીજાનો ઉપકાર ન થાય તેવું રાજ્ય અને બળ શા કામનું ? અને તેવી લક્ષ્મી પણ શું કામની ? મહાપુરૂષો તો સર્વની ઉપર ઉપકાર કરે છે, તો સ્વજન ઉપર ઉપકાર કરે તેમાં તો શું આશ્ચર્ય ?"

આ પ્રમાણે વિચાર કરી પોતાના મામાનું રક્ષણ કરવા માટે જવાની તૈયારી કરવા લાગ્યો. તેટલામાં તેના સેનાપતિએ કહ્યું કે—"હે સ્વામી ! દેડકા ઉપર ગરૂડને પરાક્રમ કરવાનું ન હોય, માટે હું જ ભોગપુર જઈ શૂરપાળને જીતી તમારા મામાનું રક્ષણ કરી આવીશ. માટે હે સ્વામી ! મને આજ્ઞા આપો." તે સાંભળી રાજાએ પ્રસન્ન થઈ તેને જવાની અનુમતિ આપી, તથા તેને પોતાનું સર્વ સૈન્ય સાથે આપ્યું. એટલે તે હરિવીર સેનાપતિ બે હજાર હાથી, બે હજાર રથ, પાંચ લાખ ઘોડા અને પાંચ ક્રોડ સૈનિકો સહિત રાજાને નમસ્કાર કરી ભોગપુર તરફ ચાલ્યો.

અનુક્રમે ત્યાં જઈ મહાસુભટ, મહામાની અને મહાબળવાન તે સેનાપતિએ વીરોમાં અગ્રેસર એવા તે શૂરપાળ રાજાને યુદ્ધ કરવા બોલાવ્યો. તે વૃત્તાંત જાણી ભોગરાજ પણ પોતાની સેના સહિત ઉત્કંઠાપૂર્વક તે સેનાપતિની સન્મુખ જઈ તેને મળ્યો. પછી જેમ પશ્ચિમસમુદ્ર પૂર્વસમુદ્રને મળે તેમ ભોગરાજ અને સેનાપતિનું સૈન્ય ઉત્કંઠાપૂર્વક શૂરપાળના સૈન્યને મળ્યું. ઢક્કા અને નિસ્વાન નામના વાજિંત્રોના મનોહર નાદવડે, પટહના શબ્દવડે અને કાહલા તથા ભેરીના શબ્દવડે સર્વ દિશાઓ ગાજવા લાગી. હસ્તીના સ્વારો હસ્તીના સ્વારો સાથે, ઘોડેસ્વારો ઘોડેસ્વારો સાથે, રથવાળાઓ રથવાળાઓની સાથે અને સૈનિકો સૈનિકોની સાથે યુદ્ધ કરવા લાગ્યા. બંને સૈન્યમાં કોઈ ઠેકાણે ખડ્ગે ખડ્ગવડે, કોઈ ઠેકાણે ભાલે ભાલાવડે અને કોઈ ઠેકાણે બાણે બાણવડે ચિરકાળસુધી સૈનિકોએ વિવિધ પ્રકારનું યુદ્ધ કર્યું. કેટલાકે તો શસ્ત્રો ખુટી જવાથી તે શસ્ત્રને અસાર માની પરસ્પર બાહુ બાહુવડે, મુઠી મુઠીવડે અને પાટુએ પાટુવડે પણ યુદ્ધ કર્યું. તેમ જ કેટલાક શૂરવીરોએ દાંત દાંતવડે, કેશ કેશવડે, નખ નખવડે અને મસ્તક મસ્તકવડે પણ યુદ્ધ કર્યું. કેટલાકે મુદ્ગરવડે શત્રુના રથોને પાપડની જેમ ભાંગી નાંખ્યા, કેટલાકે ગદાના પ્રહારવડે



પર્વતના શિખરની જેમ હાથીઓને પાડી નાખ્યા, કેટલાકે અશ્વોના પગ પકડી તેને નાના પથ્થરની જેમ આકાશમાં ઉછાળ્યા, અને કેટલાકે સૈનિકોના પગ પકડી તેમને ચક્રની જેમ ગોળ ભમાડયા. મૂર્છિત થઈને પડેલા કેટલાક યોદ્ધાઓ ગીધપક્ષીની પાંખના વાયુથી સજ્જ થઈ જાણે તાજા થયા હોય તેમ ફરીથી યુદ્ધ કરવા લાગ્યા. પડી ગયેલા સૈનિક, હાથી અને અશ્વના સમૂહવડ તથા ભાંગી ગયેલા રથ અને શસ્ત્રો વડે રણભૂમિમાં મુશ્કેલીથી ચાલી શકાતું હતું અને નૃત્ય કરતા ભૂત–પ્રેતના સમૂહવડે આકાશમાં પણ દેવતાઓ મુશ્કેલીથી ચાલી શકતા હતા.

આ પ્રમાણે ભયંકર યુદ્ધ થતાં શૂરપાળના વીરસૈનિકોએ શત્રુનું સૈન્ય ભાંગી નાખ્યું, એટલે તે ભય પામી કંઈક પાછું હઠયું. તે વખતે ગર્વથી અત્યંત ગર્જના કરતું શૂરપાળનું સૈન્ય આનંદ પામ્યું, તે જોઈ ભોગરાજ પોતાના સુભટોને ધીરજ આપી, મોટા રથપર આરૂઢ થયો અને અભિમાનરૂપી ધનવાળો, અત્યંત ક્રોધ પામેલો તથા શત્રુના સૈનિકોને તૃણ સમાન ગણતો તે ભોગરાજ યુદ્ધ કરવા દોડયો. તેના અને તેના સુભટોના નિરંતર પડતા, મર્મસ્થાનને વીંધનારા, પોતાની સ્વેચ્છાએ ચાલનારા, દુષ્ટ મુખવાળા અને કઠોર રીતે એક સાથે મૂકેલા ઘણા માર્ગણોવડે[1] દેદીપ્યમાન, ઉત્તમ ધર્મને ધારણ કરનાર અને અત્યંત હર્ષથી દાન દેનારા વીરો પણ તત્કાળ ભગ્ન થઈ ગયા.

આ પ્રમાણે પોતાના સુભટોને ભગ્ન થયેલા જોઈ અત્યંત માની શૂરપાળ રથમાં બેસી ક્રોધથી યુદ્ધ કરવા આવ્યો, અને તેણે ભોગરાજને કહ્યું કે—"એકવાર તો નાશીને કિલ્લામાં પેસી ગયો હતો, હવે કયાં જઈશ? જેણે બીજા પાસેથી ગરમી પ્રાપ્ત કરી છે તેવી રેતીની જેમ તું કયાંસુધી તપી શકીશ?"

એમ કહી ભોગરાજને યુદ્ધ કરવા બોલાવ્યો. એટલે તેની આવી અવજ્ઞા ભરેલી વાણીથી તે અત્યંત કોપથી અગ્નિની જેમ જાજ્વલ્યમાન થયો, અને બોલ્યો કે—"એક-વાર ફાળથી ચુકયા છતાં પણ ચિત્તો શું વાંદરાઓને મારતો નથી? અને બીજાથી તપેલો તૃણનો સમૂહ પણ શું લોઢાને બાળતો નથી?" એમ કહી તે ભોગરાજ તેની સાથે યુદ્ધ કરવા લાગ્યો. 'તેજસ્વીની કરેલી અવજ્ઞાને કયો તેજસ્વી સહન કરે?' તે બંનેનો એક-સંખ્ય[2] પણ અસંખ્ય યોદ્ધાઓને ભયંકર થયો. તે વખતે યુદ્ધ કરવાની ઈચ્છાવાળા વીરોની આળસ જાણે ભય પામી હોય તેમ નષ્ટ થઈ ગઈ. પછી શૂરવીર શૂરપાળે બાણોવડે થાકેલા ભોગરાજનું ધનુષ છેદી નાખ્યું, તેના રથને પણ ઘડાની જેમ ભાંગી નાખ્યો, માથાના ટોપને ભેદી નાખ્યો અને તેની હાંસી કરીને બખ્તર પણ છેદી નાખ્યું.

૧ બાણ તથા યાચક. ૨ એકની સંખ્યા. બીજા પક્ષે અદ્વિતીય સંગ્રામ.

આ પ્રમાણે થવાથી જેટલામાં ભોગરાજ ભયના વિસ્તારથી વ્યાકુળ થયો, તેટલામાં સેનાપતિ હરિવીરે બન્નેની વચ્ચે પોતાનો રથ લીધો, અને દુર્ધર એવો તે શૂરપાળની સાથે યુદ્ધ કરવા લાગ્યો. તે વખતે શૂરપાળે તેને કહ્યું કે—"હે મૂઢ! બીજાને માટે તું વચ્ચે શું કામ મરે છે?" સેનાપતિએ ઉત્તર આપ્યો કે—"સત્પુરૂષોને સ્વકાર્ય કે પરકાર્યનો ભેદ હોતો નથી. મરણ થવું તે કાંઈ તારી ઈચ્છાથી થવાનું નથી, પરંતુ દૈવઈચ્છાથી જ થાય છે, તેથી તું યુદ્ધ કર, તેનાથી જ આપણું શુભાશુભ જણાશે."

"ત્યારપછી તે બંને સ્પર્ધા સહિત યુદ્ધ કરવા લાગ્યા. તેમના બાણવડે ચોતરફ આકાશમાં મંડપ થઈ ગયો. તે વખતે સૈનિકોના ભુજાસ્ફોટવડે, હાથીઓની ગર્જનાવડે, અશ્વોના હેષિતશબ્દવડે અને ભયંકર રણવાજિંત્રના ઘોષવડે ચોતરફથી આકાશ ફુટી જવા લાગ્યું. સેનાપતિએ એકી વખતે મૂકેલા અને ચોતરફ પ્રસરતા બાણોવડે શૂરપાળની સેના કે જે ચાર અંગવાળી હતી તે પ્રાયે વિકલાંગ—અંગ રહિત થઈ ગઈ. તે સેનાપતિના શસ્ત્રવડે રથીઓ રથ રહિત થઈને ત્રાસ પામવા લાગ્યા, ઘોડેસ્વારો પોતાનું ક્લીબ (કાયર) પણું કહેવા લાગ્યા અને સૈનિકો વિપત્તિની સંભાવના કરવા લાગ્યા.

આ પ્રમાણે સેનાપતિની સેનાએ શૂરપાળની સેનાને એવી ભાંગી નાખી કે જેથી તે સદાને માટે સંગ્રામથી વિરામ પામી ગઈ. તે જ પ્રમાણે શૂરપાળ અને સેનાપતિએ પણ ચિરકાળસુધી એવું યુદ્ધ કર્યું કે તે વખતે 'કોને વરવું?' એ નહિ સમજવાથી જયલક્ષ્મી બંનેની વચ્ચે ઉભી રહી.

શાસ્ત્રનો વાદ કરનારાઓ જેમ પરસ્પરના હેતુને તોડી નાખે તેમ તે બંને વીરો પરસ્પરના શસ્ત્રોને છેદવા લાગ્યા. શસ્ત્રને ગ્રહણ કરતા અને મૂકતા એવા તે બન્નેને કોઈ જાણી શકતા નહોતા. સેનાપતિએ શૂરપાળના એક પછી એક એમ સાત ધનુષ છેદી નાખ્યા, ત્યારે ભયથી તેનું શરીર કંપવા લાગ્યું અને વ્યાકુળ થયેલા તેણે વિચાર કર્યો કે—

"હું જે જે શસ્ત્રને ગ્રહણ કરૂં છું તેને તેને આ તત્કાળ છેદી નાંખે છે, હું તો હવે થાકી ગયો છું, અને આ તો જાણે તાજો જ લડવા ઉભો થયો હોય તેવો દેખાય છે, મારી સર્વ સેના નાશી ગઇ છે, તેથી અહીં રહેવાથી જરૂર મારૂં મૃત્યુ જ થશે. માટે જીવતો માણસ જ ફરીને પણ જય અને કલ્યાણને પામી શકે છે, તેથી હવે અહીં અસ્થાને પરાક્રમ વાપરવું તે તો વ્યાઘ્રાદિક—વાઘ વગેરે શ્વાપદની જેવી ચેષ્ટા કહેવાય. વળી આવા અતુલ પરાક્રમીથી પાછા હઠતાં મને કાંઈ પણ લજ્જાનું કારણ થતું નથી."

આ પ્રમાણે વિચાર કરી કેટલાક સુભટોને વચ્ચે નાખી શૂરપાળ રાજા પોતાનો રથ પાછો વાળી જલ્દીથી નાઠો. તેની સેના પણ તેની પાછળ ગઈ. કેમકે સેના રાજાને અનુસરનારી હોય છે. ભોગરાજ સૈન્ય સહિત તેની પાછળ જઈ તેની સેનાને લુંટવા લાગ્યો. તેણે તેની પાસેથી હાથી, ઘોડા, બખ્તર, શસ્ત્ર અને અલંકાર વિગેરે પુષ્કળ પડાવી લીધું, અને યુદ્ધ નહિ કરતા એવા સુભટોને તેણે જીવતા જવા દીધા. 'નાસતાઓને ભાગી જવું તે સુલભ જ હોય છે.'

ત્યારપછી જય જય શબ્દને બોલતા એવા બંદીજનોથી સ્તુતિ કરાતા અને મંગળિક વાજિંત્રના શબ્દપૂર્વક અર્થીઓને હર્ષથી વાંછિત દાન આપતા તે સેનાપતિ અને ભોગરાજે મહોત્સવપૂર્વક પોતાના નગરમાં પ્રવેશ કર્યો. તે વખતે આખા નગરમાં શોભાને માટે બાંધેલી પતાકાઓ નૃત્ય કરતી હતી અને વૃદ્ધ સ્ત્રીઓ તેમનું મંગળ કરતી હતી. પછી બુદ્ધિમાન ભોગરાજે રાજ્ય અને જીવિતને આપનાર સેનાપતિને વિવિધ પ્રકારના પ્રીતિયુક્ત ઉપચારવડે સ્તુતિ કરી પ્રસન્ન કર્યો.

એક દિવસ કૃતજ્ઞતાને લીધે ભોગરાજે મહા ઉપકારી તે સેનાપતિને સર્વોત્તમ કન્યા આપવાની ઇચ્છા કરી. તેથી તેણે સભ્યજનોને પૂછયું કે—

"અહો! કોઇને એવી કન્યા છે કે જે આપવાથી આ સેનાપતિ પ્રસન્ન થાય?" તે સાંભળી **સૂરદત્ત** નામના દંડનાયકે રાજાને કહ્યું કે— "હે રાજા! મારી **સુભગા** નામની કન્યા આને યોગ્ય છે." તે સાંભળી રાજાએ તેણીને એકાંતમાં બોલાવી અને તેને અત્યંત રૂપવાળી જોઈ રાજા હર્ષ પામ્યો. પછી રાજાએ પોતે જ બહુમાનથી તે કન્યા હરિવીરને આપી. 'સરખા શીલ અને કુળવાળાનો યોગ–સંબંધ અધિક વખાણવા લાયક થાય છે.' પછી જોશીએ આપેલા લગ્ન–મુહૂર્ત વખતે રાજાની આજ્ઞાથી સૂરદત્તે વિવિધ પ્રકારના ઉત્સવપૂર્વક તેમનું પાણિગ્રહણ કરાવ્યું. તે વખતે હસ્ત મોચન સમયે સૂરદત્તે પોતાની શક્તિ પ્રમાણે હરિવીર જમાઇને અશ્વ, રથ અને ધન વિગરે આપ્યું. ભોગરાજે પણ તેને બહુમાનથી નગર, ગામ, અશ્વો વિગેરે અને વસ્ત્ર, અલંકાર, દાસ, દાસી વિગેરે ઘણું આપ્યું.

ત્યારપછી હરિવીર સેનાપતિ કેટલોક કાળ તે નવી પરણેલી સ્ત્રી સાથે ત્યાંજ રહ્યો. પછી જ્યારે તે પોતાના નગર તરફ જવા તૈયાર થયો ત્યારે તેની સાથે જવાની ઇચ્છા ન હોવાથી તે સુભગા માંદી થઈ. 'સ્ત્રીઓને કપટ શીખવામાં બીજાના ઉપદેશની જરૂર હોતી જ નથી. તેવો તેમનો સ્વભાવ જ હોય છે.' તે 'મને પેટમાં દુઃખે છે' એમ



કહી તત્કાળ ખાટલામાં પડી. ત્યારે તેના પિતા વિગેરે અનેક પ્રકારે તેનો ઉપાય કરવા લાગ્યા પણ તે તો ઉંચે સ્વરે વધારે વધારે રોવા લાગી અને પતિ ઉપર કપટથી ઘણો સ્નેહ બતાવતી તે બોલી કે—

હે નાથ! મારા મોટા ભાગ્યથી તમે સર્વોત્તમ પતિ મળ્યા. પરંતુ કોઈક પાપના ઉદયથી અત્યારે જ હું માંદી પડી, તેથી તેવા કર્મને ધિક્કાર છે. સાસુ સસરા વિગેરેને નમવાની મને ઘણી ઈચ્છા છે, પણ તે સર્વ અત્યારે તો મારા મનમાં જ રહી છે. હું શું કરૂં ?" આ પ્રમાણે તેણીનાં વચન સાંભળી પોતાને વિષે તેણીનો અત્યંત સ્નેહ ધારી હરિવીર પોતાના સ્વામી રાજાના દર્શન માટે પોતાના નગરમાં જવા ઉત્સુક થયો હતો તોપણ પ્રિયાની રાહ જોવા માટે કેટલાક દિવસ ત્યાં રોકાયો, છતાં ભોજનાદિકને પણ નહિ ઈચ્છતી તે સાજી થઈ નહિ. 'જે જાગતો ઉંઘે તેને ઉઠાડવા કોણ શક્તિમાન છે ?'

કોઈક દિવસ જવાની ઈચ્છાવાળા હરિવીરને તેના સસરા વિગેરેએ કહ્યું કે— "આ માંદીને લઈ જતાં માર્ગમાં શ્રમાદિકને લીધે તેને વધારે માંદગી થઈ જશે, માટે તે સાજી થશે ત્યારે અમે તમને ખબર આપશું, તે વખતે તમે ફરીથી તેને તેડવા આવજો."

આવા તેમના યુક્તિવાળા વચનને યોગ્ય માની તેઓએ સત્કાર કરેલો હરિવીર ભોગરાજની રજા લેઈ તે ભોગરાજે નરસુંદર રાજાને માટે ભેટ તરીકે આપેલા હાથી ઘોડા વિગેરે લઈ સૈન્ય સહિત પોતાના નગર તરફ ચાલ્યો. તે દૂર ગયો જાણી કોઈક ઔષધના ઉપાયને અવલંબીને સુભગા સાજી થઈ ગઇ અને તે સ્વેચ્છાચારી પોતાના મનમાં આનંદ પામી.

આ સુભગા એક **મધુકંઠ** નામના પુરૂષના ગીતમાં રંજીત થઈને તેને વિવિધ પ્રકારના કામના ઉપચારવડે સેવતી હતી. તે મધુકંઠ પણ તેણીને આધીન થઈ તે જ પ્રમાણે તેણીને સેવતો હતો. તેની નિપુણતામાં આસક્ત થયેલી તે નિરંતર તેની સાથે કામક્રીડા પણ કરતી હતી. આ સર્વ વૃત્તાંત કોઈના જાણવામાં નહોતો. 'સ્ત્રીના ચરિત્રમાં બ્રહ્મા પણ મૂઢ થઇ જાય છે.'

કેટલેક દિવસે સુભગા હવે સાજી થઇ છે, એમ તેણીના સરળ પિતાએ જમાઈને કહેવરાવ્યું, ત્યારે તે પણ તેણીના રૂપમાં મોહિત થયેલો હોવાથી તેણીને તેડવા આવ્યો. તેને જોઈ હર્ષ પામેલા સૂરદત્તે તે સેનાપતિ હરિવીરને પરિવાર સહિત સેવા અને ઉપચારાદિક વડે પ્રસન્ન કર્યો. જેમ સર્પને જોઈ દીપક–દીપિકા ઝાંખી થાય

તેમ હરિવીરને જોઇ સુભગા ગ્લાનિ પામી, પરંતુ બાહ્યવૃત્તિથી તેણીએ હર્ષ અને સ્નેહ બતાવ્યો. કહ્યું છે કે—

" चेतसा हसति रोदिति चाक्ष्णा, व्यत्ययं च कुरुते निजकार्यात् ।
दुर्वशानपि वशीकुरुते नून, कस्यचिन्न हि वशा तु वशा स्यात् ॥"

"સ્ત્રી ચિત્તવડે હસે છે, નેત્રવડે રૂએ છે, પોતાના કાર્યને માટે તેથી વિપરીત પણ કરે છે અને વશ ન થઇ શકે તેવા પુરૂષોને પણ વશ કરે છે, પરંતુ સ્ત્રી પોતે કોઈને વશ થતી નથી,"

સ્નેહ અને કામના ઉપચારવડે તેણીએ પતિના મનનું એવી રીતે રંજન કર્યું કે જેથી કોઈના હૃદયમાં કાંઇપણ વિકલ્પ થઇ શકે નહિ પછી જ્યારે હરિવીર તેણીને લઈને જવાને તૈયાર થયો, ત્યારે તે સુભગા કપટથી ગાંડી થઈ ગઈ. તેથી મસ્તક ધુણાવવા લાગી, જેમ તેમ બોલવા લાગી, મોટે સ્વરે અટ્ટહાસ કરવા લાગી, નેત્રોવડે બીજાને બીહડાવવા લાગી, વાસણને ફોડવા–ભાંગવા લાગી. બાળાદિકને મારવા લાગી, પહેરેલા વસ્ત્રને ફાડવા લાગી, પોતાના અને પરના વિભાગ વિના સર્વને સારી નરસી ગાળો દેવા લાગી, કારણ વિના વારંવાર અત્યંત હસવા લાગી, રોવા લાગી, હાથની તાળીઓ પાડી નાચ કરવા લાગી, ઉંચે સ્વરે ગાયન કરવા લાગી, અને વચ્ચે વચ્ચે કોઈ કોઇ વખત જાણે શુદ્ધિને પામી હોય તેમ ડાહ્યા માણસની જેમ બોલવા લાગી કે—

"અરે ! પેલી વાવમાં ક્રીડા કરતાં મારી આવી અવસ્થા થઈ છે." આવી તેણીની ચેષ્ટા જોઈ ખેદ પામેલા તેણીના માબાપ વિગેરે ભૂતાદિક દોષની શંકાથી માંત્રિકાદિક પાસે વિવિધ પ્રકારના ઉપાયો કરાવવા લાગ્યા. તે વખતે તે સર્વ માંત્રિકો દેવીના, ગ્રહના, પ્રેતના, શાકિનીના અને વ્યંતર વિગેરેના દોષોને કહી પોતપોતાના આમ્નાય–વિધિ પ્રમાણે તેનો પ્રતિકાર (ઉપાય) કરવા લાગ્યા. વૈદ્યો પણ ઉન્માદ, સંનિપાત વિગેરેનો વ્યાધિ છે એમ કહી મોટા મોટા ઔષધ અને પ્રયોગોવડે ઘણા દિવસ સુધી ઔષધ કરવા લાગ્યા. માતાપિતા પણ કુળદેવી વિગેરેની પૂજા, માનતા વિગેરે કરવા લાગ્યા, અને હરિવીરે પણ દેવતાઓને વિવિધ પ્રકારની માનતાઓ માની. તોપણ તેણીને સારૂ કરવા કોઈ પણ શક્તિમાન થયા નહિ. 'દોષનું નિદાન–કારણ જાણ્યા વિના પ્રતિક્રિયાઓ ઉપાયો–શું કરી શકે ?'

આ સર્વ હકીકતથી વિલખા થયેલા હરિવીરે વિચાર કર્યો કે- "સાસરાને ઘેર વધારે વખત રહેવાથી મને લજ્જા આવે છે, અને અહીં લાંબો વખત રહીશ તો સાળા વિગેરે પણ મારી હાંસી કરશે, મારૂં હૃદય ગમે તેટલું કઠણ હોય તો પણ અતિ રૂપવાળી સતી (પતિવ્રતા), સ્નેહવાળી અને મારા ચિત્તને અનુસરનારી આ પ્રિયાને આવી દશામાં પડેલી હું શી રીતે જોઈ શકુ? તેમ આવી અવસ્થાવાળીને મારે ઘેર લઈ જાઉં તો પણ ત્યાં મિત્રાદિકમાં મારે શરમાવાનું જ છે; માટે આને અહીં જ મૂકીને હું પાછો જાઉં. કારણ કે આ રીતે હું લોકમાં મુખ દેખાડવા સમર્થ નથી. આવી આની બે વારની આપત્તિથી લોકમાં મારૂં કર્મ હાંસીને પાત્ર થયું છે, તે (કર્મ) દેવોને પણ અલંઘ્ય છે, તો મારી જેવા પામર પ્રાણીને અલંઘ્ય હોય તેમાં શું આશ્ચર્ય? કહ્યું છે કે—

**"नमस्यामो देवान् ननु हतविधेस्तेऽपि वशगाः, विधिर्वन्द्यः सोऽपि प्रतिनियतकर्मैकफलदः।**
**फलं कर्मायत्तं यदि किममरैः किं च विधिना, नमस्तत्कर्मभ्यः प्रभवति न येभ्यो रिपुरपि ॥"**

"(અમારૂં સારૂં થવાની આશાથી) અમે દેવોને નમીએ છીએ. પણ અરે! તેઓ તો અધમ એવા વિધાતાને આધીન છે. ત્યારે વિધાતાને જ વાંદીએ. અરે! તે પણ નિયમિત રીતે કર્મના યથાર્થ ફળને આપી શકે છે. ત્યારે જો કર્મને આધીન ફળ છે તો દેવોથી શું? અને વિધાતાથી પણ શું? તે કર્મને જ અમે નમન કરીએ છીએ. કે જેની પાસે શત્રુ પણ સમર્થ થઇ શકતો નથી."

આમ હોવાથી પોતાના કર્મથી જ આપત્તિને પામેલા મારે હવે તો ઘેર પાછા જવું તેજ યોગ્ય છે.'

આ પ્રમાણે વિચારી તેણે તે પ્રમાણે કરવા માટે સસરા વિગેરેની રજા માગી. ત્યારે સમયને જાણનારા તેઓએ કહ્યું કે—"અમારી દીકરી સારી થયાના સમાચાર મળે તમે પાછા જલદીથી તેડવા આવજો." એમ કહી તેને જવાની સંમતિ આપી. ત્યારપછી તે ત્યાંથી ચાલી કેટલેક દિવસે પોતાના નગરમાં આવ્યો, અને સ્વજનો પાસે તેણીના નહિ આવવાના કારણમાં તેણીની માંદગી તેણે જણાવી. તેણીને સતી તથા સ્નેહવાળી જાણવાથી તેણીના ઉપર મોહ પામેલા તેણે તેણીના સંગમની ઇચ્છાથી કુદેવની બળિ, પૂજા વિગેરે અનેક ઉપાયો કર્યા, ઘણા જોશીઓને તથા શકુન શાસ્ત્ર જાણનારને તે બાબત પૂછી, અને માહાત્મ્યવાળા દેવોની માનતાઓ પણ માની. 'સંગમની પ્રાપ્તિ થશે' એવું

કહેનારને તે હર્ષ પામી ઘણું ધનાદિક આપવા લાગ્યો. 'સ્ત્રીઓમાં રક્ત થયેલા પુરૂષોના શ્રેષ્ઠ વિચારોને કામરૂપીગ્રહ અદ્રશ્ય કરે છે.'

હરિવીરને પોતાને નગરે ગયેલો જાણી સુભગા પ્રથમની જેમ સારી થઈ ગઈ. કારણ કે 'જે માંદગી પોતાને સ્વાધીન હોય તે લાવવી અથવા કાઢવી સુલભ છે.' સુભગાનું શરીર હવે અત્યંત સારૂં થયું છે એમ નિર્ણય કરી તેણીના માતાપિતા વિગેરે હર્ષ પામ્યા. પછી કેટલોક કાળ રાહ જોઈ તેઓએ માણસો મોકલી હરિવીર જમાઈને બોલાવ્યો. ત્યારે તે પણ હર્ષથી ત્યાં આવ્યો.

'મૂર્ખ માણસ ઠોકર ખાધા વિના ઠેકાણે આવતો જ નથી.' સૂરદત્ત વિગેરેએ તે જમાઈને આગત સ્વાગત વિગેરે વડે પ્રસન્ન કર્યો. સુભગા પણ તેને જોઈ અત્યંત હર્ષ અને લજ્જા પામી. કામ અને સ્નેહના ઉપચારવડે તેણીએ તેની એવી સેવા બજાવી કે જેથી તે તેણીને અત્યંત વશ થઈ ગયો. 'સ્ત્રીઓ આખા જગતને વશ કરી શકે છે.' પછી એક દિવસ સમય જોઈ સુભગાએ એકાંતમાં પતિને કહ્યું કે—

"હે પ્રિય ! અહીંથી ચાલતી વખતે તમારે મારા પિતાની પાસે મધુકંઠને સહાયક તરીકે માગી લેવો. કારણ કે તે સર્વ માર્ગનો જાણકાર, શક્તિમાન અને સ્વામીને વિષે ભક્તિમાન છે. તે એક ટુંકો માર્ગ જાણે છે, તેથી આપણે જલદીથી મહાપુર પહોંચી જઇશું." આ પ્રમાણેનું તેણીનું વચન તેણે અંગીકાર કર્યું. કેમકે 'મૂર્ખ પુરૂષો સ્ત્રીની જ બુદ્ધિથી જીવનારા હોય છે.'

એક દિવસ પ્રયાણ કરવાની ઇચ્છાથી હરિવીરે પોતાના સાસુ સસરા પાસે રજા માગી. ત્યારે તેમણે ગૌરવ સહિત વસ્ત્ર, અલંકાર અને પુષ્પની માળા વિગેરે વડે સત્કાર કરી તેને પ્રયાણ કરવાની અનુમતિ આપી, અને તેમણે પોતાની દીકરી અને જમાઈને વિવિધ પ્રકારે આશીર્વાદ આપ્યા અને બીજી પણ કેટલીક પેરામણી કરી. દાસ વિગેરે આપતી વખતે હરિવીરે કુશીલ એવી સુભગાના કહેવા પ્રમાણે તેમની પાસે મધુકંઠની માગણી કરી. એટલે તેઓએ તેને મધુકંઠ આપ્યો. તેને સાથે લઈ પરિવાર સહિત તે હરિવીર સાસુ સસરાને પ્રણામ કરી ચાલ્યો. પછી જેને અમૂલ્ય અલંકાર અને વસ્ત્ર આપ્યા છે એવી સુભગા નમ્રતાથી પગલાં મૂકતી ચાલી. તેને હર્ષથી માતાપિતાએ શિખામણ આપી કે—

"હે પુત્રી ! પતિને વિષે ભક્તિમાન થજે. કેમકે સ્ત્રીઓને પતિ જ પરમ દૈવત છે, અને તેનાથી જ આ લોક તથા પરલોકને વિષે ભોગ અને પુણ્યથી ઉત્પન્ન થતું ઈષ્ટ

સુખ પામી શકાય છે. વળી સર્વદા સદાચારનું સારી રીતે પાલન કરજે, કેમકે તે જ સ્ત્રીનું ખરૂં જીવિત છે અને મણિવડે સુવર્ણની જેમ તે સદાચારવડે જ રૂપાદિક ગુણનો સમૂહ શોભાને પામે છે." કહ્યું છે કે—

" अभ्युत्थानमुपागते गृहपतौ तद्भाषणे नम्रता,
तत्पादार्पितदृष्टिरासनविधिस्तस्योपचर्या स्वयम् ।
सुप्ते तत्र शयीत तत्प्रथमतो मुञ्चेत शय्यामिति,
प्राच्यैः पुत्रि! निवेदिताः कुलवधूशुद्धान्तधर्मा ह्यमी ॥ "

"ઘરનો સ્વામી ઘેર આવે ત્યારે ઉભા થવું, તેની સાથે બોલવામાં નમ્રતા રાખવી, તેના ચરણપરજ દૃષ્ટિ સ્થાપન કરવી, તેને બેસવા આસન આપવું, તેની સેવા પોતે જાતે જ કરવી, તેના સુતા પછી સુવું અને તેને ઉઠયા પહેલાં પોતે શય્યાનો ત્યાગ કરવો. આ પ્રમાણે હે પુત્રી! પૂર્વના પંડિતોએ કુળસ્ત્રીના અંતઃપુરના–ઉત્તમ ધર્મો કહેલા છે." તથા—

" निर्व्याजा दीयते ननान्दृषु नता श्वश्रूषु भक्ता भवेः,
स्निग्धा बन्धुषु वत्सला परिजने स्मेरा सपत्नीष्वपि ।
पत्युर्मित्रजने सनर्मवचना खिन्ना च तद्द्वेषिषु,
स्त्रीणां संवननं नतभ्रु! तदिदं वीतौषधं भर्तृषु ।"

"હે નમ્ર ભૃકુટિવાળી! પતિને વિષે કપટ રહિત થજે, નણંદોને વિષે નમન કરનારી થજે, સાસુ વિગેરેને વિષે ભક્તિવાળી થજે, પતિના બંધુજનને વિષે સ્નેહવાળી થજે, પરિવારને વિષે વાત્સલ્યવાળી થજે, શોકને વિષે હસતા મુખવાળી થજે, પતિના મિત્રજનને વિષે હાંસીયુક્ત વચનવાળી થજે અને તેના શત્રુઓ ઉપર ખેદવાળી થજે. સ્ત્રીઓને માટે આ સર્વ પોતાના સ્વામીનું ઔષધ વિનાનું વશીકરણ છે."

આ પ્રમાણે પોતાની દુરાચારી પુત્રીને તેઓએ શિખામણ આપી. 'ઘણા જળથી ભરેલો મેઘ વરસતી વખતે સ્થાન કુસ્થાનને જોતો જ નથી.' સર્વ ઠેકાણે સરખો વરસે છે. સુભગાએ પણ આ શિખામણને વારંવાર નત મસ્તકે અંગીકાર કરી. 'જગતને ઠગનારી સ્ત્રીઓને માતાપિતા પણ નહિ ઠગવા એવું હોતું નથી.' તેઓ માતાપિતાને પણ ઠગે જ છે. પછી માતાપિતાને નમસ્કાર કરી રોતી રોતી પતિની સાથે સતીની જેમ તે ચાલી. તે બન્ને દંપતીને કેટલીક ભૂમિ સુધી વળાવી તેણીના માતાપિતા વિગેરે સર્વે પાછા વળ્યા.

હવે તે હરિવીર સેનાપતિ મધુકંઠે કહેલા માર્ગે પત્ની સહિત ચાલ્યો, અને તેણીનો



સમાગમ થવાથી હર્ષ પામી દેવોની પૂજા માનતા વિગેરેને સફળ માનવા લાગ્યો. અનુક્રમે અર્ધ માર્ગ ઉલ્લંઘન થયો ત્યારે કાંઠાપર રહેલા ગાઢાવનવાળી મનોહર નદી જોઈ મોટા પરિવાર સહિત તે ત્યાંજ ભોજનને માટે રોકાયો. જમી રહ્યા પછી સુભગાએ કહ્યું કે—"હે સ્વામી ! આ નદી રમણીય છે અને વનને વિષે વૃક્ષો પણ અતિ સુંદર છે. તેથી આપણે ક્ષણવાર અહીં ક્રીડા કરીએ. શૂરવીરોમાં અગ્રેસર અને ઉંચું શસ્ત્ર ધારણ કરીને રહેલો આ મધુકંઠ આપણો અંગરક્ષક અને અભ્યંતર સેવક છે, તે રક્ષણ કરનાર હોવાથી આપણને લજ્જા કે ભયનું બીલકુલ કારણ નથી." આવા તેણીના વચન સાંભળી તે સેનાપતિ હર્ષથી તેણીની સાથે ક્રીડા કરવા નદીમાં પેઠો. 'પ્રિયાએ પ્રેરેલી કામક્રીડા રાગીજનોને ઉત્સવરૂપ થાય છે.' કેટલોક સમય જળમાં ક્રીડા કરી તેણે ઘાડ વનમાં પ્રવેશ કર્યો. ત્યાં પણ પ્રિયામાં આસક્ત થયેલા તેણે સ્વેચ્છાથી વિવિધ પ્રકારની ક્રીડા કરી. પ્રિયા સહિત ક્રીડા કરતાં તેની દૂર રહેલા સુભટો રક્ષા કરતા હતા, અને તેની રક્ષાના બાનાથી જ મધુકંઠ પણ રથપર આરૂઢ થઈ ચોતરફ ભમતો હતો.

આ પ્રમાણે રાત્રીનો એક પહોર વીતી ગયો. તોપણ હરિવીર વનમાંથી બહાર નીકળ્યો નહિ, ત્યારે સર્વ સુભટોએ વિચાર કર્યો કે—"આ મુગ્ધ સેનાપતિ આવા ઘોર અરણ્યમાં શા માટે ચિરકાળ સુધી રમ્યા કરે છે ?" આ પ્રમાણે વિચારી કેટલોક વખત રાહ જોઇ, કાંઈક શંકા ઉત્પન્ન થવાથી તેઓએ મોટે સ્વરે તેને બોલાવ્યો. તો પણ સામો જવાબ નહિ મળવાથી વનમાં પ્રવેશ કરી તેઓએ ચોતરફ તેની શોધ કરી. ત્યારે સેનાપતિને કે સુભગાને તેઓએ કોઈ પણ ઠેકાણે જોયા નહિ. પરંતુ કોઈક ઠેકાણે તેનું ખડ્ગ પડેલું જોઇ ખેદ પામી તેના અનિષ્ટની શંકા કરવા લાગ્યા.

પછી તેની ખબર પૂછવાની ઇચ્છાથી તેઓ મધુકંઠને શોધવા લાગ્યા. તેનો પણ પત્તો નહિ લાગવાથી શોકાતુર થઇને તેઓ વિવિધ પ્રકારના સંકલ્પવિકલ્પ કરવા લાગ્યા. તેમના પગલા વિગેરે કાંઈ પણ નહિ જોવાથી 'હવે શું કરવું ?' એવા વિચારથી તેઓ જડ જેવા બની ગયા. એમ કરતાં અનુક્રમે મધ્ય રાત્રિનો સમય થયો, ત્યારે તેઓ પત્તો ન મળવાથી અત્યંત શોક કરવા લાગ્યા. બાકીની રાત્રિને જાણે સો પહોર જેવડી હોય તેમ મહાકષ્ટે ઉલ્લંઘન કરી પછી તે સર્વે સૈનિકો સેનાપતિની શોધ નહિ મળવાથી બીજી કોઈ ગતિ ન હોવાને લીધે પોતાના નગર તરફ ચાલ્યા.

અનુક્રમે મહાપુરમાં જઈ તે સર્વેએ નેત્રમાં અશ્રુ સહિત જેવું બન્યું હતું તેવું સેનાપતિનું સર્વ સ્વરૂપ નરસુંદર રાજાને નિવેદન કર્યું. તે સાંભળી અતિ શોકથી વ્યાપ્ત

થયેલા રાજાએ લાખો શૂરવીરોને મોકલી પર્વત, નગર અને વનાદિક સર્વ સ્થાને શોધ કરાવી. તો પણ તે બાળ મિત્રની શોધ નહિ મળવાથી પુત્રાદિક કરતાં પણ અધિક સ્નેહને લીધે તે રાજાએ મોટા શોકથી લાંબા કાળ સુધી વિલાપ કર્યો. તે સેનાપતિનું કુટુંબ પણ લાંબા કાળ સુધી રૂદન કરતું રહ્યું.

'કર્મના વિપાકથી પ્રાપ્ત થયેલા દુઃખને પ્રાણી એકલો પોતે જ ભોગવે છે.' પછી મંત્રી વિગેરેએ રાજાને સારી રીતે બોધ કર્યો ત્યારે તેણે બીજો સેનાપતિ સ્થાપન કર્યો અને પોતે અનુક્રમે શોક રહિત થઈ સર્વ પ્રકારની સુખલક્ષ્મીને ભોગવવા લાગ્યો.

આ પ્રમાણે ઘણો કાળ વ્યતીત થયા પછી કોઈક સમયે હાથીઓને પકડવાની ઈચ્છાથી તેને લાયક સર્વ સામગ્રી લઈ નરસુંદર રાજા સૈન્ય સહિત વિંધ્યાચળ પર્વતની ભૂમિમાં ગયો. ત્યાં હાથીઓને પકડવાનું કામ શરૂ થયું, તેવામાં એક મનોહર તંબુમાં રાજા પરિવાર સહિત સુખાસનપર બેઠો હતો. તે વખતે તેની પાસે કોઈ ભિલ્લે આવી વાંદરાનું નાટક દેખાડયું. તેમાં વાંદરા અને વાંદરીઓ મનને આશ્ચર્યકારક નૃત્ય કરતા હતા, વાજિંત્રો વગાડતા હતા, વચ્ચે વચ્ચે બુત્કાર શબ્દને કરતા હતા, પરસ્પર કૂદતા હતા, યુદ્ધ કરતા હતા, ચુંબન કરતા હતા, આલિંગન કરતા હતા, ઉછળતા હતા અને વિચિત્ર પ્રકારની કસરત કરતા હતા.

આ પ્રમાણે તેઓ સર્વ જનોને આશ્ચર્ય પમાડતા હતા. તે જોઈ પ્રસન્ન થયેલા રાજાએ તે ભિલ્લને ઘણું દ્રવ્ય ઈનામમાં આપ્યું. તેટલામાં તે યૂથનો મુખ્ય વાંદરો રાજાને જોઈ વિકસ્વર નેત્રવાળો થઈ તત્કાળ અશ્રુધારાને મૂકતો રાજાની આગળ આવીને પડયો. આ પ્રમાણે વારંવાર કરી તેણે રાજાને આશ્ચર્ય પમાડયું. તે મનુષ્યની વાણીવડે તો કહેવાને અશક્ત હતો, પરંતુ ચેષ્ટાવડે પણ તે પોતાનો અભિપ્રાય કોઈને સમજાવી શકયો નહિ. 'પશુપણાને જ ધિક્કાર છે.' આવી તેની ચેષ્ટાથી રાજાએ મનમાં તેને કાંઈક અભિપ્રાયવાળો જાણી નાટકનું કૌતુક જોવાના મિષથી તે ભિલ્લને તેના કહ્યા પ્રમાણે ધન આપી તે મુખ્ય વાંદરા સહિત આખું વાંદરાનું ટોળું વેચાણ લઈ લીધું, અને પહેલેથી જ અનેક પ્રકારના વિનોદને માટે પશુરક્ષાના અધિકાર ઉપર રાખેલા **કેલિવીર**ને તે વાંદરાનું ટોળું શિક્ષણ આપવા તથા રક્ષણ કરવા સોંપ્યું. કેટલેક દિવસે ઘણા હાથીઓને ગ્રહણ કરી રાજા પોતાના નગરમાં આવ્યો અને રાજ્ય સંબંધી સુખ ભોગવવા લાગ્યો.

હવે કોઈકોઈ અવસરે કેલિવીર, રાજા પાસે વાંદરાઓને નચાવતો હતો. તે જોઈ



ખુશી થઈને રાજા તે વાંદરાઓને તથા કેલિવીરને અધિક અધિક ધન આપતો હતો. ખરૂં તત્ત્વ જાણ્યા વિના પણ રાજા તે મુખ્ય વાંદરાને જોઈ વધારે ખુશી થતો હતો.

તેથી એક દિવસ તે મુખ્ય વાંદરાને માટે રાજાએ મણિ અને સુવર્ણના અલંકારો કરાવ્યા. પછી તે વાંદરાને ગળામાં તે આભૂષણ પહેરાવવા માટે તેમાં પ્રથમનું પહેરાવેલું લોઢાનું કડું હતું તે રાજાએ ભંગાવી નાખ્યું, તેટલામાં તો તે વાંદરો પુરૂષ થઈ ગયો, અને "આ હરિવીર તમને નમે છે." એમ કહી તેણે રાજાને નમસ્કાર કર્યા. તેને જોઈ "આ શું ?"

એમ કહી રાજા વિગેરે સર્વ સભ્યો સંભ્રાંત થઈ ગયા. પછી રોતા એવા તે હરિવીરને રાજાએ ઉભો કરી પ્રીતિથી આલિંગન દઈ ધીરજ આપી સંભ્રમ અને સ્નેહના વચન કહી આસનપર બેસાડયો. તે વખતે રાજાના હુકમથી વાજીંત્ર વગાડનારાઓ વાજિંત્રો વગાડવા લાગ્યા, ગાયકો ગાવા લાગ્યા અને બંદીજનો મંગળપાઠ બોલવા લાગ્યા.

આ વૃત્તાંત જાણી તત્કાળ તેનું કુટુંબ પણ હર્ષથી ત્યાં આવ્યું, અને રોતું રોતું તેના કંઠે વળગી માંગલિક કાર્યો કરવા લાગ્યું. પછી રાજાએ તેને પૂછયું કે-"હે મિત્ર ! આ તારૂં ચરિત્ર કેવું આશ્ચર્યકારી છે કે જેવું કદાપિ જોયું કે સાંભળ્યું નથી. તો તેવું અસંભવિત શી રીતે થયું ? તે કહે."

ત્યારે હરિવીર બોલ્યો કે—"હે સ્વામી ! કર્મને શું દુર્લભ છે ? કાંઈ પણ દુર્લભ નથી. તે કર્મોએ મને તિર્યંચપણામાં નાખ્યો હતો અને તેમાંથી તમે મારો ઉદ્ધાર કર્યો છે.

"शौर्ये च धैर्ये च धने च पूर्णे-ऽप्यैश्वर्ययोगेऽप्यखिले बले च ।
मित्रे च भूपेऽपि हरिः कपित्वे, नृत्यत्यहो कर्मगतिर्विचित्रा ॥"

"શૌર્ય, ધૈર્ય, ધનની પૂર્ણતા, ઐશ્વર્યનો યોગ, સમગ્ર બળ-સૈન્ય અને રાજા મિત્ર-આ સર્વ સામગ્રી છતાં પણ હરિવીર કપિપણું પામી નૃત્ય કરે છે અર્થાત્ હરિવીરને કપિપણે નૃત્ય કરવું પડયું ! તેથી સમજો કે કર્મની ગતિ જ વિચિત્ર છે." કહ્યું છે કે—

"यन्मनोरथगतैरगोचरो, यत्स्पृशन्ति न गिरः कवेरपि ।
स्वप्नवृत्तिरपि यत्र दुर्लभा, हेलयैव विदधाति कर्म तत् ॥"

"જે મનોરથની ગતિનો અવિષય છે, જેને કવિની વાણી પણ સ્પર્શ કરતી નથી, અને જેમાં સ્વપ્નની વૃત્તિ પણ દુર્લભ છે, તેવું કાર્ય પણ ક્રીડા માત્રમાં કર્મ કરી શકે છે."

તે કર્મનું ફળ મેં જેવી રીતે અનુભવ્યું, તેવી રીતે હું તમારી પાસે કહું છું. હે સ્વામી! સાંભળો. ક્રીડા કરવા માટે હું વનમાં ગયો, ત્યાં સુધીનું વૃત્તાંત તો તમે મારા સૈનિકો પાસેથી સાંભળ્યું છે. ત્યારપછીનું વૃત્તાંત હે ભૂપ! તમે સાંભળો.

તે નવી પ્રિયાને સતી તથા સ્નેહવાળી ધારી મેં તેનો હાથ પકડી વનમાં પ્રવેશ કર્યો. ત્યાં વારંવાર કામની ચેષ્ટા અને પ્રિય વચનવડે તે મને મોહ પમાડવા લાગી. ચંદનના સુગંધથી મિશ્ર અને મધુર મલયાચળ પર્વતના વાયુવડે તથા પાંદડાની શ્રેણિવડે નૃત્ય કરતી લતાઓવડે મનોહર અને કોયલના શબ્દવડે સુંદર એવા વૃક્ષોને જોઈ કામાતુર થયેલો હું ત્યાં ફરતો હતો, તેટલામાં કામને વશ થયેલી તેણીએ મને ગદગદ સ્વરે કહ્યું કે—

"હે પ્રિય! આ રમણીય માધવીલતાના મંડપમાં આપણે ક્ષણવાર રમીએ." તે સાંભળી મેં તેણીને સંમતિ આપી. એટલે તેણીએ પલ્લવની શય્યા કરી, તેમાં તેણીની સાથે મેં પ્રીતિના સારરૂપ કામક્રીડાનું સુખ અનુભવ્યું. ત્યારપછી ત્યાં કેટલાક વાંદરાઓ ક્રીડા કરતા હતા તેને જોઈ તેણીએ મને કહ્યું કે—

"હે સ્વામી! જ્યારે મને પાપિણીને માંદગીને લીધે તમે મૂકીને ગયા, ત્યારે કેટલેક દિવસે દૈવયોગે હું સારી થઈ, અને તમારા સંગના સુખથી ઠગાયેલી હોવાથી ખેદ પામી. તેવામાં એક દિવસ કોઈ પરિવ્રાજિકા ભિક્ષાને માટે મારે ઘેર આવી, તેને મેં જોઈ તેની ગાંઠે કાંઈક સુંદર ઔષધિ બાંધેલી હતી. તે જાણી ચતુર એવી મેં તેને ઇચ્છિત વસ્તુ આપી તેની ભક્તિ કરી. આ રીતે હમેશાં તેની ભક્તિ કરવાથી તુષ્ટમાન થયેલી તેણીએ મને એક દિવસ કહ્યું કે—

"તું હમેશાં મારી ભક્તિ શા માટે કરે છે? મને કાંઈક કાર્ય બતાવ, હું સર્વ કાર્ય કરવા સમર્થ છું." ત્યારે મેં તેને કહ્યું કે—"હે માતા! મને કામનો વ્યાધિ અતિ પીડા કરે છે, તેથી મને મારા પ્રિયનો મેળાપ થાય તેવો ઉપાય કરી આપો." ત્યારે તે પરિવ્રાજિકાએ મને એક ઔષધિવાળું લોઢાનું કડું આપી કહ્યું કે—

"આ કડું પાસે રાખવાથી તને કે તારા પતિને વિઘ્ન કે વ્યાધિ થશે નહિ. તેમ જ દુષ્ટ એવા તિર્યંચ, મનુષ્ય અને દેવો વિગેરે પણ વિઘ્ન કરવા સમર્થ થશે નહિ." તે સાંભળી મેં હર્ષથી વ્યાપ્ત થઈ તેણીને પૂજી, નમસ્કાર કરી રજા આપી.

"પછી હે પ્રિય: તે કડાના પ્રભાવથી હું નીરોગી થઈ અને તમારો સંગમ પણ પામી, પરંતુ તમેજ મારા નાથ છો, તેથી હું તમારૂં જ કલ્યાણ ઇચ્છું છું, તેથી કરીને

સમય આવેથી તે કડું હું તમારા કંઠમાં પહેરાવીશ. હમણાં તો તમારે ઓશીકે તે કડું મૂકું છું. હવે તમને મેં ચિરકાળ સુધી રતિની ક્રીડાવડે ખેદ પમાડચો છે, તેથી વાંદરાદિક થકી નિઃશંક થઈને તમે ક્ષણવાર સુખે સુઈ જાઓ. ”

એમ કહી તે કડું મને બતાવી મારે ઓશીકે મૂક્યું. તે વખતે તેણીના વચનથી મૂઢ થયેલો હું તેણીના પર વિશ્વાસ રાખી સુતો અને નિદ્રા પામ્યો. ત્યારે અવસર પામી તેણીએ તે કડું મારા કંઠમાં નાંખી દીધું. ‘પ્રાયે કરીને નિદ્રા વૈરીરૂપ જ છે.’ પછી તરત જ હું જાગ્યો, એટલે મેં મારા આત્માને વાંદરારૂપે જોયો, અને તેણીને ત્યાં જોઈ નહિ. તેથી ખેદ પામી હું તત્કાળ તેણીની પાછળ દોડચો. થોડે દૂર ગયો, તેવામાં મધુકંઠની સાથે રથમાં બેસીને તેને જતી જોઈ તત્કાળ હું સ્નેહપૂર્વક દીન બની ગયો. મને જોઈ તેણીએ કહ્યું કે—

“ રે મૂઢ! એક પક્ષનો સ્નેહ કેટલો લાંબો કાળ ચાલી શકે? પિતાદિકની પરાધીનતાને લીધે જ મેં તારી સાથે વિવાહાદિક કર્યું હતું, પરંતુ હું તો બાલ્યાવસ્થાથી જ સ્વેચ્છાચારી અને દુઃશીલતાનું સ્થાન હોવાથી આ ગીતકળામાં નિપુણ અને મધુર સ્વરવાળા મધુકંઠ નામના મારા જ ઘરના માણસ ઉપર આસક્ત થયેલી છું, તેથી તેને જ પતિ તરીકે માનું છું, અને તેથી કરીને જ પોતાની ઇચ્છા પ્રમાણે વર્તવા માટે મેં પ્રથમ પાણિગ્રહણ સ્વીકાર્યું નહોતું, પણ આવું મારૂં ચરિત્ર જાણ્યા વિના જ માત્ર મારૂં અતિ અદ્ભૂત રૂપ જોઇને પાણિગ્રહણાદિક કાર્યમાં મારા સ્વજનોએ તારૂં બહુમાન કર્યું હતું. ”

હે ભૂપાલ! આ રીતે બાલ્યાવસ્થાથી જ મધુકંઠ ઉપરના રાગ વિગેરે સંબંધી પોતાનું સર્વ ચરિત્ર તેણે વિસ્તારથી મને કહી બતાવ્યું. પછી તે બોલી કે—

“ રે મૂઢ! પિતાદિક સર્વ સ્વજનોને વિશ્વાસ પમાડવા માટે જ મેં તારા પર સ્નેહાદિક દેખાડચો હતો. બે વાર તો તને નિષ્ફળ પાછો કાઢચો હતો, તો પણ તું ત્રીજી વાર આવ્યા વિના રહ્યો નહિ, તેથી છેવટે પરિવ્રાજિકાએ આપેલા કડાવડે તને વાંદરો બનાવ્યો છે. હવે તું તિર્યંચપણું ભોગવ. ‘જડ માણસ શિક્ષા કર્યા વિના માનતો જ નથી.’

બે વાર મેં મારો અભિપ્રાય બતાવ્યા છતાં પણ તું સ્ફુટ રીતે સમજી શકચો.નહિ, તેથી બીજો ઉપાય નહિ હોવાથી આવી ચેષ્ટા મારે કરવી પડી છે, તેમાં મારો દોષ નથી. હવે હું મારા પિતાને છેતરીને દ્રવ્ય લાવી છું. તે દ્રવ્ય વડે કોઈ ઠેકાણે જઈ

અમે બન્ને ઇચ્છા પ્રમાણે આનંદ કરીશું. અને તું પણ વાંદરાઓ સાથે સ્વેચ્છાએ ક્રીડા કરજે."

આ પ્રમાણે મને કહીને તેણીએ મધુકંઠને પ્રેરણા કરી, એટલે તેણે ઇચ્છિત દિશા તરફ વાયુવેગે રથ ચલાવ્યો. આવા તેણીના વચનો સાંભળી ક્રોધથી અંધ થયેલો હું વારંવાર મોટી મોટી ફાળ મારી ચાબુકનો માર ખાવા છતાં પણ તે બન્નેને બચકાં ભરવા લાગ્યો.

છેવટે તે મધુકંઠે ક્રોધથી મારા મસ્તકપર ખડ્ગનો પ્રહાર કર્યો, તેથી હું મૂર્છા ખાઈને પડ્યો અને તેઓ ચાલ્યા ગયા. પછી રાત્રિએ શિતળ પવનથી સજ્જ થયો અને પ્રાતઃકાળ થયો ત્યારે દિશાના વિભાગને નહિ જાણવાથી આમ તેમ ફરતાં એક વાંદરાના ટોળાને જોઈ તે ટોળાના નાયક વાંદરાને જીતી ટોળાનો નાયક થઇ હું ટોળા સાથે ચિરકાળ સુધી રમ્યો.

એક દિવસ કોઈ ભિલ્લે પ્રમાદમાં રહેલા મને ટોળા સહિત કપટયુક્ત પાશવડે પકડી નૃત્ય શીખવ્યું અને ચિરકાળ સુધી કરાવ્યું.

"હે સ્વામી! તેની પાસેથી તમે મને ગ્રહણ કર્યો અને આજે તમે જ મને મનુષ્ય કર્યો. આવું મારૂં ચરિત્ર જાણી કોઈએ સ્ત્રી ઉપર વિશ્વાસ કરવા યોગ્ય નથી. તેમ જ વિષયમાં આસક્ત થયેલો પુરૂષ કઈ કઈ વિડંબના નથી પામતો? તે ધ્યાનમાં લેવાનું છે. પ્રાયે કરીને સ્ત્રીઓ પણ વિષયાસક્ત પુરૂષ ઉપર જ પોતાનું ચરિત્ર વાપરવા સમર્થ થાય છે. એક સ્ત્રીને જ સર્વસ્વરૂપ માનતો પ્રાણી શાસ્ત્રાદિકના વિચારનો ત્યાગ કરી મત્ત, અંધ અને મૂઢની જેમ વિપરીત ચેષ્ટાઓ કરે છે."

આ પ્રમાણે હરિવીરનું વૃત્તાંત સાંભળી રાજાએ તેને કહ્યું કે—"હે મિત્ર! ખેદ ન કર. સારા શીળવાળી બીજી સ્ત્રીઓ સાથે પરણીને શંકા રહિતપણે તું સાંસારિક ભોગ ભોગવ." હરિવીર બોલ્યો કે—

"હે રાજન્! તમે સ્વામી છતાં મારે કાંઈ પણ દુર્લભ નથી. પરંતુ ભોગનું મુખ્ય સાધન સ્ત્રીઓ છે, અને તેનાથી તો હું અત્યંત ભય પામું છું, તેથી સર્વ સ્ત્રીઓનો ત્યાગ કરી આ ભવ અને પરભવના સુખને માટે વનમાં જઈને તપ કરવા ઇચ્છું છું, તેથી હે સ્વામી! આ બાબતમાં મને આજ્ઞા આપો."

આ પ્રમાણે તેના વચન સાંભળી રાજાએ મનમાં વિચાર કર્યો કે—"અહો! આ મારો મિત્ર કેવળ વિરક્ત જ થઈ ગયો છે. પરંતુ આવું સ્ત્રીચરિત્ર જોઈ કયો સચેતન પ્રાણી વૈરાગ્ય ન પામે?

આ પોતે બળવાન છતાં તેનું મારાથી પણ ધન, હાથી, ઘોડા અને સૈનિકો વિગેરે સામગ્રી



વડે એક સ્ત્રીમાત્રના દુઃખથી પણ રક્ષણ કરી શકાયું નહિ; તે જ પ્રમાણે અહો ! આ સંસારમાં સર્વ પ્રાણીઓ શરણ રહિત જ છે, કે જેથી વિવિધ પ્રકારનાં દુઃખોવડે પીડા પામેલા તેઓ કર્મરૂપી વૈરીવડે કદર્થના પામે છે. ઇંદ્ર પણ મરીને કીડો થાય છે, ચક્રવર્તી પણ નરકે જાય છે, રાજા પણ પત્તિસેવક થાય છે, ધનિક પણ દરિદ્ર થાય છે, નીરોગી પણ રોગી થાય છે, સદ્‌ભાગ્યવાળો પણ દુર્ભાગ્યને પામે છે, સર્વ પ્રકારે સુખી પણ દુઃખને પામે છે અને સમર્થ માણસ પણ અસમર્થપણાને પામે છે.

તેથી કરીને આ લોક અને પરલોકમાં પણ તે પ્રકારના કર્મના વિપરીતપણાથી અવશ્ય નાશ પામનારા સુખને વિષે વિવેકીજનોને શી શ્રદ્ધા હોય ? પ્રાણીઓ વિષયસુખની સેવાને જ સુખ માની બેઠા છે અને તેની અપ્રાપ્તિને જ દુઃખ માની બેઠા છે. અહો ! પ્રાણીઓની સ્થિતિ આશ્ચર્યકારક છે ! વિષયોને વિષે સુખની આશા રાખવી તે વ્યર્થ છે, કારણ કે તે આશા જ પ્રાણીઓના દુઃખનું કારણ છે. તે આશાને જ વાગુરા જાળ રૂપ કરી સ્ત્રીઓરૂપી શિકારીઓ પુરૂષોરૂપી મૃગોને પકડે છે અને પછી હણે છે.

જેમ આ સ્ત્રીએ તેના પિતાદિકને પણ છેતરીને આ મારા મિત્રને તિર્યંચ કર્યો, તેમ કદાચ કોઈ સ્ત્રી મને પણ તેવું કરે તો ફરીને આ મનુષ્યપણું ને ધર્માદિક ક્યાંથી મળે ? આ હરિવીર એક જ સ્ત્રીમાં રક્ત થવાથી આટલો દુઃખી થયો, તો હું જગતને છેતરનારી ઘણી સ્ત્રીઓને વિષે કેમ રમું છું–આનંદ પામું છું ?"

આ પ્રમાણે સંસારના સુખથી ઉદ્વેગ પામેલો રાજા વિચાર કરે છે તેટલામાં કોઈ સેવકોએ આવી રાજાને વધામણી આપી કે—

"હે સ્વામી ! જ્ઞાન અને ધ્યાનવડે મોટા એવા **હેમજટી** નામના તાપસગુરૂ પરિવાર સહિત આપણા નગરની સીમાને વિષે આવીને રહ્યા છે." તે સાંભળી ઘેબરમાં સાકર ભળ્યા જેવું માનતો તાપસભક્ત રાજા પરિવાર સહિત તેને નમવા ચાલ્યો. સીમાડે જઈ એક વૃક્ષની નીચે બેઠેલા તે તાપસને રાજાએ નમસ્કાર કર્યો, તેણે પણ તેને આશીર્વાદ આપ્યો, એટલે રાજા યોગ્ય સ્થાને બેઠો, તેને તે તાપસે ધર્મોપદેશ આપ્યો કે—

"ડાહ્યા પુરૂષોએ આ પ્રાપ્ત થયેલો મનુષ્યદેહ કષ્ટકારક કામભોગવડે ક્ષય પમાડવો યોગ્ય નથી. કેમકે તે કામભોગો વિષ્ટા ખાનાર પ્રાણીઓને જ લાયક છે. આ મનુષ્ય દેહ શુદ્ધ એવા ઉત્તમ તપવડે જ શ્લાઘા પમાડવા લાયક છે. કેમકે તેવા તપવડે આ આત્મા મુક્તિના સુખને પામી શકે છે. લક્ષ્મી ચપળ છે, આયુષ્ય અલ્પ છે, સ્વજનો સ્વાર્થમાં પોતાનું કાર્ય સાધવામાં જ તત્પર છે, શરીર નાશવંત છે અને સ્ત્રીઓ અતિ કુટિલ છે, તો પરાભવ, ભય અને વિઘ્નથી ભરેલા આ સંસારને વિષે સુખ ક્યાંથી હોય ?"

આ પ્રમાણે તાપસગુરૂની વાણી સાંભળી અધિક સંવેગને પામેલો રાજા પોતાના પુત્રને રાજ્યપર સ્થાપન કરી હરિવીર વિગેરે ઘણા માણસો સહિત **જૈનધર્મ**નો અજાણ હોવાથી તાપસ થયો. તે વખતે ગુરૂએ હર્ષથી તેનું **સુવર્ણજટી** નામ પાડયું.

તે રાજાની **સુરસુંદરી** નામની પતિવ્રતા પટ્ટરાણી ગર્ભવતી હતી તે પણ તાપસની દેશના સાંભળી પ્રતિબોધ પામી. અત્યારે મને તાપસી દીક્ષા નહી આપે. આ ભયના કારણે પોતાના ઉદરમાં રહેલા ગર્ભની કોઈને પણ વાત કરી નહિ અને રાજાની સાથે જ આ રાણીએ પણ તાપસી દીક્ષા લીધી. ત્યારપછી સુવર્ણજટી વગેરે પાંચસો તાપસોથી પરિવરેલા હેમજટી તાપસગુરૂ ઉદ્યાનમાં જઈને તપ કરવા લાગ્યા.

કેટલોક સમય ગયા બાદ સુરસુંદરી તાપસીનો ગર્ભ પ્રગટ થયો એટલે તેણીને તાપસપતિએ પૂછયું, ત્યારે તેણીએ સત્ય વાત જાહેર કરી. પછી સમય પૂર્ણ થતાં શુભ મુહૂર્તે મનોહર પુત્રીને તેણીએ જન્મ આપ્યો. તેનું નામ **તાપસસુંદરી** રાખવામાં આવ્યું. ઉત્તમ લક્ષણવાળી તે કન્યા પવિત્ર લાવણ્યની જાણે વેલડી હોય તેમ બીજી તાપસીઓથી લાલન-પાલન કરાતી વૃદ્ધિ પામવા લાગી. જ્યારે તે ઉમ્મર લાયક થઈ ત્યારે સદ્ગુણવાળી અને બુદ્ધિથી સરસ્વતીને પણ જીતનાર એવી તેણીને તેના પિતાએ સ્નેહથી ચોસઠ કળાઓ શીખવી.

કેટલોક કાળ ગયા પછી હેમજટી ગુરૂએ સુવર્ણજટીને સાધન સહિત આકાશગામી પલંગ સંબંધી વિદ્યા અને પોતાનું ગુરૂપદ આપી યોગવિધિથી પોતાના શરીરનો ત્યાગ કરી દેવશરીર પ્રાપ્ત કર્યું. ત્યારપછી સુવર્ણજટી કુળપતિ થઈ સર્વ તાપસોનું પાલન કરવા લાગ્યા.

કોઈક સમયે તે પર્વતના શિખરપર રહેલા તાપસોનું રક્ષણ કરનાર **ગિરિચૂડ** નામના યક્ષના ચૈત્યમાં તે યક્ષની પાસે સુવર્ણજટીએ વિધિ પ્રમાણે ઉપવાસ કરી, ધ્યાન, આસન વિગેરેવડે તે વિદ્યાની આરાધના કરવાનો પ્રારંભ કર્યો. તેનો લાખ જાપ પૂર્ણ થયો ત્યારે એકવીશમે દિવસે તે યક્ષ તુષ્ટમાન થયો. એટલે તેણે તેને ઇચ્છા પ્રમાણે આકાશમાં ગમન થઈ શકે એવો એક પલંગ આપ્યો. પછી તે તાપસપતિએ તે યક્ષને નમસ્કાર કરી તેની સ્તુતિ કરીને પારણું કર્યું.

પછી વિમાનપર આરૂઢ થયેલા વિદ્યાધરની જેમ તે પલંગપર આરૂઢ થઈ તે તાપસપતિ પોતાની ઇચ્છા પ્રમાણે દૂર એવા પર્વત અને વનાદિકમાં રહેલા તીર્થોને નમન કરવા માટે જવા-આવવા લાગ્યો.

હવે તે તાપસસુંદરી કન્યા સૌભાગ્યની સીમારૂપ યુવાવસ્થાને પામી. તેણીના રૂપથી

તિરસ્કાર પામેલી લક્ષ્મી તે દુઃખથી જ [1]જળમાં લીન થઈને રહી છે એમ જણાય છે. તેણીમાં રહેલા ગુણ, રૂપ અને કળા જો બબ્બે રૂપને ધારણ કરે, તો જ તે ગુણાદિક ઉપમાવાળા થઈ શકે તેમ છે, અન્યથા તેણીના ગુણાદિકની ઉપમા છે જ નહીં. અર્થાત્ તેવા ગુણાદિકવાળી બીજી સ્ત્રી દેખાતી જ નથી. તેણીના યોગ્ય વરની ચિંતાથી વ્યાકુળ થયેલો તેણીનો પિતા પલંગપર આરૂઢ થઈ ચોતરફ ભમતો રાજપુત્રોને જોયા કરતો હતો.

એક દિવસ તે કોઈ રાજમહેલમાં રહેલા રાજપુત્રને જોવા પલંગપર બેસીને ગયો, પરંતુ ત્યાંથી પાછો આવ્યો ત્યારે વાઘરૂપે પલંગ ઉપર બેઠેલો આવ્યો. તે જોઈ સર્વ તાપસો ભયથી નાસવા લાગ્યા. તેમને તેણે સંજ્ઞાવડે ધીરજ આપી, ત્યારે તેઓ સ્થિત થયા. તે વખતે તે વાઘે નખવડે ભૂમિપર અક્ષર લખ્યા કે—

"મને સુવર્ણજટીને કોઈ દેવે શ્રાપ આપીને વાઘ કર્યો છે, હવે હું તત્ત્વજ્ઞાની કોઈ મનુષ્ય મળશે તો તેનાથી પાછો મનુષ્ય થઈશ, માટે તેવા પુરૂષને તમે અહીં લઈ આવો." તે સાંભળી તાપસોથી વધારે ધર્મતત્ત્વજ્ઞ કોણ હોઈ શકે? એમ ધારી તેઓએ પોતાની પાસેના મંત્રાદિકનો પ્રયોગ કર્યો, પરંતુ તેથી કાર્ય સિદ્ધ થયું નહિ.

ત્યારપછી સાંખ્ય, ઉલૂક અને અક્ષપાદ વિગેરેના મતવાળાઓ પાસે પણ અનેક પ્રતિકારો કરાવ્યા, તે સર્વ એ જ રીતે નિષ્ફળ થયા. ત્યારે હું તથા બીજા સર્વ તાપસો બીજો ઉપાય નહિ મળવાથી અતિ ચિંતાતુર થયા, એટલે સર્વે ગિરિચૂડ યક્ષના મંદિરમાં ગયા. ત્યાં તે યક્ષની પાસે પવિત્ર થઈ ઉપવાસ ગ્રહણ કરી દર્ભના આસન પર બેસી જપ, ધ્યાન, આસન અને પૂજાદિક વડે પ્રયત્નથી તેની આરાધના કરવા લાગ્યા. છેવટ આઠ ઉપવાસને અંતે તુષ્ટમાન થયેલા દેવે પ્રગટ થઈ તાપસોને બેસવાનું પ્રયોજન પૂછ્યું. ત્યારે સર્વ તાપસોએ કહ્યું કે—

"અમારા કુળપતિને મૂળરૂપે કરો." તે સાંભળી તે દેવ બોલ્યો કે—"એવી મારી શક્તિ નથી. કારણ કે એને મારાથી વધારે શક્તિવાળા દેવે વાઘ કર્યો છે. તો હું બીજું શું કરૂં? તે કહો." ત્યારે તેઓએ કહ્યું કે—"અમારી ઇષ્ટસિદ્ધિને માટે તેવા ધર્મતત્ત્વજ્ઞને લાવી આપો." ત્યારે દેવ બોલ્યો કે—

"જ્ઞાનીની વાણીથી તેવા ધર્મતત્ત્વજ્ઞને જાણીને તેવો પુરૂષ હું લાવી આપીશ." એમ કહી તે યક્ષે ક્ષણવારમાં કયાંઇક જઇ પાછા આવીને કહ્યું કે—"તેવો માણસ આજથી ચોથે દિવસે પોતાની મેળેજ તમને અહિં જ આવી મળશે."

---

૧ ક્ષીર સમુદ્રમાં શેષશાયી વિષ્ણુ રહેલા છે. તેની પાસે લક્ષ્મી રહેલી છે. એમ લૌકિક પુરાણ કહે છે.



એમ કહી તે યક્ષ આકાશમાર્ગે સ્વસ્થાને ગયો. તે પારણાના દિવસથી ગણતાં આજે ચોથો દિવસ થયો છે, તેથી આજે હું તથા બીજા તાપસો એવા ધર્મતત્ત્વજ્ઞના માર્ગને જોતા હતા, તેવામાં બહુ સારૂં થયું કે તમે ક્યાંઇથી પણ આવી ગયા છો. હવે હે ભદ્ર! જો તમે આ કુળપતિને તેનું મૂળરૂપ આપવા શક્તિમાન હો, તો શીઘ્રપણે તેમ કરો. કારણ કે સત્પુરૂષનું કાર્ય પરોપકાર જ હોય છે."

આ પ્રમાણે હરિવીરના મુખથી આશ્ચર્યકારક વાઘનું સર્વ સ્વરૂપ વિસ્મય સહિત સાંભળીને તે કુમારે તેમને કહ્યું કે—"જો સર્વજ્ઞે કહેલા ધર્મતત્ત્વને સમ્યક્ પ્રકારે મારા મુખથી સાંભળીને તમે તે ધર્મને અંગીકાર કરશો, તો હું તમારૂં સર્વ ઇચ્છિત કરીશ." તે સાંભળી તેઓ પણ બોલ્યા કે—

"હે કુમાર! જો તમે અમારૂં કાર્ય કરશો તો દેવના કહેવા પરથી તમે જ તત્ત્વજ્ઞાની અને અમારા સદ્‌ગુરૂ થશો." ત્યારે કુમારે કહ્યું કે—"તો તમે અગ્નિ અને ફળ વિગેરે સર્વ સામગ્રી લાવો."

તે સાંભળી તેઓ પણ તત્કાળ તેની કહેલી સર્વ સામગ્રી લાવ્યા અને અગ્નિકુંડ વિગેરે પણ તૈયાર કર્યું. પછી 'આ સર્વે આડંબરથી બોધ કરવા યોગ્ય છે.' એમ વિચારી કુમારે પણ સ્નાન કરી મુદ્રા, ધ્યાન, આસન વિગેરે સર્વ આડંબર કર્યો.

પછી "**ॐ नमोऽर्हद्भ्यः ह्रीँ सर्वसंपद्वशीकरेभ्यः, ह्रीँ नमः सर्वसिद्धेभ्यः सिद्धानन्तचतुष्टयेभ्यः, श्रीँनमः आचार्येभ्यः पञ्चाचारधरेभ्यः, ॐ नमः उपाध्यायेभ्यः सर्वविघ्नभयापहारिभ्यः, ॐ नमः सर्वसाधुभ्यः सर्वदुष्टगणोच्चाटनेभ्यः, सर्वाभीष्टार्थान् साधय, सर्वविघ्नान् स्फोटय स्फोटय, सर्वदुष्टानुच्चाटय, उच्चाटय एनं स्वं रूपमानय, हुं फुट् फुट् स्वाहा ॥**"

આ પ્રમાણે મંત્રનો ઉચ્ચાર કરી પુષ્પ, ફળ વિગેરે અગ્નિમાં હોમી પાસે બેસાડેલા વાઘના શરીર ઉપર હાથવડે વારંવાર સ્પર્શ કરી ઈચ્છિત રૂપને આપનારી રેલણી દેવીની આપેલી ઔષધિને નિપુણતાથી તેના મસ્તકપર નાખી તરતજ તેને પ્રથમના સ્વરૂપવાળો મનુષ્ય કર્યો.

કુળપતિને મૂળરૂપે થયેલ જોઈ સર્વે તાપસો હર્ષ પામી કુમારની અત્યંત સ્તુતિ કરતા છતા કુળપતિને નમ્યા. પછી કુળપતિએ પણ હર્ષથી કુમારને આલિંગન દઈને કહ્યું કે—

"ગુમાવેલા મનુષ્યપણાને ફેર મનુષ્યભવરૂપી મહાચિન્તામણીરત્ન આપનાર તમને હું નમસ્કાર કરૂં છું." પછી કુમારે અને તાપસોએ કુળપતિને પૂછયું કે—"તમારૂં આવું વાઘરૂપ શી રીતે થયું ?" ત્યારે કુળપતિ બોલ્યા કે—

"પલંગપર બેઠેલો હું તાપસસુંદરીનો વર જોવા માટે ભ્રમણ કરતો હતો, તેટલામાં એક દિવસ તે પલંગ આકાશમાંથી એક પર્વતના શિખર ઉપર પડ્યો. અને તત્કાળ મેં મારૂં વાઘ રૂપ જોયું. ત્યાં એક શિલા ઉપર ધ્યાનમા રહેલા એક જૈનમુનિને મેં જોયા. તથા તેમની પાસે ચાર દેવીઓએ રચેલા ગીત, વાદ્ય અને લયને અનુસારે દિવ્ય રચનાવડે જગતના નેત્રને મોહ પમાડે તેવું નૃત્ય કરતા એક શ્રેષ્ઠ દેવને મેં જોયો.

"આ મુનિએ જ મારા કોઈ પણ અપરાધને લીધે મારી આ દશા કરી છે." એમ વિચારી અત્યંત દુઃખી થતા મેં તેમને પ્રણામ કરી રોતાં રોતાં વાઘની ભાષાથી જ કહ્યું કે—

"હે ભગવાન ! મેં આપનો શો અપરાધ કર્યો છે કે જેથી મને નીચે પાડચો અને મારૂં વાઘ રૂપ કર્યું ? હવે મારા પર પ્રસન્ન થાઓ અને મને મનુષ્યપણું પમાડો. ત્યારે મુનિ બોલ્યા કે—

"આ બાબતમાં મેં સંકલ્પ-વિચાર માત્ર પણ કર્યો નથી, પરંતુ આ દેવે કોઈ પણ કારણથી ક્રોધવડે આ પ્રમાણે કર્યું છે." પછી જ્યારે દેવ નાટક કરી રહ્યો ત્યારે સમય જોઈને ફરીથી મેં મુનિને પૂછયું કે—

"આ દેવ કોણ છે ? અને શા માટે મારાપર તેણે કોપ કર્યો છે ?"

ત્યારે દયાના સાગર મુનિ તે દેવનું વૃત્તાંત કહેતા બોલ્યા કે—

"મેં વિદ્યાધરના ઐશ્વર્યનો ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરી. પછી અનુક્રમે સિદ્ધાંતનો અભ્યાસ કરી બાહ્ય અને આભ્યંતર બે પ્રકારનો તપ કરતો હું ગુરૂની આજ્ઞાથી ભવ્ય પ્રાણીઓને બોધ કરતો એકલો વિચરવા લાગ્યો. એક દિવસ આકાશમાર્ગે જતા મેં આ જ પર્વતના શિખર ઉપર સિંહથી હણાતા એક હાથીને જોયો. તે જોઈ દયા ઉત્પન્ન થવાથી જલ્દી હું આકાશમાંથી અહીં નીચે ઉતર્યો, એટલે મારા તપના પ્રભાવથી સિંહ નાસી ગયો.

પરંતુ હાથી અસ્વસ્થ અવસ્થામાં હતો, તેથી મેં તેને સર્વ જીવની સાથે ક્ષામણા તથા સર્વ પાપનું વોસિરાવવું વિગેરે કરાવી પંચ પરમેષ્ઠી નમસ્કાર મંત્ર સંભળાવ્યો.

તે પંચ પરમેષ્ઠી મંત્રના પ્રભાવથી શુભ ધ્યાનવડે મરણ પામી સૌધર્મ નામના પહેલા દેવલોકમાં **મણિચૂડ** નામનો ઉત્તમ દેવ થયો.

ઉત્પત્તિ સમયે દેવોનો જય જય શબ્દ સાંભળી તેણે 'પૂર્વે શું પુણ્ય કર્યું હતું?' તેનો વિચાર કર્યો, એટલે અવધિજ્ઞાનથી મારો કરેલો ઉપકાર જાણી તત્કાળ શરીરની કાંતિવડે દિશાઓને પ્રકાશિત કરતો ભક્તિથી અહીં આવ્યો, અને શિલાપર ધ્યાનમાં રહેલા મને નમસ્કાર કરી પોતાનો વૃત્તાંત જણાવી હર્ષથી મારી પાસે નૃત્ય કરવા લાગ્યો. તેવામાં પલંગની છાયા જોઈ તને મારા મસ્તકપર ચાલતો જાણી આશાતનાથી ક્રોધ પામી તેણે શ્રાપ આપી તને આ દશાએ પમાડ્યો છે."

આ પ્રમાણે મુનિની વાણી સાંભળી વિનયથી તે દેવને નમસ્કાર કરી રૂદન કરતા કરતા મેં દીન વચનવડે તેની પાસે શ્રાપથી મુક્ત થવાપણું માગ્યું. ત્યારે કૃપાથી તે દેવે કહ્યું કે—

"હે મૂઢ! રાજ્યભોગનો ત્યાગ કરીને વ્રત લીધા છતાં પણ તું મુનિની આશાતના કરે છે અને તત્ત્વને જાણતો નથી. હે ભદ્ર! તું નિષ્ફળ તપ ન કર. હમણાં તો મારા પ્રભાવથી સજ્જ થયેલા પલંગપર આરૂઢ થઈને પ્રથમની જેમ તું તારા આશ્રમમાં પાછો જા. ત્યાં એક માસને અંતે એક તત્ત્વજ્ઞાની આવીને તને મનુષ્ય રૂપે કરશે, અને તેની પાસેથી તત્ત્વ જાણી તારી કન્યા તું તેને આપજે."

આ પ્રમાણે તેના કહેવાથી હું તે જ રીતે અહીં આવ્યો. ત્યારપછીની સર્વ વાત તમે જાણો જ છો."

આ પ્રમાણે કુળપતિનો વૃત્તાંત સાંભળી કુમાર તથા સર્વ તાપસો આશ્ચર્ય પામ્યા. ત્યારપછી હર્ષથી તાપસીઓના ગીતરૂપ મંગળપૂર્વક ઉત્સવ કરીને તે સર્વ તાપસોએ એકઠા થઈ કુમારને ધર્મ પૂછ્યો. ત્યારે તેણે વિસ્તારથી સર્વવિરતિ અને દેશવિરતિરૂપ બે પ્રકારનો આર્હત ધર્મ કહ્યો. તે સાંભળી પ્રતિબોધ પામેલા તેઓએ સમકિતપૂર્વક અણુવ્રતાદિક ધર્મ અંગીકાર કર્યો.

ત્યારપછી કુળપતિએ કુમારને કહ્યું કે—"હે કુમાર! તે દેવે તમે મારી પુત્રીના પતિ થશો તેમ કહેલું છે તો હવે તમે મારી સુશીલ પુત્રી સાથે જલ્દીથી લગ્ન કરો." તેના જવાબમાં કુમાર કાંઈ પણ બોલ્યા નહિ, તેટલામાં આકાશમાંથી તેના મસ્તકપર પુષ્પવૃષ્ટિ થઈ. તે જોઈ આશ્ચર્ય પામેલા તાપસો નિપુણતાથી ઉંચે જોવા લાગ્યા. તેવામાં ગિરિચૂડ દેવ પ્રગટ થઈ બોલ્યો કે—

"હે તાપસો ! તે પર્વતપર રહેલા જ્ઞાની મુનિને મેં પૂછયું કે—'આ કુળપતિ શી રીતે વાઘરૂપ તજીને મનુષ્ય થશે ?' ત્યારે તેણે કહ્યું કે—'તત્ત્વજ્ઞાનીના સમાગમથી તે મનુષ્ય થશે.' મેં ફરીને તે જ્ઞાનીને પૂછયું કે–

'તે તત્ત્વજ્ઞાનીને મારે શી રીતે ઓળખવા ?' તેમણે ઉત્તર આપ્યો કે—'કોલ ભુંડના સ્વરૂપને ધારણ કરેલા તને જે રાજપુત્ર જીતે તેને તારે તત્ત્વજ્ઞાની જાણવો.' ત્યારપછી કોલનું રૂપ ધારણ કરી અનેક રાજધાનીઓમાં જઈ ઉદ્યાનોને ભાંગતો હું ભમવા લાગ્યો, પણ કોઈએ મને જીત્યો નહીં, છેવટ હું હેમપુર નગરમાં ગયો. ત્યાં હું રાજાના ઉદ્યાનને ભાંગવા લાગ્યો. તે વખતે સો રાજપુત્રો મારી સાથે લડવા આવ્યા, તે સર્વને મેં નસાડી મૂકયા, પરંતુ માત્ર ભુજારૂપ શસ્ત્રવાળા આ કુમારે મને જીતી લીધો.

પછી મેં માયાવડે હાથીનું રૂપ કર્યું, ત્યારે મારા હાથીના રૂપ ઉપર ચડેલા કુમારને હું અહીં લાવતો હતો, તેવામાં તે એક વટવૃક્ષને વળગી પડ્યો, ત્યારે તમારૂં હિત કરવાની ઇચ્છાથી હું તેને વટ સહિત મહાકષ્ટે અહીં લાવ્યો. સૌંદર્ય, ઉદારતા, શૂરવીરતા, ઉપકાર અને સદ્ધર્મ વિગેરે ગુણોએ કરીને આ કુમાર તુલ્ય બીજો મનુષ્ય જણાતો નથી. એમ મેં સાક્ષાત્ અનુભવ્યું છે. કૌતુકથી અદૃશ્ય રીતે અહીં આવીને મેં કુળપતિને સ્વરૂપમાં લાવ્યા એ વિગેરે સર્વ હર્ષ સહિત જોયું છે. તથા તેણે તમને આર્હત ધર્મનો ઉપદેશ આપ્યો, તે પણ મેં સાંભળ્યો છે, તેથી બોધ પામેલા મેં હર્ષિત થઈ મારા પૂર્વભવને યાદ કર્યો છે. તે આ પ્રમાણે છે—

"**ધન્યપુર** નામના નગરમાં પહેલાં **ધન્ય** નામનો એક ધનીક વણીક રહેતો હતો. તેને **વસુમતિ** નામની સતી ભાર્યા હતી. એક વખત શ્રાવકના સંસર્ગથી તે શેઠને એક મુહૂર્ત માત્ર સદ્ગુરૂનો સમાગમ થયો. તેની પાસે ઉપદેશ સાંભળી તેણે સમકિત સહિત શ્રાવકધર્મ અંગીકાર કર્યો. એક દિવસ તેની સ્ત્રીના શરીરે વ્યાધિ ઉત્પન્ન થયો. તેની શાંતિને માટે તેણે ઉત્તમ વૈદ્યો પાસે તેની દવા કરાવી.

વૈદ્યોએ કહેલા વીર્યવાળા વિવિધ પ્રકારનાં ઔષધો કર્યાં છતાં તેણીના શરીરે કાંઈ પણ ગુણ દેખાયો નહિ. પ્રિયાપરના દૃઢ પ્રેમને લીધે માંત્રિકાદિકને પણ પૂછયું, ત્યારે તેઓએ પોતપોતાના આમ્નાય–વિધિ પ્રમાણે અનેક ઉપાયો કર્યા, તેનાથી પણ તેણીને કાંઈ ગુણ થયો નહિ. ત્યાર પછી તેણીના સ્નેહમાં અત્યંત ઘેલો થયેલો તે નગરમાં ભમતો ભમતો ઠેકાણે ઠેકાણે જટાધારી તથા કાપડીઓને પણ કહેવા લાગ્યો કે—

"કોઈ પણ પ્રકારના પ્રયોગોવડે જે કોઈ મારી પ્રિયાના વ્યાધિને મટાડશે તેને

હું એક લક્ષ રૂપીયા આપીશ.” તે સાંભળી કોઈક જટાધારી યોગીએ ત્યાં આવી તેને કહ્યું કે—

“હે શેઠ! જો તમે સત્ય પ્રતિજ્ઞાવાળા હો અને મારી ભક્તિ-પૂજા કરો તો હું તમારી પ્રિયાને શીઘ્રપણે રોગ રહિત કરૂં.” તે સાંભળી તેણે તેનું વચન આદરથી અંગીકાર કર્યું. પછી વિનયથી તેને પોતાને ઘેર લઈ જઈ પોતાની પ્રિયાને બતાવી, તથા ભક્તિથી તેને સંતોષ પમાડી તેની પાસે ઉપાય કરાવવા લાગ્યો. તેના કરેલા ઔષધોવડે તેણીના શરીરમાંથી વ્યાધિ નષ્ટ થયો, એટલે તેણીને સજ્જ થયેલી જોઈ મેઘઘટાને જોઈ મયૂરની જેમ તે શેઠ હર્ષ પામ્યો. અનુક્રમે મેઘવડે વનની જેમ તેના ઔષધવડે તેણીનું શરીર પુષ્ટ પણ થયું.

આ રીતે તે યોગીની વૈદ્યક શાસ્ત્ર સંબંધી નિપુણતા જોઈ શેઠ ઘણો વિસ્મય પામ્યો. પછી આગ્રહથી તેણે તે યોગીને એક માસ સુધી પોતાને ઘેર રાખ્યો. તે વખતે તે યોગીએ તે શેઠને પોતાનો ધર્મ કહી આર્હતધર્મમાં શિથિલ કર્યો. તે પાપની આલોચના કર્યા વિના તે શેઠ આયુષ્યને છેડે શુભમતિથી મરણ પામીને પૂર્વ પુણ્યના યોગથી હું ગિરિચૂડ નામનો દેવ થયો છું. અત્યારે તમારી સાથે જ પ્રતિબોધ પામીને મેં શુદ્ધ સમકિત અંગીકાર કર્યું છે. તેથી ગુરૂના મસ્તકપર પુષ્પવૃષ્ટિ કરીને હું હમણા પ્રત્યક્ષ થયો છું. તે ઉત્તમ દેવે કહેલા આ વરને તાપસસુંદરી આપો કે જેથી ઉત્સવપૂર્વક મારા ઉપકારીનો વિવાહ કરીને હું પણ કૃતાર્થ થાઉં.”

આ પ્રમાણે ગિરિચૂડદેવનું વચન સાંભળી કુળપતિ વિગેરે તાપસોએ હર્ષથી કુમારને પ્રાર્થનાપૂર્વક તે કન્યા આપી. એટલે ગિરિચૂડ દેવે તત્કાળ સર્વ સામગ્રી તૈયાર કરી. તેમાં રત્નના સ્તંભો ઉપર મોતીની માળાના તોરણ બાંધી સુવર્ણમય મંડપ બનાવ્યો. તેમાં બેસીને દેવીઓ તથા તાપસીઓ મોટા મંગળગીત ગાવા લાગી, દુંદુભિ વિગેરે વાજીંત્રો વાગવા લાગ્યા, દેવો બંદીજનોની જેમ જય જય શબ્દ કરવા લાગ્યા અને આશ્ચર્યથી એકઠા થયેલા દેવો અને વિદ્યાધરોનો સમૂહ પ્રશંસા કરવા લાગ્યો.

આ પ્રમાણે તે દેવના કરેલા ઉત્સવપૂર્વક દિવ્ય વસ્ત્ર અને અલંકારોથી ભૂષિત કરેલી તે કન્યાને તાપસોએ કુમારની સાથે પરણાવી. તે વખતે ગિરિચૂડ દેવે કુમારને દિવ્ય વસ્ત્ર તથા અલંકારો આપ્યા અને તુષ્ટમાન થયેલા કુળપતિએ આકાશગામી પલંગ આપ્યો.

પછી ત્યાં વનમાં ગિરિચૂડ દેવે સ્વર્ગના વિમાન જેવો સુવર્ણમય એક સાત માળનો સુંદર મહેલ બનાવ્યો, અને તેને સ્વાદિમ, ખાદિમ વિગેરે પદાર્થોની સામગ્રીવડે

પરિપૂર્ણ કર્યો. તે મહેલમાં ઇચ્છિત વસ્તુને આપનાર દેવના પરિવારથી સેવાતો, અપ્સરાથી પણ અધિક રૂપવાળી અને અપૂર્વ સ્નેહવાળી નવી પરણેલી પત્નીની સાથે વિલાસ કરતો અને દેવની જેમ મનોહર ભોગસુખને અનુભવતો તે કુમાર તાપસોને પ્રાપ્ત થયેલા ધર્મમાં વૃદ્ધિ કરવાની ઇચ્છાથી સુખે કરીને કેટલાક દિવસ રહ્યો. અને નિરંતર પલંગપર બેસીને આકાશ માર્ગે વિવિધ તીર્થોને વાંદવા લાગ્યો.

કોઈ વખત પત્ની સહિત અને કોઈ વખત એકલો પણ તે કુમાર દેવની જેમ નદી, સમુદ્ર અને વનાદિકમાં ઇચ્છા પ્રમાણે ક્રીડા કરવા લાગ્યો. યોગ્ય અવસરે તે કુમાર તે તાપસોને જૈનધર્મની ક્રિયા સમ્યક્ પ્રકારે શીખવતો હતો, તથા જૈન દીક્ષા અને તેનું ફળ પણ તેમને બતાવતો હતો. તેથી તાપસો અનુક્રમે સિદ્ધાંતને ભણી, સર્વક્રિયાનુષ્ઠાનના જાણકાર થઈ અને અર્હત્શાસનમાં નિપુણ થઈ સર્વવિરતિ ચારિત્ર લેવા તૈયાર થયા.

આ પ્રમાણે મનુષ્યો ધર્મના મહા પ્રભાવથી સર્વ પ્રકારની સ્થિતિ અને સર્વ પ્રકારના ભોગના યોગને પ્રાપ્ત કરે છે, દેવતાઓ પણ તેમની સેવા કરે છે, અને તેમને દેવની જયલક્ષ્મીવડે પ્રૌઢ એવા સુખો તેની મેળે જ પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે તપગચ્છના નાયક શ્રીમુનિસુંદરસૂરિએ રચેલા શ્રીજયાનંદરાજર્ષિ કેવળીના જયશ્રીના ચિન્હવાળા ચરિત્રને વિષે શ્રીજયાનંદકુમાર દેશાંતરમાં ગયા. ત્યાં હેમપુર નગરના ઉદ્યાનમાં રહેલા દુર્જય ભુંડને જીતી તાપસના આશ્રમમાં ગયા. ત્યાં સુવર્ણજટી કુળપતિ વિગેરે પાંચસો તાપસોને તથા ગિરિચૂડ યક્ષને પ્રતિબોધ કર્યો, કુળપતિની પુત્રી તાપસસુંદરી નામની ત્રીજી પત્નીને પરણ્યા અને આકાશગામી પલંગના પ્રભાવથી વિવિધ તીર્થોની યાત્રા કરી વિગેરે હકીકતવાળો આ સાતમો સર્ગ સમાપ્ત થયો.



# आठमो सर्ग

देवो वान्तरवृन्दवर्त्तिविविधाऽनेक प्रभावप्रभा—
प्रस्थानप्रतिपन्थितां प्रथयति ग्रीष्मोऽत्र भीष्मः कलिः ।।
यन्माहात्म्यभरः स्फुरत्यपभयं तत्राऽप्यहो सर्वगः ।
सर्वं शीतलयन् जगत् सुखयतादस्मान् स पार्श्वप्रभुः ।। १ ।।

જે ભયંકર ગ્રીષ્મઋતુ જેવો કલિયુગ અન્ય દેવોના સમૂહમાં રહેલા વિવિધ પ્રકારના અનેક પ્રભાવોરૂપી કાંતિનો નાશ કરવામાં શત્રુપણું ધારણ કરે છે, તેવા કળિયુગમાં પણ જે ભગવાનના માહાત્મ્યનો સમૂહ સર્વત્ર નિર્ભયપણે પ્રસરી રહ્યો છે, તે સર્વ જગતને શીતળ કરનાર શ્રીપાર્શ્વનાથ પ્રભુ અમને શાશ્વત સુખ આપો.

એક દિવસ શ્રી જયાનંદકુમાર દેવના બનાવેલા આ મહેલમાં સાતમે માળે ભદ્રાસન ઉપર બેસી આકાશ તરફ જુએ છે, તેટલામાં તેણે મનોહર રૂપવાળો અને યુવાવસ્થાવાળો એક પરિવ્રાજક આકાશથી જલ્દીથી પોતાની સમીપે ઉતરતો જોયો. તરત જ કુમાર પાસે આવી તે યોગીએ તેને આશીર્વાદ આપ્યો. કુમારે તેને આસન અપાવ્યું. તે આસનપર યોગી કુમારના મુખકમળને સ્પૃહાપૂર્વક જોતો બેઠો. કુમારે તેને પૂછયું કે—

"તમે કોણ છો? ક્યાંથી આવ્યા છો? અને તમારી શી ઇચ્છા છે? આવવાનું પ્રયોજન શું છે? તે કહો, કે જેથી તે પ્રયોજન સફળ કરી હું કૃતાર્થપણું પામું. હું માત્ર ચેષ્ટાદિકવડે તમારૂં અર્થીપણું જ જાણું છું, પરંતુ તમારી શી માગણી છે? તે સ્પષ્ટપણે જાણી શકતો નથી. માગણીનું જ્ઞાન છતાં જો તે આપવામાં ન આવે તો તેથી દાનીપણું કહેવરાવવું તે નિરર્થક થાય છે. યાચનાથી લજ્જાને પામેલો [1]અર્થી કદી યાચના કરવામાં વિલંબ કરે તોપણ દાનીએ તે આપવામાં વિલંબ કરવો ઘટિત નથી.

" प्रापितेन चटुकाकुविडंबं, लंभितेन बहुयाचनलज्जाम् ।
अर्थिना यदघमर्जति दाता, तन्न लुंपति विलंब्य ददानः ।। "

"[2]ચાટુ, [3]કાકુ અને [4]વિડંબના (પીડા) પામેલો તથા યાચના કરવામાં ઘણી

૧ અર્થી જો લજ્જાને લીધે યાચના ન કરે-વિલંબ કરે તો તે નિષ્ફળ થાય છે. ૨ ખુશામત, પ્રિયવચન. ૩ ભયાદિકને લીધે બોલતાં વચનમાં વિકાર થાય તે. ૪ અથવા ચાટુ અને કાકુથી પીડા પામેલો.



લજ્જા પામેલો અર્થી વિલંબને લઈને જે પાપ ઉપાર્જન કરે છે, તે પાપને વિલંબે કરીને દાન કરતો દાતા દૂર કરી શકતો નથી. અર્થાત્ દાતા પણ જો વિલંબ કરે તો તેટલું જ પાપ બાંધે છે."

" याचमानजनमानसवृत्तेः, पूरणाय बत जन्म न यस्य ।
तेन भूमिरिह भारवतीयं, न द्रुमैर्न गिरिभिर्न समुद्रैः ॥ "

જેનો જન્મ યાચક જનોના મનની ઇચ્છા પૂર્ણ કરવા માટે નથી, તેવા પુરૂષથી જ આ પૃથ્વી ભારવાળી છે; કાંઈ વૃક્ષોથી, પર્વતોથી કે સમુદ્રોથી ભારવાળી નથી. તેનો ભાર પૃથ્વીને લાગતો જ નથી."

" मीयतां कथमभीप्सितमेषां, दीयतां द्रुतमयाचित एव ।
तं धिगस्तु कलयन्नपि, वाञ्छा-मर्थिवागवसरं सहते यः ॥ "

"અર્થીજનોની ઇચ્છા શી રીતે જાણી શકાય? જો જાણી શકાય તો તેણે યાચના કર્યા પહેલાં જ જલ્દીથી આપો. અર્થીની ઇચ્છા જાણ્યા પછી પણ જે દાતાર તે યાચકની વાણીનો અવસર સહન કરે છે, (એટલે કે યાચક માગશે ત્યારે હું આપીશ એમ તેના વચનની જે દાતાર રાહ જુએ છે) તેને ધિક્કાર હો."

"આની ઇચ્છાને હું શી રીતે જાણું, અને માગ્યા પહેલાં શી રીતે તેનું વાંછિત આપી શકું?" એમ [1]ત્રણ પ્રકારના વીરજનોમાં શિરોમણિભૂત કુમાર વિચારતો હતો, તેટલામાં તે પરિવ્રાજક હર્ષથી બોલ્યો કે—"તમારે અસાધ્ય કાંઈપણ નથી, તમારાથી બીજો કોઈ ઉત્તમ શૂરવીર અને પરોપકારી નથી. હું મારો વૃત્તાંત કહું છું તે તમે સાંભળો—

ગંગાને કિનારે **ભદ્રદત્ત** નામના ગુરૂ હતા, તેમનો હું **ગંગદત્ત** નામનો શિષ્ય છું. ગુરૂએ આપેલા ઔષધિકલ્પના પુસ્તક ઉપરથી હું અનેક ઔષધિને જાણું છું અને તે વિવિધ પ્રકારની ઔષધિઓ **મલયાચળ** પર્વતપર છે. પરંતુ તેનો કલ્પ સમ્યક્ પ્રકારના વિધિથી સાધેલ હોય તો જ તે ઓળખીને લઈ શકાય છે. તેથી મેં વારંવાર ત્યાં જઈને તેની સાધના આરંભી હતી, પરંતુ તે પર્વતનો સ્વામી **મલયમાલ** નામનો ક્ષેત્રપાળ મને ઉપસર્ગો કરીને ભય પમાડે છે, તેથી હું તે ઔષધિઓના કલ્પને સાધી શકતો નથી.

ગુરૂએ બતાવેલી ઔષધિનો મારે પગે લેપ કરવાથી હું આકાશમાં એક એક

૧ યુદ્ધવીર. દાનવીર અને ધર્મવીર.

કુદકાથી એક એક યોજન જઈ શકું છું. એ રીતે હું પૃથ્વીપર સર્વત્ર ફરૂં છું. આજે આ વનમાં આવતાં અહીં અસંભવિત એવો સુવર્ણનો મહેલ જોઈ મેં તાપસોને પૂછયું. તેનાથી તમારૂં લોકોત્તર વૃત્તાંત જાણી તમે દેવોથી પણ ન જીતી શકાય તેવા છો એમ મારી ખાત્રી થઈ છે તેથી તમારી પાસે સ્વાર્થની સિદ્ધિ થાય તેવી માગણી કરવા હું આવ્યો છું. મોટા પુરૂષની પાસે યાચના કરવી એ કાંઈ લજ્જાકારક નથી.

હે ભદ્ર! જો તમે તે ક્ષેત્રપાળને જીતવા શક્તિમાન હો તો ઔષધિનો કલ્પ સાધતાં મને જે વિઘ્નો થાય છે તેને હરણ કરવા માટે તમે મારા ઉત્તરસાધક થાઓ."

આ પ્રમાણે તે યોગીના વચન સાંભળી કુમારે કહ્યું કે—"વિશ્વનો ઉપકાર કરવા ઇચ્છતા મારે આ કાર્ય અલ્પમાત્રજ છે. જો આ કાર્યમાં તમારા કાર્યની સિદ્ધિ રહેલી છે તો ઇંદ્રને પણ જીતીને તે કાર્ય હું સાધી આપીશ."

યોગી બોલ્યો—"બહુ સારૂં, બહુ સારૂં. તમારે વિષે સર્વ સંભવેજ છે. હવે તે પર્વત અહીંથી સો યોજન દૂર છે. વળી તે સાધના કૃષ્ણપક્ષની બારશના દિવસે શરૂ કરાય છે, અને જો તેમાં વિઘ્ન ન આવે તો ત્રીજે દિવસે એટલે ચૌદશની રાત્રે સિદ્ધ થાય છે. આજે કૃષ્ણપક્ષની આઠમ છે, તેથી કરીને હે સદ્બુદ્ધિમાન! તમે તૈયાર થાઓ. કાલે પ્રાતઃકાળે તમને મારા ખભા ઉપર બેસાડી ત્રણ દિવસે આકાશમાર્ગે તમને ત્યાં લઈ જાઉં."

તે સાંભળી કાંઈક હસીને કુમાર બોલ્યો કે—"તમે જાઓ, તમારો સ્વાર્થ સાધવાની તૈયારી કરો. હું મારી શક્તિથીજ બારશના સૂર્યોદય વખતે ત્યાં આવી પહોંચીશ. આ બાબતમાં તમારે કાંઈપણ સંશય રાખવો નહિ. સત્પુરૂષોએ જે અંગીકાર કર્યું હોય તે પૃથ્વી અને મેરૂ વિગેરેની જેમ કલ્પાંતે પણ ચલાયમાન થતું નથી." આ પ્રમાણે કુમારનું વચન સાંભળી ખુશી થયેલો યોગી તે કુમારને મળવાનું સ્થાન જણાવીને ત્યાં જવા માટે સાધનોની સામગ્રી સહિત આકાશમાર્ગે ચાલ્યો.

અગીઆરશની રાત્રિએ કુમારે પોતાની પત્નીને કહ્યું કે—"હે પ્રિયા! હું મલયાચળ પર્વતપર જઇ, ત્યાં ત્રણ દિવસ રહી, વિદ્યાસાધક યોગીને સહાય કરી તેનું કાર્ય સિદ્ધ થયે જલ્દીથી પાછો અહીં આવીશ. તે કાર્યમાં સંમતિ આપવાથી પરોપકારના પુણ્યનો ભાગ તું પણ મેળવ. મારા ત્યાંથી આવતા સુધી તારા પિતાદિકથી પાલન કરાતી તું સાવધાનપણે અહીં રહેજે."

એમ કહી નિર્ભયપણે કુમાર પલંગ ઉપર આરૂઢ થઈ તે પર્વતપર ગયો. ત્યાં

કોઈ ઠેકાણે પલંગને છુપાવી પ્રાતઃકાળે સાધકને મળ્યો અને કહ્યું કે—"હે યોગી! હું જયાનંદકુમાર તમારૂં રક્ષણ કરૂં છું, તેથી તમે તમારૂં ઇષ્ટ કાર્ય સાધો." તે સાંભળી હર્ષ પામેલા અને તેના સત્ય તથા સાહસની સ્તુતિ કરતા યોગીએ વિધિપૂર્વક પોતાની સાધના શરૂ કરી, અને શ્રીજયાનંદકુમાર શસ્ત્ર ધારણ કરી વિઘ્ન નિવારવા માટે સાવધાનપણે તૈયાર રહ્યો.

એ પ્રમાણે બે દિવસ વ્યતીત થયા પછી ત્રીજે દિવસે કૃષ્ણ ચતુર્દશીની રાત્રિએ કુમારે પૂર્વ દિશામાં સર્વ દિશાઓનાં મુખને અંધ કરતો મહા ભયંકર ધૂમાડાનો સમૂહ આવતો જોયો. તેને નિર્ભય અને ધીર એવા કુમારે પૂર્વે દેવીની આપેલી ઔષધિના સાનિધ્યથી અને નવકાર મંત્રના જાપથી તત્કાળ દૂર કરી નાખ્યો. પછી સાવધાન થયેલા કુમારે તત્કાળ ધૂમાડાની પાછળ આવતા અગ્નિને જોયો, તેને પણ પ્રથમની જેમ જ દૂર કર્યો.

પછી કુમારે ભયંકર અટ્ટહાસ સાંભળ્યો. તેનાથી પણ કુમાર ક્ષોભ પામ્યો નહિ અને સાધકને પણ તેણે ધીરજ આપી. તે વખતે પ્રાણીઓના હૃદયને ભેદી નાખે તેવી આકાશવાણી થઇ કે—

"હું પહેલાં સાધકને ખાઉં કે ઉત્તરસાધકને ખાઉં?" તે સાંભળી શ્રીજયાનંદકુમારે કહ્યું કે—"પથરા ખા. અમે કાંઈ તારે આધીન નથી કે જેથી તું અમને ખાઈ શકે? શું મૃગલો સિંહને ખાઈ શકે? અથવા સિંહથી રક્ષણ કરેલા મૃગને પણ ખાઈ શકે? ઇંદ્રને પણ હું જીતી લઉં, તો તને જીતવામાં શી મોટી વાત છે?" ત્યારે ફરીથી આકાશમાં વાણી થઇ કે—

"અરે મૂર્ખ! અન્યને માટે કેમ મરવા તૈયાર થાય છે? તારી જેવાના વાચાળપણાથી દેવો કદાપિ જીતી શકાતા નથી, એ શું તું નથી જાણતો? માટે તું અહીંથી દૂર જા, તને નિરપરાધીને હું નહીં મારૂં, પણ આ અપરાધી સાધકને તો તારૂં રક્ષણ છતાં પણ હું હણી નાખીશ. કારણ કે તે મારા પર્વતમાંથી વિવિધ પ્રકારની ઔષધિઓ લેવા ઇચ્છે છે, અને વિદ્યાનું સાધન કરતાં પહેલાં મારૂં પૂજનાદિક પણ કર્યું નથી."

તે સાંભળી કુમાર હસીને બોલ્યો કે—"તું અદૃશ્ય થઇને કેમ બોલે છે? શૂરવીર હોય તો પ્રત્યક્ષ થા, કે જેથી તારૂં પરાક્રમ હું જાણી શકું."

આ પ્રમાણે કુમારે તેનો તીરસ્કાર કર્યો એટલે તે દેવ મનમાં અત્યંત કોપ પામી પગના આઘાતવડે પર્વતને પણ કંપાવતા એવા ભુંડરૂપે પ્રગટ થયો. અંજનગિરિ જેવા મોટા શ્યામવર્ણવાળા દુઃખે કરીને પરાભવ કરી શકાય તેવા તથા તૃષ્ણા સહિત આવતા



તે ભુંડને જોઈ તેની સાથે સમાન યુદ્ધ કરવાની ઈચ્છાથી કુમારે પણ દેવીની આપેલી ઔષધિના પ્રભાવથી ભુંડનું રૂપ કર્યું અને ક્રોધથી તેની સાથે યુદ્ધ કરવા દોડ્યો. ગર્વવડે ઉદ્ધત થયેલા તે બન્ને પરસ્પર ભેળા થઈ યુદ્ધ કરવા લાગ્યા, અત્યંત ઘોર ઘુરઘુર શબ્દવડે પર્વતની ગુફાઓને પણ ગજાવવા લાગ્યા અને ઉંચા ઉછળીને નીચે પડવાથી પવર્તની પૃથ્વીને પણ કંપાવવા લાગ્યા.

આ રીતે મોટી કાયાવાળા અને મોટા બળવાળા તે બન્ને ભયંકર યુદ્ધ કરવા લાગ્યા. છેવટ જયાનંદકુમારે પરાક્રમથી પોતાની દાઢાવડે દેવભુંડનો પરાભવ કર્યો, એટલે તે દુ:ખથી બુમ પાડતો નાશી ગયો.

ત્યારપછી તે દેવ હસ્તીરૂપે પ્રગટ થયો. ત્યારે કુમાર પણ હસ્તીનું જ રૂપ કરી તેની સાથે યુદ્ધ કરવા લાગ્યો. તેમના યુદ્ધમાં મોટી ગર્જના થવાથી પૃથ્વી પણ ચલાયમાન થઈ, આકાશ પણ ફુટવા લાગ્યું અને પર્વતના શિખરો પણ ત્રુટી પડવા લાગ્યા. છેવટ ભાગ્યવાન કુમારે શત્રુહસ્તીના દાંત ભાંગી નાખ્યા, સૂંઢ તોડી નાખી અને આખા શરીરે પીડા ઉત્પન્ન કરી, એટલે તે હસ્તી તત્કાળ નાશી ગયો. પછી તે બન્નેએ સિંહનાં રૂપ કરી પુંછડા પછાડવાથી પર્વતને પણ ભાંગી નાખે તેવું વિવિધ પ્રકારનું યુદ્ધ કર્યું. તેમાં પણ છેવટ સિંહરૂપી દેવ પરાજિત થયો.

આ પ્રમાણે સર્વ યુદ્ધોમાં કુમારને દુર્જય જાણી અત્યંત કોપ પામેલો દેવ આખા જગતને ભય કરનારૂં રૂપ ધારણ કરી પ્રગટ થયો. તે રૂપમાં તાડવૃક્ષ જેવી મોટી અને જાડી જંઘાઓ કરી, પર્વતની ગુફા જેવું પેટ કર્યું, જાડી અને પહોળી શિલા જેવી છાતી કરી, લાંબી અને પાતળી ડોક કરી, કડાઈયાના તળીયાં જેવું મુખ કર્યું, ખીલા જેવી દંતપંક્તિ કરી, બળતી સઘડી જેવાં નેત્રો કર્યાં, જાડું નાનું અને ચપટું નાક કરી, વટવૃક્ષની શાખા જેવા મોટા અને જાડા ભુજદંડ કર્યા, ત્રણ ખુણાવાળું સુંઢા જેવું મસ્તક કર્યું, પીળા અને જાડા કેશ કર્યા, નમી પડેલા ગાલ કર્યા, રાફડાના બિલ જેવા કાન કર્યા, શરીરની નસો જાડા દોરડા જેવી કરી, લાંબી લેખણની જેવી આંગળીઓ કરી. ચુલે મૂકેલા પાત્રના તળીયાની મેષ જેવો કાળો શરીરનો વર્ણ કર્યો, આવું ભયંકર અને બીભત્સ રૂપ વિકુર્વ્યું.

પછી પોતાના નાદવડે ગુફાઓને ગજાવવા લાગ્યો. એક હાથમાં ડમરૂક મણિને, બીજા હાથમાં ફુંફાડાના શબ્દવડે આકાશ અને પૃથ્વીને પૂર્ણ કરતા તથા ભયંકર ફણાના આડંબરને કરતા એવા સર્પોને, ત્રીજા હાથમાં મુદ્ગરને અને ચોથા હાથમાં ખડ્ગને



ધારણ કરતો તથા હાથ પગના આઘાતવડે અને અટ્ટહાસવડે દિશાઓને ગજાવતો તે બોલ્યો કે—

"હું આ પર્વતનો સ્વામી મલયમાલ નામનો ક્ષેત્રપાળ છું, મેં ભુંડ વિગેરેના રૂપ કરી તારી સાથે યુદ્ધક્રીડા કરી છે. અને મેં જે મારો પરાભવ દેખાડ્યો, તે માત્ર ક્રીડાની વૃદ્ધિને માટે જ દેખાડ્યો છે, તેટલાથી હે મૂઢ! તું તારા આત્માને ફોગટ વિજયવાળો માનીશ નહિ. હજુ કાંઈપણ વિનાશ પામ્યું નથી એટલે કે બગડી ગયું નથી, જો જીવવાની ઈચ્છા હોય તો હજુપણ ચાલ્યો જા. બીજાને માટે મરવાને ઈચ્છતા એવા તને બાળકને મારવાથી મને કાંઈ યશ મળવાનો નથી."

આ પ્રમાણેના તેના વચનો સાંભળી શ્રીજયાનંદકુમાર બોલ્યો કે—"તારે તો આ યુદ્ધો ક્રીડાને માટે થયા, પરંતુ મારે તો અન્યના ઉપકારને માટે યુદ્ધો કરવા પડ્યા છે, છતાં તેં તો મારી તેટલી ઈચ્છા પણ પૂરી કરી નથી, કારણકે પોતપોતાના શસ્ત્રોના સમૂહથી ભરેલા વિષ્ણુ, મહાદેવ, ઇંદ્ર, વિશ્વનો અંત કરનાર યમ કે બીજો કોઈ યુદ્ધમાં નિપુણ લોકપાળ પણ કદાચ પોતાનું અતુલ પરાક્રમ પ્રસિદ્ધ કરતા, મારી દૃષ્ટિ સન્મુખ ઉભા રહે, તો મારા ભુજયુગલની અત્યંત ખરજની કાંઈક પૂર્તી થાય.

વળી શરીર કે ઉમ્મરની મોટાઈથી કાંઈ જીતી શકાતું નથી; તેજથી જ જીતી શકાય છે. કારણ કે સૂર્ય બાળક છતાં તેના તેજસ્વીપણાને લીધે તેના કિરણોને પર્વતો પણ પોતાના શિખર પર ધારણ કરે છે. કહ્યું છે કે—

"हस्ती स्थूलवपुः स चांकुशवशः किं हस्तिमात्रोऽङ्कुशो,
दीपे प्रज्वलिते प्रणश्यति तमः किं दीपमात्रं तमः।
कल्लोलोल्ललितो द्रुतं हि गलितो वार्धिश्च कुम्भोद्भुवा,
तेजो यस्य विराजते स बलवान् स्थूलेषु कः प्रत्ययः॥"

"હાથી મોટા શરીરવાળો છે તોપણ તે એક નાના સરખા અંકુશને વશ થાય છે, તો શું હસ્તી જેવડો મોટો અંકુશ હોય છે? નાનો પણ દીવો દેદીપ્યમાન હોયે છતે મોટું અંધારૂં નાશ પામે છે, તો શું દીવા જેટલું જ અંધારૂં હોય છે? અગસ્ત્ય ઋષિએ તરંગોથી ઉછળતા સમુદ્રનું પાન કર્યું હતું, તો શું અગસ્ત્ય જેવડોજ સમુદ્ર છે? એમ નથી. જેનામાં તેજ વિરાજમાન છે, તેજ બળવાન છે, તેમાં મોટાને વિષે આધાર રાખવાનો નથી."

વળી ધીર પુરૂષો પરોપકારને માટે મૃત્યુની પણ પ્રાર્થના કરે છે. કારણ કે તેઓ મરણ પામ્યા છતાં પણ સ્થિર એવા ધર્મ અને યશરૂપી પ્રાણોવડે જીવતા જ છે. મારો જય કે મરણ જે થવાનું હશે તે યુદ્ધથીજ જણાશે, માટે તારા બળની તને હજુસુધી ખાત્રી ન થઈ હોય તો ફરીથી પણ તને ગમે તે પ્રકારનું મારી સાથે યુદ્ધ કર."

આ પ્રમાણે કુમારે તીરસ્કાર કર્યો એટલે ક્રોધથી અંધ થયેલો ક્ષેત્રપાળ ખડ્ગ અને મુદ્દ્ગરને ઉંચા કરી કુમારને મારવા દોડયો. તે વખતે નમસ્કાર મંત્રનું સ્મરણ કરતો કુમાર પણ ઔષધિવડે તેનાજ જેવું રૂપ કરી હાથમાં ખડ્ગ ધારણ કરી યુદ્ધ કરવા તૈયાર થયો.

પછી ક્રોધથી પરસ્પર કરેલા ઘાતને ચતુરાઈથી ચૂકાવતા અને લાંબાકાળ સુધી મદોન્મત્ત થયેલા તે વીરો ખડ્ગવડે યુદ્ધ કરવા લાગ્યા. તેમાં શ્રીજયાનંદકુમારને દુર્જય જાણી તે છળવાન અને બળવાન ક્ષેત્રપાળ ડમરૂ નામના વાજિંત્રના કઠોર શબ્દવડે તેના કાનને વીંધતો, સર્પો પાસે તેના શરીરને ડંખાવતો અને ખડ્ગ તથા મુદ્દ્ગરવડે હણાતો, એમ એકી સાથે ચારે ભુજાવડે પોતાની સર્વ શક્તિથી યુદ્ધ કરવા લાગ્યો, કે જે જોઇને દેવો પણ ભય પામવા લાગ્યા. તે વખતે વિઘ્નને હરનારી ઔષધિના બળથી અને ધર્મના બળથી કુમારે તત્કાળ ખડ્ગવડે તેનું ડમરૂ ભેદી નાખ્યું, સર્પોના કકડેકકડા કરી નાખ્યા, મુદ્દ્ગરનું ચૂર્ણ કરી નાખ્યું, અને ખડ્ગના સો કકડા કરી નાખ્યા.

'પુણ્યથી શું શું સાધી શકાતું નથી?' પછી તે ક્ષેત્રપાળને શસ્ત્ર રહિત જોઇ કુમારે પણ પોતાના ખડ્ગનો ત્યાગ કર્યો. આવી કુમારની લીલા જોઇ ક્ષેત્રપાળે ક્રોધ પામી નજીકના વૃક્ષને શસ્ત્રરૂપ કર્યું. ત્યારે કુમારે પણ વૃક્ષ ગ્રહણ કરી તે વડે તેના વૃક્ષને જલ્દીથી ચૂર્ણ કર્યું.

એ પ્રમાણે નવા નવા વૃક્ષો ગ્રહણ કરીને તેઓએ ચિરકાળ સુધી યુદ્ધ કર્યું. ત્યારપછી દેવોએ મનમાં આશ્ચર્ય પામી વારંવાર સ્તુતિ કરાતા અને મત્સરને ધારણ કરતા તે બન્ને મોટી મોટી શિલાઓવડે યુદ્ધ કરવા લાગ્યા. ત્યારપછી ઉત્સાહ સહિત ભુજાવડે સ્કંધને અફળાવતા અને પગવડે પૃથ્વીને ફોડતા તે બન્ને મલ્લયુદ્ધ કરવા લાગ્યા. કુકડા ઉડે ને પડે તેમ મુષ્ટિના પ્રહાર કરતા તે બન્નેને ઉડતા અથવા નીચે પડતા કોઇ જાણી શકતા નહોતાં. તે બન્ને ભેળા થઈને પૃથ્વીપર આળોટતા છતા રતિક્રીડાની જેમ યુદ્ધને વિષે પણ આશ્લેષ (આલિંગન) અને વિશ્લેષ (જૂદા પડવા) નો અનુભવ કરવા લાગ્યા.

તેમના યુદ્ધમાં ભુજાસ્ફોટ, ખભાના જબરજસ્ત આઘાત અને મુષ્ઠિના સખ્ત પ્રહારથી ઉત્પન્ન થયેલા તથા સિંહનાદથી ઉત્પન્ન થયેલા, જગતને ભયંકર લાગે એવા શબ્દવડે પર્વતો ગર્જના કરવા લાગ્યા, પૃથ્વી ચલાયમાન થઈ, દિશાઓ બેરી થઇ ગઇ, સમુદ્રો ખળભળવા લાગ્યા, નદીઓ ઉન્માર્ગે વહેવા લાગી, વૃક્ષોપરથી ફળો પડવા લાગ્યા, પર્વતોનાં શિખરોપરથી શિલાઓ પડવા લાગી, પ્રેતો પ્રસન્ન થઇને નૃત્ય કરવા લાગ્યા. અને કેટલાક તો ભય પામીને નાશી ગયા.

છેવટ કુમારે મુષ્ઠિ વિગેરેનો પ્રહાર કરી કરીને તે ક્ષેત્રપાળને અત્યંત કાયર કર્યો અને પ્રહાર સહન ન કરી શકે તેવી સ્થિતિવાળો કરી દીધો. પછી તેને લીલાવડે આકાશમાં અત્યંત દૂર ઉછાળ્યો. ત્યાંથી નીચે પડયો ત્યારે તેણે ભયંકર ચીસો પાડી મોટા પથ્થરોનો પણ ભૂકો કરી નાખ્યો. તેના આઘાતથી તેને તીવ્ર પીડા થઈ, પરંતુ દેવ હોવાથી તેના શરીરના કકડા થયા નહીં.

આ પ્રમાણે કુમારનો મહિમા અને અતુલ પરાક્રમ જોઈ ચમત્કાર પામેલો તે દેવ પોતાને હાર્યો માની પોતાનું દેવરૂપ પ્રગટ કરી બોલ્યો કે—

"હે વીર! પૃથ્વીને વિષે દેવોથી પણ જીતી ન શકાય એવો તું એક જ છે. કારણ કે પૂર્વે સુર, અસુર કે નર કોઇથી હું જીતાયો નથી, મને જીતવાથી આખું જગત તેં જીત્યું એમ હું માનું છું તારી પાસે અપૂર્વ એવો ધર્મ કે મંત્ર શું છે કે જેના બળથી તું આવો બળવાન થયો છે ?"

આ રીતે કહી યુદ્ધ મૂકીને શાંત થયેલા, પ્રસન્ન થયેલા અને ધર્મના અર્થી થયેલા તે દેવને જાણી શ્રીજયાનંદકુમારે પણ સ્વાભાવિક સ્વરૂપ ધારણ કરી તેને સમ્યક્ પ્રકારે ધર્મ કહ્યો કે—

"હે બંધુ! મારે તો વીતરાગ દેવ છે, ચારિત્રવાન ગુરૂ છે અને તેમના કહેલા ધર્મને હું ધર્મ તરીકે સ્વીકારૂં છું. આવું અપૂર્વ સમકિત જેમાં મુખ્ય છે એવો દયા પ્રધાન આર્હત ધર્મ પાળવાથી જ હું જય પામું છું." આ પ્રમાણે કહી કુમારે તેને સવિસ્તર ધર્મ કહી સંભળાવ્યો.

તે સાંભળી ક્ષેત્રપાળ હર્ષ પામીને બોલ્યો કે—"હે ધર્મબંધુ! તમે મને ઠીક બોધ પમાડયો. પૂર્વ ભવે હું **ધર્મદત્ત** નામે સમૃદ્ધિવાળો શ્રાવક હતો. એક દિવસ ઉદ્યાનમાં માસક્ષપણ તપ કરનારા, ચાર કોટિ ધનનો ત્યાગ કરી ત્યાગી થયેલા અને



નિઃશંકપણે સ્થિર આસને રહી ધ્યાનમાં જ તત્પર રહેલા **ધનેશ્વર** નામના પરિવ્રાજકને મેં જોયા. તે ગૃહસ્થાશ્રમમાં હતા ત્યારે તેમની સાથે મારે પ્રીતિ હતી, તેથી તેને નમવા આવેલા લોકો પાસે 'આ મહા ત્યાગી, તપસ્વી અને ધ્યાની છે' એમ કહેવાવડે મેં તેની સ્તુતિ કરી. તે સાંભળી 'અહો! શ્રાવકોએ પણ આ સ્તુતિ કરવા લાયક છે' એમ માની રાજા વિગેરે સર્વ લોક તેને માનવા પૂજવા લાગ્યા.

આ પ્રમાણે સમકિતના ચોથા અતિચારવડે મિથ્યાત્વની પ્રવૃત્તિ કરવાથી મેં સમકિતની વિરાધના કરી, તેથી હું મરીને અહીં મિથ્યાદૃષ્ટિ ક્ષેત્રપાળ થયો છું. કેમકે સમકિતનું શુદ્ધ રીતે આરાધન કરવાથી તો અવશ્ય વૈમાનિક દેવ જ થવાય છે. કહ્યું કે—

"सम्मद्दिट्ठी जीवो, विमाणवज्जं न बधए आउं ।
जइ न वि सम्मत्तजढो, अहव न बद्धाउओ पुव्विं ॥"

"સમ્યગ્દૃષ્ટિ જીવ જો પોતે સમકિતનો ત્યાગ ન કર્યો હોય અથવા સમકિત પામ્યા પહેલાં પરભવનું આયુષ્ય બાંધ્યું ન હોય તો તે વૈમાનિક દેવ વિના બીજું આયુષ્ય બાંધતો જ નથી." તથા—

"विराधिते च सम्यक्त्वे, नीचदेवत्वमश्नुते ।
दुर्लभा चास्य बोधिः स्यादनन्तश्च भवभ्रमः ॥"

"જો સમ્યક્ત્વની વિરાધના કરી હોય તો તે નીચ જાતિનું દેવપણું પામે છે, અને તેને પરભવમાં બોધિબીજની પ્રાપ્તિ દુર્લભ થાય છે, તથા તેને અનંત ભવભ્રમણ કરવું પડે છે."

મેં તો ધર્મની આરાધના કરતા માત્ર અતિચારજ લગાડ્યો હતો, તેથી હું દુર્ગતિ ( નરક )માં ગયો નહીં, અને હમણાં બોધિ પણ પામ્યો, તમારો કહેલો ધર્મ સાંભળી મારો પૂર્વનો સંસ્કાર જાગૃત થયો, તેથી જ્ઞાનવડે પૂર્વનું વૃત્તાંત સર્વ મેં જાણ્યું અને તે તમને હમણાં કહી બતાવ્યું.

હે બંધુ! તમે જ મારા ઉપકારી મિત્ર છો, બંધુ છો અને ગુરૂ છો. હવે મને તમે સમકિત ઉચ્ચરાવો તથા ઉચિત એવા નિયમો આપો."

આ પ્રમાણે તે દેવના વચનો સાંભળી શ્રીજયાનંદકુમારે તેની પ્રશંસા કરી કે—"હે દેવ! તું પ્રતિબોધ પામ્યો, નિર્મળ મનવાળો થયો અને સાર્થક નામવાળો થયો, તેથી તને ધન્યવાદ ઘટે છે.

એમ કહી કુમારે તેને સમ્યક્ત્વ ઉચ્ચરાવ્યું અને હિંસાદિક ન કરવાના નિયમો આપ્યા. તે અંગીકાર કરી દેવે કહ્યું કે—"હે કુમાર! તમે મને ધર્મ આપનારા હોવાથી હું તમારો અનૃણી થઈ શકું તેમ નથી, તોપણ તમે મારી પાસે કાંઈક વરદાન માગો કે તે આપીને હું ગુરૂનો પૂજક તો થાઉં."

કુમારે કહ્યું—"હે દેવ! મારે કાંઈપણ માગવાનું નથી; પરંતુ આ સાધકને તેની વાંછિત ઔષધિઓ લેવા દ્યો; કારણ કે તેટલા માટે જ એનો અને મારો આ પરિશ્રમ છે."

દેવે કહ્યું—"તમારા કહેવાથી કદાચ હું તેને ઔષધિઓ લેવા દઈશ, પરંતુ તે તેની પાસે રહેશે નહિ. કારણકે દેવે આપ્યા છતાં પણ ભાગ્ય વિના ભોગવી શકાતું નથી. હું તો તેને રજા આપું છું કે—ઔષધિઓના કલ્પનો જાણકાર તે પોતે જ ઔષધિઓને ઓળખીને પોતાની મેળે જે જોઈએ તે ગ્રહણ કરે; પરંતુ પ્રથમ તો હું તમને આપું તે ઔષધિઓને ગ્રહણ કરીને તમે મારા ઉપર કૃપા કરો કે જેથી મારા પર્વત ઉપર રહેલી આ સારભૂત ઔષધિવડે મેં ગુરૂની પૂજા કરી કહેવાય."

એમ કહી તેણે કુમારને પાંચ શ્રેષ્ઠ ઔષધિઓ આપી. તે કુમારે પણ ગ્રહણ કરી; કારણ કે સત્પુરૂષો પ્રાર્થનાનો ભંગ કરતાં ભય પામે છે. પછી દેવે કહ્યું કે—

"હે કુમાર! આ ઔષધિના અદ્ભુત મહિમાદિકને સાંભળો–આ બે આંગળ જાડી અને ચાર આંગળ લાંબી પીળા વર્ણની ઔષધિ છે, તેને પૂજવાથી તે હમેશાં પાંચસો રત્ન આપે છે. તેને સાધવાનો મંત્ર આ પ્રમાણે છે—

"ॐ महाभैरवि क्षां क्षें क्षौं क्षः श्रियं वितर वितर स्वाहा।"

તેટલા જ પ્રમાણવાળી આ બીજી રાતી ઔષધિ છે, તેને સાધીને તેની પાસે માગવાથી તે 'શું આપું?' એમ બોલે છે; અને જે માગો તેનાથી 'બમણું લે. ત્રણ ગુણું લે.' એમ બોલે છે. પણ તે કાંઈ આપતી નથી. તેને સાધવાનો મંત્ર આ છે—

"ॐ महावादिनि क्रां क्रैं क्रौं महाश्रियं वद वद स्वाहा।"

આ ઔષધિથી કેવળ કૌતુકાદિક જ થઈ શકે છે. આના મંત્રની સાધના તથા વિધિ વગેરે સર્વ પહેલી ઔષધિની જેમ જાણવું. તેનાથી અર્ધ પ્રમાણવાળી આ ત્રીજી ધોળી ઔષધિ સર્વ રોગને હરણ કરનારી છે, અને સર્વ પ્રકારના ઝેરનો નાશ કરે છે; તેનું પાણી છાંટવાથી ઘાત અને ચાંદા વિગેરે તત્કાળ રૂઝાઈ જાય છે. તેમ જ ગયેલાં નેત્રો પણ પાછાં આવે છે. તેની સાધના કાંઈપણ નથી. તેનાથી પણ અર્ધ પ્રમાણવાળી

આ ચોથી નીલવર્ણની ઔષધિ છે. તેને તેના મંત્રવડે મંત્રીને જે કોઈ ચેતન કે અચેતન પદાર્થના મસ્તક ઉપર રાખવામાં આવે તો તે તેને પૂછેલી ભૂત, ભવિષ્ય અને વર્તમાન-કાળ સંબંધી સર્વ હકીકત કહી આપે છે.

તેના મંત્રની સાધના પ્રથમની જેમ છે. તે મંત્ર આ પ્રમાણે—" **ओँ महाघण्टे चण्डे चण्डशासने प्रश्नार्थं वद वद हूँ हूँ स्वाहा।**" આ પાંચમી શ્યામવર્ણવાળી ઔષધિ છે. તે પોતાના જળવડે દુષ્ટ કામણ, દુષ્ટ મંત્ર, ચૂર્ણ અને ઔષધિ વિગેરેથી ઉત્પન્ન થયેલા દોષોનો નાશ કરે છે."

આ પ્રમાણે તેનો વિધિ, પ્રભાવ વિગેરેને હૃદયમાં ધારણ કરી કુમાર હર્ષ પામી તે ક્ષેત્રપાળ સહિત સાધકની પાસે ગયો ત્યાં દેવે સાધકને કહ્યું કે—

"હે ભદ્ર! આ કુમારના પ્રભાવથી હું તારાપર તુષ્ટમાન થયો છું; તેથી હવે ધ્યાન છોડીને મારી આજ્ઞાથી તું તારી ઇચ્છા પ્રમાણે ઔષધિઓ ગ્રહણ કર."

તે સાંભળી સાધકે પણ હર્ષ પામી તેની પૂજા કરી. ત્યારપછી 'કાર્ય વખતે મારૂં સ્મરણ કરજે' એમ કુમારને કહી, તેને નમસ્કાર કરી તથા તેની રજા લઈ તે દેવ અંતર્ધાન થયો.

પછી તે સાધક પરિવ્રાજકે પણ તે પર્વત ઉપર ચારે બાજુ ભ્રમણ કરી કરીને પોતાના ભાગ્યને અનુસારે વિધિપ્રમાણે કેટલીક થોડા પ્રભાવવાળી ઔષધિઓ ગ્રહણ કરી. પછી કુમાર પાસે આવી તેણે કહ્યું કે—

"હે કુમાર! તમારા પ્રભાવથી મારૂં વાંછિત સિદ્ધ થયું છે. હવે હું તમારી આજ્ઞાથી મારે સ્થાને જાઉં છું." ત્યારે કુમારે પણ હર્ષ સહિત તેને જવાની રજા આપી. અન્યનો ઉપકાર થવાથી તેને આનંદ થયો.

ત્યારપછી શ્રીજયાનંદકુમાર પલંગ પર આરૂઢ થઈ આકાશમાર્ગે જતાં **રત્નપુરના** ઉદ્યાનના ઉપર આવ્યો. ત્યાં તેણે એક મનોહર ચૈત્ય જોયું, તેનું ઉલ્લંઘન કરવાથી આશાતના થશે એવા ભયથી નીચે ઉતરી તેમાં પ્રવેશ કર્યો, અને વિધિપૂર્વક શ્રીજિનેશ્વર દેવને વંદના કરી. તે સ્થાન સાધનાને યોગ્ય જાણી પલંગને વીંખી નાખી તેને યત્નથી કોઈ સ્થાને છુપાવી સ્નાનાદિકવડે પવિત્ર થઈ સર્વ વિધિવિધાનને જાણનાર તે કુમારે શ્રીયુગાદિતીર્થંકરની પાસે તેનાજ ધ્યાનમાં મગ્ન થઈ ત્રણ ઉપવાસે ત્રણે મંત્રો સાધી લીધા.

ત્યારપછી હર્ષથી શ્રીજિનેશ્વરદેવની પૂજા કરી તેણે ફળોવડે પારણું કર્યું, અને

વિધિ પ્રમાણે પહેલી ઔષધિથી પાંચસો રત્ન પ્રાપ્ત કર્યાં. પછી ત્યાં તેણે મોટી પૂજાપૂર્વક અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો.

ત્યારપછી કુમારે તે રત્નપુર નગરમાં પ્રવેશ કર્યો; અને ફરતાં ફરતાં મકાન ભાડે લઈને એક નિર્ધન શ્રાવકના ઘર પાસે રહ્યો. પછી ગોશીર્ષચંદનની અતિ નાની જિનપ્રતિમા કરાવી તથા સદ્‌ગુરૂ પાસે તેની પ્રતિષ્ઠા કરાવી હમેશાં તેની પૂજા કરવા લાગ્યો; અને જિનપૂજા કર્યા પછી તે પહેલી ઔષધિની પૂજા કરી તેની પાસેથી ત્રણ પુરૂષાર્થને સાધનારાં પાંચસો ઉત્તમ રત્નો મેળવવા લાગ્યો; પછી ઔષધિ સહિત તે જિનપ્રતિમાને એક સોનાના દાબડામાં મૂકી તેની પૂજા કરી અંદરના ઓરડામાં બરોબર રક્ષણ થાય એવા સ્થાને તે દાબડો મૂકયો.

તે શ્રાવકના કુટુંબને તેણે ઇચ્છિત દાન આપી વશ કર્યું હતું, તેથી તે આખું કુટુંબ તેની નિરંતર ભક્તિ કરતું હતું. 'દાનથી આખું જગત પણ વશ થઈ શકે છે.' પછી નોકરનો મોટો સમૂહ રાખી અર્થીઓને ઇચ્છિત દાન દેતો તે કુમાર સ્વેચ્છાએ ગીત–નાટ્યવડે રાજમાર્ગાદિકમાં ક્રીડા કરવા લાગ્યો. તેનું ખરૂં નામ નહિ જાણનારા લોકોએ તેમના ઘરમાં અર્થીઓની વાંછા પૂરે તેટલી લક્ષ્મીનો વિલાસ જોઈ તેનું **શ્રીવિલાસ** એવું સાર્થક નામ પાડયું.

તે રત્નપુર નગરમાં મનુષ્યને વિષે રત્ન સમાન **રત્નરથ** નામનો રાજા રાજ્ય કરતો હતો. તે પોતાની પ્રજાને સુખ આપનાર અને શત્રુઓને દુઃખ આપનાર હતો. તેના ઐશ્વર્યને, શરીરના સૌંદર્યને, ગાંભીર્યને અને ઉત્તમ શૌર્યને શીખવા માટે ઇંદ્ર હજુ સુધી બૃહસ્પતિને સેવે છે એમ હું માનું છું.

તે રાજા જયારે શત્રુપર ચડાઈ કરતો હતો ત્યારે તે શત્રુરાજાને[1] અનુસરતી સર્વ પૃથ્વી કંપાયમાન થતી હતી. 'સ્ત્રીઓને સ્વ–પરનો વિવેક હોતો નથી.' પ્રતાપવડે સૂર્ય જેવા તે રાજાના સૈન્યે ઉડાડેલી ધૂળવડે 'गंगायांघोषः'[2] એ વાક્યમાં જે લક્ષણા કરવી

૧. અનુવ્રતવાળી પૃથ્વીરૂપી સ્ત્રી કામના આવેશથી કંપતી હતી એ તાત્પર્ય છે.

૨. કોઈપણ વાક્યમાં શબ્દ પ્રમાણે અર્થ મળતો ન આવતો હોય એટલે કે શબ્દનો જે અર્થ થતો હોય તે અસંભવિત લાગતો હોય તો ત્યાં લક્ષણા કરવી પડે છે. જેમકે કોઈ માણસે કોઈને પૂછ્યું કે—'**घोष** એટલે ગાયનો વાડો—નેહડો કયાં છે?' તેને તેણે જવાબ આપ્યો કે—'**गंगायां घोषः**' એટલે 'ઘોષ ગંગાનદીમાં છે.' અહીં જળના પ્રવાહરૂપ ગંગાનદીમાં ઘોષ હોવાનો સંભવ નથી, તેથી 'ગંગાનદીને કાંઠે ઘોષ છે' એમ લક્ષણા કરવાથી અર્થ સંભવે છે. તે બાબત આ શ્લોકમાં ગ્રંથકાર કહે છે કે—સૈન્યની ઉડેલી ધૂળવડે જળમાં પણ સ્થળ થયું, તેથી ત્યાં (સ્થળમાં) ઘોષનો સંભવ છે, માટે લક્ષણા કરવાની જરૂર નથી.—વ્યર્થ છે.

પડે છે, તે અહીં વ્યર્થ જણાતી હતી. તે રાજાના બળવાન શત્રુ રાજાઓ જેટલામાં પોતાનું નામ (શત્રુપણે) પ્રગટ કરતા હતા, તેટલામાં યુદ્ધને વિષે તત્કાળ તેઓ '**गौर्वाहिकः**'[1] ભારવાહક બળદ છે. આ વાક્યમાં જે લક્ષણા કરવામાં આવે છે, તેના ઉદાહરણરૂપ થતા હતા. તે રાજા સૈન્ય સહિત વિજયયાત્રાને માટે ચાલતો હતો ત્યારે બન્ને પ્રકારના '[2]અચલા' પોતાનું રૂઢ નામજ ધારણ કરતા હતા.

તે નગરમાં પોતાના રૂપવડે અપ્સરાઓને જીતનારી **રતિમાળા** નામની એક વેશ્યા રહેતી હતી. સૌભાગ્યની નદીરૂપ તેણીને યુવાન પુરૂષોના મનરૂપી હંસો કદાપિ છોડતા નહોતા. તેણીએ પોતાની અતિ વિશુદ્ધ ચોસઠ કળાઓવડે ચંદ્રને જીતીને, નખના મિષથી અનેક શરીરો ધારણ કરાવી, પોતાના પગમાં પાડ્યો હતો;

તેણીના ઉત્તમ રૂપ અને કળાથી મોહિત થયેલા રાજાએ સર્વ પ્રકારે શ્રેષ્ઠ રતિ (ક્રીડા)ને આપનારી તેણીને સતીની જેમ પોતાના અંતઃપુરમાં રાખી હતી. તે વિવિધ પ્રકારની કામની સામર્થ્યવડે, વિનયાદિક ગુણોવડે તથા કળા, દાક્ષિણ્યતા અને ઉચિતતા વડે રાજાના મનને અત્યંત રંજન કરતી હતી. કેટલોક કાળ ગયા પછી જેમ સ્વાતિ નક્ષત્રનો મેઘ છીપને વિષે મોતીને ઉત્પન્ન કરે તેમ રાજાથી તે વેશ્યાએ ઉત્તમ લક્ષણવાળી અને દેદીપ્યમાન કાંતિવાળી એક પુત્રીને જન્મ આપ્યો. પહેલાં પુત્રી નહીં હોવાથી આ પુત્રીના લાભથી હૃદયમાં હર્ષ પામેલા રાજાએ તેનો જન્મોત્સવ ઘણા આદરથી કરાવ્યો. કહ્યું છે કે—

"वृष्टावातपमस्तं (म्लं) मधुराहारे महार्थतां स्वर्थे ।
शान्तरसे हास्यकथामिच्छन्ति पुत्रिणः पुत्रीम् ॥"

"મનુષ્યો વરસાદના દિવસોમાં તડકાને ઇચ્છે છે, મિષ્ટ ભોજનમાં ખાટા પદાર્થને

---

૧. ભારવાહક મનુષ્ય હોય છે, તે બળદ હોઈ શકે નહીં. તેથી લક્ષણાવડે તેને બળદ જેવો માનવો પડે છે. તેમ અહીં શત્રુરાજાઓ સાથે યુદ્ધ થતાં તેઓ બળદ જેવા થતા હતા એ તાત્પર્ય છે.

૨. કેટલાંક નામ કેવળ રૂઢ હોય છે, જેમકે ડિત્થ-ભોથું અને કપિત્થ-કોઠું વિગેરે. કેટલાંક કેવળ યૌગિક હોય છે, જેમકે પાચક-રાંધનાર વિગેરે એટલે કે રાંધવાની ક્રિયા કરનાર સર્વે પાચક કહેવાય છે. કેટલાંક નામ યોગ અને રૂઢ બન્નો હોય છે, જેમકે પંકજ—કમળ. અહીં કાદવમાં ઉત્પન્ન થનાર કમળ, દેડકાં વિગેરે અનેક હોય છે, તોપણ કમળનો જ અર્થ લેવાય છે. તેથી તે યોગરૂઢ કહેવાય છે. અહીં '**अचला**' એટલે ચલાયમાન ન થાય તે, અર્થાત્ પૃથ્વી અને પર્વત, આ બન્ને યોગરૂઢ નામ હતાં, તે બદલ ચલાયમાન થવાથી યોગના અર્થનો ત્યાગ કરી એકલું રૂઢ નામ ધારણ કરે છે.

ઇચ્છે છે, સારા–ઘણા ધનમાં મોટા કાર્યને ઇચ્છે છે, શાંતરસમાં હાસ્યકથાને ઇચ્છે છે અને ઘણા પુત્રો પછી પુત્રીને ઇચ્છે છે.”

પછી તે રાજાએ સારે દિવસે અને શુભ મુહૂર્તે સ્વજનોને ભોજન કરાવી તે પુત્રીનું **રતિસુંદરી** નામ પાડયું. રાજાને અત્યંત વહાલી અને મનુષ્યોના નેત્રના ઉત્સવરૂપ તે કન્યા ધાવમાતાઓવડે લાલનપાલન કરાતી કલ્પલતાની જેમ વૃદ્ધિ પામવા લાગી.

તે કન્યાની વયની સાથે સ્પર્ધાએ કરીને જ જાણે વધતા હોય તેમ રૂપ, સૌંદર્ય, લાવણ્ય, દાક્ષિણ્ય અને વિનય વગેરે ગુણો અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યા. તે કન્યા કળા ગ્રહણ કરવાને યોગ્ય એવી ચતુરાઈવાળી વય પામી ત્યારે રાજાએ તેણીને સર્વોત્તમ કળાચાર્યને સોંપી. બુદ્ધિવડે સરસ્વતીને જીતનારી અને વિનયરૂપી સંપદાના પાત્રરૂપ તે કન્યાને કળાચાર્યે થોડા દિવસમાં જ સર્વ કળાઓ શીખવી દીધી; તેથી અનુક્રમે ચોસઠ કળામાં નિપુણ, ધર્મ, અર્થ અને કામના શાસ્ત્રને જાણનારી, સમગ્ર વિજ્ઞાનને સમજનારી, નીતિની રીતિમાં હુંશિયાર, સમ્યગ્દર્શનવાળી અને તત્ત્વને જાણનારી તે ચંદ્ર સરખા મુખવાળી કન્યા બીજી સરસ્વતી દેવી જ હોય એવી થઈ.

પરંતુ ગર્વાદિકને લેશ પણ તે પામી નહીં. પૂર્વજન્મના સંસ્કારને લીધે તેમજ **જૈનધર્મી** આચાર્ય ભણાવનાર હોવાથી તે કન્યા જૈનધર્મમાં અધિક આસક્ત થઈ તથા પંચ પરમેષ્ઠીને વિષે પૂર્ણ ભક્તિમાન થઈ. ‘આવા રૂપ અને ગુણવાળી કન્યા આ જગતમાં પ્રથમ કોઈ હતી કે નહીં ? અથવા ભવિષ્યમાં કોઈ થશે કે નહીં ?’ તે જાણવા માટે જ સરસ્વતી દેવીએ પોતાના હસ્તમાં પુસ્તક ધારણ કર્યું હોય તેમ જણાય છે.

આવી સર્વથી અધિક રૂપવાળી તે કન્યાને યોગ્ય વર જોવાને માટે રાજાએ દરેક દિશામાં દૂતો મોકલ્યા, પરંતુ તે કન્યાની સમાન રૂપવાળો કોઈ પણ વર તેમને મળ્યો નહિ.

કેટલીક વખત આ કન્યા ઉપર બીજી રાણીઓની ઇર્ષ્યા જોઈને રાજાએ રતિમાળા પ્રિયા અને વહાલી પુત્રી રતિસુંદરીને નગર પાસે આવેલા બહારના મહેલમાં રાખીને બન્નેના નિર્વાહ માટે જોઈતું ધન પણ આપ્યું.

તે નગરના ઉદ્યાનમાં એક ભવ્ય મંદિર હતું તેમાં તે રાજાની **ચંદ્રેશ્વરી** નામની કુળદેવી મહા પ્રભાવવાળી હતી, તેથી તેને સર્વ લોકો પૂજતા હતા. એક દિવસ તે મંદિરમાં કોઈ અપ્રમત્ત મહામુનિ ચાર માસના ઉપવાસ કરી સ્વાધ્યાય ધ્યાનમાં તત્પર થઈને રહ્યા. તેના ગુણો જોઈને રંજીત થયેલી દેવીએ તેના સ્વાધ્યાયના અર્થનો વિચાર કરતાં પૂર્વભવના સંસ્કાર જાગૃત થવાથી પોતાનો પૂર્વભવ જ્ઞાનવડે જાણ્યો. તે આ પ્રમાણે—



**નંદિપુર** નામના નગરમાં **દેવશર્મા** નામે બ્રાહ્મણ હતો. તેને અત્યંત રૂપવાળી **નંદિની** નામની પુત્રી હતી. તેણીને **સુશર્મા** નામનો બ્રાહ્મણ પરણ્યો હતો. પરણ્યા પછી એક વર્ષ વ્યતીત થયે દૈવયોગથી તે સુશર્મા મરણ પામ્યો. 'સંસારની સ્થિતિ આવી જ છે.' પછી દુઃખી થયેલી પુત્રીને પિતાએ બોધ પમાડી પોતાને ઘેર રાખી.

એક દિવસ તેના ઘરની પાસેના ઉપાશ્રયમાં **ધર્મગુપ્ત** નામના ગુરૂમહારાજ આવીને રહ્યા. તેમણે પ્રતિબોધ કરી તે દેવશર્માને શ્રાવક કર્યો. તેની પુત્રી નંદિની પણ સમકિત સહિત અણુવ્રતને અંગીકાર કરી શીલવ્રતવડે શોભતી શ્રાવિકા થઈ. તથા સાધ્વીઓ પાસેથી શીખીને ધર્મક્રિયા કરવામાં નિપુણ થઈ. તે પિતાની આજ્ઞાથી તપ કરવા લાગી અને કેટલુંક જિનાગમ પણ ભણી. તે છ આવશ્યક કરવામાં તત્પર રહેતી, દેવગુરૂની ભક્તિ કરતી અને અલ્પ આરંભ કરતી. એ રીતે તે ઉત્તમ શ્રાવિકા બની. તેણીને અભ્યાસાદિકમાં તત્પર જોઈ તેમાં વિઘ્નની શંકાને લીધે પિતાએ તેને ઘરના સર્વ કાર્યમાંથી છુટી કરીને કેવળ ધર્મમાં જ જોડી દીધી.

કેટલોક કાળે ગયા પછી ગુર્વાદિક સામગ્રીના અભાવે અભ્યાસાદિક અને ધર્મક્રિયા નહિ થવાથી તેના ઘરની પાસે રહેલા એક મઠમાં વસનારી કોઈ પરિવ્રાજિકાની મનોહર વાતો વિગેરે સાંભળી તે નંદિની આનંદ પામવા લાગી અને તેણીની સાથે ગોષ્ઠી વિગેરે કરવા લાગી.

તે જોઈ તેણીના પિતાએ કહ્યું કે, 'હે પુત્રી! પાખંડીનો પરિચય કરવાથી સમકિતમાં અતિચાર લાગે, માટે તેનો વિશેષ પરિચય તારે કરવો નહિ.' એ પ્રમાણે નિષેધ કર્યા છતાં પણ ગાઢ પ્રીતિવડે છેતરાયેલી હોવાથી તે નંદિનીએ તેણીનો સંગ છોડ્યો નહિ. 'સ્ત્રીઓનો સ્વભાવ જ એવો હોય છે.'

હવે તે નંદિનીના પાડોશમાં એક **સાવિત્રી** નામની બ્રાહ્મણી રહેતી હતી. તેને **યજ્ઞદત્ત** નામે પુત્ર હતો અને તેને **અંજના** નામે પ્રિયા હતી; પરંતુ તે સ્ત્રી તેને રૂચતી નહોતી. કોઈ સમયે નંદિનીના પિતા સ્વર્ગે ગયા પછી નંદિનીને હંમેશાં જોવાથી તે યજ્ઞદત્ત તેણીની ઉપર રાગી થયો; પરંતુ તેણીની પ્રાપ્તિ નહિ થવાથી તેનું શરીર અત્યંત સૂકાવા લાગ્યું.

કોઈક દિવસ માતાના પૂછવાથી તેણે લજ્જાનો ત્યાગ કરી પોતાનો અભિપ્રાય જણાવ્યો. ત્યારે માતાએ તેને કહ્યું કે—"તું ખેદ ન કર, હું તારી ઇચ્છા પૂર્ણ કરીશ."

પછી તે સાવિત્રીએ નંદિનીને વિશ્વાસ પમાડી એકાંતમાં કહ્યું કે—"હે પુત્રી! તું

ભાગ્યવંત છે કે જેથી મારો યુવાન પુત્ર તને ચાહે છે; તેથી કામદેવ જેવા રૂપવાળા તેનો આશ્રય કરી તું તારૂં યૌવન કૃતાર્થ કર. આ તારૂં લાવણ્ય ભરેલું રૂપ અને વૈભવ વડે ઉન્મત્ત થયેલું આ તારૂં યૌવન પતિ વિના નિષ્ફળ છે; કેમકે ભોગ તો અત્યંત દુર્લભ છે.

તો હે ભોળી! વૃદ્ધાવસ્થાને યોગ્ય એવા તપવડે આ ભોગને યોગ્ય એવા યૌવન વયને ફોગટ કેમ ગુમાવે છે? તારો પતિ બાલ્યાવસ્થામાં મરી ગયો છે તેથી તને પરપુરૂષ સંબંધી દોષ લાગશે નહિ. કેમકે શાસ્ત્રમાં કહ્યું છે કે—

"पतौ प्रव्रजिते क्लीबे, प्रनष्टे पतिते मृते।
पञ्चस्वापत्सु नारीणां, पतिरन्यो विधीयते ॥"

"પતિ પ્રવર્જિત થયો હોય, નપુંસક હોય, નાસી ગયો હોય, જ્ઞાતિભ્રષ્ટ થયો હોય અથવા મરણ પામ્યો હોય—આ પાંચ આપત્તિમાં સ્ત્રીઓ બીજો પતિ કરી શકે."

આ પ્રમાણે તેણીનું વચન સાંભળી ઉત્તમ શ્રાવિકા નંદિની ક્રોધ પામીને બોલી કે—"હે મૂઢ! તને ધિક્કાર છે, ધિક્કાર છે! કર્ણથી ન સંભળાય તેવું કઠોર વચન તું કેમ બોલે છે? પ્રાણનો નાશ થાય તો પણ સતી સ્ત્રીઓ મુક્તિને આપનારા શીલનો શું લોપ કરે? બંને લોકમાં વિરૂદ્ધ એવા કાર્યને વિષે કયો બુદ્ધિમાન માણસ પ્રવૃત્તિ કરે? કહ્યું છે કે—

"वरं प्रविष्टं ज्वलितं हुताशनं, न चापि भग्नं चिरसंचितं व्रतम्।
वरं हि मृत्युः सुविशुद्धकर्मणां, न चापि शीलस्खलितस्य जीवितम् ॥"

"બળતા અગ્નિમાં પ્રવેશ કરવો સારો, પરંતુ ચિરકાળનું મેળવેલું વ્રત ભાંગવું સારૂં નહીં; અત્યંત વિશુદ્ધ પ્રવૃત્તિવાળાનું મરણ થાય તે સારૂં, પરંતુ શિયળથી ભ્રષ્ટ થયેલાનું જીવિત સારૂં નહિ."

"એવી રીતે કામ સેવવાથી કાંઈ નરકનું નિવારણ થતું નથી. શીલનો વિનાશ કરવાથી જીવોનો અવશ્ય નરકપાત જ થાય છે."

આ પ્રમાણે તેણીના વચનથી તિરસ્કાર પામેલી સાવિત્રી મૌન ધારણ કરી પોતાના ઘેર ગઈ. ત્યારપછી બેત્રણવાર એ જ રીતે તે બન્નેને વાતચિત થઈ. તેમાં પણ સાવિત્રી સમજી ગઈ કે 'મારાથી આ કાર્ય સિદ્ધ થાય તેમ નથી.' એમ ધારી તથા નંદિની પરિવ્રાજિકાને આધીન છે એમ જાણી સાવિત્રી તે પરિવ્રાજિકાની સેવા કરવા લાગી. કેટલેક કાળે પરિવ્રાજિકાએ તુષ્ટમાન થઈ તેણીને કાર્ય પૂછયું, ત્યારે મોહથી ઘેલી થયેલી તેણીએ કહ્યું કે—

"હે માતા! નંદિની મારા પુત્રનો પતિ તરીકે સ્વીકાર કરે તેવું કરો." તે સાંભળી પરિવ્રાજિકાએ તેની માગણી અંગીકાર કરીને તેને વિદાય કરી. પછી તે પરિવ્રાજિકાએ એક કૂતરી પોતાને વશ કરી તેને પ્રણામાદિક ઇષ્ટ ચેષ્ટાઓ સ્પષ્ટ રીતે શીખવી.

એક દિવસ નંદિનીને પોતાની પાસે આવવાનો સમય થયો તે વખતે પરિવ્રાજિકાએ તે કૂતરીની આંખમાં ઔષધ નાખીને આંખમાંથી આંસુ પાડતી કરી પોતાના પગમાં નમસ્કાર કરાવતી હતી તે જોઈને બહારથી આવેલી નંદિનીએ પરિવ્રાજિકાને પૂછયું કે આ કૂતરી કેમ રૂએ છે?" ત્યારે તપસ્વિની બોલી કે–"હે વત્સે! મારી અને આની કથા તું સાંભળ.—

**પૃથ્વીપુર** નામના નગરમાં **દત્ત** નામના બ્રાહ્મણને બે પુત્રીઓ હતી. તેમાં પહેલી **અગ્નિદત્ત** નામના બ્રાહ્મણને પરણી. તેનાથી તેણીને ત્રણ પુત્રો થયા. પછી અગ્નિદત્ત મરણ પામ્યો, ત્યારે તે વૈરાગ્યથી પરિવ્રાજિકા થઈ. હવે તેણીની જે નાની બેન હતી તે **અગ્નિશર્મા** નામના બ્રાહ્મણને પરણી. તે છ માસમાં જ વિધવા થઈ. 'દૈવને ઓળંગવા કોણ સમર્થ છે?'

એક દિવસ અત્યંત રૂપવાળી તેણીને જોઈ તેનાપર રાગી થયેલા **હરિદત્ત** નામના યુવાન પુરૂષે તેણીની પ્રાર્થના કરી, તોપણ શીલવ્રતનો લોપ થવાના ભયથી તેણીએ તેને ઇચ્છયો નહિ; કેમકે ધૂર્ત પાખંડીના વચનથી મૂઢ થયેલી તે ભોગાંતરાયથી ઉત્પન્ન થતાં પાપને જાણતી જ નહોતી.

એક દિવસ તેણીએ મોટી બેનને જોઈ તેણીની પાસે પરિવ્રજ્યા માગી. ત્યારે તેણીએ કહ્યું કે–"પુત્ર વિનાની સ્ત્રી તપ કરવાને યોગ્ય નથી." એમ કહી વાર્યા છતાં પણ સ્વર્ગ મેળવવાની ઇચ્છાથી તેણીએ પરિવ્રજ્યા ગ્રહણ કરી. ત્યાં પણ સ્થાને સ્થાને તેણીના રૂપથી મોહ પામેલા યુવાન પુરૂષોએ લાંબાકાળ સુધી પ્રાર્થના કર્યા છતાં પણ ભાગ્યથી પ્રાપ્ત થયેલા ભોગોને તેણીએ કદાગ્રહને લીધે ઇચ્છયા નહિ.

આ પ્રમાણે કેટલોક કાળ તપ કરી પોતાના આયુષ્યને ક્ષયે મરીને તે કૂતરી થઈ છે. હું તેની મોટી બહેન છું. અહીં મને જોઈને તેણીને પૂર્વભવનું સ્મરણ થયું છે; તેથી મનુષ્ય ભવને હારી ભોગાંતરાયથી ઉત્પન્ન થયેલા કર્મનો શોક કરતી આ નિરંતર મારા પગમાં પડીને દુઃખથી રૂવે છે. તેથી હે સુંદરી! કદાચ તને પણ કોઈ યુવાન પ્રાર્થના કરે તો શાસ્ત્રમાં નિષેધ કરેલા ભોગાંતરાયને તું કરીશ નહિ."



આ પ્રમાણે તે કપટી પરિવ્રાજિકાનાં કલ્પિત વચનો સાંભળી તે નંદિની તત્કાળ ધર્મથી ચલાયમાન થઈ. 'સ્ત્રીઓનું સત્ત્વ કેટલું હોય ?' તેણીએ વિચાર કર્યો કે—

દુઃખે કરીને પાળી શકાય એવું શીલવ્રત પાળતાં છતાં પણ જો તે કૂતરી થઈ, તો મારી શી ગતિ થશે ? કેમકે જે જ્ઞાનથી જાણ્યું હોય તે મિથ્યા ન હોય. વળી તપ અને શીલ વિગેરે પાળતાં આ ભવમાં પણ ઘણું દુઃખ છે, અને પરલોકમાં પણ જો આવી જ ગતિ થતી હોય તો શામાટે ભોગ ન ભોગવવા ?"

આમ વિચારી શંકારૂપી શલ્યવાળી તે નંદિની પોતાને ઘેર ગઈ. તેણીની આકૃતિ વિગેરેવડે તેણીનું ચિત્ત જાણીને પરિવ્રાજિકાએ તે વૃત્તાંત સાવિત્રીને કહ્યો. તે સાંભળી સાવિત્રી હર્ષ પામી. પછી એક દિવસ તેણીએ પ્રથમની જેમ નંદિનીને કહ્યું ત્યારે ધર્મનો ત્યાગ કરીને તે પણ બોલી કે—

"મને મારા ભાઈ વિગેરેની બીક લાગે છે." ત્યારે સાવિત્રી બોલી કે—"આપણે તીર્થયાત્રાના બાનાથી એવી રીતે બહારગામ જઈશું, કે જેથી તારા માટે કોઈ પણ શંકા નહિ પામે; માટે હવે દેશાંતરમાં જઈને અત્યંત દુર્લભ એવા ભોગ ભોગવ; પરંતુ તારા પિતાએ તને જે ધન આપ્યું છે, તેને તું પ્રથમ હાથ કરી લે."

આ પ્રમાણે સાવિત્રીનું સર્વ વચન તેણીએ અંગીકાર કર્યું. પછી સાવિત્રીએ દ્રવ્ય ઉપાર્જન કરવાના બાનાથી પુત્રને દેશાંતરમાં મોકલ્યો, અને વહુને તેના પિયર મોકલી. નંદિનીને લઈ જવા માટે તે પોતાને ઘેર રહી અને નંદિની પણ દ્રવ્ય લેવા માટે રોકાણી. તેવામાં ત્યાં **સુવ્રતા** નામના સાધ્વી વિહારના ક્રમે આવીને ઉપાશ્રયમાં ઉતર્યાં. તેની પાસે નંદિની ભણેલી હતી, ઉપદેશ પામેલી હતી, અને જૈનધર્મની ક્રિયા પણ તેમની પાસે અંગીકાર કરી હતી. તેથી પૂર્વની પ્રીતિને લઈને સદ્‌ભાગ્યને યોગે તેણીએ તત્કાળ તેની પાસે જઈ વંદના કરી; એટલે સાધ્વીએ ધર્મલાભની આશિષ આપી. તેણીને ધર્મનો નિર્વાહ પૂછ્યો. ત્યારે નંદિનીએ પણ વાર્તાના પ્રસંગમાં સરળ હૃદયવાળી થઈ પોતાનો અભિપ્રાય જણાવ્યો. તે સાંભળી સાધ્વીએ પોતાના બન્ને કાન ઢાંકી દઈને કહ્યું કે—

"અરે ! ભોળી ! તું તો જૈનશ્રુતને ભણેલી તથા અરિહંતની ભક્તિવાળી છે, તો પણ પાપી અને કલ્પિત વચનોવડે કેમ મોહ પામે છે ? રાગી, દ્વેષી અને મોહી પુરૂષોએ કયાં કયાં પાપ નથી કર્યાં ? સર્વ પ્રકારનાં કર્યાં છે. તેમને પૂર્વભવનું જ્ઞાન હોતું નથી, પણ કપટને વિષે ચતુરાઈ હોય છે.



જો પુત્રથી જ સ્વર્ગ મળતું હોય તો સર્પણ, ભુંડણ, કુતરી, કુકડી, ગધેડી, બકરી વિગેરે પ્રથમ જ સ્વર્ગમાં જશે. તેથી હે શ્રાવિકા! સર્વજ્ઞના વચનપર શ્રદ્ધા રાખ અને શીલવ્રતને વિષે મનને દઢ કર. વીતરાગને અસત્ય વચન બોલવાનું કાંઈ પણ કારણ ન હોવાથી તે અસત્ય વચન બોલતા જ નથી. કહ્યું છે કે—

"रागाद्वा द्वेषाद्वा मोहाद्वा वाक्यमुच्यते ह्यनृतम् ।
यस्य तु नैते दोषास्तस्यानृतकारणं किं स्यात् ॥"

"રાગથી, દ્વેષથી કે મોહથી અસત્ય વચન બોલાય છે, પરંતુ જે શ્રીતીર્થંકર ભગવંતને તેમાંનો એકેય દોષ નથી, તે શ્રી તીર્થંકર ભગવંતને અસત્ય બોલવાનું શું કારણ છે? બીલકુલ નથી."

હે વત્સે! જિનેશ્વર દેવે એવું કહ્યું છે કે—કુશીલપણાથી પુરૂષો અને સ્ત્રીઓને આભવમાં આપત્તિઓ પ્રાપ્ત થાય છે અને પરભવમાં નરકને વિષે [1]અગ્નિરૂપ કરેલા પુરૂષ અને સ્ત્રીના આલિંગનાદિકવડે અત્યંત દુઃખ પ્રાપ્ત થાય છે; તેમ જ શીલનો ભંગ કરનારી સ્ત્રી મરીને બીજા ભવમાં તિર્યંચને વિષે ગધેડી, ઉંટડી, ઘોડી, મૃગી ભુંડણી અને બકરી વિગેરે થઈ ભારવહનાદિક ઉગ્ર દુઃખને પામે છે.

ત્યાર પછી કોઈપણ પ્રકારે મનુષ્ય ભવ પામે તો પણ તેમાં વંધ્યા, [2]નિંદુ, વિષકન્યા, બાળવિધવા, કુરંડા, દુર્ગંધા, દુર્ભગા—દુર્ભાગ્યવાળી, કદ્રૂપી, કટુ ભાષાવાળી, યોનિને વિષે રોગવાળી, કુષ્ઠાદિક રોગવાળી, હીન અંગવાળી, કળા વિનાની, શૂરતા વિનાની, નીચ કુળવાળી, પરાભવ પામનારી, દુઃખે જીવનારી, અલ્પ આયુષ્યવાળી અને પોતાના વહાલા પુત્રાદિકના વિયોગવાળી થાય છે.

આ રીતે કુશીલતાદિક દોષે કરીને સ્ત્રી લાંબાકાળ સુધી ઉગ્ર દુઃખોને અનુભવે છે. પ્રથમ તો સ્ત્રીનો ભવજ નિંદ્ય છે, તેમાં પણ જે વિધવાપણું પ્રાપ્ત થાય તે અત્યંત દુઃખ કરનારૂં છે. તેમાં પણ અનુક્રમે બાલ્યાવસ્થા, પુત્ર રહિતપણું, નિર્ધનપણું અને ધર્મ રહિતપણું એ ચાર આપત્તિમાં પાપકર્મે નાખેલા પોતાના આત્માને, સમુદ્રમાં પડેલા મનુષ્યને વહાણવડે જેમ બહાર કાઢે તેમ તું તારા આત્માને શીળવડે બહાર કાઢ."

આ પ્રમાણેનાં ગુરૂણીનાં વચનો સાંભળી તે નંદિની નરકનાં દુઃખથી અત્યંત ભય પામી અને ધર્મ અને શીલવ્રત પાળવામાં દઢ ચિત્તવાળી થઈ. તેણીએ ગુરૂણીને કહ્યું—

---

૧ અગ્નિથી તપાવેલાં લોઢાનાં પુતળાંને આલિંગન કરાવે છે એ વિગેરે દુઃખો પ્રાપ્ત થાય છે.
૨ મરેલા બાળકને જણનારી.

"હે ભગવતી! તમે મને ઉપદેશરૂપી અમૃત આપી મારા અજ્ઞાનરૂપી વિષનો નાશ કરી મને દુર્ગતિમાં પડતી બચાવી છે, તે તમે ઘણું સારૂં કર્યું છે."

ત્યારપછી તે સાધ્વીઓએ વિહાર કર્યો, ત્યારપછી નંદિની ધર્મમાં તત્પર થઈ. પ્રથમની જેમ મુક્તાવળી, રત્નાવળી વિગેરે તપ કરવા લાગી; પરંતુ પેલી પાખંડિની પરિવ્રાજિકા સાથે દૃઢ પ્રીતિને લીધે જે દૃઢ સંગ થયો હતો, તેનો તેણીએ ત્યાગ કર્યો નહિ અને તે પાખંડિનીએ પણ તેણીનો ભાવ જાણવાથી ફરીથી કુશીળતાની પ્રેરણા કરી નહિ.

આ પ્રમાણે પાખંડીના પરિચયવડે સમકિતની વિરાધના કરી હજાર વર્ષ સુધી શ્રાદ્ધધર્મનું પાલન કર્યા છતાં પણ તે નંદિની મરીને અલ્પસમૃદ્ધિવાળી ચંદ્રેશ્વરી નામની દેવી થઈ. સમ્યક્ત્વાદિકની વિરાધના કરવાથી વૈમાનિક દેવનાં સુખ પામી શકી નહિ.

આ પ્રમાણે દેવીએ પોતાનો પૂર્વભવ જાણી, મુનિને નમસ્કાર કરી, તેને પોતાનો વૃત્તાંત કહીને પ્રતિબોધ પામી, સમકિત ગ્રહણ કર્યું; તે દેવીએ ચાર માસ સુધી તે મુનિની સેવા કરી. ચાતુર્માસ પૂર્ણ થયે મુનિએ અન્યત્ર વિહાર કર્યો. પછી જૈનધર્મને પામેલી તે ચંદ્રેશ્વરી દેવી નિરંતર સંઘની રક્ષા વિગેરે કરવાવડે શ્રી જિનશાસનની પ્રભાવના કરવા લાગી.

એક દિવસ લોકના મુખથી તે ચંદ્રેશ્વરી દેવીને પ્રભાવવાળી સાંભળીને રતિસુંદરી રાજપુત્રી પોતાને યોગ્ય વર પામવાની ઇચ્છાથી અને પિતાની ચિંતા દૂર કરવાના હેતુથી તે દેવીની પૂજા કરવા લાગી. કેટલેક કાળે તે દેવી તુષ્ટમાન થઈ, તેથી તેણીએ એક દિવસ સ્વપ્નમાં રાજકુમારીને પ્રગટપણે કહ્યું કે—

"જ્યારે તું રાજાની પાસે નૃત્ય કરીશ ત્યારે તે મંડપના એક સ્તંભ ઉપરથી બે પુતળીઓ નીચે ઉતરી વીણાને વગાડનારને બે ચામરોવડે વીંઝે તે અર્ધચક્રી જેવો પુરૂષ તારો ભર્તાર થશે, અને તેજ તારો પૂર્વભવનો પણ સ્વામી છે."

આ પ્રમાણે સાંભળી રતિસુંદરી પ્રભાતમાં જાગૃત થઈ હર્ષ પામી. પછી સ્નાનાદિક કરી તેણીએ જિનેશ્વર દેવની તથા તે દેવીની પૂજા કરી, ત્યારથી તે પૂર્વભવના પતિ વિના બીજા કોઈને જોતી પણ નહોતી. તેણીના મહેલમાં નોકરવર્ગ પણ પ્રવેશ કરી શકતો નહિ, ત્યાં જતા આવતા પુરૂષોને દાસીઓ જ દૂર કરતી હતી.

આ પ્રમાણે કેટલોક કાળ ગયા પછી એક દિવસ મહારાષ્ટ્ર દેશમાંથી નાટ્યકળામાં અત્યંત નિપુણ એક **વિજયા** નામની નટી પોતાને લાયક ઘણા પરિવાર સહિત તે

નગરમાં આવી. તેણીએ રાજમહેલને દરવાજે ચારિ (ભોજન) અને પાણી મૂકીને પોતાની પ્રતિજ્ઞા જાહેર કરી કે—

"જે કોઈ મને નાટ્યકળામાં જીતે તેની હું દાસી થાઉં અને જો હું જીતું તો તેને હું દાસરૂપ કરૂં." આવી તેણીની પ્રતિજ્ઞા રાજાએ પડહ વગડાવી આખા નગરમાં જાહેર કરી. પરંતુ તેણીને જીતવાની ઇચ્છાવાળો કોઈ પણ પ્રગટ થયો નહિ. ત્યારે રાજા પોતાનું નગર કળાથી ન્યૂન છે એમ જાણી ખેદ કરવા લાગ્યો. આ હકીકત જાણી પિતાનો ખેદ દૂર કરવા માટે રતિસુંદરીએ આવીને કહ્યું કે—

"હે પિતા! એ નટીને હું ક્રીડામાત્રમાં જ જીતી લઈશ; પરંતુ પુરૂષની સભા વચ્ચે નૃત્ય કરીશ નહિ." તે સાંભળી રાજાએ કહ્યું કે—"સર્વ પુરૂષો દૂર રહેશે, અને હું થોડા સભાસદો સહિત સભામાં બેસીશ, એટલે તારે મારી આગળ જ નૃત્ય કરવું." આ પ્રમાણે પિતાનું વચન અંગીકાર કરી તથા નૃત્યનો દિવસ નક્કી કરી રતિસુંદરી પોતાના મહેલમાં ગઈ.

પછી નૃત્યનો દિવસ આવ્યો ત્યારે રાજાએ વિજયાને બોલાવી. તે વખતે રતિસુંદરી પણ રાજાની આજ્ઞાથી સુખાસનપર આરૂઢ થઈ નાટ્યની સામગ્રી લઈ અલ્પ પરિવાર સહિત રાજસભા તરફ ચાલી. તે વખતે તેણીને કાંઇક ચિંતા થઈ કે—

'મારા વીણાવાદકો મારા નૃત્યને યોગ્ય નથી' એમ વિચારતી તે આગળ ચાલી. તે વખતે તેણીની દાસીઓ માર્ગમાં ચાલતા પુરૂષોને વારંવાર જલ્દીથી દૂર ખસેડતી હતી, તે વખતે બજારની મધ્યમાં આવેલા શ્રીવિલાસકુમારે આ પ્રમાણે વ્યવસ્થા જોઈ આશ્ચર્ય પામી 'આ શું છે?' એમ પાસે રહેલા કોઈ મનુષ્યને પૂછ્યું, ત્યારે તે મનુષ્યે તેને રતિસુંદરીનો તે દિવસ સુધીનો સર્વ વૃત્તાંત કહ્યો. તે સાંભળી કુમાર પોતે સર્વ કળામાં નિપુણ હોવાથી તે નૃત્ય જોવામાં કૌતુકી થયો, અને તેમાં પુરૂષના પ્રવેશનો અસંભવ હોવાથી એકાંતમાં જઈ તેણે પોતાનું સ્ત્રીરૂપ બનાવ્યું. પછી સ્ત્રીના રૂપને ધારણ કરનાર બુદ્ધિમાન–શ્રીજયાનંદકુમાર હાથમાં વીણા લઇને રતિસુંદરીના પરિવારમાં ભળી જઈ તેની સાથે રાજસભામાં આવી.

નાટ્યની સર્વ સામગ્રી તૈયાર થઈ ત્યારે રાજા કેટલાક સભાસદો સહિત સભામાં આવીને બેઠો અને બીજા સર્વે નાટ્યાદિક જોનાર માણસોને દૂર બેસાડ્યા. પછી રાજાએ પરિવાર અને સામગ્રી સહિત વિજયાને પ્રથમ નાટ્ય કરવાનો હુકમ આપ્યો, એટલે તેણીએ પણ પ્રથમ નાંદી કરી, અને પછી યોગ્ય રીતે આરંભેલા ગીત, વાદ્ય, અને લયને અનુસરી વિવિધ પ્રકારના [1]કરણાદિકવડે મનોહર નૃત્ય પ્રારંભ્યું. આશ્ચર્યના

૧ નૃત્યકળાની રીતિ વિશેષ.



અદ્વિતીય રસમાં મગ્ન થયેલી સર્વ સભાને રંજન કરતી તે વિજયા અનુક્રમે વંશ, ભાલું, ખડ્ગ અને છરીના અગ્ર ભાગપર નૃત્ય કરવા લાગી.

ત્યારપછી ચોખાના ઢગલા ઉપર સોય અને તેના અગ્ર ભાગપર પુષ્પ મૂકી, તેના પર તેણીએ નૃત્ય કર્યું. આ દરેક નૃત્ય સમયે રાજા વિગેરેએ તેણીને મોટું દાન આપ્યું. આ નૃત્ય કરવામાં તેણીએ ભ્રકુટિ, નખ અને આંગળીઓની ભૂલભરેલી ચેષ્ટાઓ કરી તે રતિસુંદરીએ સભ્યોને કહી બતાવી.

ત્યારપછી રાજાની આજ્ઞાથી રતિસુંદરીએ દેવોને પણ મોહ પમાડે તેવા તે તે સર્વ જાતિના નૃત્યપ્રકારો લીલામાત્રમાં જ કરી બતાવ્યા. તેણીના નૃત્યમાં આ કપટી સ્ત્રી (શ્રીજયાનંદકુમાર) વીણા વગાડતી હતી, તેનો ધ્વનિ ચતુર પુરૂષોના કર્ણને અમૃત જેવો લાગતો હતો. દેવોને પણ દુર્લભ એવો તે વીણાનો કોઈ અદ્ભુત ધ્વનિ થતો હતો, કે જેથી હસ્તી, અશ્વ વિગેરે પશુઓ પણ સ્તબ્ધ થઈ ગયા, તો પછી મનુષ્યની તો વાત જ શી કરવી? તે કુમારની વીણાના ધ્વનિવડે રતિસુંદરીનું નાટ્ય એવું અદ્ભુત થયું, કે તેનાથી રંભા—અપ્સરા પણ પરાજય પામે, તો આ વિજયા પરાજય પામે તેમાં શું કહેવું?

આ પ્રમાણે નૃત્ય ચાલતું હતું, તેવામાં ચંદ્રેશ્વરી દેવીના પ્રભાવથી મણિની બે પુતળીઓ સ્તંભ ઉપરથી નીચે ઉતરીને ચામરો વડે તે કુમાર સ્ત્રીને વીંઝવા લાગી. તે જોઈ સર્વ જનો વિસ્મય પામ્યા.

રતિસુંદરીએ વિચાર્યું કે—“અહો! દેવીના વચન પ્રમાણે તો થયું, પરંતુ આ તો સ્ત્રી છે તે પતિ કેવી રીતે થઇ શકશે? અથવા તો આમાં કાંઈક માયા જણાય છે. જે હશે તે એની મેળે જણાશે. હમણાં તો આ સ્ત્રીને સારી રીતે પ્રયત્નપૂર્વક મારે મારી પાસે રાખવી યોગ્ય છે.”

‘ત્યારપછી વિજયાએ નિપુણતાથી કમલના તંતુ ઉપર નૃત્ય કર્યું, તેણીને રતિસુંદરીએ કરોળીઆના તંતુ ઉપર નૃત્ય કરી જીતી લીધી. તે વખતે જગતને આનંદ આપનાર જય જય શબ્દ થયો, અને હર્ષ પામેલા રાજાએ તેણીને મહાપ્રસાદ આપ્યો.

ત્યારપછી રાજાની આજ્ઞાથી રતિમાલા રાણી વિવિધ પ્રકારના ઉત્સવપૂર્વક આનંદમાંજ મગ્ન થયેલી રતિસુંદરીને પોતાના આવાસમાં લઈ ગઈ. તે વખતે રતિસુંદરીની આજ્ઞાથી સાથે રહેલી દાસીઓ તે માયાવી સ્ત્રીની સ્તુતિવડે પ્રશંસા કરતી તેને પોતાની સાથે લઇને ચાલી. તેઓની સાથે કેટલીક ભૂમિ જઈને તે સ્ત્રીરૂપધારી કુમાર સર્પરૂપે તેઓને

ત્રાસ પમાડી કુમારરૂપે પોતાને સ્થાને જતો રહ્યો. દાસીપણું અંગીકાર કરી દંડને ધારણ કરી આગળ ચાલતી વિજયાને રતિમાલાએ પોતાના મહેલ સુધી લઈ જઈને મુક્ત કરી.

ત્યારપછી દાસીઓ પેલી માયાવીસ્ત્રીને ચારે બાજુ જોવા લાગી; પણ તેનો કોઈ ઠેકાણે પત્તો નહિ લાગવાથી તેમણે તે સ્વરૂપ રતિસુંદરીને જણાવ્યું. તે સાંભળી દુઃખથી પીડિત થયેલી તેણીએ પ્રતિજ્ઞા કરી કે—

"તે સ્ત્રીને જોયા વિના હું ભોજન કરીશ નહિ." આવી તેણીની પ્રતિજ્ઞાથી તે સર્વ દાસીઓ આકૂળવ્યાકૂળ થઈ ગઈ. રતિમાળા તથા સર્વ દાસીઓએ અત્યંત આગ્રહ કર્યા છતાં પણ રતિસુંદરીએ ભોજન કર્યું નહિ. ત્યારે દાસીઓએ તે વાત રાજાને જણાવી. તે સાંભળી વ્યાકૂળ થયેલા રાજાએ પણ પોતાના સેવકો પાસે સમગ્ર નગરમાં તે માયાવી-સ્ત્રીની શોધ કરાવી. શોધ કરતાં ત્રણ દિવસ ગયા તોપણ તેનો પત્તો લાગ્યો નહિ. 'કૃત્રિમ રૂપને કોણ ઓળખી શકે?'

આખરે ભોજનનો ત્યાગ કરનારી, પોતાને વિષે એકાંત રાગવાળી અને જીવિતના સંદેહને પામેલી તે રતિસુંદરીને સાંભળી દયાળુ કુમાર પૂર્વભવના સ્નેહથી અને તેણીને જીવાડવાની ઇચ્છાથી પ્રથમની જેવું સ્ત્રીરૂપ ધારણ કરી પોતે રાખેલ ઘરની ઉપર જઈ લોકો દેખી શકે તેવી રીતે ઉભી રહી. ત્યારે—નગરમાં તપાસ કરતી રતિસુંદરીની દાસીઓએ આ માયાવીસ્ત્રીને જોઈ બરાબર ઓળખીને તેનું ઘણુંજ બહુમાન કરી રતિસુંદરીના મહેલને વિષે લઈ ગઈ.

કોઈ એક દાસીએ જલ્દીથી આગળ જઈને હર્ષથી રતિસુંદરીને વધામણી આપી. તે સાંભળી આનંદયુક્ત થયેલી તેણીએ તે દાસીને પોતાના સર્વ અલંકારો આપી દીધા. પછી હૃદયમાં હર્ષ અને સ્નેહથી વ્યાપ્ત થયેલી રતિસુંદરી ઉત્કંઠા સહિત માયાવીસ્ત્રીની સામે ગઈ. દ્વારમાં આવેલી તે માયાવીસ્ત્રીને જોઈ રતિસુંદરી હર્ષથી તેના પગમાં પડી બોલી કે—

"હે સખી! તું ભલે આવી. મને જીવિત આપનાર હે બ્હેન! આવ, આવ, આજે મારા ભાગ્ય જાગૃત થયા કે જેથી તેં મારા ઉપર ઘણોજ ઉપકાર કર્યો છે." એમ કહી તેને ઘરમાં લઈ જઈ હર્ષથી પલંગ ઉપર બેસાડી ધર્મશાસ્ત્ર તથા કળાના વિનોદવડે તેને પ્રસન્ન કરવા લાગી. પછી પોતાને હાથે તેને સ્નાન કરાવી ભક્તિ અને નિપુણપણાથી અમૃત જેવા ઉત્તમ આહારનું ભોજન કરાવી પોતે ભોજન કર્યું.

પછી તેણીએ ભક્તિથી પ્રાર્થના કરીને તે માયાવીસ્ત્રીને પોતાને ઘેર રાખી. માયાવીસ્ત્રી પણ પૂર્વ ભવના મોહથી ત્યાં જ રહી. પછી તે કૃત્રિમ અને અકૃત્રિમ બન્ને સ્ત્રીઓ પ્રીતિની વૃદ્ધિથી ધર્મ, અર્થ અને કામના શાસ્ત્રાદિકને અનુસરતા વિનોદવડે પરસ્પર પ્રેમ ઉપજાવવા લાગી અને તેના અદ્વિતીય સુખવડે કેટલાક દિવસો તેમણે વ્યતીત કર્યા.

એક દિવસ જ્યોતિષશાસ્ત્રમાં નિપુણ એવી રતિસુંદરીએ વિચાર કર્યો કે—"અહો! આના સર્વ અંગોના લક્ષણ એવાં છે કે જેથી તેને ચક્રવર્તીની લક્ષ્મી પ્રાપ્ત થવી જોઈએ; પરંતુ તે લક્ષ્મી સ્ત્રીપણામાં તો પ્રાપ્ત થવી અસંભવિત છે. વળી એની ગતિ, ચેષ્ટા અને સ્વર વિગેરે સર્વ ચિન્હો પુરૂષની જેવાં જણાય છે; તેથી કોઈ પણ કારણને લીધે તેઓએ કૃત્રિમ સ્ત્રીપણું ધારણ કર્યું છે એમ હું ધારૂં છું."

આ પ્રમાણે નિશ્ચય કરી સ્નેહથી વિકસ્વર થયેલી તે હસ્તે મુખે બોલી કે—"હે સ્વામી! તમે મારા પૂર્વ ભવના પતિ છો એમ મેં દેવીની વાણીથી જાણ્યું છે. જેમ તમે સ્વાભાવિક કળા, સ્નેહ વિગેરે પ્રગટ કર્યાં છે તેમ તમે તમારૂં સ્વાભાવિક રૂપ પણ પ્રગટ કરીને બતાવો, આટલી મારા પર કૃપા કરો."

આ પ્રમાણેની તેણીની પ્રાર્થનાથી તથા રૂઢ થયેલા સ્નેહના વશથી ગુણલક્ષ્મીને અનુસરતું પોતાનું સ્વાભાવિક રૂપ તેણે પ્રગટ કર્યું. ઇંદ્ર, કામદેવ અને અશ્વિનીકુમારના રૂપને પણ જીતનારૂં તેમનું રૂપ જોઈ રતિસુંદરી અદ્વૈત આનંદમય તથા રોમાંચિત શરીરમય થઈને બોલી કે—

"આજે મારા પુણ્યનો વૈભવ ફળીભૂત થયો અને નિરંતર પૂજેલા દેવતાઓ આજે મારાપર તુષ્ટમાન થયા કે જેથી લોકોના લોચનરૂપી ચકોર પક્ષીને આનંદ આપવામાં ચંદ્ર સમાન તમે મારા નેત્રોને અમૃતનું પાન કરાવનારા પ્રગટ થયા."

તે સાંભળી શ્રીજયાનંદકુમાર બોલ્યો કે—"હે મૃગાક્ષી! કાદવવાળા જળમાં અત્યંત ભમી ભમીને થાકી ગયેલ મારો મનરૂપી કલહંસ સૌભાગ્યરૂપી અમૃતની વાવ સમાન તારે વિષે આજે વિશ્રાંતિ પામ્યો છે."

આ વૃત્તાંત દાસીના મુખથી જાણીને રતિમાલા પણ એકદમ તેની પાસે આવી. તે પણ કુમારને જોઈને હર્ષ પામી. તેણે તે બન્નેના લુંછણા લઈ વિવિધ ઉત્સવો કર્યા. પછી દાસીઓએ હર્ષથી રાજાને વધામણી આપી કે—

"દેવીએ કહેલો તમારી પુત્રીનો પતિ આજે પ્રગટ થયો છે." તે સાંભળી રાજાએ તેમને ઇચ્છિત દાન આપ્યું. પછી તેમના મુખથી સર્વ વૃત્તાંત જાણી હર્ષ પામેલા



રાજાએ ઉત્સુકતાથી પોતાના સેવકો મોકલી તે કુમારને આદર સહિત પોતાની પાસે બોલાવ્યો. રાજાએ બોલાવેલો કુમાર ત્યાં જઈ તેને નમસ્કાર કરવા ઉત્સુક થયો, તેટલામાં તો જગતને વિષે ઉત્તમ આકારવાળા તે કુમારને રાજાએ ઉભા થઇને પ્રીતિથી આલિંગન કર્યું. પ્રેમ, હર્ષ અને ઉત્સાહ એ સર્વ એકીસાથે હૃદયમાં નહિ સમાવાથી રાજાએ વચનના બાનાથી કેટલોક બહાર કાઢયો. પછી રાજા બોલ્યો કે—

"હે કુમાર! આજે અમારા નેત્રની સૃષ્ટિ ફળવતી થઈ કે જેથી સર્વોત્તમ રૂપવાળા તમે જોવામાં આવ્યા. હે સુભગ! તમારા સૌભાગ્યથી અમારા હૃદયનું હરણ થયું છે, તેથી અમે આજે તમારી શી ભક્તિ કરીએ? તમારૂં કુળાદિક મારા પ્રશ્નને લાયક નથી, કેમકે દેવીની વાણી અયોગ્યને માટે હોયજ નહિ; પરંતુ તમે જન્મવડે જે નગર પવિત્ર કર્યું હોય તે નગર કયું છે તે હે ચતુર! તમે કહો."

કુમારે જવાબ આપ્યો કે—"હે રાજેંદ્ર! હું વિજયપુરીનો રહીશ છું. દેશ જોવાના કૌતુકથી ભમતો ભમતો ઘણી સમૃદ્ધિવાળા આ તમારા નગરમાં હું આવ્યો છું."

આ પ્રમાણે પરસ્પર આલાપરૂપ અમૃતપાનની ગોષ્ઠી કરીને રાજાએ પોતાની સાથે સ્નાન ભોજનાદિક કરાવી તેને પ્રસન્ન કર્યો. ત્યારપછી અવસરે રાજાએ તેને કહ્યું કે—"હે વત્સ! આ મારી કન્યાને તમે પરણો." તે બોલ્યો કે—"મારૂં કુળાદિક જાણ્યા વિના મને તમે તમારી પુત્રી કેમ આપો છો?" રાજાએ કહ્યું—"દેવીની વાણી, આવા તમારા ગુણો, આ પ્રકૃતિ અને આ આકૃતિ, તે સર્વ તમારા કુળને કહેજ છે; તેથી તમારે મારી પ્રાર્થનાનો ભંગ કરવો યોગ્ય નથી."

તે સાંભળી કુમાર મૌન રહ્યો. પછી શુભ મુહૂર્તે રાજાએ વિવિધ ઉત્સવવડે કુમારની સાથે રતિસુંદરી પુત્રીનું પાણિગ્રહણ કરાવ્યું. રાજાએ કુમારને કન્યાદાનમાં હાથી, અશ્વ વિગેરે ઘણું આપ્યું; પરંતુ કુમારે સારભૂત આઠ નગરો જ ગ્રહણ કર્યાં. તે પણ પ્રિયાને જ સોંપ્યાં. તેણીએ પણ તે નગરોની સંભાળ રાખનારી પોતાની માતાનેજ નીમી.

ત્યારપછી રાજાએ સર્વ સામગ્રી સહિત આપેલા મહેલમાં કુમારે પ્રિયા સહિત નિવાસ કર્યો. તેમાં પૂર્વ ભવના અભ્યાસથી અત્યંત સ્નેહવાળી થયેલી અને રંભાથી પણ અધિક રૂપવાળી તે નવી પરણેલી પ્રિયા સાથે કુમાર ક્રીડા કરવા લાગ્યો. ઇચ્છા પ્રમાણે ઉદ્યાન અને વાવ વિગેરેમાં ક્રીડા કરતો તે કુમાર દેવની જેમ પાંચ પ્રકારના સર્વોત્તમ વિષયસુખને ભોગવવા લાગ્યો.

કોઈ વખત પ્રિયા પાસે નૃત્ય કરાવતો, પોતે વીણા વગાડતો તથા ભક્તિવડે દેવ-

ગુરૂની સ્તુતિ કરતો તે કુમાર પ્રિયાને આનંદ પમાડી પોતે પણ આનંદ પામતો હતો. ગીત નૃત્યાદિક પ્રસંગે અર્થીઓને તથા દીનાદિકને ઇચ્છિત દાન આપી તે કુમાર શ્રેષ્ઠ ધર્મ અને કીર્ત્તિને મેળવતો હતો. કૃત્યને જાણનાર તે પુણ્યશાળી કુમાર દાનની જેમ હંમેશાં દેવપૂજા અને ગુરૂવંદન કર્યાં વિના કદાપિ ભોજન કરતો નહોતો.

હવે તે કુમાર પોતાના મહેલમાં એક ગુપ્ત ઓરડામાં ઘરદેરાસર કરી તેમાં પેલી ઔષધિને ગુપ્ત રીતે રાખી પૂજા કર્યા બાદ તેને તાળું વાસી તેની કુંચી પ્રિયાને આપતો હતો. રતિસુંદરી પણ તે કુંચીને પોતાના જીવની જેમ દૃઢ રીતે પોતાના શરીરાદિકમાં ગુપ્ત રીતે રાખતી હતી. તે કુમાર પ્રથમ કહેલા વિધિવડે તે ઔષધિની પૂજા કરી તેની પાસેથી રત્નો મેળવી ઇચ્છા પ્રમાણે તેનો વ્યય કરતો હતો, અથવા કદાચિત્ પ્રિયાને આપતો હતો; કારણ કે તે ડાહી અને પતિને અનુકૂળ હોવાથી માત્ર શરીરવડે જ જૂદી હતી.

રતિમાલા રાણી પણ પુત્રીપરના સ્નેહને લીધે તથા તેનો મહેલ પણ સમીપ હોવાને લીધે હમેશાં તેને ત્યાં આવતી હતી અને વિનોદવડે રહેતી હતી. વિશ્વાસુ મનવાળા જમાઈને તે પ્રસન્ન કરતી હતી અને તેના ગામોનું ઉઘરાવેલું પુષ્કળ ધન પુત્રીને આપતી હતી.

આ પ્રમાણે કેટલોક કાળ ગયા પછી એકદિવસ આશ્ચર્ય પામેલી રતિમાલાએ વિચાર કર્યો કે-" આ કુમાર રાજાનું આપેલું ધન ગ્રહણ કરતો નથી, પોતે પણ કાંઈ ઉપાર્જન કરતો નથી, તેમજ પોતાના આઠ ગામની આવકનો હિસાબ પણ પૂછતો નથી, તો ધન માગવાની તો વાતજ ક્યાંથી ? તેમ છતાં પણ તે દેવની જેમ હમેશાં પુષ્કળ દ્રવ્યનો વ્યય કરી દાન અને ભોગવડે વિલાસ કરે છે; તેથી જણાય છે કે કોઈ પણ ઠેકાણેથી તેમને ગણત્રી વીનાનું ધન પ્રાપ્ત થાય છે."

આ પ્રમાણે વિચાર થતાં તેણીએ એકદિવસ કુમારને પૂછ્યું કે-" ધનની પ્રાપ્તિનો તમારે કયો માર્ગ છે ?" તેણે જવાબ આપ્યો કે-" મને મારા પિતાએ ઘણું ધન આપેલું છે, તથા મેં ઉપાર્જન કરેલું ધન પણ મારી પાસે પુષ્કળ છે."

આ વાત પર શ્રદ્ધા નહિ કરતી તે ધૂર્તાએ એકદિવસ પોતાની પુત્રીને કહ્યું કે- " તારા પતિને ધન પ્રાપ્તિનો ઉપાય પૂછીને તું મને કહે; કેમકે મને તે બાબતમાં અત્યંત કૌતુક છે." ત્યારે તેણીએ કહ્યું કે-" આપણું સર્વ વાંછિત તે પૂરે છે, તો પછી આપણે તે પૂછવાની શી જરૂર છે ?" તે સાંભળી રતિમાળા ક્રોધથી બોલી કે-

"હે દુષ્ટ પુત્રી ! તને કુક્ષિમાં ધારણ કરીને વૃદ્ધિ પમાડી, તો આટલું પણ પોતાની માતાનું કૌતુક પૂર્ણ કરતી નથી ?" તે સાંભળી કૃતજ્ઞ અને સરળ સ્વભાવવાળી રતિસુંદરીએ દાક્ષિણ્યતાથી કહ્યું કે—"હે માતા ! તેમની પાસે નિરંતર રહેવાથી હું જેટલું જાણું છું તેટલું કહું છું—કે મારા પતિએ ઓરડામાં ઘરદેરાસર કર્યું છે, તેમાં દેવપૂજા કરીને તે ઘણાં રત્નો લઈ બહાર નીકળે છે. પછી તેને સંભાળપૂર્વક તાળું દઈ તેની કુંચી મને આપે છે. અને કદાચિત્ દાનભોગથી બાકી રહેલાં રત્નો પણ રાખી મૂકવા મને આપે છે, કદાચિત્ તે રત્નોને લઈ બહાર જાય છે; અને દાનભોગાદિકમાં તેની ઇચ્છા પ્રમાણે વાપરે પણ છે. આથી વધારે હું જાણતી નથી."

તે સાંભળી દેવગૃહમાં કાંઈક ધનનો ઉપાય છે એમ ધારી માતા બોલી કે—"તે દેવગૃહ મને એક વાર બતાવ." પુત્રી બોલી કે—"હું જીવતી છું ત્યાંસુધી કોઈપણ રીતે બતાવીશ નહિ." માતા બોલી—"તો હે પુત્રી ! એકવાર મને તેની કુંચી આપ." તે બોલી—"હે માતા ! મારા જીવતાં તે તારો મનોરથ કદાપિ સિદ્ધ થવાનો નથી. કોઈનું પણ રહસ્ય ભેદવું ન જોઈએ, તો પછી પતિનું રહસ્ય તો શી રીતે ભેદી શકાય ?

હે માતા ! તમે રોષ પામો કે તોષ પામો, પરંતુ હું પ્રાણનો નાશ થતાં સુધી પતિનો દ્રોહ નહિ કરું; કારણ કે મેં મારા પ્રાણ પતિને અર્પણ કર્યા છે." આ પ્રમાણે પુત્રીનો નિશ્ચય જાણી રતિમાલા કાંઈ પણ બોલી નહિ.

ત્યારપછી એક દિવસ કપટ કરવામાં નિપુણ રતિમાલાએ વિશ્વાસ પમાડેલી સરળ સ્વભાવવાળી પોતાની પુત્રીને ચંદ્રહાસ મદિરાથી મિશ્ર ભોજન કરાવ્યું. તેનાથી તેણીનું ચૈતન્ય નષ્ટ થયું; એટલે તેણીને પલ્યંકમાં સુવાડી દીધી. પછી તેણીના શરીરપર શોધ કરતાં તે કુંચી મળી આવી. તે લઈને રતિમાલાએ તાળું ઉઘાડી દેવગૃહમાં જોયું, તો ત્યાં એક દિવ્ય ઔષધિ દીઠી. તે ઔષધિ જ રત્ન આપનારી છે એમ જાણી તેને ગ્રહણ કરી તેનું ગુપ્તપણું વિગેરે સર્વ પ્રથમની જેમ કર્યું, અને હર્ષ પામેલી તેણીએ તે કુંચી પણ રતિસુંદરીના શરીરપર જ્યાં જેમ હતી તેમજ ગોઠવી દીધી.

ત્યારપછી કેટલેક વખતે નિદ્રારહિત થઈ ચૈતન્ય પામેલી રતિસુંદરી ઊભી થઈ, તે વખતે કુંચી અને તાળું વિગેરે પ્રથમની જ જેમ જોઈ તે કાંઈ પણ શંકા પામી નહિ. 'ધૂર્ત જનથી કોણ ન ઠગાય ?'

બીજે દિવસે કુમાર દેવપૂજાને સમયે જિનપ્રતિમાની પૂજા કરી પૂજવાને માટે તે ઔષધિને જોવા લાગ્યો, ત્યારે તેને નહિ જોઈને શંકા પામેલા તેણે પોતાની પ્રિયાને પૂછ્યું. તે વખતે ચકિત થયેલી તે ચતુર રતિસુંદરીએ માતાનું તે કર્મ જાણી કહ્યું કે—

"હે પ્રિય ! અહીં કોઈ બીજા મનુષ્યનો પ્રવેશ થતો નથી અને કુંચી પણ બીજા ઠેકાણે મૂકતી નથી, પરંતુ ગઈ કાલે મારી માતાએ આપેલી મદિરાને લીધે હું ચેતના-રહિત થઈ ગઈ હતી, તે વખતે કદાચ મારી માતાએ કાંઈક કપટ કર્યું હોય તો તે હું જાણુતી નથી; પરંતુ તેણીની તેવી ચેષ્ટા તો મેં જોઈ હતી.

તે સિવાય ધન આવવાના ઉપાય આદિ પ્રશ્નો મારી માતાએ મને પૂછેલા વિગેરે સર્વ હેવાલ રતિસુંદરીએ પતિને કહી બતાવ્યો. તે સાંભળી 'તે ઔષધિ તેની માતાએ જ ગ્રહણ કરી છે' એમ કુમારે પણ માન્યું. પછી કુમારે અવસરે ઔષધિની શુદ્ધિ માટે સાસુને પૂછ્યું, ત્યારે તે હાથવડે કાન ઢાંકીને બોલી કે—

"અરે ! પાપ શાંત થાઓ ! પાપ શાંત થાઓ ! હે મનોહર ! તમારી તરફથી દાન અને માન મળવું તો દૂર રહ્યું, પરંતુ મારા આત્માને આવા અન્યાયને માર્ગે ન જોડો. રાજા અને તમે સર્વ ઇષ્ટ વસ્તુ પૂરી પાડનાર છો, છતાં હું શામાટે ચોરી કરું ? મારા પરિવારમાં પણ કોઈ ચોરીના નામને જાણતું નથી. વળી બીજું કોઈ માણસ દેવગૃહની પાસે પણ જતું નથી. જો તમને કાંઈ પણ શંકા હોય તો તેની સંભાળ રાખનાર તમારી પ્રિયાને જ પૂછો."

આવા તેણીના વચન સાંભળી શ્રીજયાનંદકુમારે વિચાર્યું કે—"આ દુષ્ટ ચેષ્ટાવાળીને ધિક્કાર છે કે જે ક્રોધથી પોતાની પુત્રી ઉપર પણ દોષનો આરોપ કરે છે. આ દુષ્ટ બુદ્ધિવાળી કાંઈ ઉપાય કર્યા વિના તે ઔષધિ આપશે નહિ; તેથી રત્નને આપનારી તે ઔષધિને કોઈ ઉપાયથી પાછી ગ્રહણ કરી આ દુષ્ટાને શિક્ષા આપું." એમ વિચારી તે બોલ્યો કે—

"હે માતા ! તો હું બીજે ઠેકાણે તે ઔષધિની શોધ કરીશ." આવા વિવેકી વચનથી તેણીને પ્રસન્ન કરીને વિદાય કરી. પછી તે કુમાર પોતાને યોગ્ય કામમાં પ્રવર્ત્યો.

એક દિવસ દેવગૃહમાં હજાર રત્નો સહિત બીજી માત્ર વાણી બોલવામાં જ ચતુર ઔષધિ મૂકીને ભક્તિપૂર્વક જિનપ્રતિમાની પૂજા કરી તથા તે ઔષધિને પૂજીને કુમાર બોલ્યો—

"હે ઔષધિ ! મને પાંચસો રત્ન આપ." ત્યારે તે ઔષધિ ઉંચે સ્વરે બોલી કે—"હે વત્સ ! હજાર રત્ન કેમ ગ્રહણ કરતો નથી ?" ત્યારે તે બોલ્યો કે—"ઠીક હજાર આપ." એમ કહી હજાર રત્ન લઈ બહાર નીકળી કુમારે તેનો હંમેશના નિયમ પ્રમાણે

ઉચિત વ્યય કર્યો; અને પ્રથમની જ જેમ દેવગૃહને તાળું દઈ તેની કુંચી પ્રિયાને સાચવવા આપી. આ પ્રમાણે હંમેશાં કરતાં એક દિવસે એકાંતમાં કુમારે પ્રિયાને કહ્યું કે–

"આ કુંચીને તું એવી રીતે ગોઠવજે કે જે તારી માતા જાણી શકે, અને તેથી કદાચ તે ફરીથી કુંચી લઈ દેવગૃહ જુએ તો તેની તારે ઉપેક્ષા કરવી, એટલે જોવા દેવી, અને જાણે કે તું જાણતી જ નથી એમ તારે દૂર રહેવું." તે સાંભળી પતિના ચિત્તને અનુસરનારી તેણીએ તે પ્રમાણે જ કર્યું.

આ પ્રમાણે હંમેશાં રત્નો લઈને જતા તે કુમારને જોઈ રતિમાલાએ વિચાર કર્યો કે–"અહો! આ કુમારને તો ઊલટી બમણાં રત્નોની પ્રાપ્તિ થતી જણાય છે, તો તે ક્યાંથી થાય છે? તેની તજવીજ કરવી જોઈએ." એમ વિચારી વિસ્મય પામેલી તે ધૂર્તાએ એક દિવસ દેવપૂજાને અવસરે એકાંતમાં ઉભી રહીને કુમાર અને ઔષધિનું બોલવું સાંભળ્યું. પ્રથમ પોતે ગ્રહણ કરેલી ઔષધિ સાધના વિના નિષ્ફળ થયેલી હોવાથી તેણીએ વિચાર કર્યો કે–

"પહેલાં દેવગૃહમાં બે ઔષધિઓ જ હશે. તેમાંથી જે ઔષધિ કાંઈ પણ નહિ આપતી હોય તે જ મેં દુર્ભાગ્યથી પ્રથમ જોઈ અને ગ્રહણ કરી, તથા સત્ય વચન બોલનારી અને માગ્યા કરતાં બમણાં રત્નોને આપનારી જે બીજી ઔષધિ હશે તે મેં ભય અને ઉત્સુકતાને લીધે જોઈ જ નહિ; તેથી તે ઔષધિ એને વિશેષ પૂજાને લીધે હમણાં ઘણા રત્નો આપે છે એમ જણાય છે, તેથી કરીને જ ગયેલી ઔષધિ શોધવામાં તેને કાળજી જણાતી નથી. તો હવે કોઈ પણ ઉપાયથી આ બન્ને ઔષધિનો અદલોબદલો મારે કરવો યોગ્ય છે. ચિંતામણિનો લાભ થાય તેમ હોય તો કાંકરો લઈને કોણ ખુશી થાય?"

આ પ્રમાણે નિશ્ચય કરી એક દિવસ તેણીએ અવસર જોઈ કુંચી લઈ દેવગૃહ ઉઘાડી તે બન્ને ઔષધિનો અદલો બદલો કરી પ્રથમની જેમ હતું તેવું કરી દીધું. કુમાર પણ તે સત્ય ઔષધિથી પ્રથમની જેમ રત્નો પ્રાપ્ત થવાથી 'તે માત્ર સારૂ બોલવા-વાળી અસત્ય ઔષધિને પણ વખત આવે પાછી લઈશ.'

એમ વિચારી આનંદ પામ્યો. રતિમાલા ગણિકાએ તે અસત્ય ઔષધિની પૂજા કરી તેની પાસે ધન માગ્યું. પરંતુ સાધનાદિક વિધિ નહિ થવાથી તે ઔષધિ કાંઈ બોલી પણ નહિ, અને તેણે કાંઈ આપ્યું પણ નહિ. તો પણ વાણી સાંભળીને જ પ્રત્યક્ષ રીતે તેનો વિશ્વાસ આવેલો હોવાથી આની વિધિમાં જ ન્યૂનતા છે એમ ધારી તેણીએ તે ઔષધિ પાછી મૂકી દેવાની ઇચ્છા કરી નહિ.



હવે તે રતિમાલા સાસુ પોતાના મુખનો આકાર ફેરવ્યા વિના જ જમાઈને ગોષ્ઠીમાં વાતચીતોવડે પ્રસન્ન કરવા લાગી. 'ધૂર્ત માણસ ધૂર્તતાથી જ ઠગવા ધારે છે.' એક દિવસ પ્રીતિથી પરસ્પર વિવિધ પ્રકારની વાતો ચાલતી હતી, તેમાં તેણીએ કુમારને પૂછ્યું કે—

"હે વત્સ ! તમે કળા વિગેરે શું શું જાણો છો ?" તે બોલ્યો કે—"હે માતા ! હું ઘણા પ્રકારની ઔષધિઓ, સમગ્ર ઉત્તમ કળાઓ, વિચિત્ર પ્રકારના મંત્રો અને સર્વ વિજ્ઞાનોજાણું છું. તેમાં એક મંત્ર મારી પાસે એવો છે કે તેનો વિધિ સારી રીતે કરવાથી કુરૂપી સ્ત્રી પણ અત્યંત રૂપવાળી, સૌભાગ્યવાળી અને નિત્ય યુવાવસ્થાવાળી થાય છે." તે સાંભળી તે બોલી કે—

"જો એમ હોય તો હે કુમાર તમે મને એવી રૂપવાળી કરો કે જેથી હું રાજાને માન્ય થાઉં, અને સપત્નીઓના ગર્વને હરણ કરૂં. સ્ત્રીઓને વિષે આથી બીજી મોટાઈ કાંઈ પણ નથી." ત્યારે કુમારે કહ્યું કે–"જો એવી ઇચ્છા હોય તો પ્રાતઃકાળે મસ્તક મુંડાવી મુખ ઉપર મેશ ચોપડી ઉપવાસ કરીને આ મંત્ર જપવાનો છે–

"रुड बुडबुड बुडबुड स्वाहा."

ત્યારપછી કુમારના કહેવાથી હર્ષ પામેલી રતિમાલા તેના કહેવા પ્રમાણે કરી સાયંકાળે તેની પાસે આવી. કુમારે પણ બહારનો આડંબર કરી ઔષધિના પ્રભાવથી તેણીને ભુંડણી કરી. પછી તેને સાંકળવડે થાંભલે બાંધી કહ્યું કે–

"હે પાપિણી ! મારી ઔષધિ લઈને ઉલટી તારી પુત્રીપર દોષનો આરોપ કરતી હતી, તો હવે ચોરીનું ફળ ભોગવ." એમ કહી ક્રોધથી તેને દંડવડે અત્યંત મારી; તેથી તે અત્યંત રોવા લાગી, અને ચેષ્ટાવડે દયા ઉપજાવવા લાગી.

આ પ્રમાણે બે દિવસ ગયા પછી પ્રિયાના વચનવડે કુમારના હૃદયમાં દયા ઉત્પન્ન થઈ, તેથી અને તેણે લીધેલી ઔષધિ પાછી આપવાનું અને ફરીથી ચોરી નહિ કરવાનું તેણે અંગીકાર કરવાથી તેણીને મૂળરૂપે કરી. પછી તે રતિમાલાએ તેની ઔષધિ પાછી આપી અને પુત્રી તથા જમાઈને ખમાવ્યા, એટલે તે બન્નેએ પણ ખમાવ્યા. પછી તેણીએ તેમને ઘેરજ ભોજનાદિક કર્યું.

એકદિવસ કુમારે રતિમાળાને પરિણામે હિતકારક એવો ઉપદેશ આપ્યો કે—"હે માતા ! તમને પૂજ્યને પણ મેં વિડંબના કરી, તે મારો અપરાધ તમે ક્ષમા કરજો. તમને પ્રતિબોધ કરવા માટેજ મેં તમને મોટી આપત્તિમાં નાખ્યા હતા કે જેથી કરીને

આ ભવમાં પણ ચોરીનું ફળ પરિણામે બહુ ભયંકર પ્રાપ્ત થાય છે એમ તમે જાણો, અને પરભવમાં ઘોર નરક, દૌર્ભાગ્ય અને નિર્ધનતા વિગેરે પ્રાપ્ત થાય છે તેની પણ તમને ખબર પડે.

આ પ્રમાણે ચોરીનું ફળ જાણીને કોણ બુદ્ધિમાન તેની ઇચ્છા માત્ર પણ કરે ? અર્થાત્ નજ કરે, એવો નિરધાર કરો. જેઓ પ્રાણાંતે પણ અદત્તને ગ્રહણ કરતા નથી, તેઓને **લક્ષ્મીપુંજની** જેમ આ ભવમાં તથા પરભવમાં લક્ષ્મી પોતેજ વરે છે.

## અદત્ત ન ગ્રહણ કરવા ઉપર લક્ષ્મીપુંજની કથા

ઇંદ્રની નગરીની સ્પર્ધા કરનારું અને સમૃદ્ધિવડે દેદીપ્યમાન **હસ્તિનાપુર** નામનું નગર હતું. તેમાં રૂપ, નામ અને પરાક્રમવડે પુરંદર–ઇંદ્ર–જેવો **પુરંદર** નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને સાક્ષાત્ પૌલોમી–ઇંદ્રાણી–જેવી **પૌલોમી** નામની રાણી હતી. તે ચાતુર્ય અને ઔદાર્યાદિક ગુણયુક્ત તથા શીલની લીલાથી શોભતી હતી.

તે નગરમાં સાર્થક નામવાળો **સુધર્મા** નામે શ્રેષ્ઠી વસતો હતો. તે પવિત્ર બુદ્ધિવાળો, જૈનધર્મી, દયાળુ, સદ્ગુરૂને અને દેવને વિષે અનુરાગી હતો. તેને ગૃહસ્થાશ્રમની નીતિ જાણવામાં વિચક્ષણ **ધન્યા** નામની પત્ની હતી. તેણીની સાથે શ્રેષ્ઠી પોતાનો સમય સુખપૂર્વક પસાર કરતો હતો.

અનુક્રમે તે શ્રેષ્ઠી લાભાંતરાયના ઉદયથી નિર્ધન થઈ ગયો; તોપણ સ્નેહવાળા બંધુની જેમ તેણે જૈનધર્મનો ત્યાગ કર્યો નહિ. પરંતુ સર્વ સુકૃત પોતાને આધીન થાય તેટલા માટે તે છ આવશ્યક અને દેવપૂજાદિક કર્મમાં વિશેષ યત્ન કરવા લાગ્યો.

એક દિવસ અસાધારણ પુણ્યયુક્ત પુત્રને સૂચવનાર સ્વપ્નમાં ધન્યાએ વિકસ્વર કમળવાળું પદ્મસરોવર જોયું. તરત જ જાગૃત થયેલી તેણીએ હર્ષ સહિત તે સ્વપ્ન પતિને જણાવ્યું. ત્યારે તે સ્વપ્નનું ફળ સમ્યક્ પ્રકારે વિચારીને હર્ષથી તેણે પ્રિયાને કહ્યું કે—

"સમય પૂર્ણ થયે અક્ષીણ લક્ષ્મી, લાવણ્ય અને પુણ્યરૂપ શ્રેષ્ઠ નિધાનના આશ્રયસમાન તમને પુત્ર પ્રાપ્ત થશે." આ પ્રમાણે કર્ણને અમૃત સમાન તેનું કહેલું વચન ઉત્કંઠાપૂર્વક સાંભળીને તે ધન્યા પોતાને જાણવા લાયક અર્થનો નિશ્ચય થવાથી હર્ષિત થઈ. તેણીએ ખાણની જેમ પોતાના ગર્ભાશયમાં બે પ્રકારના રત્નરૂપ ગર્ભને ધારણ કર્યો; તેથી તેણીના સર્વ અંગની અદ્ભુત શોભા થઈ. તેણીની મનોહર કાંતિ લાવણ્ય સહિત ઉત્પન્ન થઈ, તથા તેણીનું ભાગ્ય અને સૌભાગ્ય પણ બુદ્ધિયુક્ત ઉત્પન્ન થયું.

'આ પ્રમાણે ગર્ભમાં આવેલા પુત્રના ઉત્કટ શુભ ભાગ્યને યોગે શ્રેષ્ઠીના ઘરમાંથી ક્ષુદ્ર દારિદ્રય દૂર નાસી ગયું. વેપાર કરવામાં તત્પર થયેલા તે શ્રેષ્ઠી હમેશાં દરેક વસ્તુના ક્રયવિક્રયમાં સારો લાભ મેળવવા લાગ્યા. ગર્ભની વૃદ્ધિની સાથે જ માતાપિતાને સત્પુરૂષોની સાથે સારો સંબંધ, શરીરે નીરોગીપણું અને લોકમાં સારૂં સન્માનપણું વિગેરે અત્યંત વૃદ્ધિ પામવા લાગ્યું.

અનુક્રમે સમય પૂર્ણ થયે સર્વ ઉપદ્રવનો નાશ કરનાર ઉત્તમ માસના, શુક્લ પક્ષમાં, સર્વ શુભ યોગવાળી તિથિને દિવસે, ઉત્તમ વારે, પવિત્ર નક્ષત્રમાં શુભ દિવસે, લક્ષ્મીના શરણ રૂપ કરણને વિષે, શુભ યોગ અને ઉપયોગને વિષે, દોષરહિત સર્વ ગુણયુક્ત, શુભ, શુદ્ધ અને સબળ લગ્નને વિષે, સર્વ ગ્રહો મુદિત, ઉદિત, સુસ્થાન, સ્વસ્થાન અને ઉચ્ચ સ્થાનમાં રહે છતે ભય, વિગ્રહ અને ઉપદ્રવ નાશ પામે છતે તથા ધાન્ય અને ધનની ઉત્પત્તિથી પ્રસન્ન થયેલા સર્વ લોકવાળો સમગ્ર દેશ સારા રાજાવાળો હતો તેવા સમયે સુગંધી, શીતળ અને મૃદુ સ્પર્શવાળો વાયુ વાતો હતો ત્યારે શુભ લક્ષણવાળા મુહૂર્તે પ્રાતઃકાળે ધન્યા શેઠાણીએ તેજસ્વી એવા પુત્રરત્નને જન્મ આપ્યો.

પુત્રના પુણ્યપ્રભાવથી માતાને કાંઈ પણ પીડા થઈ નહિ; પરંતુ તેના જન્મની સાથે જ તે વખતે અત્યંત હર્ષનો ઉદય થયો. જેમ સૂર્યવડે પૂર્વદિશા, રત્નવડે ખાણ અને દીવાવડે ઘરની પૃથ્વી શોભે તેમ તે પુત્રવડે ધન્યા શેઠાણી અધિકાધિક શોભવા લાગી. શ્રેષ્ઠી ઘરના બહારના આંગણાની પૃથ્વીપર બેઠા હતા, તે વખતે તેને કોઈ માણસે પુત્રજન્મની વધામણી આપી ખુશ કર્યા.

પુત્રજન્મની વધામણી સાંભળીને તત્કાળ હર્ષ પામેલા તે શ્રેષ્ઠી તેને ઘણું ધન આપવાની ઇચ્છાથી પોતાની પાસેના ધન રાખવાના સ્થાનને વારંવાર જોવા લાગ્યા, પરંતુ પોતાને જેટલું ધન આપવાની ઇચ્છા હતી તેટલું પણ ધન તેમાં તેણે જોયું નહિ. "જેની પાસે ધન હોય છે, તેને પ્રાયે કરીને દાન દેવાની ઇચ્છા થતી નથી, અને જેને દાન દેવાની ઇચ્છા થાય છે, તેની પાસે પ્રાયે ધન હોતું નથી; કદાચ ધન હોય છે તો દેવાને અવસરે તે દાતારને દેવા લાયક પાત્રનો યોગ મળતો નથી, તેમજ દેવા લાયક વસ્તુનો યોગ પણ પ્રાપ્ત થતો નથી, પાત્રની પ્રાપ્તિ થવી તે પણ અતિદુર્લભ છે. તેવા પાત્રની જો પ્રાપ્તિ થાય તો પૂર્વના ઉત્કૃષ્ટ પુણ્યથી જ થઈ છે એમ જાણવું."

આ પ્રમાણે વિચારી તે શ્રેષ્ઠી વધામણી આપનારને દેવા લાયક વસ્તુની તેમજ દ્રવ્યની અપ્રાપ્તિથી મનમાં કાંઈક દુઃખી થયો; અને નીચું મુખ રાખી પગની આંગળીના

નખવડે વારંવાર ભૂમિ ખોતરવા લાગ્યો. એટલામાં તત્કાળ પુત્રના અત્યંત પૂર્વપુણ્યના પ્રભાવથી કીડીઓના દરના છિદ્ર જેવું એક છિદ્ર તેના જોવામાં આવ્યું. ફરી ખોતરવાથી ત્યાં તત્કાળ તે છિદ્ર મોટા દ્વારરૂપે દેખાયું, અને તેમાં તેણે નવીન અને અપરિમિત સુવર્ણ દ્રવ્ય જોયું. તે વખતે તે દ્રવ્ય પોતાના પુત્રના ઘણા ભાગ્યથી જ પ્રાપ્ત થયેલું માની અત્યંત વિસ્મયથી હર્ષિત મનવાળા થઈ શ્રેષ્ઠીએ વિચાર્યું કે—

"મનુષ્યોને વિષે આ મારો પુત્ર ઉત્તમ પુણ્યશાળી મનુષ્યોની સીમારૂપ છે, તેથી આ દ્રવ્યવડે તેનો ઉચિત જન્મમહોત્સવ કરૂં અને એ પુન્યશાળીનો મહિમા તત્કાળ જ પ્રકાશમાં લાવું.

આ પ્રમાણે વિચારી તેણે તે વધામણી આપનારને કહ્યું કે—"હે ભદ્ર! તું ક્ષણવાર બહાર જા, હું વસ્ત્રાદિક મંગાવું છું." એમ કહી તેને વિદાય કરી પોતે તે સ્થાન ખોદી તેમાંથી અત્યંત ધન કાઢ્યું.

પછી તે દ્રવ્યવડે મનોહર વસ્ત્ર, આભૂષણ, ઘી, ગોળ વિગેરે ઘણી વસ્તુઓ મંગાવી તે વધામણી આપનારને તથા બીજાઓને પણ ઇચ્છા પ્રમાણે ઉચિતદાન આપ્યું, અને સર્વત્ર જીવદયાનું પાલન કરાવ્યું. આ શેઠને ઘેર લાંબો કાળ વાજીંત્રો વાગવાથી દરેકના દિલને ઘણો જ આણંદ થયો, શેઠને ત્યાં આવતા જતા સગાંસબંધિઓ પણ હર્ષને આપનાર વચનો બોલવા લાગ્યા. સધવા સ્ત્રીઓ મધુર સ્વરે મંગળ ગીત ગાવા લાગી, નાટક અને પ્રેક્ષણક થવા લાગ્યાં, તથા શ્રેષ્ઠીઓના ઘેરથી વધામણાં આવવા લાગ્યાં.

આ રીતે દશ દિવસ સુધી પિતાએ તેનો જન્મમહોત્સવ કર્યો. તેમજ તેના પિતાએ સમયે પ્રાપ્ત થયેલા ષષ્ઠી જાગરણ અને સૂર્ય–ચંદ્ર દર્શન વિગેરે સર્વ ઉત્સવો મહાન્ પુરૂષના જન્મ મહોત્સવની જેવાજ કર્યા.

એક દિવસ તે બુદ્ધિમાન શ્રેષ્ઠીએ વિચાર્યું કે—"કમળની જેવી નિર્મળ દેહ-લક્ષ્મીવાળા મારા પુત્રના જન્મદિવસથી જ આરંભીને હમેશાં તે બિલમાંથી હું ઇચ્છા પ્રમાણે લક્ષ્મીને ગ્રહણ કરી તેનો ઉપભોગ કરૂં છું, સત્પાત્રને દાન આપું છું, અને દીનાદિકને પણ ઘણું દાન આપું છું.'

આ પ્રમાણે ગ્રહણ કરતાં છતાં સમુદ્રમાંથી ઘણું જળ લીધા છતાં જેમ તેમાં જળ ન ખુટે તેમ આ બિલમાંથી લક્ષ્મી જરા પણ ઓછી થતી જણાતી નથી; પરંતુ એક વાત વિચારવા યોગ્ય છે કે પૃથ્વીપર કોઈ પણ વસ્તુ રહેલી હોય, આવેલી હોય કે



ઉત્પન્ન થઈ હોય તે સર્વનો સ્વામી રાજા જ હોય છે, તો અવશ્ય આ લક્ષ્મીનો સ્વામી પણ રાજા જ હોઈ શકે; તેથી આ વૃત્તાંત રાજાને જણાવવાથી જ મને સુખકારક થશે. અન્યથા તેની આજ્ઞા વિના ગ્રહણ કરવાથી અદત્તાદાનને લીધે આ લોક અને પરલોકમાં પણ દુઃખદાયક થશે."

આ પ્રમાણે વિચાર કરી સુશ્રાવક હોવાથી તે શ્રેષ્ઠીએ રાજા પાસે જઈ ઉત્તમ ભેટણું મૂકી તેને યથાર્થ વૃત્તાંત નિવેદન કર્યો. રાજા પણ ન્યાયી હોવાથી તથા તેનું અદત્તપરિહાર નામનું વ્રત દૃઢ જોવાથી હર્ષ પામ્યો, અને તેણે તેને કહ્યું કે–"ભાગ્યના એક સ્થાનરૂપ અને ઉત્તમ નામવાળા તમારા પુત્રના પુન્યોદયથીજ તે લક્ષ્મી પ્રગટ થઈ છે, તો તે સર્વ તમારી જ છે.

"આ પ્રમાણે રાજાના નિર્મળ પ્રસાદને પામીને હર્ષિત થયેલા નિષ્પાપ બુદ્ધિવાળા આ શેઠ ઉત્સવ અને આડંબર સહિત પોતાના ઘેર ગયા.

ત્યારપછી શુભ મુહૂર્તે ભોજનાદિકવડે સ્વજનોની ભક્તિ કરી તેમને સારા આસનોપર બેસાડી સુધર્મા શ્રેષ્ઠીએ કહ્યું કે—"આ પુત્રનો જન્મ થયો છે તે દિવસથી અમારે ઘેર લક્ષ્મીનો મોટો પુંજ અમને પ્રાપ્ત થયો છે તેથી ધર્મરૂપી સામ્રાજ્યને ભજનાર અને સૌભાગ્યના નિધાનરૂપ આ અમારા પુત્રનું નામ **લક્ષ્મીપુંજ** રાખીએ છીએ." સર્વ કુટુંબીઓએ તેનો સ્વીકાર કર્યો.

ત્યારપછી માતપિતાના સેંકડો ઉચિત મનોરથોની સાથે અત્યંત મનોહર અવયવોવાળો અને લોકોને પ્રસન્ન કરવામાં તત્પર એવો સદ્ગુણ યુક્ત તે કુમાર આમ્રકંદના નિર્મળ અંકુરાની જેમ વૃદ્ધિ પામવા લાગ્યો. તેના અંગની સાથે જાણે સ્પર્ધાથી હોય તેમ તેના અંગનું સૌંદર્ય પણ અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યું, તથા તેના અંગના સૌંદર્યની જેમ સજ્જનોના નેત્ર અને મનને વિષે અત્યંત પ્રમોદ વૃદ્ધિ પામવા લાગ્યો.

તે કુમારના દાંત આવવા, પગલા ભરવા અને ખાવા શિખવું વિગેરે પ્રસંગોએ પિતાએ કરેલા ઉત્સવોવડે પ્રશંસા કરવા લાયક અને સ્વજનોને આનંદ પમાડનાર તેનું બાલ્યવય અત્યંત શોભવા લાગ્યું. સત્પુરૂષોના મનને હરણ કરનારા તે કુમારે મિત્રોની સાથે ક્રીડા કરવાવડે મનોહર એવું બાલ્યવય નિર્ગમન કર્યું.

ત્યારપછી તે કુમારને વિદ્યા ભણાવવાને યોગ્ય થયેલો જાણી પિતા તેને ઉત્સવપૂર્વક લેખશાળામાં ઉપાધ્યાય પાસે લઈ ગયા. તે કુમાર વિનયવડે અને ન્યાયવડે ઉપાધ્યાયની એવી સેવા કરવા લાગ્યો કે જેથી તુષ્ટમાન થયેલા તે ઉપાધ્યાયે હર્ષથી તેને સર્વ

વિદ્યાઓ આપી. તેવું કોઈ શાસ્ત્ર કે તેવી કોઈ વિદ્યા નહોતી કે જે સર્વ વિદ્યામાં નિપૂણ એવા તે કુમારે પોતાની બુદ્ધિથી મેળવી ન હોય. સર્વ વિદ્યામાં ઉપાધ્યાય તો માત્ર તેના સાક્ષીરૂપ જ હતા; કેમકે જાણે સંકેત કરેલો હોય તેમ સર્વ વિદ્યાઓ સ્વયંવર-પણેજ તેની પાસે આવી હતી. સમગ્ર મનોહર કળાઓ તેણે ક્રીડામાત્રમાં જ ગ્રહણ કરી, અને જાણે તેની સ્પર્ધાવડે જ હોય તેમ ધર્મ કળાએ પણ તેનો આશ્રય કર્યો.

સર્વ વિદ્યારૂપી સમુદ્રનો પારગામી અને અત્યંત સૂક્ષ્મ બુદ્ધિવાળો તે પોતાની ઇચ્છા પ્રમાણે સુખે કરીને ઘર અને દુકાન વિગેરેમાં નિરંતર ક્રીડા કરતો ફરતો હતો. પ્રશ્ન, પ્રહેલિકા, કાવ્ય અને તર્કની ગોષ્ઠીપૂર્વક ઘણા પ્રકારના વિદ્યારસવડે તે પોતાના આત્માને રસમય બનાવતો હતો, તેમજ અનેક કળાઓના અભ્યાસવડે અને ગીત નાટ્યને અનુસરતા વિનોદોવડે મિત્રોના મનને તે ખુશી કરતો હતો.

એક દિવસ તે કુમાર હર્ષથી મિત્રોની સાથે નગરના ઉદ્યાનાદિકમાં ક્રીડા કરવા ગયો. ત્યાં કોઈ ઠેકાણે એક મુનિને જોઈને તેણે તેમને વંદના કરી. મુનિએ તેને ધર્મની આશીષ આપી. ગૃહસ્થધર્મનો ઉપદેશ આપ્યો. તે તેણે બાલ્યાવસ્થામાં જ ગ્રહણ કર્યો; તેથી તે વીતરાગ અને સદ્ગુરૂને વિષે ઉત્કૃષ્ટ ભક્તિમાન થયો, માતાપિતાના વચન પર શ્રદ્ધાળુ થયો અને સમકિતમાં દૃઢ સ્થિરતાવાળો થયો.

અનુક્રમે યુવાવસ્થા પ્રાપ્ત થવાથી તે કુમારની દેહલક્ષ્મી દેદીપ્યમાન થઈ. 'શું દિવસની પ્રાપ્તિ થતાં આકાશના વિભાગો સૂર્યની પ્રભાવડે દેદીપ્યમાન નથી થતા?' રૂપલક્ષ્મીથી યુક્ત, લીલાથી મનોહર અને સુંદર દર્શનવાળા તેને જોઈ પિતાએ પોતાના ચિત્તમાં તેનો વિવાહ કરવાનો વિચાર કર્યો, તેટલામાં સર્વ પ્રકારે ગુણના નિધાનરૂપ તે કુમારને પોતાની કન્યાઓ આપવાનું ઇચ્છતા આઠ વ્યાપારીઓ એકીસાથે તે શ્રેષ્ઠીને ઘેર આવ્યા.

ધનેશ્વર ૧, પૃથ્વીધર ૨, યશોધર ૩; શ્રીધર ૪, શ્રીપતિ ૫, ધનદત્ત ૬, ધનાવહ ૭, અને લક્ષ્મીનાં નિવાસ રૂપ જિનદાસ ૮. એ આઠ વેપારીઓ યથાર્થ નામવાળા, દાનની લીલાવડે પ્રસિદ્ધ, જાણે મોટા દિગ્ગજ હોય એમ પૃથ્વીના અલંકારરૂપ અને ગુણના આધારભૂત હતા. તે આઠે શ્રેષ્ઠીઓએ આવી હર્ષથી સુધર્મા શ્રેષ્ઠીને નમસ્કાર કર્યો. પછી તેઓ બોલ્યા કે "મનોહર રૂપવાળી અમારી કન્યાઓ સાથે તમારા પુત્રનો પાણિગ્રહણ મહોત્સવ કરવાને અમે ઇચ્છીએ છીએ. રૂપશ્રી ૧, રૂપરેખા ૨, પદ્મા ૩, પદ્માવતી ૪, ધનશ્રી ૫, ભુવનશ્રી ૬, લક્ષ્મી ૭ અને લક્ષ્મીવતી ૮, એવાં નામવાળી સર્વને સંમત

અમારી પુત્રીઓ છે. તે સર્વ સુંદર શીળવાળી, ઉત્તમ ભાગ્ય અને સૌભાગ્યાદિક ગુણવાળી અને સૌંદર્યથી શોભતી લીલાયુક્ત અને મનોહર કળાઓથી ઉજ્વળ છે; તો જલ્દીથી ઉત્સવસહિત તમારા પુત્ર પાસે તેમનું પાણિગ્રહણ કરાવો."

આ પ્રમાણે તેમના વચન સાંભળી પોતાના પુત્રને વિવાહ યોગ્ય થયેલો જાણી તથા આ શ્રેષ્ઠ ઇભ્યોને સ્વજનપણાના સ્થાનરૂપ જોઈ સુધર્મા શ્રેષ્ઠીએ તેમને કહ્યું કે "ભૂખ્યા વટેમાર્ગુને ભોજનનું આમંત્રણ કરવા જેવું આ તમારૂં આગમન માન્ય કરવા લાયક છે; અને એ હેતુથી જ મને અત્યંત હર્ષ આપનારૂં છે. તો પણ પુત્ર અને તેની માતાને પૂછી કન્યાઓને નજરે જોઈ માંગલિક કાર્યોમાં શુભચંદ્ર આદિ ગ્રહોવડે કરવા લાયક વિવાહના દિવસનો નિરધાર કરી જે યુક્ત હશે તે અભિમાન રહિતપણે કરવાને હું ઇચ્છું છું."

આવેલા શ્રેષ્ઠીઓએ તે ઉત્તરનો સ્વીકાર કર્યો. પછી સુધર્માશ્રેષ્ઠીની ઇચ્છા જણાતાં તેઓએ શુભ દિવસે તેમના પુત્ર સાથે કન્યાઓનો વિવાહ મુકરર કર્યો.

ત્યાર પછી હર્ષ પામેલા તે સર્વેએ પ્રથમ સર્વ સ્વજનોની સાક્ષીએ પરસ્પર સંબંધનું દઢપણું કર્યું. પછી તેઓએ પોતપોતાના ઘરોમાં વિચિત્ર પ્રકારનાં ચિત્રો, મંડપો અને તોરણોવડે મનોહર શોભા કરી, અને બીજી પણ વિવાહને લાયક સર્વ ઉત્તમ સામગ્રી આદરપૂર્વક તૈયાર કરી.

તે વિષે પંડિતોએ કહ્યું છે કે—"સંબંધની દઢતા કરવી ૧, ચંદ્રાદિકના બળવાળું સારૂં લગ્ન જોવું ૨, કામ કરવા માટે રસોઇઆ નોકર ચાકર રાખવા ૩, ઘરને વિવિધ પ્રકારે શણગારવું ૪, શાક ૫, પાપડ ૬, વડી ૭, પક્વાન્ન વિગેરે પાકની ક્રિયા કરવી ૮, વસ્ત્ર ૯ અને સુવર્ણના અલંકારાદિ તૈયાર કરાવવા ૧૦, પાનસોપારી વિગેરે તાંબુળ તૈયાર કરવું ૧૧, વિવાહના દિવસનો નિશ્ચય કરવો ૧૨, માણેકસ્તંભ રોપવો ૧૩, જુવારા વાવવા ૧૪, માંડવો બાંધવો ૧૫, વરકન્યાને પીઠી ચોળવી ૧૬, વરને આમંત્રણ કરવું અને જાન બોલાવવી ૧૭, વેદિકા, મંડપ અને તોરણ વિગેરેની રચના કરવી ૧૮, વર્ણક ૧૯, ઉદ્વર્ણક ૨૦ અને લગ્ન વખતે વરવહુને ચાર પ્રકારનો શણગાર કરવો ૨૧, ઉત્સવ સહિત વરનું મંડપે આવવું ૨૨, કન્યાદાનમાં દેવાનું દ્રવ્ય તૈયાર કરવું ૨૩, માંયરામાં બેસવું ૨૪, હાથે મીંઢળ બાંધવું તથા હાથે મેંદી લગાવવી ૨૫, મંત્રોના ઉચ્ચાર કરવા ૨૬, તથા હસ્તમેળાપ કરાવવો વિગેરે. આ સર્વ વિધિઓ અનુક્રમે કરવામાં આવે છે ૨૭."

ગીત અને સંગીતના વિસ્તારવડે, મનોહર અદ્ભુત ઉત્સવવડે સર્વ સ્વજનોના

સત્કાર અને સર્વ રીતરિવાજ પૂર્વક, તે આઠ કન્યાઓની સાથે તેના માતાપિતાને આહ્લાદ કરનાર લક્ષ્મીપુંજકુમારનો લગ્ન મહોત્સવ થયો.

તે વખતે લક્ષ્મીપુંજકુમારને તેના આઠે સસરાએ સુવર્ણ, મણિ, માણિક્ય અને ઉત્તમ વસ્ત્રાદિક ઘણી વસ્તુઓ હર્ષથી આપી. ત્યારપછી જુવાન સ્ત્રીઓને મોહ પમાડનાર અને કામદેવના જીવનરૂપ યૌવનરૂપી વનને પામીને મદોન્મત્ત હાથીની જેમ તે કુમાર તે હાથણીઓ જેવી સ્ત્રીઓ સાથે ક્રીડા કરવા લાગ્યો.

મનોહર ગુણની સમૃદ્ધિવાળી તે આઠ પ્રિયાઓવડે તે કુમાર આઠ ઇંદ્રાણીઓવડે ઇંદ્રની જેમ શોભતો હતો. તારૂણ્યવડે વૃદ્ધિ પામેલા અંગવાળી, અમૃત જેવા મધુર ગીત ગાનારી, પતિવ્રતા અને પતિના ચિત્તને સર્વ રીતે આલ્હાદને આપનારી તે આઠે પ્રિયાઓ સાથે દુઃખને દેશવટો આપનાર એવા દિવ્ય આવાસમાં તે કુમાર દોગુંદક જાતિના દેવની જેમ સુખપૂર્વક ભોગો ભોગવવા લાગ્યો. પિતાના પ્રસાદથી તેમજ પૂર્વના ઉત્કૃષ્ટ પુણ્ય પ્રભાવથી ચિત્તમાં ચિંતા રહિત તે કુમાર દિવ્ય સુખ પામ્યો.

આ પ્રમાણે સુખે કરીને ઘણો કાળ ગયે છતે પણ તે લક્ષ્મીપુંજકુમારનો ધર્મ જરાપણ હાનિ પામ્યો નહિ. કહ્યું છે કે—

**" सामग्गीअभावे वि हु, वसणे वि सुहे वि तह कुसंगे वि ।**
**जस्स न हायइ धम्मो, निच्छयओ जाण तं सड्ढं ॥ १ ॥ "**

" ધર્મની સામગ્રીનો અભાવ છતાં કષ્ટને વિષે, સુખને વિષે તથા કુસંગ મળ્યા છતાં પણ જેનો ધર્મ હાનિ ન પામે તેનેજ નિશ્ચયથી શ્રાવક જાણવો. "

પૂર્વના પુણ્યધનની સંપત્તિવાળી સર્વ પ્રકારના સુખની શ્રેણિ તેના એકાંત સત્પુણ્યની સાથે તત્કાળ પ્રાપ્ત થઈ. તેવા પ્રકારના સુખી અને ભાગ્ય તથા સૌભાગ્યાદિક ગુણવાળા તેને જૈનધર્મમાં તત્પર જોઈ સર્વ લોકો તેનું સન્માન કરતા હતા. તેનો ધર્મ જોઈ તેના સેવક વિગેરે પણ ધર્મી થયા. 'લોકને વિષે એવો જ વ્યવહાર છે કે સર્વ જનો મુખ્ય પુરૂષને જ અનુસરે છે.'

પૂર્વજન્મની સંપૂર્ણ પુણ્ય સમૃદ્ધિના પ્રભાવથી તેના શરીરમાં કે ઘરમાં કદાપિ આપત્તિ પ્રવેશ કરવા સમર્થ ન જ થઈ; પરંતુ વૃક્ષ પ્રત્યે લતાઓ, સમુદ્ર પ્રત્યે નદીઓ અને આકાશ પ્રત્યે તારાઓની જેમ તેના પ્રત્યે સર્વ સંપદાઓ સ્વયંવરાની જેમ આવી આવીને પ્રાપ્ત થઈ. લક્ષ્મી પણ જાણે તેનાપર રાગવાળી થઈ હોય, આસક્ત થઈ હોય, આશ્રિત થઈ હોય, મણિ. મંત્ર, ઔષધિ કે ચૂર્ણના યોગથી વશ થઈ હોય,

અત્યંત રસથી વિંધાયેલી હોય, વચનથી બંધાયેલી હોય, દોરડાથી બંધાયેલી હોય, સ્વાદ પામેલી હોય, સુખી થયેલી હોય, સંકેત કરેલી હોય, કામણ કરાયેલી હોય, નિયંત્રિત કરાયેલી હોય, સાંકળથી વીંટાયેલી હોય, ખીલી દીધેલી હોય, જમણે હાથે કોલ આપ્યો હોય અથવા પ્રીતિવડે પાણિગ્રહણ કરાયેલી હોય તેમ તેના પુણ્યયોગથી કિંચિત્ પણ ક્ષીણ થયા વિના જ તેના ઘરનો ત્યાગ કરતી નહોતી.

સુપાત્રમાં, મિત્રને, દીનને અને યાચકોને આપ્યા છતાં, પોતાના શરીરના ભોગમાં વાપર્યા છતાં અને સ્વજનાદિકને નિરંતર આપ્યા છતાં પણ તેની લક્ષ્મી અધિકાધિક વૃદ્ધિ જ પામતી હતી. તેની લક્ષ્મી નદીની જેમ સર્વને ઉપકાર કરનારી અને સર્વને સુખ કરનારી થઈ, તે લક્ષ્મી આ સૂક્તના વિપર્યાસને સૂચવન કરનારી થઈ પડી. તે સૂક્ત આ પ્રમાણે છે.

"गृहकूपी कृपणानां, लक्ष्मीर्व्यवहारिणां नगरसरसी ।
विबुधगणैः किल कथिता, तरंगिणीव क्षितीशानाम् ॥१॥"

"પંડિતોએ કૃપણની લક્ષ્મી ઘરની કૂઈ જેવી કહી છે, વેપારીની લક્ષ્મી ગામના સરોવર જેવી કહી છે અને રાજાઓની લક્ષ્મી નદી જેવી કહી છે." પરંતુ આ વેપારી છતાં તેની લક્ષ્મી નદી જેવી થઈ એ આશ્ચર્યકારક છે.

તેની લક્ષ્મીવડે કરોડો સત્પુરૂષો, સ્વજનો અને વણિકપુત્રો સુખે નિર્વાહ કરતા હતા અને ઉત્કૃષ્ટ ધર્માદિકને પણ પામ્યા હતા. જે પોતાને અને અન્ય જનોને સુખ અને ધર્મ આપનારી હોય તે જ ખરી લક્ષ્મી કહેવાય છે, અને તેનાથી જ ઉપાધિ રહિત ચારે વર્ગની સમૃદ્ધિ સધાય છે. કહ્યું છે કે—

"सा लक्ष्मीर्या धर्मकर्मोपयुक्ता, सा लक्ष्मीर्या बन्धुवर्गोपभुक्ता ।
सा लक्ष्मीर्या स्वाङ्गभोगप्रसक्ता, याऽन्या मान्या सा तु लक्ष्मीरलक्ष्मीः ॥ १ ॥"

"જે ધર્મકાર્યમાં ઉપયોગી થાય તે જ લક્ષ્મી કહેવાય છે, જે બંધુવર્ગોવડે ભોગવાય તે જ લક્ષ્મી કહેવાય છે, જે પોતાના શરીરના ભોગમાં આવી શકે તે જ લક્ષ્મી કહેવાય છે; પણ તે સિવાયની માત્ર માનવાલાયક જ હોય તે લક્ષ્મી તો અલક્ષ્મી જ છે."

આ પ્રમાણે પુત્રના પૂર્વ ભવના ધર્મનું ફળ જોઈ સુધર્મા શ્રેષ્ઠી આદરથી દાનાદિક ચાર પ્રકારનો ધર્મ કરવા લાગ્યા. તેમજ ધર્મની જેમ તે હંમેશાં આનંદથી અનેક પ્રકારના વેપાર પણ કરવા લાગ્યા. તેણે માનવા લાયક એવા બીજા સેંકડો માણસોને વેપાર કરાવ્યો. તેઓએ અને પોતે વેપારમાં અનેક કોટાકોટી દ્રવ્ય ઉપાર્જન કર્યું. પ્રેમને લીધે

પુત્રને તે વેપારની ચિંતામાં જોડચો નહિ. પુત્રના પુણ્યથી સુખી થયેલો અને નિષ્કપટ ધર્મ કરનાર તે સુધર્મા શ્રેષ્ઠી ચિરકાળ સુધી ધર્મ અને અર્થની ચિંતા કરી પ્રાંતે આયુષ્ય પૂર્ણ કરી સૌધર્મ દેવલોકમાં દેવ થયો. એક જ પુત્રથી સંતુષ્ટ થયેલી અને શીલે કરીને શોભતી લક્ષ્મીપુંજની માતા પણ ગૃહસ્થાશ્રમનું પાલન કરી આર્હત્ ધર્મના આરાધનથી સ્વર્ગસુખને ભોગવનારી થઈ.

માતાપિતાના મરણ પછી પણ લક્ષ્મીપુંજને કોઈ પણ બાબતમાં કદાપિ ચિંતા ઉત્પન્ન થઈ નહિ; કારણ કે સત્પુરૂષોનું પુણ્ય જ સર્વત્ર પિતા, ભ્રાતા અને મિત્ર સમાન હોય છે. લક્ષ્મી અને સુપુત્રરૂપ સંતતિનું ઉપાધિ રહિત સુખ, યશ, કીર્તિ અને મહત્ત્વાદિક લક્ષ્મીપુંજને સર્વથી અધિક પ્રાપ્ત થયું.

એક દિવસ રાત્રિના છેલ્લા પહોરે ધર્મધ્યાનમાં લીન થયેલા શ્રીલક્ષ્મીપુંજના ચિત્તમાં વિચાર થયો કે "જન્મના પ્રથમ દિવસથી જ આરંભીને પાપી જનોને દુર્લભ એવી સાક્ષાત્ અક્ષય્ય લક્ષ્મી મને આ જન્મમાં શાથી પ્રાપ્ત થઈ હશે ?"

આ પ્રમાણે તેને વિચાર થયો તે જ વખતે જ્ઞાનીની જેમ સંશયનો નાશ કરવામાં નિપુણ એવો કોઈ દીવ્ય દેહધારી પુરૂષ તેની પાસે પ્રગટ થયો. તેને જોઈ તે વિચારવા લાગ્યો કે "શું આ કોઈ દેવર્ષિ પ્રાપ્ત થયા છે? કે દેવ, દાનવ કે અન્ય રૂપે રહેલો કોઈ યોગીન્દ્ર કે વિદ્યાધર છે ? ગમે તે હોય; પરંતુ તેજસ્વી, સુંદર આકૃતિવાળો, ઉદાર અને સદ્ગુણી આ પુરૂષ જણાય છે. વળી પોતાને ઘેર આવેલો તો શત્રુ પણ સત્પુરૂષને પૂજ્ય છે એમ પંડિતોનો મત છે, તો આ પૂજ્ય હોય તેમાં શું કહેવું ? મણિના ગુણ જાણ્યા ન હોય તો પણ શું તે પૂજ્ય નથી ?"

આ પ્રમાણે ક્ષણવાર વિચારી વિનયથી હાથ જોડી તેને નમસ્કાર કરી તે બોલ્યો કે–"હે મહાપુરૂષ ! તમે કોણ છો ? અને ક્યાંથી આવ્યા છો ?"

આવી વિનયયુક્ત તેની વાણી સાંભળીને હર્ષ પામેલા તે પુરૂષે તેને સામો નમસ્કાર કરીને કહ્યું કે "હું સુરંગ નામનો દેવ પૂર્વજન્મમાં બંધાયેલા તારી સાથેના સ્નેહરૂપી રજ્જુવડે આકર્ષણ કરાયેલો છું, તેથી મારા સ્થાનથી હર્ષવડે અહીં આવ્યો છું. તારા ચિત્તમાં જે સંશય શંકુની જેમ તને દુઃખ કરે છે, તેને દૂર કરવા મારૂં વચન તને આજે વૈદ્ય જેવું હિતકારક લાગશે; તેથી તું સાવધાન થઈને મારૂં વચન સાંભળ :–

આ જંબૂદ્વીપના દક્ષિણ ભરતાર્ધમાં મધ્યખંડને વિષે **મણિપુર** નામનું નગર છે. તેમાં પહેલા શત્રુઓને યમરાજ જેવો **શ્રીપાળ** નામે રાજા રાજ્ય કરતો હતો. તે



નગરમાં સર્વથી ધન્ય, દાતારોમાં મુખ્ય, સર્વજનને માન્ય, કુશળ અને નામ તથા અર્થ બન્નેવડે **ધનપતિ** નામે સાર્થવાહ રહેતો હતો. તેને પ્રાણથી પણ અધિક પ્રિય અને શીળવાળી **પ્રીતિમતી** નામની પ્રિયા હતી. તેમને સાર્થક નામવાળો **ગુણધર** નામે પુત્ર થયો હતો.

ચંદ્ર જેવા મનોહર તે ગુણધરને બ્હોંતેર નિર્મળ કળાઓ અને બૃહસ્પતિની જેમ સર્વ મનોહર વિદ્યાઓ સ્ફુરાયમાન થયેલી હતી. ક્રમે કરીને તે યુવાવસ્થાને પામ્યો, ત્યારે પિતાએ તેને તત્કાળ મહોત્સવવડે શ્રેષ્ઠીઓની ઉત્તમ ગુણવાળી અને ભાગ્યશાળી કન્યાઓ પરણાવી. તે પ્રિયાઓવડે ચારે બાજુથી સર્વ રીતે સેવાતો તે ગુણધર સ્વેચ્છાથી તેઓની સાથે સુખભોગ ભોગવવા લાગ્યો અને નિરંતર લક્ષ્મી પણ ઉપાર્જન કરવા લાગ્યો.

એક દિવસ નિર્મળ બુદ્ધિવાળો તે ગુણધર ક્રીડા કરવા માટે મિત્રાદિકના પરિવાર સહિત ઉદ્યાનમાં ગયો. ત્યાં સ્વચ્છ હૃદયવાળા, ચાર જ્ઞાનવડે શોભતા **વિશદ** નામના ચારણશ્રમણ એવા આચાર્ય ભગવંતને તેણે સદ્‌ભાગ્યના યોગે જોયા; એટલે તત્કાળ તેમની પાસે જઈ આદરથી તેમને નમસ્કાર કર્યા. ત્યારે સૂરિમહારાજાએ તેને ધર્મલાભની આશિષ આપી તથા તેને ભદ્રક જાણી દયા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ પાંચ યમ દેશથી અને સર્વથી પાળવા માટે વિસ્તાર સહિત વિવિધ દૃષ્ટાંતોવડે ફળ દેખાડવા પૂર્વક સમજાવ્યા બરાબર છે.

ધર્મના રહસ્યભૂત તેમની ધર્મદેશનાને સમ્યક્ શ્રદ્ધાપૂર્વક બુદ્ધિસહિત વિચાર કરીને તેણે પોતાના હૃદયમાં સ્થાપન કરી. ત્યારપછી તેણે સમકિત સહિત પોતાની રૂચિ પ્રમાણે વ્રતો તથા ઉચિત એવા અભક્ષ્ય અને અનંતકાયાદિકના નિયમો ગ્રહણ કર્યા. તે વ્રતોમાં પણ અદત્તાદાનના ત્યાગરૂપ વ્રતમાં તેની ઘણી રૂચિ થવાથી તે વ્રતને તેણે વિશેષે કરીને ગ્રહણ કર્યું. તે વ્રતને વિશેષે જાણવાની ઇચ્છાથી તેણે આચાર્ય ભગવંતને તેનું સ્વરૂપ પૂછ્યું, ત્યારે દયાના ભંડાર એવા આચાર્યભગવંત બોલ્યા કે–" હે વત્સ ! ત્રીજા અણુવ્રતનું સ્વરૂપ તું સાંભળ—

બીજાની મણિ જેવી ઉત્તમ કે તૃણ જેવી તુચ્છ વસ્તુ પણ તેના સ્વામીએ આપી ન હોય તો તે લેવી નહિ. એ વ્રતનું મૂળ સ્વરૂપ છે. તે વ્રતને કોઈ ત્રિવિધે ત્રિવિધે કરીને ગ્રહણ કરે છે, અને કોઈ દ્વિવિધ ત્રિવિધે કરીને ગ્રહણ કરે છે. આ દેશથી વ્રત કહેવાય છે.

આ વ્રતમાં બીજા પણ ઘણા ભેદો સંભવે છે; પરંતુ તે ભેદો સત્ત્વ રહિત પ્રાણીઓને લાયક છે.

હવે આ વ્રત પાળવાનું ફળ સાંભળ—આ સર્વ ભેદોમાંથી જે ભેદો જેણે જેવા પ્રકારે ગ્રહણ કર્યા હોય, તથા તેને જે પ્રકારે આરાધ્યા કે વિરાધ્યા હોય, તેને તેવા પ્રકારનું શુભ અને અશુભ ફળ પ્રાપ્ત થાય છે.

આ જગતમાં કોઈનું પડી ગયેલું, વીસરેલું, ખોવાયેલું, હરણ કરેલું, સ્થાપન કરેલું કે રહેલું ધનાદિક થોડું કે ઘણું તેના સ્વામીએ આપ્યા વિનાનું જે કોઈ ગ્રહણ કરે તે કદાચ સિંહ જેવો ઉત્તમ પુરૂષ હોય તોપણ તે નરક ગતિમાં જાય છે, અને વિવિધ પ્રકારના વધબંધનાદિકવડે તે પીડા પામે છે. તેમજ તેને ઘણા પ્રકારનું દુ:ખ, દુ:સ્થપણું, દરિદ્રતા, ઘણા ભવ સુધી અરતિ, ભયનો સમૂહ, દુર્ગતિમાં પતન અને અહિતની શ્રેણિઓ પ્રાપ્ત થાય છે. તથા બન્ને લોકનો વિનાશ, કલંક, સુકૃતનો મૂળથી નાશ, મૂર્ખતા, ધીરજ અને બુદ્ધિ વિગેરેનો ક્ષય તથા અનેક પ્રકારની વિપત્તિઓ તત્કાળ તેની પાછળ આવે છે.

તથા ઉચિતપણે આ વ્રતનું આરાધન કરવાથી મનુષ્યોને બે પ્રકારની [1]શિવસંપત્તિ અને સર્વ શુભને વહન કરનારી બન્ને લોકની સિદ્ધિ પ્રાપ્ત થાય છે, અક્ષર વિનાની વાણીની જેમ મોટા અનર્થના સમૂહો વિનાશ પામે છે, ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરૂષાર્થની સિદ્ધિને માટે એટલું દ્રવ્ય પ્રાપ્ત થાય છે કે સમુદ્રના જળની જેમ કદાપિ તે ક્ષીણ થતું નથી.

આ જગતમાં જેઓ અદત્તાદાનના ત્યાગની પ્રતિજ્ઞા કરી કુલપર્વતની જેમ સ્થિર રહે છે, તેઓનો નિત્ય, અદ્વિતીય અને અનંત યશ અનંત આકાશની જેમ જગતમાં વ્યાપી રહે છે અને તે જય પામે છે, તેઓ સર્વ તેજસ્વીઓના મધ્યમાં સૂર્યની જેમ મુખ્ય થાય છે, તેઓ સુંદર પ્રકૃતિવાળાના મધ્યમાં ચંદ્રની જેમ મુખ્ય થાય છે, અને તેઓ સર્વનો ઉપકાર કરવામાં જેમની જીંદગી ઉદ્યમવંત છે એવા મનુષ્યોમાં ઉન્નત મેઘની જેમ અગ્રેસર થાય છે. આ પ્રમાણે ત્રીજા અણુવ્રતને પાળવાથી થતા શુભ ફળને સાંભળી તું જીવન પર્યંત આ વ્રતનું સારી રીતે પાલન કર."

આ પ્રમાણે આચાર્ય ભગવંતનું વચન સાંભળી તેને 'तहत्ति' કબુલ એમ કહી માયારહિતપણે તેમનું વચન અંગીકાર કરી આચાર્ય ભગવંતને વંદના કરીને તે વ્રતના પરિણામથી વાસિત થઈ પરિવાર સહિત પોતાને ઘેર ગયો. પછી પરસ્પર બાધા ન થાય તેમ ધર્માદિક ત્રણે પુરૂષાર્થને સફળ કરીને એક દિવસ તે ગુણધર પોતાની પાસે અક્ષય

૧. કલ્યાણ સંપત્તિ અને મોક્ષ સંપત્તિ.

લક્ષ્મી છતાં પણ પોતાના ભાગ્યની પરીક્ષા કરવા માટે માતા, પિતા, પ્રિયાઓ અને સર્વ સ્વજનની રજા લઈ લાભ આપનારાં અગણિત કરિયાણાં ગ્રહણ કરી દૂર દેશાંતરમાં ગયો.

ત્યાં **પૃથ્વીપ્રતિષ્ઠિત** નામના નગરમાં જઇ ત્યાંના રાજાને ભેટવડે પ્રસન્ન કરી તેની અનુજ્ઞાથી નગરમાં ભાડે મકાન લઈ તેમાં કરિયાણાં ભરી પરિવાર સહિત રહ્યો, અને ત્યાં પણ હમેશાં દેવ અને ગુરૂની પૂજા કરતો ધર્મમાં જ તત્પર રહેવા લાગ્યો. વળી તે ગુણધર અનેક વણિક પુત્રોને મધુર વાણીવડે લક્ષ્મીના પાત્રરૂપ કરવા લાગ્યો. ઘણા લોકોની સાથે મિત્રાઈ કરી તેમને ધર્મોપદેશવડે પવિત્ર કરવા લાગ્યો અને પોતે અનેક પ્રકારના વ્યાપાર કરતો છતો તેઓને પણ વ્યાપાર કરાવવા લાગ્યો.

વ્યાપારમાં પણ શુદ્ધિવડે જ ધર્મી મનુષ્યનું જીવિત શુદ્ધ રહે છે, તેથી તે વ્યાપાર સંબંધી શુદ્ધિ પણ ગૃહસ્થીઓને ત્રીજા વ્રતના અતિચારો વર્જવાપૂર્વક પ્રયત્નવડે સાધવા લાયક છે.

ન્યૂનાધિક તોલા કે માપા કરવા ૧, ચોરે આણેલી વસ્તુ ગ્રહણ કરવી ૨, બનાવટી વસ્તુ કરી તેને સાચી વસ્તુની જેમ વેચવી ૩, ચોરને ચોરી કરવાની અનુજ્ઞા અથવા સહાય આપવી ૪, અને શત્રુરાજાના રાજ્યમાં પોતાના રાજ્યની મનાઇ છતાં વ્યાપાર કરવા જવું ૫, ત્રીજા વ્રતના આ પાંચ અતિચારો છે. તે દરેકે વર્જવા.

આ પ્રમાણે કરતા તે ગુણધરે પૂર્ણ પ્રખ્યાતિ અને માહાત્મ્ય પામી સુખે કરીને ઘણી લક્ષ્મી ઉપાર્જન કરી. એવી રીતે તે નગરમાં અમિત લક્ષ્મી ઉપાર્જન કરીને ભાગ્યવડે દુર્દશાનો પરાજય કરી ત્યાંના રાજાને વશ કરી તેણે ધર્મની પણ ઉન્નતિ કરી.

એક દિવસ પિતાદિકના બોલાવવાથી તે ગુણધર સાર્થપતિ રાજાની રજા લઈ પ્રથમ પોતાના સર્વ સાર્થને વિદાય કરી પાછળથી પોતે પણ ચાલ્યો. અશ્વપર આરૂઢ થઈ વેગથી માર્ગમાં જતો અનુક્રમે ગામ, આકર, પુર અને અરણ્ય વિગેરેને ઓળંગતો એક દિવસ પ્રાતઃકાળે કોઈ નગરથી નીકળી અત્યંત દૂર આવેલા અને મોટા વિસ્તારવાળા **આનંદી** નામના વનમાં તે વેગથી ચાલ્યો જતો હતો.

તેવામાં અશ્વપર આરૂઢ થયેલા તેણે માર્ગમાં કોઈ દેવીના કાનમાંથી નીચે પડી ગયાં હોય એવાં મણિમય મનોહર બે કુંડળને જોયાં. તેજવડે દેદીપ્યમાન એવા તે ઉત્તમ કુંડળને જોઈને પણ તેણે તે વખતે સૂર્યના પ્રકાશથી જેમ દૃષ્ટિને પાછી ફેરવી લે તેમ પોતાની દૃષ્ટિને પાછી ખેંચી લીધી.

અનુક્રમે આગળ જતાં તેણે સન્મુખ પડેલો મણિઓથી શોભતો એક ઉત્તમ હાર

અને ત્યારપછી મણિ, રત્ન અને સુવર્ણના સમૂહવડે ભરેલો સંપૂર્ણ કુંભ પણ જોયો. તો પણ તેણે ગ્રહણ કરેલા વ્રતની દૃઢ શ્રદ્ધાને મનમાં વિચારી નિઃસ્પૃહીઓમાં અગ્રેસર એવા તેણે તે હારને દોરાની માળા જેવો અને તે કુંભને પથ્થરથી ભરેલા નિધિ જેવો જાણી તેમનો ત્યાગ કર્યો, અર્થાત્ તે વસ્તુઓ ગ્રહણ કરી નહિ.

તેણે વિચાર કર્યો કે—"આ શું? આ ત્રણ વસ્તુ મારી સન્મુખ કેમ આવી? એ જાણવાની ઇચ્છા થાય છે, પણ એવા વિચારથી શું ફળ છે? કાંઈ જ નહિ."

પછી વિસ્મયવડે વિકસ્વર મનવાળા તેણે માર્ગમાં જતા વેગવાળા પોતાના અશ્વને અકસ્માત્ થાકી ગયેલ જોયો; એટલે તરતજ તે અશ્વપરથી નીચે ઉતરી ગયો. પછી જેટલામાં તે સંબંધી તે ચિંતાતુર થાય છે, તેટલામાં તે અશ્વને પ્રાણ રહિત થઈ ગયો હોય તેવો તેણે જોયો. તેથી કાંતિ રહિત મુખવાળો અને ખેદથી વ્યાપ્ત થયેલો તે મનમાં વિચાર કરવા લાગ્યો કે—"શું આ અશ્વ તૃષાદિકની પીડાથી મૂર્છિત થયો છે કે ખરેખર મરણજ પામ્યો છે? અથવા કોઈ ક્ષુદ્ર દેવે એને અચેતન બનાવ્યો છે?"

આ પ્રમાણે ક્ષણવાર વિચાર કરી તે દેવ પ્રત્યે બોલ્યો કે—"અરે દેવ! જાતિવંત, તેજસ્વી સર્વ લક્ષણથી સંપૂર્ણ, વક્ર મુખવાળો છતાં પણ સ્વામીનો ભક્ત, ચિત્તને પ્રસન્ન કરનાર, મનોહર ગતિવાળા, માર્ગમાં સહાયભૂત, અત્યંત બળવાન, કૃશ કર્ણવાળા, કોમળ મધ્ય સંસ્થાનવાળા, વિપુલ પીઠવાળા, સમૃદ્ધિને આપનારા, શરીરે પુષ્ટ, સર્વ ગુણયુક્ત અને સુખને આપનારા એવા આ અશ્વનો અકાળે સંહાર કરતા એવા તેં આ શું કર્યું? જો કદાચ મને નિઃસ્પૃહ જોઈને તેં આ પ્રમાણે કર્યું હોય તો ભલે તું તારૂં ઇચ્છિત કર, પરંતુ મારા સુકૃતને હું મ્લાનિ તો પમાડીશ નહિ."

આ પ્રમાણે આત્માની સાક્ષીએ બોલી પોતાને અશ્વ વિના માર્ગ ઓળંગવો દુષ્કર છે એમ ધારી ફરી તેણે વિચાર કર્યો કે—"જો કોઈ અત્યંત ઉપકારી મુસાફર વૈદ્ય અહીં આવીને ઔષધવડે આ અશ્વની ચિકિત્સા કરી તેને જીવાડે તો હું તેને આ અશ્વના પ્રમાણ જેટલું ધન આપું."

આ પ્રમાણે પ્રતિજ્ઞાપૂર્વક વિચાર કરી આશાને વશ થઈ આમતેમ ભમતો તે સર્વ દિશાઓ તરફ જોવા લાગ્યો. તેમ કરતાં તેને ઘણી વેળા વીતી ગઈ, તો પણ ત્યાં માર્ગમાં કોઈ પણ પથિક જન આવ્યો નહિ; પરંતુ લાંબાકાળ સુધી પ્રવાસ કરવાથી ઉત્પન્ન થયેલી તૃષાએ તેને અત્યંત આકૂળ વ્યાકૂળ કર્યો. તે તૃષાથી પીડાયેલો સાર્થપતિ અત્યંત થાકી ગયો તોપણ તે વનમાં ભમવા લાગ્યો; માર્ગની શોધ કરતાં તે વિરામ

પામ્યો નહિ, તેમજ તે માર્ગની શુદ્ધિને પણ પામ્યો નહિ; કારણ કે માર્ગની શુદ્ધિ તેના જાણકાર વિના મળી શકતી નથી. તેથી ખેદ પામેલો તે ગુણધર કોઈ ગાઢ છાયાના સમૂહવાળા વૃક્ષની નીચે થાકીને બેઠો, તેવામાં ઝાડ ઉપરથી નીચે ટપકતું પાણી જોવામાં આવ્યું–તેને ઉંચે જોતાં તે વૃક્ષની શાખાપર લટકાવેલી પાણીની એક મસક દીઠી.

તે વખતે તેણે વિચાર કર્યો કે "આ મસક કોની હશે? કોણે પાણીથી ભરી હશે? અને આનો સ્વામી કયાં ગયો હશે? જો કદાચ તેને હું દૃષ્ટિવડે જોઉં તો તેની પાસે પ્રાર્થના કરી પાણી પીઉં, અને તૃષાનું દુઃખ દૂર કરૂં."

આ પ્રમાણે હૃદયમાં વિચારતો તે પરાક્રમી ત્યાં બેઠો હતો, તેટલામાં તે વૃક્ષની શાખાના અગ્રભાગપર એક પોપટ બેઠો હતો, તે સ્પષ્ટ રીતે મનુષ્યની ભાષાથી બોલ્યો કે—"હે મુસાફર! તું તારી શારીરિક ચેષ્ટાથી અત્યંત તૃષાતુર જણાય છે, તો ઉંચે રહેલી મસકમાં પાણી ભરેલું છે; છતાં તૃષાતુર એવો તું તે પીતો નથી, અને તરસ્યો જ બેસી રહ્યો છે તેનું શું કારણ છે? તે કહે.

આ વૃક્ષપર મારા કુળનું રક્ષણ કરનાર મારો માળો છે, તેમાં હું સ્વેચ્છાએ વસું છું, તેથી તું મારો અતિથિ થયો છે. જેવો તેવો સામાન્ય અતિથિ પણ પુણ્યથી જ પ્રાપ્ત થાય છે, તો તારા જેવા સર્વ શ્રેષ્ઠ ગુણવાન અતિથિ માટે તો શું કહેવું? તેથી કરીને પુણ્ય રૂપી જ્યોત્સ્નાના ચંદ્ર સમાન હે મહાનુભાવ! ગમે તેનું આ જળ હોય તો પણ તું તેનું શીઘ્ર પાન કર. એક આશ્રયના સંબંધથી એની અનુજ્ઞા મારે આપવી એ ઉચિત જ છે. માટે મારાપર કૃપા કરી તૃષાને દૂર કરી સુખી થા. તૃષાને લીધે અત્યંત અધૃતિ થાય છે, અને અધૃતિ થયે છતે ધર્મની બુદ્ધિ રહી શકતી નથી. તે માટે આ જળનું પાન કરી ધૃતિવાળો થઇ ફરીથી પુણ્યકર્મ કરજે. કહ્યું છે કે:—

"सव्वत्थ संजमं रक्खिज्ज, संजमाउ अप्पाणमेव रक्खिज्जा ।
मुच्चइ अइवायाओ, पुणो विसोही न याविरई ॥१॥"

"સર્વત્ર સંયમનું રક્ષણ કરવું, અને સંયમથી પણ આત્માનું રક્ષણ કરવું; કેમકે અતિચારથી મુક્ત થવાય છે, ફરીથી શુદ્ધ થવાય છે, પણ તેથી કાંઈ અવિરતિ પ્રાપ્ત થતી નથી."

આ પ્રમાણેના તે પોપટના વચન સાંભળી ગુણધર બોલ્યો કે—"હે પોપટના કુળમુગટ! પંડિતોએ જે કહ્યું છે તે તું સાંભળ. કેમકે ધર્મનું તત્ત્વ તું બરાબર જાણતો નથી. તેં મને જે હિતકરવચન કહ્યું તે તત્ત્વજ્ઞાનીઓની દૃષ્ટિથી હિતકારક



નથી; કેમકે તું આ મસકનો કે તેમાં રહેલા જળનો સ્વામી નથી. જે જેનો સ્વામી હોય, તે પોતે જો શ્રદ્ધાથી આપે, તો સ્વામીએ આપેલું હોવાથી તે લેવામાં સત્પુરૂષને અદત્તનો દોષ લાગતો નથી. 'હું આ ભવમાં અદત્તને ગ્રહણ નહિ કરૂં' એવી પ્રતિજ્ઞાવાળા સત્પુરૂષોને બન્ને લોકમાં અચૌર્યના આશ્રયવાળી સર્વ સંપત્તિઓ પ્રાપ્ત થાય છે. અદત્તને ગ્રહણ કરનાર મનુષ્યોને કાંઈ પણ ગુણ થતો નથી, તેમજ સુખ, યશ, લક્ષ્મી અને ધર્મ પણ થતો નથી; પરંતુ દુર્ગતિ પ્રાપ્ત થાય છે.

જે મનુષ્ય અદત્ત ગ્રહણરૂપ દોષપર એક વાર પણ આરૂઢ થાય તેની જન્મથી આરંભીને ઉપાર્જન કરેલી કીર્તિ તત્કાળ નષ્ટ થઇ જાય છે; તેથી આ જળ તારૂં ન હોવાથી હું તારા કહેવાથી તે ગ્રહણ કરીશ નહિ, અને પ્રાણાંતે પણ હું તેનું પાન કરીશ નહિ. તૃષાના ઉદયથી જળપાન નહિ કરતાં એકજ વાર મરણ થાય છે; પરંતુ તેમાં એકવાર પણ અતિચાર લગાડતાં તો અનંત મરણોને પામનારો તે પ્રાણી થાય છે."

આ પ્રમાણે મન, વચન અને કાયાથી વ્રતની દૃઢતાવાળો તે સાર્થપતિ પોપટ પક્ષીની સાથે વાર્તા કરતો હતો, તેવામાં તત્કાળ તે પક્ષી અદૃશ્ય થઈ ગયો. તે જોઈને વિસ્મય પામેલા એવા તેની પાસે અકસ્માત્ ચિંતવ્યા વિના એક પુરૂષ પ્રગટ થયો. તે પુરૂષ તેની પાસે આવી સત્ય પ્રતિજ્ઞાવાળા ગુણધરને નમસ્કાર કરી તેને કહેવા લાગ્યો કે—"હે ભદ્ર! તું એકજ પોતાના વ્રતમાં દૃઢ હોવાથી ખરો સાત્વિક છે."

આ પ્રમાણે તેણે કરેલી પોતાની શ્લાઘા સાંભળી તે સાર્થપતિ બોલ્યો કે—"તું અન્યના ગુણ જોઈ હર્ષ પામે છે, તેથી તું પણ આ જગતમાં ગુણી છે; પરંતુ હું તારા આશ્ચર્યકારક ચરિત્રને પૂછું છું, તે તું પ્રથમ કહે, કે તું કોણ છે? અને કયાંથી તેમજ શા માટે અહીં આવ્યો છે?" ત્યારે તે બોલ્યો કે—"હે ભદ્ર પ્રકૃતિવાળા! હે અમાયાવી! હે કુશળ પુરૂષ! સાંભળ :—

આજ ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય નામનો પર્વત છે. ત્યાં દક્ષિણ શ્રેણિને વિષે **વિપુલા** નામની યથાર્થ નામવાળી નગરી છે. તે **ચંદ્ર** નામના વિદ્યાધરપતિની પ્રસિદ્ધ રાજધાની છે. તેમાં **વિશદ** નામનો ઉત્તમ વિદ્યાધર વસે છે, તેને મણિની માળા જેવી નિર્મળ **મણિમાલા** નામની પ્રિયા છે, તેમનો હું **સૂર્ય** નામે પુત્ર છું. સમય પ્રાપ્ત થયે મને સમગ્ર કળાઓ ગ્રહણ કરાવી, અને ઉપાધ્યાયની પાસે સર્વ શાસ્ત્રોનો અભ્યાસ કરાવ્યો. *ચિંતિત અર્થને આપનારી પ્રજ્ઞપ્તિ વિગેરે પ્રસિદ્ધ અને અમિત વિદ્યાઓ પિતાએ મને*

આપી. તે સર્વેને મેં સુખેથી સાધી લીધી. તેના બળથી લીલાએ કરીને પર્વતાદિક ઇચ્છિત સ્થાનોમાં સ્વેચ્છાએ વિચરતો હું નિત્ય વિલાસ કરૂં છું અને ફરૂં છું.

પ્રભુ, મંત્ર અને ઉત્સાહ એ ત્રણે પ્રકારની શક્તિવાળો હોવાથી હું કોઈના પરાક્રમને કે તેજને ગણુતો નથી, અને મારી પરણેલી પ્રૌઢ સ્ત્રીઓ સાથે હું સ્વેચ્છાથી રમું છું.

એક દિવસ **વિમલાચાર્યની** પાસે ધર્મ દેશના સાંભળીને પ્રતિબોધ પામેલા મારા પિતાએ દીક્ષા ગ્રહણ કરી. આગમમાં કહ્યા પ્રમાણે ગ્રહણા અને આસેવના નામની બન્ને પ્રકારની શિક્ષા તેમણે ગ્રહણ કરી અને સદ્‌ગુરૂની સેવા પણ કરી. ગુણના સમુદ્રરૂપ તેમને તપ અને સંયમના પ્રભાવથી અનેક લબ્ધિઓ પ્રાપ્ત થઈ, ગુરૂના પ્રસાદથી અતિશય સહિત સર્વ શ્રુતનો તેમણે અભ્યાસ કર્યો, વિનયરૂપ સમૃદ્ધિથી યુક્ત, પોતાના ઉત્કૃષ્ટ અનુષ્ઠાન ક્રિયામાં જ બુદ્ધિની નિષ્ઠા રાખનાર, ધીરતા યુક્ત, પરિષહોથી ક્ષોભ નહિ પામનાર તથા પ્રમાદ અને મદથી રહિત એવા તે મારા પિતા મુનિ અનુક્રમે ગુરૂની પાસેથી આચાર્યપદ પામ્યા.

પછી મનોહર ચારિત્રની નિર્મળતાથી ચાર જ્ઞાન પ્રાપ્ત કરી ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધ કરવા ચિરકાળ પૃથ્વીપર વિચરી તેમણે અમૃત જેવી પોતાની ધર્મદેશનાની વાણીવડે સમગ્ર પૃથ્વીને રસ સહિત કરી.

અહીં ગૃહવાસમાં વસતો અને પિતાની ધુરાને ધારણ કરતો હું કુકર્મ અને કુસંગના યોગથી ચોરી કરતાં શીખ્યો. તેથી નિરંતર અનેક વિદ્યાના બળવડે પૃથ્વીપરના અનેક રાજાઓનું અનર્ગલ ધન હું હરણ કરવા લાગ્યો.

ચોરીની બુદ્ધિથી મારા મનમાં અત્યંત ક્રૂરતાએ વાસ કર્યો અને બીજા દોષોએ પણ તે ક્રૂરતા સાથેના સ્નેહથી જ જાણે હોય તેમ મારા મનમાં જ સ્થિતિ કરી. સત્ય, સદ્‌બુદ્ધિ, સંતોષ, ક્ષમા, દમ અને દયા વિગેરે સર્વ ગુણો તે ક્રૂરતાથી જાણે ભય પામ્યા હોય, અને જાણે કોઈએ લઇ લીધા હોય તેમ મારાથી દૂર નાશી ગયા.

આવા અવસરે મારા સદ્‌ભાગ્યે જાણે બોલાવ્યા હોય તેમ તે મારા પિતા **વિશદસૂરિ** સાધુઓના સમૂહ સહિત વિપુલાનગરીમાં પધાર્યા. તે વખતે ઉદ્યાનપાળકના મુખથી તેમનું આગમન સાંભળી મહોત્સવપૂર્વક પરિવાર સહિત વિદ્યાધરનો રાજા હું અને બીજા ઘણા વિદ્યાધરો તેમને વાંદવા ગયા. ભક્તિથી ગુરૂને વાંદી હર્ષથી સર્વે યોગ્ય સ્થાને બેઠા. પછી ગુરૂએ ધર્મદેશના આપી. તે સાંભળી પ્રતિબોધ પામેલા ઘણાએ પોતપોતાની રૂચિ

પ્રમાણે સમકિત, દેશવિરતિ અને સર્વવિરતિ વિગેરે ગ્રહણ કર્યું. તે સર્વે પોતપોતાને સ્થાને ગયા.

પછી મને પ્રત્યક્ષ શિક્ષાપૂર્વક મહા હિતકારક ધર્મોપદેશ આપીને તે બે પ્રકારે પૂજ્ય પિતાએ ન્યાયથી મનોહર એવો ચોરીનો મને નિયમ આપ્યો, અને ચોરીના મોહનો ત્યાગ કરાવ્યો. મારા વ્રતની સ્થિરતાને માટે અદત્તના ત્યાગરૂપ વ્રતને પાળવામાં તેમણે મારી પાસે તમારૂં દૃષ્ટાંત આપ્યું; તેથી પ્રત્યક્ષ રીતે બંને લોકમાં હિતકારક ગુરૂની શિક્ષા જાણીને તેમની આજ્ઞાથી મેં મારા ચિત્તમાં ભક્તિપૂર્વક તે વ્રત અંગીકાર કર્યું; પરંતુ મારા ચિત્તમાં મેં એટલો તો વિચાર કર્યો કે—

'પિતાએ જે ગુણધરનું મને દૃષ્ટાંત આપ્યું છે તે કેવા આકારવાળો, કેવા આચારવાળો અને વ્રતમાં કેવો દૃઢ છે તેની એકવાર હું પરીક્ષા કરૂં; કારણ કે આવા મહર્ષિ પણ જેનું દૃષ્ટાંત આપી પ્રશંસા કરે છે, તે કેવો હશે?'

આ પ્રમાણે વિચાર કરી વનમાં જતા તને જોઈ તારી પાસે અનુક્રમે મણિના કુંડળ, હાર અને નિધાન પડેલા મેં બતાવ્યા, તેને જોઈને પણ તેને લેવામાં તારૂં મન જરા પણ ડગ્યું નહિ. વળી તને વધારે દુઃખ થવા માટે તારો જાતિવંત અશ્વ પણ તને મેં મરેલો દેખાડ્યો. હવે હું વિદ્યાથી તેને જીવતો દેખાડું છું. તેનાપર આરૂઢ થઈ તું હર્ષથી તારા નગર તરફ જા. તથા તું તૃષાતુર થયો છે એમ જાણી પાણીથી ભરેલી મસક તને દેખાડી પોપટને રૂપે મેં જ તને પાણી પીવાનું આમંત્રણ કર્યું; તો પણ તેં પરના અદત્તપણાને લીધે તે જળ પીધું નહિ. પરંતુ દુઃસહ એવી તૃષા તેં સહન કરી એ મને મોટું આશ્ચર્ય લાગ્યું.

હે ભદ્ર! આ પૃથ્વીપર તું ભવ્ય જીવોના મધ્યમાં ભદ્રસ્થાનરૂપ છે, કારણ કે સત્ય પ્રતિજ્ઞાવાળા એવા તેં પોતાના વ્રતનો પરિપૂર્ણ નિર્વાહ કર્યો છે. આ રીતે જાતિવંત સુવર્ણની જેમ મેં તારી પરીક્ષા કરી છે. તેમાં તેં પોતાને વિષે જ પાપ રહિત અને શ્લાઘા કરવા લાયક અમૂલ્યપણું બતાવી આપ્યું છે. તારી પ્રતિજ્ઞા તેં સિદ્ધ કરી તેથી ગુરૂની વાણી પણ સત્ય થઈ છે, તેથી હવે હું તને મારા અપરાધ સંબંધી મિથ્યાદુષ્કૃત આપું છું, અને આ પ્રમાણે તારૂં ત્રીજા અણુવ્રત સંબંધી અત્યંત દૃઢપણું જોઈ હું સંતુષ્ટ થયો છું, તેથી તું મારી પાસેથી કાંઈક પણ લઈને મારા પર અનુગ્રહ કર."

આ પ્રમાણે કહીને તે વિદ્યાધરે હર્ષથી તે સાધર્મિક ગુણધરની ભક્તિ કરવા માટે તેને પાઠસિદ્ધ આકાશગામિની વિદ્યા આપી. આ સિવાય બીજી પણ વિદ્યા, મંત્ર, ઔષધિ

વિગેરે અનેક ઉચિત વસ્તુ આપીને તે વિદ્યાધરે તેની પાસે ઘણું દ્રવ્ય મૂકી તે લેવાની પ્રાર્થના કરી. ત્યારે તે ગુણધરે તેની પાસેથી સર્વ વિદ્યાદિક ગ્રહણ કરી તેને સંતોષ પમાડી સ્વચ્છ બુદ્ધિથી તેને પૂછ્યું કે—

"આ સર્વ ધન કોનું છે?" તે સાંભળી તે વિદ્યાધર બોલ્યો કે—"હમણાં તો આ ધન મારૂં જ છે; પરંતુ પ્રથમથી કહું તો કેટલુંક મારૂં અને કેટલુંક બીજાનું પણ ગ્રહણ કરેલું આ ધન છે." તે સાંભળી સાહસિકમાં અગ્રેસર એવો તે ગુણધર સાર્થવાહ બોલ્યો કે—

"હે ખેચર! આવું આચરણ કરવાથી તું નિંદાને પાત્ર છે; કેમકે એક તરફ તું ધર્મતત્ત્વને અંગીકાર કરે છે, અને બીજી તરફ જાણે ધર્મપર રોષ થયો હોય તેમ તેનાથી વિપરીત આચરણ કરે છે, તે આશ્ચર્ય છે. ચોરીથી પ્રાપ્ત થયેલી લક્ષ્મીની સાથે મેળવેલું આ તારૂં શુદ્ધ ધન પણ મદિરાના લેશવડે સમગ્ર જળની જેમ અશુદ્ધજ થયું છે. જો તેં પિતારૂપ ગુરૂની પાસે ધર્મ અંગીકાર કર્યો હોય, અને તે ધર્મને સ્થિર કરવા જો નિર્મળ મનવડે તારી ઇચ્છા હોય, જો તું ચોરીથી નિવૃત્ત થયો હોય, અને જો તારે સારા વ્રતવાળા થવું હોય, તો આ ચોરેલા ધનનો જલદી ત્યાગ કર અને જેનું જે કાંઈ ધન જાણવામાં કે સ્મરણમાં આવે તે સર્વ તેમને પાછું આપ.

આ પ્રમાણે મન, વચન અને કાયાની શુદ્ધિવડે તું કરીશ ત્યારે તને મોટો પુણ્યનો સમૂહ, પ્રીતિ અને સર્વત્ર પ્રસિદ્ધિ પ્રાપ્ત થશે."

આ પ્રમાણે તે સાર્થવાહની સત્ય અને પ્રશસ્ત વાણીવડે પ્રસન્ન થયેલા તે વિદ્યાધરે ક્ષણવારમાં તે પ્રમાણે કર્યું. ત્યારપછી પુણ્યશાળી અને સર્વ કુશળ પુરૂષોમાં અગ્રેસર એવા તે સાર્થવાહે અશ્વ જીવાડનારને જે ધન આપવાનો પોતાના મનમાં સંકલ્પ કર્યો હતો તેનું સ્મરણ કરી 'અવશ્ય તે ધન દેવું જોઇએ, નહિ તો વ્રતનો ભંગ થાય'

એમ ધારી તેટલું ધન વિદ્યાધરની પાસે મૂકયું. ઘણો આગ્રહ કર્યા છતાં તેણે તેમાંથી કાંઇપણ ધન ગ્રહણ કર્યું નહિ, ત્યારે તે સાર્થવાહે તે વિદ્યાધરની સાક્ષીએ તે સર્વ ધન હર્ષથી ધર્મસ્થાનોમાં વાપર્યું. પછી ધર્મસંબંધી વાતો કરી મનમાં હર્ષ પામી પાપના તાપને હરનાર ધર્મનું ચિંતવન કરતા તે બન્ને છૂટા પડી પોતપોતાને સ્થાને ગયા.

પોતાને ઘેર ગયા પછી પણ તે ગુણધર સાર્થવાહ સેંકડો ધર્મના અવસરો પામીને શ્રી જિનભવન અને શ્રી જિનપ્રતિમા વિગેરે સાતે ધર્મસ્થાનોને પુષ્ટ કરવા લાગ્યો. દીનાદિક જનોને પણ સર્વદા દાન આપવા લાગ્યો, સમ્યક્ પ્રકારે વ્રત તથા અભિગ્રહનું

પાલન કરવા લાગ્યો, નંદીશ્વરદ્વીપ અને મેરૂપર્વત વિગેરે સ્થાનોમાં આકાશગામી વિદ્યાના પ્રભાવથી જઈ શાશ્વત પ્રતિમાઓની તેણે યાત્રા કરી. શ્રીશત્રુંજય, શ્રીઉજ્જયંત આદિ સર્વ તીર્થોમાં મોટા મોટા પૂજાના ઉત્સવો કર્યા.

આ રીતે મંત્ર, ઔષધિ, આકાશગામી વિદ્યા તથા સમગ્ર વિત્તને ધર્મકાર્યમાં કૃતાર્થ કરી તથા ઉત્તમ પુરૂષો પર અનેક પ્રકારના ઉપકારો કરી તેણે પોતાનું જીવિત સુચરિત્રોવડે ભરપૂર કર્યું. ચિરકાળ સુધી દાન, શીળ, તપ અને ભાવ સહિત ગૃહસ્થ ધર્મનું આરાધન કરી તે ગુણધર સાર્થવાહ આયુષ્ય પૂર્ણ કરીને અહીં તું લક્ષ્મીપુંજ થયો છે; અને તે વિદ્યાધર સદ્ગુરૂએ કહેલા વિશુદ્ધ ધર્મને આરાધી આયુષ્યનો ક્ષય થયે એક પલ્યોપમના આયુષ્યવાળો હું વ્યંતર જાતિના દેવોનો ઇંદ્ર થયો છું. તેં પૂર્વે સાર્થવાહના ભવમાં શ્રદ્ધાથી જે સુકૃત કર્યું હતું, તેના પ્રભાવથી આ ભવમાં જન્મ દિવસથી જ આરંભીને તને સમગ્ર ધનસંપત્તિ પ્રાપ્ત થઈ છે અને થાય છે.

તથા પૂર્વ ભવના દૃઢ ધર્મસ્નેહને લીધે હું તારી પાસે આવીને નિરંતર તને સુખ ઉપજાવવા માટે આદરપૂર્વક અખૂટ લક્ષ્મી પ્રગટ કરૂં છું." આ પ્રમાણે કહીને તે વ્યંતરદેવે તેનો સંદેહ દૂર કર્યો, અને દિવ્ય વસ્ત્ર આભૂષણ વિગેરે આપી તેને વિશેષ સંતુષ્ટ કર્યો. ત્યારપછી તે વ્યતરેંદ્ર તેની રજા લઈને પોતાને સ્થાને ગયો.

લક્ષ્મીપુંજ શેઠ પણ વ્યંતરેંદ્ર પાસેથી પોતાનો પૂર્વભવ સાંભળી હર્ષ પામ્યા, અને ક્ષણવાર વિચાર કરતાં તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી વ્યંતરેંદ્રનું કહેલું સર્વ સત્ય છે એમ નિશ્ચય કરી તે અર્હદ્ધર્મમાં અતિ દૃઢ થયા. નિરંતર ધર્મને નહિ મૂકતા, નિંદિત કર્મને નહિ કરતા, અનર્ગલ દાન દેતા અને સત્પુરૂષોની સંગતિ કરતા તે લક્ષ્મીપુંજ શાતાવેદનીયના ઉદયથી ભોગરૂપ ફળવાળા કર્મને લઈને સમગ્ર ભોગસામગ્રી પામી કૃતાર્થ થયા.

એક દિવસ સૂર્યની પ્રભાને પામીને જેમ પ્રાતઃકાળ પ્રકાશમાન થાય તેમ ગુરૂમહારાજના ત્યાં પધારવાથી તેમની વાણી પામીને લક્ષ્મીપુંજના ચિત્તમાં વિશેષ વિવેક ઉત્પન્ન થયો, તેથી રંગ સહિત સંવેગરૂપી જળવડે પાપમળનું પ્રક્ષાલન કરી લઘુકર્મી એવા તે લક્ષ્મીપુંજ શેઠે હર્ષથી ઘણા શ્રેષ્ઠિઓ સહિત ગુરૂની પાસે દીક્ષા ગ્રહણ કરી, અગ્યાર અંગનો અભ્યાસ કર્યો, અને ઘણા પ્રકારનો તપ કર્યો. અનુક્રમે શુદ્ધ ચારિત્રનું પાલન કરી અનશનાદિકવડે કાળધર્મ પામી બારમા દેવલોકમાં ઉત્તમ દેવલક્ષ્મી પામ્યા.

ત્યાં બાવીશ સાગરોપમનું દેવાયુષ્ય ભોગવી મનુષ્યભવમાં રાજા થઈ યથાખ્યાત ચારિત્રવડે કેવળજ્ઞાન પામી પૃથ્વીપર વિચરી ભવ્યજીવોને પ્રતિબોધ કરી તે સિદ્ધિપદને પામશે.

ત્યાં તેને સિદ્ધના આઠ ગુણ અને અનંત ચતુષ્ટય પ્રાપ્ત થશે.

હે ભવ્ય પ્રાણીઓ ! પૂર્વ ભવના વૃત્તાંતવડે મનોહર આ લક્ષ્મીપુંજનું ચરિત્ર વાંચી તત્ત્વના અભ્યાસીએ ત્રીજા અણુવ્રતના આરાધન માટે પ્રયત્ન કરવો.

## ત્રીજા વ્રત ઉપર શ્રી લક્ષ્મીપુંજની કથા.

આ પ્રમાણે શ્રીજયાનંદકુમારના મુખથી અદત્તના ગ્રહણ અને ત્યાગનું ફળ સાંભળી રતિમાલા રાણીએ પ્રતિબોધ પામી યાવજ્જીવ અદત્તાદાનનો નિયમ કર્યો; તથા કુમારની જ વાણીથી બીજો પણ શ્રાદ્ધયોગ્ય ધર્મ તેણે હર્ષથી અંગીકાર કર્યો.

'સત્સંગ કલ્પવૃક્ષ સમાન છે.' કુમાર, રતિસુંદરી અને રતિમાલા એ ત્રણે સમાન ધર્મી થવાથી સર્વ પ્રકારના સુખ ભોગવતા પરસ્પર પ્રીતિવડે વર્તવા લાગ્યા. આ પ્રમાણે તેમનો કેટલોક કાળ ધર્મમય અને સુખમય વ્યતીત થયો.

એક દિવસ શ્રીજયાનંદકુમારે રાત્રીમાં સ્વપ્ન જોયું. તેમાં પોતે કોઇક પર્વતની સામે રહેલા એક નગરમાં કુરૂપે અને ભિલ્લનારૂપે મસ્તકપર લાકડાનો ભારો લઈ ચૌટામાં વેચવા ગયો એવું દીઠું. આવું સ્વપ્ન જોઈ જાગૃત થઈ તેણે વિચાર કર્યો કે—

"અહો ! મન કે વાણીના વિષયમાં ન આવે એવું અસંભવિત સ્વપ્ન મારા જોવામાં આવ્યું. હું નથી જાણતો કે આ સ્વપ્નનું મને શું ફળ પ્રાપ્ત થશે ?"

આ પ્રમાણે તે વિચાર કરતો હતો, તેવામાં તરત જ જાણે તે સ્વપ્નનું સાક્ષીભૂત હોય એમ તેનું જમણું નેત્ર ફરકયું. તે શુભ નિમિત્તથી તેણે પોતાના ઉપાયનું અવ્યભિચારીપણું નિશ્ચિત કરીને તે સંબંધી આ પ્રમાણે ઉપાય કર્યો.

એક મોટો પટ કરાવી તેમાં પોતે જેવું નગરાદિક જોયું હતું તેવું સર્વ એક હુંશિયાર ચિત્રકાર પાસે તેણે ચિતરાવ્યું. પર્વત, ક્રીડા સરોવર, ક્રીડાવાપી, ચોક, દુકાન, અને ઘર વિગેરે સર્વ ઉત્તમ રંગવડે ચિતરવાથી તે ચિત્રપટ મનોહર થયો.

હવે તે નગરના ઉદ્યાનમાં શ્રી રૂષભદેવસ્વામીનું એક ભવ્ય શ્રીજિનમંદિર હતું તેના દ્વારની સાથે મળેલા દ્વારવાળી એક દાનશાળા કુમારે કરાવી. તેની સામે સૂત્રધાર પાસે સજ્જનના ચિત્ત જેવું ગોળ, ઉંચું અને શ્રેષ્ઠ સરખી સપાટીવાળું પીઠ કરાવ્યું.

પછી સર્વ દિશાઓમાંથી અને વિવિધ સ્થાનેથી આવેલા સર્વ દીનાદિકને તે દાનશાળામાં હમેશાં જમાડવા માટે કુમારે પોતાના નોકરોને આદેશ આપ્યો; અને પેલું ચિત્રપટ નવા બંધાવેલા પીઠપર મૂકી તે સર્વ પરદેશીઓને બતાવવા માટે પોતાના સેવકોને આજ્ઞા કરી, અને સાથે કહ્યું કે—

"કોઇ માણસ સ્થિર દૃષ્ટિથી આ ચિત્રપટને જોઈ તે નગર વિગેરેનું નામ કહે તો તે માણસને મારી પાસે લાવવો. તે પટનું રક્ષણ કરવા માટેજ તમને નીમ્યા છે, તેથી તમારે રાત્રે પણ સર્વ ઉપદ્રવોથી આ ચિત્રપટનું રક્ષણ કરવાનું છે."

આ પ્રમાણે શિક્ષા આપેલા કુમારના તે નિપુણ સેવકો હર્ષથી કુમારના આદેશ પ્રમાણે સર્વ કાર્ય કરવા લાગ્યા. ત્યારથી શ્રીજિનમંદિરમાં અને દાનશાળામાં જતાં આવતાં સર્વ માણસો તે ચિત્રપટને જોઇ આશ્ચર્ય પામી ચિત્રની અંદરના રૂપોનું અનેક પ્રકારે વર્ણન કરવા લાગ્યા.

એક દિવસ જેનાં વસ્ત્રો ધૂળવડે ધૂસર થયેલાં હતાં એવા કેટલાક **મુસાફરો** દૂર દેશથી ત્યાં આવ્યા. તેઓ તે ચિત્ર જોઇ અત્યંત વિસ્મય પામી બોલ્યા કે—

"અહો! કોઈ જ્ઞાન, વિજ્ઞાન અને બુદ્ધિવાળાએ આ અમારૂં નિવાસસ્થાન **શ્રીપદ્મપુર** નામનું નગર છે તે આ પટમાં બરાબર ચિતર્યું છે."

તે સાંભળી પટના રક્ષકોએ તેમને પૂછયું કે—"તમે કોણ છો અને કયાંથી આવ્યા છો?"

તેઓએ જવાબ આપ્યો કે—"કોઈએ આ પટમાં જે નગર ચિતર્યું છે તે પદ્મપુર નામના નગરથી અમે આવીએ છીએ. આ પ્રમાણે સાંભળી તે પટનું રક્ષણ કરનારા માણસો તેમને તત્કાળ કુમાર પાસે લઈ ગયા, અને તેમને ચિત્રપટ જોતાં જે આશ્ચર્ય થયેલું અને તેમાં ચિતરેલા નગરનું નામ કહેલું તે સર્વ અધિકાર હર્ષથી તેઓએ કુમારને જણાવ્યો. તે સાંભળી કુમારે વાણીવડે તેમને સંતોષ પમાડી હર્ષથી ચિત્રપટનો વૃત્તાંત પૂછયો. ત્યારે તેઓએ પદ્મપુર નગર વિગેરેનું સ્વરૂપ આ પ્રમાણે કહ્યું—

અહીંથી સો યોજન દૂર આ ચિત્રપટમાં આલેખેલી શોભાવાળું **પદ્મકૂટ** નામના પર્વતની પાસે પદ્મપુર નામનું નગર છે. સ્વર્ગને જીતનારી સમૃદ્ધિવાળા તે નગરમાં **પદ્મરથ** નામનો રાજા છે. તે પ્રતાપ, લક્ષ્મી, રૂપ અને ઐશ્વર્યાદિક ગુણોવડે ઇંદ્રને પણ જીતે એવો છે. સર્વ ઉજ્વળ ગુણવાળો છતાં પણ ચંદ્રની જેમ કર્મના વશથી તેનામાં



નાસ્તિક ધર્મનું કલંક છે." ઈત્યાદિક વૃત્તાંત તેમના મુખથી સાંભળીને ઉચિત દાન આપી શ્રીજયાનંદકુમારે તેમને વિદાય કર્યા.

ત્યાર પછી તે પદ્મપુરમાં જવાની ઈચ્છાવાળા શ્રીજયાનંદકુમારે પોતાની રતિસુંદરી પ્રિયાને કહ્યું કે—"હે પ્રિયા ! હું અમુક તીર્થને નમસ્કાર કરી પાછો આવું, ત્યાં સુધી કળાનો અભ્યાસ કરતી તું તારી માતા પાસે રહેજે, અને આઠ ગામથી ઉત્પન્ન થયેલા ધનવડે દાનાદિક ધર્મ કરજે."

તે સાંભળી રતિસુંદરી વિયોગને લીધે ખેદ પામી, તોપણ તે પતિવ્રતાએ પતિની આજ્ઞા માન્ય કરી. ત્યારપછી રાત્રીએ ગુપ્ત રીતે કુમાર પલ્યંકપર આરૂઢ થઈ આકાશ માર્ગે તત્કાળ તે પદ્મકૂટ ગિરિ ઉપર ગયો. ત્યાં કોઈ ઠેકાણે પલ્યંકને સંતાડી **ભિલ્લનું રૂપ** ધારણ કરી લાકડાં એકઠાં કરી તેનો ભારો માથે લઈ પ્રાતઃકાળે પદ્મપુર નગરમાં પ્રવેશ કરી ચૌટામાં જઇ દુર્દશાવાળા પુરૂષોમાં અગ્રેસર જેવો થઈ તે **ભિલ્લ** લાકડાનો ભારો વેચવા ઉભો રહ્યો. તેવામાં ત્યાં આવેલા કેટલાક **રાજપુરૂષોએ** તેને જોયો.

તે કુરૂપની સીમારૂપ હતો, તેને માથે જાડા અને પીળા કેશ હતા, કડાઈના તળીઆ જેવું શ્યામ મુખ હતું, મોટું અને ચપટું મસ્તક હતું, તેમજ એક આંખે કાણો, પીળા અને ભીના નેત્રવાળો, નાકે ચીબો, મોટા પેટવાળો, બહાર નીકળેલા દાંતવાળો, કાળા અને લાંબા હોઠવાળો, મોટા અને જાડા બે પગવાળો, ઉંટની જેવી ડોકવાળો, શરીરે શ્યામ વર્ણવાળો, બીભત્સ રૂપવાળો, કડવા અને ભયંકર અવાજવાળો, દેખાતી અને સ્થૂળ નસોના સમૂહવાળો, પ્રગટપણે જાણે દેખાતા હાડપિંજરવડે ભયંકર, સેંકડો શારીરિક કુલક્ષણના સમૂહવાળો, જાણે મૂર્તિમાન પાપ ઉત્પન્ન થયું હોય, જાણે ન જોઈ શકાય તેવો પિશાચ હોય, અને જાણે પિંડરૂપ થયેલું દુર્ભાગ્ય હોય તેવો તે દેખાતો હતો.

તેના માથા ઉપર વેલડીઓ વીંટેલી હતી, તથા તેણે એક ફાટેલા વસ્ત્રની લંગોટી પહેરી હતી. આવા સ્વરૂપવાળા તેને જોઈ થૂ થૂ કરતા એવા રાજસેવકોએ તેને કહ્યું કે "અરે ! તને રાજા બોલાવે છે, તેથી તું અમારી સાથે રાજસભામાં ચાલ."

તે સાંભળી આ દુઃખીઆરો ભિલ્લ બોલ્યો કે "તમારા રાજા ક્યાં અને હું ક્યાં ? મારે રાજસભામાં આવવાનું કંઈ જ કામ નથી. જો તમારા રાજાને લાકડાનું કામ હોય તો તે લઈને મને મારે ઠેકાણે જવા દો, ત્યારે તેઓ બોલ્યા કે—

"હે ભદ્ર ! તું ભય પામીશ નહી. તારૂં જ કામ છે; માટે તું અમારી સાથે

ચાલ. રાજા તારાપર પ્રસાદ કરશે." તે સાંભળી તે તેમની સાથે ચાલ્યો. તેઓએ તત્કાળ સભામાં લઈ જઈ તેને રાજાને દેખાડ્યો. તે ભિલ્લ પણ રાજા પાસે લાકડાનો ભારો ભેટ કરી ઉભો રહ્યો. રાજાએ તેને પૂછ્યું :

"તું કોણ છે? તારૂં નામ શું છે? અને તું ક્યાં રહે છે?" તે બોલ્યો—"દરિદ્ર જનોમાં અગ્રેસર એવો હું પિઠરા નામનો ભિલ્લ છું. ઘર વિગેરે કાંઈ ન હોવાથી પદ્મકૂટ પર્વતની ગુફામાં રહું છું, અને હમેશાં નગરમાં આવી લાકડાનો ભારો વેચી મારી આજીવિકા ચલાવું છું."

રાજાએ કહ્યું કે—"હે ભદ્ર! મારા નગરમાં તું એક જ કેમ દુઃખી છે? હું મારા કોઈ પણ નગરવાસીનું દરિદ્રપણું સહન કરી શકતો નથી." તે બોલ્યો—સ્વર્ગ જેવા પણ આ નગરમાં હું મારા કર્મવડે જ દુઃખી છું. તળાવ જળથી ભરેલું હોય તો પણ શું ચાતક તરસ્યો નથી રહેતો?"

રાજા બોલ્યો—"હે કાષ્ટવાહક! જે તારી ઇચ્છામાં આવે તે તું માંગ." તે બોલ્યો—"હું લાકડા વેચીને મારા પેટ પૂર્તિ જેટલું ધન ઉપાર્જન કરૂં છું. પોતે ઉપાર્જન કરેલું ધન પણ માણસોને ભાગ્યથી અધિક હોય તો તે રહેતું નથી. ચાતકે પીધેલું પાણી પણ શું ગળાના છીદ્રવડે જતું રહેતું નથી? તો હે રાજન્! તમે મારા ઉપર પ્રસન્ન થયા છો તો હું ધનાદિક કાંઈ માગતો નથી; પરંતુ મારે રાંધનારી કોઈ નથી, તે મને આપો." તે સાંભળી રાજાએ કહ્યું—

"હા આપું છું." એમ કહી પોતાની **વિજયાસુંદરી** નામની પુત્રીને બોલાવી કહ્યું કે—"હે પુત્રી! જો જિનધર્મથી જ તું સુખી છે તો આ દુઃખીયારો ભિલ્લ ઉભો છે તેને તું વર અને તારા જૈનધર્મના પ્રતાપે સર્વ પ્રકારના સુખોને ભોગવ, કારણ કે આ નગરમાંથી તારા માટે આના કરતા બીજો સારો વર મળવો મુશ્કેલ છે. આ પ્રમાણે પિતાના વચનો સાંભળી જરા પણ ખેદ પામ્યા વિના શ્રીવિજયસુંદરી બોલી કે—"હે પિતાજી! આપ જે પ્રમાણે આજ્ઞા કરશો તે પ્રમાણે કરવા હું તૈયાર છું, કેમકે—કુલવાન બાળાનો એ ધર્મ છે.

પછી વિજયસુંદરી પોતાની સામે ઉભેલા અત્યંત દુઃખીઆરા અને કદરૂપા ભિલ્લને જોવા છતાં પણ પૂર્વ ભવનો સ્નેહ જાગૃત થવાથી આ ભિલ્લ ઉપર અત્યંત સ્નેહવાળી થઈ, અને તે ભિલ્લરૂપધારી કુમાર પણ તેણીને વિષે રાગવાળો થયો. રાજપુત્રીએ

તરત જ તે ભિલ્લની પાસે જઈ તેનો અતિ કર્કશ હાથ પોતાના હાથવડે ગ્રહણ કર્યો, અને 'આને હું વરી છું' એમ તે બોલી.

આ અવસરે કોઈ જોષિએ પાસે બેઠેલા મનુષ્યોને છાની રીતે કહ્યું કે-"અત્યારે એવું મુહૂર્ત છે કે આ મુહૂર્તે જેણે કોઈ કન્યાનો વિવાહ કર્યો હોય તે વર ચક્રવર્તી થાય અને તે વહુ સર્વ સ્ત્રીઓમાં ઉત્તમ ગુણવાળી મહારાણી થાય; પરંતુ આ વિવાહ તો અત્યારે તેથી વિચિત્ર રીતે થાય છે તો તેનું શું ફળ થશે તે હું કહી શકતો નથી."

પોતાની પુત્રીનું એવું સાહસ જોઈ રાજાના મનમાં ઈર્ષ્યા અને ક્રોધ વૃદ્ધિ પામ્યા, અને સર્વ સભાજનો અદ્વિતીય વિસ્મયને પામ્યા. તે વખતે રાજા બોલ્યો કે—

વહુનો વેષ વરના વેષને અનુસરતો જોઈએ, તેથી હે સુભટો! આને કોઈ દરિદ્રી સ્ત્રીને લાયક એવી સાડી આપો, અને અવિધવાપણું જણાવવા માટે કથીરનાં બે કંકણ-બલોયાં-ચુડી આપો."

તે સાંભળી તે સેવકો પણ કોઈને ઘેરથી તે ત્રણ વસ્તુ લઈ આવ્યા. ત્યારપછી રાજાની આજ્ઞાથી તેણીએ તે સાડી અને કંકણો આનંદપૂર્વક પહેર્યાં અને પ્રથમનો વેષ તથા વિવિધ પ્રકારના આભૂષણોને આ વીર બાળાએ હસતા મુખે પોતાના શરીર ઉપરથી ઉતારી નાખ્યા.

ત્યારપછી તે ભિલ્લ બોલ્યો કે-"હે રાજન્! તમારી પુત્રીને હું લાયક નથી; શું ગધેડાને કંઠે કોઈ મણિની ઘંટા બાંધે? મને તો કાણી, કુબડી અને કાળી કોઈ દાસી આપો. કાગડાને કાગડી જ પ્રિયા યોગ્ય છે, પણ હંસી યોગ્ય નથી.

હે રાજન્! વિધાતાએ અપ્સરાઓના રૂપનો સાર સાર લઈને આ તમારી કન્યાને બનાવી છે તેથી પરાજય પામી લઘુ થયેલી તે અપ્સરાઓને વાયુએ તૃણની જેમ આકાશમાં ઉડાડી દીધી છે. પૂર્ણ ચંદ્રની જેવા મુખવાળી, કમળ સરખા નેત્રવાળી, સર્વ શુભ લક્ષણવાળી, સર્વ અંગે સુંદર, મનોહર આકારવાળી, લાવણ્યરૂપી રસની કૂપિકા સમાન, રાજહંસ જેવી ગતિવાળી, બુદ્ધિમાન, કોયલ જેવા મધુર કંઠવાળી, ચોસઠ કળામાં નિપુણ, ધર્મના જ્ઞાનવાળી, ધર્મનું આચરણ કરનારી, પોતાના રૂપવડે રતિ, પ્રીતિ અને લક્ષ્મીને પણ જીતનારી અને વિનયાદિક ગુણોના સ્થાન રૂપ આ તમારી એટલે નરેન્દ્રની પુત્રી ક્યાં અને દુર્ભાગી, કાષ્ટના ભારાનાજ પરિગ્રહવાળો, સર્વ કુરૂપોની સીમા જેવો અને શારીરિક ખરાબ લક્ષણવાળામાં શિરોમણી હું ભિલ્લ ક્યાં?"

આવા તે ભિલ્લના વચનો સાંભળી સર્વ સભાજનો પણ હાહારવ શબ્દ કરવા

લાગ્યા. તે વખતે ખેદ પામેલા મંત્રીઓ પણ બોલ્યા કે–" હે સ્વામી ! દુર્વિનીત હોય તો પણ પોતાના સંતાનપર અત્યંત કોપ કરવો તમને ઘટિત નથી. આ તમારૂં અકાર્ય પરિણામે આપને હિતકારક નહિં થાય; કેમકે લોક અને ધર્મથી વિરૂદ્ધ કર્મ મોટાઓને પણ વિપત્તિ આપનાર થાય છે. "

તે સાંભળી રાજા બોલ્યો કે–" હે મંત્રીઓ આ બાબતમાં મારો જરા પણ દોષ નથી. આ જૈનધર્મી પુત્રી એની મેળે જ આ ભિલ્લને વરી છે. રાજાઓની એજ રીતિ હોય છે કે તેની કન્યાઓ સ્વયંવર વરે છે. ભાગ્યથી ઉત્પન્ન થયેલા આ કર્મમાં હું તો માત્ર સાક્ષીભૂત જ છું. " પછી રાજાએ ભિલ્લને કહ્યું કે—

" હે ભદ્ર ! મારૂં વચન અન્યથા થવાનું નથી; તેથી સર્વ કળામાં નિપુણ એવી આને અંગીકાર કરી ભાગ્ય પ્રમાણે સુખ ભોગવ. " પછી પુત્રીને પણ રાજાએ કહ્યું કે–" પોતાને પંડિત માનનારી હે પુત્રી ! પિતાની અવજ્ઞા તથા કૂળના આચાર અને વિનયના ઉલ્લંઘનથી ઉત્પન્ન થયેલા ફળને આ પોતે વરેલા ભિલ્લપતિને અંગીકાર કરી ભોગવજે અને તારા જૈનધર્મનું સાક્ષાત્ ફળ બતાવજે. "

ત્યારે તે રાજપુત્રી બોલી કે–" હે પિતા ! આ કાર્યમાં લેશ પણ તમારો દોષ નથી, સુખ દુઃખનો કર્તા કર્મ સિવાય બીજો કોઈ છે જ નહિં; તેથી હું પિતાની આજ્ઞા પાળીને કુળનો ઉદ્યોત કરીશ. સતી સ્ત્રીઓ પિતાએ આપેલા કુત્સિત પતિને પણ દેવતુલ્ય માને છે. "

આવી તેણીની વાણીથી ઘૃતની આહુતિવડે અગ્નિની જેમ રાજા ક્રોધવડે જાજ્વલ્યમાન થયો. પછી તેણીને તથા તેના વરને ભોજન કરાવી ત્રણ પહોરમાં આંધળી થાય તેવું ઝેર મિલાવેલું પાનનું બીડું રાજાએ પોતાની પુત્રી વિજયસુંદરીને આપ્યું, અને ભિલ્લને કહ્યું કે હે ભિલ્લ ! તું આ તારી સ્ત્રીને લઈને તારા સ્થાને ચાલ્યો જા.

આ પ્રમાણે રાજાની આજ્ઞા અંગીકાર કરી તે પોતાના સ્થાન તરફ ચાલ્યો. તેની પાછળ છાયાની જેમ રાજપુત્રી ચાલી. તે વખતે રાજાએ મોટે સ્વરે જાહેર કર્યું કે–" હે લોકો ! જે કોઈ આ બન્નેની સાથે જશે અથવા તેમને કાંઈપણ ધનાદિકની સહાય આપશે તેનો હું ચોરની જેમ વધ કરીશ. "

આ પ્રમાણે ક્રોધ પામેલા રાજાના ભયથી મંત્રીઓ વિગેરે સર્વ મૌન રહ્યા, સર્વ નગરવાસી લોકો રાજાના આ અધમ કાર્યની છાની છાની નિંદા કરવા લાગ્યા, અને વિવિધ પ્રકારે દૈવાદિકને ઉપાલંભ આપવા લાગ્યા.

હવે તે ભિલ્લ રાજપુત્રી સહિત નગર બહાર જઈ એક દેવકુળમાં રહ્યો. ત્યાં તે સતી હર્ષથી તેના બે પગ પોતાના ખોળામાં રાખી કામદેવને પણ વિસ્મય ઉત્પન્ન થાય તેમ પોતાના કમળથી પણ અધિક કોમલ બે હાથવડે દાબવા લાગી. તે પ્રમાણે જોઈ રાજાના ભયથી દૂર ઉભા રહેલા સર્વ જનો તેણીના સતીપણાની સ્તુતિ કરવા લાગ્યા અને અધમ રાજાની નિંદા કરવા લાગ્યા.

અહીં આવ્યા પછી ભિલ્લે તેણીને પૂછયું કે "હે ભદ્રે! દેવાંગના જેવી તને રાજાએ સર્વ પ્રકારે નીચ એવા મને કેમ આપી?" ત્યારે તે બોલી કે–"હે સ્વામી! તે હકીકત હું કહું છું તે તમે સાંભળો. એ વૃત્તાંત જરા લાંબો છે.

આ પદ્મપુર નગરમાં આ પદ્મરથ નામે રાજા રાજ્ય ભોગવે છે. તે ન્યાય અને પ્રતાપ વિગેરે ગુણોવડે પ્રજાને સુખ આપનાર છે, તોપણ કુળક્રમથી આવેલા કૌલ–નાસ્તિક ધર્મને તે કદાપિ તજતો નથી. ઉત્તમ ગુણવાળી તેની બે રાણીઓ નિરંતર તેના ચિત્તને આનંદ પમાડે છે. તેમાં પહેલી સૌભાગ્યના ઘર સમાન **પદ્મા** નામની અને બીજી નિર્મળ આશયવાળી **કમળા** નામની છે.

પહેલી પદ્મા રાણી પતિનો ધર્મ પાળે છે, અને બીજી કમળા શ્રાવકકુળમાં જન્મેલી હોવાથી તથા સદ્ગુરૂના ઉપદેશથી જૈનધર્મ પાળે છે. પદ્માને વિનયાદિક ગુણોથી યુક્ત **પદ્મદત્ત** નામનો પુત્ર અને ઉત્તમ રૂપવાળી **જયસુંદરી** નામની પુત્રી છે; અને કમળાને વિજયસુંદરી નામની એક જ પુત્રી છે. ધાત્રમાતાઓવડે લાલન પાલન કરાતી તે બન્ને પુત્રીઓ ભણવાને લાયક એવી વયને પામી, ત્યારે પદ્માએ પોતાની પુત્રી અભ્યાસને માટે મિથ્યાદષ્ટિ ઉપાધ્યાયને સોંપી. 'મિથ્યાદષ્ટિની મતિ મિથ્યાદષ્ટિમાં જ રતિ પામે છે.'

તથા કમળાએ પોતાની પુત્રી જૈન કળાચાર્યને ભણાવવા સોંપી. એ રીતે તે બન્ને કન્યાઓ આદરથી શાસ્ત્રનો અભ્યાસ કરવા લાગી. મોટી જયસુંદરી માતાના સંગથી અને ઉપાધ્યાયના ઉપદેશથી કૌલધર્મમાં રક્ત થઈ અને બીજી વિજયસુંદરી જૈનધર્મી ઉપાધ્યાયના સંગથી જૈનધર્મી થઈ. ત્યારપછી સર્વ કળાઓ ભણીને તે બન્ને યુવાવસ્થાને પામી, ત્યારે અધ્યાપકોએ તેમને તેમની માતાઓને સોંપી. તે માતાઓએ પણ ઇચ્છિત પ્રીતિદાન આપીને તે બન્નેને સંતુષ્ટ કર્યા.

ત્યારપછી તે બન્ને રાણીઓએ કળાની પરીક્ષાને માટે તથા વરની ચિંતાને માટે તે બન્ને કન્યાઓને શણગારી અધ્યાપકો સહિત રાજા પાસે મોકલી. તેમને આવેલી

જોઈ રાજાએ સ્નેહથી પોતાના ખોળામાં બેસાડી તથા અધ્યાપકો સાથે ઉચિત આલાપ કરી અભ્યાસનો વૃત્તાંત પૂછ્યો.

ત્યારે તેઓએ સર્વ શાસ્ત્ર અને કળાઓનો અભ્યાસ કહ્યો, એટલે રાજાએ કન્યાને યોગ્ય એક સમસ્યાનું પદ આ પ્રમાણે કહ્યું, “ पिक्खइ सुक्खसयाइं ” “ સેંકડો સુખને જુએ છે.” બાકીના ત્રણ પદ પૂરવાના હોવાથી પિતાની ભક્ત અને તેના ધર્મને અનુસરનારી મોટી કન્યાએ તત્કાળ તે સમસ્યા આ પ્રમાણે પૂરી કે—

“ तुंही संकरु तुंही बंभ निव, तुंही पुरिसुत्तम ताय ।
तुज्झ पसाइण सव्व पया, पिक्खइ सुक्खसयाइं ॥ १ ॥ ”

“ હે રાજા ! તમે જ શંકર છો, તમે જ બ્રહ્મા છો અને તમે જ પુરૂષોત્તમ–વિષ્ણુ છો. તમારા પ્રસાદથી જ સર્વ પ્રજાઓ સેંકડો સુખ જુએ છે.”

તે સાંભળી રાજા અને સર્વે સભાસદો હર્ષ પામી તે કન્યાને, તેની સમસ્યા પૂર્તિને અને અધ્યાપકને વખાણવા લાગ્યા. તે વખતે બીજી કન્યા જરા હસી. તે જોઈ રાજાએ હસવાનું કારણ પૂછ્યું, ત્યારે ‘ હે પિતા ! કાંઈ નહિ ’ એમ તે બોલી. પિતાએ વધારે આગ્રહ કરી પૂછ્યું, ત્યારે તે ફરી બોલી કે—

“ હે પિતા ! આશ્ચર્ય છે કે નીતિશાસ્ત્રાદિકમાં નિપુણ અને બુદ્ધિવડે બૃહસ્પતિને પણ જીતનારા તમારા જેવા વિદ્વાન પણ મારી બહેને માત્ર ખુશામતથી જ આ રીતે સમસ્યા પૂરી તેમાં હર્ષ પામ્યા. તો પછી બીજું શું કહેવું ? તત્ત્વને નહિ જાણનારા સભાસદોએ પણ પ્રશંસા કરી, તો આ તત્ત્વને નહિ જાણનારા જગતમાં તત્ત્વજ્ઞાનીઓ શી રીતે રહેશે ? આવું અયોગ્યપણું જોઈ મને હસવું આવ્યું છે.”

તે સાંભળી રાજાએ કહ્યું કે, “ તો હવે તું તત્ત્વની વાણી વડે સમસ્યા પૂર્ણ કર.” આ પ્રમાણે પિતાના આદેશને પામીને હર્ષ પામેલી અને જૈની અધ્યાપકથી પ્રાપ્ત થયેલા જૈનધર્મમાં જ એકાંત બુદ્ધિવાળી તેણીએ આ પ્રમાણે પૂર્તિ કરી—

“ जिणवर जसु हियडे वसे, जिणमुणि जिणतत्ताइं ।
तं पंडिय जण उभयभवि, पिक्खइ सुक्खसयाइं ॥ १ ॥ ”

“ જેના હૃદયમાં શ્રીજિનવર દેવ, શ્રી જૈન મુનિ અને શ્રીજિનભાષિત તત્ત્વ વસે છે, તે પંડિતજન બન્ને ભવમાં સેંકડો સુખ જુએ છે.”

આ પ્રમાણે સાંભળી તેણીનો અધ્યાપક તથા કેટલાક સભાસદો ચમત્કાર પામ્યા; છતાં પણ રાજાના ભયથી મૌન રહ્યા. રાજાએ પૂછ્યું કે "હે સભાસદો! તત્ત્વથી આ સમસ્યા બે પુત્રીમાં કોણે પૂર્ણ કરી?" ત્યારે રાજાના ચિત્તને અનુસરીને તે સર્વે બોલ્યા કે "પહેલીએ બરાબર પૂરી."

આ પ્રમાણે પહેલીએ કહેલા અર્થમાં સભાની સંમતિ મેળવીને રાજા બોલ્યો કે–"હે ખરાબ ભાષણ કરનારી! સભાવિરૂદ્ધ અને લોકવિરૂદ્ધ આવું વચન તું કેમ બોલે છે?" તેણીએ જવાબ આપ્યો કે—

"મેં પહેલેથી જ કહ્યું છે કે તત્ત્વથી વિપરીત બુદ્ધિવાળા આ સર્વ જનો આ લોકને અર્થે માત્ર ખુશામત જ કરનારા છે." તે સાંભળી પોતાની અવજ્ઞાથી અને ધર્મના પક્ષપાતથી ક્રોધ પામેલા રાજાએ કહ્યું કે—

"હે પુત્રી! તું કોના પ્રસાદથી આવી સુખી છે?" તે બોલી "હે પિતા! હું અને આ સમગ્ર જનો પોતપોતાના કર્મના પ્રભાવથી જ સુખ દુ:ખ પામીએ છીએ. જો કદાચ તમારા પ્રસાદથી સુખ થતું હોય, તો આપની પ્રજાના કેટલાક માણસો શા માટે દુ:ખી થાય છે? કેમકે આ તમારો પ્રસાદ તો સર્વને વિષે એક સરખો જ છે." તે સાંભળી અધિક કોપ પામેલો રાજા બોલ્યો કે—

"જો આ પ્રમાણે કર્મની જ સ્થિતિ છે તો કહે કે તું કયા વરને વરીશ?" તે બોલી—"તમે જે આપશો તેને વરીશ." રાજા બોલ્યો—"હે અધમ પુત્રી! આ બાબતમાં શું હું સમર્થ છું?" તે બોલી—"ના, તમે પણ મારા કર્મના વશથી જ તેવો વર આપશો." તે સાંભળી ક્રોધથી રાજા બોલ્યો કે—"ત્યારે હમણાં તો તું તારે સ્થાને ચાલી જા. તારે લાયક વર મળશે ત્યારે હું તને વિવાહને માટે બોલાવીશ. તે વખતે તું આવજે." તે સાંભળી વિનયવાળી તે બોલી કે—"તમારી આજ્ઞા મારે પ્રમાણ છે." પછી રાજાએ તે બન્ને કન્યાઓને રજા આપી; એટલે તેઓ પોતપોતાને સ્થાને જઈ યથાયોગ્ય ક્રીડા કરવા લાગી.

રાજાએ સુભટોને આજ્ઞા આપી કે—"હે સેવકો! મારા તમામ ગામ નગરાદિકમાં ફરીફરીને જે માણસ અતિ દરિદ્રી, સર્વથી હલકો અને અત્યંત કુરૂપ હોય તેને અહીં લઈ આવો." તે સાંભળી તેઓ તમને તે પ્રકારે લાવ્યા, અને મને વિજયસુંદરીને બોલાવી તમને આપી, તે સર્વ તમારા જાણવામાં જ છે."

આ પ્રમાણે તેણીનો વૃત્તાંત સાંભળી વિસ્મયાદિક રસથી વ્યાપ્ત થયેલો તે ભિલ્લ

બોલ્યો કે—" અહો ! સારા અપત્ય ઉપર પણ પિતાનો આવો ક્રોધ કેમ થતો હશે ? અથવા તો ક્રૂર સ્વભાવવાળા કૌલધર્મીઓને શું ન કરવા યોગ્ય છે ? કાંઈ પણ ન કરવા યોગ્ય નથી. જૈનધર્મ વિના વિશ્વને પવિત્ર કરનાર વિવેક ક્યાંથી હોય ? "

" પછી તેણે વિચાર કર્યો કે—" પ્રથમ તો આ સ્ત્રીની સ્નેહ અને શીલ સંબંધી પરીક્ષા કરી જોઉં, ત્યારપછી તેની સાથે હું પ્રેમ કરીશ; કેમકે વિવેકીઓની એવી જ રીત હોય છે."

આ પ્રમાણે તે ભિલ્લકુમાર વિચાર કરતો હતો, તેટલામાં રાજાએ આપેલા વિષયુક્ત તાંબૂલનું ભક્ષણ કરેલું હોવાથી રાજપુત્રીના નેત્રોમાં તીવ્ર વેદના થવા લાગી. તેથી તેણીએ ભિલ્લપતિને કહ્યું કે—

" હે સ્વામી ! મારા પિતા રાજા પાસે એવી જાતનું વિષ છે કે જે ખાવાથી ત્રણ પહોરે નેત્રોનો નાશ થાય. આ વિષ વિશ્વાસુ વૈરીઓને દેવામાં આવે છે. તે વિષ તેણે મને તાંબૂળમાં આપ્યું છે, એમ મેં તેનું ભક્ષણ કરતી વખતે રાજાની કોપયુક્ત ચેષ્ટાથી તથા મુખની આકૃતિપરથી જાણ્યું હતું. તોપણ આ પિતાનો પ્રસાદ છે એમ માની મેં તે ભક્ષણ કર્યું; કેમકે મનુષ્યોને શુભાશુભ કર્મ જ શુભાશુભ બુદ્ધિ આપે છે. તે વિષના પ્રભાવથી મારી આંખોમાં અત્યંત પીડા થાય છે, તેથી હું માનું છું કે મારી આંખો હમણાં જ નષ્ટ થઈ જશે. મારા વિપરીત દૈવને ધિક્કાર છે; કેમકે આંખો જવાથી તમારી સેવા કરવાના મારા મનોરથો હું કઈ રીતે પૂર્ણ કરી શકીશ ? તમને હું ઉલટી ભારરૂપ થઈ પડીશ. આંખો વિનાનું જીવિત પણ શા કામનું ? "

આ પ્રમાણે કહીને આંખોમાં અત્યંત પીડા વધવાથી અતિ દુઃખી થયેલી તે તિર્યંચને પણ રોવરાવતી પોતે રોવા લાગી.

આ વિજયસુંદરી પૂર્વભવમાં શ્રીમતિસાગર મંત્રીની પત્ની હતી ત્યારે એકદિવસ પોતાને ત્યાં માસક્ષમણને પારણે ગૌચરી લેવાને માટે પધારેલા મહર્ષિને તે આહાર આપતી હતી. તે વખતે આ મહર્ષિએ કહ્યું કે-" આ આહાર દોષવાળો છે, શુદ્ધ નથી. " ત્યારે તે મંત્રીપત્નીએ તિરસ્કારપૂર્વક આ મહર્ષિને કહ્યું હતું કે—

" હે આંધળા ! દિવસનો વિશુદ્ધ પ્રકાશ છતાં આ અન્ન શુદ્ધ નથી એમ બોલે છે, તો તને ભિલ્લને આપી દેવો જોઈએ. " આવું વચન બોલી તેણીએ જે અશુભ કર્મ બાંધ્યું હતું તે તેણીએ તે જ ભવમાં તપસ્યા અને પશ્ચાત્તાપ વિગેરેવડે ઘણું તો ખપાવ્યું હતું, પણ તેનો કંઈક અંશ બાકી રહેલો, તેનો દુષ્ટ વિપાક અત્યારે ઉદયમાં



આવવાથી ભિલ્લરૂપ પતિનું અતિ દુઃખદાયક સ્ત્રીપણું પ્રાપ્ત થયું, અને પિતાના આપેલા ઝેરથી આંખોની તીવ્ર પીડા પણ થઈ. 'વચન માત્રથી પણ કરેલી મુનિની આશાતના આ પ્રમાણે અતિ દુઃખદાયક થાય છે.'

તે વિજયસુંદરીનું સ્વરૂપ જાણવા માટે રાજાએ મોકલેલા સેવકોએ ગુપ્ત રીતે તેની આંખોમાં થતી અત્યંત પીડાનું સ્વરૂપ જાણી રાજા પાસે જઈને તે સર્વે કહ્યું. તે સાંભળી ક્રોધાંધ અને નિર્દય રાજા હર્ષ પામ્યો. ખરેખર પાપીઓને પાપ સંબંધી પશ્ચાત્તાપ થવો દુર્લભ છે.'

વિજયસુંદરી ભિલ્લને આપી તે પહેલાં પોતાના ઇષ્ટ કાર્યમાં વિઘ્ન કરનાર થશે એવી શંકાથી રાજાએ તે વિજયસુંદરીની માતા કમળાને કોઈ કાર્યના બાનાથી કોઈ ઠેકાણે મોકલી હતી. તે આ અવસરે પોતાના રાજમહેલે આવી, ત્યારે તેણી દાસીના મુખથી પુત્રીનું સર્વ વૃત્તાંત સ્પષ્ટ રીતે સાંભળી અતિ દુઃખથી મૂર્છા પામી. કેટલેક વખતે દાસીઓના યોગ્ય ઉપચારથી તે સાવધાન થઈ, ત્યારે ઘણો વિલાપ કરી અતિ ઉત્કંઠાથી બે દાસીઓને સાથે લઈ પુત્રીને જોવા ગુપ્ત રીતે દેવકુળ તરફ ગઈ. દૂર રહીને પણ તેણીનું તેવું સ્વરૂપ જાણી અત્યંત દુઃખ અને ક્રોધથી વ્યાકુળ થઈ રાજા પાસે આવી તે બોલી કે—

"હે રાજન્! સર્વલોકવિરૂદ્ધ અકાર્ય કરનાર દુષ્ટ મતિવાળા તને ધિક્કાર છે. ચંડાળ પણ પોતાની સંતતિ ઉપર આવું અકૃત્ય કરે નહિ, એવું અકૃત્ય કરી તેં મારી પુત્રીને દુઃખીયારા ભિલ્લને આપી પાનમાં ઝેર ખવરાવી આંધળી શા માટે કરી? યથાર્થ વચન બોલનારી તેણીએ શો અન્યાય કર્યો હતો? આવું સર્વનિંદ્ય કર્મ કરવાથી તું નરકમાં પડીશ અને હું તો પેટમાં છરી મારીને હમણાં તારી સામે જ મરૂં છું."

એમ કહી તેણી પોતાના ઉદરમાં છરી મારવા લાગી, ત્યારે રાજાએ તેણીના હાથમાંથી છરી પડાવી લીધી. અને કહ્યું કે—"હે સુંદરી! સાંભળ. તે વખતે હું ક્રોધથી અંધ થયો હતો, તેથી મેં એવું અકાર્ય કર્યું છે. હમણાં તો મંત્રીઓ અને પ્રજાજનોના પગલે પગલે નિંદા તથા આક્રોશના વચનોવડે હું અત્યંત પશ્ચાત્તાપ પામ્યો છું, અને અત્યારે તારા વચનોવડે વધારે પશ્ચાત્તાપ પામ્યો છું.

હવે પ્રાતઃકાળે શોધ કરીને મારી પુત્રીને હું બહુમાનથી ઘેર લાવીશ, અને તેના નેત્રો સાજાં કરીશ; કેમકે નેત્રને સાજા કરવાની ઔષધિ પણ મારી પાસે છે. પછી કોઈ

રાજકુમાર સાથે તેને હું પરણાવીશ. કોપથી કે સહસાત્કારથી કરેલું કાર્ય પ્રમાણરૂપ મનાતું નથી."

આ પ્રમાણે રાજાએ 'આ દુઃખિઆરી રાણીની રાત્રિ કોઈપણ પ્રકારે પસાર થાઓ. એમ વિચારી તે રાણીને આશ્વાસન આપ્યું. ત્યારે તે પણ કાંઈક શાન્તિ પ્રાપ્ત કરીને સૂતી.

અહીં દેવકુળમાં રહેલી તે રાજપુત્રી તત્કાળ અંધ થઈ, એટલે તે પોતાના ઉપાર્જન કરેલા કર્મને નિંદતી દુઃખથી વિલાપ કરવા લાગી કે—"મેં પૂર્વભવમાં શું જિનેશ્વર-દેવની વિરાધના કરી હશે? કે શું જિતેન્દ્રિય ગુરૂની નિંદા કરી હશે? કે શું સંઘની અવજ્ઞા કરી તેને ઉપદ્રવ કર્યો હશે કે જેથી આ પ્રમાણે હું દુઃખનું પાત્ર થઈ.

હા હા પિતા! તમે મને શા માટે ઉત્પન્ન કરી? હા હા માતા! તમે મને શા માટે પાળીપોષીને મોટી કરી? શા માટે હું બાલ્યાવસ્થામાં જ મરણ ન પામી કે જેથી પૂર્વભવના કરેલા કુકર્મવડે હું આ પ્રમાણે સુખ અને ધર્મથી રહિત એવી દશાને પામી? હે વિધાતા! ભરતાદિક મોટા સુભટોને પણ તેં પરાભવાદિક ઘણાં દુઃખો આપ્યા છે. તેનાથી પણ શું તને તૃપ્તિ ન થઈ કે જેથી કૃપાને ઉચિત એવી આ અબળાને તેં આવી વિડંબના કરી?'

આ રીતે વિલાપ કરતી તેને જોઈ તે ભિલ્લના હૃદયમાં કૃપા ઉત્પન્ન થઈ, તેથી તેણે ગિરિમાલિની દેવી પાસેથી પ્રાપ્ત થયેલી ઔષધિના જળવડે તેણીના નેત્રો તત્કાળ સાજાં કર્યાં. તેનાથી પીડા રહિત દિવ્ય નેત્રવાળી થયેલી તે હર્ષથી બોલી કે,—

"હે પ્રિય! મને આંધળીને દેખતી કરવાના કાર્યવડે તમે કોઈ મહા પ્રભાવિક પુરૂષ જણાઓ છો. યત્નથી આરાધેલા દેવોથી પણ આવું કાર્ય દુઃસાધ્ય છે, તે તમે કરી બતાવીને આ દાસીને જન્મપર્યંત તમારી સેવા કરવાને સમર્થ બનાવી છે." તે સાંભળી ભિલ્લ બોલ્યો કે,—

"હે રાજકુમારી! લાકડાંને માટે પર્વતના શિખરપર ભમતાં મેં એક વૃદ્ધ ભિલ્લ-વૈદ્યના ઉપદેશથી આ જાણીતા પ્રભાવવાળી મહા ઔષધિ કોઈક લતાના ગુચ્છમાંથી પ્રાપ્ત કરી હતી, તેણે મને બતાવેલા ચિહ્નોથી ઓળખીને મેં વિધિ પ્રમાણે તે ગ્રહણ કરી અને ઘણા કાળ સુધી ગુપ્ત રીતે રાખી. તે આજે વિશ્વમાં શ્રેષ્ઠ ગુણોએ કરીને શોભતી એવી તને આંખો આપવાથી સફળ થઈ. પરંતુ હે ભદ્રે! હું નિર્ધન, કુરૂપ તથા કુળ, જાતિ અને ગુણ રહિત છું, તેથી તારા જેવી મોટા રાજાની પુત્રીના ભર્તારપણાને હું લાયક નથી. રૂપથી અપ્સરાને પણ જીતનારી તને હું ભિલ્લ કેમ વટલાવું? અને તારો

જન્મ નિષ્ફળ કરીને હું કેમ પાપ ઉપાર્જન કરૂં? શિરીષ પુષ્પ જેવી કોમળ અંગવાળી તું સૂર્યના કિરણોવડે પણ સ્પર્શ કરાયેલ નથી, તે તું મહાકઠીન એવા પર્વતના શિખરપરથી લાકડાનો ભારો શી રીતે વહન કરી શકીશ? તેથી તું તારા પિતા પાસે પાછી જા. તેનો રોષ હવે શાંત થયો હશે.

'માતપિતાને પોતાના સંતાનપર લાંબો કાળ રોષ રહેતો નથી' એમ લોકોમાં પણ સંભળાય છે. લોકોના અપવાદથી પશ્ચાત્તાપ પામેલો, તારી માતાએ શાંત કરેલો અને તારા વિયોગના દુઃખથી પીડા પામેલો તારો પિતા તને જોઈ હર્ષ પામશે, અને સ્નેહ સહિત પોતાનો અપરાધ ખમાવીને તને કોઈ રાજકુમાર સાથે ઉત્સવ સહિત પરણાવશે. મને તો માત્ર હસ્ત ગ્રહણ કરવાવડે જ તું પરણી છે, તેથી મારી આજ્ઞાવડે જતાં તને કોઈ પણ દોષ લાગશે નહિ. તો તું ચાલ, તને હમણાં ગુપ્ત રીતે રાજમંદિર પાસે મૂકી જાઉં. અત્યારે નિર્જન રાજમાર્ગમાં કોઈ પણ તને દેખશે નહિ, તેથી લજ્જાનું કારણ પણ નહિ થાય અને પછી હું કોઈ પણ નહિ જાણે એવે ઠેકાણે ચાલ્યો જઈશ."

આવું તેનું વચન સાંભળી ખેદ પામેલી તે વિજયસુંદરી ગદ્ગદ્ વાણીએ બોલી કે—"હે સ્વામી! આવું વજ્રાઘાત જેવું વચન કેમ બોલો છો? સતીઓ સતીપણાથી વિપરીત એવી વાણીને સાંભળી પણ શકતી નથી. ઉચ્ચ કુળમાં ઉત્પન્ન થયેલી કન્યાઓ એક જ વાર અપાય છે."

આવું તેણીનું વચન સાંભળી કુમાર હર્ષથી વ્યાપ્ત થયો, અને બોલ્યો કે—"હે ભદ્રે! હું ક્ષત્રિયપુત્ર છું. કળા, વિજ્ઞાન અને વિદ્યા ભણવા માટે તથા કૌતુક જોવા માટે વિવિધ દેશોમાં ભમતાં મેં ઘણા પ્રકારની કળાઓ મેળવી છે. કોઈ ઠેકાણેથી વિચિત્ર મહિમાવાળી ઔષધિઓ પ્રાપ્ત કરી છે, તથા કોઈ ઠેકાણેથી આરાધેલ દેવતા પાસેથી આકાશગામી એક પલ્યંક પણ પ્રાપ્ત કર્યો છે. તેની ઉપર આરૂઢ થઈ એક દિવસ ગિરિ અને નગરાદિક જોતો જોતો હું રત્નપુર નગરે ગયો હતો. ત્યાં હું રતિસુંદરી નામની રાજકન્યાને પરણ્યો અને રાજાએ આપેલા મહેલમાં પ્રિયા સાથે વિવિધ પ્રકારના ભોગસુખોને ભોગવતો આનંદપૂર્વક રહેતો હતો.

ત્યાં મને એક વખત ખરાબ સ્વપ્ન આવવાથી તેનું અશુભપણું દૂર કરવા માટે તથા ભાગ્યની પરીક્ષા કરવા માટે ઔષધિવડે આવું રૂપ કરીને હું અહીં આવ્યો છું." ઇત્યાદિક સ્વપ્નથી આરંભીને સર્વ પોતાનું સત્ય વૃત્તાંત હર્ષ અને સ્નેહના વશથી તેણે વિજયસુંદરીને કહ્યું.

. તે સાંભળી વિજયસુંદરીના શરીરમાં નવો આનંદ ઉલ્લાસ પામ્યો, અને તે બોલી કે-“હે પ્રિય! જ્ઞાનના સાગરરૂપ તે મુનિનું વચન સત્ય થયું, કારણ કે એક દિવસ આ નગરના ઉદ્યાનમાં જ્ઞાનના નિધિ એક ગુરૂ મહારાજ પધાર્યા હતા. તે વાત દાસીના મુખથી સાંભળી મારી માતા મને સાથે લઈ ગુરૂમહારાજને વંદન કરવા ગઈ હતી. તેમને નમસ્કાર કરી દેશના સાંભળી મારી માતાએ તેમને પૂછયું હતું કે—

“હે પૂજ્ય! કોઈ પણ કર્મના યોગે મને નાસ્તિક પતિનો યોગ થયો છે, તોપણ હું અને મારી પુત્રી જૈનધર્મ પાળીએ છીએ; તેથી આ મારી પુત્રીનો પતિ કોણ થશે? કેમકે આની ઉપર તેના પિતાનો પ્રેમ ઓછો છે.” ત્યારે મુનિ બોલ્યા કે,—

“હે શ્રાવિકા! ધર્મના શીળવાળી અને શુભ લક્ષણવાળી આ તારી પુત્રી ભરતાર્ધના સ્વામીની માનનીય મહારાણી થશે.” ફરીથી મારી માતાએ પૂછયું-“તે શી રીતે મળશે?” પૂજ્ય ગુરૂમહારાજ બોલ્યા કે,—

“આ ઉદ્યાનમાં શ્રીઆદિનાથ ભગવંતનું ભવ્ય જીનાલય છે. તેમાં ચક્રેશ્વરી દેવીની પ્રતિમા છે તેની દરરોજ પૂજા કરવાથી સંતુષ્ટ થયેલી તે દેવી એને વરનો સંયોગ કરી આપશે.”

તે સાંભળી હર્ષ પામેલી મારી માતા ગુરૂમહારાજને વંદન કરી ઘેર આવી. ત્યારથી ઉત્તમ સામગ્રીવડે ચક્રેશ્વરી દેવીની હું પૂજા કરવા લાગી. તેથી હું માનું છું કે મારા ભાગ્યથી પ્રેરાયેલી અને મારાપર સંતુષ્ટ થયેલી તે શ્રીચક્રેશ્વરીદેવીએ જ તમને એવું સ્વપ્ન આપ્યું હશે કે જેથી આપણો સંયોગ થયો.”

તે સાંભળી શ્રીજયાનંદકુમાર બોલ્યો કે-શ્રી જૈનધર્મની કૃપાથી આપણને સર્વ સારૂં થયું અને હજુ પણ સારૂં થશે. હવે આપણે કોઈ ન જાણે તેમ આપણે સ્થાને ચાલ્યા જઈએ. તારા પિતાને શિક્ષા આપ્યા વિના હું મારૂં સ્વરૂપ પ્રગટ કરવા ઇચ્છતો નથી. અપરાધ આવ્યા વિના તેને શિક્ષા કરવી તે યોગ્ય નથી; અને હમણાં તેનો પ્રગટપણે કોઈ અપરાધ દેખાતો નથી, કે જેને તે પોતે પણ કબૂલ કરે. તેથી અવસરે અપરાધ પામીને તેને અત્યંત શિક્ષા કરીશ, જૈનધર્મનો બોધ કરીશ અને એનું નાસ્તિક-પણું દૂર કરીશ.

સત્પુરૂષને પરોપકારથી બીજું કાંઈ ઉત્કૃષ્ટ કાર્ય નથી, અને ધર્મદાનથી અધિક બીજો કોઈ ઉપકાર નથી. તેથી હે પ્રિયા! આ વિઘ્નનિવારિણી ઔષધિથી રક્ષણ કરાયેલી તું સર્વ ભયથી રહિત થઈને અહીં જ ક્ષણવાર રહે, અને મેં પર્વતપર ગુપ્ત સ્થાને



રાખેલો પલંગ તથા મારા અલંકારો વિગેરે તથા નગરીમાંથી તારે યોગ્ય વસ્ત્રો અને અલંકારો આદિ હું લઈ આવું."

તેણીએ 'બહુ સારૂં' એમ કહ્યું, એટલે તે મહૌષધિ તેણીને આપી કુમાર પર્વતપરથી પલંગ તથા અલંકારાદિક લઈ નગરમાં ગયો. ત્યાં બજારમાં કોઈ શ્રેષ્ઠીની દુકાને જઈ તેની પાસે ઇષ્ટ મૂલ્યવડે વસ્ત્ર તથા અલંકારો માગ્યાં.

તે વખતે રત્નસ્વરૂપ નામના વણિકે બમણા મૂલ્યોવડે લોભથી તેને માગ્યા પ્રમાણે વસ્ત્રાદિક આપ્યાં. પછી પોતાની પ્રિયાને માટે સર્વ અંગના અલંકારો માગ્યા, ત્યારે તેણે નવા સર્વ અલંકારો આપ્યાં. 'દ્રવ્યથી શું સિદ્ધ ન થાય?' પછી તે સર્વ લઈ જલ્દીથી દેવકુળમાં આવી હર્ષથી કુમારે હર્ષ પામેલી પત્નીને તે સર્વ પહેરાવ્યાં. પછી પત્ની સાથે તે પલંગ ઉપર સુખનિદ્રાવડે રાત્રિ નિર્ગમન કરી પ્રાતઃકાળે બ્રાહ્મ મુહૂર્તે કુમારે ચાલવાની ઇચ્છા કરી. તે વખતે પ્રિયાએ પૂછયું કે,–

"હે સ્વામી! હમણાં આપણે ક્યાં જઈશું?" ત્યારે કુમાર બોલ્યો કે "જ્યાં તારા જેવી રતિસુંદરી નામની મારી અભીષ્ઠ પ્રિયા છે, તે રત્નપુરમાં આપણે જઈશું." ત્યારે તે બોલી કે–"હે સ્વામી! પરોપકાર કરવામાં જ રક્ત એવા તમારે લાયક કાંઈ કાર્ય મારે તમને કહેવું છે તે સાંભળો.

**કમળપુરી** નામની નગરીમાં **કમળપ્રભ** નામે રાજા છે. તે મારા મામા થાય છે. તેની પહેલી પ્રિયા **પ્રીતિમતી** નામની છે. તેણીને **જયસૂર** નામનો પુત્ર છે. તે ક્રૂર, અન્યાયી, દુર્ભાગ્યવાળો, કર્મના વશથી કાંઈક વ્યાધિગ્રસ્ત અને અપ્રિય વચન બોલનારો છે. બીજી **ભોગવતી** નામની રાણી છે. તે સુંદર રૂપવાળી, શુભ ભાગ્યવાળી, સ્વામીપર ભક્તિવાળી, મધુર વાણીવાળી અને મારી માતાને અત્યંત વહાલી છે. તેણીને **વિજયસૂર** નામે પુત્ર છે. તે સુભગને વિષે ઉત્તમ, તેજસ્વી, વિનયવાન, દાતાર અને તેની માતાને અતિ વલ્લભ છે. તેની નાની બહેન **કમળસુંદરી** નામે છે. તે વય, રૂપ, કળા અને ધર્મવડે મારા જેવી તથા ગુણવડે અસામાન્ય છે.

એક દિવસ તે કમળપ્રભ રાજાએ કોઈ જોષિને પૂછયું કે "મારો કયો પુત્ર મારા રાજ્યને લાયક છે તે કહો." જોષિએ કહ્યું કે "તમારો નાનો પુત્ર ગુણવાન છે અને રાજ્યને લાયક છે." તે સાંભળી હર્ષ પામેલા રાજાએ સત્કારપૂર્વક તેને રજા આપી. આ વાત પ્રીતિમતીએ સાંભળી, ત્યારે તેણીએ વિચાર કર્યો કે,—

"સર્વ ગુણયુક્ત ભોગવતીનો પુત્ર સાજો છતે રોગી એવા મારા પુત્રને રાજ્યની



આશા અસંભવિત છે. આ મારા અવિનીત પુત્ર વિષે પહેલેથી જ રાજાનું મન અલ્પ સ્નેહવાળું છે, તેમાં આ જોષિનું વચન ચાંદા ઉપર ક્ષાર નાખવા જેવું થયું છે. આ રાજા ધર્મિષ્ઠ હોવાથી અવસરે દીક્ષા લેશે અને હું તો તેવા પ્રકારની શક્તિ નહિ હોવાથી દીક્ષા લેવા અસમર્થ છું; તેથી તે વખતે શોકના પુત્રને રાજ્યસમૃદ્ધિથી યુક્ત અને પોતાના પુત્રને દુર્ભાગ્યવાન જોઈ મારા ચિત્તમાં કઈ રીતે શાંતિ રહી શકશે? તેથી મારા પુત્રને રાજ્યપ્રાપ્તિમાં વિઘ્ન કરનાર આ શોકના પુત્રને હું કોઈ પણ ઉપાયથી મારી નાખું, અથવા તે શત્રુ જેવાને અંગહીન કરી નાખું."

આ પ્રમાણે વિચાર કરી મોહથી અંધ થયેલી તે કોઈક ચૂર્ણયોગાદિકને જાણનારી પાપિષ્ઠ યોગિનીને ઇષ્ટ અન્નાદિક આપી આરાધવા લાગી. એક દિવસ તુષ્ટમાન થયેલી તે યોગિનીએ તેણીને કહ્યું કે–"હે સખી! મારી પાસેથી તું શું ઇચ્છે છે કે જેથી મને આ પ્રમાણે હમેશાં તું પ્રસન્ન કરે છે? તારે જે પ્રયોજન હોય તે તું કહે. હું તને તે આપીશ." ત્યારે રાણી બોલી કે—

"જો એમ છે તો મારા પુત્રને શોકના પુત્રનું શલ્ય છે, તેનો તું જલ્દીથી ઉદ્ધાર કર." તે સાંભળી તે બોલી કે–"એ તો સહેજે બને તેવું કાર્ય છે. જે ખાવાથી હાથ પગને સ્તંભિત કરે છે એવું આ ચૂર્ણ તું ગ્રહણ કર. તે તારા વૈરીને ભોજનમાં આપજે; તેથી તારા સ્વાર્થની સિદ્ધિ થશે."

તે સાંભળી તે યોગિનીની મહેરબાની માનતી હર્ષ પામેલી રાણીએ તે ચૂર્ણ ગ્રહણ કરી તેણીનો સત્કાર કર્યો, એટલે તે યોગિની હર્ષ પામી પોતાને સ્થાને ગઈ. ત્યારપછી તે પ્રીતિમતી માયાવડે પોતાની શોક તથા તેણીના પુત્ર ઉપર તેમને વિશ્વાસ બેસાડવા માટે અધિકાધિક સ્નેહ દેખાડવા લાગી.

કોઈક સમયે પર્વનો દિવસ આવ્યો. ત્યારે પ્રીતિમતીએ ભોગવતીને પુત્ર સહિત સ્નેહયુક્ત વાણીવડે પોતાને ઘેર ભોજન કરવા આમન્ત્રણ કર્યું ત્યારે વિશ્વાસુ અને સરલ સ્વભાવવાળી તે ભોગવતી તેને ઘેર ભોજન કરવા ગઈ. તેણીને સુવર્ણના આસનપર બેસાડી, તેજ પ્રમાણે તેણીના પુત્રને પણ બેસાડ્યો. પછી બહુમાન અને ભક્તિથી પ્રીતિમતી રાણીએ વિધિ પ્રમાણે તે બન્નેના ભોજનને લાયક સર્વ કાર્ય કર્યાં.

પછી તેણીએ ભોગવતીના થાળમાં મનને પ્રસન્ન કરે તેવા મોદક પીરસ્યા અને તેના પુત્રને યોગિનીએ આપેલા ચૂર્ણથી મિશ્રિત કરેલા મોદક પીરસ્યા. તે મોદક તથા બીજી પણ અમૃતતુલ્ય સ્વાદવાળી રસવતી જમીને તે બન્ને તૃપ્ત થયા. પછી પ્રીતિમતીએ તેમનો વિવિધ વસ્ત્ર અને અલંકાર આપી સત્કાર કર્યો. તે લઈ તેઓ પોતાને મહેલે આવ્યા.

ત્યારપછી તે ચૂર્ણના પ્રભાવથી અનુક્રમે વિજયસૂરકુમારના હાથ પગ સ્તંભિત થવા લાગ્યા. તેથી તે કુમાર હાથવડે કાંઈપણ કરવાને તથા પગવડે એક પણ ડગલું ચાલવાને અશક્ત થઈ ગયો. 'અહો! કર્મની ગતિ કેવી વિચિત્ર છે!'

આ પ્રમાણે થવાથી તે કુમાર, તેની માતા અને રાજા પણ વ્યાકૂળ થયા; અને વૈદ્યાદિક પાસે વિવિધ પ્રકારના ઉપાય કરાવવા લાગ્યા. એક પ્રીતિમતી વિના સર્વ પરિવાર અને પ્રજાવર્ગ વિગેરે ખેદ પામ્યા, અને પોતપોતાના વૈદ્યે કહેલા ઉપચારો કહેવા લાગ્યા. માંત્રિક અને વૈદ્ય વિગેરેએ અનેક પ્રકારના ઉપચાર કર્યા, તોપણ તેને કાંઈપણ ફાયદો થયો નહિ; કારણ કે ફાયદો થવો તે કર્મને આધીન છે. પ્રીતિમતીને ઘેર ભોજન કર્યા પછી આવા પ્રકારનો વ્યાધિ થયેલો હોવાથી તથા તેણીની તેવા પ્રકારની ચેષ્ટાથી કુમાર અને તેના માતાપિતા પણ તેણીને વિષે જ શંકાવાળા થયા.

ત્યારપછી તે કમલપ્રભ રાજાએ કુમારની અવસ્થા વિષે કોઈ જોષિને પૂછ્યું, ત્યારે તેણે કહ્યું કે "કોઈ સ્ત્રીએ દુષ્ટ ચૂર્ણ આપી આ વ્યાધિ ઉત્પન્ન કર્યો છે; પરંતુ કોઈ દિવ્ય ઔષધિના પ્રયોગથી આ કુમાર નીરોગી થશે, બીજા ઔષધાદિકવડે આ વ્યાધિ અસાધ્ય છે."

તે સાંભળી રાજાએ તેનો સત્કાર કરીને વિદાય કર્યો. પછી કોઈ દાસીએ રાજાને પ્રીતિમતી અને યોગિનીના સંબંધની વાત કહી, તે જાણી રાજાએ સેવકો પાસે તે યોગિનીને બોલાવી અત્યંત "માર મરાવ્યો." ત્યારે તેણીએ ચૂર્ણ આપ્યું હતું તે સંબંધી સર્વ હકીકત સત્ય કહી આપી.

તે સાંભળી રાજાએ ક્રોધથી પ્રીતિમતીને ધિક્કાર કરવા પૂર્વક કાઢી મૂકી, એટલે તે દુઃખી થઈ પોતાના પિતાને ઘેર ગઈ. ત્યાં પણ લોકોના વિવિધ પ્રકારના તિરસ્કારને પામી. 'મહા ઘોર પાપ આભવમાં અને પરભવમાં અતિ કટુ ફળ આપનાર થાય છે.' નિર્બુદ્ધિ માણસ જે ધનભોગાદિકની ઈચ્છાથી પાપ કરે છે તે ધનાદિક તેને પ્રાપ્ત થાય અથવા ન થાય; પરંતુ પાપથી ઉત્પન્ન થયેલી આભવ અને પરભવ સંબંધી પીડા તો અવશ્ય પ્રાપ્ત થાય છે જ. રાજા, પરિવાર અને નગરજનો પરસ્પર કહેવા લાગ્યા કે—

"અહો! સ્ત્રીઓના હૃદયનું દુષ્ટપણું અને સાહસિકપણું કેટલું બધું છે? ધિક્કાર હો તેમને કે જેઓ આ લોક સંબંધી સુખના લેશમાં લુબ્ધ થઈને એવું પાપકર્મ કરે છે કે જેથી તેઓ નરકની મહાવ્યથાને પામે છે."

પછી કનકપ્રભ રાજાએ વિચાર કર્યો કે—"કદાચ પરદેશમાં કોઈ તેવો ઉત્તમ પુરૂષ મળી આવશે કે જે આ મારા પુત્રને સાજો કરશે." એમ વિચારી "જે કોઈ મારા પુત્રને સાજો કરશે, તેને હું એક દેશ સહિત મારી કમળસુંદરી નામની કન્યા આપીશ."

આ પ્રમાણે તેણે પોતાની પ્રતિજ્ઞા પડહ વગડાવીને સર્વત્ર જાહેર કરી; અને પછી પણ ચોતરફ આવો પડહ પખવાડીએ ત્રણત્રણ દિવસ વગડાવવો શરૂ રાખ્યો. એકદિવસ મારા મામાએ મને પ્રેમથી તેડાવી ત્યારે હું ત્યાં જઈ થોડા દિવસ રહી હતી. તે વખતે મેં આ સર્વ વૃત્તાંત જાણ્યો હતો. વળી કમળસુંદરી મારી સાથેના પ્રેમને લીધે મારા અને પોતાના એકજ પતિને ઇચ્છતી હતી; પરંતુ ભાઇના દુઃખને લીધે તે વખતે તે કાંઈપણ બોલી શકી નહોતી.

તેથી હે સ્વામી! તેં નગરમાં જઈ મારા ભાઈને સાજો કરી સર્વ લોક સહિત મારા માતૃપક્ષને સુખી કરો. હે પ્રિય! મને નેત્ર આપવાની શક્તિથી આ બાબતમાં પણ તમારૂં સામર્થ્ય છે એમ મને નિશ્ચય થાય છે. 'કલ્પવૃક્ષ ન આપી શકે એવી કઈ વસ્તુ જગતમાં છે? હે પ્રિય! તમે પરોપકાર કરવા ઇચ્છો છો, તેથી તમારે હાથે આ એક મોટો પરોપકાર થશે;' કેમકે નમ્ર અને ધર્મના સ્વભાવવાળો તે કુમાર સુખી હશે તો પ્રજાને પણ તે સુખી કરશે."

આ પ્રમાણે પ્રિયાનું વચન સાંભળી જયલક્ષ્મીની સાથે પોતાના ભાગ્યની પરીક્ષા કરવાથી જેને હર્ષ પ્રાપ્ત થયો છે એવા તે શ્રીજયાનંદકુમારે કમલપુર નગરે જવાનું અંગીકાર કર્યું.

આ પ્રમાણે તપગચ્છના પૂજ્ય શ્રીદેવસુંદરસૂરિના શિષ્ય શ્રીજ્ઞાનસાગરસૂરિ, તેના શિષ્ય શ્રીસોમસુંદરસૂરિની પાટને ધારણ કરનાર ગચ્છાધિરાજ શ્રીમુનિસુંદરસૂરિએ રચેલા જયશ્રીના ચિન્હવાળા શ્રીજયાનંદરાજર્ષિકેવલીના ચરિત્રને વિષે આ સર્ગમાં શ્રીજયાનંદકુમારને દેશાંતરમાં ફરતાં ગંગદત્ત પરિવ્રાજકનો ઉપકાર, જયમાલ ક્ષેત્રપાળનો જય, તેણે આપેલી મહિમાવાળી પાંચ મહૌષધિની પ્રાપ્તિ, પૂર્વના મંત્રીભવની બે પત્નીઓ કે જે આ ભવમાં રતિસુંદરી અને વિજયસુંદરી થઈ. તેમના વૃત્તાંત સહિત ઉત્સવપૂર્વક તેમનું પાણિગ્રહણ, ત્રીજા અણુવ્રત ઉપર લક્ષ્મીપુંજનું દૃષ્ટાંત, અને કમળસુંદરીના પાણિગ્રહણનો પ્રસ્તાવ એટલી હકીકતવાળો આ આઠમો સર્ગ સમાપ્ત થયો.

# नवमो सर्गः

यः प्रत्यूहसमूहमांहसमतिव्यूहैः सहाऽपोहति ।
प्रीतिं प्रापयते परामभिमतश्रेणिप्रदानैः समं ॥
सौभाग्याभ्युदयैश्च सार्द्धमधिकां दत्तेऽत्र निरोगतां ।
विश्वे पार्श्वजिनेशितुः स महिमा निर्मातु वः संपदः ॥ १ ॥

જે પાપબુદ્ધિના સમૂહ સહિત વિઘ્નના સમૂહને દૂર કરે છે, જે વાંછિત અર્થની શ્રેણિ આપવા સહિત પ્રીતિને પમાડે છે, તથા જે સૌભાગ્ય અને અભ્યુદય સહિત અધિક નીરોગતાને આપે છે, તે શ્રીપાર્શ્વનાથસ્વામીનો મહિમા તમને સંપત્તિ આપો.

હવે શ્રીજયાનંદકુમાર વિજયસુંદરી પ્રિયા સહિત પલંગ પર આરૂઢ થઈ આકાશમાર્ગે કમલપુર નગરે ગયા. ત્યાં ઉદ્યાનમાં કોઈ ઠેકાણે પલંગને છુપાવીને બુદ્ધિના નિધાન એવા તે કુમારે પોતાનું મનોહર અને અલંકારોથી યુક્ત ભિલ્લનું રૂપ કર્યું, અને પોતાની પ્રિયા વિજયસુંદરીને પણ સુંદર રૂપવાલી અને અલંકારોથી સુશોભિત ભિલ્લડી બનાવી, પછી ઘણી ઔષધિઓને મેલવી તેની ગાંસડી બાંધી પોતાના મસ્તક ઉપર ઉપાડી સમૃદ્ધિથી વિસ્મય પમાડતા તે કમલપુર નગરમાં તેણે પોતાની પત્ની સાથે પ્રવેશ કર્યો, તેમાં કોઈ શેઠનું વિશાળ ઘર જોઈ ત્યાં રહેવા માટે ભાડાથી તેની પાસે ચિત્રશાળા માગી. શેઠે તેને પૂછ્યું કે,—

"તું કોણ છે અને કયા નગરથી આવ્યો છે?" તે બોલ્યો કે—"હું ભિલ્લ છું, સર્વ ઔષધાદિક જાણનાર વૈદ્ય છું, કૌતુકને લીધે પ્રિયા સહિત વિવિધ દેશાંતરોમાં ભમતો ભમતો આ સમૃદ્ધિવાળા નગરમાં આવ્યો છું, અને અહીં રહેવાની ઇચ્છા થવાથી રહેવા માટે સ્થાન માગું છું." તે સાંભળી ક્રોધ પામેલો તે ગૃહસ્વામી બોલ્યો કે,—

"અરે! તું ભિલ્લના પાડામાં જા, ભિલ્લ તો અપવિત્ર છે, તું અજાણ્યો મારા ઘરમાં કેમ પેઠો?" તે સાંભળી ભિલ્લે તેને એક લાખ રૂપિયાના મૂલ્યવાળું એક રત્ન ભાડાને માટે આપીને કહ્યું કે—"હું તો થોડા દિવસ અહીં રહેવાનો છું." તે રત્ન જોઈ વિસ્મય અને આનંદ પામેલા ગૃહસ્વામીએ વિચાર કર્યો કે,—

"શું આ સાક્ષાત્ કુબેર છે કે વિદ્યાધર છે કે કોઈ રાજા છે? આવી દાનલીલા તો બીજે કોઈ ઠેકાણે દેખાતી નથી." એમ વિચાર કરી ગૌરવ સહિત શ્રેષ્ઠ વણિકે પોતાને ત્યાં આવેલા ભિલ્લને કહ્યું કે—

"હે ભિલ્લરાજ! તમારી ઇચ્છા પ્રમાણે મારા ઘરની મનોહર ચિત્રશાળામાં તમે સુખેથી રહો. ગુણને વિષે જ ખરી પવિત્રતા રહેલી છે, જાતિને વિષે શુચિ અશુચિપણું કાંઇ છેજ નહીં."

ત્યારપછી તે ભિલ્લ પ્રિયા સહિત તેની ચિત્રશાળામાં સુખે રહ્યો. તેને ઘરની સર્વ સામગ્રી તે શ્રેષ્ઠીએ રત્નોવડે આપી. ત્યાં વસતો તે ભિલ્લ રત્નોવડે સર્વ મનોરથ પૂર્ણ કરતો મનને અનુકૂળ, નવી પરણેલી, અતિ સ્નેહવાળી અને રંભાથી પણ અધિક રૂપવાળી ભિલ્લડીના સ્વરૂપવાલી વિજયસુંદરી સાથે ઇંદ્રની જેમ સુખ ભોગવવા લાગ્યો; તથા દિવ્ય ઔષધાદિકવડે લોકોના વિવિધ રોગોને હરણ કરવા લાગ્યો.

પ્રિયા સહિત પોતે **શબર વૈદ્ય** તરીકે પ્રસિદ્ધ થયો. તે મોટો ઉપકાર કર્યા છતાં પણ કોઇની પાસેથી કાંઈ પણ દ્રવ્ય લેતો નહોતો. પોતે વીણા વગાડતો, પત્ની પાસે ગાયન ગવરાવતો, ગાયકો પાસેથી કાનને અમૃત સમાન ગીતો સાંભળતો અને નટીના સમૂહ પાસે નૃત્યો કરાવતો તથા તેમને પુષ્કળ દાન આપતો અને વિલાસ કરતો હતો. હર્ષ પામેલા નગરજનોએ તેનું [1]**શબર વૈશ્રવણ** નામ પાડયું. પુરજનો અને બીજાઓના મધ્યમાં પોતાના આશ્ચર્યકારક ચરિત્રવડે તે નામથી પ્રસિદ્ધિ પામેલ શ્રીજયાનંદકુમાર સ્વેચ્છાએ સર્વત્ર વિલાસ કરવા લાગ્યો.

એક દિવસ તે નગરના ઉદ્યાનમાં કોઈક ઉત્તમ બ્રાહ્મણ ઘણા છાત્રોને ભરતેશ્વરના કરેલા આર્યવેદો ભણાવતો હતો, તે જોઈ મહાબુદ્ધિમાન તે ભિલ્લને તે વેદો ભણવાની ઇચ્છા થઈ.

પરંતુ 'બ્રાહ્મણ વિના તે બીજાને વેદાધ્યયન કરાવતો નથી' એમ જાણીને કાંઈક બાનું કાઢી ગૃહપતિની રજા લઇ, તેની ગૃહસામગ્રી સર્વ પાછી આપી પોતાની પ્રિયા સહિત રાત્રે નગરમાંથી બહાર નીકળી ગયો; અને બહાર ઉદ્યાનમાં રાત્રી નિર્ગમન કરી પ્રાતઃકાળે પોતાનું બ્રાહ્મણ રૂપ અને પ્રિયાનું બ્રાહ્મણીનું રૂપ કર્યું. પછી રૂપ બદલવાનું કારણ પોતાની સ્ત્રીને કહીને મધ્યમરૂપવાળા, અલંકાર સહિત અને યૌવન વયવાળા તે બ્રાહ્મણ અને બ્રાહ્મણી નગરમાં પેઠા. ત્યાં કોઇ બીજા વણિકને ઘેર પ્રથમની જેમ ભાડા

૧ ભિલ્લરૂપધારી કુબેર.



બદલ આપેલા રત્નવડે ઘરના માલીકને પ્રસન્ન કરી તેણે સામગ્રી સહિત આપેલા અત્યંત સુંદર ઘરમાં નિવાસ કર્યો.

પછી સારી રીતે પરીક્ષાપૂર્વક ઉત્તમ દાસદાસીનો પરિવાર રાખી પ્રિયાના રક્ષણ માટે એક વૃદ્ધ અને ડાહી સ્ત્રીને ગોઠવી પોતે ઉદ્યાનમાં ગયો. ત્યાં રત્નોવડે ઉપાધ્યાયની પૂજા કરી વિનયપૂર્વક નીતિ અને ધર્મને પ્રકાશ કરનારા વેદો વિધિ પ્રમાણે ભણવા લાગ્યો. ભાગ્યની પ્રબળતાથી પદાનુસારી બુદ્ધિવડે થોડા દિવસમાં તે સર્વ વેદો ભણી ગયો. તે જોઈ છાત્રો તેની પ્રશંસા કરવા લાગ્યા. પછી મહાદાનવડે ગુરૂની પૂજા કરી તથા છાત્રોને ખુશી કરી તે પોતાને ઘેર આવ્યો અને પ્રથમની જેમ સ્વેચ્છાએ ભોગ ભોગવવા લાગ્યો.

પોતાનું બ્રાહ્મણપણું અને વૈદ્યપણું પ્રસિદ્ધ કરી તે પાછો મનુષ્યોનો ઉપકાર કરવા લાગ્યો અને પ્રથમની જેમ રાજમાર્ગાદિકમાં ગીત ગાન અને નાટ્યાદિકવડે ક્રીડા કરવા લાગ્યો. તેથી આખા નગરમાં સુવર્ણ અને રત્નાદિકના મહાદાનવડે પ્રસન્ન થયેલા અર્થીઓએ તેનું **બ્રહ્મવૈશ્રવણ** નામ પાડવાથી તે નામે તે પ્રસિદ્ધ થયો.

ત્યારપછી બ્રાહ્મણના સ્વરૂપમાં રહેલો શ્રીજયાનંદકુમાર તે પાંગલા રાજકુમારને સારો કરવાના પડહને સાંભળતો હતો, પણ રાજ્ય અને કન્યાના લોભથી આ રાજકુમારને સારો કરવા આવ્યો છે એમ લોકો શંકા કરે તેથી તે રાજાની પાસે ગયો નહિ અને પડહને પણ પોતે ગ્રહણ કર્યો નહિ તેને જોઈ નગરજનો કલ્પના કરતા હતા કે,—

"શું આ દેવ છે? ના, તે તો પૃથ્વીને સ્પર્શ કરે નહિ, ત્યારે શું અશ્વિનીકુમાર છે? ના, તે એકલા ફરે નહિ. ત્યારે શું મનુષ્યની જેવા [1]ધર્મવાળો કુબેર છે? ના, આ તો તેનાથી પણ અદ્‌ભૂત ભાગ્યવાન છે. ત્યારે આ કોણ હશે? ઔષધ, દાનની લીલા અને બીજા સર્વ ગુણો તથા કળા આનામાં જે જે છે, તે બીજામાં સાંભળ્યા કે જોયા નથી.

પહેલા આવા ગુણવાળો એક ભિલ્લ જોયો હતો, તે હમણાં દેખાતો નથી. તો શું શક્તિવડે બીજા રૂપને ધારણ કરનાર આ તે જ ભિલ્લ છે કે બીજો કોઈ છે?"

આ પ્રમાણે સર્વ નગરજનોવડે કલ્પના કરાતો તે કોઈક સમયે રાજમાર્ગમાં એક ક્રીડાના સ્થાનભૂત પીઠપર બેઠો હતો. તે કૌતુકથી વીણા વગાડતો, મિત્રોની સાથે હર્ષવડે ગાતો અને નગરજનોના કર્ણમાં અમૃતની વૃષ્ટિ કરતો હતો, તેટલામાં

૧ દાઢી મૂછ હોવાથી તે મનુષ્યધર્મી કહેવાય છે.

દાસીઓના સમુદાયમાં રહેલી એક કુબ્જા દાસી પાણી ભરવા જતી ત્યાંથી નીકળી અને ગીતના રસથી આકર્ષાઈ ત્યાં ઉભી રહી. તેણીને જોઈ તે બ્રાહ્મણે પૂછ્યું કે—

"તું કોણ છે ?" તે બોલી કે-"મહારાણી ભોગવતીની હું દાસી છું." ત્યારે તેણે ફરીને પૂછ્યું કે-"તું કુબ્જા કેમ છે ?" તે બોલી-"વાના દોષથી." તે બોલ્યો-"હે ભદ્રે ! આવા મોટા નગરમાં કોઈએ તારી ચિકિત્સા કરી નહિ ?" તે બોલી-"ઘણા ડાહ્યા વૈદ્યોએ ઘણે પ્રકારે ચિકિત્સા કરી, પરંતુ મંદ ભાગ્યને યોગે કોઇ પણ તમારા જેવો મળ્યો નહિ કે જેથી મારૂં કુબ્જાપણું દૂર થાય." તે સાંભળી તેણે તેણીને પોતાની પાસે બોલાવી અને નસોના સમૂહના મર્મસ્થાનોને નિપુણતાથી મુઠીઓ-વડે દબાવી દબાવીને તત્કાળ તેને સીધી કરી નાખી. પછી સરલ અંગવાળી થયેલી તે હર્ષ પામીને બોલી કે—

તમારૂં સ્વરૂપ કોઈ જાણી શકે તેમ નથી. નગરજનોના ભાગ્યથી જ તમે અહીં પધાર્યા છો. બે અશ્વિનીકુમાર પૈકી એકથી પણ દેવોનું સુસાધ્ય પટુપણું થઇ શકે તેમ છે, એમ ધારી ઇંદ્રે પૃથ્વીનો ઉપકાર કરવાની ઇચ્છાથી તમને એકને અહીં મોકલ્યા લાગે છે. તો હે વૈદ્યરાજ ! તમે રાજમહેલમાં ચાલો અને રાજકુમારને જલ્દી સાજો કરી રાજકુળમાં પૂજ્ય થાઓ. નગરજનોમાં તો પહેલેથી જ પૂજ્ય થયા છો." બ્રાહ્મણવૈદ્ય બોલ્યો કે-"હે ભદ્રે ! તું જા, રાજકુળમાં આવવાનું મારે કાંઈ પ્રયોજન નથી."

તે સાંભળી તે દાસી પાણી ભરવા જવાનું રહેવા દઈ એકદમ રાજમહેલમાં ભોગવતી રાણી પાસે આવી. તેણીને જોઈ રાણીએ પૂછ્યું કે-"તું કોણ છે ?"

તે બોલી-"હે સ્વામિની ! મને તમે ઓળખી નહિ ? હું તમારી કુબ્જિકા દાસી છું."

તે સાંભળી વિસ્મય પામેલી રાણીએ કહ્યું-"અહો ! તું તો કુબડી હતી તો સરલ કેવી રીતે થઈ ? ત્યારે કુબ્જિકા બોલી કે આપણા નગરમાં આવેલા બ્રહ્મવૈશ્રવણ વૈદ્યે આ સરળતા કરી આપી છે." રાણીએ પૂછ્યું-"તે વૈદ્ય ક્યાં છે !" તેણીએ કહ્યું-"રાજમાર્ગમાં છે." રાણીએ પૂછ્યું-"તે મારા પુત્રને સાજો કરવા શક્તિમાન છે કે નહિ ?"

દાસી બોલી-"આખા જગતમાં તેવું સામર્થ્ય કોઈ નથી કે જે આનામાં ન હોય, અર્થાત તે બધી જાતના સામર્થ્યવાળો છે." તે સાંભળી ભોગવતી રાણીએ એકદમ જલ્દીથી રાજા પાસે તે વૃત્તાંત નિવેદન કર્યો; એટલે તત્કાળ રાજાએ પણ હર્ષ પામીને તે વૈદ્યરાજને

બોલાવવા માટે પોતાના પ્રધાનોને મોકલ્યા. પ્રધાનોએ બહુમાનથી તેને રાજસભામાં આવવા વિનંતિ કરી; એટલે ઔષધિની ગાંસડી સહિત જનોઈ આદિ બ્રાહ્મણના ચિન્હને ધારણ કરનારા તેણે રાજસભામાં આવી રાજાને હર્ષથી આશીર્વાદ આપ્યો કે—

"હે સ્વામી! પ્રકૃતિને અનુકૂળ પડે તેમ હિત, મિત અને પથ્ય ભોજન કરનાર, પ્રાતઃકાળે કસરત કરનાર, રાત્રે ડાબે પડખે સુનાર તથા સ્ત્રીસેવા, વાયુ, મળ અને મૂત્રરૂપ શલ્યનો ત્યાગ કરનાર તમે વ્યાધિના સમૂહની જેમ શત્રુસમૂહનો જય કરો."

આવી રીતે વૈદ્યકશાસ્ત્રના તત્ત્વની વાણીવાળી આશિષવડે તેને શ્રેષ્ઠ વૈદ્ય જાણી રાજાએ બહુમાનથી સુવર્ણના આસનપર બેસાડ્યો. પછી તેને પૂછ્યું કે—"હે ભદ્ર! તમે કોણ છો? હે બુદ્ધિના નિધાન! તમે ક્યાંથી આવો છો અને લોકોના ભાગ્યથી પોતાના નિવાસવડે કયું નગર તમે સુખી કરો છો?"

વૈદ્યરાજ બોલ્યા કે—"હું બ્રાહ્મણ છું. પર્વતની પલ્લીમાં વસુ છું. મારા પિતા વૈદ્ય હતા, તેમના ઉપદેશથી વિવિધ પ્રકારની ઔષધિઓના સ્વરૂપને જાણું છું. તે ઔષધિઓ માટે વિવિધ પર્વતો અને વનાદિકમાં ભમી ભમી તેને સમ્યક્ પ્રકારે ઓળખી મેં અનેક ઔષધિઓનો સંગ્રહ કર્યો છે. તેવડે લોકોને સાજા કરતો અને પરોપકાર કરવામાં કૌતુકી હું પુર ગ્રામાદિકમાં ભમતો સ્વર્ગને જીતે એવી લક્ષ્મીવાળા આ તમારા નગરમાં આવ્યો છું."

તે સાંભળી રાજાએ તેને કહ્યું કે—"હે સજ્જન! 'પરોપકાર કરવામાં કૌતુકી' એવું વચન તમે બોલો છો તો તે જલ્દીથી સાચું કરી આપો. કારણ કે મારા પુત્રને ગાત્રસંકોચ નામનો મહાવ્યાધિ થયેલો છે. તેને હે સત્પુરૂષ! તમે જલ્દીથી દૂર કરો. હે મહાશય! તમારી આકૃતિ, પ્રકૃતિ અને વાણીવડે તમે વિશ્વનો ઉપકાર કરવામાં એકનિષ્ઠાવાળા અને સમગ્ર શક્તિવાળા છો એમ હું માનું છું." આ પ્રમાણે સાંભળી તે બ્રાહ્મણ બોલ્યો કે—

"હે રાજન્! તમારો પુત્ર મને બતાવો. જો તેના વ્યાધિને હું સાધ્ય જાણીશ તો તેનો પ્રતિકાર કરીશ." ત્યારે પ્રધાનાદિક સહિત રાજા વૈદ્યરાજને સાથે લઈ પુત્ર પાસે જઈને તેને દેખાડ્યો. તેને બરાબર નિપુણતાથી જોઈ માયાવી બ્રાહ્મણ બોલ્યો કે—

"હે રાજન્! આ વ્યાધિ વિષમ છે; કેમકે મંત્રના બળવાળા ચૂર્ણથી થયેલો છે,



તેથી કેવળ ઔષધવડે સાધી શકાય તેમ નથી. તો પણ પ્રયત્નથી મંત્ર અને ઔષધવડે તેને હું દૂર કરી શકીશ. માટે વિવિધ પ્રકારની મંત્રપૂજાની સામગ્રી મંગાવો." રાજાએ તેના કહેવા પ્રમાણે સર્વ સામગ્રી તરત જ મંગાવી." પછી તે સ્થાન આડંબરને યોગ્ય જાણી, પડદાને આંતરે રહી, સર્વ માણસોને થોડે દૂર રાખી, મોટું મંડળ પૂરી, ચંદનના કાષ્ઠવડે અગ્નિ દેદીપ્યમાન કરી " ॐ नमो अर्हते ॐ ह्रीँ सिद्धेभ्यश्च नमो वषट् "

ઇત્યાદિ મંત્રનો ઉચ્ચાર કરી ધ્યાન, મુદ્રા અને આસન સહિત તેણે કપૂર, અગરુ અને પુષ્પાદિકવડે અગ્નિમાં હોમ કર્યો અને ચોતરફ બળિદાન ઉછાળ્યું.

પછી મંડળની પાસે પડદામાં રાજપુત્રને ટેકા સહિત ઉભો રાખી મહૌષધિના જળની ધારાવડે તેના હાથપગ સીંચીને તદ્દન સાજો કર્યો. પછી પડદો દૂર કર્યો, એટલે રાજા નજીક આવ્યો. તરત જ કુમારે ઉભા થઈ રાજાના ચરણોમાં નમસ્કાર કર્યો, રાજાએ તેને તથા વૈદ્યને સ્નેહ સહિત ગાઢ આલિંગન કર્યું.

પછી તે રાજા પુત્ર તથા વૈદ્યરાજ સહિત સુવર્ણના આસન પર બેઠો, પ્રધાનાદિક પરિવાર પણ સર્વ હર્ષ સહિત ત્યાં આવ્યો, વિચિત્ર પ્રકારના અનેક વાજિંત્રો આકાશને ગજાવે તેમ વાગવા લાગ્યાં. ગવૈયાઓ ઉંચે સ્વરે ગાવા લાગ્યા. મંગળપાઠકો મંગળ ભણવા લાગ્યા અને ચોતરફ સ્ત્રીઓ મંગળ ગીત ગાવા લાગી. પછી હર્ષના ઉત્કર્ષથી કુમારની માતાએ ત્યાં આવી કુમારના લુંછણાં લીધાં, બીજી રાણીઓએ પણ વર્ધાપન-મહોત્સવ કર્યો.

પછી અત્યંત હર્ષયુક્ત થયેલ રાજાએ તે માયાવી બ્રાહ્મણને કહ્યું કે—" અહો ! અમારા મહા ભાગ્યનો સમૂહ ઉદય પામ્યો, કે જેથી તમારો અમને મેળાપ થયો. અહો ! તમારૂં મંત્રવાદીપણું ! અહો ! તમારી ઔષધિનો અદ્દભૂત મહિમા ! અહો ! તમારૂં પરોપકારીપણું ! અને અહો ! તમારી વાણીનું સૌભાગ્યપણું ! મારૂં સર્વ રાજ્ય આપી દેવાથી પણ તમારા ઋણ રહિત અમે થઈ શકીએ તેમ નથી. તોપણ હે દ્વિજપતિ ! પ્રસન્ન થયેલા અમે શક્તિ પ્રમાણે કાંઈક આપવા ઇચ્છીએ છીએ; અને તે એ કે હે નરોત્તમ ! મારો એક દેશ તમારી ઇચ્છામાં આવે તે તમે ગ્રહણ કરો. "

રાજા આ પ્રમાણે કહેતો હતો, તેટલામાં રાજપુત્રની માતાએ અમૂલ્ય વસ્ત્ર તથા આભૂષણો લાવી તેની પાસે મૂકયા. તેજ રીતે બીજા પ્રધાનાદિક સર્વ જનો પણ રત્નના અલંકારો અને વસ્ત્રો તેને આપવા માટે લાવ્યા. તે સર્વમાંથી કાંઇ પણ ગ્રહણ કર્યા વિના તે માયાવી બ્રાહ્મણે રાજાને કહ્યું કે—



"હે રાજેંદ્ર ! પુણ્યરૂપી દ્રવ્યની વૃત્તિવાળા સત્પુરૂષો ઉપકાર કર્યા પછી તેના પુણ્યને છોડીને શું બીજું કાંઈ પણ ગ્રહણ કરે ? વળી ચિકિત્સાદિકથી ઉપાર્જન કરેલું પહેલેથી જ નિર્વાહ જેટલું ધન મારી પાસે છે, તો પછી આ અધિક દ્રવ્યનું મારે શું પ્રયોજન છે ? તે તો લોભની વૃદ્ધિ કરનારૂં છે. ઘણા લાભથી લોભ દૂર થતો નથી પણ ઉલટો વધે છે, માટે માત્રા રહિત એવા લાભને છોડીને માત્રાધિક એવા લોભને ભજવો નહિ.

વળી હે રાજન્ ! સંતોષવડે જ હું મારા આત્માને સુખ આપું છું; કેમકે સંતોષથી ઉત્પન્ન થયેલા સુખવડે દેવેંદ્રના સુખને જીતાય છે. તેમજ બ્રાહ્મણની ધર્મક્રિયામાં વિઘ્ન કરનાર દેશ લેવાનું પણ મારે શું પ્રયોજન છે ? તોપણ હે રાજન્ ! સમય આવે તે બાબતમાં પણ હું વિચાર કરીશ. સર્વ લોકને હર્ષ આપનારૂં રાજારૂપી તીર્થનું મને દર્શન થયું, અને પરોપકાર કાર્ય પણ મેં કર્યું, તો તેથી વધારે હું શું ઇચ્છું ?" આ પ્રમાણેની તેની વાણીવડે તેને સુજ્ઞ જાણીને અને તેવા પ્રકારના દાન અને અલંકારાદિકમાં બતાવેલી નિઃસ્પૃહતાથી તેને અતિ ધનાઢ્ય જાણીને રાજાએ કહ્યું કે—

"ઉચિત રીતે દેશાદિકનો સ્વીકાર ભલે પછી કરજો; પરંતુ હાલ તમે ક્યાં રહો છો તે કહો." ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો કે—"ભાડાથી ગ્રહણ કરેલા વણિકને ઘેર હું મારી પ્રિયા સહિત રહું છું."

ત્યારે રાજાએ કહ્યું કે હે વૈદ્યરાજ.... ! હવેથી "તમારે રાજમહેલમાંજ આવીને રહેવું." તેણે તે અંગીકાર કર્યું, એટલે રાજાએ તેના કહેવાથી તેની પ્રિયાને તેડી લાવવા માટે દાસીના સમૂહ અને વીણાદિક વાજિંત્ર સહિત સુખાસન મોકલ્યું. તેમાં બેસીને તે બ્રાહ્મણી પણ રાજમહેલને વિષે આવી. પછી તે સ્થાનથી સર્વ વસ્તુ મંગાવી લીધી અને બહુમાનપૂર્વક તે શ્રેષ્ઠ બ્રાહ્મણને પોતાના મહેલમાં ચિત્રશાળામાં રાખ્યો. પછી પોતાના સેવકો પાસે તેની સ્નાન ભોજનાદિક સર્વ ક્રિયા કરાવી. આ રીતે રાજાના ગૌરવથી પ્રસન્ન થયેલો તે બ્રાહ્મણ સુખેથી ત્યાં રહ્યો.

એક દિવસ તે કમળપ્રભ રાજા, ભોગવતી રાણી અને બુદ્ધિમાન મંત્રીઓ સાથે વિચાર કરવા લાગ્યો કે—"આ બ્રાહ્મણ વૈદ્યને મોટો દેશ આપી શકશું; પરંતુ ગુણી છતાં એ બ્રાહ્મણને આપણી રાજકન્યા શી રીતે આપવી ? ભિક્ષાચરના કુળમાં ઉત્પન્ન થયેલ બ્રાહ્મણ રાજકન્યાને લાયક કેમ હોય ?"

તે સાંભળી મંત્રીઓ બોલ્યા કે—"હે રાજેન્દ્ર ! રાજાને ઉચિત લક્ષણોથી અને

શૌર્યવૃત્ત્યાદિક ગુણો ઉપરથી તે બ્રાહ્મણ માત્ર સંભવતો નથી, તેથી હે સ્વામી ! એને કમળસુંદરી કન્યા આપવી યોગ્ય છે; કારણકે સફળ વાણીવાળા રાજાઓ કદાપિ પ્રતિજ્ઞાનો ભંગ કરતા નથી. બાકી તો કન્યાના જેવા ભાગ્ય. અમારો મત તો એવો છે, છતાં આપની ઇચ્છા વિશેષ પ્રમાણ છે." રાણીએ પણ સત્ય અને ન્યાયને અનુસરતું તેમનું વચન અંગીકાર કર્યું.

અહીં પદ્મપુર નગરમાં પદ્મરથ રાજાએ સહસાત્કારે ક્રોધવડે પોતાની પુત્રી અજાણ્યા ભિલ્લને આપી, ત્યારપછી રાણીના અને મંત્રીઓના વચનથી તેને અત્યંત પશ્ચાત્તાપ થયો, તેથી પ્રાતઃકાળે પોતાના સેવકોદ્વારા સમગ્ર ભિલ્લાદિકના સ્થાનોમાં તે બન્નેની શોધ કરાવી; પરંતુ તે ભિલ્લનો અથવા પુત્રીનો કોઈ પણ સ્થાનકે પત્તો લાગ્યો નહિ. ત્યારે રાજાએ તે બન્નેની શોધને માટે વિવિધ પ્રકારના પૂર, ગામ, નગર, ગિરિપલ્લી અને વનાદિક સર્વ ઠેકાણે પોતાના સેવકો મોકલ્યા; પરંતુ ઘણે દૂર સુધી જતાં અને ઘણો વખત ફરતાં પણ તેનો પત્તો મળ્યો નહિ ત્યારે રાજાએ પુત્રીપરના સ્નેહને લીધે ઘણા કાળ સુધી દુઃખી થઈ પોતાના તેવા કુકર્મનો શોક કર્યો; અને છેવટે કેટલેક કાળે શોક રહિત થયો.

પછી પોતાની મોટી પુત્રી જયસુંદરીને **પુરંદર** પુરના રાજા **નરસિંહનો નરકુંજર** નામનો પુત્ર પોતાની સેવા માટે આવ્યો હતો તેનાપર રક્ત થયેલી જાણી તેને આપી અને આનંદ સહિત તેનો વિવાહ મહોત્સવ કર્યો. તેનો ઘણો સત્કાર કર્યો. પછી સ્ત્રી સહિત તે પોતાને નગરે ગયો. અને નવી પરણેલી સ્ત્રીની સાથે તે ઉત્તમ ભોગ ભોગવવા લાગ્યો.

હવે બીજી બાજુ પદ્મપુર નગરમાં મહારાણી કમળા પોતાની વહાલી પુત્રી વિજયાસુંદરી અને તેના પતિની ખબર નહિ મળવાથી પુત્રીના વિરહના દુઃખથી અત્યંત દુઃખી થયેલી પોતાના દિવસો શોકમાં પસાર કરતી હતી, પુત્રીને આવી વિડંબના પમાડી રાજાપર અત્યંત ક્રોધવાળી રહી અને પુત્રી મળવાની આશાથી કેટલાક દિવસો તેણીએ નિર્ગમન કર્યા.

જ્યારે ગીત, વાદ્ય અને નાટય વિગેરેથી મનોહર એવો જયસુંદરીનો લગ્નમહોત્સવ શરૂ થયો ત્યારે તે જોઈ તથા સપત્નીનો હર્ષ જોઈ પોતાની પુત્રીની કરેલી તેવા પ્રકારની વિડંબના તેને સાંભરી આવી. તેથી તેણીને અત્યંત ક્રોધ, ઈર્ષ્યા અને શોકનું દુઃખ તાજું થયું; એટલે તે ત્યાં રહેવાને અશક્ત થવાથી પદ્મરથ રાજાની રજા લઈ પોતાના



પરિવાર સહિત જલ્દીથી વાહનમાં બેસી પોતાના પિયર તરફ ચાલી. કારણ કે ' સ્ત્રીઓને સંકટમાં પિતાનું ઘર જ શરણભૂત હોય છે. '

અનુક્રમે પોતાના ભાઈ કમળપ્રભ રાજાને નગરે એટલે જ્યાં તેની પુત્રી ને જમાઈ છે ત્યાંજ આવી. ત્યાં ઉદ્યાનમાં રહી દાસી સાથે પોતાનું આગમન પોતાના ભાઈને જણાવ્યું. બહેનને આવેલી જાણી રાજાએ અંતઃપુર અને પરિવાર સહિત ઉદ્યાનમાં આવી બહેનને હર્ષથી પ્રણામ કર્યા. ત્યારે ભાઈને આશીર્વાદ આપી તેના કંઠે વળગીને તે રોવા લાગી. રાજાએ તેણીને અશ્વાસન આપી, રૂદન નિવારી, આસનપર બેસાડી તેની હકીકતનો અજાણ હોવાથી તેણે આવા અતિશય શોકનું કારણ પૂછયું. તેણે કહ્યું કે—" હે બહેન ! તમારૂં અકસ્માત્ અહીં આવવું કેમ થયું ? અને તમે શા માટે રૂદન કરો છો ? " ત્યારે તેણીએ પુત્રીનો સર્વ વૃત્તાંત મૂળથી કહી સંભળાવ્યો. તે સાંભળી ખેદથી કમળપ્રભ રાજાના નેત્રમાં પણ અશ્રુ આવ્યા; અને કૌલધર્મી બનેવીની તથા ખુશામતીઆ મંત્રી વિગેરેની તેણે નિંદા કરી, છેવટે ધીરજ પકડીને સ્નેહથી તેણે બહેનને કહ્યું કે—" હે બહેન ! તમે ખેદ કરશો નહિ. આ બાબતમાં પોતપોતાના કર્મ જ અપરાધી છે. કહ્યું છે કે—" સર્વ જીવો કર્મને વશ છે. પંડિત પણ તેને કબજે કરી શકતા નથી. વળી તે કર્મ જડ હોવાથી વાણીને પણ લાયક નથી; છતાં જો તેને કાંઈ કહેવામાં આવે, તો તે વક્તા બોલવાના શ્રમને જ પામે છે–તેનું ફળ કાંઈ નથી. તો પણ અવસર અને ઉપાય પામી મારા બનેવી રાજવીને હું જરૂર શિક્ષા કરીશ, કે જેણે મારી પવિત્ર બહેનનો આવી રીતે ગર્વથી અપરાધ કર્યો છે.

વળી હે બહેન ! ચોતરફ શોધ કરાવી મારી ભાણેજ વિજયસુંદરીને હું શોધી લાવીશ, અને બ્રહ્મવૈશ્રણવ પાસે તેને દેખતી કરાવીશ." તે સાંભળી 'બ્રહ્મવૈશ્રવણ કોણ છે ? ' એમ બહેનના પૂછવાથી રાજાએ કુમારને સાજો કરવામાં વિસ્મય અને આનંદ આપનાર તે વૈદ્યનો સર્વ વૃત્તાંત કહ્યો. ભત્રીજાના સાજા થવાની વાત સાંભળી વિસ્મય પામેલી કમળા સ્નેહથી એવો આનંદ પામી કે જેથી પુત્રીનું દુઃખ પણ તે ભૂલી ગઈ. પછી ભોગવતી આદિક રાણીઓએ તે નણંદને બહુમાન પૂર્વક પ્રણામ કર્યા, ત્યારે તેણીએ તેમને પ્રેમથી આલિંગન અને આશીર્વાદ આપી પ્રસન્ન કરી.

ત્યારપછી કમળપ્રભ રાજા બહેનને સુખાસનમાં બેસાડી પરિવાર સહિત ગૌરવ અને મહોત્સવપૂર્વક પોતાના મહેલમાં લઈ ગયો. ત્યાં પ્રણામ કરતા વિજયસૂર નામના પોતાના ભત્રીજાને સ્નેહથી મસ્તકપર સુંઘી વિવિધ આશીર્વાદવડે પ્રસન્ન કર્યો.



પછી તેણીએ મણિ અને મુક્તાફળાદિકવડે તેનું વધામણું કર્યું, અને તેના લૂંછણા કરવા પૂર્વક કુળ અને ભાગ્યાદિકની સ્તુતિ કરી. પછી બ્રહ્મવૈશ્રવણુની તેના પરોપકારાદિક ગુણવડે વારંવાર સ્તુતિ કરી તેનું પણ વધામણું કર્યું. પોતાના પિતાના કુળ સંબંધી સર્વ સ્વજનોને વાણીવડે પ્રસન્ન કરી તે કમળા ભાઈને ઘેર સુખે કરીને રહી.

ત્યાં તે બ્રહ્મવૈશ્રવણુની બ્રાહ્મણીરૂપ પ્રિયાને જોઈ જોઈને કમળાના હૃદયમાં સ્નેહ જાગ્રત થવાથી તે તેને પોતાની પાસે જ ઘણો વખત રાખતી હતી. તે બ્રાહ્મણી પોતાની માતાને ઓળખતી હોવાથી તેણીને પ્રેમવાર્તાવડે ખુશ કરતી હતી; પરંતુ તેની માતા કમળા તેણીને બીજારૂપમાં હોવાથી ઓળખતી નહોતી.

હવે જેણે પોતાના પુત્રનું સ્વરૂપ પ્રથમ કહ્યું હતું, તે જોષિને રાજાએ બહુમાનપૂર્વક બોલાવી તેને ભાણેજની શુદ્ધિ પૂછી. ત્યારે જ્યોતિષશાસ્ત્રને જોઈ તે બોલ્યો કે—"તે પતિ સહિત મોટી ઋદ્ધિવાળી થઈ છે, અને સુખી આત્માવાળી તે કેટલેક કાળે અહીં જ તમને મળશે, આથી અધિક હું જાણી શકતો નથી."

તે સાંભળી રાજાએ સત્કારપૂર્વક તેને વિદાય કરી પોતાની બહેનને તેણે કહેલ હકીકત કહી. તે સાંભળી તે પણ ખુશી થઈ. પછી કમળપ્રભ રાજાએ સર્વ દિશાઓમાં વિવિધ દેશ, પુર, ગ્રામ, સરોવર, પર્વત અને વન વિગેરે સ્થળોમાં પોતાના ઉદ્યમી સેવકોને મોકલ્યા અને સર્વત્ર ગતિ કરનારા દૂતોને રાજાઓના અંતઃપુરને વિષે પણ મોકલ્યા.

એ રીતે પ્રેમવડે સર્વ પ્રયત્નથી પોતાની ભાણેજની શોધ કરાવી; પરંતુ તેની શુદ્ધિ ક્યાંયથી પણ મળી શકી નહિ. 'પાસે વસ્તુ રહી હોય છતાં જાણી ન શકાય એ છદ્મસ્થને વિષે રહેલા અજ્ઞાનનો જ અપરાધ છે.' અહીં કૌલધર્મી રાજાને શિક્ષા કર્યા વિના પ્રગટ નહિ થાઉં' એવી પ્રતિજ્ઞા હોવાથી બ્રહ્મવૈશ્રવણે પણ કમળપ્રભ રાજાને વિજયસુંદરીની શોધ કરાવતા અટકાવ્યા નહિ.

એક દિવસ ત્યાં પોતાની કળાનો અત્યંત ગર્વ ધારણ કરતો કોઈ પરદેશી નટ પોતાને લાયક પરિવાર સહિત આવ્યો; અને આ જગતમાં જે કોઈ કળાવાન મને નાટ્યકળામાં જીતે તેનો હું દાસ થાઉં.' એ પ્રમાણે તેણે પોતાની પ્રતિજ્ઞા પ્રસિદ્ધ કરી અહંકારથી રાજદ્વારને વિષે પાણી મૂક્યું. રાજાએ તેને કહ્યું કે—

"એકવાર તું અમારી પાસે નૃત્ય કરી દેખાડ, જેથી તારી કળા અમે જાણી શકીએ." ત્યારે તેણે સોય, ખડ્ગ અને ભાલાના અગ્રભાગપર વિજ્ઞાનની લીલા વડે નૃત્ય કરીને તથા વિવિધ પ્રકારના નાટકો કરીને સર્વ સભાને ખુશી કરી.



વીર પુરૂષોના ચરિત્રોના અનેક પકારે નાટકો કરવાવડે નવે રસોનું પોષણ કરી તેણે સભાસદોને તન્મય કર્યા. નાટકને અંતે રાજા વિગેરે સર્વેએ પ્રસન્ન થઈ તેને ઘણું દાન આપ્યું, અને વિસ્મય પામી તેની કળાની અતિ પ્રશંસા કરી; પરંતુ તે બ્રહ્મવૈશ્રવણે તેની ભ્રૂભંગાદિક કળામાં યથાસ્થાને ભૂલો બતાવી મુખ મરડયું. પછી રાજાએ પોતાના રાજ્યના નટાદિકની સન્મુખ જોઈ કહ્યું કે—

“ મારા નગરમાં નાટ્યકળાવડે આ નટરાજને જીતે એવો કોઈ છે ? ” રાજ્યમાં નાટ્યકળા જાણનાર નટો ઘણા હતા; પરંતુ તે સર્વે તેને જીતવાને અશક્ત હોવાથી નીચું મુખ કરીને રહ્યા. ત્યારે બ્રહ્મવૈશ્રવણ બોલ્યો કે—“ હે રાજન્ ! આ નટની પાસે શું કળા છે ? જો તમે જોઈતો પરિવાર આપો તો હું તેને લીલામાત્રથી જીતી લઉં.” તે સાંભળી રાજાએ તેને કહ્યું કે—

મારી આજ્ઞાથી નટાદિકના સમુદાયમાંથી તમારી ઈચ્છામાં આવે તેવા સ્ત્રી અને પુરૂષો ગ્રહણ કરી નાટ્યકળા શીખવો.” ત્યારે તે બોલ્યો કે-“ આજથી સાતમે દિવસે હું એવું નાટક કરીશ કે જેથી આ નટનો ગર્વ દૂર થશે. ” આવી તેની પ્રતિજ્ઞા સાંભળી તે પરદેશી નટ પણ સાતમે દિવસે ફરીથી ત્યાં આવવાની પ્રતિજ્ઞા કરી રાજાની રજા લઈ પોતાને સ્થાને ગયો.

હવે બ્રહ્મવૈશ્રવણે નટાદિકના સમુદાયમાંથી પરીક્ષા કરીને કેટલાક મહા બુદ્ધિશાળી યુવાન પુરૂષો અને યુવાન સ્ત્રીઓને ગ્રહણ કર્યા. પછી પોતે શીઘ્રકવિ હોવાથી પોતાનાજ ચરિત્રને કહેનારૂં નવું નાટક રચી તે સર્વને ભણાવી, તેની કળા પણ શીખવી. પછી સર્વ સામગ્રી એકઠી કરી, સાતમે દિવસે રાજાને જણાવી, સર્વોત્તમ નાટક કરવા હાજર થયો.

તે વખતે મોટા રંગમંડપમાં રાજાએ મોટા આસનપર બેસી રાજવર્ગને, મોટા શ્રેષ્ઠીઓને અને પૌરજનોને બોલાવ્યા, તથા પેલા પરદેશી નટને પણ બોલાવ્યો. બાજુ ઉપર છિદ્રવાળા પડદાની અંદર રાજાએ પોતાની બ્હેન, પોતાની રાણી અને પોતાની કન્યા વિગેરે સર્વ સ્ત્રીજનોને બેસાડયા, તે છિદ્રમાંથી તેઓ પણ જોવા લાગ્યા.

આ પ્રમાણે મનમાં કૌતુકવાળી સર્વ સભા ભરાઈ ગઈ, ત્યારે કુમાર બ્રાહ્મણે પૂર્વરંગ કરવા પૂર્વક નાટક શરૂ કર્યું. તે વખતે મૃદંગ, વંશ અને વીણાદિક વાજિંત્રોનો નાદ થવા લાગ્યો. મધુર ધ્વનિવાળા ગંધર્વોના ગીતના મનોહર શબ્દો થવા લાગ્યા. એ રીતે વિચિત્ર કરણો સહિત, સુંદર તાલ અને લયને અનુસરનાર પોતાના જ ચરિત્રનું નાટક તે માયાવી બ્રાહ્મણે શરૂ કર્યું. તેમાં આ પ્રમાણે વૃત્તાંત હતો—

"વિજયપુર નગરમાં જય અને વિજય નામે બે ભાઈ રાજપુત્રો હતા. તેમાં જયને સિંહસાર નામે પુત્ર હતો અને વિજયને ગુણવાન એવો જયાનંદ નામે પુત્ર હતો. જયાનંદકુમારે એક કેવળીની પાસે પર્વતપર જઈ જૈનધર્મ અંગીકાર કર્યો હતો. પછી જયાનંદ દેશાંતરમાં નીકળ્યો.

પ્રથમ વિશાલપુર નગરમાં વિદ્યાનો અભ્યાસ કર્યો. ત્યાં રાજકન્યા સાથે પરણ્યો. પછી પલ્લીમાં ગિરિમાલિની દેવીને પ્રતિબોધ પમાડ્યો. પછી કનકપુર નગરમાં આવી તે જુગાર રમવા લાગ્યો. ત્યાં રાજકન્યાને પરણ્યો અને રેલ્લણીદેવીને પ્રતિબોધ પમાડયો, તેમજ ભુંડ સાથે યુદ્ધ કર્યું, તાપસપતિને પ્રતિબોધ કર્યો અને તેની પુત્રીને પરણ્યો. દેવ સાથેના યુદ્ધમાં મલયમાલ નામના દેવને જીત્યો, તે દેવે તેને મહા ઔષધિઓ આપી. પછી તે રત્નપુર નગરે ગયો. ત્યાં રાજપુત્રી રતિસુંદરીના નાટકમાં સ્ત્રીવેષે ગયો, રતિસુંદરીને પરણ્યો અને પછી ભિલ્લનું રૂપ કર્યું.

ઈત્યાદિ સમગ્ર વૃત્તાંત અભિનયપૂર્વક તે બટુએ કહી તથા કરી બતાવ્યો. ત્યારપછી ભિલ્લરૂપે પદ્મપુર-નગરમાં આવી, રાજકન્યાને પરણી દેવકુળમાં ગયો. ત્યાં તે રાજપુત્રી આંધળી થઈ, તેણીને તેણે ઔષધિવડે દેખતી કરી. આ સર્વ નાટક બરાબર બતાવ્યું. પરંતુ પોતાની પ્રિયાની માતા કમળા કે જે પડદાના છિદ્રમાંથી એક દૃષ્ટિએ આ નાટક જોતી હતી, તેણીને ભ્રાંતિ પમાડવા માટે તેણે નગર વિગેરે સર્વ નામો બદલી નાખ્યાં. તે આ પ્રમાણે—

**ભોગપુર** નગરમાં **ભોગદત્ત** નામે નાસ્તિક રાજા હતો. તેને **સુજયા** અને **વિજયા** નામની બે રાણીઓથી ઉત્પન્ન થયેલી **સુદામા** અને **સુભગા** નામની બે કન્યાઓ હતી. તેમાં રાજાએ પહેલી કન્યા કોઈ રાજાને આપી અને બીજી કન્યા ક્રોધથી ભિલ્લને આપી. આવું નાટક ભજવ્યું, તે વખતે નામ વિગેરે બદલાવવા છતાં પણ વિજયસુંદરીના જીવનને મળતું નાટક થવાથી ભિલ્લની પાસે બેઠેલી પોતાની વિજયસુંદરી પુત્રીને સારી રીતે જોઈ, તેણીપર અત્યંત સ્નેહ જાગૃત થવાથી "અહો પુત્રી! તું આજે સદ્ભાગ્યે મારા જોવામાં આવી" એમ બોલતી કમળા પડદામાંથી જલ્દી બહાર નીકળી તેણીને કંઠે વળગી પડી અને દુઃખથી રોવા લાગી. એટલે તરત જ તે માયાવી બ્રાહ્મણે ઔષધિવડે તેણીને પાછી બ્રાહ્મણી કરી, કમળા રાણીને કહ્યું કે—

"હે માતા! તમે કેમ ભ્રાંતિ પામ્યા? આ તો સુભગાનો વેષ ધારણ કરનારી મારી પ્રિયા છે; પરંતુ તમારી પુત્રી નથી. નાટકમાં જે રૂપ કર્યું હોય તે સાચું હોતું નથી."

તે સાંભળી ખેદ, આશ્ચર્ય અને લજ્જાથી યુક્ત થયેલી કમળાએ તેણીને મૂકી દીધી, અને વિચાર કર્યો કે—

"બીજા રૂપે રહેલી આ મારી પુત્રી જ છે કે શું? કારણ જ્યારથી મેં એને જોઈ છે ત્યારથી એને વિષે મારો અધિક સ્નેહ થયો છે; અથવા તો શું એ બ્રાહ્મણની જ સ્ત્રી છે? જે હશે તે આગળ પર જણાશે." આ પ્રમાણે વિચાર કરીને તે કમળા ફરીથી તે જ પ્રમાણે નાટક જોવા બેઠી. બ્રાહ્મણે પણ દેવકુળમાં સુભગાને ભિલ્લે સાજી કરી ત્યાંસુધી જ અભિનય સહિત નાટક કર્યું. ત્યારપછી તે વિરામ પામ્યો. પછી સર્વ સભાસદોને વિશેષ આશ્ચર્ય પમાડવા માટે તે બ્રાહ્મણે ભાલાના અગ્ર ભાગપર સોય રાખી તે સોયના અગ્રભાગપર પુષ્પ મૂકી તેનાપર નૃત્ય કર્યું.

તે માયાબટુએ નાટકમાં જે વખતે જે જે રસનું પોષણ કર્યું, તે વખતે સર્વ સભા બીજું કાંઈપણ જાણ્યા વિના કેવળ તે તે રસમય જ બની ગઈ. તેના નાટકમાં ભ્રૂભંગાદિકને. કળાકુશળોએ જરા પણ ભૂલવાળા જોયા નહિ; કેવળ કલંકરહિત તેની કળા જોઈ. ત્યારપછી તે બ્રાહ્મણે કાંઈપણ દાન લીધું નહિ, ત્યારે વિસ્મય પામેલા રાજાદિકે નટાદિકના સમુદાયને મહાદાન આપ્યું, અને તે કળાવાનની પાસે સર્વ કળાવાનોને સમુદ્રની પાસે કૂવા જેવા માનવા લાગ્યા. પછી તે બટુની નાટ્યકળાથી ચમત્કાર પામેલો પરદેશી નટ પોતાને હાર્યો જાણી તેના પગમાં પડીને બોલ્યો કે—

"હે બ્રાહ્મણ! જીવનપર્યંત પરિવાર સહિત હું તમારો દાસ છું. સૂર્યના કિરણોવડે હિમની જેમ મારો કળામદ સર્વ ગળી ગયો છે." ત્યારે બ્રાહ્મણ બોલ્યો કે—"હે નટ! અમારે બ્રાહ્મણને કિંકરનું કામ નથી. માટે તું તારે સ્થાને જા અને આનંદ કર. જગતમાં એકબીજાથી અધિકાધિક કળાવાળા હોય છે." તે સાંભળી હર્ષ પામેલો તે નટ રાજાની રજા લઈ પોતાને સ્થાને ગયો.

ત્યારપછી સભા વિસર્જન કરી કમળાને સાથે રાખી રાજાએ બ્રાહ્મણને પૂછ્યું કે—"હે બ્રાહ્મણ! તમે જેનો અભિનય બતાવ્યો, તે રાજપુત્ર કોણ છે? અને પ્રાતઃકાળે તે દેવકુળમાંથી તે ભિલ્લ પ્રિયા સહિત ક્યાં ગયો?

બ્રાહ્મણે કહ્યું કે—"હું કૌતુકથી મારી પ્રિયા સહિત પૃથ્વીપર વિચિત્ર નાટક કરતો કરતો એક દિવસ ભોગપુર નગરે ગયો હતો. ત્યાં બીજું કોઈ સ્થાન નહિ મળવાથી રાત્રીએ હું તે જ દેવકુળમાં રહ્યો હતો. ત્યાં અત્યંત વિલક્ષણ એવા તે દંપતીને મેં

જોયા. તેથી આશ્ચર્ય પામી મેં ભિલ્લને પૂછયું કે 'તું આવો કુરૂપ છતાં તારે આવી દેવાંગના જેવી રૂપવતી સ્ત્રી કયાંથી? હે મિત્ર! તે તું મને કહે.' ત્યારે તેણે તે દેવકુળમાં આવ્યા સુધીનું પોતાનું વૃત્તાંત જેવી રીતે કહ્યું, તેજ રીતે મેં હૃદયમાં ધારી રાખ્યું. આશ્ચર્યકારક ચરિત્રનો કોણ આદર ન કરે?

ત્યારપછી તે અને હું પોતપોતાની પ્રિયા સહિત ત્યાં સુખનિદ્રાએ સુઈ રહ્યા પછી પ્રાતઃકાળે ઉઠીને તે પત્ની સહિત કયાં ગયો તે હું જાણતો નથી. હું તો થાકને લીધે સુઈ રહ્યો હતો, અને તેના ગયા પછી જાગ્યો હતો. પછી મારી પ્રિયા સહિત હું પણ ચાલ્યો, અને ભમતો ભમતો અનુક્રમે અહીં આવ્યો છું. તેનું ચરિત્ર આશ્ચર્યકારક હોવાથી હું જેટલું જાણતો હતો તેટલું મેં હમણા ભજવી બતાવ્યું છે. આગળનું વૃત્તાંત તો તે જાણે."

આ પ્રમાણે સાંભળીને રાજાએ તથા કમળાએ વિસ્મય પામી વિચાર કર્યો કે–"અહો! રૂપને અનુસરતો વિચાર કરતાં આનું દાન અને ધનાદિક આશ્ચર્યકારક છે. વળી પ્રથમ હતો તે જ ભિલ્લ આ બ્રાહ્મણ રૂપે છે કે બીજો કોઈ આ શ્રેષ્ઠ બ્રાહ્મણ છે તેની ખબર પડતી નથી. આની ચેષ્ટા ગહન છે. વળી બ્રાહ્મણીરૂપે આ શું તે જ વિજયસુંદરી છે કે બીજી કોઈ છે? કળાવાનનું ચરિત્ર કોણ જાણી શકે છે? અથવા તો આ બન્ને ગમે તે હો; પરંતુ આટલું તો જણાય છે કે ખરેખર કોઈ પણ કળા અને ભાગ્યના નિધાનરૂપ રાજપુત્ર અન્યરૂપે વિજયસુંદરીને પરણેલ છે અને વિજયસુંદરી દિવ્ય નેત્રવાળી તેમજ સુખી થઈ છે. આ જ આપણને મોટા હર્ષની વાત છે.

વળી આ બટુ અહીં જો વધારે વખત રહેશે તો જરૂર આગળનો વૃત્તાંત પણ તેનાથી જ જણાશે. તેથી એને કન્યા આપીને અહીં રોકી રાખવો. તેમ કરવાથી આપણી પ્રતિજ્ઞા પણ પૂર્ણ થશે."

આ પ્રમાણે વિચારી રાજાએ બટુને કહ્યું કે–"હે બ્રાહ્મણ! તમારી કળા આ પૃથ્વીપર અપૂર્વ છે. આવી કળા અમે કોઈ ઠેકાણે જોઈ કે સાંભળી નથી. એક જ નાટ્યકળાથી તમે આજે સર્વ રાજ્યોમાં મારા રાજ્યને વિજ્ઞાનની સંપત્તિમાં ઉન્નત સ્થિતિને પમાડયું છે. તમે બ્હોંતેર કળાથી જગતને વાસિત કર્યું છે, તેથી માત્ર સોળજ કળાને ધારણ કરતો ચંદ્ર પણ તમારી સમાન થઈ શકે તેમ નથી; તેથી હે મિત્ર! તમારે અહીં મારી પાસે જ રહેવું. સર્વ ઈષ્ટ વસ્તુના દર્શન કરતાં પણ તમારૂં દર્શન મને અત્યંત ઈષ્ટ છે."

આ પ્રમાણે રાજાએ કહેવાથી તેમનું વચન તે બ્રાહ્મણે અંગીકાર કર્યું. એટલે



રાજા વિગેરે સર્વે હર્ષ પામી તેની કળાની સ્તુતિ કરતા પોતપોતાને સ્થાનકે ગયા. ત્યારથી આરંભીને કમળા રાણી દિનપર દિન વધતા વધતા પ્રેમવડે તે બટુની પ્રિયાને પુત્રીની જેમ પોતાની પાસે વિશેષ રાખવા લાગી; અને તેણીની સાથે પ્રીતિપૂર્વક વાતો કરવાથી એટલી બધી ખુશી થવા લાગી કે અમૃતરસના અને રાજ્યાદિકના લાભથી પણ તે તેટલી ખુશી થતી નહોતી.

એક દિવસ બટુનું નાટક જોઈ રંજિત થયેલી અને તેની જ પત્ની થવાને ઇચ્છતી કમળસુંદરી કન્યાએ પોતાની ધાવમાતાને કહ્યું કે–"હે માતા! હજુ સુધી રાજા મને તે બ્રાહ્મણને કેમ આપતા નથી? કેમકે સત્પુરૂષો પ્રતિજ્ઞા કરેલા વિષયમાં વિલંબ કરતા જ નથી." તે સાંભળી ધાવમાતાએ તે હકીકત રાજાને કહી. ત્યારે તે પણ પોતાના અભિપ્રાયને અનુસરતો પુત્રીનો અભિપ્રાય જાણી અત્યંત હર્ષ પામ્યો.

કોઈક વખત મંત્રી, સામંત, શ્રેષ્ઠી અને સેનાપતિ વિગેરે સર્વ સભ્યોથી શોભિત સભામાં સુવર્ણના સિંહાસનપર રાજા બેઠો હતો, તે વખતે સર્વ સભાસદોને માન્ય બ્રહ્મવૈશ્રવણ પણ સભામાં આવી રાજાને આશીષ આપી તેની પાસેના આસનપર બેઠો. તેને રાજાએ કહ્યું કે—

હે બ્રહ્મવૈશ્રવણ! રૂપવડે અપ્સરાઓને જીતનાર અને સમગ્ર ગુણોવડે શોભતી મારી પુત્રીનું પાણિગ્રહણ કરો, કારણ કે મારા પુત્રને સજ્જ કરનારને મેં મારી પુત્રી આપવાની પ્રતિજ્ઞા કરેલી છે, સત્પુરૂષની પ્રતિજ્ઞા પૃથ્વી અને મેરૂ પર્વતાદિકની જેમ ચળાયમાન થતી જ નથી." તે સાંભળી બટુ બોલ્યો કે–"મારે ઘરમાં રસોઈ કરનારી બ્રાહ્મણી છે, તેથી સામાન્ય માણસોને વધારે પ્રિયાઓ કરવી યોગ્ય નથી. વળી મદનની કથા સાંભળીને કોણ મૂર્ખ બે પત્નીઓ કરે?" ત્યારે રાજાએ પૂછ્યું કે–"તે મદન કોણ હતો?" એટલે બ્રાહ્મણે તેની કથા આ પ્રમાણે કહી—

જેમણે શુદ્ધ જ્ઞાન અને ક્રિયાવડે મોહ સાથેના યુદ્ધમાં જયલક્ષ્મીને મેળવી ઉત્કૃષ્ટ જ્ઞાનલક્ષ્મીને મેળવી છે, તે સર્વજ્ઞને નમસ્કાર થાઓ. સર્વ પ્રાણીઓ સુખની ઇચ્છા કરે છે, તો જે સુખ અક્ષય, ઉત્કૃષ્ટ, એકાંતિક, આત્યંતિક, નિરાબાધ અને નિરૂપાધિક હોય તેજ સુખ પ્રાર્થના કરવા લાયક છે. આનાથી વિપરીત જે કામથી ઉત્પન્ન થતું અલ્પ સમયનું આભાસમાત્ર સુખ છે, તેમાં મૂર્ખ પ્રાણીઓ જ રમે છે; પરંતુ તે સુખ ખરા પંડિતોને માન્ય નથી.

કારણ કે તે સુખ મુખ્યતાએ સ્ત્રીથી જ સાધી શકાય છે; અને સ્ત્રીઓ તો પ્રાયે



કુટિલ, ક્રૂર તથા પરિણામે અતિ દુઃખદાયી હોય છે. આ બાબતમાં **મદન** અને **ધનદેવનું** દૃષ્ટાંત છે. સ્ત્રીઓનું દુષ્ટ ચરિત્ર જોઈને જેઓ ભોગથી વિરામ પામે છે, તેઓ કલ્યાણલક્ષ્મીનું પાત્ર થાય છે. તે બન્નેનું દૃષ્ટાંત આ પ્રમાણે છે તે સાંભળો.—

## મદન અને ધનદેવનું દૃષ્ટાંત.

આજ ભરતક્ષેત્રમાં **કુશસ્થળ** નામના નગરમાં કામદેવ સરખા રૂપવાળો **મદન** નામનો શ્રેષ્ઠી હતો. જેમ કામદેવને રતિ અને પ્રીતિ નામની સ્ત્રીઓ છે તેમ તે મદન-શેઠને સ્વભાવવડે યથાર્થ નામવાળી **ચંડા** અને **પ્રચંડા** નામની બે સ્ત્રીઓ હતી.

અનુક્રમે તે બન્ને પ્રેમનું સ્થાન થઈ હતી; પરંતુ પરસ્પર જેવા તેવા કારણે પણ અત્યંત કલહ કરતી. પતિએ તેમને ઘણી રીતે વારી તો પણ બન્ને કોપ અને અભિમાનને ઓછો કરતી નહોતી; તેથી મદનશેઠે પ્રચંડાને નજીકના બીજા ગામમાં રાખી અને દિવસોનો નિયમ કરીને તે મદનશેઠ એકએકને ઘેર અનુક્રમે જવા આવવા લાગ્યો.

એક વખત કોઈપણ કારણને લીધે તે મદનશેઠ પ્રચંડાને ઘેર એક દિવસ વધારે રહ્યો. અને પછી ચંડાને ઘેર ગયો. તે વખતે અનાજ ખાંડતી તેણીએ તેને આવતો જોયો. એટલે તરત જ 'દુષ્ટ! તને પ્રચંડા વધારે વહાલી છે તો અહીં કેમ આવ્યો?' એમ કહી ક્રોધથી તેની સન્મુખ મુશળ સાંબેલું ફેંક્યું. તે જોઈ ભય પામેલો તે ત્યાંથી નાઠો. કેટલેક દૂર જઈ પાછું જોયું, ત્યારે તે મુશળને બદલે તેણે સર્પ જોયો. ફણાના આટોપે કરીને ભયંકર અને દોડી આવતા તે સર્પને જોઈ તે મદનશેઠ જલ્દીથી નાશીને પ્રચંડાને ઘેર ગયો. તેને તેવી રીતે આવતો જોઈ તેણીએ પૂછ્યું કે—

પ્રિય! ભય અને શ્વાસથી વ્યાકૂળ થઈ જલ્દીથી અહીં પાછા કેમ આવ્યા? ત્યારે તેણે ચંડાનો વૃત્તાંત કહ્યો. તે સાંભળી તે બોલી–" તમે સ્વસ્થ થાઓ. એમાં કાંઈ ભય રાખવા જેવું નથી.'

આ પ્રમાણે પ્રચંડાએ કહી તેને ધીરજ આપી. તેટલામાં મહા ભયંકર પેલો સર્પ તેણીના ઘરના આંગણામાં આવ્યો. તેને જોઈ ક્રોધ પામેલી તેણીએ પણ પોતાના શરીર ઉપરથી ઉતારેલા મેલની ગોળીઓ બનાવીને તે સર્પની સામે ફેંકી, એટલે તે ગોળીઓના નોળીઆ થઈ ગયા અને, તે નોળીઆઓએ પેલા સર્પના કકડે કકડા કરી નાખ્યા. પછી તે નોળીઆ જતા રહ્યા. તે જોઈ ચમત્કાર પામેલા અને વિવિધ પ્રકારના રસથી વ્યાપ્ત થયેલા મદનશેઠે વિચાર કર્યો કે—

"ચંડાના કોપથી નાશીને તો હું આ પ્રચંડાને શરણે આવ્યો, પરંતુ જો આ પ્રચંડા પણ કોઈવાર કોપ પામે તો મારે કોનું શરણ કરવું? પ્રીતિવાળા પતિપર પણ જે કદાપિ ક્રોધ ન કરે, એવી સ્ત્રી આ જગતમાં મળવી દુર્લભ છે; તો પછી આવી દુષ્ટ સ્ત્રી તો કેમ ક્રોધ ન કરે? માટે રાક્ષસી જેવી આ બન્ને સ્ત્રીનો ત્યાગ કરીને હું કોઈ દેશાંતરમાં જ જાઉં, કારણ કે પોતાની કુશળતાને માટે ઉપદ્રવવાળા રાજ્યનો પણ ત્યાગ કરવો પડે છે."

આ પ્રમાણે વિચાર કરી તે મદનશેઠ એક દિવસ ગુપ્ત રીતે પુષ્કળ ધન ગ્રહણ કરી ઘરમાંથી નીકળી સ્વેચ્છાએ દેશાંતરમાં ચાલ્યો ગયો.

કેટલેક દિવસે તે મદનશેઠ પોતાની સમૃદ્ધિવડે સ્વર્ગને પણ જીતે એવા **સંકાશ** નામના પુરમાં આવી એક ઉદ્યાનમાં અશોક વૃક્ષની નીચે વિશ્રાંતિ લેવા માટે બેઠો, તેવામાં ત્યાં આવેલા એક **ભાનુદત્ત** નામના શ્રેષ્ઠીએ તેને કહ્યું કે–

"હે મદનશેઠ! તમે ભલે આવ્યા, ચાલો, આપણે ઘેર જઈએ." તે સાંભળી પોતાનું નામ લઈને બોલાવવાથી તે મદનશેઠ ચિત્તમાં ચમત્કાર પામી તેની સાથે લક્ષ્મી વડે મનોહર એવા તેને ઘેર ગયો. શ્રેષ્ઠીએ તેને સ્નાન, ભોજન વિગેરે કરાવી પોતાની પુત્રીને આગળ કરી ગૌરવ સહિત કહ્યું કે–

"હે મદનશેઠ! તમે આનું પાણિગ્રહણ કરો" તે સાંભળી તેણે પણ પાકેલા બિંબફળ જેવા ઓષ્ઠવાળી, ચંદ્ર જેવા મુખવાળી, કમળ જેવા લોચનવાળી અને રતિથી અધિક રૂપવાળી તે કન્યાને જોઈ આશ્ચર્ય પામી શ્રેષ્ઠીને કહ્યું કે–"તમે મારૂં નામ શાથી જાણો છો? આટલું બધું ગૌરવ કેમ કરો છો? અને મારૂં કુળ શીળ જાણ્યા વિના મને તમારી પુત્રી કેમ આપો છો?"

શ્રેષ્ઠીએ કહ્યું કે–"મારે ચાર પુત્ર ઉપર વિવિધ માનતાથી આ એક **વિદ્યુલ્લતા** નામની ઈષ્ટ પુત્રી થઈ છે. પ્રાણથી પણ અધિક પ્રિય એવી આ કન્યાને મેં સમગ્ર કળાઓ ભણાવી છે. જ્યારે તે યુવાવસ્થા પામી ત્યારે મેં હૃદયમાં વિચાર્યું કે–"લોક-રીતિ પ્રમાણે અવશ્ય આ પુત્રી કોઈને પણ આપવાની છે; પરંતુ હું એના વિયોગને એક ક્ષણવાર પણ સહન કરવા શક્તિમાન નથી."

આ પ્રમાણે ચિંતાતુર થયેલા મને ગઈ કાલે રાત્રિમાં કુળદેવીએ આવીને કહ્યું કે–"હે વત્સ! શા માટે ચિંતા કરે છે? પ્રાત:કાળે આ નગરના ઉદ્યાનમાં અશોક વૃક્ષની નીચે પહેલા પહોરને છેડે તારી કન્યાને યોગ્ય એવા મદન નામના વરને પામીશ. વિશુદ્ધ

કુળમાં ઉત્પન્ન થયેલ અને સર્વ ગુણવાળા તે વરને તારે તારી કન્યા આપવી અને તેનો વિયોગ ન થવા માટે તેને તારા ઘરમાં જ રાખવો.' એમ કહીને દેવી અદશ્ય થઈ. તેનાં વચન પ્રમાણે હું વર્તનારો હોવાથી તેના આદેશથી જ આ પુત્રી હું તમને આપું છું માટે તેનો તમે સ્વિકાર કરો." તે સાંભળી મદનશેઠે વિચાર્યું કે–

"પ્રથમની બે પ્રિયાઓનો ત્યાગ કરી વાંઢાની જેમ મારે પ્રિયા વિના એકલા કેટલો કાળ રખડવું અને ક્યાં રહેવું? વળી દેવીએ કહેલી અને મનના વિશ્રામની ભૂમિ રૂપ આવી દુર્લભ કન્યા મને ભાગ્યયોગે મળી ગઈ છે, તો તેણીને પરણીને હું અહીં જ ધનનો ભોગ કરવાપૂર્વક નિવાસ કરૂં."

આ પ્રમાણે વિચારી મદનશેઠે તેનું વચન અંગીકાર કર્યું. પછી શ્રેષ્ઠીએ હર્ષથી અદ્વિતીય ઉત્સવપૂર્વક તેની સાથે પોતાની કન્યાને પરણાવી અને તેને પ્રમાણ રહિત દ્રવ્ય તથા ઘરની સર્વ સામગ્રી આપી. શ્રેષ્ઠીએ આપેલા ઘરમાં રહીને મદનશેઠ પણ તે નવી પરણેલી સ્નેહવાળી સ્ત્રીની સાથે ઈચ્છા પ્રમાણે ભોગ ભોગવવા લાગ્યો. "જ્યાં ત્યાં પણ મનુષ્યોને આવા અકસ્માત્ ભોગો પ્રાપ્ત થાય છે, તે પુણ્યનો જ પ્રભાવ જાણવો. હે મનુષ્યો! તમે સર્વત્ર પુણ્યને જ ઉપાર્જન કરો."

આ પ્રમાણે કેટલોક કાળ સુખમય નિર્ગમન થયો, તેવામાં કોઈક વખત અનુક્રમે વિયોગી સ્ત્રીઓને કાળ યમરાજ સમાન વર્ષાકાળ પ્રાપ્ત થયો. તેવા સમયમાં એકવખત રાત્રીસમયે કામદેવને વશ થયેલી કોઈ વિયોગી સ્ત્રી પતિનું સ્મરણ કરી રૂદન કરતી હતી. તે રૂદન બારીમાં બેઠેલા મદનશેઠે સાંભળ્યું; એટલે તેને વિચાર થયો કે–

"જેમ આ સ્ત્રી પતિના વિયોગથી કામદેવવડે પીડા પામીને રૂદન કરે છે; તેમ બીજી સ્ત્રીઓ પણ કામદેવની પીડાને સહન કરી શકતી નહીં હોય એમ હું માનું છું, તેથી પતિના પ્રેમને આધીન થયેલી મારી બે પ્રિયાઓ ચંડા અને પ્રચંડા જેને મેં લાંબાકાળથી મૂકી દીધી છે, તેઓ આજે કામની પીડાથી મારૂં સ્મરણ કરી કઈ દશાને પામતી હશે? તો કોઈ પણ પ્રકારે એક વાર ત્યાં જઈને તે પ્રિયાઓને હું આશ્વાસન આપું. તેમાં પણ અપરાધ વિનાની અને મારો ઉપકાર કરનારી પ્રચંડાને તો વિશેષ આશ્વાસન આપવું યોગ્ય છે."

આ પ્રમાણે પૂર્વ પ્રિયાઓનું સ્મરણ કરી તેના વિયોગથી ઉત્પન્ન થતા દુ:ખવડે તે મદનશેઠ અશ્રુધારા મૂકવા લાગ્યો અને વસ્ત્રવડે નેત્ર લુંછવા લાગ્યો. તે વિદ્યુલ્લતાના

જોવામાં આવ્યું, એટલે વ્યાકૂળ થઇને તેણીએ પૂછ્યું કે-" હે પ્રિય ! અત્યારે અકસ્માત્ તમને રૂદન કેમ આવે છે ? " મદનશેઠ કાંઈ બોલ્યો નહિ, એટલે તેણીએ વધારે આગ્રહ કર્યો, ત્યારે તેણે પોતાની પૂર્વની બન્ને પત્નીઓનું સ્મરણ થવા સંબંધી સર્વ વૃત્તાંત કહ્યો. તે સાંભળીને તે બોલી કે–

" જો એમ હોય તો તમે ત્યાં જઈને તેમને કેમ આશ્વાસન આપતા નથી ? " ત્યારે તે પણ બોલ્યો કે-" હે પ્રિયે ! જો તું મને રજા આપે તો એકવાર ત્યાં જઈ આવું. " તે સાંભળી સ્ત્રીસ્વભાવને લીધે અત્યંત ઇર્ષ્યાથી તેણીએ વિચાર્યું કે–

" હું દાસીની જેમ આની સર્વ પ્રકારની સેવા બજાવું છું, કોઈ પણ વખત મશ્કરીમાં વાણીવડે પણ વિનયનું ઉલ્લંઘન કરી જરા પણ પ્રતિકૂળતા બતાવતી નથી; છતાં પણ આ આજે તેવી દુષ્ટ સ્ત્રીઓનું સ્મરણ કરે છે. હું કામવ્યથાને જરા પણ સહન કરવાને શક્તિમાન નથી.

વળી મેઘની ઘટાવાળો આ કાળ કામદેવના મિત્ર જેવો છે; તેથી કાળક્ષેપ કરીને આને તે સ્ત્રીઓનું વિસ્મરણ કરાવું. " એમ વિચારી તે બોલી કે-" હે પ્રિય ! હમણાં વર્ષાઋતુ હોવાથી પર્વતની નદીઓ મહા વિષમ હોય છે અને માર્ગ પણ કાદવવાળા હોવાથી અગમ્ય હોય છે; તેથી શરદઋતુ આવે ત્યારે જવું યોગ્ય છે. "

આ પ્રમાણેના તેણીના વચનથી મદનશેઠ સ્થિરચિત્ત થઈને ત્યાં જ રહ્યો. 'કામી પુરૂષ સ્ત્રીના વચનને જ આધીન હોય છે.'

ત્યારપછી વર્ષાઋતુને ભોગસુખમાં નિર્ગમન કરી બન્ને પ્રિયાને જોવામાં ઉત્સુક થયેલા મદનશેઠે જવા માટે તેણીની રજા માગી, ત્યારે તેણીએ કાંઈક વિચાર કરી તત્કાળ તેને જવાની સંમતિ આપી અને શ્રેષ્ઠ કરંબો બનાવી તેને તેનું ભાતું આપ્યું. તે લઈ મદનશેઠ ત્યાંથી ચાલ્યો.

અનુક્રમે એક ગામ પાસે આવ્યો, ત્યાં મધ્યાહ્ન થવાથી સરોવરને કાંઠે રહેલા એક વૃક્ષ નીચે વિશ્રામ કરવા બેઠો. પછી સ્નાન કરી દેવગુરૂનું સ્મરણ કરી ભોજન કરવાની ઇચ્છા થતાં તેણે વિચાર કર્યો કે-" કોઈ અતિથિને આપીને પછી જો હું જમું તો મારૂં વિવેકીપણું કહેવાય. "

આ પ્રમાણે તે વિચાર કરતો હતો, તેવામાં એક દેવકુળમાંથી નીકળી ભિક્ષાને માટે ગામ તરફ જતા કોઈ જટાધર તાપસ ને જોઈ તેણે હર્ષથી તેને નિમંત્રણ કર્યું

અને દાન આપવામાં કુશળ એવા તેણે તેને શ્રદ્ધાપૂર્વક કરંબો આપ્યો. તે જટાધર પણ ભૂખ્યો થયેલો હોવાથી ત્યાં જ બેસીને ખાવા લાગ્યો. હવે મદનશેઠે જેવામાં ખાવાનો આરંભ કર્યો, તેવામાં કોઈએ છીંક ખાધી. તેથી અપશુકન થયા જાણી બુદ્ધિમાન મદનશેઠે ખાવામાં કાંઈક વિલંબ કર્યો. તેવામાં કરંબો ખાવાથી પેલો તપસ્વી તત્કાળ ઘેટો બની ગયો, અને તરત જ સંકાશ નગર તરફ ચાલ્યો. તે જોઈ મદનશેઠે વિચાર્યું કે–

"જો મેં આ કરંબો ખાધો હોત, તો હું પણ આજ રીતે અવશ્ય ઘેટો થઈ જાત. દયાદાનના મહિમાવડે હું આ આપત્તિમાંથી બચી ગયો છું." એમ વિચારી 'આ ઘેટો કયાં જાય છે?' તે જાણવા માટે મદનશેઠ તેની પાછળ ચાલ્યો. શીઘ્રપણે ચાલતા તે બન્ને સંકાશનગરમાં પહોંચ્યા, અને તે ઘેટો વિદ્યુલ્લતાના ઘરમાં જ પેઠો. તે વખતે 'આનું શું થાય છે?' તે જોવા માટે મદનશેઠ વિસ્મય સહિત ઘરની બહાર કોઈ સ્થાને ગુપ્ત રીતે સંતાઈ રહ્યો.

વિદ્યુલ્લતા પોતાના ઘરમાં આવેલા તે ઘેટાને જોઈ તત્કાળ ઘરના દ્વાર બંધ કરી ક્રોધથી લાકડીવડે તેને અત્યંત મારવા લાગી, અને બોલી કે—"અરે દુષ્ટ! મને નિરપરાધીને તજી અપરાધવાળી તે બે પ્રિયાઓની સાથે રમવા માટે જવા ઈચ્છે છે, અને ઘણી વખત રોકાવાનું કહ્યા છતાં રોકાતો નથી, તો શું મારી પાસે મુશળ નથી? છે; પરંતુ હું ભરથારના પ્રાણનો નાશ કેમ કરૂં? એવી દયાના વશથી જ હું તને તે મુશળવડે હણતી નથી. ચંડાના મુશળથી ભય પામીને તું પ્રચંડાને શરણે ગયો હતો, પણ અત્યારે મારાથી હણાતો તું કોને શરણે જાય તેમ છે?"

આવાં વચનો બોલતી તે તેને વારંવાર મારવા લાગી. તેના મારથી પીડા પામતા તે ઘેટાના દીન પોકારને સાંભળી ચોતરફથી ઘણા લોકો ત્યાં એકઠા થયા અને બોલ્યા કે—"અરે મૂઢ! નિર્દય! આ પશુને શા માટે મારે છે? વણિકના કુળમાં ઉત્પન્ન થયા છતાં તું આની હત્યાથી પણ શું ભય પામતી નથી?"

ત્યાર પછી તેણીએ મંત્રેલું જળ તેની ઉપર છાંટયું, એટલે તે ઘેટો તત્કાળ જટાધારી અને ભસ્મથી વ્યાપ્ત શરીરવાળો તાપસ થઈ ગયો તે જોઈ માણસોએ તે તાપસને પૂછયું કે—

"હે પૂજ્ય! આ શું?" ત્યારે તેણે પોતાનો યથાર્થ વૃત્તાંત કહ્યો. તે સાંભળી લોકો આશ્ચર્ય પામ્યા, અને તે દિવસથી 'જે કરંબો ખાય તે માર પણ ખાય' એવી કહેવત લોકમાં પ્રસરી. પછી તે તપસ્વી ભયવડે ચપળ નેત્રવાળો થઈ તત્કાળ ત્યાંથી

નાસી ગયો, અને લોકો પણ વિસ્મય પામી પોતપોતાને સ્થાને ગયા. ત્યારપછી વિદ્યુલ્લતાએ વિચાર્યું કે—

"અરે ! ધિક્કાર છે મને, મેં આ નિરપરાધી તપસ્વીને ફોગટ પીડા ઉપજાવી. હું નથી જાણતી કે મારો પતિ ક્યાં ગયો ? હવે તે ફરીને મને મળશે કે નહિ ? તેને શિક્ષાવડે વશ કરીને હું ઇચ્છા પ્રમાણે ભોગ ભોગવીશ એવો મારો મનોરથ અત્યારે વ્યર્થ થયો, લોકમાં મારી નિંદા થઇ અને પતિનો પણ વિયોગ થયો, તેથી 'હાથ દાઝયા, અને પુડલા મળ્યા નહિ' એવું મારે થયું."

આ સર્વ વૃત્તાંત જોઈ વિવિધ પ્રકારના વિચારોથી વ્યાકૂળ થયેલો મદનશેઠ વિચાર કરવા લાગ્યો કે—"આવી ચેષ્ટાથી આ સ્ત્રીએ તો મારી પ્રથમની બન્ને સ્ત્રીઓને જીતી લીધી. અહો ! સ્ત્રીઓના ચરિત્રો જાણવાને યોગીઓ પણ સમર્થ નથી. આવી સ્ત્રીઓને વિષે જેઓ રાગી થાય છે, તેવા રાગાંધ જીવોને ધિક્કાર હો,....ધિક્કાર હો ! ! સ્ત્રીઓ ક્રૂરતામાં રાક્ષસી, સર્પિણી અને વાઘણથી પણ ચડિયાતી છે. તેમના પર જેઓ વિશ્વાસ રાખે છે, તેઓ મનુષ્યરૂપે પશુઓ જ છે. તેથી ચંડા, પ્રચંડા અને વિદ્યુલ્લતાને તજીને હવે હું આત્મહિત કરીશ; કેમકે આ મહા સંકટમાંથી હું ભાગ્યયોગે બચી ગયો છું."

આ પ્રમાણે વિચારી તે મદનશેઠ ભમતો ભમતો **હસંતી** નામની નગરીએ પહોંચ્યો. તે નગરી પોતાની લક્ષ્મીવડે સ્વર્ગપુરીને પણ જીતીને હસતી હોય એવી સાર્થક નામવાળી હતી. ત્યાં બહાર ઉદ્યાનમાં આકાશને સ્પર્શ કરતું સુવર્ણમય એક ચૈત્ય તેણે જોયું. તેમાં ભક્તિ અને હર્ષથી રોમાંચિત થઈ તેણે વિધિપૂર્વક પ્રવેશ કર્યો; અને ત્યાં રહેલી રત્નમય શ્રીઆદિનાથની પ્રતિમાને પ્રણામ કરી તથા સ્તુતિ કરી સ્વર્ગના વિમાનને જીતનાર તે ચૈત્યની શોભા તે જોવા લાગ્યો. પછી પોતાના આત્માને ધન્ય માનતો તે મદનશેઠ હર્ષ પામી રંગમંડપમાં બેઠો; તેવામાં ત્યાં એક સુંદર વેષવાળો યુવાન પુરૂષ આવ્યો. તે પણ પરમાત્માને નમસ્કાર કરી તેમની સ્તુતિ કરી તેજ રંગમંડપમાં આવી મોટા દુઃખથી નિઃશ્વાસ મૂકતો તે મદનશેઠની પાસે બેઠો. તેને નિઃશ્વાસ મૂકતો જોઈ મદનશેઠે કહ્યું કે—

"હે મિત્ર ! તું કોણ છે અને શા માટે નિઃશ્વાસ મૂકે છે ? મારી જેમ તું પણ દુઃખી છે કે શું ?" ત્યારે તે બોલ્યો કે—"હું આ જ નગરીનો રહીશ **ધનદેવ** નામનો વણિક છું. મારૂં દુઃખ હું પછી કહીશ, પરંતુ પ્રથમ તમે કોણ છો અને તમારે શું દુઃખ છે તે તમે કહો" ત્યારે મદનશેઠ બોલ્યા કે—

"હે મિત્ર ! મારૂં દુઃખ કહેતાં મને લજ્જા આવે તેમ છે, તોપણ હું કહું છું;

કેમકે પ્રથમ દર્શનમાં પણ તમે સાધર્મિક હોઈ મારા પર સ્નેહ બતાવો છો તેથી તમારા જેવા સત્પુરૂષને દુ:ખ કહેવાથી પ્રાયે લાભ કરનાર થાય છે." એમ કહી તે મદનશેઠ કુશસ્થળ ગામનો પોતાનો નિવાસ છે, ત્યાંથી આરંભીને અહીં હસંતી નગરીમાં આવ્યા સુધીનો સર્વ વૃત્તાંત કહી બતાવ્યો. તે સાંભળી ધનદેવ બોલ્યો—

"હે મિત્ર ! જ્યારે મારૂં આશ્ચર્યકારક વૃત્તાંત તમે સાંભળશો, ત્યારે તમારૂં દુ:ખ તમને અલ્પજ લાગશે." મદનશેઠ બોલ્યા—"હવે તમે તમારૂં વૃત્તાંત કહો. હું સાંભળવા ઉત્સુક છું." ત્યારે ધનદેવે પોતાનું વૃત્તાંત આ પ્રમાણે કહ્યું.—

આ હસંતીપુરીમાં જ **ધનપતિ** નામે ગુણી અને શુદ્ધ શ્રાદ્ધધર્મમાં રક્ત શ્રેષ્ઠી હતો. તેને નામથી અને ગુણથી બન્ને પ્રકારે યોગ્ય **લક્ષ્મી** નામની ભાર્યા હતી. તે બન્નેને વિવિધ ઉપાયવડે બે પુત્રો ઉત્પન્ન થયા. તેમાં પ્રથમનું નામ **ધનસાર** અને બીજાનું નામ **ધનદેવ** હતું. તેમને સર્વ કળાઓ ભણાવી બે કન્યા પરણાવી. સદ્ધર્મ અને સુખમાં લીન થયેલા તે સર્વનો કેટલોક કાળ આનંદમાં વ્યતીત થયો.

ત્યાર પછી તેમના માતાપિતા વિશુદ્ધ ધર્મનું આરાધન કરી સ્વર્ગે ગયા. તે વખતે તે બન્ને પુત્રોને અતિ શોક થયો. તેમને **મુનિચંદ્ર** નામના મહર્ષિએ પ્રતિબોધ પમાડયો. તે બન્ને ભાઈઓ પરસ્પર સ્નેહવાળા હતા; પરંતુ તેમની સ્ત્રીઓ પરસ્પર કલહ કરતી હતી, તેથી તેઓ ધનાદિક સર્વ વસ્તુ વહેંચીને જુદા જુદા ઘરમાં રહ્યા.

હવે નાનાભાઈની સ્ત્રી કુલટા હોવાથી તે તેને સુખ આપનારી થઈ નહિ; તેથી ઉદ્વેગ પામેલા તેને એક દિવસ મોટા ભાઈએ કારણ પૂછયું, ત્યારે નાના ભાઈએ તેને પોતાની સ્ત્રી તરફનો અસંતોષ બતાવ્યો. તે સાંભળી તેનો અભિપ્રાય જાણી મોટાભાઈ ધનસારે ભાઈ પરના સ્નેહને લીધે પ્રયત્નથી રૂપ, કળા અને ગુણવડે યુક્ત એવી એક શેઠની પુત્રીને શોધી તેની સાથે ધનદેવને પરણાવ્યો.

નવી પરણેલી સ્ત્રીની સાથે શાંતિને પામેલો તે ધનદેવ ભોગ ભોગવવા લાગ્યો; પરંતુ દુર્ભાગ્ય યોગે તે સ્ત્રી પણ પ્રથમની સ્ત્રીની જેવી કુલટા થઈ. કહ્યું છે કે— "પોતાના નશીબ બળથી મનુષ્ય શુભ અથવા અશુભ જે કાંઈ પામવાનો હોય તે અવશ્ય પામે છે. પ્રાણીઓએ મોટો પ્રયત્ન કર્યા છતાં પણ નહિ થવાનું કદી થતું નથી અને જે થવાનું હોય છે તેનો નાશ થતો નથી."

એક દિવસ બન્ને સ્ત્રીઓનું ચરિત્ર જાણવાની ઇચ્છાથી ધનદેવે સાયંકાળે તેમને



કહ્યું કે—"હે પ્રિયાઓ ! મને આજે અત્યંત શીત જ્વર આવ્યો છે." તે સાંભળી તેઓએ શીઘ્રપણે શય્યા પાથરી. તેમાં તે તરત સુઈ ગયો, અને માયાથી વસ્ત્ર ઓઢી તેણે નિદ્રાનો દેખાવ કર્યો. રાત્રીનો એક પ્રહર વ્યતીત થયો ત્યારે તેને નાસિકાના ઘોર શબ્દવડે નિદ્રાવશ થયેલો જાણી મોટી સ્ત્રીએ નાનીને કહ્યું કે—

"હે બહેન ! સામગ્રી તૈયાર કર." પછી જલદીથી ઘરનાં કાર્યો કરી તે બન્ને સ્ત્રીઓ ઘરમાંથી નીકળી ઘરના ઉદ્યાનમાં રહેલા એક આમ્રવૃક્ષપર ચઢી તેમને બહાર જતી જોઈ ધનદેવ પણ ગુપ્ત રીતે તેમની પાછળ ગયો, અને વસ્ત્રવડે પોતાના શરીરને મજબુત બાંધી તે આમ્રવૃક્ષના કોટરમાં ભરાઈ ગયો. પછી તેઓએ મંત્રજાપ કર્યો, એટલે તે વૃક્ષ આકાશમાં ઉડી સમુદ્ર મધ્યે રહેલા રત્નદ્વીપમાં **રત્નપુર** નામના નગરમાં ગયું. ત્યાં જમીન પર વૃક્ષને સ્થિર કરી તેના પરથી ઉતરીને તે બન્ને સ્ત્રીઓ નગરની અંદર જઈ ઇચ્છા પ્રમાણે વિચિત્ર આશ્ચર્યો જોવા લાગી. ધનદેવ પણ તેમની પાછળ પાછળ નગરમાં ગયો અને તેમનું આવું ચરિત્ર જોઈ મનમાં આશ્ચર્ય પામ્યો.

આ અવસરે તે નગરમાં લક્ષ્મીના નિધાનરૂપ **શ્રીપુંજ** નામે એક ઉત્તમ શ્રેષ્ઠી રહેતો હતો. તેને ચાર પુત્રો ઉપર એક **શ્રીમતી** નામની પુત્રી હતી. તેણીનું રૂપ જોઈ તેવું રૂપ પામવાની ઇચ્છા છતાં પણ નહિ પામવાથી દુઃખવડે કામદેવનું શરીર ક્ષીણ થવા લાગ્યું અને ધીમે ધીમે તે અનંગ–અંગ રહિત થયો એમ હું માનું છું.

સર્વ વિદ્યાઓ અને કળાઓ આ કન્યાને રૂપસૌભાગ્યનું અદ્વિતીય સ્થાન જોઈ તથા તેવું બીજું સ્થાન નહિ જોઈ જાણે પરસ્પર સ્પર્ધા પામી હોય તેમ તે કન્યાનો જ આશ્રય કરીને રહી હતી. આ વખતે તે કન્યાનો વિવિધ ઉત્સવવડે વિવાહ થતો હતો. તેને પરણવા માટે **વસુદત્ત** સાર્થવાહનો પુત્ર ઇંદ્ર જેવી લીલાવડે ત્યાં આવ્યો હતો. તે અશ્વપર આરૂઢ થયો હતો, તેની બન્ને બાજુ મનોહર ચામરો વીંઝાતા હતા, તેના મસ્તકપર દેદીપ્યમાન મયુરપીંછનું છત્ર ધારણ કરેલું હતું અને દેવદૂષ્યની જેમ રેશમી વસ્ત્રો અને સર્વ આભૂષણોવડે તે શોભતો હતો.

આ પ્રમાણેના ઉત્સવવડે તે વર જેટલામાં તોરણે આવ્યો, તેટલામાં તે ઉત્સવ જોવા માટે એકઠા થયેલા ઘણા લોકોના ધક્કાથી તે તોરણનો સ્તંભ અકસ્માત્ પડ્યો. અને તેનો અગ્રભાગ વરના મસ્તક પર લાગવાથી તેનું મસ્તક ફુટી ગયું અને મર્મના ઘાતને લીધે તત્કાળ તે મૃત્યુ પામ્યો. આ પ્રમાણે અકસ્માત્ પ્રાપ્ત થયેલા મહા શોકથી વિહ્વળ થયેલો વસુદત્ત સાર્થવાહ પરિવાર સહિત આક્રંદ કરતો પોતાને ઘેર ગયો.

આવું અઘટિત વિધાતાએ નીપજાવ્યું, તેથી તેનું સ્વરૂપ શ્રેષ્ઠી પોતાના પરિવાર સાથે વિચારવા લાગ્યો કે—"અન્યથા પ્રકારે પ્રારંભેલું કાર્ય દૈવે અન્યથા કર્યું. પ્રાણીઓના પૂર્વકર્મની વિષમ ગતિને કોણ જાણી શકે છે? હવે આ લગ્ને આ કન્યાને જો આપણે નહિ પરણાવીએ, તો સર્વ લોકમાં તેણીનું દુર્ભાગ્ય પ્રસિદ્ધ થશે અને આને કલંકવાળી ધારી કોઈ પણ પરણશે નહિ, કેમકે સર્વ કોઈ પ્રાણી ચિરકાળ જીવિતને તો ઇચ્છે જ છે, માત્ર પ્રિયાને કોઈ ઇચ્છતું નથી. તેથી અત્યારે તેણીના ભાગ્ય પ્રમાણે જો કોઇ યુવાન વર મળી આવે તો તેની સાથે તરતમાં જ આ પુત્રીને પરણાવી દઇએ."

આ પ્રમાણે વિચારી શ્રેષ્ઠીએ કોઈપણ વર જોવા માટે પોતાના માણસોને ચોતરફ મોકલ્યા. તેઓ નગરમાં ચોતરફ ભમવા લાગ્યા. તેવામાં તે ઉત્સવ જોવાને આવેલા શ્રેષ્ઠ આકૃતિવાળા અને યુવાવસ્થાવાળા ધનદેવને જોઈ તેઓ તેને સન્માનપૂર્વક શ્રેષ્ઠીની પાસે લાવ્યા. 'તે વર પુત્રીને યોગ્ય છે' એમ જાણી શ્રેષ્ઠીએ તેની અત્યંત પ્રાર્થના કરી હર્ષથી ઉત્સવપૂર્વક તે યુવાન સાથે વિધિ પ્રમાણે પુત્રીને પરણાવવાનું નક્કી કર્યું. તે વખતે ધનદેવે વિચાર કર્યો કે—

"પ્રથમની બન્ને પત્નીઓનું સ્વરૂપ તો મેં જોયું છે, તેથી પોતાના કલ્યાણને ઇચ્છતા એવા મારે કોઈપણ પ્રકારે તેમનો તો ત્યાગજ કરવો યોગ્ય છે; પરંતુ સ્ત્રી વિના અતિથિની પૂજા થઈ શકે નહિ, તેથી સ્ત્રીની ખાસ જરૂર છે. તેના વિના પુરૂષનો નિર્વાહ થઈ શકતો નથી. તો આવી રૂપવાળી, ગુણવડે શોભતી અને તેના પિતાએ પ્રાર્થનાપૂર્વક અપાતી આ સ્વયંવરાનો હું શા માટે ત્યાગ કરૂં?" એમ વિચારી તે ધનદેવે હર્ષથી તેનો સ્વીકાર કર્યો. એટલે લગ્નક્રિયા શરૂ થઈ. આ અવસરે ધનદેવની બન્ને પ્રિયાઓ ઇચ્છા પ્રમાણે ક્રીડા કરી તે નવીન વિવાહ સાંભળી તે જોવાને ઉત્સુક થઈ ત્યાં આવી. દેવદેવીના યુગલ જેવું તે વહુવરનું યુગલ જોઈ તેમના રૂપથી વિસ્મય પામી અને 'દૈવથી આ ઉત્તમ યોગ થયો' એમ તેમની પ્રશંસા કરવા લાગી. તેવામાં નાની સ્ત્રી બોલી કે—

"હે બહેન! આ વર આપણા પતિ જેવો દેખાય છે." ત્યારે મોટી બોલી કે—"આ જગતમાં સમાન રૂપાદિકવાળા ઘણા મનુષ્યો હોય છે. આપણો પતિ તો શીતજ્વરથી પીડાતો ઘરે જ સુતો છે, તે અહીં શી રીતે આવી શકે? તેથી તું તેની જરાપણ શંકા કરીશ નહિ."

પછી તે બન્ને સ્ત્રીઓ સ્વેચ્છાથી ક્રીડા કરવા અન્ય સ્થાને ગઇ. અહીં ધનદેવ પરણીને



નવી વહુ સહિત વાસગૃહમાં ગયો. ત્યાં ઉપરના માળની બારીમાં ઉભો રહી તે પોતાની બે સ્ત્રીઓના ગમનની શંકાથી આમ્રવૃક્ષના સ્થાનાદિકની નિશાની જોવા લાગ્યો. પછી—
"હસંતી નગરી ક્યાં ? અને રત્નપુર ક્યાં ? તથા અહીં આવેલો આમ્રવૃક્ષ ક્યાં ? ભાગ્યના યોગથી ધનપતિનો પુત્ર ધનદેવ અહીં ખરી લક્ષ્મીને પામ્યો."

આવા અર્થવાળો એક શ્લોક કંકુવડે શ્રીમતીના વસ્ત્રને છેડે લખ્યો, અને પછી કાંઈ કાર્યના બાનાથી તે ત્યાંથી નીકળી ગયો. અનુક્રમે તે નગર બહાર આવ્યો. ત્યાં આમ્રવૃક્ષ ઉપર આરૂઢ થયેલી બન્ને પ્રિયાઓને જોઇ, તેઓ જતી રહેશે એવી શંકાથી તત્કાળ તે પણ પ્રથમની જેમ તે વૃક્ષના કોટરમાં ભરાઈ ગયો.

પછી તે સ્ત્રીઓએ મંત્રજાપ કર્યો, એટલે તે વૃક્ષ આકાશમાં ઉડી શીઘ્રપણે તેનાં ગૃહઉદ્યાનમાં જઈ પૂર્વની જેમ સ્થિત થયું. તરત જ ધનદેવ તેમાંથી નીકળી ઘરમાં જઈ પ્રથમની જેમ વસ્ત્ર ઓઢી સૂઈ ગયો. તેની પ્રિયાઓ પણ ઘરમાં આવી. પતિને પૂર્વની રીતે જ સૂતેલો જોઈ શંકા રહિત થઈ પોતપોતાની શય્યામાં સૂઈ ગઈ અને ક્ષણવાર નિદ્રાનું સુખ પામી. પ્રાતઃકાળે ઉઠી તે બન્ને સ્ત્રીઓએ પ્રાતઃકાળનાં ગૃહકાર્યો કર્યાં. ત્યાં સુધી ધનદેવ તો રાત્રીએ જાગેલો હોવાથી નિદ્રાવશ જ હતો, તેવામાં નિદ્રાના પરાધીનપણાને લીધે તેનો કંકણ બાંધેલો જમણો હાથ ભાવીના વશથી વસ્ત્રની બહાર નીકળી ગયો. તે જોઇને ભય પામેલી નાની પ્રિયાએ મોટી પ્રિયાને તે હાથ દેખાડ્યો. ત્યારે તે પણ બોલી કે—

"આ આપણો પતિ છે એમ જે તેં કહ્યું હતું તે સત્ય થયું. કોઈ પણ પ્રકારે તે આપણી સાથે ગુપ્ત રીતે ત્યાં આવી તે કન્યાને પરણ્યો છે. તેથી તેણે આપણો સર્વ વૃત્તાંત જાણ્યો છે એમ સિદ્ધ થયું. પણ તેથી જરા પણ ભય પામીશ નહિ. તેનો ઉપાય હું હમણા જ કરૂં છું." એમ કહી તેણીએ એક દોરો લઇ તેને મંત્રવડે સાત ગાંઠો વાળી તે દોરો ધનદેવને ડાબે પગે બાંધ્યો.

દોરો બાંધતાં તેણીના હસ્તના સ્પર્શથી ધનદેવ જાગી ગયો. તેટલામાં તો તેણે પોતાને પોપટરૂપે થયેલો જોયો. તેથી આશ્ચર્ય પામી આગળ ઉભેલી પ્રિયાને જોઇને તેણે વિચાર્યું કે—

"હું હાથથી કંકણ છોડવું ભૂલી ગયો તેથી કંકણવાળો હાથ જોઈ આને શંકા થઈ જણાય છે, અને તેથી કોઈ પણ પ્રકારે રાત્રિનો વૃત્તાંત જાણી મને પોપટ કર્યો છે,

આવા ચરિત્રવાળી આ સ્ત્રીને વિષે કાંઈ પણ અસંભવિત નથી, મને ધિક્કાર છે કે જેથી હું મનુષ્યજન્મ હારી ગયો. હવે હું પક્ષી થયો તેથી શું કરૂં ?"

આ પ્રમાણે વિચાર કરી દુઃખી થયેલો તે ભય પામી જેટલામાં ઉડવા લાગ્યો, તેટલામાં તે દુષ્ટા ક્રોધથી પોતાના હાથ વડે તેને પકડી બોલી કેઃ—" રે મૂર્ખ ! ટાઢીયો તાવ આવ્યાનું બાનું કરી તેં અમારૂં ચરિત્ર જોયું છે, પણ તે તારી જેવાને લાયક નહોતું. હવે કપટનું ફળ સહન કર—ભોગવ."

એમ કહી તે પોપટને પાંજરામાં નાંખી તે દુષ્ટ સ્ત્રી ગૃહકાર્ય કરવા પ્રવર્તી. નાની પ્રિયા પણ તે જોઇને હર્ષ પામી, તેણીની કળાની પ્રશંસા કરવા લાગી. પોપટ પોતાના ઘરને તથા પરિવારને જોઈ શોક કરવા લાગ્યો. પછી તે સ્ત્રીઓ જે વખતે ભાજીના શાકને વઘારના છમકારા આપતી હતી તે વખતે તે પોપટને શસ્ત્રધારાપર રાખી આવા શબ્દ બોલી ભય પમાડતી હતી કે—

" અરે દુષ્ટ ! આ છમકારાને તું સાંભળે છે કે ? આ પ્રમાણે કોઈક વખત તને પણ મારી નાખીને છમકારા સહિત અમે રાંધશું." આ પ્રમાણે હમેશાં તેને રસોડામાં લઈ જઈ જીવિતનો ભય બતાવતી હતી. તેથી તે પોપટ મહાકષ્ટે દિવસો પસાર કરતો હતો.

અહીં રત્નપુરમાંથી નીકળી ગયેલો શ્રીમતીનો પતિ ધનદેવ પાછો નહિ આવવાથી શ્રીપુંજ શ્રેષ્ઠીએ તેની સર્વત્ર શોધ કરાવી. પરંતુ કોઈ ઠેકાણે તેનો પત્તો મળ્યો નહિ. પ્રાતઃકાળે તેણે લખેલો શ્લોક શ્રીમતીના જોવામાં આવ્યો, તે વાત તેણે પોતાના પિતાને કરી એટલે બુદ્ધિના નિધાનરૂપ તે શ્રેષ્ઠીએ તેનું નિવાસ સ્થાન વિગેરે જાણી લીધું કે—

" હસંતી નામની નગરીનો રહીશ ધનપતિનો પુત્ર ધનદેવ અહીં આવ્યો હતો, અને પરણીને પાછો ત્યાં ગયો છે." આ પ્રમાણે તેનો વૃત્તાંત રૂદન કરતી પુત્રીને કહી શાંત પાડી, અને તેણીને આશ્વાસન આપવા કહ્યું કે—" હે પુત્રી ! તારા વરને હું શીઘ્રપણે બોલાવું છું."

ત્યારપછી એક દિવસ **સાગરદત્ત** નામનો સાર્થવાહ દ્રવ્ય ઉપાર્જન કરવા માટે હસંતી નગરીએ જતો હતો. તે હકીકત જાણી શ્રીપુંજ શ્રેષ્ઠીએ તેને ધનદેવને આપવા માટે લગ્ન વખતે આપેલા અલંકારો આપી સંદેશો કહેવરાવ્યો કે—" હે ધનદેવ ! અહીં આવીને તમારી પત્નીની સંભાળ લ્યો."

સાગરદત્ત પણ વહાણવડે સમુદ્ર ઓળંગી હસંતી નગરીમાં આવ્યો અને ધનદેવને



ઘેર ગયો. ત્યાં ધનદેવને જોયો નહિ, એટલે તેણે તેની પ્રિયાઓને પૂછયું કે-"તમારો પતિ ક્યાં ગયો છે?" તેઓએ જવાબ આપ્યો કે-"દ્રવ્ય ઉપાર્જન કરવા માટે દેશાંતર ગયા છે." ત્યારે સાગરદત્તે કહ્યું કે-"શ્રીપુંજ શ્રેષ્ઠીએ આ અલંકારો મોકલ્યા છે અને તેના જમાઈ ધનદેવને શીઘ્ર બોલાવ્યા છે.'

તે બન્ને સ્ત્રીઓ બોલી કે-"બહુ સારૂં. અમારા પતિ પણ તે પ્રિયાને મળવા અતિ ઉત્સુક છે, પરંતુ ગાઢ કાર્યને લીધે તેને પરદેશ જવું પડયું છે. જતી વખતે તેણે કહ્યું છે કે-કદાચ રત્નપુરથી અહીં કોઈ આવે તો તેની સાથે પ્રિયાને માટે પોપટ મોકલજો, અને તે જે કાંઈ આપે તે લઈ લેજો."

એમ કહી તેઓએ સાગરદત્તને પાંજરા સહિત તે પોપટ આપ્યો, અને તેણે આપેલા અલંકારો ગ્રહણ કર્યા. પછી સાગરદત્ત પોપટ સહિત પોતાને ઉતારે ગયો અને અનુક્રમે કરીયાણાનો ક્રયવિક્રય કરી શીઘ્રપણે વહાણવડે સમુદ્રને ઓળંગી રત્નપુર આવ્યો. તેણે ધનદેવની પત્નીઓએ કહેલો વૃત્તાંત શ્રીપુંજ શ્રેષ્ઠીને કહી તે પોપટ આપ્યો.

શ્રેષ્ઠીએ પણ પોતાની પુત્રી શ્રીમતીને સઘલો વૃત્તાંત કહેવા પૂર્વક પોપટ આપ્યો, તેથી તે સંતોષ પામી. ભર્તારના પ્રસાદને માની તે તેને અત્યંત રમાડતી હતી. તેવામાં એકદિવસ તેના પગે દોરો જોઈ વિસ્મય પામી તેણીએ તે તોડી નાખ્યો. એટલે તત્કાળ તે પોપટને બદલે પોતાના રૂપને પામેલો ધનદેવ પ્રગટ થયો. તેને જોઈ હર્ષ અને આશ્ચર્ય પામેલી તેણીએ પૂછયું કે—

"હે સ્વામી! આ શું આશ્ચર્ય?" તે બોલ્યો કે-"હે પ્રિયા! તું જે જુએ છે તે સત્ય જ છે, પરંતુ હમણાં મને કાંઈ પણ વધારે પૂછવું નહિં." એવું તેનું વચન સાંભળી તેણીએ પોતાના પિતા પાસે જઈ તે વૃત્તાંત કહ્યો. તે સાંભળી હર્ષ પામેલા શ્રેષ્ઠીએ સન્માનપૂર્વક ધનદેવને રહેવા માટે સ્વર્ગના વિમાન જેવો સુંદર આવાસ સામગ્રી સહિત આપ્યો. તેમાં નવી પરણેલી સ્નેહવાળી પ્રિયાની સાથે તે ધનદેવ પુણ્યપર આધાર રાખી ઈચ્છા પ્રમાણે ભોગ ભોગવવા લાગ્યો. તથા વ્યાપારાદિક કાર્યોવડે અદ્ભુત લક્ષ્મી ઉપાર્જન કરવા લાગ્યો. કારણ કે, લક્ષ્મી પુણ્યને અનુસરનારી હોવાથી પૂર્વના પુણ્યના ઉદયથી જ પ્રાપ્ત થાય છે.'

કેટલોક કાળ વ્યતીત થયે શ્રીપુંજ શ્રેષ્ઠી સ્વર્ગે ગયા. ત્યારપછી પિતાના ઘરમાં ભાઈઓનો ઓછો સ્નેહ જાણી પતિ સહિત પોતાને સાસરે જવાને ઈચ્છતી શ્રીમતીએ વિચાર કર્યો કે—

"મારા પતિનો ગૃહવાસ કેવો છે? અને તેની પૂર્વ પ્રિયાઓ કેવી છે? તે જોઉં." એમ વિચારી તે જોવાની ઉત્કંઠાવાળી શ્રીમતીએ પતિને કહ્યું કે–"તમારા પિતાનો આ-વાસ એક વખત પણ મને કેમ બતાવતા નથી? કારણ કે પુરૂષને પિતાનું અને સ્ત્રીને શ્વસુરનું ગૃહ જ વખાણવા લાયક છે."

તે સાંભળી ધનદેવે જવાબ આપ્યો કે–"હે પ્રિયા! સમય આવે સર્વ બતાવીશ." તે સાંભળી ધીરજવાળી શ્રીમતી પણ ભોગમાંજ એક દૃષ્ટિ રાખી સુખેથી રહી. કેટલેક કાળે ફરીથી તેણીએ પતિને કહ્યું કે—

"હે સ્વામી! આ જગતમાં જઘન્ય, મધ્યમ અને ઉત્તમ એમ ત્રણ પ્રકારના પુરૂષો હોય છે. તેમાં શ્વસુરના નામથી જે પ્રસિદ્ધ થાય–ઓળખાય તે જઘન્ય કહેવાય છે, પિતાના નામથી પ્રસિદ્ધ થાય—ઓળખાય તે મધ્યમ કહેવાય છે. અને પોતાના ગુણથી–નામથી જે પ્રસિદ્ધ થાય તે ઉત્તમ કહેવાય છે. તેથી હે નાથ! અહીં રહેવાથી તમારી ઉપાર્જન કરેલી સમૃદ્ધિ પણ શ્વસુરના નામથી ઉત્પન્ન થયેલી હોવાથી તે ઉત્તમ કહેવાય નહિ, માટે આપણે તમારા પિતાને ઘેર જઈએ."

આ પ્રમાણે પત્નીનું વચન સાંભળી ધનદેવ બોલ્યો કે–"હે પ્રિયા! હજીસુધી મને ભાજીના છમકારા સાંભરે છે." આવું પતિનું વચન સાંભળી તેણીએ પૂછયું કે–"હે પ્રિય! તે છમકારા કેવા?" એટલે તેણે પ્રથમથી પોતાનો સર્વ વૃત્તાંત તેણીને કહી સાંભળાવ્યો. તે સાંભળીને હાસ્ય અને અવજ્ઞાથી શ્રીમતી બોલી કે—

"હે સ્વામી આ હકીકત મારી શક્તિ પાસે શી ગણત્રીમાં છે? એથી તમે ભય પામશો નહિ. એ બાબતમાં હું જ તેનો પ્રતિકાર કરીશ, માટે શંકા વિના મારી સાથે ઘેર ચાલો. તમને કંઈ પણ બાધા થશે નહિ." આ પ્રમાણે પત્નીની વાણીથી અવલંબન પામેલો તે ધનદેવ સાહસને ધારણ કરી સ્વજનોની રજા મેળવી પ્રિયા સહિત અનુક્રમે હસંતી નગરીએ આવ્યો, અને તેણે પોતાના ઘરમાં પ્રવેશ કર્યો.

તે વખતે "અહો! આ પોપટની અવસ્થાવાળો હતો છતાં મૂળ રૂપને શી રીતે પામ્યો?" એમ વિચારતી પ્રથમની બન્ને પ્રિયાઓએ તેને જોયો. પછી બહારથી હર્ષને બતાવતી તે બન્ને સ્ત્રીઓએ ઉભી થઇ, ગૌરવ સહિત આચમન વિગેરે આપવાવડે તેની ભક્તિ કરી. પ્રિયા સહિત તેને ચિત્રશાળામાં લઈ જઈ આસનપર બેસાડી સુખશાતાના પ્રશ્નાદિકવડે પતિને ખુશ કર્યો. પછી મોટી સ્ત્રીના કહેવાથી નાની સ્ત્રી પગ ધોવા માટે નિર્મળ જળ લાવી. અને તે વડે ભક્તિ સહિત તામ્રપાત્રમાં તેના પગ ધોયા. તે જળ

ગ્રહણ કરી મોટી સ્ત્રીએ મંત્રીને પૃથ્વીપર છાંટયું, એટલે તરત જ તે જળ ચોતરફથી વૃદ્ધિ પામવા લાગ્યું. તે જોઈ તેણે ભય પામી શ્રીમતીના મુખ સામે જોયું, એટલે તેણીએ કહ્યું કે—

"ભય ન પામો." પછી વૃદ્ધિ પામતું તે જળ અનુક્રમે ઘુંટી, ઢીંચણ, સાથળ, નાભિ, છાતી, કંઠ અને છેવટ નાસિકા સુધી પહોંચ્યું. ત્યારે તેણે ભય પામી શ્રીમતીને કહ્યું કે–"હે પ્રિયા ! હવે તદ્દન ડુબી ગયા પછી તું કોની પ્રતિક્રિયા કરીશ ?" તે સાંભળી તેણીએ ગાયની જેમ પોતાના મુખવડે જ તે જળનું એવી રીતે પાન કર્યું કે જેમાંથી એક બિંદુ પણ બાકી રહ્યું નહિં. એવો તેણીનો ચમત્કાર જોઈ તત્કાળ તે બન્ને સ્ત્રીઓ શ્રીમતીના પગમાં પડી અને બોલી કે–"તારી વિદ્યા કળા અને ગુણોવડે અમે હારી ગયા છીએ, તેથી અમે સ્વામીનીની જેમ તારી સેવા કરીશું."

પછી તે ત્રણે સ્ત્રીઓ પરસ્પર પ્રીતિવાળી થઈ પોતપોતાના કાર્યમાં પ્રવર્તી. અને એ સ્ત્રીઓ ક્ષુદ્રવિદ્યાવડે પરસ્પર સમાનપણાને પામેલી હોવાથી પરસ્પર પ્રીતિવડે મળી ગઈ. કેમકે "સરખા સ્વભાવવાળાને પ્રીતિ હોય છે જ.

અનુક્રમે પ્રથમની બે પ્રિયાઓના સંગથી તે ત્રીજી પ્રિયા પણ સ્વેચ્છાચારી થઈ. 'ગુણ તથા દોષ સંસર્ગથી જ પ્રાપ્ત થાય છે,' પછી તે ધનદેવે વિચાર કર્યો કે—

"પ્રથમની બે પ્રિયાઓની ભક્તિ તો મેં જોઈ છે હવે ત્રીજીની પણ જો એવી જ ભક્તિ થશે, તો મારૂં શરણ કોણ થશે ? તેથી પ્રત્યક્ષ રાક્ષસી જેવી આ ત્રણે સ્ત્રીનો ત્યાગ કરીને હું કંઈક આત્મહિત કરૂં, કે જેથી આવો ભય ફરીથી પ્રાપ્ત ન થાય," આ પ્રમાણે વિચાર કરી કંઇક કાર્યનું બાનું કરી તે ધનદેવ અહીં ઉદ્યાનમાં આ ચૈત્યને વિષે આવ્યો છે તે ધનદેવ હું જ છું. આ પ્રમાણે મેં પોપટની અવસ્થામાં તથા બીજી રીતે પણ જે દુઃખ ભોગવ્યું છે તે તમારા દુઃખથી પણ અધિક છે.

આ પ્રમાણે તે ધનદેવનું વૃત્તાંત સાંભળી વિસ્મય પામેલા મદનશેઠે તેને કહ્યું કે–"હે મિત્ર ! દૈવયોગે તમને પ્રાપ્ત થયેલી પશુતા પ્રાપ્ત થયા છતાં નષ્ટ થઈ, તથા તે શરીરવડે વિશેષ દુઃખ ન અનુભવ્યું, તેટલા તમે ભાગ્યવાન છો. હવે તો આ સંસાર જ દુઃખમય છે એમ જાણીને આપણે આત્માહિત કરવું યોગ્ય છે.

આ પ્રમાણે સમાન સ્થિતિ ને વિચારવાળા તે બન્ને પ્રીતિથી વાતો કરતા હતા, તેવામાં ત્યાં **વિમળબાહુ** નામના ગુરૂ પરિવાર સહિત પધાર્યા. તે ગુરૂમહારાજ પણ શ્રી આદિનાથ સ્વામિને નમસ્કાર કરી તથા સ્તુતિ કરી તે જ મંડપમાં શિષ્યોએ પાથરેલા

પ્રાસુક કંબલ પર બેઠા. તેમને તે બન્નેએ ભક્તિથી વંદના કરી, ત્યારે ગુરૂએ તેમને ધર્મલાભ આપ્યો. પછી તે બન્ને ગુરૂની પાસે બેઠા. એટલે તેમને ગુરૂએ આ પ્રમાણે ધર્મદેશના આપી :—

"સમગ્ર લક્ષ્મીઓ શરદ ઋતુના વાદળા જેવી ચપળ છે, જીવિત નદીના પૂર જેવું ક્ષણિક છે અને સર્વ કુટુંબ નટના પેટકની જેમ અસ્થિર છે, તો પછી ધર્મકાર્યમાં કોણ મોહ પામે અથવા પ્રમાદ કરે? વિપત્તિમાં એમાંનું કોઈ શરણરૂપ થતું નથી, સર્વ સ્વજનો સ્વાર્થમાં જ તત્પર હોય છે. શરીર પણ અલ્પ કાળમાં જ ક્ષય પામે છે અને સ્ત્રીઓ સ્વભાવથી જ અત્યંત કુટિલ હોય છે.

તેથી પરાભવ, ભય અને વિઘ્નથી ભરેલા આ સંસારમાં સુખ ક્યાંથી હોય? સંસારમાં વિષયનું સુખ અતિ અલ્પ છે, તે પણ સ્ત્રી વિગેરેથી સાધી શકાય છે, અને સ્ત્રી તો સર્વ આપત્તિની સખી છે. તેથી તેને વિષે ડાહ્યા પુરૂષે રાગ કરવો યોગ્ય નથી. પરંતુ નિરંતર સ્થિર અને ઉત્કૃષ્ટ એવા મુક્તિના સુખ ઉપર જ રાગ કરવો યોગ્ય છે. તે મુક્તિ સંયમથી જ સાધી શકાય છે, તેથી હે ભવ્ય પ્રાણિઓ! તમે સંયમને અંગીકાર કરો."

આ પ્રમાણે તે ગુરૂરૂપી ચંદ્રની સંવેગરૂપી અમૃતને વરસાવનારી ચંદ્રીકા જેવી વાણીવડે તે બન્નેનો સંસારની તૃષ્ણાથી ઉત્પન્ન થયેલો તાપ શાંત થવાથી તે બન્નેએ તેજ ગુરૂની પાસે દીક્ષા ગ્રહણ કરી. પછી સંવેગને ધારણ કરતા તે બન્ને મુનિઓ ગુરૂની સાથે વિહાર કરતા વિવિધ પ્રકારનો તપ કરતા, દ્વાદશાંગીનો અભ્યાસ કરતા સિદ્ધ યોગવાળા, પરસ્પર પ્રીતિપૂર્વક સાથે જ રહેવા લાગ્યા.

છેવટે આયુષ્ય પૂર્ણ થયે વિધિ પ્રમાણે મનુષ્યના શરીરનો ત્યાગ કરી તે બન્ને સૌધર્મ દેવલોકમાં પાંચ પલ્યોપમના આયુષ્યવાળા દેવ થયા. ત્યાં દેવનું સુખ ભોગવી મનુષ્યને વિષે ઉત્પન્ન થયા તે આ પ્રમાણે :—

મદનનો જીવ **વિજયપુર** નામના નગરમાં **સમરસેન** રાજાની **વિજયાવલી** નામની રાણીથી **મણિપ્રભ** નામનો પુત્ર થયો. અનુક્રમે પિતાએ તેને રાજ્યપર સ્થાપન કર્યો. તેણે ચિરકાળ સુધી રાજ્યલક્ષ્મી ભોગવી. એક દિવસ કરમાઈ ગયેલા કમળના વનને જોઈ પ્રતિબોધ પામી, પોતાના પુત્રને રાજ્ય સોંપી **જિનેશ્વરસૂરિની** પાસે તેણે દીક્ષા ગ્રહણ કરી. પછી તે મણિપ્રભ રાજર્ષિ ઘણી તપસ્યા કરવાથી અવધિજ્ઞાન પામ્યા તથા આકાશગમનની શક્તિવાળા થયા.

બીજો ધનદેવનો જીવ દેવનું આયુષ્ય પૂર્ણ કરી સ્વર્ગથી ચ્યવી વૈતાઢ્ય પર્વતપર **રથનૂપુરચક્રવાલ** નામના નગરમાં **મહેંદ્રસિંહ** નામે મોટો વિદ્યાધરનો ચક્રવર્તી થયો. તેને **રત્નમાલા** નામની પ્રિયા હતી, તથા **રત્નચૂડ** અને **મણિચૂડ** નામના બે પુત્ર હતા. એક દિવસ તે ચક્રીની પ્રિયા મહા વ્યાધિથી મરણ પામી, તેણીનું રાજા રક્ષણ કરી શક્યો નહીં. તેથી તેના શોકવડે પીડા પામેલો તે વિદ્યાધરનો ચક્રવર્તી મોહના વશથી વિલાપ કરવા લાગ્યો.

આ વૃત્તાંત અવધિજ્ઞાનથી જાણી **મણિપ્રભ** મુનીશ્વર આકાશગામિની લબ્ધિવડે પૂર્વભવના સ્નેહના વશથી તેના નગરમાં ગયા. ત્યાં તે ચક્રવર્તીએ તે મુનિને નમસ્કાર કર્યો. પછી મુનિએ પૂર્વભવની સ્ત્રીઓનું ચરિત્ર કહી તેને પ્રતિબોધ પમાડ્યો, એટલે તેણે રત્નચૂડ પુત્રને રાજ્ય સોંપી તેજ મુનિ પાસે દીક્ષા ગ્રહણ કરી. અનુક્રમે તે વિદ્યાધર રાજર્ષિ સર્વ આગમનો અભ્યાસ કરી અતિઉગ્ર વિવિધ પ્રકારના તપ તપી અનેક લબ્ધિના સ્થાનરૂપ થયા.

ત્યારપછી તે બન્ને રાજર્ષિ ચિરકાળ સુધી અષ્ટાંગ યોગની સાધના વડે સમગ્ર કર્મમળનો ક્ષય કરી અનુક્રમે મોક્ષસુખ પામ્યા. આ પ્રમાણે જે પંડિતજનો મદન અને ધનદેવની જેમ વિષયસુખને દુઃખરૂપ માની તેનાથી વિરક્ત થઈ ચારિત્ર અંગીકાર કરે છે, તેઓ અનુક્રમે મોક્ષસુખની સંપદાને પામે છે.

તપગચ્છના આચાર્ય **શ્રી મુનિસુંદરસૂરિએ** પ્રાકૃત **સુમતિચરિત્ર** ઉપરથી સત્પુરૂષોના મોહરૂપી શત્રુની જયલક્ષ્મીને માટે આ મદનનું ચરિત્ર સંવત. ૧૫૧૦ ની સાલમાં રચ્યું છે. આ ધનપતિના પુત્ર ધનદેવનું ચરિત્ર સાંભળી તેનો સમ્યક્ પ્રકારે વિચાર કરી આ ભવ તથા પરભવમાં અત્યંત દુઃખ આપનારી સ્ત્રીઓ સાથે રહીને સુખનો અભિલાષ કોણ કરે ?

## ઈતિ મદન ધનદેવ–ચરિત્ર.

---

આ પ્રમાણે મદન–ધનદેવની કથા સાંભળી રાજા કમળપ્રભ વિગેરે સર્વ જનો આશ્ચર્ય પામી તે બ્રહ્મવૈશ્રવણની ચતુરાઈની સ્તુતિ કરવા લાગ્યા. પછી કમળપ્રભ રાજાએ મંત્રીઓ સાથે વિચાર કરી પોતાના ઇષ્ટ કાર્યની સિદ્ધિને માટે તે બ્રહ્મવૈશ્રવણને કહ્યું કે–

સ્ત્રીઓનું આવું જે ચરિત્ર કહ્યું તે સત્ય છે, પરંતુ ગૃહસ્થીઓથી તેનો ત્યાગ કરી શકાતો નથી, તેમજ સર્વ સ્ત્રીઓ એકાંતપણે નિંદા કરવા લાયક પણ હોતી નથી, કેમકે

તેઓ પણ મોક્ષમાં જઈ શકે છે. જીવોને વિષે ગુણ કે દોષ કર્મના વશથી થાય છે, અને તેના કારણો મિથ્યાત્વાદિક આશ્રવો જ છે, પરંતુ સ્રીનો કે પુરૂષનો આકાર કાંઈ ગુણદોષનું કારણ નથી. તેથી આશ્રવોની જ નિંદા કરવી યોગ્ય છે. આકારની નિંદા કરવાથી શું ફળ? બ્રહ્મવૈશ્રવણ! તમે પ્રથમ જે કહ્યું હતું કે–

'સામાન્ય માણસને અધિક પ્રિયાઓ કરવી યોગ્ય નથી.' તે તમારૂં વચન જ તમે યાદ કરો એટલે કે તમે કાંઈ સામાન્ય માણસ નથી, કે જેથી સ્રીઓ તમને પીડા પમાડી શકે, તેથી મારી પુત્રીનું પાણિગ્રહણ કરો. સત્પુરૂષો અન્યની પ્રાર્થનાનો ભંગ કરતા નથી."

આ પ્રમાણે રાજાનું વચન સાંભળી બ્રહ્મવૈશ્રવણ બોલ્યો કે–"હે રાજા! જો તમારો મને એવો જ આદેશ હોય તો ભલે પણ હમણાં કેટલોક કાળ રાહ જુઓ, અવસરે જે યોગ્ય હશે તે થઈ રહેશે. મારે અમુક પ્રતિજ્ઞા છે, તે જ્યાંસુધી પૂર્ણ ન થાય, ત્યાં સુધી તમારે મને કાંઈ કહેવું નહીં. તે પ્રતિજ્ઞા અવસરે તમે પણ જાણશો."

આ પ્રમાણે તે બ્રહ્મવૈશ્રવણની વાણીથી રાજા, મંત્રી વિગેરે સર્વ અત્યંત હર્ષ પામ્યા, તે વખતે કાળ નિવેદન કરનાર અધિકારીએ અવસર જણાવ્યાથી સર્વ ઊભા થયા, અને પોતપોતાના રાત્રિદિવસ સંબંધી યથાયોગ્ય કાર્ય કરવામાં પ્રવર્ત્યા. કમળસુંદરી કન્યા પણ બ્રહ્મવૈશ્રવણે પોતાને અંગીકાર કરી એમ સાંભળીને હર્ષ પામી.

એક દિવસ પ્રભાતને લગતું પોતાનું કાર્ય કરી શ્રીકમળપ્રભરાજા રાજવર્ગવડે પૂર્ણ થયેલી સભામાં શ્રેષ્ઠ એવા સુવર્ણના સિંહાસન પર બેઠો હતો, તે વખતે પ્રતિહારે રાજાને નમસ્કાર કરી વિનંતી કરી કે–

"હે સ્વામી! પદ્મરથ રાજાનો દૂત આવેલો છે. તેને મેં દરવાજે ઊભો રાખ્યો છે. તેને સભામાં મોકલું?" ત્યારે રાજાએ તેને મોકલવાનું કહ્યું એટલે તેણે તેને સભામાં દાખલ કર્યો. દૂતે કામદેવથી પણ અધિક રૂપવાળા અને રત્નના આભૂષણોની કાંતિવડે સર્વ સભાને પ્રકાશિત કરતા રાજાને જોયો. તેના મસ્તક ઉપર મણીઓથી યુક્ત સુવર્ણનું છત્ર ધારણ કરેલું હતું, બંને બાજુ ચામરો વિંઝાઈ રહ્યા હતા, તથા મંત્રીઓ, સામંતો, શ્રેષ્ઠી અને સેનાપતિ વિગેરે પરિવારવડે, બ્રહ્મવૈશ્રવણ વિગેરે પાદપીઠ પાસે બેસનારા મિત્રોવડે, બીજા પણ લક્ષ્મીવડે વૈશ્રવણ કુબેર જેવા અને માન આપવા લાયક ઘણા પૌરજનોવડે, કવિશ્વરો અને ધર્મકથાદિક કરનાર અનેક પંડિતોવડે અને બખ્તર ધારણ કરવાથી વિકટ અંગવાળા તથા વિવિધ શસ્રોને ધારણ કરનારા વીર અંગરક્ષકોવડે

તે રાજા ચારે બાજુથી સેવાઈ રહ્યો હતો. તથા પોતાની ઠકુરાઈની લીલાવડે જાણે યમરાજને પણ જીતવા તૈયાર થયો હોય નહિ....! એવો જણાતો હતો. આવા પૃથ્વીપતિ શ્રીકમલપ્રભ રાજાને જોઈ તેને નમસ્કાર કરી, તેની સમૃદ્ધિથી આશ્ચર્ય પામી તે દૂત શ્રીકમલપ્રભ રાજાએ પોતાની ભૃકુટીના ઈશારાથી બતાવેલા આસન પર બેઠો.

**રાજાએ પુછ્યું** :–"હે દૂત ? તું કુશળ છે ? મારા બનેવી પણ કુશળ છે ને ? તારે અહીં આવવાનું શું પ્રયોજન છે તે કહે.

**દૂત બોલ્યો** :–"હે રાજન્ ? આપની કૃપાવડે હું કુશળ છું, અને આપના બનેવી પદ્મરથ રાજા પણ કુશળ છે. મારૂં અહીં આવવાનું પ્રયોજન કહું તે તમે સાંભળો. પદ્મપુરનગરના શ્રીપદ્મરથ રાજા જે આપના બનેવી છે. તેમણે મને અહીં તમારી પાસે મોકલ્યો છે અને તેમણે મારી સાથે સંદેશો કહેવડાવ્યો છે કે ભાગ્યયોગે એકાએક ક્રોધ થવાથી, વગર વિચારે તમારી ભાણેજ વિજયસુંદરીને મેં કોઈક દુઃખીઆરા ભિલ્લને આપી દીધી. પછી પશ્ચાત્તાપ થવાથી પ્રભાતે તેમની શોધ કરાવી, પરંતુ તેમનો પત્તો લાગ્યો નથી. તેથી નિરંતર હું દુઃખી થઈ રહ્યો છું. તો તમે પણ તમારી શક્તિ પ્રમાણે વિજયસુંદરીની શોધ કરજો. બીજી બાબત એ છે કે તમારે મનોહર કમલસુંદરી નામની કન્યા છે કે, જેના સૌંદર્યથી તિરસ્કાર પામેલી લક્ષ્મી મહાદેવને વિષે અનુરાગવાળી થાય છે. તેમ દેવકુમારતુલ્ય પદ્મદત્ત નામના મારા કુમારને તમારી કમલસુંદરી આપો. આ બન્નેનો કામદેવ અને રતિસમાન સંયોગ થાઓ....!

દૂતના આવા પ્રકારના વચનને સાંભળી શ્રીકમલપ્રભરાજાએ તેને યોગ્ય જવાબ આપવા મનમાં વિચાર્યું કે, પ્રથમ તો આ નાસ્તિક રાજાને મારી બહેન આપી છે તેનું દુઃખ તો હું જોઈ રહ્યો છું અને ફરી એ નાસ્તિકને ત્યાં મારી વહાલી પુત્રી આપું તો તે કેવી રીતે સુખી થઈ શકે ? બીજી બાજુ આ પદ્મરથ રાજા અતિ શૂરવીર ધનસંપત્તિ અને સૈન્યના બળમાં મારાથી અત્યંત ચડિયાતો છે, તો કમલસુંદરીની માગણીનો અસ્વીકાર કરતો દૂતને યોગ્ય જવાબ આપું.

**રાજાએ કહ્યું** :–"હે દૂત, મારી ભાણેજ વિજયસુંદરી સહિત ભિલ્લની મેં આગળ તપાસ કરી. પરંતુ તેમનો આજ લગી ક્યાંઈથી પણ પત્તો મળ્યો નથી. બીજું મારી કમલસુંદરી નામની કુંવરી તો મારા કુમારને સાજો કરનાર મહા ઉપગારી

આ બ્રહ્મવૈશ્રવણને મારી પ્રતિજ્ઞા અનુસાર પ્રથમ જ આપી દીધેલી છે. વળી એ કન્યા પણ ચંદ્રને વિષે જ્યોત્સ્નાની જેમ તેને વિષે જ પ્રીતિવાળી છે.

**દૂત બોલ્યો :**–" હે પ્રભુ ! રાજકુમારને મૂકીને તમે તમારી પુત્રી એક ભિક્ષુક એવા બ્રાહ્મણને કેમ આપો છો ? "

**રાજાએ કહ્યું :**–" હે દૂત ! તારા સ્વામીએ ભિલ્લને પુત્રી આપી તેમાં તેને દોષ ન લાગ્યો. જ્યારે હું તો ઉત્તમ કુળના બ્રાહ્મણને કન્યા આપી દૂષિત થાઉં તે કયાંનો ન્યાય ?

**દૂત બોલ્યો :**–" મારા સ્વામીએ ક્રોધને વશ થઈ કન્યા ભિલ્લને આપી છે.

**રાજાએ કહ્યું :**–" મેં પણ મારી પ્રતિજ્ઞાના પાલન માટે મારી કન્યા બ્રહ્મવૈશ્રવણને આપી છે.

**દૂત બોલ્યો :**–" હે રાજન્ ! અભ્યંતર વિધિ બાહ્યવિધિનો બાધક છે. એ ન્યાય પ્રમાણે તમે રાજકુમારી આ રાજકુમારને આપીને બ્રાહ્મણને આપવાનું બંધ કરો. કેમકે મોટાઈ, સ્વજનપણું અને પરાક્રમવડે આ રાજા તમારો અંતરંગ સંબંધી છે. તો હે રાજન્ ! આ તમારી કેવી સરળતા છે કે જેથી સત્યમાર્ગને વિષે પણ તમે મુંઝાઓ છો. કામદેવના રૂપનો પણ તિરસ્કાર કરનાર તે રાજકુમાર કયાં ? અને નટવિટ જેવી હલકી વિદ્યાઓવડે પેટ ભરનાર આ બ્રાહ્મણ કયાં ? કદાચ તમારો ઘણો જ ઉપગારી હોય તો પણ તે બ્રાહ્મણને તો દાનમાં ઘણી ગાયો વિગેરે દક્ષિણા આપવી એ જ યોગ્ય છે, પણ રાજકુમારી આપવી તે યોગ્ય નથી. ગધેડો ઘણો ભાર ઉપાડતો હોય તો તેને ઘણો સારો ચારો અપાય. પણ તેના કંઠમાં મણીની ઘંટા ન જ બંધાય.

**રાજાએ કહ્યું :**—કાર્ય કર્યા પહેલાં યોગ્યાયોગ્યનો વિચાર કરવો ઠીક છે. પરંતુ કાર્ય કર્યા પછી તો તેનો નિર્વાહ કરવો એ જ સત્પુરૂષોને માટે યોગ્ય છે. કહ્યું છે કે દિગ્-હસ્તી, કાચબો, કુળપર્વત અને શેષનાગે ધારણ કરેલી આ પૃથ્વી પણ કદાચ ચલાયમાન થાય. પરંતુ વિશુદ્ધ મનવાળા પુરૂષોની પ્રતિજ્ઞા યુગાંતે પણ ચલાયમાન થતી નથી. તેથી કરીને હે દૂત ! સત્પુરૂષોને સંમત એવું આ કાર્ય મેં કરેલું છે. તો હવે આ વાત બંધ કર અને બીજું જે કંઈ કાર્ય હોય તે કહે.

**દૂત બોલ્યો :**—હે રાજન્ ! ભવિષ્યના આત્મહિતનો તમે વિચાર કરો. મોટા સાથે સ્વજનપણું સાચવ્યું હોય તો તે સર્વ કાર્યો કરનારૂં બને છે. આ પ્રમાણે કહેવા

છતાં પણ તમે જો તે રાજકુમારને તમારી કમળસુંદરી નહિ જ આપો તો તેને બળાત્કારથી તે રાજા લઈ જશે તો તેને કોણ રોકનાર છે? અમારા સ્વામી શ્રીપદ્મરથ રાજા પોતે જ એવા પરાક્રમી છે કે યુદ્ધના મેદાનમાં તેની સામે બીજા વીરપુરૂષો તૃણ સમાન છે અને તે વીરપુરૂષો પોતાના જીવિતને તૃણની જેમ ત્યજી દે છે. વળી શ્રીપદ્મરથ રાજાના સૈન્યરૂપી સમુદ્રમાં તમારૂં સૈન્ય તો મુઠ્ઠીભર લોટ જેવું છે. તે રાજવીથી પરાજય પામતાં તમારૂં કોઈપણ રક્ષણ કરનાર થાય તેમ નથી. તેથી હે રાજન્! જો તમારે જીવવાની અને રાજ્યનું પાલન કરવાની ઇચ્છા હોય તો તમે તે પદ્મદત્તકુમારને તમારી કન્યા આપી સુખેથી રહો.

(આવા પ્રકારનું તેનું વચન સાંભળી ક્રોધ અને માનથી વ્યાપ્ત બનેલો)

**રાજા બોલ્યો :—**હે દૂત! બહુ સારૂં; શું સર્વ વક્તાઓમાં તુંજ અગ્રેસર છે કે જેથી તું મારી સામે પણ ધીઠ્ઠો થઈને જેમતેમ બોલવાની હિંમત કરી રહ્યો છે. પરંતુ તું તારા સ્વામીને સદુપદેશ કેમ આપતો નથી? કે જે પદ્મરથ રાજાએ નાસ્તિકપણાથી પોતાના ક્ષત્રિયકુળને અત્યંત કલંકિત કર્યું છે. તે ક્ષત્રિયોથી દૂર થયેલાને મારે અંતરંગ સ્નેહી તરીકે કેવી રીતે જાણવો. તેની સાથે સંબંધ સાચવવો તે તો કુળવાન માણસોને લજ્જાનું કારણ છે. આવા પાપીઓને ત્યાં સુખસંપત્તિ અને મોટાઈ લાંબો કાળ રહી શકતી નથી. કહ્યું છે કે "નદીના કિનારા ઉપર ઉગેલા વૃક્ષની જેમ સ્ત્રીના હૃદયમાં રહેલ ગુપ્ત વાતની જેમ, અને કાચી માટીના ઘડામાં પાણીની જેમ પાપી માણસોને ત્યાં લાંબોકાળ લક્ષ્મી રહી શકતી નથી." હે દૂત! તેનામાં ઘણી શૂરવીરતા છે તેમ તેં કહ્યું તો તે શૂરવીરતા તેના ઘરમાં જ ભલે હોય પણ યુદ્ધના મેદાનમાં નથી. રણસંગ્રામમાં તો તે પોતે જ શક્તિહીન થઈ પોતાની મેળે જ તૃણ સમાન થઈ જશે. તેના સૈન્યરૂપી સાગરમાં. લોટની મુઠ્ઠી જેવા તો બીજા રાજાઓ હશે. પરંતુ હું તો તેના સૈન્યસાગરનું પાન કરનાર વડવાનળ અગ્નિ જેવો છું. તે નાસ્તિકના સરદારથી ક્ષત્રિયકુળમાં ઉત્પન્ન થયેલો કયો ક્ષત્રિય ભય પામે? જો તે પોતે જ રાજ્ય અને પોતાના જીવનથી ઉદ્વેગ પામ્યો હોય તો યુદ્ધ માટે તૈયાર થઈને ખુશીથી આવે. મારી બહેન અને ભાણેજનું અપમાન કરવાથી મારે તેને પકડીને પહેલાં જ શિક્ષા કરવી હતી. પરંતુ તેમાં મારું અને તેનું સગપણ વિઘ્ન કરનાર હતું. તે સગપણના સંબંધને પોતાની ઠકુરાઈથી મદોન્મત્ત બનેલો પોતે જ નાશ કરવા તૈયાર થયો હોય તો પછી જે કંઈ યુદ્ધ થશે તેને ભૂખ્યો થયેલો એવો હું ખીર, ઘી અને સાકરનું ભોજન પામ્યો એમ



માનીશ. હે દૂત! તું અહીંથી જલ્દી જા. અને મારા કહેવા પ્રમાણે તારા સ્વામીને કહે કે હું મારી કન્યા નાસ્તિકના કુળમાં આપવાનો નથી જ. તારી ઈચ્છામાં આવે તે પ્રમાણે સુખેથી કર.” (દૂતના આવા પ્રકારના અસભ્ય વચનો સાંભળી)

**બ્રહ્મવૈશ્રવણ :—** ક્રોધથી બોલી ઉઠયો કે અહો! રાજાની વાણીનો રસ અને અહીં બેઠેલા રાજસુભટોની અદ્ભુત ક્ષમા આશ્ચર્યકારક છે. કે જેથી આ દૂત પોતાની ઈચ્છા પ્રમાણે જેમતેમ બોલે છે છતાં હજુ તેની ગરદન પકડીને કોઈપણ સુભટ તેને સભાની બહાર કાઢી મૂકતો નથી. તે સાંભળી કોઈ વીર સુભટે ઉભા થઈ તેની ગરદન પકડીને તે દૂતને સભા બહાર કાઢી મૂકયો.

આ પ્રમાણે અપમાનથી ઉત્પન્ન થયેલા અત્યંત ક્રોધથી ધમધમતા તે દૂતે પદ્મપુર નગરમાં જઈ બની ગયેલી સર્વ હકીકત પદ્મરથ રાજાને કહી સંભળાવી, તેથી ઘીના હોમ વડે અગ્નિની જેમ દૂતની વાણી સાંભળી તે અભિમાની રાજાનો ક્રોધ તત્કાળ દેદીપ્યમાન થયો. અને તેણે તત્કાળ સૈન્ય એકઠું કરવા માટે રણભેરી વગડાવી, કારણકે સુભટો પ્રાણોનો ત્યાગ કરે પણ શત્રુનો તિરસ્કાર તો સહન ન જ કરે.

પછી અત્યંત ઉત્સાહવડે પુષ્ટ શરીરવાળો, છત્રચામરવડે શોભતો અને વાજિંત્રના નાદવડે તથા સૈન્યના ઘોષવડે આકાશને ગજાવતો તે પદ્મરથ રાજા સારા મુહૂર્તે સર્વ પ્રકારનાં માંગલિક કાર્યો કરી પોતાના પટ્ટહસ્તિ ઉપર બેઠો. પણ તે વખતે તેને અશુભ શુકનોએ રોકયો તો પણ આવેશથી અત્યંત પ્રેરાયો હોય તેમ તે રાજા ઘણા સૈન્ય સહિત પોતાના સાળા કમળપ્રભ રાજાને જીતવા માટે પદ્મપુર નગરથી નીકળ્યો.

અનુક્રમે માર્ગે ચાલતાં તેનું બીજું સૈન્ય ચારે બાજુએથી એકઠું થયું તેમાં ત્રીસ લાખ ઘોડા અને ત્રીસ કરોડ સૈનિકો ભેગા થયા. તે સૈન્યના ચાલવાથી બંને પ્રકારના ક્ષમાભૃત–પર્વતો અને રાજાઓ કંપવા લાગ્યા.

આવા પ્રકારના સૈન્યસહ આવતા પોતાના બનેવી પદ્મરથ રાજાને સાંભળી શ્રી કમળપ્રભ રાજા પોતાના મંત્રીઓ વિગેરેની સાથે વિચારણા કરવા લાગ્યો કે–“ અહો! આપણે લાંબો વિચાર કર્યા વિના કોપ અને માનને લીધે મહાબળવાન રાજા સાથે વૈર ઊભું કર્યું છે, તેને કેવી રીતે પહોંચી વળવું? આ પ્રમાણે કમળપ્રભ રાજાનું વચન સાંભળી મુખ્યમંત્રી બોલ્યો કે–“ હે રાજન્! જે કર્યું તે ન કર્યું થવાનું નથી. ક્ષત્રિયો કદાપિ તિરસ્કારને સહન કરી શકતા જ નથી. તેમ જ જેનો પ્રત્યક્ષ દોષ જોયો છે એવા નાસ્તિકના કુળમાં કન્યા કેવી રીતે આપી શકાય? તો આ બાબતમાં આપણે કાંઈપણ

અવિચારી કાર્ય કર્યું નથી. હવે આપણે કિલ્લો સજ્જ કરી તેમાં અન્નજળ વિગેરે ભરીએ અને સૈન્ય એકઠું કરી કિલ્લામાં રહીને જ યુદ્ધ કરીએ.

તે સાંભળી કમળપ્રભ રાજાએ કહ્યું કે-"ભલે એમ હો, પરંતુ મને એમ લાગે છે કે આપણે નગરની બહાર નીકળીને યુદ્ધ કરીએ, અને શત્રુના સૈન્ય ઉપર જય મેળવીએ, સાહસથી શું સિદ્ધ નથી થતું? હે મંત્રીઓ! કિલ્લામાં રહીને યુદ્ધ કરતાં મને લજ્જા ઉત્પન્ન થાય છે. કયો વીર અને માનીપુરૂષ શત્રુથી કરાતું પોતાના દેશનું આક્રમણ સહન કરી શકે? તે સાંભળી બ્રહ્મવૈશ્રવણ બોલી ઉઠયો કે—

"હે રાજેન્દ્ર! તમે કહો છો તે બરાબર સત્ય છે. શત્રુનો ભય બીલકુલ ત્યજી દો. કિલ્લાને સજ્જ કરવાની જરૂર નથી. અને શત્રુની સાથે યુદ્ધ કરવા જલ્દી નગરમાંથી બહાર નીકળો. આપ લેશમાત્ર ચિંતા ન કરો. હું એકલો જ તે શત્રુને જીતી લઈશ. બીજા બધાયે બરાબર સાવધાન બની જોયા કરવું. જેમ મેં કરેલું નાટક આશ્ચર્ય અને હર્ષ-પૂર્વક તમે બધાયે જોયું. તેમ આ યુદ્ધ સંબંધી નાટકપણ તમારે બધાએ શંકા રહિત-પણે જોવું."

આ પ્રમાણે બ્રહ્મવૈશ્રવણનું વચન સાંભળી હર્ષ પામેલો રાજા પોતાનું સૈન્ય એકઠું કરી માંગલિક આચાર કરી, દેવગુરૂની સ્તુતિ કરી, સર્વ પ્રકારના વિઘ્નોને હરનાર શ્રી પંચ પરમેષ્ઠિનું સ્મરણ કરી પોતાના પટ્ટહસ્તિ ઉપર બેઠો. છત્રવડે સૂર્યના તાપને દૂર કરતો ચામરો વડે વીંઝાતો, વાજીંત્રના નાદ વડે આકાશતળને પૂરતો, અને શુભશુકનો વડે ઉત્સાહને વધારતો તે રાજા સૈન્ય સહિત નગર બહાર નીકળ્યો. ત્યારબાદ વિવિધ શસ્ત્રોને ધારણ કરવાથી દુર્ધર બ્રહ્મવૈશ્રવણ પણ યુદ્ધને ઉચિત સર્વ સામગ્રી સહિત રથમાં બેસી તે રાજાની પાછળ નીકળ્યો. તેના નીકળ્યા પહેલાં ઉત્તમ માંગલિક કાર્યો કરીને કમળા-રાણીએ તેને કહ્યું કે-

હે બ્રહ્મદેવ તમે અલક્ષ્ય-જાણી ન શકાય તેવા પુરૂષ છો, તો મારા પતિને તમે યુદ્ધમાં મારશો નહિ, તેની પ્રિયા બ્રાહ્મણીએ પણ બ્રહ્મવૈશ્રવણને કહ્યું કે, હે સ્વામિન્-મારા પિતા યુદ્ધમાં તમારી સામે આવે અને તમારા ગુનેગાર થાય તો પણ તમે મારા પિતાને મારી નાખશો નહિ. તે બન્નેનું વચન તેણે અંગીકાર કર્યું.

હવે શૂરવીરને વિષે અગ્રેસર એવા કમળપ્રભ રાજાનું સૈન્ય પદ્મરથ રાજાના સૈન્યથી અડધું હતું તો પણ તે શત્રુની સામે ચાલ્યો, અને પોતાના દેશના સીમાડામાં જઈ પડાવ નાખી સુખપૂર્વક રહ્યો, પરાક્રમ, ઉત્સાહ અને શક્તિવાળા પુરૂષો યુદ્ધમાં વિલંબ



કરતા નથી. પછી માર્ગમાં રહેલા સરોવરો, નદીઓ અને વાવડીઓને શોષાવતો **પદ્મરથ** રાજા પણ સૈન્ય સહિત ત્યાં આવી પહોંચ્યો. અને તેની સન્મુખ પડાવ નાખીને રહ્યો. બન્ને સૈન્યના સુભટોએ પ્રાપ્ત થયેલા સંગ્રામને મહોત્સરૂપ માની શસ્ત્રો સજ્જ કરવામાં રાત્રી પસાર કરી, પ્રભાતમાં રણસંગ્રામ જોવા માટે જાણે કૌતુકી થયો હોય નહી ? તેમ પૂર્વ દિશાને વિષે સૂર્ય આરૂઢ થયો. સૂર્યનો અને સૈનિકોનો પ્રતાપ પરસ્પર હરિફાઈથી વધવા લાગ્યો.

જેમ અત્યંત કર લેવાવાળા રાજાના ત્રાસથી પ્રજાજનો નાસી જાય તેમ સૂર્યના પ્રચંડ કિરણો વડે હણાયેલા નિસ્તેજ બનેલા, તારાઓ અદૃશ્ય બન્યા, પરસ્ત્રીને હાથવડે સ્પર્શ કરવાથી તેના પતિ દ્વારા દોષિત વ્યક્તિના હાથ જેમ નષ્ટ કરાય છે, તેમ પદ્મીનીના સ્પર્શ વડે દોષિત બનેલા ચંદ્રના કરો–કિરણો–પદ્મીનીના પતિ સૂર્યવડે નષ્ટ કરવાથી ચંદ્ર અતિશય નિસ્તેજ બની ગયો.

બાંધવ–સૂર્ય વિના સુખ નથી. એમ જણાવવાને માટે જ જાણે શબ્દ ન કરતા હોય તેમ ચક્રવાક પક્ષીઓ શબ્દ કરવા લાગ્યા. ઉત્તમ રાજાના રાજ્યમાં જેમ અનીતિરૂપ અંધકાર નાશ પામી નીતિરૂપ પ્રકાશ વિસ્તાર પામે છે. તેમ સૂર્યનો ઉદય થવાથી અંધકાર નાશ પામ્યો અને પ્રકાશ ફેલાયો.

આ રીતે પ્રભાત થતાં ઢક્કા, હુડુક્ક, આનક, શંખ, ભેરી, પટહ, ખરમુખી અને કાહલ વિગેરે રણસંગ્રામના વાજિંત્રો બન્ને સૈન્યમાં એકી સાથે ચારે બાજુથી વાગવા લાગ્યાં. તેનો ધ્વનિ પ્રલયકાળના મેઘની ગર્જનાના અહંકારનો નાશ કરવા લાગ્યો. તે નાદના પ્રસારથી ત્રાસ પામેલા સર્પો પોતાના બીલમાં પેસી ગયા, વનમાં ફરતા સિંહો પોતાની ગુફામાં પેસી ગયા અને હાથીઓ ઝાડીઓમાં પેસી ગયા. ભૂત, પ્રેત અને રાક્ષસો વિગેરે માંસ પ્રાપ્તિ અને યુદ્ધનું કૌતુક જોવાની બુદ્ધિથી હર્ષપૂર્વક નાચ કરતા આકાશમાં ભેગા થયા.

પછી રણવાજિંત્રથી ઉત્પન્ન થયેલા નાદવડે જેમના મનમાં ઉત્સાહ અત્યંત વૃદ્ધિ પામ્યો છે એવા બન્ને સૈન્યના સૈનિકો યુદ્ધ કરવા તૈયાર થયા. તેમાં અશ્વ, રથ, સૈનિક, અને હાથીઓના સમૂહો પોતપોતાને યોગ્ય સ્થાનેથી પોતપોતાની પંક્તિ છોડ્યા વિનાજ સામસામા ચાલવા લાગ્યા. દૂરથી પણ ચિન્હોવડે ઓળખીને સામાપક્ષના સુભટોની સાથે યુદ્ધ માગતા બન્ને સૈન્યના મોખરે રહેલા સૈનિકો જલ્દી પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા.

તેજ રીતે બન્ને સૈન્યના જાણે જંગમ પર્વતો હોય એવા હાથીઓ, પૃથ્વીને સ્પર્શ

કરનારા જાણે વિમાનો હોય એવા રથો અને જાણે ગરૂડની જેમ ઉડતા હોય એવા અશ્વો પણ પરસ્પર એકઠા થયા, અને તેમના ઉપર રહેલા વીર પુરૂષનો સમૂહ પરસ્પર યુદ્ધ કરવા લાગ્યો. તેજ રીતે ઉડતા અને પડતા સિંહ જેવા સૈનિકો પણ યુદ્ધ કરવા લાગ્યા. તે વખતે હાથીઓની ગર્જનાવડે, અશ્વોના હેષારવવડે, રથોના ચીત્કાર શબ્દવડે, સુભટોના ભુજાસ્ફોટવડે, વાજિંત્રોના મનોહર નાદવડે, પરસ્પર અથડાતા શસ્ત્રસમૂહના નિર્ઘોષવડે અને ચારે બાજુથી ભૂતપ્રેતાદિકના અટ્ટહાસવડે જાણે આકાશ ફૂટી જતું હોય એમ દેખાવા લાગ્યું.

વીરપુરુષોના બાણોનો અડધો આગળનો ભાગ હાથીઓના શરીરમાં પેસી જવાથી તે હાથીઓ જાણે ફરીથી પાંખો ઉત્પન્ન થયેલા હોય અને લોહી નીકળી રહેલું હોવાથી જાણે ઝરણાં વહેતા પર્વતો હોય એવા જણાતા હતા. વીરપુરૂષોના મુદ્દગરોવડે હણાએલા અને પૃથ્વીપર પડતા કેટલાક હાથીઓ ક્ષણવાર છેદાયેલી પાંખોવાળા પર્વતોનું સમાનપણું બતાવતા હતા. મહાસુભટોના દૂર સુધી ગયેલા બાણોવડે વિંધાવાથી છિદ્રવાળા થયેલા હાથીઓ જાણે મદને નીકળવાનો માર્ગ કર્યો હોય તેમ શોભતા હતા. છાતી ઉપર પતિના પડવાથી જેમ નવી પરણેલી સ્ત્રી પરસેવાને ધારણ કરી કંપવા લાગે, તેમ હાથીના પડવાથી પૃથ્વી લોહી રૂપી પરસેવાને ધારણ કરી કંપતી હતી.

સામા પક્ષના વીરોને જીતવાથી બીજા વીર સૈનિકો હર્ષ પામતા હતા, અને તેમના મસ્તકોપર દેવતાઓ હર્ષથી પુષ્પવૃષ્ટિ કરતા હતા. કેટલાક વીરપુરૂષો ગદાઓવડે પાપડની જેમ રથોને ભાંગી નાખતા હતા, અને જાણે બાળકની ક્રીડાના રમકડાં હોય તેમ તેના અશ્વો સહિત સુભટોને નીચે પાડી દેતા હતા. કેટલાક પગે ચાલતા સૈનિકો પણ ખેતરોમાં રહેલા ચાડિયાની જેમ પૃથ્વી ઉપર આળોટતા હતા. તેઓ કોઈ પણ પ્રકારે ઉભા થતા ત્યારે પાછા રથના ચક્ર અને હાથીના પગ અથડાવાથી પડી જતા હતા.

વીર પુરૂષોના બાણો ચારે બાજુ ફેલાવાથી આકાશમાં મંડપ થઈ ગયો તેથી સૂર્યનો પ્રકાશ છતાં પણ શત્રુનો પ્રચાર રૂંધાતો હતો. ચારેબાજુ અંધકાર વ્યાપી ગયો, તેવખતે પરસ્પર શસ્ત્રના અથડાવાથી ઉત્પન્ન થયેલા અગ્નિવડે સર્વત્ર પ્રકાશ થતો અને વીરોના મુખ ઉપર વિશેષ પ્રકાશ પડતો હતો.

આ પ્રમાણે યોદ્ધાઓએ અતિ ભયંકર યુદ્ધ કર્યું, તેમાં શ્રી કમળપ્રભ રાજાનું-અગ્રસૈન્ય ભાગ્યું. તેને પાછું હઠતું જોઈ તત્કાળ ક્રોધથી ઉદ્ધત થયેલો તે કમળપ્રભ રાજા જેટલામાં ધનુષ્યને ધારણ કરી પોતે ઉભો થયો, તેટલામાં "હે રાજેન્દ્ર ! હું હાજર હોવા છતાં આપને યુદ્ધ માટે ઉભા થવાનું કારણ શું ?"

એ પ્રમાણે કહી તેનો નિષેધ કરી બ્રહ્મવૈશ્રવણ રથ ઉપર આરૂઢ થઈ વિવિધ પ્રકારના શસ્ત્રોને ધારણ કરી યુદ્ધ કરવા તૈયાર થયો. બ્રહ્મવૈશ્રવણે ભુજદંડના પ્રચંડ પરાક્રમવાળા ધનુષ્યને કુંડળ રૂપ કરી મેઘની જેમ ચારેબાજુ બાણોની વૃષ્ટિ કરી, જેથી શત્રુઓના મસ્તકના ટોપ અને બખ્તર વિગેરે ભેદી શત્રુઓને નિરાધાર કરી દીધા. તેણે બાણોવડે એકી સાથે લોઢાની ઝુલ જેવા બખ્તરસહિત હાથીઓને, પલાણ વિગેરે બખ્તરસહિત અશ્વોને અને બખ્તરસહિત પગપાળા સૈનિકોને ચારે બાજુથી વીંધી નાખ્યા.

જેમ કલ્પાંત કાળનો વાયુ વૃક્ષોને પાડી નાખે તેમ તેણે ન જાણી શકાય તેવા બાણો મૂકીને એકી સાથે હજારો હાથીઓ વિગેરેને પાડી નાખ્યા. તેણે ક્ષણવારમાં રથવાળાને રથ રહિત કરી દીધા, હસ્તીના સ્વારોને હાથી રહિત કરી દીધા, જીવવાળા પાયદળને જીવ રહિત કરી દીધા અને ઘોડેસ્વારોને ઘોડા રહિત કરી દીધા. તેજ પ્રમાણે જલ્દીથી વિવિધ આયુધવડે તેણે ગજ અને રથ વિગેરેને પણ યોદ્ધાઓ રહિત કર્યા, તેણે કયા કયા યોદ્ધાને મસ્તક, હાથ અને પગ રહિત ન કર્યા ?

જેમ વૈદિક વિદ્યાને જાણનાર વૈદ્ય પથ્ય વસ્તુવડે મનુષ્યોને પુષ્ટ બનાવે છે, તેમ તેણે યુદ્ધમાં વૈરીસમૂહના પ્રાણોવડે યમરાજને પણ પુષ્ટ કર્યો. તેનાપર શત્રુના વીરોએ ચક્ર, ગદા, ખડ્ગ, બાણ અને મુદ્ગર વિગેરે અનેક શસ્ત્રના સમૂહો મૂકયા, પણ તે સર્વે તેના શરીરને રૂના પ્રહાર જેવા લાગ્યા.

આ પ્રમાણે શસ્ત્રોવડે શત્રુના સૈન્યને હણતા એવા તેને ઔષધવડે અસાધ્ય એવા વ્યાધિતુલ્ય જોઈને શત્રુના સુભટો યુદ્ધનો ત્યાગ કરી ત્રાસ પામ્યા. તેથી કેટલાક વનમાં સંતાઈ ગયા, કેટલાક જળાશયોમાં પેસી ગયા, કેટલાક સ્ત્રીનું રૂપ ધારણ કરીને રહ્યા, કેટલાક ભાટ ચારણ વિગેરેનું રૂપ કરીને રહ્યા, કેટલાક મુખમાં તૃણ રાખીને રહ્યા, કેટલાક શસ્ત્રોનો ત્યાગ કરીને રહ્યા, કેટલાક તેનેજ શરણે ગયા, કેટલાકે શ્રીજિનેશ્વર-દેવના ચરણનું શરણ કર્યું, તથા કેટલાક શસ્ત્રનો ત્યાગ કરીને નોકારવાળીને ગ્રહણ કરી શ્રાવકના દંભથી '**नमो अरिहंताणं**' એ મંત્રને ઊંચે સ્વરે બોલવા-ગણવા લાગ્યા.

આ પ્રમાણે ત્રાસ પામીને વીખરાઈ ગયેલું પોતાનું સમગ્ર સૈન્ય જોઈ ક્રોધથી ઉદ્ધત થયેલો **પદ્મરથ** રાજા પોતે યુદ્ધ કરવા દોડ્યો. તેણે બ્રહ્મવૈશ્રવણને કહ્યું કે—

"અરે અધમ બ્રાહ્મણ ! તને બ્રાહ્મણ જાણી તારી ઉપેક્ષા કરી, તેથી તું અનાથની જેમ આ સેનાને હણે છે, પરંતુ તે સેનાનો હું નાથ છું, તેથી તને અપરાધીને હવે હું હણી નાખીશ. પરંતુ ભિક્ષુકના શરીરપર પડતા મારા બાણો લજ્જા પામે છે. હે

બ્રાહ્મણ ! હમણાં પૃથ્વીપર ઘણો સુકાળ છે, ઘેર ઘેર તને દાણા મળી શકશે, તેથી આ તાંબાનું વાસણ લે અને સુખેથી ભિક્ષા માગી ખા. હે અધમ બ્રાહ્મણ ! બીજાના કાર્ય માટે શા માટે તું મરવા તૈયાર થયો છે? રાજાઓમાં નિંદનીય એવી બ્રહ્મહત્યા હું કેમ લઉં ?" આ પ્રમાણે તેના ધિક્કારથી ક્રોધ પામેલો માયાવી બ્રાહ્મણ બોલ્યો કે—

"હે રાજન્ ! પરાક્રમને વિષે ક્ષત્રિયપણું કે બ્રાહ્મણપણું વિચારવાનું કાંઈ કારણ નથી. અથવા તો હું જે છું તે છું. યુદ્ધના મેદાનમાં તારે કુળનું શું કામ છે? પરની નિંદા કરવી એ જ તારે આધીન છે, અને મારે આધીન તો પરાક્રમ છે. જે તારૂં સૈન્યનું નાથપણું છે, તે હું હમણાં જ નાશ કરીશ, અને તારા પ્રાણોવડે યમરાજને ઘેર સુકાળ કરી દઈશ. હું તારૂં રાજ્ય ગ્રહણ કરીશ, તેથી મારે ત્રાંબાના વાસણની શી જરૂર છે? મને વિધાતાજ તારા પ્રાણ સુધીની સર્વ ભિક્ષા આપશે. જેને પોતાની પુત્રીનો પણ વધ કરવામાં ભય નથી, તેવા નાસ્તીકને બ્રહ્મહત્યાનો ભય ક્યાંથી હોય ? બ્રાહ્મણપણું ધારી જે ઉપેક્ષા તું બતાવે છે, તે તો તારૂં કાયરપણું જ સૂચવે છે.

સત્પુરૂષોનો સર્વ આરંભ પરના કાર્ય માટે જ હોય છે, તે બાબતમાં આ જગતને વિષે સૂર્ય, ચંદ્ર, વૃક્ષ અને મેઘ વિગેરેના દૃષ્ટાંતો સુલભ જ છે. તેં તારી પુત્રીને આંધળી કરી તે તારા દિલનું ઇચ્છિત જ હતું, અને નાસ્તિક હોવા છતાં તું શ્રાવકની પુત્રીને ઇચ્છે છે, તે તારામાં વિવેક દૃષ્ટિનું શુન્યપણું જ સુચવે છે તેથી જો તું ક્ષત્રિય હો તો યુદ્ધમાં તારૂં પરાક્રમ બતાવ. ઉત્તમ પુરૂષો કાર્યવડે જ પોતાના ગુણો કહે છે, વચનવડે કહેતા નથી."

આ પ્રમાણે તે બ્રહ્મવૈશ્રવણના વચનરૂપી ઘીની આહુતિવડે તે **પદ્મરથ** રાજાનો ક્રોધાગ્નિ દેદીપ્યમાન થયો, તેથી તે ધનુષને કુંડળ રૂપ કરી યુદ્ધ કરવા સન્મુખ આવ્યો. તેણે તે બ્રાહ્મણ ઉપર મર્મસ્થાન અને બખ્તરને છેદવા માટે હજારો બાણો મૂકયાં, તે સર્વ બાણોને બ્રહ્મવૈશ્રવણે તરત જ એકી સાથે પોતાના બાણોવડે છેદી નાખ્યાં. પછી તે **પદ્મરથ** રાજાના સૈનિકો કે જેમને તેમના સ્વામીએ ઘણો ઉત્સાહ આપ્યો, તેઓ કરોડો સૈનિકો એકી સાથે બખ્તર ધારણ કરી બ્રહ્મવૈશ્રવણ સાથે યુદ્ધ કરવા લાગ્યા. તે સર્વેને શિકારી જેમ મૃગોને વીંધે તેમ એકલા બ્રહ્મવૈશ્રવણે જાણે તેટલાં બધાં રૂપ ધારણ કર્યાં હોય તેમ કરોડો બાણોવડે એકીસાથે બધાને વીંધી નાખ્યા.

તે બ્રાહ્મણને બાણ ચડાવતા તથા મૂકતા કોઈ પણ સુભટો જાણતા—જોતા નહોતા પરંતુ તત્કાળ પોતાના આત્માને તેના બાણોથી વીંધાતો જ જોતા હતા. આવી તેની

અદ્ભુત શક્તિ જોઈ સર્વે આશ્ચર્ય પામ્યા, અને 'અહો! આનું બળ તથા ભાગ્ય અદ્ભુત છે.' એમ સર્વેએ તેની પ્રશંસા કરી. બ્રહ્મવૈશ્રવણે નિષેધ કર્યો છતાં પણ **કમળપ્રભ** રાજાના સૈનિકો તેના યુદ્ધવડે પોતાનો ઉત્સાહ વધવાથી એકઠા થઈ યુદ્ધ કરવા લાગ્યા.

આ પ્રમાણે કુમાર અને રાજાનો તથા તે બન્નેના સૈન્યોનો શૂરવીરના શૌર્યરૂપી સુવર્ણની કસોટી જેવો રણસંગ્રામ પ્રવર્ત્યો. સુભટોએ સામા સુભટોના છેદેલા મસ્તકો આકાશમાં ભમવા લાગ્યા, કે જેથી સેંકડો રાહુવાળું આકાશ ઉત્પાતવડે ભયંકર દેખાવા લાગ્યું. બન્ને સૈન્યમાંથી પરસ્પરના પ્રહારવડે ભાંગી ગયેલા ભાલા, ગદા, ચક્ર, શૂળ, શક્તિ, ખડ્ગ અને મુદ્ગર વિગેરે શસ્ત્રો જાણે વાયુએ કંપાવેલા વનમાંથી ઉડેલા પક્ષીઓ હોય તેમ આકાશમાં ભમવા લાગ્યાં.

"અરે! તું શસ્ત્ર મૂકીને ચાલ્યો જા, હું બીકણ ઉપર પ્રહાર કરતો નથી. અરે વાચાળ! તને ધિક્કાર છે. જો તું ક્ષત્રિય હો તો ઊભો રહે, કેમ નાશી જાય છે? હું કૃપાળુ છું તેથી બાળકને કેમ મારૂં? અરે! નાશી જા. ફોગટ ન મર. અરે વીર! તું કેમ સુતો છે? આ તારો શત્રુ બડાઈ મારે છે. અરે! બહુ સારૂં. તું એક જ વીર છે કે જે બાણોવડે વીંધાયા છતાં પણ યુદ્ધ કરે છે. અરે! ઊભો થા, ઊભો થા. કેમ ઉત્સાહ ભંગ થાય છે? અરે! નાઠો, નાઠો. હણાયો, હણાયો."

આ પ્રમાણે પરસ્પર નામ દઈને બોલાવતા, યુદ્ધને ઇચ્છતા અને ગર્જના કરતા સુભટોની વાણી ચારે તરફ પ્રસરતી હતી.

હવે લાંબોકાળ યુદ્ધ કર્યા પછી કુમારે બાણોવડે **પદ્મરથ** રાજાનું ધનુષ, છત્ર, ચામર, મસ્તકનો ટોપ અને બખ્તર એ સર્વ છેદી નાખ્યાં. તેથી ક્રોધ પામેલા તે રાજાએ પણ તરત જ નવું ધનુષ ગ્રહણ કરી બાણોવડે તે બ્રાહ્મણનું બાણ કમળના નાળની જેમ છેદી નાખ્યું એટલે કોપથી ઉદ્ધત થયેલા તેણે પણ ગદાવડે રાજાનો રથ ભાગી નાખ્યો, ત્યારે રાજાએ પણ મુદ્ગરવડે તેના રથના ચૂરેચૂરા કરી નાખ્યા અને તે બ્રાહ્મણની ગદાને પણ જલ્દીથી ચૂર્ણ કરી નાખી.

ત્યારે બ્રાહ્મણે કૂદકો મારી ખડ્ગવડે રાજાના ધનુષના બે કકડા કરી નાખ્યા. પછી રાજાએ તેના પર ખડ્ગનો ઘા કર્યો, તે તેણે ચુકાવી દીધો, પોતાની ઉપર પડવા દીધો નહિ. પછી કોપથી ઉદ્ધત થયેલ તે બ્રહ્મવૈશ્રવણ રાજા પર ખડ્ગનો પ્રહાર કરવા તૈયાર થયો, તેટલામાં રાજાએ પોતાના ખડ્ગવડે તેના ખડ્ગ ઉપર એવી રીતે પ્રહાર કર્યો કે



જેથી તે બન્ને ખડ્ગો પરસ્પર અથડાઈને ચૂર્ણરૂપ થઈ ગયાં. પછી અત્યંત ક્રોધ પામેલા બ્રહ્મવૈશ્રવણે હોઠ પીસી વીરમાની રાજાને મલ્લયુદ્ધ કરવા બોલાવ્યો, ત્યારે તે પણ કેડ બાંધીને મલ્લયુદ્ધ કરવા સન્મુખ આવ્યો.

'સિંહને યુદ્ધ કરવા બોલાવતાં શું તે આળસુ થાય?' પછી તે બન્ને વીરો ભુજાના આસ્ફોટવડે આકાશને ફોડતા અને પગના આઘાતવડે પૃથ્વીને કંપાવતા પરસ્પર અફળાઈને યુદ્ધ કરવા લાગ્યા. કુકડાની જેમ ક્ષણમાં ઊંચે ઉડતા અને ક્ષણમાં નીચે પડતા પરસ્પર ગર્જના અને તર્જના કરતા તે બન્ને સુભટો કોને આશ્ચર્ય પમાડનાર ન થયા?

એક બીજાની પાછળ ભમતા તે બન્ને મહાભટો ભ્રમણ ને ગ્રહણ કરતા હતા અને ક્ષણમાં પૃથ્વીપર આળોટી ઊભા થતા હતા, તે વખતે બન્નેમાં કાંઈ પણ આંતરૂં દેખાતું નહોતું. વળી જલ્દી પરસ્પર ભેટતા, છૂટા પડતા, પૃથ્વીપર પડતા તથા આકાશમાં ફેંકાતા તે બન્નેમાં કોણ કર્તા અને કોણ કર્મ છે, તે કોઈથી સમજી શકાતું નહોતું.

આ રીતે મહા બળવાન અને પરસ્પર જયની ઇચ્છાવાળા તે બન્ને મહાવીરોએ લાંબાકાળ સુધી યુદ્ધ કર્યું. તેમાં છેવટ **પદ્મરથ** રાજા અત્યંત થાકી ગયો, અને વિશ્રાંતિ રહિત યુદ્ધ કરતાં છતાં પણ માયાવીબ્રાહ્મણ જરા પણ શ્રમને પામ્યો નહિ. 'હાથી સાથે યુદ્ધ કરતાં સિંહ કદાપિ થાકે જ નહિ.' પછી અવસર પામીને બ્રાહ્મણરૂપ ધારણ કરનાર વીર શ્રીજયાનંદકુમારે મુષ્ટિવડે **પદ્મરથ** રાજાને છાતીમાં એવો પ્રહાર કર્યો કે જેથી તેની આંખે અંધારાં આવ્યાં, તે મૂર્છિત થયો અને મુખમાંથી લોહીની ઉલટી કરતો વાયુથી ઉડાડેલા જીર્ણ વૃક્ષની જેમ પૃથ્વીપર પડ્યો. તેને પડેલો જોઈ તેને સજજ કરવા માટે લઈ જવાને ઇચ્છતા તેના ભક્તિવાળા અને શક્તિવાળા લાખો સુભટો આવ્યા. પરંતુ તે સર્વ ઉપર એકીસાથે બ્રહ્મવૈશ્રવણે ધનુષ્ય લઈ તેનો ટંકારવ કરી બાણોની વૃષ્ટિ કરી અને સિંહના જેવી ગર્જના કરી. તથા તે સુભટોએ મૂકેલા ચક્ર, શક્તિ, ત્રિશૂળ, ગદા અને ભાલા વિગેરે આયુધોને ભેદી મૃગની જેમ તેઓને વીંધી નાખ્યા. તેમનાં જીવિતને ખેંચી લેવા માટે તત્પર થયેલા તે બ્રાહ્મણના બાણોવડે વ્યાકુળ થયેલા તેઓ શસ્ત્રોને ગ્રહણ કરવા કે મૂકવાને પણ શક્તિમાન થયા નહિ.

આ પ્રમાણે તે બ્રાહ્મણે શત્રુના પ્રલય કાળ જેવું યુદ્ધ કર્યું અને તેણે રૂંધેલા વીરો પોતાના સ્વામીને લેવા અસમર્થ થયા ત્યારે કમળપ્રભ રાજાની ભ્રૂસંજ્ઞાથી પ્રેરાયેલા સુભટોએ તે **પદ્મરથ** રાજાને બાંધી શ્રીકમળપ્રભરાજાના રથમાં લાવીને નાખ્યો.

આ પ્રમાણે પોતાના રાજાને શત્રુરાજાએ રથમાં ગ્રહણ કરેલો જોઈ સ્વામીની આશા

રહિત થયેલા તેના વીરોએ વિચાર્યું કે—"હવે કોના કાર્યને માટે આપણે મરવું?" એમ વિચારી રણસંગ્રામનો ત્યાગ કરી જીવિતની ઇચ્છાવાળા તે સર્વેએ બીજો કોઈ માર્ગ નહિ મળવાથી તે બ્રહ્મવૈશ્રવણનો જ આશ્રય લીધો, તેમને તેવી રીતે શરણે આવેલા જોઈ પ્રસન્ન દૃષ્ટિવાળા કુમારે હાથ ઊંચો કરી કહ્યું કે—

"તમે કોઈપણ ભય પામશો નહિ, તમારો રક્ષક હું છું." એમ કહી તેમને આશ્વાસન આપ્યું. તે વખતે 'જય જય' શબ્દથી પ્રસન્ન થયેલા દેવોએ કુમારના મસ્તકપર પુષ્પવૃષ્ટિ કરી, અને આકાશમાં દુંદુભિનો નાદ કર્યો. કમળપ્રભ રાજાની શિબિરમાં જયના વાજિંત્રો વાગવા લાગ્યાં અને ચારેબાજુ તેના સુભટો જયનો નાદ કરવા લાગ્યા. કહ્યું છે કે—

"જેના હૃદયમાં વીતરાગ દેવ રહેલા છે, પાંચ ઇંદ્રિયરૂપ શત્રુને જીતનારા ગુરૂ રહેલા છે અને દુષ્કર્મને જીતવામાં તત્પર સદ્ધર્મ રહેલો છે, તે જ પુરૂષ યુદ્ધમાં જય પામે છે. તથા જેને અરિહંતદેવ અને સદ્‌ગુરૂને વિષે ભક્તિ નથી, અને જિનભાષિત ધર્મને વિષે કાંઈ પણ રૂચિ નથી, તેવા પુરૂષો ભવોભવને વિષે અતિ દુઃસહ એવા સર્વ જાતિના પરાભવોનું સ્થાન જ થાય છે."

પછી સાસુ અને પ્રિયાની વાણીને સ્મરણ કરતા કુમારે તત્કાળ ઔષધિવડે પોતાની છાવણીમાં લાવેલા પદ્‌મરથ રાજાને સજ્જ કર્યો. પરંતુ 'નાસ્તિકતાનો ત્યાગ કરાવ્યા વિના હું તેને છોડીશ નહિ.' એવી પ્રતિજ્ઞા કરેલી હોવાથી કુમારે તેને બેડીઓ પહેરાવી પાંજરામાં નાખ્યો. પછી શત્રુના અને પોતાના સૈન્યમાં જેઓ શસ્ત્રના ઘાતની વ્યથાથી પીડાતા હતા તે સર્વ યોદ્ધાઓને ઔષધિનું જળ છાંટી કુમારે સાજા કર્યા. તેથી તે સર્વેએ હર્ષ પામી તે ઉત્તમ બ્રહ્મવૈશ્રવણની આ પ્રમાણે પ્રશંસા કરી કે–'અહો! સત્પુરૂષો સ્વપરના ભેદ વિના સર્વ ઉપર સરખી રીતે ઉપકાર કરનારા હોય છે.'

ત્યારપછી આનંદમય થયેલો કમળપ્રભ રાજા કુમારબ્રાહ્મણને આલિંગન કરી બંદીની જેમ તેની સ્તુતિ કરવા લાગ્યો કે–"અહો! તમારૂં શૌર્ય! અહો! તમારૂં ધૈર્ય! અહો! અન્યનો ઉપકાર કરવાપણું! અને અહો! તમારૂં ગાંભીર્ય! આવા તમારા ગુણો બીજા કોઈને વિષે જોવામાં આવતા નથી. જગતને સરજતા વિધાતાની આ તમારા રૂપ એક જ સૃષ્ટિ ત્રણ લોકમાં સદૃશપણાના અભાવથી ઘુણાક્ષરન્યાયથી થયેલી હોય એમ હું માનું છું.

હે વત્સ! તમારાથી જ અમે કૃતાર્થ થયા છીએ. અમારા પૂર્વ પુણ્યના પ્રભાવથી

જ અમને તમારો સમાગમ થયો છે." આ પ્રમાણે કહી રાજાએ તેને હસ્તીપર બેસાડ્યો. તેની સાથે પોતે પણ હસ્તીપર બેઠો. પછી વાજિંત્રોના નાદવડે દિશાઓને ગજાવતો તે રાજા સૈન્ય સહિત નગર તરફ ચાલ્યો.

કુમારબ્રાહ્મણે પણ **પદ્મરથ** રાજાના સૈન્યને સાથે લઈ નગરની સમીપે કોઈ સારે સ્થાને રાખ્યું, તેની ઘટતી વ્યવસ્થા કરી, અને તે મોટા આશયવાળા કુમારે તે સૈન્યમાંથી મંત્રી અને સેનાપતિ જેવા કેટલાક મુખ્ય પુરૂષોને પોતાની સેવા માટે સાથે રાખ્યા, પછી ઠેકાણે ઠેકાણે તોરણોની શ્રેણિને ધારણ કરનાર, મોતીના સાથીયાના સમૂહવડે શોભિત, ધ્વજાની પંક્તિવડે સુશોભિત કરેલા ઘરો અને દુકાનોવાળા, પ્રગટ રીતે નટ અને નટીના સમુદાયે કરેલા નાટકવડે યુક્ત અને વૃદ્ધ સ્ત્રીઓએ જેમાં અનેક પ્રકારના માંગલીક કાર્યો કર્યાં છે એવા પોતાના નગરમાં મોટા મહોત્સવપૂર્વક છત્ર ચામરથી શોભતા શ્રીકમળપ્રભરાજાએ બ્રહ્મવૈશ્રવણ સહિત આદરપૂર્વક પ્રવેશ કર્યો.

પછી કમળપ્રભ રાજાએ મંત્રી સામંત વિગેરે સર્વને રજા આપી, એટલે તેઓ પોતપોતાને સ્થાને ગયા, અને તે દ્વિજેંદ્ર પણ પરિવાર સહિત પોતાને ઘેર ગયો. તે સર્વેએ સ્નાન ભોજનાદિક કાર્ય કરી રણસંગ્રામની કથાદિકવડે તે દિવસ નિર્ગમન કર્યો. વિચિત્ર આલાપવડે મનોહર એવા રાજવર્ગના લોકોએ અને નગરજનોએ બ્રહ્મવૈશ્રવણાદિકના વિવિધ ગુણોનું વર્ણન કર્યું.

બ્રહ્મવૈશ્રવણની આજ્ઞાથી આરક્ષકોએ પાંજરામાં પુરેલા પદ્મરથ રાજાને પાંજરા સહિત રથમાં સ્થાપન કરી સાથે રાખેલો હતો, તેને આદેશ આપ્યા પ્રમાણે યોગ્ય સ્થાને રાખી જમાડવામાં આવ્યો, ત્યાં તે રાજા તે બ્રાહ્મણના પરાક્રમથી આશ્ચર્ય પામેલો પોતાના આચરણનો શોક કરવા લાગ્યો.

બીજે દિવસે પ્રભાત સમયે સભામાં સુવર્ણનું સિંહાસન સ્થાપન કરાવી તેના ઉપર બ્રહ્મવૈશ્રવણને અડધા આસન ઉપર બેસાડી કમળપ્રભ રાજા તેની સાથે બેઠો. પછી સેવકો પાસે પદ્મરથને ત્યાં મંગાવી, તેને પાંજરામાંથી બહાર કાઢી પોતાની સામે ઉભો રાખી કોમળ વાણી વડે બ્રહ્મવૈશ્રવણે કહ્યું કે–

"હે અધમ! પુત્રીની વિડંબનાના પાપનું આ એક ફળ તો તેં જોયું! હજુ બીજું ફળ પણ ભોગવ. કારણકે આટલાથી તે પાપનો નાશ નહિ થાય." એમ કહી તેના મસ્તકપર નિપુણતાથી દિવ્ય ઔષધી મૂકીને તે બ્રાહ્મણે તેને વાંદરો બનાવી દીધો, તે જોઈ આખી સભા આશ્ચર્ય પામી. પછી લોઢાની સાંકળ મંગાવી તેના ગળામાં નાખી અને સેવકોને કહ્યું કે—



"અરે સેવકો ! આ દુષ્ટ વાંદરાને આખા નગરમાં દુકાને દુકાને અને ઘરે ઘરે તથા ત્રણ અને ચાર રસ્તાવાળા સર્વ માર્ગો ઉપર સર્વ ઠેકાણે ફેરવો અને ચાબુક મારી મારીને તેને સીધો કરો.

આ પ્રમાણે તે બ્રહ્મવૈશ્રવણનું વચન સાંભળી સેવક પુરૂષો તે પ્રકારે કરવાનું અંગીકાર કરી તે વાંદરાને લઇને ચાલવા તૈયાર થયા, તેટલામાં પતિને શિર આવા પ્રકારનું દુ:ખ જોઈ દુ:ખી થયેલી કમળા રાણી રોતી રોતી ત્યાં આવી અને કમળપ્રભ રાજાને કહેવા લાગી કે—

"હે મોટા ભાઈ ! આવું ભયંકર કાર્ય કરતાં આ બ્રાહ્મણને રોકો. આમ થવાથી લોકમાં મને અને તમને લજ્જા અને અપવાદ આવશે. કારણકે પતિવ્રતા સ્ત્રીઓને અપરાધી પતિ પણ સેવવા લાયક જ હોય છે." એમ કહી તેણીએ બ્રહ્મવૈશ્રવણને પણ કહ્યું કે—"હે વત્સ ! મારા પર કૃપા કરી આ મારા પતિને તમે મૂકી દો. માતાનું વચન વૃથા ન કરો" રાજાએ પણ કહ્યું કે—"હે બ્રહ્મવૈશ્રવણ ! દીન, રાંક અને નમ્ર એવા આ રાજાને વિષે હવે તમારે ક્રોધ કરવો યોગ્ય નથી. કેમકે પ્રણામ કરવા સુધી જ સત્પુરૂષોને ક્રોધ હોય છે, તેથી હવે આ રાજાને મૂકી દો અને તેનું જેવું સ્વરૂપ હતું તેવું કરો. અમે તમારા કોપની શક્તિ જોઈ, હવે તેના ઉપર તમારી કૃપાદ્રષ્ટિની શક્તિ બતાવો."

તે સાંભળી બ્રહ્મવૈશ્રવણે કહ્યું કે—"જો એ રાજા નાસ્તિક ધર્મને તજી દઈ જૈનધર્મને અંગીકાર કરે, તો હું એને છોડું." ત્યારે કમળપ્રભ રાજાએ તેને પૂછયું કે—"આ બ્રહ્મવૈશ્રવણના કહેવા પ્રમાણે કરવા તમે કબુલ કરો છો ?" એટલે ત્યારે તે વાંદરાએ પોતાની ચેષ્ટાથી કહ્યું કે—"તે સર્વ હું કબુલ કરૂં છું." એટલે કૃપાળુ એવા બ્રહ્મવૈશ્રવણે બીજી ઔષધિવડે તેનું સ્વાભાવિક રૂપ કરી તેની બેડીઓ વિગેરે ભગાવી નાખી. અને તેને આશ્વાસન આપવા પૂર્વક પોતાની પાસેના આસનપર બેસાડયો. આવું આશ્ચર્ય જોઈ રાજાદિક સર્વે આશ્ચર્ય અને આણંદ મગ્ન બન્યા. પછી કમળપ્રભ રાજા વિગેરે સર્વેએ ક્રોધ રહિત થઈ તે પદ્મરથ રાજાને પ્રણામ કર્યા.

પોતાને આધીન થયેલા ઉપર સ્વજનપણાને લીધે તથા મોટાઈપણાને લીધે વેર રહેતું જ નથી.' પછી તે બ્રહ્મવૈશ્રવણે પદ્મરથરાજાના મંત્રી, સેનાપતિ વિગેરેને બોલાવ્યા. તેઓએ આવી પોતાના રાજાને મુક્ત થયેલા જોઈ અત્યંત હર્ષ પામી બ્રહ્મવૈશ્રવણને પ્રણામ કર્યા.



ત્યારપછી લજ્જાવડે નમ્ર મુખવાળા અને દુઃખના અશ્રુવડે ભીંજાયેલા નેત્રવાળા પદ્મરથ રાજાએ કમળપ્રભ રાજા વિગેરેને ગદ્ગદ્ સ્વરે કહ્યું કે—

“મહા પાપરૂપી પંકથી કલંકિત થયેલો હું તમારા પ્રણામને યોગ્ય નથી. કેમકે પૂર્વે નહિ જોયેલું અને નહિ સાંભળેલું એવું નિંદ્ય કર્મ મેં કર્યું છે, અને તેજ કર્મના પ્રભાવથી આ ભવમાં જ તે કર્મને યોગ્ય દુઃખ હું પામ્યો છું. ‘ઉગ્ર પુણ્ય–પાપનું ફળ આ ભવમાં જ પ્રાપ્ત થાય છે.’ એ શાસ્ત્રનું વચન સત્ય થયું છે. મેં મારી પુત્રી ભિલ્લને આપી અને વળી દુષ્ટ ચૂર્ણના પ્રયોગથી આંધળી કરી. તે જીવતી છે કે મરી ગઈ છે? અને જો જીવતી હશે તો તેની કેવી અવસ્થા થઈ હશે? તે જાણતો નહિ હોવાથી પુત્રીહત્યાનું પાપ મને અત્યંત દુઃખ આપે છે. તેના વિયોગથી દુઃખી થયેલી તેની માતા પણ રોષ કરીને અહીં આવેલ છે, એ પણ મારે માટે મોટી વિપત્તિ જ છે. હું મારા બળથી સમગ્ર વીરોને તૃણ સમાન ગણતો હતો, તે જ હું કરોડો સુભટોની સમક્ષ એક સામાન્ય બ્રાહ્મણવડે જીતાયો.

વળી વાંદરાપણું વિગેરે દુર્દશાને પણ હું પામ્યો, આવા પરાભવના દુઃખનો પાર પામવા કયો પુરૂષ શક્તિમાન હોય? તેથી હવે તો કોઈપણ ઉપાયવડે મારે મરવું તેજ શ્રેયસ્કર છે. માટે હું તો હવે અગ્નિમાં પ્રવેશ કરીશ. હે સુભટો! તમે મારે માટે અગ્નિ ચીતા તૈયાર કરો.”

આ પ્રમાણે પોતાની બહેનના પતિ પદ્મરથ રાજાની વાણી સાંભળી તેનો ખેદ દૂર કરવા માટે શ્રી કમળપ્રભ રાજા બોલ્યા કે–“હે નરોત્તમ! હું એક સામાન્ય બ્રાહ્મણથી જીતાયો છું એમ ધારી તમે ખેદ ન પામો, શું પૂર્વે ભરતાદિક પણ પરાભવનું દુઃખ નથી પામ્યા? વળી આ બ્રાહ્મણમાત્ર જ છે, એમ કદી ધારશો નહિ, ખરેખર આ તો કોઈ દિવ્ય પુરૂષ છે. એમ એની ચેષ્ટાપરથી જણાય છે. તે સર્વ સમય આવે આપણે જાણી શકશું.”

પછી માયાવીબ્રાહ્મણ બોલ્યો કે–“હે નરોત્તમ! આ પ્રમાણે પાપના ફળ જોઈ તમે પુણ્યનો આદર કરો, કે જેનાથી સર્વ દુઃખનો ક્ષય થાય. તમે તમારૂં સર્વ રાજ્ય સુખેથી ભોગવો, રોષ પામેલી તમારી પ્રિયાને મનાવો અને જૈન ધર્મ પાળી મનુષ્યજન્મ સફળ કરો.”

આ પ્રમાણે તે બન્નેના વચનથી કાંઇક સાવધાન થયેલો શ્રીપદ્મરથ રાજા બોલ્યો કે–“મારી વહાલી પુત્રીના સમાચાર જાણ્યા પછી હું તે સર્વ કરીશ.” તે વખતે

માયાવીબ્રાહ્મણની પ્રિયા બ્રાહ્મણી પતિની આજ્ઞા લઈને તરત જ ત્યાં આવી અને લજ્જાથી મંદ થયેલી વાણીવડે પદ્મરથ રાજા આગળ બોલી કે—

"હે રાજન્! તુંજ શંકર છે. ઈત્યાદિક વચનોથી તમારી પ્રશંસા કરીને જેણે સમસ્યા પૂર્ણ કરી હતી તે જયસુંદરીની વાણી સત્ય છે 'કે શ્રી જિનેશ્વરદેવ જેના હૃદયમાં વસે છે.' ઇત્યાદિક વાક્યો વડે ધર્મનું માહાત્મ્ય કહીને જેણે સમસ્યા પૂર્ણ કરી હતી તે વિજયસુંદરીની વાણી સત્ય છે?"

આ પ્રમાણેની ભાલા જેવી તેની વાણી વડે જાણે મર્મસ્થાનમાં વીંધાયો હોય તેમ રાજા પોતાના અપકૃત્યના સ્મરણથી ઉત્પન્ન થયેલી લજ્જાના દુઃખથી વિનમ્ર મુખવાળો થઈને વિચારવા લાગ્યો કે—"આ બાળિકાએ આ વૃત્તાંત શી રીતે જાણ્યો હશે? શું તેણીએ કોઈ જ્ઞાનીના મુખથી સાંભળ્યું હશે? કે શું બીજા રૂપે રહેલી આ વિજયસુંદરીજ છે? અથવા તો તેણીએ મારી કમળા રાણીના મુખથી સાંભળ્યું હશે? કેમકે આ તેણીની પ્રીતિનું સ્થાન હોવાથી સદા તેણીની પાસે જ રહેનારી છે."

એમ વિચારી રાજાએ ઉત્તર આપ્યો કે—"મારાથી સર્વ પ્રજા સુખી થતી હોત તો હું જ મારા આત્માનું આવાં સંકટથી કેમ રક્ષણ ન કરત? તેથી સત્ય વાત એ છે કે આ બ્રહ્મવૈશ્રવણની જેમ સર્વે પોતાના પુણ્યથી જ સુખી છે, અને મારા જેવાની જેમ સર્વે પોતાના પાપથી જ દુઃખી છે."

ત્યારે તે બોલી કે—"જો એમ જ હોય તો હે રાજેન્દ્ર! તમે શા માટે પુણ્ય કરતા નથી? કદાચ પુત્રીની પીડા તમને પુણ્યકાર્ય કરવામાં વિઘ્ન કરતી હોય તો આ મારા પતિને તમે પૂછો. તે સર્વ શાસ્ત્ર અને કળામાં નિપુણ છે, નિમિત્તાદિકના બળથી અતીત અનાગત સર્વ જાણે છે અને સર્વ વૃત્તાંત યથાર્થ કહી શકે છે." તે સાંભળી રાજાએ તેને પૂછ્યું કે—

"હે બ્રહ્મેંદ્ર! મારી પુત્રી મને ક્યારે મળશે? અથવા તેની શી અવસ્થા છે? તે પ્રગટપણે કહો." ત્યારે તે બ્રહ્મવૈશ્રવણે લગ્ન સ્થાપનાદિક વિસ્તાર કરવાવડે આડંબર કરીને કહ્યું કે—

"હે રાજન્! તે તમને સુખી અવસ્થાએ બહુજ જલ્દીથી મળશે. તેમાં તમે શંકા કરશો નહિ. પરંતુ હે રાજન્! તમે મને અથવા આ મારી પ્રિયાને કોઈપણ રીતે ઓળખો છો કે નહિ?" રાજાએ કહ્યું—"તમે તો ગુણવડે જ તમારો આત્મા સારી રીતે ઓળખાવ્યો છે, તેથી વધારે તમારા બન્નેના વંશ કે નામ વિગેરે હું કાંઈ જાણતો નથી.

તે સાંભળી તેણે વિજયસુંદરીના વિવાહ વખતે જેવું પોતાનું રૂપ કર્યું હતું તેવું જ ભિલ્લનું રૂપ તત્કાળ ઔષધિથી કર્યું, અને વિજયસુંદરી પ્રિયાનું મૂળ રૂપ કર્યું. પછી તે બોલ્યો કે—"અહો ! આવા કુરૂપીને આવા ગુણવાળી પુત્રી રાજાએ કેમ આપી ? વિશ્વની વિડંબના કરનાર ક્રોધ અને માનને ધિક્કાર છે. જેમ આ વિજયસુંદરી સર્વ રૂપવતી સ્ત્રીઓની સીમારૂપ છે, તેમ આ ભિલ્લ કુરૂપની સીમારૂપ છે." પછી વિજયસુંદરી બોલી કે—

"હે રાજન્ ! હવે તમે મને ઓળખો છો ?" ત્યારે લજ્જાવડે નીચું મુખ રાખી તે બોલ્યો કે—"હા, ઓળખું છું. દુર્બુદ્ધિની સીમારૂપ એવા મારી તું વિજયસુંદરી પુત્રી છે. પરંતુ પૂર્વે કરેલું કુકર્મ યાદ આવવાથી હું મારૂં મુખ દેખાડવા શક્તિમાન નથી." એમ કહી રાજા વિસ્મય, આનંદ, ખેદ અને ચિંતા વિગેરે વિવિધ પ્રકારના રસથી વ્યાકુળ થયો. ત્યારે તેના પગમાં પડીને વિજયસુંદરી બોલી કે—

"હે પિતાજી ! મેં આ પુત્રીને ક્રોધથી વિડંબના પમાડી એમ ધારી તમે ખેદ કરશો નહિ, કેમકે તમારો કોપ પણ મને તો અદ્ભુત સમૃદ્ધિ આપનાર થયો છે. જો તે વખતે તમે ક્રોધ ન કર્યો હોત તો આવા પતિ મને ક્યાંથી પ્રાપ્ત થાત ? કે જેના પરાક્રમનો અનુભવ તમને પણ થયો છે. જેમ સુવર્ણમય પૃથ્વીથી ઉત્પન્ન થયેલી રજ પણ અગ્નિના યોગથી સુવર્ણપણાને પામે છે, તેમ પિતા એવા તમારો કોપ પણ તેવા ઉત્તમ પતિના યોગથી મારા હિતને માટે થયો છે."

આ પ્રમાણેના તેણીના વચનથી હર્ષ પામેલા રાજાએ તેને સ્નેહથી આલિંગન કરી પોતાના ખોળામાં બેસાડી. ખરેખર જે પિતા છે તે તો પિતા જ છે. તે જોઈ ભિલ્લ બોલ્યો કે–

"હે રાજેન્દ્ર ! તમે તમારી પુત્રીને તો ઓળખી, પરંતુ મને ઓળખો છો કે નહિ ?" ત્યારે તે રાજવી બોલ્યો કે–"જિનભાષિત વસ્તુની જેમ તમારૂં સ્વરૂપ તો લક્ષ્ય અને અલક્ષ્ય છે. એટલે કે વિવિધ પ્રકારના રૂપ, સમૃદ્ધિ અને કળાદિકવડે તમે સમગ્ર વિશ્વને મોહ પમાડ્યો છે, તેથી સર્વથા પ્રકારે તમને ઓળખવાને કોણ સમર્થ છે ?

જ્યાં બુદ્ધિનો પ્રવેશ ન હોય ત્યાં સુબુદ્ધિ પણ અબુદ્ધિ થાય છે. જેવા રૂપવડે મેં તમને મારી કન્યા આપી હતી, તેજ આ રૂપ છે એટલું જ હું જાણી શકું છું, પરંતુ તમારૂં સ્વાભાવિક રૂપ અને સ્થાન, વંશ તથા નામ વિગેરે કેમ જાણી શકું ?" આવું આશ્ચર્ય જોઈ કમળપ્રભ રાજા વિગેરે પરસ્પર છાની છાની વાત કરવા લાગ્યા કે–

"આનું આ બનાવટી ભિલ્લરૂપ દેખાય છે, તેમ બ્રાહ્મણરૂપ પણ બનાવટી હોવું જોઈએ, તથા તેની પ્રિયાનું બ્રાહ્મણીનું રૂપ પણ બનાવટી લાગે છે. કેમકે આવાં લક્ષણ અને આવાં ચરિત્રવડે તે બ્રાહ્મણ કેમ હોઈ શકે ?" ત્યારપછી કમળપ્રભ રાજાએ કહ્યું કે–

"હે ભદ્ર ! જેમ તમે ભિલ્લનું રૂપ કર્યું, તેમ તમારૂં સ્વાભાવિકરૂપ પણ પ્રગટ કરો. હવે અમને કયાં સુધી મોહ પમાડવો છે ?" ત્યારે તે માયાવીભિલ્લ બોલ્યો કે—"જ્યારે આ રાજાએ દુષ્ટ ચૂર્ણવડે આંધળી કરેલી તેની પુત્રીને મેં દેખતી કરી ત્યારે તેના અનુચિત કાર્યથી ઉત્પન્ન થયેલા ક્રોધવડે મેં પ્રતિજ્ઞા કરી હતી કે 'જ્યાં સુધી આ નાસ્તિક રાજાને અત્યંત શિક્ષા અને પ્રતિબોધ ન કરૂં ત્યાં સુધી મારે કોઈપણ ઠેકાણે સ્વસ્વરૂપે પ્રગટ થવું નહિ."

આ કારણથી હે પૂજ્ય ! મેં તમોને મોહ પમાડી અત્યાર સુધી દુઃખી કર્યા છે, તે મારો અપરાધ તમારે ક્ષમા કરવો. હવે મારી પ્રતિજ્ઞા પૂર્ણ થઈ છે, તેથી હું પ્રગટ થાઉં છું." એમ કહી તેણે ઔષધિવડે પોતાનું સ્વાભાવિક રૂપ પ્રગટ કર્યું. પરંતુ પોતાના અને પરના વિવિધ રૂપ કરતાં તેના હસ્તની લઘુલાઘવી કળાની નિપૂણતાને લીધે કોઈએ ઔષધિનો પ્રયોગ જાણ્યો નહિ. આ પ્રમાણે ઇંદ્ર અને કામદેવને પણ જીતનારૂં તેનું દિવ્ય રૂપ જોઈ એકાંતે આશ્ચર્ય અને આનંદ પામેલા રાજાદિક પરસ્પર કહેવા લાગ્યા કે—

"અહો ! આના ગુણ, લક્ષણ અને પરાક્રમને સદૃશજ આનું રૂપ છે. વૃદ્ધ થયેલો વિધાતા યોગ્ય રૂપ બનાવવામાં ભૂલ કરતોજ નથી. પહેલાં નાટકને વિષે આણે વિવિધ અને મોટાં દૃષ્ટાંતના સ્થાન રૂપ જે રાજપુત્રનો વેષ ભજવ્યો હતો, તે દિવ્ય રૂપવાળો આ પોતેજ છે."

આ પ્રમાણે તે બન્ને રાજા વિગેરે સર્વ જનો તેની પ્રશંસા કરતા હતા, તે વખતે તેનું તેવું વૃત્તાંત સાંભળી રાજકુમારી કમળસુંદરીનું શરીર હર્ષથી ફુલી ગયું, એટલે તે તરતજ ત્યાં આવી અને તેના રૂપમાં મોહ પામીને તરતજ લજ્જાનો ત્યાગ કરી તેણીએ તેના કંઠમાં વરમાળા નાખી. તે વખતે 'અહો ! યોગ્ય વરને વરી.' એમ સભાસદો બોલ્યા, માંગલિક વાજિંત્રો વાગ્યાં અને બંદીજનો કલ્યાણકારી પાઠ બોલવા લાગ્યા.

આ હર્ષનો કોલાહલ સાંભળી અને સર્વ વૃત્તાંત જાણી હર્ષથી જેનું શરીર પુષ્ટ થયું છે એવી કમળા રાણી એકદમ ત્યાં આવી. માતાને જોઈ વિજયસુંદરી તેણીના પગમાં પડી. તે રાણી પણ તેને સ્નેહથી આલિંગન કરી તેના કંઠે વળગી રોવા લાગી, અને બોલી કે—

"હે પુત્રી ! હૃદયમાં ઉત્પન્ન થતા સ્નેહના ઉલ્લાસથી તને કાંઈક તો જાણી હતી, પરંતુ રૂપાંતર હોવાથી વાદળાથી ઢંકાયેલી તું ચંદ્રકાંતિની જેમ ઓળખાણી નહોતી. આજે તારા મૂળરૂપે તારા સંગમનું એકાંત સુખ પ્રાપ્ત થવાથી અમારો જન્મ સફળ થયો છે, અને અમારા સર્વ મનોરથો પૂર્ણ થયા છે અને સર્વ વિપત્તિઓ દૂર ચાલી ગઈ છે."

પછી કુમારે પણ સાસુને પ્રણામ કર્યા. ત્યારે માંગલિક કાર્યોને કરતી એવી તેણીએ પણ તેને સેંકડો આશીર્વાદ આપી પોતાનો આત્માજ જાણે, એવો ઉત્કૃષ્ટ હર્ષ ધારણ કર્યો. પછી કુમારની રજા લઈ તે કમળા રાણી પુત્રી સહિત પોતાને સ્થાને ગઈ. અને ત્યાં સ્વજનોને તે પુત્રી દેખાડીને સર્વને અદ્વૈત આનંદ આપ્યો. કમળપ્રભ રાજાએ પણ મોટો વર્ધાપન મહોત્સવ કર્યો અને સમગ્ર નગર પણ વિવિધ પ્રકારના મહોત્સવમય કરાવ્યું.

ત્યારપછી શ્રીજયાનંદકુમારે પોતાના સસરા શ્રીપદ્મરથ રાજાને નમસ્કાર કરી તથા ખમાવી તેને પ્રતિબોધ કરવા માટે આ પ્રમાણે ઉપદેશ આપ્યો કે—"હે ભૂપ ! તમે રાજા અને બીજા સર્વ તમારા સેવકો, તમે દાતાર અને બીજા યાચકો, તથા તમે પોષણ કરનાર અને બીજા પોષણ કરવા લાયક, આ પ્રમાણે જે વ્યવસ્થા છે તે સર્વ ઓછાવત્તા પુણ્યનું જ ફળ છે.

સત્પુરૂષોના ઘરમાં ચારેતરફ ઇચ્છિત લક્ષ્મીઓનો વિલાસ, મુખને વિષે પ્રશંસા કરવા લાયક વાણી, હૃદયમાં શ્રેષ્ઠ બુદ્ધિ, શરીરમાં સૌભાગ્ય લક્ષ્મી, બાહુને વિષે અસાધારણ બળ અને દિશાઓમાં કીર્તિનો પ્રચાર, એ સર્વ જિનધર્મથી પ્રાપ્ત થાય છે. પુણ્યશાળી જીવોના ભોગને માટેજ પૃથ્વી નિધાનને ધારણ કરે છે, ખાણો મણિઓને ધારણ કરે છે, વૃક્ષો ફળોને ધારણ કરે છે, તામ્રપર્ણી નદી મોતીને ધારણ કરે છે, લતાઓ પુષ્પોને ધારણ કરે છે, અને વિંધ્યાચળ પર્વતની પૃથ્વી હાથીઓને ધારણ કરે છે. કારીગરોની કરેલી કારીગરીઓ, કર્મકરનાં કરેલાં ઉત્તમ કર્મો અને કળાવાનની શીખેલી કળાઓ, એ સર્વ પુણ્યવંતનેજ સુખના ઉપભોગ માટે હોય છે.

નીચ કુળમાં જન્મ, અત્યંત દારિદ્રય, દુર્ભાગ્યપણું, વ્યાધિઓ, ખરાબ કુટુંબનો યોગ, કઠોર વાણી, વધ, પરાભવ, અપયશ અને ઇષ્ટજનનો વિયોગ–એ સર્વે પાપવૃક્ષનાં ફળો છે. માટે હે રાજેન્દ્ર ! તમે શાસ્ત્રો ભણ્યા છો, ઉચ્ચ કુળમાં જન્મ્યા છો, વિવેકીજનોમાં અગ્રેસર છો અને મોટા આશયવાળા છો. તેથી આ ભવ અને પરભવમાં હિતકારક એવો ધર્મ કરી આ મનુષ્ય જન્મ સફળ કરો. તમને તમારી પુત્રીએજ સાક્ષાત્ ધર્મનું ફળ



બતાવ્યું છે, કેમકે તેને તમે આપત્તિમાં નાખી તોપણ તેને પુણ્યયોગે સંપત્તિ પ્રાપ્ત થઈ છે. તેથી જેનું ફળ પ્રગટ જોવામાં આવ્યું છે એવા ધર્મને વિષે કોણ બુદ્ધિમાન મંદ આદરવાળો રહે ?"

આ પ્રમાણે કુમારનું વચન સાંભળી પદ્મરથ રાજા બોલ્યો કે—"હે કુમાર ! હું તમારાથી પ્રતિબોધ પામ્યો છું અને શાસ્ત્રથી ધર્મને જાણું છું. છતાં તે હું ગુરૂ પાસેથી ગ્રહણ કરીશ. હવે તમે શંકા રાખશો નહિ."

કુમારે કહ્યું—"તમને ધન્ય છે, કે તમે થોડા પ્રયત્નથી જ પ્રતિબોધ પામ્યા. કેમકે જે દુર્બુદ્ધિવાળા હોય છે તે તો મોટી આપત્તિ આવ્યા છતાં લાંબાગાળે પણ પ્રતિબોધ પામતા નથી."

ત્યારપછી સ્નેહ અને હર્ષથી કમળપ્રભરાજાએ મોટા ગૌરવવડે પોતાની બહેનના પતિ પદ્મરથ રાજાને પરિવાર સહિત સ્નાનભોજનાદિક કરાવ્યું, અને વસ્ત્ર, અલંકાર વિગેરે ઘણું આપી તેનો ઘણો જ સત્કાર કર્યો. પછી કુમારની અનુમતિથી તેણે પદ્મરથ રાજાને છત્રચામરાદિક મોટી સમૃદ્ધિપૂર્વક ગૌરવસહિત તેના સૈન્યમાં મોકલ્યા.

પછી કમળપ્રભ રાજાએ કુમારને પ્રાર્થનાવડે મનાવી તેનામાં જ અનુરાગવાળી થયેલી કમળસુંદરીને શુભ મુહૂર્તે ઘણા જ હર્ષ અને ઉત્સાહવડે ભોગવતી રાણીએ માંગલિક કાર્યો કરવાપૂર્વક શ્રીજયાનંદકુમાર સાથે પરણાવી. શ્રીકમળપ્રભ રાજાએ કુમારને બળાત્કારે એક મોટો દેશ આપ્યો, તે કુમારે નવી પ્રિયાને જ સ્વાધીન કર્યો, અને રાજાએ ગજાદિક સામગ્રી આપી તે તેણે ગ્રહણ કરી નહિ.

પછી રાજાએ આપેલા સુંદર આવાસમાં તે કુમાર બંને પ્રિયાઓ સહિત વિલાસ કરવા લાગ્યો, અને પ્રથમની જેમ નિરંતર પ્રાપ્ત થતા રત્નોવડે દાનાદિક સુકૃત કરવા લાગ્યો. પછી પદ્મરથ રાજાએ પણ પુત્રીના વિવાહ સમયને ઉચિત સર્વ ભક્તિ જમાઈની કરી અને તેણે પણ એક દેશ આપ્યો, તે તેમને ખેદ ન થાય તેટલા માટે કુમારે ગ્રહણ કર્યો અને તે પહેલી પ્રિયા વિજયસુંદરીને આધીન કર્યો.

ત્યારપછી કમળપ્રભ રાજાએ સ્નેહપૂર્વક સત્કાર કરી જવા માટે સંમતિ અપાયેલી કમળા રાણી વધુવરને શીખામણ આપી તેમની રજા લઈ ભર્તાર પદ્મરથ રાજાએ તેનો અપરાધ ખમાવવા પૂર્વક મનાવેલી હોવાથી પરસ્પર સ્નેહના અધિકપણાને લીધે હર્ષ પામીને તે ભર્તારની સાથે જવાને તૈયાર થઈ.

કમળપ્રભ રાજાએ અને કુમારે સત્કાર કરાયેલો પદ્મરથ રાજા પ્રિયા તથા સૈન્ય

સહિત પોતાના નગર તરફ રવાના થયો. ત્યાં પહોંચ્યા પછી યોગ્ય સમયે પ્રાપ્ત થયેલા સદ્‌ગુરૂ પાસે સદુપદેશ સાંભળીને શુદ્ધ ભાવથી તેણે વિધિપૂર્વક શ્રાદ્ધધર્મ અંગીકાર કર્યો.

પ્રાપ્ત થયેલા તે ધર્મને ચિંતામણિરત્નની જેમ દુર્લભ માનતો પદ્મરથ રાજા શુદ્ધ બુદ્ધિથી સમ્યક્‌પ્રકારના મન, વચન અને કાયાના યોગથી પાળવા લાગ્યો. નરક આપનાર નાસ્તિકધર્મનો ત્યાગ થવાથી અને સદ્ધર્મનો લાભ થવાથી રાજાએ પોતાને બંધાદિક જે આપત્તિ પ્રાપ્ત થઈ હતી તેને તત્ત્વથી સંપત્તિરૂપ માની લીધી.

હવે અહીં શ્રીજયાનંદકુમાર સ્નેહ અને યૌવનવડે રતિ અને પ્રીતિના જેવી બંને રમણીઓની સાથે કામદેવની જેમ ક્રીડા કરતા હતા. એ કુમારનું મૂળ નામ જાણનાર કોઈપણ ત્યાં હતું નહિ, તેમજ તે પોતે પોતાનું નામ કહેતા નહોતા, તેથી સર્વત્ર તેના ગૌણ નામ જ પ્રસિદ્ધ થયા હતા.

તેમના દાન, લીલા, ધન, ઐશ્વર્ય, બળ, રૂપ અને કળાદિક અત્યંત ઉત્કૃષ્ટ ગુણો અને ક્ષત્રિયતેજને જોઈ આશ્ચર્ય પામેલા રાજાદિકે તેનું **ક્ષત્રવૈશ્રવણ** નામ પાડયું. તે કુમારના પ્રભાવથી કમળપ્રભરાજાનું રાજ્ય પણ ચારેબાજુથી વૃદ્ધિ પામ્યું. તે કુમારમાં પરોપકારાદિક અનુપમ ગુણો હોવાથી તેનો પરિવાર તેના પર અતિભક્તિવાન થયો. તેને સ્નેહવાળા મિત્રો પણ ઘણા થયા અને સર્વ જનો તેના અનુરાગી થયા. કુમારના પુણ્યપ્રભાવથી તેના ઘરમાં લક્ષ્મી, સર્વ જનોના મુખમાં તેના ગુણની સ્તુતિ, સર્વ દિશાઓમાં કીર્તિ અને યુદ્ધમાં જયલક્ષ્મી વિલાસ કરવા લાગી.

આ પ્રમાણે તપગચ્છના સ્વામી પૂજ્ય શ્રીદેવસુંદરસૂરિ અને શ્રીજ્ઞાનસાગરસૂરિના શિષ્ય શ્રીમુનિસુંદરસૂરિએ રચેલા જયશ્રીના ચિન્હવાળા શ્રીજયાનંદ કેવળી રાજર્ષિના ચરિત્રને વિષે આ સર્ગમાં આકાશગામી પલંગના બળથી ભિલ્લરૂપે શ્રીજયાનંદકુમાર વિજયસુંદરી પ્રિયા સહિત કમળપુર નગરમાં ગયા, ત્યાં કમળપ્રભ રાજાના પુત્ર વિગેરેનો ઉપકાર કર્યો, વિજયસુંદરીના પિતા પદ્મરથ રાજાને જીતી તેને જૈનધર્મ પમાડયો અને કમળસુંદરીને પરણ્યા. ઈત્યાદિક હકીકતવાળો આ નવમો સર્ગ પૂર્ણ થયો.



# दशमः सर्गः

भुङ्क्ते तृप्यति चाऽन्य एव नियतं मिथ्यापि सत्यैव गी-
र्यः प्राग्धन्यभवे ह्यदात् सुगुरवे शुद्धं हविः श्रद्धया ॥
चित्रं तज्जनिषु त्रयोदशसु बद्धायुस्तदेवाऽजनि ।
प्रत्येकं सुखबोधिबुद्धिमहसां सार्वर्षभोऽव्यात्स वः ॥ १ ॥

'એક ભોજન કરે અને બીજો તૃપ્ત થાય' એ વચન મિથ્યા છતાં ખરેખર સત્ય થયું; કેમકે જેણે પૂર્વે **ધન્યના** ભવમાં સદ્ગુરૂને શ્રદ્ધાથી શુદ્ધ **ઘૃત**નું દાન કર્યું હતું, તે જ ઘૃત તેમના તેરમા ભવમાં સુખ, બોધિ-સમકિત, બુદ્ધિ અને તેજનાં સ્થાનરૂપ થયું, તે શ્રીઋષભજિનેશ્વર તમારૂં રક્ષણ કરો.

એક દિવસ ચૈત્રમાસમાં તે ક્ષત્રવૈશ્રવણ શ્રીજયાનંદકુમાર પ્રિયા અને મિત્ર સહિત ક્રીડા કરવાના ઉદ્યાનમાં જઈ ઇચ્છા પ્રમાણે ક્રીડા કરતો હતો; તે વખતે તેણે મોટા વિમાનોની ઋદ્ધિએ સહિત આકાશમાં જતા જાણે દેવો હોય તેવા ઘણા વિદ્યાધરોને જોયા. તેથી 'દિવ્ય સમૃદ્ધિવાળા આ સર્વે ક્યાં જતા હશે ?' એમ તે કુમાર ચિંતવવા લાગ્યો. તેટલામાં વિદ્યાધર પ્રિયા સહિત ત્યાં આવી વાવડીમાં ઉતર્યો. એટલે કુમારે ત્યાં જઈ પ્રિયાને જળ પાતા એવા તે ખેચરને પૂછયું કે—

"આ ખેચરો ક્યાં અને શા માટે જાય છે ?" ત્યારે તે ખેચર બોલ્યો કે— "નંદીશ્વર દ્વીપને વિષે રહેલા શાશ્વત અર્હચ્ચૈત્યોમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરવા માટે સર્વે ખેચરો જાય છે." તે સાંભળી કુમારે વિચાર્યું કે—"આ ખેચરોને ધન્ય છે કે જે શાશ્વત અષ્ટાહ્નિકા પર્વનું આરાધન કરે છે, અને હું તો ક્રીડાવડે આ પ્રમાણે નિષ્ફળ કાળ નિર્ગમન કરૂં છું."

એમ વિચારી ઘેર જઈ તેણે બન્ને પ્રિયાઓને કહ્યું કે—"હું વિદ્યાધરોની સાથે નંદીશ્વર દ્વીપે જઈ દેવોને નમસ્કાર કરીને જલ્દી પાછો અહીં આવું છું, ત્યાં સુધીમાં તમારે વૃદ્ધ સ્ત્રીઓ સાથે ધર્મકથાદિકવડે જેમ સુખ ઉપજે તેમ સાવધાન ચિત્તે રહેવું."

તે સાંભળી બન્ને પ્રિયાઓએ ભક્તિ અને વિનય સહિત પતિનો આદેશ અંગીકાર

કર્યો; એટલે કુમાર પલંગપર આરૂઢ થઈ વિદ્યાધરોની સાથે નંદીશ્વર દ્વીપ તરફ ચાલ્યો. અનુક્રમે જંબૂ દ્વીપની જગતી ઉપર ગયો. ત્યાંથી આગળ ગતિ કરવામાં શક્તિનો અભાવ હોવાથી તેનો પલંગ અટકી ગયો, અને વિદ્યાધરો તો સુખેથી આગળ ચાલ્યા. તે વખતે ધર્મકાર્યમાં અંતરાય થવાથી કુમાર અત્યંત ખેદ પામ્યો, અને પોતાની ઈષ્ટસિદ્ધિને માટે કોઈની પાસેથી આકાશગામિની વિદ્યા મેળવવાની ઈચ્છાથી તે પાછો વળ્યો.

પાછા આવતાં કોઈ નગરના ઉદ્યાનમાં આકાશ સુધી પહોંચેલા શિખરપર દેદીપ્યમાન મણિના કળશવડે સુશોભિત એક સુવર્ણમય શ્રીજિનમંદિર તેના જોવામાં આવ્યું. તે જોઈ તીર્થના દર્શન પૂજન કર્યા વિના આગળ ચાલ્યો જાઉં તો આશાતના લાગે, આ પ્રમાણે આશાતના થવાના ભયથી કુમારે પૃથ્વીપર ઉતરી વિધિપૂર્વક જિનમંદિરમાં પ્રવેશ કર્યો અને ત્યાં રહેલી રત્નમય શ્રીઋષભદેવ સ્વામીની દિવ્ય પ્રતિમાને નમસ્કાર કરી તથા સ્તુતિ કરીને હર્ષથી શરીરપર રોમાંચને ધારણ કરતો તે જિનમંદિરની બહાર નીકળ્યો.

તેવામાં તેણે રૂપ અને યૌવનવડે શોભતા, બાણ ફેંકવામાં કુશળ, પોતાના હાથમાં વીણા અને વંશ વિગેરે વાજિંત્રોને ધારણ કરનાર, ગીત નૃત્યની કળાનો અભ્યાસ કરવામાં રસિક, શૃંગારાદિક રસને જાણનાર અને જાણે સાક્ષાત ગંધર્વો હોય એવા ઘણા રાજકુમારોને ત્યાં જતા આવતા જોયા, તથા નજીકમાં એક મનોહર નગર જોયું. તેવામાં પોતાની પાસે ઉભેલા એક માણસને જોઈ નિર્મલ બુદ્ધિવાળા શ્રીજયાનંદકુમારે તે પુરૂષને રાજકુમારોનું સ્વરૂપ અને નગરનું નામ વિગેરે પૂછયું,

ત્યારે તે બોલ્યો કે—"આ **લક્ષ્મીપુર** નામનું નગર છે, તે જાણે સ્વર્ગની લક્ષ્મીનો પણ તિરસ્કાર કરતું હોય નહી એવા પ્રકારનું આ નગર છે, આ નગરમાં દિવ્ય પરાક્રમવાળો **શ્રીપતિ** નામનો રાજા છે. તેની સર્વ પ્રકારની સંપત્તિ જોઈ પંડિત પુરૂષો ઇંદ્રની પણ નિંદા કરે છે.

તે રાજાને જૂદી જૂદી રાણીઓથી ઉત્પન્ન થયેલી ત્રણ પુત્રીઓ છે. તેમને વિધાતાએ ત્રણ જગતની સ્ત્રીઓના સારભૂત પરમાણુઓ લઈને જ બનાવેલી હોય એમ લાગે છે. પૂર્વના તપની ન્યૂનતા જાણનારી દેવીઓ તેમનું સૌભાગ્ય પામવા માટે ફરીથી ઉત્કટ તપ કરવા મનુષ્ય જન્મની ઈચ્છા કરે છે. તે ત્રણે પુત્રીઓ યોગ્ય વયની થઈ ત્યારે સર્વ કળાચાર્યોમાં ઉત્તમ, ગાંભીર્યાદિક ગુણોએ કરીને શ્રેષ્ઠ અને જૈન ધર્મમાં કુશળ **કળાવિલાસ** નામના બ્રાહ્મણ ઉપાધ્યાય પાસે તે ત્રણે કન્યાઓને ભણવા મૂકી. ભાગ્યથી ઉત્પન્ન થયેલી તીવ્ર બુદ્ધિને લીધે થોડા દિવસમાં જ તે સર્વ કળાઓ શીખી ગઈ.

તે વખતે રાજાએ ઉપાધ્યાયને ઘણું ધન આપ્યું. માતા પિતા તથા ઉપાધ્યાય પણ જૈનધર્મી હોવાથી તેઓ જૈનધર્મ સંબંધી ક્રિયા કરવામાં તત્પર એવી પરમ શ્રાવિકાઓ થઈ.

તેમાં પહેલી કન્યા નૃત્ય કરવામાં અત્યંત નિપુણતા અને પ્રીતિને ધારણ કરતી હોવાથી રાજાએ તેનું **નાટ્યસુંદરી** નામ પાડયું. શ્રીજૈનધર્મની ક્રિયામાં રૂચિવાળો જે કોઈ મને નૃત્યમાં જીતશે તેને જ હું પરણીશ." આવા પ્રકારની નાટ્યસુંદરીએ પ્રતિજ્ઞા કરેલી છે.

બીજી કન્યા ગીતકળામાં ચતુરાઈ અને પ્રીતિને ધારણ કરે છે, તેથી રાજાએ તેનું **ગીતસુંદરી** નામ પાડયું છે, શ્રીજૈનધર્મનું પાલન કરનાર મને ગીતકળામાં જીતશે તેને જ મારા સ્વામી તરીકે સ્વીકારીશ, આવા પ્રકારની ગીતસુંદરીએ પ્રતિજ્ઞા કરેલી છે.

તથા ત્રીજી કન્યા વીણાદિક વગાડવામાં પ્રીતિ અને કુશળતાને ધારણ કરે છે, તેથી રાજાએ તેનું **નાદસુંદરી** નામ પાડયું છે. "જે શ્રીજૈનધર્મી નાદકળામાં મને જીતશે તે જ મારો પતિ થશે." એમ તેણીએ હર્ષથી પ્રતિજ્ઞા કરી છે.

આ પ્રમાણેની ત્રણે કન્યાઓની પ્રતિજ્ઞાનું સ્વરૂપ રાજાએ પોતાના રાજ્યમાં પડહ વગડાવીને જાહેર કર્યું છે, અને બીજા રાજ્યોમાં દૂતોદ્વારા જણાવ્યું છે. તેથી સમગ્ર દેશોમાં તે કન્યાઓનું સર્વોત્તમ રૂપ વિગેરે સાંભળી ગુણોવડે શોભતા ઘણા રાજકુમારો અહીં આવ્યા છે.

તેઓએ પોતપોતાની નૃત્ય, ગીત અને વાજિંત્રની કળાઓ બતાવી, પરંતુ કોઈ પણ રાજકુમાર તે કન્યાઓની સમાનતાને પણ પામ્યો નથી. તેથી રાજાએ કળાવિલાસ ઉપાધ્યાયને ઘણું ધન આપી તે રાજકુમારોને કળા શીખવવાની આજ્ઞા આપી છે; એટલે તે ઉપાધ્યાય આ નિર્જન ઉદ્યાનમાં હમેશાં આદરપૂર્વક તે રાજકુમારોને નૃત્યાદિક કળા શીખવે છે. દર મહિને મહિને રાજા તે કુમારોની અને કન્યાઓની પરીક્ષા લે છે; પરંતુ આજ સુધીમાં કોઈ પણ કુમાર કળામાં તે કન્યાઓને જીતી શકયો નથી; તેથી ઉત્સાહ ભંગ થઈને કેટલાક કુમારો જતા રહે છે અને કેટલાક નવા કુમારો આવે છે. હે ચંદ્ર! તમે મને જે વૃત્તાંત પૂછયો, તે સર્વ મેં યથાસ્થિત નિવેદન કર્યો છે."

આ પ્રમાણે તે માણસ પાસેથી હકીકત સાંભળી કુમાર આશ્ચર્ય પામ્યો. પછી પોતાનો પલંગ અને વજ્રાદિક શસ્ત્રો કોઈ ઠેકાણે છુપાવી તે કુમારે ઔષધિવડે વામનનું



સર્વને હાંસી ઉપજાવે એવું રૂપ ધારણ કરી શરીરે મનોહર વસ્ત્ર અને આભૂષણો પહેરી ઉપાધ્યાયની પાસે જઈ તેને નમસ્કાર કર્યા. તેને ઉપાધ્યાયે પૂછયું કે—

"તું કોણ છે? કયાંથી આવ્યો છે? અને શા માટે અહીં આવ્યો છે?" ત્યારે તે વામન બોલ્યો કે—"નેપાળ દેશમાં વિજય નામના નગરમાં રાજાના પ્રસાદના પાત્રરૂપ એક ક્ષત્રિયનો હું પુત્ર છું. મારૂં નામ કુંકણુક છે, અને કર્મના વશથી મારૂં આવું કુરૂપ થયું છે. મારા પિતાને હું એક જ પુત્ર છું, વળી હું તેને અત્યંત ઇષ્ટ છું, તેથી હું યુવાન થયો એટલે મને તે ધનાઢ્ય પિતાએ શ્રેષ્ઠ અલંકાર અને વસ્ત્રો આપ્યાં છે; પરંતુ આવા કુરૂપપણાને લીધે તથા કળારહિતપણાને લીધે કોઈએ મને કન્યા આપી નથી, તેથી ખેદ પામીને હું ઘરમાંથી નીકળી ગયો છું.

અને કળા ભણવાની ઇચ્છાથી વિવિધ દેશ, પુર અને નગરાદિકમાં ભમતો ભમતો હું તમે ઉત્તમ કળાચાર્ય છો એમ સાંભળી અને રાજકન્યાઓની હકીકત સાંભળી અહીં આવ્યો છું. તો હે ગુરૂજી! મને આદરથી નાટ્યાદિક કળાઓ શીખવો, જેથી ત્રણે રાજ-કન્યાઓને જીતીને હું તેમને પરણું."

આવી તેની વાણી સાંભળી રાજકુમારાદિક સર્વ હસવા લાગ્યા અને બોલ્યા કે—"અહો! આ કળાચાર્ય ઘણા ભાગ્યશાળી છે કે જેથી તેમને આવો વિદ્યાર્થી પ્રાપ્ત થયો. ઉપાધ્યાય પણ આને ભણાવી કન્યાઓને આવો ભર્તાર આપવાથી રાજાને ખુશ કરી ઘણું જ ધન પ્રાપ્ત કરશે.

કન્યાઓને પણ તેમના ભાગ્યે જ આવો વર પ્રાપ્ત થશે; કેમકે આવો રૂપવાન વર કોઈ ઠેકાણે જેમ તેમ સહેલાઈથી મળી શકતો નથી." આવી છાત્રોની હાંસીવાળી વાણી સાંભળી ગુરૂએ લજ્જા પામી તેને કહ્યું કે—

"હે કુમાર! તું કળાને તથા કન્યાને લાયક નથી." તે સાંભળી તેણે ગુરૂની પૂજા કરવા માટે પોતાના હાથમાંથી સવા લાખના મૂલ્યવાળું કંકણ કાઢી કુબેરની જેમ લીલાએ કરીને તેને આપ્યું; તેથી આનંદ અને આશ્ચર્ય પામી ગુરૂ તેને યત્નથી નૃત્ય શીખવવા લાગ્યા; પરંતુ તેને પગ મૂકતા પણ આવડયો નહિ, પણ કુંભારની જેમ જાણે માટી-ગારો ખુંદતો હોય તેમ તે કઠોર અને વાંકા પગના આઘાતવડે પૃથ્વીને કંપાવવા લાગ્યો. ગોળાની જેમ ઊંચે ઉછળતો અને પર્વતના શિખરની જેમ પૃથ્વીપર પડતો તે ધબકારાના શબ્દવડે લોકોને અત્યંત હસાવવા લાગ્યો. આ પ્રમાણે બે ત્રણ દિવસ પ્રયત્નથી તેને શીખવતાં છતાં પગ માંડતાં પણ નહિ આવડવાથી ગુરૂએ ખેદ પામીને તે વામનને કહ્યું કે—

"હે વત્સ ! તને નૃત્ય આવડતું નથી, તો તું ગીત શીખ." ત્યારે તે વામન બોલ્યો કે—"તે તો મને પ્રથમથી જ આવડે છે." ગુરૂએ કહ્યું કે—"બોલ, જોઈએ, કેવું આવડે છે?" ત્યારે તે વિદુષકના જેવી ચેષ્ટા કરતો વિરસ ધ્વનિથી આ પ્રમાણે બોલ્યો—

"पंचे नियट्ठा हु वणे पविट्ठा, कविट्ठस्स हेट्ठा तउ संनिविट्ठा ।
पडिअं कविट्ठं भग्गं एगस्स सीसं, अन्नो हसंती किल तेह सेसा ॥"

"પાંચ મિત્રો વનમાં ગયા. ત્યાં એક કોઠાના ઝાડની નીચે તેઓ બેઠા. તેમાં એક કોઠું પડવાથી એકનું માથું ફૂટ્યું, ત્યારે બીજા ચારે અત્યંત હસ્યા."

આ ગીત સાંભળી સર્વ વિદ્યાર્થીઓ હસીને બોલ્યા કે—"અહો! આનું ગીત અદ્ભુત છે અને વળી બહું સુંદર છે. આ ગીતવડે જ તે રાજકુમારીને અવશ્ય પરણશે, તો પછી હવે અધિક ગીત શીખવાનું તેને શું કામ છે?"

આ પ્રમાણે વિદ્યાર્થીઓએ હાંસી કર્યા છતાં ઉપાધ્યાય તેના અદ્ભુત દાનથી પ્રસન્ન થયેલા હોવાથી એકાંતમાં તેને ગ્રામ, રાગ વગેરે સમજાવી યત્નથી ગીત શીખવવા લાગ્યા. ઘણો પ્રયત્ન કર્યો છતાં તેને કાંઈ પણ આવડ્યું નહિ, ત્યારે પાંચ છ દિવસે ખેદ પામીને ગુરૂએ તેને કહ્યું કે—

"હે વત્સ! તું ગીતકળાને પણ યોગ્ય નથી, તો હવે વીણાની કળા શીખ." એમ કહી ગુરૂએ એક વીણા મંગાવી તેને વગાડવા આપી; અને ગુરૂ તેને તે વીણા વગાડવાનું શીખવવા લાગ્યા, તેટલામાં તેણે હાથની ચાલાકીથી તે વીણાની તંત્રીને તોડી નાખી. ત્યારે કળાચાર્યે બીજી વીણા મંગાવીને તેને આપી. તે પણ હર્ષથી લઈ પ્રથમની જેમ તેણે તેનું તુંબડું ફોડી નાખ્યું. ફરીથી ત્રીજી વીણા મંગાવી આપી, તેનો દંડ તેણે ભાગી નાખ્યો. ત્યારે ખેદ પામેલા ગુરૂએ તેને કહ્યું કે—

"હે વત્સ! તું કળાને લાયક નથી," તે સાંભળી કૌતુકી કુમારે કળાગુરૂને ઘેર જઈ તેની પત્નીને બીજું સવાલાખનું કંકણ આપ્યું. તે જોઈ તે પણ અત્યંત હર્ષ પામી. તેના આવા દાનથી વિસ્મય પામેલી તેણીએ તેને પૂછ્યું કે—

"તું મારી આવી ભક્તિ કેમ કરે છે?" તે બોલ્યો કે—"તમે તમારા પતિને એવું કહો કે જેથી તે મને ભણાવે." ત્યારે પૂર્વે નહિ જોયેલા અને નહિ સાંભળેલા તેના આવા અદ્ભુત દાનથી વશ થયેલી તે બોલી કે—"હું જરૂર એ પ્રમાણે કરીશ."

પછી તે વામન કુમાર નગરમાં જઈ ભાડે ઘર લઈ જોઇતો પરિવાર રાખી તેમાં



રહ્યો. હમેશાં શ્રીજિનેશ્વરની પૂજાદિક કરવા લાગ્યો અને પાઠને સમયે ઉપાધ્યાયની પાસે જવા લાગ્યો. ઉપાધ્યાય જ્યારે ઘેર ગયા ત્યારે તેની પત્નીએ તેમને કહ્યું કે—"હે પ્રિય! જેનું આવું અદ્ભુત દાન છે, એવા એક વામનને જ તમે કેમ નથી ભણાવતા? અહીં તમારી પાસે ઘણા વિદ્યાર્થીઓ ભણે છે, તેમાં એક પણ આવો દાનેશ્વરી નથી. કદાચ તે સર્વે એકત્ર થઈને પણ મને આવું બીજું કંકણ આપે તોપણ હું ઘણું માનું, તેથી ઘણા વિદ્યાર્થીઓ ભણવવાથી શું લાભ છે? આ એક વામનને જ ભણાવો." તે સાંભળી ઉપાધ્યાયે કહ્યું કે—

"હે પ્રિયા! આવું કંકણ પૃથ્વીપર નથી એ ખરી વાત છે; પરંતુ તેનું જ આપેલું આ બીજું કંકણ મારી પાસે છે તે તું લે." એમ કહી ઉપાધ્યાયે તેનું જ આપેલું બીજું કંકણ તેણીને આપ્યું. બન્ને હાથમાં કંકણ પહેરી તે પોતાને અપ્સરાથી પણ અધિક માનવા લાગી. ઉપાધ્યાયે ફરીથી કહ્યું કે—

"હે પ્રિયા! હું તેને ભણાવું છું, પરંતુ ઘણો પ્રયત્ન કર્યા છતાં તેને કાંઈ પણ આવડતું નથી." તે બોલી કે—"હે પ્રિય! અંગનું સુંદરપણું હોય તો નૃત્ય સાધી શકાય છે, અને સુંદર કંઠ હોય તો ગીત શીખી શકાય છે. તે બન્ને દૈવયોગથી તેનામાં નથી. પરંતુ સુખે સાધી શકાય તેવી વીણા શા માટે તેને શીખવતા નથી?"

તે સાંભળી ઉપાધ્યાયે તેણીને ત્રણ વીણા ભાંગી નાખ્યાની હકીકત કહી, ત્યારે તે બોલી કે—"એકની તંત્રી દુર્બળ હતી, બીજીનું તુંબડું જીર્ણ હતું અને ત્રીજીનો દંડ સડી ગયેલો હતો, તેથી તે ભાગી નાખેલ છે માટે અતિ મજબૂત વીણા તમારે તેને આપવી." તે સાંભળી ઉપાધ્યાયે કહ્યું—"ભલે હવે એમ કરીશ." પછી તે વિદ્યાર્થીઓની મશ્કરીના ભયથી તેને એકાંતમાં ભણાવવા લાગ્યા.

આ પ્રમાણે અનુક્રમે મહિનો પૂર્ણ થયો ત્યારે પરીક્ષાનો સમય આવ્યો, એટલે રાજા પરિવાર સહિત પરીક્ષાના મંડપમાં આવ્યો. તે વખતે વિવિધ પ્રકારની કળાઓને ધારણ કરનારા પંડિતો તથા નગરના લોકો પણ ત્યાં આવ્યા. રાજાના હુકમથી વિદ્યાર્થીઓના સમુદાય સહિત ઉપાધ્યાય જ્યારે તે મંડપમાં જવા નીકળ્યા ત્યારે વામને તેમને આ પ્રમાણે કહ્યું કે—

"મને પણ તમારે સાથે લઈ જવો. તમારી પાસે જ બેસાડવો અને સમય આવે ત્યારે નૃત્યાદિક કળા દેખાડવાનો મને આદેશ આપવો." તે સાંભળી ગુરૂએ તેને કહ્યું કે—



"તું કુરૂપ હોવાથી તને પાસે રાખતાં મને શરમ આવે છે, અને તારી કળા તો હાસ્યનું કારણ છે, તેથી મારે તને કઈ રીતે આદેશ આપવો ?" તે સાંભળી વામને તેને કોટિ મૂલ્યનો એક હાર આપ્યો; તેથી તેની પ્રશંસા કરવામાં સજ્જ થયેલા ઉપાધ્યાયે તેના સર્વ વચનો અંગીકાર કર્યાં, તેણે વિચાર્યું કે-"ઘણા વિદ્યાર્થીઓને ભણાવતાં મેં મારી આખી જીંદગીમાં જેટલું ધન પ્રાપ્ત કર્યું નથી, તેટલું ધન મને આ વામને એકીવખતે આપ્યું છે, તો આ કોણ હશે ?" આવો વિચાર કરી હર્ષ અને આશ્ચર્યથી વ્યાકુળ થયેલા તે ઉપાધ્યાય વામનસહિત પરીક્ષામંડપમાં જઈ યોગ્ય આસનપર બેઠા; એટલે પરિવાર સહિત સર્વે રાજકુમારાદિક અને બીજા રાજવર્ગીઓ પણ યોગ્ય સ્થાને બેઠા.

પછી શ્રીપતિરાજાની આજ્ઞાથી શ્રેષ્ઠ વાણીને બોલનાર એવા પ્રતિહારે માણસોના ઘોંઘાટને નિવારી ઉંચો હાથ કરી કહ્યું કે-"હે ક્ષત્રિયપુત્રો ! તમારામાંથી કોઈ પણ પોતાની નૃત્યકળા દેખાડી તે કળાવડે પ્રથમ રાજકુમારી નાટયસુંદરીને જીતી તેની સાથે પાણિગ્રહણ કરો."

તે સાંભળી કળાના ચઢતા પ્રકર્ષવાળા ઘણા કુમારો અનુક્રમે ગીત અને વાજિંત્રની સામગ્રીવડે અનેક પ્રકારે નૃત્ય કરવા લાગ્યા. તેમાં વિવિધ પ્રકારના કરણવડે કોઈક કુમારે ધનુષ્યની પ્રત્યંચા-દોરી ઉપર, કોઈએ બાણના અગ્રભાગ ઉપર, કોઈએ ખડ્ગની ધારા ઉપર અને કોઈએ ભાલાના અગ્રભાગ ઉપર નૃત્ય કર્યું,

કોઈએ મસ્તકપર જળનો ઘડો રાખી, હાથવડે ગોળાઓને ઉછાળતાં અને પગવડે ચક્રને ઘૂમાવતાં નૃત્ય કર્યું. કોઈક કુમાર દાંતમાં ત્રણ ખડ્ગ અને બે હાથમાં ચાર ખડ્ગ ગ્રહણ કરી તે સર્વ ખડ્ગોને ઉંબાડીયાની જેમ ઘૂમાવતો અને પોતે પણ ઘૂમતો કરણવડે નૃત્ય કરવા લાગ્યો. કોઈક ઉંધે મસ્તકે રહી ઉંચા રાખેલા બે પગ ઉપર બે સાંબેલા રાખી હાથવડે ગોળાને ઉછાળતો મસ્તકવડે પૃથ્વીપર નૃત્ય કરવા લાગ્યો.

કોઈક મસ્તકપર જળનો ઘડો રાખી બે હાથવડે ખડ્ગોને અને પગની આંગળીઓ-વડે ચક્રોને ભમાડતો ઉભો રહી નાભિને વિષે ભુંગળ વગાડતો, સ્કંધ અને બાહુને વિષે દીવાને રાખી જિહ્વામાં મણિનો સમૂહ પરોવી ઉત્તમ નૃત્ય કરવા લાગ્યો.

આ પ્રમાણે સર્વ કુમારોનાં વિવિધ નૃત્યો જોઈ રાજાદિક સર્વ જનો જૂદી જૂદી રીતે પ્રશંસા કરતા આશ્ચર્યવડે મસ્તક ધૂણાવવા લાગ્યા; પરંતુ નાટયસુંદરી તો તેજ વખતે તે તે હસ્તકાદિકને વિષે વિપરીતપણાને દેખાડી સર્વના નૃત્યને દૂષિત બતાવતી

હતી. વામન પણ તે તે નૃત્યમાં દોષ જોઈ મુખ મરડતો હતો અને ગુણ જોઈ મુખને વિકસ્વર કરતો હતો.

આ સમયે કન્યા વિગેરે કોઈકે જ તેને પંડિત ધાર્યો હતો, અને આવા કુરૂપને વિષે કળાની નિષ્ફળતા જાણનાર કેટલાકનું માનવું હતું કે જેમ ઘૂણા નામનો કીડો લાકડાને કોતરી ખાતાં અક્ષરો આદિની સ્વાભાવિક આકૃતિ કરી નાખે છે તેમ આ વામનનું નાટ્યરસમાં મુખ મરડવું અને વિકસ્વર થવું વિગેરે સમજ વિનાનું છે.

ત્યારપછી રાજાની આજ્ઞાથી ઊંચા પ્રકારના વેષવડે સર્વ અંગને ઢાંકી શુદ્ધ સામગ્રી વડે નાટ્યસુંદરી નૃત્ય કરવા લાગી. સર્વ જનોના ચિત્તને હરણ કરતી, કળાવાળા પંડિતોના મદને નષ્ટ કરતી અને રંભાદિક અપ્સરાઓની સમાનતાને ધારણ કરતી તેણીએ ચિરકાળ સુધી વિવિધ પ્રકારનું નૃત્ય કર્યું. કુમારોએ કરેલાં નૃત્યોમાં જે જે નૃત્યો દોષવાળાં હતાં તે તે નૃત્યો તેણીએ બરાબર કરી બતાવી વિવિધ હસ્તકવડે નૃત્ય કર્યું.

કપોલ, નાસિકા, નેત્રની કીકી, અધરોષ્ઠ અને સ્તન વિગેરે અવયવો જેમાં ફરકતા–નૃત્ય કરતા એવા શાસ્ત્રોક્ત ચોસઠ હસ્તકો કરીને છેવટે કપોલ અને નેત્રની કીકીના વિપરીત–દોષવાળા ભંગ બતાવ્યા. તે જોઈ ઘોંઘાટનો નિષેધ કરી વામન બોલ્યો કે–

"હે ભદ્રે! પ્રથમ તો તેં શાસ્ત્રરીતિ પ્રમાણે બરાબર ભૃકુટિ અને કપોલાદિકના ભંગો તથા હસ્તકો કર્યા હતા, અને હમણાં હે સુભ્રૂ! તે બન્નેને વિપરીત કેમ કર્યા? હે કળાનિપુણ! શાસ્ત્રમાં કપોલ અને નેત્રની કીકીના આવા ભંગ કહ્યા નથી; અથવા તો શું આવા ભાવ કોઈપણ શાસ્ત્રમાં કહેલા છે?" આવું તેનું વચન સાંભળી આશ્ચર્ય પામેલી તે બોલી કે–

"હે વામન! એ ભાવ ભરતના શાસ્ત્રમાં કહેલો છે." ત્યારે તે બોલ્યો કે–"હે ભદ્રે! એમ ન બોલ. ભરતનું શાસ્ત્ર મારે કંઠે છે. તેમાં કોઈપણ ઠેકાણે આવો ભાવ ભરત મુનિએ કહ્યો નથી." એમ કહી તે વામને આ વિષયમાં ભરતના જેટલા શ્લોક હતા તે સર્વ કહી બતાવ્યા. તે સાંભળી વિસ્મય પામીને તે કન્યા બોલી કે–

"તો હું ભૂલી હઈશ." એટલે વામન બોલ્યો કે–"આવા કળાજ્ઞાનમાં ભ્રાંતિ–ભૂલનો સંભવ નથી, પરંતુ સભાની પરીક્ષા કરવા માટે જ તેં આવો ભ્રાંતિવાળો ભાવ બતાવ્યો છે એમ હું માનું છું, પણ આ સભામાં તો સર્વે મૃગલાઓ જેવાજ જણાય છે; આવા સૂક્ષ્મ ભાવનો જ્ઞાતા કોઈ સંભવતો નથી." આવું તેનું વચન સાંભળી સભ્યજનોએ વિચાર્યું કે–



"આ ઉપાધ્યાયે જ શિષ્યાદિકના અનુગ્રહ માટે આની પાસે આવું વચન બોલાવ્યું છે, પરંતુ આને વિષે તેવા જ્ઞાનનો અસંભવ છે." આ પ્રમાણે પોતાની ભૂલનો વામને નિર્વાહ કરવાથી તે કન્યા તુષ્ટમાન થઈ અને સ્મિતપૂર્વક મુખને મરડી આગળ નૃત્ય કરવા લાગી. તેમાં નિપુણ એવી તેણીએ ભાલાના અગ્રભાગપર પુષ્પ મૂકી ડાબા જમણા બાર કરણવડે નૃત્ય કર્યું. આ કળાએ કરીને તેણીએ સર્વ રાજકુમારોને જીતી લીધા; તેથી વાજિંત્રના નાદવડે વૃદ્ધિ પામેલો જય જય શબ્દ થયો.

ત્યારપછી વરની ચિંતાથી વ્યાકુળ થયેલા રાજાએ ઉપાધ્યાયને પૂછયું કે—"તમારા વિદ્યાર્થીઓમાં હવે કોઈ પણ પરીક્ષા કર્યા વિનાનો બાકી રહ્યો છે?" ત્યારે વામનના દાનથી પ્રસન્ન થયેલા ઉપાધ્યાયે વામનને દેખાડચો. 'દાન એ ઉત્તમ વશીકરણ છે.' તે જોઈ રાજાએ વિચાર્યું કે—

"આ કુરૂપને વિષે અતિશયવાળી કળાનો સંભવ જણાતો નથી; અને કદાચ હોય તો પણ તેવી કળાવડે મારી પુત્રીને તે ન જીતે તો ઠીક; કેમકે જો તે જીતે તો તેને કન્યા આપવી પડે એટલે આવા વામન પતિવડે આ કન્યાની વિડંબના ન થવી જોઈએ. તો પણ ભલે આશ્ચર્યની વૃદ્ધિ થાય. એને કરવા તો દ્યો, કેમકે મનમાં શંકા રહી જાય તો તે શલ્યરૂપ થાય છે; અથવા તો શલ્ય સહન કરી શકાય છે, પણ અસંભવિત વિષયનો સંદેહ સહન થઈ શકતો નથી. તેમાં પણ આ સંદેહ તો પંડિતના વચનમાં ઉત્પન્ન થયો છે, તેથી તે તો અતિ દુઃસહ છે." એમ વિચારી રાજાએ તેને કહ્યું કે—

"હે વામન! જો તું કાંઈ જાણતો હોય તો તારી નૃત્યની કળા દેખાડ. તારી કળા જોવા માટે આ સર્વ સભાસદો ઉત્સુક છે." તે સાંભળી ભૂખ્યા માણસને ખીરના ભોજનના નિમંત્રણ જેવા તે રાજાના આદેશથી હર્ષ પામેલો વામન તત્કાળ નૃત્ય કરવા ઉભો થયો. તેને જોઈ વિદ્યાર્થીઓ મશ્કરી કરતા બોલ્યા કે—

"તારી કળા તો પ્રથમ જ અમે જોઈ છે, અહીં કાંઈ નવી કળા બતાવવાનો છે? કુંભારની જેમ જેનું મર્દન કરવામાં તું કુશળ છે, તે માટી તો અહીં નથી." વળી કેટલાક બોલ્યા કે—

"શા માટે તેને નિષેધ કરો છો? ભલે તેની નિંદા થાય, તથા લોકમાં હાસ્યની ભલે વૃદ્ધિ થાય." આવી વિદ્યાર્થીઓની વિચિત્ર વાણીની અવજ્ઞા કરી વામન શ્રીપંચ-પરમેષ્ઠીને નમસ્કાર કરી નૃત્ય કરવા તૈયાર થયો. પરીક્ષા કરીને પોતાને મનગમતા ગવૈયા તથા વગાડનારા તૈયાર કર્યા, અને પછી સર્વ સામગ્રીપૂર્વક વિશ્વને એકાંત મોહ



પમાડે તેવું તે નૃત્ય કરવા લાગ્યો. તેના નાટ્યમાં કોઈપણ ઠેકાણે હસ્તકાદિકને વિષે ઇર્ષ્યાળુ અને દોષની જ દૃષ્ટિવાળા ઘણા રાજપુત્રો છતાં કોઈથી કાંઈ પણ દૂષણ કાઢી શકાયું નહિ. બુદ્ધિમાન સભાસદો તેનું નાટ્ય જોઈ તેમાં જ તન્મય થઈ ગયા, અને દેવોના નૃત્યની પણ નિંદા કરવા લાગ્યા.

સર્વ કુમારોએ જે જે નૃત્ય કર્યાં હતાં તે સર્વ નૃત્યો કરી બતાવી છેવટ ભાલાના અગ્રભાગપર પુષ્પ મૂકીને તેના પર સોય અને તેના પર પુષ્પ રાખી તેના પર તે નૃત્ય કરવા લાગ્યો. તેમાં તેણે પણ જમણા અને ડાબા બાર કરણો આપ્યા–ભજવી બતાવ્યા. પછી તે પુષ્પ પોતાના નેત્રવડે ગ્રહણ કર્યું. તે જોઈ સર્વ સભાસદો 'આ વામન જીત્યો, જીત્યો' એમ બોલ્યા. પછી વામને નાટ્ય સમાપ્ત કર્યું.

તે વખતે હર્ષ પામેલા લોકોએ જય જય શબ્દ કર્યો, વાજિંત્રોના નાદનો કોળાહળ થયો, બંદીજનો તેના ગુણ બોલવા લાગ્યા, અને ગાયકો હર્ષવડે ગાવા લાગ્યા. તે સર્વને વામને વિશ્વને વિષે અદ્‌ભુત એવું ઇચ્છિત દાન આપ્યું. જગતમાં અદ્‌ભુત એવી તેની નાટ્યકળાથી રંજિત થયેલી નાટ્યસુંદરી હર્ષ અને આશ્ચર્ય પામી તત્કાળ વામનને વરી–વરમાળા પહેરાવી. તે વખતે આકાશમાં રહેલા દેવતાઓએ યોગ્ય વરને વરી, યોગ્ય વરને વરી, એવો શબ્દ કર્યો, અને વાદ્યાદિકનો મોટો ઘોંઘાટ આકાશમાં વ્યાપી ગયો. તે જોઈ રાજાએ વિચાર્યું કે—

"દૈવને ધિક્કાર છે કે આ મારી સુરૂપા પુત્રીને આવો વામન વર આપ્યો, પણ હવે બીજી બેને તો કોઈ રાજપુત્ર વર મળે તો સારૂં." એ પ્રમાણે ખેદ સહિત વિચારી રાજાએ પ્રતિહારને આજ્ઞા કરી.

ત્યારે પ્રતિહાર પ્રથમની જેમ ઘોંઘાટનો નિષેધ કરી ઉંચે સ્વરે બોલ્યો કે–"હે રાજકુમારો! તમારામાંથી કોઈ પણ પુણ્યવાન આત્મા પોતાની ગીતકળાવડે ગીતસુંદરીને જીતી તેની સાથે પાણિગ્રહણ કરો," તે સાંભળી ગીતકળામાં વિદ્વાન રાજકુમારો પોત-પોતાની સામગ્રી સહિત અનુક્રમે જિનધર્મને અનુસારે ગીતગાન કરવા લાગ્યા.

તેઓએ જ્યારે જ્યારે ગીતવડે જે જે મનોહર રસનું પોષણ કર્યું, ત્યારે ત્યારે તે તે રસના ભાવને જાણનારા સર્વ સભ્યો તન્મયપણાને પામ્યા. તેમના ગીતરસમાં લીન થયેલા વિદ્વાનોએ ક્ષુધા, તૃષા, શીત અને આતપ વિગેરેથી ઉત્પન્ન થયેલી કાંઈ પણ વેદના અનુભવી નહિ. 'ખરેખરો રસ એવો જ અનુભવ કરાવનાર હોય છે.' ચઢતા પ્રકર્ષવાળા રસવડે તેઓ સર્વે અનુક્રમે ગાયન ગાઈને વિરામ પામ્યા, ત્યારે રાજાના આદેશથી

ગીતસુંદરી પોતાની સામગ્રી સહિત ગાવા લાગી. તે ગાતી હતી ત્યારે તેના ગીતના રસથી આખી સભા જાણે નિદ્રાવશ થઈ ગઈ હોય તેમ સ્તબ્ધ બની ગઈ.

તે વખતે પૂર્વે સંકેત કરી રાખેલી કેટલીક દાસીઓએ ગીતની અસર પોતાની ઉપર ન થઈ જાય તેટલા માટે પ્રથમથી જ કાન બંધ કરી રાખ્યા હતા, તેમણે રાજા વિગેરે સર્વના હાથમાંથી ખડ્ગાદિક શસ્ત્રો ગ્રહણ કરીને કોઈ એક સ્થાને છુપાવી દીધાં. તેની કોઈને ગીતના રસમાં ખબર પણ પડી નહિ. છેવટે ગીતસુંદરી ગીત ગાઈને વિરામ પામી, ત્યારે તેઓએ લજ્જા પામી પોતાના હથિયાર પોતાની પાસે ન હોવાથી માગ્યાં, એટલે હાસ્ય કરતી દાસીઓએ પોતાને ઇનામ આપવાનું કબૂલ કરાવીને તેમને તેમનાં શસ્ત્રો પાછા આપ્યાં.

પછી "આ ગીતસુંદરીએ સર્વ રાજકુમારોને જીતી લીધા" એમ સર્વ સભ્યો બોલ્યા, અને વાજિંત્રના ઘોષ સહિત જય જય શબ્દ વિસ્તાર પામ્યો.

ત્યારપછી વરની પ્રાપ્તિ ન થવાથી ખેદ પામેલા રાજાએ પ્રથમની જેમ ઉપાધ્યાયને પૂછ્યું, ત્યારે તેણે આદરસહિત વરમાળાયુક્ત વામનને દેખાડ્યો. ત્યારે પ્રથમની જેમ વિચાર કરી રાજાએ તેને કહ્યું કે—

"હે વામન! જો તું ગીતકળા જાણતો હોય તો અમને ગીતનું સ્વરૂપ કહી પછી સર્વોત્તમ ગાયન કર." તે સાંભળી વામન બોલ્યો કે—"હે રાજેન્દ્ર! સદ્ગુરૂના પ્રસાદથી ગીતકળાનું સ્વરૂપ કાંઈક હું જાણું છું, તે હું સંક્ષેપથી કહું છું, સાંભળો—

તંત્રી, વેણુ અને મનુષ્ય એ ત્રણથી ઉત્પન્ન થતું ગાંધર્વ–ગીત ત્રણ પ્રકારનું છે. તેમાં વીણા, ત્રિસરી, સારંગી વિગેરે અનેક પ્રકારની તંત્રી કહેવાય છે. હૃદયમાં [1]મંદ્રાદિક ભેદથી વિકાસ પામતો રાગ તે તંત્રીના છિદ્રને સ્પર્શ કરવાથી ઉત્પન્ન થાય છે.

એ જ પ્રમાણે વંશ–વેણુને વિષે પણ જાણવું. વળી વીણાને વિષે શલ્યાદિકનો ત્યાગ કરવાથી તેના [2]નાલની શુદ્ધિ થાય છે, તથા [3]વૃત્તાદિક ગુણોવડે તેના તુંબ–તુંબડાની શુદ્ધિ થાય છે, તેમજ વલિ–વળીયાં, સ્નાયુ–નસ અને વાળ–કેશ વિગેરેનો ત્યાગ કરવાથી–ન રહેવા દેવાથી તંત્રી–તાંતની શુદ્ધિ થાય છે, એ રીતે જ વેણુ, સારંગી અને ત્રિસરી વિગેરેની પણ શુદ્ધિ ઇચ્છાય છે–કરાય છે. ઈત્યાદિક લાખો શાસ્ત્રોવડે આનો વિસ્તાર કહેલો છે. હે રાજા! અત્યારે ઉત્સુકતાને લીધે કેટલો વિસ્તાર કહી શકાય?

૧. મંદ્ર, મધ્યમ અને તાર એટલે મંદ, મધ્યમ અને ઊંચો.
૨. વંશરૂપ દાંડની. ૩. વૃત્ત એટલે ગોળાકાર.

હવે મનુષ્યથી ઉત્પન્ન થયેલા ગાંધર્વ–ગીતના વિષયમાં કાંઈક કહું છું, તે સાંભળો.—ગાનાર પુરૂષ શરીરે કૃશતા અને સ્થૂલતા રહિત હોવો જોઈએ, તેના ગળામાં કાંઈ પણ વ્યાધિ ન હોવો જોઈએ. અથવા તો સર્વથા પ્રકારે નિરોગી, આનંદી અને યુવાન હોવો જોઈએ.

તલ, તેલ, અડદ અને ગોળ વિગેરેનો આહાર કરનાર ન હોય, સાકર તથા મધયુક્ત દૂધ તથા જળનું પાન કરતો હોય, અતિ ઉષ્ણ અને અતિ શીત ભોજન કરતો ન હોય, તથા તાંબૂલવડે જેનું મુખ અત્યંત શુદ્ધ હોય તે શુદ્ધ ગીતગાન કરી શકે. એ જ રીતે સ્ત્રી પણ આવા ગુણવાળી હોવી જોઈએ.

આવા મનુષ્યની નાભિથી પ્રયત્નવડે પ્રેરાયેલો જે વાયુ ઉત્પન્ન થાય, તેને ગીતકળાના નિપુણ પુરૂષો પ્રાણવાયુ કહે છે. તે પ્રાણવાયુ મૂર્ધસ્થાનમાં ઉભો થઈ મુખમાં ભ્રમણ કરી જિહ્વા, દાંત, ઓષ્ઠ અને તાલુને વિષે પરાવર્તન પામી–અથડાઈ વર્ણોને અને નાદને ઉત્પન્ન કરે છે.

તે નાદ મંદ્ર, મધ્યમ અને તાર એમ ત્રણ પ્રકારનો છે. તે નાદ સ્થાનાદિકના વશથી સાત પ્રકારે સ્વરના ભેદવાળો છે. વળી તે સ્વરોના સામાન્ય અને વિશેષ એવા બે ભેદો છે. તથા ગ્રામ, ષડ્જ, મધ્યમ અને પંચમ એમ ત્રણ પ્રકારે કહેવાય છે. સ્વર અને ગ્રામને વિષે એકવીશ મૂર્છના હોય છે. આ સ્વરોને વિષે રાગો ઉત્પન્ન થાય છે. તે રાગો કુલ બેંતાળીશ હોય છે. તેમાં આગમિક–આગમથી ઉત્પન્ન થયેલું અને દેશજ—દેશમાં ઉત્પન્ન થયેલું એમ બે પ્રકારનું ગીત કહેવાય છે.

અર્ધમાગધી ભાષામાં પણ સંગીતશાસ્ત્રના સ્વરૂપનું વર્ણન કરતાં કહ્યું છે કે:—

"તે સ્વરોમાં બેંતાલીશ રાગો ઉત્પન્ન થાય છે, અને તેમાં બે પ્રકારનું ગીત ઉપજે છે–ગવાય છે. તે આ પ્રમાણે–આગમિક અને દેશી."

"તેમાં આગમ સંબંધી ગીતના સાત સાત વખત છ ભેદો બતાવ્યા છે–એટલે ૭ × ૬ = ૪૨ ભેદો થાય છે. વારંવાર બતાવીને ઉક્ત ભેદોનો તે તે રાગોમાં સમાવેશ કરવામાં આવ્યો છે."

"તથા બીજા ભેદમાં જે દેશી ગીત કહ્યું છે તે એલામાર્ષ્ટિત અને ધ્રુપદ આદિ ભેદોથી અનેક પ્રકારનું છે."

પચાસ અથવા બેંતાળીશ રાગો લોકમાં પ્રસિદ્ધ જ છે. તે આ પ્રમાણે.—શ્રીરાગ ૧, વસંત ૨, પંચમ ૩, ભૈરવ ૪, મેઘરાગ ૫ અને છઠ્ઠો નટ્ટનરાયણ ૬. આ છ રાગ છે. તેમ ગૌરી ૧, કોલાહલા ૨, અંધારી ૩, દ્રવિડી ૪, માલકૈશિકી ૫ અને છઠ્ઠી દેવગાંધારી ૬ આ છ રાગણી પહેલા શ્રીરાગમાંથી ઉત્પન્ન થાય છે. હિંડોલા ૧, કૌશિકી ૨, રામગ્રી ૩, દ્રુમમંજરી ૪, ગુંડકૃતિ ૫ અને દેશાખી ૬ એ છ બીજા

વસંત નામના રાગમાંથી નીકલી છે. ભૈરવી ૧, ગુર્જરી ૨, ભાષા ૩, વેલાકુલા ૪, કર્ણાટી ૫ અને રક્તહંસા ૬ એ છ ત્રીજા પંચમ રાગમાંથી પ્રગટે છે. ત્રિગુણા ૧, સ્તંભતીર્થા ૨, આભીરી ૩, કુકુભા ૪, વિપ્પરીટી વૈરાડી ૫ અને વસંબેરી ૬ એ છ ચોથા ભૈરવ રાગને વિષે કહી છે. બંગાલ ૧, મધુરી ૨, કામોદા ૩, દોષશાટિકા ૪, દેવગ્રી ૫ અને દેવાલા ૬ એ છ પાંચમા મેઘરાગથી ઉત્પન્ન થાય છે. તોડી ૧, મોટકરી ૨, શ્રીભૂપાલપ્રિયા ૩, નટ્ટા ૪, ધનાશ્રી ૫ અને મલ્લી–માલવી ૬ એ છ છઠ્ઠા નટ્ટનરાયણ રાગથી ઉત્પન્ન થાય છે. કુલ ૩૬ થઈ. શ્રીરાગમાં માલવી રાગ ગુરૂ–મોટો છે ૧, વસંતમાં બાણ રાગ ગુરૂ છે ૨, પંચમમાં પૂર્વિક રાગ ગુરૂ છે ૩, ભૈરવમાં કેદારક રાગ ગુરૂ છે ૪, મેઘ રાગમાં સાલિ રાગ ગુરૂ છે ૫, તથા નટ્ટનરાયણમાં કલ્યાણ રાગ ગુરૂ છે ૬. આ છ ગુરૂ મળી કુલ ૪૨ રાગો થાય છે. આ સર્વ ગીતશાસ્ત્ર યોગ્ય કાળે ભણાયું હોય તો તે યોગ્ય કાળે બોલી શકાય છે.

હે રાજા ! પ્રાયઃ કરીને ગીતને વિષે સ્તુતિ અને નિંદા બન્ને હોય છે. પરંતુ સજ્જનના મુખથી નિંદા નીકળતી નથી, તેથી તેને હું કહેતો નથી. તેમજ છતા અને અછતા ગુણનું કીર્તન કરવાથી સ્તુતિના બે ભેદ થાય છે. તેમાં અછતા ગુણનું કીર્તન વિવાહાદિકમાં કરાય છે, તથા નીચ જનો અન્ય સ્થળે પણ અછતા ગુણનું કીર્તન ઇચ્છે છે;

પરંતુ મૃષાવાદી દોષયુક્ત થાય છે. એથી સંતપુરૂષો મૃષાવાણી બોલતા નથી. સંતપુરૂષો બે પ્રકારના હોય છે, સાધારણ ગુણવાલા અને અસાધારણ ગુણવાલા. સાધારણ ગુણતો ઘણું કરીને સર્વમનુષ્યોમાં મળી આવે છે, તેવા સાધારણ ગુણનું વર્ણન **કાવ્ય પ્રકાશ**માં આ રીતે કર્યું છે :—

“ નમસ્કાર કરતા કૈલાસાલય–શંકરના કપાળમાં રહેલા ત્રીજા નેત્રની કાંતિવડે જેના પગે લગાડેલા અળતાના રસની પ્રગટતા થઈ છે એવી ગિરિભૂ–પાર્વતીના પગના નખની કાંતિ તમારૂં સદા રક્ષણ કરો. સ્પર્ધા કરવાથી જાણે દેદીપ્યમાન થઈ હોય એવી જે પાદનખની કાંતિવડે અત્યંત રૂઢ થયેલી શંકરના બે નેત્રની રક્તકમળના જેવી કાંતિ પણ તત્કાળ દૂર કરાતી હતી. ”

તથા “ પાર્વતીનું પહેરેલું વસ્ત્ર કાઢી નાંખેલું હોવાથી લજ્જાને લીધે તેણીએ પોતાના બે હસ્તકમળવડે જેનાં બે નેત્રો ઢાંકયાં હતાં એવા શંકરનું ત્રીજું નેત્ર કે જેને પાર્વતીએ–ઢાંકવાના ઈરાદાથી ચુંબન કર્યું હતું તે નેત્રને નમસ્કાર થાઓ. ” ઈત્યાદિ.

આવી રાગાદિક ચેષ્ટા તો સર્વ લોકમાં દેખાય છે, તો એવી સ્તુતિવડે દેવમાં શું



વિશેષ કહેવાય ? ઉત્તમ પુરૂષોએ જે પ્રાણાતિપાતાદિક અઢાર દોષોની નિંદા કરી છે, તેજ દોષોવડે દેવાદિકની જે સ્તુતિ કરવી, તે તો તત્ત્વથી નિંદાજ છે. અથવા આવી સ્તુતિ કાંઈ પણ ચમત્કાર કરનાર નહિ હોવાથી પંડિતો તેવી સ્તુતિને ઈચ્છતા જ નથી.

હવે અસાધારણ ગુણો પણ કલ્પિત અને અકલ્પિત એવા બે પ્રકારના છે. તેમાં જે અછતા ગુણો રાગ, દ્વેષ અને મોહાદિક દોષોવડે મૂઢ થયેલી બુદ્ધિવાળા જનોએ શાસ્ત્રાદિકમાં પ્રરૂપ્યા છે તે કલ્પિત ગુણો કહેવાય છે. તેવા કલ્પિત ગુણની સ્તુતિ આ પ્રમાણે તેઓએ કરી છે.—

" પર્વતો, નદીઓ, સમુદ્રો, વનો, ગામો, ખાણો અને નગરોથી યુક્ત એવી પૃથ્વી જેના ઉદરમાં છે તેવા દેવને તમે ભક્તિપૂર્વક પ્રણામ કરો " કહ્યું છે કે :—

" બળદેવે કહ્યું કે—' હે માતા ! રમવા ગયેલા આ કૃષ્ણે હમણાં પોતાની ઈચ્છા પ્રમાણે માટી ખાધી છે. ' ત્યારે માતાએ કૃષ્ણને પૂછયું કે—' હે કૃષ્ણ ! આ વાત સાચી છે ? ' કૃષ્ણે કહ્યું કે—' હે માતા ! આ મુશલી–બળદેવ ખોટું બોલે છે. જુઓ મારૂં મુખ. ' માતાએ કહ્યું કે—' મુખ ઉઘાડ જોઈએ. ' ત્યારે તેણે મુખ ઉઘાડયું. તે વખતે બાળક–કૃષ્ણના મુખમાં આખું જગત જોઈ માતા આશ્ચર્ય પામી, તે માધવ–કૃષ્ણ તમારૂં રક્ષણ કરો. " તથા—

" જે પ્રજાપતિ–બ્રહ્મા સમગ્ર જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર કરે છે, તે સાવિત્રીના પતિ–બ્રહ્મા, હરિ–વિષ્ણુના નાભિકમળમાં રહે છે તેને અમે નમસ્કાર કરીએ છીએ. " તથા—

" પ્રલય કાળે નાશ પામેલી સૃષ્ટિ–દુનિયા અગસ્ત્ય ઋષિએ અગર્થીઆના વૃક્ષપર લટકાવેલા પોતાના તુંબડામાં રહેલા વટવૃક્ષના એક પાંદડા ઉપર સુતેલા હરિ–વિષ્ણુની કુક્ષિમાં બતાવી. " તથા મુરારિ નાટકમાં કહ્યું છે કે—

" મહાપ્રલય કાળમાં સમગ્ર જગતનો વિનાશ થયો ત્યારે વિષ્ણુના નાભિકમળમાં નિવાસ કરનાર બ્રહ્માએ ફરીથી ત્રણ ભુવન રચવાની ઈચ્છા થતાં ' આ સૃષ્ટિનું શું અધિકરણ–આધાર છે તથા કયાં અને કેવી તેની સ્થિતિ ? ' તે જોવા માટે જેના ઉદરમાં પ્રવેશ કર્યો, તે જગન્નિધિને નમસ્કાર થાઓ. "

આ પ્રમાણે સમુદ્રમંથન અને રામના ધનુષ્ય વિગેરેના સંબંધમાં પણ કલ્પિત ગુણની સ્તુતિ જાણી લેવી. આવી સ્તુતિ પણ સત્પુરૂષોએ મૃષાવાદનો દોષ લાગે તેથી કરવા લાયક નથી. શ્રી જિનેશ્વરનાં વચનનાં તત્ત્વને જાણનાર કયો પુરૂષ મિથ્યાદષ્ટિના



શાસ્ત્રવડે મોહ પામે? જે તર્ક કરતાં યુક્તિને સહન કરતું ન હોય અથવા અનુભવ અને પ્રમાણથી બાધ પામતું હોય, તેવા શાસ્ત્રમાં દૃષ્ટિરાગથી મૂઢ થયેલા મનુષ્યો વિના બીજો કોણ હિતાર્થી બુદ્ધિમાન આનંદ પામે?

તેથી જે અકલ્પિત અસાધારણ ગુણો હોય તે જ સ્તુતિ કરવા લાયક છે. તેવા ગુણો સામાન્ય સંસારી જીવોમાં અને વિશેષે કરીને મિથ્યાદૃષ્ટિ જીવોમાં હોતા નથી; પરંતુ ઉત્કૃષ્ટ બ્રહ્મચર્યયુક્ત અને સર્વ દોષ રહિત એવા શ્રી અરિહંતને વિષે અને શ્રી સંઘને વિષે જ તેવા ગુણો હોઈ શકે છે, અન્યત્ર હોતા નથી. છ કાયના જીવોને વિષે દયા, સમ્યગ્-જ્ઞાન, રાગ રહિતપણું અને અઢાર દોષનો ત્યાગએ સર્વ શ્રી અરિહંતના ધર્મ વિના બીજે કયાં હોય?

તેથી કરીને હે રાજન્! જિનેશ્વર અને શુદ્ધ ગુરૂના ગીતનું ગાન કરી હું મારી જીહ્વાને અને સભાસદોના કર્ણને પવિત્ર કરૂં છું તે સર્વજનો આદરપૂર્વક સાંભળો:—

આ પ્રમાણે કહી ઈર્ષ્યાળુ રાજકુમારોની વિવિધ પ્રકારની ઉપહાસની વાણીનો પ્રથમની જેમ અનાદર કરી પોતે પ્રથમ દાનવડે વશ કરેલી સર્વ ઇચ્છિત સામગ્રીએ કરીને તે વામન સાવધાનપણે યત્નથી ગાવા લાગ્યો. તે ગાતો હતો ત્યારે સભાસદોએ હાહા અને હૂહૂ નામના દેવગાયકોને અને તેમનું ગીત સાંભળનાર દેવોને પણ આની પાસે તૃણ સમાન ગણી કાઢ્યા.

તે વામનના ગીત વખતે કોઈ માણસ કાંઇ પણ બોલતો નહોતો, કોઈ કાંઈ પણ અન્ય આશ્ચર્યને જોતો નહોતો અને કોઈ કાંઈ બીજું ધ્યાન કરતો નહોતો, માત્ર એક તેના ગાનનુંજ શ્રવણ કરવાથી સર્વજનો એકેંદ્રિય જેવા થઈ ગયા હતા. તેના ગીતનો રસ સર્વના ગીતને ઓળંગી ઉત્કૃષ્ટ કોટિને પામ્યો, ત્યારે તે સર્વ સભા જાણે સુતી હોય અને જાણે શ્રાપથી પરાભવ પામેલી હોય તેવી શૂન્ય થઈ ગઈ. તે વખતે પ્રથમની જેમ જેમણે પોતાના કાન બંધ કર્યા હતા એવી દાસીઓએ પ્રથમથી આપસમાં સંકેત કર્યા પ્રમાણે રાજા વિગેરે સર્વના શસ્ત્રો અને પહેરેલા અલંકારો પણ કાઢી લઈ એક ઠેકાણે છુપાવી દીધા; તથા પ્રથમના સંકેતથી હજામોએ આવી તે વામનની મશ્કરી કરનાર પાંચ મુખ્ય કુમારોનાં મસ્તક પણ મુંડી નાખ્યા, તોપણ કોઈએ કંઈ પણ જાણ્યું નહિ.

'તે જ રસ કહેવાય કે જેમાં બીજું કાંઈ પણ જાણી શકાય નહિ.' પછી જ્યારે તે વામન ગાઈને વિરામ પામ્યો, ત્યારે સભાસદોએ તે સર્વ વૃત્તાંત જાણી હર્ષવડે ઊંચે

સ્વરે ઘોષણા કરી કે -"વામન જીત્યો, વામન જીત્યો." જય જય શબ્દથી વૃદ્ધિ પામતો જયવાજિંત્રનો નાદ પણ તે વખતે થયો. પછી વામને પોતાને જીતી લીધી જાણી ગીતસુંદરીએ પણ તત્કાળ તેને વરમાળા પહેરાવી દીધી. તે વખતે વામન અને કન્યાના મસ્તકપર પુષ્પવૃષ્ટિ કરી રાજાની કુળદેવીએ પ્રથમની જેમ આકાશવાણી કરી.

ઢાંકેલા કાનવાળા તે હજામો પ્રથમથી જ નાશી ગયા હતા, તેથી મનુષ્યોના હાસ્યવડે પોતાના મસ્તક મુંડેલા જાણી તે પાંચે કુમારો લજ્જા પામી નાશી ગયા. રાજાઓ વગેરેએ પણ પ્રથમની જેમ દાસીઓને ઘણું ધન આપી તેમની પાસેથી પોતાના શસ્ત્ર અને અલંકારો પાછાં ગ્રહણ કર્યાં. દાસીઓએ પણ ધનપ્રાપ્તિથી પ્રસન્ન થઈ વામનને આશીષ આપી.

પછી શ્રીપતિ રાજાએ વિચાર્યું કે—"આ બે કન્યાને તો વામન પરણ્યો; તેથી દૈવયોગે તે બન્નેને વિડંબના અને મને લઘુતા પ્રાપ્ત થઈ છે; પરંતુ હવે આ મારી એક પુત્રીને કોઇપણ પ્રકારે કોઈ રાજકુમાર પરણે તો મારા હૃદયમાં કાંઇક શાંતિ થાય."

એમ વિચારી રાજાએ પ્રતિહારને આજ્ઞા આપી, એટલે તેણે પ્રથમની જેમ ઊંચો હાથ કરી કોળાહળને શાંત કરી ઊંચે સ્વરે કહ્યું કે—"હે રાજકુમારો! સાંભળો. તમે ઘણા છતાં આ બે કન્યાઓ પ્રતિજ્ઞાના વશથી વામનને વરી છે, તેથી તમારો પરાભવ થયો છે અને તમારે શરમાવા જેવું થયું છે. તો હવે તમારામાંથી કોઈ પણ નાદકળાથી આ નાદસુંદરીને જીતી તેની સાથે પાણિગ્રહણ કરો."

આ પ્રમાણે સાંભળી વામનથી પોતાનો પરાભવ માની તે રાજકુમારો વિશેષ નિપુણતાથી વિવિધ રાગવડે અનુક્રમે વીણા વગાડવા લાગ્યા. તેના નાદવડે સર્વ સભા જાણે સ્તબ્ધ થઈ હોય તેમ બીજી સર્વ ચેષ્ટાનો ત્યાગ કરી તેમાં જ લીન ચિત્તવાળી થઈ ગઈ.

સર્વોત્તમ કળાવાળા તેઓમાં પૂર્વ પૂર્વનો વિજય કરવાના અનુક્રમથી કોઈ એક કુમાર વગાડતાં વગાડતાં છેલ્લો વગાડવાનો અવસર પામ્યો, ત્યારે પ્રથમથી સંકેત કરી રાખેલા મહાવતોએ તે સભા તરફ એક મોટો હાથી છોડી મૂક્યો. તે ક્રોધ પામેલો મહા ભયંકર હાથી ગર્જના કરતો દોડીને સભા નજીક આવ્યો, ત્યારે સર્વ સભાસદો ભયથી ત્રાસ પામ્યા; કેમકે 'સર્વ નાદાદિક રસો કરતાં પોતાનું જીવિતવ્ય દરેકને વધારે વહાલું હોય છે.'

તે વખતે રાજાની આજ્ઞાથી નાદસુંદરી વીણા વગાડવા લાગી. તે સમયે જાણે કાનમાં અમૃત રેડાતું હોય નહિ એવા તે વીણાના પ્રસરતા નાદવડે સર્વ સભાસદો સ્તંભિત

થઈ ગયા અને તે હાથી પણ સ્તબ્ધ થઈ ગયો. પછી નાદસુંદરીએ નાદ બંધ કર્યો, અને મહાવતોએ તે હાથીને પકડી લીધો. ત્યારે પ્રથમની જેમ સર્વ સભાસદો નાદસુંદરી જીતી, નાદસુંદરી જીતી. આ પ્રમાણે જય જય શબ્દોને બોલી ઊઠ્યા.

પછી ખેદ પામેલા રાજાએ પ્રથમની જેમ ઉપાધ્યાયને પૂછ્યું, ત્યારે તેમણે બે વરમાળાએ કરીને શોભતા વામનને જ બતાવ્યો. તે વખતે પ્રથમની જેમ વિચાર કરી રાજાએ તેને વીણા વગાડવાની આજ્ઞા આપી. રાજાના આદેશથી હર્ષ પામેલા તેણે વગાડવા માટે વીણા માગી. ત્યારે રાજાની આજ્ઞાથી મનુષ્યોએ તેને એક ઉત્તમ વીણા આપી. તે જોઈ વામન બોલ્યો કે—

"આ વીણાના દંડની અંદર કીડો છે." તે સાંભળી કૌતુકથી રાજાએ તેની સાબીતી પૂછી, ત્યારે તેણે દંડ ભાંગી તેમાંથી કીડો કાઢી બતાવ્યો. પછી બીજી વીણા આપી. તેનું તુંબડું કડવું છે એમ વામને કહ્યું. ત્યારે રાજાની આજ્ઞાથી કોઈ માણસે તે તુંબડાનો કકડો મુખમાં નાખી વામનનું વચન સત્ય છે એમ કહ્યું. પછી ત્રીજી વીણા આપી. તેની તંત્રીમાંથી સૂક્ષ્મ વાળ વામને કાઢી બતાવ્યો. પછી ચોથી વીણા આપી ત્યારે તે બોલ્યો કે—"આનો દંડ ઘણા કાળ સુધી જળમાં રહેલો છે." એ પ્રમાણે ઘણી વીણાઓને દૂષિત કરી છેવટે એક વિશુદ્ધ વીણાને પરીક્ષાવડે પસંદ કરી તે વામન તેને સમ્યક્ પ્રકારે વગાડવા લાગ્યો. તેનો ધ્વનિ સાંભળી સભ્યોએ તર્ક કર્યો કે—"આ સુખનું સર્વસ્વ શું સ્વર્ગલોકથી અહીં પ્રાપ્ત થયું છે? શું આ કાનને વિષે અમૃતવૃષ્ટિ થાય છે? શું તપથી તુષ્ટમાન થયેલા ઇંદ્રે પૃથ્વીના લોકોને સુખી કરવા માટે આ વામન વાદકને મોકલ્યો છે?"

એ પ્રમાણે ડાહ્યા પુરૂષોએ તર્ક કર્યો. અનુક્રમે તેના નાદનો રસ અત્યંત ઉત્કૃષ્ટપણાને પામ્યો, ત્યારે આનંદરસમાં એકાંતે લીન થયેલી આખી સભા નિદ્રાને વશ થઈ ગઈ, તે વખતે પ્રથમથી જ સંકેત કરી રાખેલા અને જેમણે પોતાના કાન બંધ કરી રાખ્યા હતા એવા મહાવતોએ મદિરા પાન કરાવેલો ક્રોધી હાથી તે તરફ હાંકી મૂક્યો. તે હાથી સભાની નજીક આવ્યો, તોપણ કોઈએ તેને જાણ્યો નહિ. તે હાથી પણ તે નાદથી એવો સ્થિર થઈ ગયો કે જેથી મહાવતોએ તેને અંકુશના પ્રહારો કર્યા, તોપણ તે હાથીને ખબર પડી નહિ.

ત્યારપછી પ્રહાર કરી કરીને થાકી ગયેલા મહાવતોએ પ્રથમ જય જય શબ્દ કર્યો, અને પછી સર્વ સભાજનોએ તે શબ્દ કર્યો. આકાશમાં પણ વાજિંત્રનો નાદ

થયો. એટલે વામને વીણા વગાડવી બંધ કરી, અને તેનાથી જીતાયેલી નાદસુંદરી તત્કાળ હર્ષ પામી તેને વરમાળા પહેરાવી. તે બન્ને ઉપર પુષ્પવૃષ્ટિ કરીને આકાશમાં રહેલી દેવીએ પ્રથમની જેમ ઘોષણા કરી. વામને સ્તુતિ કરનારાઓને તથા યાચકોને ઇચ્છિત દાન આપ્યું.

"અહો ! આનું દાન ! અહો ! આની કળા ! અને અહો ! આની લીલાપૂર્વક ચતુરાઈ !" ઇત્યાદિક વામનની સ્તુતિ કરવામાં સર્વ જનો વાચાળ થયા; તથા—"અહો ! આવા ગુણનો આધાર આ પુરૂષ વામનપણાવડે દૂષિત થયો છે, તો અધમ વિધાતાના આવા અનુચિતપણા વિષે શું કહીએ ? કહ્યું છે કે—

'ચંદ્ર વિષે કલંક છે, કમળના નાળ ઉપર કાંટા છે, ઉત્તમ સ્ત્રી પુરૂષનો વિયોગ થાય છે, રૂપવાળો જન દુર્ભાગી હોય છે, સમુદ્રનું જળ ખારૂં છે, પંડિત પ્રાયે નિર્ધન હોય છે અને ધનવાન માણસ કૃપણ હોય છે. તે ઉપરથી સમજાય છે કે 'વિધાતાએ રત્નોને જ દૂષિત કર્યાં છે.' અથવા તો "મેઘથી ઢંકાયેલા સૂર્યની જેમ આ કોઈ દિવ્ય પુરૂષ વામનપણાએ કરીને ગુપ્ત રહેલો છે. આના ગહન સ્વરૂપને સર્વજ્ઞ ભગવંત જ જાણી શકે તેમ છે." ઇત્યાદિક વિવિધ વાતોને લોકો પરસ્પર કરવા લાગ્યા.

આ પ્રસંગે શ્રીપતિ રાજાએ વિચાર્યું કે—"આ કન્યાઓની પ્રતિજ્ઞાને ધિક્કાર છે, નિંદિત કાર્ય કરનાર વિધાતાને ધિક્કાર છે, ન્યૂન કળાવાળા રાજકુમારોને ધિક્કાર છે, અને એ બાબતમાં આદેશ આપનારા મને પણ ધિક્કાર છે, કે જેથી રૂપવડે અપ્સરાઓનો પણ તિરસ્કાર કરનાર અને મને પ્રાણથી પણ વહાલી આ મારી ત્રણે પુત્રીનો વામન પતિ થયો. કાર્યનો આરંભ જૂદા પ્રકારે કર્યો હતો, અને તેનું પરિણામ જૂદી રીતે જ આવ્યું.

જે અસંભવિત હતું તે સંભવિત થયું. દૈવને ઉલ્લંઘન કરવા કોણ સમર્થ છે? કહ્યું છે કે—'અવશ્ય થવાના કાર્યોમાં પ્રતિબંધ રહિત એવી વિધાતાની ઇચ્છા જે દિશાએ દોડે છે, તે જ દિશાએ વાયુને જેમ તૃણ અનુસરે છે તેમ મનુષ્યનું ચિત્ત અવશ્ય અનુસરે છે.' તથા—'જે મનોરથની ગતિનો અવિષય હોય છે, અર્થાત્ જેનો મનોરથ કોઈ વખત કર્યો હોતો નથી, જેને કવિની વાણી સ્પર્શ કરી શકતી નથી, તથા જ્યાં પોતાની પ્રવૃત્તિ પણ દુર્લભ છે, તેવું કાર્ય વિધાતા લીલામાત્રમાં જ કરી છે."

આવો વિચાર કરી ચિંતાતુર થયેલા રાજાએ કળાગુરૂને પૂછ્યું કે—"આ વામન કોણ છે? તેનો કયો દેશ છે? અને તેનું કયું કુળ છે? તે મને કહો." કળાચાર્યે

કહ્યું કે—"લગભગ એક મહીના પહેલા આ વામન મારી પાસે આવ્યો, ત્યારે મારા પૂછવાથી તેણે કહ્યું હતું કે—

નેપાળ દેશમાં રહેલા વિજયપુર નામના નગરથી હું ક્ષત્રિયપુત્ર અહીં કળા શીખવા આવ્યો છું.' આથી વધારે એનું સ્વરૂપ હું જાણતો નથી. તેની પાસે દિવ્ય અલંકારો છે, તે દાન પણ પુષ્કળ આપે છે, હું જ્યારે તેને પ્રયત્નપૂર્વક કળા શિખવતો હતો, તે વખતે તો તે પોતાની મૂર્ખાઈ જ દેખાડતો હતો. આટલા વખત સુધીમાં તેણે કળાનું નામ પણ જણાવ્યું નહોતું, આજે જ તેણે એકી સાથે આવી દિવ્ય કળાઓ દેખાડી છે. તેથી જરૂર આ પુરૂષ કોઈ ગુપ્ત સ્વરૂપવાળો જણાય છે." આવી કળાચાર્યની વાણી સાંભળી રાજાના મનમાં ઘણા ઘણા સંકલ્પો–વિકલ્પો થયા.

હવે સર્વ રાજકુમારો અત્યંત ખેદ પામી વિચારવા લાગ્યા કે—"અહો! આ માયાવી વામને આપણો સર્વનો પરાભવ કર્યો. પ્રથમ આટલો કાળ મૂર્ખપણું બતાવી અત્યારે એકીસાથે સર્વ કળાઓ દેખાડીને તેણે ત્રણે કન્યા ગ્રહણ કરી; તેથી આપણો આટલો બધો અભ્યાસનો શ્રમ તેણે વ્યર્થ કર્યો.

જો પ્રથમ આપણે આવો જાણ્યો હોત, તો તે જ વખતે તેને આપણે હણી નાખત; અથવા તો હજુ પણ આ નિરાધાર રંકને હણી ત્રણે કન્યાઓને સ્વેચ્છાએ ગ્રહણ કરવા શું આપણે શક્તિમાન નથી? અજાણ્યા કુળ અને શીળવાળો તથા કુરૂપ એવો આ ત્રણે કન્યાઓને લઈ જાય, તે આપણે શી રીતે સહન કરી શકીએ? તેમ થવાથી તો આપણી હાંસી અને પરાભવ અવશ્ય થાય.

આપણે સૈન્ય સહિત ઘણા છીએ, તેથી રાજા પણ આપણને શું કરી શકે તેમ છે? વળી માયાવડે અપરાધ કરનાર આ રંકને મારવામાં આપણને કાંઈ પાપ પણ લાગે તેમ નથી. અથવા ઘાત કરવાને તૈયાર થયેલા આપણને જોઈ જો તે વામન નાશી જશે, તો તે રાંકની હત્યાનો દોષ આપણને લાગશે નહિ, અને આપણું કાર્ય પણ સિદ્ધ થશે."

આ પ્રમાણે પરસ્પર વિચાર કરી સર્વની અનુમતિ લઈ **સૂરપાળ** નામના એક મુખ્ય રાજકુમારે વામનને કહ્યું કે—"હે વામન! આપણા એક ગુરૂ હોવાથી તું અમારો ગુરૂભાઈ છે, તેથી તને હું હિત વચન કહું છું કે—

મોર અને માંકડા વિગેરેને વિષે પણ નૃત્ય સુલભ હોય છે, કોયલ અને ચાંડાળ વિગેરેને વિષે પણ ઉત્તમ ગીતકળા હોય છે, તથા ચાંડાળો પણ વીણાદિકનો નાદ સારો કરી શકે છે; પરંતુ હે વામન! તે સર્વમાંથી કોઈ પણ રાજકન્યાને યોગ્ય નથી, તે જ



પ્રમાણે તું પણ રાજકન્યાને યોગ્ય નથી. એ શું તું નથી જાણતો ? જેમ ગધેડો સુવર્ણની ઘંટાને લાયક નથી, કુતરો ખીરના ભોજનને લાયક નથી, અને ઉંટ મણિના હારને યોગ્ય નથી, તેમ તું પણ રાજકન્યાને યોગ્ય નથી.

તેથી તું આ કન્યાઓનો ત્યાગ કરી તારા જેવી કોઈ વામન સ્ત્રીને સ્વિકાર, કે જેથી નટાદિકની જેમ કળાવડે દ્રવ્ય ઉપાર્જન કરીને તું સુખેથી જીંદગી ગુજારી શકે. પણ અમારા કહેવા પ્રમાણે નહિ કરે તો તું અહીં માર્યો જઈશ. "

આ પ્રમાણેનું તેનું વચન સાંભળી વામન ક્રોધ કરીને બોલ્યો કે—" અરે ! સૂરપાળ ! કેમ હજુ તું નિર્ભાગી અને કળા રહિત એવા તારા આત્માને જાણતો નથી ? જેમ તમે સર્વે કળાના વાદમાં કાંઈ પણ ન કરી શકો તેવા થઈ ગયા, તે જ પ્રમાણે રણસંગ્રામમાં પણ તમે મારાવડે નિર્જીવ થઈ જશો. આ મારી પ્રિયાઓ ઉપર તમારામાંનો જે કોઈ કટાક્ષ કરશે, તેના પર યમરાજે પોતાને ઘેર લઈ જવા કટાક્ષ કર્યો છે, એમ નિશ્ચય માનજો." તે સાંભળી સૂરપાળ બોલ્યો કે—

" જો તું યુદ્ધમાં પણ એવી હિંમત ધરે છે, તો તું શસ્ત્ર ગ્રહણ કર ને સામો આવી જા. " તે સાંભળી વામન અવજ્ઞાથી બોલ્યો કે—" જો કદાચ પોતપોતાનાં શસ્ત્રસમૂહથી સંપૂર્ણ એવા વિષ્ણુ, શંકર, ઇંદ્ર, વિશ્વનો અંત કરનાર યમરાજ અથવા બીજો કોઈ લોકપાળ મારી દૃષ્ટિ સન્મુખ યુદ્ધની પંડિતાઈનું અતૂલ બળ પ્રસિદ્ધ કરીને ઉભો રહે, તો હું કાંઈક શસ્ત્ર ગ્રહણ કરૂં અને મારી ભુજાયુગલનું બળ બતાવું.

રે સુભટો ! અત્યંત વિકટ અને દુર્ઘટ એવા શસ્ત્રસમૂહના અભ્યાસથી ઉત્પન્ન થયેલા શ્રમના સમૂહવડે તૈયાર થયેલા મારી જેવાની સાથે યુદ્ધમાં જીતવાને શું તમે ઇચ્છો છો ? પરંતુ મારા એક પાદને પણ પ્રગટપણે સહન કરવાને ઇંદ્ર પણ સમર્થ નથી; તો તમારા જેવાનો શો આશરો ? તમારા જેવા સસલાઓ ઉપર હું શી રીતે શસ્ત્ર ગ્રહણ કરૂં ? તમારા જેવાની સાથે તો મારી ભુજાજ શસ્ત્રરૂપ છે, મારૂં પરાક્રમ જ બખ્તર છે અને મારૂં ભાગ્ય જ સહાયભૂત છે.

અરે ! હજુ સુધી તમે મને જાણ્યો નથી ? તો તમે સર્વે એકઠા મળી બખ્તર પહેરીને સજ્જ થઈ જાઓ, અને યુદ્ધ માટે શસ્ત્ર ગ્રહણ કરો. તમને હું યુદ્ધનું કૌતુક બતાવું. " આવી તેની વાણીથી તેને દુર્જય માન્યા છતાં સર્વે રાજકુમારો પરીક્ષા વખતે બોલાવેલા પોતપોતાના સૈન્ય સહિત યુદ્ધ કરવા તૈયાર થઈ ગયા. બીજા પણ રણસંગ્રામમાં યુદ્ધ કરવા આવ્યા, તેટલામાં મસ્તક મુંડેલા તે પાંચે રાજકુમારો યુદ્ધનો ઉત્સવ સાંભળી

ક્રોધાગ્નિવડે બળતા ટોપવડે મસ્તક ઢાંકી ‘ અમારે હાથે જ તે દુષ્ટ ચેષ્ટાવાળા વામનને અમે મારશું ’

એવી પ્રતિજ્ઞા કરીને તત્કાળ ગર્વથી સૈન્યના અગ્રભાગે આવીને ઉભા રહ્યા. તેમને જોઈ હર્ષ પામી વામને તેમને મશ્કરીમાં કહ્યું કે—“ અરે મુંડેલા મસ્તકવડે લજ્જા પામતા તમે કેમ પધાર્યા છો ? અથવા આવ્યા તો ભલે આવ્યા, હવે તો તે મસ્તકોને છેદીને જ હું તમારી લજ્જા દૂર કરીશ. ”

આવી વામનની વાણી સાંભળી અત્યંત ક્રોધ પામી તેઓએ વામન ઉપર બાણુની વૃષ્ટિ કરી. બીજાઓએ પણ ચારે બાજુથી બાણો મૂકી આકાશ ભરી દીધું. તે વખતે વામનસિંહ પણ શ્રીપંચપરમેષ્ઠીનું સ્મરણ કરી એક મોટો સ્તંભ ઉખેડી તે ભૃગો તરફ દોડ્યો.

તેણે શરીરધારી જાણે પર્વતના શિખર હોય તેવા હાથીઓને પાડી નાખ્યા, અશ્વના સ્વારોને પારેવાની જેમ આકાશમાં ઉછાળી ભમાવ્યા અને હાથી જેમ ગોળા ઉડાડે તેમ પત્તિઓને ઉરાડ્યાં, પરંતુ કૃપાળુપણાને લીધે તેમને હણ્યા નહિ. માત્ર કેટલાક સુભટોને મૂર્છિત કર્યા. પાપડની જેમ કેટલાકના રથો ભાંગી નાખ્યા; તથા ધનુષ્ય, મુદ્‌ગર, ભાલા, ખડ્ગ અને ગદા વિગેરે હથિયારોના ચૂરેચૂરા કરી નાખ્યા.

ક્ષણમાં પૃથ્વીપર, ક્ષણમાં આકાશવિષે, ક્ષણમાં સૈન્યના અગ્રભાગે, ક્ષણમાં મધ્યભાગે અને ક્ષણમાં છેડે ભમતો તે વામન શત્રુઓને હણવા લાગ્યો. સ્તંભ, મુષ્ટિ અને પાદના ઘાતવડે ચારે બાજુથી હણીને તેણે મહાવતો, અસ્વારો, પત્તિઓ અને રથિકોને પાડી દીધા. ઉડતા, પડતા, દૂરથી આવતા કે જતા એવા તેને લોકોએ જાણ્યો નહિ; પરંતુ તેના પ્રહારથી પડી ગયેલા વીરોને જ જોયા. પછી મારવાને નહિ ઇચ્છતા વામને દંડના કોમળ પ્રહારવડે સૂરપાળ સહિત તે પાંચ મુંડિત કુમારોને મૂર્છિત કરી દીધા અને પોતાની બે બગલમાં, બે ખભા ઉપર અને બે પગની અંદર બબેને રાખી ત્યાંથી કુદી જલ્દીથી તે ત્રણે સ્ત્રીઓ પાસે જઈ તેમને થાપણની જેમ તે છ કુમારો સોંપ્યા.

તે સ્ત્રીઓએ પોતાના વામન પતિના આદેશથી પોતાની દાસીઓ પાસે તે છએને દૃઢ બંધનથી બંધાવી શીતળ ઉપચાર કરાવીને સાવધ કર્યા. આ રીતે તે છ કુમારો પકડાયા તેથી તેમનું સૈન્ય ચારે બાજુ ભાગી ગયું. કારણ કે—‘ સર્વ કોઈને પોતાના પ્રાણ વહાલા હોય છે. ’

હવે શ્રીપતિ રાજા કે જે પોતાની કન્યાઓનો આવો પતિ થવાથી ખેદ પામતો

હતો, તેણે પ્રથમ વામનને હણતા રાજકુમારોની ઉપેક્ષા કરી હતી; અર્થાત્ કુમારો વામનને હણે છે તે ઠીક થાય છે એમ ધારી રાજા પોતે છેટો રહ્યો હતો, પરંતુ જ્યારે તે છ કુમારો પકડાયા, ત્યારે તે રાજાએ શસ્ત્રોથી ભરેલા રથમાં રહેલા પોતાના સેનાપતિને સાર સૈન્ય સહિત તે કુમારોના સૈન્યો સાથે જોડી દીધો.

તે વખતે ચંડપાલાદિક કુમારો રાજાની સહાય મળવાથી પોતપોતાના સૈન્ય સહિત ફરીથી ક્રોધવડે યુદ્ધ કરવા લાગ્યા. નટ ભાલાને ફેરવે તેમ વામને પણ પોતાના શરીરની ચોતરફ એવી રીતે સ્તંભને ફેરવ્યો કે જેથી તેના શરીરને એક પણ શસ્ત્ર વાગ્યું નહિ. એ રીતે શત્રુનાં શસ્ત્રોને કાપતાં તે વામને સેનાપતિ સુધી જઈ તેના પગ પકડી ચારે બાજુ ભમાડી આલાનસ્થંભ–હાથીને બાંધવાના ખીલાની જેમ તેને કયાંઇક ઉડાડી દીધો. તે બહુ દૂર પડીને પૃથ્વીના આઘાતથી મૂર્છા પામ્યો. તેની તત્કાળ પોતાના પુરૂષો પાસે વામને ચિકિત્સા કરાવી.

પછી તે વામને તેના જ શસ્ત્ર ભરેલા રથમાં બેસી હાથમાં ધનુષ્ય ગ્રહણ કરી તે રથ સારથી પાસે જલ્દીથી શત્રુના સૈન્યમાં ભમાડયો. તેના ઉપર બળના ગર્વથી ઉદ્ધત થયેલા અને ગર્જના કરતા **ચંડપાલ** વિગેરે કુમારોએ બાણોની વૃષ્ટિ કરી તેને તત્કાળ રૂંધ્યો; એટલે તેણે પણ દૂર સુધી પહોંચે તેવા બાણોવડે હાથીઓ અને સુભટોના સમૂહોને વીંધતાં લાંબો કાળ યુદ્ધ કર્યું. એકી સાથે છાતીમાં, તે વામનના બાણોથી વીંધાયેલા શત્રુયોદ્ધાઓ હાથી પાસે બકરા જેવા લાગતા હતા. પછી તે વામને ચંડપાળ કુમારનો રથ ભાંગી ધનુષ્ય છેદી શસ્ત્રવડે તેનું માથું અને મુખ મુંડી નાખ્યું. તો પણ તે ચંડપાળે શૂરવીર હોવાથી ખડ્ગ ગ્રહણ કરી વેગથી કૂદકો મારી વામનના રથ પાસે આવી તેના પર ખડ્ગનો ઘા કર્યો. તરત જ વામને તેનો ઘા છેતરી તેના હાથમાંથી ખડ્ગ ખૂંચવી લઈ મુષ્ઠિના પ્રહારવડે તેને મૂર્છિત કરી તેના જ વસ્ત્રોવડે તેને બાંધી લીધો.

ત્યારપછી **દૃઢરથ** નામના વીર રાજપુત્રે વામનને યુદ્ધ કરવા બોલાવ્યો; એટલે તે બન્નેએ બાણોવડે એકબીજાને આચ્છાદન કરતાં લાંબો કાળ યુદ્ધ કર્યું. છેવટે વામને શસ્ત્રવડે તેનું પણ મસ્તક મુંડી નાખ્યું. તેથી લજ્જા પામી તે નાસી ગયો. ત્યાર પછી રણબળ નામનો રાજકુમાર યુદ્ધ કરવા આવ્યો. તેની પણ વામને તે જ દશા કરી. એ રીતે વામને સાતે કુમારોને નસાડી દીધા. એટલે બાકી રહેલા કુમારોએ વિચાર્યું કે—

"જો આ વામન યુદ્ધમાં અમને હણે તો તેની સાથે યુદ્ધ કરવાથી પાછળ રહેલા અમારા વંશજોને કાંઈ વધારે ગરાસ મળે તેમ નથી, અને તેવા પ્રકારની કાંઈ કીર્તિ પણ મળવાની નથી, તો ફોગટ શા માટે અમારે મરવું જોઈએ ?"

એમ વિચારી તે સર્વ કુમારો સૈન્ય સહિત ત્રાસ પામી નાશી ગયા; કેમકે સર્વને જીવવાની ઇચ્છા પ્રબળ હોય છે. પછી વામને સૈન્ય સહિત તે સર્વને આશ્વાસન આપ્યું. તે વખતે રણસંગ્રામ જોવા આવેલા વ્યંતરોએ વામન ઉપર પુષ્પવૃષ્ટિ કરી.

આ પ્રમાણે સર્વ કુમારોનો પરાજય અને વામનનો વિજય જોઈ દુર્બુદ્ધિવાળો અને સ્વતંત્ર વિચારવાળો શ્રીપતિ રાજા પોતે સર્વ સૈન્ય સહિત યુદ્ધ કરવા તૈયાર થયો. તે જોઈ તેના હિતેચ્છુ પ્રધાનોએ તેને કહ્યું કે—

"હે રાજન્! વિચાર્યા વિના ઉદ્ધતાઈ કરીને મૂર્ખાઈથી મરવાને કેમ ઇચ્છો છો અને સૈન્યનો સંહાર કરાવવા કેમ તૈયાર થયા છો? આ વામનની પાસે આખા જગતના સુભટો તૃણ સમાન છે. તમે સૈન્ય સહિત આ વામનથી હણાશો, તો તેમાં તમારી શી કીર્તિ થશે, અને જો કદાચ પકડીને જીવતા મૂકી દેશે, તો પછી તે જમાઇને શી રીતે તમે તમારૂં મુખ દેખાડી શકશો?

શસ્ત્ર રહિત એવા એકલા એણે આ પ્રમાણે સૈન્ય સહિત સર્વ કુમારોનો પરાજય કર્યો, તો તેની પાસે ઇંદ્ર પણ શા હિસાબમાં છે? આવી કળા અને બળના વિસ્તારવાળો વર કન્યાઓના ભાગ્યથી જ મળેલ છે, તો શામાટે હર્ષને સ્થાને ખેદ કરો છો? વળી આવું શૌર્ય, આવી કળાઓ, આવું દાન અને આવી કૃપા વિગેરે ગુણો વામનને વિષે સંભવતા નથી; કેમકે આકૃતિ વિના ગુણ હોઈ શકે નહિ. તેથી જરૂર આ કોઈ દિવ્ય પ્રકૃતિવાળો મહાપુરૂષ જણાય છે, ઇચ્છા પ્રમાણે વિદ્યાદિકની શક્તિવડે જૂદાં જૂદાં રૂપો કરી પૃથ્વીપર ક્રીડા કરતો હોય એમ અમને ભાસે છે.

વળી તમારી કુળદેવતાએ પણ ઘોષણાપૂર્વક તેનાપર વારંવાર પુષ્પવૃષ્ટિ કરી અમારા તર્કને મજબૂત કર્યો છે. તેથી જો તેની પ્રાર્થના કરવામાં આવે તો તેણે કળા પ્રગટ કરી તેમ પોતાનું સ્વાભાવિક રૂપ પણ દાક્ષિણ્યતાથી પ્રગટ કરશે, માટે તે બાબતની પ્રાર્થના કરો."

આ પ્રમાણે નીતિમાર્ગને અનુસરનારી અને પરિણામે હિતકારક એવી પ્રધાનોની વાણી અંગીકાર કરી રાજાએ તત્કાળ વિજયના વાજિંત્ર વગડાવ્યા, અને પ્રધાનાદિક સહિત તે વામનની સન્મુખ ચાલ્યો; તેટલામાં બંદીજનો જેના ગુણની ઘોષણા કરતા હતા અને ગાયકો જેના ગીત ગાતા હતા તથા જે તેઓને મહાદાન આપતો હતો એવા તે વામને તત્કાળ રથ ઉપરથી ઉતરી શ્વસુરને પ્રણામ કર્યા.

રાજાએ પણ તેને આશીર્વાદ આપી આલિંગન કર્યું. પછી રાજાએ સુવર્ણના આસન

પર બેસી વામનને પોતાની પાસે બેસાડયો અને બીજા સર્વ સભાસદો પોતપોતાને યોગ્ય સ્થાને બેઠા. પછી રાજાએ વામનને સારી રીતે વિજય કર્યાના સમાચાર પૂછયા.

ત્યારે વામન બોલ્યો કે—"હે ભૂપતિ ! કળાને વિષે અને યુદ્ધને વિષે હું કાંઈ જીત્યો નથી; પરંતુ મારા હૃદયમાં જે સમર્થ મંત્ર રહ્યો છે, તે જ શ્રીપરમેષ્ઠિ મંત્રે આ સર્વનો પરાજય કર્યો છે. જો હૃદયમાં શ્રીપંચપરમેષ્ઠી મંત્ર રહેલો હોય તો સર્વ ગ્રહો પ્રસન્ન થાય છે. દેવો વશ થાય છે, દુષ્ટ રાજાઓ અને ખળ પુરૂષો પરાભવ કરવા સમર્થ થતા નથી, વિઘ્નો નાશ પામે છે તથા સર્વ સંપદાઓ આપણી પાસે આવીને વિલાસ કરે છે."

આવાં તેનાં વચન સાંભળી સર્વ સભ્યોએ ગર્વ સહિત અને જૈનધર્મી એવા તેની પ્રશંસા કરી, તથા જેનો પ્રભાવ પ્રત્યક્ષ જોવામાં આવ્યો હતો એવા શ્રીપંચપરમેષ્ઠી મંત્રની પણ સ્તુતિ કરી. પછી વામને બાંધેલા સર્વ વીરોને ત્યાં બોલાવી મુક્ત કર્યા. તે વખતે જેઓ પ્રથમ મુંડાયેલા હતા તેઓએ ચંડપાળને પણ મુંડિત જોઈ તેની મશ્કરી કરી. ત્યારે તે ચંડપાળ તેમની મશ્કરી કરતાં બોલ્યો કે—

"**न दुःखं पंचभिः सह**"–"પાંચ જણાની સાથે દુઃખ પડે તે દુઃખ જણાતું નથી." ત્યારથી લોકમાં પણ આ શ્લોકનો એક પાદ કહેવત રૂપે પ્રવર્ત્યો. પછી ઔષધિના જળથી સર્વ સુભટો, હાથીઓ, અશ્વો વિગેરેને તથા કંઠે પ્રાણ આવ્યા હોય એવા પણ ઘાતથી પીડિત સુભટાદિકને તે વામને સજ્જ કરી દીધા. કૃપાળુ હોવાથી હણવાને નહિ ઈચ્છતા એવા તેણે સુભટાદિકને અપેક્ષા સહિતજ પ્રહારો કર્યા હતા કે જેથી ઘણા મરણ પામ્યા નહોતા.

પછી રાજા વિગેરે સર્વ જનોએ તેની પ્રાર્થના કરી કે—"હે કુમાર ! જેમ તમે તમારા ગુણો પ્રગટ કર્યા છે, તેમ તે ગુણોને તુલ્ય એવું તમારૂં અસલ રૂપ પણ પ્રગટ કરો,"

તે સાંભળી તેમની દાક્ષિણ્યતાથી તેણે ઔષધિના પ્રયોગવડે પોતાનું અસલ રૂપ ધારણ કર્યું. વિશ્વને જીતે એવું તેનું રૂપ જોઈ સર્વ જનો આશ્ચર્ય અને આનંદમય થયા. તે વખતે વાદ્ય અને ગીતાદિકના નાદ સહિત જયજય શબ્દનો કોળાહળ થયો. તે વખતે કોઈ દૂર દેશથી આવેલો બંદી તેમને ઓળખીને બોલ્યો કે—

"અહો ! મેઘની જેમ ઉત્તમ સુવર્ણલક્ષ્મીની વૃષ્ટિવડે પૃથ્વીના સર્વ જનોને પ્રસન્ન કરતા અને પૃથ્વીપર સ્વેચ્છાએ વિચરતા આ ક્ષત્રવૈશ્રવણ આજે મારા જોવામાં આવ્યા તે બહુ શ્રેષ્ઠ થયું."

તે સાંભળી "આ ક્ષત્રવૈશ્રવણ કોણ છે ?" એમ રાજાના પૂછવાથી તે બંદીએ પદ્મરથ રાજાની પુત્રીના પાણિગ્રહણથી આરંભી કમળપ્રભ રાજાની પુત્રીના પાણિગ્રહણ

પર્યંત તેનું મોટું, ઉદાર અને આશ્ચર્યકારક સમગ્ર ચરિત્ર કહી સંભળાવ્યું. તે સાંભળી આખી સભા વિશેષે કરીને હર્ષ અને આશ્ચર્યમય થઈ; અને "કોઈ સામાન્ય માણસે આપણો પરાજય કર્યો નથી."

એમ વિચારી સર્વ કુમારો હર્ષ પામ્યા. પછી તેઓ સર્વ એકઠા થઇ બોલ્યા કે– "હે અલક્ષ્ય રૂપવાળા કુમાર! તમે વિશ્વમાં અદ્ભુત છતાં અમે અજ્ઞાનથી તમારો અપરાધ કર્યો છે તે ક્ષમા કરજો."

તે સાંભળી કુમારે પણ તેઓની પાસે પોતાનો અપરાધ ખમાવ્યો. એ રીતે સર્વેને પરસ્પર પ્રીતિ થઈ, કન્યાઓ પણ આ સર્વ વૃત્તાંત જાણી અદ્વૈત આનંદ પામી.

રાજાએ પોતાના મહેલમાંજ એક ચિત્રશાળામાં કુમારને બહુમાનથી કેટલોક પરિવાર આપીને રાખ્યો. પછી અવસરે રાજાએ કન્યાઓનું પાણિગ્રહણ કરવા માટે કુમારને વિનંતિ કરી, ત્યારે તે બોલ્યો કે—

મારે સ્ત્રીઓનું કાંઈ પ્રયોજન નથી; કેમકે મારે ઘણી સ્ત્રીઓ છે. કળામાં અને યુદ્ધમાં જે મેં વિજય કર્યો છે તે માત્ર કૌતુકને માટે જ કર્યો છે. વળી મારૂં કુળ અને શીળાદિક જાણ્યા વિના મને તમારે પુત્રીઓ પરણાવવી યોગ્ય નથી; પરંતુ કોઈક કળાવાન રાજપુત્રોને તે કન્યાઓ તમે આપો, અને ચિરકાળ સુધી કળામાં કરેલા તેમના પરિશ્રમને કૃતાર્થ કરો."

તે સાંભળી રાજાએ કહ્યું કે—"દેવીએ જ 'યોગ્ય વરને વરી, યોગ્ય વરને વરી' એવી ઘોષણાપૂર્વક તમને જ એ કન્યાઓ આપી છે, અને તમારૂં કુળ તથા શીળ પણ તે દેવીએ જ કહ્યું છે, તેથી આ મારી પ્રાર્થના વૃથા ન કરો."

આ પ્રમાણે કહી બળાત્કારે પાણિગ્રહણ કરવાનું અંગીકાર કરાવી શ્રીપતિરાજાએ સારા લગ્નને દિવસે વિવિધ ઉત્સવપૂર્વક તેને વિષે જ રાગવાળી ત્રણે પુત્રીઓને તેની સાથે પરણાવી. તેની પહેરામણીમાં રાજાએ તેને દેશ, હાથી, ઘોડા, રથ અને સૈનિકો તથા સર્વ સામગ્રી સહિત સુંદર મહેલ આપ્યો. તે મહેલમાં નવી પરણેલી અને નવા સ્નેહવડે મનોહર એવી તે ત્રણે પ્રિયાઓ સાથે વસતો તે કુમાર સ્વેચ્છાએ ક્રીડા કરવા લાગ્યો; તેમજ ગુરૂ અને દેવ વિગેરે સાતે ક્ષેત્રમાં ઘણું ધન વાપર્યું અને યાચકજનોને ઇચ્છિત ધનનું દાન કરવા લાગ્યો. 'આવા લાભમાં આવો વ્યય કરવો તે યોગ્ય જ છે.'

આ કુમારના ભાગ્ય અને બળ વિગેરેવડે શ્રીપતિ રાજાનું રાજ્ય પણ વૃદ્ધિ પામ્યું, અને લોકમાં ચારેબાજુ આ કુમારના ગુણોની સ્તુતિ વૃદ્ધિ પામી. આ પ્રમાણે પરદેશમાં

પણ મનુષ્યો સહાય રહિત છતાં સર્વ ઠેકાણે જયલક્ષ્મીને જે પામે છે, તે પૂર્વજન્મમાં ઉપાર્જન કરેલી પુણ્યલક્ષ્મીનો જ પ્રભાવ છે એમ જાણવું.

આ રીતે તપગચ્છના અધિરાજ પૂજ્ય શ્રી દેવસુંદરસૂરિ અને શ્રી જ્ઞાનસાગરસૂરિના શિષ્ય શ્રીમુનિસુંદરસૂરિએ રચેલા જયશ્રીના ચિહ્નવાળા શ્રીજયાનંદ રાજર્ષિના ચરિત્રને વિષે નાટ્યસુંદરી, ગીતસુંદરી અને નાદસુંદરી નામની ત્રણ કન્યાના પાણિગ્રહણના વૃત્તાંતવાળો આ દશમો સર્ગ સમાપ્ત થયો.





# एकादश सर्ग

**वितरतु शिवशर्मापूर्वधन्वंतारश्री–स्त्रिजगति फलिनीवच्छयामलः पार्श्वनाथः ।**
**समपनयति बाह्याभ्यन्तरानामयौघान् स्मृतिमपि गमितो यः सर्वविघ्नापहारी ॥**

જે પ્રભુ માત્ર સ્મરણ કરવાથી જ સર્વ વિઘ્નનો નાશ કરે છે, તથા બાહ્ય અને અભ્યંતર વ્યાધિઓના સમૂહને દૂર કરે છે, તે ફલિની નામની ઔષધિ જેવા શ્યામ વર્ણવાળા શ્રી પાર્શ્વનાથરૂપી [1]અપૂર્વ ધન્વંતરી ત્રણ જગતને શિવસુખ આપો.

હવે તે બુદ્ધિમાન શ્રીજયાનંદકુમારે ક્રીડા કરવાના ઉદ્યાનાદિકમાં ક્રીડા કરતાં ધર્મ અને સુખમય કેટલોક સમય નિર્ગમન કર્યો. એક દિવસ અશ્વક્રીડા કરવા માટે ઉદ્યાનમાં જતાં કુમારે માર્ગમાં વધ કરવા માટે વધ્યભૂમિ ઉપર લઈ જવાતા એક પુરૂષને જોયો, તેને ગધેડા ઉપર અવળે મુખે બેસાડવામાં આવ્યો હતો, તેના મસ્તક ઉપર સાત ઠેકાણે મુંડન કરેલું હતું, હાહો કરી રહેલા અનેક માણસો તેને માર મારી રહ્યા હતા, નાના છોકરાંઓ તેની સામે કાંકરા અને ધૂળ ઉછાળી રહ્યા હતા, તેના આખા શરીરે રાખ ચોળેલી હતી, તેના મુખ ઉપર મેંશ લગાડેલી હતી, અને આખા શરીરે ચાંદાં પડેલાં હતાં. તેના પેટમાં ઊંડા ખાડા પડી ગયા હતા અને તેની આગળ સાંભળવું ન ગમે એવું કાહલ નામનું વાજિંત્ર વાગી રહ્યું હતું. આ પ્રમાણે જાણે નરકગતિની કંઈક વાનકી હોય અને જાણે શરીરધારી સાક્ષાત્ પાપનો પીંડ હોય એવા આ પુરૂષને જોઈ શ્રીજયાનંદકુમારે કોટવાળને પૂછયું કે—"આ કોણ છે? અને તેને આવા પ્રકારનું દુઃખ આપી કયાં લઈ જાઓ છો?" ત્યારે તેઓ બોલ્યા કે—

"આ ચોર રાત્રીમાં **ઈશ્વર** શ્રેષ્ઠીના ઘરમાં ખાતર પાડી સર્વસ્વ લઈ નાસી જતો હતો, તેટલામાં તેના ઘરવાળાએ જાગવાથી કોલાહલ કર્યો, તે સાંભળી અમે તેને પકડ્યો, અને તેની પાસેથી ચોરીનો સર્વ માલ કબજે કર્યો; તેથી અત્યારે રાજાની આજ્ઞાથી આ

---

૧ પ્રસિદ્ધ ધન્વન્તરી એટલે દેવવૈદ્ય તો કેવળ બાહ્ય રોગને દૂર કરી શકે છે, અને વિઘ્નનો નાશ કરી શકતો નથી. તે પણ સ્મરણ કરવાથી નહિ, પણ સાક્ષાત્ સેવવાથી જ બાહ્ય રોગને દૂર કરે છે. તેથી પ્રભુને અપૂર્વ ધન્વન્તરી કહ્યા છે.

પાપીને મારી નાખવા માટે વધ્યભૂમિએ લઈ જઈએ છીએ. ચોરની એ જ દશા હોય છે; કારણ—પાપનું ફળ પ્રત્યક્ષ જ મળે છે.” તે સાંભળી કુમારે વિચાર્યું કે—

“હું અહીં દાતાર તરીકે પ્રસિદ્ધ છું, છતાં દરિદ્રી અને દુ:ખી માણસને આવી ચોરી કરવી પડે છે? આમાં તો મારો જ દોષ છે.” એમ વિચારી પૂર્ણ કૃપાળુ કુમારે તેને રાજસેવકો પાસેથી છોડાવી પોતાના મહેલને વિષે લઈ જઈ તેને સ્નાન ભોજન વિગેરે કરાવ્યું. પછી અવસરે કુમારે તેને પોતાની પાસે બોલાવી પૂછ્યું કે—

“તું કોણ છે? અને શા માટે ચોરી કરે છે?” તે સાંભળી કુમારને ઓળખી તેણે નીચું મુખ કર્યું અને ભયથી કાંઈ પણ બોલ્યો નહિ. તે જાણી કુમારે અભયદાન આપ્યું, ત્યારે તે ગદ્ગદ્ સ્વરે બોલ્યો કે—

“મારૂં પાપીનું ચરિત્ર સાંભળવા લાયક નથી, તેથી હું શું કહું?” આ પ્રમાણે તેના સ્વરથી તથા રૂપથી તેને ઓળખી કુમારે તેને કહ્યું કે—“અહો! તું તો સિંહકુમાર છે! અરે બંધુ! તારી આવી અવસ્થા કેમ થઈ?” એમ કહી સ્નેહથી તેને આલિંગન કરી આસન પર બેસાડી તેને કહ્યું કે—

“હે ભાઈ! તારૂં પલ્લીનું રાજ્ય ક્યાં ગયું? અને આ શરીર પર આટલા બધા ચાંદા શાથી પડ્યા?” તે સાંભળી કાંઈક ધીરજ લાવી કપટમાં કુશળ એવા તેણે પોતાનો અપરાધ છુપાવી આ પ્રમાણે કહ્યું—(આ સ્થિતિએ પહોંચ્યા છતાં પણ હજુ કપટ છોડીને સત્ય વાત કહી શકાતી નથી!)

“હે કુમાર! તે વખતે રાત્રીએ તું દેવીના મંદિરમાં સુતો હતો, ત્યારે બરાબર જાગતો ચારે બાજુથી હું તારૂં રક્ષણ કરી રહ્યો હતો, તેવામાં મેં એક સિંહ આવતો જોયો. તેને ત્રાસ પમાડવા માટે અને તારૂં રક્ષણ કરવા માટે હું તેની પાછળ ઘણે દૂર સુધી ગયો. ત્યાંથી પાછા વળતાં હું ભૂલો પડ્યો, તેથી માર્ગને પામ્યો નહિ. છેવટ ચારેબાજુ ભમી ભમીને પ્રાતઃકાળ થયો ત્યારે માર્ગ સૂઝ્યો અને દેવીના મંદિરમાં આવ્યો.

ત્યાં ચિંતામણિ રત્નની જેમ સ્થાપન કરેલા તને જોયો નહિ, ત્યારે તે આખા પર્વતપર મેં અને મારા સર્વ સૈનિકોએ તને શોધ્યો; પરંતુ સમુદ્રમાં પડી ગયેલા રત્નની જેમ અમે તને મેળવી શક્યા નહિ. પછી તારા વિયોગથી પીડા પામતો હું પલ્લીનું પાલન કરવા લાગ્યો. કેટલેક કાળે સૂર્યના પ્રકાશને અભાવે અંધકારની જેમ તારે અભાવે તે મહાસેન પલ્લીપતિએ અનુક્રમે મારી પૃથ્વી દબાવી. તે જાણી ઇર્ષ્યાના વશથી તેનો નિગ્રહ કરવા માટે હું સર્વ સૈન્ય સહિત તેની પલ્લી પાસે જઈ તેની સાથે યુદ્ધ કરવા લાગ્યો.

તેના સૈન્યે મારૂં સૈન્ય ભાંગ્યું, એટલે મેં તેની સાથે યુદ્ધ કર્યું. તેમાં તેણે મને પ્રહારવડે જર્જરિત કરી બાંધીને કેદખાનામાં નાખ્યો. પછી તે નિર્ભયપણે બન્ને પલ્લીનું રાજ્ય ભોગવવા લાગ્યો, અને મને ચામડાથી મઢી પર્વતના શિખર ઉપરથી પડતો મૂક્યો; પરંતુ કર્મના યોગે હું કોઈક પલાલ અને પાંદડાના ઢગલા ઉપર પડયો. ચારેબાજુથી ચાંદા પડેલા અંગવાળો અને પર્વતની શિલા સાથે ઘસાવા છતાં પણ હું મરણ પામ્યો નહિ. રાત્રીએ અકાળે વરસાદ વરસ્યો. તે વખતે મઢેલા ચામડાની ગંધથી કેટલાક શિયાળ ત્યાં આવ્યા, તેમણે તે ચામડું કરડી ખાધું, અને મૂર્છા પામેલો હું શિતળ પવનથી ચૈતન્ય પામ્યો. 'જેને દુઃખ ભોગવવાનું હોય તેને અભાગ્યને યોગે મૃત્યુ પણ દુર્લભ હોય છે.'

પછી અનુક્રમે તે પર્વતને ઓળંગી વ્રણથી જર્જરિત એવો હું ગ્રામ નગર વિગેરેમાં ભમતો અને ભિક્ષાવડે આજીવિકા કરતો કાળે કરીને અહીં આવ્યો સ્વર્ગપુરી જેવા પણ આ નગરમાં હું ત્રણ દિવસ સુધી ભિક્ષા માટે ભમ્યો પણ મને ભિક્ષા મળી નહિ, તેથી મેં ચોરી કરી. 'ક્ષુધાતુર મનુષ્ય શું નથી કરતો?'

હે બંધુ! તેં મને પ્રથમ અનેકવાર જીવિતદાન આપ્યું હતું વળી આજે પણ આપ્યું છે. તો જીંદગીપર્યંત દાસપણું કરવાથી પણ હું તારો અનૃણી થાઉં તેમ નથી. મને ધિક્કાર છે! પૂર્વે ઉપાર્જન કરેલું મારૂં પાપ વાણીથી પણ કહી ન શકાય તેટલું છે, તેથીજ પગલે પગલે હું દુષ્ટ આપત્તિઓના સ્થાનરૂપ થાઉં છું. કહ્યું છે કે—

અધમ જનની સંગતિ, દુષ્ટ બુદ્ધિ, દરિદ્રતા, પગલે પગલે વધ બંધ અને પરાભવ, શત્રુથી પરાભવ, પ્રિય વસ્તુનો વિયોગ અને દુષ્ટ આપત્તિ એ સર્વે પાપરૂપી વૃક્ષના ફળો છે."

આ પ્રમાણે સિંહકુમારનો વૃત્તાંત સાંભળી કૃપાળુપણાને લીધે કુમારે તેને કહ્યું કે—"હે બંધુ! તું ખેદ ન કર. આ સંસારમાં આપત્તિ કોને નથી આવતી? આ રાજ્ય અને આ ધન જે કાંઈ મારૂં છે, તે સર્વ તારૂં જ છે એમ માન. જે લક્ષ્મી સ્વજનોવડે ભોગવાય તે જ સાર્થક છે."

એમ કહી કુમારે ઔષધિના જળવડે તેના શરીરનાં સર્વ વ્રણો દૂર કર્યાં, અને તુષ્ટમાન થયેલા કલ્પવૃક્ષની જેમ તેણે તેને વસ્ત્ર અને અલંકાર વિગેરે આપ્યાં. હંસ જેવા તે કુમારે કાગડા જેવા તે સિંહને લોકમાં પોતાના ભાઈ તરીકે પ્રસિદ્ધ કરી સર્વ કાર્યમાં માનપૂર્વક તેને અગ્રેસર કરી પોતાની પાસે રાખ્યો.



"સર્વ વસ્તુ ધનાદિકવડે પ્રાપ્ત થાય છે, પણ ભાઈ પ્રાપ્ત થતો નથી." એમ વિચારી ત્રણે પ્રિયાઓની અનુમતિ લઈ તે કુમારે તેને પોતાના દેશનો અધિકારી કર્યો.

કુમારે આપેલા માનથી અને ધનાદિકથી તે સિંહ વિલાસ કરતો હતો, છતાં પાશમાં પડેલા શિયાળની જેમ તે મનમાં અત્યંત દુઃખી થતો હતો. પોતાની આપત્તિઓનું સ્મરણ કરી અને કુમારની સંપત્તિઓને જોઈ તે સિંહસાર વર્ષાઋતુમાં જવાસાની જેમ સૂકાતો હતો. સર્વ સંપત્તિ સહિત અને સર્વ પ્રકારના તેજવડે અતિ દેદીપ્યમાન તે કુમારને જોઈ જેમ ઘૂવડ સૂર્યના અસ્તને ઇચ્છે છે તેમ તે સિંહસાર શ્રીજયાનંદકુમારના અસ્તને ઇચ્છતો હતો. તે દુષ્ટે વિચાર કર્યો કે—

"મારે સંપત્તિ નથી, તો આની સંપત્તિને હું કેમ ન લઈ લઉં ? વિશ્વાસ પામેલા અને વૃદ્ધિ પામતા શત્રુની કોણ ઉપેક્ષા કરે ? માટે કોઈ પણ પ્રકારથી આને મારી નાખું કે જેથી તેની સર્વ લક્ષ્મી મારા હાથમાં આવે. આ અભિલાષા પ્રાયે રાજાની સેવાથી જ સાધ્ય કરી શકાશે." આ રીતે વિચારી તે સિંહસાર શ્રી જયાનંદકુમારની સાથે રાજા પાસે જવા લાગ્યો, અને અનુક્રમે તેણે રાજાને એવો પ્રસન્ન કર્યો કે જેથી તે સિંહસાર એકલો પણ ગમે તે વખતે રાજા પાસે જવા લાગ્યો; પરંતુ તેના આવા દુષ્ટ અભિપ્રાયો કોઈના જાણવામાં આવ્યા નહી.. 'કાદવમાં છુપાં રહેલા કાંટાને કોણ જાણી શકે ?'

તોપણ મહા બુદ્ધિશાળી કુમારની પ્રિયાઓ તેની ચેષ્ટાવડે તેની દુષ્ટતા જાણતી હતી; પરંતુ પોતાની જેવી જ દૃષ્ટિ સિંહની છે એમ માનનાર શ્રીજયાનંદકુમાર તે પ્રિયાઓના વચનપર શ્રદ્ધા રાખતો નહોતો. 'સત્પુરૂષો હમેશાં પરના ગુણોને જ જુએ છે અને દુષ્ટજનો પરના દોષોને જ જુએ છે. સૂર્ય સદા પ્રકાશને જ આપે છે અને ઘૂવડ અંધકારને જ જુએ છે.' નગરીના લોકો આ બધું જોઈને વિચાર કરતા હતા કે—

"શ્રીજયાનંદકુમાર આ ચોરને પણ આટલું બધું માન આપે છે, તો શું સમાન આકૃતિવાળો હોવાથી તે તેનો ભાઈ જ હશે ?" એકદિવસ રાજાએ કુમારને પૂછ્યું કે– "ગુણોએ કરીને અધિક એવા અનેક જનોને છોડી હાથી જેમ શિયાળને માને તેમ તમે આને કેમ બહુમાન આપો છો ?" કુમારે જવાબ આપ્યો કે—

"મારો ભાઈ હોવાથી હું તેને માન આપું છું." તે સાંભળી લોકની જેમ તેના વચનપર નહિ શ્રદ્ધા કરતા રાજાએ એકદિવસ એકાંતમાં કૌતુકથી સિંહને પૂછ્યું કે— "આ કુમાર સાથે તારો શું સંબંધ છે ?" ત્યારે અવસર આવ્યો જાણી તે માયાવી પોતાના અભિપ્રાય પ્રમાણે બોલ્યો કે—

"હે રાજન્ ! મેં પૂર્વે આ શ્રીજયાનંદ ઉપર ઘણો જ ઉપકાર કર્યો છે, તેથી તે મને બહુ માને છે. બાકી એ કોણ છે? એ બાબત હું કોઈને કાંઈપણ કહી શકું તેમ નથી, કારણકે કુમારે મને અગાઉથી જ સોગન આપ્યા છે તેથી હું કહીશ નહિ, છતાં પણ કદાચ કહું તો હે રાજન્! તમને દુઃખ થાય તેવું છે." તે સાંભળી રાજા સેંકડો શંકાથી વ્યાપ્ત થઈ ગયો, તેથી તેણે બહુ આગ્રહથી કહ્યું કે—

"જો તું મને કાંઈ પણ માન આપતો હોય તો એનો સર્વ વૃત્તાંત જરૂર કહે." ત્યારે તે બોલ્યો કે—"હે સ્વામિન્! કુમારની આજ્ઞાથી પણ તમારી આજ્ઞા અધિક બળવાન છે; કેમકે સ્વામીનો દ્રોહ એ મોટું પાપ છે. તેથી તમે સાવધાન થઈને સાંભળો—

"હું વિજયપુરના જય રાજાનો પુત્ર છું. પરંતુ મને જુગારનું અતિ વ્યસન હોવાથી હું ચોરી કરતાં શીખ્યો." તે સાંભળી રાજાએ વિચાર્યું કે—"અહો! આતો સત્યવાદી જણાય છે, કે જેથી તે પોતાના દોષને પણ છુપાવતો નથી."

ત્યારપછી રાજાની આજ્ઞાથી તે કહેવા લાગ્યો કે—"મારા પિતા જય રાજાનો કૃપા પાત્ર એક મધુગીત નામનો ચંડાળ કુળમાં ઉત્પન્ન થયેલો ગવૈયો છે, તેનો સ્વર શર્કરા જેવો મધુર છે. તેને સુરગીત નામનો પુત્ર છે. તે પુણ્યના પ્રભાવથી બાલ્યાવસ્થાથી જ સૌભાગ્યવાન, શૂરવીર, બુદ્ધિમાન અને અતિ મધુર સ્વરવાળો છે. નીચ કુળમાં ઉત્પન્ન થયા છતાં પણ તેનામાં સૌભાગ્યાદિક ગુણોનો સમૂહ કમળને વિષે સુગંધની જેમ સર્વને ઉલ્લંઘન કરે તેવો છે. તેને મારા પિતાએ પ્રસન્ન થઈને સર્વોત્તમ કળા ભણાવી; તેથી તે મારી પાસે જ ગીતગાન કરતો હતો અને હું તેને વાંછિત દાન આપતો હતો.

બીજી પણ નાટ્યાદિક કળા ભણવાની ઇચ્છાવાળા તેણે ઘણાની પાસે પ્રાર્થના કરી, પરંતુ નીચ કુળને લીધે તેને કોઈએ ભણાવ્યો નહિ. તેથી દેશાંતરમાં જઈ કળા શીખવાની તેની ઇચ્છા થઈ; પરંતુ દ્રવ્ય વિના કોઈ ભણાવશે નહિ એમ ધારી તેણે મારી પાસે ધન માગ્યું. ત્યારે 'મારા જ ઉપયોગમાં આવે તેવી કળાઓને આ શીખવાનો છે.' એમ વિચારી મેં તેને એક કોટિ ધન આપ્યું. તે લઇ તે દેશાંતરમાં ગયો.

અનુક્રમે વિશાલપુર ગયો. ત્યાં ગુરૂસેવાદિકમાં કુશળ એવો તે વિદ્યાવિલાસ નામના ઉપાધ્યાયને મારૂં આપેલું ધન આપી તેને વશ કરી લોકમાં પોતે ક્ષત્રિય તરીકે પ્રસિદ્ધ થઈ થોડા દિવસમાં તીવ્ર બુદ્ધિને લીધે સમ્યક્ પ્રકારે સમગ્ર કળાઓ શીખી ગયો. 'ધન, બુદ્ધિ અને દંભથી શું સધાતું નથી?' તેમાં પણ પરદેશને વિષે તો તે ધનાદિક વિશેષે કરીને કાર્યસાધક બને છે. કહ્યું છે કે—

"એક યોગનો અર્ધ ભાગ દંભને આપવો, બાકી રહેલા અર્ધમાંથી છ ભાગ મૃષાભાષાદિકને આપવા, છ ભાગ ધૃષ્ટતાને આપવા, બે ભાગ ક્રિયા અને વૈદ્યકને આપવા તથા એક ભાગ ભાંડચેષ્ટાને આપવો. આવી જાતનો યોગ આખી પૃથ્વીને વશ કરી શકે છે."

વળી તેણે કુશળતાથી કોઈ યોગી આદિકની સેવા કરી તેની પાસેથી ઇષ્ટ રૂપાદિક કરનારી ઔષધિઓ મેળવી. "ભમતાં ભમતાં શું સિદ્ધ ન થાય?" ત્યારપછી તે પરદેશમાં ભમતો ભમતો કળાઓવડે લોકોને રંજન કરી અને ઔષધિવડે ઉપકાર કરી વાંછિત ધન મેળવવા લાગ્યો; કોઈક પ્રકારે એ રાજાને મોહ પમાડી તેમની બે પુત્રીઓને તે પરણ્યો.

'કળા અને ભાગ્ય જો હોય તો કુળ જોવાની કાંઈ જરૂર રહેતી નથી.' મારી સોબતથી તે દાન આપવાના સ્વભાવવાળો થયો છે, તેથી દાનના પ્રભાવવડે તેનું નીચ કુળ ઢંકાઈ જાય છે. કેમકે સુવર્ણની લક્ષ્મીને વરસાવનાર મેઘની મલિનતાને કોણ વિચારે છે? તેના અહિં આવ્યા પછી જે થયું તે તો તમે પ્રથમથી જ જાણો છો. હું જ ભાગ્યહીન છું કે જેથી આવું લજ્જાકારક વૃત્તાંત પણ મારે તમારી પાસે કહેવું પડયું છે.

એકદિવસ દેશમાં ઉપદ્રવ કરનાર અને સૈન્ય સહિત પર્વતમાં વસનાર **મહાસેન** નામના પલ્લીપતિનો નિગ્રહ કરવા માટે મારા પિતા તૈયાર થઈ પ્રયાણ કરતા હતા, તે વખતે મેં તેમને વિનયથી જતા નિવારી સૈન્ય સહિત તે પર્વતની તળેટીમાં જઈ પલ્લી પતિને યુદ્ધ કરવા માટે મેં બોલાવ્યો, એટલે ભિલ્લની સેના સહિત પર્વતપરથી ઉતરી મહા ગર્વિષ્ઠ તે પલ્લીપતિએ શૃંગના નાદવડે ગુફાઓને ગજાવી લાંબોકાળ યુદ્ધ કર્યું. છેવટ મેં તેનો પરાજય કર્યો, એટલે તે નાશીને જતો રહ્યો.

તે વખતે મેં મુગ્ધપણાને લીધે તેની પલ્લી સળગાવી દેવા માટે વિષમ પત્થરવાળા પર્વતના કટકમાં પ્રવેશ કર્યો. તેટલામાં ગુફામાં સંતાઈ રહેલો તે શત્રુ પલ્લિપતિ ભિલ્લની સેના સહિત તેમાંથી બહાર નીકળ્યો અને યમરાજની જેવા તેણે મારા સૈન્ય ઉપર બાણ વૃષ્ટિ કરી; તેથી મારૂં સૈન્ય ભગ્ન થયું. 'વિષમ સ્થાનમાં કોણ ભગ્ન ન થાય?'

પછી મને પણ પ્રહારોથી જર્જરિત કરી બાંધીને તે પલ્લીપતિ તેની પલ્લીમાં લઈ ગયો. એકદિવસ મને ચામડાએ મઢી પર્વતના શિખરપરથી પડતો મૂકયો. ત્યાંથી અનુક્રમે હું અહીં આવ્યો, તે હકીકત તો તમે સાંભળી હશે. અહીં પ્રથમ તો મને ઓળખ્યા વિના તે મને મૂકાવીને પોતાને ઘેર લઈ ગયો, પછી મને ઓળખ્યો, ત્યારે ધનાદિકથી સત્કાર કરી મને ઘણે પ્રકારે માન આપવા લાગ્યો અને "કોઈ પણ ઠેકાણે

મારૂં કુળાદિક પ્રગટ કરવું નહિ." એમ દૃઢ સોગનવડે મને તેણે બાંધી લીધો. હું પણ બીજી ગતિ નહિ હોવાથી તેની પાસે રહ્યો છું. તે મને ઘણા માનપૂર્વક રાખે છે અને મારાપર અવિશ્વાસને લીધે ઘણા ઉપચારથી વશ કરેલા મને તે સર્વદા પોતાથી જૂદો પડવા દેતો નથી. આ પ્રમાણે તમારી આજ્ઞાને વશ થયેલા મેં તમને અત્યંત ગુપ્ત વાત પણ કહી છે. પરંતુ તેથી તેનાપર તમારે કાંઈપણ અપ્રસન્નતા કરવી યોગ્ય નથી. કેમકે-સદ્‌ગુણોમાં કુળ જોવાતું નથી."

આ પ્રમાણે સિંહના મુખથી કુમારનો વૃત્તાંત સાંભળી ખેદ, વિસ્મય અને ક્રોધથી વ્યાપ્ત થયેલા રાજાએ તેને બહુમાનથી રજા આપી, એટલે તે પણ પોતાનું વાંછિત સિદ્ધ થવાથી હર્ષ પામતો પોતાને સ્થાને ગયો. રાજા જૈનધર્મી હતો, છતાં તેને વિષે કાનની દુર્બળતા, વિચાર વિના કાર્યનું કરવાપણું અને સ્વચ્છંદતા એ ત્રણ દોષો રહેલા હતા; તેથી ક્રોધ પામેલા તે રાજાએ વિચાર્યું કે—

"અરે ! આ પાપી જમાઈએ મારી જેવા અનેકનાં કુળ વટલાવ્યાં–અપવિત્ર કર્યાં. મેં તેના કુળાદિકનો નિર્ણય કર્યા વિના ઉતાવળથી તેને પુત્રીઓ આપી. અને તેની પંક્તિમાં ભોજન પણ કર્યું, એ અતિ ખેદકારક થયું છે. આ માયાવીએ પોતાનું ક્ષત્ર-વૈશ્રવણ નામ પ્રસિદ્ધ કરી ધૂર્તની જેમ પદ્મરથ અને કમળપ્રભ રાજાને પણ છેતર્યા છે. જો આ નિંદ્ય વાર્તા બીજા રાજ્યોમાં પ્રસરશે તો તે રાજાઓ મારી હાંસી કરશે અથવા મારા કુળનો ત્યાગ કરશે; તેથી આજે જ રાત્રિમાં કોઈ પણ પ્રકારે ગુપ્ત રીતે તેને મારી નાખવો જ યોગ્ય છે."

એમ વિચારી તે રાજાએ પોતાના ખાનગી બે સેવકને બોલાવીને કહ્યું કે—"આજે મધ્ય રાત્રીએ ઘોડા પર ચઢીને જે પુરૂષ રાજમાર્ગમાં નીકળે, તેને તમારે તત્કાળ મારી નાખવો, અને આ વાત કોઈ પણ ઠેકાણે તમારે પ્રકાશ કરવી નહિ." આ પ્રમાણે રાજાની આજ્ઞા વિના વિચારે અંગીકાર કરી કુતરાની જેમ તે બન્ને સેવકો સાવધાનપણે રાજમાર્ગમાં છુપાઈને યોગ્ય સ્થાને રહ્યા.

પછી મધ્યરાત્રીનો સમય થવા આવ્યો ત્યારે રાજાએ પોતાના પુરૂષ પાસે એકલા કુમારને અમુક વિચાર કરવાના બાનાથી બોલાવ્યો. એટલે સરળ સ્વભાવવાળો અને રાજાને વિષે વિશ્વાસ તથા વિનયાદિકને ધારણ કરતો શ્રીજયાનંદકુમાર પણ તત્કાળ શય્યાનો ત્યાગ કરી જવાને તૈયાર થયો. તે વખતે તેની પ્રિયાઓએ નિપુણતાથી કહ્યું કે—

"હે સ્વામી ! તમે નીતિશાસ્ત્ર જાણતા છતાં આટલી બધી સરળતા કેમ રાખો છો ?



અત્યારે વિચાર કરવાનો અવસર છે ? તમને બોલાવવાનો આ સમય હોય ? પુરૂષ કે સ્ત્રીનું એકાંત સરળપણું પ્રશંસા કરવા લાયક નથી. તેનાથી કોઈ પણ કાર્યસિદ્ધિ થતી નથી; પરંતુ અવશ્ય પશ્ચાત્તાપ જ થાય છે. કાંઈ પણ દુષ્ટ કારણ વિના અકાળે રાજાનું બોલાવવું હોય જ નહિ. અકાળે વૃક્ષોને પુષ્પનો ઉદ્‌ગમ થાય તે શું કદાપિ ઉપદ્રવ વિના થાય ?

ચિત્તમાં જૂદું, વચનમાં જૂદું, ક્રિયામાં જૂદું અને ફળમાં જૂદું એ રીતે વેશ્યા-જનની જેમ રાજાનું ચરિત્ર લોકમાં ન જાણી શકાય તેવું હોય છે; તેથી કોઈપણ રાજા ઉપર વિશ્વાસ કરવો યોગ્ય નથી. તેમાં પણ અમારા પિતાને વિષે તો વિશેષે કરીને વિશ્વાસ કરવા જેવું નથી. કારણ કે તે સર્વ ગુણી છતાં તેનામાં મોટા ત્રણ દોષ પ્રસિદ્ધ છે; તેથી કરીને તમારા સર્વત્ર માન્ય એવા આ સિંહસારને મોકલો.

અન્યથા નિરંતર આ પ્રમાણે પોષણ કરાતો તે કયે વખતે કામ લાગશે ? અનુચર તેવા પ્રકારના સમયને માટે જ રાખવામાં આવે છે કે ઘાતથી રક્ષણ કરવા માટે તેને આગળ કરવામાં આવે. અગ્નિનો દાહ દૂર કરવા માટે જ હાથમાં કાષ્ટનો હાથલો ધારણ કરવામાં આવે છે. ”

આ પ્રમાણે નીતિમાર્ગને અનુસરનારી તેમની વાણીવડે પ્રસન્ન થયેલા કુમારે 'રાજા કાંઈક વિચાર કરવા તને અત્યારે બોલાવે છે' એમ કહી તે સિંહસારને જ મોકલ્યો. તે વખતે સિંહે વિચાર્યું કે—

“જરૂર રાજા મને કુમારના ઘાત સંબંધી ઉપાય પૂછવા બોલાવતા હશે; તેથી હું તેને મારી ઇચ્છા પ્રમાણે માર્ગ બતાવીશ.” એમ વિચારી હર્ષથી ઘોડા ઉપર આરૂઢ થઈને તે ચાલ્યો. અર્ધ રાજમાર્ગે જતાં તેને પેલા છુપાયેલા બન્ને પુરૂષોએ એક સાથે બે બાણોવડે વીંધી નાખ્યો, એટલે તે તરત જ ઘોડા ઉપરથી નીચે પડ્યો. 'બંધુના દ્રોહનું આ ફળ.' પછી તે બંનેએ જઈને તરત રાજાને કહ્યું કે—

“તમે કહેલું કાર્ય અમે કર્યું છે.” તે સાંભળી રાજા હર્ષ પામ્યો. 'પ્રાયે રાજાઓમાં વિવેક હોતો જ નથી.' કહ્યું કે—કે **विवेको दुर्लभःप्रायो, विशिष्य महतामिह धनाढयनृपदैवेषु, समनागपि नेक्ष्यते**

“પ્રાયે કરીને વિવેક પામવો દુર્લભ છે, તેમાં પણ મોટાઓને તો વિશેષ દુર્લભ છે, અને ધનાઢ્ય, રાજા તથા દૈવને વિષે તો તે વિવેક જરા પણ દેખાતો નથી.”

સિંહસારના પડવાનો ધબકારો સાંભળી આરક્ષક પુરૂષો દોડી આવ્યા. ત્યાં મોટો

કોલાહલ થયો. તે સાંભળી રાજાએ પોતાના માણસોને તપાસ કરવા મોકલ્યા. કોઈ માણસોએ શ્રીજયાનંદકુમારની પાસે જઈ તે સ્વરૂપ કહ્યું. ત્યારે તેની પ્રિયાઓ બોલી કે—

"હે સ્વામી! રાજાપરના વિશ્વાસનું ફળ જોયું? હે સ્વચ્છ સ્વભાવવાળા પ્રભુ! તે વખતે તમે અમારૂં વચન ન માન્યું હોત તો અત્યારે અમારી શી ગતિ થઈ હોત? હે નાથ! હવે પછી તમારે અત્યંત સાવધાન થઈને રહેવું. રાજા પાસે કોઈ ખળ પુરૂષ પેઠો જણાય છે. અથવા રાજાના આશયને કોણ જાણી શકે છે?" તે સાંભળી કુમાર બોલ્યો કે—

"હે પ્રિયાઓ! સમાન જાતિને લીધે સરસ્વતી તમારા હૃદયમાં ક્રીડા કરે છે. અને પરપુરૂષના સ્પર્શથી જાણે ભય પામી હોય તેમ મને તો સ્પર્શ પણ કરતી નથી. તેથી તમે જ મારે પ્રમાણભૂત છો; કેમકે નિપુણ એવી પતિવ્રતા સ્ત્રીઓ પુરૂષોને સહચરીરૂપ, લક્ષ્મીરૂપ, રક્ષા કરનાર, ધૃતિરૂપ અને મતિરૂપ હોય છે."

આવાં વચનવડે તે સ્ત્રીઓને આનંદ પમાડીને પછી કુમારે "સિંહસાર જીવતો હોય તો તેને અહીં લાવો" એમ કહી પોતાના માણસોને મોકલ્યા. ત્યારે તે માણસો પણ થોડો થોડો શ્વાસ લેતા સિંહસારને જોઈને શ્રીજયાનંદકુમાર પાસે ઉપાડી લાવ્યા, એટલે તેણે ઔષધિના જળવડે તેને સાવધ કર્યો. અહીં ખરેખરી કૃપાળુપણાની પરીક્ષા થાય છે. કહ્યું છે કે—

"ઉપકારી ઉપર અથવા ઈર્ષ્યા રહિત મનુષ્ય ઉપર જે દયા કરવી તેમાં શું વિશેષ છે? પરંતુ અપરાધ કરનારા શત્રુ ઉપર જેનું મન દયાળુ હોય તેજ સત્પુરૂષોમાં અગ્રેસર છે."

ત્યારપછી સિંહસારે વિચાર કર્યો કે—"વારંવાર મને મરણાંત આપત્તિઓ પ્રાપ્ત થઈ છે, તે આપત્તિઓ આ કુમારે જ દૂર કરી છે, તો મારો આથી અધિક પરાભવ કયો કહેવો? એ જ મોટામાં મોટો મારો પરાભવ છે એમ હું માનું છું.

વળી જેમ જીર્ણ થયેલી ચામડાની મસકમાં ઘણા છીદ્રો પડે છે તેમ વિધાતાએ સર્વ પરાભવોનું બીજું કોઈ સ્થાન નહિ મળવાથી પુણ્ય રહિત એવા મારે વિષે જ સર્વ પરાભવો નાખ્યા છે; અથવા તો આ કુમારનો જ આ બધો પ્રપંચ લાગે છે. આટલા માટે જ તેણે મારો સત્કાર કર્યો છે અને મને સાવધ કર્યો છે. હવે પછી આ ધૂર્તથી ચેતીને ચાલવું કે જેથી તે મને છળી શકે નહિ."

આ પ્રમાણે વિચારી તે નીચ સિંહસારે કુમારના ઉપકારને પણ અપકાર તરિકે માન્યો. 'સૂર્યના દેદીપ્યમાન પ્રકાશને પણ ઘૂવડ અંધકારરૂપ જ જુએ એમાં આશ્ચર્ય નથી.'

આ પ્રમાણે સિંહને સાવધ કરીને નિશ્ચિંત થયેલો શ્રીજયાનંદકુમાર નિર્ભયપણે સુઈ ગયો. 'સિંહ સુતો હોય તો પણ તે શું મૃગોથી ભય પામે?' પરંતુ તેની પ્રિયાઓ તો શંકવાળી હતી, તેથી તેઓએ કેટલાક સુભટોને બોલાવી તે મહેલના દરવાજા વિગેરે સારી રીતે બંધ કરાવ્યા.

અહીં સેવકોએ તપાસ કરી રાજા પાસે આવી "કોઈ શત્રુએ સિંહસારને માર્યો" એવા સમાચાર આપ્યા. તે સાંભળી રાજા ખેદ અને સંભ્રમ યુક્ત થયો. તેણે વિચાર્યું કે—

"અહો! આ શું થયું? ભાગ્ય વિપરીત કાર્ય થઈ ગયું, મારો જમાઈ થઈને બેઠેલા એ દુષ્ટ ચંડાળના છોકરાને મારવા માટે મેં કાર્ય કર્યું પણ એ ધૂર્ત આવ્યો નહિ, અને જેનું રક્ષણ કરવાનું હતું તે મારો હિતસ્વી સિંહકુમાર મરાયો. લોકોમાં ગુપ્ત વાત જાહેર થઈ ગઈ અને ધારેલું કાર્ય પાર પડયું નહિ, આ તો એવું બન્યું કે રાજ્યનું રક્ષણ કરવા કુટુંબ સાથે લડી કુટુંબનો નાશ કર્યો અને આખર શત્રુ રાજાએ રાજ્ય પડાવી લીધું, તાવ ઉતારવા માટે અભક્ષ્ય વસ્તુનું ભક્ષણ કરી વ્રત ભાગ્યું અને તાવ ઉતર્યો નહિ, કડાઈમાંથી ઉતરતા માલપુડા ખાવા માટે હાથમાં લીધા તે ખવાણા નહિં, હાથ દાઝયા અને હેઠા પડી ગયા, અર્થાત્ મારે જે પ્રમાણે કાર્ય કરવું હતું તે પ્રમાણે ન થયું, ગમે તે થાઓ, હવે તો બધી વાત ઉઘાડી પડી ગઈ છે તેથી તેને પ્રગટપણે જ મારવો,

આ પ્રમાણે વિચાર કરી રાજાએ બખ્તરધારી હજારો સુભટોને મોકલ્યા, અને "સુતેલા કે જાગતા જમાઈને મારી નાખો" એમ તેમને કહ્યું. ત્યારે તે સુભટો સર્વ સામગ્રી સહિત કુમારના મહેલ પાસે આવ્યા; અને લોઢાના મુદ્‌ગરવડે તેના દરવાજાને ભાંગવા લાગ્યા, તેટલામાં ઉત્કટ બળવાળા કુમારના સુભટોએ દરવાજો ઉઘાડી હાથીઓ પાડાને રોકે તેમ તે રાજસુભટોને રોકયા. તેઓએ યુદ્ધ કરીને રાજસુભટોને પરાજિત કર્યા, એટલે તેઓ પ્રભાત થયે નાશીને જેમ શિયાળ ઝાડીમાં પેસી જાય તેમ રાજમંદિરમાં પેસી ગયા અને બોલ્યા કે—

"હે સ્વામી! કુમારના સુભટોએ દૈવયોગથી અમારો પરાભવ કર્યો. સૂર્યના કિરણો શું અંધકારને નથી હણતા?" આ પ્રમાણે સાંભળીને ક્રોધ પામેલા રાજાએ સંગ્રામની ભેરી વગડાવી અને સર્વ સૈન્યને એકત્ર કરી યુદ્ધ કરવા માટે તૈયારી કરી.

અહીં પ્રભાત સમયે કુમાર પણ જાગ્રત થઈ પ્રભાતને લગતું કાર્ય કરી પ્રિયાઓની



સાથે નિર્ભયપણે પાસાવડે રમત કરવા બેઠો. તે વખતે તેની પત્નીઓએ કાનને ફાડી નાખે તેવો કટુ ધ્વનિ સાંભળી સૈન્ય સહિત રાજાના આવવાની સંભાવના કરી અને ભયથી શ્રીજયાનંદકુમારને કહ્યું કે—

"હે પ્રિય! અત્યારે રમત કરવાનો આ સમય નથી, સમગ્ર સૈન્ય એકઠું કરો અને શત્રુની લક્ષ્મીનો નાશ કરનાર શસ્ત્રને ધારણ કરો; કેમકે કોપના આટોપથી ભયંકર થયેલા રાજા પોતે જ તમારો નિગ્રહ કરવા આવે છે એમ જણાય છે. પ્રથમ તો તમારા સુભટોએ તેના સુભટોને ભગાડી દીધા છે પરંતુ સૈન્ય સહિત આવતા રાજા દુઃખે કરીને જીતી શકાય તેમ છે. તેમજ અમારા ચિત્તમાં ભય ઉત્પન્ન થવાથી અમારૂં મન રમતમાં આનંદ પામતું નથી."

તે સાંભળી કુમારે લીલા સહિત હસતાં હસતાં કહ્યું કે—"હે પ્રિયાઓ! સૈન્યાવડે ઉત્કટ બળવાળા રાજકુમારોને જેણે શસ્ત્ર વિના જ જીત્યા છે, તે મારા બન્ને હાથ જ રાજાને જીતવાને સમર્થ છે; માટે તમે લેશમાત્ર ચિંતા કર્યા વિના પાસાવડે દાવ નાખે જાઓ," તે સાંભળી તે સ્ત્રીઓ પણ રમવા લાગી; પરંતુ સ્ત્રીજાતિના સ્વભાવને લીધે તેમના મનમાંથી શંકા ગઇ નહિ; તેથી તેઓએ ભૃકુટિની સંજ્ઞાથી કુમારનું સૈન્ય તૈયાર કરાવ્યું.

હવે મરણને ઇચ્છતી ઘો જેમ વાઘરીવાડે જાય તેમ સંગ્રામની સામગ્રી સહિત રાજાને કુમારના મંદિર તરફ જતા જોઇ તત્કાળ પ્રધાનોએ આવી રાજાને નમસ્કાર કરીને વિનંતિ કરી કે—"શા માટે અને કયા શત્રુને હણવા માટે તમે સૈન્ય સહિત નીકળ્યા છો?" ત્યારે રાજાએ સિંહનું વચન અને પોતાનો અભિપ્રાય તેમને જણાવ્યો. તે સાંભળી તેઓ બોલ્યા કે—

"હે સ્વામી! ખળની વાણી ઉપર શો વિશ્વાસ? ખળ પુરૂષો સત્પુરૂષોના નિષ્કારણ વૈરી હોવાથી તેઓ મત્સરને લીધે તેમના અછતા દોષોને પણ ગ્રહણ કરે છે–બોલે છે. તે મત્સર પણ પરની સમૃદ્ધિવડે વિલાસ કરતા છતાં સ્વાભાવિક જ નિમિત્ત વિના જ હોય છે; કેમકે રાહુ સૂર્યનો ગ્રાસ કરે છે તેમાં શો હેતુ છે? કાંઈ જ નથી. આવા ખળ માણસ પાસેથી જે પરનાં દૂષણ સાંભળે છે, તે પણ બોલનાર સહિત પાપવડે નીચે પડે છે–પાપ બાંધી નીચ ગતિમાં જાય છે. તેમાં પણ જે માણસ મહાપુરૂષના દોષોને કહે છે, તે કહેનાર કરતાં પણ સાંભળનાર વધારે પાપી છે. કેમકે માત્ર મત્સરથી જ પીડાતો ખળ પુરૂષ તો મહાપુરૂષના કષ્ટને ઇચ્છે જ છે. 'માખીઓથી ઉદ્વેગ પામેલો કુષ્ઠી શું સૂર્યના અસ્તને ઇચ્છતો નથી?'

પરંતુ જેમ જોડા નરરત્નના પગને પીડા ઉપજાવનાર કાંટાના મુખને ભાંગે છે, તેમ બુદ્ધિમાન પુરૂષે મહાપુરૂષના દોષ બોલનારનું મુખ ભાગવું જોઈએ. કહ્યું છે કે—

"કંટક અને ખળ માણસનો સરખો જ પ્રતિકાર–ઉપાય હોય છે, એટલે કે જોડાવડે તેનું મુખ ભાગવું અથવા તેનો દૂરથી ત્યાગ કરવો."

તેથી ખળનું વચન સાંભળવું જ નહિ; અને કદાચ સાંભળ્યું તો તેને સત્ય માનવું નહિ. 'શું સર્પના વિષવડે ઘડાની જેમ આખું સરોવર વિષવાળું થઈ શકે?' અગ્નિ તેજમય છે તો પણ તે પૂજાય છે, તે જ અગ્નિ જો લોઢાની સાથે મળેલો હોય તો તાડન પામે છે, તથા તુંબડું કે જે પાણી ઉપર તરે છે તે જ માટીના લેપના સંગમથી જળમાં ડુબી જાય છે, તે જ પ્રમાણે મહાપુરૂષ પણ ખળના સંગથી આપત્તિનું સ્થાન થાય છે, અને કાંકરાથી છિદ્રવાળા કરેલા ઘડામાંથી જળની જેમ તેની પાસેથી લક્ષ્મી જતી રહે છે.

તેથી હે સ્વામિન્! અસંભવિત બાબત બોલવી ન જોઈએ, અને ડાહ્યા પુરૂષે તેવું વચન સાંભળવું પણ ન જોઈએ; પરંતુ યોગ્યાયોગ્યનો વિચાર કરવો જોઈએ. આવા ગુણવાળો જમાઈ નીચ કુળનો છે અને વધ કરવા લાયક ચોર ઉંચ કુળનો છે. આવી વાત ઉપર કયો ડાહ્યો મનુષ્ય શ્રદ્ધા કરે?

અરે! આ જમાઈ તો વાસુદેવ કે વસુદેવ જેવો કોઈ અન્ય જ સંભવે છે, એમ હે સ્વામી! એના ગુણ, લક્ષણ અને ભાગ્ય જ કહી આપે છે. આ બાબત તમારી કુળદેવીએ જ પુષ્પવૃષ્ટિ અને આઘોષણા કરીને કહી બતાવેલ છે, તેને તમે વૃથા ન કરો. જેમ મનુષ્યોને વિષે તમે રાજા શ્રેષ્ઠ છો, તેમ ગુણોને વિષે વિવેક જ શ્રેષ્ઠ છે, તથા દોષોને વિષે અવિવેક શ્રેષ્ઠ છે. તો શા માટે તમે વારંવાર મુંઝાઓ છો અને હે રાજન્! આ અયોગ્ય અવિવેક તમે શો આરંભ્યો છે? આપ જાણો છો કે વિચાર વિના કરેલું કાર્ય જીવનપર્યંત દુઃખકારક થાય છે. કહ્યું છે કે—

"ગુણવાળું કે ગુણરહિત કાર્ય કરતાં પંડિત પુરૂષે પ્રથમ યત્નથી તેના પરિણામનો વિચાર કરવો જોઈએ. કેમકે વિચાર્યા વિના કાર્યો કરવામાં આવે તો તેનો વિપાક શલ્યની જેમ જીવનપર્યંત હૃદયને દાહ કરનાર થાય છે." તથા—

"સહસા કોઈપણ કાર્ય કરવું નહિ; કેમકે અવિવેક જ મોટી આપત્તિનું સ્થાન છે, અને વિચારીને કાર્ય કરનારને ગુણમાં લુબ્ધ થયેલી સંપદાઓ પોતાની મેળે જ આવીને વરે છે."

વળી હે સ્વામી ! તમે તેની સામે મોટા યુદ્ધનો આરંભ કર્યો છે, ત્યારે કુમાર પોતાના મહેલના ઝરૂખામાં બેસી પોતાની સ્ત્રીઓ સાથે પાસાથી આણંદપૂર્વક રમત રમી રહેલ છે, વળી તેના સુભટોએ તમારૂં સૈન્ય ભાગ્યું; તેથી પણ તેના ભાગ્યનો નિર્ણય કરો. વીરમાં અગ્રેસર એવા આ કુમારને તમે સૈન્ય સહિત પણ જીતી શકશો નહિ. શું ટોળા સહિત પણ હાથીવડે સિંહ જીતી શકાય છે ? કહ્યું છે કે—

" કોઇની ક્રીડા પણ ઘણા ફળને ઉત્પન્ન કરે છે, અને કોઈનો યત્ન થોડા પણ ફળનેમાટે થતો નથી. જેમકે દિગ્ગજના માત્ર દાંત જ ચળાયમાન થવાથી આખી પૃથ્વી કંપે છે, અને આકાશથી પડતા ભમરા નાની લતાને પણ ચળાયમાન કરી શકતા નથી. "

વળી તમારા સૈન્ય સહિત રાજકુમારોના યુદ્ધમાં તમે જ શું નથી અનુભવ્યું ? તથા તમારી સેનાના અગ્રેસર સેનાપતિને જોઈને પણ તમે નથી જાણ્યું ? જો કદાચ આ કુમારે તે સર્વ ઉપર કૃપા ન કરી હોત તો તેઓમાંથી કોણ જીવતો આવત ?

અને હે રાજન્ ! રાજ્યમાં સૂર્ય જેવા તમારૂં પણ શું થાત ? રાજપુત્રોની વિડંબના જોઈને તથા કરોડો સુભટોવાળા પદ્મરથ રાજાને પણ આ કુમારે બ્રાહ્મણના રૂપે જે વિડંબના કરી હતી તે બંદીના મુખથી સાંભળીને જાણતા છતાં પણ હે પ્રભુ ! આવી ચેષ્ટા કરતાં તમે કાન અને હૃદય વિનાના મનુષ્યનું અનુકરણ કેમ કરો છો. કહ્યું છે કે—

" જતા ને આવતા એવા સિંહનું પરાક્રમ જોયા જાણ્યા છતાં પણ પાછો તેની સામો જાય તે કાન ને હૃદય વિનાનો મૂર્ખ કહેવાય છે. " વળી હે રાજન્ ! આ કુમાર તમારા સમગ્ર સૈન્યને હણશે તો તમે રાજાઓમાં નિંદા પામશો, અને જો તે ક્રોધ પામશે તો તમારા જીવિતમાં પણ અમારૂં મન સંદેહ કરે છે; તેથી જો તમારૂં અને અમારૂં કલ્યાણ ઈચ્છતા હો તો આ કાર્ય તજી દ્યો. કેમકે—સ્વામી હણાયા પછી શું ભક્તિમંત સેવકો જીવી શકે છે ? "

આ પ્રમાણેની પ્રધાનોની વાણીથી રાજા ભય પામ્યો, તેથી તે હૃદયમાં રહેલા વૈરને ભૂલી ગયો, અને સિંહની કહેલી વાત અસત્ય ધારી તેણે તેમને કહ્યું કે—

" હે પ્રધાનો ! તમે સ્વામી ભક્ત છો, તેથી નીતિયુક્ત વાણીને જ કહો છો. તમારૂં વચન યુક્ત છે, અને હું સાંભળવા લાયક છું. તો પણ જેમ નોળીઓ ગતિવડે પાણીનો વિનાશ કરે તેમ તે પાપી સિંહે તેવા વચનવડે મારૂં મન વિનાશિત કર્યું છે, તેથી મારૂં મન હવે કુમાર ઉપર સ્નેહને ધારણ કરતું નથી. તેથી જો તમે સ્વામીભક્ત હો તો જમાઈને



પૂછીને તેનું કુળાદિક મને કહો કે જેથી મારૂં મન શુદ્ધ પ્રેમવાળું થાય." ત્યારે પ્રધાનો બોલ્યા કે—

"ઉત્તમ પુરૂષો પોતાના મુખે પોતાનું નામ પણ કહેતા નથી તો તે પોતાનું કુળાદિક શી રીતે કહે? તેમાં પણ જે શૂરવીર હોય તે તો વિશેષ કરીને પોતાનું નામાદિક કહેતા નથી; તો પણ તમારી આજ્ઞા ઉલ્લંઘન કરવા લાયક નહિ હોવાથી અમે તેની પાસે જઈને તેને કુળાદિક પૂછશું, અને જો તે કહેશે તો અમે તમને કહેશું." એમ કહી તે પ્રધાનો રાજાને નમસ્કાર કરી કુમાર પાસે આવ્યા અને કુમારને નમસ્કાર કરી હાથ જોડીને બોલ્યા કે—

"હે કુમાર! તમે દુષ્ટ શત્રુઓને શિક્ષા કરનાર છો, બંને પ્રકારના ગુરૂજનને વિષે ભક્તિવાળા છો, નમસ્કાર કરનાર ઉપર કૃપાળુ છો, આશ્રિતને વિષે વત્સલ છો અને જંગમ કલ્પવૃક્ષની જેમ સર્વે અર્થીઓને સર્વ મનોવાંછિત આપો છો. તેથી હે કુમાર! તમે તમારા પિતાનું નામ અને કુળ વિગેરે અમને કહો. આ અમારી પ્રાર્થનાનો ભંગ કરશો નહિ. કોઈ દુષ્ટે રાજાને તમારા કુળાદિકને અંગે વિરૂદ્ધ વાતો કરી છે, તો તમારૂં કુળાદિક કહેવાથી આ રાજાના દિલને શાંતિ થશે અને અમને પણ સુખ થશે, તે સાંભળી કુમારે કહ્યું કે—

"હે પ્રધાનો! મેં કોઈની પ્રાર્થનાનો ભંગ કર્યો નથી અને કરીશ પણ નહિ. તમારા હૃદયમાં તમે આનંદ ધારણ કરો. શત્રુના મૂળને કાંપી નાખનાર મારા હાથ જ યુદ્ધને વિષે મારા કુળને કહેશે; કેમકે સત્પુરૂષો ફળવડે જ બોલે છે, પણ મુખવડે બોલતા નથી. સર્વ શત્રુઓનો ક્ષય થશે અને તમારા જેવા મિત્રો સુખવડે વૃદ્ધિ પામશે. કેમકે આ યુદ્ધનું કર્મ ધર્મયુક્ત છે, માટે રાજા ભલે સૈન્ય અને શસ્ત્ર સહિત સજ્જ થઈને આવે, મારે તો મારા હાથ જ સૈન્ય અને શસ્ત્રરૂપ છે; તેથી હું તો સર્વદા સજ્જ જ છું."

*આવું કુમારનું વચન સાંભળી બુદ્ધિમાન પ્રધાનો તેને નમસ્કાર કરી રાજા પાસે* આવ્યા અને તેને તેઓએ કુમારનું કહેલું કહી બતાવ્યું. તે સાંભળી રાજા ખેદ પામી વિચારવા લાગ્યો કે—"આટલો બધો યુદ્ધનો આડંબર કરી હવે તેને એમને એમ જ મૂકી દેતાં મને લજ્જા આવે છે, વળી યુદ્ધ કરતાં પણ કાર્યની સિદ્ધિ કે યશને હું જોતો નથી, માટે ઉભયથી ભ્રષ્ટ થયેલો હું શું કરૂં? મારી શી ગતિ થશે?"

આવી ચિંતાથી વ્યાકુળ રાજાને જાણી પ્રધાનો બોલ્યા કે—"આ કુમાર યુદ્ધમાં શસ્ત્રધારીને પણ તૃણ સમાન ગણુતો નથી. આવો નિર્ભય પરાક્રમી પુરૂષ પોતાનું

કુળાદિક શા માટે કહે? તેથી કુળ પૂછવાથી શું ફળ છે? ગુણોએ જ કુળ કહી બતાવ્યું છે. મણિનું તેજસ્વીપણું જ રત્નાકરમાં તેની ઉત્પત્તિ હોવાનું કહી બતાવે છે. તેથી હે સ્વામી! જો આપ આજ્ઞા આપો, તો ક્ષણિક કોપવાળા તે ઉત્તમ કુમારને અમે સામ વચનવડે પ્રસન્ન કરી અહીં આપની પાસે લાવીએ."

તે સાંભળી વિવિધ ચિંતાથી વ્યાકુળ થયેલો રાજા તેનો કાંઇક જવાબ આપે છે, તેટલામાં કુમારની રજા લઈ રાજાની ત્રણે પુત્રીઓ નાટ્યસુંદરી, ગીતસુંદરી અને નાદસુંદરી ત્યાં આવી. તેઓએ પિતાના ચરણોમાં પ્રણામ કરી સંભ્રમ સહિત પૂછ્યું કે—"હે પિતાજી! આ અકસ્માત્ યુદ્ધને માટે સૈન્યની તૈયારી કેમ કરી છે? અને કયો શત્રુ તમારા સામે આવ્યો છે?"

તે સાંભળી રાજાએ ત્રણે પુત્રીઓને આલિંગન કરી સિંહે કહેલો સર્વ વૃત્તાંત કહી બતાવ્યો. ત્યારે તેઓ બોલી કે—"આ તમારા જમાઈ કોઈ દિવ્ય પ્રકૃતિવાળા અને જગતમાં અતિ ઉત્તમ પુરૂષ છે. સત્ય, શૌર્ય અને સ્થૈર્ય આદિક સર્વ ગુણોવડે સહિત છે, તથા બાહ્ય અને અભ્યંતર ચક્રવર્તીનાં લક્ષણોવડે યુક્ત છે. તે જો અકુલીન હોય તો વિશ્વને વિષે કોઈપણ કુલીન જ નથી એમ સમજવું. તેથી તે ચોર અને ખળ એવા સિંહસારની વાણીવડે મૂર્ખાઈથી કેમ મરવા તૈયાર થયા છો?

હે રાજન્! ભાગ્યયોગે સર્વ અર્થને સાધનાર ચિંતામણિ જેવા નરરત્નને પામી અવિવેકથી વિરૂદ્ધ આચરણ કરો છો, તો શું તમે ભ્રમિત—અસ્થીર મનવાળા થઈ ગયા છો? દુષ્ટ સિંહસારને અમે પહેલેથી જ દુર્જન જાણ્યો છે, અને અમે તે વાત વિનય અને ભક્તિપૂર્વક કુમારને જણાવી પણ હતી, પરંતુ સ્વજનપણું હોવાથી ભદ્રિક ભાવવાળા કુમાર જેમ ચંદ્ર કલંકનો ત્યાગ નથી કરતો તેમ તેનો ત્યાગ કરતા નથી. તમે પણ તે દુષ્ટને માન્યો એટલે તમને પણ તેણે આપત્તિમાં નાખ્યા છે.

'વૃક્ષની જે શાખાપર હોલો બેસે છે, તે શાખા અવશ્ય સૂકાઈ જ જાય છે.' તેથી જો તમે સ્વપરનું હિત ઇચ્છતા હો તો તે ઉત્તમ નરને શાંત કરો. અમે બધી રીતે વિચાર કરીને ભક્તિથી જ તમારૂં હિત કહીએ છીએ. પરિણામે હિત કરનારી કડવી વાણી પણ માનવી જોઈએ; કારણ કે વ્યાધિને હરનારાં કડવાં ઔષધ પણ સેવવા લાયક હોય છે."

આ પ્રમાણેના પોતાની પુત્રીઓનાં વચન સાંભળી રાજાએ કહ્યું કે—"વગર વિચારે કરેલો પણ આ આરંભ માનાદિક કારણને લીધે એમને એમ જ મૂકી દેતાં

મને લજ્જા આવે છે; તેથી હે પુત્રીઓ ! જો તમે પિતૃભક્તિવાળી હો તો કોઈ પણ પ્રકારે તમારા પતિનું કુળાદિક પૂછીને મને કહો, કે જેથી સર્વ સારૂં થાય."

આવું પિતાનું વચન અંગીકાર કરી તે ત્રણે રાજકુંવરીઓ પતિ પાસે જઈ અત્યંત વિનય, સ્નેહ અને ભક્તિથી તેના કુળાદિક પૂછયાં ત્યારે તે બોલ્યો કે—

"મારો ભાઈ સિંહસાર તમને મારૂં કુળાદિક કહેશે." ત્યારે તેઓ બોલી કે—"હે સ્વામી એ દુષ્ટે જ આ સર્વ અયોગ્ય કાર્ય કર્યું છે. તેથી હે પ્રિય ! નહિ સાંભળવા લાયક એવા તે પાપીનું નામ પણ તમે શા માટે આપો છો ?" એમ કહી તેઓએ રાજા પાસેથી સાંભળેલો તેનો સર્વ વૃત્તાંત કુમારને કહી સંભળાવ્યો. તે સાંભળી કુમારે વિચાર્યું કે—

"અરે ! શું આ આવો ખળ છે ? આ પ્રમાણે સત્કાર કર્યા છતાં પણ તે દુષ્ટે આવી ચેષ્ટા કરી, તો હવે તેને દૂરથી જ તજી દેવો યોગ્ય છે, અને પ્રિયાઓની વાણી માનવા યોગ્ય છે." એમ વિચારી તે બોલ્યો કે—

"હે પ્રિયાઓ ! જો એમ જ હોય તો તે ખળને દૂર કરો, અને આ ઔષધિ ગ્રહણ કરો. તેને કોઈ લાકડાની પુતળીના મસ્તક ઉપર મૂકી તેને પૂછશો તો તે મારા કુળ આદિ સમગ્ર વૃત્તાંતને સારી રીતે કહેશે."

તે સાંભળી આશ્ચર્યવાળી થયેલી તેઓએ હર્ષથી પતિએ આપેલી ઔષધિ લઈ પિતાની પાસે આવી સર્વ સભાની સમક્ષ પુતળીના મસ્તકપર તે મહા ઔષધિ મૂકી તેને કુમારનું કુળ વિગેરે પૂછયું, ત્યારે માનુષી-સ્ત્રીની જેમ તે પુતળી બોલી કે—

"વિજયપુરના સ્વામી વિજય રાજાનો પુત્ર આ શ્રીજયાનંદ નામનો ક્ષત્રિય પુત્ર ઉત્તમ વંશમાં મણિ સમાન, ગુણનો નિધિ અને મહિમાનું નિધાન છે."

આ પ્રમાણે સાંભળી રાજા વિગેરે સર્વે હર્ષ અને ચમત્કાર પામ્યા, તથા જય જય શબ્દવડે મંગળ વાજિંત્રના નાદ થયા. પછી રાજાએ યુદ્ધનો આરંભ મૂકી કુમારને બોલાવીને તેને ખમાવ્યો, તથા પુત્રીઓને પણ ખમાવી, એટલે તેઓ હર્ષ પામી પોતાના મહેલને વિષે ગઈ.

ત્યારપછી રાજા સભામાં આવીને બેઠો, અને તેણે મંત્રીઓને પૂછયું કે—"શું આ ઇંદ્રજાળ હશે ? શું લાકડાની પુતળી કદાપી બોલી શકે ?" તેઓએ જવાબ આપ્યો કે—

"કુમારના ભાગ્યથી પ્રાપ્ત થયેલી ઔષધિના પ્રભાવવડે દેવતાનો પ્રવેશ થવાથી અચેતન વસ્તુઓ પણ બોલી શકે છે. તોપણ શંકાશિલ એવા તમારા મનમાં હજુ



પણ જો સંકલ્પ વિકલ્પ થતો હોય તો **શતબુદ્ધિ** મંત્રીનો પુત્ર **ચંદ્રબુદ્ધિ** નામનો બ્રાહ્મણ જ્યોતિષ્યાદિક શાસ્ત્રોના રહસ્યને જાણનાર, નિપુણ અને તમારે વિષે ભક્તિવાળો છે, તેને વિજયપુર મોકલી તે દ્વારા સમ્યક્ પ્રકારે સર્વ નિર્ણય કરો."

તે સાંભળી હર્ષ પામેલા રાજાએ તે ચંદ્રબુદ્ધિને બધી હકીકત સમજાવીને વિજયપુર મોકલ્યો. તે પણ નવમે દિવસે પાછા આવવાની પ્રતિજ્ઞા કરી ત્યાંથી ચાલ્યો અને સાત પુરૂષોને સાથે લઈ અત્યંત વેગવાળા ઊંટપર આરૂઢ થઈ જલ્દીથી સો યોજન દૂર રહેલા વિજયપુર નગરે પહોંચ્યો.

પછી તે ચંદ્રબુદ્ધિ જોષીનો વેષ લઈ હાથમાં પુસ્તક રાખી રાજદ્વારે ગયો. ત્યાં દ્વારપાળે રાજાની આજ્ઞા મેળવી તેને સભામાં પ્રવેશ કરાવ્યો. તે સભાની ભૂમિ સુધર્મા સભા જેવી રત્નમય હતી, તેની ભીંતો દેદીપ્યમાન સ્ફટિકમણિની હતી, તથા તે સભા જોનારને સર્વ પ્રકારે સુખ ઉપજાવે તેવી હતી. ત્યાં જય નામનો રાજા અને વિજય નામનો યુવરાજ જાણે સૂર્ય અને ચંદ્રના બે પિંડ હોય તેવા તેજસ્વી બન્ને ભાઈઓ સિંહાસન ઉપર બેઠા હતા.

દેવની જેવા ઉત્તમ અલંકાર અને શસ્ત્રને ધારણ કરનારા મંત્રી, સામંત, સેનાપતિ, મહેભ્ય, શ્રેષ્ઠી અને પત્તિઓથી તેઓ સેવાતા હતા, છત્ર અને ચામરથી શોભતા હતા, ઉંચા આયુધવાળા અંગરક્ષકો ચારે બાજુથી તેમનું રક્ષણ કરતા હતા. જાણે સૌધર્મ ઇંદ્ર અને ઈશાન ઇંદ્ર એકઠા થયા હોય તેમ દિવ્ય આભૂષણોવડે તેઓ શોભતા હતા; તથા અનેક દેશાવરોમાંથી તેમને મોટા ભેટણાં આવ્યા કરતાં હતાં. આવી લક્ષ્મીવડે યુક્ત બન્ને ભાઈઓને તેણે જોયા.

તે બ્રાહ્મણનું પ્રતિબિંબ ભીંતોમાં પડવાથી જાણે તે બન્ને ભાઈઓનું ઐશ્વર્ય જોવા માટે તેણે ઘણાં શરીર ધારણ કર્યાં હોય એમ લાગ્યું. આ બધું જોઈ તેનાં નેત્રો વિસ્મયવડે વિકસ્વર થયાં. તેણે સભામાં પ્રવેશ કરી રાજાને નીચે પ્રમાણે યોગ્ય આશિષ આપી—

"હે રાજન્! હમેશાં સર્વજ્ઞ દેવ તમારૂં કલ્યાણ કરો, સૂર્ય આરોગ્ય આપો, બૃહસ્પતિ બુદ્ધિ આપો, શુક્ર સૌભાગ્ય આપો, શનિ સ્વામીપણું આપો, રાહુ પ્રતાપનો સમૂહ આપો, કેતુ કીર્તિની શ્રેણિ આપો અને ગુરૂ સર્વ પ્રકારનાં સુખ આપો."

પછી રાજાએ ભ્રૂકુટિની સંજ્ઞાવડે તેઓને આસન અપાવ્યાં, તે ઉપર તે બ્રાહ્મણ પરિવાર સહિત બેઠો. પછી રાજાએ તેને પૂછ્યું કે—"હે બ્રહ્મદેવ! તમે ક્યાં રહો છો? ક્યાંથી આવ્યા છો? ક્યાં જવું છે? અને શું જાણો છો?"

બ્રાહ્મણે કહ્યું–"હું **સુરંગપુરનો** રહીશ જોષી છું, દેશાંતરમાં ભ્રમણ કરતો કરતો તમને જોવા માટે અહીં આવ્યો છું, અને તમને જોવાથી હું મારી કળા બતાવી કૃતાર્થ થવા ઇચ્છું છું. શાસ્ત્રમાં કહેલા અષ્ટાંગ નિમિત્તાદિકના બળવડે અતીત, અનાગત આદિ સર્વ હકીકત પ્રાયે કરીને યથાર્થ રીતે હું જાણું છું,"

તે સાંભળી રાજાએ તેની પાસે બહુમાનથી ફળાદિક મૂકી પ્રથમ જેવા તેવા બે ત્રણ પ્રશ્નો પૂછી પછી તાત્વિક પ્રશ્ન પૂછ્યો કે–"અમે બન્ને ભાઇઓ માત્ર દેહથી જ જુદા છીએ, અમારે પહેલો સિંહસાર અને બીજો શ્રીજયાનંદ નામે પુત્ર છે.

પહેલો પુત્ર અન્યાયમાં પ્રવર્તતો હોવાથી તેને મેં બળાત્કારે દેશનિકાલ કર્યો છે. 'શું પોતાના શરીરથી ઉત્પન્ન થયેલો પણ દુર્ગંધી મળ ત્યાગ કરાતો નથી?' બીજા પુત્રને નૈમિત્તિકે રાજ્યને લાયક સર્વ ગુણવાળો કહ્યો છે. તેથી અમને બન્ને ભાઈઓને તથા બીજા સર્વ જનોને તે પ્રાણથી પણ વધારે વહાલો છે. તેનું કલ્પવૃક્ષના અંકુરાની જેમ પ્રયત્નથી અમે રક્ષણ કરતા હતા, છતાં મિથ્યા પ્રેમ દેખાડનારા માયાવી મોટા ભાઈ સિંહસારે તે સરળને છેતર્યો, તેથી તે તેની સાથે કોઈ ન જાણે તેમ પરદેશ ચાલ્યો ગયો છે. પછી અમે તેની ઘણી શોધ કરી, ત્યારે તે બન્ને કુમારો વિશાળપુરમાં છે એમ અમારા જાણવામાં આવ્યું.

ત્યાં તે બન્ને કળાનો અભ્યાસ કરે છે એમ સાંભળી કેટલોક કાળ અમે તેમની ઉપેક્ષા કરી–સંભાળ લીધી નહિ. ત્યારપછી કેટલેક કાળે તેઓ ત્યાંથી કોઈ બીજે ઠેકાણે ગયા તેની ખબર પડી નથી. અમને મોટા સિંહસારની કાંઈ પણ જરૂર નથી; પરંતુ શ્રીજયાનંદકુમારની ઘણી જરૂર છે. તેથી તેની અનેક ઠેકાણે શોધ કરી પણ સમુદ્રમાં પડી ગયેલા રત્નની જેમ તે અમને પ્રાપ્ત થયો નહિ. તેથી અમે અત્યંત દુઃખી છીએ, માત્ર નૈમિત્તિકનાં વચનથી તેનો મેળાપ થવાની આશાએ શ્વાસ લેવાવડે જીવીએ છીએ.

સર્વ નિમિત્ત, શુકન, સ્વપ્ન અને અંગનું ફરકવું વિગેરે તથા દેવતા વિગેરે પણ તેની કુશળતા અને મેળાપ વિગેરે કહે છે; પરંતુ હજી સુધી તે આવતો નથી, અને હજુ લગી તેના તરફના કોઈ પણ સમાચાર અમને મળતા નથી, જો તે અહીં આવે તો અમે તેને રાજ્યપર સ્થાપન કરી વનમાં જઈ તપ કરીએ. સ્નેહને લીધે મારી સાથે જ તપ કરવાને ઇચ્છતો આ મારો નાનો ભાઈ રાજ્યને ગ્રહણ કરતો નથી; અને તેથી અમે નિરંતર ખેદ પામીએ છીએ. ગયેલું દ્રવ્ય, કુટુંબ, પરિવાર, હસ્તી, અશ્વ વિગેરે સર્વ કાંઈ પાછું મળી શકે છે; પરંતુ મનુષ્યની ચાલી ગયેલી જીંદગી પાછી મળી શકતી નથી,

તો હે જ્ઞાની ! અમારો શ્રીજયાનંદ કુમાર જીવતો છે કે નહિ ? જીવતો હોય તો તે ક્યાં છે ? કેવી અવસ્થામાં છે ? અને ક્યારે અહીં આવશે ? તે સર્વ સમ્યક્ પ્રકારે કહો." આ પ્રમાણે કહી તે બન્ને ભાઈઓ પુત્રના વિયોગનું સ્મરણ થવાથી અત્યંત રૂદન કરવા લાગ્યા. 'શું બળેલો કોલસો પણ અગ્નિનો યોગ થતાં ફરીથી ધુમાડાવાળો નથી થતો ? થાય છે.'

ત્યારપછી રાજકુળમાં આડંબર જ માનવા લાયક થાય છે એમ ધારી તે ચંદ્રબુદ્ધિ ક્ષણવાર લગ્નકુંડળી અને ધ્યાન વિગેરેનો આડંબર કરી બન્ને રાજાઓ પ્રત્યે બોલ્યો કે—

"હે મહાપુરૂષો ! પુત્રની પીડાથી સામાન્ય મનુષ્યની જેમ તમે કેમ ખેદ કરો છો ? વાયુવડે જેમ વૃક્ષો કંપે તેમ પર્વતો કંપતા નથી. વળી હે સ્વામી ! હું આ લગ્નકુંડળી ઉપરથી જાણું છું કે–ચોથા ભવનના સ્વામીનો યોગ થવાથી તમારો પુત્ર સુખી છે એ નિશ્ચય છે; સાતમા સ્થાનમાં દશમા સ્થાનના સ્વામીની દૃષ્ટિ પડવાથી તેને મોટા રાજ્યનો યોગ છે, અને તેવા પ્રકારના ત્રણ ગ્રહોની દૃષ્ટિ પડવાથી ત્રણ રાજપુત્રીનો તે અત્યારે પતિ છે. વળી ભ્રાતૃભવન જોતાં તેનો ભાઈ તેની સાથે જ છે."

આ પ્રમાણેનાં તેનાં વચન સાંભળી હર્ષ પામેલા રાજાએ પૂછ્યું કે—"તો તે ક્યાં છે ? તે બાબત જાણીને તમે બરાબર કહો." ત્યારે તે ઓઠ ફફડાવતો મેષ રાશિ આદિકના અનુક્રમે શ્લોકો બોલતો અને આડંબર કરતો બોલ્યો કે—

"તે હાલ લક્ષ્મીપુર નામના નગરમાં છે." પછી પુતળીની અને આ જયરાજાની કહેલી વાત મળતી આવવાથી ચંદ્રબુદ્ધિના મનમાં સંપૂર્ણ નિર્ણય થયો, તેથી તેણે રાજાને વધારે ખાત્રી થવા માટે કુમારની ઓળખાણ તરીકે તેની વય, સંસ્થાન અને વર્ણ વિગેરે સર્વ કહ્યું. તે સાંભળી અત્યંત હર્ષમય થયેલા તે બન્ને રાજાઓએ નવા મેઘની જેમ તેના ઉપર ફળ, પુષ્પ, મણિ, સુવર્ણ અને વસ્ત્રોનો વરસાદ વરસાવ્યો. આ પ્રમાણે સત્કાર કરીને તેઓએ ચંદ્રબુદ્ધિને રજા આપી, એટલે તેમની ઉદારતાને અને ત્યાં આવવામાં પોતાના ભાગ્યને વખાણતો તે ત્યાંથી તરત જ નીકળ્યો.

પછી "અહો ! વાણીની ચતુરાઈથી હું મોટી વૃષ્ટિવડે અદ્ભુત લક્ષ્મીને પામ્યો. મધુર વાણી બોલનાર કોયલપક્ષી પણ ઇંદ્ર પાસેથી અલંકાર પામ્યું હતું." આ પ્રમાણે પોતાના પરિવાર સાથે વાતો કરતો તે નવમે દિવસે લક્ષ્મીપુરમાં આવી પહોંચ્યો; અને તેણે શ્રીપતિ રાજાને નમસ્કાર કર્યા. રાજાએ તેને બહુમાનથી પૂછ્યું, ત્યારે હર્ષથી વિકસ્વર થયેલા અપૂર્વ દાનની વાર્તા કહી બતાવી. તે સાંભળી તેના પરિવારમાંથી જ કોઈએ કહ્યું કે—



" અહીં કુમારની જે આ દાનીલીલા છે તે કાંઈ આશ્ચર્યકારક નથી; કેમકે પ્રાયે કરીને પુત્રો પિતાને જ અનુસરનારા હોય છે." કોઈએ હાસ્યપૂર્વક કહ્યું કે—

" આ યુદ્ધાદિકનો સમગ્ર આરંભ ચંદ્રબુદ્ધિના શુભકર્મવડે તેનાજ લાભને માટે થયો."

આ પ્રમાણે સર્વ હકીકત સાંભળી રાજાના મનમાં વિસ્મય, આનંદ અને ખેદ વિગેરે ઘણા રસો મિશ્રિત થયા, તેથી તે કાંઈ પણ બોલી શક્યો નહીં, તેટલામાં દ્વારપાળે આવી રાજાને કહ્યું કે—" હે સ્વામી ! શ્રીજયરાજાના પ્રધાનપુરૂષો કુમારને બોલાવવા માટે તમારી સભાના દ્વારમાં આવ્યા છે."

તે સાંભળી રાજાએ તેમને અંદર પ્રવેશ કરાવવાની આજ્ઞા આપી, ત્યારે દિવ્ય અલંકાર અને વસ્ત્રને ધારણ કરનારા તે પુરૂષો પ્રતિહાર સહિત સભામાં દાખલ થયા. તેઓએ શ્રીપતિ રાજાને નમસ્કાર કરી તેની પાસે ભેટણું મૂક્યું. રાજાએ તેમને બેસવા માટે આસનો અપાવ્યાં, તે આસનો ઉપર પોતાની આકૃતિ વિગેરેથી સભાસદોને હર્ષ પમાડતા તેઓ બેઠા. પછી પ્રીતિ દેખાડતા શ્રીપતિ રાજાએ જય રાજા અને વિજય યુવરાજ વિગેરેના કુશળ સમાચાર પૂછી તેમને આનંદ પમાડ્યો. ત્યારપછી તેઓએ આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરી કે—

" હે રાજન્ ! તમારા તે બન્ને મિત્રો પરિવાર અને પ્રજા સહિત કુશળ છે. હવે તેમણે સ્નેહના રસાયણરૂપ સંદેશો કહ્યો છે, તે તમે સાંભળો—

શ્રીજયાનંદકુમાર અમારા જીવિતરૂપ છે, તેને અનુપમ બુદ્ધિવાળા તમે મોટી ઉન્નતિને પમાડ્યો છે, એમ અમે નૈમિત્તિકની વાણીથી જાણ્યું છે; તેથી તમે અમારા કુળની સાથે ચંદ્ર સૂર્યની હૈયાતી સુધી સ્થિર રહે તેવી પ્રીતિ જોડી છે. હવે તમે કુમારને અહીં મોકલો કે જેથી આપણી પ્રીતિરૂપી દૂધમાં સાકરનો યોગ થાય, અને વિયોગની પીડાથી તાપ પામેલા અમે તેનું પાન કરી શીતળતાને પામીએ. જીંદગી પર્યંત ન ત્રુટે તેવો તમારો ઉપકારરૂપી અલંકાર કુમારના પોષણરૂપી માણિક્ય–રત્નનો યોગ થવાથી અમૂલ્યપણાને પામ્યો છે. તમે અમારા ત્રીજા ભાઈ તરીકે થયા છો એમ તમારે નિશ્ચયથી માનવું. તેથી અમારે લાયક જે કાંઈ કાર્ય હોય તે સર્વ તમારે સર્વદા બતાવવું."

આ પ્રમાણેનાં તેમનાં વચન સાંભળી શ્રીપતિ રાજા બોલ્યો કે—" હે પ્રધાન પુરૂષો ! આ તમારી વાણીરૂપી અમૃત કોઈ નવીન પ્રકારનું જ છે, કે જેનું પાન કરતાં સત્પુરૂષોને ઉલટી તેની તૃષા વૃદ્ધિ પામે છે. કુમારને મોકલવા વિગેરે બાબતમાં સર્વ સારૂં થઈ રહેશે."



એમ કહી રાજાએ તેમણે આપેલું ઉત્તમ રત્નાદિક પ્રાભૃત ગ્રહણ કર્યું. પછી સન્માનપૂર્વક તેમના ઉતારા વિગેરેની ગોઠવણ કરી રાજાએ કુમારને મળવા ઉત્સુક થયેલા તેમને પ્રતિહારની સાથે કુમારની પાસે મોકલ્યા. ત્યાં કુમારના પ્રતિહારે નિવેદન કરેલા તેઓ તેની આજ્ઞાથી તત્કાળ તેની સભામાં અંદર ગયા અને અંતઃકરણમાં આનંદથી વ્યાપ્ત થયેલા તેઓએ કુમારને નમસ્કાર કર્યા, એટલે હર્ષથી યુક્ત થયેલા કુમારે ઊભા થઈ તેઓને ઓળખી સર્વ સાથે જૂદી જૂદી વાત કરવાપૂર્વક રોમાંચરૂપી દંડવડે તે દરેકને આલિંગન કર્યું. પછી ધારાબંધ હર્ષાશ્રુવડે ધોયેલા તેમને આસનોપર બેસાડી કાકા અને પિતા વગેરે કુટુંબના સમૂહનું ક્ષેમકુશળ પૂછ્યું; ત્યારે તેઓ બોલ્યા કે—

"તે સર્વ કુશળ છે; પરંતુ તમારો વિયોગ તેમને અત્યંત પીડા કરે છે, તે આ લેખથી તમે જાણશો." એમ કહી તેમણે તેને લેખ આપ્યો. તે લઈ કુમારે પોતાના મસ્તકપર ચઢાવી પિતૃવર્ગના વિયોગાદિકના સ્મરણથી ઉત્પન્ન થયેલા દુઃખાશ્રુવડે આર્દ્ર થયેલા તે લેખને ઉઘાડી આ પ્રમાણે વાંચ્યો.—

"સ્વસ્તિ શ્રીસર્વજ્ઞ દેવને નમસ્કાર કરી વિજયપુરથી ભાઈ શ્રીવિજયાદિક સહિત શ્રીજયરાજા લક્ષ્મીના વિલાસવડે વિશાળ મંદિરવાળા લક્ષ્મીપુર નગરમાં કુમાર શ્રીજયાનંદને આશ્ચર્યપૂર્વક સ્નેહસહિત આલિંગન કરી ખબર આપે છે કે–અહીં અમારૂં કુશળ વર્તે છે. તારૂં કલ્યાણ અમને હર્ષ પમાડવા માટે તારે જણાવવું.

બીજું કાર્ય એ છે કે હે વત્સ! અમારા રાજ્યનું તું જીવિત છે. સિંહ જેમ ગધેડા સાથે જાય તેમ તું કોઈ ન જાણે એમ સિંહસારની સાથે ચાલ્યો ગયો છે, તો તે ખળનો સંગ કરવો તારે યોગ્ય નથી. વળી મોટી સંપત્તિ પામ્યા છતાં તું અમારૂં સ્મરણ કેમ કરતો નથી? જગતનો તો એવો સ્વભાવ છે, પરંતુ તારી જેવા લાયક પુત્રને તે યોગ્ય નથી; કેમકે મહાપુરૂષ તો મોટાઈ પામીને પિતૃવર્ગને અધિક પ્રસન્ન કરે છે.

શું ચંદ્ર ઉદય પામીને પોતાના પિતા સમુદ્રને ઉલ્લાસ નથી પમાડતો? તારા વિયોગને લીધે મહા કષ્ટવડે અમે દિવસો પસાર કરીએ છીએ, અને વૃદ્ધ બળદની જેમ અમે હવે રાજ્યધુરા વહન કરવાને શક્તિમાન રહ્યા નથી. તેથી હે વત્સ! મોટા બળદની જેમ તું અમને સહાય કરવાને યોગ્ય છે. માટે જો અમારા ઉપર તારી ભક્તિ હોય તો અમને જોયા પછી તારે પાણી પીવું, અર્થાત્ પત્ર વાંચતાં જ અહીં આવવું."

આ પ્રમાણે લેખનો ભાવાર્થ જાણી અત્યંત દુઃખી થયેલા કુમારે વિચાર્યું કે— "અહો! હું પિતૃવર્ગને દુઃખ આપનાર થયો. પર્ણ અને પલ્લવોવડે ગાઢ છાયાવાળા



અચેતન વૃક્ષો પણ સારાં છે, કે જેઓ ઉનાળામાં સૂર્યના કિરણોથી તાપ પામેલા મુસાફરોને પ્રસન્ન કરે છે.

હું તો સંપત્તિવડે ઉન્નતિ પામ્યા છતાં પોતાના પિતૃવર્ગને વૃદ્ધાવસ્થામાં પણ સુખ આપનાર થયો નહિ, પરંતુ વિયોગવડે દુઃખ આપનાર થયો છું, તેથી હવે જલ્દી ત્યાં જઈને પિતૃવર્ગને સુખી કરૂં." એમ વિચારી તે અતિથિઓ સહિત કુમારે સ્નાનાદિક ક્રિયા કરી અને આનંદપૂર્વક ભોજન કર્યું.

હવે પ્રતિહારે જઈ શ્રીપતિ રાજાને આ સર્વ હકીકત નિવેદન કરી. તે સાંભળી રાજાએ વિચાર કર્યો કે—"માતાપિતા વિગેરેને મળવાને ઉત્સુક થયેલો કુમાર અવશ્ય જલ્દીથી જશે. ચંદ્રબુદ્ધિના કહેવા પ્રમાણેજ કહેનારા પોતાના પ્રધાન પુરૂષોદ્વારા કાકાએ અને પિતાએ તેને બોલાવ્યો છે, તે હવે અહીં કેમ રહેશે?

આ કુમાર મારા રાજ્યની વૃદ્ધિ અને શોભા કરનાર થયો છે, તે હવે પછી મારો સ્વજન થશે કે વૈરી થશે તે હું જાણી શકતો નથી. સર્વથી શ્રેષ્ઠ સૌભાગ્યવાળા આ કુમારના દર્શન, વિનય, વચન અને કાર્યવડે જે મને સુખકારક પ્રીતિ થઈ છે તે હવે ફરીથી ક્યાં થશે?

ખેદની વાત છે કે પ્રાપ્ત થયેલા ચિંતામણિને હું દુર્બુદ્ધિ હારી ગયો છું, તેનો લાભ લઈ શક્યો નથી અને અજ્ઞાનપણાથી અમૃતનો મેં ત્યાગ કર્યો છે, જેથી આવા મહાપુરૂષ સાથે મેં પ્રતિકૂળ આચરણ કર્યું છે.

અહો! અચેતન પુતળી પણ જેના મહા પ્રભાવની સ્તુતિ કરે છે, તેવા વિશ્વના અલંકારરૂપ નરરત્નની પણ મેં અવજ્ઞા કરી, ઘણા રાજાઓ સાથેના વિરોધાદિકથી અને પુત્રીઓના વૈધવ્યથી ઉત્પન્ન થતી આપત્તિઓને તથા પુરૂષરૂપી ચિંતામણિની હાનિને પણ નહિ ગણીને મેં આ શું કર્યું?'

ઈત્યાદિ ચિંતાના સંતાપથી ઉત્પન્ન થયેલા દુઃખના આઘાતના વશથી તે રાજા આસનપરથી એકદમ મૂર્છા ખાઈ પૃથ્વીપર પડી ગયો. તે જોઈ વ્યાકુળ થયેલા મંત્રીઓએ શીતોપચારવડે તેને સજ્જ કરી કારણ પૂછ્યું, ત્યારે તેણે પોતાનાં તેવા પ્રકારનાં અત્યંત દુઃખ આપનાર કુકર્મની નિંદા કરતાં સભાસદોને કહ્યું કે—

"અહો! આ જગતમાં ક્રૂર, કુકર્મકારી, અવિવેકી અને કૃતઘ્ની મારા જેવો બીજો કોઈ નથી. તેથી આવા કુકર્મ કરનાર મારી શુદ્ધિ મૃત્યુ વિના થવાની નથી." એમ કહી તેણે પોતાનું ખડ્ગ ખેંચીને પોતાના કંઠ ઉપર છેદવા માટે મૂક્યું કે તરત



જ હુંશિયાર પ્રધાનોએ વેગથી તે ખડ્ગ રાજા પાસેથી ઝુંટવી લીધું. પછી શતબુદ્ધિ પ્રધાને કહ્યું કે—

"હે રાજન્ ! આવું અયોગ્ય કૃત્ય કેમ કરો છો ? તમે જગતના જીવન છો, ન્યાયસંપત્તિના આધાર છો, અને ધર્મની ઉન્નતિને કરનાર છો, તો આવા મુગ્ધપણાથી મરવા માટે કેમ તૈયાર થાઓ છો ? અમુક સંજોગોમાં કોની બુદ્ધિ ભ્રમિત થતી નથી ? કર્મથી કોણ ખંડિત થયો નથી ? શું ભરતચક્રીએ ભાઈને હણવા માટે ચક્ર નહોતું મૂક્યું ? તેજ શાસ્ત્રજ્ઞ અને વિવેકી કહેવાય કે જે અશુભ કર્મના ઉદયથી મુંઝાઈ જતો નથી, કર્મનાજ વશથી આખું વિશ્વ નિંદ્ય અને અનિંદ્ય પ્રવૃત્તિ કરે છે.

વળી હે રાજન્ ! મૃત્યુવડે પાપની શુદ્ધિ થતી નથી, પણ તપ વિગેરે શુભ કાર્યોથી જ શુદ્ધિ થઈ શકે છે, કેમકે પાપકર્મનો આત્માની સાથે સંબંધ છે, અને મૃત્યુ તો માત્ર શરીરનું જ હરણ કરે છે. તેથી હે સ્વામિન્ ! ગુરૂના કહેવા પ્રમાણે પાપનું પ્રાયશ્ચિત્ત લઈ આત્માની શુદ્ધિ કરો અને તે પ્રાયશ્ચિત્ત જીવતાંજ થઈ શકશે,

માટે હે પ્રભુ ! તમે ચિરકાળ જીવતા રહો." આ પ્રમાણે તેના કહેવાથી રાજા કાંઈક સ્વસ્થ થયો, તોપણ દુ:ખથી રૂદન કરતો અને જૂદા જૂદા વિકલ્પોથી પીડા પામતો તે ભોજનાદિકને પણ ઈચ્છતો નહોતો.

આ બનાવની નાટ્યસુંદરી આદિ ત્રણે બહેનોને ખબર પડતાં તુરત જ ત્યાં આવી પિતાના ચરણોમાં પ્રણામ કરી કહ્યું કે—હે પિતાજી ! તમારૂં આ શું અનુચિતપણું ! મહાપુરૂષોને અત્યંત હર્ષ કે વિષાદ કરવો યોગ્ય નથી. સમુદ્રને વૃદ્ધિ અને હાનિથી ઉત્પન્ન થતો ઉલ્લાસ કે સંકોચ હોતો નથી.

હે પ્રભુ ! આ બાબતમાં તમારો લેશ પણ દોષ નથી, દોષમાત્ર ખળ પુરૂષનો જ છે, નિરંતર વહેતા જળના પ્રવાહવડે દ્રઢ એવો પર્વત પણ ભેદાય છે." તે સાંભળી નીચું મુખ કરી રાજા બોલ્યો કે—

"હે પુત્રીઓ ! હું તમને મારૂં મુખ દેખાડવા શક્તિમાન નથી, અને તમે પણ તેને જોવા યોગ્ય નથી. તેથી દૂર રહીને બોલો. મેં પાપીએ પોતાની પુત્રીઓના વૈધવ્યની પણ ઉપેક્ષા કરી કેવું દુષ્ટ કર્મ પ્રારંભ્યું ? હવે હું જમાઈને અને તમને મારૂં મુખ શી રીતે બતાવી શકું ?"

તે સાંભળી તેઓ બોલી કે—"હે પિતા ! વારંવાર આવો વૃથા ખેદ શા માટે કરો છો ! તમેજ અમને મોટી સંપદા આપી છે; કેમકે આટલો બધો ધનનો વ્યય



કરી રાજકુમાર વિદ્યાર્થીઓને ભણાવવાનું કામ તમે ન કર્યું હોત, તો અમારી દુસ્તર પ્રતિજ્ઞારૂપી સમુદ્રના પારને કોણ ઉતારી શકત? વિશ્વમાં ઉત્તમ એવા પતિનું તમેજ અમને દાન કર્યું છે-તમેજ મેળવી આપેલ છે, તેથી હે પિતાજી! તમે આનંદ પામો, અને વિધિના વશથી માત્ર એકજ ભૂલ થઈ, તેથી તમે હૃદયમાં અત્યંત ખેદ ન પામો."

આ પ્રમાણેનાં પુત્રીઓનાં વચન સાંભળી રાજા બોલ્યો કે—"પ્રજા કુપ્રજા થાય છે પણ પિતા કુપિતા થતા નથી એ કહેવતને તમે વિપરીત કરી, તેથી હું ખુશી થયો છું; તોપણ જમાઈને મુખ દેખાડતાં હું લાજું છું."

આ પ્રમાણે રાજાએ કહ્યું, ત્યારે તેઓએ જઈ પોતાના પતિને તે સર્વ વૃત્તાંત કહી તેને રાજા પાસે મોકલ્યા. એટલે ઉદાર ચરિત્રવાળા શ્રીજયાનંદકુમાર બહુ જલ્દીથી રાજા પાસે આવી નમસ્કાર કરી લજ્જાથી નમ્ર મુખવાળા રાજાના વિલખાપણાને દૂર કરવા કહ્યું કે—

"હે રાજન્! ત્રણ કન્યાઓ અને રાજ્યના દેવાથી તમે મારાપર સમુદ્ર જેટલો ઉપકાર કર્યો છે, તે શું વિધિથી પ્રેરાયેલા ખળ માણસથી ઉત્પન્ન થયેલી ધૂળની મુઠી જેટલી એક ભૂલથી કદાપિ કલુષતાને પામી શકે?

આ સંસારમાં કયા ડાહ્યા પ્રાણીઓ ભ્રાંતિથી સ્ખલના નથી પામ્યા? લોકમાં પણ સંભળાય છે કે શંકરે ભ્રાંતિથી પોતાના પુત્રનું મસ્તક છેદ્યું હતું. ભરતચક્રી અને બાહુબળી બન્ને ભાઈઓએ પરસ્પર ઘાત કરવાનો ઉપક્રમ કર્યો હતો, તેનાથી ઉત્પન્ન થયેલું પાપ જેમ નાશ પામ્યું, તેમ ચિત્તના ઉપક્રમથી ઉત્પન્ન થયેલું પાપ પશ્ચાત્તાપાદિકવડે નાશ પામે છે.

તો હે રાજન્! વૃથા ખેદ શા માટે કરો છો? ખેદ તજીને પોતાનાં કાર્યો કરવા લાગો. તમે સ્વસ્થ હશો તોજ પ્રજા પણ સ્વસ્થ રહેશે." આ પ્રમાણેનાં કુમારના વચન સાંભળી રાજાને કાંઈક શાંતિ વળી ને આનંદ ઉત્પન્ન થયો. તે બોલ્યો કે—

"હે વત્સ! તારી વાણીરૂપી અમૃતની વૃષ્ટિવડે મારો દુઃખતાપ નાશ પામ્યો છે. જો તારાં મન, વાણી અને કર્મ એ બે હોત તો તેઓજ પરસ્પર ઉપમાનને પામત, અન્યથા પૃથ્વીને વિષે બીજું કોઈ તેનું ઉપમાન છે નહિ. જગતમાં મારી જેવો કોઈ અવિવેકી નથી અને તારી જેવો કોઇ ભાગ્યવાન નથી, તો પણ તું અનર્થ આપનાર ખળનો સંગ કરીશ નહીં."

તે સાંભળી 'બહુ સારૂ' એમ કહી રાજાને નમી કુમાર પોતાને સ્થાને ગયો,

અને ઇચ્છા વિના પણ રાજાએ સ્નાન, પૂજા અને ભોજન વિગેરે કર્યું. પછી રાજ્યની ચિંતાદિક નહિ કરતો અને પોતાના પાપની શુદ્ધિને ઇચ્છતો આસક્તિરહિત રાજા ગુરૂના આગમનની રાહ જોતો રહ્યો; અને ગધેડાપર બેસાડવા આદિક ચોરની રીતે સિંહસારનો વધ કરવા સુભટોને આજ્ઞા કરી, એટલે તેઓએ તેમ કરવાનો આરંભ કર્યો. તે જાણી કુમારે મંત્રીઓદ્વારા રાજાને વિજ્ઞપ્તિ કરી કે—

" સિંહ મહાકુળમાં ઉત્પન્ન થયો છે, વળી તેના ઘાતથી પિતાદિકને દુઃખ થશે માટે તેને મારવો યોગ્ય નથી. " એમ કહી તેને મૂકાવ્યો.

એક દિવસ પ્રધાનોની પ્રેરણાથી કાકા વિગેરેને મળવા અત્યંત ઉત્સુક થયેલા કુમારે જવા માટે શ્રીપતિ રાજાની રજા માગી. ત્યારે રાજાએ કહ્યું કે—" હે વત્સ ! જો તારે જવું હોય તો સુખેથી જા પણ મારા પ્રાણ સાથે લેતો જા, કારણ કે મારા પાપથી જાણે ઉદ્વેગ પામ્યા હોય તેમ આ પ્રાણ તારા વિના રહેવાના નથી. " તે સાંભળી ભય પામેલો કુમાર બોલ્યો કે—

" તમને અસ્વસ્થપણે મૂકીને હું જવા ઇચ્છતો નથી, કારણ કે મારા પિતાદિક તમારાથી કાંઈ વિશેષ નથી. " એમ કહી રાજાને નમી કુમાર પોતાના મહેલમાં આવી વિચાર કરવા લાગ્યો કે—" હમણાં જો હું જઈશ તો આ રાજા સ્નેહને લીધે અવશ્ય મરણ પામશે. વળી હાલમાં વિશેષે કરીને નવા દુઃખને પામેલ છે, તેથી અવશ્ય તેના પ્રાણ જતા રહેશે. તેને હમણાં રાજ્યને વિષે પણ તેવા પ્રકારની ઇચ્છા જણાતી નથી; પરંતુ મારા ગુણની વાર્તાથી તે કાંઈક સ્વસ્થ રહે છે. તેથી હમણાં અધિક સ્નેહ પામેલા તેને મૂકીને મારે જવું યોગ્ય નથી. વળી આ સિંહસારે રાજ્યના લોભથી જ આ પ્રમાણે પાપ કર્યું છે; તેથી પિતાના રાજ્યને પુત્ર જ લાયક હોય છે. બીજાનો હક મારે શા માટે લેવો જોઈએ ? માટે આને જ હું મોકલું, કે જેથી દુઃખી થયેલો તે આનંદ પામે. "

આ પ્રમાણે વિચાર કરી કુમારે સિંહને કહ્યું કે—" હે ભાઈ ! તું જા. પિતાની રાજ્યલક્ષ્મી ભોગવ, હું હાલમાં નિઃસ્પૃહ હોવાથી ત્યાં નહિ આવું. "

એ પ્રમાણે કહી તેને વિદાય કર્યો; અને પ્રધાનોને પણ યુક્તિવડે સમજાવી તેમને પ્રસન્ન કરી કાકાને લાયક વિજ્ઞપ્તિનો લેખ લખી આપી વિદાય કર્યા. એટલે તેઓ કુમારની સમૃદ્ધિ, સત્કાર, સ્નેહ, વાણી અને સંદેશાદિકવડે ખુશ થઈ સિંહસહિત વિજયપત્તનમાં ગયા. ત્યાં તેઓએ બંને રાજાને નમસ્કાર કરી કુમારનો સંદેશો તથા તેના નહિ આવવાના

કારણમાં શ્રીપતિ રાજાનો આગ્રહ કહ્યો. પછી તે બંને ભાઈઓએ યોગ્યતા પ્રમાણે સિંહસારને બોલાવી કુશળ સમાચાર પૂછી હર્ષ પમાડ્યો, અને પ્રધાનોએ આપેલો કુમારનો વિનંતિપત્ર રાજાએ ઉંચે સ્વરે વાંચ્યો :—

" સ્વસ્તિ શ્રી શ્રીજિનેશ્વરદેવને નમસ્કાર કરી શ્રેષ્ઠ વિજયપુર નગરમાં રહેલા પૂજ્ય, આરાધવા લાયક, પિતા શ્રીવિજયાદિક પરિવારથી સેવાતા કાકા શ્રીજય નામના રાજાને લક્ષ્મીપુર નામના નગરથી શ્રીજયાનંદકુમાર ભક્તિવડે સાષ્ટાંગ પ્રણામ કરી મસ્તકે બે હાથ જોડી વિધિપૂર્વક વિનમ્ર થઈ હર્ષવડે વિનંતિ કરે છે કે—

પૂજ્યપાદના ધ્યાનના પ્રભાવથી મારૂં શ્રેય છે—હું ખુશીમાં છું. તમારો પ્રસાદ મારા હૃદયરૂપી સમુદ્રને ઉલ્લાસ કરવામાં ચંદ્રની જ્યોત્સ્ના સમાન છે. તમારા વિયોગરૂપી અગ્નિથી તાપ પામેલા મને તમારા લેખરૂપી મેઘે સ્નેહના વાકયરૂપ અમૃતની વૃષ્ટિવડે સિંચન કરીને જીવાડ્યો છે. વળી પહેલેથી પણ હું જીવું છું, તેમાં મારા હૃદયને વિષે રહેલા આપ પૂજ્યના ચરણકમળની શીતળતાના પ્રભાવથી ઉત્પન્ન થયેલો પ્રભાવ જ કારણભૂત છે.

મારા વિયોગને નહિ સહન કરતા આપને હું અલ્પ અક્ષરોવડે વિનંતિ કરૂં છું કે મારૂં મન પૂજ્યના ચરણકમળમાં જ એકલીન થયું છે, તેથી હું આપના ચરણકમળને યોગ્ય અવસરે પ્રણામ કરીશ, અને ત્યાંસુધી તે સ્થાનને ઉદ્દેશીને હાલમાં ભાગ્યોદયને પામેલા સિંહસાર કુમારને ગુણની સંપત્તિ પ્રાપ્ત થવા માટે મેં ત્યાં મોકલ્યો છે, તેને નિરંતર સારી શિક્ષા આપશો. મારા પિતાદિકને મારા નમસ્કાર કહેશો. શુભને પામેલો મારો પરિવાર પૂજ્ય એવા આપને નમસ્કાર કરે છે. "

આવી કુમારની વિનંતિથી અને તેના નહિ આવવાથી તે બંને ભાઈઓ પરિવાર સહિત એકી સાથે હર્ષ અને ખેદ પામ્યા. પછી રાજાના પૂછવાથી પ્રધાન પુરૂષોએ પદ્મરથ રાજાની પુત્રીના પાણિગ્રહણથી આરંભીને ધીર અને ઉદાર હકીકત સહિત કુમારના પરિવાર પાસેથી જાણેલું તેનું સર્વ ચરિત્ર અને સિંહસારનું તેવા પ્રકારનું અપકૃત્યાદિ સર્વ ચરિત્ર કહી બતાવ્યું.

તે સાંભળી તે બંને રાજા સભાસદો સહિત વિચિત્ર આનંદમય થયા અને તેમણે મનમાં એકની પ્રશંસા અને બીજાની નિંદા કરી. પછી રાજાએ સન્માનપૂર્વક તેઓને રજા આપી, એટલે સિંહકુમાર અને તે પ્રધાનો પોતપોતાને સ્થાને ગયા, અને બન્ને રાજાઓ પણ સમયને યોગ્ય કાર્યમાં પ્રવર્ત્યા.

એક દિવસ શ્રીજય રાજાએ વિચાર કર્યો કે—" તપ કરવાને યોગ્ય મારી વય

ચાલી જાય છે. ભાઈ રાજ્યને ગ્રહણ કરતો નથી, અને રાજ્યને લાયક શ્રીજયાનંદકુમાર પણ આવતો નથી; અથવા તો પોતાની ભુજાથી ઉપાર્જન કરેલી લક્ષ્મીવડે યુક્ત એવો તે કુમાર રાજ્ય લેવા માટે કેમ આવે? શિયાળની જેમ સિંહ બીજાએ ઉપાર્જન કરેલું માંસ ખાતો નથી. અથવા તો પછીથી પણ તે જ અવશ્ય રાજ્યનો રાજા થવાનો છે, જ્ઞાનીનું વચન અસત્ય થાય નહિ; કારણકે જ્ઞાનીનું વચન તેના ચરિત્રને મળતું આવે છે.

આ સિંહને રાજ્ય માટે જ તેણે અહીં મોકલ્યો છે એમ હવે સંભવે છે, અને રાજ્ય માટે જ આ પાપીએ તેના ઉપર દુષ્ટ ચેષ્ટા કરી છે તથા વારંવાર તેણે મરણાંત આપત્તિઓ અનુભવી છે; તેથી તે કાંઇક દોષરહિત થયો હશે, માટે એને જ રાજ્ય આપું, અને ત્યાંસુધી એને સારી શિક્ષા આપવા માટે મારા ભાઈ વિજયરાજને તેની પાસે રાખું. જો તે સિંહસાર પ્રજાને પીડનાર થશે, તો તે શ્રીજયાનંદ સહન નહિ કરે."

આ પ્રમાણે મનમાં વિચારી રાજાએ સિંહને રાજ્યપર સ્થાપન કર્યો, અને કેટલાક દિવસ માટે પ્રાર્થના કરીને પૂર્વની જેમ ભાઈને તેની પાસે રહેવા કહ્યું. સિંહે પણ રાજ્યતંત્ર ચલાવવા માટે પ્રાર્થનાપૂર્વક તેમને પોતાની પાસે રાખ્યા. ત્યારે તે પણ દાક્ષિણ્યતાથી અને પુત્રને મળવાની આશાથી રહ્યા. પછી શ્રીમાન્ જયરાજા વનમાં જઈ **મહાજટ** નામના ગુરૂ પાસે તાપસી દીક્ષા લઈને તાપસના વ્રતવાળા થયા, તેનું નામ **રત્નજટ** તાપસ રાખવામાં આવ્યું.

અહીં શ્રીપતિ રાજાએ રાજ્યચિંતાથી વિમુખ થઈ ધર્મક્રિયાવડે કેટલોક સમય નિર્ગમન કર્યો. તેવામાં એકદિવસ વનપાળે આવી તેમને પ્રણામ કરીને કહ્યું કે—

"હે સ્વામી! આપણા ઉદ્યાનમાં **ધર્મપ્રભ** નામના આચાર્ય ભગવંત પધાર્યા છે." તે સાંભળી પહેલેથી જ સંવેગ પામેલા રાજાએ દૂધમાં સાકરની જેમ ગુરૂનું આગમન સાંભળી વધામણી આપનારને સારૂં દાન આપ્યું. પછી સમગ્ર સામગ્રી તૈયાર કરી ઇંદ્રની જેમ હસ્તીપર આરૂઢ થઈ કુમાર, શ્રેષ્ઠી, સામંત અને મંત્રી વિગેરે પરિવાર, નગરના જનો અને અંતઃપુરસહિત મસ્તકપર છત્ર ધારણ કરાવી મનોહર ચામરોથી વીંઝાતા અને વાજિંત્રોવડે આકાશને ગજાવતા શ્રીપતિ રાજા ગુરૂને વંદન કરવા ઉદ્યાનમાં આવ્યા.

ગુરૂને જોતાં જ હસ્તીપરથી ઉતરી પાંચ પ્રકારના અભિગમ વિગેરે જાળવી ત્રણ પ્રદક્ષિણાપૂર્વક ગુરૂને તથા તેમના પરિવારને વંદના કરી નગરજનો અને પરિવારસહિત યોગ્ય સ્થાને બેઠા, ત્યારે ગુરૂએ તેને ધર્મલાભની આશિષવડે સંતોષ પમાડી આ પ્રમાણે ધર્મોપદેશ આપ્યો—

"હે ભવ્ય જીવો! સમગ્ર સુખસંપત્તિને આપનાર અને સંસારમાં ઉત્પન્ન થતી



વિપત્તિઓનો નાશ કરનાર શ્રીજિનેશ્વરદેવે ઉપદેશેલા ધર્મનું જ તમે સેવન કરો, અને તેનાથી શીઘ્રપણે મોક્ષમાં નિવાસ કરવાને લાયક થાઓ.

જે સંસારમાં બાહ્ય તથા અભ્યંતર શત્રુ અને મિત્રનો ભેદ જાણી શકાતો નથી, તે સંસારમાં સુખ ક્યાંથી હોય? તેમાં મોહાદિક અભ્યંતર શત્રુ છે. તેના વશથી આ ભવ તથા પરભવમાં માતાપિતા વિગેરેનો સંયોગ થાય છે, અને તેના મોહમાં જીવ લીન થાય છે.

તેથી હે ઉત્તમ પુરૂષો! તે મોહાદિકનો તમે ત્યાગ કરો. સંવેગ વિગેરે અભ્યંતર મિત્રો છે, તેના વશથી આભવ અને પરભવમાં આ જીવને સદ્‌ગુરૂ આદિકનો સંયોગ થાય છે, તેથી હે ઉત્તમજનો! તે સંવેગાદિકનું સેવન કરો. આ પ્રમાણે કરવાથી દુઃખરૂપી શત્રુ તમને ભય આપનાર નહિ થાય. મમતા રહિત અને સર્વ સંગનો ત્યાગ કરનાર મનુષ્ય જ મોક્ષસુખમાં લીન થાય છે."

આ પ્રમાણે ત્રણ જ્ઞાનને ધારણ કરનાર ગુરૂના મુખથી ધર્મદેશના સાંભળીને ઘણા ભવ્ય જીવોએ પ્રતિબોધ પામી શ્રીજૈનધર્મ અંગીકાર કર્યો, તેમાં કેટલાકે શ્રાવકધર્મ, કેટલાકે સાધુધર્મ, કેટલાકે સમ્યક્ત્વ અને કેટલાકે કંદમૂળ વિગેરેના ત્યાગરૂપ અભિગ્રહ કર્યા. રાજાએ અત્યંત સંવેગ થવાથી વિચાર કર્યો કે—

"અહો! મેં તો બાહ્ય શત્રુ-મિત્રને પણ ઓળખ્યા નથી, તો અભ્યંતર શત્રુ-મિત્રને તો શી રીતે જાણી શકું? તેથી સર્વ પ્રકારના બાહ્ય અને અભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરી હું જૈની દીક્ષા ગ્રહણ કરૂં કે જેથી સમગ્ર શત્રુસમૂહથી મુક્ત થાઉં." આ પ્રમાણે વિચારી તેણે ગુરૂને કહ્યું કે—

"હે પૂજ્ય! હું રાજ્યની વ્યવસ્થા કરીને તમારી પાસે ચારિત્ર ગ્રહણ કરીશ." ગુરૂએ કહ્યું—"હે રાજા! પ્રમાદ રહિત થઈને ઇષ્ટ કાર્યને કરો."

ત્યારપછી શ્રીપતિ રાજા ગુરૂને નમી પોતાના મહેલમાં આવ્યા. ત્યાં સર્વ રાજવર્ગને સમજાવી પોતાને પુત્ર નહિ હોવાથી બળાત્કારે શ્રીજયાનંદકુમારને રાજ્યપર સ્થાપન કર્યા, અને તેને રાજનીતિની શિક્ષા આપી. પછી શ્રીજયાનંદકુમારે શ્રીપતિ રાજાનો દીક્ષામહોત્સવ કર્યો.

એક માસ સુધી અમારીનો પટહ વગડાવ્યો, સંઘની વિવિધ પ્રકારે પૂજા ભક્તિ કરી, ચૈત્યોને વિષે અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો, દીન જનોને ઇચ્છિત દાન આપી તૃપ્ત કર્યા. પછી ગુરૂ મહારાજની વૈરાગ્યમય દેશનાથી પ્રતિબોધ પામેલા રાજપુત્રાદિક પાંચસો પુરૂષો સહિત, તથા પ્રતિબોધ પામેલી પાંચસો રાણીઓ સહિત, રાજ્ય અને સ્ત્રી આદિકમાં

મમતા રહિત અને વિષયાદિકમાં સ્પૃહા રહિત એવા શ્રીપતિ રાજા હૃદયમાં વિવેકસૂર્યનો ઉદય થવાથી મોહરૂપી અંધકારના સમૂહનો નાશ કરી, સ્નાનાદિક માંગલિક આચાર કરી, સર્વ અંગે વિભૂષિત થઈ, ઉજ્વળ છત્ર અને ચામરોની શ્રેણીથી શોભતા, પગલે પગલે દાન આપતા, વાજિંત્રોના નાદથી આકાશને ગજાવતા, પ્રશંસા કરવામાં વાચાળ એવા સર્વ સ્વજનોથી પરિવરેલા, સ્ત્રીજનોથી મનોહર ધવળ માંગલિક ગીતોવડે હર્ષ પામતા, કરોડો ગજ, અશ્વ અને સુભટોથી સેવાતા, આગળ બંદી અને ગાયકોવડે વિવિધ પ્રકારે ગુણગાન કરાતા, તેનું મહાસત્ત્વ જોઈ આશ્ચર્ય પામેલા દેવોથી સ્તુતિ કરાતા અને ગોત્રના વૃદ્ધ જનો તથા વૃદ્ધ સ્ત્રીઓથી આશીર્વાદવડે પ્રસન્ન કરાતા તે રાજા ઉદ્યાનમાં ગયા. ત્યાં તેણે સર્વ જીવોને ખમાવી પોતાને હાથે મસ્તકના કેશનો લોચ કરી ગુરૂને વંદન કરીને વિનંતિ કરી કે—

"હે પૂજ્ય! અમને આ સંસારસાગરથી શીઘ્રપણે તારો—પાર ઉતારો." ત્યારે ગુરૂએ આગમમાં કહેલી વિધિપૂર્વક એક હજાર ભવ્ય પુરૂષો અને સ્ત્રીઓ સહિત તે રાજાને દીક્ષા આપી, તથા ઉપદેશ દ્વારા ગ્રહણા અને આસેવના એ બંને પ્રકારની શિક્ષા પણ આપી. પછી શ્રીજયાનંદરાજા વિગેરે સર્વ જનો ગુરૂને અને નવા મુનિઓને નમસ્કાર કરી તેમના ગુણની સ્તુતિ કરતા પોતપોતાને સ્થાને ગયા. પછી ગુરૂની સાથે વિહાર કરતા, બાર પ્રકારના તપ કરતા અને સિદ્ધાંતનો અભ્યાસ કરતા તે રાજર્ષિ અનુક્રમે ગીતાર્થ થયા.

તેમને યોગ્ય જાણી ગુરૂએ આચાર્યપદે સ્થાપન કર્યા, અને તેમની સાથે દીક્ષિત થયેલા મુનિઓને તેમના પરિવાર તરીકે સોંપ્યા. ત્યારપછી તે રાજર્ષિ ભવ્ય જીવોને પ્રતિબોધ કરતા પૃથ્વીપર ચારેબાજુ વિચરવા લાગ્યા. અનુક્રમે યોગના પ્રભાવથી તેમને ઘણી લબ્ધિઓની સમૃદ્ધિ પ્રાપ્ત થઈ. તેનાથી શ્રીજૈનશાસનની પ્રભાવના કરતા તે સૂરિ યોગની શુદ્ધિથી કેવળજ્ઞાન ઉપાર્જન કરી અનુક્રમે મોક્ષલક્ષ્મીને પામ્યા.

હવે શ્રીજયાનંદરાજા અનેક રાજાઓથી સેવાતા અને વિવિધ દેશોને સાધતા રાજ્યસંપદાથી વૃદ્ધિ પામવા લાગ્યા. મોટા ઐશ્વર્યવાળા તે રાજાએ અભયદાન, અલ્પ કર, નીતિ, દાન અને રક્ષણ વડે શ્રીજૈનધર્મને ઉન્નતિ પમાડ્યો, તથા તેણે પ્રજાને એવી રીતે સુખી કરી કે જેથી નિરંતર આનંદમાં જ મગ્ન થયેલી તે પ્રજા દેવોને તથા ઇંદ્રને પણ તૃણ સમાન માનવા લાગી.

એક દિવસ ઉદ્યાનપાળે આવી શ્રીજયાનંદ રાજાને નમન કરી વિનંતી કરી કે—"હે સ્વામી! અલ્પ પરિવારવાળા તમારા માતાપિતા નગરીના ઉદ્યાનમાં આવ્યા છે."

તે સાંભળી અકસ્માત્ વાદળા વિનાની વૃષ્ટિ જેવા તેમના આવ્યાના સમાચાર સાંભળી રાજાએ ઘણા હર્ષથી રોમાંચિત થઈ તેને પુષ્કળ દાન આપ્યું, અને તરત જ તેમના દર્શન કરવામાં અત્યંત ઉત્સુકતા થવાથી હાથી, અશ્વ કે પરિવારની રાહ જોયા વિના જ પગે ચાલતા તે ઉદ્યાનમાં ગયા. ત્યાં હર્ષના અશ્રુવડે પિતાના ચરણોનું પ્રક્ષાલન કરતા તેણે નમસ્કાર કર્યા. પિતાએ પણ તેને ઊભા કરી દૃઢ આલિંગન આપી તેના મસ્તકને સુંઘ્યું. માતાએ પણ તે જ પ્રમાણે કરી તેને સેંકડો આશિષો આપી.

પછી પરસ્પર ક્ષેમકુશળના પ્રશ્નાદિકવડે સર્વે આનંદ પામ્યા. તેટલામાં તે વાત જાણી તેની ત્રણે પ્રિયાઓ પણ પરિવાર સહિત શીઘ્રપણે ત્યાં આવી ભક્તિથી સાસુ-સસરાને પગે લાગી. ગુણની ખાણરૂપ તે વહુઓને જોઈ તે બન્ને એટલો બધો આનંદ પામ્યા કે જેથી તેઓ સેંકડો આશિષે કરીને પણ તે આનંદનો અંશ પણ પ્રગટ કરી શક્યા નહિ. પછી રાજાનું સર્વ સૈન્ય આવી પહોંચ્યું; એટલે રાજાએ પિતાને હસ્તીપર આરૂઢ કર્યા, અને વહુઓથી જેના ચરણકમળ સેવાતા છે એવી માતાને સુખાસનમાં બેસાડયા, તથા પિતાના મસ્તકપર પોતે છત્ર ધારણ કર્યું.

આ રીતે લક્ષ્મીવડે સ્વર્ગને પણ જીતનાર એવા નગરમાં મહેંદ્રની જેમ શ્રી-જયાનંદકુમાર ગૌરવથી પિતાને પ્રવેશ કરાવી પોતાના મહેલમાં તેમને લઈ ગયા. ત્યાં પિતાને સિંહાસનપર બેસાડી પોતે પાદપીઠપર બેસી પિતાના ચરણકમળોને પોતાના ખોળામાં રાખી તેણે સભાસદોને અત્યંત રંજન કર્યા. પછી સર્વ રાજવર્ગોએ અને પૌરજનોએ તેની પાસે ભેટણું મૂકયું, તેમને યથાયોગ્ય આલાપ અને દાનવડે સત્કાર કરી વિસર્જન કર્યા. પછી અવસર જણાવનાર અધિકારીએ ભોજનાદિકનો અવસર જણાવ્યો, એટલે તે પિતાપુત્રે પરિવાર સહિત સ્નાન, જિનપૂજા અને ભોજન વિગેરે ક્રિયા કરી.

પછી અવસરે સ્નેહ અને ભક્તિથી પુત્રે પિતાને પૂછયું કે—"હે પૂજ્ય! અલ્પ ઋદ્ધિ અને અલ્પ પરિવારથી આપનું અકસ્માત્ આગમન કેમ થયું?" ત્યારે દુઃખના અશ્રુથી જેના નેત્ર વ્યાપ્ત થયાં છે એવા તેના પિતાએ કહ્યું કે—

"હે વત્સ! સાંભળ—સિંહને રાજ્ય આપી મારા ભાઈ તાપસ થયા, તે વખતે તેની સાથે જ હું તાપસ થતો હતો. પરંતુ પોતાના રાજ્યની વ્યવસ્થા કરવા માટે સિંહે મને અત્યંત પ્રાર્થનાપૂર્વક ભક્તિ અને વિનયવડે પોતાની પાસે રાખ્યો. હું તેનાપર વાત્સલ્ય રાખતો હતો અને તે મારાપર ભક્તિ દેખાડતો હતો; પરંતુ હું તે માયાવીનું મન જાણી શક્યો નહિ.

- એક દિવસ તેણે એકાંતમાં વિચાર કરવાના બાનાથી મને બોલાવ્યો. ત્યારે મારા તેવા પ્રકારના કર્મને યોગે વિશ્વાસને લીધે હું એકલો જ તેની પાસે ગયો. તે જ વખતે પ્રથમથી તૈયાર રાખેલી સામગ્રીવડે મને શસ્ત્રધારી તૈયાર રાખેલા સુભટો પાસે બંધાવી કારાગારમાં નાખ્યો, અને તારી માતાને પણ કારાગારમાં જ રાખી.

મારાપર ભક્તિવાળા કેટલાક સુભટોને પણ તેણે વિશ્વાસ ઉપજાવી બાંધીને જુદા જુદા કારાગારમાં નાખ્યા, અને કેટલાક ખબર પડવાથી નાશી ગયા. પછી તેણે મારો મહેલ લૂંટી લીધો અને દેશ કબજે કર્યો. પછી મને છુટો કરીને કારાગારમાં જ રાખ્યો અને ફરતી સુભટોની ચોકી રાખી. મેં વિચાર કરતાં તેમ કરવાનું કારણ જાણ્યું કે મારે વિષે પ્રજાજનની પ્રીતિ જોઈ પોતાને રાજ્યલક્ષ્મીથી ભ્રષ્ટ થવાનો ભય થવાથી તેણે તેમ કર્યું હતું.

હવે **સૂરદત્ત** અને **વીરદત્ત** નામના મારા બે સેવકો મારાપર અતિ ભક્તિવાળા હતા, તેઓ કોઈપણ પ્રકારે નાશી ગયા હતા અને સિંહ રાજાનો સેવક તથા મિત્ર જે **ધીરરાજ** નામનો છે, તે મારે વિષે તે રાજાથી છાની રીતે એકાંત ભક્તિને ધારણ કરે છે, તેને ઘેર તે બન્ને સેવકો થઈને રહ્યા હતા. 'મિત્રની મૈત્રીની પરીક્ષા અવસરે જ થાય છે.'

પછી તે ત્રણે જણાએ તેના ઘરથી કારાગાર સુધી સુરંગ ખોદાવી, અને રાત્રીને વખતે નિપુણતાથી તેઓ તારી માતા સહિત મને તેને ઘેર લઈ ગયા. 'અવસરે જ ખરી સ્વામીભક્તિ જણાય છે, કે જે પ્રાણાદિકની પણ અપેક્ષા રાખતી નથી.' પછી તેઓએ પ્રથમથી જ સર્વ સામગ્રી તૈયાર રાખી હતી; તેથી અમે સર્વે ત્યાંથી નાશીને નીકળી ગયા. 'સર્વ જાતનાં વિષમ કાર્ય પણ સત્ત્વવાન પુરૂષો સુખેથી સાધી શકે છે.' કહ્યું છે કે—

"સૂર્યના રથને એક જ ચક્ર હોય છે, તેને સાત અશ્વો જોડેલા હોય છે, પણ તે સર્પરૂપી લગામથી બાંધેલા હોય છે, તે રથને ચલાવવાનો માર્ગ પણ આધાર રહિત એટલે આકાશમાં અધર છે, તે રથને હાંકનાર સારથિ—અરૂણ પણ ચરણ વિનાનો છે; તો પણ સૂર્ય હંમેશાં અપાર આકાશના છેડા સુધી જાય છે, માટે ક્રિયાની સિદ્ધિ માત્ર મહાપુરૂષોના સત્ત્વમાં જ રહેલી છે, કાંઈ સામગ્રીમાં રહેલી નથી."

ત્યારપછી કુટુંબ સહિત ધીરરાજ, સુરદત્ત અને વીરદત્ત સુભટોની સાથે તથા તેમના સંકેતથી શીઘ્રપણે મળેલા બીજા કેટલાકની સાથે પ્રથમથી સજ્જ કરી રાખેલ અશ્વાદિક સામગ્રીવડે હું સુખે કરીને અહીં આવ્યો; કેમકે પ્રાયે સર્વ ઠેકાણે મારા જ

ભક્તો વસેલા છે. તેથી માર્ગમાં મને કોઈ ઠેકાણે અડચણ આવી નથી; પરંતુ હે વત્સ ! મારા કેટલાક સ્વજનાદિક હજુ સુધી કારાગારમાં રહેલા છે, તેમને તાત્કાલિક સાર-સંભાળ કરવા તું સમર્થ છે અને યોગ્ય છે.”

આ પ્રમાણે પિતાનું વૃત્તાંત સાંભળી ખેદ, આશ્ચર્ય અને હર્ષને પામેલા કુમારે કહ્યું કે—“અહો ! ઉપકાર કરનાર ઉપર પણ સિંહનું આવું દુર્જનપણું છે ! પ્રાયે કરીને સત્પુરૂષો પાણી પાનારને પણ પિતાની જેમ આરાધે છે, પરંતુ જેઓ દુષ્ટ હોય છે તેઓ તો વારંવાર પ્રાણદાતારને પણ વૈરી જેવો જુએ છે. જુઓ ! ધૂમાડો કોઈપણ પ્રકારે વાદળાનું સ્થાન પામીને વરસાદના જળવડે અગ્નિના એટલે પોતાના પિતાના તેજને જ સમાવી દે છે. દુષ્ટ અને નીચ જન દૈવયોગે જો કાંઈ પ્રતિષ્ઠા મોટાઈને પામે તો તે અવશ્ય પોતાના સ્વજનનો જ તિરસ્કાર કરનાર થાય છે.

પિતાજી ! તમે ખેદ કરશો નહિ. હું તમારો પુત્ર તમારી આજ્ઞાને જ વશ છું, તેથી કેદ કરેલા તેઓની હું શિઘ્રપણે સારી રીતે સારસંભાળ કરીશ, અપકાર કરનારને શિક્ષા આપીશ, દીનને ભિક્ષા આપીશ અને ઉપકાર કરનારને સન્માન દઈ પ્રસાદ આપીશ.”

આ પ્રમાણે કહેવાવડે પિતાને આનંદ પમાડી તે ત્રણે સુભટોને બોલાવી તેણે બંદીની જેમ તેમના સત્ત્વ અને સ્વામીભક્તિ વિગેરે ગુણોની પ્રશંસા કરી. તેમ જ કુટુંબ સહિત તેમનો વસ્ત્ર અને અલંકારાદિકવડે સત્કાર કરી તુષ્ટમાન થયેલા તે કુમારે દરેકને એક એક દેશ આપી પ્રસન્ન કર્યા. કહ્યું છે કે—

“આ સુવર્ણના પુષ્પવાળી પૃથ્વીપરથી ત્રણ માણસો જ તે પુષ્પોને ચૂંટે છે. એક શૂરવીર, બીજો વિદ્યાવાન અને ત્રીજો જે સેવા કરવાનું જાણતો હોય તે.”

ત્યારપછી તુષ્ટમાન થયેલા તેઓ રાજાની રજા લઈ તેના મોકલેલ સુભટો સાથે પોતપોતાને આપેલા દેશમાં જઈ તેને સ્વાધીન કરી પાછા ત્યાં આવી બન્ને રાજાની સેવા કરવા લાગ્યા. પિતાની સાથે આવેલા બીજાઓને પણ કુમારે સારો ગ્રાસ આપ્યો. પછી સિંહસારનો નિગ્રહ કરવા અને પોતાના માણસોને મુક્ત કરવા વિજયપુરમાં જવાને ઇચ્છતા કુમારે વિચાર્યું કે—

“તે દુષ્ટ સિંહસારે રાજ્યભ્રષ્ટ થવાના ભયને લીધે પિતા ઉપર આવું દુષ્ટ આચરણ કર્યું છે; પરંતુ હમણા મેં જ તેને રાજ્યપર સ્થાપન કરાવ્યો છે, તો હમણા જ તેનો નિગ્રહ કેમ થાય ? કેમકે ઘડીકમાં દેવું અને ઘડીકમાં લઈ લેવું એમ કરવાથી

તો હું કદર વિનાનો ગણાઈશ; તેથી લેખવડે તેને જણાવીને સ્વજનોને મુક્ત કરાવું. શું શિયાળ સિંહ પાસેથી માંસને લઈ જઈ તેને રાખવાને સમર્થ થાય? કદાચ તે લેખથી નહિ છોડે તો પછી તેનો નિગ્રહ કરતાં હું દોષિત નહિ થાઉં. શું પોતાનો પાળેલો કુતરો પણ દૂધને અપવિત્ર કરે, તો તેને તાડન ન કરાય?"

આ પ્રમાણે વિચારી તેણે સિંહસારપર લેખ લખ્યો, તેમાં લખ્યું કે—"તેં જે મારા પિતાનું સર્વસ્વ લુંટી લીધું છે, તે તારે જલદીથી અહીં મોકલી આપવું, અને જે અમારા સ્વજનાદિકને કેદ કર્યા છે, તેમને પણ એકદમ જલદીથી મુકત કરી સત્કારપૂર્વક અહીં મોકલવા. પરંતુ એ પ્રમાણે નહિ જ કરે તો હું તારો નિગ્રહ કરીશ; તો તારે યુદ્ધ કરવા સજ્જ થઈને રહેવું.

"આ પ્રમાણે લેખવડે તથા દૂતના મુખવડે પણ તેણે સિંહસારને જણાવ્યું. દૂતે ત્યાં જઈ તે પ્રમાણે લેખ તથા સંદેશો આપ્યો. તે જાણી ભય પામેલા સિંહસારે શ્રી વિજય રાજાનું સર્વ ધન તથા તેના સ્વજનાદિકને સત્કારપૂર્વક ભેટણા સહિત તત્કાળ મોકલ્યા. તેમ જ વિજય રાજાનો દેશ જે પોતે કબજે કર્યો હતો, તે પણ તેને પાછો સોંપી તે હકીકત વિનંતિપત્ર અને દૂતદ્વારા નિવેદન મોકલ્યું. દૂત સાથે પોતાના સ્વજનો અને ધન આદિ આવેલું જોઈ પિતા અને પુત્ર આનંદ પામ્યા, તથા વિજય રાજાએ પોતાનો તે દેશ સ્વજનાદિકને આપી દીધો.

એક દિવસ માતાપિતાએ પુત્રને કહ્યું કે—"હે વત્સ! તું વિજયપુરથી નીકળ્યો ત્યારથી આરંભીને આજ સુધીનું તારૂં સર્વ વૃત્તાંત કહે." ત્યારે મૂળથી જ પોતાનું ચરિત્ર પોતે કહેવાને નહિ ઇચ્છતા છતાં પણ માતાપિતાની આજ્ઞાના ભંગથી ભય પામતા કુમારે સર્વ વૃત્તાંત યથાર્થપણે કહ્યો.

વિવિધ પ્રકારનું, પ્રૌઢતાવાળું, ઉજ્જવળતાવાળું અને ઘણા આશ્ચર્યોથી ભરપૂર તે ચરિત્ર સાંભળી માતા પિતા તેટલો આનંદ પામ્યા કે જે આનંદ તેમના હૃદયરૂપી સમુદ્રમાં નહિ સમાવાથી તે વૃત્તાંતને કહેવારૂપ પ્રનાળવાટે ઉછળીને અનુક્રમે નગરને વિષે, દેશને વિષે અને આખી પૃથ્વીને વિષે પણ તે પ્રસરી ગયો. પછી પુત્રની ભક્તિથી ચમત્કાર પામેલા અને સર્વ રાજવર્ગથી સન્માન પામેલા વિજય રાજા ત્યાં જ સુખેથી રહ્યા.

શ્રીજયાનંદ રાજા પ્રજાને આનંદ આપતા છતા સ્વભુજાવડે ઉપાર્જન કરેલા મોટા સપ્તાંગ રાજ્યને ભોગવવા લાગ્યા. તેમનો સમગ્ર પૃથ્વીતળને રંજન કરનાર અને સર્વોત્કૃષ્ટ ન્યાય તથા ઐશ્વર્યથી મોટો થયેલો ઉજ્વલ યશનો સમૂહ પૃથ્વીપર વિસ્તાર પામ્યો.



એક દિવસ અત્યંત વિનયી હોવાથી ભક્તિ અને પ્રીતિવડે ભરપૂર થયેલા કુમારે પોતાનું રાજ્ય આગ્રહથી પિતાને આપ્યું. ત્યારે તે શ્રીવિજયરાજાએ પોતે ઉત્તમ અને નિઃસ્પૃહ હોવા છતાં ગુણી જનોમાં મણિની જેવા અગ્રેસર એવા પુત્રના અદ્વિતીય પ્રેમને લીધે દાક્ષિણ્યતાથી તેની પ્રાર્થનાનું ઉલ્લંઘન કરવાને અસમર્થ થઈ, ઇચ્છા વિના પણ તે રાજ્ય અંગીકાર કર્યું અને એકાંતવત્સલ શ્રીજયાનંદકુમારને આનંદપૂર્વક સર્વથા પ્રકારે બીજા સર્વજનોએ જેની આજ્ઞા ઉલ્લંઘન ન કરાય એવું અખંડિત યુવરાજપણું બળાત્કારે આપ્યું.

પછી સરખા સિંહાસનપર બેઠેલા, સરખા વેષ અને અલંકારવાળા, સરખા રૂપ અને સૌંદર્યવાળા, સરખા ઉજ્વળ તેજવાળા, તથા ભીમ એટલે દુષ્ટ લોકોને ભયંકર લાગે તેવા, મનોહર એટલે શ્રેષ્ઠ મનુષ્યોને મનોહર લાગે તેવા, તથા ઉન્નત એટલે શરીર અને મનની મોટાઈવાળા, સર્વ લોકોત્તર ગુણોવડે સરખા, પાપવચન બોલવામાં મૌનપણાવાળા અને સર્વ પ્રકારની યશલક્ષ્મીથી સહિત એવા તે બંને રાજાઓને જાણે બે રૂપ કરીને દેવેન્દ્ર, ચંદ્ર, કામદેવ અથવા કૃષ્ણ હોય તથા જાણે બે જાતિના સૌંદર્ય એકત્ર મળ્યા હોય તેમ એકીસાથે લોકો જોવા લાગ્યા.

આ રીતે મોટા ઐશ્વર્યની લક્ષ્મીવડે જેમના ચરણ લાલનપાલન કરાતા હતા, એવા તે બન્ને રાજાનો અત્યંત વિસ્તારવાળો અલૌકિક પ્રેમ પરસ્પર વૃદ્ધિ પામ્યો.

કેટલોક સમય ગયા પછી રાજાઓના મુગટ સમાન યુવરાજ શ્રીજયાનંદ રાજા દેશ જીતવાની ઇચ્છા થતાં પોતાના સમગ્ર રાજ્યની ચિંતા પિતાને સોંપી ઇંદ્રને પણ જીતી શકે તેવા પરાક્રમવાળા તેણે મધ્ય ખંડમાં રહેલા ઘણા રાજાઓને લીલામાત્રથી જીતી લીધા.

**ચક્રપુરનો** સ્વામી અતિ પરાક્રમી **ચક્રસેન** નામનો રાજા, **જયપુરનો** સ્વામી શત્રુઓને ચૂર્ણ કરવામાં નિપુણ **જયી** નામનો રાજા, **જયંતી** નગરીનો નાયક શત્રુઓને યમરાજ જેવો **જયંત** નામનો રાજા, **પુરંદર** પુરનો રક્ષક **નરકેસરી** નામનો રાજા, **સૂર્યપુરનો** સ્વામી **સૂર** નામનો રાજા, **નંદીપુરનો** ઇશ **નંદ** નામનો રાજા, **ભોગાવતી** પુરીનો ભર્તાર **ભીમ** નામનો રાજા, અને **કોશલ** દેશનો ઇશ **સુમંગલ** નામનો રાજા, તે સિવાય બીજા પણ **પૃથ્વીચંદ્ર, કળાચંદ્ર** અને **રૂપ** વિગેરે અનેક રાજાઓને સાધી તેણે પોતાના સેવક બનાવ્યા.

આ પ્રમાણે અત્યંત મદવડે ઉદ્ધત થયેલા ઘણા રાજાઓને સાધીને મહા સૈન્યના સાગરરૂપ તે શ્રીજયાનંદ રાજા મહોત્સવ સહિત પોતાના નગરમાં પાછા આવ્યા; અને

પિતાને ભક્તિથી પ્રણામ કરી શુદ્ધ મનથી તેમની સેવા કરતા તેણે રાજ્યની ચિંતાનો સ્વીકાર કરી પોતાના રાજ્યને ઉન્નતિ પમાડયું. સર્વ રાજાઓમાં રાજરાજેશ્વરનું બિરૂદ ધારણ કરતા અને જેના ગુણો સર્વત્ર ગવાતા હતા એવા તે શ્રીજયાનંદ રાજા પૃથ્વીપર અતિ પ્રસિદ્ધિને પામ્યા.

શ્રી વિશાળપુરના રાજા વિગેરે અનુક્રમે શ્રીજયાનંદ રાજાનું વૃત્તાંત સાંભળી તેની નિશાનીઓથી તેને પોતાના જમાઈ તરીકે ઓળખી અત્યંત હર્ષ પામ્યા. પછી તે કુમારે પોતાના તે તે સસરાને નિશાની સહિત લેખો મોકલી પોતાની પરણેલી પ્રિયાઓને બોલાવી; એટલે તેઓએ વિચાર્યું કે—

"આ **શ્રીજયાનંદ** કુમાર સ્વામી હોવાથી પણ સેવવા લાયક છે, તે કરતાં સ્વજનપણાનાં સંબંધથી સેવવા તે વધારે શ્રેષ્ઠ છે." એમ વિચારી તેઓએ ત્યાં આવી ભેટણા સહિત પોતપોતાની પુત્રીઓ તેને સોંપી. શ્રીવિશાળપુરના શ્રીવિશાળજય નામના રાજાએ પોતાના અંતઃપુર સહિત લક્ષ્મીપુર નગરમાં આવી પોતાની મણિમંજરી પુત્રી કુમારને સોંપી.

એજ પ્રમાણે હેમપુર નગરથી હેમપ્રભ રાજાએ આવી પોતાની પુત્રી સૌભાગ્યમંજરી સોંપી. પદ્મપુરના પદ્મરથ રાજાએ અંતઃપુર સહિત આવી પોતાની વિજયસુંદરી પુત્રી સોંપી; અને કમળપુરના કમળપ્રભ રાજાએ એજ રીતે આવી કમળસુંદરી પુત્રીને સોંપી. કુમારે તે સર્વ પ્રિયાઓને યોગ્ય આશ્વાસન આપી તેમજ તેમને યોગ્ય મહેલો અને ગરાસ આપી પ્રસન્ન કરી.

પછી પોતાનું રાજ્ય પિતાને સોંપી કુમાર પ્રિયાઓ સહિત મનોવાંછિત કળા વિલાસાદિકવડે ક્રીડા કરવા લાગ્યો. તે બન્ને રાજાઓએ પરિવાર સહિત સત્કાર કરેલા સસરાઓ જમાઈની લક્ષ્મીથી ચમત્કાર પામી સ્વર્ગતુલ્ય તે લક્ષ્મીપુર નગરમાં કેટલોક વખત રહ્યા.

કોઈક સમયે શ્રીજયાનંદ રાજા પોતાના પિતા, સસરા અને બીજા રાજાઓ સહિત સભાસદોની શ્રેણિથી મનોહર એવી બહારની આસ્થાન સભામાં બેઠા હતા, તેવામાં ત્યાં દેશાંતરથી કોઈક ગાયકોનો સમુદાય આવ્યો, તેમાં અતિ મધુર સ્વરવાળો સુકંઠ નામનો મુખ્ય ગાયક હતો. તેને રૂપવડે રંભાને પણ ઉલ્લંઘી જાય એવી પ્રિયા હતી, તે સર્વ કળામાં નિપુણ હતી. અને વિશેષે કરીને શીઘ્રપણે નવાં ગીત રચવામાં તે અત્યંત વિચક્ષણ હતી; તેથી તેણીએ તે વખતે પદ્મરથ રાજાની બે કન્યાના



ચરિત્રને અનુસરતું નવું ગીત બનાવી પોતાના ભર્તાર સહિત ગાવાનો પ્રારંભ કર્યો. તેમાં નાની કન્યા ભિલ્લને આપી એ વિગેરે હકીકતવાળું અને મોટી પુત્રીના પાણિગ્રહણથી આરંભીને ગાયકે તેણીને ગ્રહણ કરી ત્યાં સુધીની હકીકતવાળું ગીત ગાયું. તે ગાતાં પૂર્વનાં સુખ અને દુઃખ સ્મરણવામાં આવતાં તે સ્ત્રી રોવા લાગી. તેથી ગીતના રસનો ભંગ થયો જોઈ, સુકંઠે તેણીને કહ્યું કે—

"હે સુંદરી ! ચિરકાળ સુધી તારા ગીતગાનના શ્રવણવડે રંજન થયેલી આ સભા તને હમણા વાંછિત દાન આપશે, તો અત્યારે તું કેમ આમ રૂદન કરે છે? ફરીથી આવો અવસર મળવો દુર્લભ છે." તે સાંભળી તેણીએ કોઈક પ્રકારે રૂદનને રૂંધી ગદ્‌ગદ્‌ સ્વરે ગીત ગાવાના બાનાથી લોકોને આશ્ચર્ય પમાડે તેવું આ પ્રમાણેના અર્થવાળું ગાયન ગાયું—"ક્યાં પદ્મપુર નગર ! ક્યાં પદ્મરથ રાજા ? ક્યાં જયસુંદરી તેની પુત્રી ? અને ક્યાં તેના પ્રિયનો પરાભવ કરી ભિલ્લે તેનું ગ્રહણ કરવું ? ત્યાંથી પણ ક્યાં જયસુંદરીનું ગાયકને ઘેર જવું ? અને અરે ! દૈવથી હણાયેલી તે આજે ધનને માટે શું અહીં ગાયન કરે છે ?"

આવું ગીત અને પોતાના પતિનું નામ વિગેરે સાંભળી સભામાં બેઠેલી પદ્મા રાણી આશ્ચર્ય પામી અને તેણીને બરાબર જોવા લાગી એટલે તેણીએ તેણીને પોતાની પુત્રી છે એમ ઓળખી કાઢી અને તરત જ "હે પુત્રી ! હે પુત્રી ! તું ક્યાંથી ? આ તારી શી દશા ?

"એમ બોલતી પદ્મારાણી તેની પાસે ગઈ. ત્યારે તે પણ ઊભી થઈ તેણીના પગમાં પડી. તે બન્ને પરસ્પર કંઠે વળગી રોવા લાગ્યાં, એટલે પદ્મરથ રાજા પણ તે પુત્રીને ઓળખી તેની પાસે આવ્યો અને તે પણ રોવા લાગ્યો. ત્યારે તે પુત્રી પણ તેના પગમાં પડી રોવા લાગી. આ ત્રણેના રોવાથી તે વખતે સમગ્ર સભા કરૂણ દેખાવવાળી થઈ ગઈ. સર્વે સભાસદો વિસ્મય પામી તેનું ચરિત્ર જાણવાની ઇચ્છાવાળા થયા, તેથી શ્રીજયાનંદ રાજાએ તેમને પોતાની પાસે બોલાવી 'આ શું ?' એમ પૂછયું. ત્યારે કષ્ટથી રૂદનને રૂંધી ધૈર્ય ધારણ કરી પદ્મરથ રાજા બોલ્યો કે—

"હે સ્વામી ! મારે બે કન્યાઓ હતી. તેમને મેં એક સમસ્યા આપી હતી. તેમાં નાની કન્યાએ મારા ચિત્તને પ્રતિકૂળ લાગે તેવા અર્થોવડે તે સમસ્યાની પૂર્તિ કરી. તેથી મેં ક્રોધ પામીને માયાવી ભિલ્લ રૂપને ધારણ કરનારા તમને તે કન્યા આપી –પરણાવી, એ સર્વ તમે સ્ફુટ રીતે જાણો છો. મોટી પુત્રી જયસુંદરીએ મારા ચિત્તને



ઇચ્છિત સમસ્યાનો અર્થ વિગેરે કહેવાથી મેં પ્રસન્ન થઈ તે કન્યા નરકેશરી રાજાના પુત્ર નરકુંજરને આપી. પછી તે નરકુંજર જમાઈને કેટલાક દિવસ મારે ત્યાં રાખી સત્કારપૂર્વક વિદાય કર્યો, એટલે તે પ્રિયા સહિત પોતાના પુરંદરપુરમાં ગયો. અત્યારે આ જયસુંદરીને ગાયન ગાતાં મેં ઓળખી. અને ગીતને અનુસારે હું જાણું છું કે તે મારી પુત્રી ઘણી દુઃખી અવસ્થા પામેલી છે; પરંતુ વિસ્તારથી તેનું વૃત્તાંત હું જાણતો નથી, તેથી તેનું વૃત્તાંત તે જ કહેશે.”

એમ કહીને તે બંધ રહ્યો, એટલે પિતાના પૂછવાથી જયસુંદરીએ પોતાનું વૃત્તાંત આ પ્રમાણે કહ્યું—

“હે પિતાજી ! તે વખતે હું મારા પતિ સાથે સાસરે ગઈ. ત્યાં મારો પતિ મારામાં જ આસક્ત થઈ ભોગસુખમાં મગ્ન થઈ ક્રીડા કરવા લાગ્યો. એક વખત વસંતઋતુ આવી ત્યારે નગરથી બે કોશ દૂર નંદનવન જેવા **કુસુમાકર** નામના ક્રીડાઉદ્યાનમાં વેળુની ભીંતવાળા, કેળના સ્તંભની શ્રેણિવડે મનોહર અને પુષ્પોની માળાથી છાયેલા વિવિધ પ્રકારના ક્રીડાગૃહો બનાવ્યા.

પછી જાણે કામદેવના જ ઘર હોય તેવા તે ઘરોમાં બે માસ રહેવાની ઇચ્છાથી સર્વ પ્રકારની ભોગસામગ્રી લઈ જઈને મારી સાથે તેમણે ત્યાં પ્રવેશ કર્યો. આજુબાજુ દૂર રહેલા સુભટોથી રક્ષણ કરાતો અને દાસીઓના સમૂહથી પરિવરેલો તે મારો પતિ વેશ્યાઓનાં ગીતનાટ્યાદિકમાં લીન થઈ નિરંતર તેમની સાથે ક્રીડા કરવા લાગ્યો.

આ પ્રમાણે હાથણીઓ સાથે હાથીની જેમ સ્ત્રીઓના સમૂહ સાથે ક્રીડા કરતા અને ભોગમાં આસક્ત થયેલા તેને દૈવયોગે જે વિપરીત કાર્ય નીપજ્યું તે સાંભળો—**સહસ્રકૂટ** પર્વતનો સ્વામી **મહાસેન** નામનો પલ્લીપતિ કોઈ નગર લુંટવા માટે ભિલ્લના સૈન્ય સહિત નીકળ્યો હતો. તેણે માર્ગમાં જ પોતાના બાતમી આપવાવાળા માણસોથી જાણ્યું કે તે નગર અત્યંત સારી રીતે રક્ષિત કરાયેલું છે, તેથી ત્યાં જવું નકામું છે, એટલે તેનો ફેરો વ્યર્થ થયો.

પછી પાછા ફરતાં તેણે મારા પતિને નગર બહાર રહેલો જાણી તે વન પોતાની સેનાથી વીંટી લીધું. તે વખતે રાત્રીનો સમય હતો, તો પણ તમારા જમાઈએ પોતાના સૈન્ય સહિત તે ભિલ્લો સાથે યુદ્ધ કર્યું. તેમાં છેવટે શૃંગના નાદ વડે દિશાઓને ગજાવતા તે ઉત્કટ બળવાળા ભિલ્લોએ કુમારને હરાવ્યો. તેથી તે સૈન્ય સહિત નાશી ગયો. એટલે તે ભિલ્લોએ ક્રીડાગૃહોને લુંટી લીધાં, અને સીંચાણો પક્ષી જેમ ચકલીને પકડે

તેમ તે ભિલ્લપતિએ મને પકડી. પછી હર્ષ પામીને પલ્લીપતિ સૈન્યસહિત પોતાની પલ્લીમાં ગયો. ત્યાં ખેદ પામતી મને તેણે કહ્યું કે—

"હું બળવાન પલ્લીપતિ તારો પતિ થવા ઇચ્છું છું, તેથી તું મારે વિષે ઇચ્છા પ્રમાણે ક્રીડા કર." ત્યારે મેં શિયલનો નાશ પામવાના ભયથી ત્રણ દિવસ ઉપવાસ કરી તેને રોકયો. ત્યારે તે બોલ્યો કે—"તું આહાર કર. હું તારા પતિ પાસેથી તારા બદલામાં ધન લઈ તને તેને પાછી સોંપીશ."

તે સાંભળી મારા મનમાં કાંઈક ધીરજ આવી, તેથી મેં ભોજનાદિક કર્યું. પછી પલ્લિપતિની પ્રિયાને સપત્નીના શલ્યની શંકા થઈ, તેથી પર્વતની શ્રેણિમાં સુખેથી મળી શકે એવી કોઈ ઔષધિનું ચૂર્ણ તેણીએ મને ભોજનમાં આપી દીધું. તેનાથી મને જળોદરનો વ્યાધિ થયો, અને જીવિતના સંશયને પામી. ત્યારે પલ્લીપતિએ પોતાની સ્ત્રીએ કરેલું આ કૃત્ય જાણી વિચાર્યું કે—

"અહીં વૈદ્ય તથા ઔષધ વિગેરે નહિ હોવાથી આ સાજી નહિ થાય." તેટલામાં ત્યાં **સુકંઠ** નામનો ગાયક આવ્યો. તેના ગીતથી રંજીત થયેલા પલ્લીપતિએ મારી સારવાર કરવા માટે તથા પ્રીતિદાનની બુદ્ધિથી પણ મને દાન તરીકે તેને આપી. મારા રૂપમાં લુબ્ધ થયેલા તેણે પણ 'સારા વૈદ્યથી આ સાજી થશે.' એવી આશાથી મને ગ્રહણ કરી. પછી તે મને **વિજયખેડ** નામના નગરમાં લઈ ગયો, ત્યાં તેણે ધન આપી સારી બુદ્ધિવાળા વૈદ્ય પાસે મારી ચિકિત્સા કરાવી. તેણે પણ રોગનું મૂળ જાણી વિરેચન વિગેરે આપી મારો વ્યાધિ દૂર કર્યો. પછી હર્ષથી સુકંઠે તેનો સત્કાર કરી મને પોતાની પ્રિયા કરી અને હું પ્રથમથી જ કેટલીક કળાઓને તો જાણતી હતી; તેથી મને તેણે વિશેષે કરીને ગીતકળા શીખવી. હું તેને પતિ માની તેની સાથે ગીત ગાઈ રાજાદિકને રંજન કરી ઘણું ધન મેળવવા લાગી.

એ રીતે આ સુકંઠ ધનવાન થઈ ગયો. ત્યારપછી શ્રીજયાનંદ રાજા મોટો રાજા છે અને ઘણા રાજાઓ સહિત છે તેથી ત્યાં વધારે દાન મળશે એમ જાણી આજે ઘણે દિવસે સમય મળવાથી ગાવા માટે સુકંઠ સાથે હું પણ અહીં આવી છું. અહીં પિતા વિગેરેને બેઠેલા જાણી મારા આત્માને જણાવવાની ઇચ્છાથી મેં મારા ચરિત્રવાળું ગીત બનાવીને ગાયું છે.

ત્યારપછીનું સર્વ વૃત્તાંત તમે જાણો છો. હવે હું તમને પૂછું છું કે—તે વખતે ભિલ્લને જે તમે વિજયસુંદરી આપી હતી; તેનું શું થયું? અને તે કયાં છે?"



. આ પ્રમાણે તેનું ચરિત્ર સાંભળી તેના જવાબમાં પદ્મરથ રાજાએ કહ્યું કે—"તે ભિલ્લ ન હતો, પરંતુ તે રાજપુત્ર હતો, અને તેણે પોતાના ભાગ્યની પરીક્ષા કરવા માટે તેવું રૂપ કર્યું હતું. જેણે પૂર્વે મોટાં મોટાં કાર્ય કર્યાં હતાં અને મને પણ બાંધીને જે જગતમાં જય મેળવનાર થયો તે જ આ વિજયરાજાનો પુત્ર શ્રીજયાનંદ રાજેંદ્ર છે, અને તેની ડાબી બાજુએ બેઠેલી જે આ રાજાના સ્નેહ અને માનના સ્થાનરૂપ છે, તે જ સર્વ પત્નીઓમાં શ્રેષ્ઠ આ તારી બેન વિજયસુંદરી છે."

એમ કહી તેણે આંગળીવડે દેખાડેલી વિજયસુંદરી પાસે તે જેટલામાં ગઈ, તેટલામાં તો તે પણ ઊભી થઈ બહેનને કંઠે વળગી રોવા લાગી. તે વખતે જયસુંદરી રૂદનને રૂંધી મોટે સ્વરે બોલી કે—

"હે બહેન ! તને ધન્યવાદ ઘટે છે, કે જે તું શુદ્ધ શિયળવાળી છે અને તેથી જ આવી ઉત્કૃષ્ટ લક્ષ્મીને પામી છે. દેવ, ગુરૂ અને ધર્મનું માહાત્મ્ય કહીને તેં જ તત્ત્વથી સમશ્યા પુરી હતી, તેથી તેનું ફળ પણ તું તેવું જ શ્રેષ્ઠ પામી છે; પરંતુ નાસ્તિકવાદથી હણાયેલી મેં તો પિતાની ખુશામતનાં વચનવડે જેમ તેમ સમશ્યા પૂરી, તેથી તેના ફળ તરીકે હું વિપત્તિના સ્થાનરૂપ થઈ છું. રાજાદિકની પ્રસન્નતાથી કોઈ સુખી થતું નથી, અને તેની અપ્રસન્નતાથી કોઈ દુઃખી થતું નથી; પરંતુ પોતાના પુણ્ય અને પાપવડે જ સૌ કોઈ સુખી અને દુઃખી થાય છે. બીજા તો નિમિત્ત કારણ છે. આ બાબતમાં આપણે બન્ને દૃષ્ટાંતરૂપ છીએ."

આ પ્રમાણે તે બન્ને બહેનોનું ચરિત્ર સાંભળી શ્રીજયાનંદ રાજાએ ધર્મ અને અધર્મના દૃષ્ટાંતવડે સભાજનોને પ્રતિબોધ કર્યો. તે સાંભળી વિસ્મય પામેલા સર્વ જનોએ શ્રીજૈનધર્મની પ્રશંસા કરી. પછી શ્રીજયાનંદરાજાએ મુકુંદને વાંછિત ધન આપી તેની પાસેથી જયસુંદરીને છોડાવી અને તે તેના પિતાને સોંપી. પછી શ્રીજયાનંદ રાજા પોતાના મહેલમાં ગયા, એટલે જયસુંદરીને શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે શુદ્ધ કરી પિતાએ પોતાની પાસે રાખી. પછી યોગ્ય અવસરે નરકુંજરને તેના નગરથી બોલાવી શ્રીજયાનંદ રાજાએ ઠપકો આપવા પૂર્વક તેને જયસુંદરી સોંપી.

નરકુંજર પણ સસરાદિકથી માન પામી હર્ષથી પ્રિયા સહિત શીઘ્ર પોતાના **વીરપુર** નગરમાં ગયો. પછી પરસ્પર સત્કાર કરવાથી જેમણે પ્રીતિમાં વૃદ્ધિ કરી હતી એવા બીજા પણ પદ્મરથાદિક રાજાઓ શ્રીજયાનંદ નરેન્દ્રની રજા લઈ પોતપોતાના નગરમાં ગયા, અને શ્રીજયાનંદ નરેંદ્ર પણ પોતાનું રાજ્ય પિતાને આધિન કરી

ચિંતા રહિત થઈ ધર્મકાર્ય કરવા સાથે પ્રિયાઓ સહિત કળાઓવડે સ્વેચ્છાએ ક્રીડા કરવા લાગ્યા.

આ પ્રમાણે તે બન્ને રાજાએ ધર્મ અને સુખમય કેટલોક કાળ નિર્ગમન કર્યો, ત્યારપછી એક દિવસ ઉદ્યાનપાળકે આવી નમસ્કાર કરી તેમને વિનંતિ કરી કે—

"જેમ તમે બન્નેએ આ પૃથ્વી અલંકૃત કરી છે તેમ હે સ્વામી! વસંત ઋતુ અને દક્ષિણના વાયુએ વનલક્ષ્મીને અલંકૃત કરી છે-શોભાવી છે.

હે સ્વામિન્! હાલમાં નવીન ઉદયવાળી વનલક્ષ્મી ભોગ ક્રીડાને યોગ્ય બનેલી છે, કેમકે વિલાસ પામતી કોયલના મધુર સ્વરવાળી છે, ચંદન વૃક્ષના સૌરભને ફેલાવવાવાળી છે, વિકસિત ચંપાના ફૂલોની કાંતિને ધારણ કરે છે, પુન્નાગ વૃક્ષોના સમુદાયવડે મોહ પમાડે છે, મનોહર કેળ વૃક્ષોવડે મોટી શોભાને ધારણ કરે છે, તે વસંત ઋતુના વિકાસથી લોકો આણંદ સહિત ઉલ્લાસને પામે છે, તે વનલક્ષ્મી મનોહર સ્થળમાં ઉત્પન્ન થયેલાં વિકસ્વર કમળો રૂપી નેત્રોને ધારણ કરે છે? મધુર સ્વરવડે ગુંજારવ કરતી ભમરાઓની શ્રેણીઓને ધારણ કરે છે, અને તેમાં અત્યંત સુંદર માલુર-બીલી કે કોઠાનાં વૃક્ષો ઉત્પન્ન થયેલાં છે આવી વનલક્ષ્મી આપનું આતિથ્ય કરવાને ઇચ્છે છે,

આ પ્રમાણે ઉદ્યાનપાળના મુખથી સાંભળી શ્રીવિજયરાજાએ પુત્રને કહ્યું કે—"હે વત્સ! અમે હવે વનક્રીડા કરવાને લાયક નથી, કેમકે અમારી યુવાવસ્થા નથી; તેથી વસંતઋતુવડે પવિત્ર થયેલા વનમાં ક્રીડા કરવા તું જ જા. તારા ગયા વિના લક્ષ્મીના સાગરરૂપ નગરના લોકો ક્રીડા કરવા જશે નહિ."

આ પ્રમાણે ઓળંગી ન શકાય તેવી પિતાની આજ્ઞા થવાથી કુમાર સર્વ સામગ્રી, અંતઃપુર અને પરિવાર સહિત વનમાં ગયો. તેની પાછળ પોતપોતાની ઋદ્ધિને અનુસરતી યોગ્ય સામગ્રી લઈ એક બીજાથી શોભામાં અધિક હરિફાઈ કરતા નગરજનો પણ ક્રીડા કરવા વનમાં ગયા, ત્યાં ઠેકાણે ઠેકાણે લોકો વેણુ અને વીણા આદિક લાખો વાજિંત્રોને તથા મૃદંગ અને પડહ વિગેરે વાદ્યોને વગાડવા લાગ્યા, સ્ત્રીઓ તાળીઓ પાડીને ગરબા ગાવા લાગી, ગાયકો મધુર ગાયન કરવા લાગ્યા, નૃત્ય કરનાર સ્ત્રીઓ મનોહર નૃત્ય કરવા લાગી, ખેલ કરનારા ખેલ કરવા લાગ્યા, મશ્કરા લોકો હાસ્યકળાની ક્રીડા કરવા લાગ્યા અને લક્ષ્મીને ક્રીડા કરવાના સ્થાનરૂપ મલ્લ લોકો પરસ્પર મળીને કુસ્તી કરવા લાગ્યા.

તે વખતે યુવાન પુરૂષો સ્વાદ કરવા લાયક તાંબૂળ વિગેરે સ્વાદિષ્ટ વસ્તુનો સ્વાદ

લેતા હતા, મદિરાદિકનું પાન કરતા હતા, મનોહર રીતે કૂદતા હતા, અને વિષયક્રીડામાં લીન થતા હતા. કેટલાક વિષયસેવનથી શ્રમિત થઈ પત્નીઓ સહિત નિશ્ચિંતપણે સુખનિદ્રાએ કરીને ક્રીડાગૃહોમાં સુતા હતા અને કેટલાક કદલીગૃહમાં સુતા હતા.

પ્રિયા સહિત કેટલાક યુવાન પુરૂષો પોતાના રૂપવડે કામદેવને જીતી જાણે તેના આયુધ લઈ લીધા હોય તેમ પહેરેલા પુષ્પોના અલંકારવડે શોભતા હતા, કેટલાક યુવાન પુરૂષો સમાન રૂપને લીધે મિત્રરૂપ થયેલા કામદેવને ભેટ કરવા માટે દરેક વૃક્ષોપરથી પુષ્પોને ચુંટતા હતા. કેટલીક યુવતીઓ 'આ પુષ્પોવડે કામદેવ અમને અકાળે ન હણો' એમ ધારી દરેક લતાનાં પુષ્પોને તોડી નાખતી હતી. કેટલીક સ્ત્રીઓના સ્તનપર પતિએ પુષ્પની માળાઓ નાખી હતી, તે જાણે કે તેના હૃદયમાં પ્રવેશ કરતા કામદેવે પોતાના શસ્ત્રો બહાર મૂક્યાં હોય તેવી શોભતી હતી.

આવે અવસરે પુષ્પનું ઘર કરનારી દાસીઓએ કેળના સ્તંભવાળું એક મનોહર પુષ્પગૃહ બનાવ્યું. તેમાં પુષ્પમય આસનપર વિવિધ પ્રકારના પુષ્પોના અલંકારવડે સર્વ અંગે અલંકૃત કરાયેલો તે કુમારરાજ બેઠો. તે વખતે જાણે બીજી મૂર્ત્તિને પામેલો સાક્ષાત્ કામદેવ હોય તેમ તે શોભવા લાગ્યો.

ત્રણે પ્રિયાઓએ નાટયકળા, ગીતકળા અને નાદકળાના નવા નવા રસવડે અતિ રંજન કરાયેલો તે કુમાર કેટલોક સમય ત્યાં બેઠો, અને નંદનવનમાં ઇંદ્રની જેમ અપ્સરા જેવી સ્ત્રીઓ સાથે વિવિધ પ્રકારના ક્રીડારસવડે બીજી પણ ક્રીડા કરી. પછી તે કુમારરાજ કમલિનીના પરાગવડે સુગંધી અને પીળા થયેલા જળવાળા ક્રીડાસરોવરમાં જળક્રીડા કરવા ગયો.

ત્યાં પ્રિયાઓને સુવર્ણની પીચકારીના જળવડે સિંચન કરતાં છતાં અને કમળોવડે ઢાંકી દેતાં છતાં પણ કુમારે તેમને કામોપતાપવાળી કરી એ આશ્ચર્ય છે. ચોતરફ કામી જનો વાજીંત્ર વગાડતા હતા અને વેશ્યાઓ સ્મિતપૂર્વક મનોહર ગીત ગાતી હતી. તે વખતે કુમારની પ્રિયાઓએ મશ્કરીપૂર્વક કુમારને કમલિનીના પાંદડાઓવડે પાણી છાંટી વ્યાકુળ બનાવી દીધો.

આ પ્રમાણે હાથણીઓ સાથે હાથીની જેમ કુમાર પ્રિયાઓ સાથે જળક્રીડા કરી તેઓની પરસ્પર જળક્રીડા કરવા માટે સરોવરમાં રાખી પોતે તે સરોવરની પાળના અલંકારરૂપ થયો-પાળ ઉપર આવીને બેઠો.

આ અવસરે કુમારે પોતાની તરફ આવતાં એક ભિલ્લને જોયો. તેણે વાઘનાં

ચામડાં પહેર્યાં હતાં, કુંડળરૂપ કરેલું ધનુષ્ય હાથમાં ધારણ કર્યું હતું, દોરડાથી બાંધેલા એક કુતરાને સાથે રાખ્યો હતો, તેની બંને બાજુએ ભાથાં લટકાવેલાં હોવાથી તે ભયંકર દેખાતો હતો અને તેણે મસ્તકપર મોરપિચ્છ વીંટયાં હતાં. આવા તે ભિલ્લે તેમની પાસે આવી પ્રણામ કર્યા. કુમારે તેને પૂછયું કે-' તું કોણ છે ? ' ત્યારે તે બોલ્યો કે—

" હે નરેંદ્ર ! યમદુર્ગ નામના પર્વતની પલ્લીમાં **ચંડસિંહ** નામે પલ્લીપતિ હતો. તેના **સિંહ** અને **વ્યાઘ્ર** નામના બે પુત્રો છે. પિતાના મરણ પછી તે બન્ને ભાઈઓ વહેંચીને રાજ્ય ભોગવતા હતા. કેટલેક કાળે બળથી ઉદ્ધત થયેલ સિંહે વ્યાઘ્રનું રાજ્ય તથા સ્ત્રી લઈ લીધાં, તેથી દુઃખી થયેલો વ્યાઘ્ર એકલો વનમાં ભમવા લાગ્યો અને શિકારવડે આજીવિકા કરવા લાગ્યો.

હે રાજન્ ! તે જ હું વ્યાઘ્ર આજે અહીં આવ્યો છું; તથા તે મારો ભાઈ સિંહ પણ નગરની સમૃદ્ધિ જોવાની ઇચ્છાવડે કૌતુકથી અહીં જ સમીપના વનમાં આવ્યો છે. તે મારી પત્ની સાથે નિઃશંકપણે ક્રીડા કરે છે. તેને જીતવાને હું અશક્ત છું, માટે દુર્બળનું બળ રાજા છે એમ ધારી હું તમારી પાસે આવ્યો છું.

તમારા સુભટોનો કોળાહળ સાંભળી તે દુર્બુદ્ધિ કયાંઈક નાશી જશે તેથી હે રાજન્ ! જો તમે શક્તિમાન હો, તો શીઘ્રપણે એકલાજ મારી સાથે આવી મારી પ્રિયાને છોડાવો અને દુષ્ટને હણી મને મારૂં રાજ્ય અપાવો. સત્પુરૂષો સ્વભાવથી જ વત્સલ હોય છે અને શરણે આવેલા ઉપર તો વિશેષે કરીને વત્સલ હોય છે. કહ્યું છે કે :—

" સત્પુરૂષો બીજાની વિપત્તિમાં અત્યંત સજ્જનપણું ધારણ કરે છે. જુઓ, મુસાફરોને શાંતિ આપવા માટે વૃક્ષો ઉનાળામાં ગાઢ અને કોમળ પાંદડાંની છાયાવાળા થાય છે."

આ પ્રમાણેનાં તેનાં વચન સાંભળી રાજાને તેના ઉપર દયા આવી; તેથી તે ક્રોધ કરીને બોલ્યા કે—" અરે તે દુષ્ટને બતાવ, કે જેથી તેનો તત્કાળ નિગ્રહ કરૂં. મારી પૃથ્વીમાં રહીને પણ જે દુષ્ટ અંતઃકરણવાળો આવી અનીતિ કરે તેવા સજ્જનતાને કલંક આપનારને હું ક્ષણમાત્ર પણ સહન કરી શકીશ નહિ. "

એમ કહી શ્રીજયાનંદરાજા તેની સાથે માત્ર એક ખડ્ગ સહિત કોઈ ન જાણે તેમ ગયા. ' વિષમ કાર્યમાં પણ સાત્ત્વિક પુરૂષને વિચાર હોતોજ નથી. ' પછી વનના નિકુંજની પાસે જઇ તે ભિલ્લે શ્રીજયાનંદરાજાને કહ્યું કે—

" આજ વનમાં તે રહેલો છે; તેથી આપ અંદર જાઓ, હું તો અહીંથી આગળ આવતાં ભય પામું છું. " ત્યારે રાજાએ તેને ત્યાં જ રહેવા દઇને પોતે એકલા તે



નિકુંજમાં પ્રવેશ કર્યો. ત્યાં તેણે સર્વત્ર તપાસ કર્યો; પરંતુ કોઈને જોયો નહિ; એટલે તે પાછા ફરીને બહાર આવ્યા, તો ત્યાં તે ભિલ્લને પણ રાજાએ જોયો નહિ. ત્યારે તે સર્વ ઇંદ્રજાળ હશે એમ માનતા રાજા નગર તરફ જવા લાગ્યા, તેટલામાં તત્કાળ આકાશથી ઉતરીને વિમાનમાંથી બહાર નીકળી કોઈ વિદ્યાધરે રાજાને નમી વિનયથી વિનંતિ કરી કે—

"હે સ્વામી! તમે હૃદયમાં કાંઈપણ વિકલ્પ કરશો નહિ. ભિલ્લનું રૂપ વિગેરે માયા કરીને હુંજ તમને અહીં લઈ આવ્યો છું; તેનું કારણ કહું છું તે સાંભળો.

વૈતાઢ્ય પર્વતની દક્ષિણ શ્રેણિમાં પચાસ નગરો છે. તેમાં **રથનૂપુરચક્રવાલ** નામે મુખ્ય નગર છે. દક્ષિણ શ્રેણિના સર્વ વિદ્યાધરોએ માનવા લાયક હું **પવનવેગ** નામનો વિદ્યાધરોનો રાજા છું. મારે **વજ્રવેગ** નામનો પુત્ર છે. તેણે અનેક વિદ્યાઓ સિદ્ધ કર્યા પછી ઘણી કન્યાઓ સાથે પાણિગ્રહણ કરી હર્ષથી **હેમશૃંગ** નામના રમણીય પર્વત ઉપર **હેમપુર** નામનું નવું નગર વસાવ્યું, અને ઘણી વિદ્યાઓના બળથી ગર્વિષ્ટ થયેલો તે પરિવાર તથા પુરજનો સહિત કૈલાસ પર્વત ઉપર જઈ કુબેરની જેમ સ્વેચ્છાએ ક્રીડા કરવા લાગ્યો.

તે સ્થળે સુવર્ણ અને મણિના મહેલોથી શોભિત, યોગિનીઓને વસવાનું સ્થાન અને તેના જ પીઠથી સુશોભિત **જાલંધર** નામનું સુંદર નગર છે. તે નગરની સ્વામિની **કામાક્ષા** યોગિની ઘણી ઋદ્ધિ અને મોટા પરિવારવાળી છે. તે યોગિનીઓના સમૂહથી પૂજાય છે, અને તે નગરના મધ્યમાં આવેલા મહેલમાં રહે છે. તેની સન્મુખ સુવર્ણ અને મણિમય એક સુંદર પીઠ છે. તેના ઉપર બેસીને સાધક પુરૂષો યોગિનીઓ સહિત તે કામાક્ષાની આરાધના કરે છે. તે પીઠને ચારે દિશામાં ફરતી મોટી ઋદ્ધિવાળી ચોસઠ યોગિનીઓ પરિવાર સહિત રહે છે. તેમનાં નામ આ પ્રમાણે છે.—

વારાહી ૧, વામની ૨, ગરૂડા ૩, ઇંદ્રાણી ૪, આગ્નેયી ૫, વામ્યા ૬, નૈઋત્યા ૭, વારૂણી ૮, વાયવ્યા ૯, સૌમ્યા ૧૦, ઈશાની ૧૧, બ્રહ્માણી ૧૨, વૈષ્ણવી ૧૩, મહેશ્વરી ૧૪, વૈનાયકી ૧૫, શિવા ૧૬, શિવદૂતી ૧૭, ચામુંડી ૧૮, જયા ૧૯, વિજયા ૨૦, અજિતા ૨૧, અપરાજિતા ૨૨, હરસિદ્ધિ ૨૩, કાલિકા ૨૪, ચંડા ૨૫, સુચંડા ૨૬, કનકદંતા ૨૭, સુદંતા ૨૮, ઉમા ૨૯, ઘંટા ૩૦, સુઘંટા ૩૧, માંસપ્રિયા ૩૨, આશાપુરી ૩૩, લોહિતા ૩૪, અંબા ૩૫, અસ્થિભક્ષી ૩૬, નારાયણી ૩૭, નારસિંહી ૩૮, કૌમારા ૩૯, વાનરતી ૪૦, અંગા ૪૧, વંગા ૪૨, દીર્ઘદંષ્ટ્રા ૪૩,

યમદંષ્ટ્રા ૪૪, પ્રભા ૪૫, સુપ્રભા ૪૬, લંબા ૪૭, લંબોષ્ઠી ૪૮, ભદ્રા ૪૯, સુભદ્રા ૫૦, કાલી ૫૧, રૌદ્રી ૫૨, રૌદ્રમુખી ૫૩, કરાલા ૫૪, વિકરાલા ૫૫, સાક્ષી ૫૬, વિકટાક્ષી ૫૭, તારા ૫૮, સુતારા ૫૯, રજનીકરા ૬૦, રંજના ૬૧, શ્વેતા ૬૨, ભદ્રકાલી ૬૩, અને ક્ષમાકરી ૬૪—

આ ચોસઠ યોગિનીઓ કામરૂપિકા એટલે ઇચ્છા પ્રમાણે રૂપ કરનારી છે. તેમની નિરંતર પૂજા કરવાથી તેઓ વરદાન આપનારી થાય છે. અણિમા, લઘિમા, ઐશ્વર્ય, વશિતા અને ગરિમા વિગેરે તેમની વિવિધ શક્તિઓ છે, અને કોપ તથા તોષ વિગેરે તેમનું કર્મ છે. દિવ્ય શક્તિવાળી તેઓ મનોહર પર્વત, વન, સરોવર, મોટી નદી, દ્રહ, દ્વીપ અને સમુદ્ર વિગેરે સ્થળોમાં સ્વેચ્છાએ ક્રીડા કરે છે. તેઓ ક્રોધ પામે છે ત્યારે મનુષ્યલોકમાં મરકી વિગેરે ઉપદ્રવો કરી ઘણા જીવોનો વિનાશ કરે છે, અને તુષ્ટમાન થાય છે ત્યારે અનેક સંપદાઓ આપે છે. અનેક પ્રકારનાં રૂપ, ક્રિયા અને વંચનાદિકવડે રંક જનોને તેઓ ભય ઉપજાવે છે, અને મહા પુરૂષોને હર્ષ પણ પમાડે છે, આ તેમની નિરંતરની ક્રીડા છે.

હવે હેમશૃંગ નામનો જે પર્વત છે તે તેમનું ક્રીડાસ્થાન છે. આ વાતની ખબર વિના મારા પુત્રે ત્યાં નગર વસાવ્યું, તેથી કોપ પામેલી તેઓએ મરકી આદિ ઉપદ્રવ કરી સર્વ લોકોને ભય ઉપજાવી તે નગર ઉજ્જડ કરી નાખ્યું છે. આ પ્રમાણે બનવાથી મારા પુત્ર વજ્રવેગને તેઓને વશ કરી શકે તેવી અને ઇષ્ટ સિદ્ધિને આપનારી **જ્વાલામાલિની** નામની વિદ્યા સાધવાની ઇચ્છા થઈ. તે વિદ્યાદેવી શ્રીપર્વત ઉપર **મહાજ્વાલાની** દૃષ્ટિ પાસે લાખ બિલ્વફળના હોમવડે, જાપવડે અને ધ્યાનવડે સિદ્ધ થાય છે. વજ્રવેગે ત્યાં તે દેવીના ગૃહમાં સર્વ સામગ્રી સહિત જઈ વિધિ પ્રમાણે તે જ્વાલામાલિની વિદ્યાને સાધવાનો પ્રારંભ કર્યો.

તે હકીકત જાણી કોપ પામેલી યોગિનીઓ સાતમે દિવસે ત્યાં આવી તેને પ્રતિકૂળ ઉપસર્ગોવડે ક્ષોભ પમાડવા લાગી; પરંતુ તે સાત્ત્વિક તેનાથી ક્ષોભ પામ્યો નહિ. ત્યારે તેઓ પ્રગટ થઈ પોતાનાં દિવ્ય અલંકૃત રૂપો બતાવી બોલી કે—

"અહો! તું અતિ સાહસિક છે, તેથી અમે તારાપર પ્રસન્ન થઈએ છીએ; માટે તને પતિરૂપ કરી અમે અમારી રૂપલક્ષ્મીને કૃતાર્થ કરવા ઇચ્છીએ છીએ. અમે દાસીની જેમ હંમેશાં તારી સેવા કરશું, માટે મનુષ્ય છતાં પણ તું અતિ દુર્લભ દેવતાઈ ભોગ ભોગવ. હવે તારે વૃથા તપ, ધ્યાનાદિક કલેશ કરવાનું કાંઈ જ કારણ નથી. 'મોદક

પ્રાપ્ત થયા પછી વાલ રાંધવાનો કલેશ કોણ કરે ?' તો હે નાથ! તમે ઉભા થઈને તમારાપર રાગવાળી અમને આલિંગન આપો.

અત્યાર સુધી તમે ખારા પાણીના રસને-આસ્વાદને જાણતા હતા, અને હવે અમૃતના રસને જાણનાર થાઓ." આ પ્રમાણે કહી કામને ઉદ્દીપન કરે તેવી ચેષ્ટા કરવા લાગી, મોહ પમાડે તેવું ગીત ગાવા લાગી અને કંકણ તથા નૂપુરના શબ્દપૂર્વક નાટ્ય કરવા લાગી. તેના ધ્વનિને સાંભળી તથા તેમનાં મનોહર રૂપો જોઈ તે વજ્રવેગ ક્ષોભ પામ્યો અને હૃદયમાં કામદેવ ઉત્પન્ન થતાં તેનું ધ્યાન નષ્ટ થયું; તેથી તે કાંઈક બોલવાનો વિચાર કરવા લાગ્યો, તેટલામાં તો પરસ્પર હાસ્ય કરતી તેઓ તેને પોતાના નગરમાં લઈ ગઈ, અને મંત્રવડે નિગડિત કરી-બાંધી તેની વિડંબના કરવા લાગી.

આ સર્વ હકીકત મેં તેના માણસો પાસેથી જાણી, એટલે વિવિધ પ્રકારની પૂજા અને સ્તુતિ વિગેરેથી મેં તે યોગિનીઓને પ્રસન્ન કરવા માટે અનેક ઉપાયો કર્યા, પરંતુ તેઓ કોઇપણ પ્રકારે વશ થઈ નહિ અને વજ્રવેગને છોડ્યો નહિ.

હવે તે જ વૈતાઢ્ય પર્વત ઉપર ઉત્તરશ્રેણિના ભૂષણરૂપ અને પૌરજનોને વલ્લભ એવું **ગગનવલ્લભ** નામનું ઉત્તમ નગર છે. તેમાં **ચક્રાયુધ** નામનો સર્વ વિદ્યાધરોનો રાજા છે. તે રાજા છતાં નિરંતર લોકને વિષે પદ્મોલ્લાસ કરે છે-લક્ષ્મીનો ઉલ્લાસ કરે છે. તેના ચરણકમળને વિષે સર્વ રાજાઓ ભ્રમરના સ્થાનને ધારણ કરે છે, તેથી તેઓ લક્ષ્મીને પામે છે તે તો યુક્ત છે; પરંતુ પ્રશંસારૂપી ઉજ્વળપણાને પણ પામે છે તે આશ્ચર્ય છે.

જેમ જ્યોતિશ્ચક્રમાં સૂર્ય, પર્વતોમાં મેરૂ, વૃક્ષોમાં કલ્પવૃક્ષ અને પશુઓમાં સિંહ, આ સર્વના જેવો અથવા તેનાથી અધિક કોઈ નથી, તેમ સર્વ વિદ્યાધરોમાં વિદ્યા, ઐશ્વર્ય, બળ અને સમૃદ્ધિવડે તેના જેવો અથવા તેનાથી અધિક કોઈ પણ નથી, તો પછી સામાન્ય મનુષ્યો તો તેની પાસે કોણ માત્ર જ છે? જેમ સર્વ દેવો ઇંદ્રને સેવે છે, તેમ હાલમાં બન્ને શ્રેણિમાં રહેલા સર્વ વિદ્યાધરો અધિક ઐશ્વર્યવાળા તે ચક્રાયુધ રાજાને જ સેવે છે. તે મારો પણ સ્વામી હોવાથી મેં તેને મારા પુત્ર વજ્રવેગને યોગિનીએ પકડી લીધેલ તે સર્વ હકીકત જણાવી, તે સાંભળીને 'હું તેને મૂકાવીશ, એમાં શું મોટી બાબત છે?' એવો તેમણે જવાબ આપ્યો.

ત્યારપછી મેં તેની પાસે વારંવાર વિનંતિ કરી; પરંતુ હજુ સુધી તેણે મારા પુત્રને મૂકાવવાનો કશો પ્રયત્ન કર્યો નથી. 'મોટા પુરૂષોને વિષયાદિકમાં પ્રમાદીપણું હોય છે, અથવા તેવી ચેષ્ટા પણ હોય છે; પરંતુ સારી રીતે શક્તિમાન છતાં આવાં પરોપકારનાં

કાર્ય કેમ કરતા નહિ હોય તેનું કારણ કાંઈ સમજાતું નથી; અથવા તો તેવા પુરૂષમાં શક્તિ કેટલી છે તે પણ જાણી શકાય તેમ નહિ હોવાથી મારા જેવો માણસ આ કષ્ટ નિવારવાની તેની શક્તિ છે કે નહિ એ પણ શી રીતે સમજી શકે?

વળી હે રાજન્! મારે **વજ્રસુંદરી** નામની એક પુત્રી છે. તે રૂપાદિકવડે દેવસુંદરીની સમાન છતાં એક બાબતમાં તેમનાથી અધિક છે, તે એ કે તે દેવસુંદરીઓ માત્ર પોતે જ નિમેષ રહિત નેત્રવાળી છે, અને આ મારી પુત્રી તો તેણીને જોનારા સર્વ સ્ત્રીપુરૂષોના સમૂહને નિરંતર નિમેષ રહિત નેત્રવાળા કરી દેનારી છે. સર્વ ગુણોવડે શ્રેષ્ઠ અને જૈન-ધર્મની રૂચિવાળી તે મારા પુત્રની નાની બ્હેને યોગ્ય સમયે સમગ્ર કળાઓ ગ્રહણ કરી છે. નંદનવનમાં ઘણાં વૃક્ષો છતાં કલ્પવૃક્ષો વિશેષે કરીને હોય છે, તેમ તેણીને વિષે સર્વ કળાઓ છતાં નાટ્યકળા વિશેષે કરીને સર્વોત્તમ છે.

એક દિવસ તેણીના ગુણો ચક્રાયુધ રાજાના સાંભળવામાં આવ્યા; તેથી તે સ્વામીએ દૂતના મુખથી મારી પાસે તેણીની માગણી કરી. પરંતુ તે કન્યા કરતાં ત્રણ ગણા વર્ષથી અધિક અને ઘણી સ્ત્રીઓવાળો તે રાજા હોવાથી મારા પ્રાણથી પણ વધારે વહાલી તે કન્યાને હું તેને આપવા ચહાતો નથી. કહ્યું છે કે—

"શરીર, શીળ, કુળ, વિત્ત, વય, વિદ્યા અને સનાથપણું—આટલા ગુણ જેનામાં હોય તેને પોતાની પુત્રી આપવા યોગ્ય છે." તથા—"મૂર્ખ, નિર્ધન, દૂર દેશમા રહેનાર, ઘણી ભાર્યાવાળો, સંસાર તજી દેનાર અને ત્રણ ગણા વર્ષથી અધિક વયવાળો જે હોય તેને કન્યા આપવી યોગ્ય નથી."

આમ છતાં પણ મેં વિચાર્યું કે—"તે પૃથ્વીપતિ છે, તેથી તેનો એકાએક નિષેધ કરી શકાય તેમ નથી." તેથી મેં દૂતને મુખે એવો ઉત્તર આપ્યો કે—'યોગિનીઓએ પકડેલો મારો પુત્ર અતિ દુઃખી છે, તેના દુઃખને લીધે મને વિવાહાદિક કાર્યો સાંભરતાં પણ નથી. તેથી હે સ્વામી! તમે તેને યોગિનીઓ પાસેથી છોડાવો. ત્યારપછી સર્વ સારૂં થશે.'

આ પ્રમાણે દૂતે જઈને વિનંતિ કરી; પરંતુ તેણે કાંઈ ઉત્તર આપ્યો નહિ. 'સર્વ પ્રકારના સુખમાં મગ્ન થયેલાઓની તેવી જ લીલા હોય છે.'

એક દિવસ સભામાં કોઈ નૈમિત્તિક આવ્યો. તેનો અપેક્ષા સહિત મેં સત્કાર કરી તેની પાસે ફળ પુષ્પાદિક મૂકી પ્રશ્ન કર્યો કે—'હે નૈમિત્તિક! મારા બે કાર્યનો ઉત્તર આપ. એક તો યોગિનીઓએ પકડેલા મારા પુત્રને કોણ છોડાવશે? અને બીજું ગુણો વડે સમાન એવો કોણ મારી પુત્રીનો પતિ થશે?' નૈમિત્તિકે જવાબ આપ્યો કે—

'આ બન્ને કાર્ય એક જ પુરૂષ કરશે.' ત્યારે મેં પૂછ્યું કે—'તેને શી રીતે ઓળખવો ?' તે બોલ્યો કે—'જે પદ્મરથ રાજાને બાંધી તેને પ્રતિબોધ પમાડશે, જે પોતાની કળાઓવડે કરીને શ્રીપતિ રાજાની ત્રણ કન્યાઓને જીતીને પરણશે તથા જે સ્પર્ધા કરતા અનેક સુભટોને જીતશે, તે વીર તમારા પુત્રને મૂકાવશે અને તમારી પુત્રીનો પતિ થશે.'

આ પ્રમાણે તેનું વચન સાંભળી હું અત્યંત આનંદ પામ્યો, અને ફળ, અલંકાર, તથા વસ્ત્રાદિકથી તેનો સત્કાર કરી મેં તેને રજા આપી, એટલે તે નૈમિત્તિક મને આશીર્વાદ આપીને ગયો.

ત્યારપછી તત્કાળ ચારેબાજુ માણસોને મોકલી મેં શોધ કરાવી, એટલે નિમિત્તિયાએ કહેલા લક્ષણોવાળા તમને જાણી હું તમારી પાસે આવ્યો; પરંતુ જો તમારા પિતાદિક આ વૃત્તાંત જાણે તો તેઓ તમને મોકલે નહિ, એમ ધારી ભિલ્લાદિકની માયા કરી હું તમને એકલાને જ અહીં લઈ આવ્યો છું. તો હે રાજન્ ! જો તમારી શક્તિ હોય તો મારા પુત્રને છોડાવો અને મારા ઉપર ઉપકાર કરો. તમારા જેવાનો જન્મ જગતના ઉપકારને માટે જ હોય છે. કહ્યું છે કે—

"નદીઓ જળને વહે છે પણ તે પોતે જળપાન કરતી નથી, વૃક્ષો ફળોને ધારણ કરે છે પણ તે પોતે ખાતા નથી, તથા ખાણો વિત્તને ઉત્પન્ન કરે છે પણ પોતે તે દ્રવ્યને ભોગવતી નથી. તે પ્રમાણે સત્પુરૂષોની વિભૂતિ પરોપકારને માટે જ છે." તથા—

સત્પુરૂષો પરોપકાર કરતાં પોતાને થતા ક્લેશને પણ ગણતા નથી. "શું વૃક્ષો પોતે તડકે રહીને પણ બીજાને છાયા આપતા નથી ?"

"હે રાજેંદ્ર ! હું અતિ દુઃખી છું, અને તમે પરના દુઃખનો ક્ષય કરવામાં સમર્થ છો, તેમજ દૈવયોગથી આપણો મેળાપ થયો છે, તો હવે જેમ ઉચિત લાગે તેમ કરો."

આ પ્રમાણે તેનો સર્વ વૃત્તાંત સાંભળી ઉત્સાહવડે રોમાંચિત શરીરને ધારણ કરતા કુમારરાજે વિચાર્યું કે—"બહુ સારૂં થયું કે મને પરોપકાર કરવાનો આ અવસર મળ્યો. જેમ શૂરવીરને રણસંગ્રામ કરવાનો સમય મળે, તર્કશાસ્ત્રના વિદ્વાનને વાદીનો સમાગમ મળે, કારાગૃહમાં પૂરેલાને તેમાંથી નીકળી જવાનો સમય મળે, સેવકને તેના ઈચ્છિત કાર્યમાં સ્વામીની આજ્ઞા મળે, દુષ્કાળમાં ભૂખ્યાને દાનશાળાનું નિમંત્રણ મળે, વૈદ્યને કોઈ અત્યંત ગ્લાન માણસ બોલાવે, રોગીને ઉત્તમ વૈદ્યની પ્રાપ્તિ થાય અને નિર્ધનને અપૂર્વ નિધાન મળે,



તે જ પ્રમાણે મહાપુરૂષને પરોપકાર કરવાનો અવસર મળે તે ઉત્સવરૂપ હોય છે. એક તરફ પરોપકારનું પુણ્ય મૂકીએ અને બીજી બાજુ બીજાં સર્વ પુણ્યો મૂકીએ તો તેમાં પહેલું પુણ્ય જ અધિક થાય છે એમ દેવો કહે છે. પ્રાયે કરીને સત્પુરૂષો પરોપકારના પુણ્યરૂપી અન્નવડે દાન કરવામાં કંજુસ હોતા નથી; તેથી હું એકલોજ જઈને આ પરોપકારનું કાર્ય કરીશ. જેમ પાંપણ વિગેરે ઉપકરણ નેત્રની કીકીને માત્ર શોભા માટે જ છે અને કાનપાપડી વિગેરે ઉપકરણ કર્ણેદ્રિયની શોભા માટે જ છે, તેમ શૂરવીરને સૈન્યાદિક સામગ્રી માત્ર શોભાને માટે જ છે, તેને તેની ખાસ જરૂર હોતી નથી." એ પ્રમાણે વિચારી કુમારરાજે અતિ હર્ષથી તે વિદ્યાધરપતિને કહ્યું કે—"હું એકલો જ તમારૂં કાર્ય કરવામાં સમર્થ છું; અને તમારી સાથે આવવા તૈયાર છું."

આ પ્રમાણે કહી વિદ્યાધરની સાથે કુમારરાજ તેના વિમાનમાં બેસી શ્રીપર્વત ઉપર ગયા. 'સત્પુરૂષો પરોપકારના કાર્યમાં વિલંબ કરતા જ નથી.' પવનવેગે લેખ સહિત પોતાના એક વિદ્યાધરને કુમારના પિતા પાસે મોકલી તેને ધીરજ રહેવા માટે કુમાર પોતાની સાથે આવેલા છે તે હકીકત જણાવી. પછી વિદ્યાધરપતિએ તેમને કહ્યું કે—

"હે કુમારરાજ! યોગિનીઓને વશ કરવા માટે પ્રથમ આ વિદ્યા ગ્રહણ કરીને તે જ્વાલામાલિની દેવીને સાધો. આ વિદ્યા કુળક્રમથી આવેલી મારી પાસે છે, પરંતુ તેની સાધનામાં ઘણો પ્રયાસ કરવો પડતો હોવાથી અને મારામાં તેવું સાહસ નહિ હોવાથી હું તે વિદ્યા સાધી શક્યો નથી." તે સાંભળી કુમારે તેની પાસેથી વિનયાદિક વિધિપૂર્વક સાધનાની વિધિ સહિત તે વિદ્યા ગ્રહણ કરી. પછી વિદ્યાધરને કહ્યું કે—

"લાખ બિલ્વફળનો હોમ વિગેરે સાવદ્ય કર્મ કોણ કરે? વિદ્યા તો સત્ત્વથી જ સિદ્ધ થાય છે, માટે અહીં સત્ત્વ જ સાધનરૂપ હો." એમ કહી સ્નાનાદિક કરી પવિત્ર થઈ ઉપવાસ ગ્રહણ કરી સાધર્મિકની બુદ્ધિવડે તે દેવીની ભક્તિપૂર્વક વિવિધ પ્રકારે પૂજા કરી ક્ષેત્રાધિષ્ઠાયક વિગેરેના કાયોત્સર્ગો કરી બીજો પણ સમગ્ર વિધિ કરી પૂર્વાભિમુખે બેસી તે બુદ્ધિમાને પંચપરમેષ્ઠીના પદોવડે-વજ્રપંજર સ્તોત્રથી પોતાની રક્ષા કરી.

પછી દેવીની દ્રષ્ટિ સન્મુખ દર્ભાસનપર પદ્માસને બેસી ધ્યાનને વિષે જ મનને લીન કરી સ્થિરપણે તે વિદ્યાનો જાપ કરવા લાગ્યા. બીજે જ દિવસે આ વૃત્તાંત જાણી સર્વ યોગિનીઓ તત્કાળ ત્યાં આવી, અને તેની વિદ્યા જો સિદ્ધ થાય તો પોતાને તેને વશ થવું પડે એવી શંકા થવાથી તેઓએ અનેક પ્રકારનાં પ્રતિકૂળ ઉપસર્ગોવડે તેને ક્ષોભ પમાડવાનો પ્રારંભ કર્યો.

પ્રથમ તે યોગીનીઓએ મોટા શરીરવાળા અને ફુંફાડા મારતા સેંકડો સર્પો વિકુર્વ્યા. તેઓ તે નરેંદ્રને ચારેબાજુથી વીંટી વીંટીને તથા ડસી ડસીને ઉલટા ખેદ પામ્યા. તેમની દાઢાઓ, અસ્થિ અને મણિઓ પણ ભાગી ગયા, તેથી તેઓ પાછા હઠ્યા; પરંતુ શ્રીજૈનધર્મની રક્ષાના પ્રભાવથી તે કુમારનું એક રૂંવાડું પણ ભેદાયું નહિ.

પછી દેવીઓએ ગર્જના કરતા હાથીઓ વિકુર્વીને મૂક્યા. તેઓએ દાંતોવડે તેને વિવિધ પ્રકારે પ્રહારો કર્યા અને સૂંઢ તથા પગવડે તેને હણ્યો, તોપણ તે ધ્યાનથી જરાપણ ચલિત થયો નહિ. એ જ પ્રમાણે તેઓએ ભયંકર શબ્દ કરતાં વાઘ વિકુર્વ્યા, તેઓ પણ તીક્ષ્ણ દાંત અને નખોવડે તેને હણી હણીને ખેદ પામ્યા, તોપણ તેઓ કુમારના એક રૂંવાડાને પણ ક્ષોભ પમાડી શક્યા નહિ. ત્યારપછી દેવીઓએ ધૂમાડાના સમૂહવડે દિશાઓના સમૂહને ચારે બાજુથી અંધ કરતો, ત્રડ ત્રડ શબ્દથી ભયંકર અને મોટી જ્વાળાએ કરીને સહિત એવો જાજ્વલ્યમાન અગ્નિ વિકુર્વ્યો. તેના મહા તાપવડે કુમાર જાણે ચારે બાજુથી ઓગળી ગયો હોય એવો થઈ ગયો, પરંતુ તેથી પણ તે ધ્યાનથી સ્ખલિત થયો નહિ.

ત્યારપછી તે યોગિનીઓ પોતે જ ભયંકર રૂપવાળી થઈ અને ભયંકર લોચનવડે અગ્નિ જેવી દેદીપ્યમાન દેખાતી, પર્વતની ગુફા જેવા ભયંકર મુખમાંથી અગ્નિને વરસાવતી, ડમ ડમ શબ્દ કરતા ડમરૂના નાદવડે પર્વતની ગુફાઓને ગજાવતી, ફૂત્કારા સહિત અટ્ટહાસ્યવડે આકાશતળને ફોડતી, દેદીપ્યમાન ભાલા, ખડ્ગ, તોમર અને મુદ્ગર વિગેરે શસ્ત્રોને નચાવતી, તથા પગના આઘાતવડે પૃથ્વીને કંપાવતી અને નાદ કરતી તેઓ બોલી કે—

"અરે! મૂઢ! અમારી પૂજા કર્યા વિના તું વિદ્યા સાધે છે, તો જલ્દી ઉભો થા, નાશીને જતો રહે; નહિ તો તું મરણ પામીશ." એમ કહી તેઓ તેને હણવા માટે દોડી, અને વિવિધ પ્રકારનાં શસ્ત્રોવડે તેને હણ્યો. તો પણ તેના ઘાતો તે કુમારના શરીર ઉપર લેશ માત્ર પણ અસર કરનારા થયા નહિ. જૈનીરક્ષા, સ્થિર ધ્યાન અને સાહસપણાના પ્રભાવથી આવા પુરૂષને મોટા દેવ પણ ચલાવવા સમર્થ થતા નથી, તો આ યોગિનીઓ તો કોણ માત્ર હતી? આ પ્રકારે ત્રણ દિવસ સુધી વિવિધ પ્રકારના ઉપસર્ગો કર્યા છતાં પણ તેનું એક રૂંવાડું પણ ક્ષોભ પામ્યું નહિ; ત્યારે તેઓ અત્યંત ખેદથી નિર્વેદ પામી.

ત્યારપછી અનુકૂળ ઉપસર્ગો કરવા માટે તે યોગિનીઓ દેવાંગનાનાં રૂપ કરી સર્વ

અંગે અલંકારોને ધારણ કરી રૂપ અને યૌવનવડે મનોહર દેખાતી લીલા સહિત કુમારેંદ્ર પાસે આવી. પૂર્ણ ચંદ્રની સરખા મુખવાળી, કમળનાં પત્ર સરખા નેત્રવાળી, સુવર્ણ જેવી કાંતિવાળી, સર્વ અંગે મનોહર આકારવાળી અને લાવણ્યરૂપી અમૃતે કરીને ભરેલી એવી તેઓ જાણે વિશ્વની સ્ત્રીઓના સારભૂત સૌભાગ્યના પરમાણુઓ ગ્રહણ કરીને બનાવી હોય એવી મનોહર બની.

પછી હંસની જેવી ગતિવાળી, શંખના જેવા કંઠવાળી, પુષ્ટ એવા બે સ્તનને ધારણ કરતી, દિવ્ય વસ્ત્રોને ધારણ કરતી, વિલાસના સમૂહને કરતી અને કોયલ જેવા મધુર સ્વરવાળી તેઓ મધુર સ્વરે બોલી કે—

"હે સ્વામિન્! તમે ચિરકાળ જય પામો, જય પામો. અહો! તમારૂં સત્ત્વ અદ્‌ભુત છે, અહો! તમારૂં ધૈર્ય! અહો! શૌર્ય! અને અહો! તમારા ગુણનો વૈભવ! આ સર્વ અદ્‌ભુત છે. અમે અમુક કારણસર તમને જે જે ઉપસર્ગો કર્યા, તેને તમે સહન કરો, અર્થાત્ માફ કરો; કેમકે ડાહ્યા પુરૂષોએ વ્રણની ચિકિત્સાની જેમ પોતાના અંગનું છેદન પણ સહન કરવા લાયક છે.

અમારે તેમ કરવાનું કારણ એ છે કે—ભોગમાં આસક્તિવાળી અમે કોઈ રૂપ, યૌવન અને સાહસવડે યુક્ત પુરૂષને પતિરૂપ કરી તેને આધીન થઈ ક્રીડા કરીએ એવા હેતુથી રૂપ અને યૌવન યુક્ત તમને જોઈ અમે કૃત્રિમ ઉપસર્ગો કરી તમારા સત્ત્વની પરીક્ષા કરી છે; કેમકે સત્ત્વ રહિતને વિષે અમે રાગ કરતી નથી. તેથી અમને કાંતા તરિકે અંગીકાર કરી મનુષ્ય છતાં પણ તમે દેવતાઈ અને મનુષ્યને દુર્લભ ભોગ ભોગવો અને ઈચ્છા પ્રમાણે આ જગતમાં રહીને ક્રીડા કરો. વિદ્યાની સિદ્ધિને માટે ધ્યાન, તપ અને જપવડે વૃથા ક્લેશ ન પામો.

અમે તમારી પત્નીઓ થઈ, એટલે તે વિદ્યા પોતાની મેળે જ તમને સિદ્ધ થઈ જાણવી. વળી બીજી પણ અનેક હિતકારક પાઠસિદ્ધ વિદ્યાઓ અમે તમને આપશું કે જેનાવડે આખું જગત વશ કરી તમે ચક્રવર્તી જેવા રાજા થશો, વળી તમારી ઈચ્છામાં આવે એવી બીજી સ્ત્રીઓનું પણ પાણિગ્રહણ ખુશીથી કરજો.

અમે દૂર રહેલી એવી પણ તમારી સમગ્ર ઈષ્ટ વસ્તુઓ લાવી આપશું. અમારી સાથે ભોગ કરવાના પ્રભાવથી તમને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થશે નહિ, ઇંદ્રિયો હાનિ પામશે નહિ, વ્યાધિઓ થશે નહિ અને બળનો ક્ષય પણ થશે નહિ. એક સાથે ઘણાં રૂપો કરીને પણ અમારી સાથે તમે ક્રીડા કરી શકશો, એમ કરવાથી ઇંદ્રને પણ દુર્લભ એવું કામસુખ તમે પામશો."

આ પ્રમાણે જગતને મોહ કરનારી તેમની વિવિધ વાણી તે શ્રીજયાનંદ રાજાને વિષે જળથી ભરેલા ઘડા ઉપર નાખેલા જળની જેમ ઉપર થઈને ચાલી ગઈ, અર્થાત નિષ્ફળ થઈ. ત્યારે તેઓ વારંવાર ભિન્ન ભિન્ન બાનાવડે પોતાના સ્તન, સાથળ, નાભિ વિગેરે અવયવો પ્રગટ દેખાડવા લાગી અને વચ્ચે વચ્ચે ચુંબન તથા આલિંગન વિગેરે કરવા લાગી. તેમજ મૃદંગ અને પડહના ધ્વનિપૂર્વક વીણા અને વાંસળી વિગેરેના નાદ સહિત નૃત્ય કરવા લાગી અને આ પ્રમાણે મોહ ઉત્પન્ન કરે તેવું ગીત ગાવા લાગી:—

અમે આવી ચોસઠ જોગીણી, નિત્ય વિલસો નવ નવ ભોગીણી;
અમે કામ મહાજ્વર રોગીણી, રતિ ન લહે તુમ વિયોગીણી.
ઈમ ગાવે રંગે કામીણી, નવ જુવ્વણ નાચે જોગીણી. એ આંકણી. ૧.
અમે રંભા ગોરી અંગીણી, નર સોહગ સુંદરી રંગીણી;
જગ જોઈએ જોગિણી લિંગીણી, સવિ સુરનર જીતું રંગીણી, ૨ ઈમિ ગા૦
તવ રૂપ સોભાગે રાચતી, ઈહાં આવી હરખે નાચતી;
તુમ પ્રિયતમ પામી મલપતી, નવિ મૂકું કહમવિ જીવતી. ૩. ઈમ ગા૦
વર ચંપક સોવન ગોરડી, ગુણ ગાતી ભાંભડ ભોલડી;
પય સેવા કરશું તોરડી, અમે છઈયે સોહાગ ઓરડી. ૪. ઈમ ગા૦
અમ અંગ સુગંધે મહમહે, દિસિ પરિમલ તેહતણો પસરે;
નવ પઉમિણી માલતી કેવડી, હિમ વાલુઅ મૃગમદ એવડી ૫. ઈમ ગા૦
અમ પાયે નેઉર રણઝણે, કરે કંચન કંકણ રણરણે;
ઉર મોતી હારે લહલહે, તુમ દેખી હયડાં ગહગહે. ૬. ઈમ ગા૦
અમ કાને કુંડલ ઝળહળે, તણુ મનમથ કંકુ ભલહલે;
અમ માથે ઝળકે રાખડી, ગલે ઝબકતી માણિક પદકડી, ૭. ઈમ ગા૦
અતિ સોહતિ નિલવટિ તિલકડી, મણિ મેહલિ મોહે કટિતટી;
ભૂજ અંગદ જુઅલિ મણિજડી, અમ સાંભળ પિઉડા વાતડી ૮. ઈમ ગા૦
ઉતકંઠે આવી વહેલડી, ઘણે લાડે પ્રેમે ઘેલડી;
રંગે નાચું લોડત બાંહડી, તુમ કરિશ હું હાથે છાંહડી. ૯. ઈમ ગા૦
અમે કંથ તુમારી દાસડી, સિખિહિંસું તુમ વિસાખડી;
તુમ લોપું આણ ન લીહડી, ઉર ધરીશ હું તારી સીખડી. ૧૦. ઈમ ગા૦
અમ સામું જોને સામીઆ, પૂરવ પુણ્યે અમે તુમ પામીઆ;
અમે દેવીઓ હંસગામિણી, તુમ પાસે આવીઉં કામિણી. ૧૧. ઈમ ગા૦

ઉઠ ઉઠ ને કંથ કરી કૃપા, અમે પરણી તુમને હવે નહિ તૃપા;
અમે તેવડી તેવડી બેનડી, સવિ એકમની સવિ નાનડી. ૧૧. ઇમ ગા૦
અમે કાલ વિલંબણું નવિ સહું, તુજ આગળ એ પરમાર્થ કહું;
અમ જીવનને ધરી હાથડા, કર તેડીને આપણા સાથડા. ૧૩. ઇમ ગા૦
સુરસુંદરિ ચંગ સોભાગિણી, કંથ કાંય ઉવેખે રાગિણી;
અમે જીવીએ શરણે તુજતણે, હવે પડિવજ જોઇણી ઇમિ ભણે. ૧૪. ઇમ ગા૦

(આ ભાષાગીત માત્ર કૌતુકથી સારા સ્વર–કંઠ વાળા કૌતુકી જનના હિતને માટે, રાજાના શીલગુણનું દૃઢપણું જણાવવા માટે તથા શ્રીજૈનધર્મની દીપ્તિને માટે રચ્યું છે. સભા જોઈને જ આ ગીત કહેવા યોગ્ય છે. ડાહ્યા પુરૂષે સર્વ ઠેકાણે જેમ તેમ ગાવા લાયક નથી. આ ગીતમાં વસંતાદિક રાગો અને વિચિત્ર ઢાળો છે.)

આ પ્રમાણે ત્રણ દિવસ સુધી વિશ્વને મોહ પમાડનારા અને મરી ગયેલા પણ શ્રીપર્વતની પૃથ્વીપરના પ્રાણીઓને જીવાડે તેવા હાવભાવવડે તે યોગિનીઓ પોતાની સર્વ શક્તિથી નાચી નાચીને તથા ગાઈ ગાઈને અતિ ખેદ પામી, તોપણ આ કુમારેંદ્રનું એક રૂંવાડું પણ ચલાયમાન થયું નહિ. 'શું વજ્રને વિષે ટાંકણાં લાગી શકે?'

ત્યારપછી સાતમે દિવસે અરૂણોદય વખતે મહાજ્વાળા નામની દેવી કુમારના મસ્તક પર પુષ્પવૃષ્ટિ કરતી પ્રગટ થઈ, તથા આકાશને પ્રકાશિત કરતી મૂર્તિમાન સિદ્ધ થયેલી વિદ્યા સહિત તે મહાજ્વાળા દેવી સૂર્યને જીતનારી પોતાની દેહકાંતિવડે ચારે બાજુથી દશે દિશાઓને પ્રકાશિત કરવા લાગી. સૂર્યની પ્રભાને જોઈ ઘૂવડો નાસે તેમ તે દેવીને જોઈ યોગિનીઓ નાશી ગઈ. પછી દેવીએ મધુર સ્વરે કુમારને કહ્યું કે—

"હે વત્સ! જગતને જીતનાર તારા ધ્યાન, શીલ અને સ્થિરતાથી હું તુષ્ટમાન થઈ છું, પરંતુ સાધવાની વિધિ વિના હું વરદાન આપવા સમર્થ નથી; તેથી હે વત્સ! જો મારી પાસેથી તું વરદાનને ઇચ્છતો હો તો બરાબર વિધિ કર," તે સાંભળી કુમારે તેણીને નમસ્કાર કરીને કહ્યું કે—"હે સ્વામિનિ! તેનો શો વિધિ છે તે કહો."

ત્યારે તે બોલી કે—"મને પ્રસન્ન કરવા માટે તું મને એક જીવનું માંસ આપ." તે બોલ્યો કે—"હું જૈનધર્મી હોવાથી નિરપરાધી જીવને હણતો નથી; છતાં જો તમે માંસથી જ પ્રસન્ન થતાં હો તો મારૂં માંસ કાપીને આપું." દેવીએ કહ્યું—"ભલે એમ હો." તે સાંભળી રાજા ખડ્ગ વડે પોતાનો સાથળ છેદવા લાગ્યો, એટલે દેવીએ તેના હાથમાંથી ખડ્ગ ઝુંટવી લઈ કહ્યું કે—

"હે જગત્વીર ! જૈનધર્મવાળી મારે માંસનું કાંઈ પણ પ્રયોજન નથી. તારી દયા, સત્ત્વ અને ધર્મના તત્ત્વની મેં આ રીતે પરીક્ષા કરી છે; તેથી તુષ્ટમાન થયેલી હું તને સાધર્મિકને પાઠસિદ્ધ આ **આકર્ષિણી** નામની વિદ્યા આપું છું. તેને તું યોગિની વગેરેનું આકર્ષણ કરવા માટે ગ્રહણ કર."

તે સાંભળી ખુશી થયેલા રાજાએ ઉભા થઈ ભક્તિથી દેવીને પ્રણામ કર્યા; તથા તેની પૂજા કરી વિધિપૂર્વક તેની પાસેથી તે વિદ્યા ગ્રહણ કરી. પછી તેને દેવાદિક ત્રણ પ્રકારના ઉપદ્રવને હરણ કરનાર બે બાજુબંધ, શત્રુના સમૂહરૂપી અંધકારનો નાશ કરનાર ચક્ર, સૂર્યહાસ નામનું ખડ્ગ અને શક્તિ નામનું શસ્ત્ર—આટલી વસ્તુ આપી; અને તેની કરેલી અર્ધ્યાદિકની પૂજાને ગ્રહણ કરીને તે દેવી અદૃશ્ય થઈ. પછી દિવ્ય મૂર્તિવાળી જ્વાલામાલિની નામની વિદ્યાની રાજાએ પૂજા કરી, તેને પ્રણામ કર્યા અને સ્તુતિ કરી, ત્યારે તે વિદ્યા બોલી કે—

"હે વત્સ ! સાંભળ, અત્યંત કષ્ટથી લક્ષાદિક જાપ અને હોમ વિગેરે કરવાવડે પણ હું ઘણે કાળે કોઈકને જ સિદ્ધ થાઉં છું, પરંતુ તારા શિયલગુણવડે અલ્પ પ્રયાસથી જ હું તને સિદ્ધ થઈ છું, કેમકે શિયલગુણ સર્વ ધર્મમાં ઉત્કૃષ્ટ છે. તે ગુણવડે સર્વ દેવો આકર્ષાય છે અને સર્વ વિદ્યાઓ સિદ્ધ થાય છે." એમ કહી કુમારે કરેલી અર્ધ્યાદિક પૂજાને ગ્રહણ કરી તે વિદ્યાએ તે રાજાના શરીરમાં પ્રવેશ કર્યો. વિશ્વને મોહ પમાડનારી તે વિદ્યા સ્મરણ કરવાથી સર્વે વાંછિત અર્થને આપે છે.

ત્યારપછી દેવીની મૂર્તિની પૂજા કરી તથા પાસે રહેલા દેવોને બલિ બાકુલાવડે પ્રસન્ન કરી તે રાજા દેવતાના ઘરની બહાર નીકળ્યો. તેટલામાં પરિવાર સહિત તે વિદ્યાધરપતિએ આવી તેમને નમસ્કાર કરી સુખપૂર્વક વિદ્યાની સિદ્ધિ થવા સંબંધી હકીકત પૂછી; એટલે રાજાએ સર્વ હકીકત યથાર્થ કહી બતાવી.

તે સાંભળી સર્વેએ ચમત્કાર પામી તેની સ્તુતિ કરી. પછી વિદ્યાધરોના આગ્રહથી ગંભીરતાના સમુદ્રરૂપ રાજાએ શ્રીજિનપ્રતિમાની પૂજા કરી, ગુરૂને વંદના કરી, વિદ્યાધરોએ તૈયાર કરેલા અમૃત જેવા આહારવડે આઠમે દિવસે વિદ્યાધરો સહિત વિધિ પ્રમાણે પારણું કર્યું. પછી વિદ્યાધરપતિ પવનવેગે તે નરરત્નને શુભ મુહૂર્ત્તે આકાશગામિની વિગેરે ઘણી શ્રેષ્ઠ વિદ્યાઓ વિધિ સહિત આપી. ત્યારે માસાદિકવડે સિદ્ધ થઈ શકે એવી પણ તે વિદ્યાઓને તે રાજાએ શીલ અને સત્ત્વના પ્રભાવથી પહોર આદિકવડે પાઠ સિદ્ધ કરીને સાધી લીધી.



ત્યારપછી તે શ્રીજયાનંદ રાજા પવનવેગ સહિત જાલંધર નગરમાં ગયો. ત્યાં પીઠપર બેસી સાધ્ય કરેલી વિદ્યાનું સ્મરણ કરી તેના પ્રભાવથી સર્વ યોગિનીઓને બોલાવીને તેણે કહ્યું કે—"અરે ! યોગિનીઓ ! પવનવેગના પુત્રને તમે એકદમ છુટો કરો. નહિ તો હું તમને છોડીશ નહી."

તે સાંભળી વિદ્યાના પ્રભાવથી અસમર્થ થયેલી તેઓ બોલી કે–"હે સ્વામિન્ ! તમે અમને છોડો, તેને અમે મૂકી દઇશું." ત્યારે રાજાએ તેમને મૂકી દીધી, એટલે તેઓ ત્યાંથી ચાલી ગઇ, અને શીઘ્રપણે તે પવનવેગના પુત્રની બેડી ભાગી તેને ત્યાં લઈ આવી તે બન્નેની પાસે ભેટ કર્યો. તે વખતે તે વજ્રવેગ પણ તેમના પગમાં પડયો. પવનવેગે પુત્રને આલિંગન કરીને તેને યોગિનીએ પકડયો ત્યારથી આરંભીને સર્વ વૃત્તાંત કહી બતાવ્યો. તથા કુમારરાજને લાવવા સંબંધી સર્વ વૃત્તાંત જણાવીને કહ્યું કે—

"યોગિની પાસેથી તને કોઈએ મૂકાવ્યો નહિ; પરંતુ હે વત્સ ! આ રાજાધિરાજે તને મૂકાવી નવા પ્રાણ આપ્યા છે." તે સાંભળી હર્ષ પામી વજ્રવેગે તે કુમારરાજની સ્તુતિ કરી.

ત્યારપછી તે ત્રણે આકાશ માર્ગે જવા તૈયાર થયા. તે વખતે તે યોગિનીઓએ કુમારેંદ્રને કહ્યું કે–"હે રાજન્ ! તમે અમારા ભાગ્યવડે અહીં પ્રાપ્ત થયા છો, તેથી આજ અમારા અતિથિ થાઓ."

તે સાંભળી રાજા તેમની પ્રાર્થનાના ભંગના ભયથી તે બન્ને વિદ્યાધર સહિત ત્યાં રહ્યો. યોગિનીઓએ પોતાને હાથે તેમને સ્નાનાદિક કરાવી અમૃત જેવા આહારનું ભોજન કરાવી ગીત અને નાટયવડે પ્રસન્ન કર્યા. પછી રાત્રીએ રાજાને વારાહીના ભવનમાં અને તે બે વિદ્યાધરોને બ્રાહ્મીના ભવનમાં સુગંધી અને અત્યંત કોમળ સ્પર્શવાળી દિવ્ય શય્યાઓને વિષે સુવાડયા. પછી તેઓ **કામાક્ષી** નામની પોતાની સ્વામિનીની પાસે જઈને કહેવા લાગી કે આ રાજાએ હઠથી અમને વશ કરીને અમારી પાસેથી વિદ્યાધરના પુત્રને છોડાવ્યો છે, વિગેરે પોતાના થયેલા પરાભવનું વૃત્તાંત કહી બતાવ્યું. તે સાંભળી ક્રોધથી તે કામાક્ષી બોલી કે–

"અરે ! તે રાજાને શિયલથી ભ્રષ્ટ કરીને તથા બાંધી લાવીને હું તમને સોંપીશ. પછી તમે તમારૂં ઇચ્છિત કરજો. વિષ્ણુ, બ્રહ્મા, મહાદેવ અને ઇંદ્રાદિક પણ મારા રૂપના દર્શનથી જ મોહ પામે છે, તો આ મનુષ્યમાત્રનું શિયલ મારી પાસે કયા હિસાબમાં છે ?" આ પ્રમાણે તેમને આશ્વાસન આપવાપૂર્વક વિદાય કરી તે કામાક્ષી શ્રીજયાનંદ રાજા પાસે ગઈ અને વિશ્વને મોહ પમાડનાર પોતાનું દિવ્ય રૂપ પ્રગટ કરી યોગિનીની



જેમ કામને જાગૃત કરનાર અનેક ચેષ્ટાઓ કરી ભોગની પ્રાર્થના કરતી તેણીએ આખી રાત્રી તેને ક્ષોભ પમાડવા પ્રયાસ કર્યો; પરંતુ શિયલરૂપી અમૃતનું ભોજન કરનાર તે રાજાએ એંઠા ભોજનની જેમ તેણીની ઇચ્છા પણ કરી નહિ.

'શ્રીજિનેશ્વરનાં વચનથી પ્રભાવિત થયેલા સત્પુરૂષો પરસ્ત્રી પર રાગ કરે ?' છેવટે તે કામાક્ષી અત્યંત ખેદ પામી, એટલે તેના શિયળથી ચમત્કાર પામીને પ્રાતઃકાળે તેના પર તુષ્ટમાન થઈ તેની સ્તુતિ કરવાપૂર્વક તેને વજ્ર જેવો લોહનો મુદ્‌ગર આપ્યો.

તેમજ અખુટ તીરવાળાં બે ભાથા, વજ્રપૃષ્ઠ નામનું ધનુષ્ય અને આગ્નેય–નાગપાશ વિગેરે અનેક દિવ્ય શસ્ત્રો આપ્યાં. તથા સર્વ અંગે સુખકારક સ્પર્શ આપનાર, નાશ ન પામે તેવો નિરંતર પ્રકાશવાળો અને ઝાંખો ન થાય તેવો વેષ આપ્યો, તે વેષ પહેરવાથી ટાઢ, તડકો, પાણી, અગ્નિનો દાહ, વ્રણ, કોઢ, ખરજવું અને જ્વર વિગેરે કાંઈ પણ થતું નથી.

તથા મરકી વિગેરે ઉપદ્રવોનો નાશ કરનાર મુગટ, જ્વરનો નાશ કરનાર બે કુંડળ, કુષ્ઠાદિક વ્યાધિનો નાશ કરનાર કંઠાભરણ, વિષનો નાશ કરનાર વીંટી, શાકિની અને વ્યંતરાદિકના દોષને હરણ કરનાર બે બાજુબંધ, ઘાતાદિકના વ્રણની પીડાને હરનાર માણિક્યનાં કડાં, સર્વને વશ કરનાર હાર અને રાજ્યતંત્રાદિકની વ્યવસ્થા કરનાર કંદોરો –આ પ્રમાણે અનેક પ્રકારનાં પ્રભાવવાળાં સર્વ અંગનાં આભૂષણો આપ્યાં. 'તુષ્ટમાન થયેલા દેવો શું ન આપે ?'

દેવોની પ્રસન્નતા શિયલથી જ થાય છે, આ પ્રમાણે અલંકારો આપીને રાજાએ આપેલી અર્ઘ્યાદિક પૂજા ગ્રહણ કરી તે કામાક્ષી અદૃશ્ય થઈ અને યોગિનીઓ પાસે જઈ બોલી કે—"હે યોગિનીઓ ! મેં ઘણો પ્રયાસ કર્યો, તોપણ જેમ વાયુ પર્વતને ચલાયમાન કરી ન શકે તેમ હું તેને શિયલથી ચલાવવા સમર્થ થઈ નહિ, તેથી તમારે પણ વિવિધ પ્રકારના સત્કાર વડે તેની આરાધના કરવી યોગ્ય છે. આવો ઉત્તમ પુરૂષ આ લોકમાં ભાગ્યયોગે જ અતિથિરૂપે પામી શકાય છે."

તે સાંભળી પ્રથમથી જ તેના શીલ, સત્ત્વ અને સ્થિરતાનો અનુભવ હોવાથી ચમત્કાર પામેલી તે યોગિનીઓ વિશેષ તુષ્ટમાન થઈ અને સર્વે મળીને તેની પાસે ગઈ. તેઓએ તે રાજાને ખમાવી અંતઃપુરની સ્ત્રીઓને ઉચિત એવા પોતપોતાના દિવ્ય વેષ અને અલંકાર વિગેરે આપ્યા; તથા અદૃશ્ય થવાય એવી તેમજ બીજી ઘણી શક્તિઓ અને દિવ્ય શસ્ત્રો આપ્યાં.

પછી વજ્રવેગે કરેલી પૂજા, સ્નાત્ર અને અર્ચનાદિકવડે દ્વેષ રહિત થયેલી તેઓએ રાજાના કહેવાથી તેવી દાક્ષિણ્યતાથી વજ્રવેગને હેમકૂટ પર્વત આપ્યો અને વજ્રવેગે આપેલી અર્ઘ્યાદિક પૂજા ગ્રહણ કરીને અદૃશ્ય થઈ.

તે કુમારનું આવું ચરિત્ર રસ સહિત રાસડા વિગેરેમાં જોડીને તે યોગિનીઓ પર્વત અને વનાદિકમાં ક્રીડા કરતી વખતે ગાવા લાગી. તેમની પાસેથી વિદ્યાધરીઓ અને તેમની પાસેથી ભૂચરની સ્ત્રીઓ પણ શીખીને ગાવા લાગી. એ રીતે તેનું ચરિત્ર આખી પૃથ્વીપર પ્રસિદ્ધ થયું.

પછી તે ત્રણે હેમકૂટ પર્વત પર આવ્યા, અને ત્યાં પ્રથમની જેમ હેમપુર નગર ફરીને સ્થાપન કરી સ્વસ્થ હૃદયવાળા થઈને રહ્યા. આ પ્રમાણે શિલાદિક ગુણવડે શ્રી-જયાનંદકુમાર વિદ્યા, ઔષધિ, દેવતાનો સત્કાર તથા તેમની સ્તુતિ પામ્યા, અને વિદ્યાધરનો પુત્ર વજ્રવેગ શિલવ્રત વિનાનો હોવાથી વિપત્તિને પામ્યો.

આ હકીકત જાણીને ઉત્તમ બુદ્ધિવાળા મનુષ્યોએ એક શિયળવ્રતને જ અવશ્ય ધારણ કરવું; કેમકે કે તે શિયળવ્રત આ લોક અને પરલોકમાં કલ્યાણ તથા સર્વ પ્રકારનાં સુખને આપનારૂં છે. તેમજ સમગ્ર દુષ્ટ શત્રુઓની જયલક્ષ્મીને પણ આપનારૂં છે.

આ પ્રમાણે શ્રીતપગચ્છના અધિરાજ પૂજ્ય શ્રીદેવસુંદરસૂરિના શિષ્ય શ્રીસોમ-સુંદરસૂરિના શિષ્ય શ્રીમુનિસુંદરસૂરિએ રચેલા 'જયશ્રીના' ચિન્હવાળા શ્રીજયાનંદ રાજર્ષિ કેવળીના ચરિત્રને વિષે શ્રી જયાનંદકુમારને રાજ્યપ્રાપ્તિ તથા શિયળવ્રતના પ્રભાવથી વિદ્યાસિદ્ધિ, યોગિનીઓને વશ કરવાપણું અને દિવ્ય શસ્ત્ર આદિક સમૃદ્ધિની પ્રાપ્તિ વિગેરે હકીકતવાળો આ અગિયારમો સર્ગ સમાપ્ત થયો.



# द्वादशः सर्गः

भवतु विभवशर्मादीप्सितार्थप्रदायी ।
सकलभयभिदे श्रीपार्श्वनाथः प्रभुर्मे ॥
व्रजति खलु यदाह्वाजाङ्गुलीतः फणाभृद्-
व्रज इव दुरितोद्यद्विघ्नराशिसुदूरम् ॥ १ ॥

જાંગુલિ મંત્રથી જેમ સર્પનો સમૂહ (તેનું વિષ) નાશ પામે છે, તેમ જે પ્રભુના નામમંત્રથી પાપથી ઉદય પામેલો વિઘ્નનો સમૂહ અત્યંત દૂર થાય છે, તે વૈભવ અને સુખ વિગેરે ઈચ્છિત અર્થને આપનાર શ્રી પાર્શ્વનાથ પ્રભુ મારા સમગ્ર ભયનો છેદ કરનાર થાઓ.

હવે શ્રીજયાનંદ રાજાએ પોતાના આત્માને કૃતાર્થ માની પોતાના નગરમાં જવા માટે વિદ્યાધરપતિ પવનવેગની પાસે રજા માગી. ત્યારે તેણે વિચાર્યું કે—"ઉપકાર કરીને કૃતાર્થ થયેલ હોવાથી પ્રત્યુપકારથી ભય પામતા આ કુમારેંદ્ર મારી કન્યાનું પાણિગ્રહણ કરવા આવશે નહિ. કહ્યું છે કે—

"આ જગતમાં સત્પુરૂષોનું કહી ન શકાય તેવું કોઈ અલૌકિક ચિત્તનું કઠોરપણું હોય છે, કે જેથી તેઓ અન્યનો ઉપકાર કર્યા પછી તેના પ્રત્યુપકારના ભયથી દૂર નાસી જાય છે."

તેથી બીજા કોઈ ઉપાયથી આમને વૈતાઢ્ય પર્વત ઉપર લઇ જઈ ભાગ્યથી નૈમિત્તિકની વાણીવડે પ્રાપ્ત થયેલા એમને અવશ્ય કન્યા દેવી યોગ્ય છે; કેમકે જગતમાં એમના જેવો બીજો કોઈ ઉત્તમ પુરૂષ જણાતો નથી." એમ વિચારી તેણે કહ્યું કે—

"તમે પરોપકાર કરવાથી કૃતાર્થ થયા છો; પરંતુ વૈતાઢ્ય પર્વતપર વિવિધ પ્રકારની સિદ્ધાયતનમાં રહેલી શ્રીજિનપ્રતિમાઓને વંદન કરવા માટે તમારે ત્યાં આવવું યોગ્ય છે." આ પ્રમાણે સાંભળી હર્ષથી તે કુમારરાજ શ્રીજિનેશ્વરોને નમવા માટે ત્યાં જવા તૈયાર થતા હતા, તેટલામાં વિમાનમાંથી ઉતરીને કોઈ વિદ્યાધરે તેમને પ્રણામ કર્યા. ત્યારે તેને શ્રી જયાનંદ રાજાએ પૂછ્યું કે—"તમે કોણ છો અને અહીં

કેમ આવ્યા છો ?" તે સાંભળીને તે વિદ્યાધર જવાબ આપતો હતો, તેટલામાં તેને જોઈ પવનવેગ બોલ્યો કે—

"અહો ! બંધુ **ચન્દ્રગતિ** વિદ્યાધરરાજ ! તું ચિરકાળે દેખાયો છે; પરંતુ તું શોક સહિત હોય તેમ કેમ જણાય છે ? હે બુદ્ધિમાન ! જે કારણ હોય તે સત્વર કહે. આ વીર પુરૂષ સર્વનાં દુ:ખ હરનાર અને ઇચ્છિત કાર્યને કરી દેનાર છે." તે સાંભળી તેણે શ્રીજયાનંદ રાજાને કહ્યું કે—"હે પ્રભુ ! મારો વૃત્તાંત સાંભળો.—

વૈતાઢ્ય પર્વતની દક્ષિણ શ્રેણિમાં હું **ચંદ્રપુર**નો સ્વામી **ચંદ્રગતિ** નામનો વિદ્યાધરરાજા છું. મારે **ચંદ્રમાલા** નામની પ્રિયા છે. તેનું રૂપ જોઈ મદ રહિત થયેલી પાર્વતી [1]વિરૂપાક્ષને વિષે પણ રાગ ધારણ કરે છે, રંભા [2]કૌશિકને વિષે પણ રાગ ધારણ કરે છે, અને લક્ષ્મી [3]જનાર્દનને વિષે પણ રાગ ધારણ કરે છે. તે પ્રિયા સાથે ભોગ ભોગવતાં મારે **ચંદ્રસુંદરી** નામની પુત્રી થઈ છે.

તે અનુક્રમે સર્વ કળામાં નિપુણ થઇ યૌવનને પામી છે; પરંતુ તેને યોગ્ય વર મળી શકતો નથી. કેમકે ઇંદ્ર પણ તેના રૂપાદિક ગુણોવડે તેને તુલ્ય નથી. તેણીના વરને માટે મેં અનેક રાજાઓના તથા વિદ્યાધરોના અને બીજાના પણ ઘણા કુમારો જોયા; પરંતુ કોઈ તેને લાયક જોયો નહિ. કોઈ વખત હું સ્નેહવાળી મારી પ્રિયા સહિત માનસસરોવરે જઈ સંસારના સુખની આસક્તિને લીધે જળક્રીડાવડે ક્રીડા કરવા લાગ્યો.

તેટલામાં ત્યાં કોઈ દેવ વિમાનમાંથી ઉતરી સરોવરમાં સ્નાન કરી રૂપવડે દેવાંગનાને ઓળંગે તેવી મારી પ્રિયાને જોઈ કામદેવથી વ્યાપ્ત થઈ ગયો; અને જેમ સીંચાણો પક્ષી ચકલીને પકડે તેમ તેણીને ગ્રહણ કરી પોતાના વિમાનમાં બેસી શીઘ્રપણે આકાશમાં ચાલ્યો ગયો. તે વખતે ખડ્ગ ખેંચી ક્રોધથી આક્રોશ કરતો હું તેની પાછળ દોડ્યો.

મને પાસે આવેલો જોઈ ક્રોધથી ઉદ્ધત થયેલા તે દેવે વિમાનમાંથી આવી મારા મસ્તક પર મુષ્ટિનો સખ્ત પ્રહાર કર્યો, તેના ઘાતથી વ્યથા પામેલો હું વાયુથી તુટી પડતા નાળીએરની જેમ કોઈ સરોવરમાં કમલિનીના સમૂહપર મૂર્છિત થઈને પડ્યો. પછી જળ, કમળ અને શીતલ વાયુથી મારી મૂર્છા દૂર થઈ, ત્યારે મેં ચારે બાજુ દૃષ્ટિ નાખી, તો લક્ષ્યમાં ન આવે તેવો તે અધમ સુર ક્યાં ચાલ્યો ગયો તેની મને ખબર પડી નહિ; તેથી પ્રિયાના વિયોગવડે પીડા પામતો હું વિલખો થઈને ઘણો વિલાપ કરવા લાગ્યો.

---

૧ વિરૂપ નેત્રવાળો. પક્ષે મહાદેવ. ૨ વિશ્વામિત્ર પક્ષે ઇંદ્ર. ૩ લોકને પીડનાર પક્ષે વિષ્ણુ.

પછી જાણે ચૈતન્ય રહિત થયો હોઉં એમ હું મહા કષ્ટવડે મારા નગરમાં આવ્યો. ત્યાં મંત્રી વિગેરેના પૂછવાથી મેં મારો સર્વ વૃત્તાંત તેમને નિવેદન કર્યો. તે સાંભળી તેઓએ મને આશ્વાસન આપી તેણીની શોધ કરવા માટે ઘણા સુભટોને ચારે બાજુ મોકલ્યા. તેઓએ અનેક સરોવર, નદી, વન, દ્વીપ અને પર્વત વિગેરે સ્થળોમાં ચિરકાળ સુધી મારી પત્નીની શોધ કરી, પણ તેણીનો પત્તો નહિ મળવાથી વિલખા થયેલા તેઓએ પાછા આવી તે સ્વરૂપ મને નિવેદન કર્યું.

તે સાંભળી નિરાશ થઈ હું મૂર્છા પામીને ભૂમિ ઉપર પડી ગયો. તે વખતે મંત્રીઓએ મને સજ્જ કરી સદુપદેશવડે બોધ પમાડ્યો. પછી મને વિચાર થયો કે—"મારો સ્વામી ચક્રાયુધ રાજા વિદ્યાના બળથી મારા દુશ્મનને જાણીને મારી પ્રિયાને તેની પાસેથી છોડાવશે" આવી આશાને વશ થયેલા અને દુઃખથી પીડિત થયેલા મેં વિદ્યાધરના રાજા ચક્રાયુધ પાસે જઈને તે હકીકત નિવેદન કરી; પરંતુ સમર્થ છતાં તેણે મારૂં દુઃખ દૂર કર્યું નહિ. 'પુરૂષોને ખરી રીતે પોતાનાં ભાગ્ય જ ફળે છે, સ્વામીની સેવા વિગેરે કાંઈ પણ ફળ આપતાં નથી.' કહ્યું છે કે—

"ઇંદ્રને પણ સંતોષ પમાડ, ચક્રવર્તીની સેવા કર, મંત્રની સાધના કર, ભૂત પ્રેતાદિકને વશ કર, જંગલોમાં અટન કર અને અતિ વિષમ સમુદ્રને તરી જા, તોપણ ભાગ્ય વિના ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થશે નહિ." ત્યારપછી ચિંતાતુર એવો હું એક દિવસ મારા નગરના ઉદ્યાનમાં ગયો હતો. ત્યાં મેં એક જ્ઞાની ચારણમુનિને જોયા. તેથી હર્ષ પામી ચિત્તના ઉલ્લાસપૂર્વક પરિવાર સહિત હું તેમને નમન કરી યોગ્ય સ્થાને બેઠો. ત્યારે તે મુનિએ મને આશીર્વાદ આપવાપૂર્વક આ પ્રમાણે ધર્મોપદેશ આપ્યો—

"હે ભવ્યજીવો ! શ્રી જિનેશ્વર દેવ, ચારિત્રવંત ગુરૂ, તેમનો કહેલો દયાદિકથી પવિત્ર થયેલો ધર્મ, વિનયવંત પુત્રો, પ્રેમવાળો પરિવાર અને મનને અનુકૂળ પત્નીઓ આ સર્વ પુણ્યના યોગથી જ પ્રાપ્ત થાય છે; તથા નીચ કુળમાં જન્મ, દરિદ્રીપણું, દુર્ભાગીપણું, વ્યાધિનો સમૂહ, ખરાબ કુટુંબનો યોગ, કઠોર વાણી, અન્યથી વધ, પરાભવ, અપયશ અને ઇષ્ટનો વિયોગ-આ પાપવૃક્ષનાં ફળો છે; તેથી ડાહ્યા પુરૂષોએ ઇષ્ટ અર્થની પ્રાપ્તિ માટે અને અનિષ્ટ વસ્તુના વિયોગ માટે પાપનો ત્યાગ કરી શ્રી જૈનધર્મને વિષે નિરંતર પ્રીતિ કરવી."

આ પ્રમાણે ગુરૂનો ઉપદેશ સાંભળી મેં કહ્યું કે—"હે પૂજ્ય પત્નીના વિયોગની પીડાને લીધે મારા ચિત્તમાં સ્વસ્થતા નથી, અને સ્વસ્થતા વિના ધર્મ કરી શકાતો નથી;



તેથી હે જ્ઞાની! પ્રસન્ન થઈને કહો કે મારી પ્રિયા કોણે અને શા માટે હરણ કરી છે? તે ક્યાં છે? તેણીને હું પામીશ કે નહિ? મારી પુત્રીને લાયક કયો વર છે? તથા તમને જોઈને મારું મન કેમ હર્ષથી ઉલ્લાસ પામે છે? ઇત્યાદિ સર્વ વૃત્તાંત કહો. મારા ભાગ્યથી જ આપ અહીં પધાર્યા છો."

ત્યારે મુનિ બોલ્યા કે-" હે ભદ્ર ! આપણા પૂર્વભવ વિગેરેનો વૃત્તાંત તું સાંભળ. તે સાંભળવાથી જે તેં પૂછયું તે બધુ કારણ સહિત તારા જાણવામાં આવશે—

આજ ભરતક્ષેત્રમાં **સિદ્ધપુર** નામના નગરમાં શ્રીજૈનધર્મમાં આસક્ત **પૂર્ણભદ્ર** નામનો ધનિક શ્રેષ્ઠી રહેતો હતો. તેને **કોશલ** અને **દેશલ** નામના બે પુત્રો હતા. તેઓ બાલ્યાવસ્થાથી જ જૈનધર્મી અને સમ્યક્ત્વ તથા વ્રતવડે શોભિત હતા. તે જ નગરમાં શ્રાવકના ગુણોથી અલંકૃત એક **ગુણદત્ત** નામે શ્રેષ્ઠી વસતો હતો. તેને **ગુણમાળા** નામની પ્રિયા હતી, અને **ગુણસુંદરી** નામની પુત્રી હતી. તે ગુણસુંદરી અતિશય રૂપવાળી, સર્વ કળામાં નિપુણ, ગુરૂદેવાદિકની ભક્તિને ધારણ કરનારી અને બાલ્યાવસ્થાથી જ શ્રીજૈનધર્મની ક્રિયા કરવામાં એકાંતે રક્ત હતી.

એક દિવસ તે નગરના **દેવરાજ** નામના રાજાના **સાગર** નામના પ્રધાને તે કન્યાને શ્રીજિન-ચૈત્યમાં જોઈ; તેથી તેનાપર પ્રીતિ થવાથી તેના પિતા પાસે તેની યાચના કરી; પરંતુ તે મિથ્યાદષ્ટિ અને રાજાનો અધિકારી હોવાથી શ્રેષ્ઠીએ તેને આપવાની ઇચ્છા કરી નહિ. 'રાજ્યના અધિકારીઓ પ્રાયે કરીને પાપ વડે દ્રવ્ય ઉપાર્જન કરનારા હોય છે, અને તેમની લક્ષ્મી જલ્દી નાશ પામવાવાળી હોય છે.'

હવે શ્રેષ્ઠીપુત્ર કોશલ કોઈ શ્રેષ્ઠ શ્રાવકની નામથી અને ગુણથી બંને પ્રકારે **ગુણવતી** નામની પુત્રીને પરણ્યો. ત્યારપછી તેનો પિતા પૂર્ણભદ્ર મરણ પામી સ્વર્ગે ગયો. કેટલાક દિવસ ગયા પછી કોશલે પોતાના ભાઈ દેશલને માટે ગુણદત્ત શ્રેષ્ઠી પાસે ગુણસુંદરીની યાચના કરી. ત્યારે સાધર્મીકપણું વિગેરે ગુણોને લીધે શ્રેષ્ઠીએ તે દેશલને પોતાની પુત્રી આપી. તે બન્નેનાં લગ્ન થયાં, એટલે સમાન ધર્મવાળા તે બન્ને દંપતી પ્રીતિપૂર્વક સુખ ભોગવવા લાગ્યા.

આ વૃત્તાંત સાગર સચિવના જાણવામાં આવ્યો, એટલે જેમ જેમ તે તેણીને જોવા લાગ્યો, તેમ તેમ તે ખેદ પામીને દેશલ ઉપર દ્વેષ ધરવા લાગ્યો.

હવે તેજ સિદ્ધપુર નગરમાં **વૈશ્રવણ** નામનો ધનિક શ્રાવક રહેતો હતો. તેને ગુણોવડે શોભતા **ધન**, **ધનપતિ**, **ધવલ** અને **સુયશ** નામના ચાર પુત્રો હતા. તેમને



પરિણામે હિત ઇચ્છનાર પિતાએ યોગ્ય સ્થળે પરણાવ્યા હતા. પછી નિશ્ચિંતપણે ધર્મ કરવાની ઇચ્છાથી તેણે તે ચારે પુત્રોને યોગ્યતા પ્રમાણે જૂદા જૂદા વ્યાપારમાં જોડી દીધા, એટલે તેઓ આદરપૂર્વક ધન ઉપાર્જન કરવા લાગ્યા. આ પ્રમાણે ઘણો કાળ વ્યતિત થયા પછી બુદ્ધિમાન અને ધર્મને જાણનાર વૈશ્રવણ શ્રેષ્ઠીએ મરણને ઉચિત સર્વ કાર્ય કરી પોતાના સ્વજનોને બોલાવી હર્ષથી સાત ક્ષેત્રમાં વ્યય કરવા માટે સાત લાખ દ્રવ્ય આપ્યું, અને પોતાના પુત્રોને કહ્યું કે—

"તમારે સદા પરસ્પર પ્રીતિથી વર્તવું, તે સંબંધમાં શતાંગ–ગાડાને વહન કરનારા વૃષભાદિકનું દૃષ્ટાંત જાણવું. છતાં કદાચિત્ દૈવયોગે પરસ્પર અપ્રીતિને લીધે તમારે જૂદા થવું પડે, તો ઘરના ચાર ખુણામાં ઇશાન વિગેરે વિદિશાના ક્રમે મેં સમાન ધનના ભાગવાળા ચાર કળશ દાટ્યા છે, તે અનુક્રમે લઇને તમારે જૂદા થવું. પણ ધનને માટે ક્લેશ કરવો નહિ. કદાચ કોઇ કલેશ કરે તો સ્વજનોએ તેમને વારવા."

એક દિવસ સ્ત્રીઓની પ્રેરણાથી તે ચારે ભાઇઓને જુદા થવાની ઇચ્છા થઇ; તેમણે ઇશાન વિગેરેના ક્રમે પોતપોતાના નામના ચિહ્નવાળા કળશ ભૂમિમાંથી કાઢીને જોયા, તો તેમાં તેઓએ માટીના કકડા ૧, હાડકાં ૨, લેખના કાગળ ૩, અને સુવર્ણ તથા મણિ ૪ જોયાં. તે જોઇ ખેદ પામેલા મોટા ત્રણ ભાઇઓએ વિચાર કર્યો કે—

"અહો! ધર્મીષ્ટ એવા અમારા પિતાએ અમને ત્રણને કેમ છેતર્યા? અને સર્વ લક્ષ્મી પોતાને વહાલા એવા નાના પુત્રને જ કેમ આપી? હવે તેણે તો ગમે તેમ કર્યું, પણ આપણે તો નાનાની પાસેથી સર્વ લક્ષ્મી ખૂંચવીને ચારે સરખે ભાગે વહેંચી લેવી; કેમકે પિતાએ કરેલ ઠગબાજી આપણે પ્રમાણ કરવા યોગ્ય નથી."

આ પ્રમાણે વિચાર કરીને તેઓએ નાના ભાઇ પાસે વહેંચી લેવા માટે તેને મળેલ લક્ષ્મી માગી. ત્યારે તેણે પિતાની કહેલ હકીકત કહીને આપી નહિ, અને તે બાબતમાં સાક્ષી થયેલ સ્વજનો પાસે જઇને તેણે તે વાત કહી. ત્યારે તેમને પરસ્પર કલહ થયો જાણી સ્વજનો તેમની પાસે આવ્યા. એટલે ત્રણ મોટા ભાઇઓએ ચારે કળશની હકીકત તેમને જણાવી. તે જાણી એક તરફથી તે છોકરાઓનાં પિતાના વચન પ્રમાણે કરાવવામાં પોતાનું સાક્ષીપણું અને બીજી તરફથી આવા પ્રકારનું વિચિત્ર સ્વરૂપ જોઇ તે સ્વજનો સંશયમાં પડ્યા.

બહુ વિચાર કરતાં પણ તે સ્વજનોથી તેમનો વિવાદ ભાગ્યો નહિ, ત્યારે તે ભાઇઓએ સ્વજનો સહિત રાજકુળમાં જઇ રાજાને તે સ્વરૂપ જણાવ્યું. તે જાણી રાજા પોતે તેનો ન્યાય કરવાને અસમર્થ થવાથી તેણે પોતાના સાગર વિગેરે ચારસો નવાણું

મંત્રીઓને તેનો ન્યાય કરવાની આજ્ઞા કરી. તેઓ પણ ઘણી સૂક્ષ્મ બુદ્ધિવડે વિચાર કર્યા છતાં તેનો ન્યાય આપવાને શક્તિમાન થયા નહિ; ત્યારે રાજાએ આખા નગરમાં ઘોષણા કરાવી કે—

"જે કોઈ આ વિવાદને ભાગશે, તેને હું સર્વ મંત્રીઓમાં મુખ્ય મંત્રી કરીશ." આ હકીકત સાંભળી બુદ્ધિમાન કોશલે પડહનો સ્પર્શ કર્યો. પછી તેણે રાજા પાસે જઈ તેની સમક્ષ તે ભાઈઓને પૂછયું કે—"કહો. તમારા પિતા જીવતા હતા ત્યારે કયો ભાઈ કયો વ્યાપાર કરતો હતો?" ત્યારે મોટો ભાઈ બોલ્યો કે—

"હું ક્ષેત્ર અને ધાન્ય વિગેરેનો વ્યાપાર કરતો હતો." કોશલે ફરી પૂછયું કે—"તમારા પિતાને તે સમયે–તેની હયાતિમાં કેટલું ધાન્ય પાકેલું હતું?" તે બોલ્યો—"સર્વ મળીને લાખ મુડા ધાન્ય થયેલ હતું અને તેની કિંમત તેને જાણનારા પંદર લાખ રૂપીઆની કરતા હતા." પછી બીજા ભાઈને પૂછતાં તેણે કહ્યું કે—"મારી પાસે દશ હજાર અશ્વાદિક પશુઓ ક્રય વિક્રય કરવાના છે તેની કિંમત આંકતાં પંદર લાખની થાય છે. પછી ત્રીજા ભાઈને પૂછતાં તેણે કહ્યું—

"હું વ્યાજ વટાવ વિગેરેનો વ્યવહાર કરૂં છું, તેમાં માંડલિક રાજાઓ વિગેરેને ધીરેલ હોવાથી તે ઉઘરાણીનો સરવાળો પંદર લાખનો થાય છે." પછી ચોથો બોલ્યો કે—"મને મારા પિતાએ ખજાનાનો સ્વામી બનાવ્યો છે..તેની કિંમત ગણતાં પંદર લાખની થાય છે."

આ પ્રમાણે તે ચારેના જવાબો સાંભળી કોશલ શ્રેષ્ઠી પુત્રે રાજાને કહ્યું કે—"હે સ્વામી! જે ભાઈ જે કાર્યમાં નિપુણ હતો, તે ભાઈને તે કાર્યને અનુસરનારી લક્ષ્મી આપીને તેમના પિતાએ તેમને સરખો જ ભાગ આપ્યો છે. એટલે કે—પહેલાને માટી આપવાથી ક્ષેત્ર અને ધાન્ય આપ્યાં છે, બીજાને અસ્થિ આપવાથી ચતુષ્પાદ–પશુઓ આપ્યાં છે, ત્રીજાને લેખના કાગળો આપવાથી લેણું–ઉઘરાણી આપી છે અને ચોથાને સાક્ષાત્ લક્ષ્મી આપી છે. કેમકે તે ચોથો માત્ર કોશનો અધિકારી હોવાથી કાંઈ પણ વેપાર વિગેરે જાણતો નથી. આ રીતે સર્વેને સરખો ભાગ આપ્યા છતાં આ ચારે ભાઈઓ વૃથા વિવાદ કરે છે."

આ પ્રમાણે તેની કરેલી વ્યવસ્થા સાંભળી તે ભાઈઓ તે વહેંચણી બરાબર જાણીને હર્ષ પામ્યા, એટલે તેઓ રાજાને નમી કોશલની બુદ્ધિની પ્રશંસા કરતા પોતાને ઘેર ગયા. પછી પરસ્પર પ્રીતિ અને બુદ્ધિના નિધાનરૂપ પિતા ઉપર ભક્તિ ધારણ કરતા તેઓ પોતપોતાનો ભાગ ગ્રહણ કરી વ્યાપારાદિ કરવા લાગ્યા.

હવે કોશલની બુદ્ધિથી અત્યંત ચમત્કાર પામેલા રાજાએ તેને કહ્યું કે—"આ મંત્રીની મુદ્રા ગ્રહણ કરી તું ચારસો નવાણું મંત્રીઓનો અગ્રેસર થા." ત્યારે તે બોલ્યો કે—"હું મંત્રીની મુદ્રા ગ્રહણ નહિ કરૂં. કેમકે શ્રાવકધર્મ અંગીકાર કરતી વખતે મેં ખરકર્મ હોવાને લીધે નિયોગ–અધિકાર આદિકનું પ્રત્યાખ્યાન કર્યું છે."

તે સાંભળી રાજાએ તેને મુદ્રા આપ્યા વિના પણ સર્વ કાર્યમાં પૂછવા લાયક મુખ્ય મંત્રી કર્યો અને તેનો ઘરખર્ચ રાજા આપવા લાગ્યો. આ પ્રમાણે થવાથી કોશલ ઉપર સર્વે મંત્રીઓ ઇર્ષ્યા રાખવા લાગ્યા, અને સાગર મંત્રી વિશેષ ઇર્ષ્યા રાખવા લાગ્યો. 'પ્રાયે કરીને એક વસ્તુના બે અભિલાષીઓને પરસ્પર ઇર્ષ્યા હોય જ છે.'

એક દિવસ મંત્રીઓએ રાજાને કહ્યું કે—"**દેવગિરિ** નગરનો **રિપુમર્દન** નામનો રાજા દુઃખે કરીને દમી શકાય તેવો છે. તે તમારી અવગણના કરે છે; તેથી ત્યાં કોશલને મોકલો કે જેથી તે તેની સાથે સંધિ કરી આવે. એમ કરવાથી તમે જે ગ્રાસ આપો છો તે સફળ થાય અને તેની બુદ્ધિની પણ પરીક્ષા થાય."

ત્યારે રાજાએ સાગરને કહ્યું કે—"જે ઉત્તમ વસ્તુ તેના દેશમાં ન હોય તેવી નવીન વસ્તુ તે રાજાને ઉપભોગ કરવા લાયક આપણા દેશની વસ્તુઓ ભેટણા તરીકે કોશલને આપો કે જે લઈને તે ત્યાં જાય."

"ત્યારે સાગર મંત્રીએ જાતિવંત અશ્વો, વસ્ત્રો વિગેરે સહિત કેટલીક નવીન વસ્તુઓ કોશલને આપી, તથા ઇર્ષ્યાથી કોશલનો વધ કરવા ઇચ્છતા સર્વ મંત્રીવર્ગની સંમતિથી ધૂળનો ભરેલો એક સુવર્ણનો ઘડો કરંડીયામાં નાખી તેને તાળું પાશી–પેક કરીને આપ્યો. કોશલ પણ સરળતાને લીધે તેણે જે પ્રમાણે આપ્યું તેજ પ્રમાણે લઈને રાજાની આજ્ઞાને આધીન થઈ ચાલ્યો, અને અનુક્રમે દેવગિરિ નગરમાં જઈ તેણે રાજાની પાસે તે ભેટણું મૂકયું; એટલે તે રાજાએ ક્ષેમકુશળના પ્રશ્નવડે કોશલને હર્ષ પમાડ્યો, ત્યારે તે બોલ્યો કે—

"તમારી સાથે સંધિ કરવાને ઇચ્છતા અમારા દેવરાજ રાજાએ પોતાના મિત્રરૂપ તમારાપર અત્યંત પ્રીતિ ધારણ કરી બહુમાનપૂર્વક આ ભેટણું મોકલ્યું છે. હવે આ બાબતમાં તમારૂં ચિત્ત જ અનુકૂળ થવાની જરૂર છે." પછી રાજાના માણસોએ તે ભેટણું તપાસતાં કરંડીયામાંથી ઘડો કાઢી તે ઉઘાડ્યો એટલે તેમાં ધૂળ જોઈ રાજાને ક્રોધ ઉત્પન્ન થયો; તેથી તેણે કોશલને કહ્યું કે—

"અરે! તારો સ્વામી ઉન્મત્ત થયો છે કે મરણ પામવા ઇચ્છે છે? શું થયું છે



કે જેથી તેણે મારી પણ અવજ્ઞા કરીને ભેટમાં મને ધૂળ મોકલી છે? આ સંબંધમાં પ્રથમ તો પરિવાર સહિત તને જ મારા ક્રોધરૂપી રાક્ષસના બળિદાનરૂપ કરત, પરંતુ તું રાજાનો પ્રધાન પુરૂષ હોવાથી અવધ્ય છે, માટે તું શીઘ્ર જઈને તારા સ્વામીને મારો સંદેશો આપ કે હું દુર્મદ થયેલા તને હણવા માટે આવું છું, તેથી તું યુદ્ધ માટે તૈયાર થજે." તે વખતે કોશલે વિચાર કર્યો કે—

"નીતિના કથનનું ઉલ્લંઘન કરીને દુશ્મનમાં વિશ્વાસ રાખનાર મને ધિક્કાર છે! કેમકે દુષ્ટ બુદ્ધિવાળા મંત્રીઓએ મારા ઉપરની ઈર્ષ્યાને લીધે મારા જ વધને માટે આ કાર્ય કર્યું છે." એમ વિચારી ચારે બુદ્ધિના નિધાનરૂપ કોશલ તત્કાળ બુદ્ધિ ઉત્પન્ન થવાથી હસતો હસતો બોલ્યો કે—

"હે રાજેંદ્ર! તમારૂં ભાગ્ય જ આશ્ચર્યકારક છે કે જેથી આવી બુદ્ધિ છતાં પણ તમે રાજ્ય ધારણ કરો છો." તે સાંભળી રાજાએ કહ્યું કે–"અરે! તું શું કહેવા માગે છે?" ત્યારે તે બોલ્યો કે —"હે ઈશ! શું કોઈ પણ માણસ ખાસ કારણ સિવાય સુવર્ણના ઘડામાં ધૂળ નાખે ખરો? શું આટલું પણ તમે વિચારતા નથી?" રાજાએ પૂછ્યું—"ત્યારે આમાં શું કારણ છે?"

"કોશલ બોલ્યો—"હે સ્વામી! જો મારાપર તમે પ્રસન્ન હો તો હું ખરી વાત કહું તે સાંભળો. એક દિવસ અમારા સિદ્ધપુર નગરમાં મોટો મરકીનો ઉપદ્રવ થયો. તે વખતે રાજાએ **આંધલરેણી** નામની દેવીને પ્રયત્નથી સાધી, એટલે તેણીએ તુષ્ટમાન થઈ બજારમાંથી ઘણી ધૂળ લઈ તેને આપીને કહ્યું કે—

"આ ધૂળવડે મસ્તકે તિલક કરવાથી અવશ્ય મરકીના ઉપદ્રવો, શાકિની અને વ્યંતર વિગેરે કાંઈ પણ કરવા શક્તિમાન થશે નહિ." આ પ્રમાણે તેણીના કહેવાથી રાજાએ તેણીની પૂજા કરીને તે ધૂળ ગ્રહણ કરી. પછી રાજાએ તે ધૂળવડે પોતાના અંતઃપુરની સ્ત્રીઓને તથા નગરજનોને પણ તિલક કરી સર્વ ઉપદ્રવોનો નાશ કર્યો. હે ઉત્તમ રાજન્! તે ધૂળ ભેટ તરિકે મોકલી છે. કસ્તૂરીની જેમ વસ્તુના ગુણ જ જોવા જોઇએ. બીજું કાંઈ પણ જોવાનું ન હોય."

તે સાંભળી રાજા અતિ પ્રસન્ન થયો, અને લજ્જા પામી બોલ્યો કે—"હે ભદ્ર! ઉતાવળથી મેં તને આ પ્રમાણે કહ્યું છે પણ તે તારે જ જાણવું, કોઈ ઠેકાણે પ્રકાશ કરવું નહિ." એમ કહી રાજાએ હર્ષથી પોતે તેનું તિલક કર્યું, તથા અંતઃપુરની સ્ત્રીઓને, પરિવારને અને નગરજનોને પણ થોડી થોડી ધૂળ સૌને મોકલી. પછી ખુશી થયેલા રાજાએ કોશલને કહ્યું કે—



"હે ભદ્ર! તારા સ્વામીને કહેજે કે આપણે યાવજ્જીવ અખંડ પ્રીતિ થઈ છે. તેથી મિત્રરૂપ થયેલા તમારે નિઃશંકપણે જે કાંઈ ઉચિત કાર્ય હોય તે મને જણાવવું." એમ કહી રાજાએ કોશલને પૂછ્યું કે—"તારા રાજાની આજ્ઞાની શક્તિ કેવી છે?" કોશલ બોલ્યો કે—

"હે રાજેંદ્ર! તેની શક્તિ કહેવાને કોણ સમર્થ છે? હાથી વિગેરે પશુઓ પણ તેની આજ્ઞા આપવાથી સ્તંભિત થઈ જાય છે." આ પ્રમાણે કહે છે તેટલામાં દૂર કોળાહળ થતો સાંભળી રાજાએ તેનું કારણ પૂછયું, ત્યારે સેવકોએ કહ્યું–"આપણો હાથી આલાન સ્તંભ–બંધનના ખીલાને ઉખેડીને છુટો થઈ ગયો છે અને નગરમાં ઉપદ્રવ કરે છે." તે સાંભળી રાજાએ કોશલને કહ્યું કે—

"જો તું સત્ય બોલતો હોય તો તારા સ્વામીની આજ્ઞાવડે આ હાથીને સ્તંભિત કર. કે જેથી તેમાં કાંઈપણ સંશય રહે નહિ.

આ પ્રમાણે રાજાએ કહ્યું, ત્યારે તે કોશલ પણ રાજાદિક સહિત હાથી પાસે જઈ મનમાં હસ્તીના સ્તંભનનો મંત્ર ભણીને અને પ્રગટપણે સ્વામીની આજ્ઞા આપીને તેને સ્તંભિત કર્યો. તે જોઈ આશ્ચર્ય પામેલા રાજાએ કોશલને કહ્યું કે—"તારી લાવેલી અમૂલ્ય ધૂળ જેવી મારી પાસે કોઈ પણ દિવ્ય વસ્તુ નથી, કે જે હું તને આપું."

એમ કહી તેના રાજાને લાયક એવા ભેટણા સહિત તેજ હાથી તેને આપ્યો અને વસ્ત્ર તથા અલંકારાદિવડે પરિવાર સહિત તેનો સત્કાર કરી રાજાએ તેને રજા આપી, એટલે તે ત્યાંથી ચાલી અનુક્રમે સિદ્ધપુર નગરની નજીક આવી પહોંચ્યો. તે વખતે ચર પુરૂષો દ્વારા તે વૃત્તાંત જાણી ધૂળનું ભેટણું આપવાથી ભય પામેલા મંત્રીઓએ તેની સન્મુખ આવી તેની અત્યંત ક્ષમા માગી તેને પ્રસન્ન કર્યો અને પોતાનો અપરાધ કોઈને નહિ કહેવા કબૂલ કરાવ્યું. પછી તે હાથી વિગેરે ભેટણું આગળ કરી કોશલે રાજા પાસે આવીને તેને નમન કર્યું. રાજાએ પણ હર્ષ પામી તેને સ્વાગતાદિક પૂછયું. ત્યારે તેણે કહ્યું કે—

"આપના મહિમાથી મારૂં ક્ષેમકુશળ છે." એમ કહી તેણે સર્વ વૃત્તાંત કહ્યો. માત્ર ધૂળની હકીકત ગોપવી રાખી. તે મોટા અને ઉત્કટ રાજાની સાથે સંધિ કરી અને આવું ઉંચું ભેટણું લાવ્યો એ વિગેરે અસંભવિત કાર્ય તેણે કર્યું તેથી રાજા વિસ્મય અને આનંદથી વ્યાપ્ત થયો, એટલે તેને એક દેશ આપવા તૈયાર થયો; પરંતુ લક્ષ્મીવંતમાં શ્રેષ્ઠ એવા કોશલે પાંચમા અણુવ્રતમાં પરિગ્રહનું પ્રમાણ કરેલું હોવાથી તે

ગ્રહણ કર્યો નહિ. પછી રાજાએ સત્કાર કરેલો મંત્રીઓમાં અગ્રેસર કોશલ પોતાને ઘેર ગયો. રાજા તેને ઘેર ઘણું ધાન્ય અને ઘી વિગેરે મોકલવા લાગ્યો. કોશલે ધૂળની વાર્તા છુપાવી હતી, તોપણ રાજાએ કોઈકની પાસેથી તે વાત સાંભળી. 'દુર્ગંધી વસ્તુની જેમ પાપ છાનું રહેતું નથી.' તેમ તે વાત જાણી રાજાએ વિચાર્યું કે—

"ધૂળની ભેટ કરીને પણ આ બુદ્ધિમાન કોશલે એવું કાર્ય સાધ્યું, કે જે કાર્ય સર્વ પુષ્કળ ધનનો ખજાનો આપીને પણ બીજાઓ સાધી શકે નહિ. વળી તે દાનને લાયક છતાં પણ મારો આપેલો દેશ વિગેરે કાંઈ પણ ગ્રહણ કરતો નથી; માટે હું શું કરૂં? કઈ રીતે તેનો બદલો વાળું?" ઈત્યાદિક વિચાર કરતો રાજા તેનાપર અત્યંત પ્રીતિ રાખવા લાગ્યો. પછી ધૂળ આપવાનો અપરાધ કરવાથી રાજાએ સાગર મંત્રીનો દંડ કર્યો. તેથી તે સાગરે વિચાર્યું કે—

"કોશલે જ મારો દોષ રાજા પાસે કહ્યો જણાય છે." એમ વિચારી પ્રથમથી જે શ્રી સંબંધી તેનાપર દ્વેષ હતો તે વિશેષ વૃદ્ધિ પામ્યો. 'અધમ માણસો પોતાના દોષનો બીજાપર આરોપ કરી તેનાપર દ્વેષ ધારણ કરે છે.

એક દિવસ રાજાએ કોશલને ઘેર પ્રીતિદાન તરીકે દસ હજાર ઘીના ઘડા અને દશહજાર ચોખાના મુંડા મોકલ્યા. તે પોતાના વ્રતના પરિમાણથી બમણા હતા. તેથી બુદ્ધિમાન કોશલે વ્રતભંગના ભયથી દેશલને કહ્યું કે—

"કાર્યની ઉતાવળ હોવાથી હું ક્યાંઈક જાઉં છું; પરંતુ હે વત્સ! આમાંથી પાંચ પાંચ હજાર ઘડા અને મુંડા રાજાને પાછા મોકલી દેજે, અથવા જલ્દીથી ધર્મના કાર્યમાં આપી દેજે. પણ આપણા વ્રતનો ભંગ થવા દઈશ નહિ." એમ કહીને કોશલ તો ગયો પછી ધર્મમાં દઢતા રહિત અને લોભી સ્વભાવવાળા દેશલે વિચાર્યું કે—

"આ ઘીના ઘડા અને ચોખાના મુંડા રાજકુળમાં પાછા મોકલવાથી તે ફરીને મળવાના નથી માટે ત્યાં તો મોકલવા નહિ." એમ વિચારી નિયમથી અધિક એવા તે ઘડા અને મુંડા તેણે સ્વજનોને થાપણ તરીકે આપ્યા. આ પ્રમાણે ભાઈને વિશ્વાસ ઉપજાવવા માટે તેણે અન્યને આધિન કર્યા.

એ રીતે તે લોભી દેશલ વ્રતમાં અતિચાર લગાડી આયુષ્ય પૂર્ણ કરી અલ્પ ઋદ્ધિવાળો વ્યંતર થયો અને ત્યાંથી ચ્યવી દરિદ્ર કુળમાં બ્રાહ્મણ થયો. પછી દરિદ્રી વણિક થયો. તે ધનને માટે ઘણા ઉપાય કરી ક્લેશ સહન કરવા લાગ્યો; પરંતુ તેને ધનની પ્રાપ્તિ થઈ નહિ. 'વ્રત મલિન કરવાનું ફળ આવું જ મળે છે.'

કોશલે અતિચાર રહિત શ્રાવકધર્મનું પાલન કરી સંવેગથી **ધર્મગુપ્ત** નામના ગુરૂ પાસે ચારિત્ર ગ્રહણ કર્યું. મન, વચન અને કાયાના યોગને સ્થિર રાખી ચિરકાળ સુધી અષ્ટાંગ યોગનું સાધન કરી સાતમા દેવલોકમાં સત્તર સાગરોપમના આયુષ્યવાળો મહર્ધિક દેવ થયો.

"આ પ્રમાણે પાંચમા અણુવ્રતની આરાધના અને વિરાધનાનું ફળ સાંભળી ભવ્ય પ્રાણીઓએ આ લોક અને પરલોકના સુખને માટે તેની સમ્યક્ પ્રકારે આરાધના કરવી." હવે તે કોશલ દેવે અવધિજ્ઞાનવડે પોતાના બંધુને દુઃખી જાણી તેને સમૃદ્ધિ આપીને પ્રાંતે સંવેગ પમાડી દીક્ષા ગ્રહણ કરાવી. તે પણ ચિરકાળ તપ કરી સાતમા દેવલોકમાં જ દેવ થયો. 'પરસ્પર ધર્મના અનુરાગથી આ પ્રમાણે સારા બંધુપણાનું ફળ પ્રાપ્ત થાય છે.' તે બંને દેવો પૂર્વભવના અભ્યાસથી પરસ્પર પ્રીતિવાળા અને અતિ સુખી થઈ ચિરકાળ સુધી શ્રીજિનેશ્વરના અનેક તીર્થોમાં જઈ યાત્રાદિક પુણ્ય કરવા લાગ્યા.

પ્રાંતે અત્યંત સુખવડે આયુષ્ય પૂર્ણ કરી કોશલ નામનો દેવ સાતમા દેવલોકથી ચ્યવી પૂર્વના બાકી રહેલા પુણ્યવડે વૈતાઢ્ય પર્વતપર **મણિમંદિર** નામના નગરમાં **મણિધર** નામના વિદ્યાધરરાજાની **મણિપ્રિયા** નામથી પ્રિયાથી **મણિશેખર** નામે પુત્રપણે ઉત્પન્ન થયો. સર્વ વિદ્યા અને કળાના પાત્રરૂપ તે મણિશેખર યુવાવસ્થા પામ્યો ત્યારે બત્રીશ મનોહર કન્યાઓને પરણ્યો, અને તેમની સાથે ભોગ ભોગવતો સુખે ક્રીડા કરવા લાગ્યો.

દેશલનો જીવ જે સાતમા દેવલોકમાં હતો તે ત્યાંથી ચ્યવીને તું ચંદ્રગતિ થયો છે. પૂર્વભવમાં જે તારી પ્રિયા ગુણસુંદરી હતી, તે તારા મરણ પછી ઉદ્વેગથી પ્રતિબોધ પામી વ્રત ગ્રહણ કરી ચિરકાળ સુધી ઘોર તપ કરી ચોથા દેવલોકમાં દેવ થઈ હતી. તે ત્યાંથી ચ્યવી શ્રેષ્ઠીના કુળમાં રૂપ, લક્ષ્મી અને ગુણવડે યુક્ત **ચંદ્રસુખ** નામના પુત્રપણે ઉત્પન્ન થઈ. ત્યાં તેણે ચિરકાળ સુધી ભોગ ભોગવ્યા. પછી **ધર્મધીર** નામના ગુરૂની પાસે ધર્મ સાંભળી પ્રતિબોધ પામી તેણે પ્રવ્રજ્યા ગ્રહણ કરી, અને સિદ્ધાંતનો અભ્યાસ કરી વિવિધ પ્રકારના તપ તપી તે પાંચમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવી ચંદ્રમાલા નામે તારી પ્રિયા થઈ. પૂર્વના અભ્યાસથી તમારા બે વચ્ચે ઘણો સ્નેહ થયો.

હવે મિથ્યાદષ્ટિઓમાં અગ્રેસર એવો તે સાગર નામનો મંત્રી તારા ઉપર દ્વેષ કરી દુષ્ટ વ્યાપાર અને મહા આરંભને લીધે મરણ પામીને પહેલી નરકમાં નારકી થયો. ત્યાંથી નીકળી અનુક્રમે હાથી, મૃગ, અશ્વ વિગેરે અસંખ્ય ભવોમાં પરિભ્રમણ કરી



મહા દરિદ્રી બ્રાહ્મણ થયો. ત્યાં પરિવ્રાજકપણું ગ્રહણ કરી મરણ પામીને ક્યાં ઉત્પન્ન થયો તે તું સાંભળ.–

વૈતાઢ્ય પર્વતને છેડે સમુદ્રની સમીપે જમીન ઉપર મનોહર વનની શ્રેણિ છે. ત્યાં **વજ્રકૂટ** નામનો પર્વત છે, તે ઘણા દેવોને ક્રીડા કરવાનું સ્થાન છે. તે ત્રણ યોજનની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈએ કરીને શોભે છે.

તે પર્વત ઉપર મધ્ય ભાગમાં એક ભવન છે. તે એક એક યોજન ઊંચું, લાંબું અને પહોળું છે. તે આખું ભવન મણિમય હોવાથી કાંતિએ કરીને નિરંતર સૂર્ય, ચંદ્રની જેવું પ્રકાશવાળું છે. તે ભવનનો અર્ધ ભાગ તે પર્વતની પૃથ્વીથી બહાર ઝુલતો છે અને અર્ધ ભાગ પર્વતની ઉપર રહેલો છે. તે ભવન વન, વાપી અને સરોવરવડે મનોહર તથા સર્વ ઇંદ્રિયોને સુખકારક છે. મનુષ્યો ન જઈ શકે તેવા તે ભવનમાં ચાર દેવી વિગેરે પરિવારવાળો **વજ્રમુખ** નામનો વ્યંતર દેવ ક્રીડા કરતો વસે છે. તે ભવનના સ્વામીઓ બધા તે જ નામથી ઉત્પન્ન થાય છે.

હવે તે મંત્રીનો જીવ કે જે બ્રાહ્મણ થઈ પરિવ્રાજક થયો હતો તે પરિવ્રાજકની દીક્ષાના પ્રભાવથી તે વજ્રમુખ નામે દેવ થયો. તેણે માનસ સરોવરમાં ક્રીડા કરતી તારી પ્રિયાને જોઈ; એટલે પૂર્વભવના અનુરાગથી તેણે તેણીનું હરણ કર્યું. 'જેમ કપાસીઆની રતાશ રૂમાં, સુતરમાં અને વસ્ત્રમાં પણ આવે છે, તેમ દઢ સંસ્કારરૂપ બીજવાળા રાગાદિક જન્માંતરમાં પણ પ્રાણીઓને અનુસરે છે.

અથવા જેમ હડકાયા કૂતરા વિગેરેનું વિષ શાંત થયા છતાં પણ મેઘને જોઈ ફરી ઉલ્લાસ પામે છે. તેમ શાંત થયેલા રાગાદિક પૂર્વના સંબંધીને જોઈને ફરથી ઉલ્લાસ પામે છે.' તે દેવ તને શત્રુરૂપ ગણી સખ્ત પ્રહાર કરીને શીઘ્રપણે પોતાના ભવનમાં ગયો અને સેંકડો પ્રકારના ખુશામતનાં વચન બોલવાપૂર્વક તેણે તારી સ્ત્રીની પાસે ભોગની પ્રાર્થના કરી. પરંતુ તે સતી તેને ઇચ્છતી નહોતી, તેથી અશુભ વખતને દૂર કરવાની ઇચ્છાથી તેણીએ કહ્યું કે—

"હે દેવ! અમુક વિદ્યાની સાધનાને માટે મારે એક માસનું બ્રહ્મચર્ય વ્રત છે, તેથી ત્યાંસુધીમાં જો તમે બળાત્કારથી મારા શિયળનો લોપ કરશો, તો હું દાંતવડે જીભ કરડીને મરણ પામીશ. તેમાં જરા પણ સંશય રાખશો નહિ." આવાં તેણીનાં વચનથી ભય પામેલો દેવ ભોગની આશાથી એક માસ સુધી રાહ જોતો રહ્યો છે. 'જૈનધર્મી સતીઓને શું દેવો પણ શિયળથી ચળાવી શકે?"

હવે કોશલ દેવનો જીવ જે મણિશેખર નામનો વિદ્યાધર થયો છે, તે સર્વ પ્રકારના સુખભોગમાં મગ્ન થઈ દેવની જેમ ક્રીડા કરતો હતો. તેવામાં એક દિવસ તે ક્રીડા કરવા માટે ઉદ્યાનમાં ગયો. ત્યાં **ધર્મરુચિ** નામના ગુરૂને તેણે દીઠા. તેને નમી તેની પાસે સંવેગરૂપી સમુદ્રના તરંગસમાન ધર્મદેશના સાંભળી લઘુકર્મી હોવાથી પ્રતિબોધ પામી તેણે તત્કાળ દીક્ષા ગ્રહણ કરી.

'ધીરપુરૂષો રણસંગ્રામની જેમ ધર્મકાર્યમાં પણ વિલંબ કરતા નથી." તેની બત્રીશ પ્રિયાઓએ પણ **સુવ્રતા** નામની પ્રવર્તિનીની પાસે દીક્ષા ગ્રહણ કરી. અનુક્રમે તે મણિશેખર મુનિ યોગવડે ચાર જ્ઞાનને પામ્યા. તે હું છું. હે વિદ્યાધરના રાજા! પ્રિયાના વિયોગથી દુઃખી થતો તને જાણી પૂર્વભવના સ્નેહને લીધે તને પ્રતિબોધ કરવા માટે જ હું આજે અહીં આવ્યો છું, અને પૂર્વ ભવના અભ્યાસને લીધે જ મારાપર તને અધિક સ્નેહ આવે છે.

હવે તું પ્રતિબોધ પામ અને વિરક્ત થઈ વ્રત ગ્રહણ કર. અરે! તને સાંભરે છે કે મહાશુક્ર નામના સાતમા દેવલોકમાં દેદીપ્યમાન મણિમય મંદિરોને વિષે દેવીઓના સમૂહમાં તું ચિરકાળ સુધી વસ્યો છે.

આ વાત સાંભરતાં છતાં અશુચિના પિંડરૂપ આ મનુષ્ય સંબંધી શરીર ઉપર કેમ પ્રીતિ પામે છે? અનેક સાગરોપમ પ્રમાણ ચિરકાળ સુધી દેવ સંબંધી કામભોગ ભોગવ્યા છતાં તેનાથી તું તૃપ્ત ન થયો, તો શું તૃષાવાળો થઈને બિંદુ સમાન મનુષ્ય સંબંધી કામભોગવડે તું તૃપ્તિ પામવાનો છે?"

આ પ્રમાણે પૂર્વભવનો સર્વ વૃત્તાંત સાંભળી મેં ગુરૂને કહ્યું કે—"હે મુનિવર....! કલ્પવૃક્ષ જેવા તમે તમારૂં દર્શન મને આપ્યું છે, તેથી તમે ખરેખરા ભાઈને યોગ્ય કાર્ય કર્યું છે. હું તમારી વાણીથી પ્રતિબોધ પામ્યો છું; પરંતુ વ્યંતરદેવે હરણ કરેલી મારી પ્રિયા ઉપરના પૂર્વભવના સ્નેહને લીધે તત્કાળ સંસારનો ત્યાગ કરવાને હું સમર્થ નથી. તેથી તેણીને પાછી લાવવાનો ઉપાય તથા કન્યાને યોગ્ય વર બતાવો, કે જેથી તે બંને કાર્ય કરી કેટલોક વખત સંસારમાં રહી કૃતાર્થ થઈને પછી હું વ્રત ગ્રહણ કરૂં." ત્યારે મુનિએ કહ્યું કે—

"જે રાજા યોગિનીઓએ ગ્રહણ કરેલા પવનવેગના પુત્ર વજ્રવેગને પોતાની શક્તિથી મૂકાવશે, તે જ ઉત્તમ બળવાન રાજા પ્રાર્થના કરવાથી તારી પ્રિયાને મૂકાવશે અને જગતમાં ઉત્તમ એવો તે જ તારી કન્યાનો વર થશે. વળી તારૂં ભોગાવળી કર્મ



કાંઈક બાકી છે, તે ભોગવ્યા પછી તું પ્રવ્રજ્યા ગ્રહણ કરજે કે જેથી આપણે બન્ને સાથે જ મોક્ષ પામશું."

આ પ્રમાણે મુનિનાં વચન સાંભળી પૂર્વભવની સ્મૃતિ થવાથી હું સંસારમાં આસક્તિ રહિત થયા છતાં પ્રિયાનું સ્મરણ કરતો મુનિને નમીને મારે સ્થાનકે ગયો. મુનિએ અન્યત્ર વિહાર કર્યો, ત્યારથી હું વજ્રવેગના મુકાવનારની શોધ કરવવા લાગ્યો, તેવામાં વિદ્યાધર સેવકોદ્વારા તમને તેના છોડાવનાર જાણી હું પોતાના કાર્ય માટે તમારી પાસે આવ્યો છું."

આ પ્રમાણે તેનો સર્વ વૃત્તાંત સાંભળી તે પ્રાર્થના કરે તે અગાઉ કુમારરાજ તત્કાળ બોલ્યા. કેમકે પ્રાર્થના કર્યા પછી તો કામઘટ વિગેરે અચેતન પદાર્થો પણ ઇચ્છિત વસ્તુ આપે છે. તેથી તેની પ્રાર્થના પહેલાં જ કુમાર બોલ્યા કે—

"અહો ! મારે ભાગ્યોદયથી આજે બે પ્રકારનો ઉત્સવ પ્રાપ્ત થયો છે. એક તો સજ્જન ઉપર પરોપકાર અને બીજો દુષ્ટનો નિગ્રહ. 'જેમ રાજાનો અધિકારી કાર્ય કરવાથી તૃપ્ત થતો નથી, લોભી લાંચથી તૃપ્ત થતો નથી, વણિક વ્યાપારથી તૃપ્ત થતો નથી વેશ્યા કામભોગથી તૃપ્ત થતી નથી, રાજા દ્રવ્યથી તૃપ્ત થતો નથી, બ્રાહ્મણ પારકા અન્નથી તૃપ્ત થતો નથી, ખળ પુરૂષ બીજાનાં છિદ્ર જોવાથી તૃપ્ત થતો નથી, તથા જેમ ધનનો લોભી વૈદ્ય ઘણા રોગીજનોની ચિકિત્સા કરવાથી પણ તૃપ્ત થતો નથી, તેજ પ્રમાણે ઉત્તમ પુરૂષ ઘણા પરોપકાર કરવાથી પણ તૃપ્ત થતા નથી.'

વળી જે રાજા પોતાને પ્રયાસ થવાના ભયથી દેવોના અન્યાયને પણ સહન કરે છે, તે કુત્સિત રાજા કહેવાય છે. તેવા રાજાની પ્રજા શી સારી આશા રાખી શકે ? તેથી જો હું વિજયરાજાનો પુત્ર હઈશ તો તે પર્વતને ચૂર્ણ કરી તે અધમ દેવને જીતી તારી પ્રિયાને લાવી આપીશ."

આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી તે સાત્વિક રાજા જલ્દીથી પવનવેગ અને ચંદ્રગતિ વિગેરે સહિત વજ્રકૂટ પર્વતના શિખર પર ગયા. ત્યાં ઉંચે સ્વરે કુમારરાજ બોલ્યા કે—"હે અધમ દેવ ! જેમ સર્પ મોતીનો હાર ગ્રહણ કરી બિલમાં પેસી જાય, તેમ તું પરસ્ત્રીનું હરણ કરી પાતાળમાં કેમ પેઠો છે ? જો તું શક્તિમાન હો તો મારી સન્મુખ યુદ્ધ કરવા તૈયાર થા, અથવા તે સ્ત્રીને પાછી આપ. નહિ તો આ પર્વતને ચૂર્ણ કરી તારો નિગ્રહ કરીશ."

આ પ્રમાણે ઉંચે સ્વરે ત્રણ વાર બોલ્યા છતાં કોઈ પણ દેવ પ્રગટ થયો નહિ,

ત્યારે ક્રોધથી ઉદ્ધત થયેલ શ્રીજયાનંદકુમાર તે પર્વતને ચૂર્ણ કરવા લાગ્યા. કામાક્ષી દેવીએ આપેલા વજ્રના મુદ્ગરવડે તેણે ઘણી શિલાઓ ભાંગી નાંખી, ઘણા શિખરો પાડી નાંખ્યા, અને ઘણા મહા વૃક્ષોને મૂળ સહિત ઉખેડી નાંખ્યા.

વિશ્વને ત્રાસ ઉપજાવે તેવા અને અતિ ભયંકર તે શિલાસમૂહ, શિખરો અને વૃક્ષોના પડવાથી થયેલા ઘોર શબ્દ વડે સમગ્ર આકાશ અને પૃથ્વી ગાજી ઉઠી. ક્ષોભ પામેલા સમુદ્રને વિષે રહેલા મત્સ્યોના સમૂહને ત્રાસ પમાડનાર ઉછળતા જળના કલ્લોલોવડે નક્ષત્રાદિક જ્યોતિષીઓ પણ ભીંજાઈ ગયા, દ્રહો સહિત મોટી નદીઓના જળનો સમૂહ ઉન્માર્ગે ચાલવા લાગ્યો, તેથી પુર, ગામ અને ખેટ વિગેરે ચોતરફથી તેમાં તણાઈ જવા લાગ્યા. વાયુએ ઉડાડેલા શિલાનાં ચૂર્ણે સર્વ દિશાઓને ઝાંખી કરી દીધી; અને તે રાજાના પ્રતાપથી જાણે પરાજય પામ્યો હોય તેમ સૂર્ય પણ ગ્લાનિ પામ્યો.

તે પર્વતનો ભંગ થવાથી બીજા પર્વતો પણ પોતાની જાતિના દુ:ખથી અથવા ભયથી ઝરણાંરૂપી અશ્રુજળના પ્રવાહવડે રૂદન કરવા લાગ્યા અને શરીરે કંપવા લાગ્યા. તે પર્વત ચૂર્ણ કરાતો હતો તે વખતે પૃથ્વી પણ પોતાના આધારનો ક્ષય થવાથી પોતાને પણ વિનાશનું દુ:ખ થશે એવા ભયથી કંપવા લાગી. તે પર્વતના પડતા શિખરના નિર્ઘોષથી ધડધડં કરતી ને પડતી પૃથ્વીને શેષનાગે હજાર ફણાવડે પણ કષ્ટથી ધારણ કરી. તે પર્વતના પડતા પથ્થરથી ચૂર્ણ થતી વૃક્ષોવાળા વનની ઝાડીમાંથી લાખો સિંહ, વ્યાઘ્ર અને સર્પ વિગેરે પ્રાણીઓ બૂમો પાડતા નાશી જવા લાગ્યા.

તે પર્વતની ગુફા અને વૃક્ષોમાં ક્રીડા કરતા કિંનર અને વ્યંતરાદિક દેવો ઇંદ્રે મૂકેલા વજ્રની ભ્રાંતિથી હાહારવ કરતા નાશી ગયા. તેના નિર્ઘોષથી આક્રંદ કરતા યોગિની, વ્યંતર, પ્રેત, ભૂત, રાક્ષસ અને તેમની પ્રિયાઓ સર્વે ત્યાંથી નાશી જતા જગતને ક્ષોભ પમાડવા લાગ્યા. આ પ્રમાણે વિદ્યા, ભાગ્ય, બળ અને બ્રહ્મચર્યવડે ઉત્કટ એવો તે રાજા તે પર્વતને ચૂર્ણ કરતો અર્ધ પ્રહરમાં તો તે દેવના ભવન સુધી પહોંચ્યો.

તે વખતે ઘોર શબ્દ સાંભળી તથા શીતવડે કંપતા વૃદ્ધ માણસની જેમ પોતાનું સ્થાન પડી જતું જોઈ 'આ શું ?' એમ ભ્રાંતિ પામેલો વજ્રમુખ દેવ વિભંગજ્ઞાનવડે 'જે નથી થયું અને નથી થવાનું એવું અદ્ભુત આ કાર્ય થયું' એમ જાણી ક્રોધથી જાજ્વલ્યમાન થયો, અને પરિવાર સહિત તત્કાળ ત્યાં આવીને ભયંકર રૂપવાળો તથા દેદીપ્યમાન નેત્રવાળો થઈ દિશાઓને ગજાવતો તે બોલ્યો કે—"રે રે મૂર્ખ! તેં આ શું કર્યું? અકાળે મરવા કેમ ઇચ્છે છે? આ પથ્થરમય પર્વત તેં ભાંગી નાખ્યો;

પરંતુ અહીં હું રહું છું, તે તું જાણતો નથી ?” તે સાંભળી કુમારરાજ બોલ્યા કે— “હે મૂર્ખ ! ઔષધિને હરણ કરી બિલમાં પેઠેલા ઉંદરની જેમ પરસ્ત્રીનું હરણ કરી બિલમાં પેઠેલો તું મારાથી શી રીતે છૂટી શકીશ ? અરે અધમ દુષ્ટ દેવ ! હમણાં આ પૃથ્વી મારાવડે રાજાવાળી છે, તે તું જાણતો નથી ? કે જેથી આવી અન્યાયની ચેષ્ટા કરે છે ? તું શીઘ્રપણે ચંદ્રગતિની પત્નીને પાછી સોંપી દે, અથવા મરણને શરણ થા. આ મારો મુદ્દગર પર્વત ભાંગવામાં પણ જે અસ્ખલિત છે, તે તારૂં પણ ચૂર્ણ કરી નાખશે.”

તે સાંભળી પેલો દેવ અતિશય ક્રોધ કરીને બોલ્યો કે—“હે મનુષ્યના બાળક ! સિંહ પાસેથી મૃગલીને મૂકાવાને ઇચ્છતા મૃગની જેમ મારી પાસેથી તે સ્ત્રીને મૂકાવવા ઇચ્છતો તું મરણ પામ્યો જ છું એમ જાણ.”

આ પ્રમાણે બોલી તે દેવ મુદ્દગરને ઉપાડી કુમારરાજને હણવા માટે દોડયો. તે જોઈ પવનવેગ વિગેરે સર્વે ભય પામી રાજાની પાછળ સંતાઈ ગયા. તત્કાળ શ્રી જયાનંદકુમાર વિદ્યાવડે તે દેવના પરિવારને સ્તબ્ધ કરી દઈ વજ્રના મુદ્દગરને લઈ શીઘ્ર તેના તરફ દોડયા.

પરસ્પર મુદ્દગરના પ્રહારોથી ઉત્પન્ન થયેલા શબ્દવડે આકાશને ફાડી નાખતા બન્ને યોદ્ધાઓએ ચિરકાળ સુધી મુદ્દગરવડે યુદ્ધ કર્યું. રાજાએ પોતાના મુદ્દગરવડે તે દેવના મુદ્દગરનું ચૂર્ણ કરી નાખ્યું, ત્યારે તે જાજ્વલ્યમાન ખડ્ગ ઊંચું કરી ક્રોધથી તેની તરફ દોડયો. રાજાએ સૂર્યહાસ ખડ્ગના કકડા કરી નાખ્યા. ‘ધીર પુરૂષ વક્ર થાય ત્યારે દેવ પણ શું કરી શકે ?’

પછી ગદા, ત્રિશૂળ વિગેરે વિવિધ પ્રકારના દિવ્ય શસ્ત્રોવડે તથા નાગપાશ વિગેરેવડે તે બન્ને યુદ્ધ કરવા લાગ્યા, તે સર્વ યુદ્ધમાં શ્રીજયાનંદ જ જય પામ્યા. ‘જેને વિષે સમકિત તથા શ્રેષ્ઠ શિયળ વ્રત હોય છે, તેવા ઉત્કૃષ્ટ શ્રાવકને જીતવા ઇંદ્ર પણ સમર્થ થઈ શકતો નથી, ત્યાં આવો દેવ તો શી રીતે જ શક્તિમાન થઈ શકે ?’ ત્યારપછી ખરી પડતાં પુષ્પોવડે જાણે રાજાના મસ્તકપર પુષ્પવૃષ્ટિ કરતો હોય તેમ તે દેવે રાજાના મસ્તકપર દૃઢ રીતે વૃક્ષોવડે પ્રહાર કર્યો; એટલે રાજાએ તેના અનેક વૃક્ષોને વૃક્ષોવડે જ પીસી નાખ્યા.

ત્યારપછી મહા શિલાવડે તે બન્ને સુભટોએ ચિરકાળ સુધી યુદ્ધ કર્યું. તેમાં રાજાએ મુષ્ટિ અને શિલાવડે તેની શિલાઓને એવી રીતે ચૂર્ણ કરી નાખી કે જેથી તે દુર્બુદ્ધિવાળા દેવના મુખમાં અને મસ્તકપર તેની ધૂળ પડી. તેથી ખેદ પામેલા અને

નષ્ટ બુદ્ધિવાળા વજ્રમુખે સમગ્ર શસ્ત્રોનો ત્યાગ કરી ગર્વથી રાજાને મુષ્ટિયુદ્ધ કરવા બોલાવ્યો.

પરસ્પર મુષ્ટિના ઘાતથી ઉત્પન્ન થતા શબ્દવડે ભયંકર રીતે યુદ્ધ કરતા અને સર્વ પ્રકારે નિર્ભય એવા તે બન્ને પૃથ્વી, વૃક્ષો અને પર્વતો સહિત કંપવા લાગ્યા. તે બન્નેની ગર્જનાથી દિશાઓ ગાજી ઊઠી, તેઓ નીચે પડતા ત્યારે પર્વતો પડી જતા હતા, તેઓ ઉડતા હતા ત્યારે કૌતુક સહિત દેવો આકાશમાં ઉડતા હતા, અને તેઓ પરસ્પર એક બીજાની પાછળ ભમતા હતા, ત્યારે તેમની પાછળ સર્વનાં નેત્રો ભમતાં હતાં. 'કોણ બુદ્ધિમાન માણસો સ્વામીઓને ન અનુસરે ?'

આ પ્રમાણે ચિરકાળ સુધી યુદ્ધ કર્યા પછી રાજાએ તે દુષ્ટ દેવને તેના પગે પકડી ક્રોધથી પોતાના મસ્તક ફરતો ફેરવ્યો, અને પછી ધોબી જેમ વસ્ત્રને પછાડે તેમ તેને એક શિલાપર પછાડી તેની છાતીપર પગ મૂકી જગતને જીતનાર રાજાએ તેને કહ્યું કે—"રે રે ! દુષ્ટ દેવ ! હજુ પણ જો તારામાં કાંઈ બળ હોય તો તે બતાવ. નહિ તો ઈષ્ટ દેવનું સ્મરણ કર, અને એમ પણ ન કરવું હોય તો હરણ કરેલી સ્ત્રીને પાછી આપ."

તે સાંભળી આક્રંદ કરતો તે દેવ બોલ્યો કે—"હે જગતમલ્લ ! મને મૂકી દે, હું તારો દાસ છું, સર્વદા તારી સમગ્ર આજ્ઞાને હું પાળીશ." તે સાંભળી કૃપાળુ શ્રી જયાનંદ રાજાએ તેને મૂકી દીધો, અને દેવોએ તેના પર પુષ્પવૃષ્ટિ સહિત જય જય શબ્દ કર્યો.

પછી જલ્દી તે દેવે પોતાના ભવનમાં જઈ તે સ્ત્રીને લાવી રાજાને ભેટ કરી અને તેને નમસ્કાર કરી પોતાનો અપરાધ ખમાવ્યો. પવનવેગ વિગેરેએ હર્ષના શબ્દ કર્યા અને રાજાએ સ્તંભનથી મુક્ત કરેલા તે દેવના પરિવારે રાજાને નમસ્કાર કર્યો. પછી દેવે રાજાને કહ્યું કે—

"હે વીર ! સુર, અસુર અને મનુષ્યોને વિષે તારી જેવો પરાક્રમી, નીતિવાળો અને દયાળુ બીજો કોઈપણ નથી. હું અત્યાર સુધી કોઈથી જીતાયો નથી, આજે તેં મને લીલામાત્રથી જ જીતી લીધો છે અને કૃપાએ કરીને મને મુક્ત કર્યો છે, તો હવે તને શું આપીને હું કૃતાર્થ થાઉં ?" તે સાંભળી રાજાએ તેને કહ્યું કે—

"મારે તારી પાસેથી કાંઈપણ જોઈતું નથી, પરંતુ અનંત ભવ સુધી દુઃખ આપવાના કારણરૂપ મિથ્યાત્વાદિકનો તું ત્યાગ કર. મિથ્યાત્વ અને આરંભથી ઉત્પન્ન



થયેલા પાપવડે નરકાદિકના ભવોમાં પૂર્વે તેં જે જે પ્રકારનાં દુઃખનો સમૂહ ભોગવ્યો છે તે સાંભળ."

એમ કહી મુનિની વાણીવડે જાણીને ચંદ્રગતિએ તેનું જે ચરિત્ર કહ્યું હતું, તે સર્વ ચરિત્ર રાજાએ તેના હિતને માટે તેને કહી સંભળાવ્યું. તે સાંભળી પોતાના કષ્ટમય ભવોનું સ્મરણ કરી તે દેવે દુઃખના ભયને છેદવા માટે જાણવાની ઇચ્છાથી રાજાને વિશુદ્ધ ધર્મ પૂછ્યો, ત્યારે રાજાએ તેને દેવ, ગુરૂ અને ધર્મનું સ્વરૂપ ટુંકામાં જણાવ્યું. એટલે પ્રતિબોધ પામેલા તે દેવે તેની વાણીવડે સમકિત અંગીકાર કર્યું. પછી દેવ અને ગુરૂ વિગેરેની પૂજા કરવાનો નિયમ લઈ તે દેવે રાજાને કહ્યું કે—

"ધર્મનો બોધ આપનાર તમારો હું કોઈપણ રીતે ઋણ રહિત નહિ થાઉં; કેમકે સમકિતના દાન જેવું બીજું કોઈપણ દાન નથી, કે જે બોધિ આપવાથી પ્રાણી મોક્ષ સુધીના સર્વ સુખની લક્ષ્મીનું પાત્ર થાય છે. તોપણ બોધિ આપનારા તમને હું મારી શક્તિ પ્રમાણે કાંઈક આપવા ઇચ્છું છું."

એમ કહી દેવે તે નરરત્નને ચિંતામણિ રત્ન આપ્યું; તથા જે વિદ્યાનું સ્મરણ કરવાથી પોતાનું અને અન્યનું જેવું રૂપ કરવાની ઇચ્છા હોય તેવું રૂપ કરી શકાય તથા પોતાના ઘણાં રૂપો પણ કરી શકાય તેવી કામિતરૂપ નામની વિદ્યા તેણે સાધન અને વિધિ સહિત આપી. તે બન્ને વિધિપૂર્વક ગ્રહણ કરી રાજાએ હર્ષથી તે દેવની સ્તુતિ કરી કે—

"હે દેવ! તને ધન્યવાદ ઘટે છે કે જેથી તેં પરસ્ત્રીનો ત્યાગ કર્યો અને થોડા જ ઉપદેશથી બોધિરત્નને પામ્યો." આ પ્રમાણે તેની પ્રશંસા કરી રાજાએ તેને ખમાવ્યો, અને ચંદ્રગતિની સાથે તેની મૈત્રી કરાવી. પછી રાજાએ તેની અર્ઘ્યાદિકવડે પૂજા કરી એટલે તે દેવ પરિવાર સહિત અદૃશ્ય થયો.

પછી રાજાએ ચંદ્રગતિને તેની ચંદ્રમાળા પ્રિયા સોંપી, ત્યારે તે હર્ષ પામીને બોલ્યો કે—"હે નાથ! ચાલો, મારી સાથે આવી મારી કન્યાનું પાણિગ્રહણ કરો." તે સાંભળી કુમારરાજ શ્રીજયાનંદે 'અવસરે આવીશ' એમ કહી ચંદ્રગતિને રજા આપી, એટલે તે પણ રાજા વિગેરેને નમકાર કરી જવા તૈયાર થયો. તે વખતે તેને પવનવેગે કાનમાં કહ્યું કે—

"હે મિત્ર! મારી કન્યાના પાણિગ્રહણ વખતે તું તારી કન્યાને પણ ત્યાં લાવજે." પછી ચંદ્રગતિ રાજાને નમી પ્રિયા સહિત પોતાને સ્થાને ગયો. ત્યાં રાજાનો વૃત્તાંત સાંભળી સર્વ વિદ્યાધરોએ મોટા ઉત્સવો કર્યા. અહીં શ્રીજયાનંદ રાજાએ પિતાને

ધીરજ આપવા માટે વિદ્યાધરો સાથે વિનંતિ પત્ર અને યોગિનીઓએ આપેલા અલંકારાદિક મોકલ્યા.

ત્યારપછી શ્રીજયાનંદ રાજાએ પવનવેગાદિક સહિત વૈતાઢ્ય પર્વત પર જઈ ભાવયુક્ત હૃદયવડે હર્ષથી અનેક શ્રીજિનચૈત્યોને વંદના કરી. પછી પવનવેગ બહુ પ્રાર્થના કરી દાક્ષિણ્યતાના સમુદ્રરૂપ રાજાને પોતાના નગરમાં લઈ ગયો અને અનેક પ્રકારના ગૌરવ સહિત ત્યાં રાખ્યા.

પછી તે વિદ્યાધરના રાજા પવનવેગે પોતાની પુત્રી વજ્રસુંદરીને તથા ચંદ્રગતિ વિદ્યાધરે લાવેલી તેની પુત્રી ચંદ્રસુંદરી બંનેને શુભ લગ્ને ઉત્સવ સહિત ચક્રાયુધના ભયથી થોડા વિસ્તારપૂર્વક અત્યંત પ્રાર્થના કરીને શ્રીજયાનંદ રાજા સાથે પરણાવી. તે પ્રસંગે તે બન્ને વિદ્યાધર રાજાઓએ તેને હસ્તી, અશ્વ વિગેરે ઘણી વસ્તુઓ આપી.

હવે પવનવેગની પાસે શત્રુમર્દન નામની વિદ્યા હતી, પરંતુ તે કષ્ટસાધ્ય હોવાથી તેને સાધવામાં તે સમર્થ થયો નહોતો, તેથી "આ કુમારરાજ પોતાના ભાગ્ય, શીળ, સત્ત્વ અને ગુણવડે ઉત્તમ હોવાથી સાધી શકશે."

એમ ધારી તે વિદ્યા સાધવાની વિધિ સહિત શ્રીજયાનંદકુમારને આપી. તેણે આપેલા મણિના મહેલમાં કુમારરાજ બન્ને સ્ત્રીઓ સહિત આનંદથી રહ્યો. "જો ચક્રાયુદ્ધની સાથે યુદ્ધ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય તો તું સૈન્ય સહિત આવી પહોંચજે." એમ પવનવેગે ચંદ્રગતિને કહી તેને તેના રાજ્યમાં રવાને કર્યો. શ્રીજૈન ધર્મના પ્રભાવથી દેવને પણ જીતે એવા પરાક્રમવાળા શ્રીજયાનંદ રાજા વિદ્યાધરીઓએ રચેલા વનાદિક સ્થાનોમાં બન્ને પ્રિયાઓ સહિત ક્રીડા કરવા લાગ્યા.

પાંચમા વ્રતની શુદ્ધિવડે કોશલનો જીવ મણિશેખર મુનિ મોક્ષલક્ષ્મી પામ્યા, અને શ્રીજયાનંદ રાજા પણ પરસ્ત્રીની ઇચ્છા રહિત હોવાથી ઠેકાણે ઠેકાણે અનેક પ્રકારની સંપત્તિ પામ્યા.

આ પ્રમાણે શ્રીજૈનધર્મનું ફળ જાણીને તે ધર્મ કરવામાં હે ઉત્તમ જનો! તમારે અત્યંત ઉદ્યમ કરવો, કે જેથી બાહ્ય અને અભ્યંતર બન્ને પ્રકારના શત્રુઓની વિજયલક્ષ્મી મેળવીને શીઘ્રપણે મોક્ષસુખની સંપત્તિ પામી શકો.

આ પ્રમાણે તપગચ્છના નાયક પૂજ્ય શ્રી દેવસુંદરસૂરિના શિષ્ય શ્રીજ્ઞાનસાગર સૂરિના શિષ્ય શ્રી સોમસુંદરસૂરિના શિષ્ય શ્રી મુનિસુંદર સૂરિએ રચેલા 'જયશ્રી' એ

શુક્ષ્મના ચિન્હવાળા શ્રી જયાનંદ રાજર્ષિ કેવળીના ચરિત્ર વિષે પાંચમા વ્રતને નિરતિચાર અને સાતિચાર પાલન કરવાના વિષય ઉપર કોશલ અને દેશલની કથા આપવા પૂર્વક શ્રીજયાનંદ રાજાએ વજ્રકૂટ પર્વતને ચૂર્ણ કર્યો, વજ્રમુખ દેવનો પરાજય કર્યો, તે દેવ પાસેથી ચિંતામણિ રત્ન અને મહાવિદ્યા પ્રાપ્ત કરી, તથા વજ્રસુંદરી અને ચંદ્રસુંદરીનું પાણિગ્રહણના વર્ણનવાળો બારમો સર્ગ સમાપ્ત થયો.





# तेरमो सर्ग

शान्तिं प्रदेयादघविघ्नराशेः । श्रीशान्तिनेता स नवो विवस्वान् ॥
निहन्ति यो दुःखतमोवितानं । जगत्त्रयस्याऽप्यखिलं स्मृतोऽपि ॥ १ ॥

જે શાંતિનાથ પ્રભુ સ્મરણ કરવા માત્રથી પણ ત્રણ જગતના સમગ્ર દુઃખરૂપી અંધકારના સમૂહનો નાશ કરે છે, તે નવીન સૂર્ય સમાન શ્રી શાંતિનાથ ભગવાન પાપ રૂપ વિઘ્નના સમૂહને શાંત કરો.

એકદિવસ પવનવેગની સાથે આઠ ખેચરરાજાઓએ આવી શ્રીજયાનંદ રાજાને નમસ્કાર કર્યા. તેમને રાજાએ ક્ષેમકુશળના પ્રશ્નાદિકવડે હર્ષ પમાડી યોગ્ય આસનોપર બેસાડ્યા, પછી પવનવેગે તેમનો વૃત્તાંત આ પ્રમાણે કહ્યો—

"હે કુમારરાજ ! અહિં **ભોગપુર ૧, વજ્રપુર ૨, રત્નપુર ૩, મણિધામપુર ૪, વીરપુર ૫, રત્નાલયપુર ૬, કનકકૂટપુર ૭,** અને **ગિરિચૂડપુર ૮,** આ આઠ નગરોએ કરીને આ વૈતાઢ્ય પર્વતની દક્ષિણ શ્રેણિ શોભે છે.

આ આઠે નગરના અધિપતિઓ અનુક્રમે આ **ભોગરતિ ૧, ચંદ્રબાહુ ૨, મહાબાહુ ૩, ચંદ્રવેગ ૪, રવિપ્રભ ૫, રત્નચૂડ ૬, તડિદ્વેગ, ચંદ્રાભ ૮** નામના રાજાઓ છે. તે સર્વને મળીને બત્રીશ પુત્રીઓ છે; એટલે કે આ દરેક રાજાને ભિન્ન ભિન્ન પ્રિયાઓથી ઉત્પન્ન થયેલી ચાર ચાર પુત્રીઓ છે. તે સર્વે પુત્રીઓ પ્રાયે દૈવયોગથી વય, રૂપ, કળા અને ગુણે કરીને સમાન છે.

જ્યારે અપ્સરાઓ અને તે પુત્રીઓ પરસ્પરનાં રૂપોને જુએ છે ત્યારે પહેલીની એટલે અપ્સરાઓની દૃષ્ટિ નિમેષ રહિત થઈ જાય છે અને બીજી એટલે તે કન્યાઓની દૃષ્ટિ નિમેષ સહિત થાય છે.[1] તે સર્વ કન્યાઓ એક સાથે જ ક્રીડા, વિદ્યા, કળા અને અભ્યાસ કરતી હતી, તે વખતે તેઓએ પરસ્પરના પ્રેમને લીધે એક જ પતિ સાથે પરણવાની પ્રતિજ્ઞા કરી છે.

---

૧ અર્થાત્ કન્યાઓનું રૂપ એટલું બધું મનોહર છે કે જેથી અપ્સરાઓની દ્રષ્ટિ નિમેષ રહિત થઈ, અને અપ્સરાઓનું રૂપ જોતાં કન્યાઓની દ્રષ્ટિ આશ્ચર્ય નહિ પામવાથી નિમેષવાળી જ રહી.



એકદિવસ સર્વ સ્ત્રીઓમાં સર્વથી તે કન્યાઓને સુંદર જાણી ચક્રાયુધ રાજાએ પોતાના પુત્રો માટે દૂતદ્વારા તેમના પિતાઓ પાસે તેની માગણી કરી. ત્યારે તેઓએ ઉત્તર આપ્યો કે—"વર કન્યાની લેણાદેણી વિગેરે જોવરાવીને પછી અમે પોતે જ ત્યાં આવી આપને વિનંતિ કરશું."

આ પ્રમાણે ઉત્તર આપી દૂતને રજા આપી. પછી તે આઠે મિત્રો ભોગરતિની પાસે એકઠા થઈ પરસ્પર આ પ્રમાણે પરિણામે હિતકારક વિચાર કરવા લાગ્યા—"જો આપણે ચક્રાયુધના કોઈ પણ એક કુમારને સર્વ કન્યાઓ આપીએ તો તેના બીજા કુમારો ઇર્ષ્યા કરે, અને જૂદા જૂદા કુમારોને આપીએ તો તે કન્યાઓ જ ભિન્ન ભિન્ન પતિને ઇચ્છતી નથી; તેમજ જો સર્વથા પ્રકારે તેના કુળમાં કન્યાઓ આપણે નહિ આપીએ તો તે આપણા જીવિત અને રાજ્યને સંદેહમાં લાવી મૂકશે. તો એવા સંકટમાં આપણે શું કરવું ?"

આ પ્રમાણે તેઓ વિચાર કરતા હતા, તેવામાં ત્યાં એક નૈમિત્તિક આવ્યો, તેને તેઓએ બહુમાનપૂર્વક આ વિષમ કાર્યનો નિર્વાહ પૂછયો. ત્યારે તેણે નિમિત્તના બળથી જાણીને કહ્યું કે—"હે રાજાઓ ! ચક્રાયુધનું રાજ્ય હવે થોડાદિવસ જ છે, તેથી તેનાથી તમે શા માટે ભય પામો છો ?" તે સાંભળી તેઓએ પૂછયું કે—

"તેનું રાજ્ય મૃત્યુથી કે શત્રુથી કોનાથી હરણ થશે ?" ત્યારે તે જ્ઞાની બોલ્યો કે—"શત્રુથી તેનો પરાભવ થશે એમ મારા જોવામાં આવે છે." આવું તેનું અસંભવિત વચન સાંભળી તેઓએ પૂછયું કે—"તેનો શત્રુ એવો કોણ થશે ?" નૈમિત્તિકે કહ્યું—

"જે યોગિનીઓ પાસેથી વજ્રવેગને છોડાવશે, તથા વજ્રકૂટ પર્વતને ચૂર્ણ કરી વજ્રમુખ દેવને જીતી જે ચંદ્રગતિની પત્નીને પાછી લાવી આપશે તે વીર પુરૂષ તેનો પરાભવ કરશે. હે રાજાઓ ! તમારે તે જ યોગ્ય વરને તમારી સર્વ કન્યાઓ આપવી; કેમકે તે જ રાજા ભરતાદિકની જેવો વિશ્વનું પાલન કરનાર થશે."

આ પ્રમાણે સાંભળી હર્ષથી તેઓએ તે નૈમિત્તિકનો યોગ્ય સત્કાર કરી તેને વિદાય કર્યો. પછી તરતજ ચંદ્રગતિને સર્વ વૃત્તાંત પૂછી તમારૂં ચરિત્ર તેની પાસેથી જાણી તેઓ પોતાનાં કાર્યની સિદ્ધિને માટે અહિ આવ્યા છે. તો ચક્રાયુધના ભયથી ગુપ્ત રીતે લગ્ન કરવાની ઇચ્છાવાળા આ રાજાઓને તેમની કન્યાઓનું પાણિગ્રહણ કરી તમે કૃતાર્થ કરો."

આ પ્રમાણે કહી પવનવેગે તે રાજાઓને પ્રેરણા કરી, એટલે તેઓ પણ બોલ્યા

કે—" હે કુમારરાજ ! અમારી કન્યાઓને પરણવા માટે અમારા નગરમાં પધારો. હે વાંછિતને આપનાર ! તમે અમારી આ પ્રાર્થનાનો ભંગ ન કરશો." તે સાંભળી શ્રી જયાનંદ રાજાએ કહ્યું કે—

"જ્યાંસુધી તમને ચક્રાયુધ રાજાનો ભય છે, ત્યાં સુધી ગુપ્ત રીતે વિવાહ કરવામાં શો રસ આવે ? માટે થોડા દિવસ રાહ જુઓ." એમ કહી તે રાજાએ તેમને વિદાય કર્યા; ત્યારે તેમને પવનવેગે કાનમાં કહ્યું કે-—"ચક્રાયુધની સાથે યુદ્ધનો પ્રસંગ આવે ત્યારે સૈન્ય સહિત અહિં આવજો." તે સાંભળી 'બહુ સારૂં' એમ કહી તેનું વચન અંગીકાર કરી તેઓ હર્ષ પામી પોતપોતાના નગરમાં ગયા.

ત્યારપછી શ્રીજયાનંદ રાજા પવનવેગની અનુમતિ લઈ સિદ્ધકૂટ પર્વતપર ગયા, અને ત્યાં શ્રીસિદ્ધની પ્રતિમાની પાસે વજ્રમુખ દેવે અને વિદ્યાધર પવનવેગે આપેલી બન્ને વિદ્યાઓને વિધિથી સાધવાનો પ્રારંભ કર્યો. જે વિદ્યાઓ ઘણે કાળે અને ઘણા કષ્ટવડે સિદ્ધ થઈ શકે તેવી હતી તે બન્ને વિદ્યાઓ તેના ઉત્કટ ભાગ્યથી થોડા દિવસમાં જ સિદ્ધ થઈ ગઈ.

ત્યારબાદ વિદ્યાધરોના સમૂહથી પરિવરેલા સિદ્ધવિદ્યાવાળા તે રાજા પવનવેગના નગરમાં આવ્યા. તે વખતે વિદ્યાધરીઓએ તેમનું માંગળિક કૃત્ય કર્યું. ત્યાં તે રાજા બન્ને પ્રિયાઓ સહિત ઇચ્છા પ્રમાણે સભામાં અથવા મહેલમાં જેમ સુખ ઉપજે તેમ અનેક પ્રકારની ક્રીડા વિગેરે કરી આનંદમાં રહેવા લાગ્યા.

કોઈક સમયે પવનવેગ વિદ્યાધરનો રાજા પોતાની રાજસભામાં બેઠો હતો, તે વખતે થોડા પરિવારવાળો ચક્રાયુધ રાજાનો દૂત ત્યાં આવ્યો. એટલે તે ખેચર રાજાએ ઉભા થઈને તેને માન આપી સુવર્ણના આસનપર બેસાડ્યો, અને ક્ષેમકુશળના પ્રશ્નાદિવડે તેને આનંદ પમાડી આગમનનું કારણ પૂછ્યું. ત્યારે તે દૂત બોલ્યો કે—

"હે રાજા ! ખેચર ચક્રવર્તી ચક્રાયુધ રાજા તમને આજ્ઞા કરે છે કે તમારી **વજ્રસુંદરી** કન્યાને સ્વયંવરા તરીકે અહિં મોકલો." આવું તેનું વચન સાંભળી પવનવેગ ક્ષોભ પામ્યો, તોપણ સાહસ ધારણ કરીને બોલ્યો કે—

"હે દૂત ! જો તેમની આવી ઇચ્છા હતી તો તેમણે મારા પુત્રને છોડાવવામાં આટલો બધો વિલંબ કેમ કર્યો ? હવે તો શ્રીજયાનંદ રાજા મારા પુત્રને મૂકાવી મારા ઉપકારી થયા છે, તેથી મેં પ્રતિજ્ઞા કરેલી હોવાથી મારી કન્યા તેમને આપી છે અને તેની સાથે તે પરણ્યા પણ છે. મેં સ્વામીની પાસે ઘણી વાર વિનંતિ કરી હતી,



પણ તેમણે મારા પુત્રને છોડાવ્યો નહિ, તેથી બીજો ઉપાય નહિ હોવાને લીધે તેને મૂકાવનારને મેં મારી કન્યા આપી છે."

તે સાંભળી દૂતે કહ્યું કે—"પરણેલી એવી પણ એને પાછો કન્યાનો વેષ પહેરાવીને મારી સાથે મોકલો, નહિ તો તે બળવાન સ્વામી જરૂર તમારી ઉપર ક્રોધ પામશે; એટલે પછી તમારી અને તમારા જમાઈની શી ગતિ થશે? તે વિચારજો." તે સાંભળી પવનવેગ વિદ્યાધર બોલ્યો કે—

"હે દૂત! મારા પ્રાણનો નાશ થાય તોપણ હું એવું નિંદ્ય કર્મ તો નહિ કરૂં. એમ કરવાથી મારૂં વિદ્યાધર કુળ લજ્જા પામે અને તે તારો સ્વામી પણ લજ્જા પામે. તેથી આ વૃત્તાંતને સ્વામી પાસે જઈ તું સામ વચનવડે સમજાવજે, હું પણ તેને પ્રસન્ન કરવાની બીજી યુક્તિ વિચારૂં છું." આ પ્રમાણે સાંભળી તે દૂત ત્યાંથી ચાલ્યો ગયો.

ત્યારપછી પવનવેગે પ્રધાનો સાથે વિચાર કરી બોલવામાં નિપુણ એવા એક પંડિતને પ્રધાનો સહિત ચક્રાયુધના નગરમાં મોકલ્યો. દૂતે જઈને પ્રથમથીજ બધો વૃત્તાંત કહ્યો હતો, તેથી તે વિદ્યાધર ચક્રવર્તી ક્રોધ પામ્યો હતો, તેવામાં તેઓએ જઈ તેને નમસ્કાર કર્યા. પછી તે પંડિત બોલ્યો કે—

"હે પ્રભુ! તમે જય પામો, તમે વિશ્વના સ્વામી છો, કુલીન જનોમાં અગ્રેસર છો, ઇંદ્રને પણ જીતે તેવું તમારૂં બાહુવીર્ય છે, તમે સર્વ દુષ્ટ નીતિરૂપી અંધકારનો નાશ કરવામાં સૂર્ય સમાન છો, નીતિરૂપી લતાના વનને વિકસ્વર કરવામાં મેઘ સમાન છો અને રાજાઓના પણ રાજા છો. કલંક રહિત ચંદ્રની કાંતિ જેવી ઉજ્વળ તમારી જે કીર્તિને મેરૂ પર્વતના વનોમાં વિદ્યાધર, કિન્નર, સુર અને અસુરના યુગલો નિરંતર ગાયા કરે છે, તે કીર્તિને એક સ્ત્રીને માટે કેમ મલિન કરો છો?

આ જગતમાં લાવણ્યવડે અદ્‌ભુત રૂપવાળી કરોડો ઉંચ કુળની કન્યાઓ છે, તેમને પરણી ઇચ્છા પ્રમાણે ક્રીડા કરો, અને કીર્તિને હણનારી પરનારીનો ત્યાગ કરો. હે પૃથ્વીના ઇંદ્ર! તમે શુદ્ધ વંશમાં ઉત્પન્ન થયા છો, અને દેવ, ગુરૂ તથા ધર્મનું સત્ય તત્ત્વ તમે જાણેલું છે, તો કુળને કલંક લગાડનાર બીજાએ પરણેલી સ્ત્રીનો અભિલાષ કરતાં તમને શું લજ્જા આવતી નથી? હે ભુવનવીર! લક્ષ્મી, જ્ઞાન, ધર્મ, ધૃતિ અને કીર્તિ વિગેરેનો નાશ કરનાર કામદેવને ધિક્કાર છે કે જે કામદેવના વશથી તમારા જેવાની બુદ્ધિ પણ આ પ્રમાણે કુમાર્ગમાં પગલું ભરવા ધારે છે.

હે બુદ્ધિમાન રાજા! પોતાના સેવક રાજા ઉપર પ્રસન્નતા લાવીને મનોહર એવી

બુદ્ધિને તમે ધારણ કરો અને હે ભક્તવત્સલ! અમુક કારણથી થયેલા એમના આ અપરાધને સહન કરો. ”

આ પ્રમાણેના સદુપદેશવાળા તેના મધુર વચનના સમૂહવડે તે ખેચરચક્રીનો કોપાગ્નિ કાંઇક શાંત થયો, તેથી તે બોલ્યો કે—“ આવી મધ્ય વયમાં હું કામના વશવર્તીપણાને લીધે તે સ્ત્રીને માગું છું એમ નથી; પરંતુ હું આજ્ઞાનો ભંગ સહન કરી શકતો નથી. આજ્ઞાભંગ એ સ્વામીનો શસ્ત્ર વિનાનો વધ કહેલો છે. તો હવે રાજ્ય અને જીવિતની ઇચ્છાથી પવનવેગે તથા જીવવાને ઇચ્છનાર તેના જમાઈએ આ પ્રમાણેની મારી આજ્ઞા પાળવી, તે એ કે—

આ પવનવેગ પોતાની પુત્રીના બન્ને હાથમાં ‘ આ ચક્રાયુધની દાસી છે. ’ એવા અક્ષરોના ચિન્હવાળા કંકણ નિરંતર પહેરાવે, અને તેનો જમાઈ ‘ આ ચક્રાયુધની દાસીનો પતિ છે ’ એવા અક્ષરોએ અંકિત મારા આપેલા મુગટને નિરંતર મસ્તકપર ધારણ કરે; તથા તે વજ્રસુંદરી અહિં આવી મારી **ચક્રસુંદરી** નામની પુત્રીને નાટ્ય કળા શીખવે. પછી મારા આપેલા કંકણ પહેરીને તે અહિંથી પાછી જાય. આ પ્રમાણે કરવાથી તેમને રાજ્ય, જીવિત અને સુખ પ્રાપ્ત થયેલું રહેશે, અન્યથા નહિ રહે.

હવે તું કંઇપણ અધિક બોલીશ નહિ; કેમકે આજ્ઞારૂપી જ ધનવાળો હું આજ્ઞાભંગને સહન કરી શકીશ નહિ.” આ પ્રમાણેની તેની વાણી સાંભળીને તે પંડિત અને પ્રધાનો બીજી કોઈ ગતિ નહિ હોવાથી તેનું વચન અંગીકાર કરીને પોતાના નગરમાં પાછા ગયા અને તેઓએ પવનવેગને અને શ્રીજયાનંદ રાજાને ચક્રાયુધનો સર્વ વૃત્તાંત નિવેદન કર્યો. ત્યારપછી પવનવેગ, શ્રીજયાનંદ રાજા અને મંત્રીઓ એકાંતમાં બેસીને આ કાર્ય સંબંધી વિચાર કરવા લાગ્યા. તે વખતે શ્રીજયાનંદ રાજાએ કહ્યું કે—

“ ચક્રાયુધે કહેલું સર્વ અંગીકાર કરો, કેટલાક કાળ સુધી વજ્રસુંદરીને અહિં જ ગુપ્ત રાખો. હું વજ્રસુંદરીનું રૂપ ધારણ કરીને કેટલીક સ્ત્રીઓના પરિવાર સહિત ચક્રાયુધ પાસે જઈ તેની કન્યાને ભણાવીશ; તથા બીજું પણ જે કાંઈ ઉચિત કરવા લાયક હશે તે સર્વ હું યોગ્ય રીતે કરીશ. છેવટ હું તમને અહીં જ આવીને મળીશ. તમારે કોઇએ મારી કાંઈ પણ ચિંતા કરવી નહિ. ”

આ પ્રમાણે નિર્ણય કરીને તેઓ સર્વ પોત પોતાને સ્થાને જવા લાગ્યા, તેટલામાં તે ખેચરચક્રવર્તીના પ્રધાન પુરૂષો ત્યાં આવ્યા. તેમને પવનવેગે ઉચિત ભક્તિવડે પ્રસન્ન કર્યા. ત્યારે તેઓએ પવનવેગને કહ્યું કે—“ ચક્રધર તમને આજ્ઞા કરે છે કે જે મેં



આજ્ઞા આપી છે તે સર્વ જો તમે અંગીકાર કરતા હો તો મારી કન્યાને નાટ્ય શીખવવા માટે વજ્રસુંદરીને મોકલો, નહિ તો હું ત્યાં આવ્યો જ છું એમ સમજી યુદ્ધને માટે તત્કાળ તૈયાર થજો, અથવા રાજ્યનો ત્યાગ કરીને તમે સર્વે ચાલ્યા જજો; એ સિવાય બીજી કોઈ તમારી ગતિ નથી."

તે સાંભળી પવનવેગે તેમને કહ્યું કે—"સ્વામીની આજ્ઞા કોણ ન માને? માટે યોગ્ય સામગ્રી તૈયાર કરીને તમારી સાથે જ હું વજ્રસુંદરીને મોકલીશ. તેથી આજે તમે અહિં રોકાઓ." એમ કહી તેમને આનંદ પમાડી તેમને માટે ભોજનાદિકની સામગ્રીનો બંદોબસ્ત કરી તેમને ઉતારે મોકલ્યા.

હવે રાત્રીએ શ્રીજયાનંદ રાજાએ પરીક્ષાપૂર્વક શસ્ત્ર, શાસ્ત્ર જોઈ અને કળામાં નિપુણ એવા **વીરાંગદ, મહાબાહુ, સુઘોષ,** અને **સુમુખ** વિગેરે પાંચસો યુવાન સુભટોને એકઠા કરી તેમને વિદ્યાવડે ઉત્તમ અલંકારાદિક સહિત એક સરખા સ્ત્રીરૂપ બનાવ્યા, અને પોતે શ્રેષ્ઠ અલંકાર સહિત વજ્રસુંદરીનું રૂપ ધારણ કર્યું. તેને ચિંતામણિના પ્રભાવથી અલંકારાદિક કાંઈ દુર્લભ નહોતું.

પછી પ્રાતઃકાળે પવનવેગે વજ્રસુંદરીને ગુપ્ત કરી પ્રધાન પુરૂષોની સમક્ષ માયાવી વજ્રસુંદરી–શ્રીજયાનંદ રાજાને આજ્ઞા કરી કે—"હે પુત્રી! તું આ પ્રધાન પુરૂષો સાથે જા અને ત્યાં આપણા સ્વામીની પુત્રીને નાટ્યકળા શીખવીને તેને પ્રસન્ન કરજે."

"તે સાંભળી માયાવી વજ્રસુંદરીએ કહ્યું કે—"પિતાનો આદેશ મારે પ્રમાણ છે." એમ કહી પરિવાર સહિત તે સર્વે વિમાનમાં આરૂઢ થયા. તે વખતે તેઓએ શસ્ત્રોને ગુપ્તપણે પોતાની પાસે રાખ્યા હતા અને નાટ્યની સામગ્રીને પ્રગટપણે રાખી હતી. પછી ચક્રીના પ્રધાન પુરૂષોનું એક અને એક સ્ત્રીઓનું એમ બે વિમાનો આકાશમાર્ગે ચાલ્યા, અને તત્કાળ ખેચરચક્રીના નગરના ઉદ્યાનમાં પહોંચ્યા. પછી તે સર્વ સ્ત્રીઓને ત્યાં જ રાખી પ્રધાન પુરૂષોએ શીઘ્રપણે જઈ ચક્રીને હર્ષથી તેમના આવવાના સમાચાર આપ્યા.

ત્યારે તેમને બોલાવી લાવવા માટે આનંદ પામેલા ચક્રીએ દાસીનો સમૂહ મોકલ્યો. તેટલામાં તે માયાવી સ્ત્રીઓએ પોતાનાં શસ્ત્રો પર્વતપર કોઈ ઠેકાણે સંતાડી દીધાં. પછી દાસીઓના બોલાવવાથી તે સર્વે માયાવી સ્ત્રીઓ રાજાની પાસે આવી અને તે માયાવી વજ્રસુંદરી લજ્જાવડે નીચું મુખ કરી ઉભી રહી. તેણીને જોઈ રાજાએ વિચાર્યું કે—

"ખરેખર વિધાતાએ અપ્સરાઓને ઘડી ઘડીને જ્યારે અભ્યાસની નિપુણતા થઈ

ત્યારે જ પોતાની કળાની સીમારૂપ આ સ્ત્રીને પ્રયત્નપૂર્વક બનાવી જણાય છે. આના રૂપને અનુસારે આને વિષે કળાઓ પણ તેવી ઉત્તમ જ હશે." એમ વિચારી રાજાએ તેણીને નાટ્ય કરવાની આજ્ઞા આપી. એટલે તેણીએ તે માયાવીસ્ત્રીઓ સહિત ગીત અને વાજિંત્રથી મનોહર એવું અદ્‌ભુત નાટ્ય કર્યું. તે જોઈ રાજાદિક સર્વે પ્રસન્ન થયા.

રાજા તેઓના સમાન અને સર્વોત્તમ વસ્ત્રો અને અલંકારો જોઈ આશ્ચર્ય પામ્યો, અને તેથી કરીને તેમને ઈનામ તરીકે શું આપવું તે તેને સૂઝ્યું નહિ. પછી રાજાએ તેમને બહુમાનથી ગરાસ, દાસી વિગેરે સામગ્રી આપીને એક મહેલમાં રહેવા મોકલી, અને નાટ્ય શીખવવા માટે પોતાની પુત્રી ચક્રસુંદરી તેણીને સોંપી. ત્યાં પરિવાર સહિત રહેતી વજ્રસુંદરી પોતાની જેવા રૂપવાળી ચક્રસુંદરીને નાટ્ય શીખવવા લાગી. વિનયવાળી, સૌભાગ્યવાળી, સર્વ ગુણવાળી, મધુર ભાષણ કરનારી, વજ્રસુંદરી ઉપર પ્રીતિને ધારણ કરનારી અને બુદ્ધિવડે સરસ્વતીનો તિરસ્કાર કરનારી તે ચક્રસુંદરી વજ્રસુંદરીની પાસે શીખવા લાગી. તેમાં ગાવાને પ્રસંગે માયાવી સ્ત્રીઓ યોગિનીઓએ રચેલું શ્રીજયાનંદ કુમારરાજાનું ચરિત્ર ગીતમાં ગાતી હતી. પ્રૌઢ અને ઉજ્વળ વૃત્તાંતવાળા તે ગીત સાંભળી ચક્રસુંદરી તે કુમારપર પ્રીતિવાળી થઈ, તેથી તેણીએ એકદા તે સખીઓને પૂછ્યું કે—

"હે સખીઓ! જેનું તમે નિરંતર ગીત ગાઓ છો તે શ્રીજયાનંદ કુમાર કોણ છે અને ક્યાં છે? આવો કુમાર તો ચક્રવર્તી અથવા ચક્રવર્તી જેવો જ સંભવે છે. બીજામાં તેવા ગુણો હોવા સંભવતા નથી." તે સાંભળી તે માયાવીસ્ત્રીઓ બોલી કે—

"ક્રીડાપર્વતપર ગાયન કરતી યોગિનીઓના સમૂહ પાસેથી સાંભળીને આ ગીત અમે શીખેલ છીએ. તે કુમારને અમે સારી રીતે તો ઓળખતી નથી, પરંતુ ગુણોવડે આ વજ્રસુંદરીના સ્વામી હોય તેવો સંભવ છે. કેમકે જ્ઞાનીએ આ ભરતક્ષેત્રમાં વર્તમાનકાળે તેને જ સર્વોત્તમ પુરૂષ કહ્યો છે."

તે સાંભળી તેની કળા, પ્રકૃતિ અને સજ્જનતા વિગેરે ગુણોથી અત્યંત રંજીત થયેલી તે ચક્રસુંદરી માયાવી વજ્રસુંદરીને મોટી બહેનપણે માની તેની સાથે જ રહેવાનું ઈચ્છવા લાગી. તેમજ તે વિચારવા લાગી કે—"મારાં એવાં ભાગ્ય ક્યાંથી હોય કે જેથી મારો આવા ગુણવાળો પતિ થાય અને આવી બહેનનો નિરંતર સમાગમ રહે? પરંતુ વજ્રસુંદરીનું હઠથી પાણિગ્રહણ કરવાને લીધે તે કુમારપર મારા પિતા તો દ્વેષ રાખે છે, તેથી તે મને શી રીતે તેને આપે? માટે હું ધારૂં છું કે મારાં અભાગ્ય જ છે."

આ રીતે નિરંતર ચિંતા કરતી તેણીને જોઈ એક દિવસ તે માયાવી સ્ત્રીઓએ તેણીને

કહ્યું કે-" બહેન ! સ્ત્રીઓને વિષે રંભા જેવી તું શું ઇંદ્ર જેવા તે નરરત્નને પતિ કરવા ઈચ્છે છે ? તે બોલી કે-" જે પોતાના હાથવડે ચંદ્રને ગ્રહણ કરવા ઇચ્છે તે અવશ્ય હાંસીને પાત્ર બને છે. તેની જેવા આ અસાધ્ય કાર્યમાં હું શું બોલું ?

ત્યારે તેઓ બોલી કે—" વજ્રસુંદરીને કાંઈ પણ અસાધ્ય નથી; કેમકે તે કળાવડે અને પરાક્રમવડે પણ જગતને જીતે એવી છે; પરંતુ તારા મનની સ્થિરતાને અમે બરાબર જાણી શકતી નથી. કેમકે પ્રાયે સ્ત્રીઓનું હૃદય નેત્રના અગ્રભાગ જેવું ચપળ હોય છે. માટે ચલાચલ એવા ચિત્તના પ્રયોજનવાળા વિષમ કાર્યમાં કોણ ડાહ્યો માણસ યત્ન કરે ?

તે સાંભળી તે કન્યા બોલી કે—" તમારા સંગથી મારૂં હૃદય દૃઢ જ છે. જેમ નિર્ધન માણસ નિધાનની, રોગી માણસ અમૃતની અને તરશ્યો માણસ નિર્મળ જળની ઇચ્છા કરે છે, તેમ વિશ્વને વિષે ઉત્તમ એવા તે વરની ઇચ્છા કોણ ન કરે ?

ત્યારે તેઓ બોલી કે—" જો તું સત્ય કહેતી હોય તો જલ્દીથી તૈયાર થઈ જા. તે સાંભળીને તે ચક્રસુંદરી પોતાના વસ્ત્ર અને અલંકાર વિગેરે લઈ તૈયાર થઈ તેમની પાસે આવી. ત્યારે તેઓએ આ સર્વ હકીકત માયાવી વજ્રસુંદરીને નિવેદન કરી. તે સાંભળી તેણીએ વિદ્યાવડે એક મોટું વિમાન બનાવ્યું. તેમાં તે ચંદ્રસુંદરીને તથા તે માયાવી સ્ત્રીઓને બેસાડી પોતે આકાશમાર્ગે વિમાન ચલાવ્યું; અને રાજાના મહેલ ઉપર જઈ વજ્રસુંદરીએ મોટે સ્વરે ઘોષણા કરી કે—

પોતાના આત્માને વીર માનનારા હે વિદ્યાધરરાજના સુભટો ! સાંભળો—શ્રીજયાનંદ કુમારને માટે આ ચક્રાયુધ રાજાની ચક્રસુંદરીને હું હરી જાઉં છું, માટે જે બળવાન હોય તે આને મૂકાવા આવો. પાછળથી તમે મને છળ કપટ કરનાર કહેશો નહિ." આ પ્રમાણે કહી તે માયાવી સ્ત્રી નગરની બહાર ગઈ, અને કેટલીક સ્ત્રીઓને મોકલી પ્રથમ પર્વતમાં છુપાયેલાં શસ્ત્રો મંગાવી લીધાં. અહિં વજ્રસુંદરીના કહેલાં વચનો સાંભળી ખેચરચક્રી આશ્ચર્ય પામ્યો કે—

" અહો ! એક સ્ત્રી પણ આવું પરાક્રમ અને આવો અન્યાય કરે છે ? એમ બોલતાં તેણે ઘણા સુભટોને તેની પાછળ મોકલ્યા. કન્યાને પાછી લાવવા ચક્રીએ આજ્ઞા જેને આપેલી તે સુભટોએ તે માયાવી સ્ત્રીઓની સાથે યુદ્ધ કર્યું. તેમાં માયાવી સ્ત્રીઓએ તત્કાળ તેમને હરાવ્યા, એટલે તેઓ પાછા હઠી શહેરમાં આવ્યા. સ્ત્રીઓથી પોતાનો પરાજય લજ્જાને લીધે તેઓ કહી શકયા નહિ, પરંતુ તેમને લોહીથી વ્યાપ્ત થયેલા જોઈ ચક્રીએ આશ્ચર્ય અને ક્રોધ પામી મોટું સૈન્ય મોકલ્યું.



ત્યારે તે સૈન્યમાં વિમાન, હસ્તી અને અશ્વપર આરૂઢ થયેલા મોટા સુભટોએ તે સ્ત્રીઓ સાથે મોટું યુદ્ધ કર્યું. તેમાં સુભટસ્ત્રીઓ ભગ્ન થઈ તે જોઈ તેમનું રક્ષણ કરવા માટે તે કુમારસ્ત્રી વિવિધ શસ્ત્રોવડે તે વિદ્યાધરના સૈન્યની સાથે યુદ્ધ કરવા લાગી. તેમાં તેણીએ તત્કાળ ગદાવડે પાપડની જેમ વિમાનોને ચૂર્ણ કરી નાખ્યા, હાથીઓને તેની ઉપર બેઠેલા યોદ્ધા સહિત ગંડશૈલની[1] જેમ આળોટતા કરી દીધા, જાણે ગરૂડ ભમતા હોય તેમ રથોને આકાશમાં ભમતા કરી દીધા અને ખેતરમાં રહેલા ચાડીઆની જેમ લીલાવડે પત્તિઓને ભૂમિપર પાડી દીધા.

એ રીતે જેમ હાથી કેળના વનને ભાગે અને હિમ કમળના વનને બાળે તેમ સ્ત્રીરૂપ કુમારે ક્ષણવારમાં વિદ્યાધરનું સૈન્ય ભાગી નાખ્યું. કુમારરૂપ સ્ત્રીના પ્રતાપથી રૂધિરને ઝરતા તે સુભટો માન મૂકી, પ્રાણોને ગ્રહણ કરી, લજ્જાનો ત્યાગ કરી, શીઘ્ર નાશી જઈને નગરમાં પેસી ગયા. સ્ત્રીઓથી પરાજય પામ્યાની લજ્જાવડે ખેચરપતિને પોતાનું મુખ દેખાડવા અશક્તિમાન થયેલા તેઓનો વૃત્તાંત ચર પુરૂષોએ ચકીને જાહેર કર્યો, ત્યારે ખેદ; લજ્જા, આશ્ચર્ય અને ક્રોધથી વ્યાકુળ થયેલો ખેચરપતિ પુત્રીને પાછી લાવવાની ઈચ્છાથી પોતે યુદ્ધ કરવા ઉઠ્યો–તૈયાર થયો; પરંતુ તેને વિચાર થયો કે—

"વિદ્યાધર સુભટોનો વિનાશ કરનારા મારા બાણો સ્ત્રીઓ ઉપર પડતાં લજ્જા પામશે, તેમ મને પણ સ્ત્રીઓ સાથે યુદ્ધ કરતાં લજ્જા આવશે" એમ વિચારી તે પાછો બેસી ગયો અને શું કરવું તેનો વિચાર કરવા લાગ્યો.

શત્રુના જયમાં બીજાને ભાગ નહિ આપવાના વિચારવાળા–લોભી પ્રકૃતિવાળા કુમારરાજની સંમતિ લીધા વિના જ માયાવી સ્ત્રીઓએ બોલાવવાથી સૈન્ય સહિત પવનવેગ વિદ્યાધરરાજ ત્યાં આવી પહોંચ્યો. તેના બોલાવવાથી ભોગરતિ વિગેરે આઠે ખેચર રાજાઓ પણ ત્યાં આવ્યા.

ખેચરરાજા ચંદ્રગતિ પણ આવ્યો, તથા તેમની સાથેના મિત્રાઈના સંબંધથી બીજા પણ ઘણા ખેચરરાજાઓ શીઘ્રપણે સૈન્ય સહિત આવ્યા. પ્રાયે કરીને દક્ષિણ શ્રેણિમાં પવનવેગ રાજા ઘણા ખેચર રાજાઓને માનવા યોગ્ય હતો, તેથી તેના બોલાવવાથી તેઓ સર્વે આવ્યા. સમગ્ર યુદ્ધની સામગ્રી સહિત સૈન્યોવડે વૈતાઢ્ય પર્વતને કંપાવતા તથા વાજિંત્રોવડે દિશાઓને ગજાવતા તે વિદ્યાધર રાજાઓને જોઈ ચક્રાયુદ્ધ રાજાના નગરમાં મીન રાશિમાં રહેલા શનિની જેમ સર્વજનો જાણે રક્ષણ રહિત થયા હોય તેમ ભયથી મોટો ક્ષોભ પામ્યા.

---

૧. નાની ટેકરી.

તે વખતે ભયંકર શબ્દવાળા કાહલ નામના વાજિંત્રો તડતડ વાગવા લાગ્યાં, ભયંકર શબ્દો કરવાવડે વાચાળ થયેલા શસ્ત્રધારી સુભટો આમતેમ દોડવા લાગ્યા, ભયના કોલાહલથી વ્યાપ્ત થયેલા કાયર મનુષ્યો નાશી જવા લાગ્યા, ભયથી ત્રાસ પામેલી સ્ત્રીઓ કેડમાં બાળકોને ધારણ કરી આક્રંદ કરવા લાગી, ત્રાસથી ઉદ્ધત થયેલા હાથીઓ બંધનના ખીલાને મૂળથી ઉખેડી નાખી ચારેબાજુ ઇચ્છા પ્રમાણે ભમવા લાગ્યા, અશ્વો સ્વારોને પાડી નાખી ભયંકર હેષારવ કરતા ભમવા લાગ્યા, ગાયો બંધનના દોરડાને તોડી ભોંકાર શબ્દ કરતી ભયંકર દેખાવા લાગી, ભયથી વિહ્વળ થયેલી ભેંશો કાન અને મુખ ઉંચા રાખી ભયંકર શબ્દ કરવા લાગી,

દરેક શેરીઓમાં ત્રાસ પામેલા પશુઓના સમૂહો પગના આઘાતવડે પૃથ્વીને કંપાવી ભય પામતા સ્ત્રી, પુરૂષ અને બાળકોને પાડી દેવા લાગ્યા, જળ ભરનારી સ્ત્રીઓના અંગ કંપવાથી તેમના મસ્તકપર રહેલા ઘડાઓ પડીને ફૂટી જવા લાગ્યા, સ્ત્રીઓનાં અંગોપરથી આભૂષણો પડી જવા લાગ્યાં તેની તેમને ખબર પણ ન પડી, કુમાર આવે ત્યારે જાણે સાથીઆ પૂરવા માટે જ હોય તેમ સ્ત્રીઓના હાર તુટી તુટીને મોતીના ઢગલા થવા લાગ્યા. આ પ્રમાણે વ્યાકુલ થયેલું નગર જોઈ કેટલાક બોલ્યા કે—“ અહો ! આવા આપણા નગરને સ્ત્રીઓ પણ ક્ષોભ પમાડે છે તે આશ્ચર્ય છે. ” ત્યારે બીજા બોલ્યા કે—“ આ સ્ત્રીઓ નથી, પણ સ્ત્રીરૂપધારી કોઈ મહા સુભટો જણાય છે. ” કેટલાક બોલ્યા કે—“ આ તો સ્વર્ગનો સ્વામી ઇંદ્ર કે કોઇ લોકપાલ શત્રુરૂપ થઈ સૈન્ય સહિત આવ્યો જણાય છે. કેમકે આ ચક્રાયુધ સાથે બીજો કોઈ યુદ્ધ કરી શકે તેવો નથી. ” વળી કેટલાક બોલ્યા કે—

આ મુગ્ધ જનો શા માટે ફોગટ ભય પામે છે ? કેમકે આપણા ચક્રી રાજા પાસે બીજા સુભટો, શત્રુઓ કે સૈન્યો શું હિસાબમાં છે ? ”

આ પ્રમાણે શત્રુના સૈન્યના આવવાથી પોતાના નગરનો ક્ષોભ થતો જાણી ચક્રાયુધ ક્રોધ પામીને બોલ્યો કે—“ અરે ! કોણ આ મરવાની ઇચ્છાવાળા આવ્યા છે ? ત્યારે ચરપુરૂષોએ પવનવેગ વિગેરે સર્વ ખેચર રાજાઓનાં નામ આપીને સર્વ વૃત્તાંત કહ્યો તે સાંભળી ચક્રી બોલ્યો કે—

“ અહો ! હું પણ મારા નગરનો ક્ષોભ જોઈ રહું એ આશ્ચર્યકારક છે. અહો ! એક રંડાએ પણ મારૂં સૈન્ય ભાંગ્યું, અને મારા પુરને ભયભીત કર્યું, તથા શત્રુઓએ સીમાનું ઉલ્લંઘન કર્યું. આ સર્વ થતાં તો મારૂં જીવિત હાંસીના સ્થાનરૂપ થયું. અથવા



તો ચિરકાળે મારા ભુજદંડની ખરજ મટાડવા માટે આ તો ઉત્સવનો અવસર આવ્યો છે; અથવા આ શત્રુરૂપી ઇંધણાંવડે મારો પ્રતાપરૂપી અગ્નિ દેદીપ્યમાન થાઓ; પરંતુ જે અધમ સુભટો સ્ત્રીઓને આગળ કરીને યુદ્ધ કરવાના છે, તેમનાથી મારૂં યુદ્ધનું કૌતુક શી રીતે પૂર્ણ કરી શકાશે? તોપણ પોતાના આત્માને નહિ જાણનારા તેઓ મારી પ્રજાને અત્યંત ભય પમાડે છે, તેથી કાગડા જેવા તેઓને હું ત્રાસ પમાડી મારી કન્યાને પાછી લાવું."

આ પ્રમાણે વિચાર કરી ચક્રાયુધ રાજાએ સૈન્ય તૈયાર કરવા માટે રણભેરી વગડાવી, એટલે તેના નાદવડે સર્વ સુભટો રણસંગ્રામને માટે તૈયાર થયા. પછી તે ચક્રાયુધ રાજા પૂર્વાચલ ઉપર સૂર્યની જેમ પોતાના મદોન્મત્ત હસ્તીપર ચઢવાને ઉભો થયો, તે વખતે તેના મસ્તકપરથી મુકુટ પડી ગયો, જાણે ભય પામ્યો હોય તેમ તે હાથીને એકી વખતે ઝાડો પેશાબ થઈ ગયા, સામે છીંક થઈ, ચાલતાં વસ્ત્રથી પગની સ્ખલના થઈ, ચામર ધારણ કરનારીના હાથમાંથી ચામર પડી ગયા, અને કારણ વિના છત્રનો દંડ પડતો પડતો કંપવા લાગ્યો. આવાં અપશુકનો જોઈ મંત્રીઓએ તે ખેચરરાજને વિનંતિ કરી કે—

"હે સ્વામી! આવાં અપશુકનો થવાથી તમારે યુદ્ધ માટે પ્રયાણ કરવું યોગ્ય નથી. માટે અમારી વિનંતિ ધ્યાનમાં લો, અને એકવાર આસનપર બેસો." તે સાંભળી ખેચરરાજાએ તે પ્રમાણે કર્યું. "હિતવચનને કોણ ન માને?"

પછી મંત્રીઓ બોલ્યા કે—"હે સ્વામી! વીરોના સમૂહથી યુક્ત એવું તમારૂં સૈન્ય અત્યાર સુધી પૂર્વે કોઈ પણ ઠેકાણે પાછું હઠ્યું નથી, તે સૈન્ય જેણે એક ક્રીડામાત્રમાં ભાગી નાખ્યું, તે સ્ત્રીજાતિ શી રીતે હોઈ શકે? તથા તે બીજી સ્ત્રીઓને પણ શી રીતે હિંમત આપી શકે? તેમ જ સ્ત્રીના પરિવારમાં પણ સ્ત્રીઓ જ સુભટના જેવી હોય, તે પણ કેમ સંભવે?

વળી પોતાને જ સુભટ તરીકે માનવાવાળા તે પવનવેગ વિગેરે તથા ભોગરતિ વિગેરે મોટા રાજાઓ એક સ્ત્રીને અનુસરે એ પણ કેમ સંભવે? તેથી દેવીઓએ જેના ગુણ ગાયા છે એવો આ વજ્રસુંદરીનો પતિ તમારી તિરસ્કારવાળી વાણીથી ક્રોધ પામેલો શ્રીજયાનંદકુમાર જ હોવો જોઈએ. 'તમે સ્ત્રીથી જીતાયા' એવી પ્રસિદ્ધિવડે તમને દુર્યશ અપાવવાની ઇચ્છાવાળા તેણે પરિવાર સહિત વિદ્યાવડે સ્ત્રીના શરીરવાળી આકૃતિ ધારણ કરી જણાય છે. આવી રીતે અહિં આવી તે વીરપુરૂષને યોગ્ય એવી ચેષ્ટા કરે

છે; કારણ કે જે ક્ષત્રિયપુત્ર હોય, તે આપે કહેવરાવ્યું હતું તેવા પ્રકારનું મુગટ અને કંકણનું બંધન કેમ સહન કરે ?

આવું વિચાર વિનાનું ગર્વથી કહેલું વચન પણ પરિણામે દુઃખકારક થાય છે. હે સ્વામી ! આ પ્રમાણે અમે ચિન્હોવડે અને અમારી બુદ્ધિવડે જાણીએ છીએ. આ કુમારના કાર્યો લોકોથી ગવાતા ગીતોમાં સંભળાય છે કે—

શ્રીવિશાળજય નામના રાજાને તેણે બુદ્ધિ અને પરાક્રમવડે રંજન કર્યો છે, તેણે ગિરિમાલિની વિગેરે દેવીઓને વશ કરી છે, સાક્ષાત્ જાણે યમરાજ હોય તેવા ગિરિચૂડ નામના દેવને તેણે લીલામાત્રથી જ જીત્યો છે, તે બલવાને મલયમાલ નામના ક્ષેત્રપાળનો પરાજય કર્યો છે, દેવતાઓએ તેને અનેક પ્રકારનાં અલંકારો અને ઔષધિઓ આપી તેની પૂજા કરી છે. તેણે બ્રાહ્મણનું રૂપ ધારણ કરી કોટિ સુભટોના સૈન્યવાળા પદ્મરથ નામના નાસ્તિક રાજાને જીતી, બાંધી તથા વાંદરો બનાવી તેની વિડંબના કરી છે.

ક્રીડાથી વામન રૂપ ધારણ કરી રાજકુમારોને જીતી કલાવડે જીતાયેલી શ્રીપતિ રાજાની ત્રણ કન્યાઓને તે પરણ્યો છે, ચોસઠ યોગિનીઓથી ક્ષોભ પામ્યા વિના મહાવિદ્યાને સાધી તે યોગિનીઓ પાસેથી બળાત્કારે તે વીરે વજ્રવેગને મૂકાવ્યો છે, મહાજવાળા, કામાક્ષા અને યોગિનીઓએ તેની પરીક્ષા કરી તેની ઉપર તુષ્ટમાન થઈ તેને ભક્તિથી દિવ્ય શસ્ત્રો અને શક્તિઓ આપી છે, તથા સાત્ત્વિકને વિષે અગ્રેસર એવા તેણે વજ્રકુટ ગિરિને ભાગી વજ્રમુખ દેવને જીતી ચંદ્રગતિની પ્રિયાને પાછી લાવી આપી છે.

તે આ ત્રણ જગતમાં મલ્લસમાન સ્ત્રીનું રૂપ ધારણ કરનાર કુમારરાજ કોઈથી જીતી શકાય તેવો નથી, એમ હે રાજન્ ! તમે અવશ્ય જાણો, અને પ્રસન્ન કરવા લાયક એવા તેને તમે ક્રોધ ન પમાડો. વળી પુત્રી તો બીજા કોઈને પણ આપવાની જ છે, તો પછી આવો વર બીજો મળશે નહિ; માટે મુગટ અને કંકણની વાત ભૂલી જઈ તેને તમારી કન્યા આપો.

તમારા કહેવાથી પવનવેગ પોતાના સ્વાર્થને માટે તેને પ્રાર્થનાપૂર્વક તમારી પાસે લાવશે, તેથી તે કન્યાઓને પરણી તમારાપર સ્નેહવાળો થઈ પોતાના રાજ્યમાં જતો રહેશે. આમ કરવાથી પવનવેગ વિગેરે જેઓ તમારા પ્રથમથી જ સેવકો છે તેઓ વિશેષે કરીને તમારા ઉપરજ એકાંત પ્રીતિવાળા થશે. માટે હે રાજન્ ! અવસરે નીતિને માન આપી નિર્ભયપણે રાજ્ય ભોગવો. રાજાઓને સિંહાદિક શ્વાપદોની જેમ એકાંતે શૌર્ય દેખાડવું એ હિતકારક નથી.”



આ પ્રમાણે મંત્રીઓની વાણી સાંભળી તે ચક્રાયુધ ખેચરેશ્વર બોલ્યો કે—" હે મંત્રીઓ ! તમે જે અનિષ્ટની શંકા લાવો છો, તેનું કારણ મારા ઉપરનો તમારો સ્નેહ જ છે. પરસ્ત્રીએ હઠથી ગ્રહણ કરેલી મારી પુત્રીને જો હું સહન કરું–લઈ જવા દઉં તો પોતાની સંતતીનું પણ રક્ષણ નહિ કરવાથી મારો શો મહિમા થાય ?

આ પવનવેગની પુત્રી વિદ્યા અને કળાવડે ઉન્મત્ત થયેલી અને તુચ્છ પ્રકૃતિવાળી છે અને તેથી તેણીએ જ આ ચેષ્ટા કરી છે, કેમકે સ્ત્રીઓને પારિણામિકી બુદ્ધિ ક્યાંથી હોય ? અથવા સ્ત્રીનું રૂપ ધારણ કરનાર ભલે તે શ્રીજયાનંદ હોય, તો પણ તેનાથી મને કાંઈ ભય નથી. જો એક તુચ્છ મનુષ્યથી હું ભય પામું તો મારૂં વિદ્યાધર ચક્રવર્તીપણું કેવું કહેવાય ? જો કદાચ તેણે કીડા જેવા મનુષ્ય કે દેવોને જીત્યા, કે કીડી જેવી દેવીઓને જીતી. તેથી શું તેણે મારા શસ્ત્રો કુંઠિત કર્યાં કહેવાય ? જો કદાચ તેણે સલાટની જેમ કેટલીક શિલાઓ ભાંગી નાખી તો તેટલાથી તે કાંઈ મારા દિવ્ય શસ્ત્રોની શ્રેણિને સહન કરશે એવું અનુમાન નહિ થાય.

આ દક્ષિણ ભારતાર્ધના નિવાસી મનુષ્ય, દેવ, અસુર અને વિદ્યાધરોમાં મારી આજ્ઞા ઓળંગીને ઉન્મત્ત થયો હોય એવો કોઈ શું તમે જોયો કે સાંભળ્યો છે ? વિદ્યા અને દિવ્ય શસ્ત્રોથી ઉત્પન્ન થયેલું મારૂં ભુજબલ શું કોઈ પણ ઠેકાણે ન્યૂન થયેલું તમે જોયું છે ? કે મારો પરાભવ થયેલો તમે જોયો છે ? કે જેથી તમે મને શત્રુનો ભય બતાવો છો ? જો કદાચ તે ઇંદ્ર, કાર્તિકસ્વામી, બ્રહ્મા, સૂર્ય; વિષ્ણુ કે શંકર હોય તો પણ તેમને હું જીતું તેવો છું.

પવનવેગ વિગેરે જેઓ ચિરકાળ સુધી મારા સેવક થઈને આજે એક સ્ત્રીને અનુસરી શત્રુરૂપ થયા છે, તેમને મારૂં ચક્ર શી રીતે સહન કરે ? હું તેમને લીલામાત્રથી જ ત્રાસ પમાડીશ. અથવા મૃગલાઓને સિંહ હણે તેમ હું હણી નાખીશ, તે તમે સાક્ષાત્ જોશો. સત્પુરૂષોને વાણીનો આડંબર કરવો યોગ્ય નથી."

આ પ્રમાણે ચક્રાયુધ રાજાના વચનો સાંભળી મંત્રીઓ બોલ્યા—" હે સ્વામી ! જો તમારો આવો જ નિશ્ચય હોય તો તમે તમારા સર્વ ખેચરરાજાઓને સૈન્ય સહિત બોલાવો; કેમકે તેજસ્વી પણ સહાય રહિત હોય તો તે શત્રુથી પરાભવ પામે છે. જેમકે સૂર્ય એકલો જ આકાશમાં ભમે છે, તો તે રાહુથી ગ્રસાય છે, અથવા તો પૂર્ણિમાને વિષે ચંદ્ર અલ્પ પરિવારવાળો હોવાથી રાહુવડે ગ્રસાય છે, અને બીજ વિગેરે તિથિઓમાં તે ઘણા પરિવારવાળો હોય છે, તેથી તે ગ્રસાતો નથી."

આ પ્રમાણેના મંત્રીઓના વચનો સાંભળી ઓષ્ઠને વક્ર કરી ભુજા અને વિદ્યાના બલથી ગર્વિષ્ઠ થયેલો રાજા જો કે અન્યની સહાય વિના જ જય મેળવવાનો અર્થી હતો, તો પણ તે મંત્રીઓ માનવા લાયક હોવાથી તેણે તેમનું વચન માન્ય કર્યું, અને શત્રુઓને કહેવરાવ્યું કે—"સંગ્રામની સામગ્રી તૈયાર કરીને હું આજથી ત્રીજે દિવસે યુદ્ધ કરવા આવીશ, ત્યાંસુધી તમારે સજ્જ રહીને રાહ જોવી."

ત્યારપછી તે ચક્રીએ એકીસાથે ચારેબાજુ દૂતો મોકલીને બન્ને શ્રેણિમાં રહેલા રાજાઓને પોતપોતાના સૈન્ય સહિત બોલાવ્યા, એટલે સ્વામીના કાર્યમાં તત્પર એવા તેઓ શીઘ્રપણે ત્યાં આવ્યા. પછી ખેચરરાજાને પ્રણામ કરી તેની શિક્ષાને અંગીકાર કરી તથા તેનો સત્કાર પામી તેઓ **યુદ્ધની તૈયારી** માટે તૈયાર થયા.

હવે મુકરર કરેલા દિવસે યુદ્ધ કરવાને ઉત્સુક થયેલા ખેચરેંદ્રે પ્રાતઃકાળે શુભ અવસરે દેવપૂજા અને ભોજન વિગેરે કર્યું. ત્યારપછી મંગળ આચાર કરી તે વિદ્યાધર ચક્રવર્તી યુદ્ધને લાયક સર્વ સામગ્રી સહિત ઉન્મત્ત હાથીપર આરૂઢ થયો. મસ્તકપર છત્ર ધારણ કરી ચામરોથી વીંઝાતો તે રાજમહેલમાંથી બહાર નીકળ્યો. તેની પાછળ વિવિધ શસ્ત્રોથી ભરેલા તૈયાર રાખેલા રથો ચાલ્યા.

તેમજ **ચક્રવેગ** ૧, **મહાવેગ** ૨, **વીરાંગદ** ૩, **મહાબળ** ૪, **સુષેણ** ૫, **સુમુખ** ૬, **નંદ** ૭, **ધીરસેન** ૮, **દૃઢાયુધ** ૯, **ચંદ્રસેન** ૧૦, **મહાસેન** ૧૧, **વજ્રાનન** ૧૨, **મહાયુધ** ૧૩, **સુધીર** ૧૪, **ભાનુ** ૧૫, **ભૂવીર** ૧૬, **શૂરવીર** ૧૭, **રવિપ્રભ** ૧૮, **વજ્રાક્ષ** ૧૯, **વજ્રમાલી** ૨૦, **સિંહ** ૨૧, **ચંદ્રમુખ** ૨૨, **અશનિ** ૨૩, **મહાબાહુ** ૨૪, **મહાવીર્ય** ૨૫, **ચંદ્રાભ** ૨૬, અને **ચંદ્રકેતન** ૨૭ વિગેરે નામવાળા અને જગતમાં અદ્ભુત પરાક્રમવાળા તેના બાર હજાર કુમારો હતા. તેઓ પણ વિવિધ પ્રકારનાં શસ્ત્રોને ધારણ કરી હાથી, અશ્વ, રથ, સિંહ, ભુંડ, સર્પ અને મૃગ વિગેરે મોટા અને વિચિત્ર વાહનોપર આરૂઢ થઈ યુદ્ધમાં આવવાને તૈયાર થયા. શીઘ્રપણે અંધકારનો વિનાશ કરવામાં સમર્થ એવા અને તેજસ્વી તે સર્વ કુમારો સૂર્યની ફરતા કિરણોની જેમ તે ચક્રીને ચારેબાજુથી વીંટાઈ વળ્યા.

પછી પ્રલયકાલના મેઘની ગર્જનાને તિરસ્કાર કરવામાં ધુરંધર ઘણા વાજિંત્રોના શબ્દો એકી સાથે આકાશમાં પ્રસરી ગયા. તે નગરના રહેવાસી તથા બીજા નગરોમાંથી આવેલા સર્વે સુભટો 'હું પહેલો, હું પહેલો' એમ કહેતા યુદ્ધને માટે નીકળ્યા.

અનેક સુભટોની માતાઓ અને પ્રિયાઓ તેમનો જય થવાને માટે દેવોની ઘણા

પ્રકારની માનતાઓ માનવા લાગી. વીરોની જયલક્ષ્મીને માટે સ્નેહવાળી તેમની માતાઓ, પ્રિયાઓ અને બહેનો વિચિત્ર પ્રકારનાં મંગળ કરવા લાગી. માતાઓ શૂરવીરોના કપાળમાં જાણે ભાગ્યલક્ષ્મીની રેખા હોય અથવા જાણે જયલક્ષ્મીની ગાદી હોય એવા માંગળિક તિલકો કરવા લાગી.

માંગળિક આચાર કરીને યુદ્ધમાં જવા તૈયાર થયેલા પોતાના પુત્રના પગને હર્ષના અશ્રુવડે સ્નાન કરાવતી કોઈ માતાએ કહ્યું કે—" હે પુત્ર ! હું વીરની પુત્રી છું, વીરની પત્ની છું, અને વીરની બહેન પણ છું, તો હવે તું એવું યુદ્ધ કરજે કે જેથી હું વીરની માતા પણ કહેવાઉં. " કોઈ સ્ત્રી બોલી કે—

" હું વીરની પુત્રી, પત્ની, પુત્રવધૂ અને માતા પણ છું, તો હે ભાઈ ! હવે હું વીરની બહેન પણ થાઉં તો બહુ સારૂં. " યુદ્ધમાં જતા કોઇ ભરથારે પોતાની પ્રિયાને આલિંગન કર્યું, ત્યારે તે બોલી કે—

" હે સ્વામી ! તમે મને હમેશાં કહેતા હતા કે 'તું મને પ્રાણથી પણ વધારે વહાલી છે.' આ તમારૂં વચન સત્ય જ થશે; કેમકે જો તમે યુદ્ધમાં પ્રાણનો ત્યાગ કરશો તો હું અગ્નિમાર્ગે જલ્દીથી સ્વર્ગમાં આવી તમને જ પૂજીશ. " કોઈ સ્ત્રી બોલી કે—

" હે પ્રિય ! અત્યારસુધી તો મને શોક રહિત જ ભોગ મળ્યા છે, પણ હવે તો જયલક્ષ્મી વડે અથવા અપ્સરાઓ વડે હું સપત્ની સહિત થઈશ. " કોઈક સ્ત્રી બોલી કે—" હે પ્રિય ! મારા સ્નેહને લીધે તમે રણસંગ્રામમાં પ્રમાદી થશો નહિ; કેમકે તમારો જય થશે કે પ્રાણનો ક્ષય થશે, તોપણ હું તો તમારી પાસે જ છું. " કોઈ સુભટે પોતાની પ્રિયાને કહ્યું કે—" હું જાઉં છું. " ત્યારે તે બોલી કે—

" હે સ્વામી ! અસત્ય કેમ બોલો છો ? તમે તો મારા હૃદયમાંથી કોઈ વખત ગયા નથી અને જવાના પણ નથી." કોઈ સ્ત્રી બોલી કે—" હે ઈશ ! તમે અપ્સરાઓને ભજશો નહિ, કેમકે તેઓ કાંઈ મારાથી અધિક નથી, પરંતુ એક જયલક્ષ્મી જ મારાથી અધિક છે અને વિશ્વમાં સ્તુતિ કરવા લાયક છે, તેથી મારી સાથે તેણીને જ સેવજો." કોઈ સ્ત્રી બોલી કે—

" હે નાથ ! શું તમને કીર્તિ કે અપ્સરાઓ મારાથી અધિક વહાલી નથી ? છે જ; કેમકે તમે તેનાજ અર્થી હોવાથી મારો ત્યાગ કરીને રણસંગ્રામમાં જાઓ છો. " પતિવડે આલિંગન કરાયેલી કોઈ સ્ત્રી બોલી કે—" હમણાં તો તમે સ્નેહ બતાવો છો,



પરંતુ જયલક્ષ્મીને કે અપ્સરાઓને વરો ત્યારે મને ઓળખજો–સ્નેહ બતાવજો. તે વખતે મને ભૂલી જશો નહિ.” વળી કોઈ સ્ત્રી બોલી કે—

“હે પ્રિય ! હાથીના કુંભસ્થલથી નીકળેલા મોતીના સમૂહને લેતા આવજો, કે જેથી તે મોતીવડે તમારા જયને નિમિત્તે હું સાથિયા પૂરી શકું.” આ રીતે બોલતી પ્રિયાઓને કોઈ પણ પ્રકારે સ્વસ્થ કરીને તે વીર પુરૂષો યશને જ આગળ કરી મોટા ઉત્સાહથી નીકળી પડ્યા.

હવે શત્રુરૂપી વૃક્ષોને બાળવામાં દાવાનલ સમાન **ચંડવેગ** નામનો સેનાપતિ કરોડો સુભટો સહિત સિંહ જોડેલા રથમાં બેસીને નીકળ્યો. તેની પાછળ **વજ્રકંઠ ૧, તડિદ્વેગ ૨, ભાનુકેતુ ૩, મહાભુજ ૪, નરવીર ૫, કળાચંદ્ર ૬, કોશલ ૭, પવન ૮, અંગદ ૯, હરિવીર ૧૦, મહાકીર્તિ ૧૧, સુયશ, ૧૨, નંદન ૧૩, પૃથુ ૧૪, બલવીર ૧૫, કૃતાંત ૧૬, ધૂમ્રકેતુ ૧૭, સુભીષણ ૧૮, ધૂમ્રાક્ષ ૧૯** વિગેરે કાયર જનોથી તો જોઈ પણ ન શકાય તેવા લાખો ખેચર રાજાઓ હાથીવડે જોડેલા રથમાં બેસીને નીકળ્યા. તેમની પાછળ **મદન ૧, કાસર ૨, કામકેતુ ૩, ભીમ ૪, મહાશય ૫, પ્રતાપ ૬, તપન ૭, અક્ષોભ ૮, રમણ ૯,** અને **કામનંદન ૧૦** વિગેરે લાખો વિદ્યાધર રાજાઓ વીરના સમૂહોને પણ ભય ઉપજાવતા સિંહથી જોડેલા રથમાં બેસીને શીઘ્રપણે નીકળ્યા.

તેમની પાછળ **પ્રહ્‌લાદ ૧, ચપળ ૨, ચંડવેગ ૩, શત્રુદળ ૪, અંકુશ ૫, ગદાધર ૬, મહાપાણિ ૭, સુવક્ત્ર ૮,** અને **વજ્રકેતન ૯,** વિગેરે મહાબળવાન શત્રુઓને તૃણ સમાન ગણતા લાખો ખેચર રાજાઓ વાઘથી જોડેલા રથમાં બેસીને નીકળ્યા.

તેમની પાછળ **સાગર ૧, ક્રોધન ૨, ભીષ્મ ૩, વજ્રાયુધ ૪, શતાયુધ ૫, રણચંદ્ર ૬, મહાશૂર ૭, સુતેજ ૮, કુલિશાયુધ ૯ પૂર્ણચંદ્ર ૧૦,** અને **મહાસ્ત્ર ૧૧** વિગેરે યુદ્ધના ઉત્સાહવડે રોમાંચિત થયેલા શરીરવાળા લાખો રાજાઓ અશ્વથી જોડેલા મોટા રથમાં બેસીને નીકળ્યા.

તેમની પાછળ **બળ ૧, કામાંકુર ૨, ધમાલી ૩, સિંહ ૪, શતાયુધ ૫, વજ્રમાલી ૬, મહાવક્ર ૭, વિજય ૮, ચક્રધારી ૯, દુરંત ૧૦** અને **દુર્ધર ૧૧** વિગેરે ઘણા ખેચર રાજાઓ પરિવાર સહિત વિમાનમાં બેસીને નીકળ્યા.

ત્યારપછી **ગજસિંહ ૧, ગજાનંદ ૨, ગજદેવ ૩, ગજપ્રભ ૪, ગજવીર ૫, ગજપ્રીતિ ૬, ગજકેલિ ૭, ગજધ્વજ ૮, ગજવેગ ૯, ગજાધાર ૧૦,**

**ગજસેન ૧૧, ગજાનન ૧૨,** અને **ગજવિક્રમ ૧૩** વિગેરે રાજાઓ હાથીપર બેસીને નીકળ્યા.

ત્યારપછી **હયવેગ ૧, મહાવાજી ૨, મહાશ્વ ૩, હયવાહન ૪, હયવીર ૫, હયાનંદ ૬, હયસાર ૭, હયોદય ૮, અશ્વવીર ૯, અશ્વસેન ૧૦, અશ્વાનંદ ૧૧, અશ્વવિક્રમ ૧૨, હયસેન ૧૩,** અને **હયાસ્ત્ર ૧૪** વિગેરે લાખો રાજાઓ અશ્વપર આરૂઢ થઈ નીકળ્યા.

ત્યારપછી **સિંહ ૧, સિંહગતિ ૨, સિંહવિક્રમ ૩, સિંહવાહન ૪, સિંહવીર ૫, મહાસિંહ ૬, સિંહાસ્ત્ર ૭, સિંહકેસરી ૮, સિંહકેતુ ૯, સિંહમાલી ૧૦, નૃસિંહ ૧૧, સિંહકેતન ૧૨,** અને **સિંહસેન ૧૩** વિગેરે રાજાઓ સિંહપર આરૂઢ થઈ લડાઈ કરવા ચાલ્યા.

વ્યાઘ્રમાલી ૧, મહાવ્યાઘ્ર ૨, વ્યાઘ્રાસ્ત્ર ૩, વ્યાઘ્રવિક્રમ ૪, અને વ્યાઘ્રસેન ૫ વિગેરે ખેચર યોદ્ધાઓ વાઘપર આરૂઢ થઈને શીઘ્રપણે ચાલ્યા. શાર્દૂલ ૧, શાર્દૂલાસ્ત્ર ૨, શાર્દૂલાનંદ ૩, શાર્દૂલકેતન ૪, અને શાર્દૂલવિક્રમ ૫ વિગેરે સુભટો શાર્દૂલ-શિયાળ પર આરૂઢ થઈને ચાલ્યા.

તેજ પ્રમાણે કેટલાક વરાહ-ભુંડના વાહનવાળા, કેટલાક સર્પના વાહનવાળા, કેટલાક પાડાના વાહનવાળા અને કેટલાક શરભ-અષ્ટાપદ મૃગના વાહનવાળા એમ વિવિધ પ્રકારના વાહનોવડે વિચિત્ર પ્રકારના શસ્ત્ર અને ધ્વજને ધારણ કરતા કરોડો વિદ્યાધર સુભટો તથા સૈનિકો રણસંગ્રામમાં ઉત્સુક થઈ ઉતાવળા ચાલ્યા.

આ રીતે કરોડો વિદ્યાધરોવડે પરિવરેલો ખેચરેશ્વર ચક્રાયુધ ગર્વના આવેશથી થયેલા અપશુકનને પણ નહિ ગણતો સૈન્યના કોલાહલવડે તથા વાજિંત્રોના નાદવડે દિશાઓને ગજાવતો મનુષ્યને વિષે ચક્રવર્તી સમાન બનેલો શત્રુ તરફ ચાલ્યો. એ રીતે ઉત્સાહથી જલ્દીથી નગર બહાર નીકળી સાયંકાળ થતાં પોતાના નગરના સીમાડાઉપર કુમારના સૈન્યની નજીકમાં નીતિ જાણવામાં નિપુણ એવા તે ચક્રાયુધે પડાવ નાખ્યો.

આ પ્રમાણે સૈન્ય સહિત ખેચર ચક્રી ચક્રાયુધને આવ્યો જાણી શ્રીજયાનંદના સૈન્યમાં પણ ખેચરો એકઠા થયા. ચક્રાયુધના સૈન્યમાં એક હજાર અક્ષૌહિણી સેના મળી હતી અને કુમારના સૈન્યમાં એક સો અક્ષૌહિણી સેના મળી હતી.

એક અક્ષૌહિણી સેનામાં ૨૧૮૭૦ હાથી, ૨૧૮૭૦ રથો, ૬૫૬૧૦ અશ્વો અને ૧૦૯૩૫૦ સૈનિકો હોય છે. સૈન્યના કલકલ શબ્દથી સૂર્યના રથના અશ્વો પણ ત્રાસ

પામ્યા, તેથી તે સૂર્ય આકાશમાર્ગનો ત્યાગ કરી પશ્ચિમ સમુદ્રમાં પડ્યો. નારીનું રૂપ ધારણ કરનાર કુમારે પોતાના ખેચરરાજાઓની સલાહથી પવનવેગના પુત્ર વજ્રવેગને સેનાપતિ તરીકે સ્થાપન કર્યો.

હવે બન્ને સૈન્યમાં ધીર પુરૂષો પ્રથમ શસ્ત્રપૂજાના ઉત્સવાદિકવડે અને પછી શસ્ત્રધારી પુરૂષોની કથાદિકવડે શસ્ત્રજાગરિકા કરવા લાગ્યા; કેમકે યુદ્ધમાં જય મેળવવાના સર્વ સાધનો વિષે શસ્ત્રો જ મુખ્યતાને ધારણ કરે છે, તેથી વીર પુરૂષોએ પ્રથમ પાટલા ઉપર ચક્રાદિક શસ્ત્રો મૂક્યા તે આ પ્રમાણે—

ચક્ર ૧, ખડ્ગ ૨, ધનુષ્ય ૩, વજ્ર ૪, ત્રિશૂળ ૫, કુંત ૬, તોમર ૭, મક્ષિકા ૮, પરશુ ૯, શક્તિ ૧૦, ભડત્માલ ૧૧, ભાલા ૧૨, ક્ષુરિકા ૧૩, મૂશળ ૧૪, સીર ૧૫, તલવાર ૧૬, ગદા ૧૭, ઘન ૧૮, મુષ્ટિ ૧૯, પટ્ટિશ ૨૦, દુસ્ફોટ ૨૧, મુદ્ગર ૨૨, કખાલિકા ૨૩, કણુપ ૨૪, કંપન ૨૫, પાશ ૨૬, ગુલિકા ૨૭, લુંઠિ ૨૮, શંકુ ૨૯, અહ ૩૦, ગોફણ ૩૧, કુદ્દાલ ૩૨, કર્તરી ૩૩, કરપત્ર ૩૪, બૂસ ૩૫, અને યષ્ટિ ૩૬.

આ છત્રીશ જાતિના શસ્ત્રોને દેવની જેમ ભક્તિથી સુભટોએ શુદ્ધ જળવડે સ્નાન કરાવ્યું.

પછી સુગંધી ચંદનનું વિલેપન કરી, મનોહર પુષ્પોવડે પૂજા કરી, તેમની પાસે ધુપ ઉખેવી, વાજિંત્રના મધુર ધ્વનિપૂર્વક ગીત અને નાટ્ય કર્યું. પછી બખ્તર, મસ્તકના ટોપ, પત્તિ, હસ્તી, રથ, અશ્વ તથા વ્યાઘ્રાદિક વાહનોના સંસ્કારાદિક કરવામાં સમગ્ર રાત્રી વ્યતીત કરી.

ત્યારપછી યુદ્ધના કૌતુકને ઇચ્છતા શૂરવીર મિત્રોને જોવા તથા તેમને પ્રસન્ન કરવા માટે સૂર્ય: ઉદયાચળ પર્વતના શિખરપર આવ્યો, તે વખતે બન્ને સૈન્યોમાં ભેરી ૧, મર્દલ ૨, કંસાલ ૩, મૃદંગ ૪, તલિમ ૫, ભંભા ૬, ઢક્કા ૭, હુડુક્ક ૮, ઝલ્લરી ૯, શંખ ૧૦, કાહલ ૧૧, પટહ ૧૨, ખરમુખી ૧૩, ભુંગળ ૧૪, મરક ૧૫, કરટ ૧૬, પાનક ૧૭, અને ભાનક ૧૮ વિગેરે તથા ત્ર્યંબક ૧૯, બર્દરી ૨૦, અને નિ:સ્વાન ૨૧ વિગેરે અનેક પ્રકારના વાજિંત્રો વાગવા લાગ્યા.

મેરૂપર્વતથી ક્ષોભ પામેલા સમુદ્રના જાણે નાદ હોય એવા બંને સૈન્યના નાદવડે કંપાયમાન થયેલા શેષનાગે પોતાની પીઠ ઉપર મહાકષ્ટે કરીને પૃથ્વીને ધારણ કરી. તે વખતે સર્વ દિશાઓ ગાજી ઊઠી, પર્વતોની ગુફાઓ નાદ કરવા લાગી, આકાશ જાણે ફૂટી જતું હોય અને પૃથ્વી જાણે ચારે બાજુથી પડી જતી હોય એવો ભયંકર દેખાવ થઈ રહ્યો. સિંહ અને શરભ વિગેરે ક્રૂર શ્વાપદો પણ ભય પામીને જલ્દીથી ગુફાઓમાં પેસી ગયા અને મોટા સર્પો પાતાળમાં પેસી ગયા.



વનના પાડાઓ ત્રાસ પામીને ચોતરફથી વનના વૃક્ષોને ભાંગવા લાગ્યા, અને વ્યંતર વિગેરે દેવો રણસંગ્રામ જોવાની ઇચ્છાવડે દૂર દૂરથી આવવા લાગ્યા. બંને સૈન્યમાંથી ઉછળતા નાદવડે સુભટોના શરીરો વૃદ્ધિ પામતા ઉત્સાહથી રોમાંચિત થયા અને યુદ્ધ કરવા માટે સજ્જ થઈ ગયા. મોટા પર્વતપર પાંખોની જેમ મદિરાપાનથી ઉન્મત્ત થયેલા હાથીઓ ઉપર વીર પુરૂષો શબ્દ કરતી ઘુઘરીઓના સમૂહવાળી ઝુલને બાંધવા લાગ્યા. હાથીઓના દાંત ઉપર ધારવાળા ખડ્ગો બાંધવા લાગ્યા, કેટલાક હાથીઓના તો દાંતને જ લોઢાવડે મઢયા, તેથી તે દાંતો જ શસ્ત્રરૂપ થયા.

દેદીપ્યમાન વજ્રના બખ્તરથી મઢેલી હાથીઓની સૂંઢમાં મુદ્દગર, કુંત અને ભાલા વિગેરે શસ્ત્રો ભરાવ્યાં. હાથીઓની બન્ને બાજુએ લોઢાના પાંજરાં બાંધ્યાં, અને તેમાં વટવૃક્ષની શાખા ઉપર સર્પની જેમ ધનુષ્યધારી વીરો ઉભા રહ્યા. બખ્તર ધારણ કરીને હાથીઓની પીઠપર વીર મહાવતો બેઠા હતા, તેથી તે હાથીઓ જેના શિખરપર ગરૂડ બેઠેલા હોય એવા પાંખોવાળા પર્વતની શોભાને ધારણ કરતા હતા.

હાથીઓની બંને બાજુએ બાંધેલી ઘંટાઓ રણરણ શબ્દ કરતી હતી અને તેમના પગમાં પહેરાવેલા ઝાંઝરો પણ મધુર શબ્દ કરતાં હતાં. આ રીતે વીર પુરૂષોએ વજ્રમણિથી જડિત એવા બખ્તરવડે હાથીઓને બખ્તરવાળા કર્યા–ઝુલવાળા કર્યા,

એજ રીતે બખ્તર પહેરાવી તૈયાર કરેલા, શબ્દ કરતી ઘુઘરીઓના સમૂહને ધારણ કરતા અને જેમનાપર સ્વારો બેઠા હતા એવા અશ્વો પણ વિષ્ણુ સહિત ગરૂડની શોભાને ધારણ કરતા હતા. ચપલતાવાળા, ઉછલતા અને બખ્તર પહેરાવેલા અશ્વો જાણે કમલિનીનાં પાંદડાં અને સેવાલવડે યુક્ત એવા સમુદ્રના તરંગો હોય તેવા શોભતા હતા.

કેટલાક બીજાનું કામ પસંદ નહિ કરનારા રાજાઓ પોતાની જાતે જ હસ્તીઓને તથા અશ્વોને બખ્તર પહેરાવતા હતા. બખ્તર પહેરાવતી વખતે મોટા ગર્જારવ કરતા હાથીઓને અને હેષારવ કરતા અશ્વોને શુકનરૂપ માનતા કેટલા સુભટો તેમની પૂજા કરતા હતા.

વિલાસ કરવાને આવતી જયલક્ષ્મીના જાણે ક્રીડાગૃહ હોય એવા રથોને પણ સુભટો ચર્મવડે અને બખ્તરવડે દૃઢ કરતા હતા. કેટલાકે સારથીઓને પોતાથી અધિક મજબૂત બખ્તરો આપ્યાં. કેમકે રથીઓના યુદ્ધમાં તે સારથીઓ જ જયના સાક્ષીરૂપ હોય છે.

જેણે મસ્તકપર ટોપ પહેર્યા હતા અને શરીરપર બખ્તર ધારણ કર્યાં હતાં એવા સુભટો જાણે કે યમરાજાએ પોતાના વીરો મોકલ્યા હોય તેવા શોભતા હતા. વીરોના



બખ્તરો તેમના શરીર પ્રમાણે બનાવવામાં આવ્યાં હતાં, તોપણ કેટલાકનાં શરીર યુદ્ધના ઉત્સાહથી ફુલી ગયાં હતાં, તેથી તેમનાં શરીરો બખ્તરને વિષે સમાયા નહિ-શરીરપર બખ્તર ચડી શકયાં નહિ. કેટલાક શ્રેષ્ઠ વીરો યુદ્ધના ઉત્સાહથી જલ્દી બખ્તર પહેરી તૈયાર થયા અને પછી મિત્રોની રાહ જોવાના હેતુથી તે આવે ત્યાંસુધી શસ્ત્રોવડે કસરત કરવા લાગ્યા. કેટલાએક મોટા શરીરવાળા સિંહને અને સર્પને બખ્તર પહેરાવવા લાગ્યા.

કેમકે તેમ કરવાથી તેઓ 'પાખરેલો સિંહ અને પાંખવાળો સર્પ' એ કહેવતને સત્ય કરી બતાવતા હતા. એ જ રીતે શ્રેષ્ઠ વિદ્યાધરોએ શાર્દૂલ, ભુંડ અને રીંછ વિગેરે બીજા વાહનોને પણ ઉચિતતા પ્રમાણે બખ્તર પહેરાવ્યાં, તેમજ સર્વે યોદ્ધાઓએ દૂરથી પોતાને જણાવવા માટે પોતપોતાનાં વાહનોમાં વિચિત્ર ચિન્હવાળા ધ્વજસ્તંભો ઉભા કરીને દૃઢ રીતે બાંધી લીધા, કેમકે મહા સુભટો પોતાની નિશાનીથી પ્રગટપણે જ રહે છે.

તે વખતે વીર સુભટોએ અનેક પ્રકારનાં શસ્ત્રોવડે પોતાના રથોને ભરી દીધા; કેમકે યુદ્ધમાં જનારા સુભટોને તો તેજ અખૂટ ભાતું છે. કેટલાક વીરોએ શસ્ત્રોવડે ભરેલા રથ, પાડા અને ખચ્ચરો તૈયાર કર્યાં; કેમકે વીરોના દાનવીરપણામાં શસ્ત્રનું દાન જ પુષ્કળ હોય છે. યુદ્ધમાં બખ્તર વિગેરે પહેરવાવડે દાનવીરપણું જતું રહેશે એમ ધારી તે દાનવીરપણાને જાળવી રાખવા વીર પુરૂષોએ અનેક ઉંટોને બખ્તર વિગેરેથી ભરીને સાથે લીધા. કેટલાક વીરો નોકરોથી અપાતા બખ્તર પહેરવાથી તો યુદ્ધમાં પોતાનું વીરાધિવીરપણું-સર્વ વીરોમાં શ્રેષ્ઠપણું કલંકિત થાય છે.

કેટલાક વીરોએ પ્રથમ શોભાને માટે શસ્ત્રો ધારણ કર્યાં હતાં; તેનો પણ ત્યાગ કર્યો, કેમકે તેઓ ગર્વથી પોતાના પગ, મુષ્ટિ અને નખોને જ શસ્ત્રરૂપે માનતા હતા 'અમે શત્રુના વીરોને તેમનાં જ શસ્ત્રોવડે હણશું' એમ માનતા અસમાન વીરવ્રતથી ઉત્કટ થયેલા કેટલાક વીરોએ શસ્ત્રોને સાથે લીધાં જ નહિ. મહા યોદ્ધાઓ જે જે હાથી, અશ્વ કે રથાદિકપર આરૂઢ થયા હતા, તેવાં બીજાં ઘણાં વાહનોને પોતાની પાછળ ચલાવવા માટે તેઓએ તૈયાર રાખ્યાં હતાં.

કેમકે પ્રથમ પોતે સ્વીકારેલાં વાહનોને શ્રમ કે ઘાત વિગેરે લાગે તો પોતાને પણ સંગ્રામમાં વિઘ્ન થાય, તે નહિ થવા દેવાની બુદ્ધિથી તેમણે બીજાં તેવાં જ વાહનો તૈયાર રાખ્યાં હતાં; કેમકે તેઓનો મહાયુદ્ધનો રસ કાંઇ એક વાહનથી જ પૂર્ણ થઈ શકતો નહોતો. જેઓને રણ સંગ્રામની તૃષ્ણા તુટતી-છીપતી ન હોય તેઓને પાણીની તૃષ્ણા ન થાઓ, એવા હેતુથી જંગમ પરબની જેવા જલથી ભરેલા પાડાઓ તૈયાર કરવામાં આવ્યા.



યોદ્ધાઓ પોતે ભૂખ્યા નહિ છતાં બીજા યોદ્ધાઓએ કરીને જાણે યમરાજની ક્ષુધા હણવાને ઇચ્છતા હોય તેમ તે યોદ્ધાઓએ ખાદ્ય અને સ્વાદ્યાદિક પદાર્થોવડે ગાડાં વિગેરે ભરીને સજ્જ કર્યાં. સુભટોએ ઔષધિ ભરેલી ગુણીવાળા બળદોને તૈયાર કર્યા. ‘ સત્પુરૂષો ઉત્સુક હોય તો પણ સ્વપરના ઉપકારમાં આવે તેવી ચીજને સાથે રાખવાનું ભૂલતા નથી. ’

વિવિધ પ્રકારના તપ, જપ, મુદ્રા, આસન અને યોગને સાધવાવડે પણ જે ગતિ પ્રાપ્ત થતી નથી, તે ગતિને આ યોદ્ધાઓ સ્વામીના હિતને માટે કે મનુષ્યોના રક્ષણને માટે સંગ્રામ રૂપી અગ્નિમાં પોતાના પ્રાણો હોમીને પ્રાપ્ત કરે છે. જેઓ રણસંગ્રામમાં શત્રુઓને પોતાની પીઠ આપે છે—નાસી જાય છે અને પોતાના કુળને અપયશ આપે છે, તેઓને નટની જેમ વિવિધ પ્રકારનાં શસ્ત્રોના શ્રમથી શું ફળ છે ?

આ જગતમાં બંને ભવ સંબંધી ઉત્તમ ફળ આપનારૂં યુદ્ધ જેવું કોઈ પણ તીર્થ નથી; કેમકે તે યુદ્ધમાં જીવતા રહે તો લક્ષ્મી તથા યશ મળે, અને મરી જાય તો જલ્દીથી સ્વર્ગનું સુખ મળે. દીવો એક ક્ષણવાર જ પ્રકાશ કરી શકે છે, સૂર્ય દિવસે જ પ્રકાશ કરી શકે છે અને ચંદ્ર રાત્રીએ જ પ્રકાશ કરી શકે છે; પરંતુ યુદ્ધમાં પરાક્રમથી ઉત્પન્ન થયેલી કીર્તિ તો યુગાંત કાળ સુધી રહેવાથી દેદીપ્યમાન રહે છે.

“ આવા ઉત્સાહ, પરાક્રમ, સ્વામીભક્તિ અને પ્રજાનાં હિત કરવાથી દેવો તમારા વિઘ્નોને દૂર કરી તમને જય આપશે. ” આ પ્રમાણે વીરોની સ્તુતિ કરતા અને પોતાના વાંછિત અર્થને કહેતા ભાટ ચારણોને તે સુભટો ઈચ્છિત દાન આપી પ્રસન્ન કરતા હતા. આ પ્રમાણે ભાટ ચારણોએ આપેલી પૂજ્ય આશીષ અને શુભ શુકન વિગેરેવડે યોદ્ધાઓ બમણા ઉત્સાહ અને શક્તિવાળા થઈ યુદ્ધ કરવા ઉત્કંઠિત થયા.

હવે સ્ત્રીરૂપધારી કુમારરાજના સૈન્યમાં રણસંગ્રામ નિમિત્તે બખ્તર વિગેરે ધારણ કરીને નીકળેલા મહા કીર્તિવાળા કેટલાક સુભટોનું નામ ગ્રહણ કરવા પૂર્વક કર્ત્તા કહે છે કે—

હું કીર્તન કરૂં છું. રણસંગ્રામના જ એકરસીયા વજ્રવેગ સેનાપતિ વિગેરે હજારો વીરો બખ્તર ધારણ કરી સિંહ જોડેલા રથમાં બેઠા, ઘણા બળવડે ગર્વિષ્ઠ થયેલા ચંદ્રોદય વિગેરે ખેચરો હર્ષવડે યુદ્ધને માટે બખ્તર ધારણ કરી વાઘ જોડેલા રથમાં બેઠા, શત્રુના સુભટોને તૃણ સમાન ગણતા પવનવેગ વિગેરે વિદ્યાધરો હાથીથી જોડેલા રથવડે યુદ્ધના કાર્ય માટે જલ્દી તૈયાર થયા, ભોગરતિ વિગેરે ખેચર રાજાઓ શસ્ત્રોથી ભરેલા



ઘોડા જોડેલા રથમાં બેસી યુદ્ધ કરવા ઉત્સુક થયા, મહા અભિમાની ચંદ્રગતિ વિગેરે વિદ્યાધર રાજાઓ રણસંગ્રામમાં ઉત્સુક થઈ પરિવાર સહિત વિમાનોમાં બેઠા.

શ્રીધર ૧, શ્રીપતિ ૨, કાંત ૩, અરિજય ૪, દત્ત ૫, વિક્રમ ૬, નંદ ૭, આનંદ ૮, નરવ્યાઘ્ર ૯, જય ૧૦, વિજય ૧૧, મણિચૂડ ૧૨ અને અચલ ૧૩ વિગેરે હર્ષથી જાણે મહોત્સવને માટે તૈયાર થતા હોય તેમ રણસંગ્રામને માટે બખ્તર પહેરી તૈયાર થઈ બખ્તરવાળા હાથીપર આરૂઢ થયા.

હાથી, ઘોડા, સિંહ, વાઘ, શાર્દૂલ અને પાડા વિગેરે બીજા વાહનો પણ ઉચિતતા પ્રમાણે તૈયાર કરવામાં આવ્યાં અને તેમની દરેકની ઉપર શ્રીકાંત અને શ્રીધર વિગેરે હજારો અને લાખો ખેચરેશ્વરો બખ્તર પહેરી આરૂઢ થયા.

હવે સ્ત્રીરૂપે શત્રુઓને મોહ પમાડતા શ્રીજયાનંદ કુમારેંદ્રે સ્નાન કરી, જિનેંદ્રની પૂજા કરી, ભક્તિથી સ્તુતિ અને નમસ્કાર કરી, ધ્યાનમાં લીન થયેલા હૃદયવડે શ્રી પંચપરમેષ્ઠી નમસ્કાર મંત્રનું સ્મરણ કરી ચારેબાજુ મણિઓવડે દેદીપ્યમાન વજ્રમય બખ્તર ધારણ કર્યું.

યુદ્ધના ઉત્સાહથી ઉચ્છ્વાસ પામતું તે બખ્તર તેના શરીર પર ગાઢ રીતે ચોંટી ગયું, તેથી તે શરીર જાણે બીજી સુવર્ણની ચામડીવાળું થયું હોય તેવું શોભવા લાગ્યું. તેણે લોખંડમાં જડેલા મણિઓવડે દેદીપ્યમાન ટોપ મસ્તકપર ધારણ કર્યો, તેથી તે વીજળી અને મેઘથી વીંટાયેલા મેરૂપર્વતના શિખરની જેમ શોભવા લાગ્યા.

તેમણે અખૂટ બાણવાળા બે ભાથા બે પડખે બાંધ્યા અને ડાબા હાથમાં વજ્રપૃષ્ઠ નામનું ધનુષ્ય ધારણ કર્યું. પછી પ્રથમ કહેલી યુદ્ધને લાયક સામગ્રીવડે સજ્જ કરેલા અંજનગિરિ જેવા મદોન્મત્ત હસ્તીપર રાજાઓમાં હસ્તી સમાન તે કુમારરાજ આરૂઢ થયા.

બખ્તર વિગેરે સામગ્રીવડે સજ્જ કરેલા હાથીઓપર બખ્તર પહેરીને આરૂઢ થયેલા અને સ્ત્રીરૂપને ધારણ કરનારા પાંચસો ઉત્તમ શૂરવીરોથી વીંટાયેલા તે રાજા અતિ શોભવા લાગ્યા. આ કુમારના યુદ્ધ માટે સજ્જ થયેલું અને કોટિ સુભટોવાળું સમગ્ર સૈન્ય ચારેબાજુથી આવી તે કુમારને વીંટાઈ વળ્યું.

વિચિત્ર વાહનો ઉપર બેઠેલા અને વિવિધ પ્રકારના આયુધ અને ધ્વજાદિક ચિહ્નને ધારણ કરતા તે સૈન્યવડે વીંટાયેલા કુમાર ગજદંત વિગેરે પર્વતોથી યુક્ત અને ભદ્રશાળ વનવડે ચારેબાજુથી વીંટાયેલા મેરૂપર્વતની જેમ શોભવા લાગ્યા.

હવે આ તરફ ખેચર ચક્રવર્તી ચક્રાયુધે વિધિ પ્રમાણે શ્રીજિનેશ્વરની પૂજા, નમસ્કાર અને સ્તુતિ કરી શ્રી પંચપરમેષ્ઠીનું સ્મરણ કર્યું. પછી તેણે મણિઓવડે

દેદીપ્યમાન ટોપ અને બખ્તર શરીરપર ધારણ કર્યાં, તેથી તે તારાઓથી વીંટાયેલા અને રાહુની છાયામાં રહેલા ચંદ્રની જેવો જણાવા લાગ્યો.

પછી બન્ને બાજુએ ભાથાવડે શોભતો અને હાથમાં ધનુષ્યને ધારણ કરતો તે યુદ્ધને માટે સજ્જ કરેલા શ્વેત હાથીપર ઇંદ્રની જેમ આરૂઢ થયો. મધ્યે રહેલા મહા જંબૂવૃક્ષની ફરતા વલયાકારે રહેલા બીજાં જંબૂવૃક્ષોની જેમ તે ચક્રીને બખ્તરવાળા અને ઘણા વાહનોપર આરૂઢ થયેલા તેના સર્વે કુમારોએ વીંટી લીધો.

હજારો કુમારોવડે, લાખો વીરોવડે અને યુદ્ધ માટે સજ્જ થયેલા ચતુરંગ સૈન્યવડે વીંટાયેલો તે ચક્રી હાથી અને અશ્વાદિક રૂપ જલતંતુ તથા તરંગોથી વ્યાપ્ત થઈને લવણ સમુદ્રવડે વીંટાયેલા જંબૂદ્વીપની મધ્યમાં રહેલા મેરૂપર્વતની જેવો શોભવા લાગ્યો.

આ પ્રમાણે યુદ્ધમાં સજ્જ થયેલા કુમારરાજ અને ખેચરરાજ પોતપોતાના સૈન્યની મધ્યે રહેલા હતા, તેથી તેઓ વનથી વીંટાયેલા ધાતકીખંડના બન્ને મેરૂપર્વતની જેવા શોભતા હતા. તે બન્ને કલ્પવૃક્ષની જેમ યાચકોને ઈચ્છિત દાન આપતા હતા, સૂર્યની જેમ સર્વ તેજસ્વીઓનાં તેજનો નાશ કરતા હતા, કલ્પાંત કાળના સૂર્યની જેમ તેમની મહા ઉગ્ર મૂર્તિઓને કોઈ જોઈ શકતું નહોતું.

તેઓ દૂરથી પણ પોતાનાં સુભટોને સ્નેહયુક્ત દૃષ્ટિવડે જોતા હતા; સિંહની જેમ મહા બલવાન તે બન્ને, શત્રુના સુભટોને તૃણ સમાન ગણતા હતા, અને ઉલ્કાપાત જેવી મહા ભયંકર કાંતિવાળી દૃષ્ટિને શત્રુઓ ઉપર નાખતા હતા.

ત્યારપછી છત્ર ચામર સહિત પોતપોતાના સૈન્ય મધ્યે રહેલા કુમારરાજ અને ખેચરરાજ એ બન્ને એક બીજાની સન્મુખ ચાલ્યા. કોઈ સુભટ યુદ્ધ કરતો ન હોય, અથવા તેણે શસ્ત્ર મૂકી દીધું હોય, અથવા દીન થયો હોય, અથવા નાસી જતો હોય, અથવા પડી જતો હોય તો તેનાપર સામા રહેલા સુભટે પ્રહાર નજ કરવો, એવો તે બન્ને રાજાઓનો સિદ્ધાંત હતો.

પછી સમાન શ્રેણિમાં રહેલા તે બન્ને સૈન્યને પોતપોતાના સ્વામીની આજ્ઞાથી બીંગલ નામના વાજિંત્રના શબ્દે ચાલવાની પ્રેરણા કરી, ત્યારે અનુક્રમે ચાલતા તે બન્ને સૈન્યો મુદ્‌ગર જેવા હાથીના પગવડે હણીને પૃથ્વીને ફોડતા હતા, રથના ચાલતા ચક્રની ધારાવડે પૃથ્વીને ફાડતા હતા, અશ્વના પગરૂપી ગદાના આઘાતવડે પૃથ્વીને અત્યંત નિર્ઘોષવાળી કરતા હતા, પોતાના મોટા ભારવડે નાગરાજની હજાર ફણાઓને પીડા ઉપજાવતા હતા, કઠણ પૃષ્ઠવાળા કાચબાને પ્રાણનો સંશય પમાડતા હતા, અને ભુંડની અત્યંત દૃઢ દાઢાને પણ ભાગી નાખતા હતા.

કોઈપણ વખત પ્રાપ્ત નહિ થયેલા પરસ્પરના સમાગમસુખને પ્રાપ્ત કરવા માટે તે બન્ને પૂર્વ અને પશ્ચિમ સમુદ્ર જેવા સૈન્યો એક બીજાની સન્મુખ ઉતાવળે ચાલવા લાગ્યાં. 'હું પહેલો, હું પહેલો' એમ બોલી યુદ્ધની ઉત્સુકતાને લીધે શ્રેણિનો ભંગ કરી શ્રેણિની બહાર નીકળી આગળ ચાલતા પોતપોતાના સુભટોને પોતપોતાના પ્રતિહારો રોકતા હતા. સૈન્યોએ ઉડાડેલી અને શત્રુઓને અત્યંત અંધતા આપનારી સુભટના જેવી ધૂળ જાણે પ્રથમ યુદ્ધ કરવામાં ઉત્સુક થઈ હોય તેમ આગળ ચાલી. ભુંડ, સિંહ, શાર્દૂલ, હાથી, વાઘ અને પાડા વિગેરે તથા અશ્વ, સર્પ, વાનર, મૃગ, મોર, ઘેટા અને વૃક્ષ વિગેરે વિવિધ પ્રકારનાં ચિન્હોવડે દૂરથી પણ સામા સુભટોને ઓળખી ઓળખીને તેમનું નામ ગ્રહણ કરવાપૂર્વક પ્રગટપણે યુદ્ધને માટે પસંદ કરીને સુભટો ચિરકાળે પ્રાપ્ત થયેલા બાંધવોની જેમ તેમને ઉંચે સ્વરે બોલાવવા લાગ્યા.

એ રીતે ઉત્કંઠા સહિત ચાલતા બન્નેનાં અગ્રસૈન્યોનો પરસ્પર મેલાપ થઈ ગયો. તેમાં જાણે પાંખોવાળા પર્વત હોય તેવા હાથીઓ પરસ્પર મળ્યા, એજ રીતે જાણે ગરૂડ હોય તેવા અશ્વો, સાક્ષાત્ પૃથ્વીના વિમાન હોય તેવા રથો, તથા હાથી, વાઘ, અશ્વ વિગેરેનાં સરખાં યુગલો તેજ પ્રમાણે સિંહ, શાર્દૂલ, હાથી, વાઘ વિગેરે સરખા વાહનો અને આકાશમાં ચાલનારા મોટા મહેલો હોય તેવા વિમાનો બન્ને સૈન્યોમાં પરસ્પર યુદ્ધને માટે એકઠા મળ્યાં.

તે વખતે આકાશને ફોડનારા, પૃથ્વીને કંપાવનારા, દિશાઓને ગજાવનારા, પર્વતાદિકને ચલાવનારા અને પર્વતની ગુફાઓને નાદવાળી કરનારા ભયંકર અને દુર્ધર ગર્જારવની સાથે ભંભા, ભેરી, મહાઢક્કા, હુડુક્ક અને કાહળ વિગેરે રણવાજિંત્રોનો સમૂહ ગર્જના કરવા લાગ્યો.

## પહેલા દિવસનું યુદ્ધ

પછી બંને બાજુની આજ્ઞા થવાથી માંસભક્ષણ માટે ભૂખ્યા થયેલા પ્રેત હોય તેવા વીરો વિવિધ શસ્ત્રોવડે યુદ્ધ કરવા લાગ્યા. "યુદ્ધમાં અમારા સ્વામીને આ ધૂળ ઉડીને વિઘ્ન ન કરો" એમ ધારીને મોટા હાથીઓએ મદરૂપી જળવડે ધૂલને શાંત કરી દીધી. યોદ્ધાઓનાં વાહનોની ઉપર રહેલા ધ્વજો વાયુના સમૂહવડે ફરકતા હતા, તેથી જાણે કે પોતાના સ્વામીઓનું યુદ્ધમાં પરાક્રમ જોઈ હર્ષથી તે નૃત્ય કરતા હોય તેવા શોભતા હતા.

કરોડો સુભટોના પરસ્પર બોલાવવાથી, મોટા ગર્જારવથી, ભુજાઓના અત્યંત આસ્ફોટનથી, હાસ્યથી, બૂત્કારથી, પરસ્પર હાકોટા કરવાથી અને પરસ્પર યુદ્ધ કરતા અને ક્રોધ, ઇર્ષ્યા અને દુર્ધર્ષવડે ભયંકર એવા સિંહ વ્યાઘ્રાદિકોએ મૂકેલા સ્ફુટ સિંહના-

દુંદુભિવડે, કરોડો હાથીઓની ગર્જનાવડે, દુર્ધર અશ્વોના હેષારવવડે, રથના ચક્રના ચીત્કાર શબ્દવડે, ખડ્ગાદિક શસ્ત્રોના ખડખડ શબ્દવડે, ધનુષ્યની પ્રત્યંચાના ટંકાર શબ્દવડે, જય જય શબ્દના સમૂહવડે, જોનારાઓના અટ્ટહાસ્યના સમૂહવડે, તેમની હર્ષસહિત વગાડેલી હાથની તાળીઓવડે, દિશાઓ અને પર્વતોની ગુફાઓમાં પ્રસરતા મોટા પડઘાઓવડે અને ત્રાસ પામતા વનના પશુઓના ભયંકર આક્રંદ શબ્દવડે અતિ વૃદ્ધિ પામેલો, લાખો વાજિંત્રોથી ઉત્પન્ન થયેલો, ચારે બાજુથી બ્રહ્માંડને ફોડી નાખતો, આકાશ તથા પૃથ્વીના ઉદરને ભરી દેતો અને જાણે કે રણસંગ્રામ જોવામાં કૌતુકવાળા દેવોને પણ બોલાવતો હોય એવો મોટો નિર્ઘોષ જગતને ક્ષોભ પમાડવા લાગ્યો. તથા—

"અરે વીર! આવ, આવ, ઉભો રહે, ઉભો રહે, યુદ્ધ કર, યુદ્ધ કર, હે મુઢ! જલ્દી નાશી જા, નાશી જા, હજુ ઉભો છે? હણાયો, હણાયો, આ યુધનો ત્યાગ કર, ત્યાગ કર. મુખમાં તૃણ ગ્રહણ કરીને જીવતો રહે, જીવતો રહે. રે મૂઢ! વાણીવડે ગર્વ કેમ કરે છે? હાથવડે તારૂં બળ બતાવ. અરે! શત્રુને વિષે પ્રવેશ કરતાં તું લાજ, લાજ. ખરેખર આજે તારાપર યમરાજ કોપ પામ્યો લાગે છે."

આવા ભયંકર શબ્દો દરેક સુભટોમાં પરસ્પર પ્રવર્ત્યા. પ્રલય કાલનો મેઘ જેમ ચારે બાજુ કરાની વૃષ્ટિ કરે તેમ સુભટો પરસ્પર વિચિત્ર શસ્ત્રોની વૃષ્ટિ કરવા લાગ્યા. ચારે બાજુ ધારાને ફેલાવતા જાણે નવીન મેઘ હોય તેમ મહાવીરો ચારેતરફ બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. વાયુએ ઉડાડેલા વનથી ચારેતરફ આકાશમાં જેમ પક્ષીનાં ટોળાં ઉડે તેમ બન્ને સૈન્યોમાંથી વિચિત્ર શસ્ત્રો આકાશમાં ઉડવા લાગ્યાં; અને પછી ફળવાળા વૃક્ષો ઉપર જેમ ચારે બાજુથી આવીને પક્ષીઓ પડે તેમ તે શસ્ત્રો આકાશમાં ભમીને વીરોના શરીરપર પડવા લાગ્યાં.

તે રણસંગ્રામ કોઈ ઠેકાણે બાણમય, કોઈ ઠેકાણે ખડ્ગ, કુંત અને ગદામય, કોઈ ઠેકાણે ચક્રની શ્રેણિમય, કોઈ ઠેકાણે શૂલ અને શક્તિમય, કોઈ ઠેકાણે મુષ્ટિ અને યષ્ટિમય અને કોઈ ઠેકાણે મુદ્ગરના સમૂહમય, એમ વિવિધ પ્રકારના આયુધવડે ભયંકર દેખાયો. ક્ષણવારમાં શત્રુઓના આયુધથી હણાયેલા અનેક સૈનિકો ભૂમિ ઉપર પડી ગયા, તે જાણે પૃથ્વીપર લોટતા વીરોના ક્રીડા કરવાના દડા હોય તેવા દેખાતા હતા.

તે રણભૂમિ કોઈ ઠેકાણે સ્થલવડે કરીને મારવાડની ભૂમિની જેમ પડેલા હાથીઓવડે અને ઢગલારૂપ થયેલા અશ્વોવડે દુઃખે કરીને ચાલી શકાય તેવી થઈ પડી. કોઈ ઠેકાણે મસ્તકોવડે, કોઈ ઠેકાણે હસ્તોવડે અને કોઈ ઠેકાણે પાદાદિક અવયવોવડે જાણે કે વિધાતા—

રૂપી સૂત્રધારની મનુષ્ય ઘડવાની શાળા હોય એવી તે દેખાવા લાગી. કોઈ ઠેકાણે દૂર રહેલા શત્રુને ધ્વજના ચિન્હથી ઓળખી તેને હણવા માટે જલકાંત મણિ જેમ સમુદ્રમાં પેસે તેમ સુભટો સેનાને એક તરફ કરી તેમાં પ્રવેશ કરતા હતા.

કોઈ ઠેકાણે ભાગી ગયેલા રથના અવયવોવડે તે રણભૂમિ જાણે પુષ્પનો સમૂહ રચ્યો હોય અને હાથીના કુંભસ્થળમાંથી ઉડેલા મોતીના સાથિયા પૂર્યા હોય તેવી શોભતી હતી. યુદ્ધનું કૌતુક જોવા માટે વ્યંતરાદિક દેવો આકાશમાં એકઠા થયા હતા, તેઓ રણસંગ્રામમાં પરાક્રમ કરનારા વીરોની સ્તુતિ કરવાવડે વાચાળ થઈ ચારે તરફ ઘૂમતા હતા.

વૃદ્ધિ પામેલા યુદ્ધને જોઈ આનંદ પામેલા ક્ષેત્રપાલો મોટા ચિત્કાર શબ્દવડે આકાશને ભરી દઈ તથા પ્રચંડ ભુજદંડને ઉંચા કરી નૃત્ય કરવા લાગ્યા. શાકિની, ડાકિની અને કાકિની વિગેરે દેવીઓ વિકસ્વર હાસ્ય કરી, કૌતુકથી ઉતાવળી થઈ તથા ક્રીડાવડે કિલકિલ શબ્દ કરી નૃત્ય કરવા લાગી. વિચિત્ર રૂપવાળી યોગિનીઓ હર્ષથી કૌતુકવડે વિકસ્વર નેત્ર કરી ઉંચેથી હાથની તાલીઓ પાડતી રાસડા લેવા લાગી.

રાક્ષસી સહિત રાક્ષસો ભોજનની પ્રાપ્તિના હર્ષથી ભયંકર અટ્ટહાસ્યના સમૂહવડે પર્વત અને આકાશના તટને ફોડી નાખી ચારેતરફ ફરવા લાગ્યા. માંસ અને રૂધિરની ગૃદ્ધિવાળા ગીધ પક્ષીઓ દાનશાળાની જેમ વીરોને પ્રદક્ષિણા દેતા ચારેબાજુ ભમવા લાગ્યાં અને સુભટોના જયને વિષે આશ્ચર્યથી વિકસ્વર થયેલા દેવો હર્ષવડે પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા અને વિવિધ વાજિંત્રો વગાડવા લાગ્યા.

હવે દયાના સમુદ્રરૂપ કુમારરાજે શસ્ત્રની પીડા દૂર કરવા માટે પ્રથમથી જ જે વિદ્યાધરોને હુકમ કર્યો હતો, તેઓ તે વખતે રણભૂમિમાં ચારેબાજુ ઘૂમીને બન્ને સૈન્યમાં શસ્ત્રવડે શલ્યવાળા થયેલા સુભટોને અને અશ્વાદિક તિર્યંચોને પણ કુમારે આપેલા ઔષધના જલવડે સજ્જ કરવા લાગ્યા. પડી ગયેલા તે વીરો અને તિર્યંચો તત્કાલ સજ્જ થઈ ગયા, એટલે તેઓ બમણા ઉત્સાહવાળા થઈને ફરીથી યુદ્ધ કરવા લાગ્યા.

'ભવ ભવને વિષે ક્રોધ, અભિમાન વિગેરે જે દોષોનો અભ્યાસ આ જીવે કરેલો છે, તે દોષો પ્રાયે કરીને પ્રાણાંતે પણ વિરામ પામતા નથી, તેથી આ સંસારને જ ધિક્કાર છે, તેઓ યુદ્ધને વિષે જે સાહસ કરે છે, તે તે સર્વ પ્રાણીઓમાં સુલભ છે; પરંતુ તે જ સાહસ જો શ્રીઅરિહંતના ધર્મને વિષે કરતા હોય તો કર્મ શું હિસાબમાં અને ભવ પણ શું હિસાબમાં છે?' પાપના પ્રભાવવડે કેટલાક અંગના ક્ષયને, કેટલાક મરણને અને કેટલાક પરાભવને પામ્યા;

કેમકે સર્વ અશુભ ફળનું કારણ પાપ જ છે. આવા ઘોર સંગ્રામમાં પણ પુણ્યના પ્રભાવથી કેટલાકે અક્ષત અંગવાળા રહી શત્રુઓનો નાશ કર્યો અને જયને પામ્યા; કેમકે સર્વ શુભ ફળને વિષે પુણ્ય જ હેતુભૂત છે.

ત્યારપછી પૂર્વે થઇ ગયેલા વીરોનો યશ મેળવવાને ઇચ્છતા, જય મેળવવામાં આસક્તિવાળા, સ્વામીના ઋણનું અનૃણપણું અને પોતાના કુળનો ઉદ્યોત કરવાને ઇચ્છતા, ક્રોધ, ઈર્ષ્યા અને અભિમાનને વશ થયેલા, શત્રુઓને વશ કરનારા અને વિવિધ આયુધવડે ભયંકર એવા વીરો અનેક પ્રકારે યુદ્ધ કરવા લાગ્યા.

તેમ કેટલાક વીરો સારથી સહિત શત્રુના યોદ્ધાને હણી કૃપાવડે અશ્વોને જીવતા રાખી તેના જ રથવડે શત્રુના સુભટો તરફ ચાલ્યા. કેટલાક સુભટો ગર્વથી શસ્ત્ર ગ્રહણ કર્યા વિના જ પોતાના બે હાથવડે શત્રુના પગ પકડી તેમને પરસ્પર અફળાવીને હણવા લાગ્યા. બન્ને પક્ષના સૈનિકો કુકડાની જેમ આકાશમાં ઉડતા અને નીચે પડતા પરસ્પરના બાણોવડે હણાઇને પૃથ્વીપર પડવા લાગ્યા.

ગર્વથી કેટલાક સુભટોએ મદ ઝરતા હાથીઓને આકાશમાં ઉછાળ્યા, તે વખતે તે હાથીઓ જાણે હાડકાંને વહન કરનારા વાંદળાં હોય તેમ આકાશમાં આમ તેમ ભમવા લાગ્યા. કેટલાક વીરો ગદા વિગેરે શસ્ત્રોવડે શત્રુના રથોને ભાગી તેના જ ચક્રોવડે શત્રુનો વિનાશ કરવા લાગ્યા, તે વખતે ઘણા ચક્રરૂપ શસ્ત્રવાળા જાણે ઘણા ચક્રવર્તીઓ હોય તેમ જણાવા લાગ્યું.

ભુજના ગર્વથી ઉદ્ધત થયેલા કેટલાક વીરોએ શત્રુના હાથીઓને આકાશમાં ઉછાળ્યા, તે હાથીઓએ પર્વતના શિખરની જેમ પડતાં પડતાં રથો, સૈનિકો અને અશ્વાદિકને પીસી નાખ્યા. આવા મહા ઘોર રણસંગ્રામમાં કુમારરાજના સૈનિકોએ ખેચરચક્રવર્તીના અગ્રસૈનિકોને તત્કાળ ભાગી નાખ્યા. સમુદ્રની ચડતી ભરતીની જેમ ખેચરચક્રીની સેના કેટલીક ભૂમિ સુધી જઈ શત્રુથી પરાભવ પામીને પાછી હઠી.

તે વખતે કુમારના સૈન્યમાં ચારેબાજુથી જયના વાજિંત્રો વાગવા લાગ્યાં; અને જયની પ્રાપ્તિથી હર્ષ પામેલા સુભટો ઘોંઘાટ કરવા લાગ્યા. પોતાના સમાન નામવાળા શત્રુના શૂરવીરોનો રણમાં પરાભવ થયો, તે જોવાને અસમર્થ થયેલો શૂર સૂર્ય પશ્ચિમ સમુદ્રમાં પડયો. ત્યારપછી પોતપોતાના સેનાપતિની આજ્ઞાથી સર્વ વીરો યુદ્ધનો ત્યાગ કરી જેમ પક્ષીઓ માળામાં જાય તેમ પોતપોતાની છાવણીમાં ગયા.

ત્યારપછી કુમારે કૃપાવડે કંઠે રહેલા પ્રાણવાળા સૈનિક, હાથી અને અશ્વાદિક કે જેઓ રણભૂમિમાં પડેલા હતા અને શસ્ત્રના ઘાતથી પીડા પામતા હતા, તેમને પોતાના

સેવકો પાસે સમ્યક્ પ્રકારે બન્ને સૈન્યમાં શોધાવી તેમને ચિન્હોવડે જીવતા જાણી પોતાના અને શત્રુના વિભાગના સર્વને પોતાની ઔષધિના જલસિંચનવડે સાવધ કરાવ્યા. 'મોટા પુરૂષોની દયા આવી જ હોય છે.' આ પ્રમાણે રણભૂમિની શુદ્ધિ કરી પરોપકાર કરવામાં તત્પર કુમાર ખેચરચક્રીને પુષ્કળ ઔષધિનું જલ મોકલાવી પરિવાર સહિત પોતાને ઉતારે ગયા. તે વખતે હર્ષ પામેલા બંદીજનો તેના જયના ઉત્કૃષ્ટ ગુણની સ્તુતિ કરવા લાગ્યા.

કુમારરાજરૂપી સ્રીના સૈન્યમાં જે સુભટોએ યુદ્ધમાં જય મેળવ્યો હતો, તેમને વૃદ્ધ સ્રીઓએ હર્ષથી મંગળ કાર્ય કર્યાં. ચક્રાયુધ રાજા પણ રણભૂમિની શુદ્ધિ કરી પરિવાર સહિત પોતાને ઉતારે ગયો. પોતાની વિદ્યાના બલવડે અને કુમારરાજે આપેલા જલવડે પણ શલ્યવાળા છતાં જીવતા એવા પોતાના સમગ્ર યોદ્ધાઓને સજજ કર્યા. પછી રાત્રીએ બન્ને સૈન્યમાં રણસંગ્રામથી થાકી ગયેલા સુભટો અને હાથી વિગેરે તિર્યંચો યથાયોગ્ય આહાર કરી સુખનિદ્રાને પામ્યા.

આ પ્રમાણે શ્રી જયાનંદ ચરિત્રને વિષે ચક્રાયુધ નામના વિદ્યાધર ચક્રવર્તીના યુદ્ધના અધિકારમાં સામાન્યથી પ્રથમ દિવસનું યુદ્ધ કહ્યું.

## બીજા દિવસનું યુદ્ધ

હવે સુભટોને આલિંગન કરીને નિદ્રારૂપી સ્રી સુખે વિલાસ કરતી હતી, તેણીને રાત્રીના છેડે સપત્નીની તુલ્ય રણચિંતાએ દૂર કરી. હજુ સુધી જેમના ચિત્તમાં યુદ્ધનું કૌતુક સંપૂર્ણ થયું નથી એવા વીરોને હું શા માટે વિઘ્ન કરૂં? એમ વિચારીને રાત્રી ક્ષય પામી—જતી રહી. એટલે કોણ ભગ્ન થયા? કોણ મરણ પામ્યા? કોણ નાસી ગયા અને કોણે જય મેળવ્યો? એ સર્વ જાણે જોવાને ઇચ્છતો હોય એમ સૂર્ય ઉદયાચલ પર આરૂઢ થયો.

તે વખતે પ્રથમ દિવસની જેમ બન્ને સૈન્યમાં રણવાજિંત્રો વાગવા લાગ્યાં, અને બન્ને સૈન્ય મોટા ઉત્સાહથી તૈયાર થયાં. બન્ને સૈન્યના અગ્રભાગે પોતપોતાના સેનાપતિ અને મધ્ય ભાગે પોતપોતાના નાયક પ્રથમ દિવસની જેમ રહેલા હતા. પછી તે બન્ને સૈન્યો પરસ્પર એકઠા થઈ યુદ્ધ કરવા લાગ્યાં. તેમાં વીરોએ મૂકેલા બાણો આકાશમાં ચારેબાજુ વ્યાપી ગયાં, તે જાણે કે પ્રલયકાળે ઉત્પન્ન થયેલા પાંખોવાળા સર્પ હોય તેમ શોભવા લાગ્યાં. કેટલાક ધુરંધર વીરોના બાણો શ્રેણિમાં રહેલા સર્વ શત્રુઓને ભેદીને પણ આગળ ચાલ્યાં, તેને પર્વતના શિખરોએ જ અટકાવ્યાં. સુભટોના બાણસમૂહો



આકાશમાં, પૃથ્વીપર, સર્વ દિશાઓમાં, વૃક્ષો ઉપર અને પર્વતના શિખરો ઉપર સર્વ ઠેકાણે વ્યાપી ગયાં, તેથી આખું જગત બાણમય થઈ ગયું.

અહો! એક જાતના જ શસ્ત્રને ધારણ કરવાના વ્રતવાળા કેટલાક સુભટો શત્રુઓની ગદા, મુદ્દગર અને ચક્રાદિક શસ્ત્રોને પણ કેવળ બાણોવડે જ છેદતા હતા. શત્રુનાં ઘણાં શસ્ત્રોને વારંવાર છેદવાથી ઉદ્વેગ પામેલા કેટલાક સુભટોએ ક્રોધથી શસ્ત્રોને ગ્રહણ કરવામાં અને મૂકવામાં સમર્થ એવા શત્રુઓના હાથ જ બાણોવડે છેદી નાખ્યા. કેટલાક વીરો સુભટોના બાણોથી વ્યાકૂલ થયા અને કેટલાક વીરો શસ્ત્રને ગ્રહણ કરવામાં અને મૂકવામાં અશક્ત થયા, ત્યારે તેઓએ માત્ર મુખવડે તૃણ જ ગ્રહણ કર્યું.

જેમ શ્રીકૃષ્ણે એક જ બાણવડે એકીસાથે સાત તાલવૃક્ષોને વીંધ્યા હતા, તેમ કેટલાક વીરોએ એક જ બાણવડે સમાન શ્રેણિમાં રહેલા ઘણા હાથી, ઘોડા વિગેરેને વીંધી નાખ્યા. જેમ અયોગ્ય વચન બોલતા ખળ પુરૂષોને તેમના મુખ પર લાત મારી નિષેધ કરાય છે, તેમ બાણોને મૂકતા એવા શત્રુઓના ધનુષ્યને કેટલાક વીરોએ પોતાના બાણોવડે છેદીને જ તેનો નિષેધ કર્યો.

જેમ વાદીઓ તર્કવડે પ્રતિવાદીઓના તર્કને છેદી નાખે છે, તેમ કેટલાક વીરો શત્રુઓના આવતા બાણોને પોતાના બાણોવડે જ છેદતા હતા. કેટલાક ધુરંધરોએ કલાવડે જે બાણો મૂક્યાં, તે બાણો શત્રુને હણી આકાશમાં ગયાં, તે જોઈ ભય પામેલા દેવો મુશ્કેલીથી નાશી ગયા.

વીરના બાણોથી છેદાયેલા સુભટોના મસ્તકો આકાશમાં ગયાં, તે જાણે કે યુદ્ધ જોનારી દેવીઓના મુખરૂપી ચંદ્રોનો ગ્રાસ કરવા રાહુ આવતો હોય તેમ શોભતાં હતાં. શરીરમાં ચોંટી ગયેલા વીરના બાણોવડે રણભૂમિમાં ઉડતા સુભટો જાણે શરીર સહિત સ્વર્ગમાં જવાની ઇચ્છાથી પાંખવાળા થયા હોય તેમ શોભતા હતા. બખ્તર ધારણ કરેલા કેટલાક વીરોના શરીરમાં બાણો ચોંટી ગયાં, તે બાણો જાણે કે વૈરને લીધે ગરૂડને ગ્રસવા માટે સર્પો એકઠા થયા હોય તેવા શોભવા લાગ્યાં.

વીરોએ મૂકેલા બાણો મોટા હાથીઓના શરીરમાં ચોંટી ગયાં, તેથી જાણે ચારેબાજુ ધરોના અંકુરા જેમાં ઉગેલા હોય એવા ચળાચળ પર્વતની જેવા તેઓ શોભવા લાગ્યાં. વીરના બાણોવડે હણાયેલા હોવાથી રૂધિરને ઝરતા કેટલાક હાથીઓ પૃથ્વીપર પડ્યા હતા, તે જાણે કે ગેરૂમિશ્રિત નિર્ઝરણાંવાળા પર્વતો હોય તેવા લાગતા હતા. ભુજાબળ-વાળા વીરોએ ઉછાળેલા અશ્વો આકાશમાં ગયા, તે જાણે કે ગરૂડધ્વજ વિષ્ણુને મળવાની

આશાથી શરીરમાં અર્ધા પેઠેલા બાણોવડે પાંખોવાળા થયેલા હોય તેવા શોભતા હતા. વીરોના બાણોથી ભેદાયેલા વિમાનોના અવયવો આકાશમાંથી નીચે પડતા હતા, તે જાણે કે તુષ્ટમાન થયેલા દેવોએ વરસાવેલા પુષ્પો હોય તેવા શોભતા હતા.

પહેલે દિવસે ખેચરચક્રીના યોદ્ધાઓ ભગ્ન થયા હતા તેથી ઉત્પન્ન થયેલા અધિક ક્રોધવાળા તેઓએ વિવિધ શસ્ત્રોની વૃષ્ટિ કરી એવું યુદ્ધ કર્યું કે જેથી કુમારરાજના સૈનિકો ચારેબાજુથી ભગ્ન થયા, અને સમુદ્રની ભરતીથી હણાયેલા નદીના પ્રવાહની જેમ તેઓ પાછા હઠ્યા. તેમને પાછા હઠતા જોઈ ભોગરતિ વિગેરે ખેચરપતિ આઠે મિત્રો ક્રોધથી ઉદ્ધત થઈ પોતપોતાના સૈન્ય સહિત યુદ્ધ કરવા ઊભા થયા. ક્રોધથી તે વીરોએ ચોતરફ એવી બાણની શ્રેણિ મૂકી, કે જેથી મોટા વીરોને પણ આશ્ચર્ય ઉત્પન્ન થયું.

જેમ ગર્જના કરતા મેઘવડે પુષ્કર જાતિનો મૃગ તિરસ્કાર પામે તેમ વીરોએ નિરંતર મૂકેલા બાણોની વૃષ્ટિવડે શત્રુનું સૈન્ય તિરસ્કાર પામ્યું. સુભટોના આવતા બાણોને કેટલાક વીરોએ નિપુણતાથી ચુકાવ્યાં, તેથી તે બાણોએ સીધા જઈ પર્વત સાથે અથડાઈ પાછા વળીને છેડાવડે તે મૂકનાર શત્રુને જ હણ્યા.

જેમ ગુરૂની વાણી સત્પુરૂષોની મિથ્યાત્વરૂપી આળસને છેદી તેના હૃદયમાં પ્રવેશ કરે, તેમ સુભટોના બાણો શત્રુઓના બખ્તરરૂપી ચામડીને ભેદી તેમના હૃદયમાં પેઠાં. જેમ ગુરૂની વાણી દુર્બુદ્ધિ જનના એક કાનમાં પેસી બીજા કાનથી નીકળી જાય, તેમ કેટલાએક વીરના બાણો પડખે નેત્ર રાખીને ઊભેલા શત્રુના એક કાનમાં પેસી બીજા કાનથી નીકળી ગયાં. જેમ સત્પુરૂષની વાણી ખળ પુરૂષના એક રૂંવાડાને પણ ભેદી ન શકે, તેમ કેટલાક મોટા બલથી પણ મૂકેલા સુભટોના બાણોએ વીર શત્રુઓનું એક રૂંવાડું પણ ભેદ્યું નહિ.

નેત્રોને યુદ્ધ જોવાની ઇચ્છા છે, અને મન ભયથી નાશી જવા ઇચ્છે છે, તેમ આકાશમાં વીરના બાણો જવાથી દેવોમાં પણ પરસ્પર વિચારોનો વિરોધ થયો એટલે વીરોના બાણો આકાશમાં જવાથી દેવોનાં નેત્રોને યુદ્ધ જોવાની ઇચ્છા હતી અને મનને ભયથી નાશી જવાની ઇચ્છા હતી, તેથી દેવોમાં પણ માનસિક વિરોધ થયો—અવ્યવસ્થિત-પણું થયું.

હવે જેમ પ્રલયકાલનો વાયુ ઉડાડેલી રજવડે દિશાઓને ઢાંકી દે, તેમ તે ભોગરતિ વિગેરે આઠે મિત્રોએ ફેંકેલા બાણોવડે શત્રુઓ અને દિશાઓને પણ ઢાંકી દીધી. તે ધુરંધર વીરો યુદ્ધ કરતા હતા ત્યારે કેટલાક શત્રુઓના મદ સહિત રથના બખ્તરો ભાગી ગયાં, કેટલાકના પ્રબળ ભુજ સહિત ધ્વજો પડી ગયા, કેટલાકના મનોરથો

સહિત મસ્તકો પણ પડી ગયાં, કેટલાકના પરાક્રમ સહિત દઢ એવા ધનુષ્યો પણ ભાગી ગયાં, કેટલાક શત્રુઓના પ્રાણો સહિત સારથીઓ નાશી ગયા, કેટલાકના પરાક્રમ સહિત શસ્ત્રોના કકડા થઈ ગયા, કેટલાકના ભયને લીધે હૃદયો સહિત પડખાં શૂન્ય થઈ ગયાં, કેટલાકની જીતવાની ઇચ્છા સાથે જ હાથમાંથી શસ્ત્રોનો સમૂહ પડી ગયો, અને કેટલાક લજ્જા, યશ અને વીરવ્રત વિગેરે સહિત નાશી ગયા.

આ પ્રમાણે યુદ્ધ કરતા તે ભોગરતિ વિગેરે આઠે વિદ્યાધરોએ ઉપદ્રવ કરેલું ચક્રવર્તીનું સૈન્ય ધર્મથી અભવ્યની જેમ યુદ્ધભૂમિથી પાછું હઠયું. તે સૈન્યને પાછું હઠતું જોઈને સિંહ જોડેલા રથમાં બેઠેલો ચંડવેગ સેનાપતિ પોતાના કરોડ સુભટોના સૈન્ય સહિત પોતાના સૈન્યને ધીરજ આપતો રણભૂમિમાં આવ્યો, અને ભોગરતિ આદિની સાથે યુદ્ધ કરવા લાગ્યો.

તેમ જ મદન ૧, તપન ૨, ભીમ ૩, પ્રતાપ ૪, અક્ષોભ ૫, કાસર ૬ અને રમણ ૭ વિગેરે યોદ્ધાઓ પણ સિંહ જોડેલા રથમાં બેસી યુદ્ધ કરવા લાગ્યા. તે સેનાપતિ ચોતરફ પ્રસરતા બાણોવડે યુદ્ધ કરતો હતો ત્યારે પ્રચંડ વાયુ વાવાથી વનની જેમ કુમારરાજનું સૈન્ય કંપવા લાગ્યું. સેનાપતિએ કેટલાક શત્રુઓને હૃદયમાં, કેટલાકને મુખમાં, કેટલાકને નાભિમાં, કેટલાકને હાથમાં અને કેટલાકને પગમાં તીક્ષ્ણ બાણોવડે વીંધી નાખ્યા.

ત્યારપછી ભોગરતિ વીરે યુદ્ધમાં સેનાપતિને રૂંધ્યો. એ જ રીતે ચંદ્રબાહુએ મદનને, મહાબાહુએ તપનને, ચંદ્રવેગ ખેચરે ભીમને, ચંદ્રચૂડ રાજાએ પ્રતાપને, રત્નચૂડ રાજાએ અક્ષોભને, તડિદ્વેગે કાસરને તથા ચંદ્રાભે યુદ્ધની ઉત્કંઠાથી રમણ રાજાને બોલાવ્યો. એ જ પ્રમાણે બીજા પણ શ્રેષ્ઠ વીરો પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. વીરોના પ્રાણવાયુનું પાન કરી બલવાન થયેલા સુભટોના બાણરૂપી સર્પો શત્રુઓને ડસી ડસીને ચેતના રહિત કરવા લાગ્યા.

જેમ સદ્ગુરૂ સદુપદેશવડે ભવ્ય પ્રાણીના મિથ્યાત્વને છેદે, તેમ ભોગરતિએ બાણોવડે ચંડવેગ સેનાપતિનું ધનુષ્ય છેદી નાખ્યું. ત્યારે સેનાપતિએ નવું ધનુષ્ય લઈ બાણોવડે ભોગરતિનું ધનુષ્ય છેદી નાખ્યું. પછી ભોગરતિએ પણ નવું ધનુષ્ય લઈ તામસ નામનું બાણ મૂકયું. તેનાથી સેનાપતિના સૈન્યમાં અંધકાર વ્યાપી ગયો, ત્યારે સેનાપતિએ દેદીપ્યમાન સૂર્યાસ્ત્રવડે તે અંધકારનો નાશ કર્યો, અને બાણોવડે વૈરીને ઢાંકી દીધો. બાણોથી વ્યાકુલ થયેલા ભોગરતિએ જલધર મેઘ નામનું આયુધ મૂકયું, તેને સેનાપતિએ પવનાસ્ત્રવડે નિષ્ફળ કર્યું, અને પછી તેના ધનુષ્યને છેદી બખ્તરને ભેદી બાણોવડે જર્જરિત કરી તેને નાગપાશવડે બાંધી લીધો.

પછી જ્યારે સેનાપતિ તેને ગ્રહણ કરવા જતો હતો ત્યારે સેનાપતિને કુમારરાજના સેનાપતિ વજ્રવેગે બાણોવડે છાતીમાં વીંધી નાખ્યો. તે વખતે તેના બાણોથી વ્યથા પામેલો તે સેનાપતિ ભોગરતિને મૂકીને ક્રોધવડે વજ્રવેગની સાથે યુદ્ધ કરવા દોડ્યો. તે બન્ને સેનાપતિઓ પરસ્પર બાણોવડે યુદ્ધ કરતા હતા, તે વખતે 'કોને વરું?' એવો સંશય થવાથી જયલક્ષ્મી બન્નેની વચ્ચે આવીને ઊભી રહી.

હવે અહીં મદને ચંદ્રબાહુના ધનુષ્ય વિગેરે છેદી તેને શસ્ત્ર રહિત અને શ્રમિત કરી નાગપાશવડે બાંધી લીધો. પછી તે ચંદ્રબાહુને ગ્રહણ કરવા ઉદ્યમી થયો, તેટલામાં તેને ચંદ્રગતિએ રૂંધ્યો, ત્યારે તે પણ તેની સાથે શીઘ્ર યુદ્ધ કરવા લાગ્યો. એ જ પ્રમાણે તપને મહાબાહુને બાણોવડે પીડિત કરી બાંધ્યો, અને પછી તેને ગ્રહણ કરતા તેને ચંદ્રોદય રાજાએ રૂંધ્યો. તે બન્નેનો બાણોવડે ઘોર સંગ્રામ થયો. તેને જોઈ દેવો પણ ભય પામ્યા અને તેમની પ્રશંસા કરવા લાગ્યા.

તે જ પ્રમાણે ઉગ્ર પરાક્રમવાળા ભીમે ચંદ્રવેગને બાંધ્યો, અને સૂર્ય જેવા પ્રતાપવાળા પ્રતાપે ચંદ્રચૂડને બાંધ્યો. પછી પરસ્પર ગ્રહણ કરતા તે બંનેને ચંડ અને ભીમે રૂંધ્યા, અને તે ધનુર્ધરોને પરસ્પર બાણોવડે યુદ્ધ થયું. તે જ પ્રમાણે દૈવયોગથી રત્નચૂડ તડિદ્વેગ અને ચંદ્રાભને અનુક્રમે અક્ષોભ, કાસર અને રમણે બાંધ્યા. તેમને ગ્રહણ કરતા તેઓને અનુક્રમે બાણોની વૃષ્ટિ કરતા ચિત્રવીર્ય, મહાવીર્ય અને ભદ્રવીરે રૂંધ્યા.

આ પ્રમાણે કર્મના વશથી બંધાયેલા જીવોની જેમ શત્રુઓએ બાંધેલા તે આઠે મિત્રોને પવનવેગે શીઘ્રપણે લઈ કુમારરાજને સોંપ્યા; એટલે સેવકવત્સલ કુમારે તત્કાળ ગારૂડી વિદ્યાવડે તેમના નાગપાશ છેદી ઔષધિના જળવડે તેમને સજ્જ કર્યા. આ રીતે તે નરનાથના હસ્તસ્પર્શના પ્રભાવથી પહેલાંના કરતાં પણ અધિક બળ, ઉત્સાહ, તેજ અને ધૈર્યાદિક સંપત્તિને તેઓ પામ્યા. 'પત્થરો પણ સૂર્યના કિરણોના સ્પર્શથી શું તેજસ્વી નથી થતા?' પછી તે આઠે મિત્રો પ્રથમના પરાભવથી ઉત્પન્ન થયેલા ક્રોધથી ફરી યુદ્ધ કરવા દોડ્યા.

હવે તે બન્ને સેનાપતિઓને યુદ્ધમાં તત્પર જોઈ બન્ને સેનાના સર્વ સૈનિકો વિશેષે કરીને યુદ્ધમાં પ્રવર્ત્યા. દૂર સુધી જનારા વીરોના બાણો જાણે જ્યોતિષી દેવોને પોતપોતાના સ્વામીના શૌર્યગુણો કહેવા જતા હોય તેમ ચોતરફ આકાશમાં પ્રસર્યાં. વીરોના બાણો વૈરીઓનાં શરીર ઉપર સફળપણે પડવા લાગ્યાં. કારણ કે [1]માર્ગણો પામવા લાયક અલ્પ દ્રવ્યને પણ તજતા નથી, તો લક્ષને[2] કેમ તજે?

---

૧ યાચક અને બાણ. ૨ લાખ અને નિશાન.



જેમ સૂર્યના કિરણો ચંદ્રાદિકના કિરણોને દૂર કરે, તેમ કેટલાક વીરોના બાણો શત્રુના બાણોને દૂર કરતાં હતાં. જેમ અલ્પ સત્ત્વવાળાના ધર્મક્રિયાના મનોરથો વિઘ્નોવડે[1] નિષ્ફળ થાય, તેમ કેટલાકના બાણો ઢાલની સાથે અથડાઈને નિષ્ફળ થતાં હતાં.

શત્રુઓના બખ્તર તથા ઢાલ છેદવાથી પછી તેઓ સુખે કરીને જીતી શકાશે એવો જ જાણે વિચાર કર્યો હોય તેમ તથા જેમ આસન્નસિદ્ધિ જીવો કર્મરૂપી શત્રુને જીતવા માટે પ્રથમ વિવેકાદિક મહા આયુધોવડે મિથ્યાત્વ અને લોભાદિકને છેદે છે તેમ કેટલાક વીરોએ બાણોવડે શત્રુઓના બખ્તર અને ઢાલ છેદી નાંખ્યાં.

જેમ વદએકમને[2] દિવસે આકાશમાં ઉદય પામતા અને અસ્ત પામતા સૂર્ય અને ચંદ્ર એ બન્નેના કિરણો સામસામા વ્યાપ્ત થાય છે, તેમ આ બન્ને સેનાપતિના યુદ્ધમાં આકાશ બન્નેના બાણોવડે વ્યાપ્ત થઈ ગયું. પછી ચંડવેગે બાણોવડે વજ્રવેગનું ધનુષ્ય છેદી નાખ્યું, ત્યારે તે વજ્રવેગે પણ બીજું ધનુષ્ય લઈ તીક્ષ્ણ બાણોવડે તે ચંડવેગનું ધનુષ્ય ભાગી નાખ્યું. પછી ગર્વથી ઉદ્ધત થયેલા ચંડવેગે નવું ધનુષ્ય લઈ તત્કાલ બાણોવડે વજ્રવેગનો રથ ભાગી નાખ્યો, અને તેમાં જોડેલા સિંહોને મારીને પાડી દીધા, ત્યારે વજ્રવેગ જેટલામાં નવો રથ ગ્રહણ કરતો હતો, તેટલામાં ક્રોધથી અંધ થયેલા ચંડવેગે તેને છળથી મર્મસ્થાનને વીંધનારા બાણવડે છાતીમાં પ્રહાર કર્યો; તેથી તે વજ્રવેગ મૂર્છાવડે વિહ્વળ થઈ ગયો.

પછી હણવાને ઇચ્છતો ચંડવેગ જેટલામાં તેને બીજા બાણવડે હણવા તૈયાર થાય છે; તેટલામાં ભોગરતિ રાજાએ અકસ્માત્ ત્યાં આવી પ્રથમ તેણે પોતાનો પરાભવ કર્યો હતો તે વૈરથી ચંડવેગને ભિંદિપાલવડે મસ્તકમાં એવી રીતે દૃઢ પ્રહાર કર્યો કે જેથી તે મૂર્છિત થઈ પૃથ્વીપર પડી ગયો. તેને જ્યારે ભોગરતિ ગ્રહણ કરવા તૈયાર થયો, ત્યારે ખેચર ચક્રવર્તીના પુત્ર મણિમાલીએ આવી ચંડવેગને ઉપાડી લીધો અને ચક્રવર્તીને સોંપ્યો, એટલે ચક્રીએ વીરના સમૂહમાં અગ્રેસર એવા તે સેનાપતિને વિદ્યા અને ઔષધિના સિંચનથી સજ્જ કર્યો.

અહિ ભોગરતિએ મૂર્છા પામેલા વજ્રવેગને કુમારરાજને સોંપ્યો, એટલે તેમણે પણ સુભટોમાં અગ્રેસર એવા તે વજ્રવેગને મહા ઔષધિના જળવડે સજ્જ કર્યો. આ રીતે ભોગરતિ શીઘ્રપણે ઉપકાર કરનાર વજ્રવેગનો પ્રત્યુપકાર કરી અને અપકાર કરનાર ચંડવેગનો અપકાર કરી આનંદ પામ્યો. ‘ માનનું ફળ આવું જ હોય છે. ’

---

૧ વિઘ્ન આવવાના ભયથી. ૨ વદ એકમની સવારે.

એ જ રીતે ચંદ્રબાહુ પણ પૂર્વના બંધનરુપ પરાભવના વૈરથી ચંદ્રગતિની આગળ થઈ મદન નામના શત્રુ સાથે યુદ્ધ કરવા લાગ્યો, અને જેમ મેઘ વૃષ્ટિવડે બકરાના સમૂહને વ્યાકૂલ કરે તેમ તેણે શરની વૃષ્ટિવડે પરિવાર સહિત મદનને વ્યાકૂલ કરી નાખ્યો. પછી તે મદનનું ધનુષ્ય છેદી, રથ ભેદી, રણથી શ્રમિત થયેલા તેને બાંધી લીધો. તે મદનને લેવા માટે ખેચરચક્રીનો પુત્ર મણિમાલી દોડતો આવ્યો, પણ તેને ચંદ્રબાહુએ બાણની વૃષ્ટિ કરીને રૂંધ્યો, તેટલામાં ચંદ્રગતિ તે મદનને પોતાની શિબિરમાં ઉપાડી ગયો.

ત્યારપછી મહાબાહુ પણ યુદ્ધથી થાકેલા ચંદ્રોદયને નિવારી પૂર્વના વૈરથી તે જ પ્રમાણે તપન સાથે યુદ્ધ કરવા લાગ્યો. એટલે ક્રોધવડે અત્યંત શુરવીર તે બન્ને સુભટો ભયંકર યુદ્ધ કરવા લાગ્યા. તેમાં તેઓએ વીરોના ઉત્કટ મદસહિત અનેક શત્રુઓના પ્રાણો હરણ કર્યા, અને પોતાનાં કુળને યશરૂપી દૂધવડે ધોઈ ઉજ્વળ કર્યું. છેવટે શત્રુને તાપ પમાડનાર તપનને મહાબાહુએ બાંધી લીધો. 'સૂર્ય પણ ભરણીના પુત્ર —ચંદ્રનો પરાભવ કરનાર થાય છે.' બાંધેલા તપનને છોડાવવા માટે ચિત્રાયુધ નામનો સુભટ દોડયો, પરંતુ પર્વત જેમ નદીના પૂરને રોકે—અટકાવે તેમ તેને મહાબાહુએ અટકાવ્યો. તેવામાં જેમ મહા આરંભનો સમૂહ બુદ્ધિ રહિત પ્રાણીને દુર્ગતિમાં લઈ જાય, તેમ ચંદ્રગતિ તે તપનને હર્ષથી પોતાના સૈન્યમાં લઈ ગયો.

હવે શત્રુના બાણથી તાડના પામેલા ચંડને નિવારી ચંદ્રવેગે ભીમ સાથે યુદ્ધ કરી છેવટ તેને નાગપાશવડે બાંધી લીધો. તે વખતે તેને છોડાવવા ચિત્રવીર્ય સામે આવ્યો. તે વૈરીની સાથે ચંદ્રવેગ યુદ્ધ કરવા લાગ્યો, એટલામાં ચંદ્રગતિ તે ભીમને પોતાના સૈન્યમાં લઈ ગયો.

પછી શસ્ત્ર રહિત થયેલા ભીમને જોઈ મોહ પ્રાણીને સંસારમાં રોકે તેમ ચંદ્રચૂડે પ્રતાપને યુદ્ધમાં રોકયો. તેની સાથે ચિરકાળ સુધી યુદ્ધ કરી તેનું ધનુષ છેદી તથા રથ ભાગી જેમ લોભ મૂઢ પ્રાણીને અશુભ કર્મવડે બાંધે તેમ તે ચંદ્રચૂડે પ્રતાપને નાગપાશવડે બાંધી લીધો. તેને લેવા માટે ચંદ્રાંકે ઇચ્છા કરી ત્યારે ચંદ્રચૂડે તેને યુદ્ધમાં રોકયો; તેટલામાં તો જેમ ચર પુરૂષો ચોરને કેદખાનામાં લઈ જાય તેમ ચંદ્રગતિ તે પ્રતાપને પોતાના સૈન્યમાં લઈ ગયો.

એજ રીતે રત્નચૂડ, તડિદ્વેગ અને ચંદ્રાભ રાજાઓ પણ યુદ્ધમાં ઉદ્યમ કરતા ચિત્રવીર્ય, મહાવીર્ય અને ભદ્રવીરને નિષેધ કરી અનુક્રમે અક્ષોભ, કાસર અને રમણ

સાથે યુદ્ધ કરવા લાગ્યા. તેમની સાથે ચિરકાળ સુધી યુદ્ધ કરી છેવટ તેમના ધનુષ વિગેરે છેદી તેઓએ તે અક્ષોભ, કાસર અને રમણને બાંધી લીધા. તેમને લેવાની ઈચ્છાથી ચંદ્રભદ્ર, યશશ્ચંદ્ર અને ચંદ્રકીર્તિ નામના વિદ્યાધરો આવ્યા, તેમને ઉત્તમ સુભટોએ યુદ્ધવડે અટકાવ્યા. તેવામાં જેમ મિથ્યાત્વ જ્ઞાનાદિક રહિત જંતુઓને સંસારમાં લઈ જાય, તેમ ચંદ્રગતિ તે બાંધેલા અક્ષોભાદિકને પોતાના સૈન્યમાં લઈ ગયો.

આ પ્રમાણે એક ભોગરતિ વિના બીજા સાતે મિત્રરાજાઓ શત્રુઓને બાંધી પૂર્વના પરાભવને તરી ગયા. ચંદ્રબાહુ વિગેરે સાત મિત્રો યુદ્ધમાં પ્રથમ બંધાયા હતા, તેઓએ જ મદનાદિકને બાંધ્યા, તેનું કારણ એ કે તે મદનાદિક ચિરકાળ યુદ્ધ કરવાથી થાકી ગયા હતા તથા તેમનું પૂર્વભવનું અશુભ કર્મ ઉદયમાં આવ્યું હતું.

પ્રાણી યુદ્ધમાં પણ પૂર્વના અશુભ કર્મથી જ પરાભવ પામે છે, અને અશુભ કર્મથી જ હણાય છે. વળી શત્રુનો જય અને લક્ષ્મીની પ્રાપ્તિ પણ કર્મથી જ થાય છે. આ પ્રમાણે શુભ અને અશુભ કર્મ જ શુભ અને અશુભ ફળને આપનારૂં છે એમ જાણી સારી બુદ્ધિવાળા પ્રાણીઓએ શુભ કર્મ ઉપાર્જન કરવા પ્રયત્ન કરવો.

ચંદ્રબાહુ વિગેરે સાતે વીરોએ એવી રીતે યુદ્ધ કર્યું કે જેથી ખેચરચક્રીની મોટી સેના પણ ભગ્ન થઇ ગઈ. તે વખતે વીરોનો યુદ્ધશ્રમ જોઇને તે શ્રમ જાણે પોતાને વિષે સંક્રમ્યો હોય તેમ સૂર્યે પશ્ચિમ સમુદ્રમાં સ્નાન કરી તે શ્રમને દૂર કર્યો.

પછી શુભાશુભ કર્મથી જય અને પરાજય પામેલા વીરો બન્ને સેનાપતિઓની આજ્ઞાથી યુદ્ધકર્મનો ત્યાગ કરી પોતપોતાના સ્થાને ગયા. સાત વીરોના બંધનથી કાંઈક મંદ થયેલા ઉત્સાહવાળી ખેચરચક્રીની સેના ધીમે ધીમે યુદ્ધભૂમિથી પાછી ફરી. જેમાં ગીતોની ગર્જના અને વાજિંત્રના નાદ થતા હતા, તથા મંગળપાઠકો જેની સ્તુતિ કરતા હતા એવું શ્રીજયાનંદ રાજાનું સૈન્ય પોયણીના[1] વનની જેમ આનંદ પામ્યું. તેમણે ઔષધિના જળવડે સર્વ સુભટો તથા પશુઓને પ્રથમની જેમ સજ્જ કર્યા. તેજ રીતે ચક્રીએ પણ પોતાના સુભટો અને પશુઓને વિદ્યાવડે અને ઔષધિના જળવડે સજ્જ કર્યા. ઔષધિના જળવડે સજ્જ કરેલા તે મદનાદિક સાતે રાજાઓને પવનવેગે લોહવિગેરેના પાંજરામાં નાખ્યા. યુદ્ધની શ્રમે–થાકે આલિંગન કરેલા વીરોને ઈર્ષ્યાના વશથી જલ્દી સર્વ અંગે સુખ કરનારી નિદ્રાએ આલિંગન કર્યું.

આ પ્રમાણે શ્રીજયાનંદ કેવળી ચરિત્રમાં યુદ્ધના અધિકારને વિષે બીજે દિવસે ભોગરતિ વિગેરે આઠે મિત્રોનો જય થયો, એ હકીકત આવી છે.

---

૧ પોયણીના પક્ષમાં રાજા એટલે ચંદ્ર.



## ત્રીજો દિવસ.

શ્રીજયાનંદ રાજા જયલક્ષ્મીને લાયક છે, તે જયલક્ષ્મી યુદ્ધ વિના મળી ન શકે; તેથી યુદ્ધનો અવકાશ આપવા માટે ત્રીજે દિવસે પ્રાતઃકાળમાં સૂર્ય પૂર્વાચળપર આરૂઢ થયો. કેટલાક સુભટો પરાભવના વશથી, કેટલાક અર્ધ જય પ્રાપ્ત થવાથી અને કેટલાક મંગળવાજિંત્રના શબ્દથી રણસંગ્રામના ઉત્સાહવાળા થઈ જાગૃત થયા. પ્રથમની જેમ બન્ને સેનાઓમાં સર્વ યુદ્ધસામગ્રી તૈયાર કરી બન્ને સેનાપતિની આજ્ઞાથી વીરો યુદ્ધ કરવા ચાલ્યા.

જેમ મદિરા પીનારા મદ્યવડે, રાજાઓ ધનવડે અને બ્રાહ્મણો પરના અન્નવડે તૃપ્ત થતા નથી, તેમ ભુજાના બળથી ઉન્મત્ત થયેલા મહાવીરો યુદ્ધવડે તૃપ્ત થતા નથી. જેમ દાન દેવામાં ચતુર દાતારો જમવા માટે યાચકોને આમંત્રણ કરે, તેમ સુભટો ધ્વજાદિક ચિહ્નોવડે ઓળખીને સામા સુભટોને આમંત્રણ કરવા લાગ્યા. પોતાના કુળના ઉત્કર્ષને કહેતા, અન્યના કુળોની નિંદા કરતા, પરસ્પરની નિંદા, મર્મ–રહસ્ય, મશ્કરી અને પ્રશંસાવડે અન્યનો તિરસ્કાર કરતા તથા ભુજાસ્ફોટને કરતા બન્ને સૈન્યના વીરો કાંસીતાલની જેમ પરસ્પર મળ્યા, અને ક્રોધથી અધિકાધિક યુદ્ધ કરવા લાગ્યા.

વીરોએ એક બીજાની ઉપર મૂકેલા બાણો આકાશમાં અન્યો અન્ય અફળાતા હતા, તેથી તે આકાશમાં યુદ્ધ કરતા જાણે પાંખોવાળા સર્પ હોય તેવા શોભતા હતા. રાજાની અને ચક્રીની બહુરૂપી વિદ્યાના પ્રભાવથી વીરોએ મૂકેલાં ચક્રો અકાશમાં ચારે તરફ ભમવા લાગ્યાં.

વીરોએ પરસ્પર યુદ્ધ કરવા માટે પ્રેરણા કરેલા વાહનના હાથીઓ પોતાના સ્વામીઓનું પરાક્રમ પોતાને વિષે પ્રાપ્ત થવાથી અધિકાધિક પરાક્રમવડે યુદ્ધ કરવા લાગ્યા. ગર્જના કરવા પૂર્વક પરસ્પર અફળાતા તે હાથીઓના દાંતના પ્રહારથી અગ્નિની જ્વાળા નીકળતી હતી, તેથી તે હાથીઓ વીજળી સહિત જાણે મેઘ હોય તેવા શોભતા હતા. યુદ્ધ કરતી વખતે ઉંચે ઉડતા અને નીચે પડતા બખ્તરવાળા હાથીઓ જાણે પાંખોવાળા પર્વત હોય તેમ કોના આશ્ચર્યને માટે તથા ભયને માટે ન થાય ? કારણ કે તેઓ પગના આઘાતવડે પૃથ્વીતળને ખોદી નાંખતા હતા, મદના જળવડે ઝરણાં સહિત દેખાતા હતા, ઝરતા રૂધિરવડે ગેરૂ નામની ધાતુ સહિત દેખાતા હતા, દાંતવડે અને તેમાં બાંધેલા ખડ્ગોવડે તથા સૂંઢવડે અને સૂંઢમાં પકડેલા મુદ્ગરાદિકવડે પરસ્પર દૃઢ પ્રહાર કરતા હતા, અને તેમના મુખરૂપી ગુફાઓ ગર્જના કરતી હતી.



સિંહો સિંહનાદવડે હાથીઓના સમૂહને ત્રાસ પમાડવા લાગ્યા, પુંછડાના પછાડવાથી રથોને શબ્દ કરાવવા લાગ્યા તથા દાઢા અને નખોવડે હણીને પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. મોટા ફુંફાડાવડે પરાભવ ન પામે એવા સર્પો ભયંકર ફણાઓના પ્રહારથી મણિઓની સંધિઓને ફોડી નાંખે એવું પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. ઘોર એવા ઘુરઘુર શબ્દવડે દુર્ધર, આકાશમાં ઉછળતા, પરસ્પર અથડાતા અને તીક્ષ્ણ દાઢાવડે હણતા એવા ભુંડો યુદ્ધ કરવા લાગ્યા.

એ જ પ્રમાણે અષ્ટાપદ, મૃગ, શાર્દૂલ, પાડા વિગેરે વિદ્યાધરોનાં વાહનો અને બીજા પશુઓ પણ અનાદિ ભવના અભ્યાસથી, વીરોના નિરંતરના સંગથી, ક્રોધ અને અભિમાનાદિકવડે યુક્ત હોવાથી અને પોતપોતાના સ્વામીની પ્રેરણાથી પ્રાણોને પણ તૃણ સમાન ગણતા, શત્રુનો ક્ષય થાય ત્યાંસુધી શત્રુને પીઠ નહિ દેખાડતા, જાણે વીરેંદ્રો હોય તેમ ચિરકાળ સુધી યુદ્ધ કરવા લાગ્યા.

આ પ્રમાણે પશુઓનું પણ શૌર્ય જોઈ અત્યંત ગર્વિષ્ઠ થતા વીરો પોતાના સમગ્ર બળવડે સંગ્રામ કરવા લાગ્યા. તેમાં કોપના આવેશથી યુદ્ધ કરતા ખેચરચક્રીના સુભટોએ કુમારરાજનું કેટલુંક સૈન્ય ભાંગી નાંખ્યું, તેથી તે દીનતા ધારણ કરવા લાગ્યું.

તેને ત્રાસ પામતું જોઈ યુદ્ધ કરવા ઇચ્છતા સ્ત્રીરૂપધારી કુમારરાજને સ્વામીભક્તિથી નિવારી મદોન્મત્ત હાથીઓપર આરૂઢ થયેલા, જાણે કે વિશ્વના સમગ્ર વીરોની શક્તિ ગ્રહણ કરીને તેવડે બનાવ્યા હોય એવા બળવાન, યુદ્ધને વિષે પ્રસિદ્ધ કીર્તિવાળા, નવા બળવાળા અને માયાવડે સ્ત્રીઓનાં શરીરને ધારણ કરનારા વીરાંગદ, મહાબાહુ, સુઘોષ અને સુમુખ વિગેરે પાંચસો સુભટોએ શત્રુઓને યુદ્ધ કરવા બોલાવ્યા.

તેઓએ ક્યારે બાણો ગ્રહણ કર્યાં અને ક્યારે મૂક્યાં તે કોઈના જાણવામાં આવ્યું નહિ; પરંતુ તેના બાણોથી હણાઈને પડેલા શત્રુઓ જ જોવામાં આવ્યા. ક્રોધના આવેશવાળા તેઓએ ઘણા વીરોને પૂર્વાપર દીર્ઘ નિદ્રાવડે સુવાડી દીધા, અને બીજા સાજા વીરો પણ મરણના ભયથી તે સુતેલાઓની અંદર જ કપટનિદ્રાથી સુઈ ગયા. તેઓએ રથીઓને રથ રહિત કર્યા અને રથોને રથીઓ રહિત કર્યા, સ્વારોને અશ્વ રહિત કર્યા અને અશ્વોને સ્વારો રહિત કર્યા, હાથીના સ્વારોને હાથી રહિત કર્યા અને હાથીઓને હસ્તીસ્વારો રહિત કર્યા, વિમાનિક યોદ્ધાઓને વિમાન રહિત કર્યા અને વિમાનોને વિમાનિક યોદ્ધા રહિત કર્યા, તથા પગે ચાલનારા ઘણા સૈનિકોને તેમના પગો છેદી પગે ચાલી ન શકે તેવા કર્યા, આ પ્રમાણે ખેચરચક્રીનું સમગ્ર સૈન્ય બળ રહિત કરી નાંખ્યું.



આ રીતે ખેચરચક્રીનું ભાંગેલું સૈન્ય નાશી જવા લાગ્યું, તે વખતે હાથીપર આરૂઢ થયેલો ગજસિંહ નામનો ખેચરસુભટ યુદ્ધમાં દોડયો, અને યુદ્ધના ઉદ્યમમાં ભગ્ન થયેલી પોતાની સેનાને ધીરજ આપતો બોલ્યો કે—" જે કોઇ યોદ્ધો હોય તે મારી સામે આવીને મને રોકો-રૂંધો." તે વખતે બીજા પણ હાથીના વાહનવાળા ગજાનન, ગજદેવ વિગેરે પાંચસો યોદ્ધાઓ યુદ્ધ કરવા દોડયા. તેમને બોલાવવાપૂર્વક માયાસ્ત્રીના રૂપવાળા વીરાંગદાદિક વીરોએ તેમની સાથે યુદ્ધ કરીને રોકયા. ત્યારે તેમને ગજસિંહાદિક યોદ્ધાઓએ કહ્યું કે-" હે રંડાઓ! તમે યુદ્ધને લાયક નથી. અહીંથી જઇને પાણીના ઘડા ઉપાડો અને સુતર કાંતો, તે સાંભળી સ્મિતવડે સુંદર મુખવાળી માયાવી સ્ત્રીઓ બોલી કે-

" અમે વૈરીઓની નારીઓને રંડાપો આપનારી છીએ, તેથી અમો રંડાઓ કહેવાઈએ છીએ; માટે તમે શીઘ્ર યુદ્ધ કરો, કે જેથી અમારૂં રંડા નામ સાર્થક થાય. તમે અમારાથી યુદ્ધમાં હણાશો, તેથી તમને જલાંજલિ આપવા માટે પહેલેથીજ જળ તૈયાર રાખવામાં આવ્યું છે, તેથી અમારે પાણીના ઘડા ઉપાડવાની જરૂર નથી. વળી પુષ્કળ વૈરીઓને બાંધવા માટે સુતર પણ ઘણું તૈયાર છે, તેથી અમે શા માટે સુતર કાંતીએ ? હમણાં જ યુદ્ધમાં અમારાથી તમારૂં બંધન કે પલાયન થશે, માટે તમારી કીર્તિરૂપી સ્ત્રીનો વધ કરવાથી ખરેખર તમને સ્ત્રીહત્યા લાગવાની. છે."

આ પ્રમાણે મર્મસ્થાનને વીંધનારા તેમના વચનરૂપી બાણોવડે વ્યથા- પામેલા તે સુભટો તે માયાવીસ્ત્રીઓ ઉપર સારભૂત બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. તે વૃષ્ટિને તે માયાવી-સ્ત્રીઓએ વાયુના સમૂહ જેવા બાણોના સમૂહવડે હરી લીધી—દૂર કરી. 'વિઘ્નોથી હણાયેલા ભાગ્યહિનોના મનોરથો શી રીતે સિદ્ધ થાય?' જેમ વૈદ્યો ઔષધોવડે રોગી-ઓના રોગોને હણે છે, તેમ તે સ્ત્રીસુભટોએ સારી રીતે મૂકેલા મોટા શસ્ત્રોવડે શત્રુઓના ગર્વને હણી નાંખ્યાં. તે વખતે સૈન્ય સહિત તે હજાર યોદ્ધાઓનો મહા સંગ્રામ યમરા-જના જ પોષણ અને સંતોષને માટે થયો.

સ્ત્રીરૂપ પણ મહાવીર વીરાંગદ યુદ્ધમાં વૈરીનો સંહાર કરવાથી યમરાજની ઉપમાને ધારણ કરતો હતો. ગજસિંહે પણ તીક્ષ્ણ બાણોવડે શત્રુઓનો ક્ષય કરી અને ચિરકાળ સુધી યુદ્ધ કરી તે વીરાંગદને વ્યાકૂળ કરી દીધો. ત્યારે વીરાંગદે તેનાપર નગવિદ્યાએ કરીને એક મોટો પર્વત મૂકયો, તેને ગજસિંહે અશનિવિદ્યાવડે ચૂર્ણ કરી નાંખ્યો. પછી ગજસિંહે વીરાંગદ ઉપર વિદ્યાસિંહ મૂકયો, એટલે ક્રોધથી ઉદ્ધત થયેલો તે વિદ્યાસિંહ જેટલામાં તે વીરાંગદ યોદ્ધાના વાહનરૂપ હાથીને ખાવા જાય છે, તેટલામાં તે વીરાંગદે

શરભ વિદ્યાનું સ્મરણ કર્યું, તેથી તત્કાળ શરભ પ્રગટ થયો, અને તે વેગથી શત્રુઓના સિંહોને હણવા લાગ્યો; એટલે તે શરભને હણવા માટે ગજસિંહે તેનાપર ઘણા બાણો મૂક્યાં, તથા ખડ્ગ અને ગદા વિગેરે હજારો આયુધો મૂક્યાં, તો પણ તે દુર્ધર્ષ શરભે ગર્જના કરીને આકાશમાં ઉડી સર્વ શસ્ત્રના સમૂહને ભેદી ગજસિંહને નખોવડે હણીને પાડી દીધો. પછી હાથીને બાંધનાર પુરૂષ જેમ પાણીમાં પડેલા હાથીને દોરડાવડે બાંધીને પકડી લે તેમ પડી ગયેલા ગજસિંહને વીરાંગદે નાગપાશવડે બાંધીને પકડી લીધો.

તેમ જ સ્ત્રીરૂપધારી મહાબાહુએ ચિરકાળ સુધી બાણનું યુદ્ધ કરીને ગજાનનના ઉપર અગ્નિને વરસાવતી શક્તિ મૂકી. તે શક્તિને ગજાનને પણ જેમ અનિત્ય ભાવનાવડે ડાહ્યો પુરૂષ સંસારની તૃષ્ણાને હણે તેમ લીલામાત્રમાં સામી શક્તિવડે હણી નાંખી. ત્યારપછી તે મહાબાહુએ તે ગજાનન વૈરી ઉપર મોહનાસ્ત્ર મૂક્યું, તેનાથી તે મૂર્છા પામ્યો; એટલે તેને બાંધીને પકડી લીધો.

એજ પ્રમાણે સ્ત્રીરૂપધારી સુગ્રીવ વિગેરે વીરો પોતાની સામે યુદ્ધ કરનારા યોદ્ધાઓને ચિરકાળ સુધી લોહનાં દિવ્ય શસ્ત્રોવડે ભયંકર એવા યુદ્ધોવડે ખેદ પમાડી, વિવિધ શસ્ત્રોવડે જર્જરિત કરી તથા લોથપોથ કરી નાગપાશાદિકવડે બાંધીને એકી સાથે પોતાની શિબિરમાં લઈ ગયા.

આ પ્રમાણે પોતાના પાંચસો સુભટોને બાંધીને લઈ ગયા જોઈ વિદ્યાધરચક્રવર્તીનું આખું સૈન્ય ત્રાસ પામ્યું અને વીખરાઈ ગયું, તે જોઈ વિદ્યાધરચક્રવર્તી તે સમયે ક્રોધ, ગર્વ અને પરાભવવડે અત્યંત વ્યથા પામી જેટલામાં યુદ્ધભૂમિપર યુદ્ધ કરવા આવે છે, તેટલામાં સંગ્રામને વિષે તૃષ્ણાવાળા તેના ત્રીજા પુત્ર મણિમાલીએ બે હાથ જોડી ભક્તિથી ચક્રી પિતાને વિનંતિ કરી કે—

“હે પિતાજી! કીડીઓને વિષે ગરૂડની જેમ આ રંડાઓને વિષે ઇંદ્રને પણ નાશ પમાડનાર એવા દેદીપ્યમાન બળવડે આપને સંગ્રામનો આરંભ શા માટે કરવો જોઈએ? મેં સ્ત્રીપણાને લીધે તેમની ઉપેક્ષા કરી હતી, પરંતુ તે તો ઉદ્ધત થઈ ગયેલ છે: તેથી હવે અપરાધવાળી તેઓનો હું નિગ્રહ કરીશ અને તેમણે ગ્રહણ કરેલા આપણા સુભટોને હું પાછા લઇ આવીશ.” આ પ્રમાણે કહીને પિતાને નિષેધ કરી હાથીના કુંભસ્થળપર બેસી તે મણિમાલી શત્રુઓની શ્રેણિનો સંહાર કરતો શત્રુઓના લશ્કરમાં પેઠો.

જેમ તળાવમાં પાડો પ્રવેશ કરે ત્યારે શબ્દ કરતા દેડકાઓ તેના માર્ગને મૂકી બાજુપર ખસી જાય તેમ તે મણિમાલીએ સેનામાં પ્રવેશ કર્યો ત્યારે યોદ્ધાઓ તેનો

માર્ગ મૂકી બાજુપર ખસી ગયા. તે વખતે તે મણિમાલી બોલ્યો કે–" રે કપટ લક્ષ્મીના કરંડીઆ સમાન રંડાઓ! આવો. હમણાં હું તમને નાક કાન રહિત કરૂં છું, અને અસ્તરાવડે તમારાં મસ્તકો મુંડી નાંખુ છું."

આ પ્રમાણે તેનું તિરસ્કારવાળું વચન સાંભળી તે સ્ત્રીસુભટો તત્કાળ દોડી આવી. 'વીર પુરૂષો અને સિંહો વીરના ધિક્કારને સહન કરી શકતા નથી.' તે સ્ત્રીસુભટો-માંથી વીરાંગદ વીરે મણિમાલીને રૂંધ્યો, અને જેમ મેઘ પર્વતપર જળધારાની શ્રેણિને વરસાવે તેમ તેણે તેનાપર બાણોની શ્રેણિ વરસાવી. આ પ્રમાણે સ્ત્રીરૂપે યુદ્ધ કરતા વીરાંગદ વીરને ઉત્કટ બળવાન મણિમાલીએ બાણોની શ્રેણિવડે ઢાંકી દીધો.

તેવામાં મણિમાલીના બીજા (૪૯૯) ભાઈઓ કિરણમાલી વિગેરે મહા યોદ્ધાઓ યુદ્ધમાં દોડી આવ્યા. તેમને પણ તત્કાળ વીરાંગદ સિવાયના બીજા (૪૯૯) મહા બળવાન સ્ત્રીસુભટોએ બાણની વૃષ્ટિ કરવાપૂર્વક યુદ્ધને માટે બોલાવ્યા. તેઓના યુદ્ધમાં દિશા, વિદિશા, આકાશ કે પૃથ્વી કાંઈ પણ દેખાતું નહોતું, માત્ર બાણો જ દેખાતાં હતાં.

હવે મણિમાલીએ વીરાંગદ ઉપર જવાળાવડે વ્યાપ્ત એવી શકિત મૂકી, તેને તત્કાળ વીરાંગદ વીરે સામી શકિત મૂકીને ભેદી નાખી. પછી ધીર એવા વીરાંગદે વૈરીના પ્રાણોને હરનાર અને ઘોર એવા ઘુરઘુર શબ્દવડે દુર્ધર એવા વિદ્યાથી ઉત્પન્ન કરેલા ભૂંડો મૂકયા, તેમને આવતા જોઈ મહાસુભટ મણિમાલીએ વિદ્યાવડે ઉત્પન્ન કરેલા સિંહને મૂકયો, તે સિંહે સર્વ ભૂંડોનો તત્કાળ નાશ કર્યો, અને પછી તે સિંહ વીરાંગદ તરફ દોડયો. તેને આવતો જોઈ વીરાંગદે પ્રથમની જેમ વિદ્યાવડે શરભ મૂકયો, તે શરભ સિંહને ખાઈ ગયો. પછી તે મણિમાલી તરફ દોડયો. તેને આવતો જોઈ શીઘ્રપણે મણિમાલીએ વિદ્યાવડે ઉતારેલા ગર્જના કરતા મેઘવડે મૃત્યુ પમાડયો.

પછી મણિમાલીએ બાણોવડે વીરાંગદના હાથીને પાડી નાંખ્યો. તે વખતે પવનવેગે સિંહે જોડેલો રથ આવ્યો. તેમાં બેસી હર્ષ પામેલા વીરાંગદે પણ બાણોના સમૂહવડે મણિમાલીના મદોન્મત્ત હાથીને પાડી નાખ્યો. ત્યારે મણિમાલીએ વિદ્યાથી કરેલા નવા રથમાં બેસી ક્રોધ પામી વીરાંગદના શરીર ઉપર અનેક બાણો નાખી તેને વ્યાકુળ કર્યો. પછી તેના અનુક્રમે સાત ધનુષ્યો છેદી નાખ્યા, તેથી તે વીરાંગદ શરને ગ્રહણ કરવા કે મૂકવા શકિતમાન થયો નહિ. ત્યારપછી તે મણિમાલીએ તત્કાળ પ્રસ્વાપન શસ્ત્રવડે વીરાંગદને તથા બીજા સર્વ સ્ત્રીસુભટોને પણ સુવાડી દીધા; અને જેમ આરંભ મૂઢ પ્રાણીને કર્મથી બાંધે તેમ મણિમાલીએ નિદ્રા પામેલા તે વીરાંગદ ભટને નાગપાશથી

બાંધી લીધો. એ જ પ્રમાણે ચિરકાળ યુદ્ધ કરવાના શ્રમથી વ્યાકુળ થયેલા મહાબાહુ વિગેરે સર્વે સુભટો મણિમાલીના શસ્ત્રવડે નિદ્રા પામ્યા, તેમને જુદા જુદા નાગપાશવડે બાંધી લીધા.

પછી જેમ મચ્છીમાર જાળમાં મત્સ્યોને ગ્રહણ કરે તેમ મણિમાલી પણ વિદ્યાથી બનાવેલા મોટાપટને વિષે બાંધેલા સ્ત્રીસુભટોને ગ્રહણ કરવા તૈયાર થયો, તેવામાં પવનવેગાદિકે તેને યુદ્ધ કરવા બોલાવ્યો, એટલે મણિમાલી તે સ્ત્રીસુભટોને મૂકી તેની સામે સંગ્રામ કરવા આવ્યો.

'વીરોને યુદ્ધનું અને બ્રાહ્મણોને ભોજનનું આમંત્રણ કરવામાં આવે તો તે વખતે તેમનાં બીજાં સર્વ કાર્યો અદશ્ય થાય છે—પડ્યા રહે છે એમ કહેવાય છે.' સિંહની સાથે હાથીઓ જેમ યુદ્ધ કરે તેમ તે મણિમાલીની સાથે ભોગરતિ વિગેરે બીજા ઘણા વિદ્યાધર વીરો યુદ્ધ કરવા લાગ્યા. તો પણ તે એકલા વીર મણિમાલીએ શસ્ત્રોવડે ઘણા વીરોને મદ રહિત કરી દીધા. 'સૂર્ય પરિમિત તેજવાળો છે, તો પણ તે એકલો ઘણા ગ્રહોને નિસ્તેજ કરે છે.' યુદ્ધ કરતા એવા તે મણિમાલીએ ભૃકુટિની સંજ્ઞાથી કિરણમાલીને પ્રેરણા કરી એટલે તે પેલા બાંધેલા સ્ત્રીસુભટોને લઈને ચાલ્યો.

ચંદ્રગતિએ તે વૃત્તાંત જણાવવાથી તત્કાળ કુમારરાજ ત્યાં આવ્યા, અને તેણે કિરણમાલીને સ્તંભિની વિદ્યાવડે સ્તંભિત કરી દીધો. તથા પોતાના સ્ત્રીસુભટોને ગારૂડી વિદ્યાવડે નાગપાશના બંધનથી મુક્ત કરી પ્રબોધિની વિદ્યાવડે સર્વને જાગૃત કર્યા. એટલે સજ્જ થયેલા તે સ્ત્રીસુભટો છેદેલી જાળમાંથી ચકલા ઉડીને આવે તેમ તે પટને ભેદી ઉડીને કુમારરાજની પાસે આવ્યા. તેમનો કુમારરાજે નવા વાહનો અને શસ્ત્રો વિગેરે આપીને સત્કાર કર્યો, અને દયાને લીધે કિરણમાલીને પણ સ્તંભન રહિત–છુટો કર્યો.

કિરણમાલી પોતાના સ્તંભનથી અને પછી બંધનના મોક્ષથી અત્યંત ક્રોધ પામી પોતાના આત્માને–શક્તિને પણ નહિ જાણતો ખડ્ગને ઊંચું કરી કુમારરાજને હણવા દોડ્યો. જેટલામાં તે વીરમાની કુમારપર અસિનો પ્રહાર કરે છે, તેટલામાં કુમારરાજે તેની અસિ ઉડાવી દઈ તેને માત્ર કોમળ મુઠીનો જ પ્રહાર કર્યો. આ રીતે તે દયાળુ રાજાએ તેને હણ્યો નહિ, તોપણ તે મૂર્છિત થઈ ભૂમિપર તો પડ્યો.

'શું સિંહની કોમળ ચપેટાને પણ મૃગ સહન કરી શકે?' તેને ચંદ્રગતિએ બાંધી રાજાના આદેશથી ઔષધિના જળવડે સજ્જ કરી ત્યાંથી ઉપાડી પૂર્વે બાંધેલા

સુભટોની સાથે મૂકી દીધો; એટલામાં નામ અને પ્રતાપવડે પોતાની સમાન એવા કિરણમાલીને બંધાયો જાણી સૂર્ય જાણે ભય પામ્યો હોય તેમ પશ્ચિમ સમુદ્રમાં છુપાઈ ગયો. પુત્ર અને સુભટોના બંધનથી સૈન્ય સહિત ખેચરચક્રવર્તી સૂર્યે નષ્ટ કર્યા છે કિરણ જેના એવા ચંદ્રની જેમ કાંતિ રહિત થયો. કાવ્યને વિષે રચવા લાયક અર્થ રચાવાથી જેમ કવિ ખુશી થાય, તેમ ઘણા વૈરીઓ બંધાવાથી કુમારરાજનું સૈન્ય હર્ષ પામ્યું.

ઈતિ શ્રીજયાનંદ કેવળી ચરિત્રને વિષે ખેચર ચક્રવર્તી અને શ્રીજયાનંદ રાજાના યુદ્ધના અધિકારમાં ત્રીજા દિવસના યુદ્ધનો વિસ્તાર પૂર્ણ થયો.

## ચોથો દિવસ.

હવે સુભટોએ નિદ્રારૂપી [૧]અભિસારિકાને બે ત્રણ પ્રહર સુધી ભોગવી સૂર્યોદયનો સમય થતાં તેને વિદાય કરી, તેથી તે તત્કાળ ચાલી ગઈ. યુદ્ધમાં મરાતા સુભટોવડે પોતાના પુત્રને યમરાજને તૃપ્ત કરવા માટે યમરાજના પિતાએ–સૂર્યે યુદ્ધના આરંભને અટકાવનાર અંધકારને દૂર કર્યો. ઉદય પામતા કિરણોવડે સૂર્યની જેમ બન્ને સેનામાં સુભટોનો સમૂહ યુદ્ધના ઉત્સાહવડે દેદીપ્યમાન થયો. સમગ્ર સામગ્રીવડે દેદીપ્યમાન, ઉત્કટ તેજવાળા અને દૃઢ બળવાળા બન્ને સૈન્યો યુદ્ધ કરવા માટે રણભૂમિમાં પ્રાપ્ત થયા.

[૨]પત્ર–વાહનવાળા અને [૩]ફળ–ઢાલના સમૂહને ધારણ કરતા શૂરવીરોના સમૂહથી પત્રિઓ–બાણો અને વૃક્ષોથી પતત્રિઓ–પક્ષીઓ ઉડવા લાગ્યા. પરસ્પર મૂકેલા બાણોવડે ઘાયલ થયેલા અને તેથી રૂધિર નીકળવાવડે રાતા થયેલા વીરો ફૂલેલા કિંશુક–કેસુડાનાં વૃક્ષોની તુલ્યતાને પામ્યા. ચોતરફ વીરોએ મૂકેલા બાણો આકાશમાં પરસ્પર અથડાવા લાગ્યા; તેથી જાણે પાંખોવાળા સર્પો તુંડાતુંડી–સામ સામા મુખવડે યુદ્ધ કરતા હોય તેવા દેખાતા હતા. ખડ્ગોવડે એકી સાથે છેદાયેલા કેટલાક વીરોનાં મસ્તકો આકાશમાં ઉછળ્યાં. તે જાણે કે રાહુની જેમ [૪]દંતાદંતી–દાંત દાંત વડે યુદ્ધ કરતા હોય તેવાં દેખાતા હતા. આ પ્રમાણે ઘોર સંગ્રામ પ્રવર્ત્યો.

તેમાં સમુદ્રના તરંગોવડે નદીઓના તરંગની જેમ ચક્રીના સુભટોએ કુમારરાજના સૈનિકોને પાછા હઠાવ્યા. તેમને પાછા હઠતા જોઈ શત્રુરૂપી ઘાસના સમૂહને બાળવામાં દાવાનળ જેવો વજ્રવેગ સેનાપતિ સિંહે જોડેલા રથમાં આરૂઢ થઈ રણભૂમિમાં આવ્યો.

---

૧ રખાયત પતિની પાસે પોતાની મેળે જનારી સ્ત્રી. ૨ વૃક્ષના પક્ષમાં પાંદડાં. ૩ પક્ષે ફળો. ૪ દાંત દાંતવડે.

તે જ્યાં જ્યાં યોદ્ધાઓને જોવા લાગ્યો, ત્યાં ત્યાં તેમને હણવા લાગ્યો. 'જ્યાં જ્યાં ઘાસ હોય ત્યાં ત્યાં દાવાગ્નિ તેને બાળે જ છે.' પછી પવનવેગ પણ રથમાં આરૂઢ થઈ રણસંગ્રામના પારને પામવાની ઈચ્છાથી શત્રુની સેનાનો પરાજય કરવા પ્રાપ્ત થયો. 'જેમ મનના દુષ્ટ અધ્યવસાયવડે પીડા પામતા ધર્મિષ્ટ જનો કલેશના મૂળ કારણની નિંદા કરે, તેમ તે પવનવેગના બાણોવડે વ્યથા પામેલા સુભટો પ્રથમથી જ થયેલા વૈરની નિંદા કરવા લાગ્યા.'

પછી યશલક્ષ્મીની સ્પૃહાવાળો વીર ચંદ્રગતિ પણ યુદ્ધમાં પ્રવર્ત્યો. સુભટોપર પ્રહાર કરતા એવા તેની ગતિને કોઈ પણ વીર સ્ખલના પમાડી શક્યો નહિં. એજ રીતે યશને વિષે પ્રીતિને ધારણ કરતા ભોગરતિ વિગેરે સુભટો પણ શત્રુનો સર્વથા નાશ કરે તેવા ક્રોધથી રણભૂમિમાં યુદ્ધ કરવા લાગ્યા, અને તે સર્વેએ પોતાની સેનાને રક્ષણ કરનારા તથા વૈરીના પ્રાણને હરવામાં રાક્ષસ જેવા બાણોવડે શત્રુસુભટોને દીનતા પમાડી ચક્રીના સૈન્યને ઢાંકી દીધું.

જેમ કષાયો સંયમને ઉપદ્રવ કરે તેમ વિચિત્ર શસ્ત્રોવડે યુદ્ધ કરતા તેઓએ શત્રુના બળવાન સૈન્યને ભારે ઉપદ્રવ કર્યો, તેઓએ બાણોવડે કેટલાક શત્રુઓનાં ધનુષ્યો છેદી નાંખ્યા, કેટલાકનાં ધનુષ્યની દોરી તોડી નાંખી, કેટલાકનાં બાણોને ભાંગી નાંખ્યા, અને કેટલાકને મૃત્યુ પમાડ્યા. આ રીતે ચક્રીના સુભટો અત્યંત વ્યાકુળ થઇ ગયા, ત્યારે ભવના ભીરૂ ભવ્ય પ્રાણીઓ જેમ મિથ્યાત્વથી પાછા હઠીને સમ્યક્ત્વને શરણે જાય તેમ તેઓ યુદ્ધથી પાછા હઠીને ચક્રીને શરણે ગયા; એટલે પોતાની સેનાને પવનવેગાદિકે ભાંગેલી જોઈ ચક્રીને અત્યંત ક્રોધ જાગૃત થયો, તેથી તેણે વિદ્યાધરોને કહ્યું કે—

"અહો! બાલ્યાવસ્થાથી જ જે મારા સેવકો થઈ મારી આજ્ઞાવડે જ માત્ર જીવનારા છે, તેઓ આજે મારા સૈન્યને ભાંગે છે, અને મારા પુત્રાદિકને બાંધે છે; તોપણ ખેદની વાત છે કે હું જીવતો છતો જ આવા પરાભવને સહન કરૂં છું અને વિદ્યાધર-ચક્રવર્તીના અભિમાનને ધારણ કરૂં છું. માટે મને ધિક્કાર છે. મારે તો હવે એ પવનવેગાદિક દુષ્ટોને જલ્દી હણવા જ જોઈએ." આ પ્રમાણે વિચારી તે યુદ્ધની ઇચ્છાથી રથપર આરૂઢ થતા હતા, તેવામાં તેના સર્વ પુત્રોમાં મોટા ચક્રવેગ નામના પુત્રે શત્રુના સૈન્યને તૃણ સમાન ગણી ખેચરચક્રીને ભક્તિ સહિત વિનંતિ કરી કે—

"પિતાજી! શેષનાગ તમારા બાણથી ભય પામીને પાતાળના મૂળમાં જઈ રહ્યો છે, તેથી તે યુદ્ધ કરવા લાયક નથી, આ પૃથ્વી સર્વ પ્રાણીઓનો આધાર હોવાથી

તમારા બાણના સમૂહવડે ફાટી જાય તે યોગ્ય નથી, સમુદ્ર પણ તમારા શસ્ત્રના ભયથી નિરંતર આક્રંદ કર્યા કરે છે, તેથી તે પણ વધારે શોષણ કરવાને યોગ્ય નથી, શક્રેન્દ્રે પ્રથમથી જ આ પર્વતોની પાંખો કઠીન વજ્રના પ્રહારવડે કાપી નાખી છે, તેથી પર્વતો પણ હણવા યોગ્ય નથી. અગ્નિ દ્વારા ભોજન કરનારા આ દેવો સ્વર્ગમાંજ સ્થિતિ કરવાથી પ્રીતિવાળા થયા છે, તેમને શા માટે જીતવા જોઈએ? યમરાજ જગતને અનિષ્ટ છે તોપણ તેના પગ સડી ગયેલા છે, તેથી તે પણ વધ કરવા યોગ્ય નથી. વિશેષ શું કહું? ત્રણ લોકમાં કોઈપણ એવો વીર નથી કે જે યુદ્ધમાં તમારી સામે ઊભો રહી શકે, તો હે પિતા! કોને જીતવા માટે આ રણકાર શબ્દ કરતા શસ્ત્રને તમે ધારણ કરો છો? વળી પોતાના આત્માને સુભટ માનનારા આ મનુષ્યો તમારા મોટા અપરાધવાળા હોય તોપણ નિઃસાર હોવાથી તમારે વધ કરવા લાયક નથી.

હાલમાં કોઈપણ ચક્રવર્તી કે વાસુદેવ યુદ્ધમાં તૈયાર થઈને સામે આવ્યો નથી, તેમ જ અસુરેંદ્રો પાતાળ રૂપી બિલમાં પેસી ગયા છે અને દેવો અનંતવનમાં પેસી ગયા છે, તો હમણાં સંપૂર્ણ વીર્યવાળો કોણ યોદ્ધો રણસંગ્રામના તમારા કૌતુકને પૂરનારો થાય તેમ છે? કદાચ તેઓએ હીન બળવાળા આપણા યોદ્ધાઓનો પરાજય કર્યો તો તેમાં શા માટે ખેદ કરવો જોઈએ? શું કાગડાઓ પણ કીડાઓને ત્રાસ નથી પમાડતા? તેથી તેઓને વિષે આ તમારો શો યુદ્ધનો આરંભ? હું જ તેમને જલ્દીથી જીતી લઈશ.

કુહાડો જ લતા છેદવા માટે યોગ્ય છે, વજ્ર પાસે લતા છેદવાનું કામ કરાવાય નહિ. ત્રણ જગતને જીતનાર તમે છો, તેથી અમને રણસંગ્રામ સુલભ છે, માટે આજે અવસરે પ્રાપ્ત થયેલું તમારા પુત્રનું શૌર્ય પણ તમે જુઓ. શું હું આજે આ પૃથ્વીને ભેદી શીઘ્રપણે નાગકુમારની શ્રેણિને ત્રાસ પમાડું? કે શું પાકી કેરીની જેમ નક્ષત્રોના સમૂહને બાણોવડે પૃથ્વીપર પાડી દઉં? કે શું શક્તિવડે સમુદ્રનું શોષણ કરૂં? કે શું પર્વતોને ચૂર્ણ કરી નાખું? આવા પ્રકારની સર્વ શક્તિવાળા મને તમારા જેવો જ પુત્ર જાણો.

આવાં વચનોવડે આનંદ પામેલા પિતાને નિષેધ કરી તેની અનુમતિ લઈ તે ચક્રવેગ શત્રુઓના સમૂહને અનુક્રમે હણતો હણતો આગળ ચાલ્યો. નદીના મોટા પૂરની જેમ રણસંગ્રામમાં પ્રસરતા તેને પત્તિ, રથી, ઘોડેસ્વાર કે હસ્તીસ્વાર કોઈપણ સ્ખલના પમાડી શક્યો નહિ. શરીરમાં ચારે તરફ અર્ધ પેઠેલા તેના બાણોવડે મહા સુભટો જાણે શીશોળીઓથી વ્યાપ્ત શરીરવાળી શાહુડીઓ હોય તેવા જણાવા લાગ્યા.



શત્રુઓને ત્રાસ પમાડતા તેને જોઈ પવનવેગે તેને યુદ્ધ માટે બોલાવ્યો, ત્યારે રણસંગ્રામના અર્થી એવા તેને જોઈ ચક્રવેગે કહ્યું કે—"ગર્વથી અંધ થયેલાની બુદ્ધિ નાશ પામે છે, તેની જેમ હે મૂર્ખ! તું કેમ મરવાની ઈચ્છાવાળો થયો છે કે જેથી આજકાલનો તું દુર્બુદ્ધિએ કરીને મારી સન્મુખ ઉભો રહેવા ઈચ્છે છે? રે મૂઢ! બાલ્યાવસ્થાથી જ મારા પિતાનો સેવક થઈને આજે શત્રુપણું ધારણ કરી એક તુચ્છ નારીના બળથી ધીઠો થાય છે? આજે હું તને અવશ્ય હણી નાખીશ, તે વખતે તે નારી તારૂં રક્ષણ નહિ જ કરી શકે. 'સિંહથી ગળાતા મૃગનું શું મૃગલી રક્ષણ કરી શકે?' તેણીએ પોતાનું રક્ષણ કરવા માટે જ મારી સાથેના સંગ્રામમાં તને મોકલ્યો જણાય છે. 'શું શિકારીઓ પ્રથમ વાઘના મુખમાં કુતરાને નથી નાંખતા? તારો તથા પોતાને સુભટ તરીકે માનનારી તેણીનો પણ આજે હું લીલામાત્રથી જ નિગ્રહ કરીશ. સૂર્ય હો કે ચંદ્ર હો, પણ તે બન્ને રાહુના તો ભક્ષ્યજ છે."

આવાં તેનાં વચનો સાંભળી પવનવેગ પણ બોલ્યો કે—"તારો પિતા મારો સ્વામી જ છે; પરંતુ ઉન્માર્ગે ચાલનાર તે તારો પિતા પરણેલી સ્ત્રીની ઇચ્છા કરે છે, તેથી તેણે જ સ્વામીપણાનો ત્યાગ કર્યો છે. નાસિકા રહિત દેવની પ્રતિમા પૂજવા લાયક રહેતી નથી, તેમ ન્યાયનો ત્યાગ કરનાર સ્વામી પણ સેવવા લાયક રહેતો નથી. અન્યાયીઓની લક્ષ્મી કદીપણ સ્થિર રહેતી નથી, તેનો અનુભવ તને હવે થશે. આ સૈન્યની જે સ્વામિની તરીકે પ્રસિદ્ધ છે, તે નારી નથી, પરંતુ તે તો અકાળે ક્ષય કરનાર તમારૂં દુર્ભાગ્ય જ છે. તારાથી મારૂં મૃત્યુ છે કે મારાથી તારૂં મૃત્યુ છે તે યુદ્ધવડેજ જણાશે. માટે આ વાણીરૂપી નગારાનો આડંબર મૂકી દઈને યુદ્ધજ કર."

આવી તેની વાણીવડે વાયુવડે દાવાનળની જેમ અત્યંત જાજ્વલ્યમાન થયેલો તે ચક્રવેગ વૈરીરૂપી વનને બાળવા માટે બાણોરૂપી જ્વાળાને મૂકવા લાગ્યો. તે આવતી એવી બાણોરૂપી જ્વાળાને ગર્જના કરતા ઉન્નત મેઘની જેમ પવનવેગ બાણોની શ્રેણિરૂપી જળધારાવડે નિવારવા લાગ્યો. હવે મોટા ભાઈને મોટા યુદ્ધવડે યુદ્ધ કરતો જોઈ ખેચરચક્રવર્તીનો બીજો મહાવેગ નામનો પુત્ર પણ યુદ્ધ કરવા દોડ્યો. તેને શત્રુરૂપી અંધકારનો નાશ કરવામાં સૂર્યસમાન ચંદ્રગતિએ રૂંધ્યો, એટલે સીમા રહિત ઉત્સાહ અને શૌર્યવડે યુક્ત એવા તે બન્નેનું શરાશરી યુદ્ધ થવા લાગ્યું.

એજ રીતે ચક્રીનો ત્રીજો પુત્ર મણિમાલી નામનો અગ્રેસર સુભટ થઈને યુદ્ધ કરવા દોડ્યો. તેને ભોગરતિ વીરે રૂંધ્યો. પછી ધનુષને ધારણ કરી ચંડવેગ નામનો

ખેચરચક્રીનો સેનાપતિ યુદ્ધ માટે દોડચો, તેની સાથે સ્થિરતાપૂર્વક યુદ્ધ કરવા માટે કુમારરાજના સૈન્યનો વજ્રવેગ સેનાપતિ પ્રાપ્ત થયો. ત્યારપછી આ આઠે યોદ્ધાઓ જાણે દિગ્ગજ હોય તેમ મહા રણસંગ્રામમાં ગર્વથી ઘોર ગર્જના કરી આકાશને પણ ગજાવવા લાગ્યા. તે વખતે શરીર અને બખ્તર વિગેરેને ભેદનારા તેમના બાણો ઉડવા લાગ્યા, અને કેટલાક જોનારા યોદ્ધાઓના ભયથી રક્ષણ રહિત થયેલા પ્રાણો પણ ઉડવા લાગ્યા. તે વખતે બન્ને સૈન્યના બીજા સૈનિકો પણ શત્રુના સૈનિકોને પરસ્પર નામ ગ્રહણ કરી કરીને મોટા આગ્રહથી યુદ્ધને માટે લલકારવા લાગ્યા. આ પ્રમાણે બન્ને સૈન્યમાં રહેલા કરોડો સુભટો હાથમાં ધનુષ્ય બાણ ધારણ કરી યુદ્ધ કરવા માટે સામસામા આવી ગયા.

હવે પવનવેગની સાથે અસમાન કોપથી અત્યંત દુર્ધર અને વિશ્રાંતિનું અસ્થાન એવું ચક્રવેગનું મહાયુદ્ધ થયું. તેમાં જેમ મર્મનું વચન હૃદયને ભેદે તેમ ચક્રવેગે પવનવેગના ધનુષ્યને ભેદ્યું, એટલે પવનવેગે નવું ધનુષ્ય લઈ તપ જેમ કર્મને છેદે તેમ તે ચક્રવેગનું ધનુષ્ય છેદ્યું. દુર્બુદ્ધિવાળા બે ભાઈઓ જેમ દુર્વચનવડે સ્નેહને ભાંગે તેમ તે બન્નેએ એકી સાથે ભિંદિપાળવડે પરસ્પરના રથ ભાંગી નાંખ્યા. પછી ચક્રવેગ ગદા ઉપાડી પવનવેગ તરફ દોડચો; ત્યારે તે પવનવેગે પણ પથ્થરવડે પથ્થરને ભાંગે તેમ ગદાવડે તેની ગદાને ચૂર્ણ કરી. પછી હાથી જેવા તે બન્ને યોદ્ધાઓએ મુદ્દગરવડે યુદ્ધ કર્યું. તેમાં તે મુદ્દગરો જ પરસ્પર અફળાઈને ભાંગી ગયા, પરંતુ તે સુભટો ભાંગ્યા નહિ.

પછી મોહ જેમ પ્રાણી ઉપર તૃષ્ણાને મૂકે, તેમ ચક્રવેગે આકાશમાં ઉછળી એક મોટી શિલા પવનવેગ ઉપર મૂકી, ત્યારે જેમ બુદ્ધિમાન પુરૂષ સમક્તિના લાભવડે લાંબી ભવસ્થિતિને છેદે તેમ પવનવેગે પણ મુદ્દગરવડે હણીને તે શિલાને પીસી નાંખી. પછી તે બન્ને સુભટો વિદ્યાએ આપેલા રથો ઉપર આરૂઢ થઈ ચિરકાળ સુધી વીરોના મદરૂપી જ્વરને હરણ કરનાર શરો મૂકવા લાગ્યા. પછી ચક્રવેગે પવનવેગ ઉપર જયલક્ષ્મીના મૂળરૂપ શૂળ મૂક્યું. તેને પવનવેગે બાણોવડે કેળના સ્તંભની જેમ ભાંગી નાંખ્યું. જેવા તેવા શસ્ત્રવડે પવનવેગ જીતી શકાય તેમ નથી એમ જાણી ચક્રવેગે શત્રુઓને ખાઈ જનારી, ભયંકર અને જ્વાળાવાળી શક્તિનું સ્મરણ કર્યું; એટલે તડતડ શબ્દ કરતી અને પ્રાણને હરનારી તે શક્તિ તેના હાથમાં આવી, તેને તત્કાળ ચક્રવેગે ભમાડી પવનવેગ ઉપર મૂકી. તેને ભેદવા માટે પવનવેગે તથા બીજા વીરોએ પણ શસ્ત્રની શ્રેણિ મૂકી; પરંતુ દુર્જનની સત્ક્રિયાની જેમ તે શસ્ત્રશ્રેણિ નિષ્ફળ થઈ, એટલે તે શક્તિવડે

હૃદયમાં હણાયેલો પવનવેગ તત્કાળ મૂર્છા પામીને રથમાં પડી ગયો, અને પછી જેમ સિંચાણી ચકલાને પીડા ઉત્પન્ન કરી મૂકનારના હાથમાં પાછી આવે તેમ તે શક્તિ ચક્રવેગના હાથમાં પાછી આવી. પવનવેગને મૂર્છા પામેલો જાણી જેમ કામદેવ સ્ત્રીમાં મૂઢ થયેલા પ્રાણીને પુત્રાદિક સંતતિવડે બાંધી લે તેમ તેને ચક્રવેગે નાગપાશવડે બાંધી લીધો.

હવે ચંદ્રગતિની સાથે બાણોવડે ચિરકાળ સુધી યુદ્ધ કર્યા છતાં પણ મહાવેગ મિથ્યાત્વની ક્રિયા કરનાર પ્રાણી ભવને ન જીતે તેમ તેને જીતી શક્યો નહિ; ત્યારે મહાવેગે તેનાપર અતિ ભયંકર આગ્નેય શસ્ત્ર મૂક્યું, તેને ચંદ્રગતિએ શીઘ્રપણે વારૂણ અસ્ત્રવડે ઓલવી નાંખ્યું. પછી જોવાથી જ વૈરીના મસ્તકમાં શૂળ ઉત્પન્ન કરે તેવું ત્રિશૂળ મહાવેગે મૂક્યું, તેને ચંદ્રગતિએ તીરોવડે છેદી નાંખ્યું. છેવટે મહાવેગે યંત્રવડે લોહનો ગોળો મૂક્યો, તે શસ્ત્રોવડે પણ સ્ખલના પામ્યો નહિ. તેના પ્રહારથી તે ચંદ્રગતિની છાતીમાં વાગ્યો. તેનાથી તે યાચના કરેલા કૃપણની જેમ મૂર્છિત થઈ રથમાં પડી ગયો અને તરત જ મહાવેગે તેને નાગપાશવડે બાંધી લીધો.

એજ પ્રમાણે લોહથી અને વિદ્યાથી ઉત્પન્ન થયેલા વિવિધ પ્રકારનાં બે આયુધોવડે ચિરકાળ સુધી મહાયુદ્ધ કરી મણિમાલીએ ભોગરતિને અત્યંત શ્રમિત કર્યો. પછી તેણે તે ભોગરતિને નાગપાશવડે એવી રીતે બાંધી લીધો કે જેથી તે શ્વાસોચ્છ્વાસ લેવાને પણ શક્તિમાન રહ્યો નહિ. તેમજ ચક્રવેગ જેવા ચંડવેગ નામના સેનાપતિએ વજ્રવેગ સેનાપતિને ચિરકાળ યુદ્ધવડે શ્રમિત કરીને બાંધી લીધો.

આ પ્રમાણે જેમ ધર્મના ઉપશમાદિક સુભટોવડે મોહના કષાયસુભટો બંધાય તેમ ચક્રીના ચારે સુભટોએ રાજાના ચારે સુભટોને બાંધી લીધા, અને પછી તે ચક્રવેગાદિક બાંધેલા એવા તે પવનવેગાદિકને પોતાની કાખમાં નાંખી પોતપોતાના રથમાં બેસીને લઈ જતા હતા, ત્યારે વીરાંગદે તત્કાળ તેમનું સ્વરૂપ શ્રીજયાનંદ રાજાને નિવેદન કર્યું, એટલે શીઘ્રપણે રાજાએ આવી બાણોની વૃષ્ટિવડે તેમને રૂંધ્યા.

મર્મસ્થાનને પીડનારા તેમનાં બાણોવડે એકીસાથે તે સર્વે ચક્રવેગાદિક અત્યંત વ્યથા પામ્યા, એટલે તે બાંધેલાઓને છોડી તેઓ તેમની સાથે યુદ્ધ કરવા લાગ્યા. તેઓની સાથે યુદ્ધ કરતા શ્રીજયાનંદ રાજાએ આકર્ષિણી વિદ્યાવડે તે બાંધેલા પવનવેગાદિકનું આકર્ષણ કરી તેમને પોતાના રથમાં લઈ લીધા. પછી ગારૂડી વિદ્યાવડે તેમના નાગપાશોને તોડાવી વીરાંગદની પાસે ઔષધિના જળવડે તેમને સજ્જ કરાવ્યા, એટલે તરત જ તેઓ પોતપોતાના રથમાં આરૂઢ થઈ ફરીથી યુદ્ધ કરવા દોડ્યા. કેમકે વીરોનો પરાભવ તેજરૂપી અગ્નિની વૃદ્ધિ કરવામાં વાયુ સમાન હોય છે.



હવે શ્રીજયાનંદ રાજા સાથે યુદ્ધ કરતા ચંડવેગને જોઈ ક્રોધવડે દાંતને પીસતા પવનવેગે પુત્રના પૂર્વે કરેલા પરાભવના વૈરથી તેને યુદ્ધ કરવા બોલાવ્યો. ત્યારે સિંહ જેવો તે પણ પવનવેગ સામે આવીને ક્રોધથી બોલ્યો કે—"પ્રાણના સંદેહને પામ્યા છતાં પણ બીજાના જોરથી બડાઈ શું મારે છે? બીજાથી બળ પામેલ મનુષ્યોનો ગર્વ પ્રાયે ચિરકાળ સુધી રહેતો નથી. સૂર્યનાં કિરણોથી તપેલી રેતી કયાં સુધી ઉષ્ણ રહે? હવે ચક્રવેગની જેમ હું તને શિથિલ બંધનથી બાંધીશ નહિ, અને બાંધ્યા પછી મૂકીશ પણ નહિ. જો તું મારી શક્તિને જાણતો ન હોય, તો તારા પુત્રને જ પૂછી જો; અને જે તને મૂકાવનાર છે, તેને પણ હમણાં જ ચક્રવેગે પ્રાણના સંશયમાં મૂકયો છે એમ જાણજે. તે ચક્રવેગના વીર્યનો તેં અનુભવ કર્યો જ છે. ચિરકાળ સુધી સ્વામી સાથેની તારી એકાંત મિત્રતા હોવાથી હું તને મૂકી દઉં છું, તું ચાલ્યો જા; અથવા તો સ્વામીનો દ્રોહ કરનાર થયેલો હોવાથી તું તારી મેળે જ શલભના માર્ગને પામ અને મર." તે સાંભળી પવનવેગ બોલ્યો કે—

"અરે! એક વાર બીજા કોઈએ જય મેળવ્યો અથવા પોતે એક બાળકને જીત્યો, તે બાબત ગાઈ બતાવીને ગર્વથી કેમ ગાજે છે? એકવાર મારો પરાભવ કરી ગર્વથી અંધ બની તે ચક્રવેગ પોતે જ શલભના માર્ગને પામ્યો હતો, તેને વૈરને લીધે હણવાની ઇચ્છા છતાં મેં તેની ઉપેક્ષા કરી છે, અને બાળને પીડા ઉપજાવવાથી પાપી થયેલા તને હણવા માટે હું આવ્યો છું. શું સિંહ પોતાના બાળકને પીડા કરનાર ભુંડને સહન કરે? અથવા તો આવી યુક્તિપ્રયુક્તિથી શું ફળ છે? શાસ્ત્રનો વાદ કરતી વખતે જ યુક્તિપ્રયુક્તિ સારી ગણાય છે. યુદ્ધમાં તો શસ્ત્ર જ શ્રેષ્ઠ છે, તેથી જો તું સુભટ હોય તો શસ્ત્રને જ ગ્રહણ કર."

આવી તેની વાણીવડે કોપ પામેલા પ્રચંડ પરાક્રમવાળા ચંડવેગે તેને બાણોવડે ઢાંકી દીધો; ત્યારે પવનવેગે પણ તેને બાણોવડે ઢાંકી દીધો. એ રીતે ચિરકાળ સુધી શરાશરી યુદ્ધ કરીને પવનવેગે ચંડવેગને અત્યંત શ્રમથી વ્યાકુળ કર્યો, અને ત્રિશૂળવડે તેની છાતીમાં દૃઢ પ્રહાર કર્યો. એટલે તે ચંડવેગ મૂર્છાથી પડી ગયો, તેને તત્કાળ પવનવેગ નાગપાશવડે બાંધી વૈરનો બદલો વળવાથી હર્ષ પામી પોતાના શિબિરમાં લઈ ગયો.

અહીં શ્રીજયાનંદ રાજાએ ચક્રવેગાદિક સાથે યુદ્ધ કરતાં તેમના રથોને એકીસાથે ભાંગી નાંખ્યા, અને ઉછળી ઉછળીને તે સર્વેને ધનુષ્યથી મૂકેલા બાણોવડે પીડિત કર્યા, તથા બાણોવડે ઝરતા તેમના રૂધિરથી કાદવવાળી થયેલી પૃથ્વીપર તેમને આળોટતા કરી



લીધા, તો પણ અતિ પરાક્રમને લીધે તેઓ ફરીથી વિદ્યાવડે બનાવેલા બીજા રથોપર આરૂઢ થઈ યુદ્ધ કરવા લાગ્યા. ત્યારે રાજાએ પણ ફરીથી લીલામાત્રમાં જ તેમને તે જ પ્રમાણે પૃથ્વીપર આળોટતા કર્યા. આ પ્રમાણે અનેકવાર થયું, તો પણ કૃપાળુ રાજાએ તેમને હણ્યા નહિ–પ્રાણ રહિત કર્યા નહિ.

તે જોઈ દેવતાઓ તેમની દયા અને તેમના સાહસની પ્રશંસા કરવા લાગ્યા. છેવટે રાજાએ તે ત્રણે ભાઈઓને એકીસાથે નાગપાશવડે બાંધી લીધા. 'ગરૂડની સાથે સર્પો કેટલા વખતસુધી યુદ્ધ કરી શકે?' પછી રાજાની આજ્ઞાથી ચંદ્રગતિ તેમને શિબિરમાં લઈ ગયો. ત્યાં કિરણમાલી તેમને જોઈ બંધુઓનો સમાગમ થવાથી હર્ષ પામ્યો.

હવે અણિવાળાં શસ્ત્રોના ઘાતથી વીરોના અંગોમાંથી ઉછળેલા રૂધિરવડે વ્યાપ્ત અને રક્ત થયેલો સૂર્ય સ્નાન કરવા માટે પશ્ચિમ સમુદ્રમાં ગયો; એટલે પોતપોતાના સ્વામીની આજ્ઞાથી બન્ને સૈન્યોનું યુદ્ધભૂમિમાંથી પાછા ફરી છાવણી તરફ ગમન થયું, ત્યારે યુદ્ધરહિત તથા સંખ્યારહિત એમ બે પ્રકારવાળા સુભટો પોતપોતાના સ્થાને ગયા. તે વખતે તે બન્ને સૈન્યો જય અને પરાજયથી ઉત્પન્ન થયેલા આનંદ અને શોકવડે, દિવસ અને રાત્રીવડે ઉજ્વળ અને શ્યામ થયેલા મેરૂપર્વતના બે પડખાની ઉપમાને ધારણ કરવા લાગ્યા. રાત્રીએ વિદ્યાધરચક્રવર્તી પોતાના બંધાયેલા પુત્રો માટે શોક કરવા લાગ્યો, અને યુદ્ધમાં તેમની રક્ષાને માટે પોતાનો જ પ્રમાદ માનવા લાગ્યો.

પછી પ્રથમના સેનાપતિને બાંધેલો જાણી ચક્રીએ તે સેનાપતિના સ્થાનને શોભાવવાના આશયવડે નામથી અને ગુણથી એમ બે પ્રકારે મહાબળ નામના પોતાના પુત્રને જ તે સ્થાને સ્થાપન કર્યો. પછી કંઠગત પ્રાણવાળા સર્વ સુભટો અને ગજાદિક પશુઓને પ્રથમની જેમ સજ્જ કરવામાં આવ્યા, એટલે તેઓએ યુદ્ધના શ્રમને છેદવા માટે નદીમાં સ્નાન કર્યું. નિદ્રાના આલિંગનનું સુખ અનુભવતા સુભટો તેવા સુખ રહિત દેવતાઓને પણ નિંદવા લાગ્યા, અને પોતાની પ્રિયાને પણ ભૂલી ગયા.

ઇતિ શ્રીજયાનંદ કેવળી ચરિત્રને વિષે શ્રીજયાનંદ રાજા અને ખેચરચક્રીના મહા યુદ્ધના અધિકારમાં ચોથા દિવસના યુદ્ધનો વિસ્તાર સંપૂર્ણ થયો.

## પાંચમો દિવસ

અંધકાર દાનાદિક શુભ વસ્તુઓને પણ રાત્રીયુદ્ધ કરાવે તેવું છે એમ જાણી તે અંધકારને ત્રાસ પમાડવા માટે જાણે ક્રોધથી રક્ત થયો હોય તેમ સૂર્ય ઉદય પામ્યો. શ્રીજયાનંદ રાજાએ ચિંતારત્નના પ્રભાવથી સર્વ યોધ્ધાઓને વાહન અને શસ્ત્રાદિક સર્વ

ઇચ્છા પ્રમાણે આપ્યું. ગાઢ અંધકારને હણતા સૂર્યના કિરણોને જોઈ વીરો જાણે તેમની સ્પર્ધા કરતા હોય તેમ શત્રુના સમૂહને હણવા ઉત્સુક થયા. પ્રથમની જેમ બન્ને સેનામાં રહેલા યોદ્ધાઓ પોતપોતાના પરાક્રમનો નિર્વાહ કરવા માટે સર્વ સામગ્રી સહિત યુદ્ધ કરવા તૈયાર થયા.

પછી યુદ્ધ શરૂ થતાં આંતરા રહિત ફેંકેલા બાણોવડે સૂર્ય ઢંકાઈ ગયો, ત્યારે વીરોના શસ્ત્રોના પરસ્પર ઘર્ષણથી ઉત્પન્ન થયેલા અગ્નિવડે ઉદ્યોત થયો. તે વખતે પવનવેગાદિક સુભટોએ ખેચરચક્રવર્તીનું સૈન્ય ભગ્ન કર્યું, એટલે ઇંદ્રની જેવા પરાક્રમવાળો મહાબળ વીર સેનાપતિ યુદ્ધ કરવા ઉભો થયો. તે શ્રેષ્ઠ વીરે યુદ્ધમાં કેટલાક શત્રુ યોદ્ધાઓના અને તેમના બાણોના પૃષ્ટ ભાગ જ જોયા, પણ તેમનાં મુખ જોયાં નહિ. તેણે રાજાના સૈન્યના સુભટોને બાણોવડે એવા હણ્યા કે જેથી તેઓ જળના નાના તળાવમાં પાડાના પ્રવેશથી મ્લાન થયેલા કમળોના સમૂહ જેવા દેખાવા લાગ્યા.

તે મહાબળ બીજા સુભટોથી જીતી ન શકાય તેવો છે એમ જાણી શત્રુરૂપી અંધકારનો નાશ કરવામાં સૂર્ય સમાન શ્રીજયાનંદ રાજા પોતે જ બાણોરૂપી કિરણોની શ્રેણિને ફેંકતા યુદ્ધભૂમિપર આવ્યા. તેને યુદ્ધની ધૂસરીને વહન કરવામાં અદ્વિતીય ધીર એવા મહાબળે રૂંધ્યા અને પ્રબળ ધનુષ્યનું આસ્ફાલન કરી બાણોવડે સૈન્ય સહિત તેમને ઢાંકી દીધા. ત્યારે રાજાએ બાણાવળીઓનો અકસ્માત્ ઘાત કરે એવા તીક્ષ્ણ બાણો મૂકી સેના સહિત તે સેનાપતિને અત્યંત વ્યાકુળ કરી દીધો. ભયને આપનારા તે રાજાના બાણો જ્યાં જ્યાં પડતા હતા, ત્યાં ત્યાં તે બાણોની જાણે સ્પર્ધા કરતા હોય તેમ સામાવાળાના યોદ્ધાઓ પણ પડતા હતા.

તે રાજાના બાણના ઘાતથી ભય પામેલા અને તેથી કરીનેજ નાશી જતા એવા વીરોના હાથમાંથી શીઘ્રપણે શસ્ત્રો પડી ગયાં અને કેડપરથી વસ્ત્રો પડી ગયાં. શ્રીજયાનંદ રાજા આ પ્રમાણે શત્રુના સૈન્યને હણવા લાગ્યા, ત્યારે ચક્રીના પાંચ ઓછા એવા બાર હજાર કુમારો તથા બીજા યોદ્ધાઓ પોતાને વીર પુરૂષોમાં અગ્રેસર માનતા, વિવિધ વાહન અને શસ્ત્રવાળા તથા ફોગટના અભિમાનને ધારણ કરનારા હોઈને શ્રીજયાનંદ રાજાને ઉપદ્રવ કરવા ઉદ્યમવંત થઈ તત્કાળ એકી સાથે દોડ્યા. ધનુષ્યને ધારણ કરનાર તેઓ સર્વેએ સ્ત્રીરૂપ ધારણ કરનારા શ્રીજયાનંદ રાજાને જલદીથી એકી સાથે બાણની શ્રેણિ વરસાવી ઢાંકી દીધા. તે ઘણાઓને જોઈ રણસંગ્રામના કૌતુકી રાજા પણ અતિ આનંદ પામ્યા, અને તેણે વૈરીના પ્રાણોને તાત્કાલિક હરણ કરનાર બાણો તેમના પર

મૂકયાં. ચારેબાજુ ઘણા બાણોરૂપી કિરણોને મૂકતા એવા તે એકલા રાજા પોતાના સૈન્યરૂપ કમળના વનમાં સૂર્યની અને શત્રુના સૈન્યરૂપી કમળના વનમાં ચંદ્રની સદૃશતાને ધારણ કરતા હતા.

સામી બાજુ યુદ્ધ કરનારા અનેક વીરોને તેઓ એકલાજ હણવા લાગ્યા. 'સિંહ એકલોજ ઘણા મૃગોને હણે, તોપણ તેને પ્રયાસ લાગતો નથી.' ક્ષણમાં રથપર આરૂઢ થઇ, ક્ષણમાં આકાશને વિષે રહી, ક્ષણમાં ભૂમિપર, રહી, ક્ષણમાં સેનાના અગ્ર ભાગે, ક્ષણમાં મધ્યે અને ક્ષણમાં છેડે રહી ચારેબાજુ ભમતા તે રાજાએ કેટલાકને પગના દૃઢ પ્રહારવડે પાડી નાંખ્યા, કેટલાકને કરતલના ઘાતવડે, કેટલાકને વજ્ર જેવી મુષ્ટિવડે, કેટલાકને કઠણ કોણીવડે અને કેટલાક શત્રુવીરોને ગદા, મુદ્દગર, દંડ અને ખડ્ગ વિગેરે વિવિધ શસ્ત્રોને પરસ્પર અફળાવવાવડે પાડી દીધા. પછી તેમના પર કૃપા આવવાથી તે રાજાએ રથમાં જ બેસી માત્ર પોતાની સાથેજ યુદ્ધ કરનારા વીરોને શસ્ત્રોવડે જર્જરિત કર્યા.

આ પ્રમાણે વિવિધ શસ્ત્રોવડે યુદ્ધ કરીને તેમણે કેટલાક શત્રુ રાજાઓને શરણ રહિત, કેટલાકને બખ્તર રહિત અને કેટલાકને શસ્ત્ર રહિત કરી દીધા. પછી તે સર્વમાં અગ્રેસર તરીકે મહાબળ વિગેરે સો કુમારો હતા, તેમને તત્કાળ યુદ્ધમાં શ્રમિત કરી શ્રીજયાનંદ રાજાએ નાગપાશવડે બાંધી લીધા. તે મુખ્ય વીરોને તેમની ઇચ્છાનો નાશ કરી બાંધેલા જોઈ બીજા સર્વ કુમારો ચકલાની જેમ નાશી ગયા. ભયથી નાશી જતા તે કુમારોની કુમારરાજે ઉપેક્ષા કરી-નાસવા દીધા. 'સર્વ દાણા લઈ લીધા પછી શું ફોતરાં ઉડાડી ન દેવાય?' પછી રાજાએ ભૃકુટિની સંજ્ઞાવડે પવનવેગને પ્રેરણા કરી, એટલે તે જેમ ચોરોને કારાગૃહમાં લઈ જાય તેમ તે સર્વે બાંધેલા કુમારોને તત્કાળ પોતાની છાવણીમાં લઈ ગયો.

હવે પોતાના પુત્રોને ભગ્ન થયા જોઇ તથા કેટલાકને બંધાયેલા જાણી તેમને મૂકાવવા માટે ચક્રી ક્રોધથી ધમધમતો દોડયો અને "અરે! મસ્તક છેદવા લાયક તે રંડા કયાં છે? અને મારા બાંધેલા કુમારો કયાં છે?" એમ પ્રલાપ કરતો તે ચક્રી શત્રુની સેનામાં અસ્ખલિતપણે પેઠો. ધનુષ્ય તથા ભાથાને ધારણ કરતો તે અતિરથી રથમાં બેઠેલો હતો, તે વખતે તેના ભયંકર ક્રોધના દેખાવને લીધે જાણે યમરાજની બીજી મૂર્તિ હોય તેમ તેને સુભટોએ ધાર્યો. તે ચક્રીએ ધનુષ્યપર માત્ર એક જ બાણ ચડાવ્યું, તે જોઈ સર્વ સુભટો ચારેતરફ નાઠા, એટલે તેમનાપર કરૂણા ઉત્પન્ન થવાથી ઇંદ્રને પણ જીતનાર પરાક્રમવાળો તે ચક્રી બોલ્યો કે—

"સુભટના વર્ગો મંગળને ધારણ કરો, અને શત્રુઓ પણ સારી સ્થિતિવાળા થાઓ, કેમકે હું યુદ્ધમાં હીનજનોને હણતો જ નથી; પરંતુ જે કોઈ આ જગતમાં મારી સમાન કે અધિક હશે, તેને જ હું હણવાવાળો છું. ભયંકર અને અકાળે જાગૃત થયેલા યમરાજના બળવાન અને ઉંચા ભુજાના આસ્ફાલનવડે મોટા સર્પો જેવા ભયંકર, શ્યામ અને અત્યંત ચપળ–ફરકતા કેશને ધારણ કરનાર, પર્વતને ભેદે તેવા મોટા ગર્જારવને કરનાર અને મોટા ભુજબળવાળા સર્વે સુભટો ચેષ્ટાવડે કરીને યુદ્ધમાં મારા મનને કરૂણાયુક્ત કરે છે; તેથી તમે સર્વે ભયરહિત થાઓ; પરંતુ મને જલદીથી તે રંડા બતાવો, કે જેથી તેણીના ગર્ભમાંથી મારા પુત્રોને હું કાઢું."

આવું તેનું વચન સાંભળી સ્ત્રીરૂપ ધારણ કરનાર શ્રીજયાનંદ રાજાએ શીઘ્રપણે સામે આવીને કહ્યું કે—"અરે ! અરે ! તેજ હું રંડા છું, કે જે તારી પ્રિયાઓને રંડાપો આપશે. અરે ! જો તારા પુત્રો સાથે મેળાપ કરવાની તારી ઇચ્છા હોય, તો જલદીથી યુદ્ધ કર, કે જેથી તારી પણ તેમના જેવી દશા કરીને તને તેમનો સંગમ કરાવું."

આ પ્રમાણેનાં તેનાં મર્મવેધક વચનરૂપી શસ્ત્રવડે વીંધાયેલા તે ખેચરચક્રવર્તીએ "હું આને યુદ્ધમાં હણીને જ ઉત્તર આપીશ, વચનથી ઉત્તર આપવાની જરૂર નથી." એમ વિચારી નવા મેઘની જેવા શબ્દ કરતા ધનુષ્યનો ટંકાર કરી બાણોને વરસાવી વાદળાંમય આકાશ કરી દીધું. રાજાએ પણ પોતાના બાણોરૂપ વાયુવડે તેના બાણોરૂપી વાદળાંને વીખેરી દિશાઓનાં મુખ અને પોતાના વીરોનાં મુખને હર્ષવડે ઉજ્વળ કર્યાં.

આ પ્રમાણે તે બન્નેનું યુદ્ધ શરૂ થયું, ત્યારે જાણે અગ્નિ લાગ્યો હોય અને સર્વે દોડે, તેમ એકી સાથે ચક્રીના બીજા સર્વ સૈનિકો દોડ્યા. તે વખતે પવનવેગ અને ચંદ્રગતિ વિગેરે વિદ્યાધરોએ ખેચરકુમારો વિગેરે મુખ્ય સુભટોને યુદ્ધ કરવા બોલાવ્યા. વીરોના શસ્ત્રોથી હણાયેલા સૈનિક, અશ્વ અને હાથીઓના સમૂહના નીકળતા અને ચારેતરફ ઉછળતા રૂધિરવડે આકાશમાં અકાળે સંધ્યારાગ દેખાયો. આ પ્રમાણે સર્વ બળવડે તે બન્ને સૈન્યનું યુદ્ધ થવા લાગ્યું, તે વખતે પ્રલયકાળની શંકા કરતી પૃથ્વી ચારેતરફથી કંપવા લાગી, સમુદ્રો મર્યાદા રહિત થયા. પર્વતો કંપીને પડવા લાગ્યા, ત્રણ જગત ચળાયમાન થયાં, અને દિશાઓ શસ્ત્રવડે અંધકારમય થઈ.

આ પ્રમાણે ઘોર સંગ્રામના બાનાથી એકને જય તથા બીજાને પરાજય આપવાવડે વિધાતાએ સુભટોને પુણ્ય પાપની સ્પષ્ટતા દેખાડી આપી. વિશ્વના વીરસમૂહને વિષે



અગ્રેસર એવા ચક્રી અને રાજાનો સુરેંદ્ર અને અસુરેંદ્રની જેવો મોટો રણસંગ્રામ થયો. તે બન્નેને જય ઇષ્ટ હતો અને પરાજય અનિષ્ટ હતો, તે જય અને પરાજય એ બન્ને એક બીજા વિના રહી શકતા નથી, તેથી તેને લાયક કોણ છે ? એ બાબતમાં વિધાતાને પણ સંદેહ થયો;

કારણ કે કામાક્ષા દેવીએ જેને કોઈથી ભેદી ન શકાય તેવું વજ્રપૃષ્ટ નામનું ધનુષ્ય અને અખુટ બાણવાળાં બે ભાથાં આપ્યાં હતાં, તે રાજાને કોણ જીતી શકે ? તેમજ જેને વિદ્યાવડે ઇચ્છા પ્રમાણે ધનુષ્ય અને બાણ વિગેરે શસ્ત્રો વારંવાર નવાં નવાં પ્રાપ્ત થઈ શકે છે, તેવા ચક્રીને પણ કોણ જીતી શકે ?

હવે રાજાએ બાણોવડે ચક્રીના ધનુષ્યના કકડા કર્યા. ત્યારે તે ચક્રી વિદ્યાવડે નવું ધનુષ્ય લઈ તે જ પ્રમાણે યુદ્ધ કરવા લાગ્યો. ચક્રીના નવા ધનુષ્યને પણ તત્કાળ રાજાએ છેદી નાખ્યું. એ પ્રમાણે વિદ્યાએ આપેલાં ચક્રીનાં નવાં નવાં ધનુષ્યોને રાજાએ છેદી નાંખ્યાં. ત્યારે ખેચરેશ્વરે રણસંગ્રામરૂપી સમુદ્રના કિનારારૂપ શૂળને રાજાપર મૂકયું, તેને લાકડાવડે લાકડાની જેમ રાજાએ શૂળવડે જ ભેદી નાંખ્યું. પછી ચક્રીએ તેનાપર હજાર ભારનો લોઢાનો ગોળો મૂકયો, તેને પણ રાજાએ લાડુવડે લાડુની જેમ ગોળાવડે જ ભાગી નાંખ્યો. પછી રાજાએ ગદાવડે ચક્રીનો રથ પણ ભાંગી નાંખ્યો, ત્યારે ચક્રીએ પણ ગદાવડે જ તેનો રથ પણ ભાગી નાંખ્યો. તે યોગ્ય જ થયું. કેમકે—

'જે પોતે કર્યું હોય તે પોતાને જ ભોગવવું પડે છે.' પછી ખેચરચક્રી સૂર્યહાસ ખડ્ગને ઉંચું કરી રાજા તરફ દોડયો, એટલે રાજા પણ ચંદ્રહાસ ખડ્ગ લઈ સામા દોડયા. તે વખતે તે બન્ને ખડ્ગાખડ્ગી યુદ્ધ કરવા લાગ્યા. ત્યારપછી તે બન્ને વીરોએ લાંબા કાળ સુધી અનુક્રમે દંડાદંડી, ગદાગદી, મુદ્ગરામુદ્ગરી, મુષ્ટામુષ્ટી અને પદાપદી—પગવડે યુદ્ધ કર્યું. પરંતુ આ યુદ્ધોમાં કોઈએ કોઈનો પરાજય કર્યો નહિ. 'બે સિંહના પરસ્પર યુદ્ધમાં જલદી જય મળવો દુર્લભ હોય છે.'

ત્યારપછી ધનુષ્યધારી ચક્રીવર્તીએ ફરીથી વિદ્યાએ કરેલા રથમાં બેસી બાણોનો વરસાદ વરસાવ્યો, અને રાજાએ પણ તે જ પ્રમાણે તેનાપર બાણોનો વરસાદ વરસાવ્યો, તે વખતે ક્રોધ પામેલા રાજાએ મોટા બળથી એવી રીતે બાણો મૂકયાં, કે જેથી તે બાણોએ જ ચક્રીને રથમાંથી ઉપાડી પૃથ્વીપર લોટાવી દીધો, અને શૌર્યને કહેનારી ગદાના પ્રહારવડે તેનો રથ ભાંગી નાંખ્યો; એટલે ફરીથી પ્રથમની જેમ વિદ્યાએ આપેલા નવા રથમાં બેસી તે ચક્રી બાણોવડે યુદ્ધ કરવા લાગ્યો. તેમાં પણ રાજાએ બાણોવડે

તેનું બખ્તર ભેદી શરીર વીંધી પૂર્વની રીતેજ તેનો રથ ભાંગી રૂધિરથી વ્યાપ્ત થયેલા તેને પૃથ્વીપર લોટાવ્યો; ત્યારે ફરીથી પણ વિદ્યાના બળથી પ્રાપ્ત થયેલા નવા બખ્તર, ધનુષ અને રથને ધારણ કરી ક્રોધથી દુર્ધર્ષ એવો તે ચક્રી દુર્ધર યુદ્ધ કરવા લાગ્યો. ત્યારે પણ તેજ પ્રકારે રાજાએ તેને શીઘ્રપણે બાણોવડે હણી તેનો રથ ભાંગી ઝરતા રૂધિરવાળા તેને પૃથ્વીપર પાડી દીધો. એ પ્રમાણે રાજાએ તેનો એકવીશ વાર પરાભવ કર્યો, તોપણ તે રણસંગ્રામથી વિરામ પામ્યો નહિ. " અહો ! વીરવ્રત પાળવાનો આગ્રહ આશ્ચર્યકારક છે. "

હવે રાજાએ ચક્રવર્તીના રથોને આ પ્રમાણે ભાંગેલા જોઈ સૂર્ય પોતાના રથને પણ ભાંગી નાંખશે એમ જાણી ભયથી અસ્તાચળપર જઇને અદૃશ્ય થયો. તેથી બન્ને સૈન્યો પોતપોતાના સ્વામીના આદેશવડે રણસંગ્રામથી વિરામ પામ્યા અને છાવણીમાં આવી. પ્રથમની જેમ પીડાયેલા યોદ્ધાદિકને તથા શસ્ત્રાદિકને સજ્જ કર્યાં. હવે ચક્રીએ પોતાને સ્થાને આવી પોતાના પુત્રોના બંધનથી શોકાતુર થઈ તેમના મોક્ષના ઉપાય માટે પોતાના મંત્રીઓને પૂછયું. ત્યારે તેઓએ ખેચરચક્રીને પરિણામે હિતકારક એવું વચન કહ્યું કે—

" હે સ્વામી ! જેણે તમારા કુમારોને બાંધી લીધા તે શ્રીજયાનંદ રાજા પોતેજ સંભવે છે, તે કોઈ સ્ત્રી નથી. તો હવે મુગટ અને કંકણને ધારણ કરવા સંબંધી તેવા પ્રકારનો તમારો કદાગ્રહ મૂકી દ્યો, અને કન્યાને આપીને અથવા ન આપીને પણ તમે તમારા દુર્વચન સંબંધી માફી માગો. તે રાજા ઉત્તમ અને કૃપાળુ હોવાથી તમારા પુત્રોને મુક્ત કરશે, અને તમારા રાજ્યની તેને સ્પૃહા નહિ હોવાથી તે પોતાને કૃતાર્થ માની પોતાને સ્થાને ચાલ્યા જશે. "

આવું મંત્રીઓનું વચન સાંભળી પોતાની કરેલી પ્રતિજ્ઞા મૂકવાને નહિ ઇચ્છતા એવા તે અભિમાની ચક્રીએ તેઓને રજા આપી. પછી એક દૂતને સારી રીતે શીખવી પવનવેગ પાસે મોકલ્યો. તેણે જઈ પવનવેગને કહ્યું કે—" હે શ્રેષ્ઠ પુરૂષ ! ચક્રી તને આજ્ઞા આપે છે કે—તારા જમાઈએ મારા પુત્રો બાંધ્યા છે એમ મેં લોકોથી જાણ્યું છે: તેથી હવે સંધિ કરીને તું તેનાથી બંધાયેલા મારા પુત્રોને છોડાવ. તે તારા જમાઈને હું પાંચસો કન્યા સહિત મારી કન્યાને આપીશ, તથા અર્ધવૈતાઢ્યનું રાજ્ય આપીશ. માત્ર સાત જ દિવસ તેણે મારો આપેલો મારા નામવાળો મુગટ ધારણ કરવો. આ પ્રમાણે કરવાથી જીંદગી પર્યંત આપણી પ્રીતિ રહેશે. " આ પ્રમાણે દૂતનું વચન સાંભળી પવનવેગે જઈ રાજાને તે વૃત્તાંત કહ્યો, અને તેમણે આપેલો ઉત્તર અંગીકાર કરી દૂત પાસે આવીને તેણે કહ્યું કે—

"હે દૂત! તું જા, અને તારા સ્વામીને કહે કે—તારા પુત્રોને બાંધનાર કહે છે કે—તારી કન્યાઓવડે કે અર્ધ વૈતાઢ્યના રાજ્યવડે મારે કાંઈ પણ પ્રયોજન નથી; પરંતુ તું જ મારા નામના ચિન્હવાળા મુગટને સાત દિવસ ધારણ કર, અને હું તને ભરતાર્ધનું રાજ્ય આપું. એ રીતે આપણી સર્વદા સંધિ હો." આ પ્રમાણે તેનો ઉત્તર સાંભળી દૂતે જઈ ચક્રીને તે વૃત્તાંત કહ્યો, એટલે ક્રોધ પામીને ચક્રીએ વિચાર્યું કે—

"આ હમણાં જીતેલો હોવાથી ગર્વિષ્ટ થયો છે, તેથી સંધિ કરશે નહિ; અથવા તો આ કાંઈ ચક્રવર્તી, ઇંદ્ર કે વાસુદેવ નથી, કેવળ મનુષ્યજ છે. તે મારૂં ચક્ર જોઈ લજ્જા પામી શીઘ્ર નાશી જશે; તેથી બીજાં શસ્ત્રોથી ન જીતી શકાય તેવા તેને પ્રાતઃકાળે વિદ્યાના આયુધવડે હણી મારા પુત્રોને મૂકાવીશ. એમ થવાથી મારો યશ પણ વિસ્તાર પામશે." ત્યારપછી સર્વ સુભટોએ રાત્રીમાં નિદ્રાનું સુખ લીધું; પરંતુ વિષયના સુખ જેવું તે અનિત્ય નિદ્રાસુખ પણ પ્રાતઃકાળ થતાં જતું રહ્યું.

ઇતિ શ્રીજયાનંદ રાજર્ષિ કેવળીના ચરિત્રને વિષે શ્રીજયાનંદ રાજા અને વિદ્યાધર ચક્રવર્તીના યુદ્ધના અધિકારમાં પાંચમા દિવસના યુદ્ધનો વિસ્તાર સમાપ્ત થયો.

## છઠ્ઠો દિવસ

ત્યારપછી પ્રાતઃકાળ થતાં "ઘૂવડોને ત્રાસ પમાડતા મને જોઈ વીરો પોતાના શત્રુઓને સ્પર્ધા સહિત ત્રાસ પમાડો." એમ વિચારી સૂર્ય ઉદય પામ્યો. તે વખતે બન્ને સેનામાં પ્રલય કાળના મેઘની ગર્જનાનો તિરસ્કાર કરવામાં અગ્રેસર એવો રણ-વાજિંત્રોનો નાદ વિકાસ પામ્યો. તે નાદને સાંભળી બન્ને સેનાઓના યોદ્ધાઓનો ઉત્સાહ વૃદ્ધિ પામ્યો, અને નાંદીને સાંભળી નટોની જેમ તેઓ રણાંગણમાં આવ્યા.

સર્વ સામગ્રી સહિત યુદ્ધ કરતા સમર્થ સુભટો થોડા શસ્ત્રોવડે ઘણા શત્રુઓને હણવાથી બે પ્રકારે [1]કીનાશપણું પામ્યા. અનુક્રમે યુદ્ધ કરતાં યુદ્ધમાં ઉન્મત્ત થયેલા રાજાના સુભટોએ ચક્રીનું સૈન્ય ભાંગ્યું, ત્યારે ક્રોધથી સર્વ ચક્રીકુમારો એકીસાથે યુદ્ધ કરવા દોડ્યા. ધર્મને હરનારા દુર્વિકલ્પોને જેમ શુભ ધ્યાન રૂંધે, તેમ સુભટોને હણતા તે કુમારોને પવનવેગાદિક વીરોએ રૂંધ્યા. જેમ વક્રી થયેલા મંગલાદિક ક્રૂર ગ્રહો પૃથ્વીપર સર્વ પ્રાણીઓને ભય આપનારા થાય છે, તેમ તે વખતે રાજાના સુભટો શત્રુના સૈન્યમાં ભય આપનારા થયા. તે જોઈ મોટા પરાક્રમવાળા અને ક્રોધ પામેલા તે ચક્રીના કુમારો ક્રમ વિના જ તેમની સાથે યુદ્ધ કરવા લાગ્યા.

---

૧. કંજુસ અને યમરાજ. થોડા શસ્ત્ર વાપરવાથી કંજુસ અને હણવાથી યમરાજપણું પામ્યા.



તે વખતે આકાશ કોઈ ઠેકાણે ચક્રવડે કરીને જાણે સૂર્યમય હોય, કોઈ ઠેકાણે શક્તિવડે કરીને જાણે ઉલ્કામય હોય, કોઈ ઠેકાણે પરસ્પર અથડાયેલા શસ્ત્રોથી ઉત્પન્ન થયેલા અગ્નિથી અગ્નિમય હોય, કોઈ ઠેકાણે આંતરા રહિત મળેલા બાણોના સમૂહવડે જાણે વાદળામય હોય અને કોઈ ઠેકાણે મુદ્‌ગરાદિકવડે જાણે ગીધ પક્ષીઓ ભમતા હોય તેવું દેખાતું હતું.

અરિહંતના ધર્મની જેમ અનેક શસ્ત્રસમૂહોને વિસ્તારતા તે ચક્રીના વીરોએ યુદ્ધભૂમિને વિષે શત્રુઓનો પરાજય કર્યો. ત્યારે પોતાના સુભટોના સંહારની શંકા થવાથી શ્રીજયાનંદ રાજાએ સ્ત્રીરૂપે-સિંહે જોડેલા રથપર આરૂઢ થઈ રણભૂમિમાં પ્રવેશ કર્યો. તે વખતે સૂર્યના પ્રસરવાથી વૃક્ષની છાયા જેમ વિપરીત થાય, તેમ સંગ્રામભૂમિમાં તે રાજાના પ્રસરવાથી શત્રુ સુભટોની શ્રેણિ વિપરીત ગતિવાળી થઈ ગઈ. ચક્રીના પુત્રોએ તેમને યુદ્ધ માટે બોલાવ્યા, ત્યારે તેમણે હસીને કહ્યું કે—

"રે રે! સુભટો! તમારા ભાઈઓને બાંધ્યા છે, તે શું તમે ભૂલી ગયા છો? રે રે! મુગ્ધો! તમે શીઘ્ર નાશી જાઓ, નાશી જાઓ. આટલા દિવસ સુધી વીર પુરૂષોનો વિજય કરી જે કાંઈ યશ મેળવ્યો હોય તેનું સારી રીતે રક્ષણ કરો; કારણ કે મારા એક પણ ચપેટાને સહન કરે એવો મનુષ્ય, સુર કે અસુરને વિષે એક પણ વીરને હું જોતો નથી. મારી પાસે સર્વ હાથીઓ માટીના પિંડ સમાન છે, સમગ્ર અશ્વો કાષ્ટના રમકડા સમાન છે, યોદ્ધાઓ લેપનાં પુતળાં સમાન છે, લોખંડના રથો વૃક્ષના પાંદડા સમાન છે, શસ્ત્રના સમૂહો તૃણ સમાન છે તથા સુર, અસુર, અને મનુષ્યોના સ્વામીઓ તો મારા અનુગ્રહપણાને પામવા લાયક છે; તો અહો! મને યુદ્ધમાં કોણ, શાવડે, ક્યારે, ક્યાં અને શી રીતે જીતી શકશે? જેઓ યુદ્ધમાં કરોડો સુભટોને કુટવાથી અત્યંત મદોન્મત્ત થઈ દેવોને પણ ભય પમાડનારા છે, તેવા યોદ્ધાઓ આજે યુદ્ધરસના અર્થી એવા મારા દૃષ્ટિમાર્ગમાં મને હર્ષ આપવા માટે આવીને ઉભા છે, તે બહુ સારૂં થયું છે. જે સર્પો મોટા ફુંફાડાવડે અત્યંત ઉંચા અને ઉદ્ધતપણાના સમૂહને ધારણ કરી દેડકા અને ઉંદરોને ભય આપે છે, તેજ સર્પો ભોજનની ઈચ્છાવાળા ગરૂડને હર્ષ આપે છે. રે રે સુભટો! મારી જેવાને યુદ્ધમાં જીતવાની ઈચ્છા થવાથી અત્યંત વિકટ અને અસંભવિત એવા શસ્ત્રસમૂહનો પરિશ્રમ કરવાના મોટા ભારવડે નિરંતર શા માટે વૃથા ખેદને સહન કરો છો? કારણ મારી એક ચપેટાને સહન કરવાને ઇંદ્ર પણ સમર્થ થાય તેમ નથી, તો હે મૂર્ખો! મરવાની ઇચ્છાથી મારી સાથે યુદ્ધ કરવા તમે શા માટે આવ્યાં છો?"

આવાં તે રાજાના વચનથી ક્રોધ પામેલા અને યુદ્ધથી તૃપ્ત નહિ થયેલા તે સર્વે સુભટોએ પ્રાણોને તૃણ સમાન કરી નાખે એવાં હજારો બાણો રાજા પર મૂકયાં. તે સર્વને નિવારી તત્કાળ તે રાજાએ કેટલાકના રથોને ભાગી નાખ્યા, કેટલાકને પૃથ્વીપર લોટાવ્યા અને કેટલાકને આકાશમાં ઉછાળ્યા. આ પ્રમાણે તે સ્ત્રીરૂપ રાજાને યુદ્ધ કરતા જાણી ખેચરચક્રવર્તી પોતાના પુત્રોના વધની શંકા થવાથી યુદ્ધ કરવા તૈયાર થઈને દોડયો. દોડતા એવા તેણે બાણોવડે શત્રુની સેના વીખેરી નાખી, અને જેમ દાવાનળ પશુઓને બાળે તેમ તે ચોતરફથી વીરોને બાળવા લાગ્યો. તે જોઈ પોતાની સેનાનું રક્ષણ કરવા ઇચ્છતા રાજાએ ચક્રીને યુદ્ધ કરવા બોલાવ્યા; એટલે તે બન્ને યોદ્ધાઓ પરસ્પર શરાશરી યુદ્ધ કરવા લાગ્યા.

તે વખતે સ્વામીના યુદ્ધથી જેમનો ક્રોધ વૃદ્ધિ પામ્યો છે, એવા બન્ને સૈન્યમાં રહેલા સર્વ યોદ્ધાઓ પૂર્ણ પરાક્રમવડે પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. તે સુભટોએ ચિરકાળ સુધી ધનુષાધનુષી, હસ્તાહસ્તી, મુષ્ટામુષ્ટી, ગદાગદી, શક્તાશક્તી અને ચક્રાચક્રી યુદ્ધ કર્યું. અહીં ચરિત્રકારે કૌતુક વચન આ પ્રમાણે લખેલ છે.—

**“નીસાણ ધમધમઈ, ઢોલ ઢમઢમઈ, દમામા દમદમે, ઝલ્લરી છમછમે, યોગિણી ડમરૂ ડમડમે, દિસિ ગમગમે, વયરિ કોપે ધમધમે, ઝૂઝબાટ-મટમટે, કાયરકમકમઈ, જિમજિમ ભટભીડે, તિમતિમ રસ ચડે, એકે હણ્યા પડે, બીજા ગાઢે રાજડે, કાહલા ત્રડત્રડે, દદૈરી દડદડે, ખાંડાં ખડખડે, સન્નાહ કડકડે, ધડ પડતાં થડથડે, પડિઆ ફડફડે, એકે બડબડઈ ભૂમિધડહડે, ગિરિ શિખર ખડહડે, શિલા રડવડે, પાતાલે સુર ભડભડે, ભોગીઓ દડવડે, પ્રેત તો હડહડે, ગજ ગડગડે, વૃક્ષ કડકડે, ત્ર્યંબક ત્રહત્રહે, ધીર ગહગહે, તેહના જસ મહમહે, મહાધ્વજ લહલહે, દિગ્ગિરિ ટલવલે, સાયર ઝલહલે, નગર ખલભલે, વીરહાથો ચળવલે, પડિયા ટલવલે, ભલ્લ ટલહલે, રૂધિર ખલખલે, લોક કલકલે, નારી બલબલે, જુઝાર ઘાવ ન ચૂકે. નાસતાં બાણ મૂકે, હાથી ચાલે લહકે, પગે નેઉર ખલકે, એકના અંગ લટકે, એક તેજે ઝલકે, રથ ભાંજે, જયનાદ વાજે, નીચ નાસત ન લાજે, એક એક હુઇ તાજે, બલિયા હરખે ગાજે.”**

કર્ત્તાએ આ માત્ર કૌતુકથી જ લખ્યું છે, માટે સર્વત્ર આ વાંચવા લાયક નથી, કેમકે કવિઓ અને વ્યાખ્યાન કરનારા પંડિતોની વાણી યોગ્ય સભાસદોની અપેક્ષાવાળી હોય છે.

સૈન્યના અધિકારી પુરૂષો બન્ને સૈન્યને વિષે ફરી ફરીને જે વાહન રહિત હતા, તેમને વાહનો આપતા હતા, શસ્ત્ર રહિતને શસ્ત્રો આપતા હતા, ભૂખ્યાને સુખડી વિગેરે ખાવાનું આપતા હતા, અને તરસ્યાને જળ આપતા હતા, તેમજ યુદ્ધમાં થાકી ગયેલાને તેમના મિત્રાદિક ત્યાંથી બીજે ઠેકાણે લઈ જતા હતા. અહીં ચક્રી અને રાજા બન્ને મહાવીરોએ ચિરકાળ સુધી પરસ્પર લોખંડનાં શસ્ત્રોવડે યુદ્ધ કર્યું અને દેવોને પણ આશ્ચર્ય યુક્ત કર્યા. પછી તે બન્નેના રથો ગદાના પ્રહારવડે ભાંગી ગયા, એટલે તે બન્ને સુભટોએ ક્રોધથી બાહુબાહુનું અને મુષ્ટામુષ્ટીનું યુદ્ધ કર્યું.

પછી ચક્રીએ રાજાપર મોટું વૃક્ષ મૂક્યું, તેને તેણે ક્રોધવડે દાંત પીસીને મહાવૃક્ષવડેજ પીસી નાંખ્યું. પછી તે બન્નેએ દઢ આઘાતપૂર્વક મહા શિલાવડે યુદ્ધ કર્યું. તે શિલાને પરસ્પર પીસી નાંખવાથી તેની જે ધૂળની વૃષ્ટિ થઈ તેને માણસો ઉત્પાત માનવા લાગ્યા. પછી ચક્રીએ વૃક્ષો સહિત એક પર્વત ઉપાડી રાજા ઉપર ફેંક્યો; તેને રાજાએ તત્કાળ કામાક્ષા દેવીએ આપેલા મુદ્દગરવડે ચૂર્ણ કરી નાખ્યો. રાજાએ ચૂર્ણ કરેલા તે પર્વતના પત્થરના ટુકડાઓ ભૂમિપર પડ્યા, તેને લોકોએ અકાળે થતી કરાની વૃષ્ટિ ધારી; અને પીસી નાખેલા વૃક્ષો ઉપરથી પુષ્પોના સમૂહો નીચે પડ્યા, તેથી દેવોએ હર્ષથી કરેલી પુષ્પવૃષ્ટિમાં વધારો થયો.

આવી રીતે ભયંકર યુદ્ધથી પણ શત્રુ જીતી શકાય તેમ નથી એમ ધારી ચક્રીએ વિદ્યાવડે કરેલા રથમાં બેસી રાજા ઉપર અગ્નિની જ્વાળાવડે ભયંકર એવી મહાશક્તિ મૂકી, તે વખતે જેમ મુનિ અનિત્ય ભાવનાવડે સંસારની તૃષ્ણાને છેદે તેમ વિદ્યાએ આપેલા રથમાં બેઠેલા રાજાએ સામી શક્તિવડે તે શક્તિને ભેદી નાંખી.

ત્યારપછી વિદ્યાધરચક્રવર્તીએ અગ્નિજ્વાળાવડે વ્યાપ્ત એવું દેદીપ્યમાન ચક્ર રાજાપર મૂક્યું. તેને જોઈને જ ભય પામેલા સર્વ સૈનિકોએ પોતાના નેત્રો બંધ કર્યાં. તે ચક્રને આવતું જોઈ રાજાએ પણ દેવતા સંબંધી પ્રતિચક્રને તેની સામે મૂક્યું, એટલે પ્રલયકાળના મેઘની જેવા ગર્જારવ કરતા તે બન્ને ચક્રો પરસ્પર અફળાયા. જેમ જેમ તે બન્ને ચક્રો પરસ્પર અફળાઈને યુદ્ધ કરતા હતા, તેમ તેમ તે ચક્રોની અગ્નિજ્વાળાવડે આકાશ જાણે બળતું હોય તેમ દેખાતું હતું. તે ચક્રોમાંથી અગ્નિના કણિયા ઉડતા હતા, તેથી બળવાનો ભય પામેલા દેવતાઓ સંગ્રામ જોવાનું કૌતુક મૂકીને બૂમ પાડી નાશી ગયા. ગીધ પક્ષીઓની જેમ વારંવાર ઉંચે ઉડતા અને નીચે પડતા તથા પરસ્પર અફળાતા તે બન્ને ચક્રોએ કોને આશ્ચર્ય ન પમાડ્યું? આ પ્રમાણે ચિરકાળ સુધી

યુદ્ધ કરતા તે બન્ને ચક્રોના આરા ભાંગી ગયાં, અગ્નિજવાળા નાશ પામી અને તેમનું બળ હણાઈ ગયું. તેથી તે બન્ને વિરામ પામી પોતપોતાના સ્વામી પાસે પાછા ગયા.

પછી ચક્રીએ રાજાના સૈન્યમાં તામસાસ્ત્ર મૂકયું. તેનાથી મેઘ સહિત ગાઢ અંધકારવાળી અમાવાસ્યાની રાત્રી જેવું થઈ ગયું. તેથી સ્વપરનો વિભાગ જાણ્યા વિના મહાસુભટો યુદ્ધ કરવા લાગ્યા, તેઓ પરસ્પરના તથા શત્રુઓના સુભટોને પણ દુર્ધર આયુધોવડે હણવા લાગ્યા, તે જ પ્રમાણે મોટા હાથીઓ પરસ્પર ભીટકાઈ ભીટકાઈને પડવા લાગ્યા, અશ્વો બીજા અશ્વોનું મર્દન કરવા લાગ્યા, અને રથોવડે રથો ભાંગવા લાગ્યા. તેવામાં રાજાએ ભાનવીય શસ્ત્રવડે ઉદ્યોત કર્યો, તે ઉદ્યોતની પાસે સહસ્ર કિરણોવાળો સૂર્ય પણ લજ્જાનું સ્થાન થઈ ગયો.

પોતાના તંત્રનો તિરસ્કાર થવાથી રાજા અત્યંત ક્રોધ પામ્યા, અને તેથી તેણે મોટા બળવડે ચારેતરફ એવી બાણવૃષ્ટિ કરી કે જેથી તે ચક્રવર્તી ધનુષ્ય પકડવાને કે તેનાપર બાણ સાંધવાને પણ શક્તિમાન થયા નહિ, અને તેજ રહિત થયેલા તેનું બખ્તર તથા માથાનો ટોપ છેદાઈ ગયા. શ્રીજયાનંદ રાજાએ શત્રુના સૈન્યમાં કેટલાક વીરોનાં મસ્તકો છેદી નાંખ્યાં, તે જાણે ભૂખ્યા થયેલા યમરાજને માટે કોળીઆ તૈયાર કર્યા હોય એમ પૃથ્વીપર પડયા. તે રાજાએ ઘણા હાથીઓને પૃથ્વીપર પાડી દીધા, તે હાથીઓએ પરાક્રમનું આલંબન કરી રાજા તરફ દોડતા કેટલાક રથીઓને વિઘ્ન કર્યું તેમજ રક્ષણ પણ કર્યું.

રાજાના બાણોથી હણાયેલા કેટલાક સુભટો મૂર્છિત થઈ પૃથ્વીપર પડયા હતા, તેઓ માંસ ખાવા માટે લુબ્ધ થયેલા ગીધ પક્ષીઓની પાંખોના વાયરાથી સચેતન થતા હતા. તે રાજાએ આંતરા રહિત ચારેબાજુ પ્રસરતા બાણોના સમૂહવડે બનાવેલા મોટા કારાગૃહમાં શત્રુનું સૈન્ય નાંખી દીધું હોય તેમ દેખાતું હતું.

વિદ્યાધરચક્રવર્તીના સૈન્યમાં એવો કોઇ રાજા, સૈનિક, યોદ્ધો, ઘોડો કે હાથી નહોતો કે જે રાજાના બાણવડે અંકાયો ન હોય. આવા બળવાન રાજાની સાથે તે ચક્રીએ વૈર કર્યું, તે બાબત પોતાના સ્વામીની નિંદા કરતા તે ચક્રીના સૈનિકો ચક્રીને મૂકીને નાશી ગયા; કેમકે સર્વને જીવિત પ્રિય હોય છે. ખેચરચક્રીને રાજાએ સેંકડોવાર પાડી દીધા, તોપણ તે અત્યંત શૂરવીર હોવાથી વારંવાર ઉઠી ઉઠીને વિવિધ શસ્ત્રોવડે યુદ્ધ કરતા હતા.

ત્યારપછી "આ શ્રીજયાનંદ રાજાએ શસ્ત્રવડે પણ મને જીતે તેવો ઉદ્યોત કર્યો"

એમ ધારી જાણે લજ્જા પામ્યો હોય તેમ સૂર્ય અસ્તગિરિપર કોઇક ઠેકાણે છુપાઈ ગયો. અથવા—"પ્રતાપે કરીને મારા મિત્રપર આ ચક્રીને આ રાજા મારા જ ઉદ્યોતથી ન હણો" એમ જાણે સૂર્યને વિચાર થયો હોય તેમ તે અસ્ત પામ્યો. ત્યારપછી સંગ્રામનો વિરામ, શસ્ત્ર તથા પીડાયેલાનું સજ્જ થવાપણું તથા એક સૈન્યનો હર્ષ અને બીજાનો શોક એ વિગેરે સર્વ પ્રથમની જેમ થયું. તે વખતે "અહિંસાદિક પુણ્ય કાર્યો જ જય, આરોગ્ય અને સુખના સમૂહને આપે છે, તથા હિંસાદિક પાપકર્મો જ તેથી વિપરીતપણાને એટલે પરાજય, રોગ અને દુઃખના સમૂહને આપે છે" એમ તે રણસંગ્રામ જ પ્રગટ કરતો હતો.

બુદ્ધિરૂપી ધનવાળો પુરૂષ જેમ તર્કશાસ્ત્રની યુક્તિઓનું સ્મરણ કરે તેમ તે ચક્રીએ રાત્રીએ પોતાની અસ્ખલિત મુક્તિને માટે સમગ્ર વિદ્યાની શ્રેણિને સંભારી. જેમ સ્ત્રીને આધીન થયેલા અધમ પુરૂષો કૃત્ય અને અકૃત્ય વિગેરે કાંઈ જાણતા નથી તેમ નિદ્રાવડે આલિંગન કરાયેલા વીરોએ સુખ દુઃખ વિગેરે કાંઈ પણ જાણ્યું નહિ.

ઈતિ શ્રીજયાનંદ રાજર્ષિ કેવળીના ચરિત્રમાં શ્રીજયાનંદ રાજા અને વિદ્યાધર ચક્રવર્તીના યુદ્ધને વિષે છઠ્ઠા દિવસના યુદ્ધનો વિસ્તાર પૂર્ણ થયો.

## સાતમો દિવસ.

જેમ ધર્મનો ઉપદેશ કરનાર ગુરૂ મોહરૂપી નિદ્રાથી સુતેલા ભવ્ય પ્રાણીઓને ધર્મની વાણીવડે જાગૃત કરે છે—બોધ પમાડે છે, તેમ ઉદય પામેલા સૂર્યના સારથિ અરૂણે સુતેલા વીરોને પોતાના કિરણોવડે જાગૃત કર્યા; અથવા જેમ જાંગુલિ વિદ્યાને જાણનાર પુરૂષ વિષની મૂર્છાથી પડેલા જનોને ઉભા કરે તેમ રાત્રીએ સુતેલા વીરોને ઉદય પામેલા અરૂણે ઉભા કર્યા. અથવા પરમાર્થ રીતે જોતાં એ મિત્રો વચ્ચે પણ આવો વિશ્વને દુઃખદાયક ક્લેશ કેમ થાય? તેથી તે ક્લેશને શાંત કરવા માટે હોય તેમ જગતનો સાક્ષી સૂર્ય ઉદય પામ્યો. અથવા શ્રીજયાનંદ રાજાજ જયલક્ષ્મીને યોગ્ય છે, અને તે જયલક્ષ્મી યુદ્ધ વિના મળી શકે નહિ, તેથી યુદ્ધનો અવકાશ આપવા માટે સૂર્ય ઉદયાચળપર આરૂઢ થયો.

ત્યારપછી તે બન્ને સૈન્યમાં મંથન કરાતા સમુદ્રના ધ્વનિને તિરસ્કાર કરવામાં જેનો ધ્વનિ અગ્રેસર છે એવા રણવાજિંત્રો વાગવા લાગ્યાં. જેમ ગુરૂના ઉપદેશથી ભવ્ય પ્રાણીઓ શુદ્ધ ધર્મને વિષે વિશેષ ઉદ્યમ કરે તેમ તે રણવાજિંત્રના શબ્દથી વીરો યુદ્ધ કરવા માટે વિશેષ ઉત્સાહ પામ્યા. જેમ બ્રાહ્મણો એક જ દિવસે ઘણીવાર શ્રાદ્ધનું

ભોજન કર્યા છતાં પણ તૃપ્ત ન થાય અથવા જેમ સર્વ મનુષ્ય ઇચ્છિત ભોજન જમ્યા છતાં પણ બીજે દિવસે ક્ષુધાતુર થાય છે તેમ શૂરવીરોએ ઘણીવાર યુદ્ધ કર્યું તોપણ તૃપ્તિ નહિ થવાથી તેઓએ ફરીને યુદ્ધ કરવાનું અંગીકાર કર્યું.

જેમ મત્સ્યના બાળકોને ખાતા ખાતા બગલાઓ સરોવરમાં આગળ આગળ પ્રસરે, તેમ અનેક સુભટોને હણતા ચક્રીના કુમારો રણસંગ્રામમાં પ્રસર્યા. તે વખતે સ્ત્રીરૂપધારી પાંચસો યોદ્ધાઓ સહિત પવનવેગે તેમની સાથે વિવિધ શસ્ત્રોવડે ચિરકાળ સુધી ઘણે પ્રકારે યુદ્ધ કર્યું. અને પછી જેમ મચ્છીમાર દૃઢ જાળવડે મોટા મત્સ્યોને બાંધી લે તેમ તેમણે યુદ્ધમાં અગ્રેસર વીશ કુમાર યોદ્ધાઓને નાગપાશવડે બાંધી લીધા.

તથા ચંદ્રગતિ વિગેરે અને ભોજરતિ વિગેરે યોદ્ધાઓએ પણ લાખોની સંખ્યાવાળું ચક્રીનું સૈન્ય ભાંગી નાંખ્યું. તે જોઈ ચક્રી ક્રોધથી દોડ્યો અને જેમ મદથી અંધ થયેલો હાથી ક્રીડાવનમાં કેળનાં વૃક્ષોને પાડી નાંખે તેમ તેણે ઘણા શત્રુવીરોને પાડી દીધા. ત્યારે ધનુષ્યને ધારણ કરતા કુમારરાજે તેને રોકયો. તેને જોઈ અત્યંત ક્રોધથી વ્યાપ્ત થયેલા ચક્રીએ રૂષ્ટમાન થઇને કહ્યું કે—

"રે રંડા! કેમ હજી મારાથી તું દૂર જતી નથી? ગઈકાલે સ્ત્રીજાતિને લીધે મેં તારી ઉપેક્ષા કરી હતી, તેથી જ આજે તું ધૃષ્ટતાને ધારણ કરે છે? જેઓ ઔષધોવડે વ્યાધિના સમૂહોને હણવા સમર્થ હોય તેવા વૈદ્યો આ પૃથ્વીપર પગલે પગલે જોવામાં આવે છે, તથા જેઓ દાનવડે દરિદ્રોના દારિદ્રયની શ્રેણિને હરણ કરે તેવા ભાગ્યશાળી દાતારો પણ અસંખ્ય દેખાય છે, પરંતુ શસ્ત્રોવડે મારા ભુજદંડની ખરજના સમૂહને દૂર કરે અને યુદ્ધમાં રહીને મને યશ કે અપયશ અપાવે એવો કોઈ પણ મનુષ્ય કે દેવ ત્રણ જગતમાં દેખાતો નથી. જેમ મૃગોથી સિંહ સર્પોથી ગરૂડ, દેવોથી ઇંદ્ર, અંધકારથી સૂર્ય, પતંગીઆઓથી અગ્નિ અને દૈત્યોથી વિષ્ણુ જીતી શકાતા નથી, તેમ સુભટોથી હું જીતી શકાતો નથી. હે મુગ્ધા તું સ્ત્રી થઇને મને પણ રણસંગ્રામમાં જીતવા માટે હિંમત રાખે છે, પરંતુ તું જાણતી નથી કે મારી પાસે ઇંદ્ર પણ તૃણ સમાન છે, તો બીજાઓ તો શી ગણતરીમાં છે? માટે તું અહીંથી જતી રહે, હું તને મૂકી દઉં છું, સ્ત્રીઓનો વધ કરવાથી મારા બળને દૂષણ લાગે છે, છતાં જો તું ઊભી રહીશ, તો મારા વિદ્યાસ્ત્રના અગ્નિમાં તું પતંગીઆરૂપ થઈ જઈશ." તે સાંભળી રાજાએ કહ્યું કે—

મેં તને ઘણીવાર પૃથ્વીપર ઢાળી દીધો છે. તો પણ તારી પુત્રીના કહેવાથી મેં



તને હણ્યો નથી; છતાં તું આવું વચન બોલે છે, તો તારામાં માત્ર વાણીની જ શૂરતા જણાય છે. જો તું સ્ત્રીઓનો વધ કરવામાં શક્તિમાન હોય તો કેમ તું તારા બળને દૂષણ લગાડે છે? માટે હવે તું મારી આજ્ઞાને અંગીકાર કરીને અહીંથી ચાલ્યો જા. તને વૃદ્ધને હું દયાથી મૂકી દઉં છું; અથવા તો પ્રથમ છએ દિવસોના યુદ્ધોમાં તેં સુભટોનું, કુમારોનું, શસ્ત્રોનું અને તારી ભુજાનું પણ બળ સાક્ષાત્ જોઈ લીધું છે. હવે હે ચક્રી! જો કાંઈ વિદ્યાશસ્ત્રનું બળ બાકી રહ્યું હોય તો તે પણ શીઘ્રપણે જોઈ લે, કે જેનાથી તું આ પ્રમાણે ગર્વ કરે છે. આ પૃથ્વીપર ભુજાબળથી પ્રસરતા ગર્વવડે ઉદ્ધત થયેલા હજારો શૂરવીરો છે, તથા શત્રુવીરના જીવિતને અને લક્ષ્મીને લુંટી લેનારાં શસ્ત્રો પણ ઘણાં છે, પરંતુ જ્યારે હું ધનુષ્ય પર બાણ ચઢાવું છું ત્યારે તે શૂરાઓ અને શસ્ત્રો સર્વે નિષ્ફળ જાય છે. માત્ર શત્રુઓ પોતાના મુખમાં તૃણ ગ્રહણ કરે તો તે જ એક તેમને હિતકારક થાય છે.

આ પ્રમાણેની વાણી સાંભળીને ક્રોધ પામેલા ચક્રીરાજે તે રાજા સાથે કેટલોક કાળ શરાશરી યુદ્ધ કરી તેના ઉપર ધારાધર નામનું આયુધ મૂક્યું. એટલે તે આયુધ ધારાની વૃષ્ટિવડે હાથી, અશ્વ અને પત્તિ વિગેરેની સેનાને અત્યંત ઉપદ્રવિત કરવા લાગ્યું, તે જોઈ રાજાએ તત્કાળ વાયવ્ય નામના શસ્ત્રવડે તે આયુધને હરી લીધું. ત્યાર પછી ચક્રીએ ગિરિના શિખરોને પાડી નાખે તેવું વાયવ્ય નામનું શસ્ત્ર મૂક્યું, તેનાવડે તત્કાળ શત્રુનું સૈન્ય પડી જવા લાગ્યું. તે જોઈ રાજાએ લાખો સર્પો વિકુર્વ્યા. તેઓ તત્કાળ વાયુને પી ગયા. ત્યારે ચક્રીએ નાગાસ્ત્ર મૂક્યું. તેમાંથી કરોડો સર્પો થયા. તે જોઈ પોતાની સેનાને ઉપદ્રવ કરતા તે સર્પોને રાજાએ ગરૂડ નામના શસ્ત્રવડે નસાડી દીધા. પછી ચક્રીએ વૃશ્ચિક નામનું શસ્ત્ર મૂક્યું. તેથી ઉત્પન્ન થયેલા વૃશ્ચિકોએ પોતાની સેનાને લાખો દંશ કર્યા, તે જોઇ રાજાએ મયૂર શસ્ત્રથી ઉત્પન્ન થયેલા મયૂરોવડે તેમને તત્કાળ નાશ પમાડ્યા.

ત્યારે રાજાની વિદ્યાશક્તિથી આશ્ચર્ય પામેલા વિદ્યાધરચક્રીએ મોટા ક્રોધવડે પ્રસ્વાપન નામનું આયુધ મૂક્યું. પરંતુ અંગદ વિગેરે યંત્રોના પ્રભાવથી રાજાની ઉપર અસર કરવાને તે સમર્થ થયું નહિ, પરંતુ તેણે રાજાના સૈન્યને નિદ્રાયુક્ત કરી દીધું, એટલે શત્રુઓ તેને હણવા લાગ્યા. તે જોઈ રાજાએ પ્રબોધન નામના શસ્ત્રવડે પોતાના સૈન્યને જાગૃત કર્યું; અને પછી વિશેષ ક્રોધથી ચક્રીની સેના સાથે યુદ્ધ કરવા લાગ્યા.

પછી ચક્રીએ ત્રડત્રડ કરતું આગ્નેય શસ્ત્ર મૂક્યું. તે અસ્ત્ર સૈન્યને બાળવા લાગ્યું; તેથી રાજાએ વારિદ અસ્ત્રવડે તેને ઓલવી નાંખ્યું. પછી ચક્રી ફુંફાડા મારતા નાગપાશ-



વડે કુમારરાજરૂપ શત્રુને બાંધવા તૈયાર થયો; ત્યારે રાજાએ તે નાગપાશને કમળના નાળની જેમ તત્કાળ તોડી નાંખ્યું. જેઓ નાગપાશોવડે બંધાયા હોય તેઓ એમના એમ બંધાયેલાજ રહે, તે તો બીજાજ હોય, આ રાજા જેવા ન હોય, એમ તે ચક્રીએ જાણ્યું નહિ. જેમ જાળમાં મત્સ્યો બંધાય છે, તેમ કાંઇ હાથી બંધાતા નથી. પછી ચક્રીએ ગારૂડ અસ્ત્ર મૂક્યું; કેમકે ગરૂડ શત્રુને ખાઈ જાય છે. તેને રાજાએ તત્કાળ ગોવિંદ અસ્ત્રવડે નાશ પમાડ્યું.

પછી વિદ્યાધરના ઇન્દ્રે તેના સૈન્ય ઉપર મોહન નામનું અસ્ત્ર મૂક્યું; તેથી મોહ પામેલા પોતાના વીરો પોતાના જ વીરો સાથે યુદ્ધ કરવા લાગ્યા, અને શસ્ત્રને ગ્રહણ કરવું તથા મૂકવું એ વિગેરે કાર્યના વિભાગને જણાવવામાં અસમર્થ થયા. તે જોઈ રાજાએ જ્વાલામાલિની નામની વિદ્યાએ કરીને તેનું મોહનાસ્ત્ર નિષ્ફળ કર્યું. એ પ્રમાણે તે ખેચરેશ્વરે બીજાં પણ ઘણાં વિદ્યાસ્ત્રો મૂક્યાં; પણ માત્ર એક સાહસ મૂક્યું નહિ. આજ ધીર પુરૂષનું જીવિત છે. પર્વતના મસ્તકપર વાવેલ બીજની જેમ ભાગ્યના નિધાન રૂપ રાજાની ઉપર ચક્રીએ મૂકેલાં તે વિદ્યાઅસ્ત્રો ફળને ગ્રહણ કરનાર ન થયાં.

શ્રીજયાનંદ રાજા ઉત્તમ એવા પોતાની ભુજાના શૌર્યને તથા વિદ્યા, અંગદ અને ઔષધિના બળને ધારણ કરતા હતા, તેથી તે શી રીતે જીતી શકાય? આ પ્રમાણે વિદ્યાઅસ્ત્રોવડે પણ રાજાને અજેય માની ખેચરરાજ ખેદ પામી વિચારવા લાગ્યો કે—

"આ શત્રુને શી રીતે જીતવો? આનું રૂપ તો સ્ત્રીનું દેખાય છે, પણ એનું શૌર્ય તો ઇન્દ્રાદિકને પણ જીતનારૂં જણાય છે. તો આ કોઈ વિશ્વને વિષે ગુપ્ત રહેલો અજેય પુરૂષ છે; તેથી તેને જીતનાર પણ જગતમાં કોઈ જણાતો નથી. ત્યારે શું આ વૈતાઢ્યનું રાજ્ય મેં તેને માટે જ ઉપાર્જન કર્યું હશે? 'કીડીઓએ એકઠું કરેલ ધાન્ય શું તેતર નથી ખાતા?' અથવા આવી દુષ્ટ કલ્પના કરનાર મને નિઃસત્ત્વને ધિક્કાર છે! કેમકે મારી પાસે એક દેવનું આપેલ મુદ્‌ગર છે, તે બીજાં શસ્ત્રોથી જીતાય તેમ નથી. તેથી બીજાં બીજાં યુદ્ધોવડે તે શત્રુને ચિરકાળ સુધી શ્રમિત કરીને પછી શીઘ્રપણે તે મુદ્‌ગર વડે તેને હણી નાંખું; કેમકે વિદ્યાઅસ્ત્રવડે શું સિદ્ધ થતું નથી?"

આ પ્રમાણે વિચારી તે ચક્રી રથપર આરૂઢ થયો, અને નિર્ઘોષવડે આકાશને ગજાવે તેવા ધનુષ્યનો ટંકાર કરી રાજાપર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યો. રાજાએ પણ વજ્રને ભેદી નાખે એવા બાણોવડે તે ચક્રીને ઉપદ્રવિત કર્યો, અને તેની સેનાને પણ જર્જરિત કરી નાખી. આ પ્રમાણે ચિરકાળ સુધી યુદ્ધ કરી ચક્રીને બાણોવડે અત્યંત શ્રમિત કર્યો, તેનું સર્વ અંગ વ્રણવાળું કર્યું, અને તેમાંથી વધારે વધારે રૂધિર નીકળવા લાગ્યું; તેથી

ચક્રી અત્યંત ક્રોધયુક્ત થઈ તત્કાળ મુદ્ગર ઉપાડીને દોડયો; અને લાગ જોઈ રાજાના મસ્તકપર તે મુદ્ગરનો પ્રહાર કર્યો.

તેના પ્રહારથી વ્યથા પામેલા રાજાએ ક્ષણવાર નેત્ર બંધ કર્યાં, તેને કાંઈ પણ ખબર રહી નહિ. તે જોઈ સર્વ સૈન્ય હાહારવ કરવા લાગ્યું. તે રાજાને હણાયેલો માની જેટલામાં ચક્રી આનંદ પામ્યો, તેટલામાં રાજાએ સંજ્ઞા પામી એક મુદ્ગર ગ્રહણ કર્યો કે જે મુદ્ગર કામાક્ષા દેવીએ આપેલ હતો, તે મુદ્ગર વજ્રમય હતો અને સર્વ શસ્ત્રોને ભેદનાર હતો. પોતાના મુદ્ગરથી રાજાને નહિ હણાયેલો જોઈ ચક્રી ફરીથી જ્યારે રાજાને મારવા જતો હતો ત્યારે રાજાએ ચક્રીના મસ્તકપર પોતાના મુદ્ગરનો એવો પ્રહાર કર્યો કે જેથી વજ્રવડે પાંખો છેદેલા પર્વતની જેમ તે ચક્રી મૂર્છિત થઈ ભૂમિપર પડયો.

પછી તેને રાજાએ નાગપાશવડે એવો મજબુત બાંધી લીધો કે જેથી કરૂણાના સ્થાનરૂપ તે ચક્રી શ્વાસોચ્છ્વાસ લેવાને પણ સમર્થ રહ્યો નહિ. તે ચક્રીને તેના કરોડો સુભટો ગ્રહણ કરવા આવ્યા, પણ તે સર્વેને રાજાએ બાણોવડે નિવાર્યા. 'જ્વાળાના સમૂહવડે દેદીપ્યમાન થયેલા અગ્નિને કોણ નિવારી શકે ?

પોતાના સ્વામીને બાંધેલો જોઈ તેના દુઃખની પીડાથી મરવાને તૈયાર થયેલા તેના સર્વ વીરો યુધ્ધથી નિવૃત્તિ પામ્યા નહિ; કેમકે તેઓ સ્વામીનું જ અનુકરણ કરનારા હતા. રાજાએ પોતાના સૈનિકોથી ચક્રીના સૈનિકોને હણાતા જોઈ બન્નેના રક્ષા માટે મોહિની વિદ્યાવડે તેમને મોહ પમાડયા. તેથી તેઓ સ્વ-પરનો વિભાગ જાણ્યા વિના તથા શસ્ત્ર અને અશસ્ત્રને જાણ્યા વિના પરસ્પર અફળાઈને તથા હાથી, અશ્વ, રથ વિગેરે સાથે અફળાઈ અફળાઈને પૃથ્વીપર પડવા લાગ્યા; તેમજ રાજાના સુભટો પણ તેમને હણવા લાગ્યા, તેથી તેઓ અત્યંત વ્યાકુળ થઈ ગયા. તે જોઈ રાજાએ પોતાના સુભટોને નિવાર્યા. 'અગ્નિની જ્વાળા ઓલાઈ ગયા પછી ધૂમાડાને કોણ કૂટે ?' શત્રુના યોદ્ધાઓને મૃત્યુની સમીપે આવેલા જોઈ રાજાએ તેમને કૃપાવડે સ્વસ્થ કર્યા. પછી સ્વસ્થ થયેલા તેઓ ફરીથી તેવી મોહની અવસ્થાના ભયથી નાશી ગયા. પછી આકર્ષિણી વિદ્યાવડે તે ખેચર ચક્રીને ખેંચી રાજાએ આનંદ પામેલા પવનવેગને સોંપ્યો.

ઇતિ શ્રી જયાનંદ રાજર્ષિ કેવળીના ચરિત્રમાં શ્રી જયાનંદ રાજા અને ખેચરચક્રીના યુદ્ધના અધિકારને વિષે સાતમા દિવસનું યુદ્ધ સમાપ્ત.

આ પ્રમાણે શ્રી જયાનંદ કુમારરાજનો જય થતાં આકાશમાં રહેલા દેવોએ તેના પર પુષ્પવૃષ્ટિ કરી, આકાશમાં દુંદુભિઓ વાગવા લાગી, દેવો હર્ષથી નૃત્ય કરવા

લાગ્યા, ચોતરફ જયના મોટા વાજિંત્રો વાગવા લાગ્યા. દિશાઓ નાદ કરવા લાગી, અને હર્ષ પામેલા સુભટો ચારેતરફ જયજયારવ કરવા લાગ્યા. તે વખતે સ્વામી રહિત થયેલું ચક્રાયુધ રાજાનું સૈન્ય રક્ષણ રહિત થયું અને વિષાદ તથા ભયથી વિહ્વળ થઇ ગયું. તે સૈન્યમાં મહારથી અને અતિરથી વિગેરે કરોડો યોદ્ધાઓ હતા; પરંતુ તે સર્વે સ્વામી રહિત થવાથી ખેદ અને ભયવડે વ્યાપ્ત થઈ ગયા.

'ગ્રહોનો અધિપતિ ચંદ્ર જ્યારે સિંહિકાપુત્ર રાહુવડે ગ્રસ્ત થાય છે અથવા અસ્ત પામે છે, ત્યારે રાહુનો ગ્રાસ કરવા અથવા પ્રકાશ કરવા શું ગ્રહાદિક સમર્થ થઈ શકે છે?' ત્યારપછી શ્રી જયાનંદ રાજેંદ્રની આજ્ઞાથી પવનવેગ રાજા નાશી જતી ખેચર રાજાની સેનાને આ પ્રમાણે આશ્વાસન આપવા લાગ્યો કે—

"હે સૈનિકો! અમે સ્વામી રહિત થયા એમ ધારી તમે ભય ન પામો અને નાશી ન જાઓ. અમારો અને તમારો સર્વનો સ્વામી એક શ્રીજયાનંદ રાજાજ છે; માટે તેને સ્વામીપણે અંગીકાર કરો અને તેના રાજ્યમાં રહી ઇચ્છિત સુખ ભોગવો. નમસ્કાર કરનાર ઉપર વાત્સલ્ય દેખાડનાર આ શ્રીજયાનંદ કુમારરાજ તમારા નાથને પણ મુક્ત કરશે."

આ પ્રમાણે શ્રીજયાનંદ રાજાને સ્વામીપણે અંગીકાર કરી નિર્ભયપણે તે સૈન્ય સુખેથી રહ્યું. પછી પવનવેગના કહેવાથી શ્રીજયાનંદ રાજાએ ખેચરચક્રીને ઔષધિના જળવડે સજ્જ કરી તથા નાગપાશોને દૂર કરી વજ્રના પાંજરામાં નાંખ્યો. એ જ પ્રમાણે બીજા સર્વ સુભટોને પણ તે રાજાએ ગારૂડી વિદ્યાવડે સર્પના બંધન રહિત કરી ઔષધિના જળવડે સજ્જ કર્યા.

આ રીતે તે રાજાએ સ્વ-પરના વિભાગ વિના સર્વ સૈનિકોને સુખી કર્યા, તેઓ સર્વે રાજાને પ્રણામ કરી તેના સેવક થઈ તેને ચારેબાજુ વીંટાઈ વળ્યા. પ્રણામ કરતા એવા યાચકોના સમૂહો ઉંચે સ્વરે ને રાજાના ગુણ ગાવા લાગ્યા. વૃદ્ધ જનો જય જય શબ્દવડે વાચાળ થઇ તેના પરાક્રમની સ્તુતિ કરવા લાગ્યા, સમીપ રહીને સેવનારા પાંચસો સ્ત્રી સુભટોથી યુક્ત અને મહા વાજિંત્રોના શબ્દવડે દિશાઓને ગજાવતા તે કુમારેંદ્ર હાથીપર આરૂઢ થયા, ખેચરચક્રીને રથમાં સ્થાપન કરી સાથે રાખ્યો, ગાયકો તે રાજાના ગુણ ગાવા લાગ્યા. આ રીતે તે રાજા પોતાને સ્થાનકે ગયા. પછી બીજા વિદ્યાધર રાજાઓને તે સ્ત્રીરૂપ ધારી રાજાએ રજા આપી, એટલે તેઓ તેના ગુણની સ્તુતિવડે મુખને પવિત્ર કરતા પોતપોતાને ઉતારે ગયા. પછી ખેચરચક્રીને ભોજન કરાવી સદાચાર

અને દયાના સ્થાનરૂપ તે રાજાએ સ્નાન અને જિનપૂજા વિગેરે કરી સૈન્ય સહિત પોતે ભોજન કર્યું.

મહોત્સવ સહિત વિવિધ પ્રકારના માંગલિક આચારવડે તે દિવસને નિર્ગમન કરી સુખનિદ્રાવડે રાત્રી વ્યતીત કરી. પછી પ્રાતઃકાળે મંગળ વાજિંત્રના નાદવડે શ્રી જયાનંદ રાજા જાગૃત થઈ પ્રાતઃકૃત્ય કરી સિંહાસનપર બેઠા, તે વખતે પવનવેગાદિકે આવી તેમને નમસ્કાર કર્યા.

તે સમયે ચક્રસુંદરીએ આવી પોતાના પિતાના દુઃખથી દુઃખી થઈ વિનંતિ કરી કે—"હે સ્વામી! હૃદયમાં દયા લાવીને મારા પિતાને મુક્ત કરો." તે સાંભળી શ્રી-જયાનંદ રાજાએ કહ્યું કે—"મુક્ત કરું છું." એમ કહી તે કુમારેંદ્રે વજ્રપંજરમાં રહેલા તે ખેચરચક્રીને ખેચરો પાસે ત્યાં મંગાવ્યો. પછી તેને કુમારરાજે કહ્યું કે—.

"હે મહા ભાગ્યવાન્! તારી જે નામનું ચિન્હ કરવાની ઇચ્છા હતી તે નામના ચિન્હવાળા તે મુગટને અને તે કંકણને મંગાવ, કે જેથી આ સર્વ રાજાઓની સમક્ષ પવનવેગના જમાઈને તથા તેની પુત્રીને તે પહેરામણી તરીકે આપીએ. તેમ કરવાથી તે બન્નેને વિષે તારો અતિ મહિમા જીવનપર્યંત રહેશે. જો કદાચ તે ચીજો ઘડાવી ન હોય તો ઘડાવી મંગાવ. પાંજરામાં રહ્યા છતાં પણ તું સમર્થ જ છે, અને મારે કાંઈ ઉતાવળ નથી. હે નરેશ! તારો બંધ કરવો તે કરતાં વધ કરવો સહેલો હતો, તોપણ તને મેં માર્યો નથી, તેનું કારણ એ કે તારી પુત્રીની તને જીવતો રાખવાની પ્રાર્થના હતી, અને હું શક્તિમાન હતો તોપણ મારા હૃદયમાં દયા હતી, તેથી જ તને માર્યો નથી." આ પ્રમાણેની રાજાની વાણીવડે તે ખેચરચક્રી મર્મસ્થાનમાં વીંધાયો, અને યુદ્ધમાં થયેલા વજ્રાદિકના પ્રહારથી પણ અત્યંત વધારે દુઃખ પામી રોવા લાગ્યો. તેને રોતો જોઈ મનમાં દયા ઉત્પન્ન થવાથી પવનવેગ બોલ્યો કે—

"હે ખેચરેંદ્ર! રૂદન ન કરો, તમે અમારા ચિરકાળના સ્વામી છો; તેથી પ્રણામ કરીને પણ આ કૃપાળુ રાજા પાસેથી હું શીઘ્રપણે તમને મૂકાવીશ." તે સાંભળી ખેચર-રાજાએ તેને કહ્યું કે—"હે પવનવેગ! મારે મુક્ત થવાનું કાંઈ પ્રયોજન નથી, આ આખા જગતને જીતી ચિરકાળ સુધી વિદ્યાધરોનું ચક્રવર્તીપણું ભોગવી આજે મનુષ્યો અને દેવોની સમક્ષ હું બંધ તથા પરાભવને પામ્યો. વીર પુરૂષોનું યુદ્ધમાં મરણ થાય તે વખાણવા લાયક છે; કેમકે તેવું મૃત્યુ યશ અને સ્વર્ગને આપનાર છે. પરંતુ દુર્જનો જેને ધિક્કારે છે એવી બંધનની વિડંબના થાય તે વખાણવા લાયક નથી. હજી પણ જો તું મારા પર સ્વામીભક્તિ રાખતો હોય તો હમણાં જ મને ખડ્ગ આપ, કે જેથી

તે વડે મારૂં મસ્તક છેદી મારા બંધનો મોક્ષ કરૂં." આ પ્રમાણે તે ખેચરચક્રીની મરવાની ઇચ્છાનો નિશ્ચય જાણી વજવેગ બોલ્યો કે—

"હે નાથ! તમે શાસ્ત્રજ્ઞ છતાં તમારી આવી મોહદશા કેમ થઈ? તમને કોઈ સ્ત્રીએ બાંધ્યા નથી. શું સ્ત્રીજાતિને વિષે આવા ઉત્કૃષ્ટ વિદ્યા અને શૌર્યાદિક ગુણો સંભવે? હે ઈશ! આટલું પણ તમે સમજતા નથી? માટે આ તો શ્રીજયાનંદ રાજા જ છે. તે ત્રણ ભુવનના વીરોને જીતનાર છે, તેણે યોગિનીઓના માનનું મર્દન કર્યું છે, તે સર્વ વિદ્યાઓનો નિધિ છે, તેને દેવો અને દેવીઓએ મોટાં મોટાં વરદાન આપ્યાં છે, તેણે વજ્રમુખાદિક દેવોનો પણ પરાજય કર્યો છે, અને તેનું પરાક્રમ ઇંદ્ર જેવું છે. તમે મંત્રીઓથી જાણેલા કારણથી જ તેણે વિદ્યાવડે સ્ત્રીનું રૂપ ધારણ કર્યું છે. આવા શ્રી જયાનંદ રાજાએ તમને બાંધ્યા છે, તેમાં તમારે હે રાજન્! હર્ષ પામવાનો છે; કારણ કે ઇંદ્રાદિકથી પણ બળાદિકવડે અધિકાધિક હોય જ છે."

આ પ્રમાણે તેની વાણીરૂપી અમૃતવડે સીંચાયેલો તે ખેચરાધિપતિ પરાભવરૂપી અગ્નિના તાપથી પીડા પામ્યો હતો તો પણ કાંઈક શીતળતાને પામ્યો. ફરીથી પવનવેગ બોલ્યો કે—

"હે રાજા! આ બાબતમાં ખરેખરી રીતે કર્મનો જ દોષ છે, કેમકે તમારા હૃદયમાં પણ ગર્વરૂપી અગ્નિ હોવાથી વિવેકરૂપી વૃક્ષને તે બાળી નાખે છે. આ શ્રી જયાનંદ રાજાનું ચરિત્ર જગતમાં પ્રસિદ્ધ છે, તમારા મંત્રીઓએ તમને તે બાબત જણાવી પણ હતી, દેવીઓ અને વિદ્યાધરીઓ પણ તેનાં ગીત ગાયા કરે છે, તેણે સ્ત્રીરૂપ ધારણ કરીને પણ લીલામાત્રથી જ તમારા સૈન્યનો ભંગ કર્યો હતો. આટલું બધું જાણવા છતાં પણ તમે ગર્વથી તેની અવજ્ઞા કરી; તેથી જ તમે આ દશાને પામ્યા છો. મેં પણ પહેલેથી જ સ્વામીભક્તિને લીધે પ્રેમી સેવકની રીત પ્રમાણે પ્રધાનોની સાથે ઉપદેશ આપનાર પંડિતને પણ મોકલ્યો હતો. તે વખતે તેના ઉપદેશરૂપી અમૃતવડે પણ અયોગ્ય વચનને બોલતા એવા તમારો ગર્વરૂપી અગ્નિ બુઝાયો નહોતો. કોઈ સામાન્ય મનુષ્ય પણ કોઈના નામના ચિન્હવાળું દાસપણું સહન કરે નહિ અને પોતાની પત્નીનું પણ એવું અપમાન સહન કરે નહિ, તો આ વીરપુરૂષ શી રીતે સહન કરે? તમે અતિ ગર્વથી શબ્દવડે આ વીરનો પરાભવ કર્યો હતો, તેથી જ એક સ્ત્રીએ તમારો પરાભવ કર્યો એવો તમને અપયશ આપવા માટે તેણે પણ તમારે વિષે આવી ચેષ્ટા કરી છે. ક્રોધ, ઇર્ષ્યા અને ગર્વ વિગેરે દોષો જ પ્રાણીઓના શત્રુ છે, માટે તે દોષોને

દૂર કરી તે રાજાની આજ્ઞા સ્વીકારો કે જેથી તે પણ તમને મુક્ત કરે.” આ પ્રમાણે પવનવેગનું વચન સાંભળી ખેચરચક્રી બંધનના દુઃખથી ખેદ પામેલો હોવાથી અને બીજી ગતિ નહિ હોવાથી તેણે રાજાની આજ્ઞા અંગીકાર કરી.

પછી પવનવેગે કુમારેંદ્રની પાસે જઈ વિનંતિ કરી કે—“હે સ્વામી! જેમ તમે તમારા શૌર્યાદિક ગુણો પ્રગટ કર્યા, તેમ તમારું સ્વાભાવિક રૂપ પણ પ્રગટ કરો; કેમકે તે સ્વાભાવિક રૂપ જોવા માટે સર્વનાં નેત્રો ઉત્સુક થઈ રહ્યા છે. હે સ્વામી! હજુ કયાં સુધી અમને માયાવડે મોહ પમાડશો?” આ પ્રમાણે તે ખેચરરાજા તથા બીજાઓએ પણ વિનયથી તેમને વિનંતિ કરી. આવી તેમની પ્રાર્થનાથી શ્રીજયાનંદ રાજાએ પોતાનું અને પાંચસો સુભટોનું સ્વાભાવિક રૂપ પ્રગટ કર્યું.

ઇંદ્ર અને કામદેવને પણ ઓળંગે એવું તેમનું સ્વાભાવિક રૂપ જોવાને માટે તત્કાળ ભેગા થયેલા કરોડો સુભટોએ હર્ષ, આશ્ચર્ય અને સ્તુતિવડે વ્યાપ્ત થઈ તેમને પ્રણામ કર્યા. તે વખતે હર્ષના વાજિંત્રો વાગ્યાં, મંગળપાઠકો મંગળ બોલવા લાગ્યા, અને સંદેહનો નિરાશ થવાથી ચક્રસુંદરી હર્ષ પામી.

પછી પવનવેગ વિગેરે વિદ્યાધર રાજાઓની પ્રાર્થનાથી તથા પોતે પણ દયાળુ હોવાથી શ્રીજયાનંદ રાજાએ વિદ્યાવડે તે પાંજરાને ભેદી તે ચક્રાયુધની બેડીને છેદી નાંખી; તથા “એણે અપરાધ કર્યો છે તોપણ તે મહાપુરૂષ છે, તેથી તે અત્યંત વિડંબનાને લાયક નથી.” એમ વિચારી તે ખેચરચક્રીને મુક્ત કર્યો. તે ચક્રી પણ તે રાજાનું અદ્ભુત રૂપ જોઈ એવું આશ્ચર્ય પામ્યો, કે જેથી એકાંત હર્ષ પ્રાપ્ત થવાથી પરાભવનું દુઃખ પણ ભૂલી ગયો.

પછી રાજાએ તે ખેચરચક્રીને સિંહાસનપર બેસાડયો, એટલે પવનવેગ વિગેરે સર્વે વિદ્યાધરરાજાઓએ તે ચક્રીને પ્રણામ કર્યા. તે ચક્રીનું સર્વ સૈન્ય પોતાના સ્વામીને મુકત થયેલા અને સુવર્ણના સિંહાસનપર બેઠેલા જોઈ વાજિંત્રો વગાડવાપૂર્વક અત્યંત હર્ષિત થયું.

પછી ચક્રવેગાદિક ચક્રીના પુત્રોને અને બીજા પણ હજારો બાંધેલા સુભટોને તત્કાળ રાજાએ પોતાની પાસે મંગાવ્યા અને ગારૂડી વિદ્યાવડે તેમના નાગપાશો તોડાવી તેમને મુકત કર્યા, તથા શસ્ત્રપ્રહારથી પીડા પામેલા તેમને ઔષધિના જળવડે સજ્જ કર્યા. પછી તેઓએ હર્ષ પામી ચક્રી સહિત રાજાને નમસ્કાર કર્યા. તેમને તથાપ્રકારે સજ્જ થયેલા જોઈ ચક્રી પણ સૈન્ય સહિત હર્ષ પામ્યો.



પછી શ્રીજયાનંદ રાજાએ ચક્રસુંદરીને બોલાવી બહુમાનપૂર્વક ખેચરચક્રીને સોંપી, અને કહ્યું કે—"આ તમારી પુત્રીને તમે ગ્રહણ કરો. ઇચ્છા પ્રમાણે ગમે તે વરને આપો. મારે તેણીનું કાંઇપણ પ્રયોજન નથી. મેં તો માત્ર કૌતુકથી જ તેને ગ્રહણ કરી હતી." ત્યારપછી ચક્રસુંદરી પિતાના પગમાં પડી રોતી રોતી બોલી કે—"હે પિતા! મેં સ્વેચ્છાએ આ વરને વરીને તમને મહા સંકટમાં નાખ્યા છે. આવા ભયંકર યુદ્ધાદિકનું કારણ પણ હું જ બની છું. એવી આ તમારી પાપિણી કુપુત્રીના સર્વ અપરાધની તમે ક્ષમા કરો." તે સાંભળી ચક્રી પિતા બોલ્યા કે—

"હે પુત્રી! તારો લેશ પણ અપરાધ નથી. જેમ ગાય પડવાના ચંદ્રને જોઈ શકે છે તેમ તેં એને ઓળખ્યા છે; તે સર્વોત્તમ ગુણવાળા છે, તેનો તેં આશ્રય કર્યો તે યોગ્ય જ કર્યું છે. કેમકે રાજાઓની નિપુણ પુત્રીઓ પોતાની મેળે જ ઇચ્છાવરને વરે છે. જેમ ગોવાળીઓ ચિંતામણિ રત્નને ન ઓળખે, તેમ જગતમાં પ્રસિદ્ધ ચરિત્રવાળા આ રાજાને મેં ઓળખ્યા નહિ, તેથી મેં અનેક પ્રકારે તેમની અવજ્ઞા કરી છે; માટે મારા જ ગર્વના દોષવડે હું આવા પ્રકારની વિપત્તિને પામ્યો છું.

મોટા પુરૂષની અવજ્ઞા અને ગર્વ ભવિષ્યકાળમાં સુખ આપનાર થતા જ નથી. તારી જ પ્રાર્થનાથી આ રાજાએ મને યુદ્ધમાં હણ્યો નથી, અને બંધનથી પણ મુક્ત કર્યો છે. તો હે પુત્રી! તેં તારા પિતાનું રક્ષણ કર્યું છે, માટે તું હર્ષ પામ. વળી નિપુણતાવાળી તું આ વરને વરી તે સારૂં કર્યું છે, માટે હું પણ તે વાતને પ્રમાણ કરૂં છું." આ પ્રમાણે વાણીરૂપી અમૃતના સિંચનથી પુત્રીનો ખેદ અને તાપ દૂર કરી તેણીને હર્ષ પમાડી પિતાએ દાસીઓ સહિત તેણીને રાજમહેલમાં મોકલી.

હવે પરાભવ પામવાથી સંતાપવડે શ્યામ અને નમ્ર મુખવાળા ખેચરચક્રીને શ્રી જયાનંદ રાજાએ કહ્યું કે—"હે ઉત્તમ રાજન્! 'હું આનાથી જીતાયો' એમ ધારી તમે ખેદ ન પામો; કેમકે આ જય મેં કાકતાલીય ન્યાયથી મેળવ્યો છે એમ હું માનું છું. દેવ, અસુર અને મનુષ્યોમાં પણ તમારી જેવો કોઈ સુભટ નથી. કે જે દિવ્ય બળ સહિત મારી સાથે આટલા લાંબા કાળ સુધી યુદ્ધ કરી શકે. સાધન વિગેરે વિશેષ છતાં પણ કોઈ વખત કાંઈ પણ વિદ્યાબળ કર્મથી અધિક થઈ શકતું નથી; તેથી જય કે અજય વાસ્તવિક નથી; પરંતુ સર્વ ઈચ્છિત અર્થને આપવામાં સાક્ષીરૂપ પૂર્વ જન્મમાં કરેલો અસામાન્ય–વિશેષ તપધર્મ જ જય આપવામાં સમર્થ છે. જય, અભ્યુદય અને લાભ વિગેરે સર્વ પદાર્થો સાથે કરીને ઉત્કૃષ્ટ પુણ્યશાળીને જ અન્વય અને વ્યતિરેકના આશ્રયથી શુભને કરનારા થાય છે. જય અથવા પરાજય શૂરને વિષે જ સંભવ છે,

કાચરને વિષે એમાંથી એકેનો સંભવ નથી. કેમકે સુવર્ણને વિષે જ થાપણનો સંભવ છે અને મણિને વિષે જ વીંધાવાનો સંભવ છે; પરંતુ પથ્થરને વિષે તે બંને હોતા નથી.

અથવા તો કોઈ વીર એકવાર જીતાયો-પરાભવ પામ્યો, તેથી તે વીરપણાનો ત્યાગ કરતો નથી. સિંહની ફાળ એકવાર વ્યર્થ ગઈ હોય તોપણ તે ફરીથી હાથીને હણે જ છે. દેવતાઓએ સમુદ્રનું મંથન કર્યું, તોપણ સમુદ્રનો મહિમા હાનિ પામ્યો નથી. દેવોએ મેરૂપર્વતને રવૈયારૂપ કર્યો હતો તોપણ મેરૂ સર્વ પર્વતોમાં મોટો જ રહ્યો છે. રાહુએ ગ્રાસ કરીને મુક્ત કરેલો સૂર્ય બીજા જ્યોતિષીઓની કાંતિને હણે જ છે. અમાવાસ્યાએ ચંદ્રના કિરણો લુપ્ત થાય છે, તોપણ તે ચંદ્ર અમૃતવડે દેવોને પ્રસન્ન કરે જ છે.

ઘઉં હલકી જાતના હોય તોપણ તે બધાં ધાન્યમાં ઉત્તમપણું ધારણ કરે જ છે. સાકરની અંદર કાંકરી વિગેરે શલ્ય પેઠું હોય તોપણ તે મધુર લાગે જ છે. વૈડૂર્ય મણિ ઘસાયો હોય તોપણ તે કાચરૂપ થતો નથી હંસ કાદવવડે લેપાયો હોય તોપણ તે કાગડા જેવો શ્યામ થતો નથી. ચક્ર પોતાના ગોત્રને વિષે સમર્થ ન થાય તોપણ તે બીજાં શસ્ત્રોની તુલ્ય થતું નથી. અગ્નિ પાણીને બાળવાને શક્તિમાન થતો નથી, તોપણ તે સર્વ તેજસ્વી પદાર્થોમાં અગ્રેસર જ છે. શંકરનું લિંગ એકવાર છેદાયું તોપણ તે લોકોની સેવા કરવાને યોગ્ય જ રહેલ છે.

ઈંદ્ર હજાર છિદ્રવાળો થયો તોપણ તેજ સુરેશ્વર છે. ઋષિએ વિષ્ણુને રથમાં જોડયા તોપણ તે દૈત્યોને હણે જ છે. મહાદેવે એકવાર બ્રહ્માનું મસ્તક છેદ્યું તોપણ તે બ્રહ્મા સૃષ્ટિને સરજે જ છે. મહાદેવે કામદેવનું શરીર બાળી નાંખ્યું તોપણ શું તે કામદેવ જગતને જીતતો નથી ? ભરત રાજાનો તેના ભાઈ બાહુબળીએ પરાભવ કર્યો તોપણ શું ભરતે ચક્રવર્તીપણું ન ભોગવ્યું ?

તે જ પ્રમાણે આ કાકતાલીય ન્યાયથી થયેલા પરાભવ સંબંધી ખેદનો તમે ત્યાગ કરો, સૈન્ય સહિત તમે તમારા નગરમાં જાઓ અને તમારી રાજ્યલક્ષ્મી તમેજ ભોગવો. વળી કોઈ પૂર્વકૃત કર્મને યોગે આ આપણો રણસંગ્રામ થયો છે; પરંતુ મારૂં મન તો તમને જોયા પછી મિત્રની જેમજ તમારે વિષે સ્નેહવાળું થયું છે. તેથી હું માનું છું કે તમે પૂર્વ ભવના મારા કોઈ અત્યંત મિત્ર છો; માટે મેં તમને યુદ્ધાદિકમાં જે ખેદ પમાડ્યો છે, તે મારા અપરાધને તમે ક્ષમા કરો. ”

આ પ્રમાણે લોહચુંબક જેવા આકર્ષક રાજાના વચનોવડે હર્ષ પામેલા ખેચરચક્રીનું પરાભવથી થયેલા ખેદરૂપ શલ્ય નષ્ટ થયું અને તે બોલ્યો કે—“ હે કુમારરાજ ! હું



માનું છું કે વિધાતાએ જે આ સૃષ્ટિ રચી, તે સર્વમાં સર્વગુણ યુક્ત તો તમારી એકજ મૂર્તિ રચી છે. તમારૂં શૂરપણું, સુજનતા, નીતિ, ધર્મ, વિવેક, દયા અને પરોપકાર એ સર્વ ગુણોની સ્તુતિ કરવા ઇંદ્ર પણ શક્તિમાન નથી.

મેં ક્રોધ, અજ્ઞાન અને અભિમાન વગેરેના વશથી પંડિત મંત્રીઓ અને પવનવેગાદિકના વચનરૂપી અંકુશોની અવગણના કરી, તેથી મદોન્મત્ત હાથીની જેમ વિવેકરહિતપણાવડે અંધ થયેલા મેં સર્વ શુદ્ધ ગુણવાળા હોવાથી માનવા લાયક છતાં પણ તમારી અવજ્ઞા કરી છે. તે સર્વ મારા અપરાધને તમે ક્ષમા કરો. તમારો લેશ પણ અપરાધ નથી. પતંગ પોતે જ દીવામાં ઝંપાલાઈને બળી જાય તેમાં દીવાનો દોષ નથી. તમે મને શક્તિ છતાં પણ યુદ્ધમાં હણ્યો નહીં, અને તત્કાળ છોડી મૂક્યો, તેથી હે રાજન્! અપરાધીને વિષે પણ તમારો દયાધર્મ અદ્ભુત છે.

તમારૂં ચિત્ત જેમ મારે વિષે સ્નેહવાળું થયું છે, તેમ મારૂં ચિત્ત પણ તમારે વિષે અત્યંત સ્નેહવાળું થયું છે, તેથી ચિત્તની એકત્રતાને લીધે અવશ્ય આપણી પૂર્વ ભવની મિત્રાઈ હોવીજ જોઈએ. હે બંધુ! હવે તો જલદી પ્રસન્ન થઈને મારા નગરમાં આવી મારા નગરને તથા મારા મહેલને પવિત્ર કરો. હે પ્રાર્થિત વસ્તુને આપનાર રાજન્! તમારી પાસે હું આટલીજ પ્રાર્થના કરૂં છું."

તે સાંભળી કુમારરાજે તેને અનુમતિ આપી, એટલે તે ખેચરચક્રવર્તીએ સૈન્ય સહિત પોતાના નગરમાં જઈ નગરની અદ્ભૂત શોભા કરાવી. આકાશસુધી પહોંચેલા મણિના સ્તંભો અને તેનાપર સૂર્ય જેવા સુંદર દેખાતા મણિના કળશોની શ્રેણિની કાંતિવડે દીપતા હજારો તોરણો વિદ્યાધરોએ રચ્યાં, અને તે તોરણો ઉપર ચામર વીંઝતી પુતળીઓ તથા વિચિત્ર ધ્વજાઓ મૂકવામાં આવી.

રાજમાર્ગમાં ઠેકાણે ઠેકાણે મોટા માંચડાઓના સમૂહો ગોઠવ્યા અને તેનાપર વાજિંત્રના ધ્વનિસહિત ગીતગાનાદિક કરતી સ્ત્રીઓ બેસાડવામાં આવી. તે માંચડાઓ ઉપર ચંદરવા બાંધી તેમાં મોતીનાં ઝુમખાં લટકાવ્યાં, તે જાણે રાજાનું સૌભાગ્ય જોવા માટે ગ્રહો આવીને રહ્યાં હોય તેવાં શોભતાં હતાં. દરેક વૃક્ષ, ઘર અને દુકાનોને માથે શબ્દ કરતી ઘુઘરીઓ સહિત ધ્વજાઓ બાંધી, તે જાણે કે આકાશરૂપ વૃક્ષોપર રહેતા ભ્રમરના નાદ સહિત પલ્લવો હોય તેવી શોભતી હતી. "અમારી નગરીમાં શ્રીજયાનંદ રાજાના આવવાથી પૃથ્વી પણ અમારી જેમ શીતળ થાઓ" એવા હેતુથી વિદ્યાધરોએ સર્વ માર્ગોમાં ચંદનમિશ્રિત જળ છાંટ્યું; ઘર તથા દુકાનો વિગેરેના તોરણોમાં રત્નના આરિ-

સાઓ ગોઠવ્યા, તેથી જાણે કુમારરાજના પ્રતાપથી જીતાયેલા સર્વ દ્વીપોના મનુષ્યો તેની સેવા કરવા આવ્યા હોય એવો ભાસ થવા લાગ્યો. વેપારી જનોએ ઉંચા સ્તંભો ઉપર રેશમી વસ્ત્રો, સુવર્ણ, માણિક્ય અને મોતિના હારો લટકાવી દુકાનોને શણગારી. રત્નની પૃથ્વીપર મણિ, સુવર્ણ અને મોતીના સાથીઆ પુરવામાં આવ્યા, તે જાણે કે કલ્યાણ અને સૌભાગ્યની લક્ષ્મીવાળા રાજાની રક્ષા કરવાના યંત્રો હોય તેવા શોભતા હતા. શ્રી જયાનંદ રાજાના યશવડે ઉજ્વળ થયેલા આકાશમાં રંગ કરવા માટે જ હોય તેમ ઉંચા સ્તંભોપર મૂકેલા મનોહર ધુપધાણાંઓ ધુમાડાના સમૂહને છોડવા લાગ્યાં. સ્થાને સ્થાને કેળના સ્તંભો ઉપર પુષ્પોની માળાઓ લટકાવી તેથી જાણે કામદેવની રાજધાની હોય તેમ તે સર્વ નગર સુગંધમય થઈ રહ્યું.

આ રીતે શોભા કરાવીને તે ખેચરચક્રીએ પરિવાર સહિત રાજા પાસે જઈ તેમને પરિવાર સહિત પોતાના નગરમાં આવવા વિનયથી આમંત્રણ કર્યું; એટલે તેની ગૌરવતા અને પ્રાર્થનાના વશથી તેના નગરમાં પ્રવેશ કરવાને ઇચ્છતા કુમારરાજ કરોડો વિદ્યાધરો સહિત તેના નગર તરફ ચાલ્યા. તે વખતે કૈલાસ પર્વતપર આરૂઢ થયેલા શંકરની જેમ શ્વેત હસ્તીપર આરૂઢ થયેલ તે રાજા સેવા કરવા આવેલો જાણે ચંદ્ર ન હોય એવા શ્વેત છત્રવડે શોભતા હતા, તેને ચારેતરફ વિદ્યાધરીઓની શ્રેણિ ચામરો વીંઝતી હતી, તેથી જાણે કે તેના યશથી જીતાયેલા ક્ષીરસમુદ્રે તેને પોતાના તરંગો ભેટ કર્યા હોય તેમ તે ચામરો શોભતા હતા.

વાગતા એવા કરોડો વાજિંત્રોવડે આકાશ શબ્દમય થઈ ગયું હતું, તેથી 'આ રાજા જગતને જીતનાર છે.' એમ જાણે સર્વ દિશાઓ કહેતી હોય તેવું ભાસતું હતું. દેવોની જેવા વિદ્યાધરોથી આખું આકાશ વ્યાપ્ત થઈ ગયું હતું, તેથી જેમ કીર્તિએ કરીને તે રાજાએ આકાશ અને પૃથ્વીની ઐક્યતા કરી તેમ તે રાજા વિદ્યાધરોવડે આકાશ અને પૃથ્વીને એકરૂપજ કરી દેતા હોય એમ લાગ્યું.

આ રીતે તે કુમાર ચાલ્યા, તે વખતે વિદ્યાધરો, બંદીજનો અને ગવૈયાઓ તેમના ગુણોની સ્તુતિ કરતા હતા, ચારેબાજુ વિદ્યાધરીઓ તેના ધવળગીત ગાતી હતી, તે શ્રીજયાનંદરાજા વિસામા રહિત સ્થાને સ્થાને નાટકની શ્રેણિઓ જોતા હતા, જયધ્વનિને સાંભળતા હતા, કલ્પવૃક્ષની જેમ અર્થીઓને વાંછિત દાન આપતા હતા, છત્ર ચામર સહિત, હસ્તીપર આરૂઢ થયેલા યુવરાજની જેવા ખેચરચક્રીએ કરીને તે રાજામહારાજાની જેમ શોભતા હતા, દેવોવડે ઇંદ્રની જેમ પવનવેગાદિક વિદ્યાધરોવડે યુક્ત એવા તે રાજા

કરોડો જોનાર જનોના નમસ્કાર તથા સ્તુતિને પોતાના હાથવડે અંગીકાર કરતા હતા, વિદ્યાધરની સ્ત્રીઓ મણિ અને મોતીના સમૂહવડે તેમને વધાવતી હતી, તેમજ કીનખાબ વિગેરે જરીયાન વસ્ત્રાદિકના લુંછણાવડે તેમને આનંદ પમાડતી હતી, તે રાજાએ દિવ્ય અલંકાર અને વસ્ત્રો પહેરેલાં હોવાથી વિશ્વને વિષે તે ઉત્તમ શોભાને ધારણ કરતા હતા.

આ રીતે તે શ્રીજયાનંદ રાજા રાજમાર્ગને ઓળંગી અનુક્રમે ખેચરચક્રીના મહેલ પાસે આવી પહોંચ્યા એટલે ખેચરચક્રીએ તેમને પોતાના હાથનો ટેકો આપ્યો, તે ટેકાવડે રાજાએ હસ્તીપરથી ઉતરી મુખ્ય પરિવાર સહિત હર્ષથી રાજસભામાં પ્રવેશ કર્યો.

ત્યાં કોઈ ઠેકાણે નિર્મળ સ્ફાટિકમણિની અદૃશ્ય ભીંતો હતી, કોઈ ઠેકાણે વૈડૂર્ય-મણિનું ભૂમિતળ હોવાથી ઘરોની શ્રેણિ ઉગી હોય એવી ભ્રાંતિ થતી હતી, કોઈ ઠેકાણે ભૂમિતલ પદ્મરાગમણિવડે બાંધેલું હતું તેથી ત્યાં અગ્નિનો ભ્રમ થતો હતો, અને કોઈ ઠેકાણે મરકતમણિનું બાંધેલું ભૂતળ હતું, તેથી તેની કાંતિવડે જળનો ભ્રમ થતો હતો. લક્ષ્મીવડે સૌધર્મ સભાને જીતનાર તે સભાને વિષે આવી વિસ્મય પામેલા અને ખેચર-ચક્રી ઉપર સ્નેહ ધરાવનારા શ્રીજયાનંદ રાજા મણિમય સિંહાસન પર બેઠા. પાસેના બીજા સિંહાસન પર ગૌરવથી તે વિદ્યાધરચક્રી પણ બેઠો. તે વખતે સૂર્યની પાસે જાણે ચંદ્ર રહ્યો હોય તેવો તે લાગ્યો.

કાર્યને લઈને જાણે સૌધર્મ ઈંદ્ર અને ઈશાન ઈંદ્ર એકઠા થયા હોય તેવા તે બંને રાજાને સ્વપરના વિભાગ વિના એકઠા થઈ મળેલા જોઈ ખેચરો અને દેવોએ તેમને નમસ્કાર કર્યા. પછી વિદ્યાધરોએ તે રાજાને વિમાન, હાથી, પત્તિ અને અશ્વ વિગેરે વૈતાઢ્યની સારી સારી વસ્તુઓની ભેટ કરી. વૈતાઢ્ય પર્વત પર રહેલા બીજા સર્વે ખેચર રાજાઓએ પૌરજનો સહિત તે રાજેંદ્રને જોવા માટે આવી ભેટ મૂકવા પૂર્વક નમસ્કાર કર્યા. પછી યોગ્યતા પ્રમાણે વાતચિતના આલાપવડે પ્રજાજનોને પ્રસન્ન કરી તેમને રજા આપી તે રાજેંદ્રે ખેચરચક્રીની સાથે સ્નાનાદિક સર્વ ક્રિયાઓ કરી.

ત્યારપછી અત્યંત પ્રાર્થના પૂર્વક ખેચરચક્રીએ આપેલી તે ચક્રસુંદરી કન્યાનો શ્રીજયાનંદ રાજાએ હર્ષથી સ્વીકાર કર્યો. તે સમયે હર્ષથી વ્યાપ્ત થયેલા ભોગરતિ વગેરે વિદ્યાધરરાજાઓએ પોતાની બત્રીસ કન્યાઓને પણ ત્યાં લાવી તે રાજાને ભેટ કરી અને પ્રથમની કરેલી અસન્નતા સંભારી આપી. પછી તેઓએ તે રાજા સાથે તે કન્યાઓનું પણ પાણિગ્રહણ કબુલ કરાવ્યું. બીજા પણ ખેચર રાજાઓએ ને કુમારરાજને પ્રાર્થના કરવા પૂર્વક ગુણોવડે સર્વોત્તમ એવી પોતપોતાની અનેક કન્યાઓ આપી. 'નદીઓને સમુદ્ર જેવો પતિ કયાં મળે ?'

આ રીતે શ્રીજયાનંદ રાજાને અપ્સરાઓ જેવી એક હજાર ને આઠ પ્રિયાઓ થઈ. 'ઘણી લતાઓ ભેળી થયા છતાં પણ પર્વતને તેનો કાંઈ ભાર લાગતો નથી.' તે કન્યાઓના પિતાઓ ખેચરચક્રી વિગેરે મોટા મોટા સર્વ રાજાઓ પરિવાર સહિત અત્યંત હર્ષ પામ્યા. અને જ્યોતિષ શાસ્ત્રના રહસ્યને જાણનાર શ્રેષ્ઠ જ્ઞાની જ્યોતિર્ષીઓને બોલાવી તેમને વિવાહ કરવાનું કાર્ય જણાવી હાથમાં ફળો રાખી મુહૂર્ત પૂછયું ત્યારે મોટા આશયવાળા અને પ્રશ્નને અનુસારે વિચાર કરનારા તે જોશીઓએ વારંવાર સુંદર મુહૂર્ત સંબંધી વિચાર કર્યો. તેમાં દોષ રહિત, કન્યા અને વરના ચંદ્ર સૂર્યાદિક બળવડે બલિષ્ઠ, સમગ્ર શુકલપક્ષમાં રહેલા દિવસો જોઈ ડહાપણથી સર્વ ગ્રહોના બળવાળું નિર્મળ લગ્ન જોઈ નિષ્કંલક બુદ્ધિવાળા તે વૃદ્ધ જોશીઓએ તેમની પ્રીતિને માટે તેમને કહ્યું કે—

હે વિદ્યાધર રાજાઓ! તમે ત્વરા કરો, હમણાં જ નજીકમાં રહેલું આ એકજ મુહૂર્ત્ત સર્વ કલ્યાણને કરનારૂં અને ઉત્કૃષ્ટ છે. તે મુહૂર્ત્તનો જ આદર કરો, સર્વ સામગ્રી તૈયાર કરો, અને તે લગ્નમાં જ સર્વ કન્યાઓનો વિવાહ કરો, તેમ કરવાથી તમને સર્વને ચિરકાળ સુધી સુખ પ્રાપ્ત થશે." આ પ્રમાણે વિવાહનું મુહૂર્ત્ત સાંભળીને તેને અંગીકાર કરી તે સર્વ રાજાઓએ તે જોશીઓને વસ્ત્ર, અલંકાર અને પુષ્પાદિકવડે સત્કાર કરી વિદાય કર્યા.

પછી પોતપોતાના આવાસમાં જઈ વિવાહની સર્વ સામગ્રી તૈયાર કરી તે પુણ્ય દિવસે તે સર્વ કન્યાઓનો વિવાહમહોત્સવ કર્યો. વિદ્યાધરોના આગ્રહથી તે કુમારરાજ તે કન્યાઓને ખેચરચક્રી વિગેરેએ કરેલા મોટા ઉત્સવ પૂર્વક પરણ્યા. કરમોચન વખતે તે સર્વ ખેચરરાજાઓએ તે રાજાને અનેક ઉત્તમ હાથી, અશ્વ, રથ અને સૈનિક વિગેરે અનેક મહાદાનો આપ્યાં. પછી ખેચરચક્રી વિગેરેથી સેવાતા તે રાજા મણિમય મહેલોમાં અપ્સરાઓ જેવી તે પત્નીઓની સાથે ક્રીડા કરવા લાગ્યા.

પરદેશમાં પણ એકલા એવા તે રાજા પ્રાયે અન્યનો ઉપકાર કરવાથી આવી મોટી સંપત્તિને પામ્યા. માટે હે પંડિતો! તે પરોપકારને જ તમે કરો. આ રીતે મનુષ્યો પૂર્વના સુકૃતના પ્રભાવથી સર્વ ઠેકાણે સર્વ શત્રુઓની વિજયલક્ષ્મીવડે વ્યાપ્ત થઈ પોતે નિરંતર પ્રાપ્ત થયેલા દેવ સમાન સદ્‌ભોગના સુખને નિઃશંકપણે ભોગવે છે.

ઈતિ શ્રીતપગચ્છ નાયક પૂજ્ય શ્રીદેવસુંદરસૂરિ, પૂજ્ય શ્રીજ્ઞાનસાગરસૂરિ, શ્રી–સોમસુંદરસૂરિના શિષ્ય શ્રીમુનિસુંદરસૂરિએ રચેલા જયશ્રીના ચિન્હવાળા શ્રીજયાનંદ રાજર્ષિ કેવળીના ચરિત્રને વિષે ચક્રાયુધ વિદ્યાધરચક્રીનો વિજય, ચક્રસુંદરી વિગેરે એક હજારને આઠ કન્યાનો વિવાહ વિગેરે પુણ્ય ફળના પ્રગટ અનુભાવના વર્ણનવાળો આ તેરમો સર્ગ સમાપ્ત થયો.



# चतुर्दशः सर्गः

श्रीमान् शान्तिः स्वर्णकायःप्रभुर्मे, श्रेयः श्रेणीमिष्टदायीं वितन्यात्।
यस्मिंश्चित्तावाससंस्थे समग्रा, नश्यन्ति द्राग् दूरमापद्भुजङ्ग्यः ॥१॥

સુવર્ણ સરખી કાયાવાળા શ્રીમાન શાંતિનાથ પ્રભુ મને વાંછિત અર્થને આપનારી કલ્યાણની શ્રેણિ આપો. તે ભગવાન ચિત્તરૂપી આવાસમાં રહેવાથી તત્કાળ સમગ્ર આપત્તિરૂપી સર્પિણીઓ દૂર નાશી જાય છે.

એક વખત ખેચરચક્રી વિગેરે સહિત શ્રીજયાનંદ રાજા સભામાં બેઠા હતા. તે વખતે ઉદ્યાનપાળે આવી આનંદપૂર્વક વિનંતિ કરી કે—"હે સ્વામી ! આ ખેચરચક્રીના પિતા **ચક્રાયુધ** નામના જ્ઞાની ગુરૂ ઘણા પરિવાર સહિત ઉદ્યાનમાં સમવસર્યા છે." તે સાંભળી રાજાનું શરીર અદ્વિતીય હર્ષથી વિકસ્વર થયું અને તેણે જિનશાસનની ઉન્નતિના કારણરૂપ મહાદાન તે ઉદ્યાનપાલકને આપ્યું. ખેચરચક્રી પણ પહેલેથી જ પરાભવાદિકવડે વૈરાગ્ય પામ્યો હતો, તેણે ગુરૂનું આગમન સાંભળી ઘેબરમાં સાકર ભળી એમ માન્યું.

પછી મહા કાંતિવાળા રાજા અને ખેચરચક્રી એ બન્ને હસ્તીપર આરૂઢ થયા, અને અંતઃપુર પરિવાર સહિત, કરોડો વિદ્યાધરોવડે પરિવરેલા, આઘોષણાથી એકઠા થયેલા પૌરજનોવડે આકાશ અને પૃથ્વીને વ્યાપ્ત કરતા તથા વાજિંત્રોના નાદવડે દિશાઓને ગજાવતા તે બન્ને રાજાઓ ગુરૂમહારાજને વંદન કરવા ગયા. ગુરૂને દષ્ટિએ જોયા કે તરત જ હાથીપરથી નીચે ઉતરી પાંચ પ્રકારના અભિગમને સાચવી તે બન્ને રાજાઓએ હર્ષથી ત્રણ પ્રદક્ષિણા કરવા પૂર્વક ગુરૂમહારાજને વંદના કરી.

પછી ગુરૂમહારાજની ધર્મલાભરૂપ આશીષવડે હર્ષ પામી ધર્મને વિષે શ્રદ્ધાવાળા તે ખેચરેંદ્ર અને નરેંદ્ર બન્ને ઉચિતપણે ગુરૂમહારાજની સન્મુખ બેઠા. તેમજ બીજા સર્વે વિદ્યાધરો પણ એજ રીતે ખેદનો નાશ કરનાર ગુરૂમહારાજને વંદના કરી તેમની આપેલી ધર્મલાભની આશીષવડે આનંદ પામી યોગ્ય સ્થાને બેઠા. ત્યારપછી સમગ્ર સભા ઉપર અનુગ્રહ કરવાની ઇચ્છાવાળા ગુરૂમહારાજે મોક્ષસુખના હેતભૂત અને સંસારરૂપી પર્વતને ભેદવામાં વજ્ર સમાન આ પ્રમાણે ધર્મોપદેશ કર્યો:—



"જે ધર્મ ત્રણ જગતના આધારભૂત છે, જે સૂર્ય ચંદ્ર સમુદ્ર અને મેઘ વિગેરેને નિયમમાં રાખે છે અને જે પોતાના આરાધકને મનુષ્ય દેવ અને મુક્તિની સંપત્તિ આપે છે, તે શ્રી જૈનધર્મને જ હે ભવ્યજનો ! તમે ભજો. ભવ્યજનોની સમગ્ર પ્રવૃત્તિઓ ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ એવા બે પ્રકારની સુખલક્ષ્મી મેળવવાની ઇચ્છાથી જ હોઈ શકે છે. તેમાં જે પહેલું ઉત્કૃષ્ટ સુખ છે, તે મુક્તિ સંબંધી છે. તે સુખ અનંત, અમિશ્રિત, સ્થિર, ઉપાધિ રહિત અને કહી ન શકાય એવું છે–અથવા ઉપચાર રહિત છે. બીજું અનુત્કૃષ્ટ સુખ, તે વિપરીત આચરણને લીધે પાંચ ઇન્દ્રિયોના વિષયાદિકના સંબંધવાળું અને ભવને આશ્રીને રહેલું છે.

જિનેંદ્ર ભગવંતના શાસનને જાણનારા ડાહ્યા પુરૂષો મોક્ષસુખની જ સ્પૃહાવાળા હોય છે. અને સંસારસુખનો ત્યાગ કરનારા હોય છે. કારણ કે તે સાંસારિક સુખ વાસ્તવિક રીતે દુઃખરૂપ જ છે.

તેનું કારણ એ છે કે વૈષયિક સુખ ભોગવવાથી મૂઢ પ્રાણી ચાર ગતિરૂપ સંસારમાં ભ્રમણ કરતો અનેક પ્રકારના દુઃખોને જ સહન કરે છે–ભોગવે છે. તેથી વિષય સુખ તત્ત્વથી તો દુઃખરૂપ જ છે.

તે દુઃખો આ પ્રમાણે–નરકમાં એટલો બધો દુર્ગંધ છે કે જેના એક લેશમાત્રથી પણ અહિં પ્રાણી મરણ પામી જાય, તે નરકમાં જીવોનું આયુષ્ય ઘણા સાગરોપમ પ્રમાણ હોય છે અને તે કોઈ પણ રીતે ઉપક્રમ–આઘાત ન થઈ શકે તેવું હોય છે. તે નરકમાં કરવતથી પણ અત્યંત તીક્ષ્ણ–દારૂણ સ્પર્શ હોય છે, ત્યાં શીત અને ઉષ્ણથી ઉત્પન્ન થયેલું અનંતગણું દુઃખ છે, તથા ત્યાં પરમાધાર્મિક દેવોએ કરેલી વિવિધ પ્રકારની તીવ્ર પીડાઓ એટલી બધી છે કે ત્યાં રહેલા જીવો નિરંતર રૂદનના શબ્દ કરતા ચારેતરફ નાસે છે. આવાં પ્રકારનાં નરકનાં દુઃખો કષાયવાળા કુબુદ્ધિ જીવોને પ્રાપ્ત થાય છે, તો પણ તેવા જીવો અહીં સંસારથી જરાપણ ભય પામતા નથી, અને ક્ષણિક વિષયસુખ પ્રાપ્ત થવાથી આનંદ પામે છે.

તિર્યંચ ગતિમાં નિરંતર બંધન. વહન—ગાડા વિગેરેમાં જોડાવં ભાર ઉપાડવો, તાડન, ક્ષુધા, તૃષા, અત્યંત આતપ, શીત અને વાયુ સંબંધી દુઃખ હોય છે, તથા પોતાની અને પરની જાતિથી ઉત્પન્ન થતાં ભય અને અકાળ મરણ વિગેરે ઘણાં દુઃસહ દુઃખો પ્રાપ્ત થાય છે. દેવગતિમાં પણ ફોગટ બીજાનું દાસપણું, અન્ય દેવથી પરાભવ, ઈર્ષ્યા, ભય, ચવ્યા પછી ગર્ભમાં નિવાસ અને તિર્યંચાદિક દુર્ગતિમાં જવું, ઇત્યાદિક

દુઃખો રહેલાં છે. જેના પરિણામે અવશ્ય દુઃખ છે તેવાં દેવનાં સુખ પણ શા કામનાં ? તેમજ મનુષ્ય ભવમાં પણ સાત પ્રકારના ભય, અન્યથી પરાભવ, ઇષ્ટ વસ્તુનો વિયોગ, અનિષ્ટ વસ્તુની પ્રાપ્તિ, ધન ઉપાર્જનની ચિંતા અને દુષ્ટ પુત્રાદિકની પ્રાપ્તિ એ વિગેરે દુઃખો હોવાથી ખરેખર મનુષ્યજન્મ પણ નીરસ છે, માત્ર બુદ્ધિમાન પુરૂષોને પુણ્યકાર્ય કરવા વડે જ મનુષ્યજન્મ રસવાળો છે.

આ પ્રમાણે હે કુશળ પ્રાણી ! ભયને કરનારી ચાર ગતિના દુઃખની શ્રેણિને શ્રી જિનાગમથી જાણી ચિરકાળ સુધી હૃદયમાં વિચારીને તેવું કાર્ય કરો કે જેથી ફરીને તેવા દુઃખની શ્રેણિ તમને પ્રાપ્ત ન થાય. જે રાજ્યને વિષે શત્રુઓ થકી પરાભવ પ્રાપ્ત થવો સુલભ છે; નિરંતર વિવિધ પ્રકારે મરણનો ભય પ્રાપ્ત થવાનો સંભવ છે.

અને સ્ત્રી તથા પુત્રોને વિષે પણ અવિશ્વાસ રહે છે, એ રાજ્યાદિક સર્વ આ ભવમાં પણ દુઃખદાયક છે. તેમજ દંડાદંડી આદિક યુદ્ધ વિગેરેના મોટા આરંભમાં અત્યંત દુર્ધ્યાન થવાથી મોટા પાપકર્મ બંધાય છે, અને તેથી કરીને પરલોકમાં નરકાદિકની જેનું વર્ણન પણ ન થઈ શકે તેવી વેદના પ્રાપ્ત થાય છે. તો આવા રાજ્યને પામીને કોણ બુદ્ધિમાન પુરૂષ આનંદ પામે ?

વળી રાજ્યમાં અનેક પ્રકારનાં કારણો ઉત્પન્ન થવાથી ક્રોધાદિક કષાયો ઉદીરણા પામે છે, અને તે કષાયો રાક્ષસોની જેમ નિરંતર પૂર્વના પુણ્યનો કોળીઓ કરી જાય છે તથા વેતાલ જેવા પાંચ ઇન્દ્રિયોના વિષયો મદથી ઉન્મત્ત થયેલા રાજાના વિવેકનો નાશ કરે છે, તેથી આવું રાજ્ય જ ખરેખર નરકરૂપ છે. મૂઢ ચિત્તવાળો રાજા રાજ્યલક્ષ્મીવડે ગર્વિષ્ઠ બને છે, પરંતુ તેને પરિણામે નરકનું દુઃખ પ્રાપ્ત થવાનું છે, તેને તે જાણતો નથી, અને આ લોક તથા પરલોકની મહા કષ્ટકારી વિપત્તિઓ પ્રાપ્ત થશે ત્યારે પોતાનો એકલો આત્મા જ રક્ષણ વિનાનો થઈને તે ભોગવશે તે પણ તે મૂઢ જાણતો નથી.

વળી કોઈ પણ રાજાએ કોઈપણ જીવને મૃત્યુથી બચાવ્યો નથી—તેનું મરણ આવતું અટકાવ્યું નથી, જગતના દારિદ્રયને ત્રાસ પમાડ્યો નથી. રોગ, ચોર અને રાજા વિગેરેથી ઉત્પન્ન થતા સોળ પ્રકારનાં ભયોનો સર્વથા નાશ કર્યો નથી, તેમ જ ત્રણ જગતના પ્રાણીઓને ધર્મ પમાડી સુખી કર્યા નથી; તો તેવી રાજ્યલક્ષ્મીને ભોગવનાર રાજાનો કયો ગુણ, કયો ગર્વ અને કયું સ્વામીપણું માનવું ?

જે રાજ્યથી મોટા આરંભોવડે ભારવાળો થઈને પ્રાણી ભવસાગરમાં ડૂબે છે, જે



રાજ્યમાં દુષ્ટ રાજા વિગેરે છળથી અનેક મનુષ્યોને પીડા પમાડવા ઇચ્છે છે, જે રાજ્ય પ્રાણીને ચિંતાવડે વ્યાકુળ કરવાથી ધર્મકાર્યની સ્થિતિનું હરણ કરે છે, અને જે રાજ્ય પ્રાયે બીજાને જ ભોગવવા લાયક થાય છે, તેવા રાજ્યના પરિગ્રહનો હે પંડિતો ! તમે ત્યાગ કરો.

મુગ્ધ બુદ્ધિવાળા લોકો પોતાનાં ધન, સ્ત્રીઓ અને પુત્રોને જોઈ હર્ષ પામે છે, પરંતુ તે સર્વ શીઘ્રપણે જતું રહે તેવું છે એમ જાણતો નથી. ધન અનિત્ય છે, શરીર નાશવંત છે, સ્વજનો પોતાના સ્વાર્થમાં જ આસક્ત છે અને રાજ્યલક્ષ્મી જવાવાળી વસ્તુઓની પંક્તિમાં અગ્રેસર છે, તેથી બુદ્ધિમાન પુરૂષ આવા ધનાદિકવડે કેમ મોહ પામતા હશે ? આ કારણથી બુદ્ધિમાન પુરૂષે તેવા ધનાદિકને વિષે મોહનો ત્યાગ કરી સાંસારિક સુખને દુઃખ રૂપે જ જાણી તથા મોક્ષ સંબંધી સુખને ગ્રહણ કરવા યોગ્ય જાણી તે મોક્ષને સાધનારા ધર્મને વિષે સમ્યક્ પ્રકારે યત્ન કરવો ઘટે છે.

એ મોક્ષને સાધનાર ધર્મ બે પ્રકારનો છે–સાધુધર્મ અને શ્રાવકધર્મ, તેમાં પહેલો સાધુધર્મ ઉત્કર્ષથી તે જ ભવમાં પણ મોક્ષ આપે છે, અને બીજો શ્રાવકધર્મ મોટી સમૃદ્ધિવાળા બારમા દેવલોકને આપે છે, તથા કેટલાક ભવોવડે મોક્ષ પણ આપે છે. અને જઘન્યથી બન્ને ધર્મવાળા પહેલા દેવલોકને પામે છે.

હવે પહેલો સાધુધર્મ મેરૂપર્વતને તોળવા જેવો દુષ્કર છે, ઇત્યાદિ દૃષ્ટાંતોવડે અલ્પ સત્ત્વવાળા પ્રાણીઓને ધારણ કરી ન શકાય એવો લાગે છે, તોપણ તે તત્કાળ મોક્ષના સુખને આપનાર હોવાથી સત્ત્વવાળા પ્રાણીઓએ તેને જ ધારણ કરવો યોગ્ય છે. કેમકે બીજા દ્યૂતકારોથી પોતે જીતાય તેવો નથી, એમ જે દ્યૂતકાર જાણતો હોય, તે મોટા દાવને જ ધારણ કરે છે–મોટો દાવ જ મૂકે છે. આ બાબત શ્રી સૂયગડાંગ સૂત્રના–વૈતાલીય નામના અધ્યયનમાં કહ્યું છે કે—

"જેમ પરાજય ન પામે એવો જુગારી કુશળ એવા પાસાવડે રમે છે ત્યારે તે ચાર ગુણો દાવ મૂકે છે, પણ એક ગુણો, બે ગુણો કે ત્રણ ગુણો દાવ મૂકતો નથી. તે જ પ્રમાણે લોકને વિષે ભગવંતે જે ધર્મ સર્વોત્તમ કહ્યો છે તે ધર્મ જ ઉત્તમ હિતકારક છે, એમ જાણીને બીજા સર્વનો ત્યાગ કરી પંડિતજને ચારગુણા દાવની જેમ તેને જ ગ્રહણ કરવો યોગ્ય છે."

જે મનુષ્યો સાધુધર્મ પાળવામાં અશક્ત જ હોય તેણે બીજો શ્રાવકધર્મ અંગીકાર કરવો યોગ્ય છે. તે ધર્મ સુખે કરીને સાધી શકાય તેવો છે એમ પંડિતો કહે છે. તે

ધર્મમાં સમકિત, અરિહંતની પૂજા, ગુરૂપૂજા, સંઘપૂજા, તપ, અણુવ્રત, છ આવશ્યક અને બાર ભાવનાઓનો સમાવેશ થાય છે. હે ડાહ્યા પુરૂષો ! આ બેમાંથી કોઈ પણ એક ધર્મને વિષે તમારી શક્તિ પ્રમાણે યત્ન કરો.

કેમકે તે ધર્મ જ શીઘ્રપણે ભવરૂપી શત્રુના મર્મસ્થાનને વીંધનાર છે. અનંતા ભવોમાં ભમી ભમીને દુઃખે કરીને પામી શકાય એવી મનુષ્યભવાદિક સામગ્રીને કોઈપણ પ્રકારે પામીને કયો બુદ્ધિમાન પુરૂષ આ ધર્મ ગ્રહણ કરવામાં ને પાળવામાં આળસ કરે ? શું મરણને જીત્યું છે ? શું મનની પીડાના સમૂહો નષ્ટ થયા છે ? શું વ્યાધિઓ પણ ફરીથી નહિ આવે એવી રીતે નિવૃત્તિ પામી છે ? કે શું દુર્ગતિમાં ભોગવેલાં દુઃખો ફરીને પ્રાપ્ત નથી થવાનાં ? કે જેથી વિષયાદિકમાં આસક્ત થયેલો પ્રાણી ધર્મમાં આળસુ થાય છે ? "

આ પ્રમાણે વિસ્તારથી શ્રી આચાર્ય ભગવંતના મુખથી ધર્મદેશના સાંભળીને પ્રતિબોધ પામેલા ઘણા ભવ્ય પ્રાણીઓએ વિવિધ પ્રકારના ધર્મ અંગીકાર કર્યા. પછી આચાર્ય ભગવંતને નમસ્કાર કરી શ્રીજયાનંદ રાજાએ કહ્યું કે—" હે પૂજ્ય ! હું હમણાં અતિ દુષ્કર યતિધર્મને અંગીકાર કરવા શક્તિમાન નથી. મેં પહેલેથી જ ચાર અણુવ્રતો સહિત સમકિત ગ્રહણ કરેલું છે, અત્યારે રાજ્યભોગને લાયક આ પ્રમાણેના નિયમોને હું અંગીકાર કરૂં છું.

' હમેશાં શ્રી જિનેશ્વરદેવની અષ્ટપ્રકારી પૂજા કરીને જ, ગુરૂનો યોગ હોય તો તેમને વાંદીને જ તથા સાધાર્મિક શ્રાવકોનો સત્કાર કરીને જ મારે ભોજન કરવું. અષ્ટમી અને ચતુર્દશી વિગેરે મોટા પર્વને દિવસે આરંભાદિકનો ત્યાગ કરી હું બ્રહ્મચર્યને ધારણ કરીશ, તથા ચૈત્ર માસમાં અને સર્વ અઠ્ઠાઈઓના દિવસોમાં અમારી પળાવીશ. શ્રી જિનેશ્વરદેવોના હજારો પ્રાસાદો તથા તેમનાં બિંબો કરાવીશ, અને જ્ઞાનનાં ઘણાં પુસ્તકો લખાવીશ. જ્યારે જ્યારે શ્રી ચતુર્વિધ સંઘનો યોગ થશે ત્યારે ત્યારે તેમની વિધિ પ્રમાણે પૂજા કરીશ, શ્રાવકો પાસેથી હું કોઈ જાતનો કર ગ્રહણ કરીશ નહિ, અને દીન હીન જનોને દાન આપીશ, બીજાં પણ ધર્મકાર્યો હું કરીશ, અને શ્રી અરિહંત પરમાત્માના શાસનની ઘણે પ્રકારે પ્રભાવના કરીશ. "

આ પ્રમાણે કુમારરાજે નિયમો ગ્રહણ કરવાનું જણાવ્યું, તે સાંભળી શ્રી આચાર્યભગવંતે તેને તે નિયમો ગ્રહણ કરાવીને કહ્યું કે—" હે નરેંદ્ર ! આ નિયમો તેં સારા ગ્રહણ કર્યા છે, તેને તું સારી રીતે પાળજે. પરંતુ મદવડે ગર્વિષ્ઠ થઈને તે વ્રતો પાળવામાં

પ્રમાદ કરીશ નહિ અને મોહ પામીશ નહિ. કારણ કે તે નિયમોને શ્રીજીનેશ્વર પરમાત્માએ વિરતિરૂપ જ કહ્યા છે, તથા તે નિયમો ધર્મના રહસ્યભૂત છે અને ધર્મનું નિર્દોષ –બીજ કારણ છે. કેમકે તે નિયમોનું પાલન કરવાથી પુણ્યાનુબંધી પુણ્યના કાર્ય અને કારણ [1]પણાને પામી પરિણામે કર્મક્ષયના કારણરૂપ પણ થાય છે. હે રાજરાજેંદ્ર! એવા નિયમો જ મોક્ષ સુધીની કલ્યાણલક્ષ્મીને, સંપત્તિને અને સુખને આપનાર છે, તેથી તું પ્રસન્ન ચિત્તે નિશ્ચયપણે તેની આરાધના કરજે." આ પ્રમાણે આચાર્યભગવંતના મુખથી સાંભળી ફરીથી તેઓશ્રીને પ્રણામ કરી તે રાજાએ નમ્રતાથી પૂછ્યું કે—

"હે પ્રભુ! આ ભવમાં કર્મક્ષય કરવામાં સમર્થ એવી સર્વવિરતિને હું ગ્રહણ કરી શકીશ કે નહિ?" ત્યારે સૂરિ મહારાજે પણ જ્ઞાનના અતિશય વડે તેના ભવનું સ્વરૂપ જાણીને કહ્યું કે—"હે રાજા! ભોગના ફળવાળા કર્મને ભોગવીને પછી તું સાધુ ધર્મ અંગીકાર કરીશ." તે સાંભળી રાજાએ હર્ષ પામી તે નિયમો અને ગુરૂનો ઉપદેશ યથાયોગ્યપણે અંગીકાર કર્યો.

ત્યારપછી વિદ્યાધરચક્રીએ ગુરૂને નમસ્કાર કરી વિનંતિ કરી કે—"હે ભગવાન! તમારી વાણીથી હું પ્રતિબોધ પામ્યો છું, અને પહેલાં પણ પરાભવ પામવાથી રાજ્યભોગને વિષે મારી બુદ્ધિ કાંઈક વિરક્ત થઈ છે, તેથી તમારી પાસે જ હું પ્રવ્રજ્યા ગ્રહણ કરવા ઈચ્છું છું, માટે જ્યાં સુધી હું મારા રાજ્યની વ્યવસ્થા કરીને આપશ્રીની પાસે આવું ત્યાંસુધી મારાપર અનુગ્રહ કરવાની ઈચ્છાથી આપ અહીંજ રહેજો." આ પ્રમાણે તેણે વિનંતિ–કરી; તે આચાર્યભગવંતે–સ્વીકારી. પછી તે વિદ્યાધરચક્રી, શ્રીજયાનંદ રાજા અને બીજા સર્વે લોકો આચાર્યભગવંતને–નમસ્કાર કરી હર્ષ પામતા પોતપોતાને સ્થાને ગયા.

હવે વિદ્યાધર ચક્રીએ મંત્રી વિગેરેની સાથે વિચાર કરી શ્રીજયાનંદ રાજાની પાસે જઈ તેમને નમ્રતાપૂર્વક કહ્યું કે—"મારો પરાજય કરવાના પરાક્રમથી તમે આ વૈતાઢ્ય પર્વતનું રાજ્ય પ્રાપ્ત કર્યું છે, માટે આજે તમે તેનો રાજ્યાભિષેક અંગીકાર કરો." ત્યારે શ્રીજયાનંદ રાજાએ કહ્યું કે—

"હું મારા રાજ્યની લક્ષ્મીથી જ સંતુષ્ટ છું, મારે વૈતાઢ્યના રાજ્યનું કાંઈ પણ પ્રયોજન નથી. તેથી આ તમારૂં રાજ્ય તમારા પુત્રોને આપો. પિતાના રાજ્યને માટે

૧. નિયમ હોય તોજ પુણ્યાનુબંધિ પુણ્યરૂપ કાર્ય નીપજે છે, અને પુણ્યાનુબંધિ પુણ્ય હોય તોજ નિયમનું ગ્રહણ અને પાલન થઈ શકે છે, માટે નિયમજ પુણ્યાનુબંધિ પુણ્યનું કારણ અને કાર્ય બન્ને બને છે.

પુત્રોજ યોગ્ય છે. વળી હું દૂર રહ્યા છતાં પણ તમારી જેમ તેમનું રક્ષણ કરીશ." આ પ્રમાણેનાં તેમનાં વચન સાંભળી ખેચરેશ્વર બોલ્યા કે—

"આ પુત્રોને પણ મેં તમારા ખોળામાં જ મૂક્યા છે, અને આ રાજ્ય પણ તમને જ આધીન કરૂં છું. તે પણ તેમને તમારી ઈચ્છા પ્રમાણે આપો. મેં કોઈકની પાસેથી સાંભળ્યું હતું કે 'તમે આ વૈતાઢ્ય પર્વત સહિત અર્ધ ભરતક્ષેત્રના નાયક થશો એમ જ્ઞાનીઓએ કહ્યું છે.' તેથી તમને આ રાજ્ય ઉપર અભિષેક કરી મારૂં મનવાંછિત કરવાને હું ઈચ્છું છું. તમે મારી પ્રાર્થનાનો ભંગ કરશો નહિ અને મને ધર્મમાં વિઘ્ન કરશો નહિ."

આવાં તેમનાં વચન સાંભળી શ્રીજયાનંદ રાજાએ મૌન ધારણ કર્યું, અને ખેચરચક્રીએ અધિકારીઓ પાસે અભિષેકની સર્વ સામગ્રી તૈયાર કરાવી ત્યારપછી પવનવેગ વિગેરે કરોડો વિદ્યાધરો સહિત ખેચરચક્રીએ શ્રીજયાનંદ રાજાને મણિમય સિંહાસનપર બેસાડ્યા, અને ચક્રીપદને વિષે જેમ ચક્રવર્તીનો અભિષેક કરે તેમ મહિમાવડે ઇંદ્રની લક્ષ્મીના વિસ્તારને જીતનારા એવા અત્યંત મોટા ઉત્સવો પૂર્વક શ્રીજયાનંદ રાજાને પોતાના રાજ્યપર સ્થાપવારૂપ અભિષેક કર્યો.

પછી તે ખેચરચક્રીએ શ્રીજયાનંદ રાજાને પોતાનો ચક્રવેગ નામનો રાજ્યને લાયક પહેલો પુત્ર, બીજા સર્વ પુત્રો, સર્વ ખજાનો અને સૈન્ય વિગેરે અર્પણ કર્યું. પછી ખેચરચક્રી અને બીજા સર્વ વિદ્યાધરોએ શ્રીજયાનંદ રાજાને પ્રણામ કર્યા, તે વખતે તે રાજા જાણે ઇંદ્રની બીજી મૂર્તિ હોય તેવો શોભવા લાગ્યો.

ત્યારપછી ખેચરચક્રી ચક્રાયુધે શ્રીજિનેશ્વરોના ચૈત્યોને વિષે અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો, ચતુર્વિધ સંઘની યથાયોગ્ય પૂજા કરી, દીન જનોને વાંછિત દાન આપી દીનતા રહિત કર્યા, એક માસ સુધી અમારીની ઘોષણા કરાવી, પોતાની સાથે દીક્ષા લેવાની ઈચ્છાવાળા વિદ્યાધરોનાં વિઘ્નોને દૂર કરી તેમને ઘોષણા વિગેરે વડે દીક્ષામાં સજ્જ કર્યા. તે વખતે તેમની સાથે મોટી સમૃદ્ધિવાળા આઠ હજાર ખેચર રાજાઓ, તથા સોળ હજાર ખેચરીઓ દીક્ષા ગ્રહણ કરવા તૈયાર થઈ. ત્યારપછી જેમ ઇંદ્ર તીર્થંકરનો દીક્ષામહોત્સવ કરે તેમ ચક્રવેગાદિક સહિત શ્રીજયાનંદ રાજાએ તેમનો દીક્ષામહોત્સવ કર્યો.

દીક્ષા લેવાના દિવસે ખેચરચક્રી પ્રાતઃકાળે માંગલિક સ્નાન કરી, દેવદૂષ્ય વસ્ત્રો પહેરી, સર્વ અલંકારોવડે ભૂષિત થઈ સાથે દીક્ષા લેનારા વિદ્યાધરાદિક સહિત મોટા વિમાનપર આરૂઢ થયા. ચંદ્રબિંબની કાંતિ જેવું ઉજ્વળ છત્ર તેમના મસ્તકપર ધારણ

કરવામાં આવ્યું, બન્ને બાજુ ઉજ્જવળ ચામરો વીંઝાવા લાગ્યાં, તેમની પાછળ ગીતગાન કરતી કરોડો વિદ્યાધરીઓનાં વિમાનો ચાલ્યાં, અને તેમની આગળ કરોડો વિદ્યાધર સુભટો સહિત શ્રીજયાનંદ રાજા ચાલ્યા, વિવિધ પ્રકારના બંદીજનો તથા નાટકો તેને સુખ ઉપજાવતા હતા, તેના સાહસથી હર્ષિત થયેલા દેવતાઓ ઉંચે સ્વરે જયજય શબ્દનો ઉચ્ચાર કરતા હતા, દેવો અને વિદ્યાધરોનાં વિમાનોએ કરીને આકાશમાં નવું જ્યોતિષ ચક્ર પ્રગટ થયું હોય તેવો દેખાવ થયો હતો. દુંદુભિ વિગેરે વાજિંત્રોના નાદવડે દિશાઓ ગર્જના કરવા લાગી હતી. આ રીતે મહોત્સવ સહિત પગલે પગલે દીનાદિકને દાન દેતા તે વિદ્યાધરચક્રી આચાર્યભગવંતે પવિત્ર કરેલા ઉદ્યાનમાં જઈ વિમાનમાંથી નીચે ઉતર્યા.

પછી દીક્ષા લેનારા બીજા સર્વની સાથે કેશનો લોચ કરી હર્ષથી આચાર્યભગવંતને નમસ્કાર કરીને તેણે વિનંતિ કરી કે—"હે પ્રભુ! અમને ભવસાગરથી તારો." ત્યારે ઉપગારીઆચાર્ય ભગવંતે રાજ્યાદિકની મમતાનો ત્યાગ કરી સંવેગ પામેલા તે રાજાદિકની પ્રશંસા કરીને તેમને વિધિપૂર્વક દીક્ષા આપી આનંદ પમાડયો. પછી દિશાઓના સમૂહને સુગંધી કરનાર વાસચૂર્ણ–વાસક્ષેપ દેવોને તથા રાજાદિક સંઘને આપ્યો. તે તેમણે તે સર્વના મસ્તકપર નાંખ્યો. પછી પૂજ્યશ્રીએ દીક્ષિત થયેલા તેમને અને શ્રીસંઘને યથાયોગ્ય હિતશિક્ષા આપી, તે તેમણે મસ્તક નમાવી અંગીકાર કરી.

શ્રીજયાનંદ રાજાએ શ્રીઆચાર્યભગવંતને વંદના કરી ત્યારપછી શ્રીચક્રાયુધ મુનિવરને પણ વંદના કરી, તથા મન વચન અને કાયાની શુદ્ધિ સહિત બુદ્ધિમાન એવા તે રાજાએ શ્રી ચક્રાયુધ મુનીશ્વરને પણ ભક્તિપૂર્વક ખમાવ્યા. એ જ પ્રમાણે તે રાજાએ બીજા સર્વ મુનિઓને પણ વંદનાપૂર્વક ખમાવ્યા. પછી પરિવાર સહિત રાજા અને ચક્રવેગ વિગેરે સર્વે પોતપોતાને સ્થાને ગયા. મોટા પરિવાર સહિત પૂજ્યશ્રી આચાર્યભગવંતે પણ આકાશમાર્ગે અન્ય સ્થળે વિહાર કર્યો. તેમની પાસે ચક્રાયુધ વિગેરે મુનિઓએ ચરણસીત્તરી અને કરણસીત્તરી પૂર્વક ગ્રહણા અને આસેવના નામની બન્ને પ્રકારની શિક્ષા ગુરૂ પાસેથી ગ્રહણ કરી.

અહીં ચક્રવેગ અને પવનવેગ વિગેરે વિદ્યાધરરાજાઓથી સેવાતા શ્રીજયાનંદ રાજાએ મોટા સૈન્ય સહિત પ્રયાણ કરી વૈતાઢ્ય પર્વતપર રહેનારા અને બીજા પર્વતોવડે યુક્ત એવા દ્વીપોને વિષે રહેનારા જે જે ખેચરો તેની સેવા કરવા આવ્યા નહોતા તે સર્વને લીલાવડે જીતી લીધા. આ પ્રમાણે ગગનવલ્લભ નગરમાં રહી વિદ્યાધરોનું ચક્રવર્તીપણું ભોગવતાં તેનો કેટલોક કાળ સુખમય વ્યતીત થયો. તેવામાં એક વખત

મધ્ય રાત્રિને વિષે શ્રીજયાનંદ રાજા નિદ્રામાં હતા, તે વખતે તેમને કોઈ દેવે આવીને કહ્યું કે—

"હે રાજા! ઉંઘો છો કે જાગો છો?" ત્યારે રાજાએ કહ્યું કે—"જાગુ છું." એટલે તે દેવે કહ્યું કે—"તમે જેને પ્રતિબોધ પમાડ્યો હતો, તે ગિરિચૂડ નામનો હું દેવ છું; તો હે રાજા! જે કારણે હું અહીં આવ્યો છું, તે તમે સાંભળો—

તમે જે તાપસોને પ્રતિબોધ કરી શ્રાવકધર્મ અંગીકાર કરાવ્યો હતો, તે તાપસો ત્યાં આવેલા **શ્રી હેમપ્રભ** નામના ગુરૂની પાસેથી ધર્મદેશના સાંભળીને અત્યંત સંવેગ પામ્યા છે. તેથી તેઓ ચારિત્ર લેવા તૈયાર થયા છે. પરંતુ તે તાપસોનો પતિ તાપસ-સુંદરીના પ્રતિબંધથી ચારિત્ર લઇ શકે તેમ નથી અને તેના પ્રતિબંધથી બીજા સર્વ તાપસો પણ ચારિત્ર લેવા શક્તિમાન થાય તેમ નથી. તો હે રાજા! તમે ત્યાં જલ્દીથી આવીને તમારી પ્રિયા તાપસસુંદરીને લઈ જાઓ. તેને તમે લઈ જશો એટલે તેઓ ધર્મના અંતરાય રહિત થવાથી સુખપૂર્વક ચારિત્રને ગ્રહણ કરશે. તેમજ તેવી નિરપરાધી પ્રિયાને વિયોગનું દુઃખ પણ દૂર થશે. તેને હવે વિયોગમાં રાખવી તે તમને યોગ્ય નથી. તે તાપસોએ ત્રણ ઉપવાસ કરીને મારૂં આરાધન કરી મને તમને બોલાવવા માટે અહીં મોકલ્યો છે. અને મેં જ્ઞાની ગુરૂની વાણીથી તમને અહીં રહેલા જાણ્યા છે, તેથી અહીં આવી મેં તમને આ વાત જણાવી છે."

આ પ્રમાણે કહી તે દેવ અદૃશ્ય થયો, એટલે રાજા તે પ્રિયાના શ્રેષ્ટ ગુણોનું સ્મરણ કરી તથા માતા-પિતાને પણ સંભારી તેમને મળવા માટે જવાને ઉત્કંઠિત થયા. પછી પ્રભાત થયું એટલે મુખ્ય મુખ્ય વિદ્યાધરોને બોલાવી તેમની સાથે વિચાર કરી શ્રી જયાનંદ રાજાએ ચક્રાયુધના મોટા પુત્ર ચક્રવેગને ગગનવલ્લભના રાજ્યપર સ્થાપન કર્યો. અને તેને ઉત્તર શ્રેણિનો અધિપતિ બનાવ્યો. તથા તેના બીજા ભાઈઓને યોગ્યતા પ્રમાણે બીજા નગરો આપ્યાં.

પછી પવનવેગને દક્ષિણ શ્રેણિનો નાયક બનાવ્યો. 'અભ્યંતર સેવક ઉપર સ્વામીઓ અધિક પ્રસન્ન થાયજ છે.' શ્રીજયાનંદ રાજાએ કેટલાએકને તેમના પ્રથમના ગરાસો પાછા આપ્યા અને કેટલાકને નવા ગરાસો આપ્યા, એ રીતે કરવાથી તેમણે સર્વને હર્ષિત કર્યા. 'ઉચિતતા એજ હર્ષનું નિધાન છે.' પછી વિરોધી વિદ્યાધરોને ખમાવી તથા મિત્ર વિદ્યાધરોની રજા લઈ શ્રીજયાનંદ રાજા સર્વ પ્રિયાઓને સાથે લઇને અસંખ્ય સૈન્ય સહિત મોટા વિમાનમાં આરૂઢ થયા. જૂદા જૂદા વિમાનોમાં બેઠેલા ચક્રવેગ અને પવનવેગ કરોડો વિદ્યાધર રાજાઓ સહિત તે તાપસોના આશ્રમ તરફ ચાલ્યા.

અનુક્રમે ત્યાં જઈ રાજાએ યથાયોગ્ય પૂજાદિકવડે સર્વ તાપસોને પ્રસન્ન કર્યા, તેમની પ્રિયા તાપસસુંદરી તેમને જોઈને રૂદન કરવા લાગી, તેણીને રાજાએ આશ્વાસન આપ્યું. પછી જ્ઞાનવડે તે તાપસોના વ્રતગ્રહણનો સમય જાણી, તેમના ઉપર અનુગ્રહ કરવા માટે શ્રી હેમપ્રભ નામના ગુરૂ મહારાજ ત્યાં પધાર્યા. તે વખતે તે હેમજટ વિગેરે તાપસોએ તે ગુરૂની પાસે ચારિત્ર ગ્રહણ કર્યું અને ગિરિચૂડ દેવે તથા શ્રીજયાનંદ રાજાએ તેમનો દીક્ષા મહોત્સવ કર્યો. પછી તે ગુરૂને નમસ્કાર કરી તથા તે તાપસ મુનિઓની પ્રશંસા કરી શ્રીજયાનંદ રાજા તાપસસુંદરીને લઈને જલ્દીથી લક્ષ્મીપુર નગર તરફ ચાલ્યા.

મોટા આડંબરથી અસંખ્ય સૈન્યવડે આકાશને વ્યાપ્ત કરીને આવતા તેમને જોઈને શ્રીવિજય રાજા શત્રુના સૈન્યની શંકા થવાથી યુદ્ધની સામગ્રી સહિત ઉદ્યાનમાં આવ્યા. તેટલામાં મોકલેલા બે વિદ્યાધરોએ તે રાજાની પાસે આવી તેમને પુત્રનું આગમન નિવેદન કરી વધામણી આપી. પુત્રનું આગમન અને તેની આવી મોટી સમૃદ્ધિ જોઈ હર્ષ અને આશ્ચર્યથી વ્યાપ્ત થયેલા રાજાએ તેમને ઉચિત દાન આપ્યું. પછી તે રાજા હાથી ઉપરથી નીચે ઉતરી જેટલામાં પુત્રની સામે ચાલ્યા, તેટલામાં પ્રિયાઓ અને ખેચરો સહિત કુમારરાજે વિમાનમાંથી નીચે ઉતરી ઉત્કંઠાપૂર્વક પિતાને નમસ્કાર કર્યા. શ્રીવિજય રાજાએ તેને આલિંગન આપ્યું. બન્ને પરસ્પર કુશળ પ્રશ્નની વાતો કરી હર્ષ પામ્યા.

પછી સ્વર્ગમાં ઇંદ્ર અને જયંત પ્રવેશ કરે તેમ તે પિતા પુત્રે નગરમાં પ્રવેશ કર્યો. મહેલમાં જઈ પ્રિયાઓ સહિત કુમારે માતાને નમસ્કાર કરી જે હર્ષ આપ્યો તે હર્ષને તે પોતે જ જાણતી હતી. 'સ્ત્રીઓને આવા પુત્ર જેવો બીજો કોઈ મહોત્સવ જ હોતો નથી.' પછી તે કુમારરાજે પોતાની પ્રથમની અને પછીની સર્વ સ્ત્રીઓને જેમ ચંદ્ર કુમુદિનીને કિરણોવડે વિકસ્વર કરે તેમ સ્નેહવાળા વચનોવડે આનંદ આપ્યો. પછી અવસરે વિદ્યાધર રાજા પવનવેગે શ્રીવિજય રાજા વિગેરે સર્વ સભા સમક્ષ કુમારરાજનું સર્વ વૃત્તાંત યથાર્થપણે કહી સંભળાવ્યું, તે સાંભળી વિશ્વને ચમત્કાર કરનાર અને ગુણવડે મનોહર એવા તે વૃત્તાંતથી સર્વ સભાસદો હર્ષ અને આશ્ચર્ય પામી તે કુમારરાજની સ્તુતિ કરવા લાગ્યા.

ત્યારપછી દક્ષિણ ભરતાર્ધના મધ્ય ખંડમાં જે રાજાઓને પ્રથમ સાધ્યા નહોતા તેમને તથા બે બાજુના બન્ને ખંડોના સમગ્ર રાજાઓને જીતવાનો તે રાજાધિપે પ્રયત્ન શરૂ કર્યો. ગર્જના કરતી વેળા વડે સમુદ્રની જેમ ગર્જના કરતી મોટી સેનાવડે તે

રાજેંદ્ર પ્રથમ પૂર્વ દિશા તરફ ચાલ્યા. અનુક્રમે માર્ગને ઓળંગતા તે રાજા પૂર્વ દિશાના સમગ્ર રાજાઓને જીતી પૂર્વસમુદ્રને કાંઠે જઈ પહોંચ્યા.

ત્યાં **કલિંગ, બંગાલ, પાંચાલ** વિગેરે દેશના રાજાઓને અનુક્રમે જીતી તે તે સ્થાને યશના સ્તંભો સ્થાપન કર્યા. **મહેંદ્રનાથ** વિગેરે અનેક રાજાઓ પાસે તેણે બળાત્કારે પોતાની આજ્ઞા ગ્રહણ કરાવી, એટલે તેઓ દંડ તરીકે મોટાં ભેટણાં આપી તેમની આજ્ઞાને માનવા લાગ્યા. તાંબૂલ, એલચી અને સોપારી વિગેરે અનેક પ્રકારના વૃક્ષોવડે શોભતા સમુદ્રના વેળાતટને માર્ગે ચાલી તે રાજા દક્ષિણ દિશામાં ગયા. ત્યાં **કાબેરી** નદીના જળથી સૈન્યને સુખ ઉપજાવી તેણે **પાંડયાદિક** રાજાઓને જીત્યા, એટલે તેમણે હર્ષથી **તામ્રપર્ણી** નદીના અને સમુદ્રના સારભૂત મુક્તાફળ વિગેરે ઉત્તમ વસ્તુઓ રાજાને ભેટ કરી. ત્યાંથી તેના સૈનિકોએ લાખો જાતિવંત અશ્વો, હજારો ઉત્તમ હાથીઓ, ચંદન, એલાયચી અને મરી વિગેરે ઘણી વસ્તુઓ ગ્રહણ કરી.

પછી **દર્દુર, મલય** અને **સહ્ય** એ પર્વતોને તેમજ **કેરલ** વિગેરે દેશોને ઓળંગી તે રાજા પશ્ચિમ દિશામાં ગયા. ત્યાં પણ તેમણે સાંખ્યાદિક જાતિમાં ઉત્પન્ન થયેલા **પારસિકાદિક** રાજાઓની સાથે યુદ્ધ કરી તેમને વશ કરી લીધા, એટલે તેઓએ સારભૂત સર્વ ઉત્તમ ઉત્તમ વસ્તુઓની ભેટ કરી. પશ્ચિમ દિશામાં જવાથી સૂર્ય પણ મંદ તેજવાળો થાય છે, પરંતુ આ રાજા તો કોઈ નવીન સૂર્ય હતા, કે જેથી તે પગલે પગલે મહા તેજસ્વી થતા હતા.

પછી શત્રુનું મંથન કરનાર તે કુમારરાજે અનુક્રમે ઉત્તર દિશાને પણ સાધી. ત્યાં **હૂણ** અને **કાંબોજ** વિગેરે દેશના રાજાઓ તેની સાથે યુદ્ધ કરતાં પરાભવ પામ્યા. તેથી તેમણે સારભૂત હાથી, અશ્વ, દ્રવ્ય વિગેરે ઉત્તમ સામગ્રીની તેમની પાસે ભેટ મૂકી, તેમને નમસ્કાર કરી તેમની સેવા કરવાનું અંગીકાર કર્યું. પછી હિમાચલ[1] પર્વત સુધીના **કૈલાસ** વિગેરે પર્વતોના રાજાઓને જીતી લીધા. આ રીતે સર્વ શત્રુઓનો પરાભવ કરી તે કુમારરાજ ત્રણ ખંડના અધિપતિ થયા. આ પ્રમાણે પરાભવ પામવાથી નમેલા સર્વ રાજાઓ અને મોટા સૈન્ય સહિત કુમારરાજે સુખેથી પાછા વળી મોટા ઉત્સવ પૂર્વક પોતાના નગરમાં પ્રવેશ કર્યો.

આ પ્રમાણે ત્રણ ખંડને સાધી તે શ્રીજયાનંદ કુમારરાજ પોતાના નગરમાં આવ્યા. ત્યાં સર્વ રાજાઓએ અને સર્વ વિદ્યાધરરાજાઓએ મળીને દેવો જેમ ઇંદ્રને

૧ આ શાશ્વત ચુલ્લ હિમવંત પર્વત સમજવો નહીં.



અભિષેક કરે તેમ તેમને અર્ધચક્રવર્તીપણાનો[1] અભિષેક કર્યો. આ પ્રમાણે અભિષેકના ઉત્સવો સંપૂર્ણ થયા, ત્યારે તે કુમારરાજેંદ્રે પ્રસન્ન થઈ યોગ્યતા પ્રમાણે સર્વને રાજ્ય અને ગરાસ વિગેરે આપ્યું. સર્વ રાજાઓએ શ્રેષ્ઠ ગુણવાળી હજારો કન્યાઓ તેમને આપી, તે સર્વને તે પરણ્યા. 'સર્વ નદીઓનું સ્થાન સમુદ્ર જ હોય છે.' તે સર્વ કન્યાઓમાં જે મનોહર રૂપવાળી કન્યાઓનું તેમણે પાણિગ્રહણ કર્યું હતું તે સર્વ મુખ્ય પટ્ટરાણીઓ થઈ. તેમને તથા બીજી સર્વ પ્રિયાઓને રાજાએ યોગ્યતા પ્રમાણે પરિવાર અને ગરાસ વિગેરે આપ્યું. પછી રાજાએ ચક્રવેગ વિગેરે વિદ્યાધર રાજાઓનો સત્કાર કરી વિદાય કર્યા; એટલે તેઓ સર્વે શ્રીજયાનંદરાજાનું સેવકપણું સ્વીકારી પોતપોતાના રાજ્યમાં ગયા.

હવે શ્રીજયાનંદ રાજાને હજારો પ્રિયાઓ સેવતી હતી, તો પણ હૃદયમાં રતિસુંદરી પ્રિયાનું સ્મરણ થવાથી તેને કાંઇ પણ પ્રીતિ ઉત્પન્ન થતી નહોતી; છતાં તેણીની માતા ગણિકા હોવાથી તેણીના સતીવ્રત વિષે તેને કાંઈક શંકા હતી. વળી ઘણા કાળથી તેનો ત્યાગ કર્યો હતો, તેથી પરીક્ષા કર્યા વિના તેણીને લાવવાની તેમને ઇચ્છા થતી નહોતી. શ્રીજયાનંદરાજાને **સૂરદત્ત** નામનો એક મિત્ર હતો, તે રૂપ, લાવણ્ય, કળા અને યુવાવસ્થાથી શોભતો હતો અને અભ્યંતર વિશ્વાસનું સ્થાન હતો. તેને તેમણે કહ્યું કે—

“રતિસુંદરીના સતીપણાની સારી રીતે પરીક્ષા કરીને તું અહીં લઈ આવ.” એમ કહી તેને ઘણું દ્રવ્ય આપી આકાશગામી પલ્યંકમાં બેસાડી વિદાય કર્યો. તે સૂરદત્ત પણ અનુક્રમે રત્નપુર નગરમાં ગયો. ત્યાં ધનવડે સર્વ પરિવાર મેળવી રતિમાલાના ઘર પાસે એક ઘર ભાડે લઈને રહ્યો. પછી તેણે વિચાર કર્યો કે—

“અહો ! સ્વામીનો રાગ અસ્થાને જણાય છે; કેમકે ગણિકાની જાતિમાં શિયળ ક્યાંથી જ હોય ? તેથી તે રતિસુંદરીને તો હું એક ક્ષણવારમાં જ સતીપણાથી ભ્રષ્ટ કરીશ.” એમ વિચારી તેણે રતિમાલાની એક દાસીને ધનના દાનવડે વશ કરી પૂછ્યું કે—“તારી સ્વામિનીના ઘરમાં કોઈ પુરૂષવર્ગનું ગમનાગમન કેમ દેખાતું નથી ? ત્યારે દાસી બોલી કે—

“શ્રીવિલાસ નામના કોઈ કુમાર અમારી સ્વામિનીની રતિસુંદરી નામની પુત્રીને પરણી ગયા છે, તે લગ્નમહોત્સવમાં અહીંના રાજાએ તેને આઠ નગર આપ્યાં છે. તે આઠે નગર તે કુમારે રતિસુંદરીને આપ્યાં છે. પછી તેણીની સાથે કેટલોક વખત ભોગ

૧ આ અર્ધચક્રીપણું વાસુદેવ રૂપ ન સમજવા.



ભોગવી તે કુમાર તીર્થને નમસ્કાર કરવા જવાના બહાનાથી ક્યાંક ચાલ્યા ગયા છે, તેના આજ સુધી કાંઈ પણ ખબર આવ્યા નથી, તેથી તે રતિસુંદરી તેણીની માતા રતિમાલાના આ મહેલમાં રહી કળાના અભ્યાસમાં જ સમય નિર્ગમન કરે છે; તેથી તેમાં કોઈપણ પુરૂષનો પ્રવેશ નથી." આ પ્રમાણે તેણીનું વૃત્તાંત સાંભળી સૂરદત્તે મનમાં વિચાર કર્યો કે—

"અહો ! વેશ્યાના કુળમાં આવું શિળવ્રત ?" એમ વિચારી તે અત્યંત આશ્ચર્ય પામ્યો. પછી તે સૂરદત્ત રાત્રીને વખતે તેણીને કામની ઉત્પત્તિ કરવા માટે મોહક ગીતો ગાવા લાગ્યો તથા હંમેશા તે રતિસુંદરીને પ્રીતિ ઉપજાવવા માટે અપૂર્વ ફળ, પત્ર વિગેરે વસ્તુને સારી રીતે ઉત્તમ સંસ્કાર કરી મોકલવા લાગ્યો. રતિસુંદરી પણ તે વસ્તુના સંસ્કારાદિકથી ચમત્કાર પામવાને લીધે તે સર્વ ગ્રહણ કરવા લાગી. 'પ્રાયે કળા જાણનાર મનુષ્યો કળા જાણનારાઓને બહુ માન આપે છે.'

એક દિવસ તે સૂરદત્તે દાસીને પૂછયું કે—"મારા ગાયનને સાંભળી તારી સ્વામિની રતિસુંદરી હર્ષ પામે છે કે નહિ ?" તેણીએ કહ્યું કે—"હર્ષ તો પામે છે, પણ પ્રશંસા કરતી નથી; કેમકે તે વિશેષે કરીને દેવ કે ગુરૂના ગાયન વિના બીજા કોઈ પણ ગીતને વખાણતી નથી. તો સતીમાં ચુડામણીરૂપ તે રતિસુંદરી એકલા શૃંગારરસમય તમારા ગીતની પ્રશંસા કેમ કરે ?" તે સાંભળી સૂરદત્ત બોલ્યો કે—

"હે ભદ્રે ! કામને પરિપૂર્ણ કરનારી અને ભામિની એવી તે તારી સ્વામિની કોઈ પ્રકારે મારાપર પ્રેમવાળી થાય તેમ તું કર." તે સાંભળી દાસી બોલી કે—"આ ભવમાં તો તે કોઈપણ પરપુરૂષપર રાગ કરે તેવો સંભવ નથી, કેમકે સતીઓને સ્વપ્નમાં પણ પરપુરૂષપર રાગનો લેશમાત્ર અંશ પણ હોતો જ નથી." ત્યારે સૂરદત્ત બોલ્યો કે—"જો તે રીતે તારાથી ન બને તો મને કોઈ પણ પ્રકારે ત્યાં લઈ જા." તે બોલી કે—"પુરૂષવર્ગનો ત્યાં પ્રવેશ જ નથી, માટે તે પણ બની શકે તેમ નથી." તે સાંભળી સૂરદત્ત મૌન રહ્યો અને દાસી પોતાને સ્થાને ગઈ.

ત્યારથી આરંભીને સૂરદત્તને તેણીના સંગમ માટે અનેક ઉપાય વિચારતાં એક ઉપાય સ્મરણમાં આવ્યો કે—"શ્રીજયાનંદ રાજાએ મને એક ઔષધિ આપેલી છે, તે વડે હું પોતે સ્ત્રીરૂપ થઈને તેણીનું દર્શન તો કરૂં. તેની પાસે જવાનો આ ઉપાય મારી પાસે છે." એ પ્રમાણે વિચાર કરી તેણે દાસીને કહ્યું કે—"આવતી કાલે આકાશગામિની વિદ્યાવડે અનેક તીર્થોને વિષે શ્રીજિનેશ્વરોને વંદન કરવા માટે હું જલદી જવાનો છું. મારે એક પ્રિયા છે, તેણીના કંઠની મધુરતા પણ મારા જેવી જ છે, તે સુંદર રૂપવાળી, કળાનું સ્થાન અને મારા ઉપર અત્યંત સ્નેહવાળી છે, છતાં હું તેને અહીં ઘેર જ મૂકીને

જવા ઈચ્છું છું. કેમકે એને સાથે લઈ જતાં કદાચ મને માર્ગમાં કાંઈ પણ પ્રતિબંધ થાય. તે હેતુથી હું તેણીને અહીં મૂકીને જાઉં છું. તો તેણીને મારી સાથેની પ્રીતિને લીધે તું હંમેશાં અહીં આવી વાતો કરી આનંદ આપજે.'' તે સાંભળી દાસી તેનાં વચનને અંગીકાર કરી પોતાને સ્થાને ગઈ.

ત્યારપછી તે બુદ્ધિમાન સૂરદત્તે રાજાની આપેલી ઔષધિવડે સ્રીરૂપ ધારણ કર્યું. સ્રીના રૂપને ધારણ કરનાર તે સૂરદત્ત પોતાના સ્થાને જ રહ્યો હતો, તેટલામાં બીજે દિવસે દાસી તેની સાથે વાણીથી બંધાઈ હતી, તેથી તેની પાસે આવી અને વિનોદ કરવા લાગી. તે રીતે હંમેશાં આવીને તે દાસી તેણીને આનંદ આપતી હતી. સ્રીરૂપ સૂરદત્ત દિવસે તે દાસીની સાથે વાતો કરી દિવસ નિગર્મન કરતો હતો અને રાત્રે મધુર સ્વરે જૈનધર્મ સંબંધી ગીતો ગાતો હતો.

આ પ્રમાણેના તેણીના ધર્મસંબંધી ગીતો સાંભળી તેણીના મધુર સ્વરવડે રતિસુંદરી ઘણી પ્રસન્ન થઈ, તેથી તેણીએ પોતાની દાસીને પૂછ્યું કે—''આ પાડોશના ઘરમાં રહેલી કઈ સ્રી રોજ ગાયન ગાય છે?'' દાસીએ કહ્યું કે—''હે માતા! તે કોઈક ધનિકની પ્રિયા છે, તેણીનો ભર્તાર પરદેશ ગયો છે, તેથી તે ગીતાદિકવડે પોતાના આત્માને વિનોદ આપે છે. આથી વધારે તેણીની હકીકત હું જાણતી નથી.'' આ પ્રમાણે દાસીએ કહ્યું, ત્યારે તે શ્રીજયાનંદ રાજાની રાણી રતિસુંદરીએ હર્ષ પામી દાસીદ્વારા જ તે સ્રીને પોતાની પાસે બોલાવી. એટલે તે માયાવી સ્રી પણ અંતઃકરણમાં હર્ષ પામીને તરત જ તેની પાસે આવી અને તેને પ્રણામ કરી દાસીએ આપેલા આસનપર બેઠી. દુઃખે કરીને પણ પામી ન શકાય તેવું સ્થાન પામીને તથા તે રાણીનું અદ્ભુત રૂપ જોઈને તે માયાવી સ્રી અત્યંત હર્ષ તથા વિસ્મય પામી અને તત્કાળ કામથી વ્યાપ્ત થઈ ગઈ; તો પણ ચતુરાઈથી તેણીએ તેવા પ્રકારનો પોતાનો આકાર ગોપવી દીધો અને જાણે યોગિની હોય તેમ શાંત મૂર્તિ ધારણ કરીને રહી.

રતિસુંદરીએ કુશળવાર્તાના પ્રશ્નાદિકવડે સન્માન કરીને તેણીનું સમગ્ર સ્વરૂપ પૂછ્યું કે—''હે બહેન તું કોણ છે? હે કલ્યાણવાળી! તું આટલો લાંબો કાળ ક્યાં રહી હતી? અને તારું પાણિગ્રહણ કોણે કર્યું છે? ઈત્યાદિ સર્વ હકીકત કહે.'' ત્યારે માયાવી સ્રીએ જવાબ આપ્યો કે—

''હે સખી! મારું સ્વરૂપ તમે સાંભળો.—હું એક રાજપુત્રી છું. મને આનંદથી એક વિદ્યાધર પરણ્યો છે. તે અહીં માત્ર લીલાથી જ આવીને રહેલ છે. ધનવડે યાચક-

જનોને પ્રસન્ન કરતા અને મારી સાથે વિષયસુખને અનુભવતાં તેણે અહીં ઘણો કાળ નિર્ગમન કર્યો છે. હમણાં તેણે મને કહ્યું કે—'હું તીર્થોને વિષે શ્રીજિનેશ્વરોને વંદન કરીને આવું છું, તું અહીં રહેજે.' એમ કહીને તે મને ઘણા વૈભવ સહિત અહીં મૂકીને ગયા છે, અને હજુ આવ્યા નથી. આ ઘરમાં પહેલાં કોઈ પરદેશી માણસ રહેતો હતો, તે જ્યારે પરદેશ ગયો, ત્યારે તે ઘરમાં મને મારા પતિએ રાખી છે. મારા પતિએ મારા ઘરમાં પુષ્કળ ધન મૂકયું છે; તેથી પરિવાર સહિત હું લાંબા સમયથી સુખે રહું છું, કલ્યાણને ભોગવું છું અને શિયળના સુગંધવડે સૌભાગ્યને અનુભવું છું." આ પ્રમાણે તેણીનો વૃત્તાંત સાંભળી તે રાજપત્નીએ કહ્યું કે—

"હે ભદ્રે! આપણે બન્ને સમાન દુઃખવાળી અને એક જ ધર્મવાળી છીએ, તેથી આપણું બન્નેનું અહીં સખીપણું હો. હવે હે સખી! તારે હંમેશાં અહીં મારી પાસે આવવું, સુખેથી રહેવું અને સારી કથા વિગેરેવડે મારા મનને વિનોદ આપવો." આ પ્રમાણે રતિસુંદરીની વાણીવડે હર્ષ પામેલી તે માયાવી સ્ત્રી હંમેશાં તેણીને ઘેર જવું આવવું કરવા લાગી; તથા પોતાને ઘેર આવીને પુરૂષવેષે સમગ્ર ચેષ્ટા કરવા લાગી. તે રતિસુંદરીના મનોહર રૂપને સંભારી સંભારીને તથા તેણીને ઘેર જાય ત્યારે સાક્ષાત્ તેણીનું રૂપ જોઈ જોઈને તે સૂરદત્ત પુરૂષ હોવાથી અધિકાધિક કામદેવની પરાધીનતાને પામવા લાગ્યો.

હવે તે સૂરદત્ત ચિત્તમાં વિચાર કરવા લાગ્યો કે—"શું એવું મારૂં કર્મ હશે કે જેથી એકવાર પણ આ રતિસુંદરીના સંગમનું સુખ મને પ્રાપ્ત ન થાય?" આવા આવા વિચારથી તેણીના સંગમના મનોરથવાળી તે માયાવી સ્ત્રી તેણીને જ ઘેર ઘણો વખત રહેવા લાગી, અને વિવિધ પ્રકારની કળાઓવડે તેણીના મનને અધિકાધિક હર્ષ આપવા લાગી.

તેમજ ધર્મકથા કહેતી વખતે ઉત્કૃષ્ટ રસને વિસ્તારતી તે વચ્ચે વચ્ચે કામકથા પણ કહેવા લાગી. તેથી ક્ષીરનું ભોજન કરનારાને પણ જેમ વચ્ચે વચ્ચે શાક, દાળ વિગેરે અન્ન પણ ખાવાની રૂચિ થાય, તેમ અથવા તો હંમેશાં અંતપ્રાંત આહાર કરનારા મુનિઓને પણ કોઈ વખત ક્ષીરના આહારની રૂચિ થાય તેમ તે માયાવીસ્ત્રીની કામોક્તિ-વડે યુક્ત ધર્મના અર્થવાળી વાણી પણ અનુક્રમે તે રતિસુંદરીને રૂચિકર થવા લાગી.

તે માયાવી સ્ત્રીએ રમણીય, પ્રશંસા કરવા લાયક, ધર્મના તત્ત્વ સહિત, રૂચિવાળા અને ઉચિત વચનોવડે તે રતિસુંદરીના મનને ધીમે ધીમે રસવડે વૃદ્ધિ પમાડયું. જેમ જેમ તેની વાણીવડે તે રાણી હૃદયમાં પ્રસન્ન થવા લાગી, તેમ તેમ તે રાણી તેને અધિક

માન આપવા લાગી, અને તે માયાવી સ્ત્રીની વાણી તે રાણીના હૃદયમાં અસ્ખલિતપણે પ્રવેશ કરવા લાગી.

એક દિવસ તે માયાવીસ્ત્રીએ રતિસુંદરી રાણીને કહ્યું કે—"હે સખી! કામદેવે શસ્ત્રરૂપ કરેલું આવું તારું યૌવન યુવાનોને આનંદપમાડે તેવું છે, અને વિશ્વની સ્ત્રીઓને જીતનારૂં આ તારૂં મનોહર રૂપ પણ તેવું જ સુંદર છે. જેમ દીપની રેખા કાંચનની લક્ષ્મીને ધારણ કરે છે, તેમ આ તારી કાયા કાંઈક અપૂર્વ કાંચન લક્ષ્મીને ધારણ કરે છે, તેથી તેમાં યુવાન પુરૂષોનાં મન તત્કાળ પતંગની જેમ ઝંપલાય તેવું છે.

સ્વભાવથી જ રમણીય આ તારાં સર્વ અંગો સૌંદર્યવડે સાકરવડે તાજા દૂધની જેમ અત્યંત શોભે છે. આવી દુર્લભ એવી તારા અંગને અનુસરતી સર્વ સામગ્રી જે તને પ્રાપ્ત થઈ છે, તો તેને તું કેમ કૃતાર્થ કરતી નથી? તે સામગ્રી પોતાના પતિના સંયોગથી જ સાર્થક થાય છે, પરંતુ હે કામિનિ! તે તારો પતિ કયાં છે? તે જીવતો છે કે મરી ગયો છે તે કોણ જાણે છે? માટે કોઈ મનોવાંછિત નવો પતિ તું કરી લે. શાસ્ત્રમાં કહ્યું છે કે—

'પતિ દીક્ષિત થયો હોય, નપુંસક હોય, નાશી ગયો હોય, ધર્મ કે જ્ઞાતિથી ભ્રષ્ટ થયો હોય, અથવા મરણ પામ્યો, હોય–આ પાંચ આપત્તિ આવે ત્યારે સ્ત્રીઓએ બીજો પતિ કરવો.' આ પ્રમાણે શાસ્ત્રમાં કહેલું હોવાથી કુલવંત સ્ત્રીઓને પણ તેમ કરવાથી કાંઈ અપયશ કે દૂષણ લાગતું નથી, તો બીજી સ્ત્રીઓને ન લાગે તેમાં તો શું કહેવું? માટે તું તો ગણિકાની પુત્રી છે, તેથી તારે તેમ કરવું એ મને યોગ્ય લાગે છે. એમ કરવાથી બાધારહિતપણે તારા સ્વાર્થની સિદ્ધિ થશે, માટે તું તે પ્રમાણે કર."

આ પ્રમાણે તે માયાવીસ્ત્રીએ કહેલી નવો પતિ કરવાની વાર્તાવડે તે સતી પોતાના ચિત્તમાં જાણે શક્તિનો પ્રહાર થયો હોય તેમ પીડા પામી, તેથી તેણીએ તેને બહુ જ ધિક્કાર આપ્યો. તે સાંભળી માયાવી સ્ત્રીએ કપટથી વાત ફેરવી નાંખીને તેને કહ્યું કે—"હે સખી! હું કાંઈ તારા શત્રુરૂપ નથી, પરંતુ તારા સતીપણાની પરીક્ષા કરવા માટે સખીપણાના સંબંધથી આવું ફોગટ વચન બોલી છું, છતાં આવાં મારાં વચનથી જો તારા મનમાં દુઃખ થયું હોય અને તેટલા કારણથી જ તું મારા સખીપણાનો ત્યાગ કરતી હો, તો હે સુંદરી! આ એક મારા અપરાધની તું ક્ષમા કર." આ પ્રમાણે તે માયાવી સ્ત્રીના હાસ્યયુક્ત મુખથી કહેલાં, અને શાંતિને માટે પ્રયોજેલાં વચનોને સાંભળીને તે રતિસુંદરીએ તેને માફી આપી. ત્યારપછી પણ હંમેશાં પ્રથમની જેમ તે માયાવી સ્ત્રી



પ્રીતિથી આવવા લાગી, અને તે રતિસુંદરીના ચિત્તને પ્રસન્ન કરવા માટે એક પુણ્યને જ પ્રતિપાદન કરનારી તથા વિસ્મયને વિકસ્વર કરે તેવી ધર્મકથા જ કહેવા લાગી.

વળી ઘણો કાળ ગયા પછી પ્રથમની જેમ ધર્મકથાની વચ્ચે વચ્ચે તે માયાવી સ્ત્રી જાણે કામની ક્રીડાવડે ખીલાઈ ગઈ હોય એવી વાણીને બોલવા લાગી. તેમ જ તે પોતાને ઘેર આવીને પુરૂષને રૂપે રહેતી ત્યારે તે અત્યંત સરળ પ્રકૃતિવાળી રતિસુંદરીને વશ કરવાના ઉપાયો વિચારવા લાગી. વળી સારા સારા સંસ્કાર કરી અદ્‌ભુત અને અપૂર્વ એવી ઘણી વસ્તુઓ મોકલવા લાગી, અને તેણીને હર્ષ આપવા માટે લાંબા કાળ સુધી મોહના ગીતો પણ ગાવા લાગી. અંતઃકરણમાં કામવડે અત્યંત પીડા પામેલી હોવાથી તેણીની સ્ત્રીરૂપ સૂરદત્તની ધર્મબુદ્ધિ નાશ પામી ગઈ, એટલે તે નિરંતર રતિસુંદરીનું જ ધ્યાન કરવા લાગી; તેથી તેણીના શરીરની કાંતિ પણ ઝાંખી થવા લાગી. આ રીતે થવાથી પોતાના સ્વામીનો દ્રોહ થાય છે તેને પણ તે ભૂલી ગઈ તથા તેણીની ક્ષુધા, તૃષા અને નિદ્રા પણ જતી રહી. રતિસુંદરીની સાથે રતિસુખના નિર્વિઘ્ન ઉપાયોને પોતાની બુદ્ધિ પ્રમાણે વિચારતી તે પોતાના આત્માને બુદ્ધિમાન માનતી છતી વિવિધ પ્રકારની વિપરીત ચેષ્ટા કરવા લાગી.

આ પ્રમાણેની તેણીની વિપરીત ચેષ્ટાઓ જોઈને તેમ જ જાણીને શુદ્ધ બુદ્ધિવાળી સતી રતિસુંદરીએ વિચાર કર્યો કે—"આ સ્ત્રી હમેશાં અહીં જેવાં ગીત ગાય છે, તેવાં જ ગીતો પાસેના ઘરમાં પુરૂષના મુખમાંથી સંભળાય છે. વળી જ્યારે આ સ્ત્રી અહીં આવે છે ત્યારે કોમળ અંગવાળી અને મૃગલી સરખા નેત્રવાળી મને જોઈને તે તત્કાળ ચિત્તમાં કામથી આકુળવ્યાકુળ થઈ જાય છે; તેમ જ તેણીના કંઠનો સ્વર, ગતિ, અંગનાં લક્ષણો અને ચેષ્ટા વિગેરે સર્વ પ્રગટપણે પુરૂષના જેવાં જ જણાય છે, એમાં કાંઈપણ સંશય રહે તેમ નથી. હું સ્ત્રીપણાએ કરીને તેની સામે દૃષ્ટિ કરૂં છું, પણ ખરી રીતે તે સ્ત્રી દેખાતી નથી; કોઈ પણ કારણથી આ કોઈ પુરૂષ જ માયાવડે સ્ત્રીરૂપ થયેલ જણાય છે; એટલે કામથી પીડા પામેલો કોઈક દુરાચારી આ પુરૂષ હોવો જોઈએ. વળી તે મારા શિલવ્રતનો નાશ કરવાની ઇચ્છાવાળો હોય તેમ પણ દેખાય છે. તેથી પોતાનું આવું મલિન હૃદય દેખાડતો આ સર્વ પ્રકારે અપરાધી જ છે, માટે તેનો મારે સમય આવે ત્યારે અવશ્ય નિગ્રહ કરવો તે યોગ્ય છે." આ પ્રમાણે સતીઓમાં અગ્રેસર એવી રતિસુંદરી વિચાર કરીને તેવા સમયની રાહ જોવા માટે પ્રથમની જેમ જ વિનોદનાં વચનોવડે તે માયાવી સ્ત્રીને પ્રીતિ દેખાડવા લાગી.



એક દિવસ તે રાણી તથા માયાવી સ્ત્રી બન્ને હર્ષથી વાર્તાલાપ કરતી હતી, તે વખતે મનવડે આળસુ થયેલી અતિ કપટી તે માયાવી સ્ત્રીએ લજ્જાનો ત્યાગ કરી શૃંગાર રસને શોભાવનાર તારૂણ્યરૂપી વૃક્ષની જાણે મંજરી હોય એવી અને સન્માર્ગની વૈરિણીરૂપ કામકથાનો વિસ્તાર કર્યો. તે સાંભળી કાંઈક હૃદયમાં વિચાર કરીને નૃપપ્રિયાએ કહ્યું કે—

"હે સખી! આ તારી કહેલી વાત મને પણ ઇષ્ટ છે. હે સખી! તારી વાણીએ કરીને અકૃત્યને પણ આચરવા હું ઇચ્છું છું; કેમકે સ્નેહીજન એંઠાં એવાં પણ ઘી, સાકર વિગેરેથી યુક્ત મિષ્ટ ભોજનને ખાવા ઇચ્છે છે; પરંતુ તેવા પ્રકારનો સર્વથી અદ્ભૂત આકૃતિવાળો, સર્વ પ્રકારના ગુણવાળો, સર્વ કાર્યમાં ચતુર અને યુવાવસ્થાવાળો કોઈ પુરૂષ દેખાતો નથી, કે જે પ્રિયને પ્રાણદાનથી પ્રિયાની જેમ પ્રેમનું સર્વસ્વ અર્પણ કરીને હું પ્રિય કરૂં, અને ઇચ્છા પ્રમાણે તેની સાથે રમું." આવું તેણીનું વચન સાંભળી હર્ષ ધારણ કરતી તે માયાવી સ્ત્રી સાહસ કરીને બોલી કે—

"મારો પતિ સર્વ કળાવડે તારે યોગ્ય જ છે; કેમકે તે બુદ્ધિવડે મનોહર છે, રૂપવડે ઇંદ્રને પણ ઓળંગે તેવો છે, દાનવડે જગતને હર્ષ પમાડે છે અને વળી તારા ઉપર ઘણા વખતથી રાગવાળા છે, તેથી અત્યંત ઉત્સુક થયેલા તે મારા પતિને આજે બોલાવી તેની વાંચ્છા સત્વર પૂર્ણ કર. એમ કરવાથી આપણી પ્રીતિલતા પણ નવપલ્લવિત થશે; કારણ કે પતિવ્રતા સ્ત્રીઓનું હૃદય પતિને અનુકૂળ અને સ્થિર હોય છે, તે પતિને પ્રિય હોય એવું જ આચરણ કરે છે, અને પતિને પ્રિય લાગે તેવું જ વચન બોલે છે. આથી હું પતિવ્રતા હોવાથી મારા મનમાં સપત્ની સંબંધી કિંચિત્ પણ અરૂચિ નથી; તેથી હે પ્રિય સખી! તારો અભિપ્રાય જલ્દીથી પ્રગટ કર, કે જેથી હું મારે ઘેર જઈને તેને તારી પાસે મોકલું." આ પ્રમાણે તે માયાવી સ્ત્રીએ કહ્યું, ત્યારે તે સતી બોલી કે—

"હે સખી! ધનના લાભ વિના આ સર્વને હું તો વિડંબનારૂપ માનું છું." તે સાંભળી માયાવીસ્ત્રી બોલી કે—"હે સખી! તારૂં કહેવું સત્ય છે. મારા પતિ પાસે સમગ્ર ભોગની સામગ્રી સાધી શકે તેટલું અને સુખના નિધાનરૂપ પુષ્કળ ધન છે; તો તારે જેટલું ધન જોઈતું હોય, તેટલું કહે કે જેથી તેટલું ધન હું તને મોકલી આપું. એમ કરવાથી તું ભોગનો લાભ અને સુખનો લાભ પણ મેળવી શકીશ; પરંતુ હે સખી! કામની પીડાથી ઉત્પન્ન થયેલા દુઃખાગ્નિને શાંત કરવામાં જળ જેવી તથા રતિ અને પ્રીતિના ફળવાળી તું મારા પતિને અહિં આવવાનો સમય કહે." તે સાંભળી સતીએ કહ્યું કે—

"હે સખી! જો તારા પતિની દાન કરવાની ઉત્તમ શક્તિ હોય તો નિઃશંકપણે મને એક કરોડનું ધન આપે. જો કદાચ તેને એક સાથે સર્વ ધન આપવાની પ્રતીતિ ન આવે તો પ્રથમ અડધો કરોડ મોકલે, અને બાકીનું અડધો કરોડ દ્રવ્ય બીજે દિવસે મારે ઘેર આવે ત્યારે સાથે લેતા આવે." આ પ્રમાણેનું તેણીનું વચન સાંભળી તે માયાવીસ્ત્રીએ હૃદયમાં હર્ષ પામી તેણીનું વચન માન્ય કર્યું. પછી કામને વશ થયેલી તે માયાવીસ્ત્રી પોતાને ઘેર ગઈ, અને તરત જ તેણીએ પ્રથમ આપવાને અંગીકાર કરેલું ધન પોતાની દાસીની સાથે મોકલ્યું.

પછી તેણીએ કહેલે દિવસે તે ઔષધિવડે પુરૂષનું રૂપ કરીને અડધો કરોડ દ્રવ્ય લઈ સૂરદત્ત સતીના મહેલના દ્વાર પાસે આવ્યો. તે વખતે તેણે જાતિવંત સુવર્ણ અને માણિક્યના અલંકારોવડે પોતાનું શરીર શણગાર્યું હતું અને અત્યંત અદ્ભુત શોભા આપનાર અને હિતકારક સર્વ પ્રકારના વેષનો આડંબર કર્યો હતો. આ પ્રકારે જાણે સાક્ષાત્ કામદેવ હોય તેવા તેને જોઈ દ્વારનું રક્ષણ કરનાર દાસીએ જઈને રાણીને તેના સમાચાર આપ્યા, એટલે તે સતીએ તેને અંદર લાવવા કહ્યું. દાસીના કહેવાથી તે સૂરદત્ત તેના દ્વારની મધ્યે રહેલી ચિત્રશાળામાં આવ્યો. તેને દાસીએ આસનપર બેસાડ્યો. તે વખતે તેણે તે દાસીના હાથમાં અડધો કરોડ દ્રવ્યનાં રત્નો આપ્યાં. તેના કહેવાથી તે દાસીએ જઈને તે દ્રવ્ય પોતાની સ્વામિનીને આપ્યું. પછી બંને વખતનું ધન એકઠું કરવા માટે રતિસુંદરીએ પહેલું આવેલું ધન પણ દાસીની પાસે ત્યાં મંગાવ્યું. તે સર્વ ધન એકઠું કરીને રતિસુંદરી જુએ છે તો અત્યંત તેજસ્વી અને ડાઘ વિગેરે દોષરહિત એકલાં રત્નો જ તેણે જોયાં. તે જોઈને રતિસુંદરી કાંઈક હર્ષ પામી તેમજ અત્યંત વિસ્મય પામી અને વિચારવા લાગી કે—

"અહો! આ રત્નો પૂર્વે નહિ જોયેલાં છતાં જાણે પૂર્વે જોયાં હોય એમ ભાસે છે. બરોબર યાદ આવે છે કે—આવાં આકારવડે, જાણે સૂર્યમંડળથી પ્રાપ્ત થયા હોય તેવા ગાઢ પ્રસરતા તેજના સમૂહવડે અને બીજા પણ સ્નિગ્ધત્વાદિક અનેક ગુણોવડે યુક્ત એવા જે રત્નસમૂહને મેં મારા પતિ પાસે જોયો હતો, તેવો જ આ રત્નસમૂહ દેખાય છે. તેવા જ વર્ણાદિક ગુણવાળા આ સર્વ સારભૂત રત્નો જાણે તેજ સમૂહમાંથી અહીં આવ્યાં હોય એમ મને ભાસે છે; તેથી મારા પતિએ જ મને બોલાવવા માટે પોતાના કોઈ પુરૂષને ઘણાં રત્નો આપીને અહીં મોકલ્યો હોય તેમ જણાય છે.

તેમના આપેલા રત્નો લઈને કોઈ પણ તેનો સુભટ અહીં આવ્યો હોય અને મને

જોઈને તે ચિત્તમાં ક્ષોભ પામ્યો હોય તેમ જણાય છે, તેથી તે મારે વિષે લુબ્ધ થઈ આવી વિરૂદ્ધ ચેષ્ટા કરે છે. આ પુરૂષ દુષ્ટ બુદ્ધિવાળો, સ્વામીનો દ્રોહ કરનારો, અત્યંત પાપી, પાપની ભૂમિરૂપ નરકમાં પડવાવાળો અને સર્વ જનોમાં અધમ જણાય છે. શું મૂર્ખશિરોમણિ એવો આ દુષ્ટ એટલું પણ નહિ જાણતો હોય કે આ જગતમાં સર્વ પરસ્ત્રીઓ સર્વ પુરૂષોને તજવા યોગ્ય છે? તેમાં પણ જે રાજાની સ્ત્રી હોય તેમનું તો દર્શન કરવું તે પણ અન્ય પુરૂષોને યોગ્ય નથી, તો પછી તેમનો સંગ કરવો યોગ્ય નથી તેમાં તો શું કહેવું? કેમકે તેઓ તો માતારૂપ કહેવાય છે. તે વિષે નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે—

"રાજાની પત્ની, ગુરૂની પત્ની, મિત્રની પત્ની, પોતાની સ્ત્રીની માતા અને પોતાની માતા–આ પાંચે માતારૂપ જ છે.' હું મન, વચન અને કાયા એ ત્રણે પ્રકારે સતી છું, તેથી હું તેની માતા થાઉં એ યુક્તિયુક્ત છે, તો પણ આ કોઈ અધમ પુરૂષ આવા શાસ્ત્રની પણ ઉપેક્ષા કરે છે, તેમજ પોતાના સ્વામીપર દ્રોહ અને મારાપર દુષ્ટ બુદ્ધિનો આદર કરે છે, તેથી ખરેખર સતી સ્ત્રીઓને આવા અન્ય પુરૂષો વિશ્વાસ કરવા લાયક નથી. કહ્યું છે કે—

"અંતઃકરણમાં દુષ્ટ બુદ્ધિવાળા, પાપી, દયા વિનાના, લજ્જા રહિત, નિરંતર કોપ કરનારા, વ્રતનો લોપ કરવામાં પણ ભયને નહિ પામનારા, ખાડામાં રહેનાર ભુંડની જેમ હમેશાં નિઃશૂક થઈ કામને વિષે આસક્ત રહેનારા, ક્રોધાદિક કષાયવાળા, મૃષા વચન બોલવામાં નિપૂણ, જુગાર રમવાના વ્યસનવાળા, ધૂર્તતા કરનારા, બીજાને કષ્ટ આપવામાં રસીઆ, વિકથા કરવામાં રસવાળા, શુદ્ધ ધર્મને વિષે રસ રહિત, પુણ્ય રહિત, સ્વાર્થ સાધવામાં તત્પર, પરવસ્તુમાં લુબ્ધ, પરસ્ત્રીને જોઈને ક્ષોભ પામનારા, શઠતાને ધારણ કરનારા, પરોપકાર કરવાથી વિમુખ, દુરાચાર સેવવામાં તત્પર અને પરસ્ત્રીઓને વિષે ખુશામતનાં વચનનો વિસ્તાર કરવામાં હુંશિયાર, આવા દોષવડે અને દુર્દશાવડે આત્માને દુષિત કરનારા તથા અધમાધમ શિયળવાળા પુરૂષોની સંગતિ કરવી સારી નથી."

વળી "દુષ્ટ બુદ્ધિવાળો, કામાંધ અને ધર્મરહિત પુરૂષ એટલું પણ નથી જાણતો કે સતીઓનું ચરિત્ર ત્રણ લોકમાં આશ્ચર્યકારક અને અત્યંત ઉત્તમ હોય છે; કેમકે મહાસતીઓ પ્રાણાંત કષ્ટ આવે તો પણ પોતાના શિયળનો લોપ કરતી નથી, અને અગ્નિની જ્વાળાની જેમ તે સતીઓ પરપુરૂષના હસ્તના સ્પર્શને પણ સહન કરતી નથી. તે સતીઓ મૃત્યુને અંગીકાર કરે છે, તથા શરીરની પીડાને સહન કરે છે, પરંતુ



સ્વપ્નમાં પણ અસતીપણાની કથાનો સ્પર્શ કરનારી થતી નથી. જેમ રત્નના દીવાની શિખા ઘરને મલિન કરતી નથી, તેમ કુળવંત સ્ત્રીઓ કદાપિ પોતાના કુળને મલિન કરતી નથી.

કોઈ ઇન્દ્ર, રાજા, કે દેવથી પણ બીજો મહાન પુરૂષ હોય તે પણ બળાત્કારે સતીઓના શિયળનો લોપ કરવા સમર્થ થઈ શકતો નથી.

શું સિંહના જીવતાં છતાં તેના સ્કંધપર રહેલી કેસરાને ખેંચવા કોઈ સમર્થ થાય છે? અથવા શું સર્પના જીવતાં છતાં તેના મસ્તકપરના મણિને ગ્રહણ કરવા કોઈ સમર્થ થાય છે? શું કોઈપણ શૂરવીર શેષનાગના મસ્તકપર રહેલા મણિને, વાઘણના દૂધને કે ચમરી ગાયના પુચ્છને તેના જીવતાં લેવા સમર્થ છે? નથી જ. એ જ પ્રમાણે સતી સ્ત્રીઓ જીવતાં છતાં તેમના જીવનના એક અલંકારરૂપ શિયળરૂપી માણિક્યને લેવા માટે કયો પુરૂષ ચતુરાઈને ધારણ કરી શકે તેમ છે? તોપણ મારા શિયળરૂપી સર્વસ્વને લુંટી લેવા આ ચતુર લંપટ ઇચ્છા કરે છે, તેથી મારે તેને બરાબર શિક્ષા આપવી જોઈએ."

આ પ્રમાણે વિચાર કરી પોતાના શિયળનું રક્ષણ કરવામાં તત્પર અને સર્વ સતીઓમાં શિરોમણિ તે રતિસુંદરીએ પોતાની દાસીઓને કહ્યું કે—" તમે તેની પાસે જઈને આ પ્રમાણે કહો કે—હે સારા સ્વરવાળા! અમારી સ્વામિની સ્નાન, અંગરાગ અને ભોગાદિકની સર્વ સામગ્રીપૂર્વક અદ્ભુત શૃંગાર સજીને જેટલામાં તારી પાસે આવે ત્યાં સુધી તેણે આપેલા આ મણિમય પલંગને વિષે સુખે કરીને બેસ, તથા મનોહર પદાર્થોવડે સંસ્કાર કરેલું તેણીએ આપેલું આ તાંબૂલ તું ગ્રહણ કર, અને આ મુખવાસનો આસ્વાદ કર. આવાં આવાં વિવેકવાળાં વચનો કહીને તે પુરૂષને બાહ્ય ઉપચારથી પ્રીતિ પમાડવાવડે થોડો વખત પ્રસન્ન કરો; અને આ પ્રમાણેના આદર સહિત સર્વ બાહ્ય ઉપચાર કરીને તેનું વૃત્તાંત મને જણાવજો; પરંતુ તેને આપવાના તાંબૂલમાં આટલું વિશેષ કરજો કે—ઘણી તૃષા લાગે તેવા અને ઘણા સુગંધવાળા પદાર્થો તે તાંબૂલમાં ભેળવજો." આ પ્રમાણે તેમને શિખામણ આપીને ચતુર બુદ્ધિવાળી તે રતિસુંદરી પોતાના આવાસગૃહમાં જઈ પલંગ ઉપર સુખે બેઠી.

તેની દાસીઓ તેણીની શિક્ષા અંગીકાર કરીને ચતુરાઈથી તે જ પ્રમાણે તે પુરૂષની સેવા બરદાસ્ત કરવા લાગી. તેઓના અનેક પ્રકારના મનોહર ઉપચારોવડે, પ્રીતિ અને વિનય સહિત મધુર વચનોવડે, પગ ધોવા વિગેરેવડે, મણિમય પલંગ ઉપર પાથરેલી તેવા પ્રકારની કોમળ તળાઈમાં શયનાદિક કરાવવાવડે અને સર્વ પ્રકારના અદ્ભુત સુગંધી પદાર્થ મિશ્રિત તાંબૂલ આપવાવડે તે સૂરદત્ત અંતઃકરણમાં પ્રસન્ન થઈ સ્વર્ગના

સુખને પણ ન્યૂન માનવા લાગ્યો. વળી જાણે સાક્ષાત્ અપ્સરાઓ જ હોય એવી તે દાસીઓ આદરપૂર્વક પ્રસંગને અનુસરતી મનોહર કથાઓ વિસ્તારતી હતી. તે સાંભળવાથી અંતઃકરણમાં અત્યંત આશ્ચર્ય પામી તે સર્વ પ્રકારના રતિસુખને પામ્યો.

પછી સમગ્ર સ્વાદિષ્ટ વસ્તુના મધુર રસને તિરસ્કાર કરે તેવું અત્યંત વિચિત્ર સ્વાદવાળું તાંબૂલ દાસીઓએ તેને આપ્યું, તેનો વારંવાર આસ્વાદ લેતો તે સૂરદત્ત વિષયની પીડા સહિત તૃષાએ કરીને હૃદયમાં અત્યંત પીડા પામ્યો, તેથી તેણે લક્ષ્મીવડે વિદ્યાધરીઓને જીતનારી તે દાસીઓ પાસે પીવાનું જળ માગ્યું. ત્યારે તે દાસીઓએ તત્કાળ મહેલમાં આવી વિનયવડે નમ્ર થઈ પોતાની સ્વામિની રતિસુંદરીને તેનું તૃષાદિક સર્વ સ્વરૂપ કહ્યું. ત્યારે રતિસુંદરીએ તેઓને કહ્યું કે—

"હે દાસીઓ! તમે ઠીક જણાવ્યું. હવે આપણા ઘરમાં પ્રથમથી તૈયાર કરી રાખેલો સ્વાદિષ્ઠ રસવાળો આસવ છે, તે આસવ અનેક પ્રકારના મદને કરનાર અનેક પદાર્થોવડે સંસ્કાર કરેલો છે, તેનો રસ અતિ ઉત્કટ છે, તે અત્યંત પરાક્રમી છે. તેનો માદક વિગેરે ગુણનો સમૂહ કોઈથી દૂર થઈ શકે તેવો નથી, સાકર અને દ્રાક્ષ વિગેરેના પાણીથી અને ઉકાળેલા ઈક્ષુરસથી પણ તે અત્યંત અધિક મધુરતા યુક્ત છે, પંડિતોને પણ રંજન કરે તેવો છે, તેમજ શીતળ નિર્મળ અનેક સુગંધી પદાર્થોવડે મનોહર છે, તે આસવ તેને જણાવ્યા વિના પાણીને ઠેકાણે પાણીની જેમ તમારે તેને પીવા આપવો." આ પ્રમાણે સ્વામિનીની આજ્ઞા થતાં તે નિપૂણ દાસીઓએ જળની ભ્રાંતિ કરનાર અને અત્યંત સ્વાદિષ્ટ તે આસવ તેને પીવા આપ્યો.

એટલે વૃદ્ધિ પામતી કામની ઈચ્છાની ક્રાંતિવડે જેનાં નેત્ર આચ્છાદિત થયાં હતાં અને અત્યંત તૃષા લાગવાથી જેને ખેદ પ્રાપ્ત થયો હતો એવો તે સૂરદત્ત પણ તે વખતે હર્ષવડે જળ અને આસવના ભેદને જાણતો નહિ હોવાથી પાસે મૂકેલા સુવર્ણના પાત્રમાં તે દાસીઓએ આપેલા તે સ્વાદિષ્ટ આસવનું વારંવાર પાન કરવા લાગ્યો. પછી પાપી મનવાળો તે પુરૂષ તૃપ્તિપૂર્વક તેનું પાન કરીને નિવૃત્ત થયો, એટલે ફરીથી પલંગમાં સુતો, તત્કાળ તેનાં નેત્રો ઘેરાવા લાગ્યાં. તેથી તેણે બીજા સર્વ વ્યાપારનો ત્યાગ કરી દીધો અને જાણે દુષ્ટ સર્પવડે ડસાયો હોય તેમ તે આસવથી ઉત્પન્ન થયેલા વિષ જેવા મદવડે તે વ્યાપ્ત થઈ ગયો, તેથી તે તત્કાળ મૂર્છિત થયો, અને જાણે પાપરૂપી પ્રેતે તેનાપર કટાક્ષ નાંખ્યા હોય તેમ તે મૃત્યુની દીર્ઘનિદ્રાની બહેન જેવી ગાઢ નિદ્રાને પામ્યો.

હવે તેને તેવી ગાઢ નિદ્રાએ સુતેલો અને તેથી કરીને મૃતક જેવો થઈ ગયેલો જોઈને દાસીઓએ નિઃશંકપણે તેનું સર્વ શરીર શોધીને જોયું, તો તેના મસ્તકપરના વેણીદંડના વાળને વિષે છુપાવેલી એક ઔષધિ મળી આવી. તે ઔષધિને જોઈ દાસીઓ મનમાં હર્ષ પામી અને તેઓએ પોતાની સ્વામિની રતિસુંદરી પાસે જઈ સાચા ભાવથી તેણીને તે ઔષધિ દેખાડી તથા તે ઔષધિ કેવા ઉપાયથી પ્રાપ્ત થઈ તે વાત માયા-કપટરહિતપણે જણાવી. જાણે સાક્ષાત્ લક્ષ્મી હોય તેવી તે ઔષધિ તેઓએ તેણીના હસ્તકમળમાં મૂકી, એટલે રતિસુંદરી તે ઔષધિને પોતાને કબજે કરી ક્ષણવાર તે ઔષધિની સન્મુખ જોઈ રહી. પછી તે ઔષધિને ઓળખતાં તેણીનું મુખકમળ વિસ્મય-વડે વિકસ્વર થયું. તેણીએ હૃદયમાં વિચાર કર્યો કે—

"દિવ્ય પ્રભાવના સ્થાનરૂપ આ તેજ મહા ઔષધિ છે કે જે પ્રથમ મારા પતિના હસ્તના મધ્ય ભાગમાં ક્રીડા કરતી હતી. પહેલાં માયાને ઉત્પન્ન કરનારી મારી માતાને શિક્ષા આપવા માટે જે ઔષધિવડે મારા પતિએ તેને ભુંડણુ બનાવી હતી, તેવાજ સ્વરૂપવાળી, તેવાજ વર્ણવાળી અને તેવાજ પ્રકારની આ ઔષધિ દેખાય છે, માટે તેજ આ છે એમ મારા મનમાં નિશ્ચય થાય છે. જો કદાચ તેજ આ ઔષધિ ન હોય તો આ દુષ્ટ હૃદયવાળો વારંવાર શીઘ્રપણે સ્ત્રીનું રૂપ ક્યાંથી કરી શકે? અને સ્ત્રીનું રૂપ કર્યા વિના જેમાં પુરૂષના આગમનનો નિષેધ જ છે એવા મારા રમણીય વાસગૃહને વિષે તેનો પ્રવેશ પણ શેનો થાય? પરંતુ આ દુષ્ટના હાથમાં આ ઔષધિ કયા ઉપાયથી પ્રાપ્ત થઈ હશે? શું મારા પતિએ જ તેને આપી હશે કે કોઈ અન્યથા પ્રકારે તેને મળી હશે? આ બાબત અત્યંત આશ્ચર્યકારક છે; અથવા તો આવો વિચાર કરવાથી શું ફળ છે? સમય આવશે ત્યારે એની મેળે સર્વ વાત સત્ય રીતે જણાઈ આવશે. એ પોતે જ સર્વ હકીકત કહી આપશે. હમણાં તો આ ઔષધિના પ્રભાવથી તેને વાંદ-રાની આકૃતિવાળો બનાવી ભય વિગેરે બતાવવાના ઉપાયવડે તેને શિક્ષા આપું." આ પ્રમાણે ચિરકાળ સુધી યુક્તિયુક્ત વિચાર કરી તે રતિસુંદરીએ હર્ષ પામેલી પોતાની દાસીઓને પ્રશંસાવડે નિર્દોષ એવી વાણીથી કહ્યું કે—

"હે દાસીઓ! કલ્યાણને પામનારી એવી તમોએ આ કાર્ય ઘણું સારૂં કર્યું છે. તમોએ મારા કહેવા પ્રમાણે સર્વ વાતનો નિર્વાહ કર્યો છે અને મને આ ઔષધિ પણ મેળવી આપી છે, માટે તમને ધન્ય છે, તમે પુણ્યશાળી છો, કૃતજ્ઞ છો, સ્વભાવથી જ હર્ષવાળી છો, તેમ જ તમે તમારી સ્વામિનીને વિષે વિનયવાળી અને ભક્તિવાળી છો, તેથી તમારો જન્મ કૃતાર્થ છે." આ પ્રમાણે ઘણા સ્નેહવાળી અને કાનને સુખ ઉપજા-

વનારી પોતાની સ્વામિનીના મુખની વાણી સાંભળી તે દાસીઓ અત્યંત હર્ષ પામી. પછી તે દાસીઓએ વાણી, કાયા અને કર્મવડે આનંદ પમાડેલી અને સેવાયેલી તે રતિસુંદરીએ સુખનિદ્રાવડે બાકીની રાત્રી નિર્ગમન કરી.

હવે બ્રાહ્મ મુહૂર્તે ઉઠીને તે રતિસુંદરીએ પ્રાતઃકાળના સમયને ઉચિત એવી શારીરિક અને ધાર્મિક બન્ને પ્રકારની સર્વ આવશ્યક ક્રિયાઓ કરી. પછી તેણીએ સુતેલા એવા તે સૂરદત્તને પેલી ઔષધિવડે તત્કાળ વાંદરો બનાવી ચાબુકવડે વારંવાર માર માર્યો. ત્યારપછી તેને દાસીઓ દ્વારા નૃત્ય કરાવવા લાગી, અને 'અરે ! તને હમણાંજ ચૂલામાં નાંખી દઈશ' એમ કહીને તેને અત્યંત ભય બતાવવા લાગી તથા તાપ પમાડવા લાગી. આ પ્રમાણે ભય બતાવવા ઉપરાંત વારંવાર તે તેને કહેતી હતી કે—

"હે દુરાચારી ! હે દુર્મતી ! સ્વામીના દ્રોહનું અને પરસ્ત્રીની ઇચ્છાનું અલ્પ ફળ હમણાં તો તું ભોગવ. બાકી સર્વ દ્રોહમાં સ્વામીનો જે દ્રોહ કરવો તે અત્યંત દુસ્તર અને મહા પાપમય છે, તેનું પૂર્ણ ફળ તો કહેવાને પણ કોણ સમર્થ છે? પરસ્ત્રીને ભોગવવાની માત્ર ઇચ્છા કરવાથી પણ જે અશુભ કર્મ ઉત્પન્ન થાય છે, તેના વિપાકનો પાર પામવા કયો સમર્થ પુરૂષ પણ શક્તિમાન થાય? મનુષ્યોને પરસ્ત્રીગમન કરવાની જે આશા છે તે ખરેખર પાશરૂપ જ છે, તેનાથી પીડા પામેલા જીવો અનંતભવ સુધી જન્મ મરણ પામે છે અને અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે. કહ્યું છે કે—

"કેટલાક જીવો ભોગને ભોગવ્યા વિના પણ તેમાં આસક્તિ માત્ર રાખવાથી પણ અનંત સંસારી થાય છે." વળી કહ્યું છે કે—

"વિષ અને વિષય એ બેની વચ્ચે મોટું અંતર છે; કેમકે વિષ તો ખાધું હોય તોજ હણી શકે છે, અને વિષયો તો સ્મરણ કરવાથી પણ હણે છે. તેથી હે મૂર્ખ ! જો તું આ ભવ અને પરભવને વિષે તારા આત્માનું શુભ ઇચ્છતો હો, તો સર્વ પ્રકારે પરસ્ત્રી સંબંધી વાંચ્છાનો ત્યાગ કર." આ પ્રમાણે તે રતિસુંદરીએ તેને ઘણે પ્રકારે હિતનો ઉપદેશ કર્યો. જો કે તેણીને તેણે ઘણો સંતાપ પમાડ્યો હતો, તોપણ તે તો ઇક્ષુની જેમ મિષ્ટ રસને જ આપતી હતી.

આવો તેણીનો ઉપદેશ સાંભળી તથા પોતાનું નિંદ્ય કર્મ જાણી તે સૂરદત્ત વારંવાર ઘણે પ્રકારે શોચ કરવા લાગ્યો. હમેશાં બંધાદિક પરાભવને સહન કરતો અને દીન મુખવાળો તે લાંબાકાળ આંખમાંથી આંસુ પાડતો છતો જણાવતો હતો કે—"મને હવે મુક્ત કરો, મુક્ત કરો." ત્યારે વાંદરાપણાને પામેલા તે પાપીને તે કહેતી હતી કે—

"હમણાં તું ઘણા દુઃખથી તાપ પામ્યો છે, તેથી આ પ્રમાણે બોલે છે; પરંતુ આ પ્રમાણે બોલવાથી તારા પાપનાં ફળનો કાંઈ પણ અંત આવવાનો નથી, કારણ કે પાપથી અંધ થયેલા જીવોને પરભવમાં નરકાદિકનું કટુ ફળ પ્રાપ્ત થાય છે, અને ઘણા જન્મોને વિષે મહા દુઃખો સહન કરવાં પડે છે; તેથી તને અનંત કાળ સુધી દુસ્તર દુઃખ પ્રાપ્ત થશે. તને જે પાપની વાંચ્છા થઈ હતી તેની માત્ર આ વાનકી જ તું જુએ છે. બાકી જેઓ જેવું અને જેટલું કર્મ બાંધે છે, તેઓ તેવું અને તેટલું ફળ પણ ભોગવે છે. જેઓએ જે વખતે જેવું ફળ ધાન્ય કે લતા વિગેરે જે કાંઈ વાવ્યું હોય છે તેઓ તેના પરિપાકનો સમય આવે ત્યારે તેવું અને તેટલું જ લણે છે તથા ભોગવે છે.

મનુષ્યોને આ ભવમાં કે પરભવમાં જે કાંઈ સુખ દુઃખાદિક પ્રાપ્ત થાય છે, તે સર્વ પોતાના કર્મને અનુસારે જ પ્રાપ્ત થાય છે, તેથી તું જરા પણ ખેદ ન પામ. આ જગતમાં પોતાની ઇચ્છાથી જ કરેલા શુભ કે અશુભ કર્મો ભોગવ્યા વિના છૂટકો થાય એમ નથી જ." આ પ્રમાણે વારંવાર તેણીનો ઉપદેશ સાંભળવાથી તથા નિરંતર પ્રાપ્ત થતા ભય અને વધાદિકથી તે સૂરદત્ત પ્રતિબોધ પામ્યો, તેથી તત્કાળ મનની દુષ્ટતાનો તેણે ત્યાગ કર્યો, તેનું મુખ અને નેત્રો તેજવડે દેદીપ્યમાન થયાં, તે પોતાની ચેષ્ટાવડે નિંદ્ય કર્મનો શોચ કરવા લાગ્યો, વિનયપૂર્વક તેણીના બે પગમાં પડી વારંવાર તેણીને ખમાવવા લાગ્યો, અને છેવટ તેણે અવશ્ય પરસ્ત્રીના ત્યાગનો નિયમ અંગીકાર કરવા જણાવ્યું.

આ પ્રમાણેની તેની ચેષ્ટાવડે, નમ્રતા ધારણ કરવાવડે અને મુખની દીનતાવડે તેનું મન પરસ્ત્રીથી વિરતિને પામ્યું છે એમ માની દયાળુ, સરળ સ્વભાવવાળી, શિયળ વ્રતવાળી અને સતીઓમાં શિરોમણિ તે રતિસુંદરીએ દાસી પાસે તેને સાંકળ વિગેરેના ઉગ્ર બંધનથી મુક્ત કરાવ્યો; તથા તેને ઘણું જ અલ્પ અન્ન અપાતું હોવાથી જીવતાં છતાં પણ જાણે મરેલો હોય તેવા થઈ ગયેલા તેને ઔષધિવડે પ્રથમની જેવા રૂપવાળો પુરૂષ બનાવ્યો.

વળી ફરીથી એક વખત તેના દુષ્ટ આચરણ દેખાવાથી તે રતિસુંદરીએ તેને દાસીઓ પાસે દૃઢ બંધનથી બંધાવ્યો અને તેના કપાળમાં તપાવેલી લોઢાની સળીવડે 'આ શ્રીજયાનંદ રાજાનો દાસ છે' એવા અક્ષરો લખાવ્યા; તેમ જ ફરીથી કોઈ વખત પણ ભૂલાય નહિ એવો, અત્યંત કટુ અને દુઃસહ એવો તેનો તિરસ્કાર કર્યો, વળી તેવા અશુભ કર્મનું આવું નિશ્ચિત ફળ સંભળાવી તેને પરસ્ત્રીત્યાગનો નિયમ ગ્રહણ કરાવીને મુક્ત કર્યો.

પછી બંધનરહિત, સ્વસ્થ ચિત્તવાળા અને હર્ષ પામેલા તેને અન્ય પુરૂષના દર્શનનો પણ નિષેધ કરનારી રતિસુંદરીએ પડદાની અંદર રહીને પૂછ્યું કે—"તું કોણ છે? તારો નિવાસ ક્યાં છે? અને કયા પ્રયોજનને લીધે કયા સ્થાનથી તું અહીં આવ્યો છે? આ પ્રશ્નનો ઉત્તર આપ." આવા પ્રશ્ન પૂછવાથી પોતાના આત્માને કૃતાર્થ માનતો તે યથાર્થ રીતે બોલ્યો કે—

"હે સ્વામિની! સાંભળો—"

વિજયપુર નામના નગરના નરેંદ્ર શ્રીવિજય નામે રાજા છે, તેમના પુત્રરત્ન શ્રી-જયાનંદ નામના રાજા હજારો રાજાઓવડે સેવવા લાયક છે. અનુપમ લક્ષ્મીવાળા તે રાજા જાણે બીજા સૂર્ય હોય તેમ હાલમાં ઉગ્ર પ્રતાપથી તપે છે. સૂર્ય [1]કમળાકરના સમૂહને વિકસ્વર કરે છે, પરંતુ સર્વત્ર [2]મૃદુ કરવાળો તો તે રાજા છે એ આશ્ચર્ય છે. આશ્ચર્યકારક રાજ્યલક્ષ્મીને ભોગવનાર અને પોતાની ભૂજાપર સમગ્ર પૃથ્વીના ભારને ધારણ કરનાર એવા તે રાજાની નિરંતર સેવા કરનાર હું સૂરદત્ત નામનો ક્ષત્રિયપુત્ર છું. હું લક્ષ્મીપુર નગરમાં રહું છું. તે નગર પોતાની અસમાન સર્વ સમૃદ્ધિવડે મોટા નગરોની પણ સ્પર્ધા કરે છે. તે નગર હાલમાં શ્રીજયાનંદ રાજાની મુખ્ય રાજધાની છે, તેમની સેવા કરવાથી હું નિરંતર સુખી રહું છું. વિદ્યાધર વિગેરે-ના મુખથી શ્રીજયાનંદ રાજાનું આદિથી અંત સુધીનું સર્વ વૃત્તાંત મેં સાંભળ્યું છે, હું તેમનો સેવક છું, તેથી તેમણે મને આદરસત્કારપૂર્વક તમને બોલાવવા માટે મોકલ્યો છે; અને તેના જ દિવ્ય પલંગના પ્રયોગવડે વિદ્યાધરની જેમ આકાશગામી ગતિવડે હું અહીં આવ્યો છું. તેમણે જ મને રત્નાદિક ઘણું દ્રવ્ય આપ્યું છે, તે લઈને હું અહીં આવી તમારી પરીક્ષા કરવા માટે તમારા ઘરની પાસેના ઘરમાં રહી ઇચ્છિત ભોગ ભોગવું છું. તેણે જ આપેલી ઔષધિના દિવ્ય પ્રભાવથી સ્ત્રીનું રૂપ ધારણ કરીને હું પુણ્યશાળી અને મહા સતી એવી જે તમે તેનું દર્શન પામ્યો છું. હે માતા! ઇંદ્રાણીના રૂપને પણ જીતનારૂં તમારૂં રૂપ જોઈને દુર્ભાગ્ય યોગે હું ભ્રમિત થયો, તેથી પરિણામે આવી શોચનીય દશાને પામ્યો છું. અત્યારે તમે પરસ્ત્રી વિગેરેનો નિયમ આપી પુણ્યમાર્ગ દેખાડવાથી મારો ઉદ્ધાર કર્યો છે. લક્ષ્મીપુર નગરના ઇંદ્ર શ્રીજયાનંદ રાજા કે જે તમારા પતિ છે, તે તમારે વિષે ચિરકાળથી ઉત્કંઠાવાળા છે, અને તમારા આગમનને ઇચ્છે છે. તો હે સ્વામિની! તમે મારી બ્હેન છો, તેથી મારા

૧ સૂર્ય કમળના સમૂહને અને આ રાજા લક્ષ્મીવંતના સમૂહને વિકસ્વર કરે છે. ૨ સૂર્ય મૃદુ કર–કોમળ કિરણોવાળો હોય નહિ, અને આ રાજા તો પ્રજા પાસેથી મૃદુ એટલે અલ્પ કર લેનારો છે.

પ્રયાસને સફળ કરો, અને આ પલંગ ઉપર આરૂઢ થાઓ, કે જેથી આપણે આપણા સ્વામી પાસે જઈએ." આ પ્રમાણેનાં તેનાં વચનો સાંભળી પડદાની અંદર રહેલી તે સતી બોલી કે—

"અહો! તું તો મોટું સાહસ કરવા ઈચ્છે છે કે જેથી હર્ષિત થઈને મારી સાથે આ પ્રમાણે તું જવા ઈચ્છે છે! પરંતુ મન, વચન અને કાયાથી શુદ્ધ શિયળવડે ઉજ્વળ એવી સર્વ સતીઓ પ્રાણાંતે પણ પરપુરૂષનો સ્પર્શ કરતી નથી. જો કે હમણાં તેં પરસ્ત્રીના નિયમનું વ્રત અંગીકાર કર્યું છે, તોપણ હવે પછી આ વ્રતની દૃઢતાને જરા પણ તજીશ નહિ. પરસ્ત્રીના ત્યાગ કરતાં વિશેષ બીજો કોઈ સદાચાર સત્પુરૂષોએ માન્યો નથી, આજ તેમનો મોટો નિધિ છે, અને આ જ તેમનું પરમ ભૂષણ છે.

મારા પતિ શ્રીજયાનંદ રાજા અહીંથી જ્યારથી ગયા છે, ત્યારથી કોઈ પણ વખત અને કોઈ પણ ઠેકાણે અન્ય પુરૂષનું મુખ પણ મેં જોયું નથી. સ્વજનના કે બીજા કોઈપણ પુરૂષ સાથે કોઈપણ પ્રકારની વાતચિત કરી નથી કે કોઈપણ પ્રકારનો પરિચય કર્યો નથી, શૃંગાર વિગેરે પહેર્યા નથી, સ્નિગ્ધ આહારનું ભોજન કર્યું નથી, તાંબૂલાદિક મુખવાસનો ઉપયોગ કર્યો નથી, નખ કેશ વિગેરેનો સંસ્કાર કર્યો નથી, તેમ જ અભ્યંગ, સ્નાન, પુષ્પમાળા, અંગરાગ, અનુલેપન વિગેરે ક્રિયાવડે કોઈપણ વખત અંગનો સંસ્કાર કર્યો નથી. માત્ર હમેશાં આત્માને ઉચિત એવો અને શરીર ધારણ થઈ શકે એટલો જ આહાર કર્યો છે, તે વિના બીજું કાંઈપણ કર્યું નથી, અને પતિના પરદેશ જવાથી સતી સ્રીઓ જેવો આચાર પાળે તેવો સર્વ આચાર મેં પાળ્યો છે. સેંકડો પ્રયોજન પ્રાપ્ત થયાં છતાં પણ તે આચાર મેં તજ્યો નથી.

હે સૂરદત્ત! પ્રાયે કરીને આકૃતિ અને ચેષ્ટા વિગેરે તારા ભાવને સમજી જનારી દાસીઓએ તારે માટે જે કર્યું છે તે ઉચિત જ કર્યું છે; કેમકે આજ સુધી મારા ઘરમાં કોઈપણ પુરૂષનો પ્રવેશ મેં કરવા દીધો નથી, તો હવે તારી સાથે એક જ આસનપર બેસીને હું કેવી રીતે ત્યાં આવી શકું? માટે તું તારે સ્થાને જા, અને મારા પતિને જઈને કહે કે તેમના પોતાના આવ્યા વિના હું બીજા કોઈની સાથે આવીશ નહિ.

વળી સારા ભાગ્યવાળા તમે પુણ્યના પ્રભાવથી સ્થાને સ્થાને મારા જેવી સુંદર રૂપવાળી સેંકડો બીજી કન્યાઓને પ્રિયારૂપ કરી છે, તેમના પ્રેમરૂપી વેગથી વણાયેલા અને ભક્તિની ચતુરાઈરૂપી સુતરથી ઉત્પન્ન થયેલા તેમના પ્રીતીરૂપ પટથી તમે ઢંકાઈ

ગયા છો, તેથી હે નાથ ! તમે મને જોઈ શકતા નથી. તોપણ હે નાથ ! માત્ર તમારા દર્શનની અને તમારી સમીપે રહેવાની જ હું પ્રાર્થના કરૂં છું. જો કે તે બન્ને વસ્તુ જ દિવ્ય ભોગ અને દિવ્ય અશનની જેમ મારે માટે ચિરકાળથી અસંભવિત થઈ છે.

હે સ્વામી! હું તો નિરંતર તમારૂં જ ધ્યાન કરૂં છું, અને તમે તો મને સંભારતા પણ નથી. તમે મૂર્તિમાન કામદેવ છો અને હું રતિ છું, તેથી તમે મને ન તજો. હે નાથ! તમે જ મારા પ્રાણને ખરીદ કર્યા છે, તેથી તે તમારે જ આધીન છે. તમારા પ્રસાદરૂપી પ્રીતિદાન વિના મારો નિર્વાહ શી રીતે થઈ શકે? હે નાથ! તમારો પ્રસાદ તો દૂર રહો, પણ મારી ચિંતા કરવાનો પણ તમે ત્યાગ કર્યો જણાય છે. આ વાત તમને મૂકીને બીજા કોની પાસે કહું? હે મૃગસમાન નેત્રવાળા! હે નાયક! મનુષ્યોને સર્વ ઇંદ્રિયોમાં એક મન જ સારભૂત હોય છે. તો હે દેવ! તે મારા મનને તમે સાથે લઈ જઈને મને એકલી નિરાધાર કેમ રાખી છે? હે કરૂણાના નિધાનરૂપ નાથ! હું માત્ર તમારી જ ભક્તિવાળી છું, તમે એક જ મારા શરણરૂપ છો, અને હું તમારી જ કૃપાનું સ્થાન છું, તેથી મારી ચિંતા તમારે જ કરવાની છે. જેમ ચંદ્રિકા ચંદ્રની સહચારી છે, જેમ સૂર્યકાંતિ સૂર્યની સહચારી છે અને જેમ શરીરની છાયા શરીરની સહચારી છે, તેમ હું તમારી સહચારી છું. માટે મારાપર પ્રસન્ન થઈને તમે પોતાની મેળે જ મારા ઉપર સ્વાભાવિક કૃપા કરો.' આ પ્રમાણે હે સૂરદત્ત! મારા પતિને મારા વચનો તારે કહેવાં. વળી હે સુરદત્ત! ત્યાં રહેલા મારા સ્વામિના ક્ષેમ-કુશળાદિકના સમાચાર જેવા હોય તેવા અને જેવા તું જાણતો હો તેવા કહે કે જેથી મારા મનમાં સંતોષ થાય."

આ પ્રમાણે રતિસુંદરીના પૂછવાથી તે સૂરદત્તે પણ તેણીના કાનને સુખ ઉપજાવે તેવું તેણીના સ્વામી કુમારરાજનું સર્વ સ્વરૂપ અહીંથી નીકળ્યા પછીનું આ પ્રમાણે આદર સહિત કહી બતાવ્યું. "લક્ષ્મીપુરના રાજા શ્રીપતિની ત્રણ કન્યાઓનું પાણિગ્રહણ કર્યું, તે રાજા વૈતાઢ્ય પર્વત ઉપર ગયા અને ત્યાં તેમણે ઘણી ઘણી વિદ્યાઓ મેળવી, પવનવેગ નામના વિદ્યાધર રાજાના પુત્રને છોડાવીને તેની ઉપર ઉપકાર કર્યો, તેની પુત્રીનું પાણિગ્રહણ કર્યું, ચક્રાયુધ નામના ખેચરચક્રવર્તીનો પરાજય કર્યો, તેની તથા બીજા વિદ્યાધરોની હજારો કન્યાઓનું ઉત્સવ સહિત પાણિગ્રહણ કર્યું. ત્યાંથી પોતાના લક્ષ્મીપુર નગરમાં આવ્યા, ત્યાં આવીને પોતાના રાજ્યને ભોગવવા લાગ્યા અને સર્વ શત્રુ રાજાઓનો વિજય કરીને ત્રણ ખંડ સાધ્યા પછી પૂર્વે પરણેલી સર્વે સ્ત્રીઓને બોલાવી લીધી."

આ સર્વ હકીકત કહેતાં વચ્ચે વચ્ચે આશ્ચર્ય ઉપજાવે તેવી સેંકડો હકીકતો તથા તે રાજાના પિતા, કાકા અને ભાઈ વિગેરેના અવાંતર વૃત્તાંત સહિત સર્વ સ્વરૂપ તે સૂરદત્તે જેવું સાંભળ્યું હતું અને જેવું જાણતો હતો તેવું પોતાના સ્વામીની પ્રિયા રતિસુંદરીને પ્રસન્ન કરવા માટે કહી બતાવ્યું. તેની પાસેથી પોતાના ભર્તારનું સર્વ ચરિત્ર સાંભળી તે રતિસુંદરીએ અત્યંત ઉત્કૃષ્ટ આનંદ રસનાં ઝરણાંને ધારણ કર્યાં. પછી તે બુદ્ધિમાન રતિસુંદરીએ પોતાની દાસીઓ પાસે સૂરદત્તની ઉચિત પ્રતિપત્તિ–સેવા કરાવી તેને પ્રસન્ન કરીને વિદાય કર્યો.

સૂરદત્ત ત્યાંથી નીકળીને લક્ષ્મીપુર નગરે આવ્યો, અને તેણે શ્રીજયાનંદ રાજાને પ્રણામ કર્યા. પછી તેણે પ્રથમ રતિસુંદરીની જે પરીક્ષા વિગેરે કર્યું હતું તે સર્વ સ્વરૂપ આદિથી અંત સુધી યથાર્થપણે કહી બતાવ્યું, અને પછી તેણીએ તેને પોતાને બોલાવવા માટે જે સંદેશો કહેવરાવ્યો હતો તે પણ કહ્યો. તે સાંભળી પોતાની પ્રિયાની તેવી ઉત્કૃષ્ટ શિયળની લીલા જાણી શ્રીજયાનંદ રાજા આનંદ પામ્યા, તેણીના દર્શન કરવાને ઉત્સુક થયા, અને અત્યંત ભક્તિવાળી તે પ્રિયાને પોતે જ લઈ આવવા માટે તૈયાર થયા.

પછી તે દિવ્ય વિમાનપર આરૂઢ થઈ પોતાના બળવાન, સારભૂત અને થોડા પરિવારને સાથે લઈ એક ક્ષણમાં શ્રી રત્નપુર નગરે પહોંચ્યા. ત્યાં પૌરજન અને પરિવાર સહિત શ્રી રત્નરથ રાજાને તથા તેની પ્રિયા રત્નમાળા વિગેરે રાણીઓને પરિવાર સહિત પોતાના દર્શનવડે આનંદ પમાડી પછી પોતાની પ્રિયા રતિસુંદરીને પણ ક્ષણવાર સુધી ઉચિત વાતચિતવડે આનંદ પમાડ્યો. અકસ્માત્ પ્રાપ્ત થયેલી અમૃતવૃષ્ટિ સમાન તેમનું આગમન થયેલું જાણી રત્નરથ રાજાએ ઉભા થઈ તેમને આસન આપી ક્ષેમકુશળ પૂછી, ભક્તિથી બમણા ઉલ્લાસવાળા હૃદયવડે ઉચિત પ્રમાણે તેમની ભક્તિ કરી. ત્યાંના સામંત, મંત્રી અને પૌરજનો વિગેરે સર્વે અતિ હર્ષ પામ્યા અને વિવિધ પ્રકારના અશ્વ, હાથી અને રત્ન વિગેરેની ભેટ મૂકી વિનયવડે મસ્તક નમાવી તેમની સેવા કરવા લાગ્યા. તે સર્વને સંતોષ આપવા માટે શ્રીજયાનંદ રાજા કેટલોક વખત ત્યાં રહ્યા.

ત્યારપછી ઉદાર દૃષ્ટિવાળા શ્રીજયાનંદ રાજાએ સત્કારપૂર્વક શ્વસુરાદિકની પાસેથી જવાની રજા માગી, તે વખતે સતીઓમાં શિરોમણિ સમાન રતિસુંદરીને તેના પિતા, માતા, ભ્રાતા વિગેરેએ પતિની સાથે જવાની અનુમતિ આપી, તથા ઘણા દાસ દાસીઓ અને મોટી સમૃદ્ધિ આપી. સર્વ પરિવાર સહિત રતિસુંદરીને બુદ્ધિમાન શ્રીજયાનંદ રાજાએ પ્રથમ વિમાનમાં બેસાડી, અને પોતે પોતાના સારભૂત પરિવાર સહિત વિમાનમાં

બેઠા. પછી મનને અનુસરનારા અને પોતાના વેગવડે વાયુના વેગને પણ જીતનારા તે વિમાનના બળથી આકાશમાર્ગે એક ક્ષણમાં અનેક ગ્રામ, આકર, નગર, પુર વિગેરેને ઓળંગી તે રાજા પોતાના નગરે પહોંચ્યા. ત્યાં મહોત્સવ સહિત નગરમાં પ્રવેશ કરી તે રતિસુંદરી પ્રિયાને અંતઃપુરમાં લાવી હર્ષવડે મનોહર મહેલમાં સ્થાપન કરી, અને બીજી પ્રિયાઓને પણ પોતાના પ્રધાનોદ્વારા પોતપોતાના સ્થાનથી બોલાવી એકઠી કરી તે સર્વેને યથાયોગ્ય દાન અને સન્માનવડે ખુશી કરી.

તે સર્વ પ્રિયાઓવડે સર્વ પ્રકારે સેવાતા તે કુમારરાજ સૌભાગ્યરૂપી સુખના સાગરમાં ભોગની રચનાવડે સુંદર એવી રાજ્યલક્ષ્મી સાથે અને તે પ્રિયાઓની સાથે સ્નાન કરવા લાગ્યા, ન્યાયને વિષે જ એક નિષ્ઠાવાળા, શિષ્ટ અને લોકોને પ્રસન્ન કરનારા ગુણોના સાગર તે રાજેન્દ્ર સર્વ પ્રજાઓને પોતાની સંતતિ પ્રમાણે પાળવા લાગ્યા.

એક દિવસ મુખરૂપી ચંદ્રની કાંતિવડે જેણે સમગ્ર દિશાઓનાં મુખને પ્રકાશિત કર્યા હતા, તથા જેના શાસનને અનેક રાજાઓના સમૂહ નમ્ર મસ્તકવડે અંગીકાર કરતા હતા એવા શ્રીજયાનંદ રાજા શ્રીઅરિહંતાદિક પંચ પરમેષ્ઠીનું ધ્યાન ધરતા સભામાં સુવર્ણના સિંહાસન ઉપર બેઠા હતા, અને ઉચિતતા પ્રમાણે પોતાના અને બીજાના હિતકર એવાં અનેક કાર્યોમાં તત્પર હતા, તે વખતે જલ્દીથી આવી રહેલા પ્રતિહારે પાસે આવી પ્રણામ કરીને વિનંતિ કરી કે—

"હે સ્વામી! વિજયપુર નગરથી આવેલા ત્યાંના નગરજનો આપણા દરવાજા પાસે આવીને ઉભેલા છે, તેઓના હાથમાં વિનંતિપત્ર છે, અને તેઓ આપશ્રીને મળવા ઇચ્છે છે. માટે જે કરવા યોગ્ય હોય તે મને ફરમાવો." તે સાંભળી શ્રીજયાનંદ રાજાએ તેને કહ્યું કે—"હે પ્રતિહાર! તેમને જલદી અંદર પ્રવેશ કરાવ." ત્યારે તે પ્રતિહારે તે સર્વેને સભામાં પ્રવેશ કરાવ્યો; એટલે તેઓએ હર્ષથી શ્રીજયાનંદ રાજાને નમી વિનંતિ-પત્ર તેમની પાસે મૂક્યો. એટલે જાણે ઉજ્વળ હંસ હોય એવો તે વિનંતિપત્ર મહા-મંત્રીએ લઈને શ્રીજયાનંદ રાજાના હસ્તકમળમાં અર્પણ કર્યો. પછી પોતાના મૂળ રાજ્યમાંથી આવેલા તે નગરજનોને હર્ષ આપવા માટે રાજાએ પોતે તે પત્ર ઉઘાડીને આ પ્રમાણે પ્રગટપણે વાંચ્યો—

"દેવનગરીની જેવી સમૃદ્ધિવાળા તથા કલ્યાણ અને લક્ષ્મીવાળા શ્રીલક્ષ્મીપુરને વિષે રાજાઓના સમૂહે જેની આજ્ઞાનું પાલન કર્યું છે તથા પિતા શ્રીવિજય રાજા વિગેરે પરિવારવડે જે અત્યંત શોભી રહ્યા છે, તેવા શ્રીજયાનંદ રાજેન્દ્ર પ્રત્યે વિજયપુર નામના

નગરથી સર્વે રાજસમૂહ તથા પરિવારજનો વિનયપૂર્વક પ્રણામ કરી બે હસ્તકમળને અંજલિરૂપ કરી નમ્રપણે વિનંતિ કરે છે કે—

હવે આપ આર્યજનને હિતકારક એવા આ સમગ્ર કાર્યને ધ્યાનમાં લ્યો. પ્રથમ તો એ કે—આપશ્રીની પહેલાંના આપના પૂર્વજ રાજાઓએ પાલન કરેલા આ વિજયપુરના મોટા રાજ્યમાં હાલ જે જે થઈ રહ્યું છે તે આપ સાંભળો.—અહીં હાલ સિંહસાર રાજા છે. તેનું મન માત્ર પૃથ્વીપતિના શબ્દથી જ હર્ષ પામે છે, એટલે કે હું પૃથ્વીપતિ છું એટલા શબ્દ માત્રથી જ તે ખુશી છે, પરંતુ સર્વ વ્યસનના સમૂહથી તે બીજાઓને પણ કુમાર્ગમાં જોડનાર છે. તે માયાકપટમાં કુશળ, દુષ્ટકર્મ કરનાર, ધર્મરહિત, તેનો આશ્રય કરનારને નિરંતર દુઃખ આપનાર, ભારે કર્મી, બીજાના મર્મને વીંધનાર, ઠઠ્ઠા મશ્કરીમાં જ વધારે બોલનાર અને આખા રાજ્યને પીડા ઉપજાવનાર છે.

વળી તે પ્રજાજનને પણ જાણે તે પોતાના શત્રુ હોય તેમ સમજનારો છે, તે ઇંદ્રિયોરૂપી સિંહવડે જીતાયેલો છે, સર્વ પ્રકારના અન્યાયનું સ્થાન છે, તથા સર્વ સમૃદ્ધિ અને વૃદ્ધિનો નાશ કરવામાં કેતુ સમાન છે. રાજનીતિમાં નિપુણ અને પૂર્વજોના અનુક્રમે ચાલતા આવેલા ક્ષત્રિયોને તેણે માયાથી વિશ્વાસ પમાડી બાંધીને કેદખાનામાં નાંખ્યા છે; અને તેમના સ્વજનોનો વિયોગ કરાવી કષ્ટની દશા પ્રાપ્ત કરાવી છે, કેટલાકને વિના અપરાધે ઉદ્વેગ પમાડ્યો છે, અને કેટલાકને ભોજનાદિકનો પણ ત્યાગ કરાવ્યો છે. વળી તેણે કોટવાળ વિગેરે કેટલાક અધિકારીઓનો પુષ્કળ દંડ કર્યો છે. આવા પ્રકારોવડે તેણે સેંકડોજનોને દુઃખમાં નાખ્યા છે.

લોભથી અંધ થયેલા તેણે હિતકારક તથા આજ્ઞામાં રહેનારા પરિવાર જનોના અનેક પ્રકારના અસત્ય દોષો જાહેર કરી તેમના હાથી, ઘોડા વિગેરે સર્વ ધન લઈ લીધું છે, તેમજ વળી હે શ્રીજયાનંદ રાજા! જે પ્રજાને આપશ્રીના પૂર્વજોએ જન્મથી આરંભીને સુખી કરી છે, હર્ષિત કરી છે, જેણે સ્વપ્નમાં પણ દુઃખ જોયું નથી અને આપશ્રીના પિતાદિકે પ્રથમ જેનું લાલનપાલન કર્યું છે, તથા જેના ધનનો નિધિ અક્ષય કરેલો છે એવી તે પ્રજાને પોતાના પિતામહ આદિએ સારી રીતે પૂજેલી છે એમ જાણવા છતાં પણ તે સિંહસાર વૃદ્ધિ પમાડતો નથી, પણ સખત કરોવડે ચારેબાજુથી પીડા જ ઉપજાવે છે, તેણે આ પ્રમાણેના કરો નાખ્યા છે—

દાણ કર ૧, પુંછનો કર ૨, હળનો કર ૩, મોભનો કર ૪, ભામનો કર ૫, ભેટનો કર ૬, કોટવાળનો કર ૭, વધામણીનો કર ૮, મલવરકનો કર ૯, વળનો કર ૧૦,

લંખાનો કર ૧૧, ચારવાનો કર ૧૨, ગઢ કરવાનો કર ૧૩, વાડીનો કર ૧૪, છત્રનો કર ૧૫, આલહણનો કર ૧૬, ઘોડાનો કર ૧૭ અને કુમારાદિકની સુખડીનો કર ૧૮. જે રાજા પ્રજાને બહુ જ પીડનાર થાય છે તે આવા નવી નવી જાતના કરો નાખે છે.

હે શ્રીજયાનંદરાજા ! તમારૂં મૂળ રાજ્ય તેને મળવાથી તે લોભાંધ થઈને સમગ્ર જગતને તૃણ સમાન ગણે છે, અને માનવા લાયક ઉત્તમ પ્રધાનોનાં વચનને પણ તે બીલકુલ માનતો નથી. જેને ત્યાં કાર્ય કરવામાં કુશળ, પ્રિય વચન બોલનાર, પરિપક્વ બુદ્ધિવાળો, સ્થિરતાવાળો અને ધીરતાવાળો મંત્રી, મિત્ર કે બીજો કોઈ સ્ત્રી આદિક પણ જન હિતકારક ન હોય, તેનું રાજ્ય, કુળસ્થિતિ, મર્યાદા, ધન, અર્થની સિદ્ધિ, યશ, સુખાદિક અને સુકૃત વિગેરે કાંઈ પણ પ્રતિષ્ઠા પામતું નથી. કારણ કે :—

રાજાઓનાં સર્વ કાર્યો પ્રાયે કરીને ઉત્તમ પ્રધાનોથી જ સિદ્ધ થાય છે, તેથી રાજાઓએ અવશ્ય સારા પ્રધાનો રાખવા જોઈએ. સારા પ્રધાન વિના રાજ્ય હોઈ શકે નહિ, દાન આપી શકાય નહિ અને દાન પુણ્ય વિના પ્રાપ્ત થાય નહિ. પ્રધાનોનાં વચન નહિ માનવાથી તે દુષ્ટ બુદ્ધિવાળા સિંહસારે પોતાના અને પરના સર્વ જનોને ઉપતાપ ઉપજાવીને પોતાના કોશમાં દુર્યશને જ એકઠો કર્યો છે. તેને જે દિવસથી રાજ્યની પ્રાપ્તિ થઈ છે, તે દિવસથી આરંભીને આજ સુધી તેણે જે જે અન્યાયો કર્યા છે, તે કહેવાને બુદ્ધિશાળી એવો પણ કોણ શક્તિમાન થાય ?

હે ભૂમીંદ્ર ! તમારા પિતા શ્રીવિજયરાજાએ પણ તેની દુષ્ટતાનું જે ફળ ભોગવ્યું છે તે સર્વ તેમના જ મુખથી તમે સાંભળ્યું છે. હે પ્રભુ ? તમારા કાકા શ્રી જયરાજાએ અમારા સ્વામી તરિકે તમને જ આપ્યા હતા, પરંતુ તે વખતે અમારા દુર્ભાગ્યના ઉદયથી તમે આવ્યા નહિ અને તે તમારો બંધુ અમારા દુર્ભાગ્યથી ખેંચાઈને અહીં આવ્યો, તે તમારા કાકા વિગેરેએ આપેલું રાજ્ય પામીને આવી દુષ્ટ ચેષ્ટાઓ કરવા લાગ્યો છે.

અરણ્યમાં વસવું સારૂં છે, પરદેશ પ્રવાસ કરવો સારો છે, ચારિત્ર ગ્રહણ કરી તપ કરવો સારો છે. અથવા છેવટે મૃત્યુ થાય તે સારૂં છે, પરંતુ દુષ્ટ રાજાના રાજ્યની છાયા પણ-સારી નથી; તેથી હે રાજરાજેશ્વર ! અમારા ઉપર આપશ્રી દયાવાળી દૃષ્ટિ કરો, અમારા ઉપર પ્રસન્ન થાઓ, સીદાતા એવા અમારી ઉપેક્ષા કેમ કરો છો ?

આપ યશ અને કીર્તિના સાગર છો, સર્વ ગુણરૂપી રત્નના રત્નાકર છો, પરોપ-



કારી જનોમાં પહેલા છો, શરણની ઇચ્છાવાળા જનોને શરણ કરવા યોગ્ય છો, ક્ષત્રિયવ્રતને ધારણ કરનારા સર્વ રાજાઓમાં આપ પ્રથમ છો અને આપ જ સ્યાદ્વાદીઓના અગ્રેસરની સ્થિતિને ધારણ કરો છો, તેથી સર્વ પાપીઓમાં પ્રથમ, અન્યાય કરનારાઓમાં અગ્રેસર અને માત્ર રાજાના નામને જ ધારણ કરનાર તે અધમ રાજાનો આપ એકદમ નિગ્રહ કરો.

આપના પૂર્વજોની કીર્તિનો લોપ થવા ન દો, આપના પૂર્વજોની પ્રજાનો ત્યાગ ન કરો, આપનું મૂળ રાજ્ય આપશ્રી ગ્રહણ કરો અને આપની પ્રજા ઉપર આપ અનુગ્રહ કરો. જો કદાચ આપ આપના બંધુ ઉપરની કૃપાના કારણે અમારી વિનંતિ ઉપર ધ્યાન નહિ આપો તો ગામ, નગર અને આકર વિગેરે સહિત આ આખો દેશ ઉજ્જડ થઈ જશે. હે રાજેન્દ્ર ! આપશ્રીના ચિત્તમાં આ બન્ને પક્ષમાંથી જે યુક્ત ભાસે તે વિચાર કરીને તરતજ અમલમાં મૂકવા કૃપા કરશો. ”

આ પ્રમાણેનો તેમનો વિનંતિપત્ર વાંચી, પોતાના પિતાનો પરાભવ સંભારી અને પોતાની પ્રજાનું દુઃખ હૃદયમાં ધારણ કરી દક્ષિણાર્ધ ભારતના અધિપતિ શ્રીજયાનંદ રાજાને તરતજ તેના પર ચઢાઈ કરવાની ઇચ્છા થઈ; તેથી તેણે તત્કાળ સેનાપતિને કહ્યું કે—“ હે સેનાપતિ ! જલદીથી તમારા સેવકો પાસે પ્રયાણનું વાજિંત્ર વગડાવો, અને એકદમ ચતુરંગ સેનાને તૈયાર કરો.” આ પ્રમાણે તે સિંહસારને જીતવા માટે તૈયાર થવાનો પોતાના સ્વામીનો હુકમ સાંભળી હર્ષ પામેલા સેનાપતિએ તત્કાળ તે પ્રમાણે સૈન્ય તૈયાર કર્યું, એટલે સૈન્ય સહિત શ્રીજયાનંદ રાજાએ તે સિંહસારના રાજ્ય તરફ પ્રયાણ કર્યું.

અનુક્રમે ચાલતાં ચાલતાં તેના દેશની સમીપે આવી શ્રીજયાનંદ રાજાએ પોતાની આજ્ઞા પ્રમાણે કાર્ય કરનારા એક દૂતને સિંહસાર પાસે મોકલી પ્રસ્તાવને ઉચિત ચેતવણી આપી કે—“ હે બંધુ ! તેં સેંકડો અન્યાય કર્યાં છે, પણ તે સર્વ મેં સ્વજનપણાને લીધે ક્ષમાવડે આટલા કાળ સુધી માફ કર્યાં છે, પરંતુ હવે માફ નહિ કરૂં.” આ પ્રમાણે કહેવા માટે દૂતને મોકલીને રાજાઓમાં શિરોમણિ એવા તે રાજેંદ્ર આગળ ચાલ્યા.

કેમકે મોટા રાજાઓ કદાપિ પણ નીતિનું ઉલ્લંઘન કરતાજ નથી. તે રાજેંદ્ર અસંખ્ય સૈન્ય સહિત જતા હતા, તોપણ શાંતિપૂર્વક ચાલવાથી પૃથ્વીને કાંઈપણ દુઃખ આપ્યા વિના અને ત્યાંના લોકોને ઉપતાપ ઉપજાવ્યા વિના ચાલતા હતા. જેમનાં ચિત્ત નિરંતર ઉદાર હોય છે, જેમનો આત્મા દયાને વિષે જ આદરવાળો હોય છે, અને જેઓ

સદા પરોપકાર કરવામાં તત્પર હોય છે, તેમને કોઈ પણ શત્રુ હોતોજ નથી. પોતાના દેશની જેમ તે દેશમાં પણ ત્યાંની પ્રજાનું હિત કરતા તે ત્રિખંડના સ્વામી સિંહસારના નગરની પાસે આવી પહોંચ્યા; એટલે સર્વ સામગ્રી સહિત મહા બળવાન સિંહસાર પણ તેમની સન્મુખ આવ્યો, તેને ક્ષણવારમાં જ વ્યાધ જેમ સિંહને ત્રાસ પમાડે તેમ ત્રાસ પમાડયો. સૈન્ય સહિત તે સિંહસારની સાથે કેટલાક વખત સુધી યુદ્ધ કરી મહા બળવાન વાયુ જેમ વૃક્ષને ભાંગી નાખે તેમ મહા બળવાન શ્રીજયાનંદ રાજાએ તેને ભાગી નાખ્યો; અને જેમ સિંહ શ્વાનને પકડે તેમ તે રાજેંદ્રે તેને જર્જરિત કરી તત્કાળ લીલામાત્રથી જ પકડી, બાંધી, પાંજરામાં નાંખી પોતના પિતાને સોંપી દીધો. તેમણે તેને કારાગૃહમાં નાંખ્યો.

તે વખતે અનેક પીડાને અનુભવતો તે પોતાના પાપકર્મની નિંદા કરવા લાગ્યો. આવું દુઃખ પાપરૂપ વૃક્ષનું જ ફળ છે. પાપના સમૂહથી ઉત્પન્ન થયેલા સંતાપથી કોઈ પણ પાપી કદાપિ મુક્ત થઈ શકતોજ નથી; કેમકે પ્રાણીને પાછળ લાગેલું પાપ અનંત કાળ સુધી દુઃખ આપે છે. તેથી બુદ્ધિમાન સંસારી જીવોએ પાપનું આવું કડવું–ભયંકર ફળ જોઈને પાપનો નાશ કરવા માટે આગ્રહ સહિત ઉત્તમ ધર્મને ગ્રહણ કરવો.

ત્યારપછી જયલક્ષ્મીનું પાણિગ્રહણ કરી શ્રીજયાનંદ રાજાએ પોતાના પિતા સહિત અને સર્વ સૈન્ય સહિત નગરજનોએ, મંત્રીઓએ અને ક્ષત્રિયોએ કરેલા મહોત્સવ-પૂર્વક હર્ષવડે તે વિજયપુર નગરમાં પ્રવેશ કર્યો. ત્યાં પ્રવેશનું મંગળ કરી રાજવર્ગના જનોએ અને બીજા નગરજનોએ હાથમાં ભેટ રાખી તથા હાથી, અશ્વ વિગેરે આગળ કરી શ્રીજયાનંદ રાજાને પ્રણામ કર્યા.

પછી તે રાજ્યમાં માનવા લાયક સામંત, મંત્રી વિગેરે હતા તેને તથા બીજા પણ સર્વ સીમાડાના રાજાઓને, નગરજનોને અને દેશના જનોને મીઠાં વચનથી બોલાવી યથાયોગ્ય દાન તેમજ માન આપી ઉચિતતા પ્રમાણે ચકોર પક્ષીને ચંદ્ર પ્રસન્ન કરે તેમ પ્રસન્ન કર્યા. પછી સર્વ જનોએ તે રાજાને પ્રણામ કરી વિનંતિ કરી કે—

"હે સ્વામી ! આપશ્રીનું દુર્લભ દર્શન પણ અમારા સદ્ભાગ્યના પ્રભાવથી હમણાં અમને પ્રાપ્ત થયું છે. અનેક પ્રકારનાં દુઃખ આપનાર દુષ્ટ રાજ્યરૂપી અંધકારનો નાશ કરનાર સૂર્યરૂપ તમારો ઉદય થવાથી સચ્ચક્રો–સત્પુરૂષોનો સમુદાય ચિરકાળે હર્ષ પામ્યો છે. સૂર્યની જેમ આપે કાળરાત્રી જેવા આટલા મોટા સર્વને ભયંકર લાગે તેવા કાળને



ક્ષય પમાડ્યો છે. અને પુણ્ય દિવસનો ઉદય કર્યો છે, તેથી હે સ્વામી ! આપ લાંબા કાળ સુધી જય પામો, હવે આપશ્રી આપના મૂળ રાજ્યને સંભાળીને અમને કૃતાર્થ કરો અને અમૃતની વૃષ્ટિ કરનારી દૃષ્ટિ અમારા પર નાંખી અમને પવિત્ર કરો." આ પ્રમાણે કહી તેઓ વિરામ પામ્યા એટલે કુમારરાજે ઉચિતતા ભરેલાં વચનોવડે તેમને આનંદ પમાડી વિદાય કર્યા.

એટલે તેઓ પણ પોતપોતાને સ્થાને ગયા. સર્વ નગરજનોએ અને દેશના જનોએ ઘેર ઘેર ઉમરાપર કુંકુમ છાંટવાપૂર્વક પ્રીતિવડે મોટા ઉત્સવો કર્યા. પછી તે શ્રીજયાનંદ રાજાએ દેવપૂજા વિગેરે પ્રસ્તાવને ઉચિત કેટલાંક કાર્યો કરવાપૂર્વક લોકોને પ્રસન્ન કરવા માટે કેટલાક દિવસો ત્યાં જ નિર્ગમન કર્યા; અને રાજ્યની અંદર ફરીને નિરંતર તેની સંભાળ કરવા લાગ્યા. તે સાથે પિતાને, તેમના પરિવારને અને બીજા જનોને પણ જિનેશ્વરે કહેલા ઉત્તમ ધર્મને સમ્યક્ પ્રકારે સમજાવવા લાગ્યા.

તેમાં દયાદિક ગુણ સહિત દાન, શીળ, તપ અને ભાવ રૂપ ધર્મના ચાર ભેદ સમજાવ્યા. દેદીપ્યમાન મોતીવડે કરીને છીપના સંપુટની જેમ પુણ્ય અને પાપના ફળની સ્પષ્ટતા કરવા માટે હેતુ અને યુક્તિ સહિત વિવેચન કર્યું. પોતાને જૂદા જૂદા સેંકડો કાર્ય આવી પડવાથી વ્યગ્રતા પ્રાપ્ત થયા છતાં પણ તે કુમારરાજ નિપુણતાને લીધે તેમની પાસે બેસી હમેશાં ધર્મનો ઉપદેશ આપતા હતા. રસ સહિત સારનો સંગ્રહ કરનારા, દેવ ગુરૂ અને ધર્મના નિર્ણયને પ્રગટ કરનારા, ધર્મની સ્થિરતાને ઉપજાવનારા, સાંભળતાં કર્ણને પણ સુખ કરનારા અને એકાંતે હિતને ઉત્પન્ન કરનારા વિવિધ પ્રકારના દૃષ્ટાંતો વડે દરરોજ ઉપદેશ આપી આપીને શ્રીજયાનંદ રાજાએ તે સર્વને જૈનધર્મી બનાવ્યા; એટલે શ્રીવિજયરાજાએ પણ સારભૂત પુત્રની વાણી સાંભળી તત્ત્વરૂપી અમૃતના તરંગોવડે પોતાના આત્માનું સિંચન કરી યથાર્થપણે ગૃહસ્થ ધર્મનો સ્વીકાર કર્યો.

આ પ્રમાણે પોતાના પિતા શ્રીવિજય રાજાને જૈનધર્મમાં રક્ત કરી તે રાજેંદ્રે ક્રમથી આવેલા તે રાજ્ય પર તેમને સ્થાપન કર્યા. શ્રીવિજય રાજા આ સમયે વૃદ્ધાવસ્થામાં આવ્યા હતા, તો પણ 'પ્રજાનું નાથપણું સ્વીકારવું એ પણ એક પ્રકારનો ઉત્કૃષ્ટ તપ જ છે' એમ ધારી તથા પુત્રની વાણી ઓળંગવા લાયક નથી એમ જાણી તેણે તે રાજ્ય અંગીકાર કર્યું, પછી શ્રીજયાનંદ રાજાને જલ્દી પોતાના રાજ્યમાં જવાની ઈચ્છા થઈ, ત્યારે પિતા શ્રીવિજય રાજાએ અત્યંત આગ્રહ કરી કેટલાક દિવસો માટે લક્ષ્મીપુર જવા રજા ન આપી, તેથી પિતાના ચિત્તને ખુશી કરવા માટે શ્રીજયાનંદ રાજા

થોડા દિવસો પિતાની પાસે શ્રી વિજયપુર નગરમાં રહ્યા. તેમના અલ્પ કાળ રહેવાથી પણ પ્રજા હૃદયમાં અત્યંત હર્ષ પામી. શ્રીવિજય રાજાએ સર્વ પ્રજાને પણ સર્વજ્ઞના ધર્મમાં પ્રવર્તાવી; અને ઘણી સંપત્તિવાળી રાજ્યલક્ષ્મીવડે તેઓ અત્યંત શોભાને પામ્યા. એક દિવસ શ્રીવિજયરાજાએ કારાગૃહમાં રહેલા અલ્પ અપરાધવાળા કેદીઓને દયાવડે જલ્દીથી છુટા કર્યા.

ત્યાં કારાગૃહમાં કારાગૃહના દુઃખને ભોગવતો તે દુષ્ટ આશયવાળો સિંહસાર દુઃખકારક અને ખેદના કારણરૂપ વિવિધ પ્રકારના વધ બંધાદિકવડે વારંવાર દુઃસહ અને ઉત્કટ દુઃખ ઉત્પન્ન થવાથી પોતાના દુષ્કર્મનો અત્યંત શોક કરવા લાગ્યો. તેને કેટલોક કાળ ગયા પછી ભાઈનો પુત્ર હોવાથી વધ કરવા લાયક નથી, એમ ધારી શ્રીવિજયરાજાએ કારાગૃહમાંથી કાઢી પોતાના દેશની બહાર કાઢી મૂક્યો. આ પ્રમાણે કરવાથી તેના રાજ્યમાં શાંતિ થઈ અને શોભા વૃદ્ધિ પામી.

એક દિવસ શ્રીજયાનંદ રાજાએ યોગ્ય અવસરે પોતાના પિતા શ્રીવિજયરાજાને ભક્તિથી નમસ્કાર કરીને આદરપૂર્વક શ્રીલક્ષ્મીપુર જવાની રજા માગી તેમજ પોતાની માતા વિગેરેને પ્રણામાદિકવડે પૂજી તેમની પાસે પણ રજા માગી. કેટલાકને વાણીવડે, કેટલાકને પ્રેમયુક્ત દષ્ટિવડે અને કેટલાકો વાત્સલ્યવડે આનંદ પમાડ્યો. રાજ્યના માનીતા મંત્રી વિગેરેને, વૃદ્ધોને, બીજા નગરજનોને, ત્યાંની પ્રજાને તથા સર્વ પ્રજાને હિતવચનવડે ખુશી કરી. સર્વની સંમતિ મેળવીને તે રાજેંદ્રે પોતાના નગર તરફ પ્રયાણ કર્યું.

તે વખતે તે સર્વજનો અંતઃકરણની પ્રીતિ અને ભક્તિના ઉલ્લાસપૂર્વક તેમને વળાવવા ઘણી ભૂમિ સુધી પાછળ ગયા. એ રીતે શ્રીજયાનંદરાજા પોતાની જન્મભૂમિના નગરથી બહાર નીકળ્યા, તે વખતે તેમની સાથે પોતપોતાના સૈન્ય સાથે સાડી બત્રીશ હજાર રાજાઓ પણ હતા. તેમજ તેમની પોતાની ચતુરંગ સેના પણ હતી, ચતુર યોદ્ધાઓ તેમની પડખે ચાલતા હતા. એ રીતે આનંદથી તે રાજેંદ્ર પોતાના લક્ષ્મીપુર નગર તરફ ચાલ્યા.

'તે વખતે પૃથ્વી ઉપર અમારા સ્વામીની તુલનાને પામે એવો કોઈપણ નથી.' એમ જાણે ઘોષણા કરતા હોય તેમ અસંખ્ય વાજિંત્રો એકીસાથે વાગવા લાગ્યાં. તે રાજેંદ્ર જાણે શત્રુના સમૂહને ત્રાસ પમાડતા હોય અને મિત્રોને આશ્વાસન આપતા હોય તેમ તેણે પૃથ્વીની કુક્ષિને પૂર્ણ કરનારા ઘણા નિર્ઘોષવડે દિશાઓને પૂરી દીધી.



આગળ પ્રયાણ કરતા તે રાજાએ કોઈ અરણ્યમાં આવી નદીને કિનારે ભોજનાદિક કરવા માટે સૈન્યનો પડાવ નાખ્યો. ત્યાં દેવપૂજા વિગેરે સમગ્ર કાર્ય કરી તે રાજાએ ત્યાંથી પિતાના રાજ્યના માનીતા સામંતાદિકને આગ્રહપૂર્વક પાછા વાળ્યા.

પછી શ્રીજયાનંદ રાજા પોતાના સૈન્યવડે ઉજ્જડ સ્થાનોને વસ્તીવાળાં બનાવતા અને વસ્તીવાળાં સ્થાનને ઉજ્જડ કરતા થોડા પ્રયાણે પોતાના શ્રીલક્ષ્મીપુર નગરે પહોંચ્યા. ત્યાં મોટા મહોત્સવપૂર્વક નગરમાં પ્રવેશ કરીને તે ચક્રવર્તી જેવા પૃથ્વીપતિ રાજ્યનું પાલન કરવા સાથે સુખપૂર્વક વાંછિત ભોગ ભોગવવા લાગ્યા. પછી સર્વે ભૂચર અને ખેચર રાજાઓ તથા સૈનિકો રાજેંદ્રને નમસ્કાર કરી પોતપોતાને સ્થાને ગયા.

ભુવનને વિષે એક વીર એવા આ શ્રીજયાનંદ રાજા પૃથ્વીનું રાજ્ય કરતા હતા ત્યારે પાણીને મિષે પણ કોઈ જીવ જળચર જીવોની પણ હિંસા કરતો નહોતો; તથા સ્થળચર અને ખેચર જીવો પરસ્પરનું વૈર તજી અને શિકારીઓ વગેરેના ભય રહિત થઈ આનંદપૂર્વક રહેતા હતા. ગામમાં, નગરમાં, દેશમાં કે બીજા કોઈ પણ તાપસાશ્રમ વિગેરે સ્થાનમાં કોઈ પણ મનુષ્યના અકાળે જન્મ કે મરણ થતા નહોતા, લેણદેણમાં અને રણસંગ્રામમાં કાંઈ પણ અસત્ય વાત કદાપિ થતી નહોતી. રણસંગ્રામને વિષે હાથીઓનો પ્રચંડ [1]કર જોવામાં આવતો હતો, પણ મનુષ્યોના સમૂહમાં કોઈપણ જાતનો કર જોવામાં આવતો નહોતો. દાંડાજનિક વિગેરે શબ્દને સિદ્ધ કરવા માટે દંડ શબ્દનો ઉચ્ચાર થતો હતો, પરંતુ પરમાર્થથી કોઈ મનુષ્યનો દંડ થતો નહોતો. કર્પૂરના સમૂહને વિષે [2]સદ્દૂષણત્વ હતું, પણ મનુષ્યોમાં [3]સદ્દૂષણત્વ નહોતું. કમળાદિકના સમૂહને વિષે [4]સરોગપણું હતું, પણ મનુષ્યોમાં [5]સરોગપણું નહોતું. મૃણાલના નાળમાં અને બાવળ વિગેરે વૃક્ષમાં [6]સકંટકપણું હતું, પણ લોકોમાં [7]સકંટકપણું નહોતું. નદીના પ્રવાહ વિગેરેમાં જ કુટિલપણું હતું, ધનુષ્યના સમૂહમાં જ પીડા હતી, અને સંપૂર્ણ પૂર્ણિમાના ચંદ્રને વિષે જ કલંક ધારણ કરવાપણું હતું; પરંતુ લોકોમાં એમાંનું કાંઈપણ નહોતું.

ગાયો અને ભેંશો ઘડાથી પણ અધિક દૂધ આપતી હતી, પૃથ્વી ઠેકાણે ઠેકાણે ધાન્ય અને ઘાસના સમૂહથી ભરપૂર હતી, પૃથ્વીપર મેઘ જરૂરિયાતને વખતે અત્યંત વૃષ્ટિ કરતો હતો, છએ ઋતુના વૃક્ષો નિરંતર પુષ્પ અને ફળથી ભરેલા રહેતા હતા,

૧ સુંઢ. ૨ સતદૂષણ–સારા તીખા–મરી સહિત. ૩ દોષ સહિતપણું. ૪ સરોવરમાં રહેવાપણું. ૫ રોગ સહિતપણું. ૬ કાંટા સહિતપણું. ૭ શત્રુ સહિતપણું.



દરેક પર્વત ઉપર રત્ન અને સુવર્ણ વિગેરેની સેંકડો ખાણો તે રાજાના ભાગ્યથી નવી પ્રગટ થઈને દેખાવ આપતી હતી, પૂર્વજોએ દાટેલા નિધાનો પણ પ્રજાઓને સુખેથી પ્રાપ્ત થતા હતા, સર્વ સ્ત્રીઓ સારા શિયળ ગુણને ધારણ કરનારી હતી, લોકો પગલે પગલે અતિશય સુખને પામતા હતા.

કોઈપણ મનુષ્ય જુગાર, મદ્યપાન, વેશ્યાગમન, પરસ્ત્રીગમન, ચોરી, શિકાર, માંસભક્ષણ કે બીજા કોઈ પણ વ્યસનમાં આસક્ત જોવામાં આવતો નહોતો. મનુષ્યોને સ્વચક્ર કે પરચક્રનો ભય નહોતો, ઉપસર્ગનો ભય નહોતો, તેમ જ અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ક્લેશ કે યુદ્ધનો પણ ભય નહોતો.

તે રાજાના અસીમ ભાગ્યથી લોકોને ડાંસ, મચ્છર વિગેરેનો અને તીડ, ઉંદર વિગેરેના સમૂહનો સ્વપ્નમાં પણ ભય નહોતો. પ્રભુ, મંત્ર અને ઉત્સાહ એ ત્રણ પ્રકારની શક્તિવડે, નીતિવડે, વિવિધ પ્રકારના સામ, દામ, દંડ અને ભેદ નામના ઉપાયવડે, મોટા સૈન્યવડે, નિપુણ પ્રધાનો અને મંત્રીઓવડે, રાજ્યવડે, ભરપૂર કોશવડે અને દીપ્ત્યાદિક ગુણોવડે ચારેબાજુથી ભરપૂર થઈને સર્વ રાજ્યને ભરતેશ્વર રાજાની જેમ તે રાજા દિવ્ય ઋદ્ધિવાળા થઈને પાલન કરતા હતા.

હવે આ તરફ શ્રીવિજય રાજાનું હૃદય સુકૃતને જાણનાર હોવાથી તેણે લાખથી પણ વધારે વર્ષ સુધી દાનાદિક ચાર પ્રકારના ધર્મનું આરાધન કર્યું, સર્વ ધર્મના સામ્રાજ્યનું પોષણ કરી રાજ્યનું પાલન કર્યું, પ્રજાને વિષે વત્સલતાને ધારણ કરતા તે રાજાએ પોતાની સર્વ પ્રજાને સુખી કરી, જીર્ણોદ્ધાર વિગેરે પુણ્યકાર્યમાં પોતાના ધનનો પુષ્કળ વ્યય કર્યો, અને પછી પોતાના પુત્ર શ્રીજયાનંદ નરેંદ્રની સંમતિ લઈને સર્વ સામંત, મંત્રી વિગેરેની અનુમતિપૂર્વક પોતાના નાના પુત્ર **શ્રીશતાનંદ કુમારને** શુભ દિવસે મહોત્સવ સહિત પોતાના રાજ્ય ઉપર સ્થાપન કર્યો.

તે શ્રીશતાનંદકુમાર ઉત્તમ ગુણવાન, ધીર, ગંભીર, યોગ્ય, મનુષ્યોમાં ઉત્તમ, મહા તેજસ્વીઓમાં પ્રથમ, ઉજ્વળ ધર્મના ગુણવાળો, સ્થિર, પ્રજાનો હિતકારક અને વિનયવાન હતો. તેના ઉપર રાજ્યનો ભાર મૂકી શ્રીવિજયરાજા પોતે નિશ્ચિંત થઈ ધર્મકાર્યમાં નિશ્ચળ થયા. પછી સ્વજન અને પ્રજાજનને જણાવી તેમની અનુજ્ઞા લઈ પોતાના પુત્ર શ્રીશતાનંદ રાજાએ કરેલા મહોત્સવપૂર્વક દીક્ષા લેવા ચાલ્યા.

તે સમયે બીજા પણ દીક્ષા લેવાની ભાવનાવાળા અનેક આત્માઓને પોતાની

સાથે લીધા, અને આ મહામાંગલિક પ્રસંગે યાચકજનો આદિને વાંછિત દાન આપી શ્રીશતાનંદ રાજાએ બનાવરાવેલી ભવ્ય શિબિકામાં આરૂઢ થયા, સધવા સ્ત્રીઓવડે માંગલિક ગીતો ગવાતા, વિવિધ પ્રકારના વાજીંત્રોના નાદવડે આકાશતળને પુરતા, સર્વજનોને હર્ષ આપતા, નમસ્કાર કરનાર અનેક મનુષ્યોને પ્રીતિ ઉપજાવતા, અને શ્રી જૈનશાસનની મહાપ્રભાવનાને કરતા, મહોત્સવપૂર્વક પોતાના શ્રીવિજયપુર નગરમાંથી નીકળી પોતાના મહાભાગ્યોદયથી નગરીના ઉદ્યાનમાં પધારેલા **આગમસાગર** નામના ગુરૂ મહારાજ પાસે આવીને વિધિપૂર્વક દીક્ષા અંગીકાર કરી.

પછી તે શ્રીવિજયરાજર્ષિ અનુક્રમે શ્રીગુરૂમહારાજની સેવાવડે અભ્યંતર શત્રુઓનો નાશ કરી ગ્રહણા અને આસેવના નામની બન્ને પ્રકારની શિક્ષામાં નિપુણ થયા, અને તેમણે સમગ્ર સિદ્ધાંતનો અભ્યાસ કર્યો. સત્ત્વવાળા તે મુનિવરે નવતત્ત્વનું સંપૂર્ણ જ્ઞાન મેળવ્યું, તેમ જ તે જિતેંદ્રિય, પ્રશાંત, નિપુણ, વિનયવાળા અને નયને જાણનારા થયા. સાધુઓના ગુણોવડે યુક્ત થયા. તપ કરવામાં તત્પર થયા અને આઠ કર્મનો જય કરવા માટે શ્રીગુરૂમહારાજ સાથે પૃથ્વીપર વિચરવા લાગ્યા.

પિતાની દીક્ષાથી હર્ષ અને તેમના વિયોગથી ખેદ પામેલા શ્રીશતાનંદ રાજા ગુરૂને, પિતારૂપ રાજર્ષિને અને બીજા સર્વ મુનિઓને વંદના કરી સૈન્ય અને પરિવાર સહિત પાછા વળી પોતાના રાજમહેલમાં આવી સારી રીતે ધર્મનું આરાધન કરવા લાગ્યા. ત્યારપછી તે શ્રીશતાનંદ રાજા કેટલાક દિવસ પોતાના રાજ્યમાં રહી બુદ્ધિમાન, વિનયવાળા અને સ્નેહી હોવાથી પોતાના મોટાભાઈ શ્રીજયાનંદ રાજાને ભક્તિવડે સેવવાની ઇચ્છા થવાથી હર્ષવડે પોતાના વિશ્વાસુ મંત્રીને માથે પોતાના રાજ્યની ચિંતા નાખી પોતે સારભૂત સૈન્યને સાથે લઈને શ્રી લક્ષ્મીપુર નગર તરફ ચાલ્યા, અને થોડા પ્રયાણોવડે તે નગરે પહોંચી ચક્રવર્તી જેવા પોતાના મોટાભાઈ શ્રીજયાનંદ રાજાને નમ્યા.

નરેંદ્રોને વિષે ચક્રવર્તી સમાન શ્રીજયાનંદ રાજાએ ભક્તિવંત એવા પોતાના નાના ભાઈને ઘણા માન, સન્માન અને સત્કારવડે ખુશી કર્યા. શ્રીશતાનંદ રાજા વિગેરે ઘણા બાંધવો અને સર્વ ભૂચર તથા ખેચર પૃથ્વીપતિઓ પુષ્પની જેમ મસ્તકવડે જેના ચરણકમળને પૂજતા હતા એવા તે શ્રીજયાનંદ ચક્રવર્તી પૃથ્વીપર આનંદ કરવા લાગ્યા.

એક વખત રાજાધિરાજ શ્રીમાન શ્રીજયાનંદ રાજા હર્ષથી શ્રીશતાનંદ રાજા વિગેરે પરિવાર સહિત રાજવાટિકાને વિષે નગરની બહાર જતા હતા, તે વખતે બીજે રસ્તે

જતાં આવતાં લાખો માણસોને જોઈ તે મનમાં આશ્ચર્ય પામ્યા; તેથી તેમાંથી કોઈ પુરૂષને પોતાના સેવક દ્વારા બોલાવી તેમણે પૂછયું કે—"હે ભદ્ર! આ સર્વ નાગરીકો ક્યાં જાય છે?" ત્યારે તે પુરૂષે નમસ્કાર કરીને કહ્યું કે—

"હે રાજેંદ્ર! પૂર્વ તરફના મનોરમ નામના ઉદ્યાનમાં તાપસોમાં અગ્રેસર જય નામના રાજર્ષિ પધારેલા છે. તે રાજર્ષિ દુઃખે કરીને કરી શકાય એવા પંચાગ્નિ તપને આચરે છે. તે સમતાવાળા, ઇંદ્રિયોને દમન કરનારા અને યમ નિયમને પાળતા હોવાથી તેને નમવા માટે આ સર્વ નાગરીકો જાય છે. તેમાં જે કોઈ ભાવિક વિશેષ વિવેકવાળા છે, તેઓ પૂજાની સામગ્રી સાથે તેમની પાસે જઈને તેમની પૂજા કરે છે. કેટલાક હર્ષથી સુવર્ણાદિકનાં પુષ્પવડે, કેટલાક વસ્ત્રાદિકવડે અને કેટલાક તેમના શરીરને દબાવવા વિગેરે-વડે તેમનો સત્કાર કરે છે; પરંતુ નિઃસ્પૃહતાની મર્યાદારૂપ અને તપના નિધાનરૂપ તે રાજર્ષિ તેમના સત્કારવડે બીલકુલ ખુશી થતા નથી, અને જેઓ સત્કાર ન કરે તેમની પર નાખુશ થતા નથી.

વળી તે મહાત્મા કોઈ પણ વસ્તુની ઈચ્છા રાખતા નથી. તે મહાત્માનું અંતઃકરણ શત્રુ કે મિત્ર, તૃણ કે સ્ત્રી અને મણિ કે માટી એ સર્વ ઉપર સમાન ભાવવાળું છે. દુરંત દુઃખીપણાથી ઉદય પામતા દુઃખરૂપી અંધકારનો નાશ કરવામાં તે સૂર્ય સમાન છે, પોતાના પુણ્યના સમૂહથી પૃથ્વીનું વિચિત્રપણું કરનારા છે, તે દરરોજ ત્રણ વાર સ્નાન કરે છે, જટારૂપ મુગટને ધારણ કરે છે, વલ્કલનાં વસ્ત્ર પહેરે છે, કંદમૂળ અને ફળનું ભોજન કરે છે, મૃગચર્મને ધારણ કરે છે, નિરંતર ત્રણ કાળ સંધ્યાની વિધિ કરે છે, નિદ્રાનો તેમણે ત્યાગ કર્યો છે, તેમનો ભદ્રિક સ્વભાવ છે, તેઓ પોતાના શરીરના સુખની પણ ઇચ્છા રાખતા નથી, તેઓ વનને વિષે જ નિવાસ કરે છે, તેમણે અનેક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે, તેમના ગુણોનું વર્ણન કરવામાં નિપુણ વાણીવાળો પણ સમર્થ થાય તેમ નથી. એમની ભક્તિ કરવાથી કલ્યાણ થાય તેમ છે, તેથી આ ભવભીરૂ પૌરજનો નગરમાંથી તેમની પાસે જાય છે અને આવે છે."

આ પ્રમાણે તેના મુખથી સાંભળી પૃથ્વીપતિને વિષે અગ્રેસર અને સમકિતને ધારણ કરનારા તે શ્રીજયાનંદ રાજાએ ચિત્તમાં વિચાર કર્યો કે—

"અહો! આ સંસારની સ્થિતિ વિચિત્ર છે! પ્રાણીઓનું અજ્ઞાન નાશ ન પામે એવું છે! તે અજ્ઞાન આકાશની જેમ અનંતું છે, મેઘની જેમ અતિ ગાઢ છે, પ્રાણી-ઓને કાળરાત્રીની જેમ મહા ભયને આપનારૂં છે, સર્વ સુખનો નાશ કરનારૂં છે, અત્યંત

આપત્તિને ઉત્પન્ન કરનારૂં છે, મૂર્તિમાન પાપરૂપ છે, સર્વ સન્માર્ગના આચારને ઢાંકી દેવામાં કારણરૂપ છે, તીર્યંચ અને નરક ગતિમાં વર્તતા જીવોની દુર્દશાનું નિમિત્ત છે, સર્વ દુઃખોનું ઉત્પત્તિસ્થાન છે, સર્વ પાપોને રહેવાનું કદલીગૃહ છે, સમગ્ર મિથ્યાત્વ અને અતત્ત્વરૂપી લતાનો પ્રથમ કંદ છે, સમગ્ર કષાય અને વિષયોના ઉલ્લાસરૂપ નદીઓને ઉત્પન્ન કરવામાં પર્વત સમાન છે, સર્વ કર્મનો બંધ કરવામાં અગ્રેસર છે, મનોહર સત્ય, જ્ઞાનનું ચોરનાર છે; વળી તે અજ્ઞાન આ ભવરૂપી નાટકની વિચિત્રતા બતાવનાર છે, તેનાથી સચેતન પણ ચિરકાળ સુધી પથ્થરની જેવું અચેતનપણું અજ્ઞાનથી અનંત કાળ સુધી નિગોદમાં રહેવાપણું પામે છે, પાંચે ઇંદ્રિયોનો વ્યાપાર અપાર છે તો પણ અજ્ઞાનથી આચ્છાદિત થયેલો જીવ જાણે અનિંદ્રિય હોય તેમ તેનાથી સમ્યક્ પ્રકારે નિર્વેદ પામવા સમર્થ થતો નથી; તેથી આ અજ્ઞાન સાક્ષાત્ સંવરને ઉત્પન્ન કર્યા વિનાજ પ્રાણીઓની તત્ત્વદૃષ્ટિને હરનારૂં છે, માટે સત્પુરૂષોએ તે અજ્ઞાનનો દૂરથી જ ત્યાગ કરવો યોગ્ય છે. મારા કાકાની બુદ્ધિ ઘણી વખાણવા લાયક છે, તો પણ અજ્ઞાનથી તેનું જ્ઞાન હણાઈ ગયું છે; પરંતુ તે નેત્રહીન મનુષ્યની જેમ સન્માર્ગ હાથ નહિ લાગવાથી સંસારમાં શામાટે પરિભ્રમણ કરે ? તેથી મારે મારા કાકાને જ્ઞાનરૂપી અમૃતનું અંજન કરવાના પ્રયોગથી તેમના અજ્ઞાનનું હરણ કરી જલ્દીથી સમ્યગ્દર્શનવાળા કરવા તે ઉચિત છે."

આ પ્રમાણે શ્રીજયાનંદ રાજાએ પોતાના ચિત્તમાં વિચાર કર્યો. પછી પોતાના કાકાને પ્રતિબોધ કરવા માટે તે બુદ્ધિમાનને વિચાર કરતાં તત્કાળ નવીન બુદ્ધિ ઉત્પન્ન થઈ અને મહાવિદ્યાદિકના સાનિધ્યપણાથી તેમના અતિશયનો સમુદ્ર ઉલ્લાસ પામ્યો; એટલે તેમણે તત્કાળ પ્રજ્ઞપ્તિ વિદ્યાનું સ્મરણ કરીને તેને તેનો ઉપાય પૂછ્યો. તે વિદ્યાદેવીએ પણ તત્કાળ પ્રત્યક્ષ થઈ તે ઉત્તમ રાજાને તેમના કાકા પરિણામે પ્રતિબોધ પામે તેવો ઉપાય આ પ્રમાણે કહ્યો—

"હે રાજન્ ! તે તાપસ રાજર્ષિ જે સ્થાને પંચાગ્નિ તપ કરે છે, તે સ્થાને પૂર્વ દિશામાં રહેલા મોટા અગ્નિના કુંડમાં એક સુકું, પોલું, જાડું, લાંબું અને પહોળું લાકડું છે, તેમાં ભયંકર અને મોટા શરીરને ધારણ કરતો એક સર્પ તથા સર્પિણી છે. દક્ષિણ દિશામાં જે અગ્નિકુંડ છે તેમાં રહેલા મોટા કાષ્ટમાં એક ક્રોધ પામેલો કાકીડો છે, તે જ્વાળાની શ્રેણીના તાપથી વ્યાકુળ થઈ ત્રાસ પામી રહ્યો છે. પશ્ચિમ દિશામાં જે અગ્નિકુંડ છે, તેમાં તાપના આકુળપણાથી અત્યંત ચપળ થયેલી ઉધેઇઓ પુષ્કળ બળે છે, તથા ઉત્તર દિશામાં જે અગ્નિકુંડ છે તેમાં રહેલા કાષ્ટને વિષે અસંખ્ય દેડકીઓ છે, તે તાપથી પીડા પામીને પ્રાયે મરણ તુલ્ય થયેલી છે; તેથી તે તે કાષ્ટોને ચીરી તેના બે ભાગ કરી અંદર રહેલા અગ્નિના ભયથી વ્યાકુળ થયેલા તે તે પંચેંદ્રિય

પ્રાણીઓને તમે જલ્દીથી દેખાડજો. પછી હે નરેંદ્ર ! કોમળ વચનવડે દયાધર્મની પ્રરૂપણા કરી તથા તેજ ધર્મને સિદ્ધ કરી તમે તમારા કાકા તાપસેંદ્રને પ્રતિબોધ કરજો."

આ પ્રમાણે કહીને તે વિદ્યાદેવી અદશ્ય થઈ. તે વખતે તે નરનાથને પોતાના કાકાને મિથ્યાત્વમાર્ગથી પાછા્ વાળી શ્રી જિનપ્રવચનરૂપ માર્ગમાં લાવવાની ઇચ્છા ઉત્પન્ન થઈ, તેથી તત્કાળ પોતે જે માર્ગે જતા હતા તે માર્ગનો ત્યાગ કરી જે માર્ગે ઘણા લોકો જતા હતા તે માર્ગ ગ્રહણ કરી પરમતત્ત્વની બુદ્ધિવાળા અને પરિપૂર્ણ ધીરતાવાળા શ્રી જયાનંદ રાજા જલ્દી તે રાજર્ષિ પાસે ગયા. પછી ત્યાં રહેલા સર્વ મનુષ્યોને તેમણે દૂર કર્યા અને પોતાના કાકાને આદરથી કાંઇક નમન કરી ભયરહિતપણે કહ્યું કે—

"હે રાજર્ષિ ! ધર્મનું સ્વરૂપ હું કહું તે તમે સાંભળો—સર્વ જીવોને વિષે સમ્યક્ પ્રકારની જે દયા છે તેજ ધર્મનું જીવિત છે. સર્વ ઠેકાણે સર્વ દર્શનોમાં પૂર્વ પુરૂષોએ તે દયાને જ આગળ કરી છે. તે દયા જ સર્વ ધર્મનું રહસ્ય છે અને તેજ સર્વ સંપત્તિનું, સુખનું અને સિદ્ધિનું પણ કારણ છે; તેથી હે તાત ! જેને વિષે પ્રગટપણે તુચ્છ વચનો રહેલાં છે એવા સર્વ વિકલ્પોનો ત્યાગ કરી સર્વ ગુણના એક સ્થાનરૂપ અને સુકૃતરૂપી પદાર્થના શિલ્પરૂપ શુદ્ધ આચારવડે જો તે દયાનું જ પાલન કરવામાં આવે તો સમગ્ર ક્રિયા સફળ થાય છે. કહ્યું છે કે—'પુષ્કળ દાન આપો, મુનિપણું ધારણ કરો, વેદ વિગેરે ગ્રંથોનો અભ્યાસ કરો, તથા નિરંતર દેવાદિકનું ધ્યાન કરો, પરંતુ જો એક દયા તમારામાં ન હોય તો તે સર્વ ક્રિયા નિષ્ફળ છે.' જો દયા ન હોય તો દીક્ષા, ભિક્ષા, દાન, તપ, ધ્યાન અને મૌન એ સર્વ નિષ્ફળ છે. હે તાત ! હે બુદ્ધિમાન ! સર્વ ધર્મનું મૂળ દયા જ છે, એમ તમે જાણો. તે સિવાય કલ્યાણ સુખના સર્વસ્વને સાધનારૂં બીજું કોઈ પણ નથી. જે પ્રાણીના હૃદયને વિષે દયાનો ઉદય થયો હોય, તે પ્રાણી કદાપિ સાત પ્રકારના ભયથી પરાભવ પામતો નથી. સર્વ જીવ તથા અજીવ સંબંધી સર્વથા પ્રકારે જ્ઞાન થવાથી તે દયા સારી રીતે પળી શકે છે. કહ્યું છે કે—

'જે માણસ જીવને જાણે છે તથા અજીવને પણ જાણે છે, તે જીવ અને અજીવને જાણનાર મનુષ્ય ચારિત્રને પણ જાણે છે.' શ્રી આર્હત્ ધર્મના તત્ત્વાદિનું સૂક્ષ્મપણું હોવાથી જેઓ સમ્યક્ પ્રકારે જીવ અને અજીવનું સ્વરૂપ જાણતા નથી, તેઓથી પૂર્ણપણે દયા શી રીતે પાળી શકાય ? કહ્યું છે કે—

'જે માણસ જીવને જાણતો નથી અને અજીવને પણ જાણતો નથી, તે જીવ તથા અજીવને નહિ જાણનારો મનુષ્ય સંયમને શી રીતે જાણી શકશે ?' શ્રી જિનેશ્વર દેવના



આગમનો સમ્યક્ પ્રકારે અભ્યાસ કર્યા વિના તથા તે આગમનો ઉપદેશ કરનાર સદ્દગુરૂ મળ્યા વિના દયાનો એક અંશ પણ જાણી શકાતો નથી.

જો કે દ્રવ્યનાં નિધાન, ઔષધિઓ અને મણિની ખાણો પૃથ્વીપર અનેક ઠેકાણે હોય છે; પરંતુ તેને દેખાડનાર સિદ્ધપુરૂષ વિના કોઇપણ તેને પામી શકતું નથી. એજ પ્રમાણે દયામૂળ ધર્મની પ્રાપ્તિ પણ જિનાગમ કે સદ્દગુરૂ વિના અલ્પ કર્મવાળા સત્પુરૂષોને પણ પ્રાયે થઈ શકતી નથી. દયાને પ્રકાશ કરનારૂં સમ્યક્ પ્રકારનું શાસ્ત્ર જે આપ્ત પુરૂષે કહેલું છે, તેને સત્પુરૂષો અરિહંતના મતને વિષે જ પામી શકે છે. અન્ય મતમાં તે છેજ નહિ. તે શાસ્ત્ર આધેય હોવાથી આધાર વિના રહી શકે નહિ; તેથી સમ્યક્ પ્રકારે સત્ક્રિયા કરનાર ગુરૂ જ ઉત્કૃષ્ટ યોગવાળા શ્રુતના આધારરૂપ છે.

ત્રણ જગતને વિષે શ્રી જિનેશ્વરના દેવના આગમ વિના બીજું કાંઈપણ સારભૂત નથી; કેમકે તેમાંજ દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણ તત્ત્વનું તથા જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ રત્નત્રયીનું તાત્ત્વિક સ્વરૂપ સમાયેલું છે. અન્ય શાસ્ત્રને વિષે તેમાંનું કાંઈપણ નથી. સંપૂર્ણ ભાવપૂર્વક તે દેવાદિક ત્રણનો અને જ્ઞાનાદિક ત્રણનો લાભ થાય ત્યારે જ જીવ કેવળજ્ઞાનરૂપ સંપત્તિને પામે છે. યોગનું સ્વરૂપ દયા જ છે, યોગનું તત્ત્વ દયાજ છે, અને યોગમાર્ગને પ્રકાશ કરનાર પણ દયા જ છે. આ પ્રમાણે જ તત્ત્વજ્ઞાની પુરૂષો યોગનું સ્વરૂપ પ્રગટ કરે છે.

સમ્યક્ પ્રકારની દયા વિના મુંડનમાત્ર કરાવવાથી કાંઇ આત્માની સિદ્ધિ સાધી શકાતી નથી, મૌન ધારણ કરવાથી પણ સિદ્ધિ થતી નથી, નગ્ન રહેવાથી સિદ્ધિ થતી નથી, તેજ પ્રમાણે વલ્કલ પહેરવાથી, માથે જટા ધારણ કરવાથી, શરીરે ભસ્મ ચોળવાથી, અગ્નિહોત્રાદિક કરવાથી, કંદ મૂળ અને ફળનો આહાર કરવાથી, ઉપવાસાદિક અનશન તપ કરવાથી, મૃગાદિકના ચર્મ ધારણ કરવાથી, બીજા પ્રચંડ સાહસો કરવાથી, ધ્યાન ધરવાથી, જપ કરવાથી, નિયમ પાળવાથી, વેદ ભણવાથી, આગમ ભણવાથી, યજ્ઞ વિગેરે કરવાથી, દેવપૂજાદિક કરવાથી, આતાપનાદિક કલેશ સહન કરવાથી, એકાદશી વિગેરેનું વ્રત કરવાથી, ઉત્કટ વિદ્યાઓનું સાધન કરવાથી, પૃથ્વીપર શયન કરવાથી, સંન્યાસપણું ગ્રહણ કરવાથી; સાધુપણું અંગીકાર કરવાથી, બૌદ્ધાદિકની દીક્ષા લેવાથી, ભિક્ષાટનાદિક કરવાથી, કે પદ્માદિક આસનો સાધવાથી આત્માની સિદ્ધિ સાધી શકાતી નથી. પરમતના શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

'દયારૂપી મહાનદીને કાંઠે સર્વ ધર્મરૂપી તૃણના અંકુરાઓ રહેલા છે, માટે જો

તે નદી સૂકાઈ જાય તો તે અંકુરા ક્યાં સુધી પૃથ્વીપર રહી શકે?' તેથી કરીને હે તાત! એક દયાનું જ સમ્યક્ પ્રકારે પાલન કરો. આ પંચાગ્નિ તપને વિષે તો દયાનો લેશ પણ જણાતો નથી; કેમકે પહેલા અગ્નિકુંડમાં જે મોટું લાકડું છે, તેની અંદર સર્પિણી સહિત એક મોટો સર્પ બળે છે, તે તમે પ્રથમ જોઈ ખાત્રી કરો. પછી બીજા, ત્રીજા અને ચોથા અગ્નિકુંડમાં પણ કાષ્ટની અંદર રહેલા અનુક્રમે કાકીડો, ઉધેઈ અને દેડકીઓ છે તે જુઓ.”

આ પ્રમાણે કહીને શ્રીજયાનંદ રાજાએ તેમને અગ્નિના તાપથી અત્યંત દુઃખી થતા સર્પાદિક કાષ્ટમાંથી કાઢીને દેખાડ્યા અને તે રાજર્ષિ આ પંચાગ્નિની તપસ્યામાં પ્રાણીઓની પીડાના સ્થાનરૂપ હિંસાને જ સાધતા હતા એમ તેમણે પ્રત્યક્ષ દેખાડી આપ્યું. પછી પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ પાંચેને વિષે હેતુ, દષ્ટાંત, યુક્તિ અને આગમવડે પ્રગટ રીતે સજીવપણું સિદ્ધ કરી બતાવીને કહ્યું કે—“હે તાત! તે સ્થાવર જીવોની તો આ પંચાગ્નિ તપમાં પારાવાર હિંસા થાય છે. તે હિંસા તત્ત્વનો અને અતત્ત્વનો વિવેક કરનારા તમારી જેવા પૂજ્યને હિતકારક નથી.”

આ પ્રકારનાં શ્રીજયાનંદ રાજાનાં વચન સાંભળી શ્રી જય નામના તે તાપસ રાજર્ષિ પ્રતિબોધ પામ્યા. ‘પ્રાયે કરીને મહાપુરૂષોનું વચન ગ્રહણ કરવા લાયક જ હોય છે, તેથી તે નિષ્ફળ થતું નથી.’ ‘શું અમૃતના મેઘની ધારા કદાપિ કોઈપણ ઠેકાણે નિષ્ફળ થાય છે?’ તે રાજેંદ્રનાં વચનવડે પહેલેથી જ સંસારપર ઉદ્વેગને ધારણ કરનારા તે શ્રી જય નામના શ્રેષ્ઠ તાપસે શુદ્ધ ધર્મરૂપ વૃક્ષના મૂળરૂપ સમ્યક્ત્વને અંગીકાર કર્યું, અને મહાસાત્ત્વિક એવા તે નિઃસ્પૃહપણાને લીધે તત્કાળ તાપસી દીક્ષાનો ત્યાગ કરી મુનિપણું અંગીકાર કરવા માટે ઉત્કટ ઇચ્છાવાળા થયા.

પછી શ્રીજયાનંદ રાજાને તેઓ કાંઈક કહેતા હતા, તેવામાં વનપાલકે ત્યાં આવીને શ્રીગુરૂમહારાજ પધાર્યા છે એમ નિવેદન કર્યું. “કયે સ્થાને કયા ગુરૂ પધાર્યા છે?” એમ રાજાએ તેને પૂછ્યું, એટલે તે ગૌરવ સહિત બોલ્યો કે—“હે ધરાધીશ! આ નગરની પૂર્વ દિશામાં રહેલા ચંપક નામના ઉદ્યાનને વિષે નામ અને અર્થવડે પ્રસિદ્ધ એવા આગમસાગર નામના સૂરીશ્વર પધાર્યા છે. તેમની સાથે સારભૂત પાંચસો મુનિઓનો પરિવાર છે, તે તપના નિધાન છે અને તેમની સાથે શ્રીવિજય રાજર્ષિ પણ આવેલા છે.” આ પ્રમાણેનાં તેનાં વચન સાંભળી શ્રીજયાનંદ રાજા અત્યંત હર્ષિત થયા, તેથી તત્કાળ તેને સારી રીતે પારિતોષિક આપી અત્યંત સંતુષ્ટ કર્યો.

પછી તે રાજાએ નગરમાં ચારેતરફ સર્વ જનોને અને પોતાની અંતઃપુરની સ્ત્રીઓ વિગેરે સર્વેને હર્ષથી શ્રીગુરૂનું આગમન જણાવ્યું. અને તેઓ ત્યાંથી જ તત્કાળ પ્રતિબોધ પામેલા પોતાના કાકા શ્રીજય તાપસને આગળ કરી, સાથે આવેલા સર્વ જનો સહિત સમગ્ર સૈન્ય અને સર્વ સમૃદ્ધિની શોભાના સમૂહવડે દેદીપ્યમાન જાણે દેવેંદ્ર હોય એમ શોભતા છતાં ચંપક ઉદ્યાનમાં આવ્યા. દૂરથી ગુરૂનું દર્શન થતાં જ તેમણે વિધિથી ગુરૂને ફેટાવંદન કરી, પાંચ પ્રકારના અભિગમ સારી રીતે જાળવ્યા. પછી ગુરૂની સમીપે આવી તેમને ત્રણ પ્રદક્ષિણા કરી. ઘણા ગુણવાળા શ્રી ગુરૂને, તેમના પરિવારના મુનિઓને અને શ્રીવિજય રાજર્ષિ વિગેરેને વિધિપૂર્વક વંદના કરી. પછી સંસારના અપાર પાપનો પાર પમાડે તેવી ગુરૂની સ્તુતિ કરીને તે પૃથ્વીંદ્ર યોગ્ય સ્થાને આસન વિના પૃથ્વીપર જ બેઠા.

એટલે શ્રીગુરૂ મહારાજે ધર્મલાભની આશીષવડે તે રાજાને, તેના કાકાને અને બીજા સર્વ પરિવારને હૃદયમાં આનંદ પમાડયો. પછી શ્રીગુરૂએ પોતાની ધર્મદેશનાની વાણીના સારભૂત અમૃતના વરસાદવડે આગળ રહેલા વૃક્ષોની જેમ તે રાજાદિક સર્વને ઉત્પન્ન થતા પુણ્યરૂપી નવપલ્લવવડે વિકસ્વર કર્યા. તે વખતે મનોહર, શાંત અને સર્વ રસવાળી તેમની દેશનાએ હૃદયવડે આલિંગન કરી કયા મનુષ્યે મહા આનંદનું સુખ પ્રાપ્ત ન કર્યું? તેમની દેશના સાંભળી ઘણા ભવ્ય પ્રાણી પ્રતિબોધ પામ્યા, એટલે ત્યાંજ કેટલાકે હર્ષથી પોતપોતાના કર્મની લઘુતા પ્રમાણે મોટા ભાવપૂર્વક સમકિત સહિત બાર વ્રતો અંગીકાર કર્યાં, કેટલાકે મહાવ્રતો ગ્રહણ કર્યાં, અને કેટલાકે સમકિતનો જ આદર કર્યો.

તે ગુરૂમહારાજની ધર્મદેશનાથી પહેલેથી જ પ્રતિબોધ પામેલા શ્રીજય રાજર્ષિ શ્રીજૈનદીક્ષા ગ્રહણ કરવા તૈયાર થયા; અને તેમણે દૃઢ વૈરાગ્યના રંગવડે પોતાના ભત્રીજા શ્રીજયાનંદ રાજાએ કરેલા મહોત્સવપૂર્વક સંસાર માર્ગના ભયને નાશ કરનાર સર્વવિરતિ ચારિત્ર અંગીકાર કર્યું.

પછી તે શ્રીજય રાજર્ષિ ગુરૂની વાણીવડે શ્રીવિજય મહર્ષિની સાથે રહી ગ્રહણા અને આસેવના નામની બન્ને પ્રકારની શિક્ષા ગ્રહણ કરવા લાગ્યા. પછી અનુક્રમે ગુણના નિધાનરૂપ શ્રીગુરૂમહારાજને, પિતા મહર્ષિને, કાકા રાજર્ષિને તથા તેમના પરિવારમાં રહેલા બીજા મુનિઓને વંદના કરી અત્યંત આનંદથી તેમની રજા માગી અંતઃકરણમાં હર્ષ પામતા શ્રીજયાનંદ રાજા પરિવાર સહિત પોતાના મહેલમાં ગયા.

શ્રીજયાનંદ રાજા દક્ષિણાર્ધ ભારતના ત્રણ ખંડના અખંડ સામ્રાજ્યનું પોતાના

આત્માની જેમ પાલન કરતા હતા, સર્વ જનને હિતકારક એવા ઉપાયવડે પ્રજાઓનું પોતાના પુત્રની જેમ લાલનપાલન કરતા હતા, સર્વ અન્યાયોને રોગની જેમ અન્યાયના માર્ગમાંથી જ નાશ પમાડતા હતા, અને સર્વ ન્યાયોને લતાઓની જેમ ચારેબાજુથી વૃદ્ધિ પમાડતા હતા.

રાજર્ષિ કાકાનાં અને પિતાનાં મનોહર ચરિત્રનું વારંવાર સ્મરણ કરી ઉદાર આત્માવાળા તે રાજા પુણ્યકાર્યના ઉદ્યમવડે અત્યંત શોભતા હતા. પ્રધાન તત્ત્વને જાણનારા તે રાજા ધર્મ, અર્થ અને કામરૂપી ત્રણે વર્ગને યોગ્ય રીતે સેવતા હતા તથા સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણને વિષે યથાયોગ્ય પ્રવૃત્તિ કરતા હતા કહ્યું છે કે–

"જે પુણ્યવંત પ્રાણી ધર્મ અર્થ અને કામને વિષે પરસ્પર બાધા ન થાય તેવી રીતે યથાયોગ્ય પ્રવર્તતા હોય છે તે પ્રાણીના બન્ને ભવ શુભકારક થાય છે." તે ત્રિવર્ગના યથાયોગ્ય સેવનથી તે રાજાનો સાંસારિક સુખરૂપ વૃક્ષ ફળ આપવાની સન્મુખ થયો, તેથી તે પુત્રપૌત્રાદિક સંતતિના સમૂહવડે અત્યંત વૃદ્ધિ પામ્યા. તેને લાખો પુત્રો થયા.

તે સર્વે ચતુર. પવિત્ર. નૂતન યુવાવસ્થાવાળા. સત્ય પ્રતિજ્ઞાવાળા, સર્વ શાસ્ત્રો ભણેલા, સર્વ કળાને જાણનારા, ધીર જનોમાં શ્રેષ્ઠ, ધનુષધારી, બુદ્ધિમાન, મોટા આશયવાળા, સદ્ગુણને ધારણ કરનારા, ઉત્તમ આચારને પાળનારા, દેદીપ્યમાન આકૃતિવાળા, રોગ રહિત, લોકોને પ્રીતિ ઉપજાવનારા, પોતાની સ્ત્રી સાથેજ સુખભોગ ભોગવનારા, પિતાની આજ્ઞાના વશથી તેમને સોંપેલા નગર તથા ગામની ઉપજવડે આજીવિકા કરનારા, રાજકુળમાં ઉત્પન્ન થયેલી કન્યાઓનું પાણિગ્રહણ કરનારા, શ્રી જૈનધર્મની ક્રિયામાં અત્યંત ઉદ્યમી, તેજસ્વીઓને પૂજવા લાયક, અન્યાયવાળી ક્રિયાને નિંદનારા, વિનયવડે શરીરને નમ્ર રાખનારા, મોટા ઉત્સાહને ધારણ કરનારા, મોટા તેજવાળા, માતાપિતાની ભક્તિ કરનારા, શુભ કાર્યમાં આસક્ત, સદાચાર ઉપર પ્રીતિવાળા, દેવ ગુરૂ અને સાધર્મિકની પૂજામાં નિરંતર તત્પર, હસ્તી અશ્વ વિગેરેના સૈન્યવડે યુક્ત, ભુજાબળને ધારણ કરનારા, કોશ વિગેરેની અક્ષય સંપત્તિવડે અત્યંત સૌભાગ્યવાળા, ઉદારતાવડે પૃથ્વીને ઋણ રહિત કરનારા, ધૈર્યવડે પર્વતનો પણ તિરસ્કાર કરનારા, ગંભીરતાવડે સમુદ્રને જીતનારા, સૌંદર્યવડે કામદેવનો પરાજય કરનારા, ચંદ્રની કાંતિનો ઉચ્છેદ કરનારી કીર્તિવડે પૃથ્વીને ઉજ્વળ કરનારા, પોતાના પિતાની ભક્તિ કરવામાં તત્પર, સર્વ સેવકોને વિષે વાત્સલ્ય ભાવવાળા, કરેલા કામની કદર કરનારા, સ્વાભાવિક બુદ્ધિવડે જ બ્રહ્માનો પુત્ર અને ઇન્દ્રનો પુરોહિત જે અંગિરા તેની બુદ્ધિની અવજ્ઞા કરનારા, પ્રભાવાળા, શૂરવીર, યુદ્ધમાં શત્રુપર ક્રુર સ્વભાવવાળા, આજ્ઞાને સફળ કરનારા, પ્રતાપવડે યુક્ત, પરિપક્વ–ઠરેલી બુદ્ધિવાળા, વીરમાં

પણ વીર, સુંદર શોભાવાળા, ઉત્તમ સંસ્થાનવાળા, સર્વ શુભ લક્ષણવાળા અને વિશ્વાસુ પરિવારવાળા તે વિશ્વપતિના કુમારો જાણે બીજા કાર્તિકસ્વામી હોય તેવા ઉત્કૃષ્ટ ઐશ્વર્યવડે શોભતા હતા.

પિતૃપાદની પદવીનો [૧] આશ્રય કરીને રહેલા પુત્રોવડે [૨] તથા હજારો રાજાઓવડે પરિવરેલા તે શ્રીજયાનંદ રાજા ઉદય પામેલા સૂર્યની જેવા શોભતા હતા. કેમકે તે રાજા સદા શુચિ [૩] પવિત્ર, જગતના કર્મના સાક્ષીભૂત, પાપનો [૪] ક્ષય કરનાર, જડતાનો [૫] નાશ કરનાર, સર્વથા પ્રકારે દોષનો [૬] નાશ કરીને રહેનાર દેદીપ્યમાન સર્વ રાજાના [૭] *જ્યોતિષસમૂહની કાંતિના* સ્વામી, પોતાના બળવડે દૈત્યોને [૮] દુષ્ટજનોને દીનતા આપનાર અને પાસે રહેનારા સેવકોવડે [૯] ઉત્કૃષ્ટ બળવાન હતા. આ રીતે તે રાજા સૂર્ય જેવા હતા; તોપણ તે રાજા ક્રૂર ઉગ્રતમ અજ્ઞાનનો ગ્રાસ નાશ કરી સુર અને અસુરને દાસ જેવા કરતા હતા. (જો કે સૂર્ય ક્રૂર એવા તમ એટલે રાહુનો ગ્રાસ કરી શકતો નથી.) વળી તે રાજાનું તેજ કદાપિ અસ્ત પામતું નહોતું, પણ સૂર્યનું તેજ તો રાત્રિએ અસ્ત પામે છે. તે રાજા સદા ઓજસ્ એટલે બળે કરીને સહિત હતા, પણ સૂર્ય ઓજસ્ એટલે વિષમ [૧૦] રાશિ સહિત સદા હોતો નથી. તે રાજા શુભ હતા, પણ સૂર્ય અશુભ ગ્રહમાં ગણાય છે. તે રાજાને દૈત્યો-રાક્ષસો-દુષ્ટજનો પણ ઉપદ્રવ કરી શકતા નહોતા. પણ સૂર્યને ઉદય વખતે રાક્ષસોનો ઉપદ્રવ હોય છે. તે રાજાનો કર-વેરો સર્વને સુખકારક હતો. પણ સૂર્યના કર-કિરણો સર્વને સુખકારક હોતા નથી. તે સૂર્ય સ્થિર હોતો નથી. તે રાજાનું મંડલ [૧૧] કોઈથી ગ્રસ્ત થતુ નહોતું પણ સૂર્ય મંડળ રાહુથી ગ્રસ્ત થાય છે. તે રાજા ક્રૂરજનોથી પરાભવ પામતા નહોતા. પણ સૂર્ય ક્રૂર-રાહુથી પરાભવ પામે છે. તે રાજા તમનું.-અજ્ઞાનનું હરણ કરતા હતા. પણ સૂર્ય તમનું-રાહુનું હરણ કરી શકતો નથી. તે રાજા કમલાવલિ [૧૨] રહિત એવા કુવલયને [૧૩] વિકસ્વર કરતા હતા. પણ સૂર્ય [૧૪] કમલાવલિને વિકસ્વર કરે છે, પણ કુવલયને [૧૫] વિકસ્વર કરતો નથી. તથા તે રાજાનો ઉગ્ર પ્રતાપ ચોતરફ પ્રસરતો હતો, તોપણ તે અત્યંત શીતળ હતો. જ્યારે સૂર્યનો પ્રતાપ શીતળ હોતો નથી.

૧ અધિકાર હોદ્દો. સૂર્યપક્ષે માર્ગ-આકાશ. ૨ સૂર્યપક્ષે કિરણો. ૩ સૂર્યનું નામ જ છે. ૪ સૂર્યપક્ષે અંધકાર. ૫ સૂર્યપક્ષે ઠંડી. ૬ સૂર્યપક્ષે દોષા-રાત્રિ. ૭ પક્ષે રાજા-ચંદ્ર અને ગ્રહાદિક જ્યોતિષી. ૮ સૂર્ય ઉદય પામતી વખતે યુદ્ધ કરી રાક્ષસોને જીતે છે. ૯ સૂર્યના પારિપાર્શ્વિક દેવો. ૧૦ એક, ત્રણ, પાંચ વિગેરે એકી રાશિ. ૧૧ દેશ, પરિવાર વિગેરે. ૧૨ લક્ષ્મીની શ્રેણિ. ૧૩ પૃથ્વીવલય. ૧૪ કમળની શ્રેણિને ૧૫ પોયણા-રાત્રિવિકાસી કમળ.



તે શ્રીજયાનંદ રાજાના શરીરની ઉંચાઈ સો ધનુષ હતી, તેમના શરીરનો વર્ણ સુવર્ણ જેવો હતો, તેમનું બે લાખ પૂર્વનું આયુષ્ય હતું, તે સદા આનંદમાં રહેતા હતા, તેમનું શરીર નીરોગી હતું, તેઓ ન્યાયરૂપી માણિક્યને ધારણ કરતા હતા, રાજ્યની સુવર્ણમુદ્રાએ કરીને વિભૂષિત હતા, પૂર્વના પુણ્યથી અને દેવોની સહાયથી તેમનો કલ્યાણરૂપી કલ્પવૃક્ષ નિરંતર વિકસ્વર રહેતો હતો, અને તેઓ શ્રીમાન **સુવિધિનાથ** તીર્થંકરના શાસનનો ઉદ્યોત કરવામાં સૂર્ય સમાન હતા. આવા તે શ્રીજયાનંદ રાજાધિરાજ હર્ષવડે પૃથ્વીનું રાજ્ય કરતા હતા.

તેમણે દુઃખી, અનાથ અને દીનજનોને દાન આપવા માટે સ્થાને સ્થાને દાનશાળાઓ કરીને મનોહર એવા દાનમંડપો કરાવ્યા હતા. તેમાં દરેકને દાન આપવામાં આવતાં હતાં, સુવાને માટે સ્થાનો અપાતાં હતાં, અને પરદેશથી આવતા અનેક લોકોને સંતોષ આપવામાં આવતો હતો. તે રાજાએ અરિહંતને વિષે ભક્તિ હોવાથી દરેક ગામ અને દરેક નગર વિગેરે સ્થાનોમાં જાણે પ્રત્યક્ષ પુણ્યના રાશિ હોય એવા ઉજ્વળ શ્રીજિનેશ્વરદેવના ભવ્ય પ્રાસાદો–દેહરાસરો ભક્તિથી કરાવ્યાં હતાં, અને તેમાં પોતાના પાપસમૂહને દૂર કરવા માટે અરિહંતોની કરોડો પ્રતિમાઓ ભરાવીને પ્રતિષ્ઠા વિધિ કરવાપૂર્વક સ્થાપન કરી હતી. તે પ્રતિમાઓની નિત્ય પૂજા વિધિ કરવા માટે તે રાજાએ ઉદ્યાન, વાવ, ગામ, ગરાસ વિગેરે વિવિધ સાધનો કરી આપ્યાં હતાં,

જેમ સૂર્ય અંધકારને દૂર કરે તેમ તે રાજાએ દેશમાંથી દુઃખના સ્થાનરૂપ સાતે વ્યસનોને દૂર કર્યાં હતાં, તથા તેજને પામેલા તેમણે ચંદ્રની જેમ બીજા રાજાઓને નિસ્તેજ કર્યા હતા. સદા અનવદ્ય [1] નવા યૌવનવાળી, [2] આઢય, [3] આદરવાળી, અને પ્રૌઢ પરણેલી એવી જાણે સ્રી હોય તેમ પૃથ્વીને વશ કરી કૃતજ્ઞ પુરૂષોમાં મુગટ સમાન તે રાજાએ તેને ભોગવીને અત્યંત સુખી કરી હતી.

એક દિવસ હર્ષથી જેના મનની રૂચી દેદીપ્યમાન થઈ હતી એવા ઉદ્યાનપાલકે હજારો રાજાઓથી શોભતી શ્રીજયાનંદ પૃથ્વીપતિની સભામાં આવી સર્વજન સમક્ષ તે રાજાધિરાજને ભક્તિથી પ્રણામ કરી બે હસ્તકમળની અંજલિને મસ્તકપર તિલકરૂપ કરી વિનંતિ કરી કે–

"હજારો રાજાઓથી સેવાયેલા અને દિવ્ય સમૃદ્ધિને ધારણ કરનારા હે સ્વામી !

૧ દોષરહિત સ્રી તથા પૃથ્વી. ૨. ધાન્ય, ફળ વિગેરે ઉત્પન્ન કરે તેવી પૃથ્વી. ૩ સ્રી વિશિષ્ટ રૂપવાળી અને પૃથ્વી સમૃદ્ધિવાળી. ૪ ઘન–નિવિડ એવી પૃથ્વી.



કલ્યાણના સમૂહને કરનારા અને વિશ્વને હર્ષ આપનારા ગુરૂમહારાજના આગમનરૂપ ઉત્સવવડે આજે તમે વૃદ્ધિ પામો છો. એટલે તમને ગુરૂના આગમનની વધામણી આપું છું." તે સાંભળી નિર્મળ મતિવાળા રાજાએ તેને પૂછયું કે-

"હૃદયમાં રહેલા ગાઢ આનંદરૂપી સમુદ્રને વિકસ્વર કરવામાં ચંદ્ર સમાન હે વનપાળ! વિશ્વના ગુરૂ અને ગુણના સાગરરૂપ કયા ગુરૂમહારાજાએ આપણા વનને પવિત્ર કર્યું છે?" ત્યારે વનપાલે પૃથ્વીરૂપ આકાશને વિષે ચંદ્રસમાન અને અપાર કીર્તિવાળા તે રાજાને કહ્યું કે—

"હે પ્રભુ! વખાણવા લાયક એવી તમારી પૃથ્વીને વિષે અત્યંત પ્રભાવવાળા ચક્રાયુધ સુરીશ્વર પધાર્યા છે. તેમનું નામ શ્રવણ કરવાથીજ પ્રાણીઓનાં સર્વ દુઃખો ત્રાસ પામે છે, તે ગુણલક્ષ્મીનાં ધામ છે, પ્રીતિનાં પાત્ર છે, તેમનું શરીર કાંતિના સમૂહને વિસ્તારે તેવું છે, તેમને લોકાવધિ જ્ઞાન ઉત્પન્ન થયું છે, ઉત્તમ સાધુસમુદાય તેમની સેવા કરે છે; વિકસ્વર એવા આપણા ઉદ્યાનમાં નિર્દોષ એવા ગાઢ છાયાવાળા પ્રદેશનો આશ્રય કરીને તેઓ રહેલા છે, તેમની સાધુચર્યા મનોહર અને લોકોત્તર છે, તેઓ શ્રેષ્ઠ ચારિત્ર પાળવામાં અગ્રેસર છે, તેમનો પ્રતાપ જગતમાં સૂર્યના તેજને પણ જીતે છે. તેઓ દર્શનથીજ વિશ્વને આશ્ચર્ય ઉત્પન્ન કરે છે, તેમના વચનનો વિસ્તાર અમૃતને પણ વ્યર્થ કરે છે, અને તે અનેક ઉત્તમ લબ્ધિના નિધાન છે. આવા તે મુનીંદ્રને જોઈ માત્સર્યનો ત્યાગ કરી પુણ્યરૂપી વિત્તવાળા ઘણા ભવ્ય પ્રાણીઓનાં ચિત્ત દીક્ષાદિક અંગીકાર કરવાને ઉત્સાહી બને છે. પૂર્વના અગણિત પુણ્યના ઉદયથી જેમનું ભવિષ્યમાં અવશ્ય કલ્યાણ થવાનું હોય છે એવા સત્પુરૂષોનેજ આવા સદ્ગુરૂનાં દર્શન થઈ શકે છે. તેથી તમે શીઘ્રપણે સત્ત્વવડે નૃત્ય કરતા પુન્યના રંગવડે તરંગવાળા થઈ મોટી સમૃદ્ધિ સહિત ઉદ્યાનમાં પધારી તે સદ્ગુરૂને વંદના કરો."

આ પ્રમાણે તેની વાણી સાંભળી શરીરપર રોમાંચના સમૂહને ધારણ કરતા શ્રી જયાનંદ રાજાએ હર્ષ પામી પોતાના શરીર પર રહેલા વસ્ત્ર તથા તમામ આભૂષણો તે વનપાળને વધામણીમાં આપી દીધાં. પછી હર્ષ પામેલા રાજાએ પટહની ઉદ્ઘોષણાપૂર્વક સમગ્ર સામગ્રી તૈયાર કરી તૂર્યના નાદવડે આકાશને ભરી દીધું. અને સેના, મંત્રી તથા સામંત વિગેરે સર્વ પરિવારને સાથે લઈ, અત્યંત આદરપૂર્વક પટ્ટહસ્તીપર આરૂઢ થયા. તેની બન્ને બાજુએ ચામરોના સમૂહ વીંઝાવા લાગ્યા. તેમના મસ્તકપર ધારણ કરેલા પૂર્ણચંદ્રને જીતનાર મોટા છત્રવડે આતપનો નાશ થઈ ગયો. દેદીપ્યમાન હજારો રાજાઓ-

વડે મોટી કાંતિવાળા જાણે પૃથ્વીપર આવેલા સૂર્યજ હોય તેમ શોભતા તે રાજા ગુરૂને વંદન કરવા ચાલ્યા.

તે રાજાની પાછળ રતિસુંદરી વિગેરે સર્વે રાણીઓ પોતપોતાના પરિવાર સહિત ગુરૂને વાંદવા ચાલી. મોટી સમૃદ્ધિવડે સર્વ પૃથ્વીને મોહ પમાડતા તે ઉત્તમ રાજા મહિમાના સમુદ્ર સમાન, મોહનો નાશ કરવામાં દૃઢ મતિવાળા અને સુર તથા અસુરના સમૂહે પૂજેલા એવા સદ્ગુરૂના દૂરથી દર્શન થતાં જ પટ્ટહસ્તીપરથી નીચે ઉતરી ગયા. તેમણે બંને પ્રકારના પાંચ પાંચ અભિગમ સાચવ્યા, હજારો રાજાઓનો સમૂહ તેમની આજ્ઞા પ્રમાણે તેમની પાછળ ચાલ્યો.

આ રીતે ગુરૂ પાસે આવી વિવેક અને વિનયથી નમ્ર થયેલા તે રાજાએ ગુરૂને ત્રણ પ્રદક્ષિણા કરી. પછી ઘણા દેદીપ્યમાન તેજવાળા તેમણે શુભ બળવાળા અને વિદ્યાચારણ મુનિઓમાં અગ્રેસર એવા તે ચક્રાયુધ સૂરીશ્વરને વિધિથી વંદના કરી ત્યારે તે મુનીશ્વરે પણ હર્ષપૂર્વક મસ્તકને નમાવતા તે શ્રીજયાનંદ રાજાને પાપનો રોધ કરવામાં અર્ગલા સમાન **ધર્મલાભરૂપ** આશીષ આપી આનંદ પમાડચો. પછી શ્રીજયાનંદ રાજાએ બે હાથ જોડી આનંદના ઉલ્લાસથી તે વિદ્યાચારણ મુનિઓના આચાર્ય શ્રી ચક્રાયુધસૂરિની સ્તુતિ કરી. ત્યારપછી અનુક્રમે બીજા સર્વ રાજાઓએ, અંતઃપુરની સ્ત્રીઓએ અને બીજા પૌરાદિકજનોએ પણ હર્ષથી તે મુનીશ્વરને વંદના કરી અને તેમની સ્તુતિ કરી.

પછી શ્રીજયાનંદ રાજા વિગેરે સર્વે તે ગુરૂની સન્મુખ વિનયથી અનુક્રમે યોગ્યસ્થાને વિધિ પ્રમાણે બેઠા. એટલે તે સદ્ગુરૂએ સુર, અસુર અને મનુષ્યના સમૂહવડે યુક્ત એવી તે પર્ષદાને હર્ષ આપનારી તેમને પ્રતિબોધ કરવા માટે ધર્મદેશના શરૂ કરી. તેમાં સંસારનો નાશ કરનારી સર્વજનને સાધારણ એવી ધર્મદેશના આપતાં વચ્ચે ક્ષીરાશ્રવલબ્ધિએ કરીને મનોહર એવી વાણી વડે શ્રીજયાનંદ રાજા વિગેરેને પ્રતિબોધ કરવા સારુ સ્પષ્ટપણે પોતાના પૂર્વભવ સહિત તેમનો પૂર્વભવ આ પ્રમાણે કહ્યો—

હે રાજન્! પુર્વે માળીના ભવમાં રાજાના પ્રસાદથી બન્ને પ્રિયાઓ સહિત તમે દેવપૂજા કરી હતી તે તમને મહાફળવાળી થઈ છે. ત્યારપછી તમે **મતિસુંદર** નામે મંત્રી થયા. તે ભવમાં પણ તે પૂર્વ ભવની જ બન્ને પ્રિયાઓ તમારી પ્રિયા થઈ. તે ભવમાં **અતિબળ** નામના રાજર્ષિ પાસેથી તમે શ્રીજૈનધર્મ પામ્યા અને તે શુદ્ધ ધર્મનું બન્ને પ્રિયાઓ સહિત તમે આરાધન કર્યું.



ત્યાંથી તમે અને તમારી બન્ને પ્રિયાઓ આયુષ્ય પૂર્ણ થયે મહાશુક્ર દેવલોકમાં દેવ થયા. ત્યાંથી ચ્યવીને તમે આ ત્રણ ખંડની પૃથ્વીના ભોક્તા થયા. પૂર્વભવમાં જે બે તમારી પ્રિયાઓ હતી તે આ ભવમાં રાજાના કુળમાં રતિસુંદરી અને વિજયસુંદરી નામે ઉત્પન્ન થઈ અને તે તમારી રાણીઓ થઈ. તે બન્ને સર્વ સતીઓમાં શિરોમણી છે.

**નરવીર** નામના રાજાના તમે મતિસુંદર નામના મંત્રી હતા, તે વખતે તમે મોટા ઉદ્યમથી તે રાજાને શ્રીજૈનધર્મ પમાડ્યો હતો. તે ધર્મનું આરાધન કરીને તે રાજા દેવ થયા હતા, અને ત્યાંથી ચ્યવીને ચક્રના બળવાળો હું ચક્રાયુધ નામનો વિદ્યાધર ચક્રવર્તી થયો.

પૂર્વે કરેલા ધર્મના આરાધનથી વૈતાઢ્ય પર્વતની બન્ને શ્રેણિના સામ્રાજ્ય સુખને મેં મેળવ્યું. છેવટે તમે મને જીત્યો ત્યારે મને વૈરાગ્ય થવાથી મેં દીક્ષા લીધી અને તે મુનિપણું પાળવાથી હાલમાં હું ચાર જ્ઞાનવાળો થયો છું. મેં પૂર્વે રાજાના ભવમાં સ્ત્રીને માટે તમને બાંધી કેદમાં નાંખ્યા હતા, તેથી આ ભવમાં તમે મને બાંધીને કાષ્ઠના પાંજરામાં નાંખ્યો. મેં તે વખતે તમને થોડા વખતમાં જ કેદથી મુક્ત કરી બહુમાન આપ્યું હતું, તમે મારાપર ધર્મ પમાડવાવડે ઉપકાર કર્યો હતો, અને આપણી પ્રીતિ દૃઢ થઈ હતી.

તેજ પ્રમાણે આ ભવમાં પણ તમે મને શીઘ્રપણે બંધનથી મુક્ત કર્યો, અને મેં હર્ષથી તમને કન્યા તથા રાજ્ય આપ્યું. તેમજ અત્યારે તમને વિશેષ ધર્મની પ્રાપ્તિ કરાવવાવડે તમારી ઉપર પ્રત્યુપકાર કરવાની મારી ઇચ્છા થવાથી હું અહીં આવ્યો છું. વળી હે રાજા! બીજી પણ કેટલીક વાત કહું છું, તે સાંભળો—પૂર્વે મંત્રી અને રાજાના ભવમાં તમે અને મેં કલ્પવૃક્ષ જેવા જે શ્રાવકધર્મનું આરાધન કર્યું હતું, તેના પ્રભાવથી આ ભવમાં આપણને પંચેંદ્રિયના સુખભોગ સહિત અખંડ અને અદ્ભુત રાજ્યસમૃદ્ધિ પ્રાપ્ત થઈ. તમારી ધર્મમાં શ્રદ્ધા અધિક હોવાથી તમને વિશેષ પ્રકારની સમૃદ્ધિ પ્રાપ્ત થઈ.

તમે અમાત્યના ભવમાં મુનિને કહ્યું હતું કે—"શું તમારાં નેત્રો ગયાં છે કે જેથી કરીને આ આહાર સુઝતો નથી એમ બોલો છો?" તથા તમારી પહેલી પ્રિયાએ તે મુનિના કુળની નિંદા કરી હતી. બીજી પ્રિયાએ કહ્યું હતું કે—'આ અંધને ભિલ્લને આપો." ઇત્યાદિક વચનોવડે તમે ત્રણેએ જે અશુભ કર્મ ઉપાર્જન કર્યું હતું, તે કર્મનો પશ્ચાત્તાપાદિકવડે તમે કેટલાક કર્મોનો તો ક્ષય કર્યો હતો; તોપણ તે કર્મનો કેટલોક અંશ બાકી રહેલો હોવાથી આ ભવમાં કેટલોક કાળ તમે નેત્ર રહિત થયા હતા.

તથા તમારી પહેલી પ્રિયા આ ભવમાં રાજાએ ગ્રહણ કરેલી ગણિકાની પુત્રી થઈ. એટલે કે નીચ કુળ પામી, અને બીજી પ્રિયા તેના પિતાએ આપેલા વિષના પ્રયોગથી અંધ થઈ ગઈ. તે કર્મનો અલ્પકાળમાં ક્ષય થવાથી અને પુણ્યનો ઉદય થવાથી દિવ્ય ઔષધિની પ્રાપ્તિને લઈને તમારી જેમ તે પણ સજ્જ નેત્રવાળી થઈ.

તમારી પ્રિયાએ ભિલ્લને આપવાનું જે વચન મુનિપ્રત્યે કહ્યું હતું, તે વખતે તમે નિષેધ કર્યો નહોતો તેથી તમારે એક દિવસ ભિલ્લ થવું પડયું અને ભિલ્લપણામાં ભિલ્લની બુદ્ધિથી જ તમને વિજયસુંદરીના પિતાએ તેણીને આપી. તે બન્ને પ્રિયાઓએ પૂર્વભવના પ્રેમને લીધે આ ભવમાં પણ તમનેજ પતિપણે ઈચ્છયા અને તમને પરણી.

હવે હે રાજા! તમારા કાકાના પુત્ર સિંહસારના પૂર્વભવની હકીકત કહું છું, તે સાંભળો—"તે પૂર્વભવે નરવીર રાજાનો વસુસાર નામે પુરોહિત હતો. તે કૌલધર્મી હોવાથી તમે સર્વજન સમક્ષ તેનો તિરસ્કાર કર્યો હતો, અને રાજાએ તેને દેશમાંથી કાઢી મૂકયો હતો. તે ચિરકાળ સુધી ઘણા ભવોમાં ભમી કોઈક જન્મમાં પરિવ્રાજક થઈ મરીને જ્યોતિષીમાં દેવ થયો.. ત્યાંથી ચ્યવી પાપાનુબંધી પુણ્યના ઉદયથી તમારા કાકા શ્રી જયરાજાનો પુત્ર સિંહસાર નામે તમારો બંધુ થયો.

તમે પૂર્વે મંત્રીના ભવમાં રાજાને કહ્યું હતું કે—"આ ચંડાળની સાથે તમારે સંગ કરવો યોગ્ય નથી." એ શબ્દથી બાંધેલા કર્મને લીધે તમારા ઉપર તેણે આ ભવમાં તેવાજ દોષનો આરોપ કર્યો; પરંતુ પૂર્વભવના અને આ ભવના સત્કર્મના ઉદયથી તમને આપેલું ચંડાળપણાનું કલંક ખોટું હોવાથી અલ્પકાળમાં નષ્ટ થયું. પૂર્વભવમાં કૌલાદિક ધર્મના અભ્યાસથી તે સિંહસારનો જીવ નિંદનીય આચરણ કરવામાં અત્યંત ઉદ્યમી હતો, તેથી આ ભવમાં પણ સિંહસાર સ્વભાવે અત્યંત ક્રૂર થયો.

તેમજ અત્યંત માયાવી, સર્વ દોષને ધારણ કરનાર, નિર્ગુણ, નિર્દય, ક્રોધી, પગલે પગલે પોતાના આત્માને જ કલેશ ઉપજાવનાર, અન્યાયી, દુર્ભાગી, પાપબુદ્ધિવાળો, નિરંકુશ ધર્મનો દ્વેષી અને વિશેષે કરીને જૈનધર્મનું નામ સાંભળવાથી પણ ઈર્ષાને ધારણ કરનાર; અધર્મનો પક્ષપાત કરવામાં જ હર્ષવાળો અને અધર્મનું જ પ્રતિપાદન કરનાર થયો. તે સિંહસાર ઉપર તમે સ્થાને સ્થાને વારંવાર ઘણો ઉપકાર કર્યો હતો. તો પણ પૂર્વભવના વેરને લીધે તે તમારાપર અંતઃકરણથી દ્વેષ જ ધારણ કરતો હતો. તેથી જ આ ભવમાં તે દુરાત્માએ તમારાં નેત્રો લઈ લીધાં અને પાપકર્મ બાંધ્યું.

હે રાજા! આ પ્રમાણે પુણ્ય અને પાપના ફળને સ્પષ્ટ રીતે જણાવનારૂં પૂર્વભવનું

વૃત્તાંત સાંભળી તેને હૃદયમાં ધારણ કરી સદા ધર્મને વિષે ઉદ્યમ કરવો તેજ યોગ્ય છે. તમે અને અમે પૂર્વભવમાં શ્રદ્ધા સહિત અત્યંત શુદ્ધ જૈનધર્મનું આરાધન કર્યું હતું, તેથી જ આપણે આ ભવમાં પુણ્યાનુબંધી પુણ્યવાળા થયા છીએ."

આ પ્રમાણે શ્રીગુરૂમહારાજે કહેલા સર્વ વૃત્તાંતને સાંભળી તે પૂર્વભવની સ્થિતિને મનમાં ધારણ કરવા માટે શ્રીજયાનંદ વિગેરે સર્વે એક ક્ષણવાર મૌનપણે રહ્યા, તેટલામાં તેઓ સર્વે લઘુકર્મી હોવાથી તત્કાળ જાતિસ્મરણજ્ઞાન પામ્યા, એટલે તે પૂજ્ય ગુરૂમહારાજને તેઓએ કહ્યું કે—

"હે પ્રભુ! તમારૂં વચન સત્ય છે. અમને હમણાં જાતિસ્મરણ જ્ઞાન થયું છે, તેથી અમે તે સર્વ વૃત્તાંત આપે કહ્યા પ્રમાણે જાણી શકીએ છીએ. હે પ્રભુ! પુર્વભવમાં અમે જે ભવસ્થિતિ અનુભવી છે, તેજ પ્રમાણે તમે કહી છે, અને તે અમે અત્યારે જાતિસ્મરણથી જોઈએ છીએ." ફરીથી શ્રીજયાનંદ રાજાએ મસ્તક નમાવી નિર્મળ ચિત્તવડે ગુરૂમહારાજને પૂછ્યું કે—"હે ભગવાન! હે સદ્ગુરૂ! મારા પિતા અને મારા કાકાએ જે દિવસે દીક્ષા લીધી છે ત્યારપછી તેમનો જે વૃત્તાંત હોય તે કહો અને હવે પછી તેમની કેવી કેવી ગતિ થશે તેનો તથા તેમનો મોક્ષપ્રાપ્તિ થતા સુધીનો વૃત્તાંત કહો." આ પ્રમાણે શ્રીજયાનંદ રાજાએ પૂછવાથી ગુરૂ મહારાજ સ્નેહથી બોલ્યા કે—

"હે રાજેન્દ્ર સાંભળો. તમારા પિતા અને તમારા કાકાએ જે દિવસે દીક્ષા ગ્રહણ કરી ત્યારથી તેઓ ગુરૂની સાથે વિચરવા લાગ્યા. બારવર્ષ સુધી અભ્યાસ કરી ગ્રહણા અને આસેવના એ બન્ને પ્રકારની શિક્ષામાં નિપુણ થયા. શ્રુતપાઠ અને પ્રત્યુપેક્ષા વિગેરે ક્રિયામાં સમગ્રપણે કુશળ થયા. સર્વ શ્રુતોનો અર્થ ગ્રહણ કરી તે બન્ને ઉત્તમ વ્રતનું પાલન કરતાં છતા જિનશાસનમાં નિપુણ થયા. અતિચાર રહિત ચારિત્ર પાળવામાં તત્પર એવા તે બન્ને ચિરંતન મહર્ષિઓ ચિરકાળસુધી ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધ કરવા માટે પૃથ્વીપર વિચર્યા.

ગુરૂની આજ્ઞા પાળવામાં તત્પર, નિરંતર શુદ્ધ સાધુની ક્રિયા કરવામાં આસક્ત, ગુરૂની ભક્તિ કરવામાં અત્યંત મગ્ન, ક્ષુલ્લક સાધુઓ ઉપર વત્સલતા રાખનારા, વૃદ્ધ મુનિઓનો વિનય કરનારા, સાધુઓને વિષે પ્રેમવાળા, વૈયાવૃત્ય કરવામાં ઉત્સાહી, નિત્ય તપસ્યા કરવામાં તત્પર, સાધુના સત્તાવીશ ગુણે કરીને સહિત, સમતાને ધારણ કરનારા, ઇંદ્રિયોનું દમન કરનારા, રાગ દ્વેષથી રહિત, ઉદાર આશયવાળા, સ્પૃહારહિત, મમતા રહિત, ગ્રામ કે ઉપાશ્રય વિગેરે સ્થાનમાં પ્રતિબંધ રહિત, પોતાના શરીરની પણ સારસંભાળ નહિ કરનારા, માયાથી મુક્ત થયેલા, માનનો ત્યાગ કરનારા, પરીષહ અને

ઉપસર્ગાદિકવડે ક્ષોભ નહિ પામનારા, પૃથ્વીને વિષે કોઈનો પણ ભય નહિ રાખનારા, કષાય રહિત, તપ અને સંયમની ભાવના ભાવનારા અને પોતાના આત્માનું હિત કરકરવામાં ઉદ્યમવંત એવા તે બન્ને મહર્ષિઓએ ચિરકાળ સુધી પૃથ્વીપર વિહાર કર્યો. અને એ રીતે પોતાનું આયુષ્ય પૂર્ણ કરી છેવટ અનશનાદિકવડે ચિત્તની સમાધિપૂર્વક કાળધર્મ પામી તે બન્ને રાજર્ષિઓ સનત્કુમાર અને માહેન્દ્ર નામના દેવલોકમાં મહર્ધિક દેવો થયા છે.

ત્યાં ઇંદ્રના સામાનિક દેવોવડે પણ પૂજવા લાયક, મોટી ઋદ્ધિવાળા અને મહા કાંતિવાળા તે બન્ને દિવ્યભોગ ભોગવતા સુખનો અનુભવ કરે છે. અનુક્રમે સાત સાગરોપમનું અને તેથી કંઈક અધિક પ્રમાણવાળું પોતપોતાનું આયુષ્ય પૂર્ણ કરી, ત્યાંથી ચ્યવીને તેઓ મહાવિદેહ ક્ષેત્રમાં જૂદા જૂદા દેશમાં મનુષ્યપણે ઉત્પન્ન થઈ, પ્રૌઢતાને પામી, તે બન્ને રાજા થઈને શ્રેષ્ઠ રાજ્યનું પાલન કરશે ત્યાં શ્રી તીર્થંકરના હસ્તવડે દીક્ષા અંગીકાર કરી, લાંબાકાળ સુધી ચારિત્રનું નિરતિચારપણે પાલન કરી સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષને પ્રાપ્ત કરશે.”

આ પ્રમાણે શ્રીચક્રાયુધ સૂરીશ્વર મહારાજના મુખથી પોતાના પિતા તથા કાકાનું સર્વ ચરિત્ર સાંભળી શ્રીજયાનંદ રાજા પોતાના હૃદયમાં અત્યંત હર્ષિત થયા. પછી ફરીથી ગુરૂને નમસ્કાર કરીને તેમણે પૂછ્યું કે—“હે પ્રભુ! હવે અમારૂં સર્વનું અને સિંહસારનું ભાવી ચરિત્ર કૃપા કરીને કહો, કે જેથી અમારા મનમાં હર્ષ થાય. હું ભવ્ય છું? કે અભવ્ય છું? ભવ્ય હોઉં તો આ ભવમાં મારો મોક્ષ થશે કે બીજા કોઈ ભવમાં મોક્ષ થશે? એ સર્વ મારા હર્ષને માટે કહો. તથા મારી પત્નીઓ વિગેરે બીજા પણ ક્યારે મોક્ષ પામશે? એ સર્વ કહો. તેમજ સિંહસારનું શું થાય છે? અને હવે પછી તેનું શું થશે? એ વૃત્તાંત તથા તમારી પોતાની મોક્ષપ્રાપ્તિ ક્યારે થશે? તે સર્વ કૃપા કરીને કહો.” આ પ્રમાણેના તે રાજાએ પુછેલા પ્રશ્નને જ્ઞાનદ્રષ્ટિએ વિચારીને મુનીશ્વર શ્રીચક્રાયુધ રાજર્ષિ આ પ્રમાણે બોલ્યા—

“હે રાજા! સાંભળો તમે અને તમારી સ્ત્રીઓ વિગેરે જે અહીં કલ્યાણના અર્થી છો, તે સર્વે પ્રાયે આસન્નસિદ્ધિવાળા છો અને અવશ્ય ભવ્ય છો. તેમાં પણ તમે, તમારી પૂર્વભવની બે પત્ની અને હું ચારિત્રનું આરાધન કરી આ ભવમાંજ મોક્ષ પામશું. તેમાં પણ ભવનો અંત કરનાર એવા તમે કેવળજ્ઞાનના ઉદ્યોતથી જગતનો ઉદ્યોત કરી, સત્યમાર્ગનો નાશ કરનારા અજ્ઞાનરૂપ અંધકારનો સંહાર

કરી, નિરંતર ઉદય પામેલા નવીન સૂર્યની જેમ જીવાજીવાદિક પદાર્થો બતાવીને ભવ્ય પ્રાણીરૂપ અનેક કમળોને પ્રતિબોધ પમાડશો. ઘણા લાંબા કાળ સુધી પૃથ્વીને પોતાના ચરણકમળવડે પવિત્ર કરી કાંઇક ઓછા એવા લાખ વર્ષ સુધી કેવળી અવસ્થાને ભોગવશો. કુલ ચારિત્ર પર્યાય પરિપૂર્ણ એક લાખ વર્ષનો પૂર્ણ કરી, સર્વ મળીને કુલ ચોરાશી લાખ વર્ષનું આયુષ્ય ભોગવી, સર્વ પ્રકારની રોગાદિક વ્યથાએ કરીને રહિત, કામદેવને જીતનાર તથા સમગ્ર દુષ્કર્મનો પરાભવ કરનાર હે શ્રીજયાનંદ રાજા! તમે મોટા આનંદરૂપ મોક્ષની સંપદાને પામશો અને હું પણ કેટલાક વર્ષ પછી અંતગડ કેવળી થઈને મોક્ષ પામીશ.

સિંહસાર ભારે કર્મી હોવાથી પ્રજાને પીડાદિક ઉત્પન્ન કરવાને લીધે રાજ્યથી ભ્રષ્ટ થયા પછી અનેક પ્રકારના દુઃખ પામ્યો છે તેનું વૃત્તાંત કહું છું તે સાંભળો—જ્યારે તમારા પિતાએ તે સિંહસારને પોતાના નગરમાંથી કાઢી મૂકયો; ત્યારે તે પણ તે નગરમાંથી નીકળી લાંબા કાળ સુધી ચારે બાજુ ભમ્યો. જે જે નગરમાં, ગામમાં, પુરમાં, દેશમાં કે દિશામાં તે સિંહસાર પોતાની આજીવિકાદિકને માટે જઈને રહ્યો, તે તે સ્થાને પ્રાયે કરીને કલ્યાણની શ્રેણિરૂપ સુભિક્ષાનો નાશ કરનાર ભયંકર દુકાળ પડવા લાગ્યો, અને સાત પ્રકારની ઈતિઓ-ઉપદ્રવો પ્રગટ થવા લાગ્યા. તે વખતે કોઇ નિમિત્તવડે, શુકનવડે કે જ્ઞાનીની વાણીવડે દુકાળ વિગેરેનું કારણ તે મહાપાપી સિંહજ છે, એમ જ્યારે લોકોના જાણવામાં આવ્યું ત્યારે તે લોકો તેની અત્યંત નિર્ભર્ત્સના કરવા લાગ્યા અને કોપ પામેલા તે લોકો તેને પોતપોતાના સ્થાનથી કાઢી મૂકવા લાગ્યા.

તે સિંહસાર દાસ થઈને ભક્તિવડે જે જે રાજાની સેવા કરતો હતો, તે તે રાજા પ્રાયે મરણ પામતા હતા. તે વખતે પોતાના શરણરૂપ રાજાનું મરણ તે સિંહસારની સેવાને લીધે જ થયું છે, એમ તેના પરિવારને કોઇ પણ પ્રકારે નિર્ણય થતો, ત્યારે તે રાજભક્ત જનો તેને અનેક પ્રકારે મારતા હતા, વિડંબના કરતા હતા અને પછી તે સ્થાનથી કાઢી મુકતા હતા. આ પ્રમાણે તે પોતાના ઘોર પાપના ફળને ઠેકાણે ઠેકાણે પામ્યો. છેવટ પાપના ઉત્કટ ઉદયથી ચોરની પલ્લીમાં જઈ સર્વ વ્યસનને સેવવા લાગ્યો.

તેમાં એક વખત કોઈ ઠેકાણે ચોરી કરવા ગયો, ત્યાં તે પાપી પોતાના પાપના ફળરૂપ મરણને પામ્યો. અને મોટી આપત્તિના સ્થાનરૂપ સાતમી નરક પૃથ્વીમાં ઉત્પન્ન થયો. ત્યાં બત્રીશ સાગરોપમ સુધી ઘણા દુઃખના સમૂહને ભોગવવાનો છે. ત્યાંથી નીકળીને તે પાપી વચ્ચે વચ્ચે આંતરાવાળા મત્સ્યાદિકના ભવો કરી અનંતીવાર સાતે નરકમાં જશે.

પછી સર્વ જાતિના તિર્યંચોમાં, દુષ્ટ દેવોમાં અને નીચ મનુષ્ય જાતિમાં અનંતવાર વારંવાર ઉત્પન્ન થઈ પાપ ઉપાર્જન કરી તે દરેક સ્થાને વારંવાર પરિભ્રમણ કરશે. આ પ્રમાણે જેમાં ઉગ્ર દુર્ગતિ, અનંત વિપાક, અને હિંસાદિકથી પ્રાપ્ત થતા અનંત દુઃખો રહેલાં છે એવું આ સિંહસારનું ચરિત્ર સાંભળી હે ભવ્ય જીવો! તમે પાપનો નાશ કરે એવા પુણ્યમાર્ગમાં પ્રવૃત્તિ કરવાનો પ્રયત્ન કરો.

હે રાજા! તમારી સાથે તમારી બીજી પ્રિયાઓ, બીજા રાજાઓ, સુભટો અને મંત્રીઓ વિગેરે જે જે દીક્ષા ગ્રહણ કરશે, તે સર્વે બાહ્ય તથા અભ્યંતર શત્રુઓનો જય કરી નિરતિચાર ચારિત્રનું પાલન કરી અનુક્રમે સ્વર્ગાદિકમાં જઇ મહાવિદેહને વિષે ઉત્પન્ન થઈ થોડા ભવમાં અવશ્ય મોક્ષ પામશે.

હે રાજા! આ સર્વના વૃત્તાંતો જે મેં તમને કહ્યા છે તે મેં કેવળ મારી બુદ્ધિથી જ કહ્યા નથી; પરંતુ હું એક દિવસ શ્રી જિનેશ્વરદેવને વાંદવા માટે મહાવિદેહ ક્ષેત્રમાં ગયો હતો, ત્યાં **પુંડરીકિણી** નગરીને વિષે વિચરતા શ્રી અરિહંતના મુખથી મેં સાંભળેલ છે. ત્યાં વ્યાખ્યાન વખતે ભવ્ય જીવોને બોધ કરવા માટે તે શ્રી જિનેશ્વરદેવે તમારૂં સર્વ ચરિત્ર પ્રથમથી કહ્યું હતું. તે સર્વ સાંભળીને તથા મને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું છે તેનાવડે પણ જાણીને તમને પ્રતિબોધ કરવા માટે હું જલ્દીથી અહીં આવ્યો છું.

તમે પૂર્વભવમાં શુદ્ધ શ્રીજિનેશ્વરદેવનો ધર્મ આપી મારા ઉપર અત્યંત ઉપકાર કર્યો છે, તેથી તે ઉપકારનો બદલો વાળવા માટે વિહરમાન જિનેશ્વરની પાસે જઈ તમારૂં સર્વ ચરિત્ર પૂછી તેમનાથી તે સર્વ જાણી હું હમણાં અહીં આવ્યો છું અને બદલો વાળવાની બુદ્ધિવાળો હું તમને વિશેષે કરીને પ્રતિબોધ કરૂં છું. તેમજ મારા આત્માને સંસારસાગરથી તારૂં છું. હવે હે રાજન્! તમે પ્રતિબોધ પામો, પ્રતિબોધ પામો. જરા પણ પ્રમાદ ન કરો. જે મૂઢ જનો હોય તે જ વિષયોમાં તો મોહ પામે છે. પરંતુ સત્પુરૂષો તો કોઈ પણ પ્રકારે તેમાં મોહ પામતાજ નથી. કહ્યું છે કે—

"આ જગતમાં જે ખરો સ્વાર્થ સાધવાનો છે, તે આત્મહિતજ છે, અને જે આ જન્મને વિષે તથા પરજન્મને વિષે સુખના હેતુભૂત હોય તેજ ખરો સ્વાર્થ કહેવાય છે." તેથી કરીને વ્યવહારની વિશુદ્ધિ, શ્રી અરિહંત પરમાત્મા અને ગુરૂની ભક્તિ, જીવદયા, ઈંદ્રિયદમન, દાન, શીળ, તપ, ભાવ અને સત્ક્રિયાનું આરાધન એ સર્વ મોક્ષનું અંગ હોવાથી તથા ધર્મરૂપ હોવાથી સાચા સુખનાં કારણ છે, તેનું આરાધન કરવું તેને જિનેંદ્રોએ આત્મહિત કહ્યું છે. કામ અને અર્થનો બાધ ન આવે એવી

રીતે સર્વ શુદ્ધ વ્યવહારાદિકને જો આત્મહિતના અર્થી જનો કરે તો તેઓ પરિણામે ઇષ્ટ ફળને પામે છે, કેમકે કલ્પવૃક્ષની જેવા તે વ્યવહારાદિકથી જ તેવાં ઇષ્ટ ફળ પ્રાપ્ત થાય છે. પાંચ ઇંદ્રિયોના જે વિષય તે કામનું સ્વરૂપ છે. તે વિષમ અને ભયંકર છે. તેને તજવા તેજ દુષ્કર છે. સર્વ વિષયોમાં પણ સ્ત્રી સાથેનો વિષય અતિ દુસ્તર છે. કહ્યું છે કે—

'જે મનુષ્ય મોક્ષની ઇચ્છાવાળો, સંસારથી ભય પામેલો અને તેથી કરીને જ ધર્મના આરાધનમાં તત્પર રહેલો હોય, તે મનુષ્યને જેવી મનોહર સ્ત્રી તજવી મુશ્કેલ છે, તેવું આ જગતમાં બીજું કાંઈ મુશ્કેલ નથી. તેથી જે મનુષ્ય તે સ્ત્રીના સંગને તજે છે, તેને બીજા વિષયો સુખે કરીને તજવા લાયક થાય છે. કેમકે મહાસાગરને તર્યા પછી શું બીજી સર્વ નદીઓ સુખે તરવા લાયક થતી નથી? સુખે કરીને જ તરી શકાય છે.' આ પાંચ પ્રકારનો કામ જ આત્માનું હિત ઇચ્છનારા જનોએ તજવા લાયક છે. કેમકે આ કામને જ પંડિતો શલ્યાદિકની ઉપમા આપે છે. તે વિષે કહ્યું છે કે—

'કામ જ શલ્ય રૂપ છે, કામ જ વિષ સમાન છે, અને કામ જ આશીવિષ સર્પ જેવો છે. કામની પ્રાર્થના કરનાર મનુષ્યો તે કામને પ્રાપ્ત કર્યા વિના જ દુર્ગતિમાં ચાલ્યા જાય છે.' આ પ્રમાણે કામની પ્રાર્થના પણ મહા દુર્ગતિના દુઃખને આપનારી થાય છે એમ સિદ્ધાંતમાં કહ્યું છે, તેથી ડાહ્યા પુરૂષોએ તેનો ત્યાગ કરવો તે જ ઉચિત છે. જે બુદ્ધિમાન જનો કામસેવાનો ત્યાગ કરી શ્રીજિનેશ્વરદેવના ઉપદેશેલા ધર્મને જ સેવે છે, તથા જેઓને તત્ત્વની જ સ્પૃહા છે, તેઓને જ આ પૃથ્વીતળમાં ધન્ય છે. તત્ત્વને જાણનાર ગૃહસ્થો પુત્રાદિક પામવાની ઇચ્છાથી જ પર્વના દિવસોમાં બ્રહ્મચર્યને પાળી આસક્તિ વિના જ કામને સેવે છે. કહ્યું છે કે—

'તત્ત્વને જાણનાર શ્રાવક તીવ્ર અભિલાષાનો ત્યાગ કરી તથા પાંચ તિથિઓમાં બ્રહ્મચર્યનું પાલન કરી પરિમિત દિવસોને વિષે જ પાંચ પ્રકારના વિષયસુખને ભોગવે છે.' આ શાસ્ત્રના વચનમાં કોઈ શંકા કરે કે—

'દિવસે મૈથુન સેવવાની અત્યંત નિંદા કરી છે, તો 'દિવસોને વિષે' એમ કેમ કહ્યું?' આ શંકાનો ઉત્તર એ છે જે—'અહીં દિવસ શબ્દનો અર્થ રાત્રિદિવસ રૂપ આઠ પહોર એવો છે. જેમ પર્યુષણા કલ્પમાં 'छट्ठी दिवसेणं' એવો શબ્દ લખી છઠને દિવસે તીર્થંકરનું ચ્યવન અને જન્મ થવાનું લખે છે. તે ચ્યવન અને જન્મ મધ્ય રાત્રિએ જ સંભવે છે. તેની જેમ અહીં પણ જાણવું.'

આ પ્રમાણે આગમના તત્ત્વનો હૃદયમાં નિશ્ચય કરી કૃત્યને જાણનાર પુરૂષ જન્મથી આરંભીને શુદ્ધ શિયળને જ પાળે છે. તેવી શકિત ન હોય તો પુરૂષે સ્વદારા સંતોષનું વ્રત પાળવું જોઈએ, અને સ્ત્રીએ પોતાના ભર્તારથી જ સંતોષ રાખવો જોઈએ."

આ પ્રમાણે પૂર્વ ભવમાં ઉપાર્જન કરેલું અને શ્રી ચક્રાયુધ રાજર્ષિએ વાણીના વિષયમાં કરેલું સુકૃત ઘણા જ હર્ષપૂર્વક સાંભળીને શ્રીજયાનંદ ચક્રવર્તી અત્યંત આનંદથી વ્યાપ્ત થઈ તથા ઉત્કૃષ્ટ વૈરાગ્ય પામી ચારિત્ર ગ્રહણ કરવાને ઉત્સુક થયા. તેથી પોતાનો અભિપ્રાય જણાવવા માટે તેણે હિતને ઉપદેશ આપનાર ધર્માચાર્ય શ્રી ચક્રાયુધ સૂરીશ્વરજીને વિનંતિ કરી કે—" હે ભગવંત મારા ઉપર પ્રસન્ન થાઓ, અને ક્ષણવાર રાહ જુઓ, કે જેથી હું મારે સ્થાને જઈ મારા પુત્રને રાજ્ય આપી મહોત્સવ સહિત આપશ્રી પાસે આવી દીક્ષા અંગીકાર કરૂં. કેમકે હું સંસારથી ઉદ્વેગ પામ્યો છું, તેથી મારૂં ચિત્ત રાજ્યને વિષે લેશ પણ રંજન થતું નથી."

આ પ્રમાણે હૃદયમાં ઇચ્છેલી હકીકત નિવેદન કરી, પૂજ્યગુરૂમહારાજશ્રીની આજ્ઞા લઈ દીક્ષાને માટે ઉદ્યમવંત થયેલા તે રાજેંદ્રે મોટા મહોત્સવ સહિત પોતાના મહેલમાં જઈ નવી પ્રભુતાવડે શોભતું અને સાત અંગવાળું પોતાનું રાજ્ય પોતાના પુત્ર શ્રી કુલાનંદકુમારને આપ્યું. પછી તેને સારો રસ ઉપજે તેવી રીતે સર્વ હિતશિક્ષા આપી કે—" હે વત્સ! તું સર્વ પ્રજાને પોતાના સહોદર—બંધુની જેમ પાળજે કેમકે તે પ્રજાઓના જ ઉત્તમ ભાગ્યવડે તથા આશીર્વાદવડે લાલનપાલન કરેલા રાજાઓ પ્રાયે કરીને જળવડે લતાના સમૂહની જેમ વૃદ્ધિ પામે છે. હે વત્સ! પાલન કરેલી પ્રજા સુખમાં કે દુઃખમાં અને સુતાં કે જાગતાં કદાપિ પોતાના પ્રજાધર્મથી ચૂકતી નથી.

પ્રજાજનો મહોત્સવાદિક કરતા હોય, અનેક પ્રકારના દાનાદિક કરતા હોય, લક્ષ્મી ઉપાર્જન કરતા હોય, સુખના સમૂહથી અને કુટુંબના પ્રેમથી વૃદ્ધિ પામતા હોય, સમૃદ્ધિવાળા થયા હોય અને યશસ્વી થયા હોય તથા બીજા પણ ઉત્તમ ગુણો ઉપાર્જન કરતા હોય તો તે જોઈને સૂર્યની જેમ જે રાજાઓ હર્ષ પામે છે, તેઓ જગતને પ્રિય, ધન્ય, માનને લાયક, પુણ્યવંત, કૃતાર્થ, લાંબા આયુષ્યવાળા, ન્યાયી અને યશસ્વી થાય છે, તથા તેમનું રાજ્ય ઘણા લાંબા કાળ સુધી સ્થિર થાય છે.

હે વત્સ! તને આ મોટું રાજ્ય પ્રાપ્ત થયા છતાં જે પ્રકારે ધર્મ સીદાય નહિ, તે પ્રકારે તારે નીતિમાં અને વિનયમાં પ્રવર્તવું. સર્વ ધર્મોને વિષે પણ જૈનધર્મ ચિંતા-



મણિ રત્નની જેમ અદ્ભુત, ઉત્તમ, [1]સમકિતના સારવાળો અને સર્વ ઇચ્છિત વસ્તુને આપનાર છે. તેથી કરીને કૃતજ્ઞ એવા તારે વટવૃક્ષના બીજની જેમ યત્નથી તેને જ મેળવવો તેમજ સેવવો અને તેને જ સેંકડો શાખાવાળો કરવો. જો કે સાતે વ્યસનો આપણા રાજ્યમાં પ્રથમથી જ નથી, તોપણ તારે પ્રયત્નપૂર્વક તેનો નિષેધ કર્યા કરવો, કેમકે તે વ્યસનો પુણ્યરૂપી વૃક્ષને વિષે કુહાડાના ઘા જેવું કામ કરે છે. વળી હે પુત્ર! સ્વજન, પરિવાર, મિત્ર, પંડિત, અધિકારી, રાજસેવક, પત્ની, પુત્ર અને પ્રજા વિગેરે સર્વ ઉપર યોગ્યતા પ્રમાણે પ્રીતિ અને રતિ કરજે."

આ પ્રમાણે સત્ય અને હિતકારક ઉપદેશવડે પુત્રને તથા બીજા સર્વને આનંદ પમાડી શ્રીજયાનંદ રાજાએ આનંદથી સર્વ જિનચૈત્યોમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરાવ્યા. હર્ષવડે વિધિપૂર્વક વિવિધ પ્રકારનાં વસ્ત્ર તથા આહારાદિકના દાનવડે સાધર્મિકજનોનું વાત્સલ્ય અને ભક્તિ વિગેરે કર્યું, જો કે પોતાના રાજ્યની જેમ બીજા સર્વ રાજ્યોમાં યશને કરનારી સર્વ જીવોની અમારી હંમેશને માટે પ્રથમથી જ તેણે પ્રવર્તાવી હતી, તોપણ આ અષ્ટાહ્નિકા મહોત્સવના દિવસોમાં હમેશાં આ લોક અને પરલોકમાં હિતકારક એવી તે અમારીને પોતાના સેવકો પાસે વિશેષ કરીને પડહની ઉદ્ઘોષણાદિકવડે પ્રવર્તાવી, આ સિવાય તેમણે બીજાં પણ શ્રી જિનશાસનના મહાત્મ્યને દૃઢ કરનારા પ્રભાવનાદિક અનેક કાર્યો વિશેષે કરીને કર્યાં.

પછી તેમના પુત્ર **શ્રી કુલાનંદ** રાજાએ હર્ષથી મહોત્સવ સહિત દીક્ષાભિષેકની અપૂર્વ સામગ્રી તૈયાર કરાવી, તેને શ્રીજયાનંદ રાજાએ વિધિપૂર્વક કૃતાર્થ કરી. ત્યારપછી બીજાં કરવા લાયક કાર્યો કર્યાં અને પછી સુખલક્ષ્મીના નિવાસરૂપ મંગળધ્વનિના ઉલ્લાસપૂર્વક વસ્ત્ર, અલંકાર અને પુષ્પમાળા વિગેરેવડે શરીરને અલંકૃત કરી, દિવ્ય શિબિકાપર આરૂઢ થઈ, શ્રીજયાનંદ રાજા સિંહાસનપર બેઠા. તેમના મસ્તક ઉપર છત્ર ધારણ કરવામાં આવ્યું, તેમની ચારે બાજુ ઉજ્વળ ચામરો વીંઝાવા લાગ્યા, અને તેઓશ્રીની આગળ સર્વ આડંબરપૂર્વક સર્વ સમૃદ્ધિ અને સર્વ વાજિંત્રો પ્રકાશિત થયાં, ગીતગાન થવા લાગ્યાં, ઇચ્છિત મહાદાનો અપાવા લાગ્યાં, ધવલમંગળ થવા લાગ્યાં, વિચિત્ર પાત્રોનાં નાટકો થવા લાગ્યાં, અસંખ્ય મંગળ પાઠકો બિરૂદાવળી બોલવા લાગ્યા; છત્ર, ચામર, હસ્તિ, અશ્વ, ધ્વજ, કુંભ વિગેરે અષ્ટમંગળ આગળ ચાલ્યાં, ગણતરી ન થઈ શકે તેટલા પાયદળો, ચતુરંગ સૈન્યનો સમૂહ, ચોતરફ પ્રસરતા કરોડો દેવો અને વિદ્યાધરો વિગેરે પણ અનુક્રમે યથાયોગ્ય રીતે ચાલવા લાગ્યા.

૧ ચિંતામણિ સારા સારવાળો હોય છે.

આ રાજાધિરાજના દીક્ષા મહોત્સવમાં પાસે રહેલા સુર અને કિંન્નરો પણ હર્ષથી તે ઉત્સવ જોવા આવ્યા. તેઓ પુષ્પવૃષ્ટિ કરી મનોહર ગીત નાટ્ય અને સંગીત કરવા લાગ્યા, દુંદુભિ વિગેરે વાજિંત્રોના દિવ્ય ધ્વનિએ આકાશ ભરી દીધું, નગરજનોના વિશાળ સમૂહોએ પણ તે ઉત્સવમાં ઘણી શોભા વધારી દીધી.

એ રીતે સર્વ પ્રકારે સુષમા કાળના મહિમાને વિસ્તારે એવા નવીન મહોત્સવ પૂર્વક શ્રીજયાનંદ રાજા પોતાની રાજધાનીમાંથી નીકળી મનોરમ નામના ઉદ્યાનમાં આવ્યા. ત્યાં શિબિકા ઉપરથી નીચે ઉતરી, ગુરૂની પાસે આવી, વિધિપૂર્વક સર્વ અંગ નમાવી હર્ષથી પૂજ્ય ગુરૂમહારાજશ્રીને વંદના કરી. પછી વૈરાગ્ય રંગથી રંગિત થયેલા, અને સાહસિક જનોમાં અગ્રેસર તે શ્રીજયાનંદ રાજાએ સર્વ સ્વજનોની રજા લઈ સર્વ વસ્ત્ર તથા અલંકારોને ઉતારી પંચમુષ્ટિ લોચ કરવા પૂર્વક સર્વ મુનિઓમાં ઉત્તમ એવા પૂજ્ય શ્રી આચાર્યભગવંત પાસે સર્વવિરતિ ગ્રહણ કરી. આ ત્રણ ખંડ પૃથ્વીના સ્વામી શ્રી જયાનંદ રાજાએ દીક્ષા ગ્રહણ કરી ત્યારે સાર્થવાહની જેમ તેની સાથે લાખો મનુષ્યોએ દીક્ષા અંગીકાર કરી.

આ સમયે પોતપોતાના પરિવાર સહિત અંતઃપુરની સ્ત્રીઓએ અને રતિસુંદરી વિગેરે પટ્ટરાણીઓએ પણ દીક્ષા ગ્રહણ કરી, તેમજ તેના ઘણા પુત્રો અને પૌત્રો તથા હજારો રાજાઓએ પણ પોતપોતાના અંતઃપુર અને પરિવાર સહિત તેમની સાથે ચારિત્ર અંગીકાર કર્યું. તે વખતે લોકોને વિષે, આખા દેશને વિષે અને રાજકુળને વિષે સર્વત્ર સંસારનો ઉચ્છેદ કરવામાં નિપુણ એવા હર્ષનો ઉદય ચારે બાજુ વિસ્તારને પામ્યો.

પછી સંયમરૂપી મોટા સામ્રાજ્યને પામેલા પોતાના પિતા શ્રીમાન્ શ્રીજયાનંદ રાજર્ષિ તથા તેમના ગુરૂને આનંદથી વંદના કરીને પાછા જવાનો અવસર થયો જાણી શ્રી કુલાનંદરાજા દીક્ષા લેતાં બાકી રહેલા પોતાના બંધુઓ, પુત્રો, મંત્રીઓ અને સામંતો સહિત તથા સર્વ પ્રજા અને ચતુરંગ સૈન્ય સહિત પોતાના નગરમાં પાછા આવી રાજ્ય કરવા લાગ્યા, અને પગલે પગલે પોતાના પિતા શ્રીજયાનંદ રાજર્ષિનું સ્મરણ કરી જૈન-ધર્મનું આરાધન કરવા લાગ્યા અને પ્રજાને પણ ધર્મમાં પ્રવર્તાવવા લાગ્યા.

ત્યારપછી શ્રીજયાનંદ રાજર્ષિએ સૂરિ મહારાજની સાથે તે સ્થાનેથી વિહાર કર્યો, અને ચારિત્રનું આરાધન કરવાને ઉદ્યમવંત થયા. સર્વ સાધુજનોને સંમત એવા તે રાજર્ષિ વિનયવડે ગુરૂમહારાજ પાસે સાધુની સર્વ સામાચારી યથાર્થપણે શીખી તે પ્રમાણે ગર્વ-રહિતપણે વિધિયુક્ત પ્રવર્તવા લાગ્યા. દીક્ષાના પ્રથમ દિવસથી જ સર્વ ઉદ્યમવડે સર્વ

શ્રુતનો અભ્યાસ કરતાં થોડા જ સમયમાં બાર અંગ ભણી ગયા. નિઃસંગ ચિત્તવડે પાંચે સમિતિને પાળતા, ત્રણે ગુપ્તિવડે ગુપ્ત, ક્ષણે ક્ષણે પ્રમાદ રહિત, મમતાથી મુક્ત, કષાય વર્જિત, સાધુના સદ્ગુણવડે અલંકૃત, શઠતા રહિત, તપનું સ્થાન, અને યતનાને વિષે અત્યંત તત્પર એવા તેમને યોગ્ય જાણીને ગુરૂએ સૂરિપદ આપ્યું. પછી પ્રશસ્ત બુદ્ધિવાળા, વિવિધ પ્રકારના અતિશયયુક્ત, છત્રીશ ગુણોની ખાણ, અને અતિચાર રહિત ચારિત્રનું પાલન કરનારા શ્રીજયાનંદસૂરિએ ગુરૂની આજ્ઞાથી સાધુઓને શ્રુતજ્ઞાન ભણાવતાં લાંબાકાળ સુધી પૃથ્વીતળપર વિહાર કરી તેને પવિત્ર કર્યું.

એક વખત શ્રીજયાનંદસૂરિ મહોત્સવ સહિત ગુરૂમહારાજ શ્રી ચક્રાયુધસૂરિને વંદન કરવા આવ્યા. તે વખતે ચાર જ્ઞાનને ધારણ કરનાર ગુરૂમહારાજ શ્રી ચક્રાયુધ સૂરીશ્વરજી વિહારના અનુક્રમે લક્ષ્મીપુર નગરની નજીક આવેલા કોઈ શાખાપુરમાં રહેલા હતા. તેમણે પોતાના આયુષ્યનો અંત સમીપ જાણ્યો, તેથી તેમણે રાજર્ષિ શ્રીજયાનંદ સૂરિરાજને ગચ્છનો ભાર સોંપી ગણધર પદવી આપી. અને પોતે કોઈ નજીકના તીર્થે જઈ શિષ્ય અને ઉપધિના પરિગ્રહનો પણ ત્યાગ કરી-વોસિરાવી પાદપોપગમન અનશન સ્વીકાર્યું, ત્રીશ દિવસે તેમના સમગ્ર કર્મના ક્લિષ્ટ બંધનોનો ક્ષય થયો, એટલે તત્કાળ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી અંતકૃત કેવળીપણે તેઓ મુક્તિને પામ્યા. તે વખતે પાસે રહેલા દેવતાઓએ ગીત અને સંગીત સહિત લાખો દિવ્ય વાજિંત્રોના નાદવડે તેમનો નિર્વાણ-મહોત્સવ કર્યો.

આ હકીકત સાંભળી શ્રીજયાનંદસૂરિને ઉત્કટ અને અપ્રતિપાતિ વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેથી તત્કાળ તેઓ પર્વતના દુર્ગ જેવી ક્ષપકશ્રેણિપર આરૂઢ થયા. અને શત્રુના સર્વ સૈન્યને જીતે તેમ સમગ્ર વિશ્વને જીતનારા તેમને ચાર કર્મ ઉપર સંપૂર્ણ જય મેળવ્યો, અને સર્વ રાજર્ષિઓના મહેંદ્રરૂપ તેમને સારભૂત વસ્તુની જેમ લોક અને અલોકના અગ્રભાગ પર્યંત પહોંચે તેવું અનંત અને ઉજ્વળ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

તે વખતે તેમના મહિમાથી આકર્ષાઈને આવેલા ઘણા વૈમાનિક દેવોએ એકઠા થઈ તેમના કેવળજ્ઞાનની ઉત્પત્તિનો મહોત્સવ કર્યો. પ્રથમ તે દેવોએ હજાર પાંખડીવાળું સુવર્ણનું મોટું દિવ્ય કમળ વિકુર્વ્યું. અને તેની ઉપર શ્રીજયાનંદ કેવલી ભગવંતને બેસાડ્યા, પછી તે શ્રીજયાનંદ કેવળજ્ઞાની ભગવંતને નમસ્કાર કરી સર્વ દેવો અને બીજા આવેલા નગરજનો યથાયોગ્ય સ્થાને તેમની સન્મુખ બેઠા. એટલે તે શ્રીજયાનંદ કેવળજ્ઞાની ગુરૂમહારાજે તેમની પાસે ભવ્ય પ્રાણીઓના અનુગ્રહને માટે રસિક દૃષ્ટાંતો, હેતુઓ અને યુક્તિના સમૂહવડે સારભૂત દાનાદિક ચાર પ્રકારના ધર્મનો ઉપદેશ આપ્યો.

આ અવસરે શ્રી કુલાનંદ રાજા પોતાના પિતાના કેવળજ્ઞાનનો મહોત્સવ થતો જાણી સર્વ સૈન્ય અને પરિવાર સહિત જલ્દીથી તેમને વાંદવા માટે ત્યાં આવ્યો. વિશ્વને વંદ્ય અને પૂજ્ય એવા શ્રીજયાનંદ કેવલી પિતાને જોઈ તે રાજાએ હર્ષથી ત્રણ પ્રદક્ષિણા કરી વિધિપૂર્વક તેમને વંદના કરી. પછી તે રાજા ગુરૂની સ્તુતિ કરી વિનયવડે બે હાથ જોડી યોગ્ય સ્થાને બેઠા. તેને શ્રીજયાનંદ કેવળીએ બાર વ્રતરૂપ શ્રાવક ધર્મનો વિસ્તારથી ઉપદેશ કર્યો એટલે તે પ્રતિબોધ પામ્યો. ત્યારે તેને આદરથી ગુરૂમહારાજે સમકિતના પાઠ સહિત શ્રાવકધર્મ ગ્રહણ કરાવ્યો. કેટલાક ભવ્યજનોને સાધુધર્મ અને કેટલાક અન્ય જનોને વિવિધ પ્રકારના અભિગ્રહો અંગીકાર કરાવી શ્રી-જયાનંદ કેવળજ્ઞાની ભગવંતે ત્યાંથી અન્યત્ર વિહાર કર્યો.

શ્રીજયાનંદ રાજર્ષિ કેવળજ્ઞાની ભગવંતે ઘણા લાંબા કાળ સુધી ગામ, આરામ, આકર, પુર અને નગર વિગેરે કરોડો નાના મોટા સ્થાનોમાં વિહાર કરી તે તે સ્થાને રહેલા દુષ્કૃત્યવડે પાપી થયેલા પ્રાણીઓને પણ આલોચના–પ્રાયશ્ચિત્ત વિગેરે સુકૃતના સમૂહ આપી તેમને પાપ રહિત કર્યા. તેથી તેઓ પોતાના આત્માને કૃતાર્થ માનવા લાગ્યા. તેમના ઉપદેશરૂપી વનમાં પદ્મરૂપી ગૃહને વિષે રહેલા હંસની જેમ ઉત્તમ ભવ્યજનો ધર્મામૃતરૂપી જળમાં યથેષ્ટ ક્રીડા કરી અત્યંત સંતુષ્ટ થયા.

તેમની ધર્મદેશનારૂપ નદીને વિષે ભવ્યજનોના મનરૂપી મત્સ્યો [1]મજ્જનોન્મજ્જનાદિક-વડે પ્રીતિનું સુખ મેળવવા લાગ્યા. તેમની ધર્મદેશનારૂપ ગંગાનદીના પ્રવાહવડે વૃક્ષો, તૃણો અને ઔષધિની જેવા ભવ્ય જનો રસકસવાળા થઈ સુખરૂપી ફળોને ધારણ કરી અત્યંત શોભવા લાગ્યા. સાર્થવાહ સમાન તે ગુરૂ મહારાજ [2]શ્રીધર્મપત્તન નામના નગરથી વિવિધ પ્રકારના પુણ્યરૂપી કરીયાણાંઓ લાવી આપી ભવ્ય જનોને સુખી કરવા લાગ્યા. કરૂણાના સાગરરૂપ મહા સાર્થવાહ જેવા તે અનંત જ્ઞાનવાળા ગુરૂમહારાજની અસીમ કૃપાથી કેટલાક જીવો કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી મોક્ષની સંપત્તિને પ્રાપ્ત કરવાવાળા થયા, કેટલાક વૈમાનિક દેવની સમૃદ્ધિને પામ્યા, કેટલાક અનુત્તર વિમાનની સંપદાને પામ્યા, કેટલાક ચક્રવર્તી આદિકની સમૃદ્ધિને પામ્યા, કેટલાક નિર્વૃત્તિને પામ્યા, અને કેટલાક તે જ ભવે ઉજ્વળ કેવળજ્ઞાન પામ્યા. આ પ્રમાણે નિરંતર ઘણા પુણ્યના લાભવડે શ્રીજયાનંદ કેવળીએ લાંબા કાળ સુધી ત્રણે જગત સુખમય, પુણ્યમય અને હર્ષમય કર્યું. તથા બળવાન એવા અતિશયોની શ્રેણિવડે તેમણે ત્રણે જગતને પ્રસન્ન કર્યા.

---

૧ મજ્જન એટલે ડુબકી મારવી અને ઉન્મજ્જન એટલે બહાર આવવું વિગેરે. ૨ ધર્મરૂપ પાટણ.



હવે ભગવાન શ્રીજયાનંદ કેવલી પોતાનો નિર્વાણ સમય નજીક પ્રાપ્ત થયો જાણી શ્રીશત્રુંજય પર્વત ઉપર પધાર્યા. ત્યાં તેમણે છઠ્ઠ ભક્તાર્થ કરી પાદપોપગમ અનશન કર્યું, અને વેદનીય, નામ. ગોત્ર તથા આયુષ્ય એ ચાર અઘાતી કર્મનો ક્ષય કરી મોક્ષ પદને પામ્યા. એ અનંત જ્ઞાનવાળા, કર્મરૂપ અંજન રહિત, સિદ્ધ, બુદ્ધ, અનંત વીર્ય અને દર્શન સંબંધી સમૃદ્ધિવાળા, પરમાત્મા, ઉત્કૃષ્ટ જ્યોતિવાળા અને પરબ્રહ્મરૂપ થયા. તે વખતે તત્કાળ ચાર નિકાયના કરોડો દેવો ત્યાં ભેગા થયા અને તેઓએ શોક સહિત છતાં પણ એકત્ર થઈ તેમનો નિર્વાણમહોત્સવ કર્યો. તે કેવળજ્ઞાની ભગવંતના ગુણોવડે હર્ષ પામેલા દેવોએ પ્રાયે કરીને તીર્થંકરાદિકની જેવો નિર્વાણમહોત્સવનો સર્વ વિસ્તાર કર્યો. પછી નંદીશ્વરાદિક તીર્થમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરી સર્વ દેવતાઓ જેમ આવ્યા હતા તેમ પોતપોતાને સ્થાને ગયા.

આ પ્રમાણે શ્રીજયાનંદ કેવલી જેવા બીજા કોઈ આવા ગુણોવડે ઉત્કૃષ્ટ થયા નથી કે જેઓએ શુભ આચરણ ધારણ કરી બાહ્ય અને અભ્યંતર બન્ને પ્રકારના શત્રુની જયલક્ષ્મી પ્રાપ્ત કરી પૃથ્વી અને મોક્ષ બન્નેનું સામ્રાજ્ય ભોગવ્યું હોય. આવા ધર્મમાં અહર્નિશ તત્પર મનુષ્યો પૃથ્વી પર દુર્લભ જણાય છે કે જેઓ મોટા ગુણવાળા, ઉજ્વળ યશ અને પ્રતાપવાળા, સૌભાગ્ય અને ભાગ્યરૂપી ધનવાળા, સામ્રાજ્યલક્ષ્મીવડે યુક્ત, ત્રણ જગતમાં પાપ રહિત, ઉત્કૃષ્ટ સૌંદર્યને ધારણ કરનારા, નિરંતર દાન આપવામાં ચતુર, અનેક પ્રાણીઓને આનંદ આપનારા અને બાહ્ય કે અભ્યંતર શત્રુઓથી જીતી ન શકાય એવા હોઈ. આ શ્રીજયાનંદ કેવલી જેવા આ જગતમાં કોઈક જ જીવો પામી શકાય તેમ છે.

અરિહંતના મતની ઉન્નતી કરી અને ભાવશત્રુની વિજયલક્ષ્મીવડે કેવળજ્ઞાન ઉપાર્જન કરી ધન્ય જીવો જ સિદ્ધિપદને પ્રાપ્ત કરી શકે છે. તેથી આ શ્રીજયાનંદ કેવલીના દૃષ્ટાંતવડે ભવ્યજીવોએ એમની જેમ ધર્મની આરાધનામાં પ્રયત્ન કરવો. મુક્તાફળના સમૂહની જેમ ઉત્તમ ગુણવડે ગુંથેલું અને પ્રસિદ્ધ એવા અનેક નિર્મળ અવદાતોવડે હારની જેવું શોભતું આ ચરિત્ર કોને હર્ષ આપે એવું નથી? અર્થાત્ સર્વ ભવ્ય જીવોને આ ચરિત્ર વાંચતા અને વિચારતા અપૂર્વ આનંદ કરાવનાર બને છે.

ઇતિ શ્રી તપગચ્છનાયક શ્રી દેવસુંદરસૂરિ અને શ્રી જ્ઞાનસાગરસૂરિના શિષ્ય શ્રી સોમસુંદરસૂરીશ્વરજીની પાટે પ્રતિષ્ઠા પામેલા શ્રી મુનિસુંદરસૂરિએ રચેલા શ્રીજયાનંદ રાજર્ષિ કેવળીના 'જયશ્રી ચિન્હવાળા આ ચરિત્રને વિષે શ્રી જયાનંદ રાજર્ષિની દીક્ષા અને કેવળજ્ઞાનાદિકના વર્ણનવાળો આ ચૌદમો સર્ગ સમાપ્ત થયો.



# અથ પ્રશસ્તિ

卐

ચાંદ્રકુળમાં તપગચ્છને વિષે શ્રી સોમસુંદરસૂરીશ્વરજીની પાટે પ્રતિષ્ઠિત થયેલા શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી સુપ્રસિદ્ધ છે. તેઓ મરકી, ઇતિના ભય અને દુષ્કાળ વિગેરેનું નિવારણ કરનાર સંતિકરસ્તવવડે શ્રી સંઘનું રક્ષણ કરી પોતાના ઉત્કૃષ્ટ ગુણોવડે શ્રી ભદ્રબાહુ સ્વામી જેવા થયા છે. તથા તેઓશ્રીએ પોતાની શક્તિથી મારવાડ આદિક દેશોમાં અમારી પડહની ઉદ્‌ઘોષણા વડે પ્રસિદ્ધ થઈ કલિકાલ સર્વજ્ઞ ભગવંત શ્રી હેમચંદ્રાચાર્યનું સ્મરણ કરાવે છે, તે શ્રી ગુરૂવર્યના મોટા શિષ્ય શ્રી ચંદ્રરત્ન ગણિ નામના પંડિતે ગુરૂભક્તિને લીધે ચરિત્ર શોધી શોધીને શુદ્ધ કર્યું છે, તે ચરિત્ર જ્યાં સુધી ગંગા નદીના તરંગો વિદ્યમાન હોય અને જ્યાં સુધી સૂર્ય, ચંદ્ર ઉદય પામે ત્યાં સુધી અનેક પંડિત પુરૂષો વડે વંચાતું રહો..... !

**ઇતિ શ્રી જયાનંદ કેવળી ચરિત્રની પ્રશસ્તિ.**

શ્રીજયાનંદ કેવળી ચરિત્ર

**卐 સ મા પ્ત 卐**



# શ્રી જૈન ધર્મોપકરણ સંસ્થા

**સ્થાપના સં. ૨૦૦૩ અષાડ સુ. ૫**

卐

આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ પૂજ્ય સાધુ સાધ્વીજી મહારાજશ્રી અને ધર્મ આરાધક શ્રાવક શ્રાવિકાની યથાશક્તિ ભક્તિ કરવાનો છે. સંસ્થામાં રાખવામાં આવતા ધાર્મિક ઉપકરણો અને ધાર્મિક અભ્યાસના સર્વ પુસ્તકો કીંમતથી આપવામાં આવે છે, તે સિવાય અણાહારી ઔષધીઓ આદિ રાખવામાં આવે છે તેનાથી તપસ્વિઓ આદિની ભક્તિનો લાભ લેવામાં આવે છે.

## — સંસ્થા તરફથી પ્રગટ થયેલાં પુસ્તકોની યાદી —

| | | | |
|---|---|---|---|
| 卐 | ૧ શ્રી તપોરત્ન મહોદધિ | સચિત્ર પ્રથમાવૃત્તિ | કીં. રૂા. ૪-૦૦ |
| | ૨ શ્રી અંતીમ આરાધના | બાલ બોધ | — ભેટ — |
| 卐 | ૩ શ્રી તપોરત્ન મહોદધિ | સચિત્ર બીજી આવૃત્તિ | કીં. રૂા. ૪-૦૦ |
| | ૪ શ્રી ભુવનવિહાર દર્પણ | સચિત્ર | કીં. રૂા. ૩-૦૦ |
| | ૫ શ્રી ભુવનવિહાર દર્શન | | — ભેટ — |
| | ૬ શ્રી તપોરત્ન મહોદધિ | સચિત્ર ત્રીજી આવૃત્તિ | કીં. રૂા. ૫-૦૦ |
| | ૭ શ્રી જયાનંદ કેવલી ચરિત્ર (ભાષાન્તર) | પ્રથમાવૃત્તિ | કીં. રૂા. ૧૦-૦૦ |

**શ્રી જૈન ધર્મોપકરણ સંસ્થા**
ત્રણ દરવાજા, સાંકડી શેરી,
પાટણ (ઉ. ગુ.)

卐 આ નિશાનીવાળા પુસ્તકો સીલકમાં નથી.